॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥

વ્રજ ભયો મહરકે પૂત

[શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ]

કથા-રસપાન

ગોસ્વામી શ્રીઇન્દિરા બેટીજી

સંપાદન-સંકલન

પ્રા. રમેશભાઇ વિ. પરીખ

પ્રકાશક
શ્રી સદ્ગુરુ સેવા ટ્રસ્ટ
'સેવા', ૭ / અંબિકા નગર, મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૪૦ ૭૨૮; ૫૨ ૩૦૬

લલીતાબેન ગીરધરલાલ ગાગાણી.
ભરતકુમાર ચન્દ્રકાન્ત સાંગાણી.
મધુબા ભરતકુમાર સાંગાણી. સપ્રેમ.

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદીવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

સમર્પણ

પૂ. અ.સૌ. શ્રી ચંદ્રપ્રભા વહુજી
(શ્રીભાભીજી મહારાજ, સુરત-વડોદરા)
નાં
પરમપૂજ્યપાદ શ્રીમાતૃચરણોનાં ચરણકમળોમાં

આપે ગળથૂથીમાંથી કૃષ્ણરસ ચટાડ્યો છે.
સદા નયનોમાં શ્યામરસ આંજ્યો છે.
ગોવિંદના ગુણ ગાવાની દૃષ્ટિ આપી છે.
'કૃષ્ણસેવા સદા કાર્યા'ના પાઠ ભણાવ્યા છે.
કૃષ્ણ-કથારસની આ ભક્તિમયી વાણી
આપનાં શ્રીચરણોમાં સમર્પિત કરું છું.

ગો. ઇન્દિરા

બીજી આવૃત્તિ ટાણે ...

હરિરસ તૌ બ્રજબનિતા જાનૈં...

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ 'શ્રીસુબોધિનીજી'માં આજ્ઞા કરી છે તેમ, શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ એ ભગવાનનું હૃદય છે. હૃદય શરીરનું ખૂબ મહત્ત્વનું, સંવેદનશીલ અંગ છે; એટલું જ નહીં, જીવનનો આધાર છે. એ જ રીતે દશમ સ્કંધ એ મધુરાધિપતિ રસરૂપ ભગવાનની લીલા - પરબ્રહ્મરૂપ આનંદકંદ શ્રીકૃષ્ણનું વાસ્તવિક સ્વરૂપ સમજવાની ગુરુચાવી છે. દશમ સ્કંધની લીલાને નિરોધલીલા કહી છે. ભગવાન નિજભક્તોનો નિરોધ બે રીતે કરે છે : (૧) **અવતારદશા**માં પોતાના સ્વરૂપ અને લીલા દ્વારા તથા (૨) **અનવતારદશા**માં કથા-સ્મરણ-કીર્તન દ્વારા. ભગવાનમાં નિરોધ થાય સાચા હૃદયની શુદ્ધ ભક્તિથી. એટલે નવમ સ્કંધમાં ભક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું - ભગવદ્-ભક્તોની કથા (**ઈશાનુકથા**)ના માધ્યમથી. ભગવદ્-ભક્તિથી જ પ્રભુમાં પ્રેમ જાગે છે. એ પ્રેમની પરમ ઉત્કટ અવસ્થા એટલે નિરોધ. શ્રીમહાપ્રભુજીએ **સિદ્ધાંત-મુક્તાવલી** ગ્રંથમાં **'ચેતસ્તત્પ્રવણં સેવા, તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'**- એ ક્રમશઃ નિરોધ-સિદ્ધિ માટે જ આજ્ઞા કરી છે. આ સાવચેતીનો સૂર **'નિરોધલક્ષણમ્'** ગ્રંથમાં સ્પષ્ટ નિર્દેશરૂપે જોવા મળે છે -

> ***'પ્રભુ સર્વ આનંદથી વિભૂષિત છે; છતાં તેમનો કૃપારૂપી આનંદ પામવો અતિ મુશ્કેલ છે. પ્રાણીમાત્રના હૃદયમાં બિરાજેલ ભગવાન પોતાના ગુણગાન સાંભળીને, સ્વ-ભક્તો ઉપર કૃપા કરી, તેમને સંપૂર્ણ રીતે રસતરબોળ કરી દે છે. આથી હૃદયમાં માત્ર ભાવના કરવા કરતાં, સઘળા વૃત્તિ-પ્રપંચ છોડી, ભગવાનમાં તદાકાર (નિરુદ્ધ) થયેલા સદાનંદ-પરાયણ ભક્તો સાથે ભગવદ્-ગુણાનુવાદ ગાવા એ જ કર્તવ્ય છે. એને પરિણામે જ સચ્ચિદાનંદ-સ્વરૂપ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે - પ્રભુમાં પરમ પ્રેમ જાગે છે.'***

આ પ્રેમની ચરમ સીમા એટલે બાલલીલા અને રાસલીલા, જેનું વિસ્તારપૂર્વક વર્ણન દશમ સ્કંધમાં કરવામાં આવ્યું છે. પ્રેમની તન્મયતાથી ભક્તો મોક્ષગતિ પામે છે, એ ફલદશાની વાત પછીના - અગિયારમા સ્કંધમાં નિરૂપાઈ છે. એટલે ભક્તિ અને મોક્ષ એ બે અવસ્થાઓની વચ્ચે અનિવાર્ય કડી છે પ્રભુમાં પરમ પ્રેમ. નારદ ભક્તિસૂત્ર કહે છે : **'સા ત્વસ્મિન્ પરમપ્રેમસ્વરૂપા'** - ભક્તિ એ તો (પ્રભુમાં) પરમ પ્રેમ-સ્વરૂપ છે અને પરિણામે, **'અમૃતસ્વરૂપા ચ'** - મૃત્યુનો ભય ટાળી, અમરતા બક્ષનારી અમૃત-સ્વરૂપા પણ છે; જેને પામીને જીવ ધન્ય બને છે. આમ, વિશુદ્ધ ભક્તિ પ્રભુમાં નિરોધ કરાવે - પ્રભુમય બનાવે, વિષયવાસિત જગતનું વિસ્મરણ કરાવે. **વિષયો રોગ છે. વિશુદ્ધ ભક્તિ રસાયણરૂપ ઔષધ છે અને સ્વરૂપાનંદની પ્રાપ્તિ સ્વસ્થતા (પરમ ફળ) છે.**

શ્રીમહાપ્રભુજીએ નિત્યલીલામાં પાછા પધારવાની આજ્ઞા થતાં, ભાગવતજીના ત્રીજા સ્કંધને અધૂરો મૂકી, તરત દશમ સ્કંધનાં સુબોધિનીજી લખાવવાનું આરંભ્યું. આમ, આપશ્રીએ હૃદયરૂપ દશમ સ્કંધના રહસ્યને પ્રગટ કરવાનું મુખ્ય ગણ્યું. ભાગવતજીના દ્વાદશ સ્કંધોમાં દશમ સ્કંધ સૌથી મોટો છે, જે પૂર્વાર્ધ

અને ઉત્તરાર્ધમાં વિભાજિત થયેલ છે - જાણે ડાબું-જમણું હૃદય! અહીં ભગવાન અને ભક્ત એકબીજામાં ભળી જાય છે - એકરૂપ (સમરસ) બની જાય છે. આ આખીયે વાત, દશમ સ્કંધમાં લીલારૂપે વર્ણવેલી છે. **વેદવર્ણિત બ્રહ્મનો વિલાસ એટલે શ્રીભાગવતમાં નિરૂપેલા રસરૂપ ભગવાનની લીલાઓ.** આ લીલામાં એક ગૂઢ રહસ્યનું નિરૂપણ થયું છે અને એમાં ભક્તિની શ્રેષ્ઠતા સધાઈ છે. વર્ષોની સાધના પછીયે જે યોગેશ્વરો પોતાના અતિ પવિત્ર હૃદય સુધ્ધાંમાં પ્રભુને પધરાવી શકતા નથી, એમને માત્ર હૃદયમાં પ્રભુ બિરાજ્યા છે એવી કલ્પના કરવી પડે છે. એ જ રાસ-રસિકેશ્વર પ્રભુ, જ્યારે ગોપીજનો પોતાનાં ઓઢેલાં ઉત્તરીય જમીન પર પાથરી આસન બનાવે છે, ત્યારે તેના પર પ્રેમથી બિરાજે છે ! આ છે પરમ પ્રેમની ઉત્કટતા અને રસમધુર ફલશ્રુતિ.

દશમ સ્કંધ ઉપર સદીઓથી અનેક આચાર્યો, વિદ્વાનો, રસિકજનો, કવિઓ પોતાની કલમ ચલાવતા રહ્યા છે. એનાં વિવિધ અર્થઘટન થતાં રહ્યાં છે અને થાય છે; પણ જેમને આ અલૌકિક લીલા હૃદયસ્થ થઈ હોય, તે જ એનું સુવાંગ અને પ્રામાણિક દર્શન કરાવી શકે. શ્રીમહાપ્રભુજી, પ્રભુના મુખારવિંદ-સ્વરૂપ છે. આપશ્રી ભાગવતજીના સ્વારસ્યને સર્વોત્તમ રીતે પ્રગટ કરી શક્યા છે. શ્રીસુબોધિનીજી એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. શ્રીવલ્લભકુળના અણમોલ રત્નસમાં **પૂ. જીજી - પૂ.પા.ગો. શ્રી ઇન્દિરા બેટીજીએ**, શ્રી સુબોધિનીજીના સમન્વય સાથે, મર્યાદિત જિજ્ઞાસુ શ્રોતાગણ સમક્ષ, માત્ર દશમ સ્કંધ ઉપર કરેલ કથામૃતનું માધુર્ય પણ માણવા જેવું છે.

'વ્રજ ભયો મહરકે પૂત' - એ દશમ સ્કંધની નિરોધલીલાનું રસપૂર્ણ દર્શન છે. અગાઉ આ ગ્રંથની ૨૦૦૦ પ્રત, શ્રી હરસાનીજી પ.ચ. ટ્રસ્ટ, મહેસાણા દ્વારા પ્રસિદ્ધ થયેલી; પણ માત્ર પાંચ-છ મહિનામાં જ એ ગ્રંથ અપ્રાપ્ય બન્યો. કેટલાક વૈષ્ણવો તરફથી એની માગણી ચાલુ રહી; પણ ખૂબ મોટું આર્થિક રોકાણ માગી લેતા આ ગ્રંથનું પુનઃપ્રકાશન તરત શક્ય ન બન્યું. શ્રીપ્રભુની કૃપાથી સંજોગવશ 'વૈષ્ણવ પરિવાર'ના પ્રકાશનની સેવાનો લાભ શ્રી સદ્‌ગુરુ સેવા ટ્રસ્ટને સાંપડ્યો. ટ્રસ્ટ પાસે કોઈ આર્થિક ભંડોળ નહોતું; છતાં આ દુર્લભ ગ્રંથના પ્રકાશન માટે મનોરથ સેવ્યો. આગોતરા ગ્રાહક નોંધવાની યોજના કરી. આખા વર્ષ દરમ્યાન ફક્ત ૧૨ વૈષ્ણવોએ આ યોજનાનો લાભ લીધો. એક-બે વૈષ્ણવોએ સ્વજનોમાં વાંટવા થોડીક નકલો ખરીદવા હૈયાધારણ આપી. **શ્રી સદ્‌ગુરુ સેવા ટ્રસ્ટ** પાસે અઢી લાખ જેટલી રકમ ફાજલ પાડવાનું શક્ય નહોતું; પરિણામે આ ગ્રંથનું પ્રકાશન-કાર્ય લંબાતું રહ્યું.

આમ છતાં, છાપકામના બિલની રકમ ટ્રસ્ટની અનુકૂળતાએ ચૂકવવાની હૈયાધારણ પ્રેસ તરફથી મળી. પરિણામે ગ્રંથનું છાપકામ હાથ ધરાયું અને માત્ર ૭૫૦ નકલ છાપવાનું સાહસ કર્યું, જેથી ટ્રસ્ટને વિશેષ બોજ ન પડે. ભવિષ્યમાં જરૂર જણાશે, તો ટૂંકા ગાળામાં જ એનું પુનઃમુદ્રણ કરવાની અપેક્ષા સાથે, હાલ તરત આ મૂલ્યવાન ગ્રંથનું પ્રકાશન કરતાં હર્ષ અનુભવું છું. સાથે સાથે ધાર્યા કરતાં ખૂબ વિલંબ થવા બદલ સંકોચ સહ ક્ષમાયાચના કરું છું.

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન **શ્રી જયંતિભાઈ પટેલ** (ગ્રેવિટી ક્લોકવાળા)ના મનોરથ-સ્વરૂપે **શ્રી હરસાનીજી પ.ચે. ટ્રસ્ટ, મહેસાણા** દ્વારા થયું હતું. આ બીજી આવૃત્તિનું પ્રકાશન કરવા માટે શ્રી સદ્‌ગુરુ સેવા ટ્રસ્ટને સહર્ષ અનુમતિ આપવા બદલ શ્રી હરસાનીજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા પ.ભ. પ્રા. શ્રી રમેશભાઈ વિ. પરીખનો હૃદયપૂર્વક આભાર માનું છું.

પૂ.પા.ગો. શ્રી ઇન્દિરા બેટીજી તો મહોદાર છે. આપશ્રીએ પણ શ્રી સદ્‌ગુરુ સેવા ટ્રસ્ટ દ્વારા આપશ્રીના આ ગ્રંથના પુનઃ પ્રકાશન માટે કૃપાપૂર્વક અનુજ્ઞા આપી છે; તે માટે ટ્રસ્ટ વતી તથા અંગત રીતે પણ હું આપશ્રીનો હૃદયપૂર્વક ઋણસ્વીકાર કરતાં કૃતાર્થતા અનુભવું છું અને આપશ્રીનાં ચરણકમળમાં શ્રદ્ધાપૂર્વક સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ કરું છું. સાથે સાથે આપશ્રીની અમારા પર અક્ષુણ્ણ કૃપા બની રહે, એવી યાચના કરું છું.

આ ગ્રંથ પ્રથમ આવૃત્તિનું જ પુનઃમુદ્રણ છે. એના લખાણમાં કશો સુધારો-વધારો કરવામાં આવ્યો નથી. મોડે મોડે પણ આ ઉપયોગી ગ્રંથના પ્રકાશનનો મનોરથ સિદ્ધ કરવામાં, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેમનો સહકાર અને હૂંફ સાંપડ્યાં છે, તે સૌનો પણ અત્રે આભાર માનવાની તક લઉં છું.

આશા છે આ ગ્રંથથી વૈષ્ણવોની માગ સંતોષાશે અને એના સ્વારસ્યને સમજી, એનાથી લાભાન્વિત થઈ જીવનને કૃતાર્થ કરશે, એવી શ્રીપ્રભુનાં ચરણકમલોમાં પ્રાર્થના સહ વિરમું છું. અલમ્.

દાસાનુદાસ

નાં સદૈન્ય ભગવત્સ્મરણ

એક રસના કહા કહૌં, જો ન આવૈ પાર

ભગવાન શ્રીકૃષ્ણનું નામ ઉચ્ચારતાં જ તેમની સાઁવરી સુરત અને માધુરી મૂરત નેત્રપટલ ઉપર છવાઈ જાય છે. મને ગળથૂથીમાંથી જ કૃષ્ણરસ પ્રાપ્ત થયો છે. એ કૃષ્ણ મનનો કબજો કરી બેઠા છે; તેને લીધે તેમના ગુણગાનમાં ચિત્તનો નિરોધ થાય છે. શ્રીમહાપ્રભુજીએ પણ *'નિરોધ-લક્ષણ'* ગ્રંથમાં આજ્ઞા કરી કે લૌકિક ગુણગાન ઘી ચોપડ્યા વિનાની લૂખી રોટલીના લુખ્ખા ભોજન જેવું છે; જ્યારે મધુરાધિપતિ ભગવાન શ્રીકૃષ્ણનું ગુણગાન રસાત્મક, આનંદાત્મક, મધુર છે. તે ગુણગાનથી હૃદયમાં બિરાજતા શ્રીકૃષ્ણ આપણી સમક્ષ મંદમંદ મુસ્કુરાતા પ્રગટ થઈ જાય છે.

મહર્ષિ વ્યાસજી ભગવાનનો જ્ઞાનાવતાર છે. તેમણે વેદને વ્યવસ્થિત કરી, અનેક શાખાઓમાં વહેંચી, એક એક શિષ્યને એક એક શાખા સોંપી. તેમણે વેદના સારરૂપ બ્રહ્મસૂત્રોમાં વેદનું સંપૂર્ણ જ્ઞાન ઠાલવ્યું. અઢાર પુરાણો અને અઢાર ઉપપુરાણોની રચના કરી. મહાભારત રચ્યું અને છતાંય તેમના આત્માને સંતોષ, શાંતિ અને સુખ ન મળ્યાં; ત્યારે નારદજીએ તેમને ઉપદેશ આપ્યો કે જ્ઞાનથી જે અલૌકિક સુખ-શાંતિ પ્રાપ્ત નથી થતાં તે ભગવદ્ ગુણગાનથી પ્રાપ્ત થાય છે; માટે સમાધિમાં તમે ભગવદ લીલાઓનો અનુભવ કરી, તેનું ગુણગાન કરો. નારદજીએ વ્યાસજીને બ્રહ્માજી દ્વારા પ્રાપ્ત થયેલ **'ચતુઃશ્લોકી ભાગવત'** સંભળાવ્યું. બદ્રિકાશ્રમમાં વ્યાસજી સમાધિસ્થ થયા. તેમને સમાધિમાં શ્રીકૃષ્ણન અલૌકિક દિવ્ય ચરિત્રનો અનુભવ થયો. તે તેમણે શ્રીમદ્ ભાગવતના અઢાર હજાર શ્લોકોમાં ગાયો. શ્રી વ્યાસમુનિએ પોતાના પુત્ર, મહામના શ્રી શુકદેવજીને શ્રીમદ્ ભાગવત વારસામાં આપ્યું. શ્રી શુકદેવજીએ રાજા પરીક્ષિતને શ્રીમદ્ ભાગવતકથાનું શ્રવણ કરાવ્યું, ત્યારથી શ્રીભાગવત હિન્દુ-માત્રન પૂજ્ય અને આદરણીય ગ્રંથ રહ્યો છે.

શ્રીવલ્લભાચાર્યજી - શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યના હેતુઓ પૈકીનો એક હેતુ જ શ્રી ભાગવતરૂપ રસ-સમુદ્રનું મંથન કરી, તેમાં રહેલાં અલૌકિક દિવ્ય જીવનરત્નો પ્રકાશિત કરવાનો હતો. તેથી શ્ર મહાપ્રભુજીનું એક નામ **'શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ'** છે, તો બીજું નામ **'શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશનપરાયણઃ'** છે. શ્રીમહાપ્રભુજીની પૂર્વે અને પછી અનેક આચાર્યો અને વિદ્વાનોએ શ્રીભાગ-વતજ ઉપર અનેક ટીકાઓની રચના કરી છે. શ્રીભાગવતજી ઉપર વિપુલ પ્રમાણમાં ટીકા-સાહિત્ય છે. તેમ શ્રી મહાપ્રભુજીએ રચેલ ટીકા-સાહિત્ય સર્વશ્રેષ્ઠ છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતનો જે ગૂઢાર્થ પ્રગ કર્યો છે, તે અન્ય કોઈ કરી શક્યું નથી, તેનું કારણ એ છે કે શ્રીમહાપ્રભુજીએ પોતે જ બતાવ્યા પ્રમાણ પોતે ભગવાનના મુખારવિંદનું સ્વરૂપ છે. માણસના હૃદયને અને હૃદયના ભાવોને મુખ અભિવ્યક કરી શકે, એટલું બીજું કોઈ કરી શકતું નથી. હૃદયના ગૂઢ ભાવો મુખ દ્વારા જ પ્રગટ થાય છે. સમા ભાષામાં અનુભવેલ શ્રીભાગવતજીનું લેખન સ્વયં ભગવાને વ્યાસજીના હૃદયમાં બિરાજીને કર્યું છે. વે ભગવદ્‌વાણી છે. વેદનું બીજ ગાયત્રી મંત્ર છે. વેદરૂપી વૃક્ષનું ફળ શ્રીભાગવત છે. માટે શ્રીભાગવ ભગવાનનું નામાત્મક રસસભર સ્વરૂપ છે; તેથી તેને સમજાવવાનો જેટલો અધિકાર ભગવાનન મુખારવિંદ-સ્વરૂપ શ્રી મહાપ્રભુજીનો છે, તેટલો અન્ય કોઈનો ન હોય તે સમજી શકાય તેમ છે.

આથી, શ્રીમંહાપ્રભુજીએ પ્રગટ થઈને શ્રીભાગવતજીનો સાત પ્રકારે અર્થ કરવાની પ્રતિજ્ઞા કરી. તે માટે આપે બે ટીકાગ્રંથોની રચના કરી : (૧) શ્રીભાગવતાર્થ પ્રકરણ (૨) શ્રીસુબોધિની. શ્રીભાગવતાર્થ પ્રકરણમાં શાસ્ત્રપ્રકરણ, સ્કંધ અને અધ્યાયના અર્થ સ્પષ્ટ કર્યા. શ્રીસુબોધિનીમાં શ્લોક, વાક્ય, પદ અને અક્ષરના અર્થ સ્પષ્ટ કર્યા. આમ, શ્રી ભાગવતના શાસ્ત્રથી લઈને અક્ષર સુધીના સૂક્ષ્મ અર્થો સાત પ્રકારે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા. માટે શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી : જેમણે શ્રીસુબોધિનીજીનું શ્રવણ, મનન કર્યું નથી, તેમનો જન્મ નકામો ગયો છે. શ્રીમહાપ્રભુજીએ આ ઉપરાંત શ્રીભાગવતજી ઉપર સૂક્ષ્મ ટીકા પણ રચી હતી, જે આજે પ્રાપ્ય નથી.

તદુપરાંત, શ્રીમહાપ્રભુજીએ દશમ સ્કંધની અનુક્રમણિકાનો ગ્રંથ રચી, શ્રી સૂરદાસજી અને શ્રી પરમાનંદદાસજીને દશમ સ્કંધનું ભાવાત્મક દાન કર્યું. તેના સામર્થ્યથી એ બંને મહાનુભાવ ભક્ત કવિઓએ સેંકડો પદોમાં પ્રભુની રસમય લીલાઓનું ગાન કર્યું છે. આ ઉપરાંત, શ્રીમહાપ્રભુજીએ સમગ્ર શ્રીભાગવતજીની લીલાઓના સારરૂપે ભગવાનનાં એક હજારથી વધુ નામો તારવી, 'શ્રીપુરુષોત્તમ-સહસ્રનામ' નામે ગ્રંથ રચ્યો. તેવીં જ રીતે દશમ સ્કંધની લીલાઓ પરથી 'ત્રિવિધનામાવલિ' નામનો ગ્રંથ પણ રચ્યો છે. આ સર્વ સાહિત્ય શ્રી ભાગવતજીના હૃદયને ખોલનારું છે.

શ્રીમહાપ્રભુજીના આ સર્વ ગ્રંથો સાધારણજનો સમજી શકે એટલા સરળ નથી; તેથી સાધારણ જનોને શ્રીકૃષ્ણનું સ્વરૂપ, અલૌકિક દિવ્ય ચરિત્રો અને ધર્મને સુપેરે સમજાવવા માટે શ્રીભાગવત-કથાઓ જરૂરી બની છે. શ્રી શુકદેવજીએ રાજા પરીક્ષિતને માત્ર એક અઠવાડિયામાં અઢાર હજાર શ્લોકોની કથા કહી, પણ એ શ્રોતા અને વક્તાની વાત જુદી હતી. શ્રીભાગવતજીના પ્રથમ સ્કંધમાં શ્રી શુકમુનિને ઉત્તમ વક્તા ને રાજા પરીક્ષિતને ઉત્તમ શ્રોતા કહ્યા છે. એ બંનેનો ઉત્તમ અધિકાર હોવાથી, એક અઠવાડિયામાં સમગ્ર કથા કહેવાઈ અને હૃદયમાં સ્થિર થતાં પરીક્ષિતની મુક્તિ પણ થઈ. આજના શ્રોતા એવા અધિકારી નથી. આજે વક્તાનો પણ એટલો અધિકાર નથી. તેને લઈને દશમ સ્કંધની કથા પણ એક કે બે સપ્તાહમાં પૂરેપૂરી કહેવી અશક્ય બની છે, તો સમગ્ર શ્રીભાગવતની કથા તો કેવી રીતે કહી શકાય?

દશમ સ્કંધ ભગવાનનું હૃદય છે. તેમાંની નિરોધલીલાના શ્રવણ, કીર્તન, સ્મરણથી લૌકિક અહંતા-મમતાઓની આસક્તિઓ છૂટે છે. સંસારનાં બંધન કપાય છે અને આપણે તન, મન અને આત્માથી ભગવાનમાં નિરુદ્ધ થઈએ છીએ. એથી વૈષ્ણવો અને ભાવિક ભક્તજનો દશમ સ્કંધની કથા સાંભળવામાં વિશેષ રુચિ અને આસક્તિ રાખે છે. આવા જ ભક્તજનોના આગ્રહને વશ થઈ, મુંબઈમાં વિશેષ રુચિ અને બૌદ્ધિક સમજ ધરાવનાર શ્રોતાવર્ગ સામે દશમ સ્કંધની ભગવદ્કથા કરવાનો અવસર એક વખત સાંપડ્યો હતો. તે વખતે આ કથાની ઑડિયો કૅસેટો તૈયાર થઈ હતી, જેનો લાભ ત્યાં હાજર નહિ રહેલા ઘણા ભાવિક ભક્તજનો લેતા હતા. હાજર રહેલા પણ ફરીથી શ્રવણ કરવા, તેનો ઉપયોગ કરતા હતા.

આજથી દશ વર્ષ પહેલાં, શ્રી રમેશભાઈ પરીખે 'વૈષ્ણવ પરિવાર' માસિકનું પ્રકાશન શરૂ કર્યું, ત્યારે તેમણે મને વિનંતી કરી કે આપ ઠેરઠેર ભાવિકજનોને શ્રી ભાગવતામૃતનું પાન કરાવો છો; ત્યારે લેખ-સ્વરૂપે વૈષ્ણવ પરિવારના વાચકોને પણ એનો લાભ મળે એવું કંઈક કરો. તે સમયે તેમને આ દશમ સ્કંધની કૅસેટો મેં આપી. કુલ ૨૧ કૅસેટો છે. તેને તેમણે લિપિબદ્ધ કરી. કથનશૈલી અને લેખન-શૈલીમાં એક ફરક હોય છે. તેમણે મારા કથનને લેખનનું સ્વરૂપ આપ્યું અને પ્રતિઅંકે શ્રીભાગવત દશમ સ્કંધની લેખમાળા છેલ્લાં દશ વર્ષથી વૈષ્ણવ પરિવારમાં પ્રકાશિત કરી.

થોડાંક વર્ષ પહેલાં ભાવિકજનોએ મારો સુવર્ણજયંતિ મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું; ત્યારે શ્રી રમેશભાઈએ મને ફરી વિનંતી કરી કે 'આ દશમ સ્કંધનું સાહિત્ય એક પુસ્તકરૂપે પ્રકાશિત થાય, તો સૌને સારો લાભ મળે. આજે અન્ય ટીકાકારોની ટીકાઓનો આશય લઈને શ્રીભાગવતજીનાં અનેક પુસ્તકો પ્રકાશિત થયાં છે; પરંતુ શ્રીમહાપ્રભુજીના આશય સાથેનાં પુસ્તકો બહુ અલ્પ છે. તે પણ સુપ્રાપ્ય નથી. જે સુપ્રાપ્ય છે, તેની ભાષાશૈલી થોડી વિદ્વાનોને માફક આવે તેવી છે. સામાન્ય ભક્તજનો તેનો આનંદ લઈ શકતા નથી. માટે આપ દ્વારા કહેવાયેલ દશમ સ્કંધ આ મંગલ પ્રસંગે પુસ્તકરૂપે પ્રકાશિત થાય તેવી મારી ઇચ્છા છે.'

મને બહુ આનંદ થાય છે કે શ્રી રમેશભાઈના આ સૂચનને સૌએ વધાવી લીધું. અમદાવાદના ગ્રેવિટી ક્લૉકવાળા શ્રી જયંતિભાઈ પટેલે તેના પ્રકાશનના મનોરથી બનવા, સામે પગલે ભાવના વ્યક્ત કરી; પરંતુ મને મનમાં એવો ભાવ રહ્યો કે એક વખત હું સમગ્ર હસ્તપ્રતને ફરીથી મઠારી લઉં, પછી તેનું પ્રકાશન થાય તો સારું. તેને લઈને તે સમયે તેનું પ્રકાશન અટક્યું. પરંતુ શ્રી રમેશભાઈની સતત માગણી અને આગ્રહ રહ્યાં. મને લાગ્યું કે સમગ્ર હસ્તપ્રતને ફરીથી તૈયાર કરવા માટે ઘણાં વર્ષો લાગશે. એટલે મેં તે આગ્રહ ઢીલો કર્યો અને તેના પ્રકાશન માટે સંમતિ આપી.

'વૈષ્ણવ પરિવાર' માસિકનું પ્રકાશન શ્રી હરસાનીજી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ કરે છે, તેના દ્વારા અનેક સુંદર પુસ્તકોનું પ્રકાશન સેવાભાવે થતું રહ્યું છે. એટલે એ પરંપરામાં આ પુસ્તકનું પ્રકાશન પણ શ્રી હરસાનીજી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા થાય છે, તેનો મને ઘણો આનંદ છે.

વળી, શ્રી જયંતિભાઈ પટેલે આ પુસ્તકના મનોરથી બનવાનો એમનો આગ્રહ જારી રાખ્યો. તેમના બંને સુપુત્રો ચિ. ભાઈ વિનય અને ભાઈ કમલેશ ભરયુવાનીમાં ગોલોકવાસી થયા હતા. તે પુણ્યાત્માઓની પાવન સ્મૃતિમાં આ પુસ્તકના પ્રકાશનમાં તેમનો વિશિષ્ટ સહયોગ સાંપડ્યો છે, તે પણ ખૂબ આનંદની વાત છે. શ્રીભાગવતને જીવનમાં જીવવા મથતા એક પરિવારનો મનોરથ આ રીતે આજે પરિપૂર્ણ થાય છે.

શ્રી રમેશભાઈ પરીખ અને તેમના સહકાર્યકર્તાઓએ કૅસેટો પરથી સમગ્ર હસ્ત-પ્રત તૈયાર કરી. એ બહુ મોટું કામ હતું, જે શ્રીવલ્લભની કૃપાથી પરિપૂર્ણ થયું. તેના પ્રકાશનમાં અને મુદ્રણમાં અમારા શ્રી રાજનભાઈ કડિયાનો પણ ઘણો સાથ-સહકાર મળ્યો છે. આ સૌનાં સેવાકાર્યોના ગુણાકાર અને સરવાળાના જવાબરૂપે આજે આ ગ્રંથ મુદ્રિત સ્વરૂપમાં પ્રકાશિત થઈ રહ્યો છે, ત્યારે મને શ્રદ્ધા છે કે મારા શ્રી બાલકૃષ્ણલાલ એમની આ લીલાઓના ગુણગાનને અવશ્ય અંગીકાર કરશે અને તેના વાચક સૌ ભાવિકજનોને પોતાની પ્રેમલક્ષણા ભક્તિ અને તે દ્વારા દુર્લભ નિરોધનું દાન પણ કરશે.

ગોસ્વામી ઇન્દિરાબેટીજી

તદ્ વાક્પાનં સુદુર્લભમ્

માણસને ભગવાને બધું આપ્યું છે, પરંતુ એક અમૂલ્ય તત્ત્વ નથી આપ્યું. તે છે દિવ્ય આનંદ. દિવ્ય આનંદ વિના માણસને મળેલું બધું શૂન્ય સમાન છે. આનંદની મધુરતા વિનાનું માનવજીવન અધૂરું છે. દિવ્ય મધુરતા ભગવાનની શક્તિ છે, માણસ તેનાથી વંચિત છે.

ભગવાને પોતાના દિવ્ય આનંદની મધુરતા માણસને આપવાની ઇચ્છા સદા માટે રાખી છે. તેને લીધે માણસને એવું મન આપ્યું કે જેમાં તેની પોતાની પાસે જે નથી, તે મેળવવાની સતત મથામણ રહ્યા કરે. ભગવાને માણસને પાંચ પ્રકારે મધુરતા માણવાની ઇન્દ્રિયો અને શક્તિ પણ આપી છે. માણસ આંખથી રૂપની મધુરતા માણે, કાનથી સ્વરમાધુરી માણે, નાકથી સુગંધનું માધુર્ય માણે, જીભથી સ્વાદની મધુરતા માણે અને હાથથી કોમળ સ્પર્શની સુખદ મધુરતા માણે.

માણસ જન્મથી મૃત્યુ સુધી આવી મધુરતા માણવાના પ્રયત્નો કરે છે. તે સંદર્ભમાં માનવ-જીવનની એવી વ્યાખ્યા કરી શકાય કે માનવજીવન એટલે મધુરતા માણવાની સતત મથામણ. પરંતુ ભગવાને એક ખૂબી બનાવી છે. તેમણે પોતાનામાંથી જગત પ્રગટ કર્યું છે. તેના પ્રત્યેક નામ-રૂપમાં તેઓ વસ્યા છે. પોતાની જ મધુરતા જગતમાં ભરી છે, પરંતુ તે સર્વ જગતમાં વ્યક્ત કરી નથી. જગતમાં જણાતી મધુરતા ભગવાનની પૂર્ણ માધુરીનો નાનકડો અંશ છે, એક સૅમ્પલ છે.

સાથે સાથે ભગવાને માનવમનમાં મોહ નામનું એક તત્ત્વ પ્રગટ કર્યું છે અને ઇન્દ્રિયોમાં કામના પ્રગટ કરી છે. મોહથી કામના વધે છે અને કામનાથી મોહ વધે છે. પરિણામે મધુરતા માણવા માટે માણસને જે પાંચ ઇન્દ્રિયો મળી છે, તે સંસારના મોહમાં ડૂબે છે. વાસ્તવમાં વિકારી મનને જે મધુરતા લાગે છે, તે તો સુગરકોટેડ ક્વિનાઇન જેવી છે. મીઠાશના પડમાં છુપાયેલ હળાહળ ઝેર છે. માણસ જેને મધુરતા માની સુવર્ણમૃગની જેમ પકડવા દોડે છે, તે મધુરતા નથી, અધુરપ છે. તેનાથી ક્યારેય જીવનને શાશ્વત સુખ અને શાંતિ મળતાં નથી.

આપણા સનાતન ધર્મના આચાર્યો અને સંતોએ આ વાત નગારાના ડંકા સાથે હજારો વર્ષોથી આપણને કહેવાનું ચાલુ રાખ્યું છે. મોટા ભાગે તેમની વાત આપણને સંભળાતી જ નથી. ક્યાંક સંભળાય છે તો સમજાતી નથી અને ક્યાંક સમજાય છે તો જીવનમાં આચરાતી નથી. આથી, આજ સુધી સમગ્ર માનવ-અસ્તિત્વ અને જીવન દિવ્ય મધુરતાના આનંદથી વંચિત રહ્યું છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનો આવિષ્કાર દિવ્ય મધુરતાના આનંદનો રસાસ્વાદ કરાવવા માટે જ છે. તેઓ ભારતીય આચાર્ય-પરંપરાના છેલ્લા આચાર્ય છે. તેમની પૂર્વે થઈ ગયેલા આચાર્યોએ ભારતીય ધર્મ અને સંસ્કૃતિની જે ફૂલવાડી ખીલવવાનું શરૂ કર્યું હતું, તે ફૂલવાડીને તેમણે પરિપૂર્ણ કરી છે. હવે તેમાં કંઈ પણ નવું ફૂલ પ્રગટાવવાનું તેમણે બાકી રાખ્યું નથી.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ સામાન્ય ભાવુક જનોની શક્તિ, અશક્તિ તથા ગુણદોષની મર્યાદાઓ પિછાણીને દિવ્ય મધુરતાને માણવાનો સહજ અને સરલતમ ઉપાય બતાવ્યો. મધુરતાના

અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણ છે. તેઓ સર્વાંશે મધુર છે. તેમનું અખિલ મધુર છે. તેમની મધુરતાની બરાબરી કરી શકે, તેવું અન્ય કોઈ તત્ત્વ જ નથી. તેમનું રૂપ, ગુણ, લીલા અને નામ સર્વ કંઈ દિવ્ય મધુરતાથી પરિપૂર્ણ છે. તેમાં મધુરતાની જરા પણ ઊણપ નથી. આ મધુરતાને માણવી હોય, તો ભગવાન શ્રીકૃષ્ણને આત્મસાત્ કરવા પડે. તેમને આપણા હૃદયમાં અને મસ્તકમાં પધરાવવા પડે. જેમ મોંમાં કેરીનો રસ આવતાં કેવળ મોં જ નહિ, પણ શરીરનું રોમરોમ એ મધુરતા માણે છે, તેમ શ્રીકૃષ્ણ આપણા હૃદય, મસ્તક અને સર્વ ઇન્દ્રિયોનો જો વિષય બની જાય; તો આપણું રોમરોમ એ દિવ્ય મધુરતામાં સતત ડૂબી જાય. પછી આપણને સંસારની વિકારી મધુરતામાં કોઈ રસ પડશે નહિ.

શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણને આત્મસાત્ કરવાના બે રસ્તા બતાવ્યા : (૧) **કથા : શ્રવણ, કીર્તન અને સ્મરણ (૨) સેવા : પાદસેવન, અર્ચન અને દાસ્ય.** ભગવાન શ્રીકૃષ્ણની પરોક્ષ સ્થિતિમાં તેમની મધુરી કથાઓનું શ્રવણ, કીર્તન અને સ્મરણ આપણા અંગેઅંગને એ રસમધુરતાથી ભરી દે છે. ભગવાન શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ સ્થિતિમાં તેમની સેવા અને તેમનું સ્વરૂપ આપણામાં દિવ્ય મધુરતાના સાગર છલકાવી દે છે. શ્રીમહાપ્રભુજી બતાવે છે કે શ્રીકૃષ્ણની પરોક્ષ સ્થિતિમાં જ્યારે ભક્ત વિરહતાપથી આર્ત બની, તેમના મધુર ગુણગાનમાં તન્મય થઈ જાય છે; ત્યારે હૃદયમાં બિરાજતા અને આપણામાં જ છુપાયેલા ભગવાન શ્રીકૃષ્ણ હૃદયમાંથી પ્રગટ થઈ આપણી આંખોનો વિષય બને છે. ક્યારેક આપણને એમ લાગે છે કે તેમનું માધુર્ય માણવા આ બે આંખો પૂરતી નથી, આપણા રોમરોમમાં આંખો હોવી જોઈતી હતી.

ભગવાન શ્રીકૃષ્ણની એ મધુરી કથાઓ અને કીર્તન દ્વારા આપણે એ અલૌકિક મધુરતા માણી શકીએ, તે માટે શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવતનું મહત્ત્વ બતાવ્યું. આગળના આચાર્યોએ સ્વીકારેલાં ત્રણ શબ્દપ્રમાણો સાથે ચોથા શબ્દપ્રમાણ તરીકે શ્રીમદ્ ભાગવતની પ્રતિષ્ઠા કરી. તેમણે શ્રીમદ્ ભાગવતના રસસાગરનું મંથન કર્યું. આપણને શ્રીમદ્ ભાગવતનું એક અનોખું દિવ્યદર્શન આપ્યું. શ્રીમદ્ ભાગવત માત્ર કોઈ ગ્રંથ કે શાસ્ત્ર નથી, તે કેવળ કોઈ ઇતિહાસ કે પુરાણ નથી. તેમાં કેવળ ભક્તો અને ભગવાનની વાતો નથી. શ્રીમદ્ ભાગવત તો ભગવાન શ્રીકૃષ્ણ - શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ – શબ્દ-સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ દ્વાદશ અંગવાળા પૂર્ણ પુરુષોત્તમ છે; તેમ શ્રીમદ્ ભાગવત પણ દ્વાદશ સ્કંધવાળા પૂર્ણ પુરુષોત્તમનું જ સ્વરૂપ છે. તેમાંય દશમ સ્કંધ તો ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય છે.

શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે શ્રદ્ધા અને આદરપૂર્વક શ્રીમદ્ ભાગવતનું સેવન કરો. કશા સ્વાર્થ વિના માત્ર ભગવદ્-રસની મધુરતાનું પાન કરવા શ્રીભાગવતની દિવ્ય કથાઓનું શ્રવણ કરો, તેનું કીર્તન કરો અને તેનું સ્મરણ કરો. શ્રીમદ્ ભાગવતની કથાઓ અને દિવ્ય વાણી આપણા તન-મનને દિવ્ય માધુર્યના આનંદરસથી ભરી દેશે. આજ સુધી એનો અનુભવ અનેક ભક્તો કરી ચૂક્યા છે. શ્રીવલ્લભની આ આજ્ઞા અનુભવસિદ્ધ છે અને સનાતન કાળ માટેની છે. માટે તો અનેક સ્થળે, અનેક લોકો શ્રી ભાગવતકથાનું શ્રવણ કરવા તત્પર રહેતા જોવા મળે છે.

પરંતુ ઘણાં લોકો એક પ્રશ્ન કરે છે કે અમારા જીવનકાળમાં અમે શ્રીભાગવતજીની ઘણી કથાઓ સાંભળી; પરંતુ એના દિવ્ય આનંદ અને મધુરતાનો અમને અનુભવ થયો નથી, એનું શું કારણ હશે? જવાબ સ્પષ્ટ છે. તાવ આવેલ વ્યક્તિને મીઠાઈની મધુરતાનો સ્વાદ આવતો નથી. જ્યાં સુધી આપણે

આપણા તન-મનમાંથી કામનાઓ અને વિષય-વાસનાઓનો તાવ દૂર કરી શક્યા નથી, ત્યાં સુધી આપણું તન-મન આ દિવ્ય કથાઓની મધુરતાનો આસ્વાદ કરી શકતું નથી.

એક બીજું કારણ પણ છે : શ્રીભાગવતજીની મધુરતાને માણવા માટે જેમ શ્રોતાના પક્ષે શ્રદ્ધા, જિજ્ઞાસા અને વૈરાગ્ય જોઈએ, તેમ તેને સુપાત્ર યોગ્ય વક્તા પણ જોઈએ. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જ્યારે વક્તાના હૃદયમાં ભગવાન માટેનો વિરહતાપ વધે, ત્યારે એ વિરહના અગ્નિમાં તેના હૃદયરૂપી ચંદનનું લાકડું બળવા લાગે છે. હૃદયમાં બિરાજતા ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ એ ધૂપને થતાં, તે દિવ્ય રસરૂપ બની વક્તાના મુખમાંથી પ્રગટ થાય છે. ત્યારે તે કથાનું કીર્તન અમૃતના મહાસાગર જેવું બની જાય છે. તેનું પાન શ્રોતાના કર્ણ કરે છે, ત્યારે તે શ્રોતા રોમરોમમાં દિવ્ય મધુરતાનો અનુભવ કરે છે. આવા ઉત્તમ વક્તાઓ સુદુર્લભ છે. શ્રી શુકદેવજી, શ્રી વ્યાસજી, શ્રી નારદજી જેવા પુરાણપુરુષો આજે આપણને પ્રાપ્ય નથી. આજના બહુધા વક્તાઓ કથા-પ્રવચન, ક્યાંક સ્વાર્થવશ – આજીવિકા માટે – કરે છે, ક્યાંક કર્તવ્યવશ કરે છે; પરંતુ જ્યાં સુધી હૃદયમાં જાગેલા પ્રેમના આવિષ્કારરૂપે શ્રી ભાગતની કથા થતી નથી, ત્યાં સુધી તેનો દિવ્યરસ આપણને પ્રાપ્ત થતો નથી. આમ, શ્રોતાઓના અધિકારની સાથે અધિકારી વક્તા પણ માધુર્યરસ પામવા માટે જરૂરી છે.

સાંપ્રત સમયમાં શ્રીભાગવતજીનો દિવ્ય માધુર્ય રસ પાઈ શકે, એવા અધિકારવાળા ઉત્તમ વક્તાઓમાં પરમપૂજ્યપાદ ગોસ્વામી શ્રી ઇન્દિરાબેટીજીનું મૂર્ધન્ય સ્થાન છે. તેઓ મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીની વંશ-પરંપરામાં છે. જે શ્રીવલ્લભાચાર્યજીએ આજીવન શ્રીમદ્ ભાગવતનું સેવન કર્યું, તેનો કથારસ આપ્યો, અનેક સ્થળોએ બિરાજી શ્રીમદ્ ભાગવતનાં અનેક પારાયણો કર્યાં અને જગતને શ્રીમદ્ ભાગવત પરની સર્વોત્તમ ટીકા 'શ્રીસુબોધિનીજી'ની ભેટ આપી; એમનાં સીધાં વારસ એવાં પૂજ્ય જીજી શ્રીમદ્ ભાગવત માટે યોગ્ય અધિકારી છે. શ્રીમદ્ ભાગવત માટેનો તેમનો પ્રેમ બાળપણથી રહ્યો છે. પૂજ્ય દાદાજી અને તેમનાં પૂજ્ય માતૃચરણ પાસેથી શ્રીભાગવત-રસ તેમને વારસામાં મળ્યો છે. શ્રીભાગવતના પરમ મર્મજ્ઞ અને ઉત્તમ ભગવદીય એવા શ્રી નરહરિ શાસ્ત્રીજી પાસેથી તેમણે વ્યવસ્થિત રીતે શ્રીમદ્ ભાગવતનો શાસ્ત્રાભ્યાસ કર્યો છે. તેઓ આજીવન શ્રીભાગવત-રસમાં ડૂબેલાં રહ્યાં છે. તેમણે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું યથાર્થ પાલન કરી, કોઈ આજીવિકા માટે કે પ્રતિષ્ઠા માટે શ્રીમદ્ ભાગવતની કથા ક્યારેય કરી નથી. આવાં પૂજ્ય જીજીના શ્રીમુખથી જેમણે જેમણે શ્રીમદ્ ભાગવતનું રસપાન કર્યું છે, તે સૌ પોતાની જાતને ધન્ય માને છે.

એક વખત પૂજ્ય જીજીની શ્રીભાગવત સપ્તાહ મહેસાણામાં થઈ હતી, ત્યારે અહીંના વિદ્વાન ડિસ્ટ્રિક્ટ સેસન્સ જજે સાત દિવસ સુધી તેમની કથા પૂરેપૂરી સાંભળી અને પોતાનો વણમાગ્યો પ્રતિભાવ આપ્યો હતો. તેમણે શ્રીભાગવતના એક બીજા પ્રખર વક્તા સાથે પૂજ્ય જીજીની કથાની સહજ રીતે તુલના કરતાં કહ્યું કે 'પેલા સંતવક્તા મને ધાર્મિક (રિલિજિયસ) લાગ્યા છે, જ્યારે પૂજ્ય જીજીની કથામાં મને ધર્મ સાથે આધ્યાત્મિકતાનાં (સ્પિરિચ્યુએલિટી) ઘણાં ઊંચાં શિખરોનાં દર્શન થયાં છે. આવાં પૂજ્ય જીજીની દશમસ્કંધ ઉપરની કથાનું આયોજન, મુંબઈ મુકામે થોડાં વર્ષો પહેલાં થયું હતું. તે કથાના શ્રોતાઓ બહુધા સુશિક્ષિત અને જિજ્ઞાસુ, ઉચ્ચ સ્તરનાં ભાઈ-બહેનો હતાં; એટલે તે કથા એક વિશિષ્ટ દૃષ્ટિકોણથી થઈ હતી. તેની કૅસેટો, મારી પથારીવશ નાદુરસ્તીના સમયમાં મને સાંભળવા માટે પૂજ્ય

જીજી તરફથી અનુજ્ઞાપૂર્વક મળી હતી. તેનું શ્રવણ કરતાં મારા હૃદયને એક અનોખી પરિતૃપ્તિ થઈ હતી. ત્યારથી મનમાં એવું એક સ્વપ્ન ઊભરાતું હતું કે આજે શ્રીવલ્લભાચાર્યજીના આશય સાથે ગુજરાતીમાં શ્રીભાગવતજી પરના ગ્રંથો અલ્પ છે; ત્યારે પૂ. જીજીની આ કથા અક્ષરદેહ ધારણ કરે, તો સૌ ભાવિક જનોને ઘણો લાભ થાય. પછી 'વૈષ્ણવ પરિવાર' માસિક શરૂ થયું. તે તકનો લાભ લઈ, પૂ. જીજી પાસેથી આજ્ઞા મેળવી કે આ કથા ક્રમશઃ 'વૈષ્ણવ પરિવાર'માં છપાય. આપે પ્રસન્નતાથી આજ્ઞા આપી. આ કથા ગ્રંથ-સ્વરૂપ ધારણ કરે તે સ્વપ્નનું બીજ જીવતું હતું, અવારનવાર વિનંતી કરતો હતો; પરંતુ તેમના હૃદયમાં એવો ભાવ હતો કે હજી આને વધારે સુચારુ બનાવું. તેમાં હજી વધારે વિગતો ઉમેરું. તેને લઈને વિલંબ થતો હતો. આખરે મારી વિનંતી આપે સ્વીકારી. જે રીતે તે કથા કહેવાઈ, તે રીતે જ તેને ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કરવાની આજ્ઞા આપી.

આ ગ્રંથ-પ્રકાશન એક બહુ મોટું કાર્ય હતું. આર્થિક રીતે પણ વિચાર માગી લે તેવું હતું. અમારા શ્રી હરસાનીજી ટ્રસ્ટની એટલી આર્થિક સંપન્નતા ન હતી કે તે આ ગ્રંથનું પ્રકાશન કરી શકે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ હૃદયમાં એક એવી વ્યક્તિનું નામ પ્રેર્યું કે જેઓ આ ગ્રંથ-પ્રકાશનના મનોરથી બને. તેઓ અમદાવાદના વતની, પરમ વૈષ્ણવ **શ્રી જયંતિભાઈ વીરુભાઈ પટેલ** છે. દેશભરમાં ક્વાર્ટ્ઝ ઘડિયાળોના પ્રણેતા અને ગ્રેવિટી ક્લૉક નામના અગ્રગણ્ય ઉદ્યોગના સૂત્રધાર છે. એક સમર્થ ઉદ્યોગ-પતિના હૃદયમાં ભારતીય સંસ્કૃતિ, સનાતન ધર્મ અને પુષ્ટિમાર્ગ પરત્વે કેટલી આસ્થા અને દૃઢતા હોઈ શકે તે જોવું હોય, તો શ્રી જયંતિભાઈને અને તેમના પરિવારને રૂબરૂ મળવું પડે. શ્રી જયંતિભાઈ મારા આત્મીય સ્વજન જેવા છે. પૂ. જીજીના પ્રીતિપાત્ર અને કૃપાપાત્ર છે. તેઓ પૂ. જીજીને પોતાના ગુરુ તરીકે પોતાનું સર્વસ્વ માને છે. શ્રી જયંતિભાઈ સાથે એક દિવસ સહજ રીતે આ ગ્રંથ-પ્રકાશનની વાત થઈ. તેમણે એક ક્ષણ પણ વિચાર કરવામાં ગાળ્યા વિના બહુ જ પ્રસન્નતાથી કહી દીધું કે રમેશભાઈ, આ ગ્રંથ-પ્રકાશનનો મનોરથી હું બનીશ. તમે કાર્ય શરૂ કરો. વૈષ્ણવોને સુંદર ગ્રંથ આપીએ.

પૂ. જીજીનો અનુગ્રહ અને શ્રી જયંતિભાઈનો મનોરથ આ ગ્રંથની પાછળ રહેલાં છે. તેની હસ્તપ્રત કરવામાં અને પ્રકાશનમાં જેમણે જેમણે ઉત્તમ સહયોગ આપ્યો છે, તે સૌનો સાથ-સહકાર આ ગ્રંથને વેળાસર પ્રકાશિત કરવામાં મદદરૂપ બન્યો છે.

આ ગ્રંથના પ્રકાશન સમયે મારા તરફથી અને શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પ. પૂ. જીજીને સાદર અને સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ કરી, તેમની અનુજ્ઞા માટે તેમનું ઋણ સ્વીકારું છું. ગ્રંથ-પ્રકાશનના મનોરથી બનવા માટે પરમ વૈષ્ણવ શ્રી જયંતિભાઈ વીરુભાઈ પટેલ અને તેમના સમગ્ર પરિવાર તરફ પ્રસન્નતા વ્યક્ત કરું છું. ગ્રંથ-પ્રકાશનમાં સહયોગી સૌ સ્નેહીજનોનો આભારી છું.

રમેશભાઈ વિ. પરીખ

અનુક્રમણિકા

પ્રકરણ વિષય પૃષ્ઠ

૦૧. દશમ સ્કંધ : ભૂમિકા ૧૭
૦૨. રાજા પરીક્ષિતના પ્રશ્નો ૨૫
૦૩. અવતાર લેવા દેવો અને પૃથ્વીની પ્રાર્થના ૪૨
૦૪. કૃષ્ણ એ જ પરબ્રહ્મ ૪૬
૦૫. દેવકીજીનું લગ્ન અને આકાશવાણી ૫૦
૦૬. કંસને વસુદેવજીની સમજાવટ ૫૮
૦૭. દેવકીજીના છ પુત્રોનો સંહાર ૬૭
૦૮. કંસની વ્યગ્રતા : પ્રભુ-અવતરણની તૈયારી ૭૩
૦૯. ગર્ભમાં બિરાજેલ પ્રભુની સ્તુતિ ૮૩
૧૦. કૃષ્ણ-તત્ત્વ ૧૦૭
૧૧. શ્રીકૃષ્ણજન્મલીલા ૧૧૨
૧૨. નંદઘેર આનંદ ભયો ૧૨૮
૧૩. નંદમહોત્સવ ૧૩૮
૧૪. હરિ-હરનું અદ્‌ભુત મિલન ૧૪૧
૧૫. પૂતના-મોક્ષ અને પરીક્ષિતની જિજ્ઞાસા ૧૪૮
૧૬. શકટભંજન અને તૃણાવર્તવધ ૧૫૮
૧૭. રામ-શ્યામનું નામકરણ ૧૬૫
૧૮. રીંગણલીલા અને માખણચોરી ૧૭૨
૧૯. મૃત્તિકાભક્ષણ, દ્રોણ-ધરા પ્રસંગ ૧૯૬
૨૦. દામોદરલીલા ૨૦૬
૨૧. યમલાર્જુનનો ઉદ્ધાર ૨૨૨
૨૨. યશોદામાનો પશ્ચાત્તાપ ૨૨૮
૨૩. અન્ય લીલાઓ : બકાસુરવધ ૨૩૦
૨૪. અઘાસુરનો ઉદ્ધાર ૨૩૭
૨૫. છાકલીલા અને વત્સહરણ ૨૪૮
૨૬. બ્રહ્માજીએ કરેલી પ્રભુસ્તુતિ ૨૫૬
૨૭. ગૌચારણ અને ધેનુકાસુર-વધ ૨૬૫

પ્રકરણ વિષય પૃષ્ઠ

૨૮. કાલિય નાગનું મર્દન ૨૭૬
૨૯. પંચપર્વા અવિદ્યાની નિવૃત્તિ ૨૮૮
૩૦. વેણુગીત ૨૯૧
૩૧. કાત્યાયની વ્રત અને ચીરહરણલીલા ૩૦૮
૩૨. યજ્ઞપત્નીઓનો પ્રસંગ ૩૧૫
૩૩. કાત્યાયની વ્રત અને ચીરહરણલીલા ૩૦૮
૩૪. યજ્ઞપત્નીઓનો પ્રસંગ ૩૧૫
૩૫. ગોવર્ધનલીલા ૩૧૮
૩૬. બ્રહ્માનંદ અને ભજનાનંદ ૩૪૨
૩૭. લઘુ રાસલીલા ૩૪૫
૩૮. અંતર્ધાન થયેલ શ્રીકૃષ્ણની ખોજ ૩૮૧
૩૯. ગોપીગીત ૩૯૮
૪૦. ગોપીઓને પ્રભુ દ્વારા સાંત્વન ૪૨૬
૪૧. મહારાસલીલા ૪૩૧
૪૨. વિદ્યાધર અને શંખચૂડનો ઉદ્ધાર ૪૩૮
૪૩. યુગલગીત ૪૩૯
૪૪. અક્રૂરજીનું વ્રજગમન ૪૪૩
૪૫. કેશી-વ્યોમાસુરોદ્ધાર ૪૪૭
૪૬. શ્રીકૃષ્ણનું મથુરાગમન ૪૫૦
૪૭. કુબ્જાની કુરૂપતા ટાળી ૪૫૭
૪૮. મલ્લ-વધ અને કંસોદ્ધાર ૪૬૦
૪૯. ભ્રમરગીત ૪૬૫
૫૦. કુબ્જાના કોડ પૂર્યા ૪૭૭
૫૧. કાલયવનોદ્ધાર : રુક્મિણીજીનો પત્ર ૪૭૮
૫૨. રુક્મિણીજીનું અપહરણ ૪૯૧
૫૩. સ્યમંતક મણિની પ્રાપ્તિ : અન્ય લગ્નો ૪૯૬
૫૪. નૃગાખ્યાન અને શિશુપાલ-વધ ૫૦૦

પૃષ્ઠ
૨૭૬
૨૮૮
૨૯૧
૩૦૮
૩૧૫
૩૦૮
૩૧૫
૩૧૮
૩૪૨
૩૪૫
૩૮૧
૩૯૮
૪૨૬
૪૩૧
૪૩૮
૪૩૯
૪૪૩
૪૪૭
૪૫૦
૪૫૭
૪૬૦
૪૬૫
૪૭૭
૪૭૮
૪૯૧
૪૯૬
૫૦૦

	શ્રીકૃષ્ણાય નમઃ	
	શ્રીગોપીજનવલ્લભાય નમઃ	
	શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ	
	શ્રીગુસાંઈજી પરમદયાલવે નમઃ	
	શ્રીગુરવે નમઃ	

મંગલાચરણ

ચિંતાસંતાનહંતારો યત્પાદાંબુજરેણવઃ ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥

યદનુગ્રહતો જંતુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વંદે શ્રીમદ્વલ્લભનંદનમ્ ॥

અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ॥

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે યો સૌ પંચધા હૃદયે મમ ॥

સચ્ચિદાનંદરૂપાય વિશ્વોત્પત્ત્યાદિહેતવે ।
તાપત્રયવિનાશાય શ્રીકૃષ્ણાય વયં નુમઃ ॥

યં પ્રવ્રજન્તમનુપેતમપેતકૃત્યં દ્વૈપાયનો વિરહકાતર આજુહાવ ।
પુત્રેતિ તન્મયતયા તરવોઽભિનેદુસ્તં સર્વભૂતહૃદયં મુનિમાનતોઽસ્મિ ॥

યઃ સ્વાનુભાવમખિલશ્રુતિસારમેક-
મધ્યાત્મદીપમતિતિતીર્ષતાં તમોઽન્ધમ્ ।
સંસારિણાં કરુણયાઽઽહ પુરાણગુહ્યમ્
તં વ્યાસસૂનુમુપયામિ ગુરું મુનીનામ્ ॥

નમામિ શ્રીબાલકૃષ્ણં યશોદોત્સંગલાલિતમ્ ।
પુતનાસુપયપાન રક્ષિતાશેષબાલકમ્ ॥

યહી ઠૌર મેરો

અંગ અંગ રસતરંગ
બૂડત મન મેરો;
સાઁવરે ! પિયારે તોહિં
પલકન બીચ ઘેરૌં. (૧)

તરુન-અરુન સ્યામ રંગ
રોમ રોમ રસ-ઉમંગ;
ગોવર્ધનધારી શ્રીજી
બાર બાર હેરૌં. (૨)

જ્યોં ચકોરિ ચંદ્ર-કિરન
પિબત અતિ ભાવ-સંગ;
બ્રજકી નાર નયન-સું
અચવત રૂપ તેરો. (૩)

'શ્યામકિંકરી'કો નાથ
એક હૈ શ્રીનાથ સાથ;
ચરનનમેં રાખો મોહિં
યહી ઠૌર મેરો. (૪)

- ગો. શ્રી ઇન્દિરા બેટીજી

■

મને
પ્રવા

પ્રભુ
પારે
કથા

તો
માર્ગ
પ્રકા
દષ્ટિ

મહારા
કોઈ ઠ
કેવી
ભાગવ
વાની,
શીખવ
થાય.

ભાગ
જીવ

પ્રકરણ ૧

દશમ સ્કંધ : ભૂમિકા

ભગવદ્કૃપાથી ભગવદ્-ચર્ચા કરવા આપણે સૌ અહીં એકત્ર થયાં છીએ. મને ખૂબ આનંદ થાય છે કે આજે ભગવાનની મધુધારાઓથી ભરેલી મધુર કથા પ્રવાહિત થઈ રહી છે.

જીવનના બે પ્રવાહ છે : એક આનંદનો, બીજો નિરાનંદનો! આનંદનો પ્રવાહ પ્રભુ પાસેથી મળે છે. નિરાનંદનો પ્રવાહ સંસાર પાસેથી મળે છે. સંસારીને મુરારિ પાસે લઈ જવા જાણે કોઈ પથપ્રદર્શક ન આવ્યું હોય, એવી આ શ્રીમદ્ ભાગવતની કથાઓ છે.

ઉપનિષદો વારંવાર ડિંડિમઘોષ કરે કે –

તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતં ગમય, અસતો મા સદ્ગમય.

પહેલી વાત કહી કે આ બાજુ જઈશ, તો તને મૃત્યુ મળશે. આ બાજુ જઈશ, તો તને અસત્ય મળશે. આ બાજુ જઈશ, તો તને અંધકાર મળશે. સંસારના માર્ગમાં મૃત્યુ, અસત્ય અને અંધકાર છે. એથી વિરુદ્ધ હરિના માર્ગમાં જવાથી તને પ્રકાશ મળશે, આનંદ મળશે અને જીવનની સાચી સીડી પ્રાપ્ત થશે. જીવનનો આ દૃષ્ટિકોણ સમજાવવા શ્રીભાગવતની કથા છે.

મને એવું લાગે છે કે શ્રીમદ્ ભાગવત જીવન જીવવાની કલા શીખવતું એક મહાશાસ્ત્ર છે. કોઈ ઠેકાણે ચિત્રકળા શીખાય, કોઈ ઠેકાણે સંગીતકળા શીખાય, કોઈ ઠેકાણે પાકકલા શીખાય, પણ જીવનને જીવન બનાવવાની કલા ક્યાં શીખાય? કેવી રીતે જીવવું, કેવી રીતે બોલવું, કેવી રીતે વિચારવું – એ સુંદર કળા શ્રીમદ્ ભાગવત આપણને શીખવે છે. બીજા શબ્દોમાં કહું તો આપણને જીવતા રાખવાની, જીવનને આનંદના પ્રવાહમાં પ્રવાહિત કરવાની સુંદર કળા શ્રીમદ્ ભાગવત શીખવે છે. શ્રીમદ્ ભાગવતનું એક જ લક્ષ્યબિંદુ છે: માણસ અપૂર્ણ છે તે પૂર્ણ થાય. દુ:ખથી સભર છે, તે સુખથી ભરાયેલો થાય.

શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધ છે. આ બાર સ્કંધોમાં પણ દશમ સ્કંધ એ શ્રીમદ્ ભાગવતનું હૃદય છે. એકાદશ સ્કંધ એ શ્રીમદ્ ભાગવતનું મસ્તક છે. માણસના જીવનમાં હૃદયનું અને મસ્તકનું બહુ મોટું મહત્ત્વ છે. હૃદયથી ભાવશુદ્ધિ અને મસ્તકથી

જ્ઞાનશુદ્ધિ થાય છે. ભાવશુદ્ધિ વિના જ્ઞાનશુદ્ધિ અધૂરી રહે છે; તેવી જ રીતે જ્ઞાનશુદ્ધિ વિના ભાવશુદ્ધિ અધૂરી રહે છે. તેથી પહેલાં દશમ સ્કંધ છે અને પછી એકાદશ સ્કંધ છે. દશમ સ્કંધની લીલાને નિરોધલીલા કહેવામાં આવે છે. જ્યાં સુધી મન મોહનમાં મળવાની ક્ષમતાવાળું ન બને, ત્યાં સુધી ભાવશુદ્ધિ– અંતઃકરણશુદ્ધિ કેમ સંભવે? આ દશમ સ્કંધના નેવું અધ્યાય છે. આ નેવું અધ્યાયનું એક લક્ષ્યબિંદુ છે, મનને ભગવાનમાં નિરુદ્ધ કેમ બનાવવું?

મનને નિરુદ્ધ બનાવનારાં બે શાસ્ત્રો છે : **એક યોગમાર્ગનું અને બીજું ભક્તિમાર્ગનું**. યોગમાર્ગના શાસ્ત્રમાં પણ મનના નિરોધની જ ચર્ચા કરી છે. આપણને પ્રશ્ન થશે કે મનને નિરુદ્ધ બનાવનાર યોગ તથા મનને નિરુદ્ધ બનાવનાર ભક્તિયોગ - એ બંનેમાં ફરક કેટલો? શું બેના બદલે એક શાસ્ત્ર હોય તો ન ચાલે? ના, બંનેની પ્રક્રિયા અને બંનેનાં ફળ અલગ-અલગ છે. મનને નિરુદ્ધ બનાવવા માટે યોગશાસ્ત્રે વૈજ્ઞાનિક પદ્ધતિ આપી; જેમાં શરીર, મન, પ્રાણ, ઇન્દ્રિયો બધું આત્મગામી બને છે. મનને નિરુદ્ધ બનાવવા માટે ભક્તિમાર્ગે ભગવત્સેવા, ભગવત્કથા અને ભગવદ્ સ્મરણનાં જુદાં જુદાં પગથિયાં આપ્યાં છે. યોગ-માર્ગના અને ભક્તિમાર્ગના ફળમાં આસમાન-જમીનનો ફેર છે. યોગમાર્ગમાં **મન 'મરી' જાય છે** અને ભક્તિમાર્ગમાં **મન 'મળી' જાય છે**. આ શબ્દો વિચારવા જેવા છે. યોગમાર્ગ કહે છે, મન જો આપણી બધી ઉપાધિઓના કારણરૂપ હોય, તો એ મનને મારી નાખ. સબીજ સમાધિમાં ચિત્તવૃત્તિઓનો નિરોધ છે અને નિર્બીજ સમાધિમાં તો મનનો પણ નિરોધ છે, મન જ રહે નહિ. જો મન જ ન રહે, તો સુખ કોને થાય અને દુઃખ પણ કોને થાય?

ભક્તિમાર્ગીય આચાર્યોએ પ્રશ્ન પૂછ્યો કે 'ભાઈ! મનને મારી નાખવા કરતાં મનને કોઈ ઠેકાણે મેળવી દઈએ તો શું ખોટું? મનને મારી નાખવાથી દુઃખ જશે, પણ સુખનો અનુભવ તો નહિ જ થાય.' જડ પદાર્થોમાં મન નથી, તેથી એને સુખ પણ નથી અને દુઃખ પણ નથી. પ્રાણીમાત્રમાં મન છે, તેથી પ્રાણીમાત્રને સુખદુઃખનો અનુભવ છે. મન હોવું એ જડનો ધર્મ નથી, તે ચેતનનો ધર્મ છે. આપણને ભગવાને મન આપ્યું છે, તેથી આપણે જાગતા છીએ અને જીવતા છીએ એવી અનુભૂતિ થાય છે. મન ચેતનાની અનુભૂતિ કરાવનારું સાધન છે. જો તે મરી જાય તો માણસ પણ જીવતું મડદું થઈ જાય.

એક બીજી રીતે પણ આ બાબતનો વિચાર કરવા જેવો છે. જો ઈશ્વરે માનવશરીરમાં મન મૂક્યું છે, તો એનો કોઈ ઉપયોગ હોવો જ જોઈએ. એ ઉપયોગ સારી

રીતે કરતાં આવડે, તો મનને મારવાની જરૂર શી? માટે ભક્તિમાર્ગમાં મનનું મારણ નહિ, ઊર્ધ્વીકરણ (Sublimation) છે.

આપણી પાસે એક ટૉર્ચ છે. અંધારામાં આ ટૉર્ચની મદદથી આપણે ઉકરડો પણ જોઈ શકીએ અને ફૂલવાડી પણ જોઈ શકીએ. ફેર એટલો જ છે કે આપણે એ ટૉર્ચનો ઉપયોગ ક્યાં કરીએ છીએ. એવી જ રીતે કીડા જેવું મન સંસારના ગંદા ખાડામાં ફસાયું છે. એ જ મન જો કોઈ દિવ્ય વસ્તુમાં આસક્ત બને, તો તે ફાયદારૂપ થાય. ભક્તિમાર્ગની તમામ પ્રક્રિયાઓ મનને સંસારમાંથી ખેંચી, એક એવી દિશામાં લઈ જવાની છે; જે દિશામાં મન ઉન્નત બની, સાચા આનંદની અનુભૂતિ પામી શકે.

મનને ઊર્ધ્વીકરણની દિશામાં લઈ જવા માટે **ભક્તિમાર્ગમાં ત્રણ સોપાનો** બતાવ્યાં : **પહેલું સોપાન** ઈશ્વર પ્રત્યેના પ્રેમનું છે. **બીજું સોપાન** ઈશ્વર પ્રત્યેની આસક્તિનું છે. **ત્રીજું સોપાન** ઈશ્વર તરફની વ્યસન-દશાના ભાવનું છે. મનને નિરુદ્ધ બનાવનારું દુનિયામાં મોટામાં મોટું જો કોઈ સાધન હોય, તો તે પ્રેમ છે. જ્યારે માણસના અંતઃકરણમાં પ્રેમ ઉત્પન્ન થાય છે, ત્યારે મન ત્યાં દોડી જાય છે. પ્રેમ નામનો પદાર્થ મનનું વધારેમાં વધારે આકર્ષણ કરે છે. આ પ્રેમ આસક્તિ અને વ્યસનમાં પરિવર્તન પામતાં પામતાં છેવટે તન્મયતામાં ફેરવાય છે.

પ્રેમના પરમ તત્ત્વને સમજાવવા માટે શ્રીનારદજીએ **'નારદ ભક્તિસૂત્રો'**માં સુંદર વ્યાખ્યા આપી છે. આપણે દુનિયામાં જેને પ્રેમ સમજીએ છીએ, એ સાચો પ્રેમ નથી. કોઈકે નારદજીને પૂછ્યું : 'આખી દુનિયા જે પ્રેમ માટે રડે છે અને જીવે છે, તે પ્રેમ કોને કહેવાય?' નારદજી પણ પહેલાં તો ગૂંચવાઈ ગયા. તેમણે કહ્યું : **'અનિર્વચનીય પ્રેમ-સ્વરૂપમ્'**. પ્રેમના સ્વરૂપને શબ્દોના માળખામાં બાંધવાનું મારામાં સામર્થ્ય નથી. પ્રેમનું સ્વરૂપ આવું હોવા છતાં નારદજીએ એ પ્રેમસ્વરૂપનાં કેટલાંક લક્ષણો આપ્યાં. તેનું **એક લક્ષણ** છે **'અવિચ્છિન્નમ્.'** પ્રેમ એ કદી છૂટે નહિ કે તૂટે નહિ, એવી ચિત્તની એક ભાવધારા છે. દેશ, કાળ વગેરે તેમાં પ્રતિબંધ કરી શકતાં નથી.

આપણા કેટલાક ભાવ દેશ બદલાતાં તૂટે છે. કેટલાક ભાવ સમય બદલાતાં બદલાય છે. કેટલાક ભાવ એવા છે કે બીજાના દોષ જોતાં તૂટે છે. આ ત્રણે સાધનોથી સાચો પ્રેમ તૂટતો કે છૂટતો નથી, માટે તેને 'અવિચ્છિન્ન' કહ્યો. મૃત્યુ મોટામાં મોટું વ્યવધાન છે, જેમાં દેશ અને કાળ બંનેનો સમાવેશ થાય છે. મૃત્યુ થવાથી આપણા

અંતઃકરણમાંથી ભાવ નામનું તત્ત્વ મરી જાય છે! જો તે નથી મર્યું તો સમજવું કે એ **ભાવતત્ત્વનું બીજું નામ પ્રેમ છે.** જો તે મરી જાય તો સમજજો કે તે મોહ છે.

નારદજીએ પ્રેમનું **બીજું લક્ષણ** બતાવ્યું **‘કામનારહિતં પ્રેમસ્વરૂપમ્.’** પ્રેમમાં માગણી નથી, પ્રેમમાં લેવાનું નથી, પણ આપવાનું છે. જો આપણા અંતઃકરણમાં એવો વિચાર આવે કે હું તમારા માટે આટલું કરું છું, તો તમે પણ મારા માટે આટલું કરો; તો સમજી લેવું કે એ પ્રેમ નથી. પ્રેમના નામે પ્રગટ થતો એ મોહ છે. માણસનું મ્હોરું પહેરીને કોઈ વાંદરો નાચતો હોય, તો તેને માણસ ન કહેવાય. એવી જ રીતે **પ્રેમનો અંચળો ઓઢીને કોઈ મોહ આવતો હોય, તો તેને પ્રેમ ન કહેવાય.** પ્રેમમાં કોઈ કામના હોય નહિ. જ્યારે શ્રીમદ્ ભાગવતમાં આપણે ગોપીજનોનું પાત્રદર્શન કરીએ, ત્યારે આપણને સમજાય છે કે પ્રેમની ઉચ્ચ ભૂમિકામાં ગોપીજનો સિવાય અન્ય કોઈ **નથી. એમણે હૃદયની બધી જ કામનાઓ છોડી દીધી છે.**

ભ્રમરગીતનો પ્રસંગ છે. ઉદ્ધવજી ગોપિકાઓને પૂછે છે : ‘દેવીઓ, ગોવિંદજી દૂર બિરાજે છે. તેઓ નિર્ગુણ, નિરંજન, નિરાકાર છે. એમને માટે વલખાં મારીને તમે શું કરશો? તમને એક સાચી અને સારી સલાહ આપું. આ ગોવિંદજીનું નામ છોડી, તમારે બીજું જે કરવું હોય તે કરો.’ ગોપીજનો જવાબ આપે છે : **‘ઉધો! મન ન ભયે દસ-બીસ.’** **અમારે દશ-વીસ-પચાસ મન નથી. અમે તો મોહનજીની માધુરી મૂરત મનમાં વસાવી છે. એ મૂરતમાં જ તન્મય, તદાકાર રહ્યાં છીએ. જ્યાં સગુણ-સાકાર રૂપમાં આસક્તિ થાય, ત્યાં નિર્ગુણ-નિરાકારને કોણ પૂજે? ઉદ્ધવ, તમે ગમે તે વાત કહેશો, પણ તે અમારા મનમાં બેસશે નહિ.**

ઉદ્ધવજી છ મહિના વ્રજમાં બિરાજ્યા. જતાં જતાં તેઓ ગોપીજનોને પૂછે છે: ‘ગોપીઓ! શ્યામસુંદરને કોઈ સંદેશો મોકલવો છે?’ ગોપીજનોએ શ્યામસુંદરને મોકલેલો ખૂબ જ સુંદર સંદેશો શ્રીભાગવતજીની એક જ પંક્તિમાં છે. એ પંક્તિ વાંચતાં મને રોમાંચ થઈ જાય છે. ગોપીજનોની આંખોમાં આંસુ છે. અંતરમાં વેદના છે. તેમના રોમરામમાં કૃષ્ણરસ છલકાય છે. પ્રેમભરેલી ગોપિકાઓ બોલે છે : **‘ઉદ્ધવ, મનસઃ વૃત્તયો નસ્યુહુ: કૃષ્ણપાદામ્બુજાશ્રય.’** અમારે કોઈ સંદેશો કહેવડાવવો નથી. અમને હવે મિલનની કોઈ ઝંખના નથી. એનો ઉત્પાત પણ નથી. શ્યામસુંદરને એટલું કહેજો કે અમારું મન તમારાં ચરણકમળોમાં હમેશાં આળોટ્યા કરે. એ સિવાય અમારે બીજું કંઈ જોઈતું નથી. તમારે અમને યાદ કરવાં હોય તો કરો અને ન કરવાં હોય તો ન કરો. તમારા માટે અમારા હૃદયમાં કોઈ ફરિયાદ નથી. જે ફરિયાદ છે, તે અમારી જાત માટે

છે. અમને અમારી જાતનો ડર છે કે અમે તમને ભૂલી ન જઈએ. માટે હે મોહનજી! અમે આપની પાસે એટલું જ માગીએ છીએ કે અમારા મનની બધી વૃત્તિઓ આપનાં ચરણકમળનો આશ્રય કરીને રહે.

આનાથી મોટો હૃદયનો ઉન્નત ભાવ બીજો કયો હોઈ શકે? પ્રેમી ભક્તોની એક જ માગણી હોય છે. અમે તમારાં બનેલાં રહીએ. અમે તમને જ યાદ કરતાં રહીએ. ભક્તો કહે છે : 'હે ભગવાન! **તમે 'મદીય' નહિ બનો તો અમે ફરિયાદ નહિ કરીએ, અમને 'તદીય' બનાવો**.' આનાથી વધારે કામનાનો ત્યાગ કયો હોઈ શકે? માટે કહ્યું: **શુદ્ધ પ્રેમ કામનારહિત છે**. કોઈ ધનનો ત્યાગ કરે, કોઈ ઘરનો ત્યાગ કરે, કોઈ વસ્તુનો ત્યાગ કરે; પરંતુ જેના માટે પ્રીતિ છે, એના તરફના વ્યવહારનો પણ ત્યાગ કરવો એ મોટામાં મોટી વસ્તુ છે.

નારદજીએ પ્રેમ-સ્વરૂપનું **ત્રીજું લક્ષણ** બતાવ્યું : **'સૂક્ષ્મતરં પ્રેમસ્વરૂપમ્'**. પ્રેમ સ્થૂળ શરીરમાં નથી કે સ્થૂળ ઇન્દ્રિયોમાં નથી. તે આત્માના ઝંકૃત થયેલા ઊંડાણમાં જાગૃત થાય છે. એનું સ્વરૂપ શબ્દોથી દેખાતું નથી, એનું સ્વરૂપ વર્તનથી પણ નથી દેખાતું. એનું સ્વરૂપ કેવળ હૃદયથી અનુભવાય છે. આવાં અનેક લક્ષણો નારદજીએ **'નારદ ભક્તિસૂત્ર'**માં આપ્યાં છે. આવો પ્રેમ, જે આપણા મનમાં જગત માટે જાગે છે, તે જો જગદીશ માટે જાગે; તો આપોઆપ આપણું મન તેમાં નિરુદ્ધ થઈ જાય. ચિત્તને નિરુદ્ધ કરવા માટે યોગીઓને પ્રાણાયામ કરવા પડે છે; પરંતુ ભક્તના હૃદયમાં જ્યારે ભગવાન પ્રત્યે પ્રેમ જાગે છે, ત્યારે તે આપોઆપ નિરુદ્ધ થઈ જાય છે. જ્યાં પ્રેમ જાય છે, ત્યાં પ્રાણ જાય છે; ત્યાં મન જાય છે. જ્યાં પ્રેમ જાય છે, ત્યાં શરીર જાય છે; ત્યાં ઇન્દ્રિયો જાય છે. આમ, અનાયાસે જ તે સર્વનો નિરોધ થઈ જાય છે.

શ્રીમહાપ્રભુજીએ પ્રેમનો માપદંડ આપ્યો. તેમણે પૂછ્યું : તમને ઈશ્વરમાં પ્રેમ જાગ્યો છે એની ખાતરી શી? **'સ્નેહાદ્ રાગવિનાશ: સ્યાદાસક્ત્યાસ્યાદ્ ગૃહારુચિ:।'** જે પરમાત્માનું તમે ચિંતન કરો છો, જે પરમાત્માનાં ચરણકમળોમાં તમે સમર્પિત થઈ ગયાં છો, એ સિવાયના સર્વ પદાર્થમાંથી જ્યારે તમારું મન સંપૂર્ણ રીતે હટી જાય; ત્યારે સમજવું કે તમને ભગવાનમાં સાચો પ્રેમ થયો છે. મનનો સ્વભાવ છે કે જેનામાં તે આસક્ત થાય, એને છોડીને તે બીજે જાય જ નહીં! કવિ કાલિદાસની શકુંતલાને યાદ કરો. તે કણ્વ ઋષિના આશ્રમની પર્ણકુટિમાં બેઠી હતી. ત્યાં દુર્વાસા મુનિ પધાર્યા. તેમની સાથે બીજા ઋષિઓ છે. તેઓ દુર્વાસા મુનિનો જયજયકાર

કરે છે, છતાં શકુંતલાનું તે તરફ ધ્યાન જતું નથી; કારણ કે એનું મન તો એના પ્રિયતમ દુષ્યંતમાં ખોવાઈ ગયું છે. આવી જ રીતે આપણું મન પરમાત્મામાં ખોવાઈ જાય, ઊંડું ઊતરી જાય, ત્યારે અનાયાસે જ એમાં ચિત્તનો નિરોધ થયો છે, એમ કહી શકાય. *'પ્રેમસિંધુમેં ડૂબા કોઈ ઉતરાતા હમને નહીં દેખા હૈ.'*

આમ, ભક્તિમાર્ગની પહેલી ભૂમિકા છે શ્રીશ્યામસુંદરમાં પ્રેમ થવો. પછી આ પ્રેમ આસક્તિનું રૂપ ધારણ કરે છે. **'આસક્ત્યાસાદ્ ગૃહારુચિ:'** - આસક્તિ આવે, એટલે ઘરમાં અરુચિ થાય. સંન્યાસીને પ્રયત્નપૂર્વક ઘર છોડવું પડે છે. પ્રેમયોગીને તે આપોઆપ છૂટી જાય છે. ત્યાર પછીની દશા છે વ્યસનની. **'તદ્વિનાસ્થાતું અશક્તિ: વ્યસનમ્.'** ભગવાન વિના એક ક્ષણ પણ જીવી જ ન શકાય એનું નામ વ્યસન. પછી તે તન્મયદશા બને છે. એનું જ બીજું નામ નિરોધ છે. તે વખતે ભક્તની એકએક પળ મોહનમાં મળી ગઈ હોય છે. ***'સ્યામ તન, સ્યામ ધન, સ્યામ હી હમારો મન, ઉધો! યહ આઠોં યામ સ્યામ હી કો નામ હૈ'***. આવી ચિત્તની એકાગ્રતાવાળી ઉચ્ચ ભૂમિકા જ્યારે ભક્તને મળે છે, ત્યારે તેને નિરોધ કહેવામાં આવે છે. આ ભૂમિકા સુધી લઈ જવા માટેની શ્રી ભાગવતના દશમ સ્કંધની પ્રવૃત્તિ છે.

આ ભૂમિકા ઉપર લઈ જવા ભગવાને ભક્તોનો બે પ્રકારે નિરોધ કર્યો : એક નિરોધ **અવતાર-દશાનો** અને બીજો નિરોધ **અનવતાર-દશાનો**. અવતાર-દશામાં પ્રભુએ ત્રણ વસ્તુનું દાન કર્યું : **(૧) કૃષ્ણરૂપ (૨) કૃષ્ણલીલા (૩) કૃષ્ણગુણ.** રૂપ, લીલા અને ગુણના અનુભવ દ્વારા અવતાર-લીલામાં પ્રેમની જાગૃતિ થાય છે. અનવતાર-લીલામાં સ્વરૂપ નથી, સ્મરણ છે. પ્રત્યક્ષ અનુભૂતિ દ્વારા અવતાર-દશામાં અને પરોક્ષ અનુભૂતિ દ્વારા અનવતાર-દશામાં ભગવાન ભક્તોનાં ચિત્તનો નિરોધ કરે છે. શ્યામસુંદરના સ્વરૂપનું ચિંતન, તેમની લીલાનું ચિંતન તથા તેમના ગુણોનું ચિંતન, ધીમે ધીમે અંત:કરણમાં પ્રેમની જાગૃતિ કરે છે. આ સ્વરૂપ, લીલા અને ગુણનું અનુસંધાન રાખવા માટે જ આપણે દશમસ્કંધની લીલાનું પુન: પુન: શ્રવણ, કીર્તન અને સ્મરણ કરીએ છીએ.

એકંદર **નેવું અધ્યાયનો** આ દશમ સ્કંધ છે. શ્રીમહાપ્રભુજીએ નેવું અધ્યાયોને પ્રકરણ-વિભાગમાં વહેંચ્યા છે :

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે યોસૌ પંચધા હૃદયે મમ ॥

પહેલા ચાર અધ્યાયનું **જન્મ-પ્રકરણ** છે. પછી ચાર પેટાપ્રકરણના (પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ) અઠ્ઠાવીસ અધ્યાયોનું **તામસ-પ્રકરણ** છે. ત્યાર બાદ ચાર પેટાપ્રકરણો (પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ)ના અઠ્ઠાવીસ અધ્યાયોનું **રાજસ-પ્રકરણ** છે. પછી ત્રણ પેટાપ્રકરણો (પ્રમેય, સાધન અને ફળ)ના એકવીસ અધ્યાયોનું **સાત્ત્વિક-પ્રકરણ** છે. અને છેલ્લે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય - એ છ ગુણોના છ અધ્યાયનું **ગુણ-પ્રકરણ** છે. આ **પાંચ પ્રકરણો**માં બિરાજતા પ્રભુ શ્રીકૃષ્ણ મારા હૃદયમાં બિરાજો. આમ, કુલ સત્યાસી અધ્યાય થયા. ત્રણ અધ્યાય પ્રક્ષિપ્ત છે, તે મળી નેવું અધ્યાય થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ ભૂતળમાં કેવી રીતે થયો એ બતાવવા માટે ચાર અધ્યાયનું જન્મ-પ્રકરણ કહ્યું. ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી ઉપર પધારી, તામસ જીવોનો નિરોધ કેવી રીતે કર્યો, એના વર્ણનના અઠ્ઠાવીસ અધ્યાય. આ અઠ્ઠાવીસ અધ્યાયમાં પણ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળનાં ચાર પેટાપ્રકરણો છે. દરેક પેટાપ્રકરણમાં સાત-સાત અધ્યાય છે. ત્યાર બાદ રાજસ જીવોના નિરોધ માટે રાજસ-પ્રકરણ છે. તેમાં પણ તામસ-પ્રકરણની જેમ જ ચાર પેટાપ્રકરણ અને દરેકના સાત અધ્યાય મળી કુલ અઠ્ઠાવીસ અધ્યાય થાય છે. પછી સાત્ત્વિક ભક્તોનું પ્રકરણ છે. તે લીલા દ્વારા સાત્ત્વિક ભક્તોનો ભગવાને નિરોધ કર્યો છે. તેમાં પ્રમાણ-પ્રકરણ નથી. એટલે બાકીનાં ત્રણ પેટાપ્રકરણ છે. દરેકના સાત અધ્યાય છે, તેથી કુલ એકવીસ અધ્યાય થયા. પછી છ ગુણોનું નિરૂપણ કરતું છ અધ્યાયોનું ગુણ-પ્રકરણ છે. આમ, દશમ સ્કંધના પાંચ પ્રકરણ-વિભાગ છે.

દશમ સ્કંધનો એક બીજી રીતે પણ પ્રકરણ-વિભાગ સમજાવવામાં આવ્યો છે. જીવનની મુખ્ય **ત્રણ અવસ્થાઓ : જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ**. ભગવાનની બાર શક્તિઓ. શરીરમાં બોત્તેર પ્રકારની નાડીઓ છે. આમ ત્રણ, બાર અને બોત્તેરનો સરવાળો સત્યાસી થાય છે. એટલે કે ત્રણ પ્રકારની અવસ્થામાં સમગ્ર શરીર ભગવાનમાં તન્મય થઈ જાય, એ દશમ સ્કંધનો હેતુ છે.

આમ, આપણે જોઈ ગયાં કે **ભગવાન સાત્ત્વિક, રાજસ અને તામસ - એમ ત્રણેય પ્રકારનાં ચિત્તનો નિરોધ કરે છે. ભક્તિમાર્ગની આ બીજી વિશિષ્ટતા છે.** માણસ જેવો છે તેવો ભલે રહ્યો. તે ગુણવાળો રહે કે દોષવાળો રહે, ભગવાનને એની સામે કોઈ આપત્તિ નથી. જો માણસ તેના દોષો દૂર કરવા જશે તો ઘણો લાંબો સમય

જશે. તેના કરતાં માણસ એના દોષોને ભગવાન તરફ વાળી દે, તો બાકીનું બધું ભગવાન સંભાળી લેશે. માણસમાં રહેલો તામસભાવ સંસાર તરફ જાય, તો તેને બગાડી મૂકે. એ જ તામસભાવ ભગવાન સાથે જોડાય, તો માણસને સુધારી દે. તામસ ગુણને સુધારવા મહેનત કરવાની જરૂર નથી. તામસ ગુણને ભગવાનમાં જોડી દેવાની જરૂર છે. પછી તે આપોઆપ સુધરી જશે.

ભગવાન કહે છે : 'હે ભક્ત, તને લડવાની ઇચ્છા છે? તો તું મારી સાથે લડ. તારે જેટલો ઝઘડો કરવો હોય, તેટલો મારી સાથે કર. હું ઝઘડવા તૈયાર છું.' તમોગુણી ગોપીઓએ શ્યામસુંદર સાથે ઓછો ઝઘડો નથી કર્યો. ગોપીઓએ કહ્યું: 'હે નંદનંદન! તમે કાળા છો, કપટી છો, કઠોર છો.' ગોવિંદજી હસતાં હસતાં સાંભળ્યા કરે છે. તેઓ કહે છે : 'તારે જે કહેવું હોય તે કહે, પણ એટલું કહીનેય તું મારી તરફ આવ. એ રીતે પણ તું તારું ચિત્ત મારામાં પરોવ.' કંસ કહે છે, 'મહારાજ, મારામાં દ્વેષ છે. એ દ્વેષ આખી દુનિયા તરફ જાગતો નથી. માત્ર તમને જોઉં છું અને એ દ્વેષ જાગે છે.' ભગવાન કહે છે, 'વાંધો નહિ. તું મારી સાથે દ્વેષ કરીશ, તોય હું તારો ઉદ્ધાર જ કરીશ.' કંસ અને શિશુપાલે શ્રીકૃષ્ણ સાથે દ્વેષ કર્યો. દ્વેષ કરતાં પણ મન તેમાં પરોવવું પડે. તેથી તેઓ કૃષ્ણમાં દ્વેષભાવે તન્મય થયા. પરિણામે ભગવાને તેમનો ઉદ્ધાર કર્યો. કંસમાં દ્વેષની સાથે ભય પણ હતો. પ્રભુ કહે છે, 'ભલે ભયથી પણ તું મને યાદ તો કરે છે ને! તારામાં રહેલા અનન્ત દોષો સાથે તું મને ચિત્તમાં લાવીશ, તો પણ તારો ઉદ્ધાર થશે.' આમ, તામસ, રાજસ અને સાત્ત્વિક એવા તમામ ભાવોનો ભગવાનમાં નિરોધ થયેલો આપણે આ દશમ સ્કંધમાં જોઈએ છીએ.

શ્રીમહાપ્રભુજીએ નિરોધની બહુ સુંદર વ્યાખ્યા આપી છે : **'પ્રપંચવિસ્મૃતિપૂર્વિકા-ભગવદાસક્તિ: નિરોધ:।'** ગમે તે રીતે પણ જીવ જગતને ભૂલી, જગદીશમાં તન્મય થઈ જાય, એ જ નિરોધ છે. નિરોધની બીજી વ્યાખ્યા આપી, **'સ્વસ્વરૂપવિસ્મૃતિપૂર્વિકા ભક્તાસક્તિર્ભગવતો નિરોધ: ।'** જીવ અને ઈશ બંને પોતપોતાને ભૂલી જાય. ભગવાન પોતાને ભૂલી, ભક્તમાં આસક્ત બને, તે ભગવાનનો નિરોધ છે. એવી જ રીતે ભક્ત પોતાને ભૂલી ભગવાનમાં આસક્ત થાય, તે ભક્તનો નિરોધ છે. આમ, નિરોધ અરસપરસ છે. આપણે પણ ચિત્તને દશમ સ્કંધની કથામાં નિરુદ્ધ કરીને તેનું હવે અવગાહન કરીએ.

બેઠા
હોય.
બન્યા
ભક્તિ
માટે
જેમાં

નવધા
પ્રયત્ન
અનુભ
ચરિ
માત્ર
એક
વધા

ત્યા
કોઠિ
શ્રીકૃ
ઊઠ
'મહ
તો હુ
દશમ
બોલા

ખાવા

પ્રકરણ ૨

રાજા પરીક્ષિતના પ્રશ્નો

ગંગાકિનારે મુક્ત એવા શુકદેવજી બિરાજે છે. સામે મુમુક્ષુ રાજા પરીક્ષિત બેઠા છે. મુક્ત અને મુમુક્ષુની ચર્ચા સાધારણ લોકો જેવી ન હોય. તે અસાધારણ હોય. મુમુક્ષુ પરીક્ષિત શ્રીભાગવતની કથા નવમા સ્કંધ સુધી સાંભળતાં અધિકારી બન્યા છે. નવમા સ્કંધ સુધીની કથાના શ્રવણથી પરીક્ષિતના અંતઃકરણમાં નવધા ભક્તિની સિદ્ધિ થઈ છે. હવે દશમા સ્કંધમાં પ્રેમલક્ષણા ભક્તિની જાગૃતિ કરવા માટે તેઓ શુકમુનિને કેટલાક પ્રશ્નો પૂછે છે. માટે નવમ પછીનો દશમ સ્કંધ છે, જેમાં **કૃષ્ણકથાનું નિરૂપણ** છે.

નવધા ભક્તિ **સાધન ભક્તિ** છે અને પ્રેમલક્ષણા ભક્તિ **ફલાત્મિકા ભક્તિ** છે. **નવધા ભક્તિ ગૌણી ભક્તિ છે; પ્રેમલક્ષણા ભક્તિ મુખ્યા ભક્તિ છે.** નવધા ભક્તિ પ્રયત્નપૂર્વક થાય છે. પ્રેમલક્ષણા ભક્તિ અંતઃકરણમાં સહસા જાગૃત થતી એક અનુભૂતિ છે. નવમા સ્કંધના અંતમાં મુમુક્ષુ પરીક્ષિત સૂર્યવંશ અને સોમવંશનાં ચરિત્રો સાંભળી ચૂક્યા છે. તેમણે સંક્ષેપમાં શ્રી રઘુનાથજીનું ચરિત્ર સાંભળ્યું. તેમણે માત્ર ત્રણ શ્લોકમાં શ્રી યદુનાથજીનું ચરિત્ર પણ સાંભળ્યું. કોઈ માણસને મિષ્ટાન્નનો એક ટુકડો ખાવા મળે, એટલે તે વધારે ખાવા તલપાપડ થાય, તેમ પરીક્ષિત પણ વધારે કૃષ્ણચરિત્ર સાંભળવા લાલાયિત થયા છે.

જ્યારે શુકમુનિએ માત્ર ત્રણ શ્લોકમાં નવમા સ્કંધના અંતમાં કૃષ્ણચરિત્ર કહ્યું; ત્યારે પરીક્ષિતને વિચાર આવે છે કે જેને ભૂખ લાગી હોય, તેનું પેટ માત્ર એક કોળિયાથી ભરાય ખરું! આથી પરીક્ષિત તરફડી ઊઠ્યા. તેમના હૃદયમાં ભગવાન શ્રીકૃષ્ણનાં અગાધ અને અપાર ચરિત્રો જાણવાની જિજ્ઞાસા જાગી. તે વ્યાકુળ થઈ ઊઠ્યા. તેમનું મન અંદર ને અંદર રોમાંચિત થવા લાગ્યું. તે જાણે કહી રહ્યા છે, 'મહારાજ, આટલાથી જ કૃષ્ણચરિત્ર પૂરું કરી દેશો? આ ચરિત્ર સાંભળવા માટે તો હું ચાર-ચાર દિવસથી ભૂખ્યો-તરસ્યો બેઠો છું (સાત દિવસની શ્રીભાગવત કથામાં દશમ સ્કંધની કથા ચોથા દિવસે શરૂ થાય છે).' પરીક્ષિત વિચાર કરે છે કે જો હું બોલીશ નહિ, તો ગુરુજી આગળ વધી જશે.

જેને પિપાસા હોય, એને પાણી પીવાની મજા આવે. જેને ભૂખ હોય, એને ખાવાની મજા આવે. જેને જિજ્ઞાસા હોય, એને સાંભળવાની મજા આવે. જેનું પેટ

ભરાયેલું હોય, તે કદી ખાવાની ઇચ્છા કરતો નથી. તૃપ્ત કદી પીવાની ઇચ્છા કરતો નથી, તેમ જાણીને ધરાયેલો વધુ જાણવાની ઇચ્છા કરતો નથી. પરીક્ષિતના અંત:કરણમાં જિજ્ઞાસા નામનું તત્ત્વ કદી તૃપ્ત થયું નથી. આખા જગતને જાણવાની જિજ્ઞાસા કદાચ તૃપ્ત થાય; પરંતુ જગદીશ ન મળે, ત્યાં સુધી જગદીશને જાણવાની જિજ્ઞાસા તૃપ્ત થતી નથી. વસ્તુ હાથમાં ન આવે, ત્યાં સુધી તેને જાણવાની જિજ્ઞાસા તૃપ્ત ન થાય. હજુ સુધી પરીક્ષિતને મોક્ષ મળ્યો નથી. તેમને પરમાનંદનો અનુભવ થયો નથી; ત્યાં સુધી પરીક્ષિત રાજાને જિજ્ઞાસા રહેવાની છે.

જિજ્ઞાસા બે પ્રકારની છે : આપણામાં જે જિજ્ઞાસા છે તે **જગતને જાણવાની** કૂતુહલવૃત્તિ છે. પરીક્ષિતમાં રહેલી જિજ્ઞાસા **ભગવાનને પામવા માટેની** છે. તે મેળવ્યા વિના પરીક્ષિતને ચેન પડવાનું નથી. આથી, પરીક્ષિત દશમ સ્કંધના પ્રારંભે ગુરુજીને અટકાવી, **તેર પ્રશ્નો** પૂછે છે. તેર પ્રશ્નો પૂછવા પરીક્ષિતે તેર શ્લોકો કહ્યા છે. શ્રીમહાપ્રભુજીએ એનો બહુ સુંદર અર્થ કર્યો. તેમાં પહેલો શ્લોક શુકમુનિને સુંદર કથા શ્રવણ કરાવવા માટે અભિનંદનનો છે. બાકીના બાર શ્લોકથી **બાર પ્રશ્ન** કર્યા છે. તેમાં છ શ્લોકમાં ભગવાનના **છ ગુણસંબંધી** પ્રશ્નો છે અને છ શ્લોકમાં ભગવાનના **દોષસંબંધી** પ્રશ્નો છે. તમને થશે કે ગુણસંબંધી અને દોષસંબંધી પ્રશ્નો એટલે શું?

ભગવાનમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય - એ છ ગુણો છે. તે સંબંધી પરીક્ષિતે પૂછેલા પ્રશ્નો ગુણસંબંધી પ્રશ્નો છે. જ્યારે પરમાત્મા પૃથ્વી ઉપર અવતાર લઈને પધારે, ત્યારે અલ્પમતિના લોકોને પરમાત્માના કેટલાક દોષ દેખાય એ બનવાજોગ છે. એ દોષ અંગેના પ્રશ્નો છે. પરીક્ષિતને ભગવાનમાં પહેલો દોષ એ દેખાયો કે જે અજન્મા હોય તેનો જન્મ કહેવાય? આપણે તો વારેઘડીએ ગાઈએ છીએ કે ***'કનૈયાનો જન્મ જુઓ ગોકુળમાં થઈ રહ્યો!'*** શું કનૈયો કેવળ ગોકુળમાં જ જન્મ્યો? ઉપનિષદો કહે છે **'સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મ. તજ્જલાન્ ઈતિ શાંતઆત્મઉપાસિત.'** - આ બધું બ્રહ્મ છે. **'ઈશાવાસ્યમિદં સર્વમ્'** આ બધું બ્રહ્મ છે. જે ક્યાંય ગયું નથી, જે ક્યાંયથી આવતું નથી, જે અંદર નથી, જે બહાર નથી, જે સર્વત્ર છે, જે અણુઅણુ – કણકણમાં સમાયેલું છે. તો શું એને કોઈ જન્મ હોય ખરો? જન્મ કહીએ ત્યારે આપણા મનમાં પરિચ્છિન્નતા આવી જાય છે. જે અપરિચ્છિન્ન છે, તેને પરિચ્છિન્ન કહેવાય ખરું?

'જન્મ' શબ્દની સાથે એક જિજ્ઞાસુના મનમાં કેટલી બધી શંકાઓ જાગૃત થઈ જાય છે! યા તો તમે એમ કહો કે ઈશ્વર નહોતો અને પછી આવ્યો. જો પહેલાં નહોતો

તો શું આ દુનિયા ઈશ્વર વિનાની હતી? આવા અનન્ત પ્રશ્નો જાગે છે. જો જન્માષ્ટમીના ૧દિવસે જ ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો, તો શું બીજી બધી ઘડીઓ ઈશ્વરના ભાવરહિત બની ગઈ? એક વેદાંતજ્ઞાનીના મનમાં આવા અનેક પ્રશ્નો થયા વિના રહેતા નથી. આથી પરીક્ષિત વ્યાકુળ બની ગયા છે.

પરીક્ષિત કહે છે કે 'ગુરુજી! બે ઘડી માટે માની લઈએ કે ભગવાનનો જન્મ આ ભૂમિ ઉપર થયો, તો મને એક **બીજો પ્રશ્ન** થાય છે. કદાચ ભગવાન્ અભિવ્યક્ત થાય, તો શું કોઈ માના આટલા નાનાસરખા ઉદરમાં જઈને બેસી જાય? પાંચ મણની વસ્તુ એક મણની કોઠીમાં કેવી રીતે ભરાય? જે ભગવાન વ્યાપક છે, તે દેવકી માતાના ઉદરમાં નાનકડા બનીને કેવી રીતે રહ્યા?'

ત્રીજો પ્રશ્ન એ છે કે દેવકી માના ઉદરમાં રહ્યા તો રહ્યા, પરંતુ તેમણે બહાર પધારવા માટે ન કોઈ સારો કાળ જોયો, ન કોઈ સારું ચોઘડિયું જોયું, ન કોઈ સારું સ્થળ જોયું. એ કાળકોટડીમાં જન્મ્યા! તે પણ અડધી રાત્રિએ જન્મ્યા! તેમાંય કૃષ્ણપક્ષમાં જન્મ્યા! શુભ મુહૂર્ત, શુભ વેળા, શુભ ઘડી કંઈ જ જોયું નહીં?

ચોથો પ્રશ્ન એ છે કે માની લઈએ કે જ્યાં ભગવાન જન્મે, ત્યાં શુભમુહૂર્ત અને શુભ વેળા જ હોય, પરંતુ ભગવાનને કોઈ દિવસ ભય હોય? જ્યાં ભય હોય, ત્યાં ભગવાન હોય ખરા? મથુરામાંથી તો અર્ધી રાતે મામાના ભયથી તે ઊભી પૂંછડીએ ભાગ્યા! ભગવાન તો ભયભીતને નિર્ભય બનાવે. **'યદપિ બિભેતિ સ્વયં ભયમ્'** ભય જેને જોઈને ભયભીત બને એવા ભગવાનને ભય લાગે ખરો?

પાંચમો પ્રશ્ન એ કે ભગવાનને ભય નથી લાગતો; છતાં એ ભયભીત બનીને ભાગ્યા. ભાગ્યા તો ભાગ્યા, પરંતુ અગિયાર વર્ષ અને બાવન દિવસ સુધી ગોકુળમાં રહ્યા, ત્યાં સુધી સંતાઈને રહ્યા. મામાજીને ખબર ન પડે એ રીતે રહ્યા. પાછા એ શ્યામ સુંદર મથુરા પધાર્યા. ગુરુજી! જે ભગવાન હોય તે ભગવાન થઈને મામાની હિંસા કરે? આખી દુનિયાને ક્ષમા આપનારા શ્યામસુંદર કોઈની હિંસા કરે ખરા?

મારો **છઠ્ઠો પ્રશ્ન** એ છે કે જેનો આખી દુનિયા સાથે સંબંધ છે, જે દુનિયાને નવો દૃષ્ટિકોણ આપવા આવ્યા છે; તે ભગવાનને એક નહિ, બે નહિ, ત્રણ નહિ ને સોળ હજાર ને આઠ રાણીઓ!

આ છ દોષ રાજા પરીક્ષિતને પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી પધારેલા ભગવાનમાં દેખાયા. આ બધાનો ખુલાસો મેળવવા, રાજા પરીક્ષિત દશમ સ્કંધના

પ્રારંભમાં કહે છે –

કથિતો વંશવિસ્તારો ભવતા સોમસૂર્યયો: ।
રાજ્ઞાં ચોભયવંશ્યાનાં ચરિતં પરમાદ્ભુતમ્ ॥૧/૧॥

મહારાજ! આપે સૂર્યવંશ અને સોમવંશનું વર્ણન નવમ સ્કંધમાં કર્યું. આ બંને ચરિત્રો ભક્ત અને ભગવાનનાં હતાં. તે પણ '**પરમાદ્ભુતમ્**' હતાં. પરમાદ્ભુતમ્ એટલે **પરમેણ ભગવતા અદ્ભુતમ્**. ભગવાન તે વંશોમાં પ્રગટ થયા હોવાથી, એ ચરિત્રો અદ્ભુત હતાં અથવા **પરમયા ભક્ત્યા અદ્ભુતમ્** – એ વંશમાં અલૌકિક ભક્તિ જાગૃત થઈ હોવાથી, એ ચરિત્રો અદ્ભુત હતાં. ગુરુજી! આપે આવું અદ્ભુત ચરિત્ર સંક્ષેપમાં સંભળાવ્યું છે; તેથી મને તૃપ્તિ થઈ નથી.

યદોશ્ચ ધર્મશીલસ્ય નિતરાં મુનિસત્તમ ।
તત્રાંશેનાવતીર્ણસ્ય વિષ્ણોર્વીર્યાણિ શંસ ન: ॥૧/૨॥

રાજા પરીક્ષિતે શુકદેવજીને '**મુનિસત્તમ**' કહ્યા. આખાયે શ્રીભાગવતજીમાં શ્રીશુકદેવજી માટે આટલું સુંદર સંબોધન અગાઉ ક્યારેય થયું નથી. સંબોધનમાં પરીક્ષિતે પોતાના અંતરના ભાવ કહી દીધા. શ્રીશુકદેવજી મહારાજ અદ્ભુત વસ્તુને સમજાવવાના અધિકારી છે. હું અધિકારી વક્તા પાસે આવ્યો છું, એ શ્રદ્ધા એક જ શબ્દમાં કહી દીધી, '**મુનિસત્તમ**'. પરીક્ષિત ક્યારેક **શ્રીશુકદેવજી** માટે 'ગુરુ' શબ્દનો પ્રયોગ કરે છે. કોઈક વાર 'બ્રહ્મ' શબ્દનો પ્રયોગ કરે છે. પરંતુ આજે તેમણે 'મુનિ-સત્તમ' શબ્દનો પ્રયોગ કર્યો છે. પરીક્ષિતને એમ કહેવું છે કે ગુરુજી! તમે કેવળ મુનિ નથી, મુનિ શબ્દની વ્યાખ્યા છે '**મનનશીલા વૈ મુનય:**' મૌન ધારણ કરી શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ભૂમિકા સુધી જે પહોંચેલા છે તે **મુનિ**. આપ કેવળ મુનિ નથી, મુનિસત્ પણ નથી. નિદિધ્યાસનની ભૂમિકા ઉપર પહોંચ્યા પછી જેમને જ્ઞાન સ્વત: સ્ફુરિત થાય છે, તેમને '**મુનિસત્**' કહેવામાં આવે છે. માની લો કે હું તમને કૃષ્ણ શબ્દ કહું, તો એ મારા અને તમારા માટે માત્ર શ્રવણનો વિષય છે. જ્યારે મુનિસત્‌ને 'કૃષ્ણ' શબ્દ કાને પડતાં કૃષ્ણપદાર્થ દેખાવા લાગે છે. આ દેખાવું તે પ્રથમ ભૂમિકા છે અને તે દેખાયા પછી તેમાં લીન થઈ જવું, તે બીજી ભૂમિકા છે. પરીક્ષિત કહેવા માગે છે : ગુરુજી! તમે મુનિ નથી, મુનિસત્ નથી, મુનિસત્તમ છો. કૃષ્ણ-પદાર્થનાં દર્શન કરી, તેમાં લીન થઈ ગયેલા છો. શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ભૂમિકામાં પહોંચેલા, નિદિધ્યાસન દ્વારા જ્ઞાનની ઉપલબ્ધિ પામેલા, જ્ઞાનની

ઉપલબ્ધિ પછી એ સ્વરૂપમાં ઓતપ્રોત બનનારા છો. આપણને કોઈ લાડુ શબ્દ સંભળાવે. તે સાંભળવાથી લાડુનો સ્વાદ આવતો નથી. કોઈ આપણા હાથમાં લાડુ મૂકે, તો તેથી પણ લાડુનો સ્વાદ આવતો નથી. લાડુ લઈને જીભ ઉપર મૂકીએ, ત્યારે પણ પૂરો સ્વાદ આવતો નથી; જ્યારે તેને બરોબર ચાવીને પેટમાં ઉતારીએ, ત્યારે પૂરેપૂરો સ્વાદ આવે છે. એવી રીતે સાચો અધિકારી શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા વસ્તુને જાણે છે, વસ્તુને આત્મસાત્ કરે છે. ત્યાર પછી વસ્તુને પોતાનામાં ઓતપ્રોત બનાવી દે છે. તે પરમ ફળ છે. પરીક્ષિતને એમ કહેવું છે કે ગુરુજી! આપે તો આખું ને આખું પરમ તત્ત્વ પચાવ્યું છે, તેથી હું તમારી પાસે આવ્યો છું.

પરીક્ષિત કહે છે : મારે આપની પાસેથી શ્રીશ્યામસુંદરનાં અલૌકિક વીર્યવાળાં ચરિત્રો સાંભળવાં છે, જે મારા અંતઃકરણને અજવાળે. પરીક્ષિત કહે છે, એ શ્રી શ્યામસુંદરનો પ્રાદુર્ભાવ થયો છે ધર્મશીલ યદુના વંશમાં. રાજાને જાણવું છે કે આ કૃષ્ણકથામાં ધર્મતત્ત્વ કેટલું છે? આત્માને જાગૃત કરે એવું તાત્ત્વિક તત્ત્વ કેટલું છે? એમાં જીવની અંદર અનંત શક્તિઓ જાગૃત કરે એવું તત્ત્વ કેટલું છે?

અહીં યદુરાજાને **'ધર્મશીલ'** કહ્યા, **'યદોશ્ચ ધર્મશીલસ્ય.'** ધર્મશીલ એવા યદુ રાજાના ત્યાં મોહનજીનો પ્રાદુર્ભાવ થયો અને મોહનજીએ જગતને પ્રજવાળ્યું એ મને કહો. આ સાંભળતાં આપણને શંકા થાય કે યદુરાજા ધર્મશીલ છે કે અધર્મશીલ? નવમા સ્કંધમાં યદુનું ચરિત્ર કહેવાયું. આખી દુનિયા તે જાણે છે. યયાતિ રાજાને ઘણા પુત્રો હતા; છતાં યયાતિ રાજાના મનમાં લૌકિક ભોગની ઇચ્છા તૃપ્ત થઈ નહોતી. તેના સસરાએ તેને શાપ આપ્યો હતો કે તારું શરીર ક્ષીણવત્ બની જાઓ : **'ભોગાનુભુક્તા વયમેવભુક્તા, તૃષ્ણાનુજીર્ણાન્ વયમેવજીર્ણા: ।'** આમ કહીને સસરાજીએ કહેલું : 'બેટા, વધુ ભોગ ભોગવવા કોઈની યુવાની ઉછીની લઈ આવજે.'

તે બીજે ક્યાં જાય? તેણે દીકરાઓને પૂછ્યું : 'પુત્રો, તમારી યુવાની મને ઉછીની આપશો?' સૌથી મોટા પુત્ર યદુએ કહ્યું: 'પિતાજી, મારી યુવાની હું તમને નહિ આપું.' અહીં આપણને પ્રશ્ન થાય કે જેમણે પિતાની આજ્ઞા ન માની, એ ધર્મશીલ કહેવાય કે અધર્મશીલ કહેવાય? એક બાજુ શાસ્ત્ર કહે છે 'માતૃદેવો ભવ. પિતૃદેવો ભવ.' મા પણ દેવ છે અને પિતા પણ દેવ છે. બીજી બાજુ યદુરાજા પિતાજીની આજ્ઞાની અવહેલના કરે છે. એ યદુરાજાને શું ધર્મશીલ કહેવાય?

આપણા શાસ્ત્રગ્રંથો કદી પણ જડ રહ્યા નથી. તેમાં બતાવેલા સિદ્ધાંતો એવા

નથી કે તેનો સ્વીકાર કરીને માણસ જડતા તરફ જાય. જે ગ્રંથ, જે વિચાર, જીવનની જે પ્રક્રિયા આપણને જડતા તરફ લઈ જાય; તેમાંથી આપણને શો આનંદ મળે? પ્રત્યેક વસ્તુની વિચારધારા એક ચોક્કસ દૃષ્ટિકોણ માગે છે. માતૃદેવો ભવ અને પિતૃદેવો ભવ – એ વાક્યોનો જડતાથી સ્વીકાર કરવાનો નથી. પિતાજીને ભગવાન માની, પિતાની અધર્મયુક્ત આજ્ઞાઓ માનવી? જેના દ્વારા આત્માની ઉન્નતિ થતી હોય, એવી બધી વાતોનો અસ્વીકાર કરવો? પુરાણમાં હિરણ્યકશિપુ જેવો બાપ પણ છે અને પ્રહ્‌લાદજી જેવો પુત્ર પણ છે. હિરણ્યકશિપુ જેવો બાપ જેટલું કહે એ બધું પ્રહ્‌લાદજી જેવો પુત્ર માને, તો તેમની ઉન્નતિ થાય કે અવનતિ? દરેક વસ્તુના સ્વીકાર-અસ્વીકારમાં વિવેકપૂર્ણ વિચાર હોવો જોઈએ. વિવેક અને વિચાર વિનાનું વર્તન માણસને જીવનમાં કદી પણ સિદ્ધિ અપાવતું નથી. પછી તે ધર્મના ક્ષેત્રે હોય, સામાજિક ક્ષેત્રે હોય, રાજકીય ક્ષેત્રે હોય કે આર્થિક ક્ષેત્રે હોય. વિવેક અને વિચાર વિનાનું જીવન માણસને કદી સુખ આપતું નથી.

યદુ રાજા વિવેકી અને વિચારવાળા હતા. તેમણે **પહેલો વિચાર** એ કર્યો કે, પિતાજીને મારી યુવાની શા માટે જોઈએ છે? સેવા માટે કે સુખ માટે? એ વાત સ્પષ્ટ હતી કે રાજા યયાતિને યુવાની સેવા કરવા માટે નહોતી જોઈતી. માટે ધર્મશીલ એવા યદુએ પિતાને યુવાની આપવાની ના પાડી.

બીજું કારણ એ હતું કે લૌકિક પિતા કરતાં અલૌકિક પિતા વધારે મોટો છે. જે અલૌકિક પિતાએ યુવાન શરીર પોતાની સેવા કરવા માટે આપ્યું છે, એનું દાન કરીને વૃદ્ધાવસ્થા શા માટે લેવી?

ત્રીજું કારણ એ છે કે યદુરાજાની યુવાનીનો ઉપયોગ એની માતા સાથે થવાનો હતો. એનાથી વધારે મોટો અધર્મ જગતમાં બીજો કયો હોઈ શકે?

પરીક્ષિત કહે છે, 'મહારાજ! જેમની વંશપરંપરામાં આવાં વિવેક અને વિચારવાળાં વર્તન રહ્યાં છે, એવા શ્યામસુંદરનાં ચરિત્રો હું સાંભળવા માગું છું. શ્યામજી સ્વતઃસિદ્ધ છે જ. એમની આખી વંશપરંપરામાં એક સુંદર ચીલો ચાલ્યો આવે છે. હું એ જાણવા માગું છું કે ભગવાને પ્રાદુર્ભૂત બનીને પ્રાણીમાત્રની રક્ષા કરી છે, વિશ્વનો ઉદ્ધાર કર્યો છે. એ બધું તેમણે કેવી રીતે કર્યું?'

અવતીર્ય યદોર્વંશે ભગવાન્ ભૂતભાવનઃ ।
કૃતવાન્ યાનિ વિશ્વાત્મા તાનિ નો વદ વિસ્તરાત્ ॥૧/૩॥

ભગવાન માટે ત્રણ શબ્દો વાપર્યા : **'ભગવાન', 'ભૂતભાવન:', 'વિશ્વાત્મા'**. હું એવા ઈશ્વરની કથા સાંભળવા માગું છું કે જે 'ભૂતભાવન:' હોય, જે પ્રાણીમાત્રનો ઉદ્ધાર કરનારા હોય. હું એવા ઈશ્વરની કથા સાંભળવા માગતો નથી કે જે અમુકનો ઉદ્ધાર કરે અને અમુકનો ઉદ્ધાર કરવાની અશક્તિ ધરાવતા હોય. હું એવા કોઈ ઈશ્વરની કથા સાંભળવા માગતો નથી કે જે ખાબોચિયા જેવા ટૂંકા સમાજના હોય, અથવા કોઈ નાનકડા કુટુંબ કે કુળના હોય. હું તો આખી દુનિયાનો ઉદ્ધાર કરવા આવેલા ઈશ્વરનું જીવન સાંભળવા માગું છું.

આ ત્રણ શબ્દોમાં પરીક્ષિતના અંત:કરણની જિજ્ઞાસા જાણી શકાય છે. એમને એવા ઈશ્વરની અનુભૂતિ કરવી છે; જે સર્વનો હોય, સર્વ માટે હોય અને સર્વત્ર હોય. એક ઠેકાણે અભિવ્યક્ત થવા છતાં સર્વત્ર ફેલાઈ જવાની એની શક્તિનો અનુભવ કરાવનાર હોય. એક ઠેકાણે પરિચ્છિન્ન હોવા છતાં તેની અપરિચ્છિન્નતાનો સુંદર અનુભવ થતો હોય. પરીક્ષિતની ઇચ્છા લઘુમાં પણ વ્યાપકને જોવાની છે. અલ્પમાં મહાનને જોવાની છે. આ બધું અનંત શક્તિયુક્ત માત્ર ભગવાન જ કરી શકે!

કદાચ શ્રીશુકદેવજીના મનમાં એવી શંકા જાગે કે હે પરીક્ષિત રાજા ! આ બધું સંભળાવવા માટે હું તો અધિકારી છું, પરંતુ તું સાંભળવા માટેનો અધિકારી ખરો? સંભળાવનાર અને સાંભળનાર બંનેની પાત્રતા જોઈએ. કોઈ ઠેકાણે નોકરી લેવા કે છોકરી લેવા જાઓ, તો ત્યાં પણ પાત્રતા સિદ્ધ કરવી પડે છે. ભગવાનની કથા સાંભળવામાં પણ પાત્રતા સિદ્ધ કરવી પડે છે. સભામાં જઈને બેસો અને પાત્રતા ન બતાવો તો ચાલે; પરંતુ પોતાની જાત પાસે તો સિદ્ધ કરવું જ પડે કે હું કથાશ્રવણ માટે પાત્ર છું. પરીક્ષિત કથાશ્રવણની પોતાની પાત્રતા સિદ્ધ કરવા શ્રી શુકદેવજીને પ્રમાણપત્રો આપે છે. તેણે પહેલું પ્રમાણપત્ર એ આપ્યું કે મહારાજ! હું પ્રભુની કથા સાંભળવાને યોગ્ય છું –

નિવૃત્તતર્ષૈરુપગીયમાનાદ્ ભવૌષધાચ્છ્રોત્રમનોઽભિરામાત્ ।
ક ઉત્તમશ્લોકગુણાનુવાદાત્ પુમાન્ વિરજ્યેત વિના પશુઘ્નાત્ ॥૧/૪॥

આ શ્લોકમાં રાજા પરીક્ષિતે બે બાબતો બતાવી : **એક**, એમ કહ્યું કે હે શુક મુનિ! તમે યોગ્ય છો અને હું પણ યોગ્ય છું. તમે ત્રણ રીતે યોગ્ય છો - તમને ભગવાનનો સ્વરૂપથી સંબંધ થયો છે, ફળથી સંબંધ થયો છે અને વિષયના ઉત્કર્ષથી સંબંધ થયો છે. હું યોગ્ય એટલા માટે છું કે હું પુરુષ-જીવ છું.

આ પારિભાષિક શબ્દો વિવેચન માગે છે. એનો ખુલાસો શ્રીમહાપ્રભુજીએ શ્ર સુબોધિનીજીમાં ખૂબ વિસ્તારપૂર્વક કર્યો છે. શુકદેવજીની ત્રણ યોગ્યતા બતાવવા માટે ત્રણ શબ્દો વાપર્યા : **'નિવૃત્તતર્ષૈરુપગીયમાનાદ્'** આ એક શબ્દ, **'ભવૌષધાત્'** એ બીજો શબ્દ અને **'શ્રોત્રમનોઽભિરામાત્'** એ ત્રીજો શબ્દ. મહારાજ! આપના મુખારવિંદથી જે ભગવદ્-ચરિત્રો નીકળે છે, એ ભગવત્ચરિત્રો કોઈ સંસારી-વિકારી માણસના મુખમાંથી નીકળતાં નથી. જેના હૃદયની તમામ તૃષ્ણાઓ ચાલી ગઈ છે, એવા વિતૃષ્ણના મુખારવિંદમાંથી નીકળતાં ચરિત્રો છે. તે પણ કલ્પનાથી નહિ, પરંતુ ભગવાનને તમારા હૃદયમાં પધરાવી, વાણીમાં ભગવદ્ભાવ ભરીને આપ કહી રહ્યા છો. આપનું અંતઃકરણ તૃષ્ણા વગરનું છે. સાથે સાથે તેમાં ભગવદ્ભાવ ભરીને આપ કહી રહ્યા છો. જે ભગવદ્રસથી ભરેલું છે, એવા મુખારવિંદમાંથી ભગવદ્ચરિત્રો નીકળે, તો સાંભળનારનું હૃદય કેમ શુદ્ધ ન થાય!

પરીક્ષિતને એમ કહેવું છે કે હું અધિકારી હોઉં કે ન હોઉં, આપનો કહેવાનો ભાવ જ એવો છે કે તે મારા હૃદય-સોંસરો ઊતરી જશે. સોયનો સ્વભાવ જ એવો હોય છે કે જ્યાં જાય ત્યાં કાણું પાડ્યા વિના રહે જ નહિ. એવી રીતે આપના મુખારવિંદમાંથી નીકળેલાં ચરિત્રોમાં જ દિવ્ય સામર્થ્ય છે.

શુકદેવજીના અંતઃકરણમાંથી તૃષ્ણા ગઈ છે, એનો પરિચય બે-ત્રણ કારણોથી મળે છે. એક કારણ એ છે કે **શ્રી શુકદેવજીના હૃદયમાં ધનની તૃષ્ણા નથી. તેમના** હૃદયમાં પ્રતિષ્ઠાની પણ તૃષ્ણા નથી. તેઓ બ્રહ્મચારી હોવાથી, તેમને પુત્ર-ઉત્પત્તિની પણ લાલસા નથી. **જગતમાં ત્રણ તૃષ્ણાઓ ખરાબ છે : લોકૈષણા, વિત્તૈષણા અને પુત્રૈષણા.** આ ત્રણ તૃષ્ણાઓ માણસને બરબાદ કરી મૂકે છે. પુત્રૈષણા ઉપર વિજય મેળવનારા ઘણા છે, વિત્તૈષણા ઉપર વિજય મેળવનારા પણ ઘણા છે; પરંતુ લોકૈષણા ઉપર તો મોટા મોટા સંતો પણ વિજય મેળવી શક્યા નથી.

પરીક્ષિત કહેવા માગે છે કે ગુરુજી! આપ બ્રહ્મચારી છો, એટલે આપના માટે પુત્રૈષણાની શંકા નથી. હું આપને કંઈ ભેટ ધરવાનો નથી; એટલે આપના માટે બીજી શંકા પણ નથી; નહીં તો તમે મારી સાથે પહેલાંથી નક્કી કર્યું હોત કે હું તમને કથા સંભળાવું, તો તમે મને કેટલી ભેટ ધરશો? ત્રીજી વાત એ છે કે આપને પ્રતિષ્ઠાની પણ પડી નથી. આપ આમંત્રણ વિના પધાર્યા છો, અને જેમ પધાર્યા તેમ જ પાછા જવાના છો. મને કથા સંભળાવીને માનપત્ર લેવા માટે પણ એક ક્ષણ તમે રોકાવાના નથી. બીજી

મહરકે પૂત

મહાપ્રભુજીએ
ાતા બતાવવા
‘ભવૌષધાત્’
ાજ! આપના
ારી-વિકારી
ાલી ગઈ છે,
ી નહિ, પરંતુ
પ કહી રહ્યા
ભરીને આપ
ગવદ્ચરિત્રો

કહેવાનો
જ એવો
મુખાર-

ા કારણોથી
થી. તેમના
-ઉત્પત્તિની
વિત્તેષણા
ષણા ઉપર
ા છે; પરંતુ

ના માટે
ાટે બીજી
મને કથા
ઠાની પણ
છા જવાના
નવી. બીજી

સભામાં તો છેલ્લે છેલ્લે આભારવિધિ પણ થાય, પરંતુ શ્રીભાગવતજીની આ સભામાં તો આભારવિધિ પણ થયો નથી. શ્રી શુકદેવજી કથા પૂરી કરીને તરત જ ઊભા થઈને ચાલવા લાગ્યા. તેઓ પરીક્ષિતને એવું કહેવા પણ ઊભા રહ્યા નથી કે પરીક્ષિત! તારે મને કંઈ કહેવાનું છે? જ્યાં શ્રીભાગવતજીની સપ્તાહ હોય, ત્યાં આભારવિધિ પણ ન જોઈએ; છતાં લોકો આભારનો ભાર વધારતા હોય છે.

જ્યારે જીવમાં ભગવાનનો સ્વરૂપથી આવિર્ભાવ થાય, ત્યારે તેનામાં આવું સામર્થ્ય આવે. જ્યારે ભગવદ્રૂપ હૃદયમાં જાગૃત થાય, ત્યારે એ હૃદયમાંથી તમામ તૃષ્ણાઓ ચાલી જાય છે.

શ્રીભાગવતજીમાં અન્યત્ર એક સ્થળે સુંદર વાત બતાવી. તે એ છે કે, ભગવાન ભક્તના અંતઃકરણમાં બિરાજીને વાણીને કેવી રીતે વહેવડાવે છે! જ્યારે જ્યારે ભક્ત વાણી બોલવા જાય છે, ત્યારે ત્યારે તેના હૃદયમાં બિરાજતા ભગવાનનાં ચરણકમળને અથડાઈને તે પ્રાણવાયુ ઉપર જાય છે. એ ચરણકમળના પરાગ સાથેની વાણી જ્યારે શ્રોતાના કાનમાં પડે, ત્યારે એ પરાગ શ્રોતાના કાન દ્વારા હૃદયમાં થઈ, એના આખા જીવનમાં ઊતરી જાય છે. તે વાણી એવી કરામત કરે છે કે અનંત અંધકારથી ભરેલું હૃદય, અજવાળાથી ખૂલી જાય છે. એ શ્રોતાનું સામર્થ્ય નથી, પણ વક્તાની વાણીનું સામર્થ્ય છે. એ તો શ્રીશુકદેવજી જેવા કોઈ વિરલા જ હૃદયને ખોલી દે. પરીક્ષિત કોઈ સાધન કરવા નથી ગયા. શ્રીશુકદેવજીની વાણીએ જ એમના જન્મજન્મના અંધકાર ધોઈ નાખ્યા છે.

આ વાણી શ્રોતા માટે શું કરે? **‘ભવૌષધાત્’** સંસારનો જે રોગ લાગ્યો હોય, તેને મટાડી દે. ભગવદ્કથા સાંભળતાં સાંભળતાં આપણા જીવનમાં પરિવર્તન આવ્યું ત્યારે જ કહેવાય કે જ્યારે આપણા શરીરના, મનના અને હૃદયના અનેક રોગો મટતા હોય. ક્ષય રોગ અને કૅન્સર રોગ નિવારવા સહેલા, પણ ભવરોગ મટાડવો બહુ અઘરો છે. જેમાં મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો વિષયભોગોમાં આળોટતી હોય, તેને સંસારરોગ અથવા ભવરોગ કહેવાય. આ સંસારરોગને મટાડવા માટે ભાગવતી કથાઓનું આયોજન છે. આમાં ભગવાનનો ફળથી સંબંધ થયો.

ત્રીજું કહ્યું **‘શ્રોત્રમનોઽભિરામાત્’** - જ્ઞાનની કથાઓ થોડી કડવી લાગે છે. તે રોગ જરૂર મટાડે, પણ તેનો સ્વાદ ભાવે નહિ. પ્રેમની, ભક્તિમાર્ગની કથાઓ સાંભળવામાં પણ મીઠી, મનમાં ધ્યાન કરવામાં મધુરી અને સાથે સાથે સંસાર-

રોગને મટાડનારી. આ કથાઓ હોમિયોપથીની ગળી ગોળીઓ જેવી છે. તે ક્યારેય કડવી ન લાગે. જ્ઞાનની વાતો વૈદના કડવા ઉકાળા જેવી કે ડૉક્ટરના ઇન્જેક્શન જેવી છે. પ્રેમથી સભર ભાગવતી કથાઓ મીઠી ગોળીઓ જેવી છે. તે કાનને ગમે છે.

પરીક્ષિત રાજા આટલું બોલતાં અટકતા હતા. શુકદેવજી વિચારતા હતા કે રાજા, કાનને ગમે એવી તો જગતમાં ઘણી કથાઓ છે. તારા કાનને તો એ જ ગમશે, જ્યાં તારું મન ભમતું હશે. પરીક્ષિત રાજા કહે છે : ના, ગુરુજી! મારા મનને ચારે બાજુથી રમાડે એવી માત્ર આ ભાગવતી કથાઓ છે. સંસારની કથાઓ મનને એક જ ભાગમાં રમાડે છે; તો તેને ડુબાડે પણ છે. જ્યારે ભગવદ્‌કથાઓ મનને અહોનિશ રમાડે છે, કદી ડુબાડતી નથી. સંસારની વાતો કદાચ આજે ગમતી હોય, પણ તે કાયમ માટે નહિ ગમે. પરંતુ શ્રીભાગવતની કથા જેમ જેમ સાંભળીએ, તેમ તેમ વધારે ગમવા લાગે છે. દુનિયાની કથા વારંવાર સાંભળવાથી કંટાળો આવે છે.

પરીક્ષિત કહે છે : મહારાજ! આ કથાઓ કહેવાનો આપનો અધિકાર છે. હવે હું મારો અધિકાર આપને જણાવું. આપના જેવા વક્તાના મુખારવિંદથી ભાગવતી રસ પ્રગટ થતો હોય, ત્યારે એવો કોણ મૂર્ખ હોય કે જે તેનું પાન કરવાને બદલે મોઢું ધોવા જાય? જે મોઢું ધોવા જાય તે **'પશુઘ્ન'** જીવ છે. જે **'પુરુષ'** જીવ છે, તે કદી મોઢું ધોવા જતો નથી. આ સાંભળીને આપણી બહેનો કહેશે કે કથા સાંભળવામાં અમારી સંખ્યા વધારે હોય છે અને તમે કહો છો કે પુરુષ-જીવો કથા વધારે સાંભળે? અહીં પુરુષ અને સ્ત્રી એ પારિભાષિક શબ્દો છે. શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં પુરુષ, સ્ત્રી અને પશુ જીવની પરિભાષા સમજાવી છે.

દુનિયામાં **પાંચ પ્રકારના જીવો** એવા છે કે જે શ્રીશ્યામસુંદરની કથા થતી હોય ત્યાં જતા નથી : **(૧) પશુજીવ (૨) સ્ત્રીજીવ (૩) નિંદિતાર્થરસ જીવ (૪) કર્મજડ જીવ (૫) આત્મઘાતી જીવ**. આ પાંચે પ્રકારના જીવો ભાગવતી કથાથી મોઢું ફેરવીને ચાલ્યા જાય છે. પુરુષજીવ આવી રસમય ભગવદ્‌વાર્તાઓ સાંભળવા કાયમ દોડતા રહે છે. તેમણે પુરુષજીવની વ્યાખ્યા આપી : **'વ્યવહાર-ચાતુર્યેપ્રતિ પરમાર્થ-ચાતુર્યત્વમ્ પુરુષજીવત્વમ્.'** જગતનો વિરોધ મટાડી, પરમાત્માનો પંથ શોધવાનું સામર્થ્ય જેનામાં હોય તે પુરુષજીવ. બીજા શબ્દોમાં કહીએ, તો પ્રકૃતિને વશમાં કરવાનું સામર્થ્ય જેનામાં હોય તે પુરુષજીવ; પછી તે બહેન હોય કે ભાઈ હોય. માણસ જ્યાં સુધી તેની પ્રકૃતિને વશમાં કરી શકતો નથી, ત્યાં સુધી તેનામાં કેટલું શૌર્ય છે

તે દેખાતું નથી. કોઈ પણ મોટામાં મોટા યોદ્ધાને જુઓ. તે ચાહે રાવણ હોય, હિરણ્યકશિપુ હોય કે હિરણ્યાક્ષ હોય. તે બધા પણ તેમની જાત પાસે હારી જાય છે. જગતને જીતનારો જ્યારે પોતાની જાત પાસે હારી જાય, ત્યારે તેને જીતેલો ન કહેવાય. જગતને ન જીતીએ તો ચાલે, પણ જાતને જીતવી જરૂરી ખરી.

આ જ વાત પ્રહ્લાદજીએ હિરણ્યકશિપુને કહી હતી, 'પિતાજી! તમે આખી દુનિયાને જીતી આવ્યા છો, પરંતુ તમે તમારી જાતને જ જીતી શકતા નથી. તમારામાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ભરપુર ભરેલા છે. તમારે ઇચ્છાએ કે અનિચ્છાએ તમારામાં રહેલા દોષો સાથે ઘસડાવું પડે છે.' એ જ માનવજીવનની નબળાઈ છે. આ સીમા પાસે રાજા, જ્ઞાની, વિચારક, ભક્ત બધા હારી જાય છે. આપણા જીવનનું છેલ્લું સીમાચિહ્ન આપણી મર્યાદા છે. આ મર્યાદાને ઓળંગવામાં ઘણી મહેનત પડે છે. માટે શ્રીમહાપ્રભુજીએ અહીં એમ સમજાવ્યું કે **પુરુષજીવ એ છે કે જે તેની મર્યાદાનું અતિક્રમણ કરી, તેની જાતને જીતી જાય છે.**

ઘણી વાર વિચાર આવે કે આપણને રાજકીય સ્વતંત્રતા મળી, પરંતુ આપણને આપણાથી સ્વતંત્રતા મળી નથી. માની લો કે મા-બાપ પણ બાળકને સ્વતંત્રતા આપે, સમાજ સ્વતંત્રતા આપે, કદાચ સ્વતંત્રતા ન આપે તો આપણે ખૂંચવી લઈએ; પરંતુ આપણે આપણી જાતથી એટલા બધા દબાઈ ગયા છીએ કે તેનાથી સ્વતંત્ર થઈ શકતા નથી. ભૂખ લાગે ત્યારે ખાવું પડે, ઊંઘ આવે ત્યારે ઊંઘવું પડે. બોલવાની ઇચ્છા થાય, ત્યારે બોલવું જ પડે. આપણા ત્યાં એવા કેટલાક વિચારકો આવ્યા, જેમણે કહ્યું કે તમને જે ઇચ્છા થાય તે કરવા માંડો. આ બધું જોતાં આપણને થશે કે આનાથી વધારે પરતંત્રતા બીજી કઈ હોઈ શકે? આપણે આપણી જાતને થોડી થોડી જીતવાનો પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એમાંયે હારી જઈએ છીએ. અંતે આપણી બધી શક્તિ તેમાં ક્ષીણ થઈ જાય છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે જે પોતાની જાતને જીતે તે જ પુરુષજીવ કહેવાય.

સ્ત્રીજીવની વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, **'પ્રકૃતિપરવશત્વમ્ સ્ત્રીજીવત્વમ્'** - જે પ્રકૃતિને પરવશ છે તે સ્ત્રીજીવ. પછી તે પુરુષ હોય કે સ્ત્રી હોય. **'પ્રકૃતિસ્વવશત્વમ્ પુરુષજીવત્વમ્'** - પ્રકૃતિને પોતાના વશમાં રાખે તે પુરુષજીવ. માટે ભક્તો ગાય છે : **'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને.'** પ્રભુનો પંથ કાયરોનો નથી. કાયર આ પંથમાં કદી પગ જ મૂકી શકતો નથી.

પરીક્ષિત કહે છે : મહારાજ, હું પુરુષજીવ છું, સ્ત્રીજીવ નથી. મારી પ્રકૃતિની તમામ આકૃતિઓને હું વશમાં કરીને આવ્યો છું. નથી મને શરીર ગુલામ બનાવી શકતું, નથી ઇન્દ્રિયો ગુલામ બનાવી શકતી કે નથી મન ગુલામ બનાવી શકતું. મારી વિચારધારાઓ પણ મને ગુલામ બનાવી શકે તેમ નથી.

હવે શ્રીમહાપ્રભુજી **પશુજીવ** કોને કહેવાય તે સમજાવે છે. જેનામાં આલોક અને પરલોક સાધવાની શક્તિ નથી, તે શરીરના આવરણમાં તેના જીવનને ગુમાવી દે છે. અર્થાત્ આ જીવો 'ખાઓ, પીઓ ને મજા કરો'માં માને છે. **જેમનામાં માનવીય સંસ્કારો જાગૃત નથી અને પાશવી વૃત્તિઓ જ પ્રબળ છે તે પશુજીવ.**

આ ત્રણ જીવાત્માઓ ઉપરાંત બીજા પણ જીવાત્માઓના પ્રકારો શ્રીમહાપ્રભુજી બતાવે છે. તેમાંનો એક છે **આત્મઘાતી**. આત્માનો ઉદ્ધાર ભગવાનના આનંદ દ્વારા છે. **આનંદના અભાવની દિશામાં જે આત્માને ઘસડી જાય, તે આત્મઘાતી** છે. તેની બધી પ્રવૃત્તિઓ આનંદ વગરની હોય છે.

બીજો એક **કર્મજડ** જીવ છે. **જે માણસ કેવળ કર્મ કર્યા જ કરે તે કર્મજડ જીવ**. કર્મની વાસ્તવિકતાને સમજ્યા વિના તે જડતાથી બધાં કર્મ કરતો હોય છે. એક માણસ માળા જપવા બેઠો. તે વિચારતો નથી કે હું જે મંત્ર જપું છું તેનો અર્થ શો છે? તે જપવાથી મારા મનની એકાગ્રતા થાય છે કે નહિ? તે હું શા માટે જપું છું? આવું કંઈ વિચાર્યા વિના તે મણકા ફેરવ્યા કરે છે. એને કર્મજડ જીવ કહેવાય. આવો જીવ સેવા કરતો હોય તોય નકામો, સાંભળવા આવતો હોય તોયે નકામો, જપ કરતો હોય તોયે નકામો. આપણી નવ્વાણું ટકા ધાર્મિક ક્રિયાઓ આ કર્મજડ જીવ બની ગઈ છે. આ ધાર્મિક ક્રિયાઓ કર્મજડ બનવાને કારણે ફળ આપતી નથી. શ્રીમહા-પ્રભુજીને એમ કહેવું છે કે આવો કર્મજડ જીવ શ્રીભાગવત કથા સાંભળે તો એ કથા એના કાનમાંથી આગળ વધતી નથી. તે માત્ર કાન પવિત્ર કરે છે.

આવા ઘણા કર્મજડો આપણી આજુબાજુ જોવા મળે છે, જે સવારે ઊઠે છે, સ્નાન કરે છે, સેવામાં હાથ ધૂએ છે, બપોર પછી દુકાને જાય છે. તેમને પૂછીએ કે સવારની સેવાનું ફળ કેટલું? તો તેઓ કહેશે કંઈ નહિ. આ કર્મજડતા છે. જે પ્રક્રિયા કરીએ એનાં સ્પંદનો જીવનમાં જાગવાં જોઈએ. જો એ સ્પંદનો ન જાગે, તો આપણે આપણી બુદ્ધિને સવાલ કરવો જોઈએ કે તું ક્યાં ભૂલ કરે છે? આપણામાં એવી કઈ ક્ષતિ છે કે આ ધાર્મિક ક્રિયાઓ આપણને ઉન્નત બનાવતી નથી!

મેં
સ્વરૂપમાં
ક્ષમા કરે,
પરમ ધ
એને સ્ન
કર્મજડ
સાસુએ
પુત્રવધૂ

શું
સમજાવે
પરિણામ
વિચાર થ
બુદ્ધિમાં
નથી, અ
ધાર્મિકતા
ભગવાન

કેવળ
સેવન
ધાર્મિક
છે. અ

પ
આત્મઘ
સાધન
આજ્ઞા ક
બનવા
કર્ણધાર
છતાં અ

મેં એક કર્મજડ જીવ જોયેલો. આ જીવ એક નાના ગામડાનો હતો. તે બહેનના સ્વરૂપમાં હતો. લોકો એમને પાકા મરજાદીના નામે ઓળખે (મરજાદી વૈષ્ણવો મને ક્ષમા કરે). સવારથી સાંજ સુધી બધી જ ક્રિયાઓ કરે. આખા ગામમાં લોકો તેમને પરમ ધાર્મિક માને. એમના દીકરાની વહુને બાળક અવતર્યું. ચાલીસ દિવસ થયા. એને સ્નાન કરાવવાનું હતું. તે બાઈને ઘણો તાવ આવતો હતો; છતાં તેની સાસુ કર્મજડ હતી. તેણે તો કહ્યું કે એકસો આઠ ઘડાથી નહાવું પડે એટલે નહાવું જ પડે. સાસુએ વહુને એકસો આઠ ઘડા પાણીએ નવડાવી. પરિણામ એ આવ્યું કે એની પુત્રવધૂ થોડા જ દિવસોમાં ભગવાનનાં ચરણોમાં પહોંચી ગઈ.

શું કોઈ ધર્મ આપણને એમ શીખવે છે કે જીવહિંસા કરવી? કોઈ ધર્મ એમ સમજાવે ખરો કે તારી બધી ક્રિયાઓ આટલી બધી ખરાબ હોવી જોઈએ? ખરાબ પરિણામ તો એ આવ્યું કે તે સાસુનો સ્વભાવ દિવસે દિવસે તામસી થતો ગયો. મને વિચાર થયો કે એ બહેનને મારે ધાર્મિક કહેવાં કે નાસ્તિક કહેવાં? જેના દિલમાં અને બુદ્ધિમાં શ્રીહરિનો વાસ નથી, જેની પાસે બેસતાં માણસના અંતરમાં આનંદ જાગતો નથી, એને કર્મજડ નહિ તો બીજું શું કહેવાય? આપણે તપાસવું પડે કે આપણી ધાર્મિકતા કર્મજડ તો બનતી નથી ને? શ્રીમહાપ્રભુજી કહે છે કે આવા કર્મજડોને કદી ભગવાન મળતા નથી.

બીજો એક જીવ છે **નિંદિતાર્થ-રસમગ્ન**. તે એવી ધાર્મિક ક્રિયાઓ કરે છે, જેમાં કેવળ આત્માનો ઘાત જ હોય. તંત્રશાસ્ત્રમાં એક વામમાર્ગ છે. તેમાં પાંચ ‘મ’કારનું સેવન કરવાની વિધિ આપી છે. એ અઘોરી લોકો જે મંત્ર, તંત્ર અને જંત્ર પ્રમાણે ધાર્મિક વિધિઓ કરે છે, તેનાથી તેઓ દુઃખી થાય છે અને બીજાને પણ દુઃખી કરે છે. આવી રીતે નીચ પ્રકારની સાધનાઓ માણસને બરબાદીના પંથે લઈ જાય છે.

પરીક્ષિત રાજા કહે છે : ગુરુજી! હું પુરુષજીવ છું. હું સ્ત્રીજીવ, પશુજીવ, કર્મજડ, આત્મઘાતી કે નિંદિતાર્થ-રસમગ્ન જીવ નથી. આત્મઘાતી જીવ એવો છે કે તેની પાસે સાધન હોવા છતાં તેનો ઉપયોગ કરતો નથી. ભગવાને એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને આજ્ઞા કરી છે કે ‘ઉદ્ધવ! દુનિયાના લોકો સામે મારી એક ફરિયાદ છે. માણસને ઉન્નત બનવા માટે મેં તેને માનવશરીર આપ્યું છે. અનુકૂળ પવન આપ્યો છે. ગુરુરૂપી કર્ણધાર આપ્યો, બુદ્ધિ આપી, બુદ્ધિને સક્રિય કરનારાં જુદાં જુદાં શાસ્ત્રો આપ્યાં; છતાં આટલાં સાધનોનો ઉપયોગ ન કરનાર જીવ નાવ હોવા છતાં ડૂબી જાય! એને

દીવો હોવા છતાંય અંધારું! એનું નામ જ આત્મઘાતી જીવ. આ પાંચ પ્રકારના જીવો ભગવાનની કથા સાંભળતા નથી અને જો સાંભળે છે તો **'ત્વદીયસ્તુ ગોવિંદં તુભ્યં સમર્પયેત્'** - કહી જ્યાંની ત્યાં છોડીને ઊભા થઈ જાય છે.

પરીક્ષિત કહે છે : 'હું પુરુષજીવ છું, પ્રકૃતિને પરવશ નથી. ભગવદ્કથા સાંભળીને જીવનમાં ઉતારવાની શક્તિવાળો છું.' આ કહેવું બહુ અઘરું છે. કથા સાંભળવી સહેલી છે, સાંભળ્યા પછી જીવનમાં ઉતારીશ એવું વીરત્વ દાખવવું એ અઘરું છે. પરીક્ષિત કહે છે : હું પુરુષજીવ છું. તમે જે કહેશો તે કરવા તૈયાર છું.

તે કહે છે 'ગુરુજી! મારામાં આવી શક્તિ આવી ક્યાંથી? તે શક્તિ મને મારા દાદાજીની કૃપાથી મળી છે; કારણ કે હું વૈષ્ણવ કુટુંબમાં જન્મ્યો છું.'

પિતામહા મે સમરેऽમરંજયૈર્દેવવ્રતાદ્યાતિરથૈસ્તિમિંગિલૈઃ ।
દુરત્યયં કૌરવસૈન્યસાગરં કૃત્વાતરન્ વત્સપદં સ્મ યત્પ્લવાઃ ॥૧/૫॥

પરીક્ષિત કહે છે : ગુરુજી! હું મારા વંશના ગૌરવને યાદ કરું છું. હું પાંડવવંશનો છું. મારા પિતામહ પાંડવો કદી નિર્બળ ન હતા. તેમણે ક્યારેય લાચારી ભોગવી નથી. જ્યારે જુઓ ત્યારે તેઓ અન્યાય અને અનીતિનો સામનો કરવા તત્પર રહ્યા છે. પાંડવોમાં જાગેલી આ શક્તિભાવના એ સાક્ષાત્ શ્રીદ્વારકાનાથની આપેલી છે. મોટા મોટા તિમિંગલો આવ્યા. તિમિંગલ એટલે સો યોજન વિસ્તારવાળું માછલું. આવા માછલાને પણ ગળી જાય તે તિમિંગલ. દુર્યોધનની સેનામાં આવા મોટા મોટા મગરમચ્છો જેવા યોદ્ધાઓ પડેલા હતા. તેમાં અશ્વત્થામા, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, દુઃશાસન, શલ્ય હતા. જબરદસ્ત વિશાળ સેના હતી. એ સેનાને પણ ભગવાન શ્રીદ્વારકાનાથની કૃપાથી મારા દાદાજી જીતી ગયા, એવા કુળનો હું નબીરો છું. મેં હાથમાં ચૂડીઓ પહેરી નથી. માટે મહારાજ, તમે મને ભાગવતી કથાઓ સંભળાવો. જે યુદ્ધ જીતી શકે તે શું જીવનયુદ્ધ ન જીતી શકે?

કુરુક્ષેત્રના મેદાનમાં જેમ પાંડવો અને કૌરવોનું યુદ્ધ ચાલે છે, તેમ મનના મેદાનમાં પણ પાંડવો અને કૌરવોનું યુદ્ધ ચાલે છે. એક બાજુ, સો-સો કૌરવો જેવા દુર્ગુણો છે અને બીજી બાજુ, પાંડવો જેવા અંતઃકરણના સદ્ગુણો છે. પરીક્ષિત કહે છે હું મારા દુર્ગુણો સામે લડીશ, મારામાં રહેલા કૌરવભાવ સામે લડીશ. તમે જે કહેશો તેનું જીવનમાં આચરણ કરવાની મારી તૈયારી છે. પરીક્ષિતે શ્રીશુકદેવજીને

આ બીજું પ્રમાણપત્ર આપ્યું કે મારામાં રહેલી આસુરી વૃત્તિઓ અને શક્તિઓ સામે લડવાની સજ્જતા સાથે હું આવ્યો છું.

જ્યારે માણસના અંતઃકરણમાં વિશ્વાસ આવે છે કે હું જે કરું છું તે પ્રભુની પ્રેરણાથી કરું છું; ત્યારે તેનામાં આવી શક્તિ આવે છે. જેને ઈશ્વરની શક્તિનો અનુભવ થયો છે, તે પોતાની વૃત્તિઓ સામે જરા પણ ડગતો નથી.

પરીક્ષિત ત્રીજું પ્રમાણપત્ર આપે છે –

દ્રૌણ્યસ્ત્રવિપ્લુષ્ટમિદં મદંગં સંતાનબીજં કુરુપાણ્ડવાનામ્ ।
જુગોપ કુક્ષિં ગત આત્તચક્રો માતુશ્ચ મે યઃ શરણં ગતાયાઃ ॥૧/૬॥

પરીક્ષિત કહે છે, 'હું કેવળ વૈષ્ણવ કુળમાં જન્મ્યો છું; એટલું જ નહીં, વૈષ્ણવકુળમાં જન્મીને વૈષ્ણવ પણ બન્યો છું.' વૈષ્ણવ વંશમાં જન્મે છે ઘણાં, પણ વૈષ્ણવ બને છે થોડાં. વૈષ્ણવકુળમાં જન્મવાથી નહીં; વૈષ્ણવકુળમાં જન્મીને વૈષ્ણવ બનવાથી ખુમારી આવે છે. પરીક્ષિત કહે છે : મારા જન્મ વખતે મારી રક્ષા સાક્ષાત્ શ્રીદ્વારકાનાથે મારી ઉત્તરા માતાના ગર્ભમાં કરી હતી. આપણને પ્રશ્ન થશે કે ઉત્તરાજીના ગર્ભમાં ગોવિંદજીને જવાની જરૂર કેમ પડી? ગર્ભમાં ગયા વિના જ તેઓ તેમની શક્તિથી પરીક્ષિતનો ઉદ્ધાર કરી શક્યા હોત. પરીક્ષિત કહે છે, ભગવાન મારી પાસે એટલા માટે પધાર્યા કે મને તેમનો સ્પર્શ થાય. માતાજીના ઉદરમાં મારી રક્ષા કરવાનું તો એક બહાનું હતું. તેઓ મને પ્રત્યક્ષ તેમનો સ્પર્શ કરાવવા ઇચ્છતા હતા.

બીજું કારણ એ છે કે પરીક્ષિત મર્યાદા-પુષ્ટિ જીવ છે. મર્યાદા-પુષ્ટિ જીવ હોવાથી ભગવાન સ્વતઃ એની રક્ષા કરવા પધારે છે. મને એમ લાગે છે કે દુનિયાને સાચો સત્યાગ્રહ ગાંધીજીની પહેલાં પરીક્ષિત રાજાએ જ શીખવ્યો છે. ગાંધીજીએ દુનિયા સામે સત્યાગ્રહ માંડ્યો હતો. પરીક્ષિત રાજાએ ભગવાન સામે સત્યાગ્રહ કર્યો. તેમણે કહ્યું : 'તમે મને જીવન આપ્યું છે, તો મારું મરણ પણ સુધારો.'

પરીક્ષિત શ્રીશુકદેવજીને પ્રશ્ન કરે છે : શ્રી દેવકીજીના ઉદરમાં બિરાજેલા શ્રી સંકર્ષણજીનું આકર્ષણ કરીને યોગમાયાએ તેમને શ્રી રોહિણીજીના ઉદરમાં કેવી રીતે પધરાવ્યા? બીજો પ્રશ્ન એ છે કે ભગવાન મુકુંદ મોક્ષનું દાન આપનારા છે?

કસ્માન્મુકુન્દો ભગવાન્ પિતુર્ગેહાદ્ વ્રજં ગતઃ ।
ક્વ વાસં જ્ઞાતિભિઃ સાર્ધં કૃતવાન્ સાત્વતાં પતિઃ ॥૧/૭॥

ભગવાન મુકુંદ વ્રજમાં પધાર્યા. જ્ઞાતિજનો સાથે વાસ કર્યો; એટલું જ નહિ, તેઓ કેશવ છે – બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેને આનંદનું દાન કરનારા છે, એવા ભગવાનને દુનિયામાં પધારીને આવી માનુષી લીલા કરવાની જરૂર શી પડી?

એતદન્યચ્ચ સર્વં મે મુને કૃષ્ણવિચેષ્ટિતમ્ ।
વક્તુમર્હસિ સર્વજ્ઞ શ્રદ્દધાનાય વિસ્તૃતમ્ ॥૧/૧૨॥

પરીક્ષિત કહે છે: 'ગુરુજી! હું તમને આ પ્રશ્નો પૂર્વગ્રહથી નથી પૂછતો. શ્રદ્ધાથી પૂછું છું. મારું કહેવું એમ નથી કે શ્રીકૃષ્ણ ભગવાન નથી. મારું એમ પણ કહેવું નથી કે જે માતાના ઉદરમાં આવ્યા, પરિચ્છિન્ન બન્યા, અભિવ્યક્ત થયા, એ ભગવાન નથી. મારા નાનકડા મગજમાં આ બધી વાતોનો મેળ બેસતો નથી. છતાં હું શ્રદ્ધાળુ છું, તો મને સમજાવો. એવી રીતે સમજાવો કે જેથી મારી શ્રદ્ધા ટકી રહે. બુદ્ધિથી અને ભાવથી મને સમજાવજો. આપ સર્વજ્ઞ છો, હું શ્રદ્ધાળુ છું.' શ્રોતામાં જ્યાં સુધી શ્રદ્ધા ન હોય, ત્યાં સુધી પારલૌકિક તત્ત્વને સમજવા માટે તેની દૃષ્ટિ ચાલે જ નહિ.

આમ, તેર શ્લોકોથી પ્રશ્નો પૂછી પરીક્ષિત રાજા નિવૃત્ત થયા. શ્રીશુકદેવજી આનંદની ઊર્મિથી પ્રસન્ન થયા.

એવં નિશમ્ય ભૃગુનન્દન સાધુવાદં વૈયાસકિઃ સ ભગવાનથ વિષ્ણુરાતમ્ ।
પ્રત્યર્ચ્ય કૃષ્ણચરિતં કલિકલ્મષઘ્નં વ્યાહર્તુમારભત ભાગવતપ્રધાનઃ ॥૧/૧૪॥

પરીક્ષિત રાજાએ જ્યારે આ બધા પ્રશ્નો પૂછ્યા, ત્યારે સૂતજી કહે છે કે શ્રી શુકદેવજીએ તે ધ્યાનથી સાંભળ્યા. અહીં **શૃત્વા** નહીં, **'નિશમ્ય'** કહ્યું છે. રાજાના અભિપ્રાયપૂર્વક, અંતઃકરણમાં ભગવદ્‌ભાવની જાગૃતિપૂર્વક શ્રીશુકદેવજી મહારાજ આ પ્રશ્નો સાંભળે છે. જ્યારે અભિપ્રાય અને અર્થનું એકીકરણ થાય, ત્યારે તેનું સુંદર નિરાકરણ થાય. આથી શ્રી શુકદેવજી આજે અંતરમાં આનંદિત બનીને વિચાર કરે છે કે સંભળાવનાર સાર્થક ક્યારે બને કે જ્યારે રાજા પરીક્ષિત જેવા જિજ્ઞાસુ શ્રોતા હોય. શ્રી શુકદેવજી રાજા પરીક્ષિતને કહી રહ્યા છે કે આજે હું તમારું એટલા માટે અભિનંદન કરું છું કે ભગવાને તમારા જેવા જિજ્ઞાસુ શ્રોતાને મોકલ્યા છે.

દશમ સ્કંધની કથા શ્રીશુકદેવજી કરતા નથી, સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ કરે છે. એ બતાવવા આ શ્લોકમાં શબ્દ મૂક્યો 'સભગવાન'. પરીક્ષિત રાજાના પ્રશ્નથી જાગૃત થયેલા પ્રભુ જ કથા કરી રહ્યા છે.

કથા બે રીતે થાય : એક **કલ્પનાથી** અને બીજી હૃદયમાં આવિર્ભૂત થયેલા ભગવાનની **અનુભૂતિથી**. કલ્પનાની કથામાં જેટલો આનંદ નથી, એટલો અનુભવની કથામાં છે. વાતો ઘણા કહે છે, પણ એ વાતોમાં અનુભવનાં બિંદુઓ કોઈકનાં જ હોય છે. આજે સાક્ષાત્ ભગવાન શ્રી શુકદેવજીના અંતઃકરણમાં જાગૃત થયા છે. શ્રી શુકદેવજીનાં નેત્રો બંધ છે, રોમરોમમાં કૃષ્ણ-કૃષ્ણનું રટણ છે.

શ્રીમહાપ્રભુજી કહે છે, એનું રહસ્ય એ છે કે ભગવાનની રહસ્યમય વાતો ભગવાન સિવાય કોણ બતાવે? આ કથા શ્રી શુકદેવજીએ કરી નથી, એનું કારણ એ છે કે ભગવાનની જે અંતરંગ લીલાઓ શ્રી શુકદેવજી પણ જાણતા નથી, તે આજે કહેવાય છે. આપણી ખાનગી વાત બીજો કોઈ કહે, તો સ્પષ્ટ છે કે આપણે તેને એ વાત કહી હોય. એવી રીતે ભગવાનની અંતરંગ લીલાઓ કહેવા માટે શ્રી શુકદેવજી ભગવાનથી પ્રેરિત થયા છે.

શ્રી શુકદેવજી મહારાજના મુખારવિંદમાંથી હવે કૃષ્ણકથા વહેવાની શરૂઆત થાય છે.

પ્રકરણ ૩

ભગવાનને અવતરવા દેવો અને પૃથ્વીની પ્રાર્થના

શ્રીશુકદેવજી મહારાજ કૃષ્ણકથાના પ્રારંભે કહે છે :

સમ્યગ્વ્યવસિતા બુદ્ધિસ્તવ રાજર્ષિસત્તમ ।
વાસુદેવકથાયાં તે યજ્જાતા નૈષ્ઠિકી રતિ: ।।૧/૧૫।।

શ્રીશુકદેવજી રાજા પરીક્ષિત માટે સંબોધન વાપરે છે : '**રાજર્ષિસત્તમ**.' રાજા પરીક્ષિતે શ્રીશુકદેવજીને '**મુનિસત્તમ**' કહ્યા હતા. કેવળ રાજ્ય ચલાવે તે **રાજા**. નિષ્કામ ભાવે રાજ્ય ચલાવે તે **રાજર્ષિ**. સમજીને નિષ્કામ ભાવથી રાજ્ય ચલાવે તે '**રાજર્ષિસત્**.' સમજીને, નિષ્કામભાવથી, ભક્તિને હૃદયમાં ધારણ કરીને, જે પોતાની જવાબદારીઓ અદા કરે, તે '**રાજર્ષિસત્તમ**.'

શ્રીશુકદેવજી કહે છે : 'હે પરીક્ષિત! તમારી પાસે આવી વિપુલ સંપત્તિ છે; છતાં સંપત્તિએ તમને ચળાવ્યા નથી. તમારી પાસે વિપુલ સત્તા છે; છતાં એ સત્તામાં તમે ડૂબ્યા નથી. તમારી પાસે જ્ઞાનનો ખજાનો છે. એ જ્ઞાનથી તમે છકી ગયા નથી. પ્રભુને જાણવાની અને માણવાની ભાવના લઈને તમે મારી પાસે આવ્યા છો.'

શ્રીશુકદેવજીએ આ શ્લોકની પહેલી પંક્તિમાં રાજા પરીક્ષિતને **અભિનંદન** આપ્યાં. બીજી પંક્તિમાં તેમને **અભિવંદન** કર્યાં : તમારી બુદ્ધિ ભગવાનમાં સ્થિર થઈ છે, તેને હું અભિનંદું છું. એ બુદ્ધિમાં ભગવાન પ્રત્યેની પ્રીતિ જાગૃત થઈ છે; માટે હું તમને અભિવંદું છું. જે મતિ ભગવાનને શોધતી હોય, તે પ્રશંસાને પાત્ર છે. જે મતિ ભગવાનને શોધીને ભગવાનમાં પ્રેમવાળી થતી હોય, તેને વારંવાર જીવનમાં લાવવા જેવી છે. શ્રીશુકદેવજી પરીક્ષિતને કહે છે : શ્રીશ્યામસુંદરની કથા સાંભળવામાં તમને નૈષ્ઠિકી પ્રીતિ છે. કોઈના કહેવાથી જાગે તે પ્રીતિ જુદી; પણ સ્વત: જાગે તે નૈષ્ઠિકી પ્રીતિ. નૈષ્ઠિકી પ્રીતિ એટલે અંદરથી જાગેલી પ્રીતિ. કોઈ કહે કે અમુક સ્થળે કથા થાય છે, તમે ચાલો. આપણે ગયાં. એ નૈષ્ઠિકી પ્રીતિ નથી. ભગવદ્‌કથાના આક-ર્ષણથી, એના તરફ અનુરક્ત ચિત્તથી જે દોડતો આવે તે નૈષ્ઠિકી પ્રીતિવાળો છે.

પ્રવૃત્તિ બે પ્રકારે થાય : શાસ્ત્રત: અને સ્વત:. શ્રીમહાપ્રભુજી કહે છે જેની પ્રવૃત્તિ સ્વત: થાય છે તે પહેલા નંબરનો, અને શાસ્ત્ર-પરત: પ્રવૃત્તિ થાય તે બીજા નંબરનો. શ્રીશુકદેવજી કહે છે : રાજન્, તમે સાવધાન થાઓ. હવે હું તમને પૃથ્વીના એ ભાગમાં

લઈ જાઉં છું, જ્યાં પૃથ્વીમાતા અશ્રુ સારી રહ્યાં છે. પૃથ્વી માતા બોજિલ બની ગયાં છે. પૃથ્વીમાતા કણકણમાં આંસુથી ભીંજાઈ રહ્યાં છે. પૃથ્વી એના બોજથી રડે છે. રાજન્! પૃથ્વીમાં વસ્તીનો વધારો એને સાલતો નથી, પણ પૃથ્વીને વાસનાનો વધારો સાલે છે. લોકો વસતિ ઓછી કરવાનું કહે છે, જ્યારે પૃથ્વીમાતા કહે છે કે તમારામાં રહેલી અનંત વાસનાઓને ઓછી કરો.

ભૂમિર્દપ્તનૃપવ્યાજદૈત્યાનીકશતાયુતૈ: ।
આક્રાન્તા ભૂરિભારેણ બ્રહ્માણં શરણં યયૌ ॥૧/૧૭॥

ધરતી ઉપર જ્યારે એક દુષ્ટ જીવાત્મા વસે છે, ત્યારે ધરતી ત્રસ્ત બને છે. ધરતી ઉપર જ્યારે કરોડો ભક્ત જીવાત્માઓ વસે છે, ત્યારે ધરતીને જરાય ભાર લાગતો નથી.

પૃથ્વીમાતાએ ગાયનું રૂપ લીધું. જેવી રીતે ગાયને જ્યાં દોરીએ ત્યાં જાય, એવી રીતે આ ધરતીને પણ ખેડવાથી, ખાતર આપવાથી, બીજ વાવવાથી સુંદર અંકુરોનું તે પ્રતિદાન કરે છે. ગાયમાં અને ધરતીમાં સમાન ધર્મો છે, એ બતાવવા માટે ગાયનું રૂપક આપ્યું છે.

અંકુરિત બનેલી, પલ્લવિત ધરતી ભગવાનને પ્રશ્ન કરી રહી છે : 'મહારાજ, શું આપે મને એટલા માટે પલ્લવિત કરી કે મારી આ હરિયાળીને રાક્ષસો છિન્નભિન્ન કરે?' ધરતી એના પેટાળમાં રહેલા ભાવને જાગૃત કરવા માટે બ્રહ્માજી પાસે ગઈ. બ્રહ્માજી પાસે ગઈ, એનો અર્થ એ છે કે તે પોતાના સર્જકને પ્રશ્ન પૂછે છે : 'તમે મને ઉત્પન્ન શા માટે કરી? જો મને ઉત્પન્ન કરી, તો મારા ઉપર આવા ક્રૂર આખલાઓને શું કરવા ઉત્પન્ન કર્યા, જે મારો બોજ વધારે!' માણસ દુ:ખી થાય છે ત્યારે તે તેના સર્જકને પૂછે છે કે તમે મારું આવું સર્જન શા માટે કર્યું?

શ્રીભાગવતજીની સાહિત્યિક ભાષામાં પરોક્ષરૂપે પૃથ્વીનું ઉદાહરણ કહેવાઈ રહ્યું છે. બ્રહ્માજી પૃથ્વીનો પ્રશ્ન સાંભળી, હસીને કહે છે : 'દેવી, મારું કામ સર્જન કરવાનું છે. સત્યયુગમાં સારું સર્જન કરું, ત્રેતાયુગમાં મધ્યમ સર્જન કરું, દ્વાપર યુગમાં થોડું ખટપટવાળું સર્જન કરું અને કળિયુગમાં તો સાવ કાળા લોકોનું સર્જન કરું છું. અત્યારે દ્વાપરયુગની પૂર્ણાહુતિ અને કલિયુગની જાગૃતિ છે; એટલે સ્વાભાવિક છે કે તારા ઉપર કાળા હૃદયનાં માણસો આવશે. ભગવાનની જેવી ઇચ્છા હોય એવું મારે સર્જન કરવાનું છે.'

પૃથ્વી કહે છે : 'મહારાજ, મારાથી હવે ભાર સહન થતો નથી.'

બ્રહ્માજી કહે છે : 'ભાર સહન ન થાય, તો મહાદેવજીને મળો. મેં સર્જેલાં હાંલ્લાં ફોડવાનું કામ તેમનું છે. શિવજીનું કાર્ય વિસર્જનનું છે.'

આજે દુનિયા વિસર્જન તરફ ઢળી રહી છે. આટલાં બધાં ઍટમબૉમ્બ જેવાં ઘાતક શસ્ત્રો પહેલાં કદી બન્યાં ન હતાં. આજે જેટલી વિસ્ફોટક અને વિનાશક સામગ્રીઓ છે, એટલી ભૂતકાળમાં ક્યારેય ન હતી. મને એમ લાગે છે કે અત્યારે મહાદેવજીની લીલા ચાલી રહી છે. ભગવાનના સંકર્ષણ-વ્યૂહનું આ કાર્ય છે. જેટલાં જેટલાં સંશોધનો થાય છે, એ બધાંનો ઉપયોગ માણસે વિકાસને બદલે રકાસ માટે કરવાની શરૂઆત કરી છે. આપણે બધાં ભયત્રસ્ત છીએ કે જ્યારે ત્રીજું વિશ્વયુદ્ધ જાગશે, ત્યારે આપણાં બધાંનો ખાતમો બોલી જશે! એક બાજુ લોભ છે, બીજી બાજુ શસ્ત્રો છે, ત્રીજી બાજુથી માનવ-સંહારની પ્રવૃત્તિ છે. ચારે બાજુથી એમ જ લાગે છે કે મહાદેવજીનું સંકર્ષણ-વ્યૂહનું કાર્ય થઈ રહ્યું છે. એકબીજાનો ટાંટિયો ખેંચવાની જ પ્રવૃત્તિ ચાલે છે.

હવે પૃથ્વીમાતા શિવજીને વિનંતી કરે છે, 'હે શિવજી! તમે તો કલ્યાણતત્ત્વ છો. મારા ઉપરનું અકલ્યાણ દૂર કરો.'

શિવજી કહે છે : 'દેવી, અત્યારે વિષ્ણુજી પાલનનું કાર્ય કરી રહ્યા છે. જ્યાં સુધી તેઓ પાલન કરતા હોય, ત્યાં સુધી મારાથી સંહાર થાય નહિ.'

બ્રહ્માજી અને શિવજીને આગળ કરીને, દેવોના પ્રતિનિધિમંડળને સાથે લઈને અતિ દુ:ખી બનેલાં પૃથ્વીમાતા ભગવાન પાસે જાય છે અને વિનંતી કરે છે, 'હે ભગવન્! આપની દુનિયા આવી કેવી? આ પૃથ્વી ઉપર એકબીજા માટે પ્રેમ નથી. એકબીજા માટે શ્રદ્ધા અને ભાવ નથી. મારા ઉપર કેટલો બધો ભાર વધી ગયો છે!' પૃથ્વીમાતાને અતિ પીડિત બનેલાં જોઈને ભગવાને બ્રહ્માજીના અંત:કરણમાં પ્રેરણા કરી – 'બ્રહ્મા! મારું કામ બનાવવાનું અને બગાડવાનું. પૃથ્વીનો ભાર હળવો કરવા હું સ્વયં પૃથ્વી ઉપર આવીશ.'

ગીતાજીનાં વચનોને આપણે યાદ કરીએ :

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥૪/૭॥

પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥૪/૮॥

જ્યારે જ્યારે જગત ભીડમાં આવે છે, ત્યારે ઈશ્વરનો એક ચમકારો પૃથ્વી ઉપર થાય છે. એમ આ વખતે પણ ભગવાને અવતાર લેવાની ઇચ્છા કરી. પૃથ્વીને સાંત્વના આપી : 'દેવી! તમે ડરશો નહિ. જ્યાં અસાધુ લોકો વસે છે, ત્યાં જ સાધુ હોય છે.' જ્યાં ગંદકી દેખાય છે, ત્યાં સુંદરતા પણ હોય છે. સુંદર કમળ કાદવમાંથી જ ખીલે છે; તેમ કીડા પણ કાદવમાં જ જન્મે છે.

ઈશ્વરની દુનિયામાં સારા-નરસાનું જેટલું બૅલેન્સ છે; એટલું બીજે ક્યાંય નથી. આથી ભગવાન પૃથ્વીને આશ્વાસન આપે છે : 'દેવી! તમે એક જ દૃષ્ટિથી બધું જોયું છે, બીજી દૃષ્ટિથી જોવાની તક તમને સાંપડી નથી. એ બીજી દૃષ્ટિ તરફ હું તમને લઈ જઈશ. એક બાજુ તમારા ઉપર હિરણ્યાક્ષ જન્મે છે, તો બીજી બાજુ પ્રહ્લાદ પણ જન્મે છે. એક બાજુ રાવણ આવ્યો, તો બીજી બાજુ રામજી પણ આવ્યા.'

આવો દૃષ્ટિકોણ જો આપણામાં ખીલે, તો સમાજમાં સુંદર તત્ત્વોનું સંગઠન થાય. અસુંદર તત્ત્વો આપોઆપ દૂર થતાં જાય. ભગવાનને એવું કહેવું છે કે 'આવું જે સુંદર તત્ત્વ છે; તેનું દર્શન કરાવવા માટે જ હું જગતમાં પ્રગટ થવાનો છું. મારી શક્તિનો સંચય હું દુનિયાને બતાવીશ.'

પૃથ્વી ઉપર દૈવી સૃષ્ટિ અને સંપત્તિ વધારવા માટે ભગવાને દેવોને આજ્ઞા આપી – આસુરી વૃત્તિનાં લોકોની સંખ્યા ઘટે અને દૈવી વૃત્તિનાં લોકોની સંખ્યા વધે, એટલા માટે તમે પણ પૃથ્વીલોકમાં જન્મ લો; જેથી મને રાજ્ય કરવાની સમજણ પડે. મારે જબરજસ્તીથી રાજ્ય નહિ કરવું પડે, કારણ કે મારો પક્ષ જ મોટો હશે. પ્રભુએ દૈવી સૃષ્ટિનો વિજય કરવા દેવોને જન્મ લેવાની આજ્ઞા આપી.

પ્રકરણ ૪

કૃષ્ણ એ જ પરબ્રહ્મ

યશોદાજીના આંગણમાં ધૂળથી ધૂસરિત અને વાંકડિયા વાળમાં ગોરજથી છૂરિત બનેલો, હાથમાં લકુટી અને બંસી લઈ, ગોપીઓની ગોળી ફોડતો એ કોઈ નાનો પ્રાકૃત બાળક ગોવાળિયો ન હતો. એ વામન-સ્વરૂપમાં શ્રીશુકદેવજીનું અંતર વરસી પડ્યું. તેમને ખાત્રી થઈ કે આ વામન નથી, વિરાટ છે. એક વેદાંતીએ ગોપિકાના મુખથી બહુ સુંદર પંક્તિ કહેવડાવી છે, 'હે સખી, તારે વેદાંતના બ્રહ્મને જોવો છે? અત્યાર સુધી તો આપણે બ્રહ્મની ભ્રમણાઓમાં જ અટવાતાં રહ્યાં હતાં. એ બ્રહ્મનું વાસ્તવિક દર્શન કરવું છે? –

શૃણુ સખી કૌતુકમેકં નંદનિકેતાંગણે મયા દૃષ્ટમ્ ।
ગોધૂલિ ધૂસરિતાંગ: નૃત્યતિ વેદાંતસિદ્ધાંતસાર: ॥

'સખી! વેદાંતના સાર-સ્વરૂપ એ, ધૂળથી ખરડાયેલો, નંદબાવાના આંગણમાં નાચે છે. મેં તેને જોયો.' આ કોઈ સામાન્ય દર્શન નથી. બિંદુમાં સિંધુને જોવો, વામનમાં વિરાટને જોવો, અલ્પમાં મહાનને જોવો - એ અસામાન્ય દર્શન છે. તેથી ઊલટું આપણું આજની બુદ્ધિવાદી વિચારધારાનું દર્શન છે - વિરાટમાં વામનનું, સિંધુમાં બિંદુનું, મહાનમાં અલ્પનું દર્શન! તેઓ કહે છે કે 'હે કૃષ્ણ! તમને ભગવાન કહેવા અમારી બુદ્ધિ તૈયાર નથી. તુંય અમારા જેવો માટીનો માનવી છે.'

આજે આપણી સ્થિતિ એવી છે કે આપણે કોઈને મોટો માનવા તૈયાર નથી. અગર દુનિયામાં કોઈ મોટો હોય તો તે હું જ છું, બીજો કોઈ નથી. ભૌતિકવાદના આજના અતિરેકના કારણે આપણો દૃષ્ટિકોણ બદલાઈ ચૂક્યો છે. આપણે તો ત્યાં સુધી વિચાર કરતાં થઈ ગયાં છીએ કે ખરેખર 'કૃષ્ણ' નામનું કોઈ અસ્તિત્વ હતું કે નહિ! જ્યારે આપણા ચિત્તમાં આવી શંકાઓ વસી ગઈ છે, ત્યારે એમ લાગે છે કે એ બુદ્ધિ આપણી નથી; પરંતુ ક્યાંકથી ઉછીની લીધેલી છે.

જે ભારતમાં રામ ન હોય, જે ભારતમાં કૃષ્ણ ન હોય, એ ભારતની કલ્પના જ કેવી? એની સંસ્કૃતિ જ ક્યાં? એના સંસ્કારો ક્યાં? હિન્દુસ્તાનની સંસ્કૃતિના એકેએક ક્ષેત્રને જુઓ. એવું કોઈ ક્ષેત્ર નથી, જ્યાં કૃષ્ણજીનો પ્રભાવ ન હોય. ચિત્રકળા, સંગીતકળા, સાહિત્ય - બધી જ કળાઓ કૃષ્ણમય છે!

વિશ્વમાં આટલી મોટી પ્રતિભા ધરાવનાર કોઈ વિભૂતિ થઈ હશે ખરી? ભગવાનની વાત જવા દો; પણ એને ભગવાન કહેવાનું મન એટલા માટે થાય છે કે એનું વ્યક્તિત્વ વિશ્વનાં તમામ ક્ષેત્રો ઉપર વિસ્તરી ચૂક્યું છે. કૃષ્ણ જેવું નાચતાં કોને આવડે છે? રાસ-પંચાધ્યાયીના એક પ્રસંગમાં ભગવાન શ્રીકૃષ્ણને કેવું સંગીત આવડે છે તે બતાવ્યું છે. આજે જાતિગાન કોઈને આવડતું નથી. જાતિગાન પહેલી શતાબ્દી પહેલાં પણ હિન્દુસ્તાનમાં ઘણું પ્રચલિત હતું. તેના ઉપર આજે ઘણાં સંશોધન કરવાના પ્રયત્નો થાય છે, પણ તે પૂરું શોધાયું નથી. જાતિગાનનો અર્થ એ છે કે શુદ્ધ સ્વરો કાઢવા. રાગની મૂળ અસર જાગૃત કરવી. દીપક રાગ ગાય તો દીવા સળગવા જ જોઈએ. મલ્હાર રાગ ગાય તો વરસાદ વરસવો જ જોઈએ. આજે આવું ગાન ગળામાંથી નીકળતું નથી.

રાસપંચાધ્યાયીના પાંચમા અધ્યાયમાં કહ્યા પ્રમાણે ગોવિંદજીએ રાસમંડલમાં ગાવાની શરૂઆત કરી. ગોવિંદજીના કંઠમાંથી શુદ્ધ સ્વરો નીકળતા હતા, **'સ્વરજાતિ અમિશ્રિતા:'** - અમિશ્રિત શુદ્ધ સ્વરોની જાતિઓ પ્રગટ થતી હતી. ગોવિંદજી ગાતા જાય અને ગોપિકાઓ આલાપ કરતી જાય. શ્યામજી કહે, 'વાહ સખીઓ, આ સ્વરો તો કોઈ યોગીના ઉદરમાંથી જ નીકળી શકે.' શ્યામસુંદર જેવો મોટો બીજો કોઈ ગવૈયો આ દુનિયામાં થયો હશે ખરો? એમને કેવળ કંઠ્ય સંગીત જ નહોતું આવડતું, એમને વાદ્યસંગીત પણ આવડતું હતું.

આજે હજારો વર્ષો પછીયે **'કૃષ્ણની બંસી'** શબ્દ સાંભળતાં જ આપણને કંઈક ઘેલું લાગે છે. શ્રીકૃષ્ણ એવી મધુરી બંસી વગાડતા હતા કે જેનું વર્ણન શ્રીશુકદેવજીએ **વેણુગીત** અને **યુગલગીત**માં કર્યું છે. માણસ વેણુ વગાડે તો માણસનાં માથાં ડોલે, પરંતુ મોહનજી વેણુ વગાડે ત્યારે ઝાડનાં માથાં પણ ડોલે, ગાયનાં માથાંયે ડોલે ને પથ્થરનાં માથાંયે ડોલે. ચેતનને તો મન હોય, તે કદર કરી શકે; પણ જેને મન નથી, તેને મન મળે અને તે કદર કરે, એવી કૃષ્ણની બંસરીની અસર છે. આવો બંસીવાદક હજુ સુધી દુનિયામાં કોઈ થયો નથી. એના ગીતની વાત સાંભળીને આપણે આટલાં ઘેલાં થઈએ છીએ, તો જેમણે એનું ગીત પ્રત્યક્ષ સાંભળ્યું હોય એમની તો વાત જ શી કરવી?

ગોવિંદજી જેવો કોઈ મોટો ચિત્રકાર જગતે જોયો નથી. આથી આજે પ્રત્યેક ક્ષેત્રમાં કૃષ્ણને વણી લેવામાં આવ્યા છે. શ્યામસુંદર જેવો મોટો કોઈ રાજનીતિજ્ઞ

નથી, મોટો સમાજસેવક નથી. મહાભારત અને બીજું સાહિત્ય વાંચવાથી ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય પ્રતિભાનો આપણને ખ્યાલ આવે છે. એમની પ્રતિભાથી ભલભલા અંજાઈ ગયા છે. એ પ્રતિભામાં માણસ માત્ર અંજાઈ જતો નથી, બલકે ખોવાઈ જાય છે. આ પ્રતિભા એવી છે કે તેનાથી અંજાઈને માણસ દૂર ભાગતો નથી; પરંતુ અંજાઈને તેને તેની સાથે બોલવાનું, રમવાનું, તેનામાં ડૂબવાનું મન થાય છે. માટે શ્રી વ્યાસજી અને શ્રી શુકદેવજીને લાગે છે કે આ શ્યામસુંદર આપણા જેવો સાધારણ માણસ નથી, એનામાં અસાધારણ દિવ્ય વ્યક્તિત્વ છે. એનામાં રહેલી ઈશ્વરતાનું દર્શન મુનિઓ કરે છે, આપણી લઘુબુદ્ધિ કરી શકતી નથી. આપણને તો એમ જ લાગે કે એને નાચતાં ને ગાતાં આવડ્યું, એટલે શું એ ભગવાન થઈ ગયો?

શ્રી વ્યાસજી અને શ્રી શુકદેવજી જેવા મોટામોટા મુનિઓની દૃષ્ટિમાં તે કંઈક અજબ-ગજબનો છે. તે વ્યાપક ઈશ્વર તરીકે છવાઈ ગયો છે. ભગવાન શ્રીકૃષ્ણ જેવો ભોગમાં પણ યોગ સાધનારો જગતમાં બીજો કોણ મળશે? શ્રીકૃષ્ણની ચરિત્રાવલિમાં મોટામાં મોટું કોઈ પાસું હોય, તો તે ભોગમાં યોગ છે. સોળહજાર ને આઠ રાણીઓ હોવા છતાં તે તદ્દન નિઃસ્પૃહ, નિર્લેપ, સર્વથી પર! આવું વ્યક્તિત્વ માણસ કેળવી શકે નહિ. શ્રી શુકદેવજીને પણ શ્રીકૃષ્ણ માટે કહેવું પડ્યું **'યોગેશ્વરેશ્વરઃ'**. ઈશ્વર તરીકેની અસાધારણ પ્રતિભા એમણે ઘણી વાર પ્રગટ કરી છે. છ દિવસના હોય ત્યારે પૂતનાનો વધ કરે. એક વર્ષના થતાં તૃણાવર્તને કબજે કરે. આ બધું અલૌકિક સામર્થ્ય છે. શ્રી શ્યામસુંદરના ચરિત્રમાં આવું અલૌકિક વીર્ય પ્રગટ થતું દેખાય છે.

આવા કૃષ્ણને ધારણ કરવા માટે જેમણે મા-બાપનું પાત્ર ભજવવાનું છે, તે સાધારણ હોય તો કેમ ચાલે? જે ભગવાન શ્રીકૃષ્ણને ધારણ કરનારી માતા બનશે તે દેવકીજી કહેવાશે. 'કૃષ્ણોપદેશ'માં **'દેવકી'** શબ્દનો બહુ સુંદર અર્થ મળે છે – જેનામાં દિવ્ય પ્રકાશને ધારણ કરવાની શક્તિ હોય - જે દિવ્યતાને ધારણ કરે - એ દેવકી.

ઉપનિષદોએ વસુદેવ શબ્દની પણ વ્યાખ્યા કરી : **'વિશુદ્ધસત્ત્વં વસુદેવ સંનિહિતમ્'** - અંતઃકરણમાં બિરાજતું વિશુદ્ધ સત્ત્વ તે વસુદેવ. જેમની પાસે આવું વિશુદ્ધ સત્ત્વ અને દિવ્ય બુદ્ધિ હોય, એની પાસે જ કૃષ્ણજી પ્રગટ થાય છે.

જેવી રીતે માતા-પિતાના સંયોગથી, માતાના ઉદરમાંથી લૌકિક બાળકનો આવિર્ભાવ થાય; એવી રીતે કૃષ્ણજન્મ નથી. વિશુદ્ધ અંતઃકરણ અને દિવ્ય બુદ્ધિના આધાર-સ્થાનમાં દિવ્ય પરમાત્માની અભિવ્યક્તિ થવી, એનું નામ કૃષ્ણજન્મ છે.

જન્મ એટલે જે નથી તેની જાગૃતિ નહિ, જે છે તેની અભિવ્યક્તિ. આનો અર્થ એવો નથી કે શ્રીકૃષ્ણ-જન્મ પહેલાં કૃષ્ણ હતા જ નહિ. જે ઈશ્વર અત્યાર સુધી માયારૂપી પડદા પાછળ છુપાયેલો હતો, તેની અભિવ્યક્તિ; એટલે તેમનો જન્મ. આથી શ્રીમહાપ્રભુજી કૃષ્ણજન્મ માટે **'આવિર્ભાવ'** કે **'પ્રાદુર્ભાવ'** શબ્દ વાપરે છે, **'જન્મ'** શબ્દ કે **'ઉત્પત્તિ'** શબ્દ પણ વાપરતા નથી.

આ કૃષ્ણને, જે વસુદેવ અને દેવકી બને તે ધારણ કરી શકે. જે યશોદા અને નંદ બને તે ધારણ કરી શકે. આનંદ કરે અને આનંદ કરાવે તે નંદ. યશ આપે અને યશ લે તેનું નામ યશોદા. યશોદા દુનિયાને યશ આપતાં નથી, ઈશ્વરને યશ આપે છે. યશોદાજી કૃષ્ણને કહે છે : 'હે શ્યામસુંદર! મારી શ્રદ્ધાએ તને આટલો મધુર બનાવ્યો છે. મારા પ્રેમથી તું મધુર બન્યો છે.'

આવું વિપુલ, વ્યાપક સ્વરૂપ યશોદાજીના વાત્સલ્યભાવથી છલકાઈ જાય, કારણ કે એ ઈશ્વરને પુત્રભાવનું પ્રદાન યશોદાજીએ કર્યું. માટે કહ્યું કે તે યશ આપનારાં છે. આવી જ રીતે ઈશ્વરને પણ આનંદ આપે તે નંદ. આખી દુનિયાને ભગવાન આનંદ આપે, પણ ભક્ત ભગવાનને આનંદ આપે. ભગવાન કહે છે : હું એટલો બધો સ્વતંત્ર છું કે ક્યાંય બંધાયો નથી. કોઈક મને બાંધે તો સારું.

ઘણી વાર બંધનમાં મુક્તિની ઝંખના થાય છે અને ઘણી વાર મુક્તિમાં બંધનની ઝંખના થાય છે. માણસને ક્યારેક એવી પણ ઇચ્છા થાય છે કે કોઈક મને પૂછનાર હોય, કોઈક મને લડનાર હોય તો સારું. કેટલાક એમ ઇચ્છે છે કે રાત્રે ઘેર મોડા જઈએ, તો કોઈક પૂછનાર હોય કે કેમ મોડું થયું? કેટલાક એમ ઇચ્છે છે કે આવું પૂછનાર અમારે કોઈ જોઈએ નહિ.

શ્રીશ્યામસુંદર વિચાર કરે છે : અત્યાર સુધી હું સર્વતંત્ર સ્વતંત્ર હતો. જેમ ધારું તેમ કરતો હતો. ક્યાંક તો મારી ઇચ્છા ઉપર નિયંત્રણ આવે - એ નિયંત્રણ કરનાર બન્યાં નંદ ને યશોદા, વસુદેવ ને દેવકી. પરમાત્માને પરતંત્ર બનાવનાર ભક્તના અંત:કરણનો આવો ભાવ બન્યો.

■

પ્રકરણ ૫

દેવકીજીનું લગ્ન અને આકાશવાણી

હવે આપણે એ મથુરા નગરીમાં જઈએ, જ્યાં દેવકીજીનો સાત પ્રકારે ઉત્કર્ષ બતાવવામાં આવ્યો છે. શુકદેવજી કહેવા માગે છે કે ત્રણ જણાંને દુઃખ પડ્યું છે : ભૂમિમાતાને, દેવકી માતાને અને યાદવોને. જ્યાં જ્યાં સ્વજનોના માથા ઉપર દુઃખના ડુંગરો તૂટી પડે છે, ત્યાં ત્યાં એમને બચાવવા શ્યામસુંદર વહેલા વહેલા દોડે છે. ભગવાન બધું સહન કરે, પણ ભક્તોનું દુઃખ સહન કરતા નથી. તેમ ભક્તોના અપરાધ પણ સહન કરતા નથી. દુર્વાસા મુનિને યાદ કરો. તેમણે અંબરિષ રાજાનો અપરાધ કર્યો. ભગવાન કહે છે : હે મુનિ! તમે મને ગાળો આપી હોત, તો હું સહન કરી લેત, પણ તમે મારા ભક્તની નિંદા કરી છે. ભગવાન ભક્તનો અપરાધ સહન કરી શકતા નથી. અહીં ત્રણ ભક્તોનો અપરાધ થયો છે : ભૂમિમાતાનો, દેવકીજીનો અને યાદવોનો. તેમને ભરપેટ દુઃખ પડ્યું છે. એ દુઃખમાંથી તેમને છોડાવવા ભગવાન વહેલા વહેલા મથુરામંડળમાં પધારી રહ્યા છે.

શ્રીશુકદેવજી સમજાવે છે, 'હે રાજા! જેમણે જીવનમાં ક્યારેય નાનકડું પણ દુઃખ જોયું નથી, એમને જરાસરખું દુઃખ પણ ડુંગર જેવું લાગે છે. આવાં દેવકીજી જ્યારે આકાશવાણી સાંભળે છે, ત્યારે મનમાં ધ્રૂજી ઊઠે છે.'

આ દેવકીજીનાં દર્શને આપણે મથુરાનગરમાં પહોંચી જઈએ.

શૂરસેનો યદુપતિર્મથુરામાવસન્ પુરીમ્ ।
માથુરાઞ્છૂરસેનાંશ્ચ વિષયાન્ બુભુજે પુરા ।।૧/૨૭।।

મથુરાના રાજા શૂરસેન સહસ્રાર્જુનના પુત્ર થાય. સહસ્રાર્જુનના પાંચ પુત્રો બચી ગયેલા, તેમાં શૂરસેન બીજા નંબરના. શૂરસેને પોતાના બે પુત્રોને બે રાજ્ય આપેલાં : એક શૌરસેન-મંડળ અને બીજું મથુરા-મંડળ. શૂરસેનના નામ પરથી દેશનું નામ પડ્યું શૌરમંડળ. શૌરમંડળ અથવા શૌરસેન દેશ તેને ગમ્યો નહિ. તેને મથુરામંડળ ગમ્યું. તે પોતાના નામવાળો દેશ છોડી, મથુરામંડળમાં આવીને વસ્યો. આમ, દેશનો ઉત્કર્ષ થયો. તે યાદવોની રાજધાની હતી. તે વખતે યાદવોનો ઘણો મોટો પ્રભાવ હતો. એક બાજુ સામ્રાજ્યવાદી જરાસંધ જેવા રાજાઓ હતા, તો બીજી બાજુ ગણરાજ્યવાદી યાદવો હતા. આખા હિન્દુસ્તાન ઉપર ગણરાજ્ય-

વાદી યાદવોનો ઘણો મોટો પ્રભાવ હતો. યાદવોના શૌર્યથી કેટલાય રાજાઓ ડરતા હતા. મગધ દેશના રાજા જરાસંધને જો કોઈનો ડર હોય, તો તે યાદવોનો હતો. યાદવો પાસે સત્તા, સંપત્તિ અને સંપ હતાં.

જે રાજ્યમાં આ ત્રણ વસ્તુઓ હોય, તે રાજ્ય કદી હારતું નથી. યાદવોનું પ્રભુત્વ બહુ મોટા વિસ્તાર પર હતું. તેમના રાજ્યની જનસંખ્યા પણ વિપુલ હતી. છપ્પન કોટિ યાદવો હતા. ઘણા લોકો **'કોટિ'**નો અર્થ કરોડ કરે છે. ખરેખર 'કોટિ'નો અર્થ છે પ્રકાર. જેવી રીતે વણિકોમાં જુદી જુદી જ્ઞાતિઓ હોય છે, બ્રાહ્મણોમાં જુદી જુદી જ્ઞાતિઓ હોય છે; તેમ યાદવોની આ જુદી જુદી જ્ઞાતિઓ છે. આમ, યાદવોની છપ્પન પેટાજ્ઞાતિઓ થઈ. છપ્પન જ્ઞાતિમાં જબરદસ્ત સંપ હતો. સંપને લઈને આખા ભારત ઉપર તેમનું ઘણું પ્રભુત્વ હતું. આવા દેશની રાજકુંવરી બનીને અવતાર લેવો એ સાધારણ વાત ન હતી. આમ, દેવકીજીનો એક ઉત્કર્ષ બતાવ્યો. આ દેવકીમાતાનો દેશથી ઉત્કર્ષ હતો.

મથુરાની રાજધાનીનો યાદવોએ સ્વીકાર કરેલો હતો, તેથી કાળથી પણ એનું પ્રભુત્વ હતું. એ જમાનામાં મથુરાજી માટે શુકદેવજી મહારાજ કહે છે : **'મથુરા ભગવાન્ યત્ર નિત્યં સંનિહિતો હરિ:'** મથુરા એવી રાજધાની છે; જ્યાં ભગવાનનો નિત્ય નિવાસ અને સાંન્નિધ્ય છે. આપણને વિચાર થશે કે શ્રીશુકદેવજીએ વર્ણન કરેલી મથુરા ક્યાં ને આજે આપણે જોઈએ છીએ તે મથુરા ક્યાં? તે દિવસે ત્યાં ભગવાનનો નિત્યવાસ હતો, પણ આજે જાણે ત્યાંથી ભગવાન કરોડો માઈલ દૂર છે.

આજે તો મથુરા સ્ટેશને ટ્રેનમાંથી ઊતરતાં જ ત્યાંના ચોબાઓ ચોપડા લઈને 'જય જમુના મૈયા'ની કરતા આવે છે; ત્યારે એમ લાગે છે કે જેમની પાસે ભગવાન હોય, એમણે આમ રખડવું પડે નહિ. જેમનાથી ભગવાન સો કોસ દૂર હોય, તેમણે જ આમ ચોપડા લઈને રખડવું પડે. આનું બહુ સુંદર સમાધાન **'ટિપ્પણીજી'**માં શ્રીગુસાંઈજીએ કર્યું છે. જ્યાં સુધી શ્રીહરિનો આવિર્ભાવ મથુરામંડળમાં નહોતો થયો, ત્યાં સુધી મથુરામંડળમાં શ્રીહરિનો નિવાસ હતો. જ્યારે ભગવાન સ્વયં ત્યાં પ્રગટ થયા, ત્યારે તે દેશમાં બિરાજતું પોતાનું આધ્યાત્મિક સ્વરૂપ ભગવાને પોતાનામાં સમાવી લીધું. માટે તો એ દેશમાં કંસ જેવા રાજાને પેદા થવાની મોકળાશ મળી. બાકી ત્યાં કંસ કેવી રીતે પેદા થાય? કંસ પછી પણ ત્યાં બધા કંસ જેવા જ પાક્યા છે. એટલે જ કૃષ્ણજીને મથુરા ગમી નહિ, તે છોડીને તેઓ દોડતા દ્વારકા પધાર્યા.

જેવી રીતે આખા શરીરમાં વ્યાપક ભગવાનનું અસ્તિત્વ છે, પણ તેની અભિવ્યક્તિ અંત:કરણમાં છે; તેવી જ રીતે સર્વત્ર ઈશ્વરનો વાસ હોવા છતાં કેટલાંક દેશ-વિદેશનાં સ્થળો એવાં છે, જ્યાં જઈએ તો જલદીથી.ભગવાનનો અનુભવ થાય. શ્રી ભાગવતજીમાં આવાં ઘણાં સ્થળોનું વર્ણન છે. એવું **એક સ્થાન શ્રીરંગજીનું છે. બીજું છે પુલહાશ્રમનું સ્થાન. ત્રીજું છે બદ્રિકેદારનું સ્થાન.**

વિશાલદેવ નામે એક રાજા થઈ ગયો. તેણે ભગવાન પાસે માગણી કરી કે મને એવું કોઈક સ્થાન બતાવો, જ્યાં થોડીક સાધના કરવાથી તમે જલદી મળો. ભગવાને વિશાલદેવને બદ્રિકેદારનું સ્થાન બતાવ્યું. ત્યાં આજે પણ આપણને અનેક મહાત્માઓનાં દર્શન થાય છે. એ ભૂમિનો પ્રતાપ છે.

એવી જ રીતે વ્રજમંડળમાં શ્રીયમુનાજીના કિનારે અનેક સુંદર ભૂમિ છે. વ્રજના અંદરના ભાગોમાં આજે પણ ઘણા સિદ્ધ મહાત્માઓનાં દર્શન થાય છે. આ બધો તે ભૂમિનો પ્રતાપ છે. ભગવાને વિચાર કર્યો કે મથુરામંડળની ભૂમિના પ્રતાપથી અહીં આવનારા બધા ભક્તો બની જશે; તો મારું વૈકુંઠ પણ નાનું પડશે. એટલે ભગવાને ત્યાં પધરાવેલું પોતાનું સત્ત્વ પોતાનામાં સમાવી લીધું. પરિણામે, આજે યાત્રાઓ કરી કરીને થાકીએ છીએ, તોયે આપણા વિષયોની માત્રા કપાતી નથી.

દેવકીજીનો ઉત્કર્ષ વર્ણવતાં શ્રીભાગવતજી આગળ કહે છે કે દેવકીજીની અવસ્થા પણ સુંદર છે. તેમનાં લગ્ન થયાં છે. પતિનું સાંનિધ્ય છે. મોટો દાયજો લઈ માનપાન સાથે સાસરે વિદાય થઈ રહ્યાં છે. જ્યારે વસુદેવજી દેવકીજી સાથે પરણવા આવ્યા, ત્યારે કંસ તેમનું સામૈયું કરવા માટે ઠેઠ આગ્રા સુધી ગયો હતો. તે જમાનામાં હિન્દી ભાષામાં તેને **'અગહોની'** કહેવામાં આવતું. અગહોની ઉપરથી અપભ્રંશ થઈ તે શહેરનું નામ આગ્રા પડ્યું. કંસને એની બહેન દેવકી માટે કેટલો બધો પ્રેમ હતો! ક્યાં મથુરા અને ક્યાં આગ્રા! તે ઠેઠ આગ્રા સુધી સામે ગયો હતો. તે એકલો ન ગયો, મોટી ચતુરંગિણી સેના લઈને ગયો. તે સત્કાર કરીને વસુદેવજીને મથુરા લઈ આવ્યો; પરંતુ આ તો કંસ છે, એની દોસ્તી પણ ખોટી અને દુશ્મની પણ ખોટી. કંસ જેવા માણસોનો એક વિશિષ્ટ સ્વભાવ હોય છે. એક ક્ષણમાં ગુસ્સે થાય, તો બીજી ક્ષણે રાજી થાય. આવા માણસો સાથે કદી સંબંધ ન બાંધવો.

કંસનું વ્યક્તિત્વ જ જુદું છે. રાવણ, હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ કરતાં કંસ તદ્દન જુદો લાગે છે. કંસે વાજતેગાજતે દેવકીજીનાં લગ્ન કર્યાં. તે આનંદમાં આવી ગયો.

દેવક રાજા અને ઉગ્રસેન રાજા પૂછે છે : 'કંસ, બેનને દાયજામાં શું આપીશું?' કંસનો કડપ બહુ મોટો હતો. કાકાનું કે બાપુજીનું એની આગળ કંઈ ચાલે નહિ. કંસ કહે છે : 'એમાં પૂછવા જેવું શું છે? ચારસો હાથી, પંદર હજાર ઘોડા, અઢારસો રથ અને બસો દાસીઓ આપો.' આ પ્રમાણે દેવકીને ઘણો મોટો કરિયાવર આપ્યો. દેવકીજીનો એ વખતનો ઠાઠ જોઈને પણ બીજાંને તો ઈર્ષા આવે. એની બહેનોને પણ ઈર્ષા આવી હશે કે મારી નાની બહેનને આટલું બધું? અરે, દાસીઓને પણ પાલખીમાં બેસાડીને મોકલી. તે પંખો કરતી નહોતી કે પગપાળા ચાલતી નહોતી. આટલા બધા કરિયાવરને સાચવનાર વરપક્ષ પણ એટલો જ સમૃદ્ધ જોઈએ. નહીં તો ચારસો હાથી, પંદર હજાર ઘોડા, અઢારસો રથ અને બસો દાસીઓને રાખવાં ક્યાં? રાખીને એમને ખવડાવવું શું? વસુદેવજી પણ એવા સમૃદ્ધ હતા. કંસને એક જ વિચાર છે કે મારી લાડકી બહેન દેવકીને જરાય ઓછું ન આવવું જોઈએ.

વિદાયની વેળા આવી. દેવકીજીની ઉંમર ૧૧ વર્ષની જ હતી. વસુદેવજી પહેલી જ વાર પરણવા આવ્યા નથી, છેલ્લી વાર પરણવા આવ્યા છે. દેવકીજીની બધી બહેનોનાં લગ્ન અગાઉ વસુદેવજી સાથે જ થયાં હતાં. આ છેલ્લું લગ્ન છે. દેવકી કંસને બહુ લાડકી છે. કંસ જેવો કંસ રડી ગયો. તે કહે છે, 'દેવકી! આજે તું મારાથી દૂર જાય છે. બહેન! તું સુખી રહેજે, જરાય ઓછું ન લાવીશ. કંઈ જોઈએ તો મને લખજે.' દેવકીજી જાણે છે કે મારો ભાઈ વરસે તો વરસે, નહીંતર તરસી જાય એવો છે. એ હરખાયાં નથી, એમના મોં ઉપર આનંદની ઊર્મિ દેખાઈ નથી.

કંસે સોનાના રથમાં દેવકીજીને બેસાડ્યાં. શ્રીશુકદેવજી કહે છે, રાજા ! આ પ્રસંગની મજા જ હવે છે –

ઉગ્રસેનસુત: કંસ: સ્વસુ: પ્રિયચિકીર્ષયા ।
રશ્મીન્ હયાનાં જગ્રાહ રૌક્મૈ રથશતૈર્વૃત: ॥૧/૩૦॥

આજુબાજુ સોનાના અનેક રથ છે. વચમાં દેવકીજીનો મોટો રથ છે. કંસ દોડતો દોડતો આવ્યો. તેણે સારથિને ઉઠાડી મૂક્યો. તે પોતે દેવકીજીના રથનો સારથિ બન્યો. દેવકીજી વિચારે છે, ક્યાંક આ મારા રથને ભટકાવી તો નહિ દે ને! દેવકી ના પાડે છે. કંસ કહે છે: બહેન ! હું તને તારા ઘર સુધી મૂકી જઈશ.

કંસે ઘોડાની લગામ તેના હાથમાં લીધી. જેની લગામ કંસ જેવાના હાથમાં આવે, તે કસાઈના ઘેર પહોંચી જાય. શ્રીભાગવતજી કહે છે : તમે પૂરો વિચાર કરીને તમારો

સારથિ શોધજો. તમારી પાસે જીવનરથ છે. તમે તેમાં બેઠાં પણ છો. એ રથને ચલાવવા માટે સાચા સારથિની પસંદગી કરજો. એ જમાનામાં જેને સારથિ કહેતા હતા, આજે આપણે તેને ડ્રાઇવર કે સોફર કહીએ છીએ. એવો ડ્રાઇવર રાખવો કે આપણે ઊંઘી જઈએ તોયે અથડાવી ન મારે. ડ્રાઇવર હોશિયાર છે, એવા વિશ્વાસથી મુસાફરી કરનાર રાતોની રાતો સુધી ગાડીમાં સૂતાં સૂતાં મુસાફરી કરે છે. આવી રીતે જે પોતાના રથના સારથિ તરીકે ભગવાનને પસંદ કરે છે, એનો રથ કદી ઊંધો પડવાનો નથી. તમારો જીવનરથ વિશ્વાસ સાથે ભગવાનને સોંપી દો.

શઙ્ખતૂર્યમૃદઙ્ગાશ્ચ નેદુર્દુન્દુભય: સમમ્ ।
પ્રયાણપ્રક્રમે તાવદ્ વરવધ્વો: સુમઙ્ગલમ્ ॥૧/૩૩॥

પથિ પ્રગ્રહિણં કંસમાભાષ્યાહાશરીરવાક્ ।
અસ્યાસ્ત્વામષ્ટમો ગર્ભો હન્તા યાં વહસેઽબુધ ॥૧/૩૪॥

જવાની તૈયારી થઈ, વાજિંત્રો વાગવા લાગ્યાં. ચારે બાજુથી જયજયકાર થવા લાગ્યો. રાજકુંવરીને વળાવવા આવેલા આખા મથુરામંડળની આંખોમાં આંસુ છે. બીજી બાજુ હર્ષના ભાવો છે. મંગળગીત ગવાય છે. દરેકના અંતરમાંથી એક જ અવાજ નીકળે છે, 'દેવકી! ભગવાન તને સુખમાં રાખે.'

રથ પૂરપાટ દોડે છે. અડધે રસ્તે રથ પહોંચ્યો, ત્યાં અગોચર વાણી પ્રગટ થઈ. એ વાણી હોઠ અને તાલુના સંગમથી નથી નીકળી. એ વાણી કંસના મસ્તકમાં ઘૂમરાવા લાગી. વાણી કહે છે : 'કંસ, તું કોને લઈ જાય છે? હે અબુધ! તું મૂર્ખ છે. તને ખબર નથી, પણ આ દેવકીનો આઠમો ગર્ભ તને મારનાર તારો દુશ્મન પાકવાનો છે.' આટલું સાંભળતાં જ કંસમાં રહેલો ભાઈ મરી ગયો. કંસમાં રહેલું દુષ્ટપણું ઊભરાઈ આવ્યું. એનો પાપ દૃષ્ટિકોણ જાગૃત થયો. જે દેવકીજીને વહાલથી વિદાય કરવા જતો હતો, તે દેવકીજીના પ્રાણનો પ્યાસો બની ગયો.

દુનિયામાં આવા લોકો પણ હોય છે. એક વખત સંબંધ બાંધે અને બીજી વખત સંબંધ કાપે. એક વાર હસીહસીને વાતો કરે અને બીજી વખત આપણાથી મોઢું મચકોડીને ચાલ્યા જાય. આવા માણસોની બુદ્ધિ ઉપર કદી વિશ્વાસ ન કરવો. જગતના સંબંધો ક્યારે ફૂલેફાલે અને ક્યારે ઉજ્જડ વેરાન જેવા બની જાય, એની ખબર પડતી નથી. ત્યારે એમ લાગે કે આ સંબંધોમાં ક્યાંક કંસનો પડછાયો તો નથી પડ્યો ને! આવા માણસો ઉપર વિશ્વાસ મૂકતાં આપણું મન અચકાય છે.

દેવકીજીનો ચોટલો ઝાલી કંસ ઊભો થઈ ગયો. શ્રીશુકદેવજીથી કહેવાઈ ગયું-

ઈત્યુક્ત: સ ખલ: પાપો ભોજાનાં કુલપાંસન: ।
ભગિનીં હન્તુમારબ્ધ: ખડ્ગપાણિ: કચેઽગ્રહીત્ ॥૧/૩૫॥

અગિયાર વર્ષની પરણેલી બહેન, જેના ભાલમાં કુમકુમ છે, સેંથામાં સિંદૂર ભરાયેલું છે, જેની ડોકમાં મંગળસૂત્ર ચમકે છે, એવી તાજી પરણેલી બહેનનો ચોટલો પકડીને કંસ ઊભો થઈ ગયો. બીજા હાથમાં તેણે તલવાર ઉગામી.

સૌભાગ્યવતી નારીનાં ત્રણ ચિહ્નોને કદી અડકાય નહિ : (૧) મંગળસૂત્ર (૨) ભાલનું કુમકુમ (૩) કેશપાશ. આ ત્રણ એના સૌભાગ્યનું દર્શન કરાવનારાં છે. કંસ એ જ કેશપાશને પકડીને ઊભો થયો. દેવકીજીએ કોઈ પ્રતિકાર ન કર્યો. કોઈ મારવા આવે ત્યારે સામેની વ્યક્તિ છટકવા પ્રયત્ન કરે, પછી ભલે ને તે એક વર્ષનું બાળક હોય. આપણને પ્રશ્ન થશે કે દેવકીજીએ કંસનો સહેજ પણ પ્રતિકાર કેમ ન કર્યો?

તેનું **પહેલું કારણ** એ હતું કે દેવકીજી અતિ સરળ હતાં, ગભરુ હતાં. કંસે ચોટલો ઝાલતાં જ દેવકીજી એટલાં બધાં ભયભીત બની ગયાં કે તેમની પ્રતિકાર કરવાની શક્તિ જ ચાલી ગઈ.

બીજા વિચારક **બીજું કારણ** આપે છે : ના ના, અમારા શ્યામસુંદરનાં માતા આવાં બીકણ ન હોય. તે નિર્માલ્ય ન હોય. જેના ઉદરથી તેજસ્વી સૂર્ય પ્રગટ થવાનો છે, તે માતા આવી ડરપોક હોય! આ વિચારક કહે છે કે દેવકીજી એકદમ નિર્ભય હતાં, તેથી જ તેમણે પ્રતિકાર ન કર્યો. તેઓ જાણે છે કે આ મગતરું મને કશું કરી શકે તેમ નથી. જેની પાછળ મોટી સત્તા હોય, તેને કોઈનો ડર લાગતો નથી. બાળક એની માતાની ગોદમાં સૂતું હોય, ત્યારે તે તદ્દન નિર્ભય હોય છે. બાળકને જેમ માતા ઉપર વિશ્વાસ છે, તેમ ભક્તને ભગવાન ઉપર વિશ્વાસ છે. મારા માથે ભગવાન બિરાજે છે; એટલે દુનિયામાં મને કોઈ હરાવી શકે તેમ નથી. **'વાસુદેવપરાયણ: ન બિભેતિ કુતશ્ચન:'** - જેને ભગવાનનું પીઠબળ છે, તેને જગતમાં કોઈનો ડર લાગતો નથી. વળી, જેણે ભગવાન સાથે અદ્વૈત સાધ્યું છે, તેને પણ કોઈનો ડર લાગતો નથી.

ઉપનિષદ કહે છે : **'અથતસ્યભયં ભવતિ ય ઉદ્‌ચરં કુરુતે'** જે ભગવાનથી થોડો પણ ભેદભાવ કરે છે, તેને જ ભય લાગે છે. જેના મનમાંથી પાપવૃત્તિ નષ્ટ થઈ ગઈ છે, તેને ભય લાગતો નથી. થોડી પણ પાપવૃત્તિ જેના ચિત્તમાં બેઠી છે, તેને ભય લાગે

છે. પાપવૃત્તિવાળાને કદી નિર્ભયતા મળતી નથી. કંસ મનમાં પાપ લઈને બેઠો છે; એટલે એને ડર લાગે. દેવકીજીને ડર ન લાગે.

ટીકાકારો **ત્રીજું કારણ** બતાવે છે : દેવકીજી શ્રદ્ધાળુ છે. આકાશવાણીથી એમને ખાત્રી થઈ છે કે મને આઠમો ગર્ભ રહેશે, ત્યાં સુધી કંસ કંઈ કરવાનો નથી.

શ્રીશુકદેવજી કહે છે : કંસ કેવો છે? તેમણે ત્રણ વિશેષણ વાપર્યાં : **'ખલ:'** **'પાપ:'**, **'ભોજાનાં કુલપાંશન:'** 'ખલ' શબ્દ જુદો પણ લઈ શકાય અને 'સ ખલ:' સાથે પણ લઈ શકાય. **'સ ખલ:'**નો અર્થ કર્યો કે આજે કંસના હૃદયમાં કાલનેમિનો આવિર્ભાવ થયો છે. કાલનેમિ કંસમાં પેસીને એનામાં રહેલા ભયતત્ત્વને મારી રહ્યો છે. માણસમાં પશુ જાગૃત થાય, ત્યારે માણસ માણસ મટી જાય છે.

આવો એક માણસ મેં જોયેલો. તેને એક વખત એટલું બધું ઝનૂન ચઢ્યું કે તેણે પોતાના છ મહિનાના દીકરાની ડોક મરડી નાખી. ત્યારે આપણને લાગે કે એ બાપ નહોતો, બાપના લિબાસમાં એક નરાધમ - પશુ હતો. બાળકની ડોક મરડી નાખ્યા પછી તે ખૂબ રડ્યો. આખી જિંદગી તે પસ્તાયો. પણ પછી શું વળે? એવી રીતે શ્રી શુકદેવજી સમજાવે છે. કે હે રાજન્! કંસ પણ માણસ તો છે; પરંતુ એની કાલનેમિ નામની દુષ્ટ વૃત્તિ જાગૃત થઈ ગઈ છે.

'સ ખલ:'નો બીજો અર્થ કર્યો – કંસનો સહજ સ્વભાવ જ દુષ્ટ છે. તે જન્મજાત દુષ્ટ છે. જગતમાં **દુષ્ટ પુરુષો બે પ્રકારના છે** : એક **ખલ, બીજો શઠ.** સંસર્ગદોષથી બગડેલો એ શઠ, અને સ્વભાવદોષથી બગડેલો તે ખલ. શ્રીતુલસીદાસજી રામાયણમાં સુંદર વાત કહે છે, 'હું શઠને સુધારવાની ક્ષમતા રાખું છું, પણ ખલને સુધારી શકતો નથી – **સઠ સુધરહિ સતસંગત પાવહિ.**'

શઠને સુધારી શકાય, પણ ખલને **'તં નરં બ્રહ્માપિ રંજયિતું ન સમર્થયત:'** દુનિયાનો મોટામાં મોટો સમજદાર માણસ ગમે તેટલું સમજાવે, તો પણ ખલ ન સુધરે. કંસ સંસર્ગદુષ્ટ નથી, સ્વભાવદુષ્ટ છે. તેનું અંત:કરણ દુષ્ટ હોવાથી, તેને શાસ્ત્રોનો પણ જરા સરખોય ડર લાગ્યો નહિ. બહેનને મારવાથી મને પાપ લાગશે, મારો નરકવાસ થશે, એવો ડર જ એને રહ્યો નહિ.

બીજું કારણ એ છે કે અપરાધ કરી કરીને કંસની ચિત્તવૃત્તિ આળી બની ગઈ છે. હવે તેને દુનિયાનો ડર પણ રહ્યો નથી. માણસ એક વખત લોકલાજ

છોડે, પછી તે બેફામ બની જાય છે. જેવી રીતે ઘોડાને લગામ વશમાં રાખે છે; એવી રીતે વ્યક્તિની સ્વચ્છંદતા ઉપર સમાજનો અંકુશ હોય છે.

એક બહુ મોટો ઇજ્જતદાર માણસ હતો. એક વખત તેની ઇજ્જત ખુલ્લી થઈ ગઈ. તેણે નક્કી કર્યું કે 'આમેય દુનિયા તો મને ખરાબ જ કહે છે, તો હવે હું ખરાબ જ કામ કરીશ.' હવે તે ખરાબ કામ કરતાં અચકાતો નથી.

જેમ કંસ ઉપર શાસ્ત્રનું જોર ન હતું, તેમ તેના ઉપર સમાજનું જોર પણ ન હતું. જ્યાં શાસ્ત્ર અને સમાજ કામ ન કરે; ત્યાં કુટુંબના વડીલોનું બળ કામ કરતું હોય છે. પરંતુ આ કંસ તો **'ભોજાનાં કુલપાંસન:'** હતો. તે ભોજવંશમાં કલંકરૂપે જન્મ્યો હતો. વડીલોની આજ્ઞા વિરુદ્ધ વર્તવું એ તેનો સ્વભાવ હતો. દેવક રાજા અને ઉગ્રસેન રાજાને ઘોળીને પી જાય તેવો તે દુષ્ટ પુત્ર હતો. એના પર કોઈનો પ્રભાવ ન હતો, એટલે બહેનનો ચોટલો ઝાલીને તેને મારવાને તત્પર થયો.

◆

પ્રકરણ ૬

કંસને વસુદેવજીની સમજાવટ

વસુદેવજી જોતા રહ્યા છે. કંસ એની સૌથી નાની બેન દેવકીને મારવા તત્પર થયો છે. તેમના મનમાં બે ઘડી અરેરાટી થઈ; પણ તરત તેમના મનમાં વિચાર આવ્યો કે હું એટલો બધો કમભાગી નથી કે પરણતાંની સાથે જ મારી પત્નીનું મૃત્યુ થાય. શ્રી શુકદેવજી કહે છે :

તં જુગુપ્સિતકર્માણં નૃશંસં નિરપત્રપમ્ ।
વસુદેવો મહાભાગ ઉવાચ પરિસાન્ત્વયન્ ॥૧/૩૬॥

વસુદેવજી મહાભાગ્યશાળી છે. જેને સારી વસ્તુ મળે તે ભાગ્યવાન. જેને સારી વસ્તુ મળ્યા પછી પચાવતાં આવડે તે મહાભાગ્યવાન. વસુદેવજી વિચાર કરે છે કે દેવકી મળી તે મારું ભાગ્ય છે. દેવકી દ્વારા મને ભગવાન મળશે, તે મારું મહાભાગ્ય છે. માટે શ્રી શુકદેવજીએ વસુદેવજીને **'મહાભાગ:'** કહ્યા. વસુદેવજીને શ્રદ્ધા છે કે કંસની તાકાત નથી કે તે દેવકીને મારે. છતાં તેઓ કંસને સમજાવવા તત્પર થયા. તેમને લાગે છે કે કંસ આગની સાથે ચેડાં કરી રહ્યો છે. તે સામે ચાલીને મૃત્યુને નોતરી રહ્યો છે. દેવકીને મારવી કે તેને કારાગૃહમાં પૂરવી એ કંસ માટે મૃત્યુને વહેલું આમંત્રણ આપવા સમાન છે. વસુદેવજી કંસને ડરથી સમજાવવા તૈયાર નથી થયા; પણ દયાથી સમજાવવા તત્પર થયા છે. ભગવાનના ભક્તો કદી લાચાર બનતા નથી. ભક્ત તો લાચારને લાચારીમાંથી ઉગારે છે. વસુદેવજીને વિચાર થયો કે આ કંસને હું સદ્‌બુદ્ધિ આપું. એકંદરે નવ શ્લોકમાં વસુદેવજી કંસની દુર્બુદ્ધિ ફેરવવા માટે તૈયારી કરી રહ્યા છે; પરંતુ કંસનું મગજ,એવું જડ છે કે તે બદલાવાનું નથી.

વસુદેવજી કંસને જગત-દર્શન અને ભગવદ્દર્શન બહુ સુંદર શબ્દોમાં કરાવે છે–

શ્લાઘનીયગુણ: શૂરૈર્ભવાન્ ભોજયશસ્કર: ।
સ કથં ભગિનીં હન્યાત્ સ્ત્રિયમુદ્વાહપર્વણિ ॥૧/૩૭॥

વસુદેવજી કહે છે : 'કંસ, તું મોટા કુળનો છે, યશસ્વી છે. તારી નાની બેનને આમ મારવી, એ તને શોભે છે? તું દેવકીનો ચોટલો પકડીને ઊભો છે, ત્યારે દુનિયા તને શું કહેશે? હે કંસ! જેનો યશ ચાલ્યો જાય છે અને જેને અપકીર્તિ મળે છે, તે જીવતે જીવ મડદું બને છે. તું જરાક વિચાર કર. તાજી પરણેલી બેનનો

ચોટલો ઝાલનાર ભાઈને કઈ દુનિયા સત્કારશે? તારામાં રહેલા ગુણો તને શું કરવા પ્રેરે છે? કંસ, શૂરવીરો તારી પૂજા કરે છે. જરાસંધ, શિશુપાલ, દંતવક્ર જેવા મહારથીઓ પણ તને માન આપે છે.'

આ કંસમાં દશ હજાર હાથીઓને એક સાથે કચડી નાખવાનું જોર હતું. વસુદેવજી પૂછે છે : 'હે કંસ! આટલા બધા બળનો ઉપયોગ તારા જેવો બળવાન પુરુષ કોઈ મચ્છરને મસળવામાં કરે, તો તેને શૂરવીર કહેવાય ખરો? માખી મારનારને પરાક્રમી કહેવાય ખરો? હે કંસ! વીર કદી મૃત્યુથી ડરતો નથી. તે તો મૃત્યુના મોંમાં મોં નાખી, સામી છાતીએ લડે છે. તું આ નાનકડી દેવકીથી ડરી ગયો? મૃત્યુથી ડરી ગયો? સાચો ક્ષત્રિય તો તલવાર લઈ, મૃત્યુ સામે બાથ ભીડે છે. તું આજે કાયર બની ચૂક્યો છે. દુનિયા એમ કહેશે કે તું સાચો શૂરવીર નહોતો, માત્ર લડવાના ફૂંફાડા મારનારો પોપલો હતો. હે કંસ! તું તો ભોજવંશનો ઉદ્ધાર કરનારો છે. બહેન-બેટીનું ખૂન ચૂસીને કયો ભાઈ દુનિયામાં શાંતિથી રહી શક્યો છે? તારામાં બેઠેલો પાપરૂપી આ કાલનેમિ ચોવીસે કલાક રહેવાનો નથી. જ્યારે આવેશ ઊતરશે, ત્યારે તું જ તારા આ પાપથી રડી-રડીને મરવાનો છે.'

વસુદેવજીના આ શબ્દો સાંભળીને કંસ ખડખડાટ હસે છે. તે કહે છે: 'વસુદેવ, ઉપદેશની તમારી લાંબી લાંબી વાતો મારા મગજમાં બેસતી નથી. હું તો એટલું જ કહું કે **'ન રહે બાંસ, ન બજે બાંસુરી.'** વાંસ હોય તો વાંસળી બને, વાંસળી બને તો વાગે, અને વાગે તો મન ઉપર અસર કરે. એના કરતાં વાંસ જ કાપી નાખો ને! દેવકી હશે અને તેને દીકરો થશે તો મારું મૃત્યુ થશે ને?'

કંસના આ વિચાર જાણી વસુદેવજી પણ હસે છે. તેઓ કહે છે, 'રાજા, શું આજે ને આજે દેવકીને દીકરો થઈ જવાનો છે? એ દીકરો આજે ને આજે તલવાર લઈને આવશે અને તારું ગળું કાપી નાખશે? તું મને સમજાવ તો ખરો?'

મૃત્યુર્જન્મવતાં વીર દેહેન સહ જાયતે ।
અદ્ય વાબ્દશતાન્તે વા મૃત્યુર્વૈ પ્રાણિનાં ધ્રુવ: ॥૧/૩૮॥

'રાજા કંસ, એક વાત તને પૂછું? તું અમરપટો લખાવીને આવ્યો છે ખરો? જો તું અમરપટો લખાવીને નથી આવ્યો, તો એક દિવસ તારે મરવાનું ખરું કે નહિ? જે દિવસે મરણ આવવાનું હશે તે દિવસે આવશે. એની પંચાત આજે શા માટે કરે છે? કંસ! મારો દીકરો તને મારે કે કોઈ બીજો તને મારે. એક દિવસ તારે મરવાનું

છે એ તો નક્કી જ છે. આજે તું જો દેવકીને મારીશ, તો યાદ રાખજે કે પછી તારે ક્ષણેક્ષણે મરતા રહેવું પડશે.'

જીવતું મૃત્યુ જીરવવું બહુ અઘરું છે. એક વખત મોત આવે તે સારું, પણ પળેપળે માણસ એના મનથી મર્યા કરે, એ બહુ ખરાબ છે. જે હસી શકતો નથી, બોલી શકતો નથી, રમી શકતો નથી, જે જગતનો આનંદ લઈ શકતો નથી, દુનિયા સામે મોં દેખાડી શકતો નથી, આંખો ઊંચી કરીને કોઈને મળી શકતો નથી, અનંત અપરાધોથી જેનું મસ્તક ઝૂકી ગયું છે, એ માણસ કેવી રીતે કહી શકે કે હું જીવું છું! એ જીવે છે કેવળ રડવા માટે અને મરવા માટે. આવું જીવન શા કામનું? સાચું જીવન જીવનારા બહુ ઓછા છે. મોટા ભાગે આવું મડદા જેવું જીવન જીવનારા ઘણા છે. આ દુનિયામાં આનંદના નામે દુઃખ સેવનારા જ લોકો વધારે દેખાય છે.

વસુદેવજી કહે છે : 'કંસ, તારી બેનનું લોહી ચૂસી, તું જીવવાની અભિલાષા રાખે છે; પણ પળેપળ તારે મરવું પડશે. દેવકીનું મૃત્યુ તારા માટે અભિશાપ બનશે. માટે તને કહું છું કે એને મારવાનો વિચાર ન કર. આજે નહિ તો કરોડો વર્ષો પછી, પણ જે જન્મ્યો છે તે જવાનો જ છે.'

કંસ હસે છે, 'વસુદેવ! જ્યારે મરવાનું હશે ત્યારે ભલે મરીશ; પણ આજે મોત સામે આવીને બેઠું હોય, ત્યારે હું શા માટે સ્વીકારી લઉં? એથી જ અત્યારે દેવકીનો ઘાટ ઘડી નાખવા હું તૈયાર થયો છું.'

વસુદેવજી હસીને કહે છે, 'ભાઈ! દરેકના મૃત્યુની ક્ષણ નક્કી છે. તે ક્ષણે જ તેનું મૃત્યુ થશે. તારી ઇચ્છાથી કોઈનું મૃત્યુ થશે નહિ. આ શરીરમાંથી આત્મા ત્યારે જ જાય છે, જ્યારે તેને રહેવા માટે બીજું ઘર નક્કી થાય છે. મુંબઈમાં એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં કાયમ માટે રહેવા જવું હોય, તો ત્યાં ફ્લેટ મળે ત્યાર પછી જ જૂનું મકાન ખાલી થાય. આ જીવાત્માને પચીસ તત્ત્વોના ઘરની જરૂર પડે છે અથવા તો એ પચીસ તત્ત્વો પૈકી પાંચ તત્ત્વોનું ઘર તૈયાર થાય; ત્યારે તે જૂનું ઘર છોડે છે.

'ગીતાજીમાં કહ્યું છે કે જૂનાં વસ્ત્રો છોડી માણસ જેમ નવાં વસ્ત્રો પહેરે, તેમ જીવાત્મા શરીરરૂપી જૂનું વસ્ત્ર છોડી નવું શરીર ધારણ કરે છે. માણસ આ જન્મમાં જે કર્મો કરે છે, તેને આધારે બીજા જન્મમાં તેને માટે માળખું તૈયાર થાય છે. તું દેવકીને મારવાને બદલે સત્કર્મ કરવાની વૃત્તિ રાખ. એવું કર્મ કરતો જા કે જેથી તને

સારું જીવન મળે અને તું બીજા જન્મમાં તે ભોગવી શકે. જે જીવનથી માણસ બીજાના ખપમાં ન આવે, એવું જીવન શા કામનું? જે બીજાના માટે મૃત્યુરૂપ બને એ જીવન શા કામનું?'

દેહે પંચત્વમાપન્ને દેહી કર્માનુગોऽવશઃ ।
દેહાન્તરમનુપ્રાપ્ય પ્રાક્તનં ત્યજતે વપુઃ ॥૧/૩૯॥

વસુદેવજી દીર્ઘ જીવનને બદલે દિવ્ય જીવનનો દૃષ્ટિકોણ આપે છે. આપણે લાંબું જીવીએ એના કરતાં ટૂંકું પણ સારું જીવીએ, એ ઉત્તમ નથી? મારી બધી ક્ષણો બરબાદ થાય, તેના કરતાં એક-એક ક્ષણને આબાદ બનાવવી એ વધુ સારું નથી? બહુ લાંબું જીવવાની આપણને ઇચ્છા રહે છે. એ માટે આપણે ડૉક્ટરોનો આશરો લઈએ છીએ. ડૉક્ટરનો આશરો કામ ન કરે, ત્યારે કોઈ સંત-મહાત્માનો આશરો લઈએ છીએ. એનાથી પણ પરિણામ ન આવે, ત્યારે આપણે જપ-તપ કરીએ છીએ. આમ જીવવા માટે આપણે અનેકનું શરણ લઈએ છીએ. આવી બૂમો પાડનારા ઘણા છે, પણ પોતાના જીવનની ક્ષણેક્ષણને સુધારવાની વિચક્ષણતા દાખવનારા બહુ થોડા છે. ***જે ક્ષણને આબાદ બનાવે તે વિચક્ષણ.***

વસુદેવજી કહે છે, 'હે કંસ! માત્ર જીવવાને બદલે તું એક ક્ષણ પણ સુંદર જીવન જીવ. એવું સુંદર જીવન જીવ કે જેમાં બીજાને જિવાડવાની વૃત્તિ હોય. તું મર અને હું જીવું - એ **દાનવવૃત્તિ**. હું પણ જીવું અને તું પણ જીવે એ **માનવવૃત્તિ**. મારે કંઈ પણ જોઈતું નથી, માત્ર તું જીવ, એ **દેવવૃત્તિ**. આજે જગતમાં દાનવવૃત્તિ અને માનવવૃત્તિ દેખાય છે. દાનવ-વૃત્તિ સ્વાર્થી દૃષ્ટિકોણ છે. ***'જીવો અને જીવવા દો'***નો દૃષ્ટિકોણ માનવતાવાદી દૃષ્ટિકોણ છે. 'હું જગતને જિવાડું' એવી દેવદૃષ્ટિ જગતમાં ભાગ્યે જ જોવા મળે છે.

જ્યાં સુધી બીજ બીજરૂપે રહેશે, ત્યાં સુધી તે અંકુર નહિ બને અને તેમાંથી વૃક્ષ નહિ બને. વૃક્ષ વિના ફળ અને ફૂલ આવશે નહિ. ફળ વિના નવું બીજ બનવાનું નથી. બીજને ખાત્રી છે કે એક વખત હું જમીનમાં દટાઈ જઈને ફરી અંકુર બનીશ, તો ફરીથી હું બીજરૂપ બની શકીશ. આ બીજ અને વૃક્ષના ઉદાહરણને માણસ એના જીવનમાં ઉતારે તો એનું જીવન ઘણું પરિવર્તન પામે. બીજની દૃષ્ટિ એ દેવદૃષ્ટિ છે. વસુદેવજી કંસને સુંદર કર્મ કરવા સમજાવે છે. વસુદેવજી કંસને **ખડમાંકડીનું** ઉદાહરણ આપે છે. સંસ્કૃતમાં તેને 'તૃણજનિકા' કહે છે. ખડમાંકડી પહેલાં આગળ પગ મૂકે

છે અને પછી પાછલો પગ ઉપાડે છે. એવી રીતે હે કંસ! તું પણ પહેલાં આગળ પગ મૂકવાની ભૂમિકા તૈયાર કર. અહીંથી તારા પગ ઊખડશે, તો બીજે ક્યાંક ચોંટવાના છે. બીજા જન્મે પણ તારે માનવ બનીને આવવું હોય, તો આ જન્મ સુધાર.

મને લાગે છે કે સ્વપ્નનગર અને જાગૃતનગરમાં ઝાઝો ફેર નથી. માણસ જેવા મનોરથ કરે, એવાં તેને સ્વપ્ન આવે છે. જેવાં કર્મ કરે, એવાં તેને શરીર મળે છે.

સ્વપ્ને યથા પશ્યતિ દેહમીદૃશં મનોરથેનાભિનિવિષ્ટચેતન: ।
દૃષ્ટશ્રુતાભ્યાં મનસાનુચિંતયન્ પ્રપદ્યતે તત્ કિમપિ હ્યપસ્મૃતિ: ॥૧/૪૧॥

વસુદેવજી કંસને દાખલા-દલીલો આપીને બહુ સુંદર રીતે સમજાવે છે, પણ કંસની મતિ જડ બની ગઈ છે. વસુદેવજી સમજાવી સમજાવીને થાક્યા. આખરે તેમણે કહ્યું, 'કંસ! મારી એક વાત સાંભળ. તારે માણસ બનીને જીવવું હોય, તો તું ઓછામાં ઓછું એટલું તો કર કે કોઈનું સારું ન બને તો કંઈ નહિ; પણ કોઈનું ખરાબ ન કરીશ.' કોઈનું ભલું કદાચ ન બને, પણ કોઈનું ખોટું તો ન જ કરવું. જો દુનિયા આટલું સમજે તો પણ દુનિયામાંથી ઘણા અસંતોષો દૂર થાય. એક વાર આપણે સમજીએ કે કોઈનું બૂરું નથી કરવું, તો તેમાંથી જીવનની ઘણી સાચી ભાવનાઓ જાગૃત થશે. તેનાથી બીજા માણસના અંત:કરણમાં પીડા કે વેદના તો નહિ જ થાય. આપણી વૃત્તિ એવી છે કે જો હું પીડા પામું તો તને પણ પીડા આપું.

તસ્માન્ન કસ્યચિદ્ દ્રોહમાચરેત્ સ તથાવિધ: ।
આત્મન: ક્ષેમમન્વિચ્છન્ દ્રોગ્ધુર્વૈ પરતો ભયમ્ ॥૧/૪૪॥

'હે કંસ! તને કોઈથી મૃત્યુનો ભય લાગે છે, તેમ તારાથી પણ કોઈ ભયભીત બનતું હશે. એકબીજાને મૃત્યુનો ભય આપીએ, તેના કરતાં એકબીજાના સહયોગી બનીએ તો નિર્ભય બનાય.' આટઆટલું કહેવા છતાં કંસ પર કોઈ અસર થતી નથી. વસુદેવજી વિચારે છે કે આ માણસ છે કે પથ્થર છે! વસુદેવજીએ વિચાર કર્યો કે શાસ્ત્રવૃત્તિથી સમજવા તૈયાર નથી, તો લાવ, તેને સ્નેહદૃષ્ટિથી સમજાવું. એને યાદ અપાવું કે તું જેને મારી રહ્યો છે એ તો તારા જિગરનો ટુકડો છે, તારી વહાલી બહેન છે. વસુદેવજી આંગળી ચીંધીને કહે છે –

એષા તવાનુજા બાલા કૃપણા પુત્રિકોપમા ।
હન્તું નાર્હસિ કલ્યાણીમિમાં ત્વં દીનવત્સલ: ॥૧/૪૫॥

'હે રાજન્! આ તારી નાની બહેન છે. વળી, તે બાલા એટલે એક બાળકી છે. દેવકી તો માત્ર અગિયાર વર્ષની ગભરુ બાળકી છે. તે તારી પુત્રી સમાન છે. ભગવાને તને ન દીકરો આપ્યો કે ન દીકરી આપી; ત્યારે તેં દેવકીને તારી દિલોજાન દીકરી માની લીધી છે. તેને તેડી તેડીને તું ફર્યો છે. તેને બોલાવતાં અને રમાડતાં તારી જીભ સુકાતી ન હતી. તેને તારી છાતીએ વળગાડીને તું ફરતો હતો. શું કોઈ પોતાના જિગરના ટુકડાને કાપવાની ઇચ્છા કરે? શું કોઈ પોતાની આંખની કીકીને કાપવાનો વિચાર કરે? કંસ, તું વિચાર કર કે દેવકીને મારવા જતાં તું તારો પોતાનો વધ તો નથી કરતો ને? તારો આટલો બધો સ્નેહ મળ્યા પછી જો આ દેવકી તારો વિરોધ કરતી હોય, તો તે મારવાને યોગ્ય કહેવાય. દેવકી તો કલ્યાણી છે. તું એક પણ પ્રસંગ એવો બતાવ કે જેમાં દેવકીએ મનથી પણ તારું બૂરું ચાહ્યું હોય. એના હૃદયમાં એક જ ભાવ છે કે ભગવાન મારા ભાઈ કંસને સુખી રાખે.'

કંસ મનમાં ને મનમાં કહે છે : દેવકીએ ભલે મારું બૂરું નથી કર્યું, પણ ભાગ્યવિધાતાએ તો દેવકી દ્વારા જ મારું બૂરું ઇચ્છ્યું છે ને? તે કલ્યાણી હોવા છતાં મારા માટે આજે અકલ્યાણી છે, માટે મારે દેવકી ન જોઈએ.

છેલ્લે વસુદેવજીએ કહ્યું : કંસ, તું દીનવત્સલ છે. જરાક તો દયા રાખ. તારામાં મરી ગયેલા ભાઈને તું જિવાડ. જે તારો વેરી બનવાનો છે, એનો તું મામો બનવાનો છે. **બેવડી મા એટલે મામા**. માતા કરતાં જે વધારે પ્યાર કરે તે મામા. મા જેટલો પ્યાર કરે તે માસી. **મા-સી એટલે મા જેવી**. ભગવાન કહેશે, મને મામા પણ એવા મળ્યા અને માસી પણ એવી મળી. પૂતના માસી મળી ને કંસ મામા મળ્યા.

વસુદેવજીની આટઆટલી વાતો પથ્થર ઉપર પાણી જેવી રહી. કંસ અટ્ટહાસ્ય કરીને કહે છે, 'વસુદેવ! તમારે કહેવું હોય તે કહો, પણ આજે હું દેવકીને માર્યા વિના રહીશ નહિ. મારી તલવાર દેવકીનું માથું કાપવા તત્પર થઈ ચૂકી છે. હવે દેવકીને માર્યા વિના તે પાછી મ્યાનમાં જશે નહિ.'

રાજનીતિના ચાર પ્રકાર છે : સામ, દામ, દંડ અને ભેદ. સામ એટલે સમજણ. વસુદેવજીએ કંસને સમજણ આપી, પણ તે સામથી માન્યો નહિ. વસુદેવજીએ વિચાર કર્યો, તેને દંડ આપવામાં સાર નથી, કારણ તે ઉદ્દંડ માણસને જેટલો દંડ આપો, તેટલો તે વધારે સામો થાય. કંસ બેફામ છે, નગુણો છે. તે ઈજ્જત-આબરુને નેવે મૂકીને બેઠો છે. ઇજ્જત-આબરુ વિનાનો માણસ આપણને ગાળો દેવા આવે, ત્યારે

આપણે તેને ગાળો ભાંડીએ તો કેવાં લાગીએ? વસુદેવજી વિચાર કરે છે, એનામાં ભેદ પડાવી શકાય તેમ નથી, કારણ કે એની બુદ્ધિ જડ છે. હવે એક જ ઉપાય બાકી છે. અને તે છે દામ. એને દામ તરીકે દેવકીનો દીકરો જોઈએ છે. વસુદેવજી ઘણું મનોમંથન કરે છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે, માણસને **ત્રણ પ્રકારનાં** દુઃખ મળે છે : **આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક**. ત્રણેય પ્રકારનાં દુઃખોનો પ્રતિકાર કરવાના રસ્તા જુદા જુદા છે. આધિભૌતિક દુઃખ વિવેક અને વિચારથી દૂર થાય. આધ્યાત્મિક દુઃખ ભગવાનને પ્રાર્થના કરવાથી દૂર કરી શકાય. આધિદૈવિક દુઃખ ભગવાનના શરણે જવાથી દૂર થાય. આપણા ઘરમાં ખટપટ થાય કે કોઈની સાથે ઝઘડો થાય, તે આધિભૌતિક દુઃખ છે. આ દુઃખોનો નિવેડો સ્તોત્રપાઠથી કે જપથી થાય નહિ. જેનાથી જે દૂર થતું હોય તે જ કરવું જોઈએ.

તમે એમ વિચારો કે મારો વેપાર ડૂબે છે, તો હું મંદિરમાં જઈ પલના કરાવું; એટલે ભગવાન મારો વેપાર સુધારી દેશે, તો એ સાચો વિચાર નથી. જે બુદ્ધિથી તમે વેપાર ખેલ્યો હતો, એ જ બુદ્ધિથી તમારે ફરીથી વેપાર સંભાળવો રહ્યો. વેપાર કરવા જતાં પહેલાં તમે ભગવાનને પૂછવા નહોતા ગયા કે હું આ વેપાર કરું? પરંતુ જ્યારે તમારો વેપાર ડૂબે છે, ત્યારે કેમ કહો છો કે હે ભગવાન! મને બચાવો. જે બુદ્ધિથી આદર્યું હોય, એનું સમાપન પણ એ બુદ્ધિથી જ કરવું જોઈએ. માણસ પરણવા જાય છે, ત્યારે ભગવાનને પૂછવા જતો નથી. પરંતુ પતિ-પત્નીમાં ઝઘડો થાય, ત્યારે ભગવાનને કહે છે કે હે પ્રભુ! તું મને બચાવ. હા, આપણાં આદરેલાં કામનો નિવેડો લાવવાની પ્રેરણા ભગવાન આપે તે વાત બીજી છે.

શ્રીમહાપ્રભુજી કહે છે : વસુદેવજીએ દેવકી ઉપર આવેલી આપત્તિનો પ્રતિકાર બુદ્ધિથી શોધ્યો; કારણ કે તેમનું દુઃખ આધિભૌતિક હતું. કામ, ક્રોધ વગેરે છ દોષો આપણને સતાવે છે, તે આધ્યાત્મિક દુઃખ છે. આ દુઃખો આપણી શક્તિથી દૂર ન થાય, ત્યારે વારંવાર ઈશ્વરને પ્રાર્થના કરી શકાય. જુદાંજુદાં દેવી-દેવતાઓની સતામણી થતી હોય, તે આધિદૈવિક દુઃખ છે. આધિદૈવિક દુઃખનો નિવેડો કેવળ ભગવાનના શરણે જવાથી અને ભગવાનની કૃપાથી જ આવી શકે છે.

વસુદેવજીએ દુનિયાને શીખવ્યું કે સાચો સંત એ છે કે જે દુનિયાનાં તોફાનોમાં ડૂબી જતો નથી, પણ અડગ ઊભો રહે છે. આપત્તિના ડુંગરોની નીચે પિસાઈ જતો

નથી, પણ તેમાંથી પોતાની જાતને બહાર કાઢે છે. આ પ્રસંગે વસુદેવજી સિવાય બીજો કોઈ મનુષ્ય હોત, તો ક્યારનોય ગભરાઈ ગયો હોત. કોઈક તલવાર કાઢીને ઝઘડવા ગયો હોત. બીજો કોઈ ત્યાંથી ઊભી પૂંછડીએ નાઠો હોત. ત્રીજો કદાચ થરથર ધ્રૂજતો ઊભો હોત. પરંતુ વસુદેવજીને ડર નથી. એમનામાં પલાયનવાદ નથી. તેમના મન-માંથી વિચાર કરવાની ક્ષમતા ગઈ નથી. તેઓ ધીરગંભીર બની, આવેલી આપત્તિ-નો નિવેડો કરી રહ્યા છે. ભગવાનના સાચા ભક્તો વિપત્તિમાં અને સંપત્તિમાં કદી ડગતા નથી કે કદી ડરતા નથી. તેનો પ્રતિકાર ભગવત્પ્રેરણાથી મળેલી બુદ્ધિ દ્વારા કરે છે. જે ડરી જાય અને ડગી જાય તે વૈષ્ણવ નહીં. આપત્તિની સામે છાતી કાઢીને ઊભો રહે તે વૈષ્ણવ.

શ્રીમહાપ્રભુજીએ **'વિવેકધૈર્યાશ્રય'** ગ્રંથમાં કહ્યું કે મારો વૈષ્ણવ કેવો હોય. નમાલો વૈષ્ણવ તેમને કદી ગમ્યો નથી. વારેવારે ભગવાન પાસે દોડીને એમને પરેશાન કરનારો વૈષ્ણવ એમને કદી ગમ્યો નથી. તેમણે સ્પષ્ટ આજ્ઞા કરી કે જો તું મારો વૈષ્ણવ હોય, તો તું કદી પણ ભગવાનને પરેશાન કરીશ નહિં. સાચો વૈષ્ણવ ભગવાન પાસે કંઈ જ માગે નહિ. ઊલટાનું એમ કહે કે મહારાજ! બોલો તમારે શું જોઈએ છે? વૈષ્ણવમાં આટલી મોટી ખુમારી હોય. આપણે તો ભગવાન પાસે કેટલું બધું માગ્યા કરીએ છીએ! પરીક્ષાની સિઝનમાં વિદ્યાર્થીઓ માગવા આવશે. લગ્નની સિઝનમાં લગ્નના ઉમેદવારો માગવા આવશે. વેપારની સિઝનમાં વેપારીઓ માગશે.

ભગવાન આપણને કહે છે : તમે માગી માગીને ભિખારી થઈ ગયા છો. પરંતુ આ બધામાં એક વૈષ્ણવ જ એમ કહેશે કે હું માગવાનો નથી, પરંતુ મારા દ્વાર ઉપર તું માગતો આવે, એવો હું બનવાનો છું. હું માગવા નહિ આવું. તને માગવા બોલાવું એટલો સમર્થ બનીશ. વૈષ્ણવ એવો મહાન હોય છે કે આવેલી વિપત્તિમાં પણ તે અણનમ ઊભો રહે છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તું સાચો વૈષ્ણવ ત્યારે જ કે ત્રણેય પ્રકારનાં દુઃખોને સહન કરી શકે. જરા પણ અરેરાટી કર્યા વિના સાચો વૈષ્ણવ એના અસ્તિત્વના અંત સુધી સહન કરતો જાય, છતાં એના મોંમાંથી બધાના માટે આશીર્વાદ નીકળતા હોય.

વસુદેવજીએ આ પ્રમાણે વિચાર કરીને કંસને વચન આપ્યું, 'રાજન્! તમને દેવકી સાથે નહીં પણ દેવકીના દીકરા સાથે ખાર છે - વેર છે, તો દેવકીને જેટલા દીકરા થશે, એ બધા હું તમને સોંપી દઈશ. બોલો, પછી કંઈ વાંધો છે?'

આપણને પ્રશ્ન થશે કે પત્નીને બચાવવા પુત્રનું દાન કેમ કર્યું? વસુદેવજીએ વિચારપૂર્વક આ વચન આપ્યું છે. કારણ આકાશવાણી થઈ છે, એ પ્રમાણે દેવકી મરવાની નથી. એ આકાશવાણી પ્રમાણે તેમના ત્યાં આઠ પુત્રો થશે, એ પણ નક્કી છે. તેમાં આઠમો પુત્ર કંસને મારશે એ પણ નક્કી છે.

આ સંજોગોમાં હાલ રસ્તો કાઢીને દેવકીને પહેલાં કંસના હાથમાંથી છોડાવવી જરૂરી છે. તે એક જ રસ્તે છૂટે એમ છે અને તે કંસને દામ આપવાથી. કંસને પૈસા, જોઈતા નથી, એને દેવકીના પુત્રોનાં જ બલિદાન જોઈએ છે. વસુદેવજી વિચાર કરે છે કે મારા બીજા દીકરા ભલે મરે, પણ આઠમો દીકરો એવો પાકશે કે જે આ દુષ્ટને મારશે. મારા બીજા દીકરાઓનું બલિદાન આપીને, આખા સમાજને રંજાડનારા કંસનું બલિદાન હું લઈશ. વસુદેવજીની દૃષ્ટિમાં સમાજના ઉદ્ધારનો દૃષ્ટિકોણ છે. વસુદેવજી જગતનું કલ્યાણ ઇચ્છે છે, તેથી લાંબો વિચાર કરીને તેમણે આ પગલું ભર્યું છે.

ઘણા લોકોએ વસુદેવજી ઉપર એવો આક્ષેપ કર્યો કે સ્ત્રીઘેલા બનેલા વસુદેવજીએ આમ કર્યું છે, પરંતુ એ વાત સાચી નથી. વસુદેવજીને સ્ત્રીઘેલા બનવા જેવું છે પણ નહિ; કારણ કે આ તેમનાં છેલ્લાં લગ્ન છે. તેઓ સ્વેચ્છાથી પરણવા આવ્યા નહોતા, દેવક રાજાના આગ્રહથી આવ્યા હતા. તેઓ ક્યારેય સંસારમાં આસક્ત થયા નથી. જૂના જમાનામાં સંબંધો વધારવા માટે રાજાઓ એકથી વધુ કન્યાઓ સાથે લગ્નો કરતા. એ રીતે જ આ લગ્ન ગોઠવાયાં હતાં, કંઈ મનના આકર્ષણથી ગોઠવાયાં નહોતાં.

વસુદેવજીના વચન ઉપર કંસને વિશ્વાસ બેઠો. કંસ જાણે છે કે વસુદેવજી કદી વચન તોડે એવા નથી. વસુદેવજીનો જન્મ થયો તે દિવસે સ્વર્ગમાં દુંદુભિ વાગ્યાં હતાં. માટે તેમનું એક નામ **આનકદુંદુભિ** છે. આખી દુનિયામાં વસુદેવજીનું સત્ય પ્રગટ છે. તેઓ એક વાર બોલે, તો કદી ફરે નહિ.

કંસે દેવકીનો ચોટલો છોડ્યો. તલવાર મ્યાન કરી. વસુદેવજી દેવકીજીને લઈને તેમના મહેલમાં પધાર્યા.

■

પ્રકરણ ૭

દેવકીજીના છ પુત્રોનો સંહાર

પ્રસન્નવદનામ્ભોજો નૃશંસં નિરપત્રપમ્ ।
મનસા દૂયમાનેન વિહસન્નિદમબ્રવીત્ ॥૧/૫૩॥

વસુદેવજીનું મન અંદરથી ડંખતું હતું, પરંતુ ઉપરથી મોં હસતું હતું. માંડ માંડ વસુદેવજીએ શબ્દો ઉચ્ચાર્યા, ‘રાજન્, મારા ઉપર વિશ્વાસ રાખજો. હું મારા બધા દીકરા તમને સોંપી દઈશ.’

શ્રીશુકદેવજી કહે છે, ‘રાજા! વસુદેવજી ઉપર કંસને વિશ્વાસ બેસવાનાં બે કારણો છે : **સમદૃષ્ટિ અને સત્ય વ્યવહાર**.’ આ બે જેનામાં હોય, તેના ઉપર આંખ મીંચીને વિશ્વાસ કરી શકાય. સમદૃષ્ટિ અને સત્ય વ્યવહાર – આ બે શબ્દો સમજવા જેવા છે. સમદૃષ્ટિ અને સમવ્યવહાર કરવા જાય તો પણ ખોટું. સમદૃષ્ટિની સાથે સત્ય વ્યવહાર જોઈએ. સમદૃષ્ટિ એ છે કે બધા મારા છે. પરંતુ એક સારો હોય અને બીજો ખોટો હોય, તો બંને સાથેના વ્યવહારમાં ભેદ આવશે જ.

એક પિતાને બે બાળકો હતાં. એક હમેશાં પહેલા નંબરે પાસ થાય અને બીજો છેલ્લા નંબરે નાપાસ થાય. બંને પરિણામ લઈને ઘેર આવ્યા. પિતાને બંને પુત્રો નથી અળખામણા કે નથી વહાલા, બંને સમાન છે. જે પાસ થઈને આવ્યો તેને પેંડા આપ્યા અને નાપાસ થઈને આવ્યો તેને મેથીપાક આપ્યો. નાપાસ થયેલાને પેંડા ખવડાવે, તો બીજા વર્ષે પણ તે નાપાસ થશે. તે કદી પાસ થવાનો નહિ. આમાં પિતાની સમદૃષ્ટિ છે અને સત્ય વ્યવહાર છે. વ્યવહારમાં વિવેક જોઈએ. એ વિવેક વાપરવામાં આપણી દૃષ્ટિમાં એવો ભેદ ન હોવો જોઈએ કે આ વહાલો છે અને આ અળખામણો છે. દરેકની સાથે કેવો વિવેક અને કેવો વ્યવહાર રાખવો તે આવડવું જોઈએ.

આપણા ત્યાં એક જૂની કવિતા હતી : ***‘અંધેરી નગરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં.’*** આ ગાંડા રાજાના રાજ્યમાં સોનું અને શાક એક ભાવે વેચાતાં. એ રાજાના રાજ્યમાં કોઈને રહેવાનું ગમે ખરું? ભગવાને ગીતાજીમાં પણ કહ્યું કે પંડિતો સમદર્શી હોય છે. પંડિતોને સમદર્શી કહ્યા છે, સમવર્તી કહ્યા નથી. સમવર્તન અને સમદર્શન એ જુદાં છે. વર્તનમાં વિવેક જોઈએ અને દર્શનમાં સમત્વ જોઈએ. વસુદેવજી પાસે સમત્વ છે અને સત્યદર્શન પણ છે.

દૃષ્ટ્વા સમત્વં તચ્છૌરેઃ સત્યે ચૈવ વ્યવસ્થિતિમ્ ।
કંસસ્તુષ્ટમના રાજન્ પ્રહસન્નિદમબ્રવીત્ ॥૧/૫૯॥

વસુદેવજી ઉપર કંસને વિશ્વાસ આવ્યો, પણ કંસ ઉપર વસુદેવજીને વિશ્વાસ આવ્યો નહિ. શ્રીશુકદેવજી કહે છે કે બે જણ ઉપર કદી વિશ્વાસ ન કરવો : લોભી અને કામી ઉપર કદી વિશ્વાસ ન કરવો. માણસ ગમે તેટલો સારો હોય, પણ તેનામાં લોભ અને કામ દેખાય એટલે તેનાથી દૂર થઈ જવું. કંસમાં બંને દુર્ગુણ હતા. ક્યારે તે દોસ્તી છોડીને દગો દે તેની ખબર ન પડે. માટે વસુદેવજીને કંસમાં વિશ્વાસ નથી.

વસુદેવજીને પહેલો પુત્ર થયો, એનું નામ કીર્તિમાન. આ પુત્ર જ્યારે પાંચ વર્ષનો થયો, ત્યારે વસુદેવબાવા તેને કંસ પાસે લઈ ગયા. બીજા ટીકાકારો એમ કહે છે કે વસુદેવજીના ત્યાં જેમ જેમ પુત્રો જન્મતા ગયા, તેમ તેમ કંસ તેમને મારતો ગયો. શ્રીમહાપ્રભુજીનો મત એવો છે કે પહેલો પુત્ર કીર્તિમાન પાંચ વર્ષનો હતો. બીજા બધા પુત્રો એક-એક વર્ષના ગાળે જન્મ્યા હતા. છઠ્ઠો પુત્ર દેવકીજીના ઉદરમાં હતો, ત્યારે વસુદેવજી કીર્તિમાનને કંસ પાસે લઈ આવ્યા.

પ્રતિયાતુ કુમારોઽયં ન હ્યસ્માદસ્તિ મે ભયમ્ ।
અષ્ટમાદ્ યુવયોર્ગર્ભાન્મૃત્યુર્મે વિહિતઃ કિલ ॥૧/૬૦॥

પાંચ વર્ષની અવસ્થાના બાળકને 'કુમાર' કહેવામાં આવે છે. અહીં શ્રી શુકદેવજીએ શબ્દ વાપર્યો **'અયમ્ કુમારઃ ।'** આ કીર્તિમાન કુમાર છે. જો તે એક વર્ષનો હોત, તો તેના માટે 'શિશુ' શબ્દ વાપર્યો હોત. બીજી વાત એ બતાવી કે વસુદેવજી કીર્તિમાનને આંગળીએ પકડીને લઈ ગયા છે, તેડીને લઈ ગયા નથી. જો કીર્તિમાન એક દિવસનો જન્મેલો હોત, તો તેને આંગળીએ પકડીને લઈ ગયા હોત ખરા?

કંસ કીર્તિમાનને જોઈને વસુદેવજીને કહે છે : 'મારો આ ભાણેજ મારો દુશ્મન નથી. મારો દુશ્મન તો તમારો આઠમો પુત્ર થવાનો છે. તે જ્યારે જન્મે ત્યારે મારી પાસે આવજો. આને તમે પાછો લઈ જાઓ.'

વસુદેવજી વિચાર કરે છે કે આ કંસનો ભરોસો શો? આજે કહે છે લઈ જાઓ અને કાલે ફરી બોલાવે પણ ખરો. વસુદેવજી કીર્તિમાનને પાછો લઈ ગયા. થોડા સમય પછી તેમના ત્યાં છઠ્ઠો પુત્ર પ્રગટ થયો. આકાશમાંથી ફરી આકાશવાણી થઈ. 'શ્રીમન્નારાયણ'ના નામનો ઘોષ થવા લાગ્યો. વિચિત્ર વીણા પર સુંદર સ્વર ગૂંજવા

આવ્યો
ને કામી
ભ અને
છોડીને

ાચ વર્ષનો'
કહે છે કે
રતો ગયો.
બાજા બધા
હતો, ત્યારે

ી શ્રી શુક-
એક વર્ષનો
કે વસુદેવજી
તિમાન એક

ો દુશ્મન
ત્યારે મારી

ાઈ જાઓ
ધાડા સમય
પાણી થઈ.
સ્પર ગૂંજવા

લાગ્યા. દૂરથી એક વીણાધારી આવી રહ્યા હતા. પાસે આવતાં તેઓ સ્પષ્ટ થયા. કંસ વિચાર કરે છે, અરે આ તો નારદજી પધાર્યા. નારદજી કહે છે : 'રાજન્, ઘણા દિવસથી તમારી ખબર કાઢી નહોતી, એટલે આજે ખબર કાઢવા આવ્યો છું.'

કંસ કહે છે : 'બાપજી, એક બહુ જ બૂરા સમાચાર છે. મારી બહેનનો આઠમો ભાણિયો મને મારવાનો છે.'

નારદજી કહે છે : 'તારી ભૂલ થાય છે. દેવોની વાણી હમેશાં પરોક્ષ હોય છે. તે પ્રમાણે પહેલો આઠમો બની શકે અને આઠમો પહેલો બની શકે. તને શી ખબર કે કયો આઠમો બનશે? કંસ, તું સાવ મૂર્ખો છે. તું દેવોની વાણી ઉપર વિશ્વાસ કરી બેઠો છે.'

નારદજીએ કંસને ચાવી એટલા માટે ચઢાવી કે જલદીથી પાપનો ઘડો ભરાય ને જલદી ભગવાન પ્રગટ થાય. એક વાર જો કંસ અપરાધવૃત્તિથી રંગાયેલો પકડાઈ જાય, તો તેને દંડ આપવામાં વાર ન લાગે. ગુનેગાર ગમે તેવો હોય, પણ પુરાવાના અભાવે કૉર્ટ એને દંડ કરી શકતી નથી. કંસ દુષ્ટ છે, તેને દમવો છે; પણ તે માટે ભગવાનને પુરાવાઓની જરૂર છે. તેથી નારદજી વિચાર કરે છે કે તેણે મનમાં જે દુષ્ટતાઓ સંઘરી રાખી છે, તે બહાર પ્રગટ થવા દો. કેટલાક માણસો ઘણા દુષ્ટ હોય છે, પણ ઉપરથી સજ્જનતાનું મહોરું પહેરીને બેઠા હોય છે. પરિણામે, આપણે તેમની દુર્જનતા વિષે કંઈ કહેવું હોય, તો પણ આપણે બોલી શકતા નથી. આથી, નારદજી કંસના પુરાવા ભેગા કરવા તેને સમજાવે છે કે પહેલો પણ આઠમો બની શકે; તેથી દેવકીના બધા દીકરાઓને તું રહેંસી નાખ. એમાં જ તારું ભલું છે. જ્યાં જરા સરખીય દુશ્મનાવટ જોવા મળે, ત્યાં મૂળમાંથી તેને ઉખેડી નાખવી જોઈએ. દુશ્મનને જીવતો રખાય નહિ.'

કંસ કહે છે : 'બાપજી, સારું થયું કે તમે આવ્યા. મને અત્યાર સુધી આ વાતનું ભાન જ નહોતું. તમારી વાત સાચી છે. હું ઘણો મૂર્ખો છું. મને શી ખબર કે દેવો આટલા બધા ગહન અને ગૂઢ હશે! હમણાં જ બધા દીકરાઓને મંગાવી લઉં છું.'

કંસનો કાસદ મારતે ઘોડે વસુદેવજીને ત્યાં પહોંચ્યો. તેણે કહ્યું : 'વસુદેવજી, તમે તમારા છએ દીકરાઓને લઈને રાજદરબારમાં હાજર થાઓ.' વસુદેવજીને કંસના આ સ્વભાવની ખાત્રી જ હતી. છએ છ માસૂમ પુત્રોને લઈને ગભરાતાં ગભરાતાં દેવકીજી વસુદેવજીની સાથે કંસ પાસે આવ્યાં. કંસના દિલમાં જરા પણ

અરેરાટી નથી. જેમ કોઈ સ્ત્રી શાક સમારવા એક જ હરોળમાં ભીંડાઓને ગોઠવે, તેમ કંસે છએ પુત્રોને એક હરોળમાં ઊભા રાખ્યા –

દેવકીં વસુદેવં ચ નિગૃહ્ય નિગડૈર્ગૃહે ।
જાતં જાતમહન્ પુત્રં તયોરજનશઙ્કયા ॥૧/૬૬॥

કંસ એકએકને જોતો ગયો અને વિચારતો ગયો કે આ ભગવાન હશે કે આ ભગવાન હશે કે આ ભગવાન હશે? એમ વિચાર કરતાં કરતાં તેણે છએ છ માસૂમ બાળકોનાં માથાં વધેરી નાખ્યાં. કેવો હશે એ મામો કે જે માસૂમ ભાણેજોને મારતાં જરાય અચકાયો નહિ! અજાણ્યા બાળકને ટપલું મારતાંય આપણું મન કંપી જાય, ત્યારે આ બાળકોના ગળામાં તલવાર ભોંકતાં એ કંસનો હાથ પણ ધ્રૂજ્યો નથી. ધન્ય છે એ દેવકીજી ને વસુદેવજીને કે જે આટલું મોટું દુઃખ મૂંગે મોંઢે પી ગયાં છે. તેઓ વિચાર કરે છે કે આજે દુઃખના દહાડા છે, તો કાલે સુખનો દિવસ જરૂર આવશે.

'મને દુઃખ પડ્યું' એવું ગાણું ગાવા કરતાં દુઃખને પી જવું વધારે સારું છે. આ ભક્તોનાં હૃદયમાં આવી સુંદર ભાવના જાગૃત થઈ છે. દેવકીજીનું મન રડવાને તત્પર થયું છે, ત્યારે વસુદેવજી એમને સમજાવે છે, 'દેવકી! તું રડીશ નહિ. આપણો આઠમો પુત્ર આખા જગતનું દુઃખદર્દ દૂર કરશે. એક દિવસ એવો ઊગશે, જ્યારે આપણી ગોદમાં આખી દુનિયાને ન મળે એવું અભૂતપૂર્વ તત્ત્વ પોઢેલું હશે.' દેવકી મા હોવા છતાં, આજે તેમણે પોતાના મનને કઠોર કરી, છએ છ પુત્રોના વધનું કારમું દુઃખ સહન કરી લીધું છે. દેવકીજીના માતૃત્વનો આપણને વિચાર થાય છે. આટઆટલું કંસે કરવા છતાં તેમણે કંસને દુષ્ટ કહ્યો નથી.

ઉગ્રસેન અને દેવક રાજા કંસને એના આ કાળા કામ માટે લડવા ગયા, 'કંસ! તેં આ શું કર્યું ? તારા ભાણેજોનો વધ કર્યો ?'

ઉગ્રસેને કહી દીધું, 'કંસ! તું મારું રાજ્ય છોડીને ચાલ્યો જા.'

કંસે કહ્યું : 'પિતાજી! તમારે જવું હોય તો જાઓ, હું શા માટે જાઉં? આ રાજ્ય તમારું નથી, આ રાજ્ય મારું છે.'

કંસે ઉગ્રસેન સામે બગાવત કરી. કંસના સાગરીતોએ ગુપ્ત રીતે આખી બાજી ગોઠવી રાખી હતી. કંસના ઈશારે તેમણે વૃદ્ધ ઉગ્રસેન અને દેવક રાજાને પકડીને જેલમાં પૂરી દીધા. એ વૃદ્ધોનું સાંભળે કોણ? અત્યાર સુધી આખી દુનિયાને ડરાવતું

યાદવોનું ગણતંત્ર કંસની સામ્રાજ્યવાદી છાયામાં નકામું બની ગયું. કંસની પાછળ સસરાજીની મોટી ઓથ હતી. કંસના સસરા હતા જરાસંઘ. કંસની બે સ્ત્રીઓ અસ્તિ અને ત્રસ્તી. દુનિયાની આવી મોટી ભેખડ કંસની પાછળ હતી, પછી તે આવા દુષ્ટ કાવતરામાં સફળ થાય એમાં શી નવાઈ?

ઉગ્રસેનં ચ પિતરં યદુભોજાન્ધકાધિપમ્ ।
સ્વયં નિગૃહ્ય બુભુજે શૂરસેનાન્ મહાબલ: ॥૧/૬૯॥

કંસના રાજ્યમાં સરમુખત્યારશાહી આવી ગઈ. અત્યાર સુધી ત્યાં લોકસત્તા હતી, હવે એક મોટો સરમુખત્યાર રાજા સિંહાસને ચઢી બેઠો. ગણતંત્રનું બધું બંધારણ ફગાવી દીધું. જે કોઈ પ્રશ્ન કરે તેને જેલમાં પૂરી દેવાના. હવે એના રાજ્યમાં કંસને ગમે તે સારો અને કંસને ન ગમે તે ખોટો. કંસની હા માં હા મેળવે તે સારો અને તેની મરજી વિરુદ્ધ બોલે તે ખોટો. આમ થવાથી યાદવોના માથા પર દુ:ખના ડુંગર તૂટી પડ્યા. આખું યાદવ રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું.

શ્રીભાગવતજીના પ્રસિદ્ધ ગ્રંથમાં એક અધ્યાય નથી. એ અધ્યાય બહુ વર્ષો પહેલાંની એક જૂની હસ્તપ્રતમાં મળે છે. તેમાં કંસની ઉત્પત્તિનો પ્રકાર બતાવવામાં આવ્યો છે. જે પુત્ર પિતાની સામે આવી નીચતા આચરતો હોય, તે એ પિતાનો અંશ ન જ હોય.

શાસ્ત્રોમાં કહ્યું છે કે જે પુત્ર પિતાનો દ્વેષ કરે, તેને અન્યના વીર્યનો જાણવો. કંસની માતા અગાસીમાં ફરતી હતી, ત્યારે એક ગંધર્વ ત્યાં ઉગ્રસેન રાજાનું રૂપ લઈને આવ્યો. તેના દ્વારા થયેલો પુત્ર તે આ કંસ. આથી કંસના શરીરમાં યાદવોનું લોહી જ ન હતું; પેલા ગંધર્વનું લોહી હતું. તેથી એની દૃષ્ટિમાં વિશુદ્ધ સદ્‌ભાવ જ નહોતો. પરિણામે તે આખા યાદવકુળનું લાંછન બનીને પ્રગટ થયો.

ગીતાજીમાં ભગવાને બીજશુદ્ધિ કરતાં પણ ક્ષેત્રશુદ્ધિનું વધારે મોટું મહત્ત્વ બતાવ્યું છે. જે ક્ષેત્રમાં બીજ વવાય છે, એ ક્ષેત્રના સંસ્કારો જ બીજને પલ્લવિત બનાવવામાં ભાગ ભજવે છે. શ્રી શુકદેવજી હવે દશમ સ્કંધના બીજા અધ્યાયમાં પરીક્ષિત રાજાને મથુરા-મંડળનો બદલાઈ ગયેલો તક્તો બતાવે છે.

■

પ્રકરણ ૮

કંસની વ્યગ્રતા : પ્રભુ-અવતરણની તૈયારી

કંસના રાજ્યમાં આખું મંત્રીમંડળ બદલાઈ ગયું. ગણતંત્રના મંત્રીઓ અને સરમુખત્યારશાહીના મંત્રીઓ જુદા હોય છે. તેમનાં નામ પણ સાંભળવા જેવાં છે :

પ્રલમ્બક-ચાણૂર-તૃણાવર્ત-મહાશનૈ: ।
મુષ્ટિકારિષ્ટ-દ્વિવિદ-પૂતના-કેશિ-ધેનુકૈ: ॥૨/૧॥
અન્યૈશ્ચાસુરભૂપાલૈર્બાણભૌમાદિભિર્યુત: ।
યદૂનાં કદનં ચક્રે બલી માગધ-સંશ્રય: ॥૨/૨॥

ત્રણ મંત્રીઓ ઘણા ખાઉધરા હતા. તેઓ એવા ખાઉધરા હતા કે તેમના પેટમાં વસ્તુઓ તો પચી જાય, પણ માણસોય પચી જાય. એવા ત્રણ મંત્રીઓ છે : **પ્રલંબક, ચાણૂર અને તૃણાવર્ત**. પ્રલંબક એટલો બધો લાંબો કે તેના હાથમાં સો-બસો રૂપિયા તો ચટણી જેવા થઈ જાય. કરોડોની થેલીઓ તેના હાથમાં મૂકો, તો થોડી દેખાય. ત્યારે તે તમારી સાથે વાત કરવાની ઇચ્છા કરે. આખું ઘર એને આપી દઈએ અને આપણે પણ એનાં બની જઈએ, તો તે આપણી મદદે આવે. તે આખા ને આખા માણસનો કોળિયો કરી જાય. નામ પ્રમાણે તે ઘણો લાંબો. આજે પણ આપણા સમાજમાં આવા પ્રલંબકોની ખોટ નથી.

એક ભાઈ રાજ્યમાં ઊંચી કક્ષાએ બેઠેલા. તેમણે એમના ગામમાં હૉસ્પિટલ કરવાનું નક્કી કર્યું. હૉસ્પિટલ બનાવવા માટે દાન મેળવવા તેઓ ટેલિફોન કરે અને હુકમ કરીને કહે કે આટલા રૂપિયા મોકલી આપો. સામો માણસ એમ કહે કે મારી આટલી શક્તિ નથી; તો બીજા દિવસથી તેના ઉપર આફત શરૂ થઈ જાય. એક દિવસમાં એ ભાઈએ ટેલિફોનથી પંદર લાખ રૂપિયા ભેગા કરી દીધા! આવા માણસોને પ્રલંબાસુર ન કહીએ, તો બીજું શું કહીએ? તેમના પક્ષે એક વાત ઠીક હતી કે તેમણે સમાજ માટે ભેગા કર્યા હતા; પરંતુ એમણે પોતાને માટે તો એનાથીયે બેવડી રકમ ભેગી કરી લીધી હતી!

બીજો મંત્રી ચાણૂર. એનું એક જ કામ – સૌની સાથે બાથંબાથી કરવી. તે મલ્લયુદ્ધ કરવામાં ચતુર. આજે સમાજમાં આવા ચાણૂરો પણ ઘણા છે. જરાક તેમને વાંકું પડે કે તેમની સામે કોઈ પડે, એટલે એને બરાબરનો પાઠ શીખવી દે.

ત્રીજો મંત્રી છે તૃણાવર્ત. તે પણ ઘણો ખાઉધરો. જેમ વંટોળ બધું હવામાં ઉડાડે, તેમ આ મંત્રીના વિરુદ્ધમાં જે પડે, તેના જીવનમાંય વંટોળિયો છવાઈ જવાય. એ આપણને કઈ જેલમાં ખોસી દે તે કહેવાય નહિ. આંધી આવે ત્યારે આપણે એકબીજાનું મોં જોઈ શકતાં નથી. આંધીમાં નાવ ગમે ત્યાં ઘસડાઈ જાય છે.

એક વખત કેદીઓને સજા કરવાનું એક પુસ્તક મેં વાંચેલું. તેમાં એવું વર્ણન હતું કે કેદ પકડાયેલા મોટા મોટા લોકોને સાઇબેરિયા લઈ જવામાં આવે. ત્યાં અજ્ઞાતવાસમાં તેમને રાખવામાં આવે, ઊંડા પાણીમાં રાખવામાં આવે. તેમનું આખું જીવન પાયમાલ કરી દેવામાં આવે. તૃણાવર્ત આ પ્રકારનો છે.

આ સિવાય બીજા મંત્રીઓ મધ્યમ કક્ષાના પણ હતા. તેમનાં નામ છે : **મુષ્ટિક, અરિષ્ટ, દ્વિવિદ, પૂતના, કેશી અને ધેનુક**. આ બધા થોડું ખાઈને તુષ્ટ થનારા હતા. મુષ્ટિક એવો કે તમને થોડા ગૂંબા મારીને છોડી દે. અરિષ્ટ એવો હતો કે એનું કહ્યું ન માનનારનું કામ બગાડી નાખે. જે અરજી પાસ કરવા જેવી હોય એ છ મહિના સુધી તેની ફાઈલમાં પડી રહે. પૂતના ભગવાનને ઝેર પીવડાવવા આવી હતી. એવી રીતે આ મંત્રી વાણીનું ઝેર ઓકે છે. એમની આંખોમાં ઝેર હોય છે. કેશી એટલે હણહણતો ઘોડો. તેમના વિરુદ્ધ પડનારને તેઓ ઘોડાની જેમ ચમકારો બતાવે. ધેનુક એટલે ગધેડો. જે દરેકની વસ્તુ કબજે કરીને બેસે; લેવા આવે તેને માથું મારે અને વસ્તુ આપે નહિ તે ધેનુક.

કંસના મંત્રીમંડળમાં આવા મંત્રીઓ હતા. આ મંત્રીઓએ મળીને કંસને સલાહ આપી, 'રાજન્! જેટલા યાદવો છે એ બધા દેવોના પક્ષપાતી છે. તેમને વીણીવીણીને મથુરામાંથી હાંકી કાઢો. પરિણામે યાદવગણોને પકડીને મથુરામાંથી હાંકી કાઢ્યા. યાદવો ઉપર ઘણું દુઃખ આવ્યું. જે રાજ્યમાં બુદ્ધિશાળી માણસોને જીવવાની તક ન મળતી હોય, એ રાજ્યમાં બુદ્ધિશાળી માણસોને જીવવું ગમતું નથી. રાજા એમને પકડીને કાઢે, તે પહેલાં બુદ્ધિશાળી માણસો ત્યાંથી સ્વતઃ ચાલ્યા જાય છે. જે રાજ્યમાંથી બુદ્ધિશાળી માણસો ચાલ્યા જાય, એ રાજ્ય ઘેટાંનું રાજ્ય બની જાય. સાચો રાજા સ્વતંત્ર વિચારકોને પોતાના રાજ્યમાં વસાવે છે અને અભિમાની રાજા સ્વતંત્ર વિચારકોને પોતાના રાજ્યમાંથી કાઢી મૂકે છે.

એકે તમનુરુન્ધાના જ્ઞાતયઃ પર્યુપાસતે ।
હતેષુ ષટ્સુ બાલેષુ દેવક્યા ઔગ્રસેનિના ॥૨/૪॥

જે નાકકટ્ટા હતા અને એવો વિચાર કરતા હતા કે ***'નાક કટા તો કટા, પણ ઘી તો ચટ્ટા.'*** એવા લોકો ત્યાં પડી રહ્યા. બીજા કેટલાક અક્રૂરજી જેવા પણ હતા – 'જો કંસથી ડરીને મથુરામંડળ છોડી દઈશું, તો યાદવોની જે ગઈ કાલ સુંદર હતી; તે આવતી કાલ અંધકારમય બની જશે. આજે ભલે આપણો વખત નથી; પરંતુ એક દિવસ એવો આવશે કે જ્યારે કંસના મંત્રીમંડળમાં રહીને કંસને મારીશું.' આવા અક્રૂરજી જેવા લોકો કંસના પક્ષમાં એમ વિચાર કરીને ઘૂસ્યા કે એક દિવસ આનો નાશ થશે. રાજનીતિ કહે છે કે જ્યાં તમે બેઠા હો, ત્યાં તમને કોઈ ડરાવે તો તેથી ખસશો નહિ. ત્યાં ને ત્યાં ચોંટેલા રહો. ફરી એક દિવસ તમારો આવશે. યાદવોમાં અક્રૂરજી જેવા મોટા રાજનીતિજ્ઞો પણ હતા. અક્રૂરજી જેવા રાજનીતિજ્ઞોની અભિલાષા અગિયાર વર્ષ અને બાવન દિવસ પછી સફળ થઈ. તેઓ કૃષ્ણજીને મથુરા લઈ આવ્યા અને મામાજીનો ઘડો-લાડવો થઈ ગયો.

આમ, યાદવોમાં વેરઝેર, ભેદભાવ થઈ ગયાં. ભગવાને વિચાર કર્યો, હવે મારા પ્રાદુર્ભાવનો સમય આવી પહોંચ્યો છે. ભૂમિ માતા પીડિત છે. દેવકી માતા પણ પીડિત છે અને મારા યાદવો પણ પીડિત છે. તેમના દિલનું દર્દ હવે મારાથી જોવાતું નથી. ભગવાનને અવતારની એક લીલા કરવી છે. આ લીલા કરવા માટે અચિંત્ય લીલાવિહારીએ યોગમાયાનો સાથ લીધો. **ભગવાનની માયા નામની શક્તિ છે.** તેનાં બે રૂપ છે : **એક માયા** ભગવાનથી સૌને દૂર લઈ જાય છે અને **બીજી માયા** સૌને મોહનજીની પાસે લઈ જાય છે. શ્યામસુંદરની માયા જેને લાગે છે તે જ શ્યામસુંદરને યાદ કરે છે. આમ, માયા નકામી છે, તો એ જ માયા કામની પણ છે. માયા વિના દુનિયામાં એક ડગલું પણ ભરાતું નથી. માટે ભગવાને પોતાની સાથે સંબંધ કરાવનારી માયાની મદદ લીધી.

ભગવાનપિ વિશ્વાત્મા વિદિત્વા કંસજં ભયમ્ ।
યદૂનાં નિજનાથાનાં યોગમાયાં સમાદિશત્ ॥૨/૬॥

ભગવાન વિશ્વાત્મા છે. તેઓ વિશ્વનું કલ્યાણ કરવાની ઇચ્છા રાખે છે. તેમણે યોગમાયાને આદેશ આપ્યો, **'ગચ્છ દેવી વ્રજમ્.'** હે દેવી! તું વ્રજમાં જા. આ માયા કલ્યાણકારી છે, તેથી તેને માટે સંબોધન કર્યું, **'ભદ્રે.'** જે મનને ભગવાન સાથે જોડી આપે તે ભદ્રા–**કલ્યાણકારી–માયા** કહેવાય. જે ભગવાનથી વિખૂટા પાડે તે **અભદ્રા માયા** કહેવાય.

માયા પૂછે છે : 'મહારાજ, હું ક્યાં જાઉં?' ભગવાન કહે છે : 'હે દેવી! તું વ્રજમાં જા.' યોગમાયા કહે છે : હે પ્રભો! વ્રજ તો ઘણાં છે. (વ્રજ એટલે ગામડું.) હિન્દુસ્તાનમાં નાનાં ગામડાં તો અનેક છે. તેમાંથી મારે કયા ગામડામાં જવાનું છે?

ભગવાને આજ્ઞા કરી, 'જ્યાં મારા અંતરંગ ગોપો અને ગોપીઓ અવતાર ધારણ કરીને પધાર્યાં છે એ વ્રજમાં તું જા.' યોગમાયા પૂછે છે : 'ત્યાં જઈને મારે શું કરવાનું છે?' ભગવાન આજ્ઞા કરે છે, 'તારે બહુ મોટું કામ કરવાનું છે. સંકર્ષણ, જે મારા ભાઈ બનીને પધારવાના છે; તેમનું દેવકીજીના ઉદરમાંથી આકર્ષણ કરીને તેમને રોહિણીજીના ઉદરમાં પધરાવવાના છે.'

આપણને પ્રશ્ન થાય કે ભગવાને આવું કેમ કર્યું હશે? જે સ્વરૂપ જેમાં બિરાજ્યું, તેમાંથી જ તેને પ્રગટ થવા દેવું જોઈતું હતું. પણ ભગવાનની આ આજ્ઞા પાછળ બે કારણ છે : જ્યાં સુધી દેવકી માતાના ઉદરમાં શ્રીસંકર્ષણજી બિરાજ્યા હોય, ત્યાં સુધી ત્યાં ભગવાન કેવી રીતે પધારે? સાતમા પુત્રનો જન્મ થાય, પછી જ આઠમા પુત્રને આવવાનો અવકાશ મળે. હજી તો દેવકીજીના ઉદરમાં પધારેલ દાઉજી મહારાજને પાંચ-છ મહિના જ થયા છે. ભગવાનને પૃથ્વી ઉપર પધારવાની ઉતાવળ આવી છે, માટે ભગવાને યોગમાયાને આવો આદેશ આપ્યો.

બીજું કારણ એ છે : પ્રભુ વિચાર કરે છે કે દાઉજી સંકર્ષણજીનો અવતાર છે. સંકર્ષણ જ્યાં પધારે ત્યાં સંહાર કરે. જો મોટાભાઈ મથુરામાં પ્રગટ થશે, તો મામાજી તેમને અડકવા જશે; એટલે મામાજી મરી જશે. પછી મામાજીને મારવાની મારી તમન્ના અધૂરી રહી જશે. ભાણેજ બનીને કંસનો ઉદ્ધાર કરવો છે. માટે ભગવાને યોગમાયા દ્વારા સંકર્ષણજીનું આકર્ષણ કરાવ્યું. યોગમાયા આકર્ષણ કરીને તેમને ગોકુળમાં રોહિણીજીના ઉદરમાં લઈ ગઈ.

યોગમાયા પૂછે છે : મહારાજ, આપની આજ્ઞા અનુસાર આપનું એક કામ તો પૂરું કર્યું. હવે બીજું કામ બતાવો.

ભગવાન કહે છે : યશોદાજીના ત્યાં મારી બહેન બનીને તારે અવતરવાનું છે.

આ સાંભળીને યોગમાયાને હસવું આવ્યું. તેણે કહ્યું : હે નાથ! હું તમારી દાસી છું. તેમાંથી તમે મને તમારી બહેન બનાવો છો? બહેન બનીને મારે તમારું કામ કરવાનું હોય, તો બહેન કંઈક માગે પણ ખરી. બોલો પ્રભુ! મને શું આપશો?

ભગવાન કહે છે -

અર્ચિષ્યન્તિ મનુષ્યાસ્ત્વાં સર્વકામવરેશ્વરીમ્ ।
ધૂપોપહારબલિભિ: સર્વકામવરપ્રદામ્ ॥૨/૧૦॥

'હે દેવી! કલિયુગમાં પૃથ્વી ઉપર મારી સેવા ઓછી થશે, તારી પૂજા વધશે.' માટે આપણા કેટલાક વૈષ્ણવોનાં ઘરમાંય નવરાત્રિમાં માતાજીનું સ્થાપન જોવા મળે છે. ભગવાને યોગમાયાને આશીર્વાદ આપ્યો છે, 'તારી પૂજાનો પ્રવાહ વહેતો થશે.'

યોગમાયા પૂછે છે : મારું પૂજન કોણ કરશે? ભગવાન કહે છે : દૈત્યો કોઈને ભજવામાં માનતા નથી. દેવો વિષ્ણુનું સેવન કરે છે. વચમાં રહેલા મનુષ્યો તારું ભજન કરશે. મનુષ્યો દેવીપૂજા કરશે એનાં ભગવાને બે કારણો આપ્યાં. પહેલું કારણ એ છે કે તે **'સર્વકામવરેશ્વરી'** છે અને બીજું કારણ એ છે કે **'સર્વકામવરપ્રદા'** છે. કલિયુગના જીવો લાભ વિના કશું કરતા નથી. તું તેમની સર્વકામનાઓ પૂરી કરનારી થઈશ. માટે લોકો તારું પૂજન ધૂપ, ઉપહાર, બલિ વગેરેથી કરશે. લોકો કહેશે, 'માતાજી! અમારી આટલી ઇચ્છાઓ પૂરી કરો.' તું તેમની ઇચ્છાઓ પૂરી કરીશ; એટલે તારો પૂજાપ્રવાહ ચાલતો રહેશે.

યોગમાયા પૂછે છે : 'મહારાજ! મારે પૃથ્વી ઉપર રહેવા ઘર અને પીઠ પણ જોઈશે.' ભગવાન કહે છે, 'કોઈ તને દુર્ગા કહેશે, કોઈ ભદ્રકાળી કહેશે. કોઈ વિજયા કહેશે. વૈષ્ણવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માધવી, કન્યકા, માયા, નારાયણી, ઈશાની, શારદા, અમ્બિકા એવાં તારાં અનેક નામો અને રૂપો હશે. તું એક, પણ તારી અનેક પીઠો સ્થપાશે. દુર્ગાદેવી કાશીમાં, ભદ્રકાળી ઉજ્જૈનમાં. એવી રીતે મહાલક્ષ્મીપીઠ કોલ્હાપુરમાં છે. વૈષ્ણવી દેવીની એક પીઠ પંજાબમાં છે, પરંતુ શ્રીભાગવતજીમાં જેમને વૈષ્ણવી દેવી કહ્યાં છે, તે કોલ્હાપુરનાં મહાલક્ષ્મીજી છે.

આમ, યોગમાયાને આજ્ઞા કર્યા પછી, ભગવાન વિચાર કરે છે કે હવે મારા અવતારનો સમય આવી ચૂક્યો છે. માટે દેવકી અને વસુદેવમાં હું પ્રવિષ્ટ થાઉં.

ભગવાનપિ વિશ્વાત્મા ભક્તાનામભયઙ્કર: ।
આવિવેશાંશભાગેન મન આનકદુન્દુભે: ॥૨/૧૬॥

વિશ્વાત્મા પ્રભુ, આખી દુનિયામાં વ્યાપક બનેલા ઈશ્વર, તેમણે વસુદેવજીના મનમાં પ્રવેશ કર્યો. શ્રીશ્યામસુંદરનો પ્રાદુર્ભાવ સમજવા જેવો છે. લૌકિક બાળકોની

ઉત્પત્તિ જેવો પ્રભુના પ્રાદુર્ભાવનો પ્રકાર નથી. સર્વપ્રથમ વસુદેવજીના મનમાં ભગવાનનો આવિર્ભાવ થયો. વસુદેવજીનો આધાર ભગવાને એટલા માટે લીધો કે વસુદેવજી વિશુદ્ધ સત્ત્વ છે. પરમાત્મા વિશ્વમાં વ્યાપક છે, પણ દેખાતા નથી. આપ બહુ વિચાર કરીએ તોય આપણી દૃષ્ટિમાં પરમાત્મા ક્યાંય દેખાતા નથી. માઈક માઈક લાગે છે અને લાઈટ લાઈટ લાગે છે. કોઈ માણસને કે વસ્તુને ઈશ્વર કહેવાનું સાહસ આપણે કરી શકતા નથી; કારણ કે તેમાં બિરાજેલા દિવ્ય ચૈતન્યનો આપણને અનુભવ થયો નથી.

પરમાત્માનો અંશ જગતમાં સર્વવ્યાપી હોવા છતાં ઢંકાયેલો છે. જ્યાં જ્યાં તે પ્રગટ થાય છે, ત્યાં ત્યાં આપણે તેમને ઈશ્વર કહેવાની હિંમત કરીએ છીએ. જે સ્વરૂપની હું સેવા કરું છું, એ સ્વરૂપમાં રહેલી મારી શ્રદ્ધા અને બુદ્ધિ મને કહેવા પ્રેરે છે કે આમાં ઈશ્વર છે; કારણ કે તેમાં એ દિવ્ય ચૈતન્યનો અનુભવ કરવાની હું ક્ષમતા રાખું છું. આનાથીયે વધારે શ્રદ્ધાળુ માણસ કોઈ પણ પથ્થરમાં પ્રભુનો અનુભવ કરી શકે છે. સુરતમાં પરેની બેઠક છે. શ્રીગુસાંઈજીએ કહી દીધું કે 'પરે પરે. આ પથ્થર લઈ જા.' વ્રજવાસીનો નાનકડો છોકરો સમજ્યો, પરે નામનો ભગવાન મને આપ્યો છે. એ પથરાની સેવા કરે છે. એની શ્રદ્ધા અને ભાવને લઈને એ પથ્થરમાંથી ભગવાન પ્રકટ થયા. ભગવાન એના ખભા ઉપર ચઢી ગયા.

માણસની આસ્તિકતા જ્યારે સ્થિર અને દૃઢ થાય છે, ત્યારે તેને દિવ્ય ચૈતન્યનો અનુભવ થાય છે. ઈશ્વર બધે હોવા છતાં એ ચૈતન્યનો અનુભવ ક્વચિત્ જ થાય છે. ભગવાન આવા વિશ્વાત્મા હોવા છતાં આજે વસુદેવજીના મનરૂપી ભૂમિમાં પ્રગટ થયા છે, જાગૃત થયા છે. વસુદેવજીના મનમાં ભગવાનનો આવિર્ભાવ થતાં, તેમના આખા શરીરમાં ભગવદાવેશ આવ્યો. વસુદેવજી કરોડો સૂર્યોનાં તેજ જેવા પ્રકાશવા લાગ્યા. લાઈટના ગોળાને પડદામાં ઢાંકી દઈએ તો પણ પડદો ભેદીને તેનો પ્રકાશ બહાર આવશે. તેવી રીતે વસુદેવજીના શરીર, મન અને ઇન્દ્રિયોના પડદાઓને હટાવીને દિવ્ય તેજ બહાર પ્રકાશવા લાગ્યું.

સાધારણ માણસ કરતાં મહાપુરુષના શરીરનાં તેજકણો કંઈક જુદાં જ હશે. તેમની પાસેનાં સ્પંદનો પણ જુદાં હશે. તેમની પાસે બેસવામાત્રથી આપણાં મન-બુદ્ધિમાં પરિવર્તન આવવા લાગે છે. દેવકીજી અને વસુદેવજી બંને અસહાય છે વસુદેવજીમાં આવેલું તેજ ત્યાંથી બહાર નીકળી, દેવકીજીમાં પ્રવેશવા તત્પર બન્યું

છે. બંને એકબીજાની સામે જુએ છે. વસુદેવજીના મનનું તેજ તેમની આંખોમાં આવ્યું. ત્યાંથી તે તેજ દેવકીજીના ઉદર સુધી આખા શરીરમાં વ્યાપી ગયું. એક યોગી સાધકને શક્તિપાતની દીક્ષા આપે, એવી જ રીતે વસુદેવજીએ આંખ દ્વારા ભગવદ્-સ્વરૂપ દેવકીજીમાં સ્થાપન કર્યું. આ વાત આપણને નહિ સમજાય. જે અસાધારણ માણસો પાસે આંખનું બળ છે, એનો અનુભવ જેમને થાય; તેમને આ વાત સમજાશે.

આવા એક યોગી મેં જોયા છે, જેમણે તેમના એક શિષ્ય ઉપર એક નજર કરી, ત્યાં તો શિષ્યનાં અંતર્ચક્ષુ ખૂલી ગયાં. એને ઘણું પારલૌકિક દેખાવા લાગ્યું. માટે શુકદેવજી કહે છે :

તતો જગન્મઙ્ગલમચ્યુતાંશં સમાહિતં શૂરસુતેન દેવી ।
દધાર સર્વાત્મકમાત્મભૂતં કાષ્ઠા યથાऽऽનન્દકરં મનસ્તઃ ॥૨/૧૮॥

જેવી રીતે પૂર્વ દિશા ચંદ્રમાને ધારણ કરે છે, એવી રીતે વસુદેવજીના મનમાંથી પધારેલા પ્રભુને દેવકીજીએ ધારણ કર્યા. અવિકારી ભગવાન અવિકારી એવા વસુદેવજીના મનમાંથી અવિકારી એવાં દેવકીજીની દૃષ્ટિમાં પધાર્યા છે.

ઈશ્વર તત્ત્વનું દાન કોઈ મહાપુરુષ દૃષ્ટિ દ્વારા આપે છે, કોઈ સ્વપ્ન દ્વારા આપે છે, તો કોઈ મહાપુરુષ કેવળ કાગળના શબ્દો દ્વારા આપે છે. વસુદેવજીએ પોતાની દૃષ્ટિ દ્વારા દેવકીજીમાં ભગવદ્-સ્વરૂપ પધરાવ્યું.

આપણને પ્રશ્ન થશે કે ભગવાનને ગર્ભ સુધી જવાની જરૂર શી હતી? એ જરૂર એટલા માટે હતી કે જેથી એમ કહી શકાય કે ભગવાનને આ વંશનો સંબંધ થયો છે. ભગવાનનું પ્રાગટ્ય માતાપિતાના સંયોગ-પ્રકારથી થયું નથી, પરંતુ આંખો દ્વારા આવેલું તેજ દેવકીજીના ઉદરમાં જઈને બિરાજ્યું છે. દેવકીજીને લાગે છે કે મેં કંઈક ધારણ કર્યું છે. આથી, દેવકીજી પણ તેજસ્વી બન્યાં છે –

સા દેવકી સર્વજગન્નિવાસનિવાસભૂતા નિતરાં ન રેજે ।
ભોજેન્દ્રગેહેऽગ્નિશિખેવ રુદ્ધા સરસ્વતી જ્ઞાનખલે યથા સતી ॥૨/૧૯॥

દેવકીજીનાં રોમરોમમાંથી તેજ નીકળે છે. શ્રીશુકદેવજી કહે છે : 'રાજા! આ કારાગૃહ તેજને બંધ કરનારું કોઈ આવરણ લાગે છે. જરૂર કોઈ જ્ઞાનખલના ત્યાં સરસ્વતી દેવી બંધાઈ ગયાં હોય, એ જ રીતે આ દિવ્ય તેજને ધારણ કરેલાં દેવકીજી અહીં આ કારાગૃહમાં શોભતાં નથી.

આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર સમજણ આપી છે. જ્ઞાનખલ કોને કહેવાય? જેની પાસે રૂપિયા હોવા છતાં એ દ્રવ્યનો જનહિતાય સદુપયોગ ન કરે એ **દ્રવ્યખલ**. જેની પાસે વિદ્યા હોવા છતાં એ વિદ્યાનું બીજાઓને દાન ન કરે તે **જ્ઞાનખલ**. એવી જ રીતે કલા હોવા છતાં કલાનું દાન ન કરે તે પણ જ્ઞાનખલ. આપણી અનંત વિદ્યા-કલાઓ આવા જ્ઞાનખલોના હાથે ભૂતકાળના ઊંડાણમાં દટાઈ ગઈ. માણસ એટલા માટે જ્ઞાનખલ બને છે કે એને બીક લાગે છે કે બીજો મારી પાસેથી વિદ્યા કે કલા શીખીને મારાથી મોટો બની જશે. તે મારો જ હરીફ બનશે. પોતાના ક્ષેત્રમાં પોતાનાથી બીજો કોઈ ચઢિયાતો બને, તે માણસ સહન કરી શકતો નથી. જો માણસ ખુલ્લું મન રાખીને, સ્વસ્થ રીતે હરીફાઈ કરે, તો એનું પરિણામ સુંદર આવે. પરંતુ એ માટે એનામાં વિશ્વાસ હોતો નથી. પરિણામે તે તેને મળેલી વિદ્યા કે કલા કોઈને આપતો નથી. પ્રાચીન સમયમાં ઘણા વૈદો એવા થઈ ગયા, જેમણે દવાની રીતો બીજાને બતાવી નહિ. આને કારણે આજે વનસ્પતિને ઓળખવાની શક્તિ આપણામાં રહી નથી.

એવું વાંચવામાં આવેલું કે શ્રીસૂક્તમાં સોનું બનાવવાની પ્રક્રિયા છે. એના કીમિયાનું એક કાગળિયું એક માણસ પાસે હતું. તેણે તે સંતાડી રાખ્યું. અંતે તે વિદ્યા કોઈને મળી નહિ. આપણા શ્રીમહાપ્રભુજીનાં પુસ્તકો ખૂબ સુંદર હતાં. શ્રીમહાપ્રભુજીનાં આ હસ્તલિખિત પુસ્તકો કેટલાક લોકો એટલા માટે લઈ ગયા કે તેનો લાભ બીજા કોઈ લઈ શકે નહિ. આને લઈને આજે આપણને શ્રીમહાપ્રભુજીની વાણીનો પૂરતો લાભ મળતો નથી.

એવા કેટલાક જ્ઞાનખલ લોકો છે કે જેમને ઘણું આવડે છે, પણ તેઓ બીજાને આપવા ઇચ્છતા નથી. આવી રીતે દેવકીમા પણ રાજા કંસના કારાગૃહમાં દબાઈ ગયાં છે. રાજા કંસને એવો નિયમ હતો કે રોજ તે દેવકીજીનું મોઢું જોવા જાય. પ્યારથી નહિ, પણ ખારથી. તે મૂછો આંબળતો, હાથમાં ખુલ્લી તલવાર સાથે પગ પછાડતો કારાગૃહમાં આવ્યો તો ખરો, પણ કારાગૃહમાંનું તેજ જોઈ તેની આંખો અંજાઈ ગઈ.

જેના અંત:કરણમાં શ્રીહરિનો આવિર્ભાવ થાય છે, એની સામે કોઈ પાપદૃષ્ટિ આંખ ઊંચી કરી શકતી નથી. એ માણસને એ સમયે એનું પાપ ડંખે છે. કંસનું માથું પણ એના પાપના ભારથી જ નમી ગયું. તે ઊંચું જોઈ જ શકતો નથી. કંસ આંખો ઢાળીને વિચાર કરે છે –

આહેષ મે પ્રાણહરો હરિર્ગૃહાં ધ્રુવં શ્રિતો યન્ન પુરેયમીદશી ॥૨/૨૦॥

જરૂર મને મારનારો આ દેવકીના ઉદરમાં આવ્યો લાગે છે, નહીં તો આ દેવકીના શરીર પર આટલું બધું તેજ ન હોય. હું આજે દેવકીની આંખોમાં મારી આંખો મેળવી શકતો નથી. હે કંસ! તારામાં રહેલું દશ હજાર હાથીનું બળ ક્યાં ગયું? આજે તારા પગ કેમ ધ્રૂજે છે ? હાથ કેમ કંપે છે ? તું તારા પાપનો એકરાર કેમ કરે છે ? જ્યાં પ્રભુ હોય ત્યાં જ પાપનો એકરાર કરવાની વૃત્તિ જાગે છે, તો દેવકીના ઉદરમાં ભગવાન તો નથી આવ્યા ને ?

વળી, કંસ વિચાર કરે છે કે જો મારા દુશ્મનના રૂપમાં સ્વયં ભગવાન આવ્યા હશે, તો એમની સામે હું ટકી શકવાનો છું? તે વિચાર કરે છે કે પ્રભુ તો જશે નહિ; પરંતુ પ્રભુ જેમાં આવિર્ભાવ પામ્યા છે, એ આધારને હું જરૂર દૂર કરી શકીશ. આમ વિચાર કરી તે દેવકીજીની પાસે આવ્યો. તે દેવકીજીનો હાથ પકડવા ગયો. તેણે દેવકીજીની સામે જોવાનો પ્રયત્ન કર્યો, પણ જોઈ ન શક્યો. તેણે મોઢું ફેરવી લીધું. તેને થયું કે આજે મારું હૃદય કંપે છે. મને આજે મારાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવાની ઇચ્છા થાય છે. દેવકી, તારો વધ કરવો છે, પણ મારાથી થતો નથી. દેવકી, તારામાં એવું કયું તત્ત્વ પ્રવેશ્યું છે, જે મારા હાથને રોકી રહ્યું છે?

દેવકીજી હસતાં હસતાં ઊભાં છે. તેઓ કહે છે, 'ભાઈ! તેં મારા છ દીકરાને તો મારી નાખ્યા છે. તારી સામે હું પણ ઊભી છું, મને ખુશીથી માર. મને હવે તારો તો શું, કોઈનો પણ ડર નથી. એક વાર મારું જીવન મેં પરમાત્માને સોંપી દીધું, પછી મને કોનો ડર?'

કંસ દેવકીને પકડવા જાય છે, પણ પકડી શકતો નથી. તે પોતાની વાત ઉપર ક્રોધ કરે છે, પણ તેનો ક્રોધ દેવકીજી ઉપર ઊતરતો નથી. તે માત્ર ઊભો ઊભો હાથ મસળ્યા કરે છે. માણસને ઘણો ક્રોધ ચઢે ત્યારે હાથ મસળે. કંસને શું કરવું તે સમજાતું નથી. તે કારાગૃહમાંથી પાછો ફર્યો. મહેલમાં આવી પલંગ ઉપર બેઠો. પરંતુ તેની નજર આગળ તો કારાગૃહનું દૃશ્ય જ દેખાય છે. દેવકીજીના મુખારવિંદ ઉપરનું લસલસતું તેજ જ તેને દેખાય છે. તેને વારેઘડીએ નારદજીના શબ્દો યાદ આવે છે.

કંસ વિચાર કરે છે, મને કળ કેમ પડતી નથી? મારે બેસવું છે પણ બેસાતું નથી. તે આકુળવ્યાકુળ થઈ ગયો. કંસને થયું, કશું થતું નથી તો લાવ સૂઈ જઉં. તે ચાદર ઓઢી સૂઈ ગયો, પરંતુ ઊંઘ આવતી નથી.

કોને કોને ઊંઘ ન આવે તે પણ જાણવા જેવું છે. શોકાતુરને ઊંઘ ન આવે, ભયાતુરને ઊંઘ ન આવે, કામાતુરને ઊંઘ ન આવે, લોભાતુરને ઊંઘ ન આવે, પાપથી ભરેલાઓને ઊંઘ ન આવે. કંસમાં આ બધા દોષો ભેગા થયેલા છે, તેથી તેને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો છે. તેના કાનમાં નારદજીના સ્વરો ગૂંજી રહ્યા છે, '**શ્રીમન્નારાયણ નારાયણ નારાયણ**'.

કંસને ઊંઘ આવતી નથી. તેણે ઓઢેલી ચાદર ફેંકી દીધી. તેણે વિચાર કર્યો કે બહાર ઠંડી હવામાં મને કળ પડશે. આથી તે બારી પાસે જઈને ઊભો. આકાશના તારામંડળને જોવા લાગ્યો. ઠંડી હવાની લહેરો કંસના શરીરની આગને વધારે પ્રજ્વલિત કરે છે. તેને ભણકારા વાગ્યા કરે છે કે મારો વેરી આ દિશામાંથી આવશે કે આ દિશામાંથી આવશે? તેને લાગ્યું કે આ ઠંડી લહેરો મારાથી સહન નહિ થાય. તેણે ધડાક દઈને બારી બંધ કરી. અડધી રાતે ઊંઘ ઊડી જાય, ત્યારે ક્યારેક ઘણી ભૂખ લાગે અથવા તો ક્યારેક બધી ભૂખ ચાલી જાય. તેણે ભોજન સજાવવા હુકમ કર્યો. અડધી રાતે રાજા કંસ માટે છપ્પન ભોગ સજાયા. તે એક કોળિયો ભરવા જાય છે, ત્યાં શબ્દ યાદ આવે છે, '**શ્રીમન્નારાયણ નારાયણ નારાયણ.**'

કંસે વિચાર કર્યો, મારાથી આજે કોળિયો પણ ભરાશે નહિ. એક એક કોળિયામાં એને દેવકીનું તેજસ્વી મુખ દેખાવા લાગ્યું. એનું મુખડું કંસના દિલમાં જન્મજન્મનું દુ:ખ પેદા કરે છે. તે થાળી ફેંકીને ઊભો થઈ ગયો. નથી ઊંઘાતું, નથી ખવાતું, નથી બેસાતું કે નથી ઊભા રહેવાતું. જ્યારે કશું ન બને, ત્યારે માણસ આંટાફેરા મારવા લાગે છે. તે પણ એના ખંડમાં પલંગની ચારે બાજુ આંટા મારવા લાગે છે. તે જોરથી બબડવા લાગ્યો, '**શ્રીમન્નારાયણ નારાયણ નારાયણ.**' ચાલતાં ચાલતાં કંસ ધીમે ધીમે ભાન ભૂલવા લાગ્યો. જ્યાં જ્યાં તે નજર નાખે, ત્યાં ત્યાં નારાયણનું જ ચિત્ર દેખાવા લાગ્યું. આંખો બંધ કરે તો પણ નારાયણ દેખાય. તે મનમાં બળાપો કરતો જાય અને બોલતો જાય '**શ્રીમન્નારાયણ નારાયણ નારાયણ.**'

આસીન: સંવિશંસ્તિષ્ઠન્ ભુંજાન: પર્યટન્ મહીમ્ ।
ચિન્તયાનો હૃષીકેશમપશ્યત્ તન્મયં જગત્ ॥૨/૨૪॥

તેને નારાયણ સિવાય બીજું કંઈ યાદ આવતું નથી. પ્રેમમાં પ્રેમાસ્પદનું જેટલું સ્મરણ થાય છે, તેનાં કરતાં વેરમાં વેરીનું સ્મરણ વધારે થાય છે. પ્રેમાસ્પદના સ્મરણમાં માધુર્ય હોય છે; વેરીના સ્મરણમાં વારંવાર હૃદયને કાંટો ખૂંચ્યા કરે છે.

જીવનમાં વાગવાના પ્રસંગો બન્યા હોય, કોઈક ખટકો રહી ગયો હોય, તો તેની સ્મૃતિ અચૂક રહેવાની.

આ શ્લોકમાં ભગવાન માટે '**હૃષીકેશ**' શબ્દ વાપર્યો. હૃષીકેશ એટલે ઇન્દ્રિયોના અધિપતિ. આજે કંસની તમામ ઇન્દ્રિયો ઉપર ભગવાન નારાયણે જોર જમાવી દીધું છે. આંખો તેમને જુએ છે. કાન તેમને સાંભળે છે. ચરણ તેમની દિશામાં જ જાય છે અને હૃદય એમનું જ સ્મરણ કરે છે : '**શ્રીમન્નારાયણ નારાયણ નારાયણ**.' કંસ બહાવરો બની ગયો. તે તલવાર હવામાં વીંઝે છે. તે ભ્રમિત બન્યો. ભગવાન કહે છે, 'તું પ્યારથી મારો ન બન્યો તો ભલે, ખારથી તો મારો બન્યો છે ને?' જેટલી તન્મયતા કંસમાં હતી એટલી જ તન્મયતા માણસમાં ભગવાન માટે થાય, તો તેનો બેડો પાર થાય. ભગવાનના ઘેર એક જ કાયદો છે : 'કોઈ પણ ભાવથી તમારું મન મને સોંપો. પછી તે ખારથી હોય તો ખારથી ને પ્યારથી હોય તો પ્યારથી.'

શાસ્ત્રો કહે છે, '**મન: એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો:**' હે માનવી! તું તારા મનમાં એક વાર ભગવાનને વસાવી જો. ચાહે તેમને ગોદમાં લેવાની ઇચ્છાથી વસાવ કે ચાહે તેમને મારવાની ઇચ્છાથી વસાવ. કંસના મનમાં અનાયાસે મોહનજીનું સ્થાન બની ગયું છે. ભગવાન પ્રગટ થયા પછી પણ અગિયાર વર્ષ અને બાવન દિવસ સુધી તે '**શ્રીમન્નારાયણ નારાયણ નારાયણ**'નું રટણ કરતો રહેવાનો છે.

હવે કંસ સુકાતો ચાલ્યો છે. આકાશવાણી થઈ ત્યારે કંસને પહેલો ઍટેક આવેલો. બીજો ઍટેક તેજસ્વી દેવકીજીને જોતાં આવેલો અથવા ભગવાન શ્રીકૃષ્ણ કંસના દરબારમાં પધાર્યા, ત્યારે તેને બીજો ઍટેક આવ્યો. ભગવાન તેની છાતી ઉપર ચઢી ગયા, ત્યારે ત્રીજો ઍટેક આવ્યો. ભગવાને કંસને માર્યો નથી, કંસ એના હાર્ટ-ઍટેકથી મર્યો છે. શ્રીભાગવતજીમાં ક્યાંય એવું બતાવ્યું નથી કે ભગવાને કંસ માટે કોઈ શસ્ત્ર ઉપાડ્યું હોય. તે ભયથી જ મર્યો છે. કંસને આખું જગત કૃષ્ણરૂપે દેખાવા લાગ્યું હતું, '*કલ ન પરત દિનરૈન.*'

◆

પ્રકરણ ૯

ગર્ભમાં બિરાજેલ પ્રભુની દેવો દ્વારા સ્તુતિ

ભગવાન વિચાર કરે છે કે હવે પ્રગટ થવાની ક્ષણો આવી છે. મારા પ્રાદુર્ભાવનો સમય થયો છે. બ્રહ્માજી વગેરે દેવો શિવજીને આગળ કરી, માતા દેવકીજીના ઉદરમાં બિરાજતા સાક્ષાત્ નારાયણ ભગવાનને પ્રાર્થના કરવા પહોંચી ગયા છે. શ્રાવણ વદ આઠમની મેઘલી રાત્રે કંસ સહિત મથુરામંડળના કોઈને પણ ખબર ન પડે તે રીતે સમસ્ત દેવગણ ભગવાનને પ્રાર્થના કરવા માટે ઉપસ્થિત થયો છે. જ્યારે જ્યારે ભગવાન અવતાર લે છે, ત્યારે આવી પ્રાર્થનાનો પ્રકાર જોવા મળે છે. અહીં બહુ સુંદર વસ્તુ સમજાવવામાં આવી, 'હે માનવ! તારા જીવનમાં તારે શ્રીહરિનો આવિર્ભાવ કરવો હોય, તો તું પણ પ્રાર્થના કર.'

જેની પાસે પ્રાર્થના અને સ્તુતિનું બળ છે, તેની પાસે ગમે તે સ્થળે અને ગમે તે સમયે ભગવાન પ્રગટ થઈ જાય છે. ભગવાનને પ્રગટ થવા માટે મંદિર જોઈતું નથી, ભગવાનને પ્રગટ થવા માટે મહેલ જોઈતો નથી. ભગવાનને પ્રગટ થવા છત્રપલંગ કે રાચરચીલાં જોઈતાં નથી. ભગવાન કહે છે, 'હું તો કાળકોટડીમાં પણ પ્રગટ થાઉં. જરૂર માત્ર એટલી જ હોય છે કે આપણા દિલમાં એમને બોલાવવા માટેની પ્રાર્થના જોઈએ. ભગવાનને આવકારવા માટે આપણા હૃદયમાં ભાવના જોઈએ. ભગવાન જ્યાં જ્યાં ભાવના જુએ છે ત્યાં ત્યાં પ્રગટ થાય છે.

ભગવાનને એમ કહેવું છે કે કેવળ શ્રાવણ વદ અષ્ટમીનો દિવસ જ કૃષ્ણજન્મનો દિવસ નથી. જે દિવસે આપણા અંતઃકરણમાં ભગવદ્ભાવનું સામ્રાજ્ય વધે, તે દિવસ તેમાં ભગવાનને જન્મ લેવા માટેનો દિવસ ઊગે છે. આપણા માટે તે જન્માષ્ટમી કહેવાય. જો આપણા હૃદયમાં આજે ભગવદ્ભાવ પ્રબળ બને, તો આપણા માટે આજે જ જન્માષ્ટમીનો દિવસ બને. ભગવાનને પ્રગટ થવા માટે કોઈ તિથિ, વાર, નક્ષત્ર, ચોઘડિયાની જરૂર નથી. તેમને કોઈ સ્થળવિશેષની જરૂર પણ નથી. જે કાળે મનુષ્યના હૃદયમાં સ્તુતિ-પ્રાર્થના દ્વારા ભગવદ્ભાવ પ્રબળ બને, એ જ ક્ષણે તેના હૃદયમાં ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે; અને તે જ જન્માષ્ટમી છે.

દેવો ભગવાનની સ્તુતિ કરવા આવ્યા છે. એકંદર પંદર શ્લોકમાં આ સ્તુતિ છે. દેવોએ સુંદર સ્તુતિ દ્વારા ભગવાનને અભિવ્યક્ત થવા માટે જાણે ફરજ પાડી છે. અંતઃકરણમાં જાગૃતિ માટે સ્તુતિ એક અંગ છે.

સ્તુતિમાં બે વસ્તુ જોઈએ : એક **સ્તવનીય** અને બીજો **સ્તવક**. જેમની સ્તુતિ કરવાની છે તે સ્તવનીય અને જે સ્તુતિ કરે છે તે સ્તવક. સ્તવક અને સ્તવનીયમાં **ત્રણ વસ્તુનું નિરૂપણ થાય છે : સ્વરૂપ, ગુણ અને સામર્થ્ય**. સ્તુતિ કરનાર સ્તવનીયને બતાવે છે કે તમારું સ્વરૂપ કેવું છે, તમારા ગુણ કેવા છે અને તમારું સામર્થ્ય કેવું છે ? તેની સાથે તે પોતાનું સ્વરૂપ, પોતાના ગુણ અને પોતાનું સામર્થ્ય પણ બતાવે છે. આમ, સ્તુતિમાં બંનેનાં સ્વરૂપ, ગુણ અને સામર્થ્યનો સમન્વય હોય છે. જેનું સ્વતન કરીએ એનું સ્વરૂપ જ ન જાણતા હોઈએ, તો કેવી રીતે સ્તુતિ કરી શકાય ? કદાચ સ્વરૂપની ખબર હોય, પણ ગુણોની ખબર ન હોય તો ? એ સ્વરૂપ અને ગુણવાળો કેટલું સામર્થ્ય ધરાવે છે એની જ ખબર ન હોય તો ? માટે ત્રણેને બરાબર જાણીને જ સ્તુતિ થઈ શકે.

સ્તુતિ કરનાર સ્તવકના અંતઃકરણમાં **ત્રણ વસ્તુ જોઈએ : શ્રદ્ધા, સદ્ભાવ અને સ્નેહ**. આ ત્રણ હોય તો જ સ્તુતિ કરવાની પ્રેરણા મળે, બાકી મળતી નથી. આ ત્રણ વિના કરેલી સ્તુતિ કેવળ શબ્દોનો આડંબર છે. ***સર્વપ્રથમ સ્તવનીય તરફ સદ્ભાવ જાગે છે. તેનું બીજું પગથિયું શ્રદ્ધા છે. એ શ્રદ્ધા જ્યારે સ્નેહમાં પરિણમે ત્યારે સ્તુતિનું પૂર્ણ સ્વરૂપ જાગૃત થાય છે***. આપણી પાસે પ્રભુ પ્રત્યેનો સદ્ભાવ જ નથી. સદ્ભાવ વિનાની સ્તુતિ હૃદયમાં કેટલી જાગૃતિ લાવે તે તો ભગવાન જાણે!

સ્તુતિના પણ બે પ્રકાર : એકમાં **અભિવંદન** અને બીજામાં **અભ્યર્થના**. શ્રદ્ધા, સદ્ભાવ અને સ્નેહથી આપણે પ્રભુને વંદન કરવા પ્રેરાઈએ છીએ. જેમને વંદન કરીએ છીએ એમને કંઈક અભ્યર્થના કરીએ છીએ. **અભ્યર્થના પણ બે જાતની** : એક **સ્વાર્થ માટેની** અને બીજી **કલ્યાણ માટેની**. દાનવોની માગણીમાં પોતાનું હિત સિદ્ધ કરવાની વૃત્તિ હોય છે. દેવોની માગણીમાં સર્વનું કલ્યાણ કરવાની વૃત્તિ હોય છે. સ્તુતિ હિરણ્યકશિપુ પણ કરતો હતો, એવી જ રીતે અહીં દેવો પણ સ્તુતિ કરે છે. હિરણ્યકશિપુએ બ્રહ્માજીની સ્તુતિ કરી, તેમના ઘણા ગુણ ગાયા.

બ્રહ્માજીએ પૂછ્યું, તારે શું જોઈએ ? ત્યારે તેણે એવું માગ્યું કે હું ઉપર ન મરું, નીચે ન મરું. અંદર ન મરું અને બહાર પણ ન મરું. **અસ્ત્રથી** ન મરું કે **શસ્ત્રથી** ન મરું. રાત્રે કે દિવસે, પ્રાણીથી કે પશુથી, માનવથી કે દાનવથી પણ ન મરું. માત્ર હું દુનિયાને મારું. હિરણ્યકશિપુની સ્તુતિમાં આવી પ્રાર્થના છે; ત્યારે દેવોની સ્તુતિમાં એવી પ્રાર્થના હોય છે કે હે ભગવન્! આખી દુનિયાનું કલ્યાણ થાઓ. આપ

આખી દુનિયાનો ઉદ્ધાર કરજો. પ્રાણીમાત્રને સદ્ભાવ આપજો. હું પણ તમારી સેવાનું એક બિંદુ બનું એટલું મને સામર્થ્ય આપજો.

આવી સ્તુતિ કરી રંતિદેવ રાજાએ. દેવો રંતિદેવ પાસે પ્રગટ થયા. તેમણે કહ્યું, 'રાજન્! તમે કંઈક માગો. એમણે માગ્યું, **'આર્તિમ્ પ્રપદ્યે અખિલ લોકભાજામ્'** - મારે રિદ્ધિ કે સિદ્ધિ નથી જોઈતી. સાર્વભૌમ સત્તા પણ નથી જોઈતી. પ્રાણીમાત્રના હૃદયમાં છલકાતી વેદના મારા હૃદયમાં ભરી દો. સુખ માગવું સહેલું છે, પણ વેદના માગવી અઘરી છે. લોકો વેદનાને ટાળે છે. રંતિદેવ વેદના માગે છે, 'હે પ્રભુ! કોઈનું દુ:ખ મારાથી જિરવાતું નથી. તું મને જ દુ:ખી બનાવ અને મારા ભાગ્યમાં જે સુખ લખ્યું છે તે તું સર્વેને આપ.' આ પ્રાર્થનાનો બીજો પ્રકાર છે. આથી, આપણા ત્યાં બે શબ્દો પ્રસિદ્ધ છે : પ્રાર્થના અને સ્તુતિ. ***સ્તુતિમાં અભિવંદન હોય છે અને પ્રાર્થનામાં અભ્યર્થના હોય છે.*** સ્તુતિમાં સ્વરૂપ, ગુણ અને સામર્થ્યનું ચિંતન હોય છે, જ્યારે પ્રાર્થનામાં આ ત્રણેના ચિંતન સાથે કંઈક માગણી પણ હોય છે.

શ્રીમહાપ્રભુજી વૈષ્ણવોને ટકોર કરે છે, 'જો તમારે માગવું જ હોય તો કલ્યાણ માગજો, જેવું રંતિદેવ રાજાએ માગ્યું હતું. જો તમે હિરણ્યકશિપુ જેવું માગશો, તો જાણી લેજો કે તમે મારા વૈષ્ણવો નથી. **'પ્રાર્થિતે વા તત: કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત્.'** 'હે વૈષ્ણવ! તમે ભગવાન પાસે કદી સ્વાર્થની માગણી ન કરશો. તમારા અંત:કરણમાં પરમાર્થ જાગે એની માગણી કરજો. સ્વાર્થ માટેની પ્રાર્થનાનો પુષ્ટિમાર્ગમાં નિષેધ છે.'

સ્તવનમાં ભગવાનને પ્રત્યક્ષ પ્રગટ કરી શકવાનું સામર્થ્ય છે. મેં આવું એક ઉદાહરણ પ્રત્યક્ષ જોયું છે. એક વીસ વર્ષનો છોકરો ભયંકર બીમારીમાં પટકાયો હતો. તે ગામમાં એક સંતપુરુષ હતા. બહુ જ પરગજુ, બહુ જ દયાળુ. જ્યારે જ્યારે જગત ઉપર કષ્ટ આવે, ત્યારે ત્યારે દિલથી ભગવાનની પ્રાર્થના કરે. વીસ વર્ષના બીમાર યુવાનનાં મા-બાપ રડતાં-કકળતાં આ સંત પાસે આવ્યાં. તેમના ચરણમાં માથું મૂકી દીધું, 'બાપજી! મારા દીકરાને બચાવો.' સંત હાથ જોડીને કહે છે, 'હું શું બચાવું? કર્મના ભોગ દરેકને ભોગવવા પડે છે.'

તે સંત આખરે બીમાર યુવાન પાસે પહોંચી ગયા. એની પીડા જોઈને તેમની આંખોમાં આંસુ આવી ગયાં. તેમણે મનમાં સંકલ્પ કર્યો, 'હે પ્રભુ! આનો બધો રોગ મને આપો અને મારું બધું સ્વાસ્થ્ય આને આપો.' તેમણે બરોબર એક કલાક સુધી

ઈશ્વરને ખરા દિલથી પ્રાર્થના કરી. જબરદસ્ત આશ્ચર્ય થયું. જેને ડૉક્ટરો અસાધ્ય માનતા હતા તે રોગ નિવૃત્ત થયો. આ કોઈ જાદુ નથી, કોઈ ચમત્કાર નથી. અંત:કરણની ભાવના શું કાર્ય કરે છે તેનું એક જીવંત ઉદાહરણ છે. માનવની ભાવશક્તિ અને પ્રાર્થનાશક્તિના સામર્થ્યનું એક દર્શન છે. એક બાજુ બીમાર યુવાન સાજો થયો, બીજી બાજુ પેલા સંત રોગગ્રસ્ત થયા. અઠવાડિયામાં તે સંતે પ્રાણ છોડી દીધા.

ગાંધીજીએ આખી દુનિયાને શીખવ્યું કે તમારાથી ધર્મનાં બીજાં કોઈ કાર્ય ન થાય; તો સવાર-સાંજ પ્રભુની પ્રાર્થના કરજો. પ્રભુનું સ્તવન કરજો. આ પ્રકાર શ્રીભાગવતજીમાં અનેક સ્થળોએ જોવા મળે છે. જ્યારે જ્યારે ઈશ્વરનો આવિર્ભાવ થવાનો હોય છે, ત્યારે ત્યારે દેવો ત્યાં આવીને તેમની પ્રાર્થના કરે છે.

આપણે પણ કૃષ્ણાવતારનાં દર્શન માટે ઉત્સુક થયાં છીએ; પરંતુ આપણી વચ્ચે ભગવાનને પ્રગટ કરવા માટે આપણામાં પ્રાર્થનાનો અંશ જોઈશે. ભગવાન આપણને એમ શીખવી રહ્યા છે કે તમને પ્રાર્થના કરતાં ન આવડતી હોય, તો આ દેવોએ પ્રાર્થના કરી છે, તે શીખીને તમે પ્રાર્થના કરો. આ એકંદર સોળ શ્લોકની પ્રાર્થના છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં આ પ્રાર્થનાના એકેએક શબ્દનો વિચાર કર્યો છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતજીનું અર્થઘટન સાત પ્રકારે આપ્યું છે. સાત રીતે અર્થઘટન કરવા માટે તેમણે બે ગ્રંથો લખ્યા. એક ગ્રંથનું નામ **'ભાગવતાર્થ નિબંધ'** અને બીજા ગ્રંથનું નામ **'શ્રીસુબોધિનીજી'**. ચાર અર્થોનું નિરૂપણ 'ભાગવતાર્થ નિબંધ'માં ચાર અર્થોનું નિરૂપણ છે. **'શ્રીસુબોધિનીજી'**માં ત્રણ અર્થોનું નિરૂપણ છે. ***શાસ્ત્ર, પ્રકરણ, સ્કંધ અને અધ્યાયનો અર્થ ભાગવતાર્થ નિબંધમાં છે. શ્લોક, પદ અને શબ્દનો અર્થ શ્રીસુબોધિનીજીમાં*** છે. શ્રીમહાપ્રભુજીની ઇચ્છા બારેબાર સ્કંધનું રહસ્ય પ્રગટ કરવાની હતી; પરંતુ સ્થમ ત્રણ સ્કંધ અને દશમ સ્કંધ પરનાં શ્રીસુબોધિનીજી લખાયાં.

અભૂતપૂર્વ એવા ભાગવતજી પરની અન્ય સર્વ ટીકાઓ શ્રીસુબોધિનીજી પાસે ફીક્કી લાગે છે. માટે શ્રીમહાપ્રભુજીને બિરુદ મળ્યું **'શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશનપરાયણ:'**. શ્રીભાગવતજીના ગૂઢ અર્થો પ્રગટ કરવા માટે આપનો પ્રાદુર્ભાવ થયો છે. તૃતીય સ્કંધનાં શ્રીસુબોધિનીજી પૂરાં થતાં ભગવદાજ્ઞા થઈ કે દેહનો ત્યાગ કરો. આપે સીધો દશમ સ્કંધ લખવાનો પ્રારંભ કર્યો. હજી દશમ સ્કંધ પૂરો થાય, ત્યાં બીજી ભગવદાજ્ઞા થઈ, દેશપરિત્યાગ કરો. શ્રીમહાપ્રભુજીએ દશમ સ્કંધના નેવું અધ્યાયની ટીકા લખી. પછી એકાદશ સ્કંધના સાડા-ચાર અધ્યાય ઉપર પણ ટીકા લખી. ત્યાં ત્રીજી

આજ્ઞા થઈ, 'આપ હવે બધું જ છોડીને નિજધામમાં ઝટ પાછા પધારો.' બસ, ત્યાં શ્રીસુબોધિનીજીનું લેખન-કાર્ય અટકી ગયું.

શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજી બોલે અને તેમના સેવક માધવ ભટ્ટ કાશ્મીરી તે લખે. આ જ સમયમાં માધવ ભટ્ટ કાશ્મીરીને બાણ વાગ્યું. તેઓ હરિશરણ થયા. શ્રીમહાપ્રભુજી સમજી ગયા કે હવે પ્રભુની ઇચ્છા નથી. જો બારે સ્કંધનાં શ્રીસુબોધિનીજી પ્રગટ થયાં હોત, તો શ્રીભાગવતજી ઉપરનું અભૂતપૂર્વ ચિંતન પ્રગટ થયું હોત.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે દેવોની સ્તુતિના સોળ શ્લોક કેમ ? શ્રીમહાપ્રભુજીએ એક કારણ એ આપ્યું કે મહિનામાં પંદર દિવસ દેવોના કહેવાય અને પંદર દિવસ દાનવોના કહેવાય છે. શુક્લપક્ષ દેવોનો અને કૃષ્ણપક્ષ દાનવોનો. દેવો તેમના પક્ષપાતથી સ્તુતિ કરે છે. જે અંધકારમાંથી અજવાળા તરફ જાય તે દેવ અને જે અજવાળાથી અંધકાર તરફ જાય તે દાનવ. શુક્લપક્ષમાં અંધકારથી અજવાળા તરફની ગતિ છે અને કૃષ્ણપક્ષમાં અજવાળાથી અંધારા તરફની ગતિ છે. દેવો તેમના પક્ષપાતને જોઈ પંદર શ્લોકની સ્તુતિ કરે છે અને એક શ્લોકમાં દેવકીજીને સાંત્વન આપે છે.

બીજું કારણ એ સમજાવ્યું કે દેવો ચાર રીતે ભગવાનની સ્તુતિ કરે છે : લોક-દર્શનથી, સ્મૃતિ-દર્શનથી, તેજ-દર્શનથી અને ભગવદ્-દર્શનથી. ચાર દર્શનમાં પણ ચાર-ચાર વિભાગ છે : **પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ**. શ્લોકમાં ચાર દૃષ્ટિ. પ્રમાણ કયું, પ્રમેય કયું, ફળ કયું અને સાધન કયું ? આમ, ચાર દૃષ્ટિ અને તેનાં ચાર સાધનોનો ગુણાકાર સોળનો થાય છે. આ રીતે દેવોની સ્તુતિના સોળ શ્લોકો છે.

ત્રીજું કારણ, ભગવાન સોળે કળાએ પરિપૂર્ણ છે. સોળે કળાએ પરિપૂર્ણ પ્રભુની પૂર્ણતાનું નિરૂપણ કરવા દેવો સોળ શ્લોકોમાં ભગવાનની સ્તુતિ કરે છે. આથી શ્રી મહાપ્રભુજીએ ષોડશ ગ્રંથો લખ્યા છે. સમગ્ર શાસ્ત્રોનો નિચોડ કાઢી, જીવનને ક્રમબદ્ધ રીતે ગૂંથવા માટે આપે સોળ ગ્રંથો આપ્યા; કારણ કે જે રીતે ભગવાન પૂર્ણ છે તે રીતે જીવોને પણ પૂર્ણ બનાવવાની શ્રીમહાપ્રભુજીની મહેચ્છા છે. જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીનો વિશ્વાસ છે કે જે રીતે ભગવાન પૂર્ણ છે, તે રીતે ભગવદ્-માર્ગે ચાલવાથી જીવ પણ પૂર્ણ થઈ શકે છે. **'ઈશોપનિષદ'**માં કહ્યું કે –

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

જે આપણાથી દૂર લાગે છે તે પૂર્ણ છે. તું પણ પૂર્ણ છે, તું પૂર્ણનો પૂર્ણ અંશ છે. પૂર્ણની સુંદર વ્યાખ્યા આપી. **પૂર્ણમાંથી પૂર્ણ કાઢી લીધા પછી પણ જે પૂર્ણ રહે, એનું નામ પૂર્ણ**. આ વાક્ય આપણને અટપટું લાગે તેવું છે. એક દૃષ્ટાંતથી આ વાત સમજીએ. પંદર મણ ચોખા હોય. તે કોઈને આપી દઈએ, છતાં મારી કોઠીમાં પંદર મણ જ રહે, એનું નામ પૂર્ણ. **'વ્યયે કૃતે વર્ધત એવં નિત્યમ્'** વાપરવા છતાં જે ઘટે નહિ અને ઉમેરવા છતાં જે વધે નહિ તે પૂર્ણ.

બહુ વર્ષો પહેલાં ઉપનિષદનો અભ્યાસ કરતાં મને મનમાં ગડમથલ થતી હતી, ત્યારે એમ લાગતું કે ઋષિમુનિઓએ ઊંઘમાં તો આ વાક્ય નહિ લખ્યું હોય! પંદરમાંથી પંદર બાદ કરતાં શૂન્ય રહે, પંદર કેવી રીતે રહે ? મારા આ પ્રશ્નનો જવાબ શ્રીભાગવતજીના માહાત્મ્યના પહેલા શ્લોકમાંથી મળ્યો –

સચ્ચિદાનન્દરૂપાય વિશ્વોત્પત્ત્યાદિહેતવે ।
તાપત્રયવિનાશાય શ્રીકૃષ્ણાય વયં નુમઃ ॥૧॥

ઋષિઓ કહે છે, **'હે કૃષ્ણ! તમે સચ્ચિદાનંદરૂપ છો.'** આ એક શબ્દમાં ઋષિઓએ પ્રભુત્વનું દર્શન કરાવ્યું. **ભગવાન પૂર્ણ સદંશ છે, પૂર્ણ ચિદંશ છે અને પૂર્ણ આનંદ-અંશ છે.** આ ત્રણેનો સ્વભાવ એવો છે કે કાઢી લેવા છતાં એટલું ને એટલું જ રહે. સત્ એટલે અસ્તિ. એક અસ્તિત્વમાંથી બીજું અસ્તિત્વ પ્રગટ થાય, ત્યારે પહેલું અસ્તિત્વ નષ્ટ ન થાય તેનું નામ પૂર્ણ. એક માતામાંથી પુત્ર કે પુત્રીરૂપે બીજું અસ્તિત્વ પ્રગટ થાય છે, ત્યારે પણ માતાનું સમગ્ર અસ્તિત્વ કાયમ રહે છે. માતા અને એનું સંતાન બંને પૂર્ણ દેખાય છે. આ તો ભૌતિક અસ્તિત્વની વાત થઈ. આ જ પ્રકારે એક ઈશ્વરમાંથી અનંત વિશ્વોનાં નિર્માણ થયાં, છતાં ઈશ્વર ઘટ્યો નહિ કે વધ્યો નહિ. વિશ્વો પ્રગટ થયાં ત્યારે ઈશ્વર ઘટ્યો નહિ, વિશ્વો તેનામાં લય પામ્યાં ત્યારે તે વધ્યો નહિ. એવી જ રીતે બ્રહ્મમાંથી કરોડો જીવોની ઉત્પત્તિ થઈ, છતાં બ્રહ્મતત્ત્વ પરિપૂર્ણ રહ્યું. કોલસામાંથી સેંકડો તણખા નીકળે, તો કોલસો નાનો થઈ જાય, પણ એવું ભગવાનમાં થયું નથી.

પૂર્ણતાનું બીજું લક્ષણ છે **ચિદંશ**. ચિત્ એટલે જ્ઞાન. જ્ઞાન આપવાથી ઘટતું નથી. જો જ્ઞાન આપવાથી ઘટતું હોય, તો વક્તા જેટલી વાર બોલે એટલી વાર ખાલી થવો જોઈએ. ફરી તેણે ભણવું પડે. જ્ઞાન આપવાથી કદી ઘટ્યું નથી. જ્ઞાનનો સ્વભાવ જ પૂર્ણ છે. પછી તે જ્ઞાન પુસ્તકનું હોય કે આત્માથી જાગૃત થયેલું હોય.

એવી જ રીતે ત્રીજો સ્વભાવ છે **આનંદનો**. આનંદ આપવાથી કદી ઘટતો નથી. જો આપવાથી આનંદ ઘટતો હોત, તો આ દુનિયાએ આનંદ આપવાની ચેષ્ટા કદી કરી ન હોત. જ્યારે આપણા અંતઃકરણમાં આનંદનો ઊભરો આવે છે, ત્યારે આપણે દોડીને બીજાને આનંદિત બનાવવા જઈએ છીએ. આનંદ આપવાથી કદી ઘટતો નથી. આમ સત્, ચિત્ અને આનંદ એ ત્રણેનો સ્વભાવ પૂર્ણત્વવાળો છે.

શ્રીમહાપ્રભુજીની એવી મહેચ્છા હતી કે જેમ ભગવાન પૂર્ણ છે, તેમ તેમનો અંશ જીવ પણ પૂર્ણ થવો જ જોઈએ. જીવમાં સત્ અને ચિત્ છે. માત્ર તેનો આનંદ લુપ્ત છે. તેથી તેને જીવભાવ પ્રાપ્ત થયો છે. જીવાત્મા પુનઃ આનંદ પ્રાપ્ત કરે, તો પરમાત્મા અને જીવાત્મામાં કોઈ ભેદ દેખાય નહિ. આપણી પાસે બધું હોવા છતાં તે બધું અધૂરું છે અને તે થોડુંક કડવું પણ છે. ભગવાન પાસે બધું છે. તે બધું પૂર્ણ છે અને મધુરું છે. જીવ પોતાની અપૂર્ણતા છોડી પૂર્ણતા પ્રાપ્ત કરે, એવો માર્ગ બતાવવા માટે જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીએ સોળ ગ્રંથો લખ્યા.

અહીં પણ દેવોએ ઈશ્વરની પૂર્ણતાનું દર્શન કરી, પૂર્ણતાને પ્રાપ્ત કરવા માટે સોળ શ્લોકોમાં સ્તુતિ કરી. આ સ્તુતિના શબ્દો અતિ સુંદર છે –

બ્રહ્મા ભવશ્ચ તત્રૈત્ય મુનિભિર્નારદાદિભિઃ ।
દેવૈઃ સાનુચરૈઃ સાકં ગીર્ભિર્વૃષણમૈડયન્ ॥૨૫॥

સ્તુતિ કરવા માટે કયા કયા દેવો આવ્યા ? બ્રહ્માજી, શંકર, નારદ વગેરે મુનિઓ અને સર્વ દેવો ઉપસ્થિત છે. આ શ્લોકમાં ભગવાનને માટે 'વૃષણ' શબ્દ વાપર્યો છે. આજ સુધી આપણે ભગવાન માટે ઈશ્વર, પરમાત્મા, પરબ્રહ્મ એવા શબ્દો સાંભળ્યા છે; પરંતુ 'વૃષણ' શબ્દ આપણને નવો લાગશે. આ શબ્દ સમજવા જેવો છે : **'વર્ષતિ ઈતિ વૃષઃ' – જે વર્ષણ કરે** - કૃપાનું વર્ષણ કરે તે **વૃષણ**. દેવોએ વિચાર કર્યો કે અમે ભગવાનની સ્તુતિ કરીશું એટલે ભગવાનનાં કૃપારૂપી વાદળો અમારા ઉપર વરસી જશે. આમ, ભગવાન કૃપાવૃષ્ટિ કરનારા હોવાથી તેમના માટે 'વૃષણ' શબ્દ વાપર્યો.

'વૃષ' શબ્દનો **બીજો અર્થ છે ધર્મ**. દેવો ઇચ્છે છે કે ભગવાનમાં રહેલો વાસ્તવિક ધર્મ અમારામાં સંક્રાંત થાય. માટે તેમણે ભગવાન માટે 'વૃષણ' શબ્દનો પ્રયોગ કર્યો.

સત્યવ્રતં સત્યપરં ત્રિસત્યં સત્યસ્ય યોનિં નિહિતં ચ સત્યે ।
સત્યસ્ય સત્યમૃતસત્યનેત્રં સત્યાત્મકં ત્વાં શરણં પ્રપન્નાઃ ॥૨૬॥

દેવોને આજે દેવકી માતાના ઉદરમાં બિરાજેલા શ્યામસુંદર ત્રિકાલાબાધિત સત્ય સ્વરૂપે જણાય છે. દેવો સમજે છે કે જેને જન્મ અને મરણ હોય તે સત્ય નથી. જે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ રહેવાનો છે; જે અનાદિ અને અનંત છે તે સત્ય છે. અમને ખબર છે કે દેવકીજીના ઉદરમાં છો એટલા જ તમે નથી. તમારો જન્મ થવાનો છે અને જન્મીને તમે દેવકીજીના પુત્ર થવાના છો તે સાચું નથી. આ તો દુનિયાને દેખાડવાનો એક આભાસ છે. જેને ઉપનિષદો બ્રહ્મ કહે છે, જેને ભાગવત ભગવાન કહે છે અને દુનિયાનાં લોકો જેને પરમાત્મા કહે છે, એવા તમે દુનિયાને દર્શન આપવા પ્રગટ થવાના છો.

ભગવાનના આ સત્યસ્વરૂપનું અનુસંધાન શ્રીભાગવતજીના પ્રારંભમાં આવે છે, **'સત્યં પરં ધીમહિ.'** વ્યાસજીએ સ્તુતિ કરતાં કહ્યું હતું કે 'હે મહારાજ! અમારી બુદ્ધિમાં ઘણી વસ્તુઓ આવે છે, પરંતુ અમારી બુદ્ધિને આપ એવી પ્રેરણા આપો કે અમે સત્યનું ધ્યાન કરીએ. અમારી બુદ્ધિમાંથી અસત્યનું ધ્યાન છૂટી જાય. એ સત્ય કયું એનું રહસ્ય અહીં દેવો બતાવે છે. હે દેવાધિદેવ! આપ જ સત્ય છો. આજે અમે આપના શરણે આવ્યા છીએ. આ સ્તુતિમાં એકંદર **સોળ પ્રકારનું સત્ય** બતાવ્યું છે.

સોળ પ્રકારના સત્યમાં પણ બે રૂપ બતાવ્યાં છે : **(૧) ભગવાન ઉત્પત્તિથી સત્ય છે. (૨) ભગવાન ઉપપત્તિથી સત્ય છે.** ઉત્પત્તિનો અર્થ જન્મ નથી. ભગવાન એમની કેટલીક વસ્તુઓના આવિષ્કરણથી સત્ય દેખાય છે. આ આવિષ્કારનો જેમને અનુભવ નથી, તેઓ તર્કથી પણ ઈશ્વરના સત્યરૂપને જાણી શકે. આપણે જીવનની બધી ક્રિયાઓ કરીએ છીએ, ત્યારે મનમાં એક વિચાર આવે છે કે આ બધું કોણ કરાવે છે ? એ કરાવનારનું દર્શન આપણને થતું નથી, પણ ચિત્તને અનુમાન થાય છે કે આ બધું કરાવનાર કોઈક છે અને તે ભગવાન છે. આ ઉપપત્તિ થઈ. એ જ પ્રભુ આત્માના અધ્યક્ષ બની સાક્ષાત્કાર કરાવે, ત્યારે અભિવ્યક્ત થયેલા ભગવાનનું સત્ય દેખાય. **પ્રત્યક્ષમાં ઉત્પત્તિથી પરોક્ષ જણાય છે, અને પરોક્ષમાં ઉપપત્તિથી સત્યનો અનુભવ થાય છે.** દેવો આ બંને રીતે ભગવાનની સ્તુતિ કરે છે.

તેઓ કહે છે, 'હે પ્રભુ! આપ **સત્યવ્રત છો**. તમારું સ્વરૂપ સત્ય છે, તમારું વ્રત પણ સત્ય છે.' ભગવાનનું વ્રત એટલે ભગવાનનો વ્યવહાર. અહીં વ્રતનો અર્થ ઉપવાસ વગેરે નથી. **અહીં વ્રતનો અર્થ વ્યવહાર છે.** 'હે ભગવાન! આપ સત્ય રૂપ હોવાથી આપ જે વ્યવહાર કરો છો તે સત્ય છે.' બીજો એવો પણ અર્થ થાય

કે તમારો વિચાર અને વ્યવહાર બંને સત્ય છે. ભગવાને પોતાનું આવું વ્રત બે ઠેકાણે પ્રગટ કર્યું. એક રામાવતારમાં અને બીજું શ્યામાવતારમાં. જ્યારે વિભીષણ દોડતો દોડતો રામને શરણે ગયો. તેણે શ્રીરઘુનાથજીનાં ચરણોમાં મસ્તક મૂકી દીધું અને વિનંતી કરી, 'મારી રક્ષા કરો.' શ્રીરઘુનાથજીએ કહ્યું, 'વિભીષણ! તું શ્રદ્ધાપૂર્વક સાંભળ. એક વાર તું મને એમ કહી દે કે હે નાથ! હું તમારો છું. જે આવું હૈયાથી બોલે; હોઠથી નહિ, તેને હું હંમેશ માટે મારો બનાવું છું.'

જે ભાષા હૈયામાંથી નીકળે છે, તેનો જ સ્વીકાર જગદીશ કરે છે. શ્રીરઘુનાથજી વિભીષણને કહે છે, 'જે હૃદયથી મારું શરણ માગે છે તેને માટે હું વ્રતબદ્ધ છું. હું તેની રક્ષા કરું છું.' શરણાગત જીવની શક્તિ કે તેનું સાધન જોયા વિના તેનો ઉદ્ધાર કરવો, એ ભગવાનનું સત્યવ્રત છે. દુષ્ટમાં દુષ્ટ જીવ પણ જો સાચા હૃદયથી એક વાર કહી દે કે 'હે નાથ! હું તમારો છું' તો તેનો ઉદ્ધાર કરવો એ ભગવાનનો સત્ય-વ્યવહાર છે. આવો જ વ્યવહાર ભગવાને શ્યામાવારમાં પણ બતાવ્યો. ગોર્વધનલીલાના પ્રસંગે વ્રજવાસીઓ દોડતા દોડતા ગોવિંદજીને શરણે ગયા હતા. તેમણે ભગવાનને કહ્યું : 'ઇન્દ્રની વૃષ્ટિથી અમને બચાવો.' ત્યારે ભગવાને આજ્ઞા કરી : **'તસ્માન્મચ્છરણં ગોષ્ઠં, મન્નાથં મત્પરિગ્રહમ્.'**

એક વાર જે જીવ બધું છોડીને ભગવાનનો બની જાય, એને આત્માનું દાન કરીને એનું રક્ષણ કરવું, એ ભગવાનનું વ્રત છે; એ ભગવાનનો સ્વભાવ છે. **જીવના પક્ષે જોઈએ માત્ર શરણાગતિ**. જીવ જો આટલું સ્વીકારી શકે, તો ભગવાન સર્વ રીતે તેનો સમુદ્ધાર કરે, માટે દેવોએ ભગવાનને સત્યવ્રત કહ્યાા. જેમનથી, વાણીથી અને કાર્યથી અલગ અલગ કરે તે દુરાત્મા છે. માણસને મીઠું બોલતાં આવડે છે; પણ જેવું બોલે છે એવું વર્તન એ કરતો નથી. એનું એ સામર્થ્ય પણ નથી.

દેવો કહે છે, 'હે ભગવન્ ! આ **સત્યપરં** છો. 'સત્યપરં' શબ્દમાં ભગવાનનાં ચાર સત્ય બનાવ્યાં : (૧) આપે ઘડેલા બધા વૈદિક નિયમો પરમ સત્ય છે. વૈદિક સત્ય એ પરમ સત્ય છે. વેદમાં કરેલાં વાસ્તવિક વિધાનો કેવળ કોઈ બ્રાહ્મણ માટે, ક્ષત્રિય માટે, વૈશ્ય કે શૂદ્ર માટે નથી. એ વિધાનો કેવળ આત્મા માટે છે. એ વિધાનો કોઈ દેશ કે વિદેશ માટે નથી, માનવમાત્ર માટે છે. એ સત્યયુગથી લઈને કલિયુગ માટે નથી, પ્રત્યેક યુગમાં પ્રત્યેક પળે દરેક માણસ આચરી શકે, એવાં સનાતન સત્યો વેદમાં પ્રગટ થયાં છે.

દા.ત., વેદ કહે છે **'સત્યં વદ.'** આ આજ્ઞાનું પાલન દરેક ધર્મનો અનુયાયી કરે. શું આ વચન કેવળ હિન્દુ ધર્મ પૂરતું જ છે ? ના. આનું નામ સનાતન સત્ય. જે સત્યને સ્થળ, કાળ કે વ્યક્તિની મર્યાદા નથી, તે સનાતન સત્ય છે. વેદમાં આવું **પરમ સત્ય બાર પ્રકારનું બતાવ્યું** : (૧) સત્ય (૨) તપ (૩) શમ (૪) દમ (૫) દાન (૬) ધર્મ (૭) બ્રહ્મચર્ય (૮) અગ્નિ (૯) અગ્નિહોત્ર (૧૦) મૌન (૧૧) દયા (૧૨) સંન્યાસ. આ બારે વસ્તુઓ પ્રાણીમાત્રના જીવનમાં ઉપયોગી છે. કોઈ કહી શકે કે તપ કેવળ હિન્દુઓનો જ ઈજારો છે ? જૈનો આપણાથી પણ વધારે તપ કરે છે. એનો એવો પણ અર્થ નથી કે હિન્દુઓએ તપ નહિ કરવાનું. તપ નામનું તત્ત્વ વિશ્વના તમામ ધર્મોમાં જોવા મળે છે. એવી રીતે દમ એટલે ઇન્દ્રિયોનો સંયમ. શબ્દોની પરિભાષા ભલે જુદી હોય. બૌદ્ધો તેને કાર્યગુપ્તિ કહે છે, એટલે કે શરીરને કાબૂમાં રાખવું. તમામ ધર્મોમાં સંયમનું મહત્ત્વ છે. શમ એટલે મનનો નિગ્રહ. વેદનાં આ બધાં તત્ત્વો સત્યપરં છે.

(૨) બીજું પરમ સત્ય છે ભગવાનની **સત્યપ્રતીતિ**. તુલસીદાસજીએ રામાયણમાં કહ્યું, ***'રઘુકુલ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાય અરુ બચન ન જાઈ.'*** ભગવાન કરેલી પ્રતિજ્ઞા પાળી બતાવે છે. આવી પ્રતિજ્ઞાનાં અનેક ઉદાહરણો જોવા મળે છે.

(૩) ભગવાનનું ત્રીજું સત્ય છે ભગવાને આપેલું **વરદાન**. એક વખત ભગવાન કહી દે કે તારું આવું થાઓ, પછી એવું થવાનું જ.

(૪) ભગવાનના **શબ્દ** હમેશાં સત્ય હોય છે. એમના શબ્દ પાછળ અર્થ દોડે છે. જ્યારે દુનિયામાં આપણા અર્થ પાછળ શબ્દ દોડે છે.

દેવો હવે કહે છે **'ત્રિસત્યં.'** ભગવાને બનાવેલી ત્રણ વસ્તુઓ સત્ય છે : **'ભૂ: ભુવ: સ્વ:'** - અર્થાત્ **આલોક-પરલોક**, જેનો અનુભવ આધ્યાત્મિક દૃષ્ટિએ થાય છે. **ભગવદ્-ધામ**, જેનો અનુભવ આધિદૈવિક દૃષ્ટિથી થાય છે. ભગવાનનાં આ ત્રણે લોક સત્ય છે. બીજો અર્થ કર્યો **ઈશ્વરનાં ત્રણ રૂપ** : (૧) **જીવ-સ્વરૂપ** (૨) **અક્ષર-સ્વરૂપ** (૩) **પુરુષોત્તમ-સ્વરૂપ**. આ ત્રણે સત્ય છે. ગીતાજીમાં ભગવાને સ્વયં આ આજ્ઞા કરી છે. ભગવાનનું જીવ-સ્વરૂપ, અક્ષરરૂપે અંતર્યામી-સ્વરૂપ અને પુરુષોત્તમ-સ્વરૂપે મૂળ પરબ્રહ્મ સ્વરૂપ, ત્રણેય સત્ય છે.

કેટલાક વિચારકોએ **'ત્રિસત્યં'**નો બીજો અર્થ કર્યો, **'ત્રિગુણં ભગવન્સત્યમ્'** ભગવાન એક વાર હા કહે, તો આપણે ત્રણ વખત તેમની હા સમજી લેવી. ભગવાન એમ કહે કે 'હું અવતાર લઈશ' એટલે સમજી લેવું કે તેઓ ત્રણ વખત અવતાર લેશે.

ભગવાને એક વાર અવતાર લેવાનું કહ્યું એટલે પહેલી વાર વૃષ્ણિગર્ભ થઈને આવ્યા. બીજી વાર વામન થઈને પધાર્યા અને ત્રીજી વાર શ્યામસુંદર થઈને આવ્યા. માટે ભગવાન હવે પોતાના આગળના બે જન્મોની વાતો કહેશે.

એક ટીકાકારે એમ કહ્યું કે આખી દુનિયાનાં ત્રણ ભાવ છે : **આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક**. આ ત્રણેય સત્ય છે. દશ્યમાન જગત, જે આધિભૌતિક છે. જે આધિભૌતિકમાંથી ઉત્પન્ન થયું છે તે અક્ષરબ્રહ્મ આધ્યાત્મિક છે; અને તેમાં બિરાજમાન પરમાત્મા આધિદૈવિક છે.

બીજા એક ટીકાકારે એમ કહ્યું, **'ક્ષર, અક્ષર અને પરબ્રહ્મ એ ત્રણેય સત્ય છે.'** અર્થાત્ સત્યનું કારણ છે. ભગવાન સ્વયં સત્ય છે અને દુનિયામાં જેટલું સત્ય દેખાય છે, એ બધાનું ઉત્પત્તિ-સ્થાન પણ એ જ છે. જેમ કાળામાંથી કાળું નીકળે અને ભૂરામાંથી ભૂરું નીકળે, તેમ સત્યમાંથી સત્ય પ્રગટ થાય છે. આ કાર્યકારણનો સિદ્ધાંત છે. અસત્યમાંથી કદી સત્ય આવશે નહિ. કેટલાક લોકો એમ કહેતા હતા કે પહેલાં કંઈ નહોતું, એમાંથી કંઈક થઈ ગયું. આપણી બુદ્ધિમાં આ વાત ન ઊતરે. આપણે ઇચ્છા કરીએ કે અત્યારે હવામાંથી લાડુનો વરસાદ વરસે તો એ બને ખરું ? ઈશ્વર નામના સત્તત્ત્વમાંથી સત્યરૂપ જગતનું નિર્માણ થયું. એ જ સત્યરૂપ જગત અંતે સત્યરૂપ ભગવાનમાં લીન થઈ જવાનું છે. **'સત્યવ્રત'**માં એક સત્ય બતાવ્યું. **'સત્યપરં'**માં ચાર સત્ય બતાવ્યાં. 'ત્રિસત્ય'માં ત્રણ સત્ય બતાવ્યાં. આમ, **આ આઠ સત્યોનું કારણ પરબ્રહ્મ પરમાત્મા છે**.

દેવો કહે છે, આવા સત્ય-સ્વરૂપ પરમાત્મા **'નિહિતં ચ સત્યે.'** તેના બે અર્થ કર્યા : **(૧) 'સત્યે સ્થિત્વા.'** ભગવાન સત્યમાં સ્થિર રહે છે. (૨) **'સત્યે પાલયિત્વા'** ભગવાન સત્યનું પાલન કરે છે. આમ, ભગવાન (ક) સત્યમાં સ્થિર રહી, (ખ) સત્યનું પાલન કરી, (ગ) સત્યનું કારણ બની, જગતમાં જેટલાં સત્યો છે; એ બધાંનું રક્ષણ કરે છે. આમ, **અગિયાર સત્ય** જોયાં.

હવે દેવો કહે છે, **'સત્યસ્ય સત્યમ્'**. આપણને થશે કે આ દેવોએ સત્ય વિષે આટલું બધું શું કરવા કહ્યું છે ? સત્ય-સ્વરૂપ કયા કયા પ્રકારે, કેવી રીતે વ્યાપક બનીને રહેલું છે એનું ઘણું સૂક્ષ્મ દર્શન અહીં દેવો કરાવે છે. ભગવાન સત્યનું પણ સત્ય છે. અર્થાત્ તેમાં મળી ગયેલી બધી વસ્તુઓ પણ સત્ય છે. એક સિંધુમાં બિંદુ મળી જાય, તે તેમાં લીન થઈ જાય; છતાં તે સિંધુમાં તેનું બિંદુ કોઈક ઠેકાણે રહેલું છે. ભલે

આપણને તેની ખબર નથી. બિંદુનો નાશ થતો નથી, બિંદુ સિંધુરૂપ બની જાય છે, એવી રીતે આખી દુનિયા પરમાત્મામાં લીન થઈ ગઈ. એનો અર્થ એ નથી કે જગતનો નાશ થઈ ગયો. જગત પરમાત્મામાં કોઈક સ્વરૂપમાં રહેલું છે. સત્ય સ્વરૂપમાં વસ્તુ ઢંકાઈ ગઈ છે, છતાં તેમાં સત્યરૂપે જ રહેલી છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ કોઈ વસ્તુને મિથ્યા માનતો નથી. આવિર્ભાવ થવો તે પણ સત્ય, દેખાવું તે પણ સત્ય અને તિરોભાવ થવું તે પણ સત્ય. આમાં ત્રણ વસ્તુ બતાવી. ***પ્રલયરૂપ સત્ય, આવિર્ભાવરૂપ સત્ય અને સત્યને જાગૃત કરનારી શક્તિરૂપ સત્ય***. આમ, સત્ય **ચૌદ રૂપે જોયાં**.

દેવો કહે છે, **‘ઋતસત્યનેત્રં’** - ઋત અને સત્ય એ તમારાં નેત્રો છે. **વિચારમાં** રહેલા સત્યને **સત્ય** કહેવાય છે અને **વ્યવહારમાં** રહેલા સત્યને **ઋત** કહેવાય છે. **(૧) જ્ઞાનનું સત્ય (૨) ક્રિયાનું સત્ય,** તેથી દેવોએ કહ્યું : ‘ઋતસત્યનેત્રં.’

છેલ્લે કહે છે, **‘સત્યાત્મકં’** - હે ભગવાન! આપના આત્મામાં આપ પૂર્ણરૂપે સત્ય લઈને બિરાજમાન છો. આમ, બીજાં બે સત્ય બતાવતાં કુલ **સોળ સત્યનું** દર્શન કર્યું.

દેવો કહે છે, હે પ્રભુ! અમે આપના શરણે આવ્યા છીએ. સમર્થનું શરણું શોધાય. અસમર્થનું શરણું લેતાં બંને ડૂબે. સમુદ્ર પાર કરવા તણખલું અને નાવડી બંને હોય, તો આપણે નાવડીનો જ ઉપયોગ કરીશું. કોઈ મૂર્ખ તણખલું પકડી દરિયો તરવા જાય, તો તેનું મૃત્યુ જ થાય. સમર્થનું શરણું તારે છે, અસમર્થનું શરણું ડુબાડે છે.

થોડું આત્મનિરીક્ષણ કરીએ. આપણે કોનું શરણું લીધું છે? જ્યારે જ્યારે જેની જેની જરૂર પડી, તેનું તેનું શરણું લીધું છે. પૈસાની જરૂર પડી ત્યારે મોટા શ્રીમંતનું શરણું લીધું. કંઈક અરજી પાસ કરાવવા જરૂર પડી, ત્યારે સત્તાવાળાનું શરણું લીધું. વડીલો પાસેથી મતિ મેળવવા વડીલોનું શરણું લીધું.

માનવ દિનપ્રતિદિન આટલો બધો પામર કેમ થતો જાય છે? એક નાનકડો સ્વાર્થ સિદ્ધ કરવા તેણે એનું નાક કેટલા લોકો પાસે ઘસવું પડે છે? તે નબળા ઉપર સવાર થાય છે અને સાથે સાથે સબળા પાસે નાક ઘસે છે. જો આટલી આજીજી ભગવાનની કરીએ, તો શું એ બધું આપવા સમર્થ નથી ? માણસે નાવ મૂકીને તણખલું પકડ્યું છે; એટલે વારંવાર ડૂબે છે. મહામાનવો પરમાત્માના શરણે ગયા છે, એટલે તેઓ તરતા રહ્યા છે. પરમાત્માનું શરણું લેનાર પરમેશ્વર બને છે અને પામરનું શરણું લેનાર પામર બને છે; માટે દેવોએ ભગવાનની શરણાગતિ સ્વીકારી.

જ્યાં સુધી પરમાત્માનું શરણું નહોતું લીધું, ત્યાં સુધી લાગતું હતું કે જીવન પડછાયા જેવું છે. જિંદગીમાં દુ:ખની છાયા સિવાય બીજું કંઈ નથી. પરંતુ જ્યારે પરમાત્માનું શરણ લેવાય છે, ત્યારે આખું જગત એની દૃષ્ટિમાં બદલાઈ જાય છે. ભગવાનનું શરણ લેતાં માણસને ભાન થાય છે કે જીવન તો કલા છે, જીવન આનંદની યાત્રા છે, જીવન જીવવા જેવું છે. જીવન અને જગત સત્યનું દર્શન છે. શરણાગત થતાં જ દેવોની વાણીનો ભાવ બદલાઈ ગયો.

એકાયનોઽસૌ દ્વિફલસ્ત્રિમૂલશ્ચતૂરસ: પંચવિધ: ષડાત્મા ।
સસાત્વગષ્ટવિટપો નવાક્ષો દશચ્છદી દ્વિખગો હ્યાદિવૃક્ષ: ॥૨/૨૭॥

અંતરના મોહ જેમ બદલાય છે તેમ આપણું બાહ્ય જગતનું દર્શન પણ બદલાય છે. એક દુ:ખી માણસને બધું નકામું લાગે છે. એક સુખી માણસને બધું ફૂલથી ખીલેલા ચમન જેવું દેખાય છે. દુ:ખી માણસને બધું વેરાન રણ જેવું દેખાય છે. દેવોએ દુનિયાનું દર્શન કર્યું, 'હે ભગવન્! દુનિયા **આદિવૃક્ષ:** - એક સનાતન વૃક્ષ જેવી દેખાય છે. અત્યાર સુધી અમે માનતા હતા **'સર્વમિથ્યા:'**; પરંતુ આજે અમને જણાય છે કે **'સર્વસત્યં.'** જગત તમારા સર્જનમાંથી પ્રગટ થયેલું સનાતન વૃક્ષ છે. જગતનું મૂળ **'એકાયન:'** - તમે જ છો. જેવું બીજ હોય, તેવું વૃક્ષ થાય. ઉપનિષદો પણ કહે છે, **'ઊર્ધ્વમૂલમધોસાખ:'** - હે પ્રભુ! આપે આ વૃક્ષ ઉપર **'દ્વિફળ'** - બે ફળ લટકાવ્યાં છે, એક શ્યામ અને બીજું શ્વેત છે. જગતરૂપી વૃક્ષનાં બે ફળ છે : શ્યામ ફળ એ દુ:ખનો અનુભવ છે અને શ્વેત ફળ એ સુખનો અનુભવ છે. દુ:ખ અને સુખ એ જીવનનાં બે ફળ છે.

આ વૃક્ષનો વિસ્તાર કરવા માટે એના મૂળમાં **ત્રિમૂલ:** - ત્રણ વસ્તુઓ રેડી છે. સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ રસ. આ વૃક્ષમાંથી ચાર પ્રકારનો રસ ઝરે છે– **'ચતુર્રસ:'** જગતમાં ચાર પ્રકારના રસોનો અનુભવ થાય છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. વળી, આ વૃક્ષ પાંચ પ્રકારનું છે : **'પંચવિધ:'** જગતના જીવો અને અમે દેવો પાંચ પ્રકારે તેનો અનુભવ કરીએ છીએ. તે છે પાંચ ઇન્દ્રિયો. પાંચ જ્ઞાનેન્દ્રિયો અથવા પાંચ કર્મેન્દ્રિયો દ્વારા જગતનો અનુભવ થાય છે. આંખ, કાન, મોઢું, જીભ, નાક – એ બધી જ્ઞાનેન્દ્રિયો છે. મોઢાની નીચેની જે ઇન્દ્રિયો છે એ બધી કર્મેન્દ્રિયો છે. આ વૃક્ષની અંદર છ પ્રકારનાં તત્ત્વો છે - **'ષડાત્મા.'** તેમાં શોક છે, મોહ છે, રાગ અને દ્વેષ છે, જરા અને મૃત્યુ છે. જગતમાં આ છ વસ્તુઓ જોવા મળે છે. પરંતુ

જે આપનો શરણાગત બને છે, તે આ છ વસ્તુઓથી પાર થઈ જાય છે. જગતમાં ચામડીનાં સાત પડ છે - **'સપ્તાત્વગ્'**. શરીરની ચામડીનાં પણ સાત પડ છે. એવી રીતે જગતમાં પણ સાત પડ છે. ચામડી, મેદ, મજ્જા, માંસ, રુધિર, અસ્થિ અને ચર્મ. તેને આઠ ડાળીઓ છે - **'અષ્ટવિટપ:'** આ વૃક્ષની પાંચ ડાળીઓ બહાર છે અને ત્રણ ડાળીઓ અંદર છે. પૃથ્વી, જલ, વાયુ, તેજ અને આકાશ - આ પાંચ ડાળીઓ બહાર છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અંદર છે. વિશ્વની વ્યાપકતા આમ અંદર અને બહાર થઈને આઠ રીતે દેખાય છે.

આ વિશ્વનો અનુભવ કરાવવા માટે હે ભગવન્ ! આપે **નવ બારીઓ** ખુલ્લી રાખી છે. શરીરરૂપી બંગલાના નવ દરવાજા છે. એનું વર્ણન શ્રીભાગવતજીના ચોથા સ્કંધમાં **પુરંજન આખ્યાનમાં** વિસ્તારથી કર્યું છે. ખદ્યોતા અને આવિર્મુખી નામના બે દરવાજા છે, જે એક સ્થાને છે. તે નેત્ર-ગોલક છે. તેના વિભ્રાજિત નામના દેશમાં ફરવા જાય છે. એ જ રીતે નાની અને નાલિની નામના બીજા બે દરવાજા છે, તે નાસિકા-છિદ્ર છે; જેના દ્વારા જીવાત્મા સૌરભ નામના દેશમાં ફરવા જાય છે. આ ચાર ઉપરાંત, પાંચમો મુખરૂપી મુખ્ય નામનો દરવાજો છે. તે ચાવવાનું અને બોલવાનું બે કામ કરે છે. બીજા બે દરવાજા **પિતૃહૂ અને દેવહૂ** નામના જમણા અને ડાબા કાનરૂપી છે. એના દ્વારા જીવાત્મા શબ્દ દેશમાં ફરવા જાય છે. બીજા બે દરવાજા નીચે છે : આસુરી અને નિર્ઋતિ. તેમના દ્વારા તે ભૌતિક સુખોનો ભોગ કરે છે અને મળત્યાગ કરે છે. આમ, આ નવ દરવાજા ઉપરાંત, બીજા બે દરવાજા બંધ બતાવ્યા છે : હાથ અને પગ. તેમના દ્વારા ચાલવાનું તથા અન્ય કાર્ય થાય છે. આવા નવ દરવાજાવાળી નગરીમાં વસેલો જીવાત્મા દુનિયાનો જુદા જુદા પ્રકારે અનુભવ કરે છે.

આ વૃક્ષને દશ પાંદડાં છે - **'દશચ્છદી.'** આ દશ પાંદડાં એટલે દશ પ્રાણ–ઉદાન, સમાન, વ્યાન, પ્રાણ, અપાન વગેરે. જ્યાં સુધી શરીરમાં આ દશ પ્રાણ હોય, ત્યાં સુધી તે શરીરથી જુદા જુદા અનુભવ કરે છે. દુનિયા ભલે બહાર હોય, પણ તેની અનુભૂતિ શરીર દ્વારા થાય છે. માટે જગત અને શરીરનો સંબંધ છે. આ વૃક્ષ પર બે પક્ષીઓ બેઠાં છે - **'દ્વિખગ:'**. એક પક્ષી જીવાત્મા અને બીજું પક્ષી પરમાત્મા. **'દ્વા સુપર્ણા સયુજાસખાયા'** - 'હે પ્રભુ! આ આદિ વૃક્ષનો અનુભવ કરતાં હવે અમને સમજાય છે કે જીવન વેડફી નાખવા જેવું નહીં, જીવવા જેવું છે. અનુભૂતિ કરવાની તેં અમને શક્તિ આપી છે, તો અમે શા માટે તમારો અનુભવ ન કરીએ?

અહીં દેવો એમ સમજાવવા માગે છે કે જીવન અને જગતનો સાચો ઉપયોગ કયો ? જ્યાં સુધી જગત અને જીવનનો આનંદ માણસ લઈ શકતો નથી, ત્યાં સુધી જીવ્યું પણ શા કામનું અને જોયું પણ શા કામનું ? આનંદ એ જ જીવનનું ચરમ અને પરમ લક્ષ્ય છે. આ આનંદ એક માત્ર પરમાત્મા સિવાય બીજે ક્યાંય મળતો નથી. જેની પાસે જે ખજાનો હોય તેની પાસે તે મળે. રેતીમાંથી તેલ ન નીકળે. તેવી રીતે જેમાં આનંદ નથી, તેમાંથી આનંદ શોધનારને મૂર્ખ નહિ તો બીજું શું કહેવાય ? આપણને વિચાર કરતાં સમજાય છે કે આપણે ભ્રમણામાં જીવીએ છીએ. આપણે આપણી જાતને મૂર્ખ બનાવી રહ્યા છીએ. માણસ હજારો વર્ષોથી પોતાની જાતને ઠગતો રહ્યો છે. એ આનંદ શોધવા ત્યાં મથામણ કરે છે, જ્યાં આનંદ છે જ નહિ.

તે બે વસ્તુમાં આનંદ શોધે છે : વ્યક્તિઓમાં અને વસ્તુમાં, જડમાં અને ચેતનમાં. વ્યક્તિ અને વસ્તુએ કદી કોઈને આનંદ આપ્યો નથી અને તેમાંથી કોઈને આનંદ મળવાનો નથી. હજારો લોકોની એક જ બૂમ છે કે હું જે માગું છું તે મને મળતું નથી. કોઈ એમ વિચાર કરે છે કે મેં દીકરાને કેટલી મહેનતે ઉછેર્યો, પણ તે મારા ઉપર પ્રેમ રાખતો નથી. આજે આપણા મનના આ ખટકાએ જીવનમાં જબરદસ્ત વેદના-અગ્નિ જાગૃત કર્યો છે. દેવો કહે છે, મહારાજ! આજે અમને ખબર પડી કે તમે આનંદરૂપ છે, તમારું આપેલું જીવન આનંદરૂપ અને તમારું બનાવેલું જગત પણ આનંદરૂપ છે.

ત્વમેક એવાસ્ય સતઃ પ્રસૂતિસ્ત્વં સન્નિધાનં ત્વમનુગ્રહશ્ચ ।
ત્વન્માયયા સંવૃતચેતસસ્ત્વાં પશ્યન્તિ નાના ન વિપશ્ચિતો યે ॥૨/૨૮॥

આ જગતમાં આદિવૃક્ષનું મૂળ કારણ, હે ભગવાન, આપ જ છો. **આ વિચારનું નામ જ 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'**. કેટલાક લોકો હકારાત્મક વિચારવાળા હોય છે, તો કેટલાક લોકો નકારાત્મક વિચારવાળા હોય છે. નકારાત્મક વિચાર કરનારને બધું મિથ્યા - ખોટું લાગે છે. તેમને પોતાનું જીવન અને શરીર પણ મિથ્યા લાગે છે. હકારાત્મક વિચારવાળાને બધું સાચું જણાય. માયાવાદીને મિથ્યાત્વનું દર્શન થાય અને બ્રહ્મવાદીને સત્યત્વનું દર્શન થાય. 'બધું જ ખોટું' એમ વિચાર કરવાથી જીવનમાં બળાપો જાગે. મન ક્યાંય સ્થિર થાય જ નહિ. તેને કારણે ચિત્તમાં સંશય પેસી જાય. તેને કારણે માણસને વિશ્વાસ, પ્રેમ, આનંદ થતો નથી. પુષ્ટિમાર્ગીય વિચારકો સર્વ વસ્તુમાં સત્યનાં દર્શન કરે છે.

એક વાર એક બાવાજીને એક ગઠિયો મળ્યો. તે કહેવા લાગ્યો, 'મહારાજ! તમારી પાસે આ મૂર્તિ છે, તેને હું સરસ મંદિરમાં લઈ જઈશ. ત્યાં તેનું સ્થાપન કરીશ.' બાવાજીએ કહ્યું : 'ભાઈ, મારી ઝોળી એ જ તેનું મંદિર. મારે મારી મૂર્તિ તને આપવી નથી.' ગઠિયો આગ્રહ કરી તેમને પોતાના ઘેર લઈ ગયો. ચમકતી મૂર્તિ જોઈને તેને તે સોનાની લાગી. તેણે વિચાર કર્યો કે આને વેચીશ, તો મને ઘણા પૈસા મળશે. તેણે બાવાજીને ઘેન ચડે તેવી દવા નાખેલું દૂધ પીવડાવ્યું. ઊંઘતા બાવાજીને ગઠિયો ઊંચકીને ગામના પાદરે મૂકી આવ્યો. મૂર્તિ લઈને સોનીને ઘેર ગયો. સોનીએ કહ્યું : 'આ તો પિત્તળ છે, સોનું નથી.' પેલાએ વિચાર કર્યો, 'મારે આ મૂર્તિ કોઈ કામની નથી, જેની છે તેને પાછી સોંપી આવું.' ગઠિયો આવીને બાવાજીની પાસે મૂર્તિ મૂકી ગયો. બાવાજી હજી ઊંઘતા હતા.

જાગ્યા પછી બાવાજીએ મૂર્તિ જોઈ. તેના હાથ-પગ ઘસાઈ ગયા હતા. મુખ પણ છોલાઈ ગયું હતું. તેમને બળાપો થયો. તેમને વિચાર આવ્યો કે જો ભગવાન પોતે જ પોતાની રક્ષા ન કરી શકે, તો તેમને પૂજવાનો ફાયદો શો? એ મારી શી રક્ષા કરશે ? આખી મૂર્તિ ઘસી નાખનાર ગઠિયાને ભગવાને તમાચોયે ન માર્યો! સાધુજીના મનમાં ખૂબ બળાપો થયો. એક વખત તો તેમને થયું કે આ મૂર્તિને ફેંકી દો. પણ જ્યારે એમનું મન સ્વસ્થ થયું, ત્યારે એ મનમાં શ્રદ્ધા જાગી. સારું થયું, પેલો ગઠિયો મારી મૂર્તિને ઘસી આવ્યો. તેમને થયું કે ઈશ્વર તો માણસના મનમાં રહેલી શ્રદ્ધામાં છે. માણસ પાસે સાચી શ્રદ્ધા હોય, તો પથ્થરમાંથી પણ પ્રભુ પ્રગટ થાય છે અને જો શ્રદ્ધા ન હોય, તો મૂર્તિને ગમે તેટલી પૂજવાથી પણ કોઈ લાભ થતો નથી. બાવાજીએ જીવનમાં વાસ્તવિક સિદ્ધાંતનું દર્શન કર્યું.

બ્રહ્મવાદી ફેંકી દેવા જેવી વસ્તુમાંથયે જીવનનાં મૂલ્યો શોધી કાઢે છે, જ્યારે માયાવાદી જીવનમાંથી જડેલાં મૂલ્યોને પણ મિથ્યા કહીને ફેંકી દે છે. દેવો આજે બ્રહ્મવાદી બન્યા છે. દેવો કહે છે, 'હે નાથ! તમે જ આ જગતનો આવિર્ભાવ કરનારા છો. તમારામાં જ જગતનો લય થાય છે. તમે જ જગતનું પાલન કરનાર અનુગ્રહકર્તા છો. અમને ખબર પડી છે કે જીવન, મરણ અને પાલન બધું જ આપ જ કરો છો. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ દ્વારા આપ જ જગતનું સર્જન, પાલન અને પ્રલય કરો છો. એ બધાં રૂપોમાં આપ જ વસેલા છો. નાનાં-મોટાં-વ્યાપક બધાં રૂપોમાં આપ છો. જેની બુદ્ધિમાં અજ્ઞાન છે, તે નાનાવિધ રૂપનું ભાન કરે છે. જેની બુદ્ધિમાં જ્ઞાન

છે તે અનેકમાં એકનું દર્શન કરે છે. આજે અમને સમજાય છે કે અનેકમાં એકરૂપે આપ જ વસેલા છો.

બિભર્ષિ રૂપાણ્યવબોધ આત્મા ક્ષેમાય લોકસ્ય ચરાચરસ્ય ।
સત્ત્વોપપન્નાનિ સુખાવહાનિ સતામભદ્રાણિ મુહુઃ ખલાનામ્ ॥૨/૨૯॥

તમે સત્યસ્વરૂપે સત્ય જગતમાં વિલસો છો, એ સત્યની પ્રતીતિ કરાવવા માટે કેટલીક વાર અવતાર ધારણ કરીને આવો છો. હે શ્યામસુંદર! તમારા જ્ઞાનમય સ્વરૂપમાં તમે જુદાં-જુદાં રૂપો ધારણ કરો છો. કોઈ વાર મત્સ્ય બનો છો, તો કોઈ વાર કચ્છપ બનો છો. કોઈ વાર વરાહ, તો કોઈ વાર નૃસિંહ બનો છો. એનું એક જ કારણ છે જગતનું કલ્યાણ. પછી તે ચર જગત હોય કે અચર જગત હોય. સ્થૂળ જગત હોય કે સૂક્ષ્મ જગત હોય. સર્વ જગતનું કલ્યાણ કરવા આપ જુદાં જુદાં રૂપે અભિવ્યક્ત થાઓ છો. આપ સત્યના આધારે પ્રગટ થાઓ છો. આપનું દર્શન સર્વને સુખ આપનારું છે. જે સજ્જનોને સુખ આપે છે તે દુર્જનોને પારાવાર દઝાડે છે. આપનું જે સ્વરૂપ જગતનું કલ્યાણ કરે છે, તે જ સ્વરૂપ સ્વાર્થી લોકોના મનમાં દાઝ ઉત્પન્ન કરે છે.

એક ગામમાં પંદર-વીસ માણસોએ ઈજારો રાખી લીધો કે જેથી તેમની પાસે કરોડો રૂપિયા ભેગા થાય. એમની સામે માથું ઊંચકે તેવું કોઈ નહોતું. એકધારી એમની સત્તા ચાલી, સંપત્તિ વધી. એ ગામમાં એક બુદ્ધિશાળી માણસ પેદા થયો. તેણે પહેલવહેલો અવાજ ઉઠાવ્યો કે આટલી બધી સંપત્તિ મુઠ્ઠીભર માણસો પાસે શા માટે ? શા માટે આપણે એમના જ કબજામાં રહેવું ? તે માણસે સંગઠન સાધ્યું. વીસ જણની સામે બે હજાર માણસો ભેગાં થયા. એક માણસ બે હજાર માટે સુખ રૂપ બન્યો અને વીસ જણ માટે દુઃખરૂપ બન્યો. એવી જ રીતે ભગવાનના બધા અવતારો સજ્જનો માટે સુખરૂપ અને દુર્જનો માટે દુઃખરૂપ છે; કારણ કે જગતમાં પધારી દુર્જનો સામે તમે અવાજ ઉઠાવ્યો છે. તમે અન્યાયનો વિરોધ કર્યો છે. તમે આવા દુર્જનોને એમનો ઈજારો છોડવાનો વખત લાવ્યા છો.

આવી રીતે દેવોએ તેમની સ્તુતિના પહેલા ચાર શ્લોકમાં સમાજમાં જે વસ્તુ જોઈતી હતી તેનું વર્ણન કર્યું છે. હવેના ચાર શ્લોકોમાં સ્મૃતિશાસ્ત્રનું દર્શન છે. સ્મૃતિમાં યોગ એ ધર્મ અર્થાત્ પ્રમાણ છે. યોગના સંપ્રદાયો પ્રમેય છે. યોગની પ્રક્રિયા એ સાધન છે. તેના દ્વારા થતી ભગવદ્-અનુભૂતિ એ ફળ છે. આ ચાર શ્લોકોમાં દેવો

ભક્તિભાવથી ભરપૂર યોગની વાત કરે છે.

ત્વય્યમ્બુજાક્ષાખિલસત્ત્વધામ્નિ સમાધિનાઽઽવેશિત ચેતસૈકે ।
ત્વત્પાદપોતેન મહત્કૃતેન કુર્વન્તિ ગોવત્સપદં ભવાબ્ધિમ્ ॥૨/૩૦॥

હે કમલલોચન પ્રભુ! સત્ત્વધામ એવા આપના સ્વરૂપમાં જેમણે સમાધિ દ્વારા પોતાનું ચિત્ત એક બનાવી દીધું, એવા લોકો સંસારના વિશાળ સમુદ્રને ખાડા જેવો બનાવી તરી ગયા છે. દેવો આપણને સમજાવે છે કે કદાચ આપણને જીવન સમુદ્ર જેવું લાગતું હોય, જીવન ભયંકર લાગતું હોય, તો પણ જો તમારું ચિત્ત યોગથી ભગવાન સાથે એકાગ્ર બનશે, તો તમે તરી જશો. સંસાર-સાગર ખાડા જેવો નાનો બની જશે. નિર્બળ માણસને નાનો ખાડો પણ સિંધુ જેવો લાગે છે. સબળને વિશાળ સિંધુ પણ બિંદુ જેવો લાગે છે.

સીતાજીની શોધ માટે વિશાળ સમુદ્રને પાર કરવા હનુમાનજીએ વિશાળ સ્વરૂપ ધારણ કર્યું. એક છલાંગમાં તેઓ દરિયો કૂદી ગયા. હનુમાનજી માટે આટલો મોટો સમુદ્ર ગાયના પગના ખાડા જેટલો હતો. આપણને વિચાર થાય કે એક ડગલું પણ કેવી રીતે ભરાશે ? કારણ કે આપણે નિર્બળ છીએ. સબળ માણસ દુઃખના મોટા મોટા ડુંગરો પણ પળ વારમાં તોડી નાખે છે. યોગ નિર્બળ મનુષ્યમાં પ્રબળ ભાવ જાગૃત કરે છે.

દેવો હવે પછીના શ્લોકમાં સમજાવે છે કે 'હે મહારાજ! આ યોગમાર્ગનો અનુભવ જેમણે કર્યો, તેમણે તેનાં શાસ્ત્રો રચ્યાં. એ ગ્રંથો દ્વારા તેમણે આખો યોગ સંપ્રદાય ઊભો કર્યો. તેમણે દુનિયાને આશીર્વાદ આપ્યા કે તમે યોગના રસ્તે જશો તો તમારું પણ કલ્યાણ થશે. તેઓ જે નાવડાથી સંસાર-સાગર તર્યા હતા, તે નાવડું તેમણે આપણને પણ આપ્યું. તેમણે આપણા મનને વિશ્વાસ બંધાવ્યો –

સ્વયં સમુત્તીર્ય સુદુસ્તરં દ્યુમન્ ભવાર્ણવં ભીમમદભ્રસૌહદા: ।
ભવત્પદામ્ભોરુહનાવમત્ર તે નિધાય યાતા: સદનુગ્રહો ભવાન્ ॥૨/૩૧॥

જ્યાં સુધી ભગવાનનું શરણ સ્વીકારવામાં આવતું નથી, ત્યાં સુધી યોગ પણ સાધકનો ઉદ્ધાર કરી શકતો નથી. યોગની પ્રક્રિયા કરનારના અંત:કરણમાં ભક્તિ અને શરણ તો જોઈએ જ. યોગીઓ બેનું શરણ સ્વીકારે છે : ગુરુનું અને ઈશ્વરનું. શરણાગતિ વિનાનો યોગ-સ્વીકાર ઊંચેથી નીચે પછાડે છે. ઉદાહરણ જોવું હોય તો

વિશ્વામિત્રનું જુઓ. વિશ્વામિત્રથી મોટો બીજો યોગી કોઈ નથી. તેમણે દશ હજાર વર્ષ તપશ્ચર્યા કરી. તેઓ મોટામાં મોટી હઠયોગી હતા. એમ કહેવાય છે કે તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં લોકો તેમના તેજથી ઝાંખા પડી જતા. યોગના અગ્નિથી શરીર સુંદર બને છે. એવા વિશ્વામિત્ર મુનિ પાસે ઇન્દ્રની મોકલેલી અપ્સરા આવી. ઉપર ચઢેલા વિશ્વામિત્ર નીચે પટકાયા. ક્ષણવારમાં તેમનો સમગ્ર યોગ નષ્ટ થઈ ગયો.

માણસ કેવળ પોતાના બળથી જ વધવા જાય, તો એક દિવસ ઉપરથી નીચે પડવાનો. તેણે ઈશ્વરનો આધાર લેવો જ પડે. યોગમાર્ગમાં ગુરુ અને ભગવાનનો આધાર ન મળે તો તે યોગભ્રષ્ટ થઈ જવાનો. યોગમાર્ગમાં આગળ વધતાં જેમ જેમ કુંડલિની શક્તિ પ્રગટ થાય, તેમ તેમ છંછેડાયલી કુંડલિની શક્તિ તે યોગીના મનમાં વધારે ને વધારે વાસના જગાડે છે. તે વખતે તેને કેવળ ગુરુ અને ભગવાનનું શરણ જ બચાવે છે.

એક યોગીની વાત છે. તેમણે ગુરુ વિના યોગાભ્યાસની શરૂઆત કરી. આજે લોકોને યોગનું ગાંડપણ લાગ્યું છે. જ્યાં જુઓ ત્યાં યોગના વર્ગો ચાલે છે. આવા એક વિચારકે કોઈની પણ પ્રેરણા વિના યોગની શરૂઆત કરી. યોગમાર્ગ જેટલો સરળ દેખાય છે એટલો જ ભયંકર છે. મૂલાધાર ચક્રનું ભેદન થતાં જ એને કેટલાક વિચિત્ર અનુભવો થાય છે. ક્યારેક ભય લાગે, ક્યારેક નાચવાનું મન થાય. એક દિવસ તો એને પરણી જવાની પણ ઇચ્છા થઈ જાય. આ વિચારકે પણ એક દિવસ લગ્ન કર્યાં. તેને એ લગ્ન-સંસારથી સંતોષ ન થયો.

આમ, તેણે એક પછી એક લગ્નો કર્યે રાખ્યાં. એને લાગ્યું કે હું માણસ મટીને રાક્ષસ બની ગયો છું. જ્યારે તે યોગનો અભ્યાસ નહોતો કરતો, ત્યારે આટલી બધી વાસના પ્રબળ ન હતી. તેની સામે જે કાંઈ દેખાય એને જોતાં જ એની બુદ્ધિમાં વિકાર આવે. પછી તો તેની આજુબાજુના લોકો પણ તેનાથી ડરવા લાગ્યા. આવી વિકૃતિ યૌગિક પ્રક્રિયાનું પરિણામ હતું. મૂલાધાર ચક્રના ભેદન વખતે જે ભૂલ થઈ, તેને કારણે આમ બન્યું. અંતે તે એક સમર્થ ગુરુના શરણે ગયો. ગુરુએ સમજાવ્યું કે જ્યાં સુધી તને ગુરુનું દર્શન ન થાય અને તું ઈશ્વરનો આધાર ન લે, ત્યાં સુધી તું અવશ્ય યોગભ્રષ્ટ થવાનો.

યેઽન્યેઽરવિન્દાક્ષ વિમુક્તમાનિનસ્ત્વય્યસ્તભાવાદવિશુદ્ધબુદ્ધય: ।
આરુહ્ય કૃચ્છ્રેણ પરં પદં તત: પતન્ત્યધોઽનાદતયુષ્મદંઘ્રય: ॥૨/૩૨॥

આપના ચરણકમળનું સેવન કર્યા વિના જે યોગનો અભ્યાસ કરે છે અને વિચારે છે કે હું વિમુક્ત બની ગયો છું, મને બધું આવડી ગયું અને હું બ્રહ્મ બની ગયો, તે માણસની અધોગતિ થાય છે. તેને મુક્તિનું જ્ઞાન ન હોવા છતાં તે માની લે છે કે મને બધું આવડી ગયું છે. દુનિયામાં ઘણા લોકો આવું માની લેતા હોય છે. આવા એક ઊંટવૈદ જોયેલા. તેઓ પુસ્તકો વાંચીને ડૉક્ટર થયેલા. એક સારા નિષ્ણાત ડૉક્ટર એમને સમજાવે છે કે તમે વ્યવસ્થિત રીતે ડિગ્રી મેળવો, પણ તેઓ માનતા ન હતા. તેમની પાસે કૅન્સરનો એક રોગી આવ્યો. તેને ઊંટવૈદે ટી.બી.ની દવાઓ આપી. રોગી બે દિવસમાં મરી ગયો. ઘણા લોકોમાં એવું અભિમાન બેઠેલું હોય છે કે મને બધું આવડે છે. આમ, પોતાના બળથી સાધના કરનારા માને છે કે હું સાચું કરું છું.

શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકનું રહસ્ય બહુ સુંદર રીતે સમજાવ્યું છે. જ્યારે માણસ તેના દોષોનું દર્શન કરતો થાય, ત્યારે તેની સાધનાની સાચી શરૂઆત થાય છે. જ્ઞાનની શરૂઆત દોષદર્શનથી થાય છે. જ્ઞાનનું સમાપન પરમાત્મદર્શનથી થાય છે. માણસ કામ કરવા માંડે કે તરત જ તેને પરમાત્માનાં દર્શન થાય તે બની શકે નહિ. એક કવિએ કહ્યું **'કૃપા ભયી તબ જાનિયે, જબ બિચારે અપનો દોષ.'** કવિ દલપતરામે એક કવિતામાં અજ્ઞાનીનું દર્શન કરાવ્યું છે. એક વખત પશુઓની સભા ભરાઈ. સભામાં પ્રસ્તાવ મુકાયો કે પહેલું પ્રવચન મુખ્ય મહેમાન તરીકે ઊંટભાઈ કરશે. ઊંટે શરૂ કર્યું : 'પોપટની ચાંચ વાંકી, કૂતરાની પૂંછડી વાંકી...' તેણે બધાંના દોષ બતાવવા માંડ્યા. ત્યાં દલપતરામ જઈને બેઠેલા. દલપતરામ અકળાઈ ગયા. દલપતરામે કહ્યું, ***'સૌનું તો એક વાંકું, આપનાં અઢાર છે.'***

આખી દુનિયાને ખોટી કહેનાર આપણે કદી વિચાર કરીએ છીએ કે આપણે કેટલા ખોટા છીએ ? અજ્ઞાન હોય ત્યાં સુધી પારકાના દોષો જોવાની ઇચ્છા થાય છે. જ્ઞાન જાગે ત્યારે પોતાના દોષોનું દર્શન થાય છે. દોષદર્શનથી ચિત્તમાં લઘુતાવૃત્તિ જાગતી નથી. આપણા દોષો વિચારવાથી જો આપણામાં લઘુતાવૃત્તિ આવતી હોય તો તે બરાબર નથી. દોષદર્શન પછી એ દોષોને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. તે જ્ઞાની માણસ જ કરી શકશે. અજ્ઞાની નહિ કરી શકે. એ દૂર કરવાનો પ્રયત્ન કરતાં જ્યાં જ્યાં શક્તિનો અભાવ જણાય, ત્યાં ત્યાં ઈશ્વરની શરણાગતિ સ્વીકારવી. સાચી વસ્તુને શોધવા માટે ખુલ્લું મન રાખે, કોઈની વાત ઉપર વિચાર કરે અને સાચું જણાય તો તેનો સ્વીકાર કરે. દોષદર્શન પછી દોષોનો સ્વીકાર કરવો, એ

ને વિચારે
ી ગયો, તે
છે કે મને
માવા એક
ત ડૉક્ટર
ન હતા.
પી. રોગી
મને બધું
ુ કરું છું.

છે. જ્યારે
આત થાય
ર્શનથી થાય
તે બની શકે
ષ.' કવિ
ની સભા
ઊંટભાઈ
બધાંના
ઈ ગયા.

ક આપણે
છા થાય છે.
લઘુતાવૃત્તિ
ાવતી હોય
વો જોઈએ.
યત્ન કરતાં
સ્વીકારવી.
ર કરે અને
રવો, એ

મોટી વસ્તુ છે. બીજાની વાતનો સ્વીકાર એ વાસ્તવિક પોતાની ભૂલનો એકરાર છે. એ સ્વીકાર અને એકરાર પછી માણસ જીવનમાં સારા બનવાની પ્રવૃત્તિ કરી શકે છે. તે પ્રવૃત્તિથી તે ઉન્નતિના માર્ગે જાય છે.

દેવો કહે છે, 'મહારાજ! કેટલાક લોકો આપની શરણાગતિ સ્વીકારતા નથી. જે લોકો એમ માને છે કે હું જે કરું છું તે સાચું અને સારું કરું છું, તે લોકો એક દિવસ ઉપરથી નીચે પડે છે. આવા લોકો પોતાની જાતને જ ભગવાન માની લે છે. વાસ્તવમાં દુનિયામાં એક જ ભગવાન છે. આજે દુનિયામાં કેટલા બધા ભગવાન બની ગયા છે! જે લોકો ઈશ્વરના સાચા અસ્તિત્વને માનવાને બદલે પોતાને જ ઈશ્વર માની બેઠા છે, તે ઉપરથી નીચે પડે છે. તેઓ બુદ્ધિના બળથી લોકોને આંજી નાખે છે. લોકોની વિચારસરણીને તોડી નાખે છે, પરિણામે તેઓ પદભ્રષ્ટ બને છે અને બનાવે છે. આ લોકો કદી ઈશ્વરની વાસ્તવિકતાને સમજી શકતા નથી. તેઓ એમ કહ્યા કરે છે કે 'હું જ ભગવાન, હું જ ભગવાન, હું જ ચિદાનંદ, હું જ શિવ અને હું જ પરમેશ્વર'.

એક બહેન એના ઘરમાં ભગવાનની સેવા કરતી હતી. એના પતિ પોતાની જાતને ભગવાન માને. એના પતિએ પત્નીને કહ્યું : 'તું ફોટાવાળા ઈશ્વરને ભજે છે, એના કરતાં મને ભજતી હોય તો ? હું તારો પરમાત્મા છું.' પેલી સ્ત્રીએ કહ્યું, **'ગૉડ'** શબ્દમાં ત્રણ અક્ષર છે : ***જી. ઓ. ડી. 'જી' એટલે જનરેટર, 'ઓ' એટલે ઑપરેટર-ચાલક, 'ડી' એટલે ડિસ્ટ્રક્ટર-વિનાશક.*** આ ત્રણે ગુણો તમારામાં છે? તમે મારા સર્જક છો ? જો મારા સર્જક હો તો તમે મારા પતિ નહીં, પણ પિતા બની જાઓ. તમે મારા પાલક ખરા. તમે ખાવા-પીવા-પહેરવા આપો, પરંતુ જે દિવસે મારું મૃત્યુ થશે, તે દિવસે તમે મને બચાવશો? જો મને મૃત્યુના મોંમાંથી બચાવો, તો હું તમને ભગવાન માનીશ. મારો વિનાશ કરવાનું સામર્થ્ય તમારામાં છે ? કદાચ તમે મને ઝેર આપી શકો, મારી સામે બંદૂક તાકી શકો; પરંતુ મારા ભાગ્યમાં જીવવાનું લખ્યું હશે તો તમે મને મારી શકશો ? માટે તમે મારા વિનાશક પણ નથી. તમે કેવળ નિમિત્ત છો. જો તમારામાં ઈશ્વરનાં આ ત્રણ પૈકી એક પણ લક્ષણ ન હોય, તો હું તમને પરમાત્મા કેવી રીતે માનું ? તમને હું પતિ માનું છું, પણ પ્રભુ તો નહીં જ, તે વાત ચોક્કસ છે; કારણ કે પ્રભુ જેટલું સામર્થ્ય માણસમાં હોતું નથી.'

દેવો સમજાવે છે, પ્રભુ તરીકે પૂજા સ્વીકારવાની વૃત્તિવાળા લોકો એક દિવસ ઉપરથી નીચે આવીને પટકાય છે. એક વાર જો આપણામાં 'હું પ્રભુ છું' એવો ભાવ

જાગે તો દુનિયા પાસેથી પૂજા સ્વીકારવાની ઇચ્છા થશે. આ શ્લોક વાંચતાં મોટા મોટા ધર્માચાર્યો, મઠાધીશો અને ગાદીપતિઓનું સ્મરણ થાય છે. એ લોકો પણ પોતાની જાતને પ્રભુ માની બેઠા છે. તેથી તેમનામાં દુનિયા પાસેથી પૂજા સ્વીકારવાની વૃત્તિ જાગે છે. એક ધર્માચાર્યના કુટુંબી તરીકે હું વિચાર કરું છું કે મારું તો ક્યાંય આ પ્રકારે પતન નથી થઈ રહ્યું ને ?

તથા ન તે માધવ તાવકા: ક્વચિદ્ ભ્રશ્યન્તિ માર્ગાત્ત્વયિ બદ્ધસૌહૃદા: ।
ત્વયાભિગુપ્તા વિચરન્તિ નિર્ભયા વિનાયકાનીકપમૂર્ધસુ પ્રભો ।।૨/૩૩।।

જેમણે પોતાના આધાર તરીકે પ્રભુને સ્વીકારી લીધા છે, તેઓ વિઘ્નોની સેનાના માથા ઉપર પગ મૂકી, વિઘ્નોને તરી જાય છે. તેનું કદી જગતમાં પતન થતું નથી; કારણ કે તેમને સબળ અવલંબન મળેલું છે.

આમ, દેવો ભગવાનની સ્તુતિ કરતાં સાડત્રીસમા શ્લોકમાં નિર્ણય કરે છે :

શૃણ્વન્ ગૃણન્ સંસ્મરયંશ્ચ ચિન્તયન્ નામાનિ રૂપાણિ ચ મંગલાનિ તે ।
ક્રિયાસુ યસ્ત્વચ્ચરણારવિન્દયોરાવિષ્ટચેતા ન ભવાય કલ્પતે ।।૨/૩૭।।

ભવોભવનાં બંધન તોડવા માટે હે શ્યામસુંદર! તમારા મંગળ નામ અને રૂપોનું શ્રવણ, કીર્તન, સ્મરણ અને ચિંતન ઉગારે તેમ છે. ભગવાનનાં નામ અને રૂપ બંનેનું સામંજસ્ય જોઈએ. કેવળ 'કૃષ્ણ કૃષ્ણ' બોલીએ અને કૃષ્ણની છબી આંખો સામે ન આવે, તો આનંદ આવતો નથી. કૃષ્ણની છબી જોઈએ, પણ રોમરોમથી 'કૃષ્ણ' શબ્દ ન નીકળે તો પણ નકામું છે. જીવનમાં જો ભગવાન પ્રત્યે પ્રેમ હોય, તો તેમનાં રૂપ અને નામ સાથે ને સાથે રહે છે. નામ અને રૂપને ધારણ કરવા માટે ચાર વસ્તુઓ બતાવી. તેનું શ્રવણ કરો, તેનું કીર્તન કરો, તેનું મનન કરો અને તેનું ચિંતન કરો. આપણને પ્રશ્ન થશે કે સ્મરણ અને ચિંતનમાં ફેર કેટલો ? અહીં સ્મરણ અને ચિંતન એમ બે શબ્દો કેમ વાપર્યા ?

શ્રીમહાપ્રભુજીએ સ્મરણ અને ચિંતનનો બહુ સુંદર અર્થ શ્રીસુબોધિનીજીમાં બતાવ્યો છે : **'સપ્રયત્ન: ચિત્તવ્યાપાર: ચિંતન: અપ્રયત્ન: ચિત્તવ્યાપાર: સ્મરણ:'** વિચાર અને પ્રયત્નપૂર્વક જે વસ્તુ વારંવાર આપણા અંત:કરણમાં આવે તે ચિંતન. સહજ રીતે અનાયાસે જે અંત:કરણમાં આવે તે સ્મરણ. ચિંતન માટે વિચારના આવર્તનની જરૂર પડે છે. સ્મરણ માટે વિચારની જરૂર નથી, તે આપોઆપ થાય

છે. પ્રયત્નપૂર્વક યાદ કરીએ તે ચિંતન, પ્રયત્ન વગર યાદ આવે તે સ્મરરણ. ચિંતન જ્યારે સહજ બને ત્યારે તે સ્મરણમાં ફેરવાય છે. વારંવાર એક વસ્તુનો બુદ્ધિપૂર્વક વિચાર કરતાં તે બુદ્ધિમાં સ્થિર થઈ જાય, ત્યારે તે સ્મરણનું રૂપ ધારણ કરે છે.

દેવો આનંદમાં આવી ગયા. તેઓ દેવકી માતાના ઉદરમાં બિરાજતા શ્યામસુંદરનાં દર્શન કરી રહ્યા છે. તેઓ ભગવાનને વિનંતી કરી રહ્યા છે કે આપ હવે જે અવતાર ધારણ કરવાના છો તેનું કારણ આપના વિનોદ સિવાય અમને બીજું કંઈ દેખાતું નથી. દુનિયામાં વિનોદ કરવા માટે જ આપનો અવતાર છે. અમે જાણીએ છીએ કે અત્યાર સુધી આપ નવ અવતાર ધારણ કરી ચૂક્યા છો. મત્સ્ય, હયગ્રીવ, કચ્છપ, વરાહ, નૃસિંહ, વામન, રામ જેવા **અવતારો** આપે લીધા છે. હવે આપનો દશમો કૃષ્ણાવતાર થવાનો છે. આ અવતાર પણ જગતનું કલ્યાણ કરવા માટે જ થવાનો છે. અમારો ઉદ્ધાર કરવા અને સાથે સાથે ધર્મનું સ્થાપન કરવા થવાનો છે. મહારાજ! શ્રાવણ માસની વદ અષ્ટમીની રાત્રિ આવી છે. આપ જલદી પ્રગટ થવાના છો. હે મા દેવકી! હવે આપને કંસનો ભય નહિ રહે; કારણ કે તમારા ઉદરમાં સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનો આવિર્ભાવ થયો છે. તેઓ જ જગતમાં પધારવાના છે. જેની પાસે ભગવાન હોય એને ભય ન લાગે, તમે તો ભગવાનનાં માતા થવાનાં છો...

દિષ્ટ્યામ્બ તે કુક્ષિગત: પર: પુમાનંશેન સાક્ષાદ્ ભગવાન ભવાય ન: ।
મા ભૂદ્ ભયં ભોજપતેર્મુમૂર્ષોર્ગોપ્તા યદૂનાં ભવિતા તવાત્મજ: ॥૨/૪૧॥

હે દેવકીમાતા! તમે મુમુક્ષી છે અને મુમુર્ષી છે. મોક્ષ મેળવવાની ઇચ્છા તે મુમુક્ષા અને મરવાની ઇચ્છા તે મુમુર્ષા. અમૃતની ઝંખના કરનારને મોક્ષ મળે અને મૃત્યુની ઝંખના કરનારને મૃત્યુ મળે. હે માતા! તમને અમૃત મળશે. કંસ તો આખો વિષથી ભરેલો છે. એના હૈયામાં, એની આંખોમાં, એની વાણીમાં નર્યું વિષ જ છે.

સમુદ્રમંથનની લીલા જ્યારે જ્યારે વાંચીએ, ત્યારે વિચાર આવે કે સમુદ્રમંથન કરતાં કરતાં અંદરથી ઝેર નીકળ્યું. સૌએ વિચાર કર્યો કે આ ઝેર અમારે પીવું નથી, મહાદેવજીને પાઓ. મહાદેવજી ભોળા હતા. મહાદેવજીએ કહ્યું : ભલે, મારો સ્વભાવ ઝેર પીને ઝેરને અમૃત બનાવવાનો છે, મને સોંપી દો. તેમણે ઝેર પી લીધું. પરંતુ તે પીતાં પીતાં ઝેરનાં કેટલાંક બિંદુ બહાર પડ્યાં. તેમાંથી થોડાંક બિંદુ વીંછીને મળ્યાં, થોડાંક સાપને મળ્યાં, થોડાં ઝેરી પ્રાણીઓને મળ્યાં અને બાકીનાં વધુમાં વધુ બિંદુઓ માણસોએ લીધાં. સાપ અને વીંછી કરતાંયે માણસ વધારે ઝેરીલો છે.

સર્પદંશથી એક વાર મૃત્યુ થાય. વીંછીની વેદના એક વખત થાય છે; પરંતુ માણસ કરડે, તો તેની વેદના આખી જિંદગી થાય.

માણસમાં કોઈની આંખમાં ઝેર, કોઈના ગળામાં ઝેર, કોઈના હૃદયમાં ઝેર. આપણે શરીરમાં આટલું બધું ઝેર સંઘરી રાખીએ છીએ. સામા માણસને એ ઝેરના એક બિંદુથી ઊભો ને ઊભો સળગાવી દઈએ છીએ. બીજાને ઝેર આપવા જતાં આપણે ભૂલી જઈએ છીએ કે એ ઝેર આપણને જ સમાપ્ત કરી રહ્યું છે. બીજાને મારવા જતાં આપણે જ મરીએ છીએ. બીજાને પાડવા જતાં પોતે જ પડીએ છીએ. આથી દેવો અહીં કહે છે કે કંસ ભલે મારવા તૈયાર થયો હોય, પણ ખરેખર તો તે મરવા તૈયાર થયો છે. તે ભલે ઝેર આપવા તૈયાર થયો હોય, પણ તે પોતે ઝેર પીવાનો છે. હે માતા! તમારું જીવન તો હવે કૃતકૃત્ય થઈ ગયું છે.

આ પ્રમાણે દેવોએ એકંદર સોળ શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરી. જીવનમાં કઈ કઈ વસ્તુની જરૂર અને જાગૃતિ જોઈએ તે દેવોએ આ સ્તુતિમાં બતાવ્યું. વંદન અને અભ્યર્થનાના રૂપમાં આ બધું કહ્યું –

ઇત્યભિષ્ટૂય પુરુષં યદ્રૂપમનિદં યથા ।
બ્રહ્મેશાનૌ પુરોધાય દેવાઃ પ્રતિયયુર્દિવમ્ ॥૨/૪૨॥

આમ, ભગવાનને વિનંતી કરીને દેવો પોતપોતાના લોકમાં પાછા ગયા. અહીં એક પ્રશ્ન થાય કે જ્યારે ભગવાનનો પ્રાદુર્ભાવ થવાનો છે, ત્યારે દૂર ગયેલા દેવો અહીં આવે કે અહીં રહેલા દેવો પાછા જાય ? શ્રીશુકદેવજીએ તો કહી દીધું કે **'પ્રતિયયુર્દિવમ્'**. આવો જ પ્રસંગ શ્રીરામજીના અવતાર વખતે પણ આવે છે.

શ્રીરઘુનાથજીની સ્તુતિ કરવા માટે દેવોનું મંડલ દોડતું આવ્યું હતું. ત્યાં તુલસીદાસજીએ કહ્યું, ***'પહુઁચે નિજનિજ ધામ'***. દેવો ભગવાનની સ્તુતિ કરી પોતપોતાના ધામમાં ગયા. એની ચર્ચા એક ટીકાકારે બહુ સુંદર રીતે કરી. દેવો ભગવાનની સ્તુતિ કરીને તેમના જડલોકમાં નહીં, માતાના ઉદરમાં બિરાજેલા ભગવાનના સ્વરૂપમાં સમાઈ ગયા છે. દરેક ઇન્દ્રિયનો એક એક દેવ હોય છે. આંખમાં સૂર્ય વસે, મનમાં ચંદ્ર વસે, જીભમાં વરુણ વસે. આ દેવોએ વિચાર કર્યો કે અમારે અમારા જડલોકમાં જવું નથી, પણ ભગવાનના ચૈતન્યમય સ્વરૂપમાં જવું છે. તમામ દેવો ભગવાનના મૂળ સ્વરૂપમાં સ્થિર થઈ ગયા. તેથી શ્રીશુકદેવજીએ કહ્યું **'દેવાઃ પ્રતિયયુર્દિવમ્'**.

❖

પ્રકરણ ૧૦

કૃષ્ણ-તત્ત્વ

શ્રાવણ વદ અષ્ટમીની રાત થઈ છે, તેને મહારાત્રિ કહી છે. આપણા પુષ્ટિમાર્ગીય સેવાપ્રકારમાં એ રાત્રિએ શ્રીઠાકોરજીને મહાભોગ ધરવામાં આવે છે. આ દેવોએ ભગવાનની સ્તુતિ કરતાં, કેટલીયે સામગ્રીઓ લાવી તેમને અંગીકાર કરાવી હશે.

આપણે અગાઉ દેવોની સ્તુતિનું દર્શન કર્યું. જેનું અંતઃકરણ દિવ્ય હોય તે દેવ બની શકે. દિવ્ય શબ્દની બહુ સુંદર વ્યાખ્યા છે. સંસ્કૃતમાં '**દિવ્**' ધાતુ છે. પાણિનિ મુનિએ 'દિવ્' ધાતુના ઘણા અર્થો બતાવ્યા છે. જેનામાં ભગવાનની ક્રીડાઓ અને લીલાઓ થતી હોય તે દિવ્ય. જ્યારે અંતરમાં ઓજસ્ હોય, ત્યારે ભગવાનની લીલા અને ક્રીડા અંતઃકરણમાં થાય. જેને અલૌકિક પ્રકાશ મળ્યો છે તે દિવ્ય છે. બહારનો દીવો ઘરને અજવાળશે અને પેલો દીવો અંતરને અજવાળશે. ઘરને અજવાળનારા દીવા ઘણા છે; અંતરને બે જ દીવા અજવાળે છે. એક દીવાનું નામ જ્ઞાન અને બીજા દીવાનું નામ પ્રેમ-ભક્તિ. જ્ઞાન અને પ્રેમનો પ્રકાશ અંતરને અજવાળે છે. જ્ઞાનના પ્રકાશમાં વસ્તુ જણાય છે, પ્રેમના પ્રકાશમાં વસ્તુ મણાય છે. જ્ઞાનના પ્રકાશમાં ઊંડા જવાય છે, પ્રેમના પ્રકાશમાં વ્યાપક બનાય છે. પ્રેમ માણસને તેની જાતમાંથી કાઢીને આખી દુનિયામાં ફેલાવી દે છે. પ્રેમમાં પથરાવાની શક્તિ છે અને જ્ઞાનમાં ઊંડું ઊતરવાની શક્તિ છે. ઈશ્વર કેવો ? એની સમજ જ્ઞાન આપે છે. ઈશ્વરને અનુભવમાં લાવવા માટે પ્રેમ સાધન છે. જેને જ્ઞાન અને પ્રેમ બંનેનું દાન થયું હોય તે દિવ્ય.

આપણને વિચાર થશે કે આવો પ્રકાશ મેળવેલા દિવ્ય દેવોને શું શું મળ્યું હશે? તેમને જ્ઞાન અને પ્રેમ બંને મળ્યાં હશે કે એક જ મળ્યું હશે ? વિચાર કરતાં એમ લાગે કે દેવો પાસે જ્ઞાનનો ખજાનો છે; પરંતુ તેમનામાં પ્રેમની દિવ્યતા નથી. તેમનામાં પ્રેમની દિવ્યતા ન હોવાથી તેઓ સ્તુતિ કરીને ચાલ્યા ગયા; કારણ કે જ્ઞાનમાં બધું છૂટી જાય છે, પ્રેમમાં બધું પકડાઈ જાય છે. જો દેવોમાં પ્રેમનો પણ પ્રકાશ હોત, તો તેઓ કેવળ સ્તુતિ કરવા ન આવ્યા હોત. જેમની સ્તુતિ કરે છે તેમને સમર્પિત થઈ ગયા હોત. દેવો ભગવાનને સમર્પિત ન થયા, પણ દિવ્ય વ્રજવાસીઓ થયા. વ્રજવાસીઓ ભગવાનનું સ્વરૂપ જાણતા હતા અને તે જાણીને માણવાની તમન્ના રાખતા હતા. એ દિવ્યતાનું દર્શન શ્રી શુકદેવજી મહારાજ આપણને કરાવવા ઝંખે છે. દેવોએ કેવળ સ્તુતિ કરી છે, કૃષ્ણસ્વરૂપનો અનુભવ કર્યો છે પૃથ્વીનાં મનુષ્યોએ. માટે મોટા

મોટા સંતો કહે છે : અમારે સ્વર્ગના દેવ થવું નથી, પણ ધરતીનાં માનવ થવું છે. સ્વર્ગના દેવોને સીમા નડે છે, ધરતીનાં માનવોને સીમા નડતી નથી. તેઓ જાણી શકે, પરંતુ બધું તેમની ઇચ્છાથી કરી ન શકે; કારણ કે તેઓ તેમના પોતાના સુખમાં રચ્યાપચ્યા રહેનારા છે. આપણને એમ લાગે કે સ્વર્ગ નામનો કોઈ એક લોક હશે. જે લોકમાં બહુ સુખ હોય, તેનું નામ સ્વર્ગ; પરંતુ શ્રીમહાપ્રભુજીએ સ્વર્ગને કેવળ લોક તરીકે ઓળખાવ્યું નથી. સ્વર્ગ એટલે આનંદના અનુભવની એક સ્થિતિ.

એ સ્થિતિનો અનુભવ પૃથ્વી ઉપર પણ માણસ કરી શકે છે. જ્યાં દુઃખ નથી, મનનું ઇચ્છેલું બધું થાય છે, મનની અનુકૂળતાએ પ્રાપ્ત થયેલ, દુઃખના મિશ્રણ વિનાનું માત્ર સુખ જ જ્યાં હોય, તેનું નામ 'સ્વર્ગ'. અત્યારે આપણું સુખ સાપેક્ષ છે. કોઈને ખાવામાં આનંદ આવે છે, પરંતુ તેને બે પ્રકારે દુઃખ અનુભવવું પડે છે: એક ચાવવાનું અને બીજું રાંધવાનું. તમે કહેશો કે અમારા ત્યાં રસોઇયો રાંધે છે, તો એ લોકોને તો કમાવાનું છે ! વસ્તુનું સુખ ભોગવતાં પહેલાં કે પછી દુઃખનો અનુભવ કરવો પડે છે. આપણું પૃથ્વીનું સુખ કેવળ સુખ નથી. એના એક પડખામાં દુઃખ નામનું તત્ત્વ પણ રહેલું છે. દુઃખ પણ એકાકી નથી, એના એક પાસામાં સુખ નામનું તત્ત્વ પણ રહેલું છે.

એક છોકરો ઘોડે બેસી પરણવા જાય છે. બહુ હરખાય છે. તે પરણવા બેઠો ત્યારે એને લાગ્યું કે સાક્ષાત્ સ્વર્ગ તેને મળ્યું છે. થોડા દિવસ પછી તેને સ્વર્ગની જગ્યાએ નરકનો અનુભવ થવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કે અત્યાર સુધી હું મુક્ત ગગનનો પંખી હતો અને હવે પાંજરામાં પુરાઈ ગયો. અત્યાર સુધી જ્યાં જવા ઇચ્છા થાય, ત્યાં જતો હતો; હવે કરોળિયાના જાળામાં ફસાઈ ગયો. પોતે રચેલા જાળામાં કરોળિયો પોતે જ ફસાઈ જાય છે. એવી રીતે સુખની ભ્રમણામાં વિચરણ કરતો માણસ જ્યારે સુખરૂપી જાળામાં ફસાઈ જાય છે, ત્યારે તે વિવાદાસ્પદ બને છે; કારણ કે આપણું સુખ દુઃખમિશ્રિત છે.

નિજાનંદમાં ડૂબેલા દેવોને કેવળ જ્ઞાનની સ્થિતિ ગમે છે. અલૌકિક પ્રેમનો અનુભવ કરવાની તેમને રુચિ થતી નથી. કદાચ રુચિ થાય તો તેમની શક્તિ નથી. પ્રેમની સ્થિતિમાં ક્યાંક દુઃખ લાગતું હોય, તો પણ તે દુઃખની ભીતર અભૂતપૂર્વ આનંદનો અનુભવ હોય છે. ભગવાને વિચાર કર્યો કે પ્રેમની આ સ્થિતિનો અનુભવ પોતાની જાતને શ્રેષ્ઠ સમજતા દેવો નહિ કરી શકે. એનો અનુભવ તો જેમની વચ્ચે જઈને હું

વસવાનો છું, તે સાધારણ માણસો જ કરશે. આથી શ્રીશુકદેવજી મહારાજ આપણને જ્ઞાનની ભૂમિકામાંથી ઉઠાવી પ્રેમની ભૂમિકામાં લઈ જવા તત્પર બન્યા છે; કારણ કે પહેલું જાણવાનું ને પછી માણવાનું હોય છે. પહેલાં જ્ઞાન થાય, પછી પ્રેમ થાય. પહેલાં પ્રેમ ને પછી જ્ઞાન તે ઊલટી ગંગા છે. કોઈને જાણ્યા વિના પ્રેમ કરી શકાય નહિ.

ભગવાને અવનિ ઉપર પ્રગટ થવા કોઈ અન્ય મહિનો પસંદ ન કર્યો અને શ્રાવણ મહિનો જ કેમ પસંદ કર્યો? કારણ કે શ્રાવણમાં ઝરમર વરસતા મેઘને જોઈ મેઘશ્યામ ભગવાનને પણ ધરતી ઉપર ઝરમર કૃપાવૃષ્ટિ કરવાનું મન થયું. અષાઢનો મેઘ મૂશળધાર વરસે છે. ભાદરવાનો મેઘ પણ ઘણો વરસે. ભાદરવાનો મેઘ વરસે તો વરસે અને તપે તો તપે. શ્યામજી વિચાર કરે છે કે મારે તો ધરતી પર એવાં સરવરિયા મોકલવાં છે કે જેમાં માણસ નહાતો રહે, ઠંડક મેળવતો રહે અને આનંદ અનુભવતો રહે. તેથી તેમણે શ્રાવણ મહિનો પસંદ કર્યો.

શ્રાવણ મહિનો પસંદ કરવાનું બીજું કારણ એ છે કે આપણા બધા મહિનાઓનાં નામ નક્ષત્રોનાં નામ પરથી પડેલાં છે. શ્રવણ નક્ષત્ર ઉપરથી શ્રાવણ માસ કહેવાયો. આપણો ગુજરાતી મહિનો અમાસથી બદલાય. વ્રજનો મહિનો પૂનમથી બદલાય. આપણી ગુજરાતી માસની પરંપરા ખોટી છે; કારણ કે નક્ષત્ર બદલાય ત્યારે આપણો ગુજરાતી મહિનો બદલાતો નથી. નક્ષત્ર પૂનમની આસપાસ બદલાય છે. શ્રવણ નક્ષત્ર આવે એટલે વ્રજનો પહેલાં શ્રાવણ વદ આવે, આપણો અષાઢ વદ અને વ્રજનો શ્રાવણ વદ એક જ; પણ સુદમાં ફેરફાર. આપણો શ્રાવણ વદ એ વ્રજનો ભાદરવા વદ બનવાના, અને આપણો ભાદરવા સુદ એ વ્રજનો આસો સુદ બને; કારણ કે આપણા શ્રાવણ વદમાં ભાદ્રપદ નક્ષત્ર શરૂ થાય છે.

શ્રવણ નક્ષત્રના માલિક વિષ્ણુ છે. દરેક નક્ષત્રના એક-એક દેવ છે. ગુજરાતના હિસાબે આપણે તેને શ્રાવણ વદ કહીએ અને વ્રજના હિસાબે તેને ભાદરવા વદ કહીએ; પણ બંનેમાં કલ્યાણવૃત્તિ છે. શ્રાવણ મહિનો લઈએ તો શ્રવણ નક્ષત્રના દેવતા વિષ્ણુની માફક વ્યાપક બને. ભાદ્રપદ માસનું ભાદ્રપદ નક્ષત્ર લઈએ તો કલ્યાણવૃત્તિ જાગે. માટે ભગવાને વિચાર કર્યો કે હું જગતમાં વ્યાપક બની કલ્યાણવૃત્તિનું દાન કરવા પધારી રહ્યો છું. એટલા માટે ભગવાને શ્રાવણ મહિનો પસંદ કર્યો.

બંને અવતારની પોતપોતાની વિશિષ્ટતા છે. એક રામાવતાર અને બીજો શ્યામાવતાર. શ્રીરઘુનાથજીનું પ્રાગટ્ય દિવસે થાય, શ્રીયદુનાથજી રાત્રે પ્રગટ થાય.

શ્રીરામજી શુક્લ પક્ષમાં જન્મે અને શ્યામજી કૃષ્ણ પક્ષમાં જન્મે. શ્રીરામજી મહેલમાં જન્મે, શ્રીશ્યામજી કાળકોટડીમાં જન્મે. બંનેની અવતારલીલા તદ્દન વિપરીત છે. શ્રીરામજી ઉત્તરાયનમાં જન્મ્યા છે, શ્રીશ્યામજી સુંદર દક્ષિણાયનમાં પ્રગટ થયા છે. આમ થવાનું કારણ આપણા શ્રીકનૈયાલાલ સમજાવે છે કે હું કાળને અનુસરતો નથી. હું સમયને અનુરૂપ નથી, હું સ્થળને અનુરૂપ નથી; પરંતુ સ્થળ-કાળને હું અનુરૂપ બનાવું છું. મહાપુરુપ એ છે કે જે બીજાના પગલે ચાલતો નથી, પણ પોતાના પગલે બધાંને ચલાવે છે. મહાપુરુષ એ છે કે જે દુનિયામાં નકામું જણાતું હોય, તેને પણ કામનું બનાવે છે.

જ્યોતિષશાસ્ત્રીએ ભવિષ્ય ભાખ્યું કે દક્ષિણાયનમાં કૃષ્ણપક્ષમાં અડધી રાતે જન્મેલો હોય, તેના ગ્રહો નબળા હોય. ભગવાન કહે છે દુનિયામાં જે નબળા છે, તેમના માટે તો હું આવું છું. સબળા પોતાની જાતે તેમનો ઉદ્ધાર કરી લેશે, નબળાને મારી જરૂર છે. આનું નામ જ પુષ્ટિ. નબળાને માટે જે પોતાનું શૌર્ય, વીર્ય, સામર્થ્ય આપે તે પુષ્ટિ. સારાને તો સૌ સારા બનાવે, જે નઠારાને સારો બનાવે તે વધારે સારો. ઈશુ ખ્રિસ્તનું એક વચન યાદ આવે છે : એક બાઈને કેટલાક લોકો પથરા મારતા હતા. ઈશુ ખ્રિસ્તે તેમને પથરા મારવાનું કારણ પૂછ્યું. લોકોએ કહ્યું કે તે પાપી છે. ઈશુ ખ્રિસ્તે પૂછ્યું, તમે બધા પુણ્યશાળી છો ? તમારામાંથી જેણે એક પણ પાપ ન કર્યું હોય, તે પહેલો પથરો મારે. લોકો અટકી ગયા.

ભગવાન પણ કહે છે કે હું પુણ્યશાળી માટે આવવાનો નથી, હું પાપીઓ માટે આવવાનો છું. આનું નામ જ ભગવાનની પુષ્ટિભક્તિ. પ્રત્યેક ધર્મ અને તેના શાસ્ત્રમાં આપણને આ પુષ્ટિતત્ત્વ જોવા મળશે જ. શ્રીમહાપ્રભુજીએ 'પુષ્ટિ' શબ્દ પોતાના અલગ કોશમાંથી આપેલો નથી. તે સનાતન સત્ય છે. કૃપા નામનું તત્ત્વ જુદા જુદા આકાર કે વિકારમાં આપણા વ્યવહારમાં રહેલું છે. ભગવાન શ્રીકૃષ્ણના રોમરોમમાં આ કૃપાતત્ત્વ ભરપૂર ભર્યું છે. કૃષ્ણ એટલે કરુણાનો સાગર, કૃષ્ણ એટલે કૃપાનો સાગર, કૃષ્ણ એટલે આનંદનો સાગર. આથી દુનિયા જેને જેને તરછોડે એ સૌનો શ્રીકૃષ્ણે સ્વીકાર કર્યો છે. લોકો કહે છે, સૌંદર્ય ઊજળી ચામડીમાં રહે છે. કૃષ્ણજી કહે છે, હું કાળો બનીને પણ કામણગારો છું. સૌંદર્ય શ્યામ રંગમાં પણ છે.

કૃષ્ણાવતારમાં બેનું શ્યામ સૌંદર્ય હતું. એક કૃષ્ણાનું અને બીજું કૃષ્ણનું. કૃષ્ણા એટલે દ્રૌપદી. મહાભારતમાં બતાવ્યા પ્રમાણે દ્રૌપદીજીના સૌંદર્યનો જોટો ક્યાંય ન

હતો. તેઓ શ્યામ હોવા છતાં નખશિખ એટલાં સુંદર હતાં કે તેમને જોઈને લોકો મુગ્ધ થઈ જતા.

લોકો એમ માને છે કે મોટા ઘેર જન્મે તે મોટો બને. ભગવાન કહે છે હું એ વાતને પણ ખોટી પાડીશ. નાનાના ઘેર જન્મીને પણ હું મોટો બનીશ. ભગવાન કાળકોટડીમાં પ્રગટ થયા, ગોકુળની ધૂળમાં રમ્યા, ગાયો ચરાવતા રહ્યા, યમુનાજીની કુંજોમાં વિહરતા રહ્યા, વેણુ વગાડતા રહ્યા અને છતાં તેઓ એક દિવસ દ્વારકાના રાજા બન્યા. સાંદીપનિ ઋષિના ઘેર ભણવા ગયા તોયે ચોસઠ દિવસમાં બધું ભણીને પાછા આવી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ ક્યારેય પરીક્ષા આપવી પડે એવી વિદ્યા પાછળ દોડ્યા નથી; છતાં તેમણે આખી દુનિયાને જ્ઞાન આપ્યું છે. આજે પણ લોકો જ્યારે મૂંઝાય છે, ત્યારે ગીતાજી ખોલીને બેસે છે. શું ગીતામાં અર્જુનને આપેલું જ્ઞાન એ કોઈ પુસ્તકનું જ્ઞાન હતું? એકાદશ સ્કંધમાં ઉદ્ધવને આપેલું જ્ઞાન એ કોઈ પુસ્તકમાંથી મેળવેલ જ્ઞાન હતું ? જગતમાં શ્રીશ્યામસુંદર જેવા જ્ઞાનીને શોધવા મુશ્કેલ છે.

ભગવાન એમ સમજાવે છે કે મોટા બનવા માટે વાતાવરણ કે અનુકૂળતાની જરૂર નથી. મોટા બનવા માટે માણસનું પોતાનું સામર્થ્ય જોઈએ. આપણે આવા શ્રીશ્યામસુંદરના જન્મનું દર્શન કરવા મથુરામંડળમાં પહોંચી જઈએ.

અહીં દશમ સ્કંધનો બીજો અધ્યાય પૂર્ણ થયો.

◆

પ્રકરણ ૧૧

શ્રીકૃષ્ણજન્મલીલા

શ્રીશુકદેવજીએ ત્રીજા અધ્યાયના પ્રારંભમાં સાડા આઠ શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણના પ્રાદુર્ભાવનું વર્ણન કર્યું. આઠ પ્રકારનાં ઐશ્વર્ય સાથે શ્રીશ્યામસુંદરનો પ્રાદુર્ભાવ થયો છે.

અથ સર્વગુણોપેત: કાલ: પરમશોભન: ।
યર્હ્યેવાજનજન્મર્ક્ષં શાન્તર્ક્ષગ્રહતારકમ્ ॥૩/૧॥

દેવો સ્તુતિ કરીને ગયા ત્યારથી **'સર્વગુણોપેત: કાલ:'** અર્થાત્ સર્વ ગુણોથી ઉપકૃત બનેલો કાલ પ્રગટ થયો. આમ તો તે કૃષ્ણ પક્ષની મેઘલી રાત હતી, પરંતુ કાળ સમજી ગયો કે મારો પણ કાળ જન્મવાની તૈયારીમાં છે. જેવી રીતે કોઈ મોટો અધિકારી આવવાનો હોય, ત્યારે નાના કારકૂનો વગેરે બરાબર સજ્જ થઈને તેમનાં કામ કરવા લાગી જાય છે; તેવી રીતે કાળના પણ કાળ પ્રગટ થવાના હતા; ત્યારે કાળે પોતાનામાં રહેલા તમામ સદ્ગુણો પ્રગટ કર્યા. કાળ માટે બીજું વિશેષણ વાપર્યું **'પરમશોભન:'** – તે માત્ર સર્વ ગુણોથી સજ્જ જ નહોતો, પરંતુ પરમ શોભાને વધારનાર પણ હતો. કાળ શ્રીશ્યામસુંદરની સેવા કરવાનો વિચાર કરીને આવ્યો છે. ભગવાન એમ સમજાવે છે કે જે ગ્રહને અનુકૂળ થાય તે સાધારણ, પરંતુ ગ્રહોને પોતાને અનુકૂળ બનાવે તે અસાધારણ.

આપણે લોકોને કહેતા સાંભળીએ છીએ કે કોઈકને મંગળ નડે છે તો કોઈકને શનિ નડતો હોય છે. ભગવાન કહે છે, 'આ બધું તને જ કેમ નડે છે ? જે નડતરના વિચારોમાં પોતાની શક્તિની બરબાદી કરે એ માણસ કેવો ?' **'યત્રઅનુગ્રહ: તત્ર ગ્રહા: કિમ્ કરિષ્યન્તિ'** જેને માથે શ્રીહરિની કૃપા છે, તેને ગ્રહો શું કરવાના છે ? ભગવાન કહે છે જે દિવસે હું તને યાદ આવું, જે દિવસે મને યાદ કરતાં તારી આંખોમાંથી બે અશ્રુબિંદુ ટપકી પડે અથવા જે દિવસે તને મારું કામ કરવાનું મન થાય, એ જ સાચો અને સારો કાળ.

આવો સર્વગુણવાન અને શોભાયમાન કાળ ભગવાનના પ્રાદુર્ભાવ માટે આવી પહોંચ્યો. રોહિણી નક્ષત્ર હતું. આ નક્ષત્ર અજન્મા-બ્રહ્માનું નક્ષત્ર છે. તે સૂચવે છે કે ભગવાન અજન્મા છે. આપણને જન્મ થયો એવું લાગે છે, પણ વસ્તુત: કોઈ માતાના ઉદરમાંથી ભગવાનનો જન્મ થતો નથી. તેમનો અનાયાસ આવિર્ભાવ થાય છે.

દિશ: પ્રસેદુર્ગગનં નિર્મલોડુગણોદયમ્ ।
મહી મંગલભૂયિષ્ઠપુરગ્રામવ્રજાકરા ॥૩/૨॥

દિશાઓ પ્રસન્ન થઈ. જ્યારે જીવનમાં ઈશ્વર જડવાના હોય, ત્યારે દિશાઓ પ્રસન્ન થાય છે. દિશાઓ પ્રસન્ન થાય એટલે શું ? શું દિશાઓ હસવા લાગતી હશે? દિશાઓની પ્રસન્નતા એટલે તે સમયે માણસને જીવનની સાચી કેડી જડે છે. આજે આપણી કેડી ખોવાઈ ગઈ છે. આપણે ચાલીએ છીએ, પરંતુ તેની કોઈ મંઝિલ નથી. ગતિ છે પણ ગંતવ્ય સ્થાન નથી. આપણે જે પ્રાપ્ત કરવું છે તે પ્રાપ્તવ્ય જ નથી.

જેના જીવનમાં દિશા જડે, તે આખરે તેની મંઝિલને સર કરીને રહે છે. આપણે અનંત જન્મોથી ચાલતાં જ રહ્યાં છીએ. જ્યારથી જીવને શરીર મળ્યું છે, ત્યારથી તે ચાલ્યા જ કરે છે. આપણી આ ગતિને ચાલવું ન કહેવાય, ભટકવું કહેવાય. જે એક દિવસ પોતાના ગંતવ્ય સ્થાનમાં પહોંચે છે તે ચાલે છે. આપણે ચાલતાં નથી, ભટકીએ છીએ. જે દિવસે શ્રીહરિની કૃપા થાય તે દિવસે **'દિશ: પ્રસેદુ:'** દિશાઓ પ્રસન્ન થઈ જાય છે. ક્યાં ચાલવું અને ક્યાં પહોંચવું એનો સીધો રસ્તો મળી જાય છે. પછી તેને ભટકવું પડતું નથી.

શ્રીશુકદેવજી કહે છે, **'ગગનં નિર્મલોડુગણોદયમ્'** : રાજન્, શ્રીશ્યામસુંદરના પ્રાદુર્ભાવ પહેલાં આકાશ સ્વચ્છ થઈ ગયું. આકાશમંડળમાં તારા અને ચંદ્ર ખીલી ગયા. શ્રાવણ મહિનાની રાત એટલે વાદળોથી છવાયેલી રાત. પણ ભગવાનના પ્રાદુર્ભાવ પહેલાં વાદળો ખસી ગયાં. જેના જીવનમાં શ્રીહરિનો અવતાર થવાનો હોય, તેનાં વાદળ ખસી જાય છે. આપણું આકાશ વાદળોથી છવાયેલું છે. ચિંતા, વાસના, ક્રોધ વગેરેનાં જાતજાતનાં વાદળો આપણા ચિત્તરૂપી આકાશમાં છવાઈ ગયાં છે. એક વાદળને છોડવા જઈએ, ત્યાં બીજાં ચાર વાદળ આવી જતાં હોય છે. તે વાદળોમાં ચંદ્રની શીતળતા અને સિતારા ઢંકાઈ ગયા છે.

જો આપણું આકાશ રૂંધાઈ ગયું ન હોત, તો તેમાં આપણને ભગવાનનાં દર્શન થયા વિના રહે નહિ. આખી દુનિયા ભગવાનને બહાર શોધે છે, પણ ભગવાને અર્જુનને પોતાને રહેવાનું સ્થાન બતાવ્યું : હે અર્જુન! હું તારાથી દૂર નથી. હું તારા હૃદયમાં એવો સમાઈ ગયો છું કે તેમાં તન્મય થઈ ગયો છું. અર્જુન પૂછે છે : જો તમે મારા હૃદયમાં છો તો મને દેખાતા કેમ નથી ? ભગવાન કહે છે, હું નથી દેખાતો તેનું કારણ હું નથી, પણ તું છે. તું મને જોવા ઝંખતો નથી. અર્જુન કહે છે : 'આંખો પણ

હોય અને તમે પણ હો, પછી ન દેખાય એવું કેમ બને ?' ભગવાન કહે છે : 'આંખો છે, પ્રકાશ છે અને હું પણ છું; પરંતુ તારી આંખો અને મારી વચ્ચે એક પડદો પડી ગયો છે. તારી આંખો ઉપર કાળો પડદો લાગ્યો છે. દીવડો અંધકારની ગુફામાં છુપાઈ ગયો છે, પછી તું મને જોઈ શકે નહિ, તેમાં કોઈ નવાઈ નથી.'

આપણી વચ્ચે જાતજાતનાં વાદળો આવી જવાથી ઈશ્વર આટલો નજીક હોવા છતાં આપણી અનુભૂતિનો વિષય બનતો નથી. એક શાયરે બહુ સુંદર વાત કરી : તું તારા પરમાત્માને ક્યાં શોધીશ ? કોઈ પુસ્તકમાં શોધશે, કોઈ મસ્તકમાં શોધશે, કોઈ જીવનનાં વિવિધ ક્ષેત્રમાં શોધશે. ગાલિબ નામનો શાયર કહે છે :

'દિલકે આયનેમેં હે તસ્વીર યારકી, જબ જરા ગરદન ઝુકાય દેખ લે.'

તારા દિલમાં તારા પ્રિયતમ પ્રભુની છબી અંકિત છે. ફક્ત તું આંખો ખોલીને જુએ એટલી જ વાર છે. એ આંખોની વચ્ચે કોઈ વાદળો આવતાં હોય, તો તેને ખસેડી દેજે. જેના જીવનમાં શ્રીહરિનો અવતાર થવાનો હોય, એને કોઈ વાદળો નડતાં નથી. તેને ચિંતા કે વાસના સતાવતાં નથી. તેને ઇચ્છા કે લોભ પણ પરેશાન કરતાં નથી.

ધરતી સર્વત્ર કલ્યાણમય બની છે : **'મંગલભૂયિષ્ઠ'** - જેની પાસે સંતદૃષ્ટિ આવે છે, તે નકામી વસ્તુમાં પણ કલ્યાણનાં દર્શન કરે છે. તેને સર્વત્ર મંગળ દેખાય છે. તે વ્રજમાં ફરે, નગરમાં ફરે કે ગામડામાં ફરે; નાનાંમોટાં સૌને મળે, પશુ-પક્ષી સૌને જુએ, સર્વત્ર તેને મંગલનાં જ દર્શન થાય છે. તેને જડમાંય જગદીશ જણાય અને ચેતનમાંય જગદીશ જણાય. શ્રીશુકદેવજી કહે છે : રાજા, આકાશ અને ધરતી સ્વચ્છ થયાં. હવે નદી સ્વચ્છ થવાની બાકી છે.

નદ્યઃ પ્રસન્નસલિલા હ્રદા જલરુહશ્રિયઃ ।
દ્વિજાલિકુલસંનાદસ્તબકા વનરાજયઃ ।।૩/૩।।

જળના બે પ્રકાર છે : એક સ્થિર જલ અને બીજું પ્રવાહી જલ. માટે અહીં બે શબ્દો વાપર્યા - **'નદ્યઃ'** અને **'હ્રદ.'** હ્રદ એટલે બાંધેલું સરોવર. શ્રાવણ મહિનામાં નદીનાં જળ ડહોળાયેલાં હોય છે, તેને બદલે શ્રીયમુનાજી વગેરે નદીઓનાં જળ પ્રસન્ન બન્યાં અર્થાત્ નિર્મળ થઈ ગયાં. સરોવરોમાં સુંદર કમળ ખીલી ગયાં. જેના જીવનમાં શ્રીહરિનો પ્રાદુર્ભાવ થવાનો હોય, તેની નદી નિર્મળ બને છે અને સરોવરમાં કમળ ખીલી ઊઠે છે. નદી એટલે જીવનનો પ્રવાહ. જીવનનો પ્રવાહ વહેતો રહે છે; પરંતુ

છે : 'આંખો
ક પડદો પડી
માં છુપાઈ

નજીક હોવા
વાત કરી :
માં શોધશે,

ખ લે.'

ખો ખોલીને
તેને ખસેડી
નડતાં નથી.
રતાં નથી.
દૃષ્ટિ આવે
દેખાય છે.
પક્ષી સૌને
ણાય અને
રતી સ્વચ્છ

માટે અહીં
મહિનામાં
પ્રસન્ન
જીવનમાં
માં કમળ
છે; પરંતુ

એ જીવન માટી, કચરા વગેરેથી ડહોળાયેલા પાણી જેવું છે. જીવન જાણે કાળું; ગંદું વહેતું પાણી છે. તે ક્યાં સુધી રહેશે તેની કોઈ અવધિ નથી. જીવનનું આવું ગંદું જળ આપણે પી શકતાં નથી અને બીજાને પીવડાવી શકતાં નથી. જે આપણા સંપર્કમાં આવે છે તેનું નીર પણ ગંદું બને છે. જેના જીવનમાં ઈશ્વર પ્રકટ થવાના હોય, તેનું જીવન કાચ જેવું સ્વચ્છ બને છે. તે જીવનમાં જે ડૂબકી મારે તે બધાં સ્વચ્છ થાય. તેના તળાવમાં કમળ ખીલી જાય છે. ભાવ-રૂપી તળાવમાં કમળ જેવા અંકુર ફૂટી નીકળે છે. કમળનો સ્વભાવ સૂર્યનો પ્રકાશ મળે ત્યાં સુધી પ્રફુલ્લ રહેવાનો છે, એવી જ રીતે જેના હૃદયમાં પ્રભુનો પ્રકાશ પથરાયો છે, એનું હૃદયકમળ આનંદના ભાવથી પ્રફુલ્લિત થાય છે.

મથુરામંડલ અને વ્રજમંડલની વૃક્ષાવલિઓ ઉપર પક્ષીઓએ કલરવ શરૂ કર્યો. કોયલનો કુહૂ-કુહૂ શબ્દ સંભળાય છે. આ પક્ષીઓ પણ જાણે ગાઈ રહ્યાં છે**'શ્રીકૃષ્ણ: શરણં મમ.'** પક્ષીઓ અને ભમરાઓના શબ્દોએ એવો જાદુ કર્યો કે અડધી રાતે બિડાયેલી કળીઓ ખીલી ગઈ. તેમાંથી મંદમંદ મકરંદ વહેવા લાગ્યો. એ સુગંધમાંથી પણ શબ્દ પ્રસરવા લાગ્યો. ***'શ્રીકૃષ્ણ: શરણં મમ'*** આ શબ્દોને ટકરાઈને જે વાયુ વહેતો હતો, તેમાં પણ ભીનીભીની સુગંધ હતી. આ ભીનીભીની સુગંધમાં એવું લાગતું હતું કે કોઈ અલૌકિક તત્ત્વ ભૂતળ ઉપર અવતરી રહ્યું છે. આ સુગંધ કોઈ સૅન્ટ કે અત્તરની ન હતી; પરંતુ જેના દ્વારા આપણા રોમરોમમાં પવિત્ર ભાવો જાગૃત થાય, એવી તે સુગંધ હતી. વાયુ પણ સુગંધની સાથે શબ્દો લાવ્યો હતો, ***'શ્રીકૃષ્ણ: શરણં મમ.'*** વાયુ કોઈને શીતળતા આપતો ગયો અને સાથે સાથે છુપાયેલી અગ્નિની જ્વાળાઓને પણ સંકોરતો ગયો.

મથુરામંડલના બ્રાહ્મણોનાં આંગણાંમાં હવન કરવા માટે વૈદિક વેદીઓ હતી, તે અડધી રાતે શાંત હતી. વાયુએ આ શાંત વેદીઓને જગાડી. જેમ પંખાથી સગડી સળગે, તેમ આ વાયુની લહેરોથી વેદીઓમાં શાંત રહેલો અગ્નિ પ્રજ્વળી ઊઠ્યો. અનાયાસે ચારે બાજુ મંત્રોચ્ચાર થવા લાગ્યા. સૂતેલા બ્રાહ્મણો જાગી ગયા. ચારે બાજુ એક જ શબ્દ સંભળાય છે, ***'શ્રીકૃષ્ણ: શરણં મમ:.'***

શ્રીશુકદેવજી કહે છે : રાજન્ ! જ્યારે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ – આ પંચ મહાભૂતોના કણકણમાં ***'શ્રીકૃષ્ણ: શરણં મમ'***નો ઘોષ થઈ રહ્યો છે, ત્યારે એક અલૌકિક વાતાવરણ સર્જાયું.

મનાંસ્યાસન્ પ્રસન્નાનિ સાધૂનામસુરદ્રુહામ્ ।
જાયમાનેઽજને તસ્મિન્ નેદુર્દુન્દુભયો દિવિ ॥૩/૫॥

સંતપુરુષોની ઊંઘ હરામ થઈ ગઈ. પંચમહાભૂતોએ પ્રગટ કરેલો **'શ્રીકૃષ્ણ: શરણં મમ'**નો શબ્દ તેમના રોમરોમમાં સંક્રાંત થઈ ગયો. તેમના ચિત્તમાંથી, વાણીમાંથી અને રોમરોમમાંથી એક જ શબ્દ નીકળવા લાગ્યો, **'શ્રીકૃષ્ણ: શરણં મમ.'** આ શબ્દ વધતો વધતો ગગનમંડળ સુધી પહોંચ્યો. તેનાથી દેવોનાં સુપ્ત બનેલાં દુંદુભિ પણ ગાજી ઊઠ્યાં. આકાશમાં ચારે બાજુ દુંદુભિ વાગે છે, શંખધ્વનિ થાય છે. ઘંટાનાદ અને ઝાલર વાગે છે. આ બધું માત્ર સાધુપુરુષો સાંભળે છે, તે અસાધુઓને સંભળાતું નથી. જેમનું અંત:કરણ વિશુદ્ધ હતું, તેમને ભગવાનના પ્રાદુર્ભાવના સમયનો આવો તમામ અનુભવ થયો હતો. દેવોનાં દુંદુભિમાંથી અવાજ ઊઠ્યો, **'શ્રીકૃષ્ણ: શરણં મમ.'**

દુંદુભિના તાલે સિદ્ધો, ગંધર્વો જાગી ઊઠ્યા. ગંધર્વોએ ગાવાની શરૂઆત કરી. સિદ્ધોએ નૃત્ય કરવાની શરૂઆત કરી. અપ્સરા અને વિદ્યાધરો પણ નૃત્ય કરવા લાગ્યા. ગંધર્વોના ગળામાંથી અને અપ્સરાઓનાં ઝાંઝરમાંથી એક જ શબ્દ નીકળતો હતો, **'શ્રીકૃષ્ણ: શરણં મમ.'** દેવોએ પોતાના સ્વર્ગના બગીચાનાં દિવ્ય પુષ્પો લઈ, આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવા માંડી. શ્રીશુકદેવજીએ અહીં શબ્દ વાપર્યો છે **'સુમનાંસિ.'** આ પુષ્પો નહોતાં વરસતાં, દેવોના સારા મનની વૃષ્ટિ થતી હતી. **'સુમનસ્'** શબ્દના બે અર્થ છે : પુષ્પ અને સારું મન. દેવોના મનમાં એક જ તાલ, એક જ લય અને એક જ શબ્દ ગૂંજવા લાગ્યો, **'શ્રીકૃષ્ણ: શરણં મમ.'**

આકાશમંડળમાં છવાયેલાં વાદળ ખસી ગયાં હતાં, પરંતુ તદ્દન ખસી ગયાં ન હતાં. તેમણે વિચાર કર્યો કે આકાશમંડળના એકાદ ખૂણે ઊભાં રહીને અમે ભગવાનના પ્રાદુર્ભાવનાં દર્શન તો કરીશું. મેઘોએ મધુર ગડગડાટ દ્વારા તેમની પ્રસન્નતા વ્યક્ત કરવા માંડી. એવું લાગતું હતું કે દેવો ગાય છે અને મેઘો પખાવજ વગાડે છે. તેમાંથી **'શ્રીકૃષ્ણ: શરણં મમ'**નો ઘોષ થતો હતો. સાગરનું અનુકરણ કરતાં મેઘોએ ગડગડાટ શરૂ કર્યો. મથુરામંડલ ઉત્તરપ્રદેશના મધ્યભાગમાં છે, તેની આજુબાજુમાં સાગર નથી. શ્રીશુકદેવજીએ કહ્યું કે સાગરનું અનુકરણ કરતા મેઘો ગડગડાટ કરવા લાગ્યા. આ વાંચીને ટીકાકારો મૂંઝાઈ ગયા.

શ્રીમહાપ્રભુજીએ આનો બહુ સુંદર ખુલાસો કર્યો છે –

આ સ્થિતિ દિવ્ય વાતાવરણની છે. ભગવાને મેઘોનો રંગ અને સાગરનો ગુણ લીધો છે. સાગર અને મેઘ વચ્ચે હરીફાઈ ચાલી છે. સાગર કહે છે હું મોટો અને મેઘ કહે છે હું મોટો. સાગર ભગવાને મારો ગુણ ગ્રહણ કર્યો છે. લોકો કહે છે ભગવાન સાગર જેવા અગાધ અને રત્નાકરનાં અનેક રત્નોથી ભરેલા છે. આકાશમંડળમાં બેઠેલો મેઘ હસે છે કે પ્રભુએ તારું બધું લીધું, પણ તારી ખારાશ લીધી નથી. પરંતુ મારું બધું લીધું છે. તેથી મેઘોને નવધા ભક્તિ સિદ્ધ કરનારા કહેવાયા છે. મેઘો કહે છે : હે સાગર! સૂર્યના તાપથી તારું બાષ્પીભવન થયું, તેમાંથી અમે જન્મ્યાં છીએ. બાષ્પીભવન થતાં તારામાં રહેલી ખારાશ દૂર થઈ છે; માટે તારાં કરતાં અમે શ્યામસુંદરને વધારે વહાલાં છીએ. અમારા વિના ધરતી અંકુરિત બનતી નથી. અમારા વિના લોકોનાં પેટ ભરાતાં નથી. અમારા બધા ગુણો અને બધું રૂપ શ્યામસુંદરલાલે લીધું છે. સાગર ચૂપ થઈ ગયો. આનંદમાં ને આનંદમાં મેઘો નાચવા લાગ્યા, ગરજવા લાગ્યા અને ***'શ્રીકૃષ્ણ: શરણં મમ'*** ઉચ્ચારવા લાગ્યા.

આ શબ્દોનો બીજો અર્થ એ છે કે મેઘો વિચાર કરે છે, આજે દેશના આ મધ્યભાગમાં કયો સાગર આવવાનો ? કૃપાસાગર પ્રગટ થઈ રહ્યો છે. મેઘો વિચારે છે, આ કૃપાસાગર અમારી ઉપર પણ કૃપા કરશે; માટે લાવોને અમારા ગડગડાટથી અમે પણ એને આવકારીએ.

શ્રીભાગવતજીમાં અનેક સ્થળોએ મેઘોનું વર્ણન આવે છે. વેણુગીતમાં અને યુગલગીતમાં પણ આ વર્ણન છે. મેઘ શ્રીશ્યામસુંદરલાલની સેવા કરવા માટે છત્ર બન્યા છે. આતપથી પ્રભુની રક્ષા કરે છે. મેઘ શબ્દની સંસ્કૃત વ્યાખ્યા છે : **'મે અઘ:'** હે શ્યામસુંદરજી ! મારું આટલું પાપ હું પ્રગટ કરું છું. તે પાપથી હું કાળો બન્યો છું, મને વધારે કાળો બનાવશો નહિ. તેણે પોતાની કાળાશનું કારણ ભગવાન પાસે કબૂલ કરી લીધું. શ્રીઠાકોરજી કહે છે : જીવ એના પાપની કબુલાત કરે એટલે બસ. એક વાર જીવ તેના દોષ કબૂલ કરે એટલે ભગવાન તેને ક્ષમા કરીને સ્વીકારી લે છે. આપણે તો કાળાં હોઈએ તો પણ ગોરાં દેખાવાની ચેષ્ટા કરીએ છીએ.

મેઘ પણ બે જાતના હોય છે : એક સફેદ અને બીજા શ્યામ. જેમાં પાણી ભરેલું હોય તે શ્યામ અને પાણી ન ભરેલું હોય તે સફેદ. અત્યારે આકાશમાં જે મેઘ આવ્યા છે તે પોતાનામાં જળ ધારણ કરીને આવ્યા છે, તેથી તેમને **'જલધરા:'** કહ્યા. જલધર મેઘો જ શ્યામ દેખાય. ભગવાનનું નામ પણ મેઘશ્યામ ઘનશ્યામ છે.

નિશીથે તમઉદ્ભૂતે જાયમાને જનાર્દને ।
દેવક્યાં દેવરૂપિણ્યાં વિષ્ણુ: સર્વગુહાશય: ।
આવિરાસીદ્ યથા પ્રાચ્યાં દિશીન્દુખિ પુષ્કલ: ॥૩/૮॥

બરોબર મધ્યરાત્રિનો સમય થયો. **'નિશીથ'** એટલે રાત્રે બાર વાગ્યાનો સમય. બાર વાગ્યાના સમયની બે ઘડી છે. ચોવીસ મિનિટની એક ઘડી. બે ઘડી ગણો તો અડતાલીસ મિનિટ થાય. બરોબર મધ્યરાત્રિએ જે અંધકાર હતો તે દૂર થયો. અષ્ટમીનો અર્ધાકાર ચંદ્રમા ગગનમંડળમાં પ્રકાશિત થયો. શ્રીભાગવતજીના એક ટીકાકારે બહુ સુંદર કલ્પના કરી. અષ્ટમીનો ચંદ્ર અડધો કેમ ? આપણે કહીશું, તેની કળાની વધઘટને લીધે તે અડધો દેખાય છે. પરંતુ કવિઓ પાસે કલ્પનાનો વિપુલ ભંડાર હોય છે. ભગવાન પૂર્ણ છે, તો તેમના પ્રાદુર્ભાવ સમયે ચંદ્ર કેમ પૂર્ણ નહિ? તેમણે કહ્યું : ચંદ્રના મનમાં ગડમથલ છે કે હું દર્શન કરવા જાઉં કે ન જાઉં ! હું કલંકિત છું માટે નથી જવું; મારા વંશમાં પ્રભુ પધારે છે માટે જવું છે. એક બાજુ પ્રભુનાં દર્શને પગ દોડે છે, તો બીજી બાજુ મનનું કલંક તેને જતાં રોકે છે. અંતે તે અડધું મોઢું ઢાંકીને ગયો. મારું અડધું કલંકિત મોઢું નહિ બતાવું. આંખોથી દર્શન કરીશ, તેથી ચંદ્ર પોતાનો અડધો ભાગ ઢાંકીને આવ્યો. માટે અષ્ટમીનો ચાંદ અડધો છે.

જેના જીવનમાં હરિનો પ્રાદુર્ભાવ થાય છે તેનો અંધકાર દૂર થાય છે. આજે શ્રીજનાર્દન પ્રગટ થઈ રહ્યા છે. જનાર્દન શબ્દનો અર્થ છે **'જનાં માયાં મર્દયતિ સ જનાર્દન:'** મનુષ્યોની માયાનું ઉપમર્દન કરનાર તે જનાર્દન. તેમના પ્રાગટ્યનો આ સમય છે. જ્યાં મોહનજી પધારે છે, ત્યાંથી માયા ભાગી જાય છે. કણકણમાં વ્યાપીને રહેલો આખા વિશ્વનો સ્વામી આજે દેવકી માતાના ગૂહાશયમાં પ્રગટ થઈ રહ્યો છે. ગર્ભમાં એમનો પ્રકાશ થયો છે. મોટામોટા દેવોને પણ તેનું આશ્ચર્ય થાય છે. ભગવાન વિભુ હોવા છતાં આજે લઘુ જણાય છે. આ જ સ્થિતિને શ્રીમહાપ્રભુજીએ **'વિરુદ્ધધર્માશ્રય'** કહ્યો છે. ભગવાન મોટા હોવા છતાં નાના, વ્યાપક હોવા છતાં અલ્પ દેખાય છે. ઉપનિષદોમાં ઠેરઠેર આ વિરુદ્ધધર્માશ્રયવાદનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ઉપનિષદોના સિદ્ધાંતોનો બહુ સુંદર સમન્વય શ્રીવલ્લભાચાર્યજી અહીં બતાવે છે.

કારાગૃહમાં એક બાજુ દેવકીજી છે, બીજી બાજુ વસુદેવજી છે. ચારે બાજુ કણ-કણમાં અને સૌના અંત:કરણમાં ગુંજારવ થઈ રહ્યો છે ***'શ્રીકૃષ્ણ: શરણં મમ.'*** આવા મધુર, પવિત્ર અને દિલને ડોલાવી નાખે એવા દિવ્ય વાતાવરણમાં એવી રીતે શંખ,

ચક્ર, ગદા-પદ્મધારી બાલમુકુંદ શ્રીગોવિંદજીનો પ્રાદુર્ભાવ થયો. બોલો શ્રીકૃષ્ણ કનૈયાલાલકી જય... જે માતાજીના ઉદરમાં અભિવ્યક્ત હતા, તે સર્વનાં નયનોના વિષય બની ગયા.

તમદ્‌ભુતં બાલકમમ્બુજેક્ષણં ચતુર્ભુજં શઙ્ખ ગદાર્યુદાયુધમ્ ।
શ્રીવત્સલક્ષ્મં ગલશોભિકૌસ્તુભં પીતાંબરં સાન્દ્રપયોદસૌભગમ્ ।।૩/૯।।
મહાર્હવૈદૂર્યકિરીટકુણ્ડલત્વિષા પરિષ્વક્તસહસ્રકુન્તલમ્ ।
ઉદ્દામકાંચ્યઙ્ગદકઙ્કણાદિભિ-ર્વિરોચમાનં વસુદેવ ઐક્ષત ।।૩/૧૦।।

આ બે શ્લોકમાં દેવકીમાતાના ઉદરમાંથી કેવા પ્રભુ પ્રગટ થયા તેનું દર્શન શ્રી શુકદેવજીએ કરાવ્યું છે. તે વખતે પ્રગટ થયેલા પ્રભુનું બહુ સુંદર શબ્દચિત્ર છે. આ સ્વરૂપનું ટગરટગર પાન વસુદેવબાવા કરી રહ્યા છે. આ બે શ્લોકમાં એકંદર ભગવાનનાં બાર વિશેષણો આપ્યાં. **બાર વિશેષણોથી** શ્રીશુકદેવજી એવું કહી રહ્યા છે કે 'હે પરીક્ષિત! આ શ્રીભાગવતજીના બાર સ્કંધોમાં ભગવાનની હું જે લીલાઓ તને કહી રહ્યો છું, એ ભગવાનનું તું સાક્ષાત્ દર્શન કરી લે.

બાર વિશેષણોનું **બીજું કારણ** બતાવ્યું, દશ પ્રકારની ભક્તિ; જેમાં નવધા ગૌણી ભક્તિ અને પ્રેમલક્ષણા મુખ્ય ભક્તિનો સમાવેશ થાય છે. તેની સાથે વેદની પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા – આ બારે વસ્તુઓના સમન્વય સાથે શ્યામજીનો પ્રાદુર્ભાવ થયો છે.

ત્રીજું કારણ એ બતાવ્યું કે જેવી રીતે બાર મહિનામાં સૂર્યનું પરિક્રમણ થાય છે, તેવી રીતે બાર રીતે પ્રકાશિત થયેલા શ્રીશ્યામસુંદરલાલ પ્રગટ થયા છે. આવાં જુદાં જુદાં અનેક કારણો આપવામાં આવ્યાં છે.

વસુદેવજી અને દેવકીજી સામે પ્રગટ થયેલ આ બાળક અદ્‌ભુત છે. નહીં તો શ્રી શુકદેવજી અને પરીક્ષિત કોઈ નાના બાળકની વાત કરે નહિ. શ્રીમહાપ્રભુજીએ બાળક શબ્દનો બહુ સુંદર અર્થ આપ્યો. આને દેવકીજીની ગોદમાં રડતો કોઈ છોકરો સમજશો નહિ. **'બાલેબાલેકાનિ બ્રહ્માંડાનિ યસ્ય'** જેના રોમરોમમાં બ્રહ્માંડ રમે છે તે બાળક. તુલસીદાસજીએ શ્રીરઘુનાથજી માટે પણ આવું જ વર્ણન કર્યું છે –

દેખરાવા માતહિ નિજ અદ્‌ભુત રૂપ અખંડ,
રોમ રોમ પ્રતિ લગે કોટિ કોટિ બ્રહ્માંડ.

શ્રીમહાપ્રભુજી કહે છે, દેવકીજી પાસે પ્રગટ થયેલા આ બાળકને જોઈ લો. તેનાં રુવાંડે રુવાંડે બ્રહ્માંડ છે.

બાળક શબ્દનો બીજો અર્થ કર્યો - **'બાલ: કં યસ્ય.'** સંસ્કૃતમાં 'કં' શબ્દનો અર્થ છે બ્રહ્મા. બ્રહ્મા જેનો બાળક છે તે, અર્થાત્ બ્રહ્માનો બાપ પ્રગટ થયો છે. ત્રીજો અર્થ કર્યો **'બાલેબાલે કં સુખં યસ્ય.'** 'કં' શબ્દનો બીજો અર્થ છે સુખ. જેના રોમરોમમાં પરમાનંદ છલકી રહ્યો છે એવા પરમાનંદ સાગરનો આ પ્રાદુર્ભાવ છે. જેનાં દર્શન માત્રથી રોમરોમમાં આનંદની લહેર જાગે એવું આ બાળક છે. તેથી ગોપીઓ એમનાં દર્શન કરતાં પરમાનંદમાં ડૂબી જતી. **'ગોપીનાં પરમાનંદ: આસિત્ ગોવિંદદર્શને.'** આ બાળકની અદ્‌ભુતતાને જેમણે જેમણે પારખી છે, તે સૌ એના પરમાનંદમાં ડૂબી ગયાં છે. આ બાળકની અદ્‌ભુતતા આજથી ૫૦૦ વર્ષ પહેલાં શ્રીમહાપ્રભુજીએ પારખી, સૂરદાસજીએ પારખી, કુંભનદાસજીએ પારખી, પરમાનંદદાસજીએ પણ પારખી. આ સૌ પરમાનંદમાં ડૂબી ગયા. એમના શબ્દો વાંચીએ તો ખબર પડે છે કે આ અદ્‌ભુત બાળકે મહાન આચાર્યો, સંતો અને ભક્તો ઉપર કેવી અજબગજબની લગની લગાડી ! શ્રીચૈતન્ય મહાપ્રભુએ પણ આ પરમાનંદ-સાગરને પારખ્યો. તેને લઈને તેમનું ઘર છૂટ્યું અને સર્વ છૂટ્યું. એક ભક્ત એવા હતા કે 'કૃષ્ણ' શબ્દ બોલતાં જ આખા શરીરમાં રોમાંચ થઈ આવે અને આંખોમાંથી અશ્રુબિંદુ પડવા માંડે.

આપણી આ વીસમી સદીનાં એક મુસ્લિમ સંતબહેનનો મને અનુભવ છે. એમની ઇચ્છા ન હોવાથી એમનાં નામ-ઠામ નહિ આપું. તેઓ કૃષ્ણચિંતન કરે છે અને એવી અદ્‌ભુત આનંદની લહેર તેમનામાં જાગે છે કે તેઓ મહિનાઓના મહિનાઓ સુધી એમાં ડૂબી જાય છે.

આથી શ્રીશુકદેવજીએ **'બાલ'** શબ્દની સાથે **'અદ્‌ભુતમ્'** એવું વિશેષણ જોડી દીધું. તે ભલુંભોળું દેખાય છે, પણ તેની પાસે દુનિયાને તારવાની શક્તિ છે અને જ્ઞાનના વિપુલ ભંડાર ભરેલા છે. માણસ વયથી નાનો કે મોટો બનતો નથી; વિદ્યાથી નાનો કે મોટો બને છે. માણસને મોટો બનાવનાર છે ગુણ અને વિદ્યા. ઉંમરથી, દેખાવથી કે દષ્ટિકોણથી માણસ કદી મોટો બન્યો નથી અને બનવાનો પણ નથી.

શ્રીશુકદેવજીએ બીજું વિશેષણ આપ્યું, **'અંબુજેક્ષણમ્.'** શ્રીશુકદેવજી એમ કહેવા માગે છે કે આ પ્રગટ થયેલા બાળકનાં નેત્રોમાં આપણી આંખો પરોવી દો. શ્રીમહાપ્રભુજી કહે છે આ શબ્દમાં પારખો તો ઘણું બધું છે. જેને એકબીજા સાથે લેવાદેવા હોય તે જ એની આંખની વસ્તુ પારખી શકે છે. આ શબ્દના શ્રીમહાપ્રભુજીએ ઘણા અર્થો આપ્યા. સાદો અર્થ છે, કમળ જેવી આંખો છે તે. **બીજો અર્થ**

કર્યો **'અંબુજા-લક્ષ્મી-યસ્ય ઈક્ષણે'** - જેમની આંખોમાં સાક્ષાત્ લક્ષ્મી વસ્યાં છે તે. ત્રીજો અર્થ કર્યો **'અંબુજૌસૂર્યચંદ્ર યસ્ય ઈક્ષણે'** જેમની આંખોમાં સૂર્ય-ચંદ્રનો વાસ છે તે. **ચોથો અર્થ** કર્યો લોકાત્મક કમળ. લોકાત્મક કમળનું પાલન કરવાની જેમની દૃષ્ટિ છે તે. આ ભગવાન કરુણાપૂર્ણ દૃષ્ટિથી જગતનું પાલન કરે છે. તેમની આંખોમાં કરુણા, જ્ઞાન અને પ્રેમ છે. આખી દુનિયાને જાગૃત કરે એવી તેમાં ચમક છે.

શ્રીશુકદેવજી કહે છે કે તે ચતુર્ભુજ છે. દુનિયાનાં બાળકોને બે હાથ હોય. આ બાળકને ચાર હાથ છે. તેમનાં બે હસ્તમાં જ્ઞાનશક્તિ છે અને બે હસ્તમાં ક્રિયાશક્તિ છે. બીજો અર્થ કર્યો, બે હસ્તથી ભગવાન વહાલ કરે છે અને બે હસ્તથી તમાચા મારે છે. કુરુક્ષેત્રના મેદાનમાં એક બાજુ ભગવાન ચાબૂક લઈને બિરાજ્યા છે અને બીજા હસ્તમાં કમળ છે. પાપીને ચાબૂક મારે છે અને પ્રેમીને કમળ આપે છે. ભગવાન સમજાવે છે કે હું કમળ કરતાં કોમળ છું અને પથ્થર કરતાંય કઠોર છું. ભગવાનમાં કોમળતા અને કઠોરતા બંને છે. મહાપુરુષોનાં ચરિત્રો આવાં હોય છે.

જ્યારે ભગવાન કર્મના પક્ષે ઊભા રહે, ત્યારે કઠોર બને છે અને પ્રેમના પક્ષે ઊભા રહે, ત્યારે કોમળ બને છે. કઠોરતા અને કોમળતા માટે ભગવાને ચાર હસ્ત ધારણ કર્યા છે. બે હસ્તમાં કઠોરતા છે. બીજા બે હસ્તમાં કોમળતા છે. ચારે હસ્તમાં ભગવાને શંખ, ચક્ર, ગદા અને પદ્મ - એવાં ચાર આયુધો ધારણ કરેલાં છે. શંખ અને પદ્મ અભયદાન આપનારાં છે. ગદા અને ચક્ર દંડ આપનારાં છે. શ્રી પદ્મનાભદાસે ભગવાનનાં ચારે આયુધોનું બહુ સુંદર વર્ણન કર્યું છે –

'પદ્મ ધર્યો જનતાપ નિવારણ ગદા ધરી દુષ્ટન સંહારન.'

શ્રી પદ્મનાભદાસ ચતુર્ભુજ ભગવાનનાં દર્શન કરીને કહે છે, મહારાજ ! જ્યારે તમારાં ચક્ર અને ગદા એ બે આયુધો જોઉં છું ત્યારે હું મારી આંખો બંધ કરી દઉં છું. પરંતુ શંખ અને પદ્મ જોઉં છું, ત્યારે છાતી ફુલાવીને દોડતો આવું છું.

ગોવિંદજીના વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન છે, **'શ્રીવત્સલક્ષ્મમ્'**. આ ભગવાનનું અસાધારણ લક્ષણ છે. દક્ષિણ બાજુએ વાળની રોમાવલિઓ વળી જવી, તેને શ્રીવત્સનું ચિહ્ન કહેવાય છે. તે બહુ શુભ કહેવાય છે. તેની બાજુમાં ભગવાન કૌસ્તુભ મણિ ધારણ કરે છે. કૌસ્તુભમણિ અને શ્રીવત્સનું ચિહ્ન ભગવાનના પાર્ષદોથી ભગવાનને જુદા બતાવનારાં ચિહ્નો છે. કૌસ્તુભમણિમાં અનંત મુક્ત જીવાત્માઓનો વાસ હોય છે. પ્રભુએ ધારણ કરેલાં બે કુંડળોમાં સાંખ્ય અને યોગનાં દર્શન થાય છે.

ભગવાને દશ અંગુલીઓમાં દશ વીંટીઓ ધારણ કરી છે, એનાથી કરોડો સૂર્યો જેટલો પ્રકાશ પથરાતાં અંધકાર નિવૃત્ત થાય છે.

પ્રભુના આવા સ્વરૂપનાં દર્શન કરતાં વસુદેવજી તન્મય થઈ ગયા. **'વસુદેવ ઐક્ષત'** - વસુદેવજીના અંતરમાં અજવાળું થયું. વસુદેવજીને વિચાર થયો કે આ મારો પુત્ર નથી, મારો પુત્ર બનવાનું બહાનું કાઢીને આવેલ ઈશ્વર છે. તેથી એકંદર દશ શ્લોકોમાં હવે શ્રીવસુદેવજી ભગવાનની સ્તુતિ કરે છે. કોઈ બાપ દીકરાની સ્તુતિ કરે ખરો ? અહીં એમ બતાવવું છે કે ભગવાને પુત્ર બનવાનું નાટક કર્યું છે, બાકી તો તેઓ જગતના પિતાના પણ પિતા છે.

વિદિતોઽસિ ભવાન્ સાક્ષાત્ પુરુષઃ પ્રકૃતેઃ પરઃ ।
કેવલાનુભવાનન્દસ્વરૂપઃ સર્વબુદ્ધિદૃક્ ॥૩/૧૩॥

વસુદેવજી કહે છે, આજે મેં તમને ઓળખ્યા છે. પરોક્ષ રૂપમાં પણ તમે જ હતા, આજે પ્રત્યક્ષ રૂપમાં પણ તમે જ છો. લોકો એમ કહે છે કે પરમાત્મા આંખોનો વિષય નથી, પરંતુ આજે હું કહું છું કે મારા માટે પરમાત્મા આંખોનો વિષય છે. તમને ભલે લોકો અતીન્દ્રિય માનતા હોય, પરંતુ ભક્ત માટે પરમાત્મા ઇન્દ્રિયગમ્ય બને છે. તમે અતીન્દ્રિય નથી. તેથી તેમણે શબ્દ વાપર્યો **'વિદિતોઽસિ'** - હું તમને ઓળખી ગયો છું. આ બહુ ગંભીર શબ્દ છે.

ઘણી વાર આપણે લોકોને કહીએ છીએ કે મેં તમને ઓળખ્યા; પરંતુ તેની ગંભીરતા વિચારતા નથી. આવું આપણે બોલીએ છીએ, પણ આપણે ખરેખર તેમને ઓળખતા હોતા નથી. જ્યારે માણસ પોતાની જાતને જ ઓળખતો હોતો નથી, ત્યારે બીજાને ક્યાંથી ઓળખે ? આપણે પોતે જ એવા બની જઈએ છીએ કે આપણી જાતને ઓળખી શકતા નથી. આપણે વિચારીએ છીએ તેના કરતાં આપણા મનના ઊંડાણમાં આપણું કોઈ જુદું જ ચિત્ર હોય છે.

એક વિચારકે બહુ સુંદર કહ્યું કે 'માનવ, તારો પા ભાગ જ જગતમાં પ્રસિદ્ધ છે. તારો પોણો ભાગ તારા અંતરના ઊંડાણમાં સંતાઈ ગયો છે. અંતરમાં સંતાયેલો તું કેવો છે, એની તને પોતાને પણ ખબર નથી. આપણે જ્યારે આપણને ઓળખી શકતાં ન હોઈએ ત્યારે બીજાને એમ કહીએ કે હું તમને બરાબર ઓળખું છું, તો શું એ સાચું છે ? એક માણસ બીજા માણસને ઊંડાણથી ઓળખે છે, ત્યારે તેની સોબત રહેતી નથી, તે તૂટી જાય છે.

સાંખ્યશાસ્ત્ર બહુ સુંદર વાત કરે છે. જ્યારે પુરુષ પ્રકૃતિનાં તમામ તત્ત્વોને જોઈ લે છે અને પ્રકૃતિ પણ પુરુષનાં તમામ તત્ત્વોને જોઈ લે છે, ત્યારે તેઓ એકબીજાથી ઉત્તર-દક્ષિણ થઈ જાય છે. તે જ પ્રકૃતિ અને પુરુષનો મોક્ષ છે. સાચા દૃષ્ટિકોણથી એકબીજાને સમજતા થઈ જઈએ, તો લાગણી અને પ્રેમ નામનું તત્ત્વ જ રહે નહિ.

જગતની આવી સ્થિતિમાં વસુદેવજી હિંમતથી કહે છે **'વિદિતોऽસિ.'** મેં તમને ઓળખી લીધા. જ્યારે અંતરમાં અજવાળું થાય, ત્યારે માણસ અંદર અને બહાર બધું જાણી અને જોઈ શકે છે. આપણી દૃષ્ટિ નથી અંદર ઊતરી શકતી કે નથી બહાર પહોંચી શકતી નથી. તે આજુબાજુના અતિ સીમિત ક્ષેત્રમાં ઘૂમ્યા કરે છે. જેના અંતઃકરણમાં ઈશ્વરીય ભાવની જાગૃતિ થઈ છે, તે સર્વજ્ઞ બનીને અંદર અને બહાર જુએ છે. માટે વસુદેવજી વિશ્વાસથી કહે છે **'વિદિતોऽસિ.'** - તમે અદ્‌ભુત બાળક લાગો છો, પણ વાસ્તવમાં તમે પ્રકૃતિથી પર સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છો.

વસુદેવજીએ ભગવાનનું સ્વરૂપ બતાવવા માટે એકંદરે છ શબ્દો વાપર્યા છે. આ છ શબ્દો વાપરીને એવું સૂચન કર્યું કે આપ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ દિવ્ય ધર્મોથી યુક્ત છો. પહેલો શબ્દ વાપર્યો **'પ્રકૃતેપરઃ'** તમે પ્રકૃતિથી પર એવા સાક્ષાત્ પરમાત્મા છો. વળી કહ્યું : **'કેવલાનુભવઃ આનંદ સ્વરૂપઃ'** કેવળ અનુભવ અને આનંદનું સ્વરૂપ છો. અનુભવ એટલે ચિદંશ અને આનંદ એટલે આનંદાંશ. અત્યારે તમારું અસ્તિત્વ એટલે સદંશ, ચિદંશ અને આનંદાંશથી યુક્ત છે અને છેલ્લો શબ્દ વાપર્યો **'સર્વબુદ્ધિદૃક્'** - સર્વ બુદ્ધિમાં તમારું ચૈતન્ય પ્રતિબિંબિત થતું હોવા છતાં અમારી બુદ્ધિ એટલી જડ અને મલીન છે કે અમે તમારા એ સ્વરૂપને ઓળખી શકતા નથી. પરંતુ આજે તમે મારા ઉપર કૃપા કરી મને દર્શન આપ્યાં છે.

સ એવ સ્વપ્રકૃત્યેદં સૃષ્ટ્વાગ્રે ત્રિગુણાત્મકમ્ ।
તદનુ ત્વં હ્યપ્રવિષ્ટઃ પ્રવિષ્ટ ઈવ ભાવ્યસે ॥૩/૧૪॥

લોકો ભલે એમ પૂછે કે તમે આટલા મોટા હોવા છતાં દેવકીના ઉદરમાં કેવી રીતે સમાયા ? દેવકીના ઉદરમાં સમાયા પછી તમે આટલા મોટા બન્યા કેવી રીતે ? તમારું આ દર્શન સાધારણ લોકોની બુદ્ધિમાં ઊતરે એવું નથી. પરંતુ મને સમજાયું છે કે તમે તમારી પોતાની પ્રકૃતિ દ્વારા આ બધું કરી રહ્યાા છો. તમે ત્રિગુણાત્મિકા માયાનું પણ સર્જન કરો છો. તેમના દ્વારા તમે દેવકીના ઉદરમાં પ્રવેશ પામ્યા હોય એવું લાગે છે. વસ્તુતઃ તમે ક્યાંય જતા નથી અને ક્યાંયથી આવતા નથી; કારણ કે

તમે વ્યાપક છો. અમારી બુદ્ધિમાં તમે ભ્રમ ફેલાવ્યો છે કે તમે દેવકીનાં ઉદરમાં બેઠા છો. હે શ્યામસુંદર ! તમે પરિચ્છિન્ન લાગો છો, પણ પરિચ્છિન્ન નથી.

એવં ભવાન્ બુદ્ધ્યનુમેયલક્ષણૈ-ર્ગ્રાહ્યૈર્ગુણૈઃ સન્નપિ તદ્ગુણાગ્રહઃ ।
અનાવૃતત્વાદ્ બહિરન્તરં ન તે સર્વસ્ય સર્વાત્મન આત્મવસ્તુનઃ ॥૩/૧૭॥

તમે અમારી બુદ્ધિ, ઇન્દ્રિયો, વૃત્તિઓ વગેરેમાં વ્યાપેલા હોવા છતાં તમે અમને દેખાતા નથી અને આજે મારી સાથે પ્રગટ થયેલા દેખાઓ છો. હું માનું છું કે મારા માટે જરૂરી હોય એટલા જ તમે પ્રગટ થયા છો. વસુદેવજી ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે દેવકીજીને થાય છે કે આ સ્તુતિ કરતાં અટકતા નથી, તો લાવ ને હું જલદી જલદી સ્તુતિ કરું. વસુદેવજી વાક્ય પૂરું કરે ત્યાં તો –

અથૈનમાત્મજં વીક્ષ્ય મહાપુરુષલક્ષણમ્ ।
દેવકી તમુપાધાવત્ કંસાદ્ ભીતા શુચિસ્મિતા ॥૩/૨૩॥

મા દેવકીથી રહેવાયું નહિ. ભગવાનનું સ્વરૂપ જ્યાં પ્રગટ થયું હતું ત્યાં તેઓ દોડ્યાં. માતાજીના અધર ઉપર પવિત્ર હાસ્ય શોભી રહ્યું છે. ટગરટગર નયને પોતાનામાંથી પ્રગટ થયેલા અદ્ભુત બાળકને જુએ છે. માતાજીએ એકંદરે આઠ શ્લોકોમાં ભગવાનની સ્તુતિ કરી. આ સ્તુતિ બહુ સુંદર છે -

રૂપં યત્તત્ પ્રાહુરવ્યક્તમાદ્યં બ્રહ્મ જ્યોતિર્નિર્ગુણં નિર્વિકારમ્ ।
સત્તામાત્રં નિર્વિશેષં નિરીહં સ ત્વં સાક્ષાદ્ વિષ્ણુરધ્યાત્મદીપઃ ॥૩/૨૪॥

દેવકી માતા કહે છે : અત્યાર સુધી ઈશ્વર કેવો છે તે મેં સાંભળેલું અને વાંચેલું હતું. આજે હું અનુભવથી કહું છું કે ઈશ્વર આવો છે. ઈશ્વરનાં આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક ત્રણ પ્રકારનાં સ્વરૂપ છે. તેથી દેવકીજીએ એ ત્રણે સ્વરૂપોની સ્તુતિ ત્રણ શ્લોકોથી કરી છે.

દેવકીજી કહે છે : 'ગોવિંદજી, મને છેતરશો નહિ. ભલે દુનિયા કૃષ્ણને દેવકીનંદન કહે, પણ તમે કેવળ દેવકીનંદન નથી. તમે ***અવ્યક્ત, બ્રહ્મ, જ્યોતિ, નિર્ગુણ, નિર્વિકાર, સત્તામાત્ર, નિર્વિશેષ, નિરીહ*** – આવાં નવ વિશેષણોવાળા પરબ્રહ્મ પરમાત્મા છો. અત્યાર સુધી તમે અવ્યક્ત હતા. આજે અમારે માટે તમે વ્યક્ત થયા છો. જ્યાં જ્યાં વ્યક્ત થયા નથી, ત્યાં ત્યાં બ્રહ્માદિ દેવો વ્યક્ત કરવા તમને સ્તુતિ કરે છે. તેનાથી મને લાગે છે કે તમો પરબ્રહ્મ પરમાત્મા છો.

ભગવાન પૂછે છે : મા, તમને આવો ભ્રમ તો થયો નથી ને ? દેવકીજી કહે છે, ના. **આદ્યં** - તમે પ્રગટ નહોતા થયા ત્યારે મોટા મોટા દેવો અને ઋષિઓ નાક ઘસતા ઘસતા શું કરવા આ કારાગૃહમાં આવ્યા હતા? તેનાથી મને ખાતરી થઈ કે તમે 'આદ્ય' છો. નાના મોટાની સ્તુતિ કરે, મોટા નાનાની સ્તુતિ ન કરે. દેવકીજી કહે છે, મહારાજ! તમે બ્રહ્મ છો. જે જે તમારું ચિંતન અને સ્મરણ કરે છે તેમને તમે સાયુજ્ય આપો છો. આપ જ્યોતિસ્વરૂપ છો. માટે આપનું ચિંતન કરનારના હૃદયમાં અભૂતપૂર્વ પ્રકાશ જાગે છે. આ પ્રમાણે દેવકી માતા નવ વિશેષણોથી સ્તુતિ કરે છે.

હે ગોવિંદજી! તમારી એક બીજી વાત પણ હું ઓળખી ગઈ. અણુકાલથી લઈને બ્રહ્માજીના દ્વિપરાર્ધકાલ સુધીના સમયને નચાવનાર અને ચલાવનાર તમે જ છો. જગતને નચાવવા માટે જ તમે આવ્યા છો. હે શ્યામસુંદર! આપ મને પ્રગટ મળ્યા છો. તો એટલી વિનંતી કરું કે મને તમારાં ચરણારવિંદનો આશ્રય આપજો.

મર્ત્યો મૃત્યુવ્યાલભીતઃ પલાયન્ લોકાન્ સર્વાન્નિર્ભયં નાધ્યગચ્છત્ ।
ત્વત્પાદાબ્જં પ્રાપ્ય યદૃચ્છયાદ્ય સ્વસ્થઃ શેતે મૃત્યુરસ્માદપૈતિ ॥૩/૨૭॥

હે ભગવન્! મારે મૃત્યુને દૂર કરવું છે. મૃત્યુને દૂર કરવા માટે મને આપનાં ચરણકમળનો આશ્રય આપો.

શ્રીમહાપ્રભુજીએ આ શ્લોક ઉપર બહુ સુંદર છણાવટ કરી છે. આપે આજ્ઞા કરી કે મૃત્યુને બે રીતે અટકાવી શકાય : એક તાત્કાલિક અટકાવી શકાય, બીજું ત્રૈકાલિક (કાયમી રીતે) અટકાવી શકાય. તાત્કાલિક મૃત્યુને અટકાવવા, પહેલાં ઔષધિનો ઉપચાર કરવો જોઈએ. એવા કેટલાક વૈદ્યો થઈ ગયા કે જે મરતા માણસને બે ઘડી જિવાડી આપે. યોગના કેટલાક પ્રકારો પણ મૃત્યુને લંબાવે છે. યોગીઓ કાયાકલ્પ કર્યા પછી યુગોના યુગો સુધી જીવી શકે છે. જેમ જેમ માણસ ધર્મ અને સત્કર્મ કરતો જાય, તેમ તેમ તેના ભાગ્યમાં લખેલો મૃત્યુનો કાળ દૂર જતો જાય છે.ધારો કે ૫૦ વર્ષે મરવાનું હોય, તો એ માણસ જેટલો સમય ભગવાનનાં સેવા-સ્મરણમાં ગાળે, એટલો સમય એને એના જીવનમાં વધારાનો મજરે મળે. એટલી એની ઘડીઓ ભેગી થાય. ૫૦ ને બદલે ૬૦ વર્ષે મૃત્યુ આવે. આ તાત્કાલિક મૃત્યુને અટકાવવાના રસ્તા છે.

ત્રૈકાલિક મૃત્યુને અટકાવવાનો એક જ રસ્તો. અલૌકિક પ્રભુનો સાક્ષાત્ સ્પર્શ થઈ જાય, તો મૃત્યુને કાયમ માટે અટકાવી શકાય. પ્રભુનો સાક્ષાત્ સ્પર્શ થવાથી,

શરીર અને આત્મા બધું દિવ્ય બને અને લીલામાં અંગીકાર થાય. શ્રીભાગવતજીમાં ગોપીજનોનાં મૃત્યુની વાત ક્યાંય આવતી નથી. તેઓ સદેહે ભગવાનમાં લીન થયાં છે. શ્રીચૈતન્ય મહાપ્રભુનો પણ એવો જ પ્રકાર છે. તેઓ શ્રીજગન્નાથજીમાં મળી ગયા છે. શ્રીમહાપ્રભુજીનો પણ એવો જ પ્રકાર છે. કાશીમાં હનુમાનઘાટ ઉપર જોતજોતાંમાં એક તેજનો લિસોટો થયો. શું થયું તેની કોઈને ખબર ન પડી. શ્રીગુસાંઈજી પણ એવી જ રીતે સદેહે લીલામાં પધાર્યા. તેઓ શ્રીગિરિરાજબાવાની કંદરામાં અંતર્ધાન થઈ ગયા. શ્રીગોપીનાથજીને પણ એમ જ થયું. તેઓ જગન્નાથપુરીમાં શ્રી દાઉજીના સ્વરૂપમાં ભળી ગયા.

દેવકી માતા કહે છે, હે નાથ ! આવી રીતે અંગીકાર કરવા માટે આપનાં ચરણકમળનો આશ્રય જરૂરી છે. શ્રીમહાપ્રભુજી વિચાર કરે છે, ભગવાનનાં ચરણકમળ કેટલાં? આપણે કહીશું બે. શ્રીમહાપ્રભુજી કહે છે 'ના, મારા શ્રીઠાકોરજીનાં છ ચરણકમળ છે : બે આધિભૌતિક, બે આધ્યાત્મિક અને બે આધિદૈવિક.' સત્સંગ અને શ્રીભાગવતજી એ બે ભગવાનનાં આધિભૌતિક ચરણ છે. બીજાં બે જ્ઞાન અને ભક્તિ એ આધ્યાત્મિક ચરણો છે. જે ભગવાનની અવતારલીલામાં ગાયોની પાછળ દોડ્યાં તે બે આધિદૈવિક ચરણકમળ. આમાંથી કોઈ એક ચરણકમળનો આશ્રય મળે, તો પણ તેને નર્કની યાતના પ્રાપ્ત થતી નથી.

દેવકીજી વિનંતી કરે છે 'હે શ્યામસુંદર ! તમારું આ ચાર હાથવાળું રૂપ સંતાડી દો. ભગવાન કહે છે : દેવી! આ રૂપ તો કોઈ યોગીના ધ્યાનમાં આવવા યોગ્ય છે, જેની આંખમાં માંસના લોચા પડ્યા છે; તે આ રૂપને નહિ જીરવી શકે. દેવકીજી કહે છે, અમારી આંખો તમારા દિવ્ય રૂપને જોવા ટેવાયેલી નથી. અમે તો માંસ, મજ્જા, મેદ, લોહીને જોવા ટેવાયેલાં છીએ. માટે આપનું આ રૂપ સંતાડી દો.'

પ્રભુજી કહે છે : 'તમને ચમત્કાર બતાવવા માટે હું ચાર હાથવાળો બન્યો નથી. મારે તો તમને એ પ્રતીતિ કરાવવી છે કે ***'ત્રિગુણમ્ ભગવત્ સત્યમ્.'*** હું જે કહું છું તે ત્રણ વખત સિદ્ધ કરું છું. તમે મને એવું મહેણું ન મારો કે તમે બે વાર મારા પુત્ર થયા અને ત્રીજી વાર કેમ ન થયા ? એટલા માટે જ હું તમારી સામે ચાર હાથવાળો પુરુષોત્તમ બનીને આવ્યો છું. એક જન્મમાં વૃષ્ણિ અને સુતપા હતાં, ત્યારે હું વૃષ્ણિગર્ભ થઈને આવ્યો. બીજીવાર તમે અદિતિ અને કશ્યપ બન્યાં, ત્યારે હું વામન થઈને આવ્યો. આ જન્મમાં તમે દેવકી અને વસુદેવ છો, ત્યારે હું કૃષ્ણ થઈને આવ્યો છું.'

યુવાં માં પુત્રભાવેન બ્રહ્મભાવેન ચાસકૃત્ ।
ચિન્તયન્તૌ કૃતસ્નેહૌ યાસ્યેથે મદ્ગતિં પરામ્ ॥૩/૪૫॥

ભગવાન કહે છે : હે મા, મારામાં પુત્રભાવ અને સ્નેહભાવ રાખવાથી તમારો ઉદ્ધાર થશે. હવે ફરીથી તમારે ભૂતળ ઉપર આવવાનું નથી.

આટલી વાતો થતાં ચોવીસ મિનિટની એક ઘડી પૂરી થઈ ગઈ. દેવકીજીને ખ્યાલ આવ્યો કે હમણાં રાત પૂરી થશે અને મારો ભાઈ તલવાર લઈને દોડતો દોડતો આવશે. મારી ગોદમાં રહેલા આ બાળકને ખેંચી જશે. દેવકીજીની આંખોમાં આંસુ ઊભરાયાં. તેમણે કહ્યું : હે કૃષ્ણ! તમે ચાર હાથવાળા છો, તે બે હાથવાળા બની જાઓ તો ! ચાર હાથવાળા હો, તો તમને રમાડું કેવી રીતે ? મને તમારું ચતુર્ભુજ રૂપ ગમતું નથી. મારી ગોદમાં તને સમાવી શકું અને રમાડી શકું એવો તું મનુજબાળક બન.

ઈત્યુક્ત્વાઽઽસીદ્ધરિસ્તૂષ્ણીં ભગવાનાત્મમાયયા ।
પિત્રો: સમ્પશ્યતો: સદ્યો બભૂવ પ્રાકૃત: શિશુ: ॥૩/૪૬॥

શ્રીશુકદેવજી કહે છે : હે રાજન્! જુઓ તો ખરા, માતાની વિનંતીથી દેવકીજીની સામે ચતુર્ભુજ ભગવાન દ્વિભુજ બાળક બની ગયા. ગોદીમાં ખેલતો કિલકિલાટ કરતો, મધુરો અને મીઠો લાગતો બાલકૃષ્ણ બની ગયો. વાંકડિયા ઘુંઘરાળા કેશ છે, મેઘશ્યામ મુખારવિંદ છે. હસે ત્યારે ગાલમાં ખંજન પડે છે. કમળ જેવી મોટી મોટી આંખો છે. પરવાળા જેવા હોઠ છે. તેઓ દેવકી માતા સામે ટગરટગર જોતા રહ્યા. દેવકી માતા ભૂલી ગયાં કે હું જીવું છું કે મરી ગઈ છું. શ્રીબાલકૃષ્ણના રૂપમાં દેવકી માતા ખોવાઈ ગયાં. તેમના હૃદયમાંથી વાત્સલ્યનું ઝરણું નીકળ્યું. સ્તનમાંથી દૂધની ધાર નીકળી. તે ધાર શ્રીબાલકૃષ્ણલાલના મુખારવિંદ પર પડી. દેવકીજીએ ગોવિંદજીને ગોદમાં લઈ લીધા. તે વખતે આખી દુનિયા ડોલી ઊઠી અને હસી પડી.

શ્રીબાલકૃષ્ણલાલને દેવકી માતાની ગોદમાં રમવા દઈને હવે આપણે મહાવનમાં ગોકુળિયા ગામમાં પહોંચી જઈએ.

◆

પ્રકરણ ૧૨

નંદઘેર આનંદ ભયો

મહાવનમાં ગોકુળગામ છે. ત્યાં નંદબાવાનું મોટું નંદાલય છે. આ નંદાલયમાં વ્રજવાસીઓની આવ-જા છે. તેઓ નાચે છે, કૂદે છે ને દોડે છે. વૃદ્ધ નંદ-યશોદાજી આનંદથી ત્યાં બિરાજે છે. ધન્ય છે એ આંખોને, જેમણે વાત્સલ્યના સાકાર-સ્વરૂપ એવાં શ્રીયશોદાજીનાં દર્શન કર્યાં છે. ધન્ય છે એ ગોકુળિયું ગામ, જ્યાં શ્રીયશોદાજીનાં ચરણકમળો અંકિત થઈ ચૂક્યાં છે. ધન્ય છે ત્યાંનો શ્રીયમુનાજીનો કિનારો, જ્યાં શ્રી બાલકૃષ્ણલાલની અભૂતપૂર્વ બાળલીલાઓનાં સ્મૃતિચિહ્નો અંકિત થયાં છે.

આ વ્રજમંડળમાં આનંદ છે, પણ એક ખોટ છે. વ્રજવાસીઓને એક જ ચિંતા છે કે અમારા ત્યાં દશદશ બાળકો છે, પણ અમારાં યશોદામાની ગોદ હજી સૂની છે. યશોદાજીને શ્રદ્ધા છે કે વ્રજવાસીઓના આશીર્વાદથી આજે નહિ તો કાલે પણ મારી ગોદ જરૂર ભરાશે. નંદબાવાની અવસ્થા ૮૯ વર્ષની છે અને યશોદાજી ૮૪ વર્ષનાં છે. આપણને થશે કે આટલી મોટી ઉંમરે કંઈ બાળક થાય ? ખરી વાત એ છે કે આજે આપણું આયુષ્ય ઘટી ગયું છે. નંદ-યશોદાજીની વાત હજારો વર્ષો પહેલાંની છે. જ્યારે મનુષ્યનું આયુષ્ય ૨૦૦, ૩૦૦ કે ૪૦૦ વર્ષ જેટલું હતું. ત્યારે ૮૪ વર્ષની ઉંમર એકદમ યુવાન ગણાતી. આજે ૩૨ વર્ષનો માણસ પણ ઘરડો થઈ જાય છે.

વ્રજવાસીઓ રોજ વિચાર કરે છે કે અમે શું કરીએ, તો શ્રીયશોદાજીની ગોદ ભરાય. ગામમાં ખબર પડી કે એક યોગિની દેવી પધાર્યાં છે. આખો આ પ્રસંગ શ્રી ભાગવતજીમાં નથી, પરંતુ વ્રજસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. બંગાળી મહાત્માએ સંસ્કૃતમાં **'ગોપાલચંપૂ'** નામનો સુંદર ગ્રંથ લખ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્યનું શબ્દચિત્ર એ ગ્રંથમાં બહુ સુંદર છે.

શ્રીશ્યામસુંદરના પ્રાદુર્ભાવ પહેલાં વ્રજમંડળમાં શ્રી બલરામજી પ્રગટ થઈ ચૂક્યા છે; પરંતુ તેઓ આંખો ખોલતા નથી. રોહિણીજીને ચિંતા થઈ કે મારો લાલ આંખો કેમ ખોલતો નથી ? વ્રજવાસીઓએ કહ્યું :આપણા ગામમાં એક યોગિની દેવી પધાર્યાં છે. તેમનું નામ છે 'પૂર્ણમાસી.' તેમની પાસે લાલાને લઈ જાઓ. તેઓ તમારા લાલાની આંખો ઉઘાડી આપશે.

સૌ બલરામજીને લઈને પૂર્ણમાસી પાસે આવ્યાં. તેમણે પૂછ્યું : 'દેવી, અમારા રોહિણીજીનો પુત્ર આંખો ખોલશે નહિ ?' પૂર્ણમાસી ધ્યાનસ્થ થયાં. આંખમાંથી પ્રેમનાં

નદાલયમાં
-યશોદાજી
ાર-સ્વરૂપ
શાદાજીનાં
, જ્યાં શ્રી

૪ ચિંતા છે
ચૂની છે.
ણ મારી
ર્ષનાં છે.
કે આજે
. જ્યારે
એકદમ

જીની ગોદ
પ્રસંગ શ્રી
મહાત્માએ
પ્રાગટ્યનું

પ્રગટ થઈ
મારો લાલ
ણિની દેવી
મો તમારા

, અમારા
પ્રેમનાં

બે અશ્રુબિંદુ ઝર્યાં. તેમનાં રોમરોમ ખીલી ઊઠ્યાં. શ્રીદાઉજીને જોઈને ગદ્ગદિત બન્યાં. પૂર્ણમાસીને ભવિષ્યનું ચિત્ર દેખાયું. તેઓ બંધ આંખે ગદ્ગદિત કંઠે એવા શબ્દનો ઉચ્ચાર કરી રહ્યાં છે, જે વ્રજવાસીઓએ આજ સુધી નથી સાંભળ્યા. ***'શ્રીકૃષ્ણ: શરણં મમ'*** પૂર્ણમાસીએ દાઉજી મહારાજને ગોદમાં લીધા. તેમને થયું કે શ્યામસુંદરને પણ આમ જ હું ગોદમાં સમાવી લઈશ.

વ્રજવાસીઓને થયું કે આ દેવી જવાબ આપવાને બદલે કોનું નામ બોલ્યા કરે છે ? તેમણે ફરી કહ્યું : દેવી, અમે તમારી પાસે પ્રશ્ન પૂછવા આવ્યા છીએ. રોહિણીજીનો આ લાલ આંખો ખોલશે કે નહિ ? પૂર્ણમાસીએ શ્રીયમુનાજી તરફ દૂર દૂર દૃષ્ટિ નાખી, કોઈ સ્વપ્ન જોતાં હોય, એમ કહે છે : સખીઓ, આનંદમંગલ મનાવો. તેમણે એમના પુત્ર મધુમંગલને કહ્યું : 'લાલા, સૌનું મોં મીઠું કરાવો.' મધુમંગલે સૌને પ્રસાદ વાંટ્યો. વ્રજવાસીઓ પૂછે છે : 'શાનો પ્રસાદ આપો છો ?'

પૂર્ણમાસી એટલાં ગદ્ગદિત બન્યાં છે કે તેમનાથી બોલાતું નથી. વ્રજવાસીઓ પૂર્ણમાસીને સમજી શકતાં નથી.

આખરે પૂર્ણમાસી ભાનમાં આવ્યાં. તેમણે યશોદામૈયાનો હાથ પકડી લીધો. યશોદાજીનાં નેત્રો સાથે નેત્રો મેળવ્યાં અને કહ્યું : 'મૈયા, હું એક સુંદર દશ્ય જોઈ રહી છું. આ રોહિણીનો લાલ આજે આંખો નહિ ખોલે. તમારી ગોદીમાં કાળો પણ કામણગારો, મનને મોહન કરનારો, આખી દુનિયાને અજવાળું આપનારો, સૌનાં ચિત્તને ચોરનારો એવો એક સુંદર કુંવર રમતો થશે. તેનું દર્શન કરવા માટે આ રોહિણીનો દીકરો આંખો ખોલશે.'

આ શબ્દો કોને રોમાંચિત ન કરે? જે માતાને દીકરો નથી, તેને કેટલો આનંદ થાય? યશોદાજીની આંખમાં આનંદનાં આંસુ આવ્યાં. તેમણે પૂછ્યું : દેવી, તમે મારી મશ્કરી તો નથી કરતાં ને? શું તમે ખરેખર સાચું કહો છો?'

પૂર્ણમાસીએ કહ્યું : 'મા, મને એ દેખાય છે.' પૂર્ણમાસી નાચી ઊઠ્યાં અને ગાવા લાગ્યાં, ***'શ્રીકૃષ્ણ: શરણં મમ.'*** સર્વનાં રોમરોમ પ્રફુલ્લ થઈ ગયાં.

વ્રજવાસીઓને ન સમજાય એવી એક મીઠી મૂંઝવણ થવા લાગી. સકળ વ્રજવાસીઓને એવો અનુભવ થયો કે કૃષ્ણ નામનું કોઈ મધુરું તત્ત્વ એમના રોમરોમમાં રમણ કરે છે.

પૂર્ણમાસીએ વ્રજવાસીઓને એક આદેશ આપ્યો હતો. યશોદામાની ગોદ ભરાય ત્યાં સુધી એકાદશીનાં વ્રત કરજો; કારણ કે તમારા કેટલાક અપરાધો નિવૃત્ત થવાના બાકી છે. તમારામાં કેટલાક પ્રતિબંધો રહેલા છે, તે દૂર કરવાના છે. એકાદશીના ઉપવાસથી તમારા અપરાધ અને પ્રતિબંધ દૂર થશે. જતાં જતાં વ્રજવાસીઓએ કહ્યુંઃ દેવી, તમે કહો તો અમે બારે માસ ઉપવાસ કરીએ. અમારી એક જ ભાવના છે કે અમારાં શ્રીયશોદામાની ગોદ ભરાય.

વ્રજમંડળ નંદબાવાના આંગણે ભેગું થયું. એટલામાં બ્રાહ્મણો પણ મંત્રોચ્ચાર કરતા નંદાલયના દ્વારે આવ્યા. દરેકના મુખ ઉપર જુદા જુદા ભાવ છે. નંદબાવા સૌનું સ્વાગત કરે છે. આ ભૂદેવો ત્રિકાળજ્ઞાની મહાત્માઓ છે. જન્મજન્મથી અવતાર લઈને પધારેલા ઋષિમુનિઓ છે. તેઓ નંદજીને સાક્ષાત્ દંડવત્ કરે છે. નંદજી ક્ષોભમાં પડ્યા. તેમણે વિનંતી કરી : તમે બ્રાહ્મણો છો અને હું વૈશ્ય છું. મારા પગમાં તમે પડો એ યોગ્ય નથી. ભૂદેવોએ કહ્યું : 'મહારાજ, તમે જગત્પિતાના પણ પિતા થવાના છો.'

નંદબાવા કહે છે : 'તમે શું કહો છો તે મને સમજાતું નથી. બધી બાજુથી આશીર્વાદ અમને બંનેને મળે છે. પૂર્ણમાસીએ યશોદાને આશીર્વાદ આપ્યા. તમે મને આશીર્વાદ આપો છો. જરૂર મારા ત્યાં કંઈક સારું થવાનું છે.'

બ્રાહ્મણોએ કહ્યું : 'મહારાજ! અમે શ્રીયમુનાજીના કિનારે બેસીને અનુષ્ઠાન કરીશું, વ્રત કરીશું, વેદમંત્ર બોલીશું. તમારી ગોદમાં જગતનો પિતા રમતો આવે એવી પ્રાર્થના કરીશું. આમ કહી બ્રાહ્મણો શ્રીયમુનાજીના કિનારે અનુષ્ઠાન કરવા બિરાજ્યા. વ્રજવાસીઓએ એકાદશીનાં વ્રત શરૂ કર્યાં. જ્યારે જ્યારે એકાદશી આવે, ત્યારે ત્યારે વ્રજમાં ઉત્સવ થાય. સૌ વ્રજવાસીઓ માત્ર જળ પીને એકાદશીનું વ્રત કરે. એવું નહિ કે અગિયાર અગિયાર રસવાળાં ભોજન કરીને એકાદશી કરે. વ્રજમાં એક વર્ષનું બાળક પણ માતાનું દૂધ પીતું નથી. વ્રજની ગાયો ઘાસ ખાતી નથી, વ્રજનાં પશુઓ અને પક્ષીઓ પણ એકાદશી કરે છે. ધન્ય છે એ વ્રજવાસીઓને અને તેમની મુગ્ધ માધુરી વૃત્તિને, જેમણે શ્યામસુંદરના પ્રાદુર્ભાવ માટે આટલું દાન આપ્યું.

દરેક દ્વાદશીએ ગોકુળ ગામનાં આબાલવૃદ્ધ શ્રીયમુનાજીમાં સ્નાન કરવા જાય છે. પૂર્ણમાસીએ તેમને શીખવેલું કે જ્યારે જ્યારે સ્નાન કરો, ત્યારે ત્યારે '**શ્રીકૃષ્ણઃ શરણં મમ**' બોલજો. શ્રીયશોદાજી સ્નાન કરતાં કરતાં શ્રીયમુનાજીને વિનંતી કરે છે, આ સૌના મનોરથ પૂરા કરજો. ગોપીઓ કહે છે 'હે યમુનાજી, હું શું કરું ? મારો

દીકરો યશોદા લેતી નથી. મને થાય છે કે મારા બારે બાર દીકરાનું હું તમને બલિદાન આપી દઉં. તમે મારાં યશોદાજીની ગોદી ભરો.' એક વખત પાછળ શ્રીયશોદાજી ઊભાં હતાં. આ સાંભળીને તેમની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં. તેમને થયું કે આ વ્રજવાસીઓ મારા ઉપર આટલો બધો પ્રેમ રાખે છે ! મારા માટે થઈને તે તેમનાં સંતાનોનું બલિદાન આપવા તૈયાર થયાં છે ! આ વ્રજવાસીઓના આશીર્વાદ એમને ફળ્યા હોય, એવો યશોદાજીને આનંદ થવા લાગ્યો. નાનાં નાનાં બાળકો પણ યશોદાજીને વળગીને કહે છે : મૈયા, તમે કહો તો યમુનાજીમાં અમે કૂદી પડીએ. હું ઉપર જઈને ભગવાનને કહીશ કે તે તારો લાલો બનીને પધારે. આવું અભૂતપૂર્વ વાતાવરણ વ્રજમાં સર્જાયું છે.

શ્રીયશોદાજીએ નંદબાવાને બીજા દિવસે કહ્યું : મને લાગે છે કે મારી અંદર કોઈ બહારથી પ્રવિષ્ટ થઈ રહ્યું છે. વારેવારે કોઈ મને મા મા કહીને જગાડે છે. નંદજી પૂછે છે : તારી બુદ્ધિ ભ્રમિત તો નથી થઈ ને ? યશોદાજી કહે છે ના, હું સૂઈ જઉં છું, ત્યારે મા શબ્દ સંભળાય છે. હું જાગતી હોઉં છું, ત્યારે પણ 'મૈયા મૈયા'નો પોકાર દૂરથી આવતો દેખાય છે. આજે સવારે હું ગૌશાળા સાફ કરવા ગઈ હતી. ત્યાં ગોબર ઉઠાવતી હતી, ત્યારે કોઈકે આવીને મારો પાલવ પકડી લીધો. પાછું ફરીને જોયું તો કોઈ ન મળે.

થોડા દિવસો બાદ નંદજીને પણ આવો જ અનુભવ થવા લાગ્યો. ત્યારે નંદ બાવાને ખાતરી થઈ કે આ ભ્રમણા નથી, પણ સાચી વાત છે. નંદજી શાલિગ્રામજીની સેવા કરતા હતા. આંખો બંધ હતી, ધ્યાનસ્થ હતા. તે વખતે ચારે બાજુથી તેજ દેખાવા લાગ્યું. એ તેજમાં શ્રીહસ્તમાં લાડુ સાથે શ્રીબાલકૃષ્ણલાલનાં દર્શન થવા લાગ્યાં. નંદજીએ આંખો ખોલી નાખી. તેમને વિચાર થયો કે ચતુર્ભૂજ ભગવાનને બદલે મને બાલકૃષ્ણ ક્યાંથી દેખાય છે ! નંદબાવા શાલિગ્રામજીને ભૂલી ગયા. શાલિગ્રામજીના સ્થાને શ્યામસુંદરનાં દર્શન થવા લાગ્યાં. નંદબાવા જ્યાં શ્યામસુંદરનો હસ્ત પકડવા ગયા, ત્યાં શાલિગ્રામજી થઈ ગયા. નંદબાવાએ ફરી આંખો બંધ કરી. તેમને શબ્દો સંભળાવા લાગ્યા, 'બાવા દેખો, મૈં કૌન આયા હૂં ?' નંદજીને થયું કે યશોદા ગાંડી બની અને હું પણ ગાંડો બન્યો.

વ્રજમાં કંઈક અવનવું બનવાનું હોય એવું સૌને લાગે છે. ત્રીજા દિવસે પાંચ-છ ગોપીઓનું ટોળું દોડતું દોડતું આવ્યું. તેમની આંખમાં હર્ષનાં આંસુ છે અને રોમરોમ

ખીલ્યાં છે. જશોદાજીને મસ્તક નમાવી ઊભાં છે. એક ગોપીએ ગદ્ગદ્ કંઠે કહ્યું : 'મા, મારા દ્વાર ઉપર છોટો-સો કનૈયો આવ્યો હતો. મારો પાલવડો પકડીને કહેવા લાગ્યો કે હું યશોદાજીનો લાલ છું.' યશોદાજીને વિચાર થયો, હું ગાંડી બની, નંદબાવા ગાંડા બન્યા અને હવે આ ગોપીઓ પણ ગાંડી બની!

આમ, આખા વ્રજમાં શ્રીશ્યામસુંદરલાલ પ્રગટ થાય તે પહેલાં ક્યાંક ને ક્યાંક તેમની માધુરી મૂરતનો અનુભવ થાય છે. ગોવાળિયા યમુના-કિનારે ગાયો ચરાવવા ગયા હોય, ત્યાં શ્રીયમુનાજીના તરંગે તરંગે ગોવિંદજી દેખાય છે. વૃંદાવનનાં વૃક્ષોનાં ડાળ-ડાળ અને પાન-પાન ઉપર કૃષ્ણ દેખાય છે. કોઈક વાર વ્રજના કણકણમાં મોહનજી દેખાય છે. આમ, સર્વના અંત:કરણમાં કંઈક અલૌકિક અનુભવ થઈ રહ્યો છે.એક દિવસ સૌને ખાતરી થઈ ગઈ કે યશોદાજી માતા બનશે. આ સમાચાર ગોકુળમાં ફેલાતાં આખું ગોકુળિયું ગામ આનંદમાં ડૂબી ગયું. લાલજી પ્રગટ થયા નથી, તે પહેલાં અંદર અંદર વાત થાય છે : સખી, યશોદામાની ગોદ ભરાશે ત્યારે તું શું લઈ જઈશ ? એક કહે છે હું અમુક લઈ જઈશ, હું અમુક લઈ જઈશ.

ભગવાન પધારતાં પહેલાં હૃદયમાં વિવિધ મનોરથો જાગવા જોઈએ. ત્યારે પ્રભુને પધારવાનું મન થાય છે. આખા વ્રજમાં એક જ વાત કહેવાઈ રહી છે, સખીઓ! પૂર્ણમાસીના આશીર્વાદથી યશોદામાની ગોદ ભરાઈ છે. નંદબાવાને એક બહેન છે. તેનું નામ સુનંદા. તેમને ખબર પડી કે મારા ભાઈના ઘેર સારા દિવસો આવવાના છે. તેઓ દોડતાં દોડતાં નંદાલયમાં આવ્યાં. તેમણે નંદબાવાને કહ્યું : 'ભૈયા વધાઈ છે.'

નંદબાવાએ કહ્યું : 'બેન, હવે તું અહીંયાં જ રહે. આ ઘરમાં આવનારા આનંદના દિવસોનો તું અનુભવ કર.' સુનંદાબેન પણ આખો દિવસ આનંદમાં ડોલતાં જાય અને બોલતાં જાય ***'શ્રીકૃષ્ણ: શરણં મમ.'***

ચારે બાજુ ધૂમ મચી ગઈ. વિશ્વકર્માજીએ આવી સુવર્ણનું સુંદર પલનું તૈયાર કર્યું. વ્રજની રજના કણકણમાં, શ્રીયમુનાજીના તરંગોમાં, વૃક્ષાવલિઓમાં આનંદનો સુંદર ભાવ છવાઈ ગયો. શ્રાવણ વદ અષ્ટમીની રાત્રિ આવી. પૂર્ણમાસી ટકોર કરે છે, 'મૈયા ! આજ તો આનંદની રાત છે. આજે તમે જાગતાં રહેજો.'

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત પ્રમાણે યોગમાયાના આવરણમાં ભગવાનના એક સ્વરૂપનો પ્રાદુર્ભાવ શ્રીયશોદાજીના ત્યાં છે અને બીજા સ્વરૂપનો પ્રાદુર્ભાવ દેવકીજીના

ત્યાં છે. આ સાંભળીને આપણને પ્રશ્ન થશે કે જો ભગવાનના બે પ્રાદુર્ભાવ છે, તો બે કૃષ્ણ દેખાવા જોઈએ. તેના બદલે એક જ કૃષ્ણ કેમ દેખાય છે ? આનું કારણ એ છે કે ભગવાન વ્યાપક છે. તેઓ એકના અનેક બની શકે અને અનેકના એક બની શકે. યશોદાજીને કેવળ ભ્રમણા થઈ નથી. યોગમાયાના આવરણમાં ભગવાનનું એક સ્વરૂપ તેમના ત્યાં પ્રગટ થવાનું છે. વસુદેવજીનું સ્વરૂપ અને નંદબાવાનું સ્વરૂપ ઓતપ્રોત બનીને વ્રજમાં બિરાજશે. જ્યારે અક્રૂરજી એ સ્વરૂપને પધરાવી ગયા, ત્યારે નંદબાવાના ત્યાં પ્રગટ થયેલું સ્વરૂપ તમામ વ્રજવાસીઓના અંત:કરણમાં બિરાજી ગયું છે.

શ્રાવણ વદ અષ્ટમીની રાત થઈ. આખા ગોકુળમાં બંદનવાર (તોરણો) બંધાયાં છે. કળશોનું સ્થાપન થયું છે. વ્રજાંગનાઓના આનંદનો પાર નથી. મોતીઓથી ચોક પુરાય છે. આજે સવારથી જ ગોપીજનો એ વિચારમાં ખુશખુશાલ છે કે અમારા જન્મોજન્મના પ્રિયતમ શ્રી શ્યામસુંદરજીનો આજે પ્રાદુર્ભાવ થશે. ગોપીજનોએ નક્કી કર્યું કે આજે અમે શરીરને નહિ, આત્માને શણગારીશું.

દુનિયાનાં લોકો શરીરને શણગારે છે, ભક્તો આત્માને શણગારે છે. ગોકુળવાસીઓએ માળણને કહી દીધું કે 'માલણ ગૂંથી લાવને ગજરા'. પ્રભુજી પધારવાના છે, એમનાં દર્શન કરવા અમે સુગંધિત બનીએ. તેઓ આનંદમાં પોતાની જાતને પણ ભૂલી ગયાં. ગવૈયા, બજવૈયા, ઢાઢીલીલા કરનારા ઢાઢી તૈયાર થઈને બેઠા છે. તેમની વર્ષોની ઇચ્છા હતી કે નંદબાવાના ત્યાં પુત્રજન્મ થાય, તો અમને મોટું નજરાણું મળે. ઢાઢણો તેમના પતિઓને કેટલાય સમયથી કહેતી હતી કે તમે મને ગોવર્ધનમાંથી ગોકુળ લઈ જાઓ.

'ઢાઢનિયાઁ મચલ રહી રે,
તૂ મોહે નંદભવન લે ચલ રી;
પુત્ર ભયો સબ જગને જાનો.'

પૂર્ણમાસીએ કહ્યું હતું, શ્રાવણ વદ અષ્ટમીની રાત એ વ્રજમંડળ માટે આનંદની રાત છે. બ્રાહ્મણો શ્વેત વસ્ત્રો ધારણ કરી નંદદ્વારે આવીને ઊભા હતા અને હાથમાં કળશ હતા. તેમાં અશોકવૃક્ષનાં પર્ણ હતાં. તેઓ વિચારતા હતા કે પ્રભુનો પ્રાદુર્ભાવ થાય, ત્યારે અમે મંત્રોચ્ચાર કરીને આશીર્વાદ આપીએ.

ધીરે ધીરે રાત પડવા માંડી. અંધારું થવા લાગ્યું. વ્રજવાસીઓએ કેસરી ધોતી અને કેસરી ઉપરણા સજ્યાં. માથે કેસરી પાઘ બાંધી. આટલી મોટી અવસ્થાએ પણ

નંદબાવા શૃંગાર સજીને તૈયાર થયા હતા. કોઈ વ્રજવાસી મજાક કરે છે, 'બાવા ફરી ઘોડે ચઢવાનો વિચાર છે કે શું ?'

નંદજી કહે છે : 'ભાઈઓ, આજે મારા આંગણામાં તમારા સૌના આશીર્વાદથી બહુ મોટો ઉત્સવ થવાનો છે.'

રાતના સાડા અગિયારનો સમય થવા આવ્યો. અચાનક દરેકની આંખમાં ઊંઘ આવી. માયા આવે ત્યારે લોકો સૂઈ જાય, મોહનજી આવે ત્યારે લોકો જાગે. ગોકુળવાસીઓની પાંપણો ઉપર નિદ્રાનો બોજ લદાવા માંડ્યો. કેમેય કરીને તેમની આંખો ઊંચી થતી નથી. તેઓ મનમાં 'શ્રીકૃષ્ણ: શરણં મમ' બોલે છે. ધીમે ધીમે સૌ ગાઢ નિદ્રામાં સરી પડ્યાં. ગોપીજનો શૃંગાર સજી રહ્યાં હતાં. કોઈ આંખમાં કાજળ આંજવા ગઈ કે તેને નિદ્રા આવી અને આંખનાં કાજળનો લિસોટો ગાલ પર થયો અને ઊંઘી ગઈ. કોઈ ગોપી આભૂષણ ધારણ કરવા ગઈ અને કાનનું આભૂષણ વાળમાં લગાડીને સૂઈ ગઈ. જેઓ જ્યાં હતાં ત્યાં યોગનિદ્રાધીન થઈ ગયાં. આખું વ્રજમંડળ ઊંઘી ગયું. તે વખતે નંદાલયમાં યોગમાયાના આવરણમાં ભગવાનનો અવતાર થયો.

મથુરામંડળમાં દેવકીજીની ગોદમાં પોઢેલા શ્યામસુંદરે વસુદેવજીને પ્રેરણા કરી: બાવા, હવે મને કાળકોટડીમાંથી લઈ જઈ, ગોકુળમાં યશોદાજીનાં ત્યાં મૂકી આવો.

તતશ્ચ શૌરિર્ભગવત્પ્રચોદિત: સુતં સમાદાય સ સૂતિકાગૃહાત્ ।
યદા બહિર્ગન્તુમિયેષ તર્હ્યજા યા યોગમાયાજનિ નન્દજાયયા ।।૩/૪૭।।

દેવકીજી અને વસુદેવજીને ન ગમે એવો વિચાર જાગૃત થયો છે કે પ્રભુને પધરાવી આવો. વસુદેવજી ગદ્ગદિત અવાજે કહે છે : 'દેવકી, લાલ મને આપ.' દેવકીજી વસુદેવજી સામે જુએ છે. તેઓ વિચારે છે કે દીકરો બાપનો નહિ, દીકરો તો માતાનો. હું તમને નહિ આપું. હજી તો મેં દૂધ પણ પાયું નથી, હું તમને કેવી રીતે આપું ?

વસુદેવજીનું મસ્તક નીચું ઢળેલું છે. તેઓ કહી રહ્યા છે, આજે તારાથી પીવડાવાય એટલું દૂધ પીવડાવી લે. કાલે આ બાળકના મોંમાં તારું દૂધ નહિ હોય. દેવકીજીનું અંતર રડી ઊઠ્યું. જાણે હૈયું કહી રહ્યું છે 'તું મા બની છે, પણ માનું સુખ તારા નસીબમાં નથી.' શ્રીબાલકૃષ્ણજીને ગોદમાં રાખી, દેવકીની અશ્રુધારા વહેવડાવે છે, વારેવારે પુત્રને છાતીએ લગાડે છે. મુખારવિંદ જોતાં જાય છે અને રડતાં જાય છે. વસુદેવજી દેવકીની ગોદમાંથી બાળકને લઈ લેવાની હિંમત કરી શકતા નથી. તેઓ વિચાર કરે છે કે કયા હાથે હું આને ગોકુળમાં મૂકી આવું ?

આખરે વસુદેવજીએ દિલ કઠોર કર્યું. તેમણે દેવકીજીની ગોદમાંથી ગોવિંદજીને લઈ લીધા. રડતા હૈયે દેવકી માએ આશીર્વાદ આપ્યા, 'હે બાલકૃષ્ણ, મારા કરતાંય તને અભૂતપૂર્વ પ્યાર કરે એવી મા મળો.' દેવકીજીએ કેવી રીતે બાળક સોંપ્યું હશે એની કલ્પના કરતાંય આપણે ધ્રૂજી જઈએ છીએ.

વસુદેવ બાવા મસ્તક ઉપર શ્યામસુંદરલાલને પધરાવીને યમુના-કિનારે આવ્યા. મેઘલી રાત હતી, યમુનાજીનાં જળ ઘૂમરીઓ લેતાં હતાં. જેમ જેમ શ્રીયમુનાજી શ્રી બાલકૃષ્ણનાં દર્શન કરે છે તેમ તેમ તેમનો જળપ્રવાહ વધી રહ્યો છે.

વસુદેવજી વિનંતી કરે છે : હે યમુનામા! આજે તમે પણ મારા રસ્તામાં આડે આવ્યાં ? જો મોડું થશે તો મારા બાલકૃષ્ણને કંસ ઝૂંટવી જશે. મારી બેડીઓ તૂટી, કારાવાસનાં બંધનો છૂટ્યાં, ત્યારે હવે મારા માર્ગમાં વિઘ્ન કરવા આવ્યાં છો ? શ્રી ઠાકોરજી સમજી ગયા કે જો આજે હું યમુનાને ચરણસ્પર્શ નહિ આપું, તો તેઓ જરૂર વસુદેવને ડુબાડી દેશે. શ્રીબાલકૃષ્ણલાલે નાના નાના કોમળ ચરણારવિંદ સૂપડામાંથી બહાર કાઢ્યા. તે જ વખતે યમુનાજીમાં એક ઉછાળો આવ્યો. જળ ચરણારવિંદનો સ્પર્શ કરી, નીચે ઊતરી ગયાં. વસુદેવબાવાને રસ્તો મળ્યો. ગોવિંદજીનું નામ લેતા લેતા તેઓ સામે પાર પહોંચ્યા. તેમની પાછળ શેષનારાયણ છાયા કરી રહ્યા હતા. આખું ગોકુળિયું ગામ ઊંઘતું હતું. કોઈને તન કે મનની સૂધ નથી.

પ્રભુની પ્રેરણાથી વસુદેવજી નંદભવનમાં સૂતિકાગૃહમાં પધાર્યા. ત્યાં બાળકીસ્વરૂપે યોગમાયા દેખાઈ. તેના આવરણને લઈને વસુદેવજીને નંદબાવાના લાલનાં દર્શન ન થયાં. વસુદેવજીએ આ સ્વરૂપ ત્યાં પધરાવ્યું અને યોગમાયાને લઈને પાછા ફર્યા. ભગવાન આવે ત્યાં હાસ્ય આવે, માયા આવે ત્યાં રૂદન આવે. તેઓ યમુના-કિનારે પહોંચ્યા, ત્યાં બાળકીએ રડવાનું શરૂ કર્યું. વસુદેવજી કહે છે, અહીં રડીશ નહિ. કારાવાસમાં જઈને રડવું હોય એટલું રડજે. તેઓ યમુના પાર કરી, કારાગૃહમાં પાછા ગયા. દ્વાર આપોઆપ બંધ થઈ ગયાં. ઊંઘી ગયેલા દ્વારપાળોની આંખો ખૂલી ગઈ; કારણ કે બાળકીએ જોરથી રડવા માંડ્યું.

દ્વારપાળો ચમક્યા, અંદર અંદર કહેવા લાગ્યા, કોઈ રડે છે. એકે કહ્યું : આપણા માલિકનો દુશ્મન જન્મ્યો લાગે છે. તે રડે છે. દ્વારપાળો કંસ પાસે દોડ્યા. કંસને સમાચાર આપ્યા. કંસ તો જાગતો જ હતો. તેની ઊંઘ તો વેરણ બની હતી. તેને તો ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં એક જ વિચાર છે કે મારો દુશ્મન આવ્યો.

કંસ બેબાકળો બન્યો. તે દોડતો કારાવાસમાં આવ્યો. તેના રોમરોમમાં અગ્નિ ભડકે બળતો હતો. તેના માથાના વાળ બધા છૂટા છે, વસ્ત્રો ઢીલાં છે. તેની ધોતી તેના પગમાં આવે છે, પડતો-આખડતો દોડે છે. કારાવાસમાં દેવકીજીના ઓરડે પહોંચ્યો. અડધી રાત પછી ચંદ્રનાં કિરણો કોટડીની બારીમાંથી અંદર આવી રહ્યાં છે. દેવકીજીની ગોદમાં બાળકી સૂતી છે. તેને છોકરો છે કે છોકરી તે જાણ્યા વિના બાળકને ઊંચકી લીધું.

દેવકીજીએ કહ્યું : ભાઈ, આ દીકરો નથી, દીકરી છે. કંસ કહે છે : મારે એની પંચાતમાં પડવું નથી. આ મારો વેરી છે. દેવકીજી સમજાવે છે, ભાઈ તારે બાળક નથી; ત્યારે બહેનનો દીકરો કે દીકરી એ તારું સંતાન કહેવાય. કંસે કોઈ જવાબ ન આપ્યો. આજે દુઃખમાં દેવકીજીનું મગજ પણ કામ કરતું નથી. તેમણે કહ્યું : તારા ત્યાં દીકરો થશે, તો મારી આ દીકરી તેની સાથે પરણાવીશ, તું તેને બચાવી લે.

માની લઈએ કે કંસને દીકરો થાય તોયે તે ઉંમરમાં આ છોકરીથી નાનો હોય. તેની વહુ તરીકે આ દીકરી કેવી રીતે ચાલે ? કદાચ ચાલે તો પણ બહેનની દીકરી ભાઈના દીકરા માટે ક્યાં કામમાં લાગવાની ? પરંતુ દેવકીજીના મનમાં પુષ્કળ દુઃખ હોવાથી તેઓ આવું બોલી ગયાં. કંસ ક્રૂર આંખોથી દેવકીને જુએ છે. તે જાણે કહી રહ્યો છે કે આજે તો હું આ મારા શત્રુને તારી આંખો સામે રોળી નાખીશ. જેમ ધોબી કપડાં ધોવા માટે હાથમાં કપડું પકડી ગોળ ગોળ ફેરવી, પથ્થર ઉપર પછાડે, તેમ તેણે બાળકીના બે પગ પકડી, ઘોળ ફેરવીને નીચે ફેંકી. દેવકીએ તો તેની આંખો અને કાન બંધ કરી દીધાં. કઈ મા આ દશ્ય જોઈ શકે ?

આપણે જાણીએ છીએ કે તે બાળકી ન હતી, સાક્ષાત્ જગદંબા હતી. તે કંસના હાથમાંથી છટકીને આકાશમાં ગઈ; અને –

કિં મયા હતયા મન્દ જાતઃ ખલુ તવાન્તકૃત્ ।
યત્ર ક્વ વા પૂર્વશત્રુર્મા હિંસીઃ કૃપણાન્ વૃથા ॥૪/૧૨॥

હે મંદબુદ્ધિ કંસ! મને મારવાથી તને કોઈ લાભ નથી. તારો વેરી તો ક્યારનોય જન્મી ચૂક્યો છે. કંસ મોં ફાડી આકાશ તરફ જોઈ રહ્યો. યોગમાયા અંતર્ધાન થઈ ગઈ.

કંસ કહેવા લાગ્યો : દેવી, મને કહેતી તો જા કે મારો વેરી ક્યાં જન્મ્યો છે.

યોગમાયા કહે છે : તારા દુશ્મનનું સરનામું આપવાનું કામ મારું નથી. તારામાં સામર્થ્ય હોય તો એને શોધી કાઢજે.

કંસ ગભરાયો, ડર્યો. દેવકીજીના પગમાં પડ્યો. બહેન-બનેવી મેં તમારો ઘણો અપરાધ કર્યો છે. જેનાં મસ્તક અને બુદ્ધિમાં સ્થિરતા ન હોય તે કંસ બને. ક્યારે વરસી જાય અને ક્યારે તરસી જાય તે કહેવાય નહીં. અત્યાર સુધી જે વૈરી હતો તે હવે શરણાગત બન્યો. તે કહેવા લાગ્યો : બહેન, મને ક્ષમા કર. તને લાગે છે કે મેં તારા છ છ દીકરાઓને માર્યા છે, પણ સાચી વાત એ છે કે તેઓ તેમના નસીબથી મર્યા છે. દેવકીજી મનમાં વિચારે છે કે આ બધું ડહાપણ તું તારે માટે વાપરતો હોય તો ? તું શા માટે મારા દીકરાઓને મારવા આવ્યો ? કંસ સમજાવે છે, માણસના નસીબમાં જેટલું લખ્યું હોય તેટલું જ થાય. દેવકીજી કહે છે : એ વાતનો તું જ સ્વીકાર કર ને ! તું શા માટે જીવવા વલખાં મારે છે ?

ભગવાનના ભક્તો અપકાર કરનારના ઉપર પણ ઉપકાર કરનારા હોય છે. તિરસ્કાર કરનારનોય સત્કાર કરે છે. દેવકીજીએ કંસને ઊભો કર્યો. તેમણે કહ્યું : તું ગમે તેવો બન્યો હોય, પરંતુ મારો ભાઈ છે. ભલે તું મારા કાકાનો દીકરો હોય, પણ મને મા-જણ્યા ભાઈનો પ્રેમ તેં આપ્યો છે. જે થયું તે ભૂલી જા. કંસ બેનના દિલની ઉદારતાને જોતો રહ્યો.

કંસ મહેલમાં પાછો ગયો. તેણે મંત્રીમંડળ ભેગું કર્યું. યોગમાયાએ દુશ્મનનું સરનામું આપ્યું નથી. હવે શું કરવું ? કંસના મંત્રીઓને આપણે અગાઉ જાણી ચૂક્યા છીએ. અઘાસુર, બકાસુર, તૃણાવર્ત વગેરે સભામાં બધા હાજર થયા. આપણા રાજ્યમાં દશ દિવસની અંદરના અને દશ દિવસનાં જેટલાં સંતાનો જન્મ્યાં હોય, એ બધાંને ખાઈ જાઓ. એમને મારી નાખો. કંસે પૂછ્યું : આ કરવાનું બીડું કોણ ઝડપશે? પૂતના ઊભી થઈ. તેણે કહ્યું : આ કામ હું કરીશ.

આપણે પાછાં ગોકુળમાં જઈએ. શ્રાવણ વદ આઠમની રાત પૂરી થવા આવી છે. ગોકુળવાસીઓની ઊંઘ હજી પૂરી થઈ નથી, ત્યાં અનાયાસે દેવોનાં દુંદુભિ વાગવાની શરૂઆત થઈ. દુંદુભિમાંથી પણ **'શ્રીકૃષ્ણ: શરણં મમ'**નો ઘોષ થવા લાગ્યો. એના અવાજ સાથે ગોકુળવાસીઓ જાગી ગયા. ત્યાં તો ચારે બાજુથી અગોચર વાણી સંભળાવા લાગી, 'અરે ભૈયા જાગો, નંદકે ઘર આનંદ ભયો.'

આ મીઠો મધુર શબ્દ ઊંઘતા વ્રજવાસીઓને જગાડી ગયો. એકબીજાને પૂછે છે : 'સખી, તૈંને કછૂ સૂન્યો ?' પેલી કહે છે, 'મૈંને સૂન્યો, નંદકે ઘર આનંદ ભયો.'

■

પ્રકરણ ૧૩

નંદમહોત્સવ

નંદભવનમાં પહેલી ઊંઘ રોહિણીજીની ઊડી. તેમણે બાજુમાં બેઠેલાં સુનંદાજીને ઊઠાડ્યાં. સુનંદાજીને તેમણે કહ્યું : 'આપને કછૂ સૂન્યો.' સુનંદાજી પૂછે છે : કહા સૂન્યો ? રોહિણીજીએ કહ્યું : સુનો, નંદકે ઘર આનંદ ભયો. બંને જણ દોડતાં દોડતાં યશોદામા પાસે ગયાં. આખા ઓરડામાં વગર દીવાએ અજવાળું થયું હતું. એક નીલમણિ જાણે ખડખડાટ હસતો એ ઓરડામાં ચમકી રહ્યો છે. રોહિણીજી અને સુનંદાજી આંખો ચોળે છે. તેઓ એકબીજાને પૂછે છે : સખી, આ કોઈ શ્યામકમળ તો નથી ને ? કેટલું સુંદર છે ! તેઓ બેઘડી ભાવવિભોર બની ગયાં. તેમની આંખો-માંથી પ્રેમનાં અશ્રુ ડબડબ વહેવા લાગ્યાં. રોહિણીજી કહે છે : સુનંદાજી, જરા ધ્યાનથી જુઓ, આ કોણ છે ?

સુનંદાજીને યાદ આવ્યું કે મારા ભાઈને જઈને ખબર આપું કે નંદકે ઘર આનંદ ભયો. સુનંદાબહેનના પગમાં ગતિ આવી. કરોડો માઇલની ઝડપે દોડતાં હોય, એવી ગતિ આવી. તેઓ દોડતાં ફુલાતાં નંદબાવાની પાસે આવ્યાં. નંદબાવાની આંખો બંધ જોઈ, સુનંદાજીએ બૂમ પાડી, ભૈયા ભૈયા ! તેમના કાનમાં મોટેથી કહ્યું : ભૈયા, જાગો. નંદબાવાની આંખો છતાંય ન ખૂલી. તેમનું આખું શરીર સુનંદાજીએ હચમચાવી દઈને કહ્યું : ભૈયા જાગો. આંખો ચોળતાં ચોળતાં નંદજી બેઠા થઈ ગયા. સુનંદાજીએ ધીમા મધુરા અવાજે કહ્યું : બાવા, આપકે ઘર લાલા ભયો હૈ.

નંદજીને ઊભા થવું કે બેસવું, નાચવું કે કૂદવું તેની કંઈ ખબર પડતી નથી. તેમના હૃદયમાં અતિ અદ્ભુત ભાવ જાગ્યો. તેમણે સુનંદાજીને કહ્યું : સુનંદા, એ શબ્દો ફરીથી બોલ ને ! સુનંદાજીએ ફરીથી કહ્યું : બાવા, લાલા ભયો હૈ.

નંદબાવા એક જુવાનની ઝડપે ઊભા થઈ ગયા. તેમની વાણી ગદ્ગદ્ થઈ ગઈ. તેઓ કહેવા લાગ્યા, કોઈ બ્રાહ્મણકો બુલાઓ. અરે કોઈ વ્રજવાસિનકો બુલાઓ. અરે ભૈયા, કોઈ ગવૈયાનકો બુલાઓ, બજવૈયાનકો બુલાઓ. કોઈ નચવૈયાનકો બુલાઓ. સુનંદાબેન કહે છે : બાવા, તે બધાંને પછી બોલાવજો, પહેલાં તમે લાલાનાં દર્શન તો કરો. નંદજી યશોદાજીના ઓરડા તરફ દોડવા ગયા.

એટલામાં બ્રાહ્મણો આવી પહોંચ્યા. તેમણે નંદરાયજીને પકડી લઈને કહ્યું : બાવા, ઊભા રહો. પહેલાં મંગલસ્નાન કરો. પછી જઈને પુત્રનું મુખ જુઓ. નંદજીને પુત્રમુખ જોવાની એટલી તાલાવેલી હતી કે તેમણે સુનંદાબેનને કહ્યું : ઝટપટ એક ઘડો જળ અહીં ને અહીં જ મારા માથે નાખી દે ને. દર્શનની તમન્ના અને મિલનની આર્તિ ઉત્કટ હતી

બ્રાહ્મણોએ કહ્યું : ના, બાવા. આમ મંગલસ્નાન ન થાય. દોડતા દોડતા શ્રીયમુનાજીમાં સ્નાન કરવા જાઓ. નંદબાવા વાજતેગાજતે શ્રીયમુનાજીએ સ્નાન કરવા ગયા.

નન્દસ્ત્વાત્મજ ઉત્પન્ને જાતાહ્લાદો મહામના: ।
આહૂય વિપ્રાન્ વેદજ્ઞાન્ સ્નાત: શુચિરલંકૃત: ॥૫/૧॥

મહામના નંદબાવા મંગલસ્નાન કરીને શ્રીયશોદાજીની પાસે પધાર્યા. આજે નંદબાવાની આંખો જાણે કામ કરતી નથી. આખી દુનિયાની આંખો કામ ન કરે, એવો કમનીય કૃષ્ણ શ્રીયશોદાજીની ગોદમાં સૂતો છે. નંદજી ટગરટગર તેને જોઈ રહ્યા છે. તેઓ આખી દુનિયાને ભૂલી ગયા છે. આજુબાજુ ઉપર-નીચે શું થઈ રહ્યું છે, તેની તેમને કંઈ ખબર નથી. વારંવાર શ્યામસુંદરનું મુખકમળ નીરખે છે. સુનંદાબહેને કેડમાં ગોદો માર્યો. નંદજી ચમકી ગયા.

સુનંદાજીએ કહ્યું, 'મોટાભાઈ, પુત્રના જાતકર્મ સંસ્કાર કરો.' નંદજીએ વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા. બ્રાહ્મણોએ નવજાત બાળકના જાતકર્મ સંસ્કાર કર્યા. તેમણે વેદમંત્રો ઉચ્ચાર્યા. જાતકર્મ સંસ્કાર વખતે એક સળી પર મધ લઈ બાળકને ચટાડવામાં આવે છે. નંદબાવા શ્રીબાલકૃષ્ણને મધ ચટાડવા ગયા, ત્યારે કૃષ્ણ કનૈયાલાલ જીભ કાઢીને બધું મધ ચાટી ગયા. નંદજી વિચાર કરે છે, મારો દીકરો માત્ર સુંદર નથી, ચતુર પણ છે.

નંદભવનના દ્વાર પર બ્રાહ્મણો આવીને ઊભા છે. સર્વના કંઠમાંથી આશીર્વાદ નીકળે છે. તેઓ વેદમંત્રોનો બુલંદ સ્વરે ઉચ્ચાર કરે છે. બીજી બાજુ બીજા દ્વારે વ્રજગોપિકાઓનાં ટોળેટોળાં આવ્યાં છે. તેઓ આશીર્વાદ આપે છે, **'ચિર જિયો ગોપાલ, રાની તેરો.'** ત્યાં તો નંદભવન પાસે ગોપ-ગ્વાલોની ભીડ પણ દોડતી દોડતી આવી. તેઓ કહેવા લાગ્યા : બધાઈ હૈ બાવા, બધાઈ હૈ. તેમના ખભે દૂધ-દહીંના મોટા મોટા કાવડ છે. તેઓ હજારોની સંખ્યામાં છે.

નંદબાવાએ નંદભવનના બહારના ચોકમાં સાત ધાન્યના મોટા મોટા ઢગલા કરાવ્યા. તેઓ તેનું બ્રાહ્મણોને દાન આપી રહ્યા છે. તેઓ બ્રાહ્મણો માગે તેટલું આપે છે અને હાથ જોડીને માગે છે, 'હે બ્રહ્મદેવો ! હે વ્રજવાસીઓ ! મને આશીર્વાદ આપો. મારો શ્યામસુંદર જુગજુગ જીવે. તમે મારું બધું લઈ જાઓ, પણ મને એવા આશીર્વાદ આપો કે મારો શ્યામસુંદર કદી મારાથી જુદો ન થાય.'

બીજી બાજુ નંદબાવાએ બે લાખ ગાયોનાં ઝૂંડ ઊભાં કર્યાં છે. તે દાનમાં આપવા માટે છે. આમ, ચારે બાજુ આનંદ મંગલ છવાઈ રહ્યો છે. ત્યાં વ્રજવાસીઓ દોડતા નંદબાવા પાસે આવ્યા. તેમણે બધી કાવડો નંદબાવાની પાસે મૂકી. એક બાજુ ગોપીઓની ભીડ અને બીજી બાજુ ગોપોની ભીડ.

ગોવાળિયાઓ કહે છે : બાવા, આ બ્રાહ્મણો તો જરીક જરીક દહીં છાંટે છે. આ બધા કંજૂસ બ્રાહ્મણો છે. તેમણે અંદર અંદર કહ્યું : લાલા શું જોઈ રહ્યા છો ? ઉઠાઓ ગગરી, ઔર ડાલો બાવાકે સિર પર. એક જુવાન ગોપે મોટી ગાગર ઊંચકી, નંદબાવાના માથે ઢોળી દીધી. પછી તો સૌ એકબીજાના ઉપર નાખતા જ ગયા, નાખતા જ ગયા. દહીં નાખતા જાય, નાચતા જાય, કૂદતા જાય અને ગાતા જાય કે *ભૈયા હો, આજ નંદરાયકે ઘર આનંદ ભયો.*

આમ, બહુ મોટા પાયે નંદ મહોત્સવ સંપન્ન થયો.

■

પ્રકરણ ૧૪

હરિ-હરનું અદ્‌ભુત મિલન

સૌ વ્રજવાસીઓએ અનેરા નંદમહોત્સવનો આનંદ લૂંટ્યો. જીવનમાં ઉત્સવ તો ઘણા આવે, પણ મહોત્સવ ક્વચિત્ જ આવે છે. આનંદની અનુભૂતિ બે પ્રકારે થાય છે : પરોક્ષ અને પ્રત્યક્ષ. જેમાં આનંદની અનુભૂતિ પરોક્ષ રીતે થાય તે ઉત્સવ. જેમાં આનંદની પ્રત્યક્ષ અનુભૂતિ થાય તે મહોત્સવ.

ગોકુળમાં તો સાક્ષાત્ આનંદનું અવતરણ થયું છે. અવનિ ઉપર આનંદની અભિવ્યક્તિ થઈ છે. માટે તેને નંદઉત્સવ ન કહેતાં, નંદમહોત્સવ કહ્યો. ઉત્સવમાં ઉત્કૃષ્ટ વસ્તુનું ઝરણું ઝરે છે. ઉત્ એટલે ઉત્કૃષ્ટ અને સવ્ એટલે સ્રવવું અથવા ઝરવું.

જીવનમાં ઉત્કૃષ્ટ શું ? તેનો જવાબ છે કેવળ શ્યામસુંદર. પરમાનંદનું ઝરણું જેમાં પ્રત્યક્ષ ઝરતું હોય, તેવો આ નંદમહોત્સવ વ્રજભૂમિમાં ઊજવાયો છે. આપણા જીવનમાં જે ક્ષણે પરમાનંદની અનુભૂતિ કરીએ, એ ક્ષણ મહોત્સવ બની જાય છે. તે ક્ષણે મહોત્સવ ઊજવી શકાય. પાંચ હજાર વર્ષ પહેલાં નંદબાવાએ નંદમહોત્સવ કરેલો. પાંચસો વર્ષ પહેલાં શ્રીમહાપ્રભુજીએ આવો નંદમહોત્સવ કરેલો.

શ્રીમહાપ્રભુજીએ નંદમહોત્સવની આવી પ્રત્યક્ષ અનુભૂતિ કાશી શહેરમાં શેઠ પુરુષોત્તમદાસના ત્યાં સૌને કરાવી હતી. નંદમહોત્સવનો દિવસ હતો. શ્રીઠાકોરજીને પલને ઝુલાવવાની તૈયારી થતી હતી. વૈષ્ણવોએ વિનંતી કરી કે જેવી રીતે નંદ બાવાના ત્યાં નંદમહોત્સવનો આનંદ આવેલો એવો આજે ન આવે ? શ્રીમહાપ્રભુજીની કૃપાથી, એમના ઘરમાં આવેલા એક કૂવામાંથી સકળ વ્રજવાસીઓ પ્રગટ થયા અને ગોકુલમાં થયો હતો એવો નંદમહોત્સવ થયો. આજે પણ કાશીમાં શેઠ પુરુષોત્તમદાસના ઘરમાં એ કૂવો છે, જેને ગોપકૂવો કહે છે. તે વખતે તેમના ઘેર ઝાંઝ-પખાવજ વાગવા લાગ્યાં, મધુર કીર્તન થવા લાગ્યાં. ચારે બાજુથી જયજયકાર થવા લાગ્યો, *નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી.*

નન્દસ્ત્વાત્મજ ઉત્પન્ને જાતાહ્લાદો મહામના: ।
આહૂય વિપ્રાન્ વેદજ્ઞાન્ સ્નાત: શુચિરલંકૃત: ॥૫/૧॥

દશમ સ્કંધના પાંચમા અધ્યાયના પ્રારંભમાં શ્રી શુકદેવજી મહારાજ નંદરાયજી માટે 'મહામના:' એવો શબ્દપ્રયોગ કરે છે. આ વિશેષણ માત્ર નંદબાવા માટે જ

સુયોગ્ય છે, બીજા કોઈને માટે તે એટલું યોગ્ય નથી. મહામના એટલે મોટું મન. મન ઘણાંને છે, પરંતુ મોટું મન ક્વચિત્ કોઈકને જ મળે છે. આજના શબ્દોમાં કહીએ તો બ્રૉડમાઇન્ડ. પરંતુ આજે લોકો બ્રૉડમાઇન્ડનો વિચિત્ર અર્થ કરે છે; પણ શ્રીશુકદેવજીએ બ્રૉડમાઇન્ડ માટે મહામના શબ્દ કયા અર્થમાં વાપર્યો તે સમજવા જેવું છે.

આજની પરિભાષામાં બ્રૉડમાઇન્ડનો અર્થ એટલો જ કે ગમે ત્યાં ખાઈ શકાય, ગમે ત્યાં જઈ શકાય, ગમે તે બોલી શકાય, ગમે તેવું વર્તન કરી શકાય. જે માણસ ચીલાચાલુ રીતે જીવતો હશે, તેને નૅરોમાઇન્ડ કહે છે; પરંતુ ગમે ત્યાં ખાવા-પીવાથી કે ગમે તેવું વર્તન કરવાથી મહામના બની શકાતું નથી. મહામના એ છે કે જે સર્વમાં સમાઈ શકે છે અને સર્વને પોતાનામાં સમાવી શકે છે. બીજા શબ્દોમાં તેને ઉદાત્ત મન કહી શકાય. સામા માણસના અનંત અપરાધો હોય, છતાં તેને પોતાનામાં સમાવી લે તે મહામના. સામો માણસ ગમે તેટલો નાનો હોય; છતાં પોતે તેનામાં સમાઈ જાય, તે મહામના. નંદબાવા એવા મહામના છે.

આથી પણ વધારે વાત એ છે કે નંદજીના મનમાં પોતીકા અને પરાયાના ભેદ નથી. જેના મનમાંથી અહંતા અને મમતા નીકળી ગયાં હોય, તે મહામના કહેવાય. આપણું મન તો ઘણું સાંકડું છે. આપણે ગમે તેટલી ડિગ્રીઓ ભલે લીધી હોય, રૂપાળાં ચમકતાં ભલે દેખાતાં હોઈએ, છતાં મનમાં 'મારું' અને 'તારું' આવી જ જાય છે.

એક સુશિક્ષિત બહેનને જાણું છું, જેમણે પોતાના દીકરાને ગળથૂથીમાંથી 'મારા' અને 'તારા'ના ભેદના સંસ્કારો આપ્યા છે. દીકરો કે.જી.માં ભણતો હતો. માતાએ સમજાવી દીધું કે 'આપણું ઘર મોટું, આપણું ખાવાનું સારું. નિશાળમાં એકલો બેસીને ખાજે.' દીકરો એકલો બેસીને ખાય છે. આ દીકરો કદી ઉદાત્ત મનનો બનશે ખરો ? જે પોતાના કોળિયામાંથી બીજાને કોળિયો નથી આપી શકતો, તે બીજામાં કેવી રીતે સમાશે ?

નંદબાવા વિશાળ મનના છે. તેમને કોઈ વ્રજવાસી પારકો નથી લાગતો, બધા પોતાના લાગે છે. જ્યારે બધાં પોતાનાં લાગે, ત્યારે પોતાનું બધું જ બધાંને આપી દેવાની ઇચ્છા જાગે છે. તેથી વિશાળ મનવાળા નંદબાવા દાન આપવા બેઠા છે. તેઓ કહી રહ્યા છે, મારી બધી તિજોરી ખાલી કરો. એવું નહીં કે ખરાબ ખરાબ હોય તે દાનમાં આપો અને સારું સારું હોય તે મૂકી રાખો.

એક ગામમાં ભાગવત સપ્તાહનું આયોજન થયું. તેઓ પૂજા માટે સોપારી લાવેલા. મેં પૂછ્યું : આવી સોપારી કેમ લાવ્યા છો ? તેઓ કહે, આ તો પૂજા માટેની છે, ખાવા માટેની નથી. આપતી વખતે સારું સારું રાખી મૂકે અને ખોટું ખોટું આપે એ તો એક દેખાવ છે. નંદજી તેમના સેવકોને હુકમ કરે છે કે મારા ભંડારમાંથી જે જે ચીજ-વસ્તુઓ ઉત્તમ હોય, તે દાનમાં આપવા માટે લાવો. ભંડારમાંથી દ્રવ્ય નીકળ્યું, અન્ન નીકળ્યું, આભૂષણો નીકળ્યાં અને ધાન્યના મોટા મોટા ઢગલા થયા. આવા નંદબાવા માટે શ્રી શુકદેવજીએ બે વખત **'મહામના'** શબ્દ વાપર્યો છે.

જેવી રીતે અષાઢનો મેઘ આવે, ત્યારે વરસે અને ભાદરવાનો મેઘ જતાં જતાં વરસે; તેવી રીતે નંદજી પણ ખૂબ વરસ્યા છે. આથી વધારે નંદજીનું મહામનત્વ ક્યાં દેખાય ? એમનું બીજું મહામનત્વ ૧૧ વર્ષ અને બાવન દિવસ પછી દેખાય છે. શ્યામસુંદરને લઈને નંદબાવા મથુરા પધાર્યા છે. વસુદેવજીએ કહ્યું : બાવા, તમારા શ્યામસુંદર કાયમ માટે મને ન આપી દો ? નંદબાવાએ શ્યામસુંદરલાલ વસુદેવજીને સોંપી દીધા. અહીં તેમનું મહામનત્વ પ્રગટ થાય છે. દુનિયામાં બધું અપાય, પણ જિગરનો ટુકડો અપાય? આંખની કીકી આપી શકાય? દિલનો આનંદ આપી શકાય? શ્યામસુંદર તો નંદબાવાનો આનંદ હતો. તેઓ નંદબાવાનું હૃદય હતા. વસુદેવજીની વાત સાંભળી એક વાર નંદજી થથરી ગયા; પરંતુ વસુદેવજીએ હઠ કરી. નંદબાવાની આંખમાં ચોધાર આંસુ છે, બીજી બાજુ તેમનું ઉદાત્ત મન કહે છે, નંદ ! તારો શ્યામસુંદર મથુરાનો રાજા બનશે, વસુદેવના અંતરમાં આનંદ થશે. તું એને સોંપી દે.

ગોવિંદજીનો હાથ પકડી વસુદેવજીના હાથમાં સોંપતા નંદરાયજીને જ્યારે આપણે જોઈએ છીએ, ત્યારે લાગે છે કે દુનિયામાં એમના જેવા મોટા મનનો બીજો કોઈ હશે ખરો ? અને તે પણ એવી રીતે સોંપ્યા કે નંદજીએ ફરીથી તે દિશામાં નજર પણ કરી નહિ.

પુત્ર પિતાની એવી સંપત્તિ છે કે તે આપી દીધા પછી પણ પિતા તેનું મમત્વ છોડી શકતો નથી. નંદબાવાએ શ્યામસુંદર ઉપર અધિકાર કરવાની કદી પણ ચેષ્ટા કરી નથી. ૮૦ વર્ષ પછી સૂર્યગ્રહણના પ્રસંગમાં નંદબાવા ગોવિંદજીને કુરુક્ષેત્રની ભૂમિ ઉપર મળે છે. આ નંદબાવાનું મહામનત્વ છે.

શ્રી શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે, હે રાજન્ ! વ્રજમાં આટલો બધો આનંદ આજે કેમ છે ? વ્રજમાં કોણ આવ્યું છે, સાંભળો –

'કૃષ્ણે વિશ્વેશ્વરેઽનન્તે નન્દસ્ય વ્રજમાગતે.'

શ્રી શુકદેવજીએ ત્રણ શબ્દો વાપર્યા છે : **કૃષ્ણે, વિશ્વેશ્વરે અને અનન્તે.**

વ્રજમાં આવેલ આ વ્રજવાસી ઠાકોર કૃષ્ણ છે, વિશ્વેશ્વર છે અને અનંત છે. આમાં ભગવાનની ત્રણ વસ્તુ બતાવી. સ્વરૂપ, સત્તા અને સામર્થ્ય. કૃષ્ણ શબ્દથી ગોવિંદજીનું સ્વરૂપ બતાવ્યું. વિશ્વેશ્વર શબ્દથી તેમની સત્તા બતાવી અને અનંત શબ્દથી સામર્થ્ય બતાવ્યું. શ્રી શુકદેવજી કહે છે રાજા, આ કોઈ સાધારણ તત્ત્વ નથી. કૃષ્ણ વિશ્વેશ્વર અનંત વ્રજનો ઠાકોર બનીને આવ્યો છે. આવું તત્ત્વ જ્યારે વ્રજમાં પધારે, ત્યારે કોના દિલમાં આનંદ ન થાય ?

જેના ઘરમાં ગોવિંદજીનું સ્થાન હોય, એનું જ ઘર સાચી સમૃદ્ધિવાળું છે. જ્યારથી ગોવિંદજી વ્રજમાં પધાર્યા છે, ત્યારથી આઠ સિદ્ધિઓ અને નવ નિધિઓ વ્રજમંડળમાં નૃત્ય કરતી રહી છે.

તત આરભ્ય નન્દસ્ય વ્રજ: સર્વસમૃદ્ધિમાન્ ।
હરેર્નિવાસાત્મગુણૈ રમાક્રીડમભૂન્નૃપ ॥૫/૧૮॥

સમૃદ્ધિશાળી અને સંપત્તિશાળી ઘર કોનું ? આ પ્રશ્ન શ્રીભાગવતજીના તૃતીય સ્કંધમાં પણ ઊભો થયો હતો અને તે વિદુરજીના પ્રસંગમાં. ત્યાં શ્રી શુકદેવજીએ વિદુરજીના ઘર માટે એક શબ્દ વાપર્યો **'વૃદ્ધિમત્'** અર્થાત્ વિદુરજીનું ઘર વૈભવશાળી હતું. આપણને વિચાર થાય કે વિદુરજીનું ઘર વૈભવશાળી છે, તો એ વૈભવ કેવો હશે ? લોકોને વિદુરજીનો વૈભવ જોવાની જિજ્ઞાસા જાગી.

વિદુરજીનું ઘર એટલે શ્રીયમુનાજીના કિનારે બાંધેલી એક પર્ણકુટિ. બહારથી તૂટેલું ઝૂંપડું હતું. લોકોને થયું બહારથી કદાચ આવું દેખાતું હશે, પરંતુ અંદરથી ભવ્ય પણ હોય. વિદુરજીના ઝૂંપડામાં એક ખાટલો પડ્યો છે. ઝૂંપડાનું છાપરું એવું છે કે અડધી રાત્રે સૂતાં સૂતાં પણ ચંદ્રનાં દર્શન થાય. થોડાં તૂટ્યાં-ફૂટ્યાં વાસણો છે. એક નાની ચટાઈ છે. આપણને વિચાર થાય કે આવા ઘરને શ્રી શુકદેવજી સમૃદ્ધિશાળી ઘર કહે છે ? કોઈ વિદુરજીને પૂછે કે આવા ઘર માટે તમે વૃદ્ધિમત્ શબ્દ વાપર્યો ? આ શબ્દ તો દુર્યોધનના મહેલ માટે વાપરવો જોઈતો હતો. આનો જવાબ શુકદેવજી નથી આપતા, પણ તુલસીદાસજી બહુ સુંદર આપે છે–

જહાઁ સુમતિ તહાઁ સંપત્તિ નાના, જહાઁ કુમતિ તહાઁ વિપદ નિધાના.

તુલસીજીએ તોડ કાઢ્યો. જે ઘરમાં સુમતિ હોય, એ ઘરમાં સંપત્તિ છે. જે ઘરમાં કુમતિ હોય તે ઘરમાં વિપત્તિ હોય. જેની પાસે સુમતિ હોય, તે શ્યામસુંદરને બોલાવે, જેની પાસે કુમતિ હોય તે માયાદેવીને બોલાવે. સુમતિવાળો શ્યામસુંદરને પોતાના ઘરમાં વસાવે એ જ એની મોટામાં મોટી સમૃદ્ધિ છે. જ્યારથી ગોવિંદજી ગોકુળમાં આવ્યા છે, ત્યારથી ગોકુળ આખી દુનિયામાં સમૃદ્ધશાળી બન્યું છે.

કૃષ્ણજીને પધાર્યે ચારેક દિવસ થયા છે. મોટામોટા દેવો, દેવીઓ, સંતો, મહાપુરુષો ગોવિંદજીનાં દર્શન કરવા આવવા લાગ્યા છે. અલખ નિરંજન જગાવતા સાક્ષાત્ શિવજીનું પદાર્પણ થયું છે. તેઓ આવીને નંદદ્વારે ગાવા લાગ્યા :

'બાલા મૈં જસ ગાયા જોગી, દ્વારા તેરે આયા.'

હરિ અને હરનો મેળાપ થયો. ઘરની અંદરથી યશોદાજી બૂમો પાડે છે, 'અરે સખીઓ, પેલા બાવાજીને કહો કે દૂર જાય. મારો લાલો એમના ગળામાં લટકતા સાપ જોઈને ડરે છે.' શ્યામજી મનમાં હસતાં વિચાર કરે છે, 'મૈયા ! આનાથીયે મોટા મોટા સાપોને હું મસળી નાખવાનો છું. એક વાર આજે મહાદેવજીને દર્શન આપી દઉં, પછી આગળ ઉપર કાલિય નાગને હું નાથીશ.'

મહાદેવજીના સમગ્ર શ્રીઅંગ ઉપર સર્પ વીંટળાયેલા છે. આપણાં દેવી-દેવતાઓનાં બધાં ચિહ્નો કંઈક સૂચક છે. આપણને પ્રશ્ન થશે કે મહાદેવજીના શરીર ઉપર સર્પ છે. એનું કારણ શું ? લોકોએ કહી દીધું કે જોગીઓ સાપ નહિ પહેરે, તો બીજું શું પહેરશે ? પરંતુ ખરું કારણ એ છે કે મહાદેવજી યોગેશ્વર છે. યોગશાસ્ત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે માણસના શરીરમાં કુંડલિની નામની એક શક્તિ છે, તે સર્પાકારની છે. મહાદેવજી સર્પ ધારણ કરી એમ સમજાવે છે કે જ્યાં જ્યાં હું મારી યોગવિદ્યાને ધારણ કરું છું; ત્યાં કુંડલિની શક્તિ જાગૃત થાય છે - હાથમાં, ગળામાં, મસ્તકમાં, ચરણમાં અને કટિમાં. શિવજી કુંડલિનીનાં ચિહ્નોને ધારણ કરે છે.

આપણા શ્યામસુંદરલાલ સો માથાવાળા કાલિય નાગને નાથવાના છે. તેઓ એમ સૂચવે છે કે મારી પાસે એટલી બધી શક્તિ છે કે હું એકસાથે સો કુંડલિનીઓને નાથી શકું છું. મહાદેવજી શ્રીઅંગ ઉપર ભસ્મ લગાવીને પધારે છે. લોકો એમ કહે છે કે બાવાઓ ભભૂત સિવાય બીજું શું લગાડે ? મહાદેવજી દુનિયાને સમજાવે છે કે જે શરીરમાં તારી દૃષ્ટિ છે, એ શરીર અંતે ભભૂતિ બનવાનું છે. વૈરાગ્યનું દર્શન કરાવવા શિવજી શ્રીઅંગ ઉપર ભભૂતિ લગાવે છે.

આવી રીતે શિવજીના સ્વરૂપમાં આપણે અનેક ચિહ્નો જોઈ શકીએ છીએ. આવા ‘હર’ સ્વયં ચાલીને શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા છે.

મને તો હમેશાં એવું સમજાય છે કે હર અને હરિને કોઈ ઝઘડો જ નથી; પરંતુ તેમના સેવક શૈવો અને વૈષ્ણવોને બહુ મોટો ઝઘડો છે. હર અને હરિ કોઈ દિવસ લડ્યા નથી. તેમની વચ્ચે જેટલું સખ્ય છે એટલું બીજા કોઈ વચ્ચે નથી. જ્યાં જ્યાં મોટામાં મોટાં વિષ્ણુતીર્થો છે ત્યાં ત્યાં શિવજીનું મંદિર પણ છે. તેવી જ રીતે જ્યાં જ્યાં શિવજીનાં તીર્થો છે, ત્યાં ત્યાં વિષ્ણુ મંદિર પણ છે.

એક કવિએ બહુ સુંદર કલ્પના કરી. તેઓ બતાવે છે કે હરિ અને હર એકબીજાને કેટલો પ્યાર કરે છે. મહાદેવજી તમોગુણી દેવતા છે. તમોગુણી દેવ શ્યામ હોવા જોઈએ. વિષ્ણુ ભગવાન સત્ત્વગુણી દેવતા. સત્ત્વગુણી દેવ ઊજળા હોવા જોઈએ. તેને બદલે વિષ્ણુજી શ્યામ અને મહાદેવજી ગોરા છે. એનું કારણ શું ? કવિએ બહુ સુંદર કલ્પના કરી છે : વિષ્ણુને મહાદેવજી બહુ ગમે છે અને મહાદેવજીને વિષ્ણુ બહુ ગમે છે. જે જેનું વધારે ધ્યાન કરે છે, તેને તેનું રૂપ મળી જાય. હરનું સ્મરણ કરતાં હરિ શ્યામ બન્યા અને હરિનું સ્મરણ કરતાં હર ગોરા બન્યા !

મહાદેવજી માટે કહેવામાં આવ્યું કે ‘**વૈષ્ણવાનાં યથા શંભુ:**’ મહાદેવજી પરમ વૈષ્ણવ છે; તો પછી આ ગોટાળો થયો કેમ ? મહાદેવજીનાં બે રૂપ પ્રસિદ્ધ છે : એક વૈષ્ણવ શિવ અને બીજા જ્ઞાની શિવ. શિવજીના ચરિત્રમાં તેમનાં આ બે રૂપ જોવા મળે છે. શ્રીભાગવતજીમાં શિવજીના જે સ્વરૂપનો સ્વીકાર કર્યો છે, તે વૈષ્ણવ શિવનો છે. કેવળ જ્ઞાની શિવનો નથી. જ્ઞાની શિવ પાશુપત મતનો ઉપદેશ આપનારા છે, શૈવતંત્રનો ફેલાવો કરનારા છે. વૈષ્ણવ શિવ રામજીને અને શ્યામજીને પ્રેમદોરાથી બાંધતા દેખાય છે.

ભાગવતજીમાં એક પ્રસંગ છે. કેટલાક યોગીઓ તપશ્ચર્યા કરવા જતા હતા, ત્યારે શિવજીએ તેમને ભગવાન વિષ્ણુની ભક્તિ આપી. તેમણે તે તપસ્વીઓને રુદ્રગીતાનો ઉપદેશ આપ્યો.

ભોળા શંભુ ગોકુળમાં નૃત્ય કરતા પધાર્યા. ગોવિંદજી યશોદામાની ગોદીમાં બિરાજ્યા છે. માતાજી કહે છે, પેલા જોગીડાને કહો કે અહીંથી દૂર જાય. જોગી દૂર ગયા કે તરત લાલાજીએ જોરથી રડવાની શરૂઆત કરી. લાલાજી કહે છે, મા !

એમના વિના મને ગમશે નહિ. જશોદાજી કહે છે : સખીઓ, આ જોગીએ મારા લાલા ઉપર ભૂરકી નાખી લાગે છે. જોગીને પાછા બોલાવ્યા. સખીઓએ શિવજીની ગોદમાં શ્યામજીને સુવાડ્યા અને તરત જ તેમનું રડવાનું બંધ થયું.

પ્રભુના પ્રાગટ્યને ચાર દિવસ પૂરા થયા છે. બીજા બે દિવસ વીત્યા અને છ દિવસ થયા. નંદબાવાએ છઠ્ઠીની પૂજા કરી. ત્યાર બાદ તેમણે વિચાર કર્યો કે રાજા કંસને વાર્ષિક કર આપવાનો છે, તે મથુરા જઈને આપી આવું. અત્યાર સુધી દીકરો નહોતો, એટલે વસ્તુઓ રહે કે જાય તેની ચિંતા નહોતી. હવે દીકરો થયો એટલે વસ્તુઓ ટકી રહે એનો વિચાર થયો. તેમણે કંસને વાર્ષિક કર આપવા જવાનું નક્કી કર્યું. ભગવાન વિચાર કરે છે, બાવા તમે સુખેથી જાઓ. મારી માસી આવવાની છે. મારે તમારી ગેરહાજરીમાં એનો ઘડોલાડવો કરવો છે.

નંદજી વાર્ષિક કર ચૂકવવા મથુરા ગયા. મથુરામાં નંદજી વસુદેવજીને મળ્યા. બંને એકબીજાને ભેટી પડ્યા. નંદજીએ ખરખરો કર્યો, વસુદેવ ! કંસે તમારા બધા જ દીકરાઓને મારી નાખ્યા, બહુ જ ખોટું થયું. વસુદેવજી આંખો મીંચે છે. મનમાં કહે છે, ના. એવું નથી. મારા બે દીકરા હજુ જીવતા છે. સૂર્ય અને ચંદ્ર એ બે દીકરા નંદબાવાને ત્યાં મોટા થઈ રહ્યા છે. નંદબાવાએ ખરખરો કરવાનું ચાલુ રાખ્યું. તેમણે કહ્યું, વસુદેવ ! એક કન્યા જન્મી તે પણ મરી. વસુદેવજી મનમાં કહે છે તે મારી દીકરી નહોતી, એ તો તમારી દીકરી હતી.

વસુદેવજી નંદજીને ટકોર કરે છે –

કરો વૈ વાર્ષિકો દત્તો રૌજ્ઞે દષ્ટા વયં ચ વઃ ।
નેહ સ્થેયં બહુતિથં સન્ત્યુત્પાતાશ્ચ ગોકુલે ॥૫/૩૧॥

હે નંદજી ! તમે જલદી ગોકુળ પાછા જાઓ. મારું મન એમ કહી રહ્યું છે કે ગોકુળમાં કંઈક ઉત્પાત થઈ રહ્યો છે. ન કલ્પી શકાય એવું કંઈક વિચિત્ર અઘટિત બનવાનું છે.

વસુદેવજીના આ શબ્દો નંદજીને દુ:ખ આપી ગયા. નંદજી જલદી જલદી ગાડાં જોડી ગોકુળ જવા તૈયાર થયા.

■

પ્રકરણ ૧૫

પૂતના-મોક્ષ અને પરીક્ષિતની જિજ્ઞાસા

નન્દ: પથિ વચ: શૌરેર્ન મૃષેતિ વિચિન્તયન્ ।
હરિં જગામ શરણમુત્પાતાગમશઙ્કિત: ।।૬/૧।।

બે જાતનો ભય નંદજીના અંતરમાં જાગ્યો છે : (૧) બહારનો ભય (૨) અંદરનો ભય. અંદરનો ભય શબ્દથી થયો છે અને બહારનો ભય પૂતનાના આગમનની શંકાથી થયો છે. જ્યારે જ્યારે આપણા અંતરમાં ભય જાગે, ત્યારે શ્રી શુકદેવજી સલાહ આપે છે કે તમે ભગવાનના શરણે જાઓ. નિર્ભય બનવાનું એક જ સાધન છે અને તે છે ભગવાનનું શરણ. બાળક જ્યારે માના ખોળામાં બેસી જાય છે, ત્યારે તે સિંહ બની જાય છે. મા તેને બે ઘડી અળગો કરે, ત્યારે શિયાળ બની જાય છે. નાના બાળકને માના ખોળામાં બેસતાં સિંહ જેવો ભાવ જાગે છે, તો જીવ હરિની ગોદમાં બેસે, ત્યારે સિંહ જેવો ન બને ? ભગવાનનાં ચરણારવિંદ પકડી લેવાથી જીવનના તમામ ભય નિવૃત્ત થઈ જાય છે.

વારેવારે નંદબાવાને ફફડાટ થાય છે કે ગોકુળમાં શું થયું હશે ? ત્યાં અંતરમાં ભાવ જાગ્યો કે તારા શ્યામસુંદરનો એક વાળ પણ વાંકો નહિ થાય; કારણ કે તું હરિને શરણે ગયો છે. જીવનમાં કદી તારું અહિત થવાનું નથી. માટે શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે નિર્ભય બનવું હોય તો હમેશાં એટલું યાદ રાખો કે **'નિજેચ્છાત: કરિષ્યતિ'**– ભગવાન કરે સો ભલી કરે. આટલું વાક્ય જો માણસ સમજી જાય અને તે સમજ દિલથી આવે, બુદ્ધિથી નહિ; તો એને જીવનમાં કદી ભય સતાવતો નથી. જે બને છે તે ભગવદિચ્છાથી જ બને છે તેવી દૃષ્ટિ આવે છે.

બીજી બાજુ પૂતના માસી ગોકુળ જવા તૈયાર થયાં.

કંસેન પ્રહિતા ઘોરા પૂતના બાલઘાતિની ।
શિશૂંશ્ચચાર નિઘ્નન્તી પુરગ્રામવ્રજાદિપુ ।।૬/૨।।

કંસની મોકલેલી આ પૂતના છે. **પૂતાન્ નયતિ યા સા પૂતના** – જે પવિત્ર ભાવોને પણ ઘસડી જાય, એવી અવિદ્યા તે પૂતના. આપણે માળા કરવા બેઠાં હોઈએ, *'શ્રીકૃષ્ણ: શરણં મમ'*નો જપ થતો હોય, ત્યારે મન ભટકવા લાગે તો સમજવું કે પૂતના માસી આપણને ઘસડી ગયાં.

એક કવિએ સાચું કહ્યું છે કે *'માલા તો કરમેં ફિરે, ઔર મનુવા ચારોં ઔર.'* આપણા મનમાં જે ઘડીએ પવિત્ર ભાવો જાગતા હોય તે જ ઘડીએ એ મનમાં જો ક્રૂર વૃત્તિઓનો ઉદય થાય, તો સમજી જવું કે પૂતના આપણને મારવા આવી છે. આપણી પવિત્રતામાં અપવિત્રતાની વૃત્તિ ક્યારે જોર કરે છે, તેની આપણને ખબર પડતી નથી. અપવિત્રતા એ વિદ્યાએ દૂર કરેલું અને અવિદ્યાએ આપેલું કાર્ય છે.

આ પૂતના **'ઘોરા'** એટલે બહુ જ ભયંકર છે. તે બાલઘાતિની છે. શ્રી શુકદેવજી કહે છે સાવધાન રહેજો. જો તમે બાળક હશો, તો પૂતના તમને ખાઈ જશે. જરાક ચકોર હશો તો પૂતના તમને નહિ ખાય.

એક ધોળા વાળ, ધોળી મૂછો અને ધોળાં કપડાંવાળા ભાઈ હતા. તેમણે પૂતનાનો આ પ્રસંગ સાંભળી વિચાર કર્યો કે હું તો ઘરડો છું. એ મને થોડી ખાશે? તે તો નાના છોકરાને ખાય. આવો વિચાર કરી તેઓ જપ કરવા બેઠા. જપ કરતાં કરતાં તેઓ ઊંઘી ગયા. એમનો દીકરો ત્યાં આવ્યો. તેણે પિતાને જગાડ્યા. પિતાએ વિચાર કર્યો કે મને પણ પૂતના ખેંચી ગઈ !

અહીં બહુ સુંદર તત્ત્વ સમજવા જેવું છે. ઉંમરથી કોઈ મોટો નથી કે નાનો નથી. ગુણોના વિકાસથી માણસ મોટો થાય છે અને ગુણોના રકાસથી માણસ નાનો થાય છે. બાલઘાતિની શબ્દનો અર્થ એવો છે કે જેમનું મન, હૃદય અને બુદ્ધિ પરિપક્વ થયાં નથી તે બધાં બાળક છે. તેમને પૂતના ખેંચી જાય છે. પછી તે મનુષ્ય ભલે એંસી વર્ષના હોય કે સો વર્ષના હોય.

આવી પૂતના બાળકોને શોધતી શોધતી વ્રજમંડળના સીમાડે આવી પહોંચી. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે પૂતના તુ અવિદ્યાનષ્ટા - **પૂતના એટલે અવિદ્યા.** *અવિદ્યાનાં પાંચ રૂપ છે : દેહાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, અંત:કરણાધ્યાસ અને સ્વરૂપવિસ્મૃતિ (સ્વરૂપનું અજ્ઞાન).*

પૂતનાબાઈએ સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. તે ઓળખાય નહિ એવી સુંદરી બની. એક હાથમાં કમળ લીધું, ગોળ ગોળ કમળ ઉછાળતી તે વ્રજભૂમિમાં પ્રવેશી. વ્રજના સીમાડે કેટલાક વ્રજવાસીઓ બેઠા હતા. તેઓ પૂતનાનું સૌંદર્ય જોતાં તેમના શરીરનું અનુસંધાન ભૂલી ગયા. તેમને દેહાધ્યાસનો અનુભવ થયો. તેઓ ટગરટગર પૂતનાને જોયા જ કરે છે. પૂતના માસી વિચાર કરે છે કે આવતાંની સાથે જ બધાંને મારી મોહિનીની અસર થવા લાગી !!

પૂતના આગળ વધી. કેટલાક યુવાન વ્રજવાસીઓ આસપાસમાં રમતા હતા. તેમને પૂતનાને જોતાં જ વિચાર આવ્યો કે શું આ કોઈ રાજકુંવરી તો નહિ હોય! તેઓ તેની સામે જોયા કરે છે. શું આ કોઈ અપ્સરા કે દેવાંગના હશે ? તેને જોવા સિવાય જુવાન વ્રજવાસીઓની આંખો બીજું કંઈ વિચારતી નથી. પૂતનાએ માથામાં ફૂલ સજાવ્યાં છે. તે ફૂલની સુગંધથી ચારે બાજુ સુવાસ ફેલાઈ છે. વ્રજવાસીઓ વિચાર કરે છે કે આખો ને આખો બગીચો તો નથી ખીલી ગયો ને ?

પૂતના મીઠું મીઠું ગણગણતી આગળ વધી. વ્રજવાસીઓના કાન સ્થિર થઈ ગયા. તેમને લાગ્યું કે કોઈ સાકરનો ટુકડો બોલી રહ્યો છે. બધી ઇન્દ્રિયો પૂતનાના હાવભાવ, દશ્યો, ગીત અને ચેષ્ટામાં ઓતપ્રોત બની ગઈ. આમ, વ્રજવાસીઓને ઇન્દ્રિયાધ્યાસ થયો.

માસી હજી આગળ ગઈ. કેટલાક પ્રૌઢ વ્રજવાસીઓ હાથમાં જપમાળા લઈને બેઠા હતા. તેઓ **'શ્રીકૃષ્ણ: શરણં મમ'**નો જપ કરતા હતા. તેમનું અંત:કરણ અત્યાર સુધી શ્યામસુંદરના નામે રંગાયેલું હતું. એ અંત:કરણ આજે પૂતનાના સ્વરૂપથી અભિભૂત બની ગયું. તેમના હાથમાં રહેલી જપમાળા અટકી ગઈ. તેઓ વારેવારે પૂતનાને જોવા લાગ્યા. એકબીજાને પૂછવા લાગ્યા, આ કોણ હશે ?

એક જણે તો કહ્યું પણ ખરું કે આ લપનો વિચાર કર્યા વિના જપ કરો ને ! છતાં આ પ્રૌઢ વ્રજવાસીઓના મગજમાંથી આ લપ જતી નથી. કેટલાક તો જપ કરતાં કરતાં ઊભા થઈ ગયા. બીજાએ તેમને ખેસ પકડીને બેસાડી દીધા. આ વ્રજવાસીઓનો અંત:કરણાધ્યાસ હતો. તેને લઈને તેમના અંત:કરણમાં પ્રભુનું નામ જ રહેતું નથી. તેઓ જપ કરવા આંખો બંધ કરે છે, તો બંધ આંખો સામે પણ પેલી પૂતના જ દેખાય છે.

માસીબા એમની મુગ્ધ ચેષ્ટાઓ કરતાં કરતાં આગળ ગયાં. ત્યાં ગોપીજનો જળનાં બેડાં ભરીને જતાં હતાં. તેઓ જોતાં જોતાં રોકાઈ ગયાં. પાછું વળીને જુએ છે. તેમના પ્રાણ અધ્ધર થઈ ગયા. તેમને લાગ્યું કે શ્યામસુંદરને લૂંટવા લક્ષ્મી તો નથી આવી ને ? જેવી રીતે એક શોક્યને જોતાં બીજી શોક્યના પ્રાણ અધ્ધર થઈ જાય તેમ પૂતનાને જોતાં ગોપીજનોના પ્રાણ અધ્ધર થઈ ગયા. આ પ્રાણાધ્યાસ. એક ગોપીએ કહ્યું, જરૂર એ લક્ષ્મી જ છે. બીજી કહે છે લક્ષ્મી ભલે ને આવી, લાલાજી આપણને છોડીને નહિ જાય. પહેલીએ કહ્યું : આપણે ગામડાની ગમારણો છીએ. આ

. હરકે પૂત

મતા હતા.
નહિ હોય!
? તેને જોવા
એ માથામાં
ઓ વિચાર

સ્થિર થઈ
યે પૂતનાના
૪ ાસીઓને

માળા લઈને
અંત:કરણ
જે પૂતનાના
ી ગઈ. તેઓ
હશે ?
૪૫ કરો ને !
ાક તો જપ
ા આ વ્રજ-
પ્રભુનું નામ
એ પણ પેલી

ાં ગોપીજનો
ીને જુએ
વ. લક્ષ્મી તો
ા મધ્ધર થઈ
ાધ્યાસ. એક
ાની, લાલાજી
ષ્ણ છીએ. આ

કેવી બનીઠનીને આવી છે ! ગોપીજનોને આમ પ્રાણાધ્યાસ થયો.

માસીબા હવે સીધાં નંદાલયના દ્વાર ઉપર પહોંચ્યાં. દ્વાર પાસે રોહિણીમા અને યશોદામાં બિરાજે છે. પૂતનાને જોતાં જ તેઓ ભાન ભૂલી ગયાં. તેઓ ભૂલી ગયાં કે અમે બલરામજી અને કૃષ્ણજીનાં માતા છીએ. તેઓ રામ અને શ્યામને જોવાને બદલે ટગરટગર પૂતનાને જોવા લાગ્યાં. તેમને મૂંઝવણ થઈ કે આ કોણ હશે ? અહીં કેમ આવી હશે ? એટલામાં તો પૂતના યશોદાજીની સામે જઈને ઊભી રહી. યશોદાજીએ પૂછ્યું : દેવી, કેમ આવ્યાં છો ? પૂતનાએ હાથ જોડીને કહ્યું : મૈયા, મેં સાંભળ્યું છે કે તમારા ત્યાં પુત્ર જન્મ્યો છે. હું તમારા પુત્રને રમાડવા આવી છું.

આટલું સાંભળતાં જ યશોદાજી ફુલાઈ ગયાં. આવી મોટા ઘરની સ્ત્રી મારા લાલાને રમાડવા આવી! તેમણે પૂતનાને બેસવા સિંહાસન આપ્યું. પૂતનાને જોઈ શ્યામસુંદર હસે છે. તેઓ કહી રહ્યા છે કે માસીબા, ભલે તમે આવ્યાં. હું તમારી બરાબર મરમ્મત કરીશ. તમે મારા વ્રજને ઘેલું બનાવ્યું છે, મારા વ્રજને તમે મારી ભક્તિની વિમુખ કર્યું છે. હવે હું જ તમને વિમુખ કરીશ.

યશોદાજી પૂતનાને પૂછવા લાગ્યાં : બહેન, તમે કોણ છો ?

ભાગવતજીમાં પૂતનાએ પોતાનો પરિચય નથી આપ્યો. અન્ય પુરાણોમાં પૂતનાએ પરિચય આપ્યો છે. પૂતના કહે છે : મા, હું એક બ્રાહ્મણની સ્ત્રી છું. હું કોઈ રાજકુંવરી નથી, કોઈ દેવાંગના નથી કે કોઈ અપ્સરા નથી. હું તો મથુરામંડળની ચોબાની સ્ત્રી છું.

આપણે જોઈએ છીએ કે મથુરાની ચોબણો આજે પણ ઘણી રૂપાળી હોય છે. યશોદાજીને ખાતરી થઈ કે મોટા ઘરના શ્રોત્રિય બ્રાહ્મણની સ્ત્રી, વિદ્યાથી ઓતપ્રોત બનેલી આ મહાનારી છે. તે મારા ઘેર આવી છે.

પૂતનાએ કહ્યું : મા, તમારા લાલાનાં દર્શન કરાવો.

યશોદાજીએ કહ્યું : બહેન, એ હમણાં જ દૂધ પીને સૂઈ ગયો છે. પૂતનાને ધીરજ ન રહી. તે જ્યાં શ્રીબાલકૃષ્ણલાલ પોઢ્યા હતા, ત્યાં પહોંચી ગઈ.

બાલં પ્રતિચ્છન્નનિજોરુતેજસં દદર્શ તલ્પેડગ્નિમિવાહિતં ભસિ ॥૬/૭॥

રાખના ઢગલામાં આગ સંતાઈ હોય, એવી રીતે તેણે પલનામાં પોઢેલા ગોવિંદજીને જોયા. તે વિચાર કરવા લાગી, આ કુમળા બાળકને મરડતાં કેટલી વાર?

તે શ્રીબાલકૃષ્ણને ગોદમાં લેવા નીચે નમી. શ્રી શુકદેવજી કહે છે : રાજા, વાંકી આંખે ગોવિંદજીએ જોઈ લીધું કે આ માસીબા આવ્યાં છે; પરંતુ તેમણે પોતાની દૃષ્ટિનું દાન પૂતનાને ન આપ્યું.

પૂતનાને જોઈ પ્રભુજીએ આંખો મીંચી દીધી. આ દર્શન કેટલાય સંતોએ કર્યાં. તેમના મનમાં વિચાર જાગ્યો કે શ્યામસુંદરે માસીને જોવાને બદલે આંખો બંધ કેમ કરી ? **પહેલું કારણ** એ કહ્યું કે ભગવાને વિચાર કર્યો કે મારો મામો પણ નકામો અને મારી માસી પણ નકામી. આ મા જેવી નથી, પણ માથી વિપરીત છે, મને મારવા આવી છે. માટે પ્રભુએ આંખો બંધ કરી દીધી.

બીજા વિચારક કહે છે : શ્યામસુંદર ડરી ગયા. આ માસી મને મારવા આવી છે; તેથી તેમણે આંખો બંધ કરી.

ત્રીજા વિચારક કહે છે : આખી દુનિયાને અભયનું દાન આપનાર ભગવાન પૂતનાથી ડરે ખરા ? જો તેઓ ડર્યા હોત, તો પૂતનાના પ્રાણ ચૂસ્યા હોત ખરા ? ગોવિંદજીએ ડરીને આંખો બંધ કરી નથી. ખરી વાત એ છે કે ગોવિંદજીનાં નેત્રોમાં જ્ઞાન વસે છે. જો માસીને જ્ઞાનદૃષ્ટિવાળાં નેત્રોનું દાન કરીશ, તો તેનો દંભ તૂટી જશે. તેને લઈને અહીં જ તેના અસલ સ્વરૂપમાં પડીને પ્રાણ છોડશે; તો મારી માતા ગભરાઈ જશે. તેથી ગોવિંદજીએ પૂતનાને દૃષ્ટિનું દાન ન કર્યું.

ચોથા વિચારક કહે છે : શ્યામજી આંખો બંધ કરીને વિચારે છે કે તે દુશ્મન હોવા છતાં મા જેવી બનીને આવી છે, તો હું તેને શું આપું ? પૂતનાને કઈ ગતિ આપવી, તેનો તેઓ બંધ આંખે વિચાર કરે છે. ભગવાને નક્કી કર્યું કે જે ગતિ મારાં યશોદામાને આપું, તે જ ગતિ પૂતનાને પણ આપું.

પાંચમા વિચારક એમ કહે છે : ગોવિંદજી આંખો બંધ કરીને વિચારે છે કે આનું એવું કયું સદ્‌ભાગ્ય છે કે તેને મને દૂધ પીવડાવવાની ઇચ્છા થઈ છે ? પૂતનાના પૂર્વજન્મને પ્રભુ યાદ કરે છે. પૂર્વજન્મમાં પૂતના બલિરાજાની દીકરી હતી. તેનું નામ રત્નાવલિ હતું. જ્યારે ભગવાન નાનકડા વામનજી બનીને ભિક્ષા માગવા બલિના આંગણે પધાર્યા, એ વખતે રત્નાવલિના ચિત્તમાં એવો ભાવ જાગ્યો કે આ વામન બટુક મારો પુત્ર હોય, તો કેટલું સારું ? રત્નાવલિને વામનજી ઉપર પુષ્કર પ્યાર ઊભરાયો. તેણે વામનજીને પોતાની ગોદમાં લઈ રમાડ્યા. વામન ભગવાન પણ રત્નાવલિના મનનું આકર્ષણ કરતા હતા. પછી જ્યારે વામન ભગવાન ચરણારવિંદ

માપવા જતાં વિરાટ બની ગયા; ત્યારે તેમને વિરાટ બનેલા જોઈ, રત્નાવલિના મનમાં ક્રોધ જાગ્યો. તેને થયું કે આને પકડીને ખૂબ મારું. ભગવાન વિચારતા હતા કે મને પ્યાર કરવાની અને ખાર કરવાની તને ઇચ્છા થઈ. તારી આ બંને ઇચ્છાઓ હું કૃષ્ણાવતારમાં પૂરી કરીશ. તારું દૂધ પણ પીશ, તારું ઝેર પણ પીશ અને તને મારીશ પણ ખરો.

છઠ્ઠા વિચારકે કહ્યું : શ્યામજી આંખો બંધ કરીને શિવજીને યાદ કરે છે, 'હે ભોળા શંભુ ! માખણ ખાવાનું કામ મારું અને વિષ પીવાનું કામ તમારું. મારી માએ મને માખણ ખાતાં જ શીખવ્યું છે.' ભગવાને નેત્રો બંધ કરીને સંકર્ષણ વ્યૂહનું સ્મરણ કર્યું. આમ, જુદાજુદા વિચારકો ભગવાને નેત્ર બંધ કર્યાનાં અનેક કારણો આપે છે.

આંખો બંધ કરેલા ગોવિંદજીને પૂતના માસીએ ઊંચકી લીધા અને છાતીએ વળગાડી, જબરજસ્તીથી દૂધ પીવડાવવા માંડ્યું. ભગવાન વિચારવા લાગ્યા કે હવે હું તને જ પી જવાનો છું. ભગવાને પૂતના માસીને બરોબર બે હાથે પકડી લીધી. શ્રીમહાપ્રભુજી કહે છે કે બે હાથે પકડી એટલુ શું ? એક હાથે પ્રભુએ પૂતનાને સાધનનું દાન કર્યું અને બીજા હાથે ફળનું દાન કર્યું.

ગાઢં કરાભ્યાં ભગવાન્ પ્રપીડ્ય તત્
પ્રાણૈ: સમં રોષસમન્વિતોડપિબત્ ॥૬/૧૦॥

ભગવાન એક હાથથી પકડીને દૂધ પી શકતા હતા, પણ તેમણે માસીને બે હાથે પકડી; કારણ કે પૂતના પાસે તેનો ઉદ્ધાર કરવાનું કોઈ સાધન નથી. તે ભગવાને એક હાથે આપ્યું. બીજા હાથે પૂતનાને ફળનું દાન કર્યું. ભગવાન તેનું દૂધ ચૂસવા લાગ્યા, તેથી પૂતનાને મર્માઘાત થયો. તે વ્યાકુળ બની પીડાથી બોલવા લાગી –

સા મુઞ્ચ મુઞ્ચાલમિતિપ્રભાષિણી
નિષ્પીડ્યમાનાખિલજીવમર્મણિ ।
વિવૃત્ય નેત્રે ચરણૌ ભુજૌ મુહુ:
પ્રસ્વિન્નગાત્રા ક્ષિપતિ રુરોદ હ ॥૬/૧૧॥

પૂતના ચીસો પાડવા લાગી, 'અરે લાલા મને છોડ.' લાલાજી મનમાં હસે છે અને કહે છે : માસીબા, મારો સ્વભાવ છે કે હું જેને પકડું છું તેને છોડતો નથી. પૂતનાએ બે વખત 'મુઞ્ચ, મુઞ્ચ' એમ બૂમો પાડી. ભગવાને તેનો અર્થ એવો કર્યો

કે મહારાજ ! મને આલોક અને પરલોકનાં બંધનમાંથી છોડો. ભગવાન કહી રહ્યા છે કે એ બંને બંધનમાંથી તને છોડીશ, પણ મારી પાસેથી તું નહિ છૂટી શકે.

વિચારકોએ **બીજો અર્થ** એવો કર્યો કે પૂતના પ્રભુજીને કહી રહી છે કે મારી પિયરની અને સાસરાની જેટલી આસક્તિઓ હોય, તેમાંથી મને તમે છોડાવો.

'મુઞ્ચ, મુઞ્ચ'નો **ત્રીજો અર્થ** કર્યો, હે શ્યામસુંદર ! મને સ્થૂળ દેહ અને લિંગ દેહનાં બંધન છે. જ્યાં સુધી જીવાત્માને આ બંને દેહનાં બંધન છે, ત્યાં સુધી તેની મુક્તિ થતી નથી. સ્થૂળ શરીર બદલાય છે. મૃત્યુ વખતે લિંગ શરીર બદલાય છે. જ્યારે આપણે કહીએ કે આ માણસ મરી ગયો, ત્યારે તેનું સ્થૂળ શરીર બદલાય છે. છતાં આત્મા લિંગ શરીરને સાથે લઈ બીજા સ્થૂળ શરીરમાં પ્રવેશ કરે છે. પૂતના કહી રહી છે કે મને આ બંને શરીરનાં આવરણમાંથી છોડાવો.

'મુઞ્ચ, મુઞ્ચ'નો **ચોથો અર્થ** એ છે કે પાપ અને પુણ્ય બંને બેડીઓ છે. પુણ્ય સોનાની બેડી છે અને પાપ લોખંડની બેડી છે. પૂતના કહે છે : મારું પાપ પણ લઈ લો અને મારું પુણ્ય પણ લઈ લો. માટે ભગવાને પૂતનાનું દૂધ પીતાં એનું પુણ્ય અને પાપ બંને છોડાવ્યું.

માસીબાના પ્રાણ પીવાઈ ગયા. વિશાળ લાંબા છ યોજનનાં બની તે નંદાલયમાંથી ઊછળી દૂર જઈને પડ્યાં. પૂતનાનું શરીર છ યોજનનું બન્યું, કારણ કે દરેક શરીરમાં છ પ્રકારે પૂતના રહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. એનો પાર પમાતો નથી. પૂતનાનો આ જ દૃષ્ટિકોણ છે.

પૂતના માસી પડી તો પડી, પરંતુ બગીચાનાં લાકડાંના ટુકડા કરતી કરતી પડી. આખા બગીચાનો કચ્ચરઘાણ કરી નાખ્યો. ભગવાન હસે છે કે તેં સારું કર્યું. તને બાળવાનાં લાકડાં લઈને તું પડી.

પૂતનાનો મૃતપ્રાય: બનેલો દેહ બહુ ભયંકર લાગતો હતો. તેની આંખો ઊંડી ઊતરી ગઈ હતી. તે ઊંડા કૂવા જેવી લાગતી હતી. ઊંડું ઊતરી ગયેલું પેટ સુકાયેલા તળાવ જેવું લાગતું હતું. બે લાંબા લાંબા હાથ અને પગ તળાવના કિનારા હોય એવું લાગતું હતું. પૂતનાના આવા ભયંકર શરીર ઉપર ગોવિંદજી ખેલતા હતા.

પૂતનાના પડવાથી જબરદસ્ત અવાજ થયો. તે અવાજથી બધા વ્રજવાસીઓ ગભરાઈ ગયા. યશોદાજી બેબાકળાં બની ગયાં. તેમની આંખોમાંથી દડદડ આંસુ

વહેવા લાગ્યાં. તેઓ પોતાના કનૈયાને ચારે બાજુ શોધે છે. ત્યાં ગોપીઓ દોડી આવી. તેમણે કહ્યું : 'મૈયા, તમારો લાલો પેલી રાક્ષસીની છાતી પર રમે છે.' કેટલીક ગોપીઓ શ્યામજીને ઊંચકીને દોડતી નંદાલયમાં આવી.

સૌને વિચાર થયો કે આ દુષ્ટાનો પડછાયો અમારા ગોવિંદજી ઉપર પડ્યો છે. એમને તેની નજર લાગી છે. તેઓ કહેવા લાગ્યાં : મૈયા, ચાલો લાલાની નજર ઉતારીએ. ભગવાન મનમાં હસવા લાગ્યા કે આખી દુનિયાની હું રક્ષા કરું અને આ ગોપીઓ મારી રક્ષા કરે છે.

લાલાજીને ગૌશાળામાં લઈ ગયાં. તેમના ઉપર ગાયનું પૂંછડું ફેરવ્યું અને ગોમૂત્રથી નવડાવ્યા. ગાયના ચરણની રજ આખા શ્રીઅંગ ઉપર લગાવી. ગોપીઓ કહેવા લાગી, લાલા, તારી અલાબલા જાઓ. પ્રભુજી મનમાં હસે છે, જ્યાં હું હોઉં ત્યાં કોઈ અલાબલા રહે ખરી ?

એકંદર આઠ શ્લોકોથી ગોપીજનો ભગવાનની રક્ષા કરે છે –

અવ્યાદજોઽઙ્‌ઘ્રિ મણિમાંસ્તવ જાન્વથોરૂ
યજ્ઞોઽચ્યુતઃ કટિતટં જઠરં હયાસ્યઃ ।
હૃત્ કેશવસ્ત્વદુર ઈશ ઈનસ્તુ કણ્ઠં
વિષ્ણુર્ભુજં મુખમુરુક્રમ ઈશ્વરઃ કમ્ ॥૬/૨૨॥

આ આઠ શ્લોકોને **'પૂતનાકવચ'** કહેવામાં આવે છે. આજે પણ તમારા ઘરમાં કોઈ બાળક માંદું રહેતું હોય, તો પૂતનાકવચના આઠ શ્લોકો અગિયાર વખત બોલી અભિમંત્રિત કરેલું જળ બાળકને પીવડાવો; તો તેનું સ્વાસ્થ્ય જલદી સારું થઈ જાય. દશમ સ્કંધના છઠ્ઠા અધ્યાયના ૨૨ મા શ્લોકથી ૨૯ મા શ્લોક સુધીનો પૂતના કવચનો પાઠ કહેવાય છે.

ગોપીઓ ભગવાનના એક પછી એક અંગમાં અંગન્યાસ, કરન્યાસ કરી રક્ષા કરે છે. હે શ્યામસુંદર, અજ ભગવાન તારા ચરણારવિંદની રક્ષા કરો. ગોદીમાં સૂતેલા ગોવિંદજી હસે છે કે હું જ અજ. મારા સિવાય બીજો અજ કોણ છે ? યજ્ઞ ભગવાન તારા સાથળની રક્ષા કરો. અચ્યુત ભગવાન તારી કટિની રક્ષા કરો. શ્યામજી મનમાં કહે છે, સખીઓ ! આ બધાં મારાં જ નામ છે.

બીજી બાજુ પૂતના માસીના પડેલા દેહનો વ્રજવાસીઓએ કાપીકાપીને ઢગલો કર્યો. તે દેહનો અગ્નિસંસ્કાર કર્યો, ત્યારે ચારે બાજુ ચંદન જેવી સુવાસ ફેલાઈ ગઈ. એ સુગંધથી ખેંચાઈને લોકો દૂરદૂરથી જોવા આવ્યાં કે કોણ બળી રહ્યું છે. તે ચંદનના લાકડાની સુગંધ નહોતી, પણ પૂતના માસીના શરીરની સુગંધ હતી.

વિચારકોએ બહુ સુંદર વાત કહી. જે શરીરનો સ્પર્શ ભગવાન સ્વયં કરે છે, તે શરીરમાં રહેલી તમામ દુર્ગંધ ચાલી જાય છે, તે શરીર સુગંધિત બને છે. પૂતનામાં રહેલી અવિદ્યા ભગવાને દૂર કરી, માટે પૂતનામાંથી સુગંધ પ્રગટ થઈ.

શ્રીભાગવતજીના પંચમ સ્કંધમાં આવો એક પ્રસંગ આવે છે. તે ઋષભદેવજીનો પ્રસંગ છે. ઋષભદેવજીનું શરીર યોગથી પ્રજ્વલિત થયું હતું. તેમના શરીરમાંથી નીકળતી વિષ્ઠામાંથી પણ સુગંધ આવતી હતી. હજારો યોજનો સુધી તેની સુગંધ ફેલાતી હતી. જો એક યોગીમાં આટલી શક્તિ હોય, તો આ તો ભગવાન યોગેશ્વરેશ્વર છે. આવા ભગવાનનો સ્પર્શ થયા પછી શરીરમાં દુર્ગંધ રહે ખરી ?

ય એતત્ પૂતનામોક્ષં કૃષ્ણસ્યાર્ભકમદ્ભુતમ્ ।
શૃણુયાચ્છ્રદ્ધયા મર્ત્યો ગોવિન્દે લભતે રતિમ્ ॥૬/૪૪॥

શ્રી શુકદેવજી કહે છે હે રાજા ! આ પૂતનામોક્ષની કથાનું જે શ્રવણ કરે છે, તેના અંતઃકરણના બધા મેલ ધોવાય છે. તેનામાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે પૂર્ણ પ્રીતિ પ્રગટ થાય છે. પૂતનાના પ્રસંગમાં એ જ સમજવાનું કે જ્યાં સુધી આપણા અંતઃકરણમાં અવિદ્યા હોય, ત્યાં સુધી જીવનમાં પ્રેમને બદલે ઝેર જાગે છે. અવિદ્યાવાળો માણસ ઝેરથી બળતો રહે છે અને બીજાને બાળવા જાય છે. પૂતના પોતાનામાં બળતી હતી, તે પોતાની સાથે સોળહજાર બાળકોને મારતી મારતી આવી હતી. ભગવાને અવિદ્યાની નિવૃત્તિ કરી, વ્રજને શુદ્ધ બનાવ્યું.

પરીક્ષિત રાજા પૂતનાવધના પ્રસંગને સાંભળી આનંદમાં આવી ગયા. તેમણે કહ્યું : ગુરુજી ! હું એમ સમજતો હતો કે નાનાં બાળકોની વાત કહેવી હશે, એટલે તમે આ વાત કહેવી શરૂ કરી. હવે શ્રીબાલકૃષ્ણની બાળલીલાઓ સંભળાવો. ભગવાનની બાળલીલામાં જેટલો આનંદ છે એટલો આનંદ અન્ય લીલામાં નથી.

યેન યેનાવતારેણ ભગવાન્ હરિરીશ્વરઃ ।
કરોતિ કર્ણરમ્યાણિ મનોજ્ઞાનિ ચ નઃ પ્રભો ॥૭/૧॥

મનને ગમે તેવા મોહનજીએ જે જે ચરિત્રો કર્યાં હોય, તેવાં કર્ણરમ્ય ચરિત્રો મને સંભળાવો. શ્રી શુકદેવજીને વિચાર થયો કે રાજા તમારા કાનને અને મનને ગમે એવાં ચરિત્રો સંભળાવું ? આજે પણ ઘણા શ્રોતાઓની એવી માગણી હોય છે કે અમને ગમે તેવું સંભળાવો. શ્રી શુકદેવજી મનમાં પરીક્ષિતને કહે છે, કાનને ગમે એવી વાતો સાંભળવા કોઈ બીજાને પાસે જા. મારી પાસે તો આત્માને ગમે તેવી કથા છે. પરીક્ષિત શ્રી શુકદેવજીના મનને સમજી ગયા. તેમણે તરત જ વાત બદલી નાખી અને કહ્યું:

યચ્છૃણ્વતોઽપૈત્યરતિર્વિતૃષ્ણા સત્ત્વં ચ શુદ્ધયત્યચિરેણ પુંસઃ ।
ભક્તિર્હરૌ તત્પુરુષે ચ સખ્યં તદેવ હારં વદ મન્યસે ચેત્ ॥૭/૨॥

રાજા પરીક્ષિત કહે છે, હે ગુરુજી! મારી ભૂલ થઈ. મારા કાનને અને મનને ગમે તેવી કથા ન સંભળાવશો. મને અલૌકિક જ્ઞાન પ્રાપ્ત થાય એવી કથા સંભળાવો. અલૌકિક જ્ઞાન એટલે સાત દિવ્ય તત્ત્વોનું જ્ઞાન. મારા દિલમાં ભગવાન માટે પ્રીતિ જાગે. પ્રભુ પ્રત્યે કંઈક અરુચિ હોય તો તે નિવૃત્ત થાય. મારા મનમાં જે તૃષ્ણા છે તેની નિવૃત્તિ થાય એવી કથા સંભળાવજો. મારું અંતઃકરણ અશુદ્ધ છે. હૃદયની શુદ્ધિ થાય, તેવું કહેજો. હું મારી જાતને ચાહું છું, બીજા કોઈ ઉપર પ્રેમ રાખતો નથી. ભગવાનના ભક્તોમાં મારી પ્રીતિ વધે તેવી કથા સંભળાવજો અને સૌથી વધારે શ્રીશ્યામસુંદરના સ્વરૂપમાં મારી ભક્તિ વધે એવી કથા મને સંભળાવજો.

ટૂંકમાં સમજવાનું એટલું જ કે જેનાથી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો જીવનમાં પ્રાદુર્ભાવ થાય એ જ સાચી કથા છે, તે સિવાયની બાકી બધી વ્યથા છે. કહેલું એ જ સાચું છે કે જેના દ્વારા શ્રોતાના અંતઃકરણમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પ્રગટે.

શ્રીશુકમુનિ પરીક્ષિતને સાવધાન કરે છે. હવે હું તને મારા શ્રીબાલકૃષ્ણલાલની મધુરી બાળલીલાઓની કથા સંભળાવું છું.

■

પ્રકરણ ૧૬

શકટભંજન અને તૃણાવર્ત-વધ

શ્રીબાલકૃષ્ણલાલ હવે ત્રણ મહિનાના થયા છે. એક વાર ગોવિંદજીએ પાસું પલટ્યું. યશોદાજીના આનંદનો પાર નથી. તેઓ વિચારવા લાગ્યાં, બીજાં બધાંનાં છોકરાં તો છ-છ મહિને પણ પાસું પલટતાં નથી. મારો લાલો ત્રણ મહિને પાસું પલટે છે. જ્યારથી પૂતના આવી હતી ત્યારથી માતાજી પોતાના લાલનાં દર્શન કોઈને કરાવતાં નથી. વ્રજવાસીઓનાં ઝૂંડનાં ઝૂંડ દ્વાર પર દર્શન કરવા આવે, યશોદાજી તેમને પાછાં મોકલે અને કહે કે આજે નહિ કાલે. આમ, વ્રજવાસીઓને ત્રણ મહિનાથી શ્રીબાલકૃષ્ણલાલનાં દર્શન થયાં નથી. તેમનાં અંતઃકરણ રડી રહ્યાં છે. તેઓ પ્રભુને કહે છે કે મંગળાથી શયન સુધી તમારાં દર્શન કરવાની અમારી નેમ હતી. આ નેમ છ દિવસ પછી તમે બંધ કરી દીધી. અમારા હૃદયમાં તમારા પ્રત્યે જે આસક્તિ વધી છે તેનું શું થશે ?

યશોદાજીએ પણ વિચાર કર્યો, ત્રણ મહિના વીતી ગયા છે. કોઈ ઉત્પાત થયો નથી. હવે બીજી પૂતના આવવાની નથી. કનૈયાને બહાર પધરાવી વ્રજવાસીઓને દર્શન કરાવો. તે વખતે હરણી નક્ષત્ર આવ્યું. શ્રીયશોદામાએ શ્યામસુંદરલાલને કેસરજળથી સ્નાન કરાવ્યું. આપણે ગાઈએ છીએ કે *'જમુનાજળમાં કેસર ઘોળી, સ્નાન કરાવું શામળા.'* માતાજી મોહનજીને સ્નાન કરાવે છે. પછી નયનોમાં કાજળ આંજ્યું. કંઠમાં કઠુલો પહેરાવ્યો. ગોદમાં લઈ દૂધ પીવડાવ્યું. પછી વારેવારે બાલકૃષ્ણનાં ઓવારણાં લીધાં. તેમને છાતીએ લગાડ્યા. તેઓ વિચાર કરતાં હતાં કે મારા કન્હાઈને કોઈ નજર તો નહિ લગાડે ને!

રોહિણીજી કહે છે, બહેન ! કાજળનું એક ટપકું ડાબા લમણે કર, બીજું ટપકું જમણા લમણે કર. પછી નજર લાગશે ક્યાંથી ?

યશોદાજી શ્યામસુંદરલાલને લઈ, બહાર આવીને બિરાજ્યાં. દૂરદૂરથી વ્રજવાસીઓ દર્શન કરવા આવ્યા. કોઈ વસ્ત્ર લાવ્યા છે, કોઈ સામગ્રી લાવ્યા છે, કોઈ ખિલૌનાં લાવ્યા છે. બાલકૃષ્ણનાં દર્શન કરવા માટે ભારે ભીડ જામી છે. એક કલાક થઈ ગયો. ગોવિંદજીને હવે થાક લાગ્યો. યશોદામાએ બારણામાં ઊભેલા એક ગાડાની નીચે ભગવાનને સુવડાવી દીધા. ભગવાનને ક્રોધ થયો કે ગાડું ઉપર અને હું નીચે. આપણે પણ આવું જ કરીએ છીએ. સંસાર ઉપર અને શ્યામસુંદર નીચે.

પહેલો સંસાર અને પછી શ્યામ. જેણે જેણે પોતાના જીવનના ગાડાને ભગવાન કરતાં ઊંચે રાખ્યું, તેનું ગાડું ભગવાને લાત મારી તોડી નાખ્યું.

એક વાર ફરતાં ફરતાં હું કલકત્તાના એક મકાનમાં ગયેલી. બહુ મોટો બંગલો હતો. કિંમતી રાચરચીલું અને ફરનિચર હતું. તે ઘરમાં રહેતાં બહેનને પૂછ્યું, આ બધું ઘણું સુંદર છે. તેમણે આખું ઘર ફરીફરીને બતાવ્યું. મેં તેમને પૂછ્યું : તમારા ત્યાં ઠાકોરજીનું મંદિર ક્યાં છે ? મંદિર શબ્દ સાંભળીને તે બહેનનું મોઢું થોડું વાંકું થયું. તેમના નાના દીકરાએ કહ્યું : મારાં મમ્મીનું કોઈ મંદિર નથી, પણ મારાં દાદીનું મંદિર છે. ચાલો, તમને બતાવું. બંગલાના સૌથી છેવાડાના ભાગમાં નોકરોની એક ઓરડી હતી, ત્યાં એક નાનકડા ગોખલામાં ભગવાનનું મંદિર હતું.

આ પ્રસંગ પરથી વિચાર કરવા જેવો છે કે બધા વૈષ્ણવો સેવા કરે છે, સત્સંગ કરે છે, સ્મરણ કરે છે; પરંતુ એ વિચાર કરતા નથી કે જીવનમાં ખરેખર મહત્ત્વ કઈ વસ્તુને આપવા જેવું છે. આપણે સંસારને મહત્ત્વનો ગણીએ છીએ કે શ્યામસુંદરને ગણીએ છીએ ? ઘણી વાર વૈષ્ણવોનાં ઘર જોઉં, ત્યારે મને લાગે કે આમની સેવા રમકડાના ખેલ જેવી તો નથી ને ? ત્યાં ભગવદ્પ્રેમનું પ્રાધાન્ય નથી, કેવળ ભૌતિક જીવનનું પ્રાધાન્ય છે. તેમને માટે ખાવું-પીવું, હરવું-ફરવું એ જ મુખ્ય છે. આત્માનો વિકાસ કરવો એ મુખ્ય નથી. આમ, ઈશ્વરને ગૌણ માનવાથી આપણી ધાર્મિક પ્રક્રિયાઓ જડ બની ગઈ છે.

એક બેનના ત્યાં લગ્ન-પ્રસંગ હતો. તેણે વિચાર કર્યો, ઘણાં સંબંધીઓ છે. કંકોત્રીઓ લખીશ એટલે બધાં આવશે. બધાંને સારી રીતે સાચવવા માટે ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીને બીજે પધરાવી દઉં. એમનાં બહેનપણીને બોલાવીને કહ્યું: મારા ઠાકોરજીને તારા ત્યાં લઈ જા. આટલાં બધાં સગાંવહાલાં આવશે, ત્યારે ઠાકોરજીની સેવા ક્યાંથી કરીશ ? શ્રીઠાકોરજીને વિચાર થયો હશે કે 'તું આખી દુનિયાને કંકોત્રી મોકલીને બોલાવે છે અને મને ઘરમાંથી બહાર કાઢે છે ! ગણપતિ અને માતૃકાઓ જેવાં દેવદેવીઓને પણ તું બોલાવે અને મને જ બહાર કાઢે ?

શ્યામસુંદરલાલને જે ગાડા નીચે પોઢાડ્યા હતા, તે ગાડામાં દૂધ-દહીં અને માખણનાં વાસણો ભરેલાં હતાં. આવી જ રીતે આપણા સંસારરૂપી ગાડામાં પણ અનેક રસ ભરેલા છે. દરેકના હૃદયમાં જુદી જુદી જાતના રસ છે. શ્રીશ્યામસુંદર વિચાર કરે છે કે જ્યાં સુધી આ બધા રસ ઢોળાશે નહિ, ત્યાં સુધી મારી મૈયાનું

મમત્વ એમાંથી છૂટીને મારામાં લાગશે નહિ. તેમણે પોતાના ચરણારવિંદનો સ્પર્શ ગાડાને કરાવ્યો. તરત આખું ગાડું ઊંધું વળી ગયું ને તેમાંના બધા રસ ઢોળાઈ ગયા.

જેના પર શ્રીહરિની કૃપા થાય, તેના જીવનના બધા રસ ઢોળાઈ જાય છે.

અધઃ શયાનસ્ય શિશોરનોઽલ્પકપ્રવાલમૃદ્વઙ્ઘ્રિહતં વ્યવર્તત ।
વિધ્વસ્તનાનારસકુપ્યભાજનં વ્યત્યસ્તચક્રાક્ષવિભિન્નકૂબરમ્ ॥૭/૭॥

જે દિવસે જગત નીરસ લાગે છે તે દિવસે માણસ રસ શોધવા નીકળે છે. કોઈને ખાવામાં રસ છે, કોઈને પહેરવામાં રસ છે, કોઈને ફરવામાં રસ છે; તો કોઈને વાતો કરવામાં રસ છે. આપણા રસના વિષયો અનેક છે. શ્રીઠાકોરજી કહે છે, આ બધા રસોને ગૌણ કરીને તું મારામાં રસ કેળવ. મારી સેવા કરવાનો રસ કેળવ. તે દ્વારા તારા જીવનમાં મને પચાવવાનો રસ કેળવ, તો તું સાર્થક બનીશ. કેટલાક રસ એવા છે કે જેનાથી આપણે નીરસ બની જઈએ છીએ, તો કેટલાક રસ એવા છે કે જેનાથી આપણે સરસ બની જઈએ છીએ. જેમ કે વાતો કરવાનો રસ. વાતો કરતાં થોડોક સમય આનંદ આવે છે, પરંતુ તેમાં એકાદ વાત સાંભળતાં આપણે નીરસ થઈ જઈશું.

ભગવાને યશોદાજીના તમામ રસ ઢોળી નાખ્યા. ગાડું ઊંધું વળી તૂટી ગયું. જેના ઉપર શ્રીહરિની કૃપા થાય, તેના જ જીવનમાંથી લૌકિક રસો નિવૃત્ત થઈ, તેના જીવનમાં ભગવદ્રસ આવે છે.

ગાડું તૂટતાંની સાથે જ યશોદાજી ચમક્યાં. તેમણે સખીઓને કહ્યું, કંઈક પડ્યું હોય તેમ લાગે છે. સખીઓ કહે છે : મા, જે ગાડા નીચે તમે લાલાને સુવાડેલ; તે ગાડું ઊંધું વળ્યું છે. યશોદાજી દોડતાં દોડતાં ગાડા પાસે ગયાં અને શ્યામજીને ગોદમાં લઈ લીધા. ગોપીઓએ ફરી ગોવિંદજીની રક્ષા કરી. બ્રાહ્મણોએ આવીને આશીર્વાદ આપ્યા. યશોદાજીએ નક્કી કર્યું કે હવે મારા લાલાને કદી ગોદમાંથી નીચે નહિ ઉતારું.

સમય વીતતો ગયો. શ્યામસુંદરલાલ એક વર્ષના થયા છે.

એકદાઽઽરોહમારૂઢં લાલયન્તી સુતં સતી ।
ગરિમાણં શિશોર્વોઢું ન સેહે ગિરિકૂટવત્ ॥૭/૧૮॥

એક જબરજસ્ત તૃણાવર્ત વ્રજમાં આવ્યો. જેના જીવનમાં તમોગુણ અને રજોગુણ વધે, એણે સમજી જવું કે એના જીવનમાં તૃણાવર્ત આવ્યો છે. આંખોથી દેખાય નહિ, એકબીજાનું સ્વરૂપ જણાય નહિ; ત્યારે સમજવું કે તૃણાવર્ત આવ્યો છે.

તૃણાવર્ત
ચારે
યશોદા
ગોવિંદ

સંસાર
તૃણાવ
ગુણનાં
અતિશ

અ.
તેની દા
આવ્યો.

ઊંચકે,
તૃણાવ

શ્રીઠાક
લટકાવ
શ્રીઠાક
કહે છે,
જાય છે.
દૂર થાય
આપણા
પાણી જ
શરીર
ચાલે. અ
પ્રકારોન
બહુ આ

તૃણાવર્ત આવે છે ત્યારે તે આખી દુનિયાને તણખલાની જેમ ઉડાડીને લઈ જાય છે. ચારે બાજુ ઘૂ-ઘૂ એવા અવાજ આવે છે. રેતીના રજકણો ઊડે છે. ગોવિંદજી યશોદામાની ગોદમાં બેઠા હતા. માના ખોળામાં ભાર વધવા લાગ્યો. માતાએ ગોવિંદજીને ભૂમિ ઉપર બેસાડ્યા, ત્યાં જ તૃણાવર્ત તેમને ઊંચકી ગયો.

જેના જીવનમાં તૃણાવર્ત આવે છે તેની ગતિ રોકાઈ જાય છે, તેના જીવનની નાવ સંસારસાગરમાં ઊંધી વળે છે. તેના જીવનની કેડી અને ગતિ ભુલાઈ જાય છે. તૃણાવર્તમાં આવી શક્તિ છે. રજોગુણ અને તમોગુણ વધતાં તૃણાવર્ત આવે છે. રજોગુણનાં ત્રણ સ્વરૂપ છે : કામ, ક્રોધ અને લોભ. અતિશય કામ, અતિશય ક્રોધ અને અતિશય લોભ વધે ત્યારે માણસના જીવનમાં આંધી અને તૂફાન ઊભાં થાય છે.

એક વખત એક જેલમાં એક મહિલા કેદીને જોઈ. તે બહેને ક્રોધમાં ને ક્રોધમાં તેની દોઢ મહિનાની બાળકીને મારી નાખી હતી. ત્યારે મને આ તૃણાવર્ત યાદ આવ્યો.

શ્રીશ્યામસુંદરને તૃણાવર્ત ઊંચકી ગયો. ભગવાન વિચાર કરે છે : તું ભલે મને ઊંચકે, પણ હું તારો ઘડોલાડવો કરીશ. ગોવિંદજી તેના ગળે લટકી ગયા. તેઓ તૃણાવર્તના ગળે લટકીને જેવા નીચે કૂદ્યા કે તૃણાવર્તનું અચ્યુતમ્ કેશવમ્ થઈ ગયું.

જીવનમાંથી આંધી અને તૂફાન દૂર કરવાં હોય તો ગળામાં ગોવિંદજીને રાખજો. શ્રીઠાકોરજીને ગળામાં લટકાવજો. તમે પૂછશો કે શું શ્રીઠાકોરજીને પોટકીમાં બાંધીને લટકાવીએ ? શ્રીઠાકોરજીને ગળામાં કેવી રીતે લટકાવાય ? અમારા અછોડામાં શ્રીઠાકોરજીનો કોઈક ફોટો લટકાવી રાખીએ તો તૃણાવર્ત મરશે ? શ્રીમહાપ્રભુજી કહે છે, ના. જેના કંઠમાં શ્રીકૃષ્ણજીનું નામ રટાય છે, તેનાથી તૃણાવર્ત સો કોસ દૂર જાય છે. જેના જીવનમાં નામ-સ્મરણનું મહત્ત્વ ઊતર્યું છે, તેના જીવનમાંથી તૃણાવર્ત દૂર થાય છે. ભગવાનનાં બધાં નામો મંત્રાત્મક છે. તે નામોમાં રહેલી અદ્વિતીય શક્તિ આપણા અંતરમાં રહેલી અનંત મલિનતાઓને ધોઈને દૂર કરે છે. શરીરને ધોવા માટે પાણી જોઈએ અને અંતરને ધોવા માટે અંતર્યામી શ્રીશ્યામસુંદરનું નામ જોઈએ. કદાચ શરીર એક વખત અશુદ્ધ રહેશે તો ચાલશે, પરંતુ અંતર અશુદ્ધ બનશે તો નહિ ચાલે. આજે આપણે શરીરની શુદ્ધિના બહુ પ્રકારો શોધ્યા છે; પરંતુ અંતરની શુદ્ધિના પ્રકારોને આપણે જીવનમાં અપનાવતાં નથી. સ્વચ્છતા ઘણાં પાસે છે, પરંતુ પવિત્રતા બહુ ઓછાં પાસે છે. જેટલી સ્વચ્છતાની કાળજી રાખીએ, એટલી જો પવિત્રતાની

કાળજી રાખીએ, તો આપણું કાળજું ભગવદ્રસથી વીંધાય. આજે તો આપણી સ્થિતિ *'તન ગોરાં ને મન કાળાં'* જેવી છે. આપણા ચિત્તમાં અનંત અશુદ્ધિ-ઓ પડેલી છે. માણસ બાહ્ય રીતે શણગાર સજવામાં જેટલો તત્પર છે, એટલો અંતરને તે શણગારતો હોય તો ? તે આત્માના ઓજસ્‌ને જાગૃત કરતો હોય તો?

શ્રીમહાપ્રભુજીએ અંતરને અજવાળવાના બે રસ્તા બતાવ્યા છે :

'સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢાભવેત્
યાવત્જીવનં તસ્યનાત: ન કદાપિ ઈતિ મતિર્મમ.'

સેવા અને સ્મરણ જીવનને અજવાળવાના બે માર્ગો છે. સેવા દ્વારા અહંતાનો અને સ્મરણ દ્વારા મમતાનો નાશ થાય છે. સેવા અને સ્મરણ એવાં સાધન છે કે તેમના દ્વારા આપણું અંત:કરણ વારંવાર શુદ્ધ થતું રહે છે.

ભગવાને તૃણાવર્તનો વધ કરીને વ્રજવાસીઓને સુંદર અને પવિત્ર બનાવ્યાં. જ્યારે જીવનમાં પવિત્રતા આવે છે, ત્યારે ભગવાનની વિશાળતા અને વ્યાપકતાનું ભાન થાય છે. યશોદામા ગોવિંદજીને ગોદમાં લઈને બેઠાં છે. ગોવિંદજીએ વિચાર કર્યો કે મા તમને દૂધ પાતાં વધારે આવડે છે કે મને દૂધ પીતાં વધારે આવડે છે ? તું વાત્સલ્યનું ઝરણું અને એ ઝરણાને પીનારો હું તારો લાલ. તારા સ્તનમાંથી દૂધ નથી નીકળતું, તેમાંથી ભક્તિનું ઝરણું નીકળે છે. ભક્તિના એ ઝરણાને પીવા હું હમેશાં લાલાયિત રહું છું. મને બીજું જળ કે દૂધ નહિ મળે તો ચાલશે, પરંતુ મને ભક્તના હૃદયના પ્રેમઝરણાની ભારે તરસ અને ભૂખ છે.

યશોદાજી પણ આજે શ્યામસુંદરને ખૂબ પ્રેમથી સ્તનપાન કરાવી રહ્યાં છે. તેમના મનમાં એક વિચાર જાગ્યો કે મારો કનૈયો નાનો-શો છે. એનું પેટ સાવ નાનું છે, તેમાં આટલું બધૂં દૂધ કેવી રીતે સમાતું હશે ? પ્રભુજી માના વિચારને સમજી ગયા. તેઓ હસવા લાગ્યા, માડી ! ભલે હું ગાગર જેવો દેખાઉં છું, પણ છું તો સાગર!

ભગવાન આખી દુનિયાને શીખવે છે કે દેખાવમાં ગાગર જેવા રહેજો, પણ વર્તનમાં સાગર જેવા રહેજો. આપણે દેખાવમાં સાગર જેવાં છીએ, પણ વાસ્તવિકતામાં ગાગર જેવાં છીએ. મોટાં દેખાઈએ છીએ, પણ ખોટાં છીએ. શ્રીઠાકોરજી કહે છે, તમે ખોટાં દેખાઓ તેનો વાંધો નથી, પણ મોટાં રહેજો. મોટાઈનો દાવો કરનાર કદી મોટો બન્યો નથી. 'હું નાનો છું' એવું કહેનારો જ હમેશાં મોટો બન્યો છે.

માતાજીના મનમાં વિચાર આવ્યો કે મોહન! તું આટલું બધું દૂધ કેવી રીતે પીતો હોઈશ ? મોહનજીએ કહ્યું, મા ! મારી ગાગરમાં ભરેલો સાગર તમારે જોવો છે ? શ્રીશ્યામસુંદરલાલે બગાસું ખાધું. ભગવાનના મુખમાં માતાને ત્રણે લોકનાં દર્શન થઈ ગયાં. પ્રભુ કહે છે : મા ! જોયું, મારામાં કેટલું બધું સમાયેલું છે ? તને લાગે છે કે હું તારો નાનકડો બાળક છું; પરંતુ હું ત્રણે લોક મારી અંદર લઈને બેઠો છું.

ખં રોદસી જ્યોતિરનીકમાશાઃ
સૂર્યેન્દુવહ્નિશ્વસનામ્બુધીંશ્ચ ।
દ્વીપાન્ નગાંસ્તુદુહિતૄર્વનાનિ
ભૂતાનિ યાનિ સ્થિરજઙ્ગમાનિ ।।૭/૩૬।।

શ્રીશ્યામસુંદરલાલે બગાસું ખાઈને માતાને ત્રણ ભુવનનાં દર્શન કરાવ્યાં. આગળ ઉપર ભગવાન માટી ખાશે, ત્યારે તેઓ માતાને સાત ભુવનનાં દર્શન કરાવશે. આવો જ એક પ્રસંગ શ્રી સૂરદાસજીએ બહુ સુંદર વર્ણવ્યો છે. તે પ્રસંગ શ્રીભાગવતજીમાં નથી. સૂરના શ્યામ નટખટ નંદકિશોર એક વાર ખેલતા ખેલતા જ્યાં નંદબાવા પૂજા કરે છે ત્યાં પધાર્યા. નંદજી શ્રીશાલિગ્રામજીની સેવા કરતાં આંખો બંધ કરીને બેઠા છે. નટખટ નંદકિશોરે વિચાર કર્યો, બાવા રોજ મને લાડુ ખવડાવે છે; પરંતુ આવો કાળો કાળો લાડુ કદી ખવરાવતા નથી. આજે હું શ્યામ લાડુ આરોગીશ. નંદનંદને શ્રી શાલિગ્રામજીને હાથમાં લઈ લીધા. તેમણે ધીમેથી શ્રી શાલિગ્રામજીને પોતાના મુખારવિંદમાં પધરાવી દીધા. શ્રી શાલિગ્રામજી મુખમાં ફસાઈ ગયા છે, નથી અંદર જતા કે નથી બહાર નીકળતા. નંદનંદને મોઢું બંધ કરી દીધું. તેમનું મુખ એવું લાગે છે, જાણે કે પાનનો ડૂચો ન ચાવ્યો હોય !

નંદબાવાની આંખ ખૂલતાં જ તેઓ ડરી ગયા. નંદબાવાએ લાલાજીના મુખ સામે જોયું. તેમને ખાતરી થઈ કે શ્રીશાલિગ્રામજીને લાલાએ મુખમાં મૂક્યા છે. તેમણે કન્હાઈને ગોદમાં બેસાડી પૂછ્યું : 'લાલા, મારા દેવને તું ખાઈ ગયો ? જલદી બહાર કાઢ.' પણ લાલાજી મોં ખોલતા નથી. નંદબાવાએ ધીમે રહી લાલાજીનું મોં ખોલ્યું. શાલિગ્રામજી બહાર કાઢ્યા, ત્યાં કૃષ્ણના ખુલ્લા મુખમાં નંદબાવાને ત્રણ લોકનાં દર્શન થયાં. નંદજી અચંબામાં પડ્યા. પ્રભુજી કહે છે, બાવા! શાલિગ્રામજી બહારથી તો જડ દેખાય છે, પણ હું પ્રગટ પુરુષોત્તમ છું. તમે મારી સેવા છોડીને આમની સેવા ક્યાં કરો છો ?

આપણને વસ્તુની સિદ્ધિ મળી જાય, પછી તેનાં સાધનોમાં અટવાવાની જરૂર પડે ખરી ? રૂમમાં પહોંચી ગયા પછી સીડીને માથા ઉપર લઈને ફરીશું ? સિદ્ધિ મળ્યા પછી કોઈ સાધનનો વારંવાર ઉપયોગ કરતું નથી. આમ, પ્રભુએ નંદબાવાને પોતાના મુખારવિંદમાં ત્રણ લોકનાં દર્શન કરાવ્યાં.

આ જ પ્રમાણે રામાયણમાં શ્રીરામજીએ મા કૌશલ્યાને ત્રિભુવનનાં દર્શન કરાવ્યાં હતાં. કૌશલ્યાજી શ્રીરઘુનંદનને પલનામાં પોઢાડી કામે વળગ્યાં હતાં. માતાજી ફરતાં ફરતાં પલના પાસે આવ્યાં,

'દેખિ રામ માતહિ નિજ રૂપ અદ્‌ભુત અખંડ,
રોમ રોમ પ્રતિ લગે, કોટિ કોટિ બ્રહ્માંડ.'

શ્રીરઘુનંદનના રોમરોમમાં કૌશલ્યા માને કરોડો કરોડો બ્રહ્માંડનાં દર્શન થયાં. કૌશલ્યજી અચંબામાં પડી ગયાં. શું આ મારો રામ છે ? ભગવાન સમજાવે છે કે માડી, તમને જ્યારે જ્યારે શંકા થાય, ત્યારે ત્યારે મારે મારું માહાત્મ્ય જ્ઞાન પ્રગટ કરવું પડે છે.

યશોદામાને જ્યાં વિચાર આવ્યો કે મારો બાલકૃષ્ણ આટલું બધું દૂધ કેવી રીતે પીતો હશે, ત્યાં પ્રભુએ ત્રિલોકનાં દર્શન કરાવીને શંકા દૂર કરી કે મા, જોઈ લે, મારું પેટ કેટલું મોટું છે ?

શ્રીભાગવતજીની એક ખૂબી છે. જ્યારે જ્યારે શ્રીબાલકૃષ્ણલાલની સીધી સરળ લીલાઓ ચાલતી હોય, ત્યાં શ્રીશુકદેવજી એક અદ્‌ભુત લીલાનું વર્ણન કરે છે. જેથી સાંભળનારના મનમાં એવો લૌકિક ભાવ ન રહે કે જેવો મારો દીકરો છે એવો આ કનૈયો નંદ-યશોદાનો દીકરો છે. શ્રોતાના ચિત્તમાં આવી કોઈ અશ્રદ્ધા ન જાગે તે માટે શ્રી શુકદેવજી થોડી થોડી વારે એક અદ્‌ભુત લીલાનું વર્ણન કરે છે.

■

પ્રકરણ ૧૭

રામ-શ્યામનું નામકરણ

હવે આઠમા અધ્યાયમાં શ્રી શુકદેવજી ભગવાનની એકંદર પાંચ લીલાઓનું વર્ણન કરે છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં સમજાવ્યું કે એક જ અધ્યાયમાં પાંચ લીલા કેમ ? આપણું ચિત્ત ભગવાનમાં ચોંટે તે માટે આપણી પાસે પાંચ વસ્તુ જોઈએ : (૧) પ્રભુનું નામ (૨) પ્રભુનું રૂપ (૩) જીવનું ભાગ્ય (૪) જ્ઞાન (૫) ભક્તિ. જેમની પાસે નામનું અવલંબન હોય, જેમની પાસે રૂપનો આધાર હોય, જેનામાં ભક્તિ અને જ્ઞાન હોય અને ભગવાનની કૃપાથી મળેલું ભાગ્ય હોય, તેનું અંત:કરણ શુદ્ધ થાય છે. જેનું અંત:કરણ શુદ્ધ થાય છે, તેના અંત:કરણમાં ભગવાનની કરોડો લીલાઓનો આવિર્ભાવ થાય છે. શ્રીમહાપ્રભુજીની એવી મહેચ્છા છે કે વ્રજમંડળમાં કૃષ્ણાવતાર સમયે જેવી લીલાઓ થઈ હતી, એવી લીલાઓ વૈષ્ણવોના અંત:કરણમાં પણ પ્રગટ થાઓ. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું : **'લક્ષ્મીસહસ્રલીલાભિ: સેવ્યમાનં કલાનિધિમ્.'**

પુષ્ટિમાર્ગનો આ સુંદર સિદ્ધાંત છે. જેટલી ભગવાનની બાહ્ય પ્રગટ લીલાઓ છે, એ તમામની ભૂમિ તેનું અંત:કરણ બનવું જોઈએ. શ્રીમહાપ્રભુજીના જેટલા સેવકો હતા, તે બધા સેવકોને તેમનાં અંત:કરણમાં તમામ ભગવદ્‌લીલાઓનાં દર્શન અને અનુભવ થતા હતા. શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી **'આંતરં તુ પરં ફલં'** - હે વૈષ્ણવ! તમે ભાગવતજીમાં ભગવલ્લીલાઓનું શ્રવણ કરો, એ લીલાઓનાં ચિત્ર જુઓ; પરંતુ જ્યાં સુધી એ લીલાનો સાક્ષાત્ અનુભવ તમને અંત:કરણમાં થતો નથી; ત્યાં સુધી તમે અધૂરા છો. આ ત્યારે જ બને કે જ્યારે અંત:કરણની શુદ્ધિ થઈ હોય. માટે આઠમા અધ્યાયમાં અંત:કરણની શુદ્ધિ માટેની પાંચ લીલાઓ કહી છે.

નામલીલામાં ગર્ગજીનો પ્રસંગ છે. રૂપલીલામાં માખણચોરી લીલા, જ્ઞાનલીલામાં મૃદ્‌ભક્ષણ લીલા, ભક્તિલીલામાં યશોદામાને માયાનું આવરણ છોડાવ્યું તે લીલા અને ભાગ્યલીલામાં દ્રોણ અને ધરાના ભાગ્યનું વર્ણન કર્યું તે લીલા. આવી રીતે એક અધ્યાયમાં પાંચ લીલાનાં વર્ણન આવે છે.

ગર્ગ: પુરોહિતો રાજન્ યદૂનાં સુમહાતપા: ।
વ્રજં જગામ નન્દસ્ય વસુદેવપ્રચોદિત: ॥૮/૧॥

ગર્ગજી યદુઓના પુરોહિત છે. જે આગળ આગળ યજમાનનું હિત વિચારે તે પુરોહિત. *'વર મરો કે કન્યા મરો, પણ ગૉરનું તરભાણું ભરો'* એવું જે માને તે પુરોહિત નહિ. પુર એટલે આગળ અને હિત એટલે કલ્યાણ. પ્રાચીન ભારતવર્ષની એ સંસ્કૃતિ હતી કે બ્રાહ્મણો હમેશાં એવું ચિંતન કરતા કે મારા યજમાનની ઉન્નતિ કેવી રીતે થાય ? આજે બ્રાહ્મણો એવું વિચારે છે કે અમને વધુમાં વધુ લાભ કેવી રીતે મળે ? જ્યારથી પુરોહિતની દૃષ્ટિ બગડી, જ્યારથી ગુરુની દૃષ્ટિ બગડી, ત્યારથી પહેલાં જે પુરોહિત કહેવાતા, તે ગૉર બની ગયા. **ગુરુ શબ્દનું અપભ્રંશ ગૉર થયું.**

ગર્ગજી વસુદેવજીની પ્રેરણાથી નંદબાવાના ત્યાં નામકરણ માટે પધારે છે. પ્રાત:કાળે ગર્ગજીનું પદાર્પણ થયું. નંદબાવાએ ગર્ગજીનો સત્કાર કર્યો. નંદબાવાએ કહ્યું : આપ ભક્તિમાર્ગના આચાર્ય છો, પધારો. આપ ભક્તિમાર્ગનાં બહુ ઊંડાં રહસ્યોને સમજો છો. મને ભગવાનની સાચી લીલા સમજાવો. આપના જેવા મહાપુરુષોના પધારવાથી અમારાં ઘર વધારે સુંદર બને છે.

મહદ્વિચલનં નૃણાં ગૃહિણાં દીનચેતસામ્ ।
નિ:શ્રેયસાય ભગવન્ કલ્પતે નાન્યથા ક્વચિત્ ॥૮/૪॥

હે ગર્ગજી ! આપના જેવા મહાપુરુષો દુનિયામાં સ્વાર્થ માટે ફરતા નથી, પરમાર્થ માટે પધારે છે. આનો અર્થ એ થયો કે આજે જેટલી પધરામણીઓ થાય છે, તે બધી સ્વાર્થની. પહેલાં સંતોની જેટલી પધરામણીઓ થતી તે બધી પરમાર્થની. આજે એવી ઇચ્છાથી લોકો જાય છે કે મને શું મળશે ? એ વખતે મહાપુરુષો એવી ઇચ્છાથી જતા હતા કે હું શું આપું ? આપવાની દૃષ્ટિથી ગયેલો મહાન છે અને લેવાની દૃષ્ટિથી ગયેલો અલ્પ છે. એ સમયના ગર્ગજીનાં ત્યાગ અને તપશ્ચર્યા પ્રસિદ્ધ છે.

ગોકુળમાં તેઓ શ્રીઠાકોરજીનાં નામ પાડવા આવ્યા છે. આ લીલા બહુ અઘરી છે. જેનાં અનંત નામો છે, એનાં નામ પાડવાનાં છે; અથવા જેના સ્વરૂપનો નિર્દેશ કોઈ નામ ન કરી શકે, એનું નામ પાડવાનું. 'હરિ તારાં નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી?' જેનાં સિદ્ધ નામો છે તેમનાં નામ પાડવાનાં. ભગવાનની બધી લીલાઓમાં ગર્ગજીના ભાગે આવેલી આ નામકરણલીલા ઘણી અઘરી છે.

ગર્ગજી વેદાંતી છે, વિદ્વાન છે, સમજુ છે. મનમાં ને મનમાં ગ્લાનિ અનુભવે છે. તેઓ કહે છે, 'હે ગોવિંદજી! આપે આવું કામ મને કેમ સોંપ્યું ?' ગર્ગજીના મનમાં સંકોચ થયો. તેથી તેમણે નંદબાવાને કહ્યું : બાવા, હું દુનિયાના દેખતાં નામ પાડતો

નથી, એકાંતમાં નામ પાડું છું. આમ કહેવાનું બીજું કારણ એ છે કે ભગવાનનાં બધાં નામો મંત્રાત્મક છે. આ મંત્રાત્મક નામો દુનિયાની સામે કહેવાય, પણ મંત્રનું દાન એકાંતમાં અપાય. .

ગર્ગજી કહે છે, 'બાવા ! તમારે શ્યામસુંદરનાં નામ પાડવાં છે ? તો ઢોલનગારાં પીટાવશો નહિ. ગાયની ખિરકમાં એકાંતમાં નામકરણ માટેની તૈયારી કરો.'

આજે આપણે જે નામ પાડીએ છીએ, તે અર્થ વગરનાં હોય છે. નામ બે પ્રકારનાં હોય છે : એક અન્વિતાર્થ નામ અને બીજાં અનન્વિતાર્થ નામ. નામની સાથે જીવનમાં એનો ગુણ આવે તે અન્વિતાર્થ નામ. ગુણ વિનાનાં નામ તે અનન્વિતાર્થ નામ. એક હતાં લક્ષ્મીબેન, પણ ઝૂંપડામાં રહેતાં. સાક્ષાત્ ગરીબાઈનો અવતાર. એક હતા કચરાભાઈ; પણ મોટા મહેલમાં રહેતા હતા. આવાં અનેક નામો આપણે દુનિયામાં સાંભળીએ છીએ. કોઈનું નામ શ્યામસુંદર, પણ દેખાવમાં રૂપાળો હોય. કોઈનું નામ ધવલ, પણ માથાના વાળ જેવો હોય. આજે તો એવાં નામ પડે છે કે જેનો કોઈ અર્થ જ ન હોય. એવું એક નામ છે જિગ્નેશ. મેં તેની માતાને પૂછ્યું કે આ જિગ્નેશ શબ્દનો અર્થ શું થાય ? તેમણે કહ્યું અર્થની અમને ખબર નથી, અમે તો નવું જાણીને પાડ્યું છે. મૂળ શબ્દ જિજ્ઞાસા છે. જિગ્નાનો કોઈ અર્થ નથી, તેથી જિગ્નેશનો કોઈ અર્થ નથી.

નામનું કેટલું મહત્ત્વ છે, એ આપણે અજામિલ આખ્યાન વાંચીએ ત્યારે ખબર પડે. અજામિલના છેલ્લા દીકરાનું નામ નારાયણ પાડ્યું. એ નારાયણ નામે આખા કુટુંબને તાર્યું. એ શબ્દથી આખા કુટુંબનો ઉદ્ધાર થયો. શબ્દોની શક્તિ અને તેમાં રહેલું મહત્ત્વ આજની દુનિયા ભૂલી ગઈ છે.

ગર્ગજીને મૂંઝવણ થઈ કે મારે શ્યામસુંદરનાં કયાં નામ પાડવાં ? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રીઠાકોરજીનાં નામ ત્રણ રીતે પડે : સ્વરૂપથી, લીલાથી અને ગુણથી. ગર્ગજી વિચાર કરે છે હું કયું નામ પાડું ? સ્વરૂપાનુકૂળ, લીલાનુકૂળ કે ગુણાનુકૂળ. ભગવાન ગર્ગજીને એવું નામ સૂચવશે કે જેમાં ત્રણે ત્રણ અનુકૂળ થતાં હોય.

રોહિણી માતા શ્યામસુંદરને ગોદમાં લઈને બેઠાં છે. યશોદામા દાઉજીને ગોદમાં લઈને બેઠાં છે. બંનેએ અંદર અંદર નક્કી કર્યું છે કે ગર્ગજી સાચા હશે, તો કહી આપશે કે આમાં તારો દીકરો કયો અને મારો દીકરો કયો ?

ગર્ગજીએ નામ પાડવાની શરૂઆત કરી –

અયં હિ રોહિણીપુત્રો રમયન્ સુહૃદો ગુણૈઃ ।
આખ્યાસ્યતે રામ ઈતિ બલાધિક્યાદ્ બલં વિદુઃ ।
યદૂનામપૃથગ્ભાવાત્ સઙ્કર્ષણમુશન્ત્યુત ॥૮/૧૨॥

માડી! તમારી ગોદીમાં આ ગોરો કુંવર બેઠો છે, તે તમારો નથી, પરંતુ રોહિણીનો છે. યશોદાજીએ મનમાં વિચાર કર્યો, ગર્ગજી સાચા બ્રાહ્મણ છે.

ગર્ગજીએ કહ્યું : એ રોહિણીનો પુત્ર છે, માટે તેનું નામ **રોહિણેય**. એનું બીજું નામ **બલરામ**. એનું ત્રીજું નામ સંકર્ષણ.

યશોદાજીએ પૂછ્યું : બ્રહ્મદેવ ! એનું નામ સંકર્ષણ કેમ ?'

ગર્ગજી મનમાં જાણે છે કે આ દીકરો મૂળ દેવકીજીનો છે. દેવકીજીના મનમાંથી તેનું આકર્ષણ થઈ, રોહિણીજીમાં આવ્યો છે. તેથી સંકર્ષણ શબ્દનો સાચો અર્થ તેમણે છુપાવ્યો. યશોદાજીના સંતોષ માટે તેમણે કહ્યું : 'માડી! તે તેના રૂપ અને ગુણથી સૌના મનનું આકર્ષણ કરશે, માટે તેનું નામ સંકર્ષણ. ભવિષ્યમાં તે આખા હસ્તિનાપુરનું આકર્ષણ કરશે, માટે સંકર્ષણ. તે હળ લઈને શ્રીયમુનાજીનું આકર્ષણ કરશે, માટે સંકર્ષણ. બિલ્વલ નામના રાક્ષસનું પણ આકર્ષણ કરશે, માટે સંકર્ષણ. મા! આના જેવો બળવાન બીજો કોઈ નહિ થાય, માટે તેનું નામ બલરામ.'

રોહિણીજીની ગોદમાં કનૈયાલાલ બિરાજ્યા છે. યશોદાજી વિચાર કરે છે, મારા લાલાનું નામ શું પડશે ? યશોદામાના કન્હાઈને જોતાં જ ગર્ગજીનાં રોમરોમ ખીલી ગયાં. આંખોમાં આંસુ આવી ગયાં. હર્ષથી ગદ્ગદિત બની ગયા. તેમણે કહ્યું: માડી! સત્યયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કલિયુગમાં તારો આ લાલ રંગો બદલતો બદલતો પૃથ્વી ઉપર આવે છે. યશોદા, આજે તારા આ લાલ માટે મારા ચિત્તમાં એક જ નામ યાદ આવે છે અને તે કૃષ્ણ. ગર્ગજીએ શ્યામજીનું નામ કૃષ્ણ પાડ્યું.

યશોદાજીને વિચાર થયો કે મારો લાલો કાળો છે, માટે ગર્ગજીએ તેનું નામ કૃષ્ણ પાડ્યું છે. પરંતુ ગર્ગજી સમજે કે મેં આ નામ કેવળ ગોવિંદજીનો રંગ જોઈને પાડ્યું નથી. કૃષ્ણ નામ લીલાનુકૂળ, ગુણાનુકૂળ અને સ્વરૂપાનુકૂળ છે. કૃષ્ણ શબ્દનો એક અર્થ કાળો થાય. કૃષ્ણ શબ્દનો બીજો અર્થ પરમાનંદ થાય. ઉપનિષદોમાં કૃષ્ણ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે –

કૃષિર્ભૂવાચકશબ્દશ્ચનિવૃત્તિવાચક:
તયોરૈક્ય પરબ્રહ્મ કૃષ્ણઇત્યભિધીયતે ।

કૃષ્ણ શબ્દનો ત્રીજો અર્થ આકર્ષણ કરનારો છે. આમ ભગવાનની લીલા, ગુણ અને સ્વરૂપનું અનુસંધાન એક કૃષ્ણ શબ્દમાં થયું. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે **'કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણેતિ કૃષ્ણનામ સદા જપેત્।'** કૃષ્ણ એ રસાત્મક નામ છે. આપણે આપણી જીભને **'શ્રીકૃષ્ણ: શરણં મમ'** રટવાની ટેવ પાડવાની છે.

યશોદાજીને તો એટલો જ વિચાર રહ્યો કે મારો લાલો કાળો છે; એટલે ગર્ગજીએ તેનું નામ કૃષ્ણ પાડ્યું છે, પરંતુ બીજી બધી ગોપિકાઓ કહે છે કે મૈયા! તમારા લાલાના વાળ વાંકડિયા છે, તમારા લાલાની ચાલ વાંકી છે. તમારા લાલાનું જોવાનું પણ વાંકું છે, પછી એનું નામ શા માટે સીધું હોય! તેથી એનું નામ પણ વાંકું. રામ બોલવું હોય તો સીધું બોલાય, પરંતુ કૃષ્ણ બોલવા માટે લાલબાઈને વાંકી પાડવી પડે. 'ષ'કાર મૂર્ધન્ય છે, તેથી જીભને તાળવે લગાડવી પડે. ભક્તો હસતાં હસતાં કહે છે કે મહારાજ! જેમ તમે વાંકા, તેમ તમારું નામ પણ વાંકું.

ગોપીજનો કહે છે, આ ગર્ગજીના જેવા નામ પાડનારા બીજા કોઈ દુનિયામાં નથી. ભગવાન ગોપીજનોના મનમાં બિરાજીને પૂછે છે, તમને એવું કેમ લાગે છે ? સખીઓ કહે છે : જેવાં તમારાં કામ અને જેવું તમારું રૂપ એવાં તમારાં નામ. પ્રભુજી હસતાં હસતાં કહે છે : હું ભલે કાળો છું, પરંતુ મારું કોઈ કામ કાળું નથી. ગોપીઓ કહે છે : મહારાજ, તમારાં કામ પણ કાળાં છે. તમે ચોરી કરો છો, ગોરસ લૂંટો છો, રાક્ષસોને મારો છો, લોકોને પજવો છો. આ બધાં કંઈ ગોરાં કામ કહેવાય ? હે શ્યામસુંદર ! જેવાં તમારાં કામ છે એવાં જ તમારાં નામ છે; માટે દુનિયામાં તમે **'કૃષ્ણ'** નામથી પ્રસિદ્ધ થયા છો.

શ્યામજી કહે છે, દેવીઓ ! મારો શ્યામ વર્ણ મારા કામને લઈને નથી. એની કથા સાંભળવા જેવી છે.

એક વાર ગોપી અને કૃષ્ણ વચ્ચે બહુ મોટો ઝઘડો થયો. ગોપીઓ શ્યામજીને ઘેરી વળી. તેઓ વારંવાર શ્યામજીને પૂછે છે : ***'ગોરે નંદ, જસોદા ગોરી, તુમ કત સ્યામ સરીર ?'*** આ બધાં ગોરાં ગોરાં ને તું જ કેમ કાળો ?

શ્યામજી કહે છે : સખીઓ, એનું સાચું કારણ એ છે કે હું જન્મ્યો, ત્યારે જશોદામા સૂઈ ગયાં હતાં. તેથી ગર્ગજીએ મારું આવું નામ પાડ્યું છે. જશોદાજી મારા

જન્મ વખતે ઊંઘી ગયાં હોવાથી, મારા શરીરે રાતનું અંધારું લાગી ગયું, તેથી હું શ્યામ બની ગયો. હું કાળું કામ કરવાથી કાળો થયો નથી.

ગોપીઓએ કહ્યું : 'મોહનજી, ગપ્પાં ન મારો. કેટલાંય છોકરાં અંધારી રાતે જન્મે છે, એ બધાં કંઈ ઓછાં કાળાં હોય છે ?'

શ્યામજીએ બીજું બહાનું કાઢ્યું, 'અરી સખી ! તારી આંખનું કાજળ મને લાગેલું, તેથી હું કાળો થઈ ગયો. હું જન્મ્યો ત્યારે તમે આંખમાં ખૂબ બધું કાજળ આંજી મને જોવા આવેલાં. તમે મને એટલો બધો જોયો કે આખો ને આખો તમારી આંખોમાં મને પી ગયાં. તેથી હું કાળો થઈ ગયો.'

સખીઓ કહે છે : મહારાજ, તમે દૂર ઘોડિયામાં સૂતા હતા. અમારી આંખોનું કાજળ તમને ક્યાંથી ચોંટે ?

શ્યામજી કહે છે : દેવીઓ, તમે રાસપંચાધ્યાયીમાં મને વિનંતી કરશો. તમે મને કહેશો કે અમારા હૃદયની કાળાશ દૂર કરવા તમારાં ચરણ અમારી છાતી ઉપર મૂકો. જ્યારથી તમે મને રમાડવા તમારા ઘેર લઈ ગયાં, તમારી છાતી ઉપર મારો પગ મૂક્યો, ત્યારથી હું કાળો થઈ ગયો. બીજું કારણ એ પણ છે કે હું બધાંનાં પાપનું મારામાં આકર્ષણ કરું છું, હું બધાંનાં પાપ પચાવી જાઉં છું, તેથી હું શ્યામ થયો છું. આખી દુનિયાનાં પાપ ચૂસીને દુનિયાને આનંદનું દાન કરું છું, તેથી હું કાળો છું. હું મારી માના ઉદરમાં ગોરો જ હતો, પણ બહાર આવીને કાળો થઈ ગયો. ભગવાન કહે છે : આખી દુનિયા કાળી છે, લોકોનાં જીવન કાળાં છે, લોકોનાં મન કાળાં છે, લોકોનાં કામ કાળાં છે. આ બધાંની વચ્ચે વસીને હું પણ કાળો થઈ ગયો છું.

ગોપાંગનાઓ એટલું જ જાણે છે કે આ ગર્ગજીએ શ્યામજીને કાળા સમજીને એમનું નામ કૃષ્ણ પાડ્યું. ગોપીઓ કહે છે : શ્યામસુંદર ! અમે તો તમને 'કાળિયો, કાળિયો' કહીને ચીઢવીશું.

કૃષ્ણ માટે ગુજરાતી સાહિત્યમાં કનૈયો, કાનુડો એવા શબ્દો આવે છે. ગામડાની એક માડીએ વિચાર કર્યો કે મને 'કૃષ્ણ' બોલતાં નહિ ફાવે, હું તો એને 'કરસનિયો' જ કહીશ. કૃષ્ણ શબ્દનો અપભ્રંશ થયો કરસન. હિન્દીભાષી માતાઓએ વિચાર કર્યો, અમને કૃષ્ણ બોલતાં નહિ ફાવે; એટલે તેઓ કૃષ્ણને 'કનુવા' કહેવા લાગ્યાં. બલરામજીને બલુવા કહેવા લાગ્યાં. આપણાં વ્રજભાષાનાં કેટલાંય પદોમાં કનુવો શબ્દ આવે છે. કૃષ્ણને યશોદામા કનુવો કહેતાં હશે, ત્યારે કેટલું મીઠું લાગતું હશે!

શ્યામજી જાણે કહી રહ્યા છે : તમારે મને જે કહેવું હોય તે કહો; પરંતુ એક વખત પણ જો તમે પ્રેમથી બોલાવશો, તો તમારા બધા ભવ સફળ થઈ જશે. ચાહે તમે કૃષ્ણ કહો કે કાનુડો કહો. ચાહે કનૈયો કહો કે કરસનિયો કહો. પરંતુ મારું કોઈ પણ નામ એક વાર તમારી જીભ પર રમતું કરી દો, તો તમારો બેડો પાર થશે.

આમ, ગર્ગજીએ નામકરણ-સંસ્કાર કર્યા, ને જતાં જતાં નંદજીને ટકોર કરી-

તસ્માન્નન્દાત્મજોઽયં તે નારાયણસમો ગુણૈ: ।
શ્રિયા કીર્ત્યાનુભાવેન ગોપાયસ્વ સમાહિત: ॥૮/૧૯॥

ગર્ગજીએ કહ્યું : બાવા, આ શ્યામસુંદર પરભવનાં પુણ્યોથી તમને મળ્યો છે, તે ખોવાય નહિ એનું ધ્યાન રાખજો; એની રક્ષા કરજો. નંદજી ગર્ગજીનો આ ભાવ હૃદયથી સમજ્યા છે. આ ભાવ પરમાનંદદાસજીએ તેમના એક પદમાં યશોદામૈયાને સમજાવ્યો છે. આ ભાવ શ્રીહરિરાયજીએ આપણને સમજાવ્યો છે. એક વાર મળેલું રતન જતન કરીને સાચવવું.

પરમાનંદદાસજીએ બહુ સુંદર વાત કહી –

યહ ધન ધર્મ હિ તેં પાયો,
નીકે રાખ જશોદા મૈયા, નારાયન બ્રજ આયો.
જા ધનકો મુનિ જપ-તપ ખોજત, બેદહુ પાર ન પાયો. યહ ધન...

પરમાનંદદાસજી કહે છે : મૈયા, આજે તમને કૃષ્ણરૂપી ધન મળ્યું છે તે સાચવી રાખજો. ગર્ગજીએ કૃષ્ણનામનું દાન કર્યું. તેમણે સૂચન કર્યું : **'ગોપાયસ્વ'** - આને સાચવી રાખજો. આ વાત ગર્ગજીએ નંદબાવાને કહી નથી, તમને અને અમને કહી છે. કૃષ્ણનું રૂપ આંખની કોટડીમાં સાચવજે, કૃષ્ણનું નામ લાલબાઈએ બનાવેલી અને બત્રીસ બાવાઓથી બંધ થયેલી મુખરૂપી કોટડીમાં સાચવજે. નામ અને રૂપનો સમન્વય હૃદયની કોટડીમાં સાચવજે.

જેવી રીતે હીરા, માણેક, પન્ના જેવા ઝવેરાતને અમૂલ્ય સમજીને સાચવીએ છીએ, એમ જેમણે જીવનમાં ભગવદ્રૂપ અને ભગવદ્નામ સાચવ્યાં છે તે જીવનનો જંગ જીતી જાય છે. *આ નામકરણલીલાનું રહસ્ય છે.*

■

પ્રકરણ ૧૮

રીંગણલીલા અને માખણચોરી

વિશ્વમાં વિભુ બે રીતે વિલાસ કરે છે. શ્રીમહાપ્રભુજી કહે છે : **રૂપનામ વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ।** વિભુનો એક રૂપવિલાસ છે અને બીજો નામવિલાસ છે. રૂપવિલાસની પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. નામવિલાસની પરોક્ષ અનુભૂતિ થાય છે. નામ સ્મરણમાં રમે છે અને રૂપ ધ્યાનમાં રમે છે. સ્મરણ અને ધ્યાન ચિત્તને એકાગ્ર બનાવનાર ભૂમિકા છે. સ્મરણ વિનાનું ધ્યાન નકામું અને ધ્યાન વગરનું સ્મરણ નકામું. જે ધ્યાનમાં અખંડ રીતે પ્રિયતમ પ્રાણપ્યારા શ્રીશ્યામસુંદરજીનું સ્મરણ ન હોય, એ ધ્યાનનો કોઈ અર્થ નથી. જે સ્મરણમાં પ્રિયતમનું નામ ન હોય એ સ્મરણ પણ ઝાંખું લાગે છે.

રૂપની સાથે નામ રહે છે અને નામની સાથે રૂપ રહે છે. એક લૌકિક ઉદાહરણથી આ વાત સમજીએ. કમળ શબ્દ લો. કમળ શબ્દ બોલીએ, ત્યારે તેની સુંદર આકૃતિ આપણા ચિત્તમાં અંકિત થાય છે. કમળને જોતી વખતે કમળ શબ્દ બોલીએ કે ન બોલીએ, પરંતુ એ શબ્દ આપણા ચિત્તમાં આવી જાય છે. નામ અને રૂપ બંને એકબીજાનાં પૂરક છે.

શ્રી શુકદેવજી આઠમા અધ્યાયમાં નામ અને રૂપની સાથે બીજી ત્રણ બાબતો રજૂ કરે છે : જ્ઞાન, ભક્તિ અને ભાગ્ય. રૂપ અને નામમાં જ્ઞાન અને ભક્તિનો સમાવેશ થાય છે, છતાં કંઈક જુદી રીતે આ અધ્યાયમાં શ્રી શુકદેવજીએ ભક્તિ અને જ્ઞાનનું નિરૂપણ કર્યું છે. નામ તો એક જ ભક્તિ છે, તેની સાથે બીજી આઠ ભક્તિ જોડવાની છે. એટલે ભક્તિ શબ્દ જુદો મૂક્યો :

શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્ ।
અર્ચનં વંદનં દાસ્યં તસ્યમાત્મનિવેદનમ્ ॥

'નામ' શબ્દમાં ભક્તિની ત્રણ વ્યાખ્યા આવી જાય : શ્રવણ, કીર્તન અને સ્મરણ. બાકીની છ ભક્તિનો સમાવેશ રૂપમાં થઈ જાય. પાદસેવન કોઈના રૂપ વગર કરાય ખરું ? અર્ચન કોઈના રૂપ વિના થાય ખરું ? કોઈ મૂર્તિ વિના વંદન થાય ? હવાને વંદન કરાય ? કોઈ સ્વરૂપ વિના દિલમાં દાસ્ય આવે ખરું ? સામે બીજું કોઈ હોય તો જ સખ્ય જાગે. આત્મનિવેદન માટે પણ સામે બીજું જોઈએ. આમ, આ નવધા

ભક્તિમાં ત્રણ ભક્તિ નામાત્મિકા છે અને છ ભક્તિ રૂપાત્મિકા છે. આ બધું સમજાવવા માટે ભક્તિ તત્ત્વ જુદું બતાવ્યું છે.

ભક્તિ એ ભાવની અવસ્થા છે. ભાવની આ અવસ્થાને જ્યાં સુધી આપણું અંતર ઓળખે નહિ, ત્યાં સુધી આપણને ભક્તિનું ભાન થતું નથી. માટે ભક્તિની સાથે જ્ઞાનને લીધું છે. પ્રેમ હોવા છતાં પ્રેમનું ભાન થવું એ બીજી ભૂમિકા છે. મોઢામાં ભોજનનો કોઈ પદાર્થ મૂક્યો તે ખાધો, પેટ ભરાયું; તેથી તૃપ્તિ થતી નથી. ખાધા પછી એના સ્વાદને માણવાની શક્તિ જોઈએ. સ્વાદને માણવાની આ શક્તિ જ્ઞાન દ્વારા આવે છે. ભક્તિનું ભાન જ્ઞાનની ભૂમિકાથી થાય છે. આથી આ અધ્યાયમાં નામ અને રૂપની સાથે ભક્તિ અને જ્ઞાનનાં તત્ત્વો ઉમેરાયાં.

હવે સવાલ આવીને ઊભો રહે કે રૂપ અને નામ તથા ભક્તિ અને જ્ઞાન, દાનમાં ક્યારે મળે ? શું આ ચારેય વસ્તુ સાધન-સાધ્ય છે ? બહુ વિચાર કરતાં એમ લાગે કે કદાચ પુસ્તકિયું જ્ઞાન સાધન-સાધ્ય હોય. અંતરથી પ્રગટ થતું જ્ઞાન સાધન-સાધ્ય નથી. સાચું બોલવું જોઈએ - આ વાક્ય વાંચવાથી સમજાય છે; પરંતુ એ વાક્ય વાંચવાથી સાચું બોલવાની વૃત્તિ આવતી નથી. એ તો અંતઃકરણની એક પ્રવૃત્તિ છે, ભાવની એક જાગૃતિ છે. જ્ઞાન કે ભક્તિ, રૂપ કે નામ જીવના સાધનથી સાધ્ય નથી; કારણ કે આપણી શક્તિઓ સીમિત છે. આપણી શક્તિઓની એક મર્યાદા છે. એ મર્યાદાઓને ઓળંગીને આગળ વધવાનું સામર્થ્ય આપણામાં નથી.

એક નાનકડી કીડીને કહીએ કે તું આખો હિમાલય ઓળંગી જા. તો બિચારી કીડી રડવા જ બેસે. તેને ડબ્બીમાં મૂકીને લઈ જાઓ, તો કદાચ ટોચ સુધી પહોંચી જાય. એવું જ આપણી શક્તિનું પણ છે. માટે શ્રી શુકદેવજી અહીં એમ કહે છે કે નામ અને રૂપ, ભક્તિ અને જ્ઞાન ભાગ્યથી મળે છે; પરંતુ આ ભાગ્ય આપણાં કર્મોથી ઘડાયેલું ભાગ્ય નહિ, પણ કૃપાથી પ્રાપ્ત થયેલું ભાગ્ય. એક ભાગ્ય કર્મથી ઘડાય છે અને બીજું ભાગ્ય કૃપાથી ઘડાય છે. કર્મથી ઘડાયેલા ભાગ્યની સીમા છે. કૃપાથી ઘડાયેલા ભાગ્યની કોઈ સીમા નથી. આ કૃપા પણ કોની ? અનંતની, આનંદમયની, વિભુની, પ્રભુની, પ્રકાશમયની. કોઈ સાધારણની કૃપા નથી. માટે આ અધ્યાયમાં છેલ્લે ભાગ્યનું વર્ણન કર્યું.

આ અધ્યાયમાં એકંદર એકવીસ શ્લોકોમાં નામલીલાનું દર્શન કરાવ્યું છે. ભગવાનની આ નામલીલા સમજવાથી આપણા ચિત્તમાં, આપણા હૃદયમાં ભગવદ્-

પ્રેમનો ઉદય થાય છે. ભગવન્નામનાં જપ, પાઠ, સ્મરણ વગેરે બતાવવા માટે જ આ નામલીલા છે. ઈશ્વરના નામનું સ્મરણ, રટણ અને જપનું પણ એક અલગ વિજ્ઞાન છે. દરેક વસ્તુમાં વિજ્ઞાન અને પ્રજ્ઞાન એવી બે દૃષ્ટિ જોવા મળે છે. વસ્તુના જુદા જુદા વિભાગ કરીને તેને સમજવી, તે વિજ્ઞાન. એનાં ઉત્તમ તત્ત્વોને ઓળખવાં તે પ્રજ્ઞાન. જ્યાં વિજ્ઞાન અટકે છે ત્યાંથી પ્રજ્ઞાનની જાગૃતિ થાય છે. આમ, શાસ્ત્રનું વિજ્ઞાન બતાવનારા ઘણા મળશે, પરંતુ એનું પ્રજ્ઞાન તો માણસ જાતે જ જાણી શકે છે. જ્યાં સુધી નામલીલાનો આપણે અનુભવ ન કરીએ, ત્યાં સુધી તેની ઉત્તમ ભૂમિકા સમજમાં આવતી નથી.

ઈશ્વરનું નામ આપણે બે રીતે લઈએ છીએ. એક રીત છે સમજીને નામ-સ્મરણ કરવાની, બીજી રીત છે સમજ્યા વિના નામ રટવાની. શ્રીમહાપ્રભુજીએ શ્રી સુબોધિનીજીમાં નામલીલાની બહુ સુંદર છણાવટ કરી છે.

જો ઈશ્વરનું નામ સમજીને લઈએ તો કોઈ પ્રશ્ન નથી; પણ સમજ્યા વિના નામ રટવું કે ન રટવું એવો પ્રશ્ન થાય છે. માનો કે નામ સમજીને લઈએ છીએ, પરંતુ તે લેતાં મન ભટકે છે; તો નામ લેવું કે નહિ ? જપ કરનાર સામે આ પ્રશ્નો આવે છે.

એક માણસે જવાબ આપ્યો કે તારું મન એકાગ્ર થતું હોય તો નામ લેજે, પણ ખાલી ખાલી ભટકતું હોય તો જીભથી બબડાટ કરવાનો કોઈ ફાયદો નથી. આવાય ઘણા લોકો હોય છે. આખો દિવસ તેમના હાથમાં માળા ફરતી હોય અને વાતો પણ ચાલતી હોય. આવી રીતે નામ લેવું કે ન લેવું ? શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર છણાવટ કરી છે. આપણું મન એકાગ્ર હોય કે વ્યગ્ર હોય, તો પણ આપણી જીભથી પ્રભુનું નામ લેવાની ટેવ છોડવી નહિ. જ્યાં સુધી અંતઃકરણમાં મેલ હોય છે, ત્યાં સુધી સૌને વ્યગ્રતા રહે છે. એકાગ્રતાની ભૂમિકા રાતોરાત થતી નથી. તમે માળા લઈને બેઠાં કે તરત ભગવાન પાસે પહોંચો એવું બનવાનું નથી. હજી તો એકડો ઘૂંટવાનો છે.

બાલમંદિરમાં દાખલ થનાર છોકરો એમ કહે કે મને એમ.એ.નો અભ્યાસ આવડતો નથી, એટલે હું બાલમંદિરમાં નહિ જાઉં, તો તે બરોબર છે ? તે એકડો ઘૂંટતાં ઘૂંટતાં ધીમે ધીમે ભણવામાં આગળ વધે છે. છેવટે એમ.એ.ના વર્ગમાં પહોંચે છે. એકડો ઘૂંટતી વખતે તે એકડો પણ વાંકોચૂંકો લખાય છે. ક્યારેક ખોટું પણ લખે છે. તે ભૂંસે છે અને લખે છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે આપણી જીભને ગોવિંદનું નામ લેવાની ટેવ પાડીએ. શરૂઆતમાં વ્યગ્રતાનો જ અનુભવ થશે. એનું

કારણ એ છે કે એકાંત મળતાં આપણું મન ઉછાળા મારતું બહાર આવે છે. તે વખતે મનમાં સંઘરી રાખેલી ઘણી વસ્તુઓ પણ બહાર આવે છે. સમૂહમાં મન વધારે સતાવતું નથી. એકાંતમાં આ મનજીરામ બહુ સતાવે છે.આપણા લિંગદેહમાં જન્મો-જન્મના સંસ્કારો ભરાયેલા પડ્યા છે. એ સંસ્કારોનું પ્રતિબિંબ મન દ્વારા આપણે ઝીલીએ છીએ. મનોવિજ્ઞાન મનમાં ઝિલાતા આ સંસ્કારોને અચેતન મન કે અર્ધ-ચેતન મનના સંસ્કારો કહે છે. તેને આપણાં શાસ્ત્રો લિંગદેહના સંસ્કારો કહે છે.

કેટલીક દવાઓ એવી હોય છે જે ખાવાથી શરૂમાં રોગ ઊભરાય છે. આયુર્વેદમાં આવી ઘણી દવાઓ છે. એવી જ રીતે આપણે માળા લઈને બેસીએ, ત્યારે મનમાં સુષુપ્ત રીતે પડેલા સંસ્કારો ઊછળીને બહાર આવે છે. તેને લીધે વ્યગ્રતા રહે છે.

વ્યગ્રતા રહેવાનું બીજું કારણ એ છે કે જ્યાં ખાલી જગ્યા હોય ત્યાં મફતિયા માણસો ઘસી જાય. અત્યાર સુધી આપણે આપણા મનમાં મોહનજીને પધરાવ્યા નથી. મન ખાલી પડ્યું છે, તેથી માયા નામની એક ધુતારી મનમાં ઘૂસી ગઈ છે. વર્ષોથી તે મનમાં અડ્ડો જમાવીને બેઠી છે. જ્યારે આપણને ખબર પડી કે આ કોઈ ધુતારી આપણા મનમાં ઘૂસી ગઈ છે. ત્યારે આપણે તેને કાઢવા મથીએ છીએ. પરંતુ અંદર ઘૂસેલો માણસ સીધી રીતે ઓછો બહાર નીકળે ? આજનો ભાડૂત પણ સરળતાથી ઘર ખાલી કરતો નથી, તો માયા મનરૂપી ઘર ક્યાંથી ખાલી કરે ? આ માયા સાથે આપણે થોડી જબરજસ્તી કરવી પડે.

ભગવાન કહે છે, મને એની સામે ધરી દો. જેમ જેમ તેને મારો ડર વધતો જશે, તેમ તેમ તે નીકળતી જશે. કોઈ જબરા માણસને રાખો તો ભાડવાતે ઘર ખાલી કરવું પડે. ઘર ખાલી કરાવવું એ કાચાપોચા માણસનું કામ નથી. જેમ જેમ આપણા મનમાં મોહનજીનું નામ અને રૂપ પ્રવેશતું જાય છે, તેમ તેમ ઘર જમાવીને બેઠેલી માયાને મનરૂપી ઘર ખાલી કરવું પડે છે. તે વખતે ગજગ્રાહ ચાલે છે, વ્યગ્રતા આવે છે. એકાંતમાં આપણે પ્રભુનું સ્મરણ કરવા બેસીએ, ત્યારે માયા વધારે ઉપદ્રવ કરે છે. તમે વિચાર કરશો તો જણાશે કે એકાંતમાં બેસીને ભગવાનનું નામ લઈએ તો વધુ સતામણી થાય છે. કંઈક સત્કર્મ કરવા જઈએ છીએ, ત્યારે અંદર બેઠેલા આ દુષ્ટ સંસ્કારો ઊછળીને બહાર આવે છે.

આપણને પ્રશ્ન થશે કે એકાંતમાં માણસનું મન વધારે કેમ ભટકે છે ? મન અતિ સૂક્ષ્મ છે. તે સૂક્ષ્મ હોવાથી જલદી એક પછી એક એમ અનેક વિષયોને ગ્રહણ કરે

છે. મનનો બીજો સ્વભાવ એવો છે કે એક વસ્તુને ભોગવ્યા પછી તે તરત જ તૃપ્ત થઈ જાય છે. પરિણામે નવું નવું શોધવા જાય છે. આજે પહેરેલું કપડું રોજ રોજ પહેરવું નહિ ગમે. શરીરને તો જે પહેરાવીશું તે પહેરશે. શરીર કોઈ દિવસ ફરિયાદ કરવાનું નથી; પરંતુ મન તરત જ ફરિયાદ કરશે. રોજ એકનું એક પહેરવાનું ? આને લઈને મન બધે ભટક્યા કરે છે. મનનો આ સ્વભાવ બદલવો એ સહેલું નથી. તે એક દિવસમાં બદલી શકાશે નહિ.

એક દર્દીને ટી.બી. થયો હતો. તેમણે ડૉક્ટર પાસે જઈ એક ઇન્જેક્શન લીધું અને બીજા દિવસે ફરિયાદ કરી કે મને કેમ સારું થયું નથી ? ડૉક્ટર આવા દર્દીને બીજું શું કહે ? મન વ્યગ્ર તો રહેવાનું જ, છતાં વારંવાર તેની પાસે જો આપણે હરિનામનું આવર્તન કરાવવાની ટેવ પાડીએ તો ધીરે ધીરે મન એકાગ્ર બને.

નામ-સ્મરણનાં સ્પંદનો આપણા અનેક જન્મોના સંચિત સંસ્કારોને ધોઈ નાખે છે. જેમ જેમ તે સંસ્કારો ધોવાતા જશે, તેમ તેમ મનજીરામ એકાગ્ર થતા જશે. તેને વખત લાગશે. તેને માટે કદાચ એક જન્મ પણ ઓછો પડે. આપણી શક્તિ ઓછી હોય અને પ્રભુકૃપા પણ ઓછી હોય, તો કદાચ આ જન્મમાં મનની એકાગ્રતા સિદ્ધ ન પણ થાય. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમે અજ્ઞાનથી પ્રભુનું નામ લો કે જ્ઞાનથી લો, તમે એકાગ્રતાથી નામસ્મરણ કરો કે વ્યગ્રતાથી કરો; પણ આપણી જીભને નામસ્મરણની ટેવ પાડો.

શ્રીમહાપ્રભુજીએ બીજી સુંદર વાત કહી કે જો આપણે એકાગ્રતાથી પ્રભુનું નામ લઈએ તો કયું ફળ મળે અને વ્યગ્રતાથી નામ લઈએ તો કયું ફળ મળે ? એક વાત સ્પષ્ટ છે કે વ્યગ્રતાથી લીધેલું નામ નિષ્ફળ જતું નથી. વ્યગ્રતાથી લીધેલા નામનું આવર્તન જેમ જેમ વધતું જાય, તેમ તેમ તે આપણા અંતઃકરણના મેલને ધૂએ. આ **એક ફળ**. આપણી જીભ દુનિયાની નિંદા કરવાને બદલે ભગવાનનું નામ લેતી થાય, તે **બીજું ફળ**. વ્યગ્રતાથી લીધેલું નામ કદાચ આપણા ચિત્તને આનંદ આપતું ન હોય, પરંતુ કાળને ખબર પડે છે કે આ માણસના મુખમાં કૃષ્ણજીનું નામ છે. પરિણામે વ્યગ્રતાથી પણ પ્રભુનું નામ લેનારને કદાપિ નર્કવાસ થતો નથી. આ **ત્રીજું ફળ**.

એક આંધળા માણસને ખબર નથી કે સામેથી કોણ આવે છે, પરંતુ સામે આવતા દેખતા માણસને ખબર છે કે સામેથી એક અંધ માણસ આવે છે. ભગવાનના નામ-સ્મરણનો ફાયદો કદાચ આ જીવનમાં આપણને ન સમજાય, પરંતુ કાળ જાણે

છે કે તે કૃષ્ણજીનું નામ લે છે. નામ-સ્મરણ કરનારને ફરી માનવજન્મ મળે છે, તેને અન્ય યોનિઓમાં જન્મવું પડતું નથી. તેનો બીજો જન્મ માનવનો થાય છે, તે **ચોથો ફાયદો**. આ વાત શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે. શ્રીમહાપ્રભુજીની વાણી અનુભવની વાણી છે, તે કદાપિ મિથ્યા હોઈ શકે નહિ. બીજો જન્મ માનવનો મળતાં આપણને જીવનને સુધારવાની એક બીજી તક મળે છે. *માનવજીવન મળવું એટલે જીવનને સુધારવાની તક મળવી.*

હવે એકાગ્રતાથી નામસ્મરણ કરવાથી શો ફાયદો થાય તે શ્રીમહાપ્રભુજી સમજાવે છે. આપણું અંતઃકરણ નિર્મળ બને છે. અંતઃકરણમાં ભગવદ્-સ્વરૂપનો અનુભવ થાય છે. તે સ્વરૂપ સાથે મન એકાગ્ર થાય છે. શ્રીશ્યામસુંદર સાથેનો સંબંધ ગાઢ થાય છે, પરિણામે તેને બીજો જન્મ જ લેવાનો રહેતો નથી.

આમ, એકાગ્રતાના ઘણા ફાયદા છે, પરંતુ વ્યગ્રતાથી લીધેલ નામ એળે જતું નથી, તે ચોક્કસ છે. ગીતાજીમાં ભગવાન આજ્ઞા કરે છે કે –

ન હિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ.

માટે હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, ખાતાં-પીતાં મન લાગે કે ન લાગે, તોય ભગવાનનું નામ લેતાં જ રહેજો. હરતો જા ફરતો જા, ગોવિંદના ગુણ ગાતો જા.

આનાં બીજાં પણ કારણો છે. આપણો સ્વભાવ એવો છે કે જે કંઈ કામ વારંવાર કરીએ તેની ટેવ પડી જાય છે. આજે ચા પીધી તો કાલે ચા જોઈએ. આજે જે સમયે ઊંઘ આવી, તે સમયે કાલે પણ આવવાની. માણસનું આખું જીવન આદતોથી ભરેલું છે. જો આપણે બધી આદતો પાડી શકીએ, તો ભગવાનનું નામ લેવાની આદત જીભને કેમ ન પાડી શકીએ ? ભગવાનનું નામ લેવાની આદત પડે, તો બીજી ખરાબ આદતો પણ છૂટતી જાય. આમ, નામનો મહિમા સમજાવવાને માટે આખો આ નામલીલાનો પ્રસંગ છે.

આપણે કીર્તન ગાઈએ છીએ, ત્યારે ઉચ્ચ સ્વરે નામ લઈએ છીએ. નામને જપનું રૂપ અપાય છે, ત્યારે તેનું એકાંતમાં આવર્તન થાય છે. ઉચ્ચ સ્વરથી બોલવા માટે કોઈ પણ પદ, કીર્તન કે શબ્દ ચાલે; પરંતુ એકાંતમાં મંત્રરૂપે જપવા માટે જેનું આપણને મંત્રાત્મક દાન થયું હોય તે જ શબ્દ ચાલે. મંત્રાત્મક દાનની ગુરુ-પરંપરા હોય છે. જે ગુરુએ એ નામને વ્યવસ્થિત રીતે પોતાના જીવનમાં રટાવ્યું છે, તેના આશીર્વાદ જોઈએ. આ એક પરંપરા છે. અષ્ટાક્ષર એવું નામ છે, જે મંત્ર પણ છે

અને કીર્તન પણ છે. એકાંતમાં તેનો જપ થઈ શકે અને જાહેરમાં તેનું કીર્તન કરી શકાય. શ્રીમહાપ્રભુજીએ આ અષ્ટાક્ષર મંત્ર માટે આજ્ઞા કરી કે 'વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિ: ।'

નામની સાથે ભગવાનનું કેવું રૂપ જોડવું ? શ્રીશુકદેવજી હવે તેનો જવાબ આપે છે. શ્રીશુકદેવજી હવે આઠમા અધ્યાયમાં શ્રીશ્યામસુંદરનાં દશ શબ્દ-ચિત્રો આપે છે. એકંદરે દશ શ્લોકમાં શ્રી શુકમુનિએ રૂપલીલાનું વર્ણન કર્યું છે. આપણા શ્રીબાલકૃષ્ણ અત્યાર સુધી માતાના હાથમાં અને ગોદમાં ખેલતા હતા. ઘોડિયામાંથી ગોદમાં અને ગોદમાંથી ઘોડિયામાં જતા હતા. ધરતી માતા શ્રીશ્યામજીને કહે છે : પ્રભુ! આપે મને આશીર્વાદ આપ્યા છે, તો હવે મને ક્યારે અલંકૃત કરશો ? ગોવિંદજી કહે છે: દેવી! તારો મનોરથ પૂરો કરવા હવે હું ઘૂંટણિયાં તાણવાની શરૂઆત કરું –

કાલેનાલ્પેન રાજર્ષે રામ: કૃષ્ણશ્ચ ગોકુલે ।
અધૃષ્ટજાનુભિ: પદ્‌ભિર્વિચક્રમતુરંજસા ॥ ૮/૨૬॥

દાઉદાદા અને કનૈયાલાલ હવે ઘૂંટણિયાં તાણતા તાણતા રીંગણલીલા કરવા લાગ્યા છે. માએ તેમનાં ચરણમાં છમ્મ્છમ્ ઝીણો ઝીણો શબ્દ કરે એવી કલ્લીઓ પહેરાવી દીધી છે. જ્યાં જ્યાં ગોવિંદજી ઘૂમે છે, ત્યાં ઝૂમ્ ઝૂમ્ ઝણકાર થાય છે. આખું નંદભવન એ રણકારથી આનંદિત બને છે. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ભગવાનના ઘૂંટણમાં સુતલલોક છે. ઘૂંટણિયાં ચાલે છે ત્યારે સુતલલોક દબાય છે. સુતલલોક દબાતાં તેમાં રહેલી આસુરી વૃત્તિઓનું પણ દમન થાય છે. વિરાટના સ્વરૂપમાં ઘૂંટણને સુતલલોક કહેવામાં આવે છે. જ્યાં જ્યાં ભગવાનની રીંગણલીલા થતી હોય, ત્યાં ત્યાં આસુરી વૃત્તિઓનું દમન થાય છે. શ્રીકૃષ્ણ ઘૂંટણિયાં તાણે છે, ત્યારે તે જોવાનો આનંદ આવે છે.

ગોવિંદજી ઘૂંટણિયાં તાણતા તાણતા નંદાલયના દ્વારનો ઉંબરો ઊતરી જાય છે. તેનાં દર્શન એક ભક્તને ખૂબ સુંદર થયાં. તેઓ નંદભવનના દ્વારે પ્રભુજીનાં દર્શન કરવા આવ્યા છે. ગોવિંદજી ઘૂંટણ તાણીને દ્વારેથી નીચે ઊતરી તો ગયા, પરંતુ તેમનાથી પાછું ઉપર ચઢાતું નથી. આ ભક્ત બીજા કોઈ નહિ, પણ શ્રીમહાપ્રભુજીના લાડીલા સૂરદાસજી છે. સૂર આનંદમાં આવી તાલીઓ પાડે છે. તેઓ કહે છે, ધન્ય હો મહારાજ ! આખી દુનિયાને ચલાવનાર તમે અને આજે તમારાથી આ નાનો ઉંબરો ચઢાતો નથી !

સ૨
હિરણ્યક
ઉપર વા
આકર્ષણ
અમારા
કહે છે :
બની નંદ

ધ્યાન

હવ

એ

સુંદરલા
જ્ઞાનથી
છે. અજ્ઞા
છેડો પ
છન્ન્ અ
કરીને જો
જ અ

અમાર
ગયા.
યશોદા
ન હતા,
આવ્યા,

સૂરદાસજી કહે છે, **'સો બલ કહાઁ ગયો ભગવાન, જિહી બલ હિરણ્યાક્ષ માર્યો; હિરણ્યકશિપુ ઉધાર્યો.'** – હે શ્યામસુંદર! હું તમારી આ મુગ્ધ માધુરી બાલચેષ્ટા ઉપર વારી જાઉં છું. આજે તમે અમારા ભક્તોના આનંદને માટે, અમારા ચિત્તનું આકર્ષણ કરવા માટે, આ રીંગણલીલા કરી રહ્યા છો. તમારી કિંકિણીઓનો નાદ અમારા દિલના એકેએક તારને ડોલાવી જાય છે. ગોવિંદજી વાંકું જોઈને હસે છે અને કહે છે : સૂર! મારી આ વાતને જગજાહેર કરીશ નહિ હોં. આજે હું છોટો-સો કનૈયો બની નંદબાવાના આંગણે રીંગણ કરી રહ્યો છું.

શ્રીશુકદેવજી પરીક્ષિતને કહે છે : હે રાજન્ ! ભગવાનના આ કમનીય રૂપનું ધ્યાન કર. ભગવાનના નામ સાથે રૂપનું ધ્યાન કરવામાં તું ઓતપ્રોત બન.

હવે શ્રી શુકજી રાજા પરીક્ષિતને કનૈયાલાલનું બીજું શબ્દચિત્ર બતાવે છે –

તાવઙ્ઘ્રિયુગ્મમનુકૃષ્ય સરીસૃપન્તૌ
ઘોષપ્રઘોષરુચિરં વ્રજકર્દમેષુ ।
તન્નાદહૃષ્ટમનસાવનુસૃત્ય લોકં
મુગ્ધપ્રભીતવદુપેયતુરન્તિ માત્રોઃ ॥૮/૨૨॥

એક લાંબી દાઢીવાળા બાવાજી નંદબાવાના આંગણામાંથી જતા હતા. શ્યામસુંદરલાલને તેમનું મોં નથી દેખાતું, પણ પીઠ દેખાય છે. આખી દુનિયા જેમના જ્ઞાનથી પ્રકાશિત છે એવા સર્વજ્ઞ અને સર્વેશ્વર ભગવાન આજે અજ્ઞાન બની ગયા છે. અજ્ઞાની બની તેઓ દાઉજીને કહે છે, 'દાદા! પેલા બાવાજી જાય છે, એમના વસ્ત્રનો છેડો પકડી લ્યો ને ! ચાલો ને, એમની ગોદ ખૂંદીએ. ચાલવા જતાં ઝાંઝરીનો છન્ન્ છન્ન્ અવાજ થયો. કૃષ્ણજીએ એમનાં ચરણારવિંદ લાંબાં કર્યાં. ચરણારવિંદ લાંબાં કરીને જોયું કે અવાજ ક્યાંથી આવે છે ? તેમને ખાતરી થઈ કે આ તો મારા નુપૂરનો જ અવાજ છે. પછી તેઓ જોરજોરથી દોડીને બહાર ઊપડી ગયા.

દાઢીવાળાએ પાછળ ફરીને જોયું. તેઓ ગભરાઈ ગયા. શ્યામજીને લાગ્યું કે આ અમારા નંદબાવા નથી, બીજો કોઈ દાઢીવાળો છે. ઝટપટ તેઓ નંદભવનમાં દોડી ગયા. યશોદાજી ઘરકામ કરતાં હતાં. શ્યામસુંદર દોડતા જઈને તેમને બાઝી પડ્યા. યશોદાજીએ પ્યારથી લાલાને ગોદમાં લીધા. શ્યામજી કહે છે, 'મૈયા ! એ મારા બાબા ન હતા, બીજો કોઈ દાઢીવાળો હતો. એમની પાછળ હું ગયો, તેઓ મને પકડવા આવ્યા, એટલે હું દોડી આવ્યો.'

ભક્તો આ શબ્દચિત્રને જાણીને આનંદિત બનીને કહે છે, 'શ્યામસુંદર! જેવી રીતે તમે અલસ અને વિલાસ ગતિથી જાતજાતની ચેષ્ટાઓ કરતાં યશોદામાને મોહિત કરો છો, એવી જ રીતે અમારી ગોદમાં, અમારી પીઠ પર, અમારા માથા પર ક્યારે ચઢી જશો ? આવી આર્તિ હૃદયમાં રાખવાને માટે શ્રી શુકદેવજીએ આ બીજા શબ્દચિત્રનું આલેખન કર્યું.

હવે ગોવિંદજી થોડા મોટા થયા છે. મોટા થયા એટલે દોડતાં આવડ્યું છે –

તન્માતરૌ નિજસુતૌ ઘૃણયા સ્નુવન્ત્યૌ
પઙ્કાંગરાગરુચિરાવુપગુહ્ય દોર્ભ્યામ્ ।
દત્ત્વા સ્તનં પ્રપિબતોઃ સ્મ મુખં નિરીક્ષ્ય
મુગ્ધસ્મિતાલ્પદશનં યયતુઃ પ્રમોદમ્ ।।૮/૨૩।।

બાળક ઘોડિયામાં હોય ત્યારે તેને સંભાળવું સહેલું; પરંતુ ચાલતાં શીખે એટલે બહુ મુશ્કેલ. યશોદામાતા નંદધનને પ્રાત:કાળે સ્નાન કરાવી, સુંદર વસ્ત્રો અને આભૂષણો પહેરાવે છે. લાલજીને કહે છે, 'કનૈયા ! આપણા આંગણાથી દૂર રમવા જઈશ નહિ.' શ્રીબાલકૃષ્ણલાલ હસીને કહે છે, 'મૈયા! તમે તમારું કામ કરો. હું અહીંયાં જ રમીશ.' જ્યાં માતા કામે વળગ્યાં, ત્યાં કૃષ્ણે દાઉજીનો હાથ પકડીને કહ્યું, 'દાદા! ચલો ખિરકમેં.' ગોવિંદજીને ગાયો બહુ વહાલી. દોઢ-બે વર્ષના ગોવિંદજી દાઉજીની સાથે ગૌશાળામાં પધાર્યા. દાઉજી મહારાજ કહે છે : અહીં ગોબર છે, ગોમૂત્ર છે. કનૈયા આ બધું તારા શરીરે લપટાશે, તું ગંદો થઈ જઈશ. શ્યામજી કહે છે, 'દાદા! આમાં ભીંજાવાની જે મજા છે તે બીજે ક્યાંય નથી.'

શ્યામજીએ દાઉજીને ધક્કો મારીને છાણના ઢગલામાં ફેંકી દીધા. બંનેનું આખું શ્રીઅંગ છાણથી ખરડાઈ ગયું. ગોવિંદજી ઊભા થયા. છાણથી ખરડાયેલા શરીરે નાનાં વાછરડાંને બાઝી પડ્યા. પેલી ગાય પણ ગોવિંદજીના શરીર પરના ગોબરને પોતાના મોંથી ચાટવા લાગી. ગોવિંદજીના શરીર પર લાગેલું બધું ગોબર એ ગાય ચાટી ગઈ. દૂરથી રોહિણી મૈયાએ આ જોયું. તેમણે બૂમ પાડી, 'લાલો ગંદો થયો છે, એને ગાયો ચાટે છે, દોડો.' બંને માતાઓ દોડ્યાં. પોતપોતાના બાળકને ગોદમાં લીધાં. બંને માતાઓ બાળકોને કહે છે, તમે ખૂબ ગંદા થઈ ગયા છો. ગંદાં-ગોબરાં થયેલાં બાળકોને માતાઓએ ગળે લગાડી દીધાં. યશોદામાને વિચાર થાય છે કે મારા શ્યામમાં એવું શું માધુર્ય છે કે તેના સ્પર્શમાત્રથી મારા રોમરોમમાં આનંદ છલકાય

છે. જે ગંદા છોકરાને કોઈ હાથ પણ ન લગાડે, એવા ગંદા શ્યામસુંદરને યશોદા મા છાતીએ લગાડે છે. બંને લાલા માતાના વાત્સલ્યના ઝરણામાં તન્મય થઈ જાય છે.

શ્રી શુકદેવજી કહે છે : રાજન્! આ દૃશ્યનું સદા સ્મરણ કરો. ધૂળથી ધૂસરિત બનેલા ગોબર-ગણેશ જેવા ગોવિંદજી ઊભા છે. યશોદા મૈયા અને રોહિણી મૈયા તેમને છાતીસરસા ચાંપે છે. આ દૃશ્ય કોઈ મહા ભાગ્યશાળીને જ જોવા મળે છે.

શ્યામજીને દોડતાં આવડ્યું છે, એટલે જે કંઈ મળે તેને પકડીને દોડે છે. ગાયની ખિરકમાં વાછરડાં મળે. એક દિવસ લાલાજીએ વાછરડાં સાથે રમવાનું નક્કી કર્યું. તેમણે એક વાછરડાની પૂંછડી પકડી લીધી. 'ચલ ચલ, ઘોડા ચલ' એમ કહેતાં જ વાછરડું ગોળ ગોળ ફરવા લાગ્યું. વ્રજમંડળમાં વાછરડું ઘૂમે છે અને ગોવિંદજી તેમના પૂંછડે લટક્યા છે. આ દૃશ્ય જોતાં વ્રજવાસીઓનાં રોમ રોમ ઊભાં થઈ ગયાં.

યર્હ્ઙ્ગનાદર્શનીયકુમારલીલાવન્ત-
વ્રજે તદમલા: પ્રગૃહીતપુચ્છૈ: ।
વત્સૈરિતસ્તત ઊભાવનુકૃષ્યમાણૌ
પ્રેક્ષન્ત્ય ઉજ્ઝિતગૃહા જહૃષુર્હસન્ત્ય: ।૮/૨૪।

આ દૃશ્ય જોઈ ગોપિકાઓ ઘરમાંથી દોડતાં બહાર આવ્યાં. તાલીઓનાં તાલ લઈ મસ્તીમાં આવી નૃત્ય કરવા લાગ્યાં. ગોપિકાઓએ ત્રણ વસ્તુઓ કરી : **પ્રેક્ષન્ત્ય, ઉજ્ઝિતગૃહા, જહૃષુ: ।** આ લીલાનું દર્શન કરતાં તેમનાં અંત:કરણમાં **ત્રણ ભાવ** જાગ્યા : **પ્રેક્ષન્ત્ય** એટલે જ્ઞાન જાગ્યું; **ઉજ્ઝિતગૃહા** એટલે વૈરાગ્ય જાગ્યો. આવા સ્વરૂપનું અંત:કરણમાં ચિંતન થાય-**જહૃષુ:**; તો પછી બીજું કંઈ જોવાની ઇચ્છા ન થાય.

આજે આપણી આંખો દુનિયામાં ઘણાં દૃશ્યો જુએ છે, તે સારું પણ જુએ છે અને ખોટું પણ જુએ છે. આંખ હમેશાં સૌંદર્ય પાછળ વધારે ને વધારે દોડે છે. એક વાર જેણે આવું મધુરું સૌંદર્ય જોઈ લીધું, તે આંખો પછી બીજે ઠેકાણે ઠરતી નથી.

આંખો તો રસખાનજીની ! રસખાનજીની આંખો વિશ્વમાં રસિકતાને શોધતી હતી, સૌંદર્ય તરફ આસક્ત બનતી હતી. એક વાર એક વૈષ્ણવે કહ્યું : રસખાન! તું દુનિયાનું સૌંદર્ય જુએ છે, તેના કરતાં ચિત્તચોર શ્યામસુંદરનું સૌન્દર્ય જોને ! શ્યામળાના સૌન્દર્ય સિવાય બીજું કંઈ જોવા જેવું નથી.

રસખાનજી કહે છે : ભાઈ ! એવું સૌન્દર્ય જ્યાં હોય, ત્યાં તું મને લઈ જા. એ વૈષ્ણવ શ્રીનાથજીબાવાનાં દ્વાર સુધી રસખાનને લઈ ગયા. જેમના રોમરોમમાં અદ્‌ભુત લાવણ્ય ભર્યું છે, એવા શ્રીનાથજીએ નખશિખ દિવ્ય સૌંદર્ય ધારણ કરી, રસખાનને દર્શન આપ્યાં.

અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરમ્,
હૃદયં મધુરં ગમનં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્.

એનું બધું જ મધુર છે. તેમણે કહ્યું : *'યા લકુટી અરુ કામરિયા પર રાજ તિહૂઁ પુરકો તજિ ડારૌં.'* કોઈ મને પૂછે, રસખાન ! આ રૂપ પર તું શું લૂંટાવીશ ? તો રસખાનજી કહે છે, મારા જીવનની તમામ ક્ષણો હું એ રસનિધિ ઉપર લૂંટાવી દઈશ. તે દિવસથી રસખાનની આંખમાં બીજો કોઈ વસતો નથી.

ગોપીઓએ પણ ગોવિંદજીનું આવું રૂપ જોયું. હવે બીજું કાંઈ જોવાનું ગમતું નથી. આ દર્શને તેમનાં ઘરબાર છોડાવી દીધાં. હવે ગોપીઓ વારે વારે ઘરબાર છોડીને ગોવિંદજીનાં દર્શન કરવા દોડે છે. ઘરનાં લોકો ટોણાં મારે છે કે ત્યાં એવું શું રાખ્યું છે ? ગોપિકાઓ કહેતી હશે, એ જોવા તમારી પાસે આંખો ન હોય, તો અમારી આંખો ઉછીની લઈને જોઈ લ્યો. એક વાર પ્રેમાસ્પદની આંખથી જુઓ કે પ્રિયતમ પ્રભુ કેવો લાગે છે ? લૌકિક આંખોથી જોશો, તો એનામાં રહેલું માધુર્ય કદી નહિ જણાય. માતાની આંખે જુઓ તો દીકરાનું સૌંદર્ય દેખાય. દુનિયાની આંખે જોઈએ, તો દીકરો રૂપાળો ન લાગે. ગોપિકાઓને ઘરબાર છૂટી ગયાની ચિંતા થાય કે હવે અમને તે ઘરમાં આશ્રય નહિ મળે તો ? એ વિચારે તેમને રડવું આવવું જોઈતું હતું, તેના બદલે કહે છે 'ઉજ્ઝિતગૃહા જહૃષુ: હસન્ત્ય:' જે ઘર છોડ્યા પછી રડતાં રહે, તે દયાને પાત્ર છે. જે ઘર છોડ્યા પછી હસતાં હસતાં, આનંદથી ભગવાનનાં ચરણમાં રહે તે ઉન્નત છે. ગોપિકાઓનાં અંત:કરણમાં હાસ્યનો ફુવારો ઊડે છે. આમ, અહીં ભગવાને ત્રણ પ્રકારની લીલા બતાવી છે : **કૌતુકાવિષ્ટ, રસાવિષ્ટ અને કામાવિષ્ટ.**

આ ત્રણ શબ્દો ઉપર શ્રીમહાપ્રભુજીએ ત્રણ શબ્દો વાપર્યા. ગોપિકાઓ દોડતી દોડતી જોવા આવી; કારણ કે તેમને કૌતુક થયું હતું. બીજી કેટલીક ગોપીઓ દોડતી દોડતી ગોવિંદજીને જોવા આવેલી, કારણ કે કેટલાક વખતથી તેમનાં અંત:કરણમાં ગોવિંદજીને નીરખવાની કામના હતી. ત્રીજા પ્રકારની ગોપીઓનું મંડળ દોડતું દોડતું આવ્યું; કારણ કે આ દર્શનમાં તેમને રસ પડતો હતો. કૌતુકાવિષ્ટ, કામાવિષ્ટ અને

રસાવિષ્ટ - ત્રણ પ્રકારના ભક્તો આવીને ભગવાનની મધુરી બાલલીલાઓ જુએ છે.

ગોવિંદજી હવે વધારે મોટા થયા છે. બે-અઢી વર્ષના થયા છે. મોટો સાપ આવીને પડ્યો હોય, તે જોઈને તેઓ યશોદામાને કહે છે : મૈયા! આ દોરડું હું પકડી લઉં? જ્યાં એને પકડવા જાય છે, ત્યાં યશોદાજીને ચિંતા થાય છે કે મારો લાલો હજુયે સમજતો નથી. શ્રી શુકદેવજી કહે છે : રાજા, યશોદા માતાની સ્થિતિ હવે એવી થઈ છે કે નથી તે ઘરમાં રહી શકતાં કે નથી બહાર રહી શકતાં.

આ પ્રમાણે યશોદામામાં મધ્યસ્થ ભાગ સ્થિર થયો છે. ગોવિંદજી વિચાર કરે છે કે માના હૃદયનું એવું આકર્ષણ કરું કે માને ઘરબાર યાદ જ આવે નહિ ! એમનું મન માયામાં જતું હોય, તો મારાથી વારંવાર છટકી જાય ને ? ચિત્તચોર અને માખણચોર મોહનજીએ હવે એવી લીલા કરવાની ઇચ્છા કરી કે જેથી ભક્તનું મન કદી પાછું સંસારમાં જાય નહિ.

શ્રી શુકદેવજી હવે ભગવાનની માખણચોરી લીલાનું વર્ણન કરે છે :

વત્સાન્ મુઞ્ચન્ ક્વચિદસમયે ક્રોશસંજાતહાસ:
સ્તેયં સ્વાદ્વત્ત્યથ દધિ પય: કલ્પિતૈ: સ્તેયયોગૈ: ।
મર્કાન્ ભોક્ષ્યન્ વિભજતિ સ ચેન્નાત્તિ ભાણ્ડં ભિન્નત્તિ
દ્રવ્યાલાભે સ ગૃહકુપિતો યાત્યુપક્રોશ્ય તોકાન્ ॥૮/૨૯॥

સૂરદાસજીએ પ્રથમ માખણચોરી લીલાનું બહુ સુંદર વર્ણન કર્યું છે. શ્રીનંદનંદન યશોદામાની ગોદમાં બિરાજે છે. યશોદાજી મંગળા સમયે માખણનો મોટો પેંડો લઈ મોહનજીને આરોગાવે છે. લાલાને માખણનો એવો ચટાકો પડ્યો કે તેમણે દૂધ પીવાનું છોડી દીધું. તેમણે કહ્યું, 'મૈયા ! હવે હું દૂધ નહિ પીઉં, હું માખણ જ ખાઈશ.' મા પૂછે છે : 'કનૈયા તું માખણ ખાઈશ, તો દૂધ કોણ પીશે ?' ગોવિંદજી કહે છે, 'મા! બીજાં બાળકોને દૂધ પીવડાવી દે. હું તો માખણ જ આરોગીશ.'

ત્યાં દાઉજી મહારાજ દોડતા દોડતા આવ્યા. ગોવિંદજી કહે છે, 'દાદા! મૈયાને સમજાવો ને ! તે માખણ નથી ખવડાવતી.' બંને બાળકોએ યશોદાજી ઉપર આક્રમણ કર્યું. એકે નાક પકડ્યું અને બીજાએ ચોટલો પકડ્યો. નાકનું નકવેસરનું મોતી લઈ એક જણ ખેંચે છે અને કહે છે : મૈયા માખણ દે. ત્યાં પેલો બીજો ચોટલો પકડીને ખેંચે છે અને કહે છે : મૈયા, માખણ દે. યશોદાજીનું મુખ જાણે ઝૂલો બની ગયું. યશોદામાને એટલો બધો પ્યાર આવ્યો કે બંનેને ગોદમાં લઈ લીધા. રોહિણીજી દોડતાં

દોડતાં માખણ લઈ આવ્યાં. એક પેંડો શ્યામને ખવડાવ્યો અને બીજો રામને. પણ છોટે સરકારને ભારે લોભ લાગ્યો. તેઓ કહેવા લાગ્યા, મૈયા! ઔર દે. મૈયા અગાઉ જોયેલી વાત ભૂલી ગયાં હતાં કે લાલાએ નાના એવા પેટમાં સાગર બતાવેલો.

યશોદાજીને થાય છે મારા કાનાનું પેટ નાનું છે. લાલો વધારે માખણ ખાય, તો તેને પચે નહિ. એટલે કહે છે, હું તને હવે વધારે માખણ નહિ આપું. શ્યામજી બલરામજીને ઇશારો કરે છે, દાદા! તે નહિ આપે તો ઘર આપણા બાપનું છે. સીધી રીતે આપે તે ખાવામાં મજા આવતી નથી. ચોરીને ખાવામાં મજા આવે છે.

યશોદામા ઘરના કામકાજમાં લાગ્યાં. તાજું વલોવેલું સુંદર મજાનું માખણ એક માટીની ગોરસીમાં મૂક્યું છે, તે જોઈને શ્યામજીના મુખમાં ક્યારનુંય પાણી આવી રહ્યું છે : ક્યારે માતા આઘાંપાછાં થાય અને હું તે માખણ ખાઉં !

માતાજી આઘાંપાછાં થયાં. લાલાજી ચારે બાજુ ભયભીત નેત્રથી જુએ છે. પછી પોતાની કામળીથી પેલી ગોળી ઢાંકી દીધી. નંદભવનમાં એક મણિકોઠો છે. તેમાં ચારેબાજુ કાચ જડેલા છે. આજે પણ પ્રાચીન સમયનાં મંદિરોમાં આવા મણિકોઠા હોય છે. શ્રીઠાકોરજીના શૈયામંદિરમાં તો કાચ હોય, પરંતુ પ્રાચીન સમયમાં મણિકોઠો પણ કાચથી જડાયેલો રહેતો હતો. ગોવિંદજી મણિકોઠામાં ગયા. બારણુ બંધ કર્યું. સાથે કામળમાં ઢાંકેલી મટકી પણ લઈ ગયા હતા. તેઓ મણિકોઠામાં એકલા હતા. તેમણે વિચાર કર્યો કે હવે મને અહીં કોણ મારવાનું છે ? નિરાંતે માખણ ખાઉં.

કાનજી બહુ મુગ્ધ છે. ગોળી ઉપરથી કામળ ઉઠાવી, ગોળીમાં જમણો હાથ નાખ્યો. બરાબર પલાંઠી વાળીને બિરાજ્યા છે. સામે દર્પણ હતું. હાથમાં ઉઠાવેલો માખણનો લોંદો મુખમાં મૂકવા જાય છે, ત્યાં અરીસામાં પ્રતિબિંબ દેખાયું. તેઓ ગભરાઈ ગયા. મનમાં વિચાર થયો કે આ વળી કોણ આવ્યો ? તેમણે પૂછ્યું : અરે લાલા, તું ક્યાંથી આવ્યો ? લે થોડું તું પણ ખા. હાથમાં લીધેલો લોંદો અરીસા પર લગાવી દીધો. પ્રભુજીએ માન્યું કે પેલો ખાઈને ભાગી ગયો. ફરી પાછું માખણ લીધું. ત્યાં બીજી દિશામાં પ્રતિબિંબ દેખાયું. તે લોંદો તે કાચ ઉપર ચોપડી દીધો. ત્રીજી બાજુ જોયું તો ત્યાં પણ પ્રતિબિંબ દેખાયું. શ્યામજી વિચાર કરે છે કે એકી સાથે આટલા બધા ક્યાંથી આવી ગયા છે ? આમ અરીસા ઉપર માખણ લગાવતાં લગાવતાં તેમના માટે તો બહુ થોડું જ રહ્યું. એટલું માખણ ખાધું તો ખરું, પણ પેટ ભરાયું નહિ. ચોરીના માખણનો ચટાકો પડ્યો. તેમણે મનમાં ને મનમાં નક્કી કર્યું કે મા

ન આપે તોય હું ચોરીને ખાવાનો. અને આપે તોય હું તો ચોરીને જ ખાવાનો. જેના ઉપર ભગવાનની કૃપા હોય છે, તેને તમે આપો કે ન આપો; તે પોતાના ભાગની વસ્તુ મેળવી લે છે. માખણચોરી લીલાનું આ રહસ્ય છે. પ્રભુ જેને પોતાનો કરીને માને છે, એણે ઊંડાણમાં મૂકેલી વસ્તુને પણ પ્રભુ ચોરી કરીને લઈ જાય છે. આ ચોરી નથી, આ કૃપા છે. સામાન્ય કૃપા નથી, મહતિ કૃપા છે. મોહનજીએ નક્કી કર્યું કે હવે તો મૈયાનું માખણ ચોરી ચોરીને જ ખાવાનું.

એક વાર શ્રીનંદલાલ શ્રીયમુનાકિનારે પધાર્યા. શ્રીદામા, મધુમંગલ, વરુતપ, તોક, સુબલ સખાઓની મંડળી ભેગી થઈ હતી. શ્યામસુંદર કહે છે, સખાઓ! તમારી મા તમને પેટ ભરીને ખવડાવતી હોય તેમ લાગતું નથી. તમારે મારા જેવા જાડા પક્કા થવું છે ?

સખાઓ કહે છે, હા લાલા. એકે પૂછ્યું, લાલા! તું આટલો જાડો કેવી રીતે થયો ? લાલાજી કહે છે : બહુ માખણ ખાઈ ખાઈને જાડો થયો છું. મિત્રો, હું એટલું માખણ ખાઈશ કે મથુરાના રાજા કંસની ડોકી મરડી નાખીશ. સખા કહે છે, લાલા! અમને મૈયા આટલું માખણ આપતી નથી. શ્યામજીએ કહ્યું : એટલા માટે આપણે આજે અહીં માખણચોર મંડળીની સ્થાપના કરવાની છે. લાલાજીએ માખણચોર મંડળીના સભ્ય થવાના નિયમો બતાવ્યા. જ્યાં જ્યાં જે જે લોકોએ માખણ સંતાડ્યું હોય, તે શોધીને તમારે મને બતાવી દેવાનું.

આનો અર્થ એ છે કે ભક્તે પોતાની જાતની ભગવાનને કબુલાત કરી દેવાની છે કે હું આવો છું. શ્રીમહાપ્રભુજીએ ભગવાન પાસે આપણી જાત ખુલ્લી કરી દીધી છે. શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ મંત્ર આપણને આપ્યો છે. હાથમાં તુલસી લઈ, આપણે ભગવાનને કહ્યું છે કે હે પ્રભુ ! હજારો વર્ષોથી તમારાથી વિખૂટો પડેલો એવો હું તમારો, તમને મળવા માટે મિલનની જે ઝંખના જાગવી જોઈએ તે વિનાનો, નગુણો છું. પોતાની જાતની આવી કબુલાત કરવી એ બહુ મોટી વાત છે.

લાલાજીએ માખણચોર મંડળીનો બીજો નિયમ બતાવ્યો કે જે મળે તે બધાંએ વહેંચીને ખાવું જોઈએ. આનો અર્થ એ છે કે ઈશ્વરે આપણને જે કંઈ આપ્યું છે તે કેવળ પોતાના સુખ માટે નહિ, પણ બધાંને વહેંચીને વાપરવું. સાચો વૈષ્ણવ એ છે કે જગદીશે તેને જે આપ્યું છે, તે બીજાંને ખવડાવીને ખાય છે; નહિ કે ખાધા પછી બીજાને ખવડાવે. તે આપીને લે છે.

લાલાજીએ ત્રીજી શરત સંભળાવી. કોઈ વખત તમને માખણ મળશે, તો કોઈ વખત તમને માર પણ મળશે. છે કબૂલ ?

આનો અર્થ એ છે કે જ્યારે સત્પ્રવૃત્તિ કરવા જઈએ છીએ, ત્યારે કોઈ વાર પ્રશંસા મળે છે, તો કોઈક વખત નિંદાના કઠોર આઘાત પણ સહન કરવા પડે છે. સાચું અને સારું કામ કરનારને સારાં અને ખોટાં બંને તત્ત્વોનો સામનો કરવો પડે છે. આ માર્ગ બહુ અટપટો છે. આમાં ફૂલ મળે તેના કરતાં કાંટા વધારે મળે છે. તિરસ્કાર અને આક્ષેપો વધારે મળશે. શ્રીઠાકોરજી કહે છે, તમે આ ત્રણ શરતો કબૂલ કરો, તો હું તમને મારી માખણચોર મંડળીમાં સમાવી લઉં.

હવે લાલાજી માખણચોર મંડળીની ચોથી શરત બતાવે છે કે હું જ્યાં જ્યાં જઉં ત્યાં ત્યાં તમારે મારી પાછળ પાછળ આવવાનું. એનો અર્થ એ કે જ્યાં ઈશ્વરનું ગમન થતું હોય, તે માર્ગે આંખ મીંચીને દોડવાનું. ભગવાન એમ કહે કે આજે અમુક ઠેકાણે ચોરી કરવા જવું છે, તો આનાકાની નહિ કરવાની. ભગવાન એમ કહે કે આજે ઉપરથી નીચે કૂદી પડવું છે, તો કૂદી પડવાનું. સવાલ પૂછવાનો નહિ. આપણા દિલમાં એટલી શ્રદ્ધા હોય કે હે ભગવાન, તું મને જ્યાં લઈ જઈશ, જેવી રીતે લઈ જઈશ, ત્યાં હું તારી પ્રેરણાથી, તારી પાછળ આવીશ. કદાચ ત્યાં જવાથી મને માર પડે તેમ હશે, તો પણ હું સહન કરી લઈશ. ઈશ્વરના માર્ગ ઉપર શ્રદ્ધાથી ચાલવું એ પણ માખણચોર મંડળીનો એક નિયમ છે.

બધા સખાઓએ ચારે શરતો કબૂલ કરી. માખણચોર મંડળીની સ્થાપના થઈ. સખાઓએ પૂછ્યું, 'મહારાજ! અમે પકડાઈ જઈએ તો શું કરીએ ?' તે જમાનામાં કફલમ્ નામનો ચોરોનો એક સરદાર થઈ ગયો. ભગવાને કહ્યું : પકડાઈ જાઓ તો 'કફલમ્ કફલમ્' એમ બોલજો. સખાઓએ કહ્યું : અમને કફલમ્ બોલવું નહિ ફાવે. અમે તો **'શ્રીકૃષ્ણ: શરણં મમ'** બોલીશું. જીવનનાં તમામ કાર્યોમાં આટલું રટણ કરતાં આવડી જાય, તો આપણો બેડો પાર.

મંડળી તો સ્થપાઈ, પણ તેનો પ્રમુખ કોણ બને ? ભગવાન કહે, એના પ્રમુખ બનવાની મારા સિવાય બીજા કોનામાં લાયકાત છે ! હું જ એનો પ્રમુખ. મારી મંડળીમાં ચૂંટણી નથી, પણ પસંદગી છે. જ્યાં બે બરોબરિયા હોય ત્યાં ચૂંટણી થાય; પરંતુ ભગવાનનો બરોબરિયો બીજો કોઈ હોઈ શકે જ નહિ. એટલે અહીં ચૂંટણીની શક્યતા નથી, અહીં માત્ર પસંદગીનો જ સવાલ છે; કારણ કે ભગવાનથી ચઢિયાતું

બીજું કોઈ નથી. અહીં તો માત્ર નોમિનેશન છે. આમ, મંડળી સ્થપાઈ. પ્રમુખ નક્કી થયા. મંડળીએ ચોરી કરતાં પહેલાં તેનું પ્લાનિંગ કરવાનું નક્કી કર્યું.

ચોરોના સરદાર શ્રીશ્યામસુંદરે માખણચોરી માટે કેવા પ્રયોગો કર્યા, એની વિગતો શ્રીભાગવતજીમાં નથી, પણ વ્રજ-સાહિત્યમાં એની અદ્ભુત વિગતો છે. પ્રભુજીએ વિચાર કર્યો કે માખણચોરીનો પહેલો પ્રયોગ મારાં એક દૂરનાં માસીના ત્યાં કરું; કારણ કે માસીના ઘરમાં વગર આમંત્રણે જવાય અને માસીને ખબર પણ ન પડે કે આ ભાણિયો ચોરી કરવા આવ્યો છે.

ભગવાન સખામંડળી સાથે માસીના ત્યાં ગયા. મધ્યાહ્નનો સમય હતો. માસીએ કહ્યું, 'કનૈયા ! તું ગરમીમાં આવ્યો છે, તો દીકરા, અહીં બેસ. મારે થોડું કામ છે તે હું બાજુમાં જઈને આવું છું. લાલાજીએ કહ્યું : માસી, હું નિરાંતે બેઠો છું, તમે બધું કામ પતાવીને નિરાંતે આવજો. ઉતાવળ કરશો નહિ. માસી ગયાં. શ્યામસુંદરલાલે માખણની મટુકીઓમાં હાથ નાખ્યો. એક પછી એક મટુકી સાફ કરવા માંડી.

થોડી વારે માસી પાછાં આવ્યાં. માસીએ કહ્યું : લાલા, ઘરમાં કોઈ કાળો બિલાડો તો ઘૂસી નથી ગયો ને ? મટકીઓની પાછળ કોણ ભરાયું છે ? લાલાજી કહે છે : માસી, મને લાગે છે કે બિલાડો નથી, પણ બિલાડી છે. માસીએ નજીક આવીને જોયું તો શ્યામસુંદરનું મુખ માખણથી ખરડાયેલું છે. માસીએ હાથ પકડીને કહ્યું : લાલા, તારી મા તને ખાવાનું નથી આપતી તે તું મારા ઘરમાં ચોરી કરે છે? આજે જશોદાને જઈને લડું કે તારા દીકરાને ભૂખ્યો કેમ રાખે છે ? ભગવાને મુખ પર મધુર સ્મિત લાવીને કહ્યું : માસી, મારી માના માખણમાં જે મધુરતા નથી, તે તમારા માખણમાં છે. તમે મને કદી માખણ ખવડાવ્યું નહોતું, એટલે આજે હું છાનોમાનો તમારું માખણ ખાવા આવ્યો હતો. માસી રાજી થયાં. તેમણે પોતાના હાથે લાલાને થોડું વધારે માખણ ખવડાવ્યું. મોહનજીને ખાતરી થઈ કે માખણ-ચોરીમાં વાંધો નહિ આવે. પ્રયોગ સફળ થયો છે.

મોહનજીએ વિચાર કર્યો કે આ તો ઓળખીતી ગોપી હતી. હવે કોઈ અજાણીના ઘેર જઉં. એક વ્રજવાસીના દીકરાએ આવીને કહ્યું, 'કનૈયા! હમણાં જ મારા ઘેર નવી નવી ભાભી આવી છે. તે બહુ જબરી છે. એની માએ એને ઘી-દૂધ ખવડાવીને બહુ તગડી બનાવી છે. લાલા ! જ્યારે જોઈએ ત્યારે તે એકલી એકલી છાનીમાની ખાધા કરે છે અને મને વાસી ખાવાનું આપે છે.

લાલાજીએ કહ્યું : દોસ્ત ! ચિંતા ન કરીશ. તારી નવી નવેલી ભાભીને હું ન બનાવું, તો મારું નામ શ્યામસુંદર નહિ. આ વ્રજમાં મારા સિવાય બીજા કોઈનો હુકમ ચાલશે નહિ.

ગોવિંદજી દશ-પંદર સખાઓનું ટોળું લઈ પેલી નવી નવેલીના ઘેર ગયા. પેલી ઊભી ઊભી જોયા કરે છે કે આ કોણ આવ્યું ? તેણે પૂછ્યું : તમે કોણ છો ? કેમ આવ્યા છો ? શ્યામજી હસીને કહે છે : મને ઓળખ્યો નહિ ? નખથી માથા સુધી મને બરાબર જોઈ લે ને ! પેલી દર્શન કરવા લાગી, ત્યાં એનું આખું મન જ ખોવાઈ ગયું. તેને થયું કે મારા અંતરના તારને છેડતું આ કોણ હશે ? જનમજનમના મારા ભાવને જગાડતું આ કોણ હશે ? પેલી શિયાંવિયાં થઈ ગઈ. તેણે કહ્યું : હે બાળક! તું કાળો છે, પણ કામણગારો છે. મને બહુ ગમે છે, તું કોણ છે ?

શ્યામસુંદર વાંકું મોં કરીને કહે છે, વ્રજ મને શ્યામસુંદર કહે છે. લોકો મને વ્રજનો ઠાકુર કહે છે; નંદબાવાનો લાલ કહે છે. હવે મને ઓળખ્યો ? પેલીએ કહ્યું: આજે પહેલવહેલાં તમને જોયા છે. થોડા દિવસ મળશો એટલે પૂરેપૂરા ઓળખી જઈશ. શ્યામજી કહે છે : હું તો આજે તને મારી જાત ઓળખાવવા આવ્યો છું. તું મને આજે જ ઓળખી લે ને ? પેલી કહે છે, ઘરમાં આવો, બેસો. બેઘડી વાતો કરો, તો તમને ઓળખી લઉં.

મોહનજીએ એના ઘરમાં પલાંઠી લગાવી. મોહનજી પૂછે છે, સખી! આ મોટી મોટી ગોળીઓમાં તેં શું ભર્યું છે ? પેલી ભોળી બનીને કહે છે : લાલા, મારે ઘેર પાંચસો ગાયો છે. ગઈ કાલે દૂધ જમાવ્યું હતું. આજે તે વલોવીને તાજું માખણ કાઢીને આ ગોળીઓમાં ભર્યું છે. શ્યામજીએ પૂછ્યું : સખી, આ માખણ કોણ ખાય છે ?

એનો દિયર આંખના ઇશારે કહે છે : આ તગડી ભાભી જ ખાય છે, બીજું કોણ ખાય ? પેલી મોં બગાડીને કહે છે, મહારાજ! ઘરમાં મારાં સાસુ છે, પતિ છે, દિયર છે, નણંદ છે અને બહુ મોટો પરિવાર છે. તે બધાં ખાય છે. શ્યામજીએ પૂછ્યું : તું શું ખાય છે ? પેલી મોં મચકોડીને કહે છે : બધાં ખાઈ લે પછી જો થોડુંઘણું બચે, તો હું ખાઉં છું. ભગવાન મનમાં હસતા જાય છે અને કહે છે, જુઠ્ઠી! સૌ પહેલાં તું ખાય છે અને પાછી કહે છે, સાવ છેલ્લી ખાઉં છું.

પ્રભુજી પૂછે છે, અલિ ! ખાતાં બચે તેનું શું કરે છે ? પેલી કહે છે : બચે તે બહાર જઈને વેચી આવું છું. કોઈ લેનાર ન હોય તો ઘી બનાવું છું. રોટી ઉપર એ

ઘી ચોપડું છું. લાલાજીએ કહ્યું : સખી, તારા ઘેર આટલું બધું માખણ થાય છે, તો કોઈક વાર વ્રજવાસીઓનાં બાળકોને બોલાવીને મિજબાની કરાવતી હોય તો!

પેલીએ આંખ કાઢીને કહ્યું, 'મહારાજ! મફતનું થોડું આવે છે ?તમે મોટા ઘરના, મોટા બાપના દીકરા. તમે ફાવે તેમ ઉડાવી શકો અને વાપરી શકો. અમે તો ગરીબ વ્રજવાસીઓ છીએ. અમે તો મફતમાં ક્યાંથી ખવડાવીએ ? ઠાકોરજીએ વિચાર કર્યો, આ જુઠ્ઠી છે, ચોરટી છે અને પાછી લોભીયે છે. મારે એની બરોબર મરમ્મત કરવી પડશે.

શ્રીઠાકોરજીએ પૂછ્યું : તું આટલું બધું માખણ વલોવે છે, તો તારામાં જોર પણ ઘણું હશે ને ? પેલીએ કહ્યું : લાલા, મારું જોર જાણવું છે ? સાંભળ, એક વાર હું રસ્તામાં જતી હતી. એક વ્રજવાસીએ મારી મટુકી ઉપર કાંકરી મારી. તેને ઉઠાવીને એવો માર્યો, એવો માર્યો કે તે મારી સામે જોવાનું જ ભૂલી ગયો. આ ગોકુળ ગામમાં કોની દેન છે કે મારી સામે આંખ ઊંચી કરીને જુએ ! પ્રભુજીએ વિચાર કર્યો કે આ તો બહુ ગુમાની પણ દેખાય છે. જો સાંજ સુધીમાં તારું ગુમાન ન તોડું, તો મારું નામ ગોવિંદ નહિ.

આખરે શ્યામજીએ કહ્યું, 'સખી ! મને તો તારા ઘરમાં ઘણું ગમ્યું. આજે તો હું તારા ઘેર ભોજન કરીશ. મને જમાડીશ ને ? પેલીએ કહ્યું : શ્યામસુંદર, તું બહુ મીઠડો અને મધુરો લાગે છે. હું તને જરૂર જમાડીશ. પરંતુ તું અહીંથી જતો નહિ. તું થોડી વાર બેસ, હું હમણાં જ આવું છું. શ્યામજીએ કહ્યું : ભલે, જે કામ હોય તે કરી આવ. હું તારા આંગણામાં તારા આ દિયર સાથે રમીશ. પણ વહેલી આવી, સુંદર ભોજન રાંધી મને જમાડજે. પેલીના આનંદનો પાર નથી. તે ઉતાવળી ઉતાવળી પાણી ભરવા ગઈ.

લાલાજીએ એના દિયરને કહ્યું : ચાલ, હવે આપણે માખણચોરી કરીએ. પેલો છોકરો કહે, 'સાંભળ્યું નહિ, પેલા પહેલવાનને ખોખરો કરી નાખ્યો હતો તે. મારી અને તમારી શી વિસાત ! દંડો લઈને ફરી વળશે. લાલાજીએ કહ્યું : એની ચિંતા તું કરીશ નહિ. પેલી પાણી ભરીને આવી, ત્યાં સુધીમાં એના ઘરનું બધું માખણ ખલાસ ! અરે દૂધ અને દહીં પણ સાફ કરી નાખ્યાં. ઘરમાં મિસરી અને લાડુ હતા, તે પણ ખાઈ ગયા. આખું ઘર ખાલીખમ. લાલાજીએ એકલાએ નથી ખાધું, વ્રજ-વાસીઓને ખવડાવ્યું છે, બંદરોને આપ્યું છે.

પેલી અડધો કલાક પછી લટકમટક કરતી આવી. આવીને જુએ છે તો ગોળીઓ ફૂટી છે, તૂટી છે, કોઈક ઊંધી પડી છે, કોઈક આડી પડી છે. આખું ઘર રમણભમણ થયું છે. પેલીનાં ભવાં ક્રોધથી ખેંચાઈ ગયાં. તેણે મનમાં કહ્યું : નંદનંદન, મને આજે ખબર પડી કે તું આવો ચોટ્ટો છે. શ્રીઠાકોરજી જાણે તેને કહી રહ્યા છે, સખી! તું સાચું કહેજે; તારા માટે હું કોઈ છું ? હમણાં તું મને કહેતી હતી કે લાલા, તું મને બહુ ગમે છે ને હવે કહે છે કે હું પારકો છું ! પેલીનું માથું શરમથી ઝૂકી ગયું.

શ્યામજીની મોહિનીથી તે મુગ્ધ બની ગઈ. ગોવિંદજી કહે છે, 'સખી! તારું માખણ મેં એટલા માટે ખાધું કે જેથી હું પણ તારા જેવો તગડો થઈ, તારી સાથે બરાબર ઝઘડું. બોલ, તારે મારી સાથે ઝઘડવું છે ?' પેલીએ કહ્યું : લાલા! એક તો ચોરી કરે છે, પાછી સિરજોરી કરે છે. મારા માથે છાણાં થાપે છે?

તે દોરડું લાવી. લાલાજીનો હાથ પકડ્યો. ગોવિંદજીને કચકચાવીને દોરડાથી બાંધ્યા અને બે-ત્રણ ગાંઠો વાળી. પરંતુ શ્યામજી એવી રીતે સરકીને દોરીમાંથી નીકળી ગયા કે પેલી અચંબામાં પડી ગઈ. ગોવિંદજી કહે છે : તારા બાપે તને બાંધતાં શીખવ્યું નથી, હું તને શીખવીશ. આજે પહેલા પરિચયમાં તને એક પાઠ શીખવીશ. કાલે બીજો પાઠ શીખવીશ. શ્યામજીએ એના પેટ ઉપર દોરી વીંટાળી, બરાબર ખેંચીને બાંધી દીધી. પેલી કરગરવા લાગી : લાલા મને છોડ. શ્યામજી તેને અંગૂઠો બતાવીને કહે છે, તારી મેળે છૂટવું હોય તો છૂટ, હું શા માટે છોડું ? સખામંડળીને લઈ ગોવિંદજી ત્યાંથી વિદાય થયા. તાળી પાડતા જાય, હસતા જાય અને બાઈબાઈ બોલતા જાય. બધા કહે છે, બાઈ ! તારી સાસુ કે તારો પતિ આવીને તને છોડશે.

પેલીની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે. જતા મોહનજીને તે જોઈ રહી છે. તે મનમાં કહે છે : મારી જિંદગીની બધી વાતો હું ભૂલી જઈશ, પરંતુ તેં મને આજે પ્રેમની દોરીથી બાંધી છે, તે હું કદી નહિ ભૂલું. ઘેર સાસુ આવી, સસરો આવ્યા, પતિ આવ્યો. બધાં એને જોઈને ખડખડાટ હસે છે. બધાં પૂછે છે, 'અલી જબરી ! તને કોણે બાંધી ? બધાં એને 'જબરી' કહીને બોલાવતાં. એની આંખો નીચી ઢળેલી છે, આંસુથી ભરેલી છે. તેના ગળામાંથી એકેય શબ્દ નીકળતો નથી. અંતે પેલીએ કહ્યું : મા, જેણે આ બંધન બાંધ્યું છે તે એવું મજબૂત છે કે લાખ કાતરોથીયે કપાઈ શકે તેમ નથી. દોરીનાં બંધન છૂટે, પણ મનનાં સૂક્ષ્મ બંધનો કદી છૂટતાં નથી. ઘરનાં સૌને આ જબરીની વાતો સમજાતી નથી. આખરે દિયરે બધી હકીકત કહી. સાસુ

સમજી ગઈ કે જાદુગરે મારી વહુ ઉપર જાદુ કર્યો છે. તે દિ'થી પેલી જબરી આંખમાં આંસુ ભરી, પ્રતીક્ષા કરે છે કે મારા દ્વાર ઉપર ક્યારે ટકોરા પડશે ? ક્યારે કૃષ્ણનું મધુરું હસતું મુખારવિંદ હું જોઉં ? મને બાંધે અને મારા માખણની ચોરી કરે.

શ્યામજીને લાગ્યું કે અજાણ્યાંના ઘેર ચોરી કરવાનો પણ મારો પ્રયોગ સફળ થયો છે. હવે ઘેરઘેર ચોરી કરવામાં કાંઈ વાંધો નથી. શ્યામજીએ ઘેરઘેર ચોરી કરવાની શરૂઆત કરી. ક્યાંક વાછરડાં લાવીને છોડે છે. ગોપી પકડવા જાય એટલે ઘરમાં ઘૂસે છે. કોઈક વાર ઘર સૂનું જોઈને ઘૂસે છે. આમ કરતાં આખા વ્રજમાં ધૂમ મચી ગઈ. ગોપીઓ એક દિવસ ટોળે મળી યશોદામા પાસે ફરિયાદ કરવા ગઈ –

યશોદા, તારા કાનુડાને સાદ કરીને વાર જો;
આટલી ધૂમ મચાવે વ્રજમાં, નહિ કોઈ પૂછણહાર જો.

ગોપીજનોના મંડળે યશોદાજીને ફરિયાદ કરી, 'માડી ! તમારા લાલાને રોકો ને.' યશોદાજી પૂછે છે, મારા લાલાએ શું કર્યું ? સખીઓ કહે છે, મૈયા ! તમારો લાલો માખણચોરી કરે છે. યશોદાજી હસી પડ્યાં, મારો કનૈયો અને ચોરી કરે ? તેઓ કહે છે, દેવીઓ! તમારો દીકરો તમારા ઘેર ખાય તો ચોર કહેવાય ? ગોપીઓ કહે છે, ના. યશોદાજી કહે છે : સાચું કહો, શ્યામસુંદર મારો છે કે તમારો ? ગોપીજનો શો જવાબ આપે ? ગોપીજનોએ હાથ જોડીને કહ્યું : મા, એ અમારા ત્યાં આવી, માગીને માખણ ખાઈ જાય તેનો વાંધો નથી. એ ખાતો નથી, પણ બંદરોને ખવડાવી દે છે. યશોદાજીએ કહ્યું : દેવીઓ, એમ કરો. માખણની ગોળીઓ નીચે ન રાખશો. છાપરે શીંકું બાંધી, એમાં ઊંચે મૂકી દો. એક ગોપીએ કહ્યું : મેં એમ પણ કરી જોયું.

આનો અર્થ એવો છે કે જ્યારે જીવના અંત:કરણમાં છલકતો પ્રેમ લેવા પ્રભુજી દોડતા દોડતા આવે, ત્યારે જીવ હાથ જોડીને કહે છે, શ્યામસુંદર અત્યારે નહિ. હજુ એનો સમય પાક્યો નથી; કારણ કે હું હજી ૨૫ વર્ષનો જ છું. જ્યારે હું ઘરડો થાઉં ત્યારે ચોરવા આવજો. અંદર રહેલા અધ્યાસના ભાવને સંતાડી દે છે. ભગવાન હસીને કહે છે : તું ૨૫ વર્ષનો હોય કે ૫૦ વર્ષનો હોય, પરંતુ એક વાર જો મેં તારા હૃદયનો સ્વીકાર કર્યો, તો તું ગમે ત્યાં સંતાડીશ, તો પણ હું લઈ આવીશ. પ્રેમને આપણે ગમે ત્યાં સંતાડી રાખીએ તોય પ્રભુ ચોરી લે છે.

યશોદાજીએ કહ્યું : સખીઓ, ઊંચે શીંકામાં મૂકો. એક ગોપીએ કહ્યું, મા! કનૈયાનો હાથ ન પહોંચે એટલે ઊંચે મૂકેલાં; પરંતુ તારો નંદકિશોર આવ્યો. તેણે

ઘરમાં રહેલો ખાંડણિયો ઊંધો પાડ્યો. એની ઉપર મધુમંગલને ચઢાવ્યો. એની પર પોતે ચઢ્યો. હાથમાં લીધી લાકડી ને મટુકીઓ ફોડી. શ્રીઠાકોરજી કહે છે : તમે મને સીધેસીધું નહિ આપો, તો હું તમારી મટુકીઓ ફોડી નાખીશ. ભગવાને જ્યારે જ્યારે કૃપા કરી છે, ત્યારે ત્યારે માનવીના મનરૂપી ગોળીઓ તૂટી છે ને ફૂટી છે. માણસને જીવનમાં જે ઠોકરો મળે છે, દર્દ અને પીડાનો અનુભવ થાય છે, તેની પાછળ એક જ કારણ છે આપણી સાંસારિક વૃત્તિઓ તોડી નાખવી. જે ગોળીમાં આપણે જગતનો રસ ભરી રાખ્યો છે તેને ભગવાન તોડી નાખે છે. માટે ભગવાન દુઃખ આપે, તો સમજજો કે મારી સંસારરસની ગોળી ફોડવા ભગવાને દુઃખ આપ્યું છે. મારી અંદર રહેલા વિષયરસોને ઢોળી દેવા ભગવાને દુઃખ આપ્યું છે.

ઈશ્વર જેના ઉપર અનુગ્રહ કરે છે, એનો જ વિગ્રહ કરે છે. આપણે આપણા જ દીકરાને મારીશું, પડોશીના દીકરાને નહિ મારીએ; એની ઉપેક્ષા કરીશું. જેને ભગવાન પોતાનો કરીને રાખે છે, એને જ કોઈક વાર ચાબૂક મારે છે, તો કોઈક વાર પ્રેમ પણ કરે છે. જેને પોતાનો નથી માનતા, તેની ઉપેક્ષા સેવે છે. કોઈક વાર અતિશય દુઃખનો અનુભવ થાય, તો સમજજો કે શ્રીઠાકોરજીએ મારી ઉપેક્ષા કરી નથી, પણ એ મારા સંસારરસની ગોળી તોડી રહ્યા છે. એ ગોળી તોડે છે તો તોડવા દો, કારણ કે બીજી નવી ગોળી પણ એ જ બનાવશે અને માખણ-મિસરી આરોગશે.

યશોદાજી સમજાવે છે, ‘સખીઓ! જો એ ઉપર ચઢીને ગોરસી ફોડતા હોય, તો એ ગોરસીઓને ઘરના કોઈ અંધારા ઓરડામાં મૂકી આવો ને!’ બીજી ગોપી કહે છે, મા! એની પાસે એવો પ્રકાશ છે કે જ્યાં જ્યાં ગોવિંદજી જાય છે, ત્યાં ત્યાં હજારો સૂર્ય જેવું અજવાળું ફેલાઈ જાય છે. એના સ્વરૂપમાં એવું સામર્થ્ય છે કે છુપાયેલી વસ્તુ પ્રગટ થઈ જાય.

યશોદાજીએ પૂછ્યું : સખીઓ, હું શું કરું ? તમે તમારા ઘરમાંથી મટુકીઓ, માખણ, મિસરી બધું બીજા કોઈના ઘરમાં મૂકી આવો. પછી તે ક્યાંથી શોધશે ? એક બીજી ગોપીએ કહ્યું : ‘મા, મેં એ પણ કર્યું. મારા ઘરમાં એને કંઈ મળ્યું નહિ, તો ઘોડિયામાં સૂતેલા મારા છોકરાને તે ચિમટા ભરી ગયો.’ જે ભગવાનનું કામ કરતો નથી, એને જ જીવનમાં વારેઘડીએ ચિમટા સહન કરવા પડે છે.

યશોદાજીએ કહ્યું : સખીઓ, ક્યારેક ક્યારેક આખું ઘર જ છૈયાંછોકરાં સાથે ખાલી કરી નાખો. પછી તો તમારા ખાલી ઘરમાં શું ચોરશે ?

ો. એની પર
હે છે : તમે મને
ે ત્યારે જ્યારે
ી છે. માણસને
ી પાછળ એક
ણે જગતનો
આપે, તો
. નારી અંદર

પણે આપણા
કરીશું. જેને
તો કોઈક વાર
ાર અતિશય
ી નથી, પણ
વા દો, કારણ
ાગશે.

ડતા હોય,
ગોપી કહે
ાં હજારો
ેલી વસ્તુ

મટુકીઓ,
ી શોધશે ?
મળ્યું નહિ,
ાનનું કામ

રાં સાથે

એક ગોપીએ કહ્યું : મેં એક વાર આખું ઘર ખાલી કરી નાખ્યું. તમારો લાલો એની મંડળી સાથે આવ્યો. સખાઓને કહ્યું, દોસ્ત! આ ઘર ખાલી છે. આમાં લઘુશંકા કરો અને દીર્ઘશંકા કરો. એણે સખાઓ પાસે મારું આખું ઘર ગંદું કરાવી નાખ્યું.

પ્રભુજી કહે છે, વાત સાચી છે. જેનું અંતર શૂન્યતાવાળું હોય, જેનું હૃદય ખાલી હોય, તેના હૃદયમાં વિષ્ઠા જ વધે, બીજું શું વધે ? માટે તમે મારા નામના સ્મરણ અને રૂપના ધ્યાન વિના એક ઘડી પણ ખાલી રહેશો નહિ. જ્યાં તમારા જીવનમાં ખાલીપણું આવ્યું ત્યાં વિષ્ઠા અને દુર્ગંધ ભરાઈ જશે. નિવૃત્ત મન અને ખાલી પડેલું જીવન એ ભૂતોની સળગતી ભૂતાવળ બની જાય છે. જેનું અંત:કરણ ભગવદ્‌ભાવથી ભરેલું છે, એના અંત:કરણમાં કદી જુદા જુદા વિચારોની ભૂતાવળો જાગતી નથી.

આ પ્રમાણે યશોદાજી અને ગોપીઓ વાતો કરે છે. યશોદાજીએ કહ્યું : તમે એવું કરી જુઓ કે એની આવવાની ખબર પડે, એટલે દંડુકો લઈને માખણની મટુકીને સાચવવા ઊભાં રહો. એક ગોપીએ કહ્યું : મા, હું એવા કડવા સ્વભાવની છું કે કોઈની દેન નથી કે મારા ઘરમાં આવે. પણ તમારો લાલો નટખટ છે કે તે આવ્યો. મોઢામાં દૂધ ભરીને આવ્યો. તેણે મારા મોઢા ઉપર દૂધનો કોગળો કર્યો. મારી આંખો બંધ થઈ ગઈ. આંખો માંડ માંડ ખૂલી, ત્યાં સુધીમાં ઘરમાં દૂધ, દહીં, માખણ બધું ચોપટ થઈ ગયું.

ભગવાન કહે છે, તારી વાત પણ સાચી. કોઈ કોઈ વાર હું તને હાથતાળીને આપીને તારામાં રહેલા મધુર રસને ચોરી જઉં છું.

યશોદાજી બરાબર મૂંઝાયાં. તેઓ કહેવા લાગ્યાં, સખીઓ, હવે મને કોઈ રસ્તો જડતો નથી. તમે જ શોધી કાઢો. વળી યશોદાજીને એક ઉપાય સૂઝ્યો. તેમણે કહ્યું: દશ-પંદર જણ ધ્યાન રાખો. લાલો આવે કે બધાં તેને ઘેરી વળો અને ધક્કા મારીને કાઢી મૂકો. તેને ઘરમાં ઘૂસવા જ ન દેશો.

એક ગોપીએ કહ્યું : મા, તમારો લાલો એક વાર મારા ઘેર આવ્યો. અમે દશપંદર જણે મળીને તેને ધક્કા મારીને કાઢી મૂક્યો. તે આંખો કાઢીને કહેતો જાય, આજે તેં મને ધક્કો મારીને કાઢ્યો છે, કાલે હું તને ધક્કો મારીશ. બીજા દિવસે તે સાડી, ચોળી, ચણિયો પહેરી રૂપ બદલીને આવ્યો. મેં તેને પૂછ્યું, 'સખી! તું આવી શામળી કેમ છે ?' તેણે કહ્યું, મારા જન્મ પહેલાં મારી મૈયાએ કાળાં જાંબુડાં બહુ ખાધાં એટલે હું કાળી છું. પછી તેણે કહ્યું : આજે તો હું તારા ઘેર રહેવા આવી છું.

તું તારું કામ કર, હું નિરાંતે બેસીશ. એમ મીઠું મીઠું બોલીને સ્ત્રીરૂપમાં આવેલા કનૈયાએ મને કામના બહાને બહાર કાઢી મૂકી. પછી અંદરથી ઘર વાસી દીધું. જાણે તે ઘરની રાણી બની ગઈ. મેં આવીને બારણું ઠોક્યું તો મને કહે છે કે આ ઘર મારું છે, તારું નથી, બહાર જા. તે જબરજસ્તીથી મારા ઘરની માલકણ બની. બધું માખણ આરોગી ગઈ. મેં કાણામાંથી જોયું, ત્યારે ખબર પડી કે સાડી-ચોળી પહેરેલી આ કોઈ સ્ત્રી નહોતી; પણ મોરમુકુટ, પીતાંબર અને બંસીધારી શ્યામસુંદર છે. મા, એને નખરાં કરતાં શીખવા જવું પડતું નથી, રૂપ બદલતાં વાર લાગતી નથી.

યશોદાજીએ લાલાજીની સામે જોઈને કહ્યું : તને મારા ઘેર ઓછું ખાવાનું મળે છે કે તું આમ ભૂખડીબારસ થઈને ફરે છે ? ગોવિંદજી કહે છે, મૈયા! આ બધીનાં દિલને પૂછી જો. જ્યારે હું તારી ગોદમાં રમતો, તે વખતે આ બધીઓએ આવીને મને નોતરાં આપેલાં. હું આમંત્રણ વિના કોઈના ઘેર જતો નથી. મૈયા, તને સાચું કહું, આ ગોપીઓ એક બાજુ મને ખવડાવે છે અને ઉપરથી મને બદનામ કરે છે.

યશોદાજીએ કહ્યું : દેવીઓ, હું છેલ્લી વારની વાત તમને કહું છું. હવે જો તે તમારા કોઈના ઘેર આવે, તો તેનો હાથ પકડી મારી પાસે લઈ આવજો. એક ગોપીએ કહ્યું : મા, એનો હાથ પકડવા જતાં એ જ અમારો હાથ પકડીને લઈ આવશે.

ગર્ગસંહિતામાં પ્રભાવતી દેવીનો બહુ સુંદર પ્રસંગ છે. તે લાલાજીનાં કાકી છે. કાકીમાએ બીડું ઝડપ્યું કે હું કનૈયાને રંગે હાથ ઝડપી લાવીશ. ભત્રીજાજી તિરછી આંખે કહે છે : કાકીમા ! હવે તમને પણ દંડુકાનો સ્વાદ ચખાડીશ. પ્રભાવતી કાકી પાણી ભરવા ગયાં. ગોવિંદજીએ તેમના ઘરમાંથી માખણ ઉઠાવ્યું. પ્રભાવતી કાકીના આવતાં તે પકડાઈ ગયા. હાથ જોડીને કહે છે, કાકી! મને છોડી દો. પરિણામ સારું નહિ આવે. કાકી કહે છે, આજે તું પકડાયો છે ને હવે તને છોડું, એમ ? પ્રભુ કહે છે, પ્રેમથી પકડો એનો વાંધો નહિ, પણ રોષથી પકડશો તો નહિ પકડાઉં. કાકી કહે છે, આજે તો તને રોષથી જ પકડ્યો છે અને તારી પીટાઈ પણ કરાવીશ, જોઈ લેજે. એને લઈને એ નંદભવનના દ્વારે પહોંચ્યાં. બારણેથી જ બૂમો પાડવા માંડી. પ્રભાદેવીએ કહ્યું : યશોદા, ચોરોના સરદાર એવા તારા કનૈયાને પકડીને લાવી છું. યશોદાજી બહાર આવ્યાં. પૂછ્યું : મારો કનૈયો ક્યાં છે ?

પ્રભાવતીએ હાથથી પકડેલા બાળકને આગળ કર્યો. તેની સામે જોયું તો તે એનું પોતાનું જ છોકરું હતું ! માતાની પાછળ ઊભેલા મોહનજી હસીને કહે છે, કાકી!

તું તારી પ્રભાવશાળી બુદ્ધિથી મને પકડવા આવી હતી, પણ મને બુદ્ધિથી પકડી શકાતો નથી. હૃદયથી હું પકડાઉં છું. મારો આ કૃષ્ણાવતાર બુદ્ધિનો વિષય નથી. અનંત જ્ઞાનીઓ અનંત જીવનોથી મને બુદ્ધિથી પકડવા મથે છે, પરંતુ તે બધા થાકીને અંતે કહે છે : **'યતો વાચો નિવર્ન્તતે અપ્રાપ્યો મનસા સ:'** જ્યાં મન નથી જતું, વાણી નથી જતી, બુદ્ધિ નથી જતી, જ્યાં કોઈની ગતિ થતી નથી, એવું મારું સ્વરૂપ છે. આજે કાકી, તું નાનકડી માનવીય બુદ્ધિથી મને પકડવા આવી છે ! બુદ્ધિથી તું મારી કલ્પના કરી શકે; પરંતુ એનાથી મારા પ્રગટ રૂપને તું પકડી ન શકે. હું તો તેના જ હાથથી પકડાઉં છું, જેના ઉપર હું કૃપાનો વરસાદ વરસાવું છું.

પ્રભાવતી કાકીએ હાથ જોડીને કહ્યું, 'મહારાજ! આજે હું હારી, તમે જીત્યા.'

આ માખણચોરીલીલા કેવળ ચોરીની વાત નથી. તેમાં વેદાંતના ગૂઢ સિદ્ધાંતો સમાયેલા છે. ભગવાન આખી દુનિયામાં સમાયેલા છે. તેમના માટે કશું પોતાનું કે કશું પારકું નથી. તે ફાવે તે લઈ શકે છે. આ લીલાથી ભગવાન **એમ સમજાવે છે** કે હું કોઈને માટે પારકો નથી. 'હું' ને 'તું' એવા બે ભેદ જ્યાં ઊભા થાય ત્યાં દ્વૈત છે. 'હું' ને 'તું' મટી જાય, ત્યાં અદ્વૈત છે. માખણચોરી કરીને ભગવાન બતાવે છે કે 'હું' ને 'તું' એ જુદાં નથી. 'તું' પણ 'હું' બની શકે છે, 'હું' પણ 'તું' બની શકું છું. તું મને પ્રેમથી તારામાં સમાવી શકે છે. હું ધારું તો તને પ્રેમથી મારામાં સમાવી શકું છું. આમ, ભગવાને આ લીલામાં અદ્વૈતનું દર્શન કરાવ્યું છે.

બીજી વાત સમજાવી કે હું ઈશ્વર છું. **'કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ છું.'** તું જગતના કોઈ પણ પોલાણમાં વસ્તુને સંતાડી દઈશ, તો પણ મારી કરોડો આંખોથી તે દૂર રહેવાની નથી. મારી સહસ્ર ભુજાઓના સ્પર્શથી તે દૂર રહેવાની નથી. ઈશ્વર એમ સમજાવવા માગે છે કે હું તારાથી જેટલો દૂર દેખાઉં છું એટલો જ હું તારી નજીક છું. હું જેટલો મોટો દેખાઉં છું એટલો જ તારામાં સમાયેલો છું.

આ લીલામાં **ત્રીજી વસ્તુ** સમજાવી કે જેની ઉપર ભગવાનનો અનુગ્રહ ઊતરે છે, તે મનથી કે અમનથી પ્રભુ તરફ ખેંચાય છે.

આ લીલામાં ભગવાન **ચોથી વસ્તુ** જગતને કહેવા માગે છે કે હું કોમળ મનની ચોરી કરું છું. જેનું મન કઠોર હોય એ ચોરતો નથી. તારી પાસે માખણ જેવું કોમળ હૈયું હશે તો પ્રેમથી સ્વીકારીશ અને પથ્થર જેવું કઠોર હૈયું હશે તો તેને હું ઠોકર

મારીને ફેંકી દઈશ. હૈયું કોમળ બને છે ભક્તિના સ્પર્શથી. હૈયું દ્રાવક બને છે ભક્તિના પ્રવાહથી. જેની પાસે ભક્તિની દ્રાવકતા હોય, તેની ચોરી કરવા હું આવું છું.

ભગવાન તાજું માખણ આરોગે છે, વાસી માખણ બંદરોને ખવડાવે છે. એવી રીતે જેનો ભાવ તાજો છે, જેના ભાવમાં વાસનાના વાસી છાંટા પડ્યા નથી, એ જ હૃદયને મોહનજી સ્વીકારે છે. ભક્તિ તો ઘણા કરે છે; પરંતુ વિશુદ્ધ ભક્તિ કરનારા કોઈક જ હોય છે. ઘણાં લોકો વાસનાથી વાસી બનેલા અંતઃકરણથી ભક્તિ કરે છે. પરંતુ યાદ રાખજો કે ભગવાન તાજી વસ્તુ જ હમેશાં અંગીકાર કરે છે. પ્રભુ કહે છે, હે ભક્તો ! જેનું અંતઃકરણ માખણ જેવું શુદ્ધ અને શુભ્ર છે, એની જ હું ચોરી કરું છું.

માખણ કેવી રીતે તૈયાર થાય છે ? પહેલાં દૂધ દોહવું પડે, એમાં થોડી ખટાઈ નાખવી પડે, પછી દહીં જામે. એનું વલોણું કરવું પડે. તેમાંથી જે સત્ત્વ નીકળે તે માખણ કહેવાય. એવી જ રીતે માણસે વિચારોનું દૂધ દોહવું પડે, એટલે કે સંસારનું મંથન કરવું પડે. તે તત્ત્વદર્શનથી થાય. જીવનમાં વિચારોરૂપી સાર ભેગો કરીએ, પરંતુ તેમાં વૈરાગ્યરૂપી ખટાઈ ન પડે, ત્યાં સુધી તે જામે નહિ. પછી મનોમંથન એટલે પછી વલોણું થાય. એમાંથી જે તત્ત્વ નીકળે તે ભક્તિ. દૂધ દોહવું એ જ્ઞાન. ખટાઈ એ વૈરાગ્ય. વલોણું કરવા માટે તેમાં પાણી રેડવું એ ભક્તિ. આમ, જેના અંતઃકરણમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ છલોછલ ભરેલાં હોય, તેની જ ચોરી કરું છું.

આમ, આ લીલા અનેક રહસ્યોનું સૂચન કરનારી છે. આનંદનો અનુભવ કરાવનારી લીલા છે. શ્રીઠાકોરજી કહે છે, આવા હૃદયની ચોરી કરવા હું કોઈક વાર સીધો પ્રયત્ન કરું છું, તો કોઈક વાર આડકતરો પ્રયત્ન કરું છું.

શ્રીઠાકોરજીએ ખૂબ માખણ આરોગ્યાં. માખણથી પેટ ચીકણું થયું. ચીકણી વસ્તુને ઉટકવા માટે માટી જોઈએ. માટે હવે શ્રી શુકદેવજી મહારાજ માખણચોરી લીલા પછી મૃત્તિકા-ભક્ષણ લીલાનું વર્ણન કરે છે. પ્રભુ માટી ખાઈને માખણથી ચીકણા બનેલા પેટને માંજવા ચાહે છે.

■

પ્રકરણ ૧૮

મૃત્તિકા-ભક્ષણ અને દ્રોણ-ધરા પ્રસંગ

એકદા ક્રીડમાનાસ્તે રામાદ્યા ગોપદારકા:
કૃષ્ણો મૃદં ભક્ષિતવાનિતિ માત્રે ન્યવેદયન્ ।।૮/૩૨।।

આ લીલા વ્રજના મહાવનમાં બ્રહ્માંડઘાટ પર થઈ. બ્રહ્માંડ ઘાટ પર બહુ સુંદર, કોમળ વ્રજરજ છે. ત્યાં શ્રીશ્યામસુંદરલાલ માટીનો મહેલ બનાવવાની લીલા કરી રહ્યા છે. એક બાજુ શ્રીદામા છે અને બીજી બાજુ શ્રીશ્યામસુંદર છે. બંને મિત્રો રેતીનો મહેલ બનાવી રહ્યા છે. શ્રીદામાને રમતાં રમતાં ક્રોધ ચઢ્યો. તેણે શ્યામ-સુંદરનો મહેલ તોડી નાખ્યો. તે જ વખતે દુર્વાસા મુનિ ત્યાં આવી પહોંચ્યા. દુર્વાસા મુનિને વિચાર થયો કે જે રમવા માટેનો મહેલ બનાવી ન શકે, એ બ્રહ્માંડ કેવી રીતે બનાવી શકે ? માટે ઋષિમુનિઓને ભ્રમણા થઈ હશે. આ કૃષ્ણ એ ભગવાન નથી.

ભગવાને વાંકી આંખે દુર્વાસા સામે જોઈને મનમાં કહ્યું : તારે મારા ઈશ્વરત્વની પ્રતીતિ કરવી છે ? દુર્વાસાજી જેવા નજીક જવા ગયા કે તેમને લાગ્યું કે તેઓ માત્ર બ્રહ્માંડ ઘાટમાં ગળી રહ્યા નથી, પરંતુ ભગવાન સમગ્ર બ્રહ્માંડ ઘાટ સાથે તેમને પોતાના ઉદરમાં ઉતારી રહ્યા છે. ભગવાનના ઉદરમાં દુર્વાસાજીને કરોડો બ્રહ્માંડનાં દર્શન થયાં. પછી પ્રભુજીએ તેમને મુખમાંથી બહાર કાઢ્યા. દુર્વાસાજીએ હાથ જોડીને કહ્યું : મહારાજ, આપને હું ઓળખી શક્યો નહિ, મને ક્ષમા કરો. આજે મેં જાણ્યું કે તમારા આવડા અમથા ઉદરમાં અનેક બ્રહ્માંડો સમાયેલાં છે.

ભગવાન કહે છે : દુર્વાસાને તો મારા ઈશ્વરત્વની પ્રતીતિ થઈ. પરંતુ હવે મારી માતાને એની પ્રતીતિ કરાવું. મૈયાને ખાતરી કરાવું કે હું જેટલું ખાઉં છું, તે બધું જ મને પચી જાય છે. દુનિયાને અપચો થાય, પણ મને અપચો થતો નથી. આપણું પેટ નાનું, આપણી શક્તિ ઓછી, આપણામાં સામર્થ્ય પણ નથી; પણ ભગવાનની અનંત શક્તિ છે. શ્યામસુંદરલાલે માટીનો મોટો લાડુ બનાવ્યો અને મૂક્યો મુખમાં. ત્યાં દાઉજી મહારાજ પણ રમતા રમતા આવી પહોંચ્યા. તેમણે ગોવિંદજીનો કાન પકડ્યો. અરે ભૈયા! માટી કેમ ખાધી ? શ્યામજી આંખો કાઢીને કહે છે : દાદા, મેં માટી ખાધી નથી. જોવું હોય તો મારું મોઢું ખોલીને જોઈ લ્યો. દાદા કહે છે : માટી ખાધી અને પાછું જૂઠું બોલે છે ! યશોદામા લાકડીથી ફટકારશે એટલે ખબર પડશે.

યશોદામા એ જ વખતે જળ ભરવા આવતાં હતાં. શ્યામસુંદરને માટી ખાધેલો જોઈને ઝડપથી પાસે આવ્યાં. દાઉજીએ ફરિયાદ કરી, મૈયા ! આજે લાલાએ માટી ખાધી છે. શ્યામજી હસીને કહે છે : મા, આજે દાદા સાથે મારે ઝઘડો થયો છે, એટલે મારું ખોટું ખોટું નામ દે છે. માતાએ શ્રીકૃષ્ણનો કાન પકડીને કહ્યું :

કસ્માન્મૃદમદાન્તાત્મન્ ભવાન્ ભક્ષિતવાન્ રહઃ ।
વદન્તિ તાવકા હ્યેતે કુમારાસ્તેઽગ્રજોઽપ્યયમ્ ॥૮/૩૪॥

માતાએ ઉચ્ચારેલા શબ્દો માનવાચક છે. માતાએ 'ત્વમ્' શબ્દ ન વાપરતાં **'ભવાન્'** શબ્દ વાપર્યો. આપે કેમ માટી ખાધી ? રોજ કૃષ્ણને યશોદાજી તુંકારથી બોલાવતાં હતાં, તેને બદલે આજે માનવાચક શબ્દથી બોલાવે છે. લાલાજીને મનમાં હસવું આવ્યું. મા, આજે તમે મને માન આપ્યું છે, અનાયાસે તમારા મુખમાંથી **'ભવાન્'** શબ્દ નીકળ્યો છે; તો હું પણ તમને બતાવું કે હું તમારા દાદાનો પણ દાદો છું. આજે તમને પ્રતીતિ કરાવું કે હું આખી દુનિયાનો પિતા છું. પરંતુ સાથે સાથે શ્રીયશોદાજીએ કૃષ્ણને **'અદાન્તાત્મન્'** - એટલે કે 'સ્વચ્છંદી છોકરો' કહ્યા.

ભગવાન કહે છે, એમાંય ખોટું નથી. આખી દુનિયા ઉપર મારો અંકુશ છે, પરંતુ મારા ઉપર અંકુશ રાખનારું કોઈ નથી. જ્યાં સુધી હું નાટક કરું, ત્યાં સુધી હું તમારા કબજામાં રહું; પરંતુ આજે તમને હું મારું મૂળ રૂપ બતાવીશ કે હું મારી ઇચ્છા પ્રમાણે રહેનારો છું. એ સ્થિતિમાં મારા પર તમારું જોર પણ ચાલશે નહિ.

માતા પ્રભુને કહે છે : લાલા ! તમે એકાંતમાં માટી ખાધી ? ભગવાન કહે છે: તમારી આ વાત પણ સાચી છે. હું ઈશ્વર છું એવી પ્રતીતિ આખી દુનિયાને કરાવવા જઉં, તો ક્ષણ વારમાં સૌનો મોક્ષ થઈ જાય; એટલે આજે મારા ઈશ્વરત્વની પ્રતીતિ હું તમને એકલાંને એકાંતમાં કરાવીશ. કેટલીક વાતો એકાંતમાં જ થાય છે. એકાંતમાં એને સાચવી રાખવાની હોય છે. માટે ભક્તોએ ગાયું : **'પ્રગટ કિયે રસ જાય.'** અનુભૂતિની કેટલીક ક્ષણો દુનિયાને કહેવાની હોતી નથી.

યશોદાજીએ કહ્યું : લાલા, તારું મોઢું ખોલ.

ભગવાન કહે છે :

નાહં ભક્ષિતવાનમ્બ સર્વે મિથ્યાભિશંસિનઃ ।
યદિ સત્યગિરસ્તર્હિ સમક્ષં પશ્ય મે મુખમ્ ॥૮/૩૫॥

ભગવાન કહે છે : મા, તમે મારા પર વિશ્વાસ રાખો. દુનિયા જૂઠું બોલે, પણ હું જૂઠું બોલતો નથી. નગારાના ઘા સાથે તમને કહું છું કે મેં માટી નથી ખાધી, નથી ખાધી, નથી ખાધી.

ભક્તો કહે છે, મહારાજ! આટલું બધું સફેદ જૂઠ બોલશો ? હમણાં તો તમે માટી ખાધી અને કહો છો કે નથી ખાધી. આ વખતે શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીની વકીલાત કરે છે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું : મારા ઠાકોરજી કદી જૂઠું બોલે નહિ.

આપણને થશે કે હે શ્રીવલ્લભ! તમે પણ આચાર્ય થઈને આ અસત્યભાષીનો પક્ષપાત કરો છો ? શ્રીમહાપ્રભુજી કહે છે, ખામોશ. મારા ભગવાને માટી ખાધી છે, એ હકીકત નથી. ભગવાને જ્યારે પૂતનાના પ્રાણ ચૂસ્યા, ત્યારે એ પૂતનાના અંતરમાં એણે મારેલા સોળ હજાર બાળકોના પ્રાણ હતા. તે પણ ભગવાને ચૂસી લીધા. હવે એ બાળકોના આત્મા ભગવાનના અંતરમાં છે. ભગવાને સ્વયં પોતાની ચરણરજનો રસ એ આત્માઓને ખવડાવ્યો છે, પોતે ખાધો નથી. ભગવાન પોતાને માટે કંઈ કરતા નથી. તેઓ જે કંઈ કરે છે તે બીજાના ઉદ્ધાર માટે જ કરે છે.

આ લીલા જોઈને બીજા બધા વિચારકો વિચારમાં પડ્યા. **એક મહાત્મા** કહે છે : યશોદાના લાલે માટી કેમ ખાધી, એનું કારણ હું જાણું છું. ગોવિંદજીના ઉદરમાં માખણની બહુ ચીકાશ હતી. એટલે એને માંજવા માટે માટી ખાધી.

બીજા વિચારક કહે છે : એનું કારણ હું જાણું છું. પૂતના માસીનું ઝેર પીને કૃષ્ણના પેટમાં બળતરા થતી હતી. શ્યામસુંદર વિચાર કરે છે કે આ બળતરા શાંત કરવા મેં માખણ ખાધું અને હવે ઉપર માટીના લપેડા કરું. શરીર ઉપર બળતરા થાય, ત્યારે ભીની માટીનો લેપ કરીએ છીએ.

ત્રીજા વિચારક કહે છે કે આ બધી ખોટી વાત છે. બાળલીલામાં ભગવાન માધુર્યરસનો અનુભવ કરે છે. તે માટે તેમણે આ માટી ખાધી હતી. વૃંદાવન અને ગોકુળની ભૂમિ ઉપર ભગવાનનો અખંડ રાસ રમાય છે. ભગવાનના ચરણારવિંદનું કુમકુમ વ્રજની રજમાં ભળે છે. ભગવાનને વિચાર આવે છે કે કુમકુમનો સ્વાદ હું ચાખું; માટે તેમણે માટી ખાધી.

ચોથા એક વિચારક કહે છે : શ્યામસુંદરને થાય છે કે આખી દુનિયા મારી ચરણરજ મોંમાં કેમ મૂકતી હશે ? હું પણ ચાખી જોઉં કે તે કેટલી મીઠી છે ! વ્રજના બધા રજકણોમાં મુક્ત જીવાત્માઓનો વાસ છે. ભગવાન વિચાર કરે છે કે આ મુક્ત

જીવાત્માઓને મારા ઉદરમાં પધરાવી, એમને શાંત કરું. આવા અનેક ભાવો મહાત્માઓએ આ લીલાના બતાવ્યા છે.

હરિસૂરિજી નામના એક વિદ્વાને આ લીલાનો બહુ સુંદર ભાવ તારવ્યો. ભૂમિમાતા ભગવાનના શરણે ગયાં છે. તેઓ હાથ જોડીને કહે છે, પ્રભુ! મારો ભાર ઓછો કરો. ભગવાન કહે છે, દેવી! બત્રીસલક્ષણા બ્રાહ્મણોને થોડું થોડું દાન આપવામાં આવે તો ભાર ઓછો થાય.

ભૂમિમાતા કહે છે : હે નંદનંદન! તમે જ બત્રીસલક્ષણો બ્રાહ્મણ શોધી લાવો. ભગવાન કહે છે : એમને બીજે શોધવા ક્યાં જાઉં ? મારા મુખમાં આ બત્રીસ બાવા બેઠા છે. સંસ્કૃતમાં દાંત માટે 'દ્વિજ' શબ્દ વપરાય છે અને બ્રાહ્મણ માટે પણ દ્વિજ શબ્દ વપરાય છે. બે વખત જન્મે તે દ્વિજ. પહેલાં દૂધિયા દાંત આવે, તે પડ્યા પછી બીજી વાર દાંત આવે તે દ્વિજ. બ્રાહ્મણ બાળકને પણ જનોઈ મળ્યા પછી બીજી વખત તેનો જન્મ થયો કહેવાય છે, માટે તે દ્વિજ. માટે ભગવાને વિચાર્યું કે આ માટીનું દાન મારા દાંતને આપું, તેથી તેઓ તૃપ્ત થશે, પરિણામે પૃથ્વીનો ભાર ઓછો થશે.

આ લીલાનો એક **બીજો અર્થ** પણ કરવામાં આવ્યો છે. માટીને સંસ્કૃતમાં 'રજ' કહેવામાં આવે છે. આજે હું રજ ખાઈને મારામાં રજોગુણનો સંગ્રહ કરીશ. તેને લઈને ભવિષ્યમાં રજોગુણી રાજાઓનો હું સંહાર કરીશ. આમ, અનેક અર્થો મળે છે.

શ્યામજી હાથ જોડીને કહે છે : મા, મેં માટી નથી ખાધી. ખાધી છે કે નથી ખાધી એનું પ્રત્યક્ષ પ્રમાણ જોઈએ. યશોદાજી કહે છે : મને તું સાબિત કરી આપ કે તેં માટી નથી ખાધી. ભગવાન કહે છે : મા, ઈશ્વરની વાણીને સાબિતી ન જોઈએ. એમાં રહેલું સત્ય જ એની સાબિતી છે. મારા શબ્દોમાં સદા વાસ્તવિકતા હોય છે.

પરંતુ ભગવાનની આ વાત કેટલાક લોકો સ્વીકારતા નથી. તેમનો આગ્રહ હોય છે કે અમારે તમારા શબ્દો જોઈતા નથી, અમારે તો એ સત્યને જ જોવું છે. ભગવાને માતાને કહ્યું : તમારે પણ સાબિતી જોવી જ હોય તો જોઈ લો. છતાં હું સાચું કહું છું કે મારા ઉપર વિશ્વાસ રાખશો તો તમો કદી છેતરાશો નહિ.

મહાપુરુષોની વાણીમાં હમેશાં વિશ્વાસ રાખવો. અધમ પુરુષની વાણીમાં કોઈને વિશ્વાસ બેસતો નથી. માતાએ લાલાજીને આજ્ઞા કરી : મોઢું ખોલ.

લાલાજીએ આખું મોં ખોલ્યું –

ભગ
માટી તો
લોકનાં દર
મુખારવિ
ત્યારે તમ
તમામ બ
નહિ મ
જડચેતન

: અર્જુ
છું. તા
બધું જ
પહોંચ

હું તમન
તમ્મર
મારા
દેખાય
મને હા

નહિ
એકલી
નથી
દેખા

કિં સ્વપ્ન એતદુત દેવમાયા
કિં વા મદીયો બત બુદ્ધિમોહ: ।
અથો અમુષ્યૈવ મમાભકસ્ય ય:
કશ્ચનૌત્પત્તિક આત્મયોગ: ॥૮/૪૦॥

ભગવાનના મુખનું દર્શન કરતાં જ જાણે માતાજીને ચક્કર આવી ગયાં. મુખમાં માટી તો દેખાઈ નહિ, પરંતુ કરોડો બ્રહ્માંડનાં દર્શન થયાં. સત્યલોક સુધીના સાત લોકનાં દર્શન થયાં. યશોદામાએ એમાં વ્રજમંડળ પણ જોયું, પોતાનું સ્વરૂપ પણ જોયું. મુખારવિંદ ખુલ્લું કરી, ભગવાન બતાવે છે, માડી ! જ્યારે હું કાલપુરુષ બનું છું, ત્યારે તમામ બ્રહ્માંડનો કોળિયો કરી જાઉં છું. જ્યારે હું પાલકપુરુષ બનું છું, ત્યારે તમામ બ્રહ્માંડને મારી અંદર સ્થિર કરી દઉં છું. મારા જેવું ભક્ષણ કરનારો તને કોઈ નહિ મળે. કોઈ દાળ-ભાત-રોટલી-શાક ખાય, પરંતુ હું તો દુનિયાના બધા જડચેતનનું ભક્ષણ કરી જાઉં છું. તમારે મારું આ કાલરૂપ જોવું હોય તો જોઈ લો.

આવું જ કાલરૂપ ભગવાન શ્રીદ્વારકાધીશે અર્જુનને બતાવ્યું હતું. તેમણે કહ્યું હતું : અર્જુન! તું મારું આ વિરાટ સ્વરૂપ જોઈ લે. આ બધાંને હું ક્યારનોય ખાઈ ગયો છું. તારે તો માત્ર એમનાં મડદાં જ ચાવવાનાં છે. અર્જુને પણ ભગવાનના મુખમાં બધું જ જોયું હતું. એને ખાતરી થઈ ગઈ કે ભગવાન એટલા બધા મહાન છે કે તેમને પહોંચી શકાય નહિ.

આજે ગોવિંદજી માતાજીને સમજાવે છે કે તમે પણ મારું સાચું સ્વરૂપ જોઈ લો. હું તમને બહુ નાનો લાગું છું. તમને એમ લાગતું હતું કે હું જૂઠું બોલું છું. યશોદાજીને તમ્મર આવી ગયાં. **'કિં સ્વપ્ન'** - શું આ સ્વપ્ન તો નથી ને? ના આ સ્વપ્ન નથી. હું મારા શરીર ઉપર ચૂંટી ભરું છું, તો મને પીડા થાય છે. સ્વપ્નમાં જુદી જુદી વસ્તુઓ દેખાય છે. ઘડમાથા વિનાની વસ્તુઓ પણ સ્વપ્નમાં દેખાય છે. લાલાના મુખમાં તો મને હારબદ્ધ બધી વસ્તુઓ દેખાય છે, એટલે આ સ્વપ્ન તો નથી જ.

યશોદાજીને બીજો વિચાર આવ્યો કે શું કોઈ દેવે ઊભી કરેલી આ માયા તો નહિ હોય! એમને લાગ્યું કે આ કોઈ દેવમાયા પણ નથી. જો એ માયા હોય, તો મને એકલીને જ કેમ દેખાય અને બીજાને કેમ ન દેખાય ? અથવા મારું મગજ તો ચસક્યું નથી ને ? યશોદાજી કહે છે, મારું મગજ જો બગડ્યું હોય, તો આના મુખમાં જેવું દેખાય છે, એવું દુનિયામાં બધે દેખાવું જોઈએ. આખરે એમને ખાતરી થઈ કે આ

મારા બાળકની કોઈ જન્મજાત દિવ્યશક્તિ છે. આ સ્વપ્ન નથી, દેવમાયા નથી, મારી બુદ્ધિનો વિભ્રમ પણ નથી.

યશોદાજીને હવે ગભરામણ થઈ. હું કોની મા ? જો આ ભગવાન હોય, તો હું તેની મા કેવી રીતે ? યશોદાજીનું આખું શ્રીઅંગ થરથર કંપે છે. તેમને પારાવાર પશ્ચાત્તાપ થયો. મેં આને ડરાવ્યો ? આની સામે હું બોલી ? આ મારો બાળક નથી, સામાન્ય છોકરો નથી, જરૂર કોઈ દેવાધિદેવ છે –

અહં મમાસૌ પતિરેષ મે સુતો
વ્રજેશ્વરસ્યાખિલવિત્તપા સતી ।
ગોપ્યશ્ચ ગોપા: સહગોધનાશ્ચ મે
યન્માયયેત્થં કુમતિ: સ મે ગતિ: ॥૮/૪૨॥

યશોદાજી કહે છે : હે દેવ ! મને ક્ષમા કરો. મારી દુષ્ટ બુદ્ધિને માફ કરશો. તમારામાં રહેલા આ મહાતત્ત્વને હું ઓળખી શકી નહિ. યશોદાજી ધ્રૂજતાં ધ્રૂજતાં ગોવિંદજીના પગમાં પડવા ગયાં. ભગવાને વિચાર કર્યો કે આ તો ગોટાળો થયો. જો યશોદા મારી માતા મટી, મારી સેવક બની જશે, તે મારી પૂજા કરશે, તો મને લાડ કોણ લડાવશે ? ભગવાનને પણ એવી ઇચ્છા છે કે દુનિયા મારી પૂજા તો કરે છે, પરંતુ હું એવે કોઈક ઠેકાણે જાઉં, જ્યાં પૂજાને બદલે મને પ્રેમ મળે. ભગવાનને પણ પ્રેમની ઝંખના છે. જેના માટે આદર અને શ્રદ્ધા જાગે, સામેનો કંઈક મોટો છે એવી ભાવના પ્રગટ થાય, ત્યાં આપણે હાથ જોડીએ છીએ; પરંતુ તેનાથી દસ ગજ દૂર રહીએ છીએ. અંદર બેઠેલી હીનભાવના ત્યાં સુધી આપણને પહોંચવા દેતી નથી.

ભગવાને વિચાર કર્યો : માતાને ભાન થયું છે કે તે જીવ છે અને હું ઈશ્વર છું. જીવ અને ઈશ વચ્ચેનો સો ગજનો ફાસલો અમારી વચ્ચે પડી જશે, તો મને કાલે માખણ કોણ ખવડાવશે ? 'લાલા' કહીને ગોદમાં કોણ બેસાડશે ? 'કન્હાઈ' કહીને મારા કાન અને ગાલ કોણ આમળશે ? હું તોફાન કરું, ત્યારે બે આંખો કાઢી મને કોણ લડશે ? આ યશોદા તો સતત મારી સામે બે હાથ જોડી માથું નમાવતી રહેશે.

ભગવાનને પણ ગભરામણ થઈ.

ઈત્થં વિદિતતત્ત્વાયાં ગોપિકાયાં સ ઈશ્વર: ।
વૈષ્ણવીં વ્યતનોન્માયાં પુત્રસ્નેહમયીં વિભુ: ॥૮/૪૩॥

સદ્યોનષ્ટસ્મૃતિર્ગોપી સાઽઽરોપ્યારોહમાત્મજમ્ ।
પ્રવૃદ્ધસ્નેહકલિલહૃદયાઽઽસીદ્ યથા પુરા ॥૮/૪૪॥

ભગવાને યશોદાજીના મસ્તક ઉપર વૈષ્ણવી માયાનું આવરણ કરી લીધું. આ પ્રસંગથી શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે પ્રેમમાર્ગ - ભક્તિમાર્ગમાં ભગવાનનું માહાત્મ્યજ્ઞાન આપણને બાધક બને છે. ભગવાન પ્રત્યેના કેવળ વિશુદ્ધ પ્રેમનો અનુભવ એ ભક્તિમાર્ગની સાધના છે. જ્ઞાનમાર્ગમાં માહાત્મ્યજ્ઞાન જરૂરી છે; પરંતુ પ્રેમમાર્ગમાં માહાત્મ્યજ્ઞાન ભૂલવું જરૂરી છે. જ્યાં સુધી માહાત્મ્યજ્ઞાન ભુલાય નહિ, ત્યાં સુધી ઈશ્વર સાથે પ્રેમ કરવાની હિંમત થતી નથી.

બે મિત્રો હતા. એક રાજા અને એક તેલી. જ્યાં સુધી તેલીના મનમાં એવો ભાવ હતો કે આ રાજા છે, ત્યાં સુધી તે રાજા સાથે મિત્રતા જેવો વ્યવહાર કરી શકતો નથી. પરંતુ જ્યારે બંનેના હૃદયમાં એવો ભાવ જાગે કે તું રાજા નથી, હું તેલી નથી– આવું અદ્વૈત સધાય, ત્યારે જ પ્રેમનો આનંદ આવે છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે મૃત્તિકા-ભક્ષણની આ લીલા પ્રમાણલીલા છે. તે તામસ પ્રમાણલીલા છે. તામસ પ્રમાણલીલામાં ભક્તના અંત:કરણમાં રહેલું અજ્ઞાન અને અન્યથા જ્ઞાન બંને સાધક બને છે. અજ્ઞાન એ છે કે આ ભગવાન નથી. અન્યથા જ્ઞાન એ છે કે આ મારો પુત્ર છે. આ બે પ્રકારની બુદ્ધિ ભક્તની ન થાય, ત્યાં સુધી તામસ પ્રકરણની લીલા ઘટતી નથી. બીજે બધે ઠેકાણે અજ્ઞાન અને અન્યથા જ્ઞાન બાધક છે; પરંતુ અહીં તે સાધક છે.

'શ્રીભાગવતાર્થ નિબંધ'માં આ વસ્તુનો બહુ સુંદર વિસ્તાર શ્રીવલ્લભે કર્યો છે. યશોદામાતા ભૂલી ગયાં કે હે કનૈયા, તું ઈશ્વર છે અને હું જીવ છું. યશોદાજીના અંત:કરણમાં ફરી સ્નેહનો વિશુદ્ધ ભાવ જાગ્યો. ગોવિંદજીને ગોદમાં લઈ લીધા. હસીને કહે છે : આ તો મારો લાલો જ છે. એનામાં જરૂર કોઈ દેવનો આવેશ આવી ગયેલો. શ્રીઠાકોરજી કહે છે : તમે આવું યાદ રાખશો, તો બસ.

આપણને પ્રશ્ન થશે કે તો પછી યશોદાજીને માહાત્મ્યજ્ઞાન બતાવવાની જરૂર શી પડી ? પહેલાં જેવો અજ્ઞાન અને અન્યથા જ્ઞાનનો ભાવ હતો, તે રહેવા દેવા જેવો હતો. એનો જવાબ એ છે કે અદ્વૈતમાં યશોદાજીના મનમાં થોડું અભિમાન ન આવી જાય, માટે ભગવાને ચિમકી આપી છે. જ્યાં જ્યાં યશોદાજીના મનમાં અધિકાર અને

અધિકારજન્ય અભિમાન જાગે છે, ત્યાં ભગવાન પોતાનું માહાત્મ્ય બતાવે છે. પ્રેમ સારો છે, પરંતુ પ્રેમમાં જ્યારે અધિકાર અને અભિમાન આવે, ત્યારે તે બાધક બને છે. આ મારું છે, તેથી હું કહું તેમ જ થાય. આવી ભાવના નવ્વાણું ટકા પ્રેમમાં થાય છે. પ્રેમાસ્પદ પ્રેમનો સ્વીકાર કરે ત્યારે અભિમાન આવે છે. એના સ્વીકાર પછી એના ઉપર સત્તા ચલાવવાની વૃત્તિ આવે, ત્યાં અભિમાન આવે છે. નિશ્ચલ, નિઃસ્વાર્થ અને વ્યાપક પ્રેમને ખંડિત બનાવનાર અધિકાર અને અભિમાન છે. જે પ્રેમમાં અધિકાર ભોગવવો પડે, જે પ્રેમમાં અધિકારની ભાવનાને લઈને ફૂંફાડો મારવો પડે તેમાં પ્રેમ નથી. જે દિવસે માતા એમ કહે કે તું મારો દીકરો છે, માટે તારે મારું કહ્યું માનવું પડશે, એ દિવસે માતાએ સમજી લેવાનું કે તે ભૂલ કરી રહી છે.

ભગવાન પણ વિચાર કરે છે : યશોદા, મેં તમને મા બનાવ્યાં છે અને જગતમાં મોટાં બનાવ્યાં છે. હું તમારામાં તન્મય થઈ ગયો છું, પરંતુ તમે મને કબજામાં રાખવાનો પ્રયત્ન કર્યો અને એવો વિચાર કર્યો કે કૃષ્ણ માત્ર મારો જ, બીજા કોઈનો નહિ; ત્યાં મને વિરોધ છે. સાચો પ્રેમ માણસને હમેશાં વ્યાપક બનાવે છે, તે કદી તેને સંકુચિત બનાવતો નથી.

જ્યારે જ્યારે ગોપીજનો પણ ભગવાન ઉપર અધિકાર ભોગવવા ગયાં છે, ત્યારે ત્યારે ભગવાને તેમને પણ તમાચો માર્યો છે. જ્યારે તેમણે એવું કહ્યું કે તું મારા ઘેર આવજે, પેલીને ઘેર જતો નહિ; ત્યારે ભગવાન એ ગોપી પાસેથી છટકી ગયા. પ્રેમનું આવું સુંદર અને વિશુદ્ધ સ્વરૂપ, જે અહીં દશમ સ્કંધમાં જોવા મળે છે, તે દુનિયામાં બીજે ક્યાંય જોવા મળતું નથી. ભગવાન પોતાના ભક્તના પ્રેમમાં ખામી કે અશુદ્ધિ જુએ છે, ત્યારે તેને શુદ્ધ બનાવે છે. આવા દિવ્ય પ્રેમનો અનુભવ ભગવાને યશોદાજી અને ગોપીજનોના ચરિત્રમાં બતાવ્યો છે.

શ્રી શુકદેવજી મહારાજે મૃત્તિકા-ભક્ષણલીલાનો આ પ્રસંગ અહીં પૂરો કર્યો. રાજા પરીક્ષિતના મનમાં પ્રશ્ન જાગ્યો કે નંદ-યશોદાએ એવું શું કર્યું કે એમને આટલા મોટા આશીર્વાદ મળ્યા ? રાજાના પ્રશ્નના જવાબમાં શ્રીશુકદેવજી હવે ભાગ્યનું વર્ણન કરે છે. દ્રોણ અને ધરા નામનું એક યુગલ હતું. આ બંનેનાં અંતઃકરણમાં એક ભાવ જાગ્યો કે અમને ભક્તિનું દાન પ્રાપ્ત થાય.

દ્રોણો વસૂનાં પ્રવરો ધરયા સહ ભાર્યયા ।
કરિષ્યમાણ આદેશાન્ બ્રહ્મણસ્તમુવાચ હ ॥૮/૪૮॥

તે બંનેએ બહુ વર્ષો સુધી તપશ્ચર્યા કરી. ભગવાન પ્રગટ થયા. તેમણે ભગવાન પાસે માગ્યું, હે મહારાજ ! –

ભક્તિ: સ્યાત્ પરમાલોકે યયાઞ્જો દુગતિં તરેત્ ।૮/૪૯।।

અમને એવી ભક્તિ આપો, જેના દ્વારા અમે શીઘ્ર સંસારસાગર તરી જઈએ.

ભગવાન હસે છે કે તમને ભક્તિ આપવા માટે મારે પહેલાં તમારા ત્યાં પુત્ર થવું પડશે. હું તમને એવી ભક્તિ આપીશ કે જે તમને પ્રત્યક્ષમાં અનુભવ કરાવનારી હશે. દ્રોણ નંદબાવા થયા અને ધરા યશોદામૈયા થયાં. કૃપાથી તેમનું ભાગ્ય ઘડાયું અને ગોવિંદજીએ તેમને ભરપૂર વાત્સલ્યરસનું દાન કર્યું. ભગવાનની કૃપા થવાથી તેમને ભાગ્ય મળ્યું છે. તેમનું ભાગ્ય કર્મના બળે ઘડાયું નથી.

આ પ્રમાણે એક અધ્યાયમાં *નામ, રૂપ, ભક્તિ, જ્ઞાન અને ભાગ્ય* – આ પાંચ તત્ત્વોનું આપણને દર્શન થયું. નામલીલા માટે એકવીસ શ્લોક; રૂપલીલા માટે દશ શ્લોક; જ્ઞાનલીલા માટે અગિયાર શ્લોક. આ અગિયાર શ્લોકમાં માટી ભક્ષણલીલા હતી; કારણ કે જ્યાં સુધી આપણી અગિયાર ઇન્દ્રિયોનો નિરોધ ન થાય, ત્યાં સુધી જ્ઞાન પ્રગટ થતું નથી.

ભગવાને યશોદાજી ઉપર ફરી વૈષ્ણવી માયાનું આવરણ ધર્યું, ત્યાં ભક્તિનું નિદર્શન થયું. ભક્તિમાં પણ મમતા અને પ્રેમ જરૂરી છે.

ત્યાર બાદ દ્રોણ અને ધરાના પ્રસંગમાં પ્રભુએ ભાગ્યનું સમર્થન કર્યું. શ્રી મહાપ્રભુજી કહે છે : જેમને આ પાંચ તત્ત્વો મળે, તેમનું અંત:કરણ ધીમે ધીમે શુદ્ધ થાય છે. માટે આ આઠમા અધ્યાયની લીલા એ અંત:કરણને શુદ્ધ બનાવનારી લીલા છે.

આમ, અહીં આઠમો અધ્યાય પરિપૂર્ણ થયો.

■

પ્રકરણ ૨૦

દામોદરલીલા

હવે **શ્રીશુકદેવજી** મહારાજ નવ, દશ અને અગિયાર - એ ત્રણ અધ્યાયોમાં ભગવાન શ્રીકૃષ્ણની દામોદરલીલાનું વર્ણન કરે છે. નવમા અધ્યાયમાં આત્મનિવેદનનો ભાવ છે. આત્મનિવેદનથી પ્રેમલક્ષણા ભક્તિ જાગે છે. પ્રેમલક્ષણા ભક્તિ જાગતાં ઈશ્વરને આત્મસાત્ કરવાની વૃત્તિ જાગે છે. માટે નવમા અધ્યાયમાં આત્મનિવેદન છે. દશમા અધ્યાયમાં આત્મનિવેદન પછીનો અનુભવ છે અને અગિયારમા અધ્યાયમાં ભગવાન પૂર્ણ રીતે તન્મય થયા છે એનું વર્ણન છે.

શ્રીમહાપ્રભુજીએ બીજી વસ્તુ સમજાવી કે નવમા અધ્યાયમાં જ્ઞાન, દશમા અધ્યાયમાં વૈરાગ્ય અને અગિયારમા અધ્યાયમાં ભગવાને કરેલું સ્વરૂપનું દાન છે.

ત્રીજી રીતે આ લીલાનો અર્થ સમજીએ તો આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક – એ ત્રણેય રીતે ભક્તને સભર કરવા માટે દામોદરલીલાના ત્રણ અધ્યાય છે. હજી વધારે સમજીએ તો વાણી, **મન અને** કાયા - એ ત્રણેને કૃષ્ણમય બનાવી, કૃષ્ણને પોતાનામાં ઓતપ્રોત બનાવનારી લીલા આ ત્રણ અધ્યાયમાં છે. આ દામોદરલીલા અભૂતપૂર્વ લીલા છે.

શ્રીમહાપ્રભુજીએ નિરોધની એક વ્યાખ્યા આપી : **'સ્વસ્વરૂપવિસ્મૃતિપૂર્વિકા, ભક્તાસક્તિ: ભગવન્નિરોધ: ।'** ભગવાન એ ભૂલી જાય છે કે હું ભગવાન છું. ભગવાન પોતે ભક્તમય બની જાય એ ભગવાનનો નિરોધ. આ ત્રણ અધ્યાયમાં ભગવાનનો નિરોધ બતાવ્યો છે. શ્રી રસખાનજીએ ભગવાનના આ નિરોધનું વર્ણન કર્યું છે –

જા પર સુંદર દેવવધૂ નહિં બારત પ્રાન અબાર લગાવેં ।
તાહિ અહીરકી છોહરિયાઁ છછિયાભર છાછ પૈ નાચ નચાવેં ॥'

પ્રેમનો આવો અદ્ભુત સંબંધ આ ત્રણ અધ્યાયમાં જોવા મળે છે.

દામોદરલીલા એટલે ભગવાન ભક્તને વશ થાય તે લીલા. આ કેટલો મોટો વિચાર છે ! અત્યાર સુધી આખી દુનિયા ઈશ્વરને વશ થતી હતી; પરંતુ એક માત્ર ભક્ત એવો છે કે જે ઈશ્વરને વશ કરી દે છે. આનાથી મોટું વીર્ય બીજું કયું મળે ?

ભક્તો કહે છે, ગોવિંદજી ! આખી દુનિયામાં ભલે તમે મોટા હો, પરંતુ અમારી પાસે તો અમારા નાના દિલમાં સમાઈ જાઓ એવા છો.

અધ્યાયોમાં
ાં આત્મ-
જ્ઞા ભક્તિ
મા આત્મ-
ાંગિયારમા

ત. દશમા
ું દાન છે.
ોક અને
ના ત્રણ
ૃષ્ણમય
ામાં છે.

પૂર્વિકા,
ભગવાન
ભગવાનનો
કર્યું છે –

ો મોટો
ો માત્ર
ડું મળે ?
અમારી

એક વખત વિચારકો વચ્ચે ચર્ચા ચાલી : દુનિયામાં મોટામાં મોટું કોણ ? એકે કહ્યું, પૃથ્વી મોટી. બીજો કહે, ના. પૃથ્વી કરતાં ત્રણચતુર્થાંશ ભાગનો દરિયો છે, એટલે દરિયો મોટો. ત્રીજો કહે, ખોટી વાત. આવડા મોટા દરિયાને અગસ્ત્ય મુનિ પી ગયા, માટે તેઓ મોટા. ચોથાએ કહ્યું, એ પણ ખોટી વાત. આવડા મોટા અગસ્ત્ય મુનિ તારો બનીને જે આકાશમાં રહ્યા તે આકાશ મોટું. પાંચમાએ કહ્યું, તારી વાત ખોટી છે. આખું આકાશમંડળ એક ભગવાનમાં રહેલું છે, માટે ભગવાન મોટા. છેવટે એક ભક્ત બોલી ઊઠ્યો, તમારી વાત પણ ખોટી. આવો વ્યાપક પરમાત્મા ભક્તના નાના હૃદયમાં સમાઈ જાય, માટે ભક્ત મોટો.

વિશાળને પોતાના લઘુ હૃદયમાં અને નાનકડી આંખોમાં સમાવી દેવો એ નાનીસૂની વાત નથી. ભક્તો કહે છે, પ્રભુ! તમે ભલે કાળકોટડીમાં જન્મ્યા હો; પરંતુ અમે તમારા માટે બે કોટડીઓ તૈયાર કરી છે. એક હૃદયની કોટડી અને બીજી આંખોની કોટડી. આંખોની કોટડીમાં જ્ઞાનથી બંધ કરીએ છીએ, હૃદયની કોટડીમાં પ્રેમથી બંધ કરીએ છીએ. મહાત્મા કબીરદાસજી કહે છે :

નયનનકી કરી કોઠરી, પુતરી પલંગ બિછાય,
પલકનકી ચિક ડારિકે, પિયકો લિયા રિઝાય.

મને એક કાવ્ય યાદ આવે છે. એક વખત શ્યામ અને ગોપી વચ્ચે ઝઘડો થયો. ઝઘડો એક જ વાતનો હતો. ગોપીઓએ કહ્યું : ગોવિંદજી, આ વીસમી સદીનો જમાનો છે. મુંબઈમાં ભલે દારૂબંધી ન હોય, ગુજરાતમાં દારૂબંધી છે. તમે મદિરા પીઓ છો અને પીવડાવો છો, માટે અમે નક્કી કર્યું કે તમને સમજ આપવી.

પીધી મેં પ્રેમની મદિરા, ને પાઈ સૌને પ્રેમથી,
ગોપી કહે છે શ્યામને, અપરાધ મોટો થઈ ગયો.

શ્યામજી કહે છે, સખીઓ ! મેં અપરાધ કર્યો હોય, તો હું સજા ભોગવવા તૈયાર છું. બોલો, મને શી સજા કરો છો ?

પાંપણ તણા આ પાશ તમને બાંધવા ખુલ્લા થયા છે,
તે પાશમાં બંધાવા તમે તૈયાર થઈ જાઓ પ્રભુ.

ગોપીઓ કહે છે, અમે તમને અમારી આંખમાં પૂરી દેવા માગીએ છીએ. એ જ ક્ષણે ગોવિંદજી આંખમાં પુરાઈ ગયા. આનાથી મોટું ભક્તનું સામર્થ્ય બીજું કયું

હોય ? ભક્તને આધીન ભગવાન બને ! એવી સુંદર લીલા નવ, દશ અને અગિયારમા અધ્યાયમાં આપણે જોવાની છે. ઈશ્વર અહીં યશોદામાને આધીન બનીને એમના દામણે બંધાય છે. ભગવાન કહે છે, તમારે દામણે બાંધવો હોય તો પહેલાં એક વખત તમારે મારી સાથે બંધાવું પડે. જે બંધાય છે, ત્યાં હું બંધાઉં છું. જો તમે મારા પ્રેમ પાશમાં બંધાતાં હશો, તો હું તેનાથી દશગણો તમારા પ્રેમપાશમાં બંધાઈશ.

જીવનના બે પ્રકાર જોવા મળે છે : એકમાં ભક્તિ જાગ્યા પછી જીવનમાં જ્ઞાન અને વૈરાગ્ય આવે છે. બીજો પ્રકાર છે જ્ઞાન અને વૈરાગ્ય આવ્યા પછી ભક્તિનું આવવું. **સહજ પ્રેમ એટલે ભક્તિ.** તે જ જીવનમાં જ્ઞાન અને વૈરાગ્યને લાવે છે. સહજ વસ્તુમાં પહેલી ભક્તિ, સાધ્ય વસ્તુમાં પહેલાં જ્ઞાન અને વૈરાગ્ય.

દામોદરલીલાના પ્રસંગમાં શ્રીનંદનંદનની વય અઢી વર્ષની છે –

એકદા ગૃહદાસીષુ યશોદા નન્દગેહિની ।
કમાન્તરનિયુક્તાસુ નિમમન્થ સ્વયં દધિ ॥૯/૧॥

શ્રી શુકદેવજીએ પ્રારંભમાં **એકદા** શબ્દ વાપર્યો છે. દામોદરલીલા એક દિવસ બની. શ્રીશુકદેવજી કોઈ તિથિ, વાર કે તારીખ કહેતા નથી. એટલું જ કહે છે કે એક દિવસ બની. આપણને પ્રશ્ન થાય કે આ એક દિવસ કયો ? તે દિવસ શોધવા વિચારકો વિચારમાં પડ્યા. પદ્મપુરાણે કહ્યું કે માગસર સુદ પાંચમના દિવસે દામોદરલીલા થઈ. બંગાળી મહાત્માઓએ કહ્યું કે દામોદર લીલાનો દિવસ એ દિવાળી માટેની તૈયારી કરવાનો દિવસ હતો. ઇન્દ્રયાગની તૈયારી માટે ગોપજનો એકત્રિત થયા હતા. નંદાલયની બધી દાસીઓ ઇન્દ્રયજ્ઞની સામગ્રીઓ સિદ્ધ કરવામાં પ્રવૃત્ત હતી.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આ લીલાની કોઈ નિશ્ચિત ઘડી નથી. જે ઘડીએ માણસ પોતાનું તન, મન અને ધન શ્રીહરિને અર્પણ કરવા તત્પર બને તે ઘડીની આ લીલા છે. આ ઘડીનો કોઈ દિવસ કે વાર નક્કી હોય ખરો ? જીવનમાં એવી કોઈક સુભગ ક્ષણ આવે છે કે જ્યારે બધું શ્રીહરિના ચરણમાં સમર્પિત કરવાનો ભાવ જાગે છે. જે દિવસે પ્રભુને સર્વસમર્પણ કરવાનું મન થાય તે આ ઘડી.

એ દિવસ યશોદામાએ નક્કી કર્યું કે અત્યાર સુધી તો મારા લાલાની મોટા ભાગની સેવા હું દાસીઓ પાસે કરાવતી હતી, પરંતુ આજથી હું મારા લાલાની સેવા જાતે કરીશ. જ્યાં સુધી આપણામાં કંઈક સ્વાભિમાન રહેલું હોય છે, ત્યાં સુધી આપણે

આપણી જાતને ઘસતાં નથી. ભગવાન કહે છે તમારો કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિ યોગ એવો જોઈએ કે જેમાં તમે તમારું બધું ઘસી નાખો.

આ વિચારનાં બે ઉદાહરણ મળે છે : એક **ચંદનનું** અને બીજું **ધૂપસળીનું**. ચંદન ઘસાય તો સુગંધ મળે, ધૂપસળી બળે તો સુગંધ મળે. એ જ રીતે જે પોતાની જાત જગદીશ માટે ઘસી નાખે છે, તે પોતે શીતળ બને છે અને બીજાને શીતળ બનાવે છે. પોતે સુગંધિત બને છે અને બીજાને સુગંધિત બનાવે છે. જાત ઘસવી પડે.

આજે યશોદામાએ જાતે સેવા કરવાનું નક્કી કર્યું છે. સેવા કરવા માટે શ્રીમહાપ્રભુજીએ સુંદર વાત સમજાવી છે કે તમારી પાસે લાખો-કરોડોના ઢગલા હોય તો ભલે રહ્યા, પણ સેવાનું કાર્ય કરવાનું આવે ત્યારે જાતે દોડીને કરજો. અહીં યશોદાજી પણ આ જ વાત આપણને સમજાવે છે. યશોદાજીએ તમામ ગૃહદાસીઓને બીજાં કામ સોંપ્યાં અને દહીં વલોવવાનું કામ પોતે શરૂ કર્યું છે.

વલોણું કરવું એ બહુ મહત્ત્વનું કામ છે. વલોણું કરતાં પહેલાં દૂધ દોહવું પડે, તેમાં ખટાઈ નાખવી પડે, છાશ બનાવવી પડે, થોડું પાણી ઉમેરવું પડે, પછી તેને વલોવવું પડે, ત્યારે માખણ નીકળે. એવી જ રીતે જીવનને સુંદર બનાવવા માટે દૂધ જેવા અમૃતમય સિદ્ધાંતોનો આગ્રહ કરવો પડે. શ્રવણ, મનન અને ચિંતનની ત્રણ ભૂમિકાઓ દૂધને દોહવા જેવી છે. ત્યાર પછી જીવનમાં થોડો વૈરાગ્ય જાગૃત કરવો પડે. વૈરાગ્ય દૂધમાં ખટાઈનું કામ કરે છે. એકઠું થયેલું જ્ઞાન જ્યાં સુધી અંતરમાં અનુભૂતિરૂપે પરિણમે નહિ, ત્યાં સુધી એ જ્ઞાન બોજારૂપ બને છે. તમે ગીતા વાંચો કે ભાગવત વાંચો; પણ એ પુસ્તકનું જ્ઞાન જ્યાં સુધી મસ્તકમાં ન આવે, ત્યાં સુધી તેનો કોઈ અર્થ નથી. એક બહુ સુંદર વાક્ય છે : **'જ્ઞાનં ભારઃ ક્રિયાં વિના'** ક્રિયા વિનાનું જ્ઞાન બોજો બને છે.

જેમ માણસને ક્યારેક ભોજનનો અપચો થાય છે, તેમ તેને વાંચવા-સાંભળવા અને વિચારવાનો પણ અપચો થાય છે. એક વાર મારે પૉંડિચેરી જવાનું થયું. ત્યાં એક ભાઈને આવો અપચો થયેલો જોયો. હું ત્યાં પહોંચી કે તરત તેમણે મને ઉપદેશ આપવાની શરૂઆત કરી કે આમ કરો, આમ કરો. હું મૂંઝાઈ ગઈ. જે વ્યક્તિને હું જાણતી નથી કે ઓળખતી નથી, તેમને આવો ઉપદેશ આપવાની વૃત્તિ કેવી ? માણસના મનમાં એક પૂંછડું પેદા થાય છે કે હું કંઈક જાણું છું, હું કંઈક મોટો છું. માણસની આ મૂર્ખાઈનું ભાન તો મને ત્યારે થયું કે જ્યારે એક કહેવાતા ઘણા

બુદ્ધિશાળી માણસને મેં એવું કહેતા સાંભળ્યા કે મારી બુદ્ધિ ઈશ્વરનો સ્વીકાર કરતી નથી. ત્યારે મને વિચાર આવ્યો કે આ માણસને વિચારનો કેટલો બધો અપચો થયો છે ? દીકરો જન્મે, મોટો થાય, ભણેગણે અને પછી કહે કે હું મારા બાપને માનતો નથી. તે માને કે ન માને, પણ બાપ કંઈ બાપ મટી જવાના નથી.

જાણેલું ત્યારે જ સાર્થક બને કે જ્યારે આપણે તેને માણીએ છીએ. વાચન, શ્રવણ અને વિચાર દ્વારા જ્ઞાનનો ભંડાર આપણે ભેગો કરીએ. તેની અનુભૂતિ થયાનું લક્ષણ એ છે કે પ્રપંચમાંથી આપણી આસક્તિ છૂટે, અર્થાત્ સંસારમાં વૈરાગ્ય જાગે. તેમાં દ્રાવકતા આવે એટલે ભક્તિ જાગે. જે જ્ઞાન શ્રદ્ધા, સમર્પણ અને સ્નેહમાં ન પરિણમે તે જ્ઞાનનો અર્થ શો ? જ્ઞાન અનુભૂતિમાં આવે છે ત્યારે તે શ્રદ્ધાનું રૂપ લે છે. બીજું રૂપ સમર્પણનું લે છે. ત્રીજું રૂપ સ્નેહનું લે છે. ત્યાર બાદ તેના મંથનમાંથી નીકળેલું નવનીત જીવનને સ્નિગ્ધ અને સુંદર બનાવે છે. યશોદામા પણ આવું માખણ વલોવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે.

યાનિ યાનીહ ગીતાનિ તદ્બાલચરિતાનિ ચ ।
દધિનિમન્થને કાલે સ્મરન્તી તાન્યગાયત ॥૯/૨॥

છાશથી ભરેલી મોટી ગોળી હતી. તેની પાસે યશોદામા ઊભાં છે. આજનો જમાનો હોત, તો મશીનથી માખણ નીકળી ગયું હોત. આ તો હજારો વર્ષો પહેલાંનો સમય છે. ગોળીમાં લાકડાનું વલોણું મૂકેલું છે. તેને દોરી વીંટેલી છે. માતાજી ધીમે ધીમે વલોવી રહ્યાં છે. વલોવતાં વલોવતાં તેઓ ઉચ્ચ સ્વરે મોહનજીનાં ગીત ગાઈ રહ્યાં છે. ગોવિંદજીનાં જેટલાં ગીતો છે તે માતા ગાઈ રહ્યાં છે. આ ગીતો પૈકી કેટલાંક ગીતો શાસ્ત્રોમાંથી સાંભળેલાં છે. કેટલાંક જન્મથી લઈને અત્યાર સુધી અનુભવ્યાં છે. કેટલાંક વ્રજભક્તોના મોઢે સાંભળ્યાં છે. કેટલાંક હૃદયમાંથી પ્રગટ થયાં છે. શ્યામ સુંદરનો જેવો અનુભવ થયો છે, એવાં ગીતો ગાતાં માતા વલોણું વલોવે છે.

માતાજીએ જગતને પૂછ્યું : તમે કઈ રીતે કર્મયોગ કરો છો ? કર્મયોગમાં પહેલી દૃષ્ટિ એ છે કે સાત્ત્વિક વસ્તુને બહાર કાઢવાની શક્તિ જોઈએ. બીજી બાબત એ છે કે ઇન્દ્રિયો તો ક્રિયા કરે, પરંતુ તે સાથે મન, બુદ્ધિ અને હૃદય નિત્યનિરંતર ભગવાનનું સ્મરણ કરે. ભગવાનમાં સ્નેહ અને ભાવવાળો કર્મયોગ એ જ શ્રેષ્ઠ કર્મયોગ છે. ભાવ વગરનો કર્મયોગ જડ કર્મ બની જાય છે. રસોઈ મા પણ બનાવે અને રસોઇયો પણ બનાવે. બંનેનો કર્મયોગ સરખો છે; પરંતુ જમવા બેસીએ ત્યારે માની રસોઈમાં

વધારે મીઠાશ આવે છે. રસોઇયાની વેઢમી કરતાં માનો રોટલો મીઠો લાગશે; કારણ કે એમાં માતાનો કર્મયોગ ભળેલો છે.

યશોદામા જગતને શીખવે છે કે તું ભગવાનનું કામ કર. એ કામ કરવાની તારી ફરજ તો છે; પણ તેમાં લાગણી ઉમેરીને કામ કરીશ, તો તું જે કરીશ, તે સુંદર બનશે. ઘણા માણસો કહે છે કે મારી ફરજ છે, માટે હું કરું છું. એ કામ થોડું જડ બને છે. હૃદય પ્રેરે ત્યારે જે કામ થાય તે સ્નિગ્ધ બને છે. આપણને આવાં ઘણાં માણસો ભટકાય છે. કેટલાક આપણું કામ જડ ફરજથી કરતા હોય છે, તો કેટલાક આપણું કામ લાગણીથી કરતા હોય છે.

જેમના હૃદયમાં પ્રેમ ઊભરાય છે, એવાં જશોદામા માખણ વલોવી રહ્યાં છે. વલોવતાં વલોવતાં મોહનજીમાં તન્મય થઈ ગયાં –

ક્ષૌમં વાસ: પૃથુકટિતટે બિભ્રતી સૂત્રનદ્ધં
પુત્રસ્નેહસ્નુતકુચયુગં જાતકમ્પં ચ સુભ્રૂ: ।
રજ્જ્વાકષશ્રમભુજચલત્ક ણૌ કુણ્ડલે ચ
ખિન્નં વક્ત્રં કબરવિગલન્માલતી નિમમન્થ ॥ ૯/૩॥

અત્યાર સુધી માતાજી મસ્તીથી વલોણું કરતાં હતાં, તે મસ્તી ક્ષણ વારમાં તૂટી ગઈ. તેમને બીજાં અનેક કામો યાદ આવી ગયાં. માતાજીને કામનો ઢગલો યાદ આવી ગયો. પરિણામે વલોણું કરવામાં આવતી મજા મરી ગઈ. તેમાં રહેલી રસાળતા અને સિદ્ધતા તૂટી ગઈ. હવે કામ આટોપવાની દૃષ્ટિ થઈ ગઈ. ભક્તિરસ મરી ગયો. જડ કર્મયોગ જાગૃત થયો. એવા વિચારથી કોઈ કામ કરે કે ક્યારે આ કામ પૂરું થાય, તો તેમાં શી મજા આવે ? માતાજીના અંતરમાં ઉદ્વેગ જાગ્યો.

એક વૈષ્ણવ કહેતા હતા કે હું રોજ એક કલાક સેવા કરું છું. પણ સેવાની શરૂઆત કરું, ત્યારથી એવો વિચાર રહ્યા કરે કે ક્યારે સેવા પૂરી થાય ?

શ્રી શુકદેવજીએ આ ત્રીજા શ્લોકમાં માતાજીની આવી મન:સ્થિતિનું વર્ણન કર્યું છે. માતાજીએ રેશમી વસ્ત્ર ધારણ કર્યું છે. વારેવારે ખભા પરથી અને માથા પરથી વસ્ત્ર ખસી જાય છે, એટલે તેમણે કમરપટ્ટો ધારણ કર્યો છે. માલણ મોટો ગજરો લઈને આવી છે. યશોદામાએ કેશપાશમાં માલતીનાં પુષ્પોનો ગજરો ગૂંથ્યો છે. ઘમ્મર વલોણું ખેંચતાં કેશપાશ છૂટી ગયો. પુષ્પો મસ્તકેથી ખરવા લાગ્યાં. પુષ્પો

જાણે માતાને કહી રહ્યાં છે કે મા! તમારો કર્મયોગ જડયોગ બની ગયો છે. કરકમલમાં ધારણ કરેલાં કંકણ ઊંચે જવા લાગ્યાં.

શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકનો બહુ સુંદર અર્થ કર્યો છે. માતાજી જ્યારે શીઘ્રતાથી કામ કરતાં હતાં ત્યારે કેટકેટલી વસ્તુઓની પરેશાની ? શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, ઉતાવળથી કામ કરવામાં ભક્તિયોગ અને કર્મયોગ બંનેને પરેશાની થઈ. કરનાં કંકણો એટલે ભક્તિમાર્ગ અને કર્મમાર્ગના નિયમો. તે બંને છૂટા પડ્યા, ત્યારે બંનેમાં રહેલી સ્નિગ્ધતા મરી ગઈ.

કર્મ વગરની ભક્તિ નકામી અને ભક્તિ વિનાનું કર્મ નકામું. આપણે કોઈને માટે કહીએ કે મને તમારા પર ઘણો ભાવ છે, પણ અણીના સમયે તેના માટે કંઈ કરીએ નહિ, તો ભાવ શા કામનો ? એક મિત્રે બીજાને કહ્યું : તારા માટે હું મરી ફીટવા તૈયાર છું. પેલો મિત્ર બીજા દિવસે તેને કહેવા ગયો, મારા ત્યાં લગ્ન છે, મદદ કરવા આવજે. પેલાએ કહ્યું, આજે તો મારે કામ છે. જે વાણી વર્તનમાં ન ઊતરે, તે વાણીમાં વિશ્વાસ કેવી રીતે થાય ? કર્મયોગને ભક્તિયોગની જરૂર છે, ભક્તિ-યોગને કર્મયોગની જરૂર છે. આપણા જીવનમાં આ બંને છૂટાં પડીને કામ કરે છે.

માતાજીમાં રહેલો વાત્સલ્ય રસ દૂધની ધાર બનીને તેમનાં વસ્ત્રો ઉપર વહી રહ્યો હતો. તે વખતે અંદર રહેલો વાત્સલ્ય રસ પણ ઢોળાઈ ગયો. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે મસ્તકમાં રહેલાં માળાનાં પુષ્પો એ બ્રહ્મવિદ્યા છે. માતાજી જોરથી વલોણું ઘુમાવવા લાગ્યાં, ત્યારે બ્રહ્મવિદ્યા પણ ઝાંખી થઈને પડવા લાગી. તેમનામાં રહેલો ભક્તિરસ જ મરવા લાગ્યો. આ વખતે ગોવિંદજી પલનામાં પોઢ્યા હતા. તેમણે વિચાર કર્યો કે મારી મા સેવા તો કરે છે, પણ જલદી જલદી સેવા પૂરી થાય એવી ઇચ્છા રાખે છે. એના તનને હેરાન કરીને કરે છે, ભાવને છોડીને કરે છે. હવે મારે આવી સ્થિતિમાં માતા પાસે વલોણું નથી કરાવવું. લાલાજીએ આંખો ખોલી.

તાં સ્તન્યકામ આસાદ્ય મથ્નન્તીં જનનીં હરિઃ ।
ગૃહીત્વા દધિમન્થાનં ન્યષેધત્ પ્રીતિમાવહન્ ॥ ૯/૪॥

પલનામાંથી ગોવિંદજી નીચે ઊતર્યા. આંખો ચોળતા ચોળતા 'મૈયા, મૈયા'ની બૂમો પાડતા દોડતા આવ્યા. માતાજીને ગોવિંદજીની બૂમ સાંભળવાની ફુરસદ નહોતી. તેઓ જોરશોરથી વલોણું ઘુમાવી રહ્યાં હતાં. વલોણાના અવાજમાં માતાને ગોવિંદજીનું રુદન સંભળાતું નથી. લાલાજીએ વિચાર કર્યો કે હું નખરાં નહિ કરું,

ત્યાં સુધી મા મારી સામે નહિ જુએ. તેઓ હાથ-પગ ઉછાળતા, કૂદતા, દોડતા દોડતા આવ્યા; પણ માને જોવાની ફુરસદ નથી. મા વિચારે છે કે આજે મને મરવાનીયે ફુરસદ નથી. કામના ઢગલા પડ્યા છે. શ્રીશ્યામસુંદરલાલ સમજી ગયા કે આજે મારી મા મારી સામે નહિ જુએ અને વાત પણ નહિ સાંભળે.

શ્રીશ્યામસુંદરલાલે વિચાર કર્યો કે હું વલોણું જ પકડી લઉં, પછી તે કેવી રીતે ફેરવશે ? ગોવિંદજીએ માતાનું વલોણું રોક્યું તેનાં બે કારણો હતાં : હે મા! જેમાં મારા પ્રત્યેનો પ્રેમ મરી જાય, એવો કર્મયોગ મને ખપતો નથી. તારામાં રહેલો ભક્તિરસ ઢોળાઈ રહ્યો છે, તે મને પીવડાવી દે, પછી તારે જે કરવું હોય તે કર.

ગોવિંદજીએ વલોણું પકડી લીધું કે તરત જ યશોદામાએ હસતાં હસતાં દોરડું છોડી દીધું. તેમને યાદ આવી ગયું કે મારો લાલો ભૂખ્યો છે. તેમણે લાલાને ગોદમાં લઈ, દૂધ પીવડાવવા માંડ્યું. પોતાનામાં પ્રગટ થયેલું દૂધ માતા લાલાજીને પાય છે.

ત્યાં દૂર ચૂલા પર ગરમ કરવા મૂકેલ દૂધ ઊભરાવા લાગ્યું. એ દૂધ માતાજીને એમ કહી રહ્યું છે કે તમે કૃષ્ણને તમારું એટલું દૂધ ન પાશો કે તે અમારું પાન ન કરે. તમારા દૂધ સાથે તે થોડું અમારું દૂધ પણ પીએ.

બીજું કારણ એ છે કે ગાયમાંથી સ્રવેલા દૂધમાં પણ ચૈતન્ય હશે. એ દૂધે વિચાર કર્યો કે અમે ત્રિભુવનના સ્વામીના મુખમાં જઈને કૃતાર્થ થઈશું; પરંતુ અહીં તો શ્યામસુંદર માતાનું દૂધ પીએ છે. એટલે ચૂલા પરનું દૂધ બળીને ખાખ થઈ ગયું. તેમને લાગ્યું કે તેમના જીવનની કૃતાર્થતા મટી ગઈ, માટે ઊભરાઈ ઊભરાઈને આંચમાં દૂધના રજકણો બળવા લાગ્યા.

ઊભરાતા દૂધને જોઈ માતાએ લાલાજીને ભૂમિ પર પધરાવ્યા. તેઓ ઊભરાતા દૂધને ઉતારવા ગયાં –

સઞ્જાતકોપ: સ્ફુરિતારુણાધરં
સંદશ્ય દદ્ભિર્દધિમન્થભાજનમ્ ।
ભિત્ત્વા મૃષાશ્રુર્દષદશ્મના રહો
જઘાસ હૈયંગવમન્તરં ગત: ॥૯/૬॥

ગોવિંદજીને ગુસ્સો આવ્યો. મા ! હું દૂધ પીવા આવ્યો, ત્યારે તમે મને અધૂરું પાયું. પાછું ચૂલા પરનું દૂધ ઉતારવા દોડી ગયાં. મા, તમે ભલે દોડી ગયાં, પણ મને જમીન પર મૂકીને કેમ ગયાં ? કેડમાં લઈને કેમ ન ગયાં ?

ગોવિંદજીએ એક મિનિટ રાહ જોઈ, પણ માતાજી તો ચૂલા પર મૂકેલા દૂધને રબડી જેવું ઉકાળવા રહ્યાં. સમય વધતો ગયો, તેમ લાલાજીનો ક્રોધ પણ વધ્યો.તેમણે કહ્યું, તું જીવનનાં બધાં કામ મને છોડીને કરીશ, તો બધું ચોપટ થઈ જશે. મારે તને બરોબર પાઠ ભણાવવો પડશે !

ભગવાન કહે છે કે તમે તમારા ઘરનાં બધાં કામ કરો, પરંતુ એ બધાં કામમાં તમે મને સાથે તો રાખો ! કામ કરીએ, એમાં ભગવાનનો વિરોધ નથી; પરંતુ ભગવાનને ભૂલીને કામ કરીએ, એમાં ભગવાનનો વિરોધ છે. આપણે લૌકિક કામોમાં એવાં ખોવાઈ જઈએ છીએ કે ચિત્તમાં ભગવાનનું જે સ્મરણ હોય છે, તે પણ ભૂલી જઈએ છીએ. ભગવાનના સ્મરણ સાથે કરેલું દરેક કામ આપણને આનંદ આપે છે.

ગોવિંદજી ઊભા હતા, ત્યાં છાશ ભરેલી મોટી ગોળી હતી. આ ગોળી યશોદામાનાં સાસુના વખતથી હતી. એમનાં સાસુજીનું નામ વરિયસી માતા. યશોદામાને આ ગોળી પર ઘણું મમત્વ હતું; કારણ કે આ એમનાં સાસુજીએ આપેલી છે. મોહનજીએ વિચાર કર્યો કે માડીનું મમત્વ તોડું તો જ હું સાચો ! માતાજી પોતાના દીકરાનો વિચાર નથી કરતાં ને એમની સાસુનો વિચાર કરે છે.

લાલાજીએ ચટણી વાટવાનો એક પથ્થર ત્યાં પડ્યો હતો તે ઉઠાવ્યો ને સીધો ગોળી પર ઘા કર્યો. ગોળી ફૂટી ગઈ. છાશ ઢોળાઈ ગઈ, માખણ વેરાઈ ગયું, પણ લાલાજી વેરાયેલા માખણમાંથી ઉપર ઉપરનું સારું માખણ લઈને ચાટી ગયા. તેમણે વિચાર કર્યો કે આ જોઈને મા મને લાકડી લઈને મારવા આવશે, એટલે મોહનજી ધીમે પગલે ત્યાંથી ભાગી ગયા.

ભગવાન જ્યારે આપણા મનરૂપી ગોળીને ફોડવા તૈયાર થાય છે, ત્યારે તે માટે તેઓ કોઈને નિમિત્ત બનાવે છે, તેની પાસે ફોડાવે છે અને પોતે છટકી જાય છે. પાછા પોતે ઊભા ઊભા હસે છે. ભગવાન બહુ ચતુર છે.

એક બહુ ભગવદીય વૈષ્ણવ હતાં. તેમને એમના ઘરમાં ઘણી આફત. તેમને ત્રણ દીકરા ને ત્રણ દીકરીઓ. આ બાઈ આખો દિવસ દીકરા-દીકરીઓની સેવા કરે. ભગવાને વિચાર કર્યો, આ બાઈ આખો દિવસ એનાં દીકરા-દીકરીમાં જેટલી રચીપચી રહે છે, એટલી મારામાં રહેતી નથી. હવે મારે એની ગાળી ફોડવી પડશે. ત્રણે દીકરીઓનાં લગ્ન થયાં. એ લગ્નોમાં એવી ગરબડ થઈ કે દીકરીઓ સાથેનો એનો સંબંધ છૂટી ગયો. એ બહેનની અડધી ગોળી ફૂટી. પછી રહ્યા ત્રણ દીકરા. તેમનાં

પણ લગ્ન થયાં. એક વિદેશ ગયો, બીજો જુદો રહ્યો અને ત્રીજા દીકરાએ માની બાકીની ગોળી ફોડી નાખી. માને થયું છ-છ સંતાનોએ આજે મારું કોઈ નથી. થોડા દિવસ તો એમનું મગજ ભમી ગયું. એક દિવસ તેમણે નદીમાં ડૂબી મરવાનો પણ વિચાર કર્યો. તેઓ નદીમાં પડવા જતાં હતાં, ત્યાં એક સંતપુરુષ મળ્યા. સંતપુરુષે કહ્યું : માતાજી, ભગવાને ભજન કરવાનો હવે ખરો સમય આપ્યો છે, તો શું કામ મરો છો ? ત્યારે તે બાઈને સમજાયું કે ભગવાને જ જાણીજોઈને મારી ગોળી ફોડી છે. આપણા જીવનમાં આવા પ્રસંગો બને, ત્યારે સમજવું કે નટખટ નંદકિશોર જ જાણીજોઈને આમ કરી રહ્યા છે.

શ્યામસુંદરલાલ ગોળી તોડ્યા પછી ક્યાં સંતાવું તેનો વિચાર કરવા લાગ્યા. લાલાજીએ વિચાર કર્યો કે નંદભવનમાં જે ઓરડામાં દૂધ-દહીં, માખણ-મિસરી ભર્યાં છે, એ ભંડારનું માતાજીને હમણાં કામ પડવાનું નથી; માટે ત્યાં જ સંતાઈ જવું. ત્યાં ખાવા પણ મળે અને છુપાવા પણ મળે. તેઓ છાનામાના ત્યાં પહોંચી ગયા.

ઉલૂખલાઙ્ઘ્રેરુપરિ વ્યવસ્થિતં
મર્કાય કામં દદતં શિચિ સ્થિતમ્ ।
હૈયંગવં ચૌર્યવિશઙ્કિતેક્ષણં
નિરીક્ષ્ય પશ્ચાત્ સુતમાગમચ્છનૈઃ ॥૯/૮॥

ત્યાં પણ એ થોડા સખણા રહે ? તેમણે એક ખાંડણિયો શોધી કાઢ્યો. તેને ઊંધો કર્યો. તેના ઉપર તેઓ ચઢ્યા. ત્યાંથી તેમણે શીંકામાં જોયું. શીંકામાં ઘણી મટુકીઓ જોઈ. તેમણે નક્કી કર્યું કે આજે આ બધી મટકીઓ તોડી નાખું. તેમણે બારીમાંથી બંદરોને બોલાવ્યાં, મિત્રોને બોલાવ્યા. શ્રીઠાકોરજી કહે છે, મારા જેવો સમાજવાદ કોઈ જાણતો નથી. હું એકલો કદી ખાતો નથી. હું એમાં માનું છું કે ખાઓ અને ખવડાવો.

શ્રીકૃષ્ણની સમગ્ર જીવનરીતિનો અભ્યાસ કરીશું, તો આપણને તેમના બાલ્યકાળથી ઠેઠ સુધીના સમગ્ર જીવનમાં જબરજસ્ત સમાજવાદ દેખાશે. શ્રીકૃષ્ણનો સમાજવાદ આજના સમાજવાદ જેવો પાંગળો નથી. આજનો સમાજવાદ એવું કહે છે કે હું ગરીબ હોઉં તો તને પણ ગરીબ કરું. શ્રીકૃષ્ણનો સમાજવાદ એવો હતો કે હું ઉન્નત બનું અને તને પણ ઉન્નત બનાવું. ભગવાન શ્રીકૃષ્ણની તેજસ્વિતાનો અનુભવ એમના બાલ્યકાળથી જ થઈ રહ્યો છે. તેમણે જીવનમાં ક્યારેય એકલાએ કોઈ વસ્તુ

ભોગવી નથી. માખણ પણ તમામને આપીને ખાધું છે. માખણ ખાવા પાછળ પણ મોહનજીની એ દૃષ્ટિ છે કે મારી પ્રજા, મારા મિત્રો પાંગળાં ન રહેવાં જોઈએ. ભગવાનની એવી ભાવના છે કે માખણ-મિસરી ખાઈને મારી પ્રજા તેમના હક્કોનું રક્ષણ કરવા જેવી મજબૂત બને.

માખણ ખવડાવવાનું બીજું કારણ એ હતું કે ભગવાનને મામાજીનો ચોટલો પકડવાનો છે. જબરજસ્ત કંસની સત્તાનું નિકંદન કાઢવાનું છે. એ ત્યારે જ બને કે જ્યારે બધા વ્રજવાસીઓ કૃષ્ણ જેવા બને. ભગવાન એમ પણ વિચારતા હતા કે ગોપીઓ આ માખણ વેચી આવશે, એટલે તેમના ઘરમાં તો પૈસા આવશે, પરંતુ ઘરમાંથી શક્તિ ચાલી જશે. દેશ માટે કેટલીક જરૂરી વસ્તુઓની નિકાસ કરવા દેવામાં આવતી નથી, તેમ ભગવાને પણ માખણની નિકાસ અટકાવી દીધી હતી.

શ્રીરામાવતારમાં ભગવાને બંદરોની મદદથી આખો સેતુ બનાવ્યો, પણ તેમણે જમણવાર આપેલો નહિ. એ રામાવતારનાં ભૂખ્યાં વાંદરોને ભગવાને માખણ ખવરાવી મોટો જમણવાર કર્યો.

ભગવાન કહે છે : નાના યુવાનોને તૈયાર કરો. તેઓ જ ક્રાંતિ કરશે. ઘરડાઓથી કંઈ થવાનું નથી. શ્રીરામજીનું જીવન શાંત છે. શ્રીકૃષ્ણનું જીવન ક્રાંત છે. શ્રીકૃષ્ણની દૃષ્ટિ કાયમ ક્રાંતિકારીની રહી છે. એમણે મિત્રોને અને વાંદરોને બોલાવીને કહ્યું કે આજ સુધી હું તમારા ઘરનું ખાતો હતો, આજે તમે મારા ઘરનું ઉડાવો. જેના હાથમાં જે આવ્યું તે તેણે ખાધું. આખો ભંડાર ખાલી થઈ ગયો.

ગોળી ફૂટેલી જોઈને યશોદામા ગોવિંદજીને શોધવા નીકળ્યાં. મા ગોવિંદજીના પગલે પગલે તેમને શોધતાં આવ્યાં –

ગોપ્યન્વધાવન્ન યમાપ યોગિનાં ક્ષમં પ્રવેષ્ટું તપસેરિતં મન: ॥૯/૯॥

શ્રીશુકમુનિ કહે છે, રાજન્! તપથી વિશુદ્ધ બનેલું મન પણ જેનું અનુસરણ કરી શકતું નથી, એ શ્યામસુંદરનું અનુસરણ આજે યશોદામા લાકડી લઈને કરી રહ્યાં છે. બીજા લોકો ભગવાનના માર્ગે ચાલતાં એવો ડર અનુભવે છે કે ભગવાન મને લાકડી મારશે. ભક્ત જ્યારે ભગવાનના માર્ગે જાય છે, ત્યારે તે ભગવાન ઉપર પણ લાકડી ઉગામે છે. ભક્ત તેની ભક્તિના બળે ભગવાનને કહે છે, 'મહારાજ! તમે દુનિયાને ઘણી લાકડીઓ મારી છે, હવે હું તમને એક-બે લાકડી મારીશ. આખી દુનિયા ભગવાનથી ભયભીત બને અને ભગવાન ભક્તોથી ભયભીત બને.

માત
પહોંચી
ગોળીઆ
ઉડાઉ થઈ
કે મા મને
ઇશારો ક
નંદલાલ
છે, મને
તને સીધ

માએ, '
કરે છે
એવો

બનાવ્યાં
સુધી
છે કે
એટલે

આટલં
કરવું સ
ક્ષેત્રમાં
મળે છે
બીજં
અભિ

રાજ
આ

માતાજી લાકડી લઈને આવે છે, એવી લાલાજીને ખબર પડે તે પહેલાં માતાજી પહોંચી ગયાં. માતાજીએ ભંડારમાં જઈને જોયું કે મોહનજી ઉખલ પર ચઢ્યા છે, ગોળીઓ ફોડે છે, માખણ લૂંટાવે છે. માતાજીને લાગ્યું કે આ દીકરો અત્યારથી આવો ઉડાઉ થઈ ગયો ! માતાજી કનૈયાને બૂમ પાડતાં ઓરડામાં ગયાં. લાલાજીએ જોયું કે મા મને મારવા આવે છે. તે ઉખલ પરથી નીચે ઊતર્યા. સખાઓને ભાગવાનો ઇશારો કર્યો. આગળ આગળ નંદલાલ દોડે છે ને પાછળ પાછળ નંદરાણી દોડે છે. નંદલાલ રડે છે, માના હાથમાં લાકડી છે. તેઓ હાથ જોડતા જાય છે ને કહેતા જાય છે, મને મારશો નહિ. માને એટલો ગુસ્સો ચડ્યો છે કે તેઓ કહે છે કે આજે તો તને સીધોદોર કરી દઈશ.

લાલાજી કહે છે, મૈયા ! મેં ચોરી કરી નથી. તારા મહેરાએ, નાનાએ, બાબાએ, માએ, બહેને ચોરી કરી હશે. આ સાંભળીને માતાજીને વધારે ક્રોધ ચઢે છે. તું ચોરી કરે છે અને મારી સામે ગમે તેમ બોલે છે ? માતાજીએ નક્કી કર્યું કે આ છોકરાને એવો ફટકારું કે તે યાદ કરી જાય.

માતાએ પૂછ્યું : આ બધાં વાસણો કેમ ફોડી નાખ્યાં ? ભગવાને કહ્યું, જેણે બનાવ્યાં એણે ફોડ્યાં છે. ભગવાનની વાત તદ્દન સાચી છે. માતાજીના હાથમાં જ્યાં સુધી લાકડી છે, ત્યાં સુધી લાલાજી હાથમાં આવવાના નથી. ભગવાન આપણને કહે છે કે જ્યાં સુધી તમારા હાથમાં લાકડી હશે, ત્યાં સુધી હું પકડાઈશ નહિ. આ લાકડી એટલે આપણું અભિમાન. આપણાં સાધનોનું અભિમાન.

કોઈ બહેન કહે છે કે હું રોજની ૧૦૦ માળા જપું છું, કોઈ એમ કહે કે હું રોજ આટલું તપ કરું છું. કોઈ એમ કહે કે મેં આટલા ઉપવાસ કર્યા. બીજું બધું અભિમાન કરવું સહેલું છે, પણ સાધનનું અભિમાન ઘણું ખરાબ છે. માણસ જ્યારે સત્ત્વગુણના ક્ષેત્રમાં પ્રવેશ કરે અને તેના સત્ત્વગુણની સિદ્ધિ થાય, ત્યારે તેનાથી સાધનોની સિદ્ધિ મળે છે. એ સિદ્ધિને લઈને તેનામાં અભિમાન આવે છે. આ અભિમાન જેવું ખતરનાક બીજું એક પણ તત્ત્વ નથી. ૯૯ % લોકો ત્યાં જ ભૂલ કરે છે કે જ્યાં તેઓ સાધનનું અભિમાન કરે છે.

એક વાર હું મોરબીની બેઠકે ગઈ. શ્રીમહાપ્રભુજીની એ ઘણી સુંદર બેઠક છે. રાજકોટના એક સંત રામાયણના ઘણા સારા જાણકાર હતા. તેઓ ત્યાં દર્શન કરવા આવેલા. તેમની સાથે મુલાકાત થઈ. તેમણે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવાનું બાજુએ

મૂક્યું અને પોતાની રામાયણ શરૂ કરી. તેમણે કહ્યું કે હું ૫૦ વર્ષથી મીઠું ખાતો નથી. તેઓ એવી રીતે બોલે કે આપણને એમ લાગે કે આપણે બધાં તેમની પાસે પાણી ભરીએ છીએ. તેમણે બીજી વાત એ કરી કે હું માત્ર એક કલાક ઊંઘું છું. મને મનમાં પૂછવાનું મન થયું કે અત્યારે તમને તમારા આ સાધનના અભિમાને નીચે તો ફેંકી દીધા નથી ને ? આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધનારા માણસે એક એક પગલે ચકાસતા રહેવું પડે કે હું ક્યાંક અભિમાન તો કરી બેસતો નથી ને ? મને મળેલી એક વસ્તુથી હું બીજા કરતાં મારી જાતને શ્રેષ્ઠ માની નથી બેઠો ને ? આ વિચાર આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધનારને જાગૃત રાખે છે.

લાલાજી કહે છે : મા, તું ગમે તેટલું દોડીશ, તોય હું પકડાવાનો નથી. યશોદામાને ભાન થયું કે હું ખોટું કરું છું. મારાથી કેમ દોડાશે ? હું વૃદ્ધ છું. પરસેવે રેબઝેબ થઈ ગઈ છું. લાલો નાનો છે. હે ભગવાન, હવે આ કનૈયો પકડાઈ જાય તો સારું. માતાજીએ લાકડી ફેંકી દીધી. ત્યાં તો ગોવિંદજી ઝટ માતાજીની પકડમાં આવ્યા.

કૃતાગસં તં પ્રરુદન્તમક્ષિણી
કષન્તમંજન્મષિણી સ્વપાણિના ।
ઉદ્વીક્ષમાણં ભયવિહ્વલેક્ષણં
હસ્તે ગૃહીત્વા ભિષયન્ત્યવાગુરત્ ॥૯/૧૧॥

લાલાજીનાં કમલલોચનમાં દડદડ આંસુ પડવા લાગ્યાં. આંખનું કાજળ શ્યામ કપોલ પર ઢળી પડ્યું. લાલાજી બે હાથે આંખો ચોળી રહ્યા છે. કળ ખાઈ ખાઈને ગોવિંદજી રડે છે. મા! હું તમને હાથ જોડીને કહું છું કે મને મારશો નહિ. પરંતુ માતાજીમાં હજી થોડું અભિમાન રહ્યું છે. મા કહે છે, લાલા ! તને આજે પાઠ નહિ ભણાવું તો કાલે તું ચોર બનીશ. લોકો કહેશે, જશોદાજીનો દીકરો ચોર, નંદબાવાનો દીકરો ચોર. તારી ચોર તરીકેની છાપ પડે, તો તને કન્યા કોણ આપશે ? લાલાજી કહે છે, મા મારે પરણવું નથી, પણ મને તું મારતી નહિ.

માતાના મનમાં અત્યારે માતૃત્વનું અભિમાન છે. પહેલાં તેમના મનમાં સાધનનું અભિમાન હતું. હવે જે અભિમાન છે તે સિદ્ધિનું અભિમાન છે. લાકડી ફેંકી દઈને માતાએ સાધનનું અભિમાન તો તોડ્યું, પરંતુ હૃદયમાં વાત્સલ્યરસ – ભક્તિનો રસ જાગ્યો હતો, એ સિદ્ધિનું અભિમાન ગયું નહિ. સાધનના અભિમાનથીયે સિદ્ધિનું અભિમાન વધારે ખરાબ છે. માતાજીએ શ્યામસુંદરને પકડી લીધા. માતાએ કહ્યું:

આજે તને બરાબર બાંધી દેવાની છે. તું મને યાદ કરી જઈશ. શ્યામજી કહે છે, હું જોઉં તો ખરો કે તમે મને કેવાં બાંધો છો ? માતાજીએ ગૃહદાસીઓ પાસેથી પેલો ખાંડણિયો મંગાવ્યો. તેમણે હુકમ કર્યો, લાલાને બાંધવા દોરી લાવો. દોરી આવી. ખાંડણિયાને ઊભો કર્યો. માતાજી ખાંડણિયા પાસે લાલાજીને ઊભા રાખી એક આંટો, બીજો આંટો લઈને જ્યાં ગાંઠ વાળવા ગયાં ત્યાં દોરડું બે આંગળ ટૂંકું પડ્યું.

ભગવાન કહે છે, જ્યાં સિદ્ધિનું અભિમાન હોય છે, ત્યાં હું બંધાતો નથી. સિદ્ધિ પણ ભક્તના જીવનની વિરોધી બને છે.

બંગાળી મહાત્માઓએ બહુ સુંદર અર્થ કર્યો કે દોરડું બે આંગળ કેમ ખૂટ્યું? જીવના પક્ષે ભજનનો પરિશ્રમ જોઈએ અને ભગવાનના પક્ષે કૃપાનું દાન જોઈએ. *કૃપા અને કૃતિ બે ભેગાં થાય તો ગાંઠ બંધાય*. તે વિના ગાંઠ બંધાતી નથી. આપણી પાસે કૃતિ હોય, પણ ઈશ્વરની કૃપા ન હોય. ક્યારેક ઈશ્વર ઘણી કૃપા કરે, પણ આપણે કૃતિ ન કરીએ, તો ગાંઠ ન બંધાય. આ બે છેડા જ્યારે બરોબર ભેગા થાય, ત્યારે જીવ ભગવાનના બંધનમાં બંધાય અને ભગવાન જીવના બંધનમાં બંધાય.

ન ચાન્તન બહિયસ્ય ન પૂર્વં નાપિ ચાપરમ્ ।
પૂવાપરં બહિશ્ચાન્તજગતો યો જગચ્ચ યઃ ॥૯/૧૩॥

શ્રીશુકદેવજી કહે છે, રાજા ! જે અંદર નથી, બહાર નથી, જે ઉપર નથી, નીચે નથી - એવા વિભુ-વ્યાપક પરમાત્માને માતા બાંધવાની ઇચ્છા કરે છે.

શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર અર્થ આપ્યો. ભગવાનને બંધાવું તો છે, પણ એના હાથે બંધાવું કે જેની અહંતા અને મમતા ઓગળી ગઈ છે. માતાજીનાં અહંતા અને મમતા બાકી રહ્યાં છે. માટે ભગવાન બે આંગળ દૂર રહ્યા છે.

માતાજીએ બાંધવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ ગોવિંદજી બંધાતા નથી. ત્યાં ગોપીઓનું ઝૂંડ દોડી આવ્યું. ગોવિંદજી કળ ખાઈને રડે છે. તેઓ કહે છે, અરી સખીઓ ! કોઈ તો મને છોડાવો. આજ મારી મા જમ બનીને મને મારે છે. સખીઓ માતાજીના પગમાં પડીને સમજાવે છે, યશોદા! તું લાલાજી ઉપર આટલો અત્યાચાર કેમ કરે છે ? કહા ભયો જો ઘરકો લરિકો માખન ચોરી ખાયો ? તારા ઘરમાં ચોરી કરનાર બહારનો કોઈ નથી, તારો પોતાનો જ દીકરો છે. એને હવે જવા દે. યશોદાજી આંખો કાઢીને કહે છે, બધો વાંક જ તમારો છે. તમે જ એને ચોરટો બનાવ્યો છે.

બીજી એક ગોપી આંખમાં આંસુ ભરીને કહે છે, મા ! *'કમલનયન માખનકે કારન ઊખલ લાયે બાંધી.'*

કમળલોચન એવા શ્યામસુંદરને તું ખાંડણિયે બાંધે છે ? મા હોવા છતાં તારા હાથ એને બાંધવા કેમ તૈયાર થયા છે ? તારું હૈયું ઘણું કઠોર છે, તું વિચાર તો કર. ક્યાં તારું પ્રેમભરેલું પેલું કાળજું ને ક્યાં આજે પથ્થર બનેલું કાળજું ?

યશોદાજીને ઘણો ક્રોધ આવ્યો છે. તેઓ કહે છે, દેવીઓ! હું એને મારું પણ ખરી ને ખવડાવું પણ ખરી ? હું એની મા છું. તમે મને કોણ ઉપદેશ આપનારાં? *જાઓ ચલી બસ અબ અપઅપને ઘર.*

ગોપીઓને થયું, મા ! તું રાતોરાત બદલાઈ ગઈ ! આજ સુધી તું કહેતી હતી કે શ્યામસુંદર બધાંનો છે. આજે તું શ્યામસુંદર ઉપર તારો અધિકાર બતાવે છે ?

સખીઓથી આ દશ્ય જોવાતું નથી, પરંતુ યશોદાજી હુકમ કરે છે, બીજી દોરી લાવો. તે પણ બે આંગળ ટૂંકી પડી. ત્રીજી દોરી લાવો, એક પછી એક દોરીઓ આવતી ગઈ. પણ બે આંગળ છેટું રહે છે. અઢી વર્ષના ગોવિંદજી ઉપર બે-ત્રણ માઇલ જેટલાં દોરડાં બંધાય છે તોય બે આંગળ ખૂટે છે. દોરડાનો મોટો થપેડો ગોવિંદજીના ગળાથી લઈને પેટ સુધી થઈ ગયો; છતાં ગોવિંદજી બંધાતા નથી.

બધાંને નવાઈ લાગી. આવું કેમ થાય છે ? આ શું હશે ? આ દશ્ય જોવા સખીઓ તાળીઓ પાડે છે. તેઓ હસીને કહે છે, કૃષ્ણ કનૈયાલાલકી જય.

વાંકી આંખે સખીઓ કહે છે, મા ! તું આ મહેનત ન કર. આજે તારો લાલો નહિ બંધાય. માતાજી કહે છે, દેવીઓ ! મને ખાતરી થઈ છે કે તમે કંઈક જાદુ-ટોણો કર્યો છે; એટલે જ તે બંધાતો નથી. થાકીહારીને માતાજીની આંખમાં આંસુ આવી ગયાં. આટલી બધી ગોપીઓના દેખતાં તેમની લાજ જઈ રહી છે.

તેઓ ભગવાનને યાદ કરવા લાગ્યાં, હે નાથ! તમે મને કેવો દીકરો આપ્યો કે હું તેને બાંધી શકતી નથી ? માતાજીના મનમાં રહેલી સિદ્ધિનું અભિમાન ઓગળી ગયું. અભિમાન ઓગળી જતાં લાલાજી તરત જ બંધાઈ ગયા.

ગોપિકોલૂખલે દામ્ના બબન્ધ પ્રાકૃતં યથા ॥૯/૧૪॥

જેવી રીતે પ્રાકૃત બાળક બંધાય, તેવી રીતે માતાજીએ શ્યામસુંદરને બાંધી દીધા. હવે તેઓ કહે છે, લાલા ! તું થોડી વાર અહીંયાં રહે. જેવો બંધાયો છે તેવો

જ ઊભો રહે. મારે ઘરનું થોડું કામ છે. હું ક્યાં આખો દિવસ તારી પાછળ દોડતી દોડતી ફરું ? યશોદામા આમ કહીને ઘરનું કામ કરવા ચાલ્યાં ગયાં. જ્યાં સુધી યશોદાજી ઊભાં હતાં ત્યાં સુધી આપણા સરકારે રડવાનું બંધ કર્યું નહિ. માતાજીના જતાં જ મોહનજીએ આંખો લૂછી નાખી.

તેમનું રડવું પણ નાટક અને એમનું હસવું પણ નાટક !

શ્રી શુકદેવજીનું હૃદય ગદ્‌ગદિત થઈ ગયું –

નેમં વિરિઞ્ચો ન ભવો ન શ્રીરપ્યઙ્ગસંશ્રયા ।
પ્રસાદં લેભિરે ગોપી યત્તત્ પ્રાપ વિમુક્તિદાત્ ।।૯/૨૦।।

જેવી કૃપા કૃષ્ણજીએ યશોદામા ઉપર કરી, એવી નથી તેમણે બ્રહ્માજી ઉપર કરી, નથી શિવજી ઉપર કરી કે નથી લક્ષ્મીદેવી ઉપર કરી.

શ્યામજી બધાંને દર્શન આપે છે, પણ એમના પાશથી તો ક્વચિત્ જ બંધાય છે. પ્રેમના પાશથી બાંધવાનું સામર્થ્ય કેવળ ભક્તોનું જ છે.

લાલાજીએ મિત્રોને કહ્યું : યારો, હવે આ ખાંડણિયો ઊંધો પાડી દો, જેથી હું ઘૂંટણિયાં તાણતો તાણતો બધે ફરું. ખાંડણિયો ઊંધો પડ્યો. ગોવિંદજી ઘૂંટણિયાં તાણવા લાગ્યા.

■

પ્રકરણ ૨૧

યમલાર્જુનનો ઉદ્ધાર

નંદભવનના આંગણામાં સાદડનાં બે ઝાડ ઊભાં છે. 'સાદડ'ને સંસ્કૃતમાં 'અર્જુનવૃક્ષ' કહે છે. તે બે છે, માટે તેમને યમલાર્જુન કહ્યા. **યમલ એટલે જોડકું.** શ્યામજી ઘૂંટણિયાં ચાલી તે બાજુ ચાલ્યા ગયા. તે ખાંડણિયો બે વૃક્ષની વચમાં આડો પડીને ભરાઈ ગયો છે. તે આમ કે તેમ ખસે તેમ નથી. ગોવિંદજી ખાંડણિયાને ખેંચે છે, એટલે બંને ઝાડ હાલે છે.

શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર અર્થઘટન કર્યું. ગોવિંદજીએ ઝાડને થોડા આંચકા આપતાંમાં તો બંને વૃક્ષો મૂળમાંથી ઊખડીને કેવી રીતે પડી ગયાં ! આ બંને વૃક્ષો વર્ષોજૂનાં હતાં. એક નાના બાળકના પ્રયત્નથી તેઓ કેવી રીતે પડી ગયાં ? પ્રભુના સ્પર્શથી પૃથ્વીની ભીતર સાત્ત્વિક ભાવો જાગૃત થયા. આ સાત્ત્વિક ભાવો આઠ પ્રકારના થયા. તેમાંનો એક ભાવ છે સ્વેદ – પસીનો આવી જવો. પૃથ્વીમાં પસીનો આવ્યો, એટલે પાણી પ્રગટ થયું. એટલું પાણી આવ્યું કે પૃથ્વીનાં સાતેય પડ વીંધી, વૃક્ષનાં મૂળિયાં સુધી તે પહોંચી ગયું. પ્રભુના સ્પર્શથી ધરતી અનાયાસે પોચી બની ગઈ. પૃથ્વી પાણીપોચી બને, એટલે વૃક્ષનાં મૂળ હાલી જાય.

શ્રીઠાકોરજી સમજાવે છે કે જેની ધરતી પાણીપોચી હોય, તેનાં મૂળિયાં હાલી જાય. આપણી ધરતીમાં હજી પાણી પહોંચ્યું નથી. જ્યારે પહોંચી જશે ત્યારે વાસનાનાં મૂળિયાં હાલી જશે. જેનું હૈયું પથ્થર જેવું કઠોર હોય, તેના હૈયામાં કદી પાણી ઊતરતું નથી. આથી વેદાંતી કવિ અખાએ કહ્યું :

'કથા સુણીસુણી ફૂટ્યા કાન, તોયે અખા ના'વ્યું બ્રહ્મજ્ઞાન,
તીરથ ફરીફરી થાક્યાં ચરણ તોયે ન પહોંચ્યા હરિને શરણ.'

જેની ધરતી સુકોમળ હોય, જેની ધરતીમાં છિદ્રો હોય, ત્યાં ભગવાનનું નામ અને ભગવાનનાં કામ ફળ આપી જવાનાં. વાસનાનાં મૂળિયાંને ઉખાડવા માટે ભગવાને ગીતાજીમાં બીજો રસ્તો બતાવ્યો છે : અસંગ નામના શસ્ત્રથી તારામાં રહેલા વાસનાના મૂળિયાને એક વાર તું કાપી નાખ. ધરતીની બહાર ઊગેલો ભાગ અસંગથી કપાશે, પણ અંદર રહેલું મૂળિયું ફૂટતું જ રહેશે. એટલે ગીતાજીએ આપણને સમજાવ્યું કે અસંગરૂપી શસ્ત્રથી બહારના મૂળનું છેદન કરી, ફરી પાછું તારે ઊગવું ન

હોય, તો પરમાત્મા માટે તારા હૃદયમાં જ્ઞાન અને ભક્તિનું ઝરણું તું વહેવડાવ, તો અંદરનાં મૂળિયાં ઊખડી જશે.

શ્યામજીએ જેવો ઝાટકો માર્યો કે તે બંને વૃક્ષ કડડભૂસ કરતાં નીચે પડ્યાં. મૂળિયાં સાથે ઊખડી ગયાં. તે તેમની બે બાજુ પડ્યાં. વૃક્ષો પડ્યાં કે તરત જ તેમાંથી બે દિવ્ય પુરુષો પ્રગટ થયા.

પરીક્ષિત કહે છે : આ તો અવનવું રહસ્ય લાગે છે. ઝાડમાંથી પુરુષો !

કથ્યતાં ભગવન્નેતત્તયોઃ શાપસ્ય કારણમ્ ।
યત્તદ્ વિગહિતં કમ યેન વા દેવષેસ્તમઃ ।।૧૦/૧।।

હે ગુરુજી, મને સમજાવો કે આ બે પુરુષો કોણ હતા ? શા માટે તેમને શાપ પડ્યો ? અને શાપ આપનાર નારદજીને ક્રોધ કેમ થયો ?

શ્રી શુકદેવજી પરીક્ષિતને સાવધાન કરે છે, રાજા! ધ્યાનથી સાંભળવા જેવી કથા છે; તેથી તે કથા હું તને વિસ્તારથી કહીશ. દેવોના ભંડારી કુબેરના બે પુત્રો. એકનું નામ નલકૂબર અને બીજાનું નામ મણિગ્રીવ. આ બંને પુત્રો સુંદર અપ્સરાઓને લઈને મંદાકિનીના કિનારે સ્નાન કરવા ગયા. તેમણે સ્નાન કરતાં પહેલાં મદિરાપાન કર્યું. આથી તેમનામાં ત્રણ રીતે મદ ચઢ્યો : (૧) ધનમદ તો હતો જ; (૨) સ્ત્રીમદ થયો અને (૩) આસવમદ એટલે કે મદિરાનો નશો આવ્યો.

આ ત્રણ પૈકી ગમે તે એક મદ હોય તોયે માણસની બરબાદી થાય છે, ત્યાં તેમને ત્રેવડો મદ ચઢ્યો છે. મદાંધ બનેલા કુબેરપુત્રોએ મહર્ષિ નારદજીની અવગણના કરી. નારદજીનું ત્યાં આગમન થયું. નારદજીને જોઈને અપ્સરાઓએ વસ્ત્રો ધારણ કર્યાં, પરંતુ કુબેરપુત્રોએ વસ્ત્રો પહેર્યાં નહિ અને ઉપરથી કહ્યું કે આવા તો કઈક જોગીઓ અને બાવાઓ ભટક્યા કરે !

નારદજી જાણે છે કે દુનિયામાં રહેલા કાદવને દૂર કરવા માટે જ મને ભગવાને મોકલ્યો છે. ભગવાનના ભક્તો લોકોનો ઉદ્ધાર કરવા જાય છે. નારદજીએ બંનેને ઊભા રાખી થોડા પ્રશ્નો પૂછ્યા. ત્રણ વસ્તુઓ ત્રણ બાબતોની બરબાદી કરે છે : સ્ત્રીસંગથી શરીર, મદિરા-સંગથી વાણી અને ધન-સંગથી મનની બરબાદી થઈ હતી.

આ જુદી જુદી ત્રણ વસ્તુઓથી કુબેરપુત્રોનાં તન, મન, ધન બગડ્યાં હતાં. તે ત્રણેને સુધારવા નારદજીએ પ્રશ્નો પૂછ્યા.

હે કુબેરના પુત્રો ! મને ખબર છે કે તમે મોટા બાપના દીકરા છો. તમે લખપતિ છો. મોટા બાપના દીકરાઓને મોટા બાપ સંસ્કાર ન આપે, તો તેમનામાં **ત્રણ દોષ** આવે છે : **સ્ત્રી, દ્યૂત અને આસવ**–મદિરા. જેટલી કઠિનાઈથી પિતા પૈસો ભેગો કરે છે, એટલો ઉડાઉ બનીને દીકરો પૈસાની બરબાદી કરે છે. તમારામાં રહેલા લક્ષ્મીના આ ભાવને કારણે તમારામાં ત્રણ બરબાદી આવી છે. જે પૈસાના અભિમાનમાં તમે ચકચૂર બન્યા છો, એ પૈસો શું કાયમ રહેવાનો છે ?

કુબેરપુત્રોને જવાબ આપવાની પડી નથી. તેઓ કંઈ જવાબ આપતા નથી.

નારદજી ફરી પૂછે છે, પુત્રો ! જવાબ આપો કે જે શરીરસુખને માટે અત્યાર સુધી તમે પ્રયત્ન કર્યો છે, એ શરીર તમારું છે? જો તમારું હશે તો મૃત્યુ નહિ આવે. અને મૃત્યુ આવે તોપણ તમારા ઘરમાંથી તેને કોઈ બાળી આવે ખરું ? આ શરીર તમારાં મા-બાપનું ખરું ? આ શરીર તમારું પાલન-પોષણ કરનારું ખરું ? સાચી વાત એ છે કે મર્યા પછી શરીરની મિજબાની ત્રણ જણ ઉડાવે છે : એક ગીધ, બીજો અગ્નિ અને ત્રીજો યમ. મર્યા પછી હિન્દુઓનું શરીર બળે, એટલે અગ્નિ તેની મિજબાની કરે. પારસીઓનું મડદું મોટા કૂવામાં નાખવામાં આવે, એટલે ગીધ તેને ખાઈ જાય. આ બધાંની આખરી ગતિ યમરાજા પાસે આવે છે. માટે ધનમદ, કુળ મદ અને દેહમદથી તમે જીવનમાં અંધ બન્યા છો. જ્યાં સુધી તમારામાં અંધત્વ હશે, ત્યાં સુધી તમને સદ્બુદ્ધિ નહિ મળે. આ મદ તમારી સદ્બુદ્ધિનો નાશ કરે છે.

ગીતાજીમાં ભગવાને બુદ્ધિભ્રંશ થવાનાં કારણો આપ્યાં છે. ગીતાજીએ પહેલી વાત બતાવી કે હે માનવ! તારું મન જ્યારથી વિષયોનું ચિંતન કરવા લાગે છે, ત્યારથી તારી બરબાદી શરૂ થાય છે. વિષયોના સેવનથી, તેના ધ્યાનમાત્રથી બરબાદી શરૂ થાય છે. તું જેનું ધ્યાન કરે છે, એનું સેવન કરવાથી તને મનમાં ઇચ્છા આવે એટલે સંગ થાય છે. સંગ કરવાથી વિષય પ્રાપ્ત થાય, તો મોહ અને લોભ જાગે છે. વિષય નથી મળતો, તો ક્રોધ જાગે છે. આપણે સો રૂપિયા મેળવવા ઇચ્છા કરી અને તે મળ્યા. એટલે આપણે લાખ રૂપિયા મેળવવાની ઇચ્છા કરીએ. તે મળ્યા એટલે કરોડ રૂપિયા મેળવવાની ઇચ્છા થઈ. આમ, ગમે તેટલું મળે તો પણ આપણી કામના પૂરી થતી નથી. કામના પૂરી થતી નથી, ત્યારે ક્રોધ આવે છે. આણે મારું કામ બગાડ્યું. ક્રોધથી બુદ્ધિમાં મોહ ઉત્પન્ન થાય છે. ક્યારેક એ મોહ કામથી પણ ઉત્પન્ન થાય છે. એ મોહને લઈને આપણી બુદ્ધિ ભ્રમિત થાય છે. જેમ જેમ બુદ્ધિ ભ્રમિત

થતી જાય, ત
તે માણસોન

નારદ

છો. જુગાર
આ બધા વિ
તેને બે વસ્તુ
અને સદ્વિ
સારું કરી
જીવનની

ના
વિચાર
વાત સાં
નારદજી
આપ્યો
કૃષ્ણાવત

નાર
જેવો જ
વૃક્ષ પડવ
ભાન થવુ

આવી
હતું કે
પડી કે
બે વખ
છૂટી
વાર

થતી જાય, તેમ તેમ આત્માનું પતન થાય. જેની પાસે સંસારના વિષયોનું ધ્યાન છે, તે માણસોની બુદ્ધિ ધીરે ધીરે ભ્રષ્ટ થાય છે.

નારદજી અહીં પણ એ જ સમજાવે છે કે પુત્રો, તમે પૈસાના સંગમાં પડ્યા છો. જુગારનો સંગ કરો છો. સ્ત્રીસંગ સેવો છો અને મદિરાનું સેવન પણ કરો છો. આ બધા વિષયોનો સંગ તમારી બુદ્ધિનો નાશ કરનારો છે. જેની બુદ્ધિનો નાશ થાય, તેને બે વસ્તુ ન મળે : સત્કર્મ અને સદ્‌વિચાર. જેની બુદ્ધિ શુદ્ધ હોય તેને જ સદાચાર અને સદ્‌વિચારની પ્રાપ્તિ થાય. બુદ્ધિભ્રષ્ટ માણસ કદી સારું વિચારી શકે નહિ અને સારું કરી શકે નહિ. જેના જીવનમાં સદ્‌વિચાર અને સદાચાર આવતા નથી, તેમના જીવનની કદી ઉન્નતિ થતી નથી.

નારદજીએ કુબેરપુત્રોને ઘણું સમજાવ્યા, પણ પથ્થર ઉપર પાણી. નારદજીએ વિચાર કર્યો કે આ યુવાનો પાસે જ્યાં સુધી પૈસાની ખુમારી છે, ત્યાં સુધી તેઓ મારી વાત સાંભળશે નહિ. સોટી વાગે ચરચમ વિદ્યા આવે ઘમઘમ– આથી આખરે નારદજીએ તેમને શાપ આપ્યો. તમે સ્થાવર જેવા થઈને રહો. મેં તમને આ શાપ આપ્યો છે એટલે સ્થાવર યોનિમાં પણ તમે કોણ છો, તેનું તમને સ્મરણ રહેશે. કૃષ્ણાવતારમાં કૃષ્ણજી તમારો ઉદ્ધાર કરશે.

નારદજીના શાપથી આ બંનેને સ્થાવર યોનિ મળી. જે અભિમાની છે એના જેવો જડ કોઈ નથી. આ બંનેની મુક્તિ માટે મોહનજીએ આજે પ્રયત્ન કર્યો. જેવાં વૃક્ષ પડ્યાં કે તેમાંથી બંને કુબેરપુત્રો પ્રગટ થયા. આટલાં વર્ષો સુધી તપીતપીને ભાન થયું હતું કે અમે ખોટું કરતા હતા, માટે તેમણે આજે ભગવાનની સ્તુતિ કરી-

કૃષ્ણ કૃષ્ણ મહાયોગિંસ્ત્વમા : પુરુષ: પર: ।
વ્યક્તાવ્યક્તમિદં વિશ્વં રૂપં તે બ્રાહ્મણા વિદુ: ॥૧૦/૨૯॥

આ પુરુષો બે વખત 'કૃષ્ણ કૃષ્ણ' કહે છે. સોટી વાગી અને વિદ્યા આવી. વિદ્યા આવી ત્યારે તેઓ સમજી શક્યા કે સાચું સુખ શામાં છે ?અત્યાર સુધી અમને લાગતું હતું કે પૈસામાં, પ્રતિષ્ઠામાં, સંસારના ભોગોમાં સાચું સુખ છે; પરંતુ આજે ખબર પડી કે તમારાં દર્શનમાં અને તમારા મિલનમાં સાચું સુખ છે - એમ સૂચવવા માટે બે વખત 'કૃષ્ણ, કૃષ્ણ' શબ્દ કહ્યો. કૃષ્ણ એટલે પરમાનંદ થયો. સંસારની આસક્તિ છૂટી માટે એક વાર 'કૃષ્ણ' શબ્દ બોલ્યા. સાથે સાથે પ્રભુની પ્રાપ્તિ થઈ, માટે બીજી વાર 'કૃષ્ણ' શબ્દ બોલ્યા.

હે ગોવિંદજી, તમે મહાયોગી છો. એકલો યોગી પોતાનો ઉદ્ધાર કરી શકે. મહાયોગી આખી દુનિયાનો ઉદ્ધાર કરી શકે. આપ મહાયોગી છો, માટે જ આદ્યપુરુષ છો. તમે યશોદાનંદન અને નંદનંદન નથી, પરંતુ પરબ્રહ્મ પરમાત્મા છો. અવ્યક્ત જગત અને વ્યક્ત જગત એ બધું તમારું રૂપ છે. અત્યાર સુધી અમે વૃક્ષયોનિમાં હતા, આજે પ્રગટ થઈને પાછા દેવયોનિમાં આવ્યા છીએ. તમે ચલને અચલ અને અચલને ચલ બનાવો છો.

> ત્વમેક: સર્વભૂતાનાં દેહાસ્વાત્મેન્દ્રિયેશ્વર: ।
> ત્વમેવ કાલો ભગવાન્ વિષ્ણુરવ્યય ઈશ્વર: ॥૧૦/૩૦॥

મહારાજ! આપ જ પ્રાણીમાત્રના અંત:કરણને ચલાવનારા ઈશ્વર છો. આપ જ કાલરૂપે વિશ્વનો કોળિયો કરનારા છો. *ભગવાનનાં બે રૂપ છે :* **એક પુરુષરૂપ** અને **બીજું કાલરૂપ**. ભગવાન અંદરથી પુરુષરૂપ અને બહારથી કાલરૂપે નિયમન કરે છે. અત્યાર સુધી અમે ભીંત ભૂલેલા હતા, ભટકેલા હતા, અમારી ફરજને ભૂલી ગયા હતા. આજે વિનંતી કરીએ છીએ કે અમને એવો આશીર્વાદ આપો કે –

> **વાણી ગુણાનુકથને શ્રવણૌ કથાયાં હસ્તૌ ચ કર્મસુ મનસ્તવ પાદયોર્ન: ।**
> **સ્મૃત્યાં શિરસ્તવ નિવાસજગત્પ્રણામે દૃષ્ટિ: સતાં દર્શનેઽસ્તુ ભગવત્તનૂનામ્ ॥૩૮।**

અમારી જીભને પ્રેરણા કરો કે તે આપના જ ગુણાનુવાદ ગાય. અત્યાર સુધી અમારી જીભ દુનિયાની નિંદા અને આત્મ-પ્રશંશા કરતી હતી. હવે તેને એવી બનાવો કે તે કોઈની નિંદા ન કરે. તેને નિંદા કરવાનું મન થાય, તો તે અમારી જ નિંદા કરે. જેવું સાંભળ્યું હોય તેવું જ બોલવાની ઇચ્છા થાય, માટે કહ્યું કે મારા કાનને એવી પ્રેરણા કરજો કે દુનિયાની ખટપટમાં ન પડતાં તમારી કથાઓ સાંભળે. બે જણ ગુસપુસ કરતાં હોય, તો તરત આપણા કાન ત્યાં ખેંચાય.

દશમ સ્કંધમાં આગળ ઉપર શ્રી સુદામાજી કાનની સુંદર વ્યાખ્યા આપે છે. સાચું સાંભળવાની વૃત્તિ જેમાં થાય તે કાન, બાકી બધા કોડીઓ. તૃતીય સ્કંધમાં સનકાદિક ઋષિઓ સૂતજીને કહે છે : અમારી આંખો જ્યારે સત્ય વસ્તુનું દર્શન કરે ત્યારે તે સાચી. અમારી વાણી સત્ય વસ્તુનું પ્રતિપાદન કરે ત્યારે તે સાચી. નહિ તો અમારી વાણી દેડકું કહેવાય. જે આંખ સત્યને જોતી નથી, તે આંખ કેવળ મોરના પીંછા જેવી છે. જે કાન સત્યને સાંભળતા નથી, તે ઉંદરના દર જેવા છે. સત્ય જોવું, સત્ય બોલવું, સત્ય સાંભળવું, સત્ય વિચારવું, સત્યનું અનુસરણ કરવું એ સંતોનો સ્વભાવ છે.

એનાથી ઊલટું, અસત્ય જોવું, અસત્ય બોલવું, અસત્ય સાંભળવું અને અસત્ય આચરવું તે દુર્જનનો સ્વભાવ છે.

અહીં બે જ્ઞાનેન્દ્રિય લીધી. આ જ્ઞાનેન્દ્રિય માણસને સૌથી વધારે સતાવે છે. હવે કર્મેન્દ્રિયોની વાત કરે છે. એમાં પહેલો હાથ લીધો છે. હે શ્યામસુંદર! તમે અમને હાથ આપ્યા છે, તે કંઈક કરવા માટે આપ્યા છે. અત્યાર સુધી એ હાથથી હું બીજાને પજવતો હતો. હવે તમે સત્કર્મ કરાવજો. મન આપણને કર્મ કરવાની પ્રેરણા આપે છે. મારું મન તમારાં ચરણારવિંદમાં રહે, એવી અમને પ્રેરણા કરજો. અહીં પગની વાત નથી કહી; કારણ કે આમાં બધો કર્મયોગ આવી જાય. મારું મસ્તક હમેશાં તમારાં ચરણારવિંદમાં ઝૂકતું રહે એવી કૃપા કરજો. અત્યાર સુધી પામર બની મારું માથું દુનિયાના કેટલાય ક્ષુદ્ર લોકોના પગમાં ઘસી નાખ્યું છે. હવે હું સદા તમારાં જ ચરણોમાં ઝૂકતો રહું, તમારા સિવાય બીજા કોઈ પાસે મને ઝૂકવાનો વારો ન આવે. તમે મને એવો મહાન બનાવજો કે તમારા સિવાય હું બીજે ક્યાંય ઝૂકું નહિ. મારી આંખને તમારું દર્શન આપજો. જ્યાં જ્યાં આપનું સ્વરૂપ વિદ્યમાન છે, એ સ્વરૂપને જોવા માટે મારી આંખો ખુલ્લી થાય. ઉપનિષદો પણ આ જ માગે છે. ઋષિઓ કહે છે, અમે અમારા કાનથી સારું જ સાંભળીએ.

આમ, એકંદર ૧૦ શ્લોકમાં નલકૂબેર અને મણિગ્રીવે ભગવાનની સ્તુતિ કરી. તેમની સામે પ્રગટ થયેલ ભગવાન આશીર્વાદ આપે છે, હે કુબેરપુત્રો ! તમારી બુદ્ધિ સુધરી એટલે તમારું આખું શરીર સુધર્યું. નારદજીના આશીર્વાદ અને સંગથી તમારી બુદ્ધિ સુધરી છે; પણ એક વાત કરી દઉં કે હવે પેલા દોષ કરવાની વૃત્તિ રાખશો નહિ. સંપત્તિવાળા બનવું હોય તો ભાવથી બનજો. તમારા પિતાએ આપેલી સંપત્તિ સારા કામમાં વાપરજો.

સાધૂનાં સમચિત્તાનાં સુતરાં મત્કૃતાત્મનામ્ ।
દર્શનાન્નો ભવેદ્ બન્ધઃ પુંસોઽક્ષ્ણોઃ સવિતુયથા ॥૧૦/૪૧॥

જેમ સૂર્ય પ્રકાશતાં આંખો જોવાને સક્ષમ બને છે, તેમ જેમણે અંતરમાં ઈશ્વરનો અનુભવ કર્યો છે, તે જીવનને વાસ્તવિક દૃષ્ટિથી જોઈ શકે છે. તે સાધુ બને છે, સમચિત્ત બને છે અને ભગવાનને પોતાના આત્માનું દાન કરનારો બને છે.

કુબેરપુત્રો ભગવાનનાં ચરણારવિંદમાં વંદન કરી પોતપોતાના લોકમાં ગયા.

પ્રકરણ ૨૨

યશોદામાનો પશ્ચાત્તાપ

સાદડનાં બંને ઝાડ કડડડ કરતાંક ને જમીન પર પડ્યાં. તેનો ભયંકર અવાજ સાંભળીને ઘરમાં બિરાજેલા નંદબાવાને ફાળ પડી. કંઈક તૂટ્યું, કંઈક પડ્યું. યશોદાજીના તો આ અવાજ સાંભળીને મોતિયા જ મરી ગયા. તેઓ ગભરાયાં કે શું થયું હશે ? માતાજીના હૈયામાં પારાવાર ઉદ્વેગ જાગ્યો. ચારે બાજુથી વ્રજવાસીમંડળ દોડતું દોડતું નંદાલય તરફ આવ્યું. સૌ એકબીજાને પૂછે છે કે શું થયું ?

સૌ દોડે છે, પણ યશોદામાથી તો દોડાતું નથી. નંદબાવા દોડીને પહેલાં પહોંચી ગયા. બે મોટાં ઝાડ ધરતી પર પડ્યાં છે. નંદજીને જોઈને લાલાજીએ ફરી રડવાની શરૂઆત કરી. તેઓ કળ ખાઈખાઈને રડવા લાગ્યા. તેઓ કહે છે કે અરે બાવા ! જુઓ તો ખરા, હું મરી રહ્યો છું. નંદજીએ લાલાના પેટ પર બાંધેલાં ઘણાં દોરડાં જોયાં. નંદબાવા લાલાજીની પાસે બેસી ગયા. યશોદાજીથી આ દશ્ય જોવાતું નથી. તેમને થયું કે આજે મેં ખોટું કર્યું છે. તેમની આંખોમાંથી દડદડ આંસુ પડે છે.

નંદબાવા લાલાના મિત્રોને અને વ્રજવાસીઓને પૂછે છે આ કોણે કર્યું ? નાના છોકરાઓએ કહ્યું : બાવા, શ્યામસુંદરની આ બુઢ્ઢી મૈયાએ એને બાંધ્યો છે. નંદજી એક પછી એક દોરડાં છોડતાં છોડતાં થાકી ગયા. નંદજીને ક્રોધ આવ્યો કે શું યશોદાને દસ-પંદર છોકરાં છે ? એકના એક દીકરાને નિર્દય થઈને આવી રીતે બાંધ્યો છે ?

નંદજીએ ગોવિંદજીને છોડ્યા. પેટ ઉપર દોરડાના સળ પડી ગયા છે. નંદજી લાલાજીને ગોદમાં લઈ લે છે. લાલાજી નંદબાવાની ગોદમાં ભરાઈને ધ્રૂસકે ધ્રૂસકે ખૂબ રડે છે. તેઓ કહે છે : બાવા, મારા માટે આવી મા તમે કેમ લાવ્યા છો ? બાવા મારા માટે એવી મૈયા લાવો કે જે મને ભરપુર માખણ-મિસરી ખવડાવે અને કદી મારે નહીં. નંદજી હસે છે : લાલા દુનિયામાં રાચરચીલું બદલાય, પણ કોઈની મા બદલાય નહિ. શ્યામજી કહે છે : બાવા, તો પછી આ મૈયા સાથે હું બોલીશ નહિ. આજથી તમે જ મારા પિતા અને તમે જ મારી માતા.

આ બધું સાંભળી યશોદાજીનો ખેદ વધ્યો છે. તેઓ લાલાજીની પાસે ગયાં. તેમણે કહ્યું : કનૈયા, જો હવે મારા હાથમાં લાકડી નથી. હવે હું કોઈ દિવસ તને મારીશ નહિ. કનૈયાજીએ મા તરફથી મોઢું ફેરવી લીધું. આ જોઈને યશોદાજીનું હૃદય ફાટે

છે. મા કરગરે છે કે બેટા, તારી માની આટલી ભૂલ તું ભૂલી જા. શ્યામજી કહે છે, બાવા ! હું આની ભૂલ કદી ભૂલીશ નહિ. મોહનજીએ યશોદાજીની સાથે રીસણું લીધું. આમ કરતાં કરતાં સાંજ પડી ગઈ. લાલાજીએ આજે ભોજન કર્યું નથી. યશોદાજી મનમાં ને મનમાં પોતાની જાતને ધિક્કારે છે. આખરે ગોવિંદજીએ ભોજન તો કર્યું, પણ યશોદાજીના હાથનું નહિ; રોહિણી મૈયાના હાથનું.

રાત પડી. યશોદાજીને ચેન નથી. નંદભવનના આંગણામાં આંસુ સારતાં યશોદા મૈયા બેઠાં છે. તેમના અંતરમાં જાગેલી વેદનાને કારણે તેઓ થાંભલા સાથે માથું કૂટીને રડે છે. માતાજી રુદન કરતાં મનોમન કહે છે, શ્યામસુંદર! તને નવી મા જોઈતી હોય, તો હું ભગવાનને કહું કે તું આજે ને આજે મને લઈ લે.

મોડી રાત સુધી યશોદાજી રુદન કરતાં રહ્યાં. અડધી રાતે શ્યામસુંદર માતાજી પાસે દોડી આવ્યા. તેમને મા વિના ચાલતું નથી. મા રડે તે જોવાતું નથી. મા મારે તે સહન થતું નથી. લાલાજીએ પાછળથી જઈને માતાજીના બરડે હાથ મૂક્યો. પોતાનું પીતાંબર લઈ, મૈયાની અશ્રુભીની આંખો લૂછી. માની ગોદમાં જઈને પડ્યા. માતાને વહાલ કરીને કહે છે, મૈયા ! હવે તું મને કદી મારીશ નહિ ને ? યશોદાજીએ લાલાને ખૂબ વહાલ કરીને કહ્યું : ના કન્હાઈ, હું તને કદી મારીશ નહિ. લાલા, તારા પેટ ઉપર જે સળ પડ્યા છે, તેને ભૂલી જા. લાલાજી કહે છે, મા ! તેં મને જે બાંધ્યો છે, તેને હું કદી ભૂલીશ નહિ. આ રોષના કાપા નથી, પણ પ્રેમના કાપા છે.

માણસ ગુસ્સાને તો ભૂલી જાય છે, દુઃખ પણ વીસરી જાય છે, પણ આનંદના કેટલાક પ્રસંગો તે ભૂલી શકતો નથી.

શ્યામસુંદર મોટા થયા, દ્વારિકાધીશ બન્યા; પરંતુ જ્યારે તેમને દામોદરલીલા યાદ આવી, ત્યારે તેઓ આંખો ભરીને રડ્યા છે. દામોદર ભગવાનના ઉદર પરના કાપા જોઈને યશોદામૈયાને યાદ કરીને ક્યારેક માથું પછાડી પછાડીને રડે છે.

નંદાલયની સમગ્ર લીલામાં આ દામોદરલીલાનું કંઈક જુદું જ મહત્ત્વ છે. દામોદરલીલામાં શ્રીશ્યામસુંદર યશોદાજીના પાશમાં બંધાયા.

હવે શ્રી શુકદેવજી શ્રીકૃષ્ણ ગોપીજનોના પાશમાં બંધાયા, એ લીલાનું વર્ણન કરે છે.

પ્રકરણ ૨૩

અન્ય લીલાઓ : બકાસુરવધ

ગોપીભિ: સ્તોભીતોઽનૃત્યદ્ ભગવાન્ બાલવત્ ક્વચિત્ ।
ઉદ્ગાયતિ ક્વચિન્મુગ્ સ્તદ્વશો દારુયંત્રવત્ ॥૧૧/૭॥

ગોપીજનો દરરોજ સવારે નંદાલયમાં શ્રીશ્યામસુંદરજીનાં દર્શન કરવા દોડી જાય છે. તેઓ જુએ છે કે શ્યામજી નંદરાણી પાસે છુમક છુમક નૃત્ય કરે છે. નંદનંદન જેમ નંદાલયમાં નાચે છે, તેમ ક્યારેક અમારા આંગણે પધારીને ન નાચે ?

ભગવાન ભક્તવત્સલ છે. તે અંતરની સર્વ સાચી ઇચ્છાઓને પરિપૂર્ણ કરે છે. હૃદયની ઉન્નત ઇચ્છાઓની પૂર્તિ કરવા પ્રભુ તત્પર હોય છે. ગોપીજનોની ઇચ્છા છે કે ગોવિંદજી અમારા ઘેર નાચે. લાલાજી એ ઇચ્છા પૂરી કરવા દોડતા પધારે છે.

એક વાર મોહનજીના જન્મદિવસે કેટલાંક વ્રજભક્તો નંદાલયમાં આવી શક્યાં છે, પણ એક ગોપી ઘર છોડીને આવી શકી નથી. શ્યામજી વિચાર કરે છે, જે આવી છે તેમના કરતાં જે નથી આવી તેનો ભાવ વધારે છે. માટે હું તેની પાસે જાઉં. શ્યામજી દોડતા દોડતા ત્યાં ગયા. જઈને કહે છે, અરી સખી ! મને ભૂખ લાગી છે. લાડુ આપ.

પેલી કહે છે, મહારાજ ! તમારી મૈયાએ આજે તમને ખવડાવ્યું નથી ? શ્યામજી કહે છે, મારી માએ તો થાળી ભરીને આજે મને ખવડાવ્યું છે, પણ એ બધું હજમ થઈ ગયું છે. મને આજે તારા ઘરનો લાડુ ખાવાની ભૂખ લાગી છે. પેલી કહે છે, શ્યામસુંદર ! મારા ઘરનો લાડુ એમનેમ મળે નહિ. નૃત્ય કરો. મોહનજી કહે છે, મને બધાં નૃત્ય આવડે છે; કારણ કે મારું નામ જ નટવર છે. નટેશ્વર મહાદેવ અને નટેશ્વર શ્યામસુંદર એ બંને નૃત્યના પ્રવર્તક છે.

શ્યામસુંદરે કહ્યું : હું નાચું ખરો, પણ તારે સાથે ગાવું પડે. વળી સાથે તારે તાલી પાડીને તાલ પણ આપવો પડે. મારી મૈયાની જેમ મને નચાવવાનો.

નાચે નંદલાલ, નચાવે વાકી મૈયા,
છુમક છુમક પગ રો રે કનૈયા.

ગોપી કહે છે, મહારાજ! આજે મારે આપનું મયૂરનૃત્ય જોવું છે. તે આજુબાજુથી મોરનાં પીંછાં વીણી લાવી. ગોવિંદજીને પેટ પર પીળું પીતાંબર બાંધ્યું. તેમાં મયૂરનાં પીંછાં ખોસ્યાં. કાનજીએ ઘૂંટણિયે પડી, ગોળ ગોળ ઘૂમતાં મયૂરનૃત્ય કર્યું.

રવા દોડી
૭. નંદનંદન
નાચે ?
પૂર્ણ કરે છે.
ની ઇચ્છા છે
પધારે છે.
વી શક્યાં
જે આવી
શ્યામજી
ડુ આપ.
શ્યામજી
બધું હજમ
લા કહે છે,
જી કહે છે,
હાદેવ અને

સાથે તારે
ાનો.

આજુ-
ચું. તેમાં
નૃત્ય કર્યું.

ગોપી તાલી પાડતી જાય ને હસતી જાય. તે કહે, શ્યામસુંદર ! તને જેવું નાચતાં આવડે છે એવું તારા મોટાભાઈ દાઉને નથી આવડતું. લાલા, તું નાચે છે ત્યારે અંતરના સર્વ ભાવોને જગાડતો નાચે છે. તારી એક ભંગીમાં દુનિયાનાં કરોડો માણસોને નચાવવાનું સામર્થ્ય છે. તું નાચે છે, પણ સામાને નચાવતો નાચે છે.

કોઈ વાર એક ગોપી હાથ પકડીને કહે છે, શ્યામસુંદર! તું નાચે છે તો સરસ, પણ તને ગાતાં આવડે છે ? ગોવિંદજી કહે છે સખી, ગાવાનું તો હું મારી માના પેટમાંથી શીખીને આવ્યો છું. તારે સાંભળવું છે ? મારા જેવો દુનિયામાં બીજો કોઈ ગવૈયો નથી. બોલ, તારે કયો રાગ સાંભળવો છે? ગોપી કહે છે, મહારાજ! કોઈ રાગ જાણતાં હોઈએ તો તમને કહીએ ને !

એક ગોપીએ કહ્યું, મહારાજ ! કેદારો રાગ ગાઓ. ભગવાન હસીને કહે છે, અત્યારે વર્ષાઋતુ ચાલે છે, તેથી મલ્હાર રાગ ગાઈશ. જ્યાં લાલાજીએ મલ્હાર છેડ્યો, ત્યાં આકાશ વાદળોથી છવાઈ ગયું. ઝરમર ઝરમર વરસાદ વરસવા લાગ્યો. ગોપીએ કહ્યું, લાલા, તેં એવું સરસ ગાયું કે વરસાદ તૂટી પડ્યો. હવે એવું ગા કે મારા ઘરના દીવા થઈ જાય. ગોવિંદજીએ દીપક રાગ ગાવાની શરૂઆત કરી. ઓલવાઈ ગયેલા દીવા પ્રગટી ઊઠ્યા.

સખાઓને થાય છે, શ્યામસુંદર! આ બધી ગોપીઓ કહે એમ જ તું કરે છે. તું અમે કહીએ એમ તો કદી કરતો જ નથી. ભગવાન પૂછે છે, બોલો, તમારે શું કરવું છે ? પેલા કહે છે, મહારાજ! અમારે તમારી સાથે દ્વન્દ્વયુદ્ધ કરવું છે, મલ્લ યુદ્ધ કરવું છે. પ્રભુજી કહે છે, ભવિષ્ય માટે મારે અત્યારથી તે શીખી લેવાનું છે. મામાજીને ત્યાં ચાણૂર અને મુષ્ટિકને મારવાના છે. નાનકડો અખાડો બનાવી, પીતાંબરનો કછોટો વાળી, સાથળ પર બે હાથ પછાડતાં ભગવાન એવા કૂદે કે બીજા સખાઓ આપોઆપ ધરતી પર ગબડી પડે. ભગવાન કહે છે, તમે ડરશો નહિ, હું તમને નહિ મારું.

કોઈકોઈ વાર યશોદામા આજ્ઞા કરે, લાલા! ગાયોને દોહવાની તાંબડી લઈ આવ ને ! લાલાજી કહે છે, મા ! તાંબડી આટલી મોટી અને મારો હાથ આટલો નાનો. મારાથી નહિ ઊંચકાય. પાછા એ જ લાલાજી બે હાથમાં માંડમાંડ તાંબડી ઊંચકીને લાવેય ખરા ! પછી એવા થાકી જાય કે એ તાંબડી ઊંધી મૂકી, તેની ખુરશી બનાવી તેના પર આરામથી બેસી જાય !

શ્રીશ્યામસુંદરની આ બધી મુગ્ધ બાળલીલાઓ છે. લોકોને એમ લાગે છે કે કૃષ્ણ કેટલો બધો અશક્ત છે, પણ ભગવાન કહે છે કે આ તો કેવળ મારું નાટક છે.

કોઈક વાર ફળ વેચનારી આવે છે. થોડાં ફળના બદલામાં શ્યામજી રત્નોથી એનો ટોપલો ભરી દે છે.

આમ કરતાં શ્યામસુંદર ત્રણ વર્ષના થયા. આજ સુધીમાં વ્રજમાં અનંત ઉત્પાતો થઈ ચૂક્યા છે. તેથી ઉપનંદ બાવાએ પ્રસ્તાવ મૂક્યો કે આપણે આ ગોકુળ છોડી વૃંદાવન જઈએ. ત્યાં યમુનાજીનો કિનારો છે. શ્રીગિરિરાજબાવાની તળેટી છે. ગાયોને ખવડાવવા માટે લીલું ખડ છે. ચાલો, વૃંદાવન.

આ બધા વ્રજવાસીઓ આહિર જ્ઞાતિના છે. આહિર જ્ઞાતિ ફરતી જાતિ છે. સૌએ વૃંદાવન જવાનું નક્કી કર્યું. શ્યામજીએ વૃંદાવન જતાં સુંદર પુષ્પોનો શૃંગાર ધારણ કર્યો. લોકોએ જય જયકાર કર્યો : *વૃંદાવનવિહારીલાલ કી જય.*

શ્યામસુંદર કયા વૃંદાવન પધાર્યા ? આપણે કહીશું કે વ્રજમાં તો એક જ વૃંદાવન છે; પરંતુ વિચારકો કહે છે કે વ્રજમાં ચાર વૃંદાવન છે : એક આદિવૃંદાવન, બીજું મધ્ય વૃંદાવન, ત્રીજું બાગવૃંદાવન અને ચોથું વસંત-વૃંદાવન. ચોર્યાસી કોસના વ્રજમાં પાંચ પાંચ કોસનાં ચાર વૃંદાવન છે. એટલે કુલ વીસ કોસનું વૃંદાવન થયું. આદિ વૃંદાવન એટલે રાધાકૃષ્ણ કુંડથી ચંદ્ર સરોવર સુધીનો પ્રદેશ. મધ્ય વૃંદાવન એટલે બરસાના અને નંદગાઁવવાળો પ્રદેશ. બાગ વૃંદાવન એટલે કામવનનો પ્રદેશ. વસંત વૃંદાવન એટલે જેને આપણે વૃંદાવન કહીએ છીએ તે આજનું વૃંદાવન.

આજના વૃંદાવનનો વિકાસ ઘણાં વર્ષો પહેલાં થયેલો નહોતો. તેનો વિકાસ છેલ્લી ચારેક સદીઓમાં જ થયો છે. ખાસ કરીને શ્રીચૈતન્ય સંપ્રદાયના જીવગોસ્વામી અને રૂપગોસ્વામી જેવા આચાર્યોએ આજના વૃંદાવનનો વિકાસ કર્યો. ભગવાને મૂળ રાસ રચ્યો, તે સ્થાન આદિ વૃંદાવન છે, જેને આપણે ચંદ્ર સરોવર કહીએ છીએ.

નંદબાવા અને તેમના સાગરિતોએ ગોકુળથી જઈને જ્યાં ગાડાં છોડ્યાં તે નંદગાઁવ અને બરસાનાનો પ્રદેશ છે. તે મધ્ય વૃંદાવન કહેવાય છે. ભગવાને કાલિય નાગને જ્યાં નાથ્યો હતો તે આજનું વસંત વૃંદાવન. ભગવાનનો નિત્યરાસ બાગ વૃંદાવનમાં થયેલો, જે સ્થળ કામવન ધામમાં છે. ત્યાં આજે પણ રાસનાં બે સ્વરૂપ શ્રીચંદ્રમાજી અને શ્રીમદનમોહનજી બિરાજે છે.

વૃંદાવનં ગોવર્ધનં યમુનાપુલિનાનિ ચ ।
વીક્ષ્યાસીદુત્તમા પ્રીતી રામમા વયોનૃપ ॥૧૧/૩૬॥

શ્રી શુકદેવજી હવે ભગવાન માટે ‘કૃષ્ણ’ શબ્દ ન વાપરતાં ‘માધવ’ શબ્દ વાપરે છે; કારણ કે ગોકુલમાં બાલલીલા કર્યા પછી હવે ભગવાન વૃંદાવનમાં માધુર્યલીલા કરવાના છે. માધુર્યલીલાના સૂચન માટે **‘મા ધવ’** શબ્દ વાપર્યો. **‘મા’** એટલે લક્ષ્મી અને **‘ ધવ’** એટલે પતિ. અલૌકિક લક્ષ્મીના સ્વામી એ પ્રભુ. અનંત લક્ષ્મી-સ્વરૂપા ગોપિકાઓ અહીં ભગવાન સાથે અનેક રસાત્મક લીલાઓ કરવાનાં છે એનું સૂચન માધવ શબ્દમાં કર્યું.

શ્રી શુકદેવજી અહીં પરીક્ષિતને **‘નૃપ’** શબ્દથી સંબોધે છે. શ્રી શુકદેવજી કહે છે કે જેવી રીતે હસ્તિનાપુરમાં તારી સત્તા ચાલે છે, એવી રીતે આ વ્રજમાં વ્રજવાસી ઠાકોરની સત્તા ચાલે છે. ભલે નંદબાવા નંદગાઁવના રાજા કહેવાય, પરંતુ આખા વ્રજનો સાચો રાજા તો શ્યામસુંદર છે. આવા સત્તાધીશ ભગવાન વૃંદાવનમાં હવે અવનવી લીલા કરવાના છે. દાણચોરી લીલા અહીં થવાની છે. એ લીલામાં ભગવાને વ્રજના રાજા તરીકેની પોતાની સત્તા સિદ્ધ કરી છે. આ બધી લીલાઓનું સૂચન કરવા માટે અહીં નૃપ શબ્દ વાપર્યો.

આ શ્લોકમાં ભગવાનની અનેક લીલાઓનું સૂચન થયું છે. વૃંદાવનમાં અનેક કુંજનિકુંજો છે. યમુનાજીનો શીતળ કિનારો છે. ત્યાં ભગવાને હોળીખેલની લીલા કરી, દોલોત્સવ કર્યો, શ્રાવણમાં ઝૂલે ઝૂલ્યા. આ બધી લીલા કરવા માટે વૃંદાવનની ભૂમિ સુંદર હતી. જ્યારે આપણે નવું ઘર જોવા જઈએ, ત્યારે ભવિષ્યની કલ્પના કરીએ છીએ કે અહીં આપણે આટલું આટલું કરીશું. એવી રીતે ભગવાને વૃંદાવનનાં દર્શન કર્યાં. યમુનાજીનાં દર્શન કર્યાં. ગિરિરાજજીનાં પણ દર્શન કર્યાં અને નક્કી કર્યું કે આ બધી લીલાઓ મારે અહીં કરવાની છે. માટે તો આ બધાં સ્થળો જોઈને ભગવાનને ઘણો આનંદ થયો છે.

સૌએ વૃંદાવનમાં વાસ કર્યો. વૃંદાવનવિહારીલાલ ત્રણ વર્ષના છે. માતાજીને કહે છે, મૈયા ! હું હવે મોટો થઈ ગયો છું. હું વાછરડાં ચરાવવા જઈશ. યશોદાજી હસે છે, લાલા, મોટો થઈને જજે. હજી તો તું માંડ ત્રણ વર્ષનો થયો છે. પ્રભુજી કહે છે, મા ! મારા પિતા ગાયો ચરાવે, કાકા પણ ગાયો ચરાવે, તો હું પણ નાનાં વાછરડાં ચરાવવા જઉં.

ભગવાને જગતને શીખવ્યું કે જ્યારથી તારામાં શક્તિ અને સમજ આવે, ત્યારથી તું તારાં કર્મ કરતો જા. શક્તિ અને સમજણ આવવા છતાં જે પોતાનાં કર્મનો નિભાવ કરતો નથી તે પોતાને માટે, ઘરને માટે અને જગતને માટે બોજારૂપ બની જાય છે. કેટલાક છોકરા ૨૫ વર્ષે પણ, તેમનામાં કમાવાની ત્રેવડ ન હોય, છતાં બાપના પૈસે તાગડધિન્ના કરે છે. શક્તિ અને સામર્થ્ય વધતાં માણસે પોતાને માટે સ્વાશ્રય કરવો જોઈએ.

હવે ગોવિંદજી વાછરડાં ચરાવવા જાય છે. યશોદાજીએ શિખામણ આપી કે લાલા, દૂર જતો નહિ. એક વખત શ્રીકૃષ્ણ વાછરડાં ચરાવવા વનમાં ગયા હતા. ત્યારે વત્સાસુર નામનો એક રાક્ષસ ત્યાં વાછરડાનું રૂપ લઈને ધણમાં ઘૂસી ગયો હતો. મોહનજી સમજી ગયા કે મારાં પાંચ હજાર વાછરડાંમાં આ કોઈ બીજું ઘૂસી ગયું છે. તેમણે દાઉજીને કહ્યું : દાદા, આપણાં વાછરડાંમાં આ એક બીજું તત્ત્વ આવ્યું, ખબર પડી ? જુઓ, આ આપણો વાછરડો નથી. મામાજીએ મોકલેલું રમકડું છે. ગોવિંદજીએ એનો પાછલો પગ પકડીને એને એવો તો જોરથી પછાડ્યો કે તેનું અચ્યુતમ્ કેશવમ્ થઈ ગયું.

ભગવાન સમજાવે છે કે ધર્મના રૂપમાં જ્યારે અધર્મ આવે છે, ત્યારે તેને શોધવો અને સમજવો અઘરો પડે છે. વાછરડાના રૂપમાં જ્યારે વત્સાસુર આવ્યો, ત્યારે ભગવાને તેને ઓળખ્યો. એવી રીતે ઘણી વાર ધર્મના ક્ષેત્રમાં અધર્મ ઘૂસી જાય છે; ત્યારે તે આપણને મૂંઝવી જાય છે. ભગવાન કહે છે કે જ્યાં સુધી તેનો નાશ નહિ થાય, ત્યાં સુધી તમારી ધાર્મિક વૃત્તિઓ જાગૃત નહિ થાય.

વળી થોડા દિવસ વહી ગયા. શ્રીયમુનાજીના કિનારે એક મોટો બગલો આવીને ઊભો રહ્યો. તેનું ડોકું ઘણું ઊંચું હતું, તે નીચું નમાવીને શ્રીયમુનાજીમાં રહેલાં માછલાંને ખાતો હતો. શ્રીઠાકોરજી કહે છે કે વિચાર કરજો, તમે તો ક્યાંક આવા બગલા જેવા નથી ને ? બગલાની બે ચાંચ. એક નીચે છે અને બીજી ઉપર છે. બગલો દંભનું સ્વરૂપ છે. દંભની બે ચાંચો, એકમાં અનૃત-અસત્ય, બીજામાં લોભ. જૂઠ અને લોભ – આ બે જેના જીવનમાં હોય, તેને દંભ કરવાની વૃત્તિ જાગે છે.

આ સફેદ બગલો બધા વ્રજવાસીઓને ખાઈ ગયો. શ્રીઠાકોરજી કહે છે, હવે તું મને ખાય તો ખરો ! બકાસુર મોઢું ફાડીને બેઠો હતો. એના મોઢામાં શ્રીશ્યામસુંદરલાલે પ્રવેશ કર્યો.

તં તાલુમૂલં પ્રદહન્તમગ્નિવદ્
ગોપાલસૂનું પિતરં જગદ્ગુરોઃ ।
ચચ્છદ સોડતિરૂપાક્ષતં બક-
સ્તુણ્ડેન હન્તું પુનરભ્યપ ત ॥૧૧/૫૦॥

ભગવાને બકાસુરના મોંમાં જેવો પ્રવેશ કર્યો કે તેણે મોઢું બંધ કર્યું. મોઢું બંધ કરતાં જ બકાસુરને ગુંગળામણ થવા લાગી. નથી ભગવાનને બહાર કઢાતા, નથી પેટમાં ઉતારાતા. ભગવાને એવી ગુંગળામણ કરી કે તેણે મોઢું ખોલી નાખ્યું. ભગવાન બહાર પધાર્યા. તેમણે બકાસુરની બંને ચાંચો પકડીને, તેને ફાડીને ફેંકી દીધો.

ભગવાન સમજાવે છે કે ભક્તિનો કિનારો દંભથી દૂષિત થાય છે. જ્ઞાનમાં અભિમાન નામનો દોષ, કર્મમાં લોભ નામનો દોષ અને ભક્તિમાં દંભ નામનો દોષ સતાવે છે. ભક્તિ કરતાં કરતાં ક્યાંક આપણામાં દંભ ન ઘૂસી જાય, એની તકેદારી રાખવી જરૂરી છે.

માની લો કે કોઈક વાર થોડો દંભ ઘૂસી ગયો તો શું કરવું ? જેવી રીતે ભગવાને બકાસુરની બે ચાંચો ફાડી નાખી, તેમ તમે તમારી સાચી જાત જગત સામે પ્રગટ કરી દેજો. દંભને તોડવો હોય તો આપણે જેવા હોઈએ તેવા, એક વાર જગત સામે ઊભા રહી જવું જોઈએ.

આજે નવ્વાણું ટકા લોકો ભક્તિની સાથે બગલાવૃત્તિને પણ પોષે છે. પરિણામે તેઓ ભક્તિનો આનંદ અનુભવી શકતા નથી. કદાચ આપણે આપણી જાત જગત સામે પ્રગટ ન કરી શકીએ; કારણ કે એમાં પણ મર્યાદા નડે છે. દુનિયાને સારું દેખાવું ગમે છે, ખોટું દેખાવું ગમતું નથી. પણ જ્યારે આપણને આપણા દંભનું અનુસંધાન થાય, ત્યારે ભગવાનનું નામ-સ્મરણ કરતાં હૃદયને શુદ્ધ કરવું. જેમ બકાસુરના ગળામાં ગોવિંદજી ગયા હતા, તેમ આપણે પણ આપણા ગળામાં ભગવાનને ધારણ કરવા જોઈએ. ભગવાનનું નામ આપણા જીવનના દંભને મટાડી દે છે.

બકાસુરને મારીને લાલાજીની મંડળી યશોદામા પાસે પહોંચી. વ્રજવાસીઓ આનંદમાં આવ્યા. તેમણે યશોદામાને કહ્યું : 'અરી મૈયા, આજ તો શ્યામસુંદરે બકાસુરને આમ ચપટીકમાં ચીરી નાખ્યો' - એમ કહેતાં કહેતાં એક સખાએ યશોદાજીની સાડી બે હાથે પકડીને ચીરી નાખી. તેણે આવેશમાં આવીને આમ કર્યું. યશોદાજીએ

કહ્યું : ભલે તમે મારી સાડી ફાડી, પણ તમને જે આવેશ આવ્યો, તેવો સદા હૃદયમાં સાચવી રાખજો.

દેવોએ દુંદુભિ વગાડ્યાં અને પુષ્પો વેર્યાં. શ્રીકૃષ્ણનો જયજયકાર થયો.

ભગવાને જગતને બતાવ્યું કે ભલે તું થોડી ભક્તિ કર, પણ દંભ વિનાની કર. મને દંભવાળી ભક્તિ ક્યારેય પામી શકશે નહિ. ભલે તમે એક જ માળા ફેરવો, થોડીક જ મિનિટ સેવા કરો, પણ દુનિયાને દેખાડવા કરશો નહિ. તમારી જાતને સુધારવા જે કરવું હોય તે કરો. ઘણાં લોકોને એવી આદત હોય છે કે તેમના ઘેર આવેલાને બતાવે કે જોયું, મારા ભગવાનનું આ મંદિર, કેટલું મોટું અને સુંદર છે!

બકાસુરના વધ સાથે ભગવાનની પાંચ વર્ષની અવસ્થા પૂરી થઈ.

એની વચ્ચે શ્રીભાગવતજીમાં ત્રણ અધ્યાયો પ્રક્ષિપ્ત આવે છે.

■

પ્રકરણ ૨૪

અઘાસુરનો ઉદ્ધાર

શ્રીમદ્ ભાગવતની સરિતા જ્યાં વહેતી હોય તે શ્રીયમુનાજીનો કિનારો છે. આજે આપણે વૃંદાવનમાં કલકલ કરતાં કિલ્લોલિની શ્રીયમુનાજીના કિનારે બેઠાં છીએ. આ યમુનાજીનો કિનારો નિર્દંભ માણસો વસે તો જ સુંદર બને.

દશમ સ્કંધમાં બારમો, તેરમો અને ચૌદમો એ ત્રણ અધ્યાય પ્રક્ષિપ્ત છે. શ્રીમહાપ્રભુજીએ જે પ્રકરણ વિભાગ બતાવ્યા છે, તેમાં આ ત્રણને પ્રક્ષિપ્ત માન્યા છે; છતાં આ ત્રણે અધ્યાયોનો વિષય બહુ સુંદર હોવાથી આપે એ અધ્યાયોનાં સુબોધિનીજી લખ્યાં છે. આ ત્રણ અધ્યાયમાં અઘાસુર વધનો પ્રસંગ, વત્સહરણની લીલા અને બ્રહ્માની સ્તુતિ – આ ત્રણ પ્રસંગ આવે છે.

પ્રક્ષિપ્ત અધ્યાયની શરૂઆત વનભોજનથી થાય છે –

ક્વચિદ્ વનાશાય મનો દ દ્ વ્રજાત્
પ્રાત: સમુત્થાય વયસ્યવત્સપાન્ ।
પ્રબો યચ્છૃઙ્ગરવેણ ચારુણા
વિનિગતો વત્સપુર:સરો હરિ: ॥૧૨/૧॥

આપણા શ્રીબાલકૃષ્ણલાલ પાંચ વર્ષની અવસ્થાના થયા. ત્રણ વર્ષની અવસ્થાથી આપે વત્સચારણલીલાનો પ્રારંભ કર્યો છે. એક દિવસ સખામંડળી ભેગી મળી. તેઓ શ્યામજીને વીનવે છે, મહારાજ! રોજ અમે તમને જગાડવા આવીએ છીએ; તો કોઈક વાર તમે અમને જગાડવા ન આવો ? લાલાજી હસે છે : દોસ્તો! હું તમને જગાડી શકું, પણ મને જગાડવાનું સામર્થ્ય તમારામાં ખરું ?

ઈશ જીવને જગાડી શકે, પણ જીવ ઈશને જગાડી શકે ખરો ? આ વેદાન્તનો પ્રશ્ન છે. ભગવાન અંતર્યામી છે, ઈશ્વર છે, બ્રહ્મ છે, પરમાત્મા છે. એમની પાસે કેટલું સામર્થ્ય છે ! જીવ ભલે ને કુંભકર્ણની નિદ્રામાં સૂતો હોય, પણ ભગવાન ધારે તો તેને એક ચિમટો ભરીને જગાડી દે. જીવ ઘોર અજ્ઞાનમાં પડ્યો હોય, પણ જેના પર જગદીશની કૃપા ઊતરે છે, તે કરોડો જન્મોની નિદ્રા ત્યજીને જાગૃત થાય છે.

ઘણી વાર મને વિચાર આવે છે કે આપણે ખરેખર જાગીએ છીએ કે ઊંઘીએ છીએ ? કોઈક વાર એવું લાગે છે કે હું જાગી ગઈ છું. કંઈક જોઉં છું અને અરુણોદયનો

અનુભવ કરું છું. ક્યારેક દિવસે અમાસની રાત દેખાતી હોય એવો અનુભવ થાય છે. કોઈ ઘડી જાગૃતિની લાગે છે, તો કોઈ ઘડી નિદ્રાની લાગે છે. જે ક્ષણે આપણામાં સત્ત્વગુણનો આવિર્ભાવ થાય, તે ક્ષણે જાગૃતિનો અનુભવ થાય. જે ક્ષણે તમોગુણનો આવિર્ભાવ થાય, તે ક્ષણે નિદ્રાનો અનુભવ થાય છે. તમોગુણ વધે ત્યારે જીવનમાં ત્રણ વસ્તુ આવે છે : **તન્દ્રા, નિદ્રા અને આળસ.** ત્યારે જીવનમાં સદ્પ્રવૃત્તિ કરવાની આળસ વધે. કરવા જતાં હમણાં થોડી વાર પછી કરીએ છીએ, એવી તન્દ્રા આવે અને ક્યારેક તો કરવાની વૃત્તિ જ ન જાગે. આ તમોગુણનાં લક્ષણ છે, એમ જાણવું.

રજોગુણ મધ્યમ છે અને સત્ત્વગુણ તો સૂઈ જ ગયો છે.

આજે તો વ્રજવાસી મિત્રો પ્રભુને ઊંધી વાત કરે છે. એમણે કહેવું જોઈએ કે શ્યામસુંદર, તું રોજ અમને જગાડે છે. કોઈક વાર એવું સામર્થ્ય આપ કે અમે તને જગાડીએ. શ્રીભાગવતજીમાં એક પ્રસંગ એવો છે કે જેમાં ભગવાનને જગાડવાની જરૂર પડી. તે છે શ્રુતિગીતાનો પ્રસંગ. પ્રલય થઈ ચૂક્યો છે. પ્રભુજી શેષશાયી બની પોઢ્યા છે. પુન:સર્જન કરવા ઉપનિષદની ઋચાઓ ભગવાનને જગાડે છે. હે પ્રભુજી! જે જગતમાં તમારો વિલાસ હતો, તે જગતમાં ફરી તે વિલાસ અને પ્રકાશ કરો. આપ અખિલ વિશ્વને અંતરમાં સમાવીને સૂતા છો, તો ફરી તેને અભિવ્યક્ત કરો.

આવી જ કંઈક વૃત્તિ વ્રજવાસી બાળકોનાં હૃદયમાં જાગી છે. શ્યામસુંદર, રોજ તું અમને જગાડે, આજે અમે તને જગાડીએ. ભગવાન કહે છે, મિત્રો ! તમારી એ વાત તો હું માની લઈશ, મને જગાડજો. વ્રજવાસી બાળકો શ્યામસુંદરને જગાડવા ગયાં. લાલાજી યશોદામાની ગોદમાં મસ્તક ધરીને સૂતા છે. દ્વાર ઉપર જઈ વ્રજબાળકો ગાય છે, **'મંગલં મંગલં વ્રજભૂમિ મંગલમ્.'**

તેઓ લાલાજીને જગાડે છે, *'જાગિયે ગોપાલલાલ કીજિયે કલેવા.'* વળી બીજું પદ ગાય છે, *'છગનમગન પ્યારે લાલ, કીજિયે કલેવા.'* આપણા નટખટ નંદકિશોર આટલા બધા સખાઓ જગાડવા આવ્યા તોય જાગતા નથી. એવા ટૂંટિયું વાળીને સૂતા છે કે આંખો ખોલતા જ નથી. ત્યાં તો ગોપીઓના ઘંટડી જેવા કંઠ રણકી ઊઠ્યા: ***'તમચર બોલે, ખગચર ડોલે, ઊઠો રે લાલા.'*** મોહનજી કહે છે, આજે મારે જાગવું જ નથી. કોઈ રીતે ગોવિંદજી જાગતા નથી.

સખાઓએ એક કરામત કરી. મિત્રો, આપણા શ્યામસુંદરને ગાયો બહુ ગમે છે. ગાયોને પકડી પકડીને નંદાલયના દ્વાર ઉપર લાવ્યા. ગાયોએ મસ્તક હલાવીને

ુભવ થાય
આપણામાં
ામોગુણનો
. જીવનમાં
ા કરવાની
ન્દા આવે
મ જાણવું.

જોઈએ કે
અમે તને
ગાડવાની
ાથી બની
હે પ્રભુજી!
કાશ કરો.
યક્ત કરો.
ું-દર, રોજ
તમારી એ
જગાડવા
ઈ વ્રજ-

ી બીજું
ંદકિશોર
ને સૂતા
ક ઊઠ્યા:
ાર જાગવું

બહુ ગમે
હલાવીને

ઘંટડીઓનો જ્યાં રણકાર કર્યો, ત્યાં કનૈયાલાલ ઝટ બેઠા થઈ ગયા. માટે આપણે શ્રીઠાકોરજીને ઘંટડી વગાડીને જગાડીએ છીએ.

ભગવાન કહે છે, હું ગોવાળિયો છું. ત્રણ વર્ષથી માતા પાસે વાછરડાં ચરાવવાનું વ્રત લીધું છે. આમ તો મને ઊંઘ આવે છે, પણ મારી ફરજ મને જગાડે છે. ભગવાન કહે છે, જો હું મારી ફરજથી જાગતો હોઉં, તો તમે તમારી ફરજથી કેમ ન જાગો? માનવીને જ્યારે જીવનમાં ફરજનો દૃષ્ટિકોણ મળે, ત્યારે તેનામાં જાગૃતિ આવે છે.

સખામંડળી કહે છે, શ્યામસુંદર ! અમે તને જગાડતાં તો હારી ગયા, થાકી ગયા. હવે એક દિવસ તું અમને જગાડ. ભગવાન કહે છે, આમ તો હું રોજ તમને જગાડું છું. જો હું સૂર્ય ન મોકલું, તો તમારી આંખ ક્યાંથી ખૂલશે ? જો હું તમારામાં સંચાલિત ન બનું, તો તમારું શરીર જાગૃત ક્યાંથી થવાનું છે ? જગતને જગાડવાનું કામ તો હું જીવનભર કરતો રહ્યો છું. આજે હું તમને પ્રત્યક્ષ જગાડીશ.

વ્રજવાસીઓને જગાડવા માટે જગદીશે એક નવું ઍલાર્મ તૈયાર કર્યું. તે વખતે આવી ઘડિયાળો કે ઘંટડીઓ ન હતી. મોહનજીએ રણશિંગું લીધું. વિચાર કર્યો કે મુરલી વગાડું કે શીંગડું વગાડું ? મુરલી વગાડીશ તો જે જાગતા હશે તે ઊંઘી જશે. એનો સ્વર જ એવો મીઠો છે. મુરલીનું આકર્ષણ જ એવું છે કે જે તેને સાંભળે છે તે ખોવાઈ જાય છે. એમાં જે ડૂબે છે તે પાછો નીકળતો નથી. મોરલીના તાનમાં જ ભાન ભુલાવવાની શક્તિ છે. માટે ગોપીઓ વાંસળી સાંભળતાં જ્યારે ઘરનું કામ કરી શકતી નથી, ત્યારે ગોવિંદજીને કહે છે કે મહારાજ, તમારી આ વાંસળી હવે બંધ કરો. કમ-સે-કમ અમે રાંધતાં હોઈએ, ત્યારે તો તે ન જ વગાડો. શ્યામજી પૂછે છે, મારી મુરલીએ તમારું શું બગાડ્યું છે ? ગોપિકાઓ કહે છે, તે સાંભળીને અમે તો રડીએ, પરંતુ અમારા લાકડાં પણ રડે છે. પરિણામે આગ સળગે નહિ, ધુમાડો જ થાય. ન રસોઈ થાય, ન ધુમાડો સહાય; માટે મોહનજી ! અમે રસોઈ બનાવીએ, ત્યારે તમારી મુરલી ન વગાડો. તમારી મુરલી એવી કામણગારી છે.

આથી આજે કનૈયાલાલે વિચાર કર્યો કે મુરલી તો નથી જ વગાડવી. તેમણે શીંગડું વગાડવાનો વિચાર કર્યો. તેના અવાજથી ઊંઘતા જાગી જશે. શ્યામજીની સખામંડળીમાં અનેક સખાઓ છે. તેમણે શીંગડામાં એક એક નામ કહીને જગાડવા માંડ્યા. સખાઓ જાગતા જ પડેલા હતા. જેવું રણશિંગું ફૂંકાયું, એવા સખાઓ ચાદરો ફેંકી ફેંકીને બેઠા થઈ ગયા. ટોળું વળીને નંદાલય પાસે પહોંચી ગયા.

ગોવાળિયાઓએ કહ્યું, લાલા ! તારા જેવાં નખરાં અમને આવડતાં નથી. શ્યામજી કહે છે, મિત્રો ! હજી તો આપણે મોં ધોયું નથી, સ્નાન કર્યું નથી, સીધેસીધા વનમાં જઈશું; પણ ત્યાં ખાઈશું શું ? મિત્રો હસીને કહે છે, કનૈયા ! અમારી મા નાસ્તો બાંધી આપશે, તે બગલમાં મારી લઈશું અને ત્યાં જઈને ખાઈશું.

બધા સખા માતાઓએ આપેલો જુદો જુદો નાસ્તો લઈ, તેનાં શીંકાં બાંધી, બગલમાં મારીને નાહ્યા-ધોયા વિના જ નીકળી પડ્યા. આ મંડળી કંઈ વનમાં સીધી રીતે જાય ? તોફાન તો કરે જ ! ગોવિંદજી દોડતા દોડતા દૂર નીકળી જાય. પાછળ હરીફાઈ ચાલે. હું પહેલો જાઉં, હું પહેલો જાઉં. કોઈક વાર શ્યામજી ઠુમક ઠુમક ચાલીને જાય, તો સખાઓ પણ એવી રીતે ચાલે.

કેચિદ્ વેણૂન્ વાદયન્તો ધ્માન્ત: શૃઙ્ગાણિ કેચન ।
કેચિદ્ ભૃઙ્ગૈ: પ્રગાયન્ત: કૂજન્ત: કોકિલૈ: પરે ॥૧૨/૭॥

તુલસીજીનું વન આવ્યું. આ વનમાં તુલસીજીના છોડ પર ભ્રમરો ગુંજારવ કરતા હતા. શ્યામજીને થયું : લાવો ને, હું પણ ભમરાની બોલી બોલું. લાલાજીને દરેકના અવાજ કાઢતાં આવડે. તેમણે ભ્રમરોની જેમ નાકથી ગણગણાટ કર્યો. વળી કોઈક વાર આંબાની ડાળે બેઠેલી કોયલની જેમ કુહૂ કુહૂ કરીને ટહૂકો કરે. શ્યામજી સખાઓને કહે છે, આ કોયલને ચીડવવા માટે તમે એના જેવો જ અવાજ કાઢો; એટલે તે વધારે બોલશે. બધા સખાઓ વારાફરતી કોયલનો ટહૂકો કરવા લાગ્યા.

આખું વન ટહૂકાઓથી ગૂંજી ઊઠ્યું. એના પડઘાથી ચારે બાજુના વિસ્તારોમાં રહેલી કોયલો બોલવા લાગી. કલ્પના કરો એ દૃશ્ય, કેટલું સુંદર હશે! જ્યારે પ્રાત:-કાળે અરુણોદય થતો હશે, શીતળ પવનની ઝીણી ઝીણી લહરો આવતી હશે, આખા વૃંદાવનમાં કોયલો જ કોયલો બોલતી હશે –

વિચ્છાયાભિ: પ્રધાવન્તો ગચ્છન્ત: સાધુ હંસકૈ: ।
બકૈરૂપવિશન્તશ્ચ નૃત્યન્તશ્ચ કલાપિભિ: ॥૧૨/૮॥

વૃંદાવનમાં ક્યાંક જળનાં નાનાં ખાબોચિયાં ભરેલાં છે. ત્યાં કેટલાક નાના બગલા ઊભા છે. તેમાંના કેટલાક ડાબી ડોકથી ચાલે છે. શ્યામજી આ બગલાની નકલ કરે છે. તેઓ એક પગ ઊંચો કરી, મોં આમતેમ હલાવતા ચાલવા લાગ્યા. લાલાજીની પાછળ તેમના સખાઓ પણ એ રીતે ચાલવા લાગ્યા.

લાલ મોઢાવાળા બંદર લાંબી પૂંછડી લટકાવી ઝાડ પર બેઠા હતા. પ્રભુજી કહે છે, આમનાં પૂંછડાં પકડીને એક ઝાડથી બીજે ઝાડ કૂદો. તેમણે વાંદરાનું પૂંછડું પકડી લીધું અને બીજા ઝાડ પર કૂદકો માર્યો. આમ, શ્યામજી પ્રકૃતિની ગોદમાં પોતાનો આનંદ પ્રગટ કરી રહ્યા છે. શ્યામજીએ જગતને શીખવ્યું કે પુસ્તકોમાંથી જે શિક્ષણ મળતું નથી, તે પ્રકૃતિમાંથી મળે છે. પ્રકૃતિને વાંચતાં આવડે, તો માણસના જીવનમાં આનંદની છોળો ઊછળે. ગુલાબનું પુસ્તક વાંચો, એના કરતાં પ્રત્યક્ષ ગુલાબને છોડ પર જુઓ, તો ઘણો આનંદ આવશે. પ્રત્યક્ષ જ્ઞાન મનમાં વધારે સ્થિર બને છે.

શ્યામસુંદરલાલે દુનિયાની ચીલાચાલુ વાતોનો કદી સ્વીકાર કર્યો નથી. એ પ્રતિભા એવી હતી કે તે દુનિયાની સાથે નહોતી ચાલતી, પણ દુનિયાને પોતાની સાથે ચલાવતી હતી. તેથી મોહનજી પાઠશાળાએ જવાને બદલે પ્રકૃતિની ગોદમાં શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. આગળ ઉપર સાંદીપનિ મુનિના ઘેર પણ તેઓ માત્ર ચોસઠ દિવસ જ અભ્યાસ કરવાના છે. ચોસઠ દિવસમાં તેમણે સાંદીપનિ મુનિને ખાલી કરી નાખ્યા. મુનિ પાસે ભણાવવા જેવું કશું બાકી રહ્યું નહિ.

ગોવિંદજી આમ આનંદ-કિલ્લોલ કરતા, ગાયોને લઈને યમુના-કિનારે પધાર્યા.

ઈત્થં સતાં બ્રહ્મસુખાનુભૂત્યા
દાસ્યં ગતાનાં પરદૈવતેન ।
માયાશ્રિતાનાં નરદારકેણ
સાકં વિજહુઃ કૃતપુણ્યપુઞ્જાઃ ॥૧૨/૧૧॥

શ્રી શુકમુનિ કહે છે: આમ બ્રહ્મસુખની અનુભૂતિ ભગવાને નરદારક બનીને કરાવી. તેઓ કેવળ મનુજ-બાળક બન્યા હતા; પરંતુ અનુભૂતિ કરાવતા હતા બ્રહ્માનંદની. એથીયે આગળ જ્યારે તેમને બહુ જ આનંદનું દાન કરવાની ઇચ્છા થાય, ત્યારે ભજનાનંદની અનુભૂતિ કરાવતા હતા. આ પ્રમાણે બાળપણ વીતી રહ્યું છે.

પ્રભુજી વિચાર કરે છે, રોજ રોજ મીઠાઈ ખાવાથી અપચો થઈ જાય. માટે થોડી ચટણી પણ પીરસવી પડે! માટે ભગવાને આ આનંદની લીલામાં વિઘ્ન લાવ-નારો અઘાસુર મોકલી આપ્યો. આ સર્વ ભગવદિચ્છાથી થઈ રહ્યું છે. ભગવાન દુઃખ આપીને દુઃખની નિવૃત્તિ કરે છે. ક્યારેક ભગવાન સામે ચાલીને સુખનું દાન કરે છે.

શ્રીમહાપ્રભુજીએ બે પુરુષાર્થ બતાવ્યા –

'દુઃખાભાવ સુખં ચેતિ પુરુષાર્થ દ્વયં મતઃ ।' દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ એ બે પુરુષાર્થ છે. બીજા બધા પુરુષાર્થો આમાં સમાઈ જાય છે.

આપણને પ્રશ્ન થશે કે દુઃખનો અભાવ એ જ સુખ નહિ? અને સુખ એટલે દુઃખનો અભાવ નહિ? ના, બંને સ્થિતિ જુદી જુદી છે. દુઃખનો અભાવ કહેતાં શાંતિનો અનુભવ કરીએ છીએ? 'સુખ' શબ્દ વાપરતાં આનંદનો અનુભવ કરીએ છીએ ? આપણી પડોશમાં એક લડકણી બાઈ છે. તે સવારથી મહાસરસ્વતી બોલવાની શરૂઆત કરે. આપણે તેનાથી કંટાળી જઈએ. એક દિવસ તે બાઈને બહારગામ જવાનું થયું. આપણે સવારે ઊઠ્યાં. જોયું કે આજે આપણી સાથે લડનારું કોઈ નથી. આપણને હાશ થઈ. આનું નામ દુઃખાભાવ. આમાં સુખ નથી, શાંતિ જરૂર છે.

એ જ દિવસે, વર્ષો પછી અતિ જિગરજાન એક મિત્ર મળવા આવ્યો. અત્યાર સુધી નિરાંતનો અનુભવ કરતાં હતાં. મિત્ર આવતાં આપણે સુખનો અનુભવ કર્યો. ભગવાન પણ આમ બંને પ્રકારના અનુભવ કરાવે છે. તેમણે સખાઓને છાકલીલા દ્વારા આનંદનો અનુભવ અને અઘાસુર-વધ દ્વારા દુઃખાભાવનો અનુભવ કરાવ્યો.

વ્રજમાં અઘાસુર આવ્યો. તેનું બહુ સુંદર વર્ણન ભાગવતજીમાં છે :

અથાઘનામાભ્યપતન્મહાસુર-
સ્તેષાં સુખક્રીડનવીક્ષણાક્ષમઃ ।
નિત્યં યદન્તર્નિજજીવિતેપ્સુભિઃ
પીતામૃતૈરપ્યમરૈઃ પ્રતીક્ષ્યતે ॥૧૨/૧૩॥

જેનામાં બીજાના સુખને જોવાની ક્ષમતા ન હોય, તે અઘાસુર કહેવાય. બીજાના સુખને જે જીરવી ન શકે તે પાપી કહેવાય. બીજાના ઉત્કર્ષને જોઈને બળતાં પાપની શરૂઆત થાય છે. એ બળતરા પોતાની પાછળ બીજાં અનંત પાપોને નોતરી લાવે છે. એનાં જુદાં જુદાં નામ છે – જેમ કે ***અસૂયા, ઈર્ષા, મત્સર***.

અઘાસુર બહુ મોટો અજગર બનીને આવ્યો છે. અજગર કાળો, કાબરચીતરો એમ ઘણા રંગનો હોય છે. આ શ્યામ અજગર છે. તેનામાં ઘણું ઝેર ભરીને આવ્યો છે. આ અઘાસુર '**બકીબકાનુજઃ**' છે. બકી એટલે પૂતના. બક એટલે બકાસુર. એ બંનેનો ભાઈ છે. પાપવૃત્તિ બે વૃત્તિમાંથી જન્મે છે : સર્વ પ્રથમ માનવના અંતઃકરણને અવિદ્યાનું આવરણ લાગે છે, એટલે પૂતનાનું આવરણ–અવિદ્યાનું આવરણ થતાં

સ્વરૂપનું અનુસંધાન ભુલાઈ જાય. ત્યારે માણસ હું કોણ એ ભૂલી જાય છે. દુનિયામાંથી ન ઓઢવા જેવો જૂનો અંચળો ઓઢી લે છે. તેનું સ્વરૂપ સંતાઈ જવાથી તેનામાં દંભ જાગે છે. પહેલાં અવિદ્યા, પછી દંભ, એની પાછળ પાપ ઘસડાતું આવે છે.

શ્રીશુકદેવજી મહારાજની લેખિનીમાં અઘાસુરનું બહુ સુંદર વર્ણન છે.

ધરાધરોષ્ઠો જલદોત્તરોષ્ઠો
દર્યાનનાન્તો ગિરિશૃઙ્ગદંષ્ટ્રઃ ।
ધ્વાન્તાન્તરાસ્યો વિતતાધ્વજિહ્વઃ
પરુષાનિલશ્વાસદવેક્ષણોષ્ણઃ ॥૧૨/૧૭॥

એનો એક હોઠ આકાશને અને બીજો હોઠ પૃથ્વીને લાગેલો છે. કેટલું મોટું મોઢું ફાડ્યું હશે, એની કલ્પના કરતાંય બે ઘડી ધ્રૂજારી આવી જાય. આ એમ સૂચવે છે કે પાપનો સ્પર્શ ઉપરથી લઈને બધે સુધી છે. પાપનો સ્પર્શ બ્રાહ્મણને પણ છે અને શૂદ્રને પણ છે. શ્રીમંતને પણ છે અને ગરીબને પણ છે. રાજામાં પણ છે અને પ્રજામાં પણ છે. મહેલથી લઈ ઝૂંપડા સુધી અને ઉપરથી લઈને નીચે સુધી સર્વત્ર પાપનો સ્પર્શ છે. બીજી રીતે જોઈએ તો માથાથી લઈને પગ સુધી સર્વત્ર પાપનો સ્પર્શ છે.

અઘાસુરની ઘણી લાંબી જીભ છે. તેનો વિસ્તાર યોજનો જેટલો છે. જાણે લાલ માટીનો રસ્તો હોય એવી પથરાયેલી છે. પાપી માણસની જીભ બહુ લાંબી હોય. તે બોલવામાં કંઈ બાકી રાખે નહિ. પાપી ન બોલવાનું બોલે છે. આ પાપની દૃષ્ટિ છે. અઘાસુરના મોંમાં મોટી મોટી દાઢો છે. શ્રીશુકદેવજી કહે છે, એ દાઢ શ્રીગિરિરાજજીની શિલાઓ કરતાં પણ મોટી છે. અઘાસુર આ દાઢોથી ચાવવાનું કામ કરે છે. અઘાસુર માણસોના માણસો ચાવી જાય છે. પાપી માણસ જેને તેની દાઢમાં લે તેને ચાવી જાય. અઘાસુરની આંખો ધગધગતા અંગારા જેવી છે. કરોડો સૂર્યનો પ્રકાશ બાળતો હોય તેવી છે. પાપી માણસની આંખો વાસનાથી બળે છે. ચિંતાથી બળે છે. ક્લેશથી બળે છે, દ્વેષ અને વેરથી પણ બળે છે. પાપી માણસની આંખમાં ઘણું ઝેર હોય છે. જ્ઞાની માણસની આંખનું તેજ પાપીના પાપને બાળનારું હોય છે. પાપીનું તેજ તેને બાળે છે અને બીજાને પણ બાળે છે.

આથી પણ અઘાસુરમાં વધારે ખરાબ એ હતું કે તે એક શ્વાસ લે, ત્યારે કોઈએ આપણને જોરદાર થપ્પડ મારી હોય એવું લાગે. એના નાકમાંથી અગ્નિની જ્વાળા નીકળતી હોય એવું લાગે. એના શ્વાસેશ્વાસમાં બીજાને બાળીને ભસ્મ કરવાની વૃત્તિ

હતી. જે પોતાનો સ્વાર્થ સાધવા આખી દુનિયાને ભરખી જાય તે પાપી છે. ભગવાન કહે છે, વ્રજમાં તો એક જ અઘાસુર આવ્યો હતો, પરંતુ કલિયુગમાં તો મહોલ્લે મહોલ્લે અને લત્તે લત્તે આવા અઘાસુરો પડ્યા છે. ભગવાનની પાકી શરણાગતિ વિના અઘાસુરના મુખમાંથી કોઈ બચી શકતું નથી.

અઘાસુરને જોઈને સખાઓ પૂછે છે, લાલા! શું આ કોઈ ગિરિરાજજીની શિલા પડી છે ? લાલાજી કહે છે, ના. કેટલાક સખાઓએ કહ્યું, આ કોઈ મોટી ગુફા લાગે છે, ચાલો એમાં જઈએ. બીજા કહે છે, મિત્રો એમાં જવાથી બળીને ભસ્મ થઈશું. એકે કહ્યું : આપણી સાથે આપણા શ્યામસુંદર છે, પછી ડર શાનો ? જેની સાથે પ્રભુજીની પ્રેરણા હોય છે, તેની સામે હજારો અઘાસુરો આવે તોયે તેનું કંઈ બગાડી શકતા નથી. પૂર્ણ શરણાગતિવાળા શ્યામસુંદરના સખાઓ અઘાસુરના મુખમાં પ્રવેશ્યા. ભગવાન સમજાવે છે કે તું પાપથી ડરીશ નહિ. તારી પાછળ હું ઊભો છું. વિશ્વાસ રાખી, તારો પંથ કાપતો ચાલ્યો જા. તારા માર્ગમાં કાંટા અને કાંકરા આવશે. તારા માર્ગમાં પાપના પડછાયા પણ આવશે. પરંતુ તમારી પાછળ હું છું. તને હું બચાવીશ.

શ્રીશુકદેવજી કહે છે : રાજા, તું પણ સાંભળ અને આપણને કહે છે, તમે પણ શ્રવણ કરો. આ મોહન કેવળ વ્રજવાસીઓને અભય આપનારા નથી. તેઓ સકળને અભયનું દાન આપનારા છે. અહીં **'સકળ'** શબ્દથી કેટલા લોકો સમજવાના છે ? કારણ કે જો ભગવાન સૌને અભયનું દાન આપતા હોય, તો જેમને સાપ કરડે, વાઘ-સિંહ ફાડી ખાય, તે બધાં મરવાં જોઈએ નહિ. 'સકળ' શબ્દ મુજબ જો આખી દુનિયાને અભય મળે, તો દુનિયામાં ડર જેવો પદાર્થ જ રહે નહીં.

આથી ટીકાકારોએ આ શબ્દનો બહુ સુંદર અર્થ કર્યો. 'સકળ' એટલે જેમણે ભગવાનની પાકી શરણાગતિ સ્વીકારી છે એ બધાંને ભગવાન અભય આપનારા છે. આપણા પક્ષે શરણાગતિ જોઈએ, તો જ ભગવાનના પક્ષે અભયદાનની વૃત્તિ થાય. એક વાર તું પ્રપન્ન બન. એમ ગોવર્ધનલીલામાં ગોવિંદજી કહે છે. ગીતાજીમાં પણ કૃષ્ણ કહે છે : સર્વ પાપથી તને અભયદાન આપીશ. એક વાર જે પ્રપન્ન બને છે એને હું સર્વ પાપોથી મુક્ત કરું છું.

આપણને પ્રશ્ન થશે કે શું શરણાગતિ કાચી અને પાકી બંને પ્રકારની હોય ? આપણે કાચી અને પાકી શરણાગતિનો તફાવત જોઈએ. એક ભાઈને હાર્ટઍટેક

થયો. પતિપત્ની ઘણાં ધાર્મિક. પત્નીએ ભગવાન ઉપર ભરોસો રાખીને પતિની ખૂબ સેવા કરી. તેમણે ભગવાનને કહ્યું : મને ખાતરી છે કે તું મને વૈધવ્ય નહિ આપે, મારા પતિ જરૂર સાજા થશે.

એક દિવસ તેમનો એક મિત્ર મળવા આવ્યો. તેમણે મિત્રને કહ્યું, ભગવાનની દયાથી હું બચી ગયો. પેલી બાઈની આંખમાં આંસુ આવી ગયાં કે મારા ઘેર બાલકૃષ્ણજી બિરાજે છે. મારા બાલકૃષ્ણજીની કૃપાથી મારા પતિ બચી ગયા. બંને સરખું જ વિચારે છે, પણ બંનેના ભાવ સમજવા જેવા છે.

થોડા સમય પછી પતિએ કહ્યું, દોસ્ત ! ભગવાન તો મદદ કરે જ છે; પરંતુ આ ગામમાં મારા ડૉક્ટર બહુ હોશિયાર છે. તેમણે મારી સારી ટ્રીટમેન્ટ કરી, તેથી હું સાજો થયો. સોળ આની શરણાગતિમાંથી ચાર આની ડૉક્ટર ખાઈ ગયો. વળી તેણે કહ્યું, ડૉક્ટરની ટ્રીટમેન્ટ તો સારી હતી જ, પરંતુ મેં જો ચરી ન પાળી હોત, તો હું બચવાનો નહોતો. બીજી ચાર આની ચરી ખાઈ ગઈ. એણે કહ્યું, મારી સ્ત્રી દેવી છે. તેણે મારી સેવા ન કરી હોત, તો હું બચવાનો નહોતો. ચાર આની એની સ્ત્રી ખાઈ ગઈ. પતિએ ભગવાન પર માત્ર ચાર આની શરણાગતિ રાખી.

હવે એની પત્ની શું કહે છે ? તે હાથ જોડીને કહે છે કે ભાઈ ડૉક્ટર દવા તો ક્યાંથી કરે ? મારા પતિ ચરી પણ ક્યાંથી પાળવાના અને હું પણ તેમની સેવા ક્યાંથી કરું; જો અમને ત્રણેને પ્રભુએ સદ્બુદ્ધિ ન આપી હોત તો ! આ બધાનું કારણ કેવળ મારા શ્રીબાલકૃષ્ણની કૃપા છે. અમારા પ્રભુ અમારું કદી અહિત ન કરે; છતાં અમારું કંઈક બગડતું હોય તો તેમાં પણ ભગવદિચ્છા જ છે. **'નિજેચ્છાતઃ કરિષ્યતિ'** ભગવાનને જેમ ગમે તેમ કરે. હું પ્રભુની છું. મને ખાતરી છે કે પ્રભુ મને કોઈક વાર પ્યાર કરશે અને કોઈક વાર મારશે. પરંતુ મને ખ્યાલ છે કે મારો સ્વીકાર કર્યો છે, તો મને તરછોડશે નહિ. આ પાકી શરણાગતિ.

અઘાસુરના મોઢામાં જવા માટે એ વ્રજવાસી બાળકો તૈયાર થયાં, જેમને શ્યામસુંદર માટે પૂર્ણ વિશ્વાસ હતો. માટે શ્રીશુકદેવજી કહે છે :

તાન્ વીક્ષ્ય કૃષ્ણઃ સકલાભયપ્રદો
હ્યનન્યનાથાન્ સ્વકરાદવચ્યુતાન્ ।
દીનાંશ્ચ મૃત્યોજઠરાગ્નિઘાસાન્
ઘૃણાદિતો દિષ્ટકૃતેન વિસ્મિતઃ ॥૧૨/૨૭॥

શ્રીશ્યામસુંદર સિવાય તેમનો કોઈ સ્વામી નથી. *'એક વર્યો શ્રીગોપીજનવલ્લભ, નહિ સ્વામી બીજો મારે.'* આવો અનન્યતાનો દૃષ્ટિકોણ જેમણે કેળવ્યો છે અને જેમની પ્રભુએ સ્વયં રક્ષા કરી છે, એમની રક્ષા કરવાને આજે શ્રીશ્યામસુંદર અઘાસુરના મુખમાં પ્રવેશ કરવાની તૈયારી કરે છે.

પ્રભુજીએ અઘાસુરના મોઢામાં પ્રવેશ કર્યો. તેનો ગળા સુધી અટકેલો પ્રાણ ગૂંગળાઈ ગયો. જે અઘાસુર વ્રજમંડળમાં ઝેર લઈને ફૂંફાડા મારતો આવ્યો હતો, જે બકી અને બકનો ભાઈ હતો, તેના પ્રાણ જોતજોતાંમાં ગૂંગળાઈ બ્રહ્મરંધ્ર ફાડી બહાર નીકળી ગયા. શ્રીશ્યામસુંદર તો હજી તેના ગળામાં જ બિરાજે છે. અઘાસુરની આત્મજ્યોતિ પ્રભુજીનાં ચરણારવિંદમાં પ્રવેશ કરવા માટે વાટ જોઈ રહી હતી –

પીનાહિભોગોત્થિતમદ્ભુતં મહદ્-
જ્યોતિ:સ્વધામ્ના જ્વલયદ્ દિશો દશ ।
પ્રતીક્ષ્ય ખેઽવસ્થિતમીશનિર્ગમં
વિવેશ તસ્મિન્ મિષતાં દીવૌકસામ્ ॥૧૨/૩૩॥

સ્વર્ગના દેવો જોઈ રહ્યા છે. ભગવાન અઘાસુરના શરીરમાંથી બહાર પધાર્યા, ત્યારે તેની પ્રતીક્ષા કરતી આત્મજ્યોતિ પ્રભુજીનાં ચરણારવિંદમાં પ્રવિષ્ટ થઈ.

રાજાના મુખ પર કદાચ સંશયનાં વાદળો છવાઈ ગયાં હતાં. તેમને વિચાર આવ્યો હશે કે આવા પાપી અઘાસુરને ભગવાને પોતાનાં ચરણારવિંદમાં સમાવી લીધો ? પાપીને પાપની સજા મળવાને બદલે ક્ષમા મળી? જો દુનિયામાં આમ પાપીને ક્ષમા મળશે, તો બધા એમ જ કહેશે કે અમે પાપ કરીશું અને ભગવાન અમને ક્ષમા આપી દેશે. આથી શ્રીશુકદેવજીએ રાજાના મનનું સમાધાન કરતાં કહ્યું :

સકૃદ્ યદઙ્ગપ્રતિમાન્તરાહિતા
મનોમયી ભાગવતીં દદૌ ગતિમ્ ।
સ એવ નિત્યાત્મસુખાનુભૂત્યભિ-
વ્યુદસ્તમાયોઽન્તર્ગતો હિ કિં પુનઃ ॥૧૨/૩૯॥

એક વાર જેણે ભગવાનનું દિવ્ય સ્વરૂપ પોતાની મનોમયી ભૂમિકામાં પધરાવી દીધું છે અને એમના સ્પર્શથી જો એ જીવાત્માને ભાગવતી ગતિ પ્રાપ્ત થતી હોય, તો આજે તો અઘાસુરના દેહમાં સાક્ષાત્ શ્રીશ્યામસુંદર પ્રવિષ્ટ થયેલા છે. કોઈ યોગીની ધ્યાનભૂમિમાં ક્વચિત્ ધ્યેયાકારમાં ચિત્તવૃત્તિ લાગી જાય, તોયે એના અનંત જન્મોનાં

પાપો નિવૃત્ત થઈ જાય છે. એ વાત ઉદ્ધવજીએ આગળ દશમ સ્કંધમાં કહી છે. ક્ષણ વાર પ્રભુની એ મૂર્તિ ચિત્તમાં સ્થિર થઈ જાય, તો યોગાગ્નિથી સંતપ્ત બનેલો એ જીવ લિંગદેહમાંથી મુક્ત થઈને ભગવાનની પાસે જાય છે.

આ પ્રસંગની કથા કરતાં કરતાં શ્રીશુકદેવજીને સમાધિ લાગી ગઈ. શ્રીભાગવતજીમાં બે વાર શુક મુનિને સમાધિ લાગી. એક વાર અઘાસુરના પ્રસંગે અને બીજી વાર સુદામાના પ્રસંગે. અઘાસુરના વધ પ્રસંગે શુક મુનિને એટલા માટે સમાધિ લાગી કે અહો પ્રભુ ! આટલી બધી કૃપા, આટલી બધી દયા ! અઘાસુર જેવા અઘાસુરનો પણ આપે ઉદ્ધાર કર્યો? આ પ્રસંગના અંતે શ્રીશુકદેવજી મહારાજ રાજા પરીક્ષિતને અભિનંદન આપે છે –

સાધુ પૃષ્ટં મહાભાગ ત્વયા ભાગવતોત્તમ ।
યન્નૂતનયસીશસ્ય શૃણ્વન્નપિ કથાં મુહુઃ ॥૧૩/૧॥

પરીક્ષિતને અભિનંદન આપતાં શ્રીશુકદેવજી મહારાજ બે શબ્દો વાપરે છે : **'મહાભાગ'** અને **'ભાગવતોત્તમ.'** પરીક્ષિત મહાભાગ્યવાન છે; કારણ કે ભગવદ્સ્વરૂપ, ભગવદ્કથા અને ભગવલ્લીલામાં એની બુદ્ધિ સ્થિર થઈ છે. જેની બુદ્ધિ સારાં કાર્યોમાં સ્થિર થાય તે ભાગ્યવાન. જેની બુદ્ધિ ભગવદ્કાર્યોમાં સ્થિર થાય, તે મહાભાગ્યવાન. પરીક્ષિતની બુદ્ધિ ભગવદ્કાર્યોમાં સ્થિર થઈ છે, એટલું જ નહીં; તેઓ કથા-શ્રવણ કરતાં કરતાં પરમ ભાગવત બની ચૂક્યા છે.

આ પરમ ભાગવતનાં લક્ષણો ભગવાન શ્રીકૃષ્ણે એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને સંભળાવ્યાં છે : હે ઉદ્ધવ! જે સર્વમાં ભગવાનને જુએ અને ભગવાનમાં સર્વને જુએ, આવી ઉત્તમ દૃષ્ટિ જેને મળી છે તે 'ભાગવતોત્તમ.' પરીક્ષિતને પણ આવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ ચૂકી છે.

શુકમુનિ કહે છે, રાજન્! વચમાં અઘાસુર આવી ગયો છે. જે લીલા મારે તમને કહેવાની હતી તે અધૂરી રહી ગઈ. આપણે છાકલીલાની વાત કરતા હતા. છાકલીલા કરવા જતાં રસ્તામાં અઘાસુર આવ્યો. ભગવાને એ અઘાસુરનો ઉદ્ધાર કર્યો.

હવે ભગવાન વ્રજવાસી સખામંડળીને સાથે લઈને શ્રીયમુનાજીના સ્વચ્છ શીતલ કિનારે પધારે છે.

■

પ્રકરણ ૨૫

છાકલીલા અને વત્સહરણ

શ્રીયમુનાજીના કિનારે એક બીજી હોડ લાગી છે. તે પ્રસંગ શ્રીભાગવતજીમાં નથી. કેટલાક મહાનુભાવોના મુખારવિંદથી સાંભળેલો પ્રસંગ છે. શ્રીશ્યામસુંદરે એક હોડ લગાવી છે કે જેની માતાને સુંદર સામગ્રી બનાવતાં આવડે, તેનો દીકરો સારો. જેની માતાને રસોઈ બનાવતાં ન આવડે, તેનો દીકરો ફુવડ. આ બધા ગોપબાળકો સ્નાન કર્યા વિના શીકાં બાંધી દોડતા દોડતા યમુનાકિનારે આવ્યા છે. ગોપીજનોએ પણ તેમને સુંદર સુંદર સામગ્રીઓ સિદ્ધ કરીને આપી છે. મનમાં દરેક જણને એવો ભાવ છે કે શ્રીશ્યામસુંદરની પસંદગીમાં મારો પહેલો નંબર આવે.

શ્રીયમુનાકિનારે સખાઓનું વર્તુળ રચાયું. જાણે કમળની પાંદડીઓ ખીલી હોય, એવી રીતે સૌ બેસી ગયા. એક એક વ્રજવાસી પાસે એક એક શીંકું છે. આજે વાનગી હરીફાઈ થવાની છે. એકે પોતાનું શીંકું ખોલ્યું. શ્યામજીએ તેમાંથી સામગ્રી ઉઠાવી. તેની માતાએ સુંદર જલેબી બનાવી છે. પેલો વિચાર કરે છે, મારો જરૂર પહેલો નંબર આવશે. જલેબી મુખારવિંદમાં મૂકીને મોહનજીએ કહ્યું : મિત્ર! તારી માને ચાસણી બનાવતાં આવડી નથી. તેમણે બીજાના શીંકામાંથી બીજી સામગ્રી લીધી. મૈસૂર બનાવ્યો છે. ભગવાન મોં બગાડીને કહે છે, તારી માને ઘી પૂરતાં જ આવડ્યું નથી. ત્રીજી સામગ્રી લીધી. ઠોર બનાવ્યાં છે. આમાં તો જરીકે ગળપણ નથી, સાવ ફિક્કી ફિક્કી છે. જેવી તારી મા મોળી એવી તારી સામગ્રી પણ મોળી.

મધુમંગલ નામનો શ્યામજીનો એક સખા. તે વિચાર કરે છે કે હું તો ગરીબ છું. મારી સામગ્રીમાં પ્રભુને પ્રિય લાગે એવી સુંદરતા ક્યાંથી હોય ? મારી માએ તો મને છાશ ભરીને લોટો આપ્યો છે. મધુમંગલ મંડળમાંથી ઊભો થઈ દૂર ગયો. તેણે કહ્યું, મહારાજ! આપની આ વાનગી હરીફાઈમાં મારે ભાગ લેવો નથી. તમને જો આવી સુંદર સુંદર વાનગીઓ પણ ભાવતી નથી, તો મારી છાશ તો તમને ક્યાંથી ભાવે ? મારું દહીં તમને કેમ ભાવશે ? શ્યામજીએ કહ્યું : દોસ્ત ! ઊભો રહે. મને તારું દહીં તો ચાખવા દે. મધુમંગલ દોડતો દોડતો કદંબના વૃક્ષ નીચે પહોંચી ગયો. તે ગટગટાવીને છાશ પીતો હતો. શ્યામજી તેની પાછળ દોડ્યા. તેના હાથમાંથી ઝટ લોટો ખૂંચવી લીધો. ઢળતી છાશને મોં ધરીને ભગવાને પી લીધી. ભક્તોની જૂઠી છાશ અને ભક્તોનું જૂઠું દહીં શ્રીનંદનંદનને બહુ ભાવે છે. તેથી ભક્તોએ ગાયું કે -

આજ દહિ મીઠૌ મદનગોપાલ,
ભાવૈ મોહિ તિહારો જૂઠૌ, સુંદર નૈન બિસાલ.
આને પાત બનાયે દૌના, દીને સબહિનિ બાઁટ,
જિન નહીં ચાખ્યો સુન મેરે ભૈયા, મેરી અઁગુરિયાઁ ચાટ.
બહુત દિનન હમ રહે કુમુદબન કૃષ્ણ તિહારે સાથ,
ઐસો સ્વાદ હમ કબહુઁ ન ચાખ્યો સુન ગોકુલકે નાથ.
આપુન હઁસત હઁસાવત ગ્વાલન માનુષ-લીલા રૂપ,
'પરમાનંદ' પ્રભુ હમ સબ જાનત તુમ ગોકુલકે ભૂપ.

શ્રીપરમાનંદદાસજીને છાકલીલાનાં આવાં સુંદર દર્શન થાય છે. શ્યામજી સૌનું દહીં લઈને વાંટી રહ્યા છે. પોતે પણ ચાટીને આરોગી ગયા. જ્યારે ગોરસીમાં થોડું ચોંટેલું રહ્યું, ત્યારે એક સખાએ આવીને કહ્યું : લાલા! મને પણ થોડું આપ. લાલાજી હસીને કહે છે : ભૈયા, હવે તો દહીં રહ્યું નથી. લે, મારી આ આંગળીઓ ચાટી જા.

પ્રભુને ભક્તોએ બનાવેલી સામગ્રી અને તેમાં ભરેલો ભક્તોનો ભાવ બહુ જ વહાલો લાગે છે. આજે મધુમંગલની છાશ પણ મોહનજીને બહુ જ પ્યારી લાગે છે. ભગવાને મધુમંગલને છાતીએ લગાડી દઈને કહ્યું, યાર! આજે તારો પહેલો નંબર. મને ઠોર, પૂરી, બુંદી, લાડુ ભાવતા નથી. મને તો ભક્તના અંતઃકરણમાં રહેલો પ્યાર અને ભાવ ભાવે છે. સામગ્રીની ઉત્તમતા ભાવથી બને છે. આપણા ત્યાં તમામ વસ્તુ ભાવાત્મક છે. માટે કહ્યું :**ભજ સખી ભાવભાવિક દેવ** - અંતઃકરણનો જેટલો ભાવ ઉત્તમ હોય, તેટલો જ રસ વધુ જાગૃત થાય છે. વસ્તુના સૌન્દર્ય કરતાં ભાવના સૌંદર્યને વધારે મહત્ત્વ આપ્યું છે –

શ્યામજી આવી છાકલીલા કરે છે –

બિભ્રદ્ વેણું જઠરપટયોઃ શૃઙ્ગવેત્રે ચ કક્ષે
વામે પાણૌ મસૃણકવલં તત્ફલાન્યઙ્ગુલીષુ ।
તિષ્ઠન્ મધ્યે સ્વપરિસુહૃદો હાસયન્ નર્મભિઃ સ્વૈઃ
સ્વર્ગે લોકે મિષતિ બુભુજે યજ્ઞભુગ્ બાલકેલિઃ ॥૧૩/૧૧॥

જ્યાં જ્યાં શ્રીભાગવતજીમાં ધ્યાનના સ્વરૂપનું નિરૂપણ છે ત્યાં ત્યાં શ્રીશુકદેવજી મહારાજ આ મંદાક્રાન્તા છંદનો પ્રયોગ કરે છે. ગોવાળિયાઓની મંડળીની મધ્યમાં છાકલીલા કરતાં શ્રીશ્યામજી ઊભા છે. એક કરકમલમાં દહીં-ભાતનો કોળિયો છે.

આજુબાજુ સામગ્રીઓ મૂકેલી છે. કટી પર ભેટ બાંધી, તેમાં બંસી ખોસી છે. શિંગડું, વેત્ર(લાકડી) વગેરે બગલમાં દબાવ્યાં છે. તેઓ મિત્રોની વચ્ચે છાકલીલા કરતાં હાસ્યવિનોદ કરી રહ્યા છે. આનંદમાં સમય પસાર થઈ રહ્યો છે.

આ લીલાનાં દર્શન કરીને બ્રહ્માજીને ભગવાનની પરીક્ષા કરવાનું મન થયું. તેમને પરીક્ષા લેવાની વૃત્તિ એટલા માટે જાગી કે અઘાસુર-વધનાં દર્શન કરતાં તેમને ખાતરી થઈ કે આ ભગવાન છે. આ બાજુ વ્રજવાસી બાળકોના મોઢાના જૂઠણના કોળિયા ખાતા મોહનજીને જોઈને બ્રહ્માજીને શંકા થઈ કે આવા તે કંઈ ભગવાન હોય! તેમને ભગવાનના બે વિરુદ્ધ ધર્મોનો અનુભવ થાય છે, માટે તેમણે વિચાર કર્યો કે લાવ, કૃષ્ણની પરીક્ષા કરું.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે બ્રહ્માજી હમેશાં સર્જન કરવાનું જાણે છે. તે પોતે પણ ભગવાનમાંથી પ્રગટ થયા છે. તેમને આશ્ચર્ય થયું કે આખી દુનિયા ભગવાનમાંથી નીકળે છે, તો અઘાસુરની મુક્તિ થઈ કેમ ? અત્યાર સુધી તેમણે સર્જન જ જોયું છે, મુક્તિ જોઈ નથી. માટે બ્રહ્માજીને કૃષ્ણની પરીક્ષા લેવાની ઇચ્છા થઈ. સર્જન ખાતાનો દેવ સર્જન ખાતાની પરીક્ષા લે. અંગ્રેજીનો શિક્ષક અંગ્રેજીની પરીક્ષા લે.

બ્રહ્માજીને વિચાર આવ્યો કે હું જેવું સર્જન કરું છું, એવું સર્જન કરવાની શક્તિ આ નંદજીના લાલમાં ખરી ? જ્યારે કંઈક ખૂટતું હોય, ત્યારે સર્જન થાય. માટે બ્રહ્માજીએ વાછરડાં અને ગોવાળિયાઓને ચોરી જવાની યુક્તિ રચી. શ્યામજી સાથે વ્રજવાસીઓ છાકલીલા કરે છે. ગાયો ઘાસ ચરવા માટે દૂરદૂર ગઈ છે. એ વખતે વ્રજવાસી બાળકો પણ તેમની જાતને ભૂલી ગયાં હતાં.

તેઓ શ્યામસુંદરને કહે છે, મહારાજ! અમારી ગાયો દૂર ગઈ છે, જરા જોઈ આવો ને. ભગવાન વ્રજવાસીઓની ગાયો અને વાછરડાંને શોધવા પધાર્યા, ત્યારે બ્રહ્માજી એ વાછરડાંને ચોરી ગયા. આ બાજુ એકલાં પડેલાં વ્રજવાસી બાળકોને પણ બ્રહ્માજી ચોરી ગયા.

ભગવાન વિચાર કરે છે, આ સર્જનના દેવને મારે નવી સૃષ્ટિ રચીને બતાવવી પડશે. ભગવાને સ્વયં પોતાની જાતે જ બધું રચેલું. પોતે બધું રચી, તેમાં પોતે પ્રવિષ્ટ થયા. બ્રહ્માને હજી આ સૃષ્ટિનું દર્શન થયું નથી. ત્યારે ભગવાને વિચાર કર્યો કે આજે મારી આત્મસૃષ્ટિનું દર્શન બ્રહ્માને કરાવવું પડશે. જેટલી ગાયો, વાછરડાં અને વ્રજવાસીઓ હતા તે એકેએકનું રૂપ સ્વયં શ્રીશ્યામજીએ લીધું –

યાવદ્ વત્સપવત્સકાલ્પકવપુર્યાવત્ કરાઙ્ઘ્ર્યાદિકં
યાવદ્ યષ્ટિવિષાણવેણુદલશિગ્ યાવદ્વિભૂષમ્બરમ્ ।
યાવચ્છીલગુણાભિધાકૃતિવયો યાવદ્ વિહારાદિકં
સર્વં વિષ્ણુમયં ગિરોઽઙ્ગવદજ: સર્વસ્વરૂપો બભૌ ॥૧૩/૧૯॥

અત્યાર સુધી જે સ્વરૂપનું દર્શન બ્રહ્માને નહોતું થયું, એવું અલૌકિક સ્વરૂપ ભગવાન બતાવે છે. જેવો ગાયોનો રંગ હતો, તેમની ડોકમાં જેવી ઘંટડીઓ બાંધી હતી, જેવી દરેક વ્રજવાસીઓની લાકડીઓ હતી અને જેવાં એમણે આભૂષણો ધરેલાં હતાં; એ તમામ સ્વરૂપો શ્યામસુંદરે આજે પ્રગટ કર્યાં. પોતે પોતાના સ્વરૂપમાંથી આવી અનંત વસ્તુઓનું સર્જન કર્યું છે અને વળી પાછા પોતે પોતાને જ ચરાવતા વ્રજમંડળમાં પધાર્યા.

પ્રશ્ન એ જાગે છે કે બ્રહ્માજીને પરીક્ષા કરવાનું મન કેમ થયું ?

દ્વિતીય સ્કંધમાં એવો પ્રસંગ છે કે જ્યાં બ્રહ્માજીએ ભગવાન પાસે માગ્યું કે મહારાજ! મને કદી પણ મોહ ન થાઓ. હું રજોગુણી છું, પરંતુ મારી કૃતિ એવી સૃષ્ટિ પરત્વે મને મોહ ન થાઓ. એવા બ્રહ્માને આજે ભગવાનની કૃતિમાં મોહ કેમ થયો ? ભગવાનની પરીક્ષા લેવાની ઇચ્છા કેમ થઈ ? એનું એક જ કારણ લાગે છે. કેટલાક લોકોની ઇચ્છા પરિપૂર્ણ કરવા ભગવાને બ્રહ્માજીને આવી પ્રેરણા કરી.

જ્યારે જ્યારે શ્યામસુંદર યશોદાજીની ગોદમાં ખેલતા હોય, ત્યારે ત્યારે ગોપીજનોના મનમાં એવો ભાવ જાગે છે કે આવો કનૈયો જો બાળકરૂપે અમારા ત્યાં જન્મે તો કેવું સારું ? જ્યારે જ્યારે ગોવિંદજી ગાયોને ચરાવતા હોય અથવા યશોદામાનું દૂધ પીતા હોય, ત્યારે પેલી ગાયોને પણ મનમાં એમ થાય છે કે આ વાછરડો બનીને અમને ધાવે તો કેવું સારું ?

પ્રભુએ વિચાર કર્યો કે આટલાં બધાં વ્રજવાસી બાળકોનું રૂપ હું ક્યારે લેવાનો? આટલી બધી ગાયોનો વાછરડો હું ક્યારે બનવાનો ? એના કરતાં સૌની ઇચ્છા એક જ જન્મમાં કેમ પૂરી ન કરું ? માટે બ્રહ્માજીને આવી બુદ્ધિ સૂઝી કે હું વાછરડાં અને વ્રજવાસીઓને ચોરી જાઉં. મૂળ તો ભગવાન વ્રજની ગાયો અને વ્રજની રમણીઓને આનંદનું દાન કરવા માગે છે. એ વાત બ્રહ્માજી પાછળથી સમજ્યા છે.

જ્યારે બ્રહ્માજી વાછરડાં અને વ્રજવાસીઓને ઉઠાવી ગયા, ત્યારે ગોવિંદજી પોતે જ વાછરડાં અને વ્રજવાસીઓ બની, પોતે જ પોતાને ચરાવતા પાછા આવ્યા.

આજે વ્રજની સૂરત જ બદલાઈ ગઈ છે. જે જે વાછરડાં ગાયોને ધાવે છે, તે તે ગાયોને લાગે છે કે આજે શ્યામસુંદર તો અમને નથી ધાવતા ને ? જે જે બાળકો એમની માતાઓની ગોદમાં ચઢીને વહાલ કરે છે, તે તે માતાઓને લાગે છે કે આ અમારો કુંવર નથી, આ તો જશોદાનો લાલ છે. આમ, એક જ સમયે ભગવાને અનંત રૂપો ધારણ કરીને અનંત જીવોને આનંદનું દાન કર્યું.

પહેલાં તો નંદાલયમાં ભીડની ભીડ રહેતી. હવે નંદાલયની ભીડ ઘટી ગઈ; કારણ કે દરેકને પોતાના ઘરમાં જ પૂર્ણપુરુષોત્તમનો અનુભવ થાય છે. યશોદામા વિચાર કરે છે કે પહેલાં તો મારા ઘરમાં સમાય નહિ તેટલાં લોકો આવતાં હતાં. મંગળાથી લઈને શયન સુધી આઠે સમયની ઝાંખી કરવા આવતાં. આજે એકેય ગોપી મારે ઘેર આવતી નથી. આથી યશોદાજીએ ગોપીઓને પૂછ્યું : સખીઓ, તમને શું થયું છે ? કેમ મારા ત્યાં આવતાં નથી? સખીઓ હસીને કહે છે : મા, અમને લાગે છે, જેટલો આનંદ તમારા ઘરમાં છે, એટલો જ આનંદ અમારા ઘરમાં પણ છે.

સાચી સેવા સ્વગૃહમાં જ છે. શ્રીમહાપ્રભુજીને જુદાં જુદાં મંદિરો ઊભાં કરીને શ્રીઠાકોરજીની સેવા કરાવવી નથી. જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીનો એક લાંબો દૃષ્ટિકોણ છે. પ્રત્યેક વૈષ્ણવનું ઘર એ નંદાલય બને. પ્રત્યેક વૈષ્ણવના ઘરમાં એવો આનંદ આવવો જોઈએ, જેવો આ ગોપીઓને તેમના ઘરમાં આવતો હતો. પરંતુ આજે આપણે આપણા ઠાકોરજીને એક બાજુ મૂકી દીધા છે. જે આનંદની અનુભૂતિ આપણા ઉપર બિરાજતા સ્વરૂપમાં કરવી જોઈએ, તે આપણે કરતાં નથી.

એક મંદિરની બાજુમાં એક બહેન રહે. તેમના ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા તેમના ઘેર સંભળાય. તેઓ શ્રીઠાકોરજીની સેવા કરવા બેઠેલાં હોય. શ્રીઠાકોરજીનાં વસ્ત્રો વડાં કરી, સ્નાન કરાવતાં હોય, ત્યાં મંદિરમાં આરતીના ઘંટા શરૂ થાય; એટલે શ્રીઠાકોરજીને એમ ને એમ રાખીને મંદિરમાં દોડે. થોડી વાર પછી એ ઘેર આવે. આવી રીતે કોઈ સેવા કરે તો સેવાનો આનંદ આવે ખરો ? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નંદાલય છે. પ્રત્યેક વૈષ્ણવનું અંતર જો જાગૃત હોય, તો તેને તેના ઘરમાં જ પૂર્ણ પુરુષોત્તમનો અનુભવ થઈ શકે છે. શ્રીમહાપ્રભુજીની કાનિથી અને કૃપાથી આ અનુભવ આપણને આપણા ઘરમાં શક્ય છે.

વા
કરતાં એક
ન પડી. હ
વર્ષ પૂરું થ
વાછરડાં હ
દોડતી આ

શ્રીદા
આવ્યું ? તે
કરતાં થા

સુંદર ત
સૂર્યનાં
જ રીતે
જુદા ન
નથી, ત
બને છે,
પરંતુ પ્ર
વાસ્તવિક
ચોરી ગ

હવે
છે : હે ચ
છે. હજી

તેઓ

વાછરડાં ગાયોને ધાવે છે અને નાનાં બાળકો માતાઓની ગોદમાં બેસે છે. એમ કરતાં એક વર્ષ પૂરું થયું. આટલો સમય ક્યાં પસાર થઈ ગયો તેની કોઈને ખબર ન પડી. હજી સુધી શ્રી બલરામજીને પણ આ રહસ્યની ખબર નથી. જ્યારે એક વર્ષ પૂરું થવા આવ્યું, તે દિવસે ગાયો ગિરિરાજજીના શિખર પર હતી અને નીચે વાછરડાં હતાં. વાછરડાંને જોતાં જ હુંકાર કરતી ધોળી-ધૂમર, કાળી-કાજર દોડતી દોડતી આવી. ઝાડ-ઝાંખરા, કંકર-ટેકર સર્વની પરવા છોડીને આવી.

શ્રીદાઉજી મહારાજ વિચાર કરે છે કે આ ગાયોમાં આટલું બધું બળ ક્યાંથી આવ્યું ? તેમને થયું કે હમણાં હમણાં વ્રજવાસીઓ પણ એમના દીકરાઓને વહાલ કરતાં થાકતા નથી. શ્રીદાઉજીએ મનમાં ને મનમાં નક્કી કર્યું કે –

નૈતે સુરેશા ઋષયો ન ચૈતે
ત્વમેવ ભાસીશ ભિદાશ્રયેઽપિ ।
સર્વં પૃથક્ત્વં નિગમાત્ કથં વદેત્
યુક્તેન વૃત્તં પ્રભુણા બલોઽવૈત્ ॥૧૩/૩૯॥

આજે મને ખાતરી થઈ કે ભલે દુનિયામાં ભેદ દેખાતો હોય, પરંતુ મારા શ્યામસુંદર તો અભેદ છે; કારણ કે તેમણે જગતમાં અભેદ સ્થાપિત કર્યો છે. સૂર્ય અને સૂર્યનાં કિરણો જુદાં જુદાં લાગતાં હોય, છતાં સૂર્યથી સૂર્યનાં કિરણો જુદાં નથી. એવી જ રીતે જગતમાં ભલે અનંત જીવો હોય, છતાં હે શ્યામસુંદર ! એ બધા તમારાથી જુદા નથી. આજે તો તમે જ અનેકરૂપે વિલસી રહ્યા છો. જો જીવ જગદીશથી જુદો નથી, તો જગદીશનું અનંત રૂપ પોતાનાથી જુદું કેવી રીતે હોય ? એકમાંથી તે અનેક બને છે, તેમ અનેકમાંથી તે એક બને છે. અધિષ્ઠાન ભલે જુદાં જુદાં લાગતા હોય, પરંતુ પ્રત્યેક અધિષ્ઠાનમાં, હે કૃષ્ણ! તમે જ મને અભિવ્યક્ત થતા દેખાઓ છો. વાસ્તવિક રીતે તો અધિષ્ઠાન પણ જુદાં જુદાં નથી. આમ, આજે બ્રહ્માજી વાછરડાં ચોરી ગયા, એ પ્રસંગમાં શ્રીદાઉજી મહારાજને અદ્વૈતનું સુંદર દર્શન થયું છે.

હવે ભગવાન બ્રહ્માજીને તેમની અવિદ્યાનું ભાન કરાવવાના છે. તે મનમાં કહે છે : હે ચતુરાનન! તું વેદ ભણ્યો ખરો, પણ ગણ્યો નહિ. મારે તને વેદ ગણાવવો છે. હજી તને વેદનું વાસ્તવિક દર્શન થયું નથી.

બ્રહ્માજી વિચાર કરે છે કે લાવો, જોઈ તો આવું. વ્રજમાં રડારડ છે કે હસાહસ. તેઓ જોવા આવ્યા. બ્રહ્માજીની સૃષ્ટિનો એક દિવસ એટલે આપણું એક વર્ષ. તેમણે

વ્રજમાં હસાહસ જોઈ. જેવું પહેલાં બધું હતું, એવું જ બધું દર્શન થયું. બ્રહ્માજીને અચંબો થયો કે મેં છુપાવી દીધાં છે તે ક્યાં અને હાલ આ દેખાય છે તે ક્યાં ? પ્રભુની અચિંત્ય લીલાશક્તિનો આજે બ્રહ્માજીને પરિચય થયો છે. લીલાવિહારીનો આવો અદ્ભુત લીલાવિહાર જોઈને બ્રહ્માજીનું નાક કપાયું છે –

તાવત્ સર્વે વત્સપાલા: પશ્યતોऽજસ્ય તત્ક્ષણાત્ ।
વ્યદૃશ્યન્ત ઘનશ્યામા: પીતકૌશેયવાસસ: ॥૧૩/૪૬॥

ચતુર્ભુજા: શઙ્ખચક્રગદારાજીવપાણય: ।
કિરીટિન: કુણ્ડલિનો હારિણો વનમાલિન: ॥૧૩/૪૭॥

શ્રીવત્સાઙ્ગદદોરત્નકમ્બુકઙ્કણપાણય: ।
નૂપુરૈ: કટકૈર્ભાતા: કટિસૂત્રાઙ્ગુલીયકૈ: ॥૧૩/૪૮॥

આઙ્ઘ્રિમસ્તકમાપૂર્ણાસ્તુલસીનવદામભિ: ।
કોમલૈ: સવગાત્રેષુ ભૂરિપુણ્યવદર્પિતૈ: ॥૧૩/૪૯॥

ચન્દ્રિકાવિશદસ્મેરૈ: સારુણાપઙ્ગવીક્ષિતૈ: ।
સ્વકાર્યાનામિવ રજ:સત્ત્વાભ્યાં સ્રષ્ટૃપાલકા: ॥૧૩/૫૦॥

જેટલાં વ્રજવાસી બાળકો છે, તેટલાં રૂપમાં બ્રહ્માજીએ ભગવાનને જોયા. શંખ-ચક્ર-ગદા-પદ્મધારી, વનમાલાધારી, પીતાંબરધારી એવા પ્રભુનાં દર્શન પ્રત્યેક વ્રજવાસી બાળકમાં બ્રહ્માજીને થયાં.

ખરી વાત એ છે કે ભગવાન બ્રહ્માજીને સમજાવવા માગે છે કે હે બ્રહ્મા! તારી સૃષ્ટિ અને મારી લીલાસૃષ્ટિ જુદી. તારો અધિકાર કેવળ મેં તને સોંપ્યો છે એટલો જ. મારી લીલાસૃષ્ટિમાં તારો અધિકાર નહિ. તારે મારી લીલાસૃષ્ટિ જોવી હોય તો જોઈ લે. અહીં મારાથી કંઈ જ જુદું નથી. હું જ મારા આનંદ માટે મારાં અનંત રૂપો બનાવી, મારી લીલાસૃષ્ટિમાં વિહાર કરું છું. કદાચ તને આ બધાં ગોપી-ગ્વાલ, વાછરડાં દેખાતાં હશે, પરંતુ આમાંથી કંઈ જ મારાથી જુદું નથી.

શ્રીગુસાંઈજીએ 'વિદ્વન્મંડન' ગ્રંથમાં શ્રીઠાકોરજીની પાંચેપાંચ વસ્તુઓને નિત્ય માની. ભગવાનનું નામ, સ્વરૂપ, પરિકર, લીલા અને રૂપ – પ્રભુની આ પાંચેપાંચ વસ્તુ નિત્ય છે. જ્યારે જ્યારે કેટલીક શ્રુતિઓનો અર્થ કરવાનો થયો, ત્યારે ત્યારે શ્રીગુસાંઈજીએ તે બધી શ્રુતિઓનો અર્થ લીલા-પરત્વે કર્યો.

દશમ સ્કંધના છેલ્લા શ્લોકમાં એ વાત સિદ્ધ થઈ કે ભગવલ્લીલા નિત્ય છે.

જયતિ જનનિવાસો દેવકીજન્મવાદો
યદુવરપર્ષત્સ્વૈર્દોર્ભિરસ્યન્નધર્મમ્ ।
સ્થિરચરવૃજિનઘ્નઃ સુસ્મિતશ્રીમુખેન
વ્રજપુરવનિતાનાં વર્દ્ધયન્ કામદેવમ્ ॥૯૦/૪૮॥

દશમ સ્કંધની સમાપ્તિમાં કહ્યું, રાજા ! ભગવાનની લીલાઓ નિત્ય છે. તેથી **'જયતિ'** એવો વર્તમાનકાળનો પ્રયોગ કર્યો. તે લીલાઓ ભગવાને સ્વ-સ્વરૂપમાં આનંદ માણવા માટે પ્રગટ કરેલી છે. તેમાં બ્રહ્મા આદિ કોઈ દેવોની ગતિ નથી.

વત્સહરણના પ્રસંગમાં પણ બ્રહ્માનું નાક કપાયું છે. તેમને સત્યનું ભાન થયું.

બ્રહ્માએ ભગવાન શ્રીકૃષ્ણને સાષ્ટાંગ દંડવત્ કર્યાં. પછી બ્રહ્માજીએ એકંદર ચાલીસ શ્લોકથી ભગવાનની સ્તુતિ કરી. આ સ્તુતિ બહુ સુંદર છે.

■

પ્રકરણ ૨૫

બ્રહ્માજીએ કરેલી પ્રભુસ્તુતિ

બ્રહ્માજીએ સ્તુતિ કરી, પરંતુ આપણા શ્યામસુંદર બ્રહ્મા સાથે બોલ્યા નહિ. આગળ ગોવર્ધનયાગના પ્રસંગે ઇન્દ્ર દશ જ શ્લોકથી સ્તુતિ કરશે. ભગવાન એને સમજાવશે કે હે ઇન્દ્ર ! મેં જાણીજોઈને તારા યજ્ઞનો ભંગ કર્યો છે. આપણને વિચાર થાય કે ઇન્દ્રે પણ અપરાધ કર્યો હતો, બ્રહ્માજીએ પણ અપરાધ કર્યો હતો. ભગવાન બ્રહ્માજી સાથે ન બોલ્યા અને ઇન્દ્ર સાથે કેમ બોલ્યા ?

ભગવાન ત્રણ અપરાધ સહન કરતા નથી : *(૧) ભોજનભંગ (૨) નિદ્રાભંગ અને (૩) એકાંતભંગ.* બ્રહ્માજીએ ભોજનભંગ કર્યો. વાછરડાં ખાતાં હતાં અને વ્રજવાસીઓ પણ ભોજન કરતા હતા, ત્યારે તેમને ચોરી ગયા. જ્યારે ઇન્દ્રે પૂરું ભોજન કરવા દીધું અને પછી પાણી વરસાવ્યું. ભગવાનને ભોજનભંગ ગમતો નથી.

ઘણા લોકોને એવી આદત હોય છે કે કોઈ ભોજન કરવા બેસે, ત્યાં જ તેઓ એમના સંસારનું ભજન શરૂ કરી દે : આજે ઘરમાં લોટ નથી, ઘરમાં શાક નથી, તમારી બાએ આવું કર્યું. તમારાં બહેને આવું કહ્યું. આવી રીતે ઘણાં ભોજન થતું હોય, ત્યારે વચમાં ભંગ કરે છે. એથી પણ ખરાબ છે જમતાને ભાણા પરથી ઊઠી જવા મજબૂર કરવો. તેનાથીયે વધુ ખરાબ તો કોઈનું ભાણું છીનવી લેવું તે છે. તે મોટામાં મોટો અપરાધ છે. પોતે વૈષ્ણવ હોવાનો દાવો કરનારા ઘણા એવા લોકો છે, જેમને બીજાનો રોટલો અને ઓટલો છીનવી લેતાં જોઉં છું, ત્યારે મને લાગે છે કે આ વૈષ્ણવ નથી, બલકે ભગવાનનો મોટામાં મોટો અપરાધી છે. કોઈનો ઓટલો અને રોટલો છીનવી લેવા જેવો મોટો બીજો કોઈ અપરાધ નથી. કોઈને કશું ન આપી શકો એનો વાંધો નહિ, પણ કોઈનું છીનવી લો શા માટે ?

એક સત્ય ઘટના છે. એ સાંભળી તમે કદાચ મારા વિચારને નાસ્તિક કહેશો, પણ હું કહ્યા વિના રહી શકતી નથી. જે હું સાચું જોઉં છું અને જાણું છું, તે કહ્યા વિના છૂટકો નથી. ખોટી અને વ્યર્થ પરંપરાને પંપાળ્યા કરવી એમાં અમારું કે તમારું શ્રેય હોય એવું હું માનતી નથી. સાચી વાત સહુએ સ્વીકારી લેવી જોઈએ.

એક બહુ મોટા વૈષ્ણવ. પ્રત્યેક વર્ષે નાથદ્વારા દર્શન કરવા જાય. જ્યારે જાય ત્યારે શ્રીનાથજીબાવાનો મનોરથ કરાવે, રાજભોગ આરોગાવે. એ વૈષ્ણવના ઘેર

ઠાકોરજી બિરાજે. આઠે સમયની સેવા થાય. આખા ગામમાં એમની એવી છાપ કે તેઓ બહુ મોટા ભગવદીય છે. જેટલા વ્રજવાસીઓ આવે, જેટલા ગોસ્વામી બાળકો પધારે, જેટલાં વૈષ્ણવો આવે તે બધાંનો તેમના ત્યાં ઉતારો હોય. તેઓ બધાંનો સત્કાર કરે. આવી વ્યક્તિના જીવનનો એક પ્રસંગ છે.

આ વ્યક્તિની ધીરધારની બહુ મોટી પેઢી હતી. એક વિધવા બાઈ હતી. એનું એક બાળક, જે એના આનંદનો સહારો હતો, તે બીમાર પડ્યો. તે બાઈ પણ વૈષ્ણવ. તેના મનમાં થયું કે આ ભગવદીય મારા દીકરાને બચાવી શકશે. તે હાથ જોડીને કહે છે, શેઠજી ! મારો દીકરો બીમાર પડ્યો છે. થોડા રૂપિયાની મદદ કરો. હું તમને પાછા આપી દઈશ. પેલા ભાઈએ આ બાઈને અપમાન કરીને કાઢી મૂકી. તેની પાસે માંડમાંડ એક તૂટ્યુંફૂટ્યું ઝૂંપડું હતું. તેણે હાથ જોડીને કહ્યું : આ ઘર ગિરવી રાખીને મને પૈસા આપો. ઘર ગિરવી મૂક્યું અને પૈસા લીધા. બે મહિનાનો વાયદો કર્યો.

દીકરાને ટી.બી.નો રોગ. તે તરત ક્યાંથી મટે ? બે મહિના પૂરા થયા. પેલી બાઈ ફરી કહેવા ગઈ, શેઠજી ! બે મહિનાને બદલે મને બે વર્ષની મુદત આપો. હું મજૂરી કરીને તમારા રૂપિયા ચૂકવીશ. શેઠ કહે છે, કાં તો પૈસા આપીને ઘર છોડાવ, અથવા મારા રૂપિયાનું બમણું વ્યાજ ચૂકવ. નથી પેલી બાઈ વ્યાજ આપી શકતી કે નથી ઘર છોડાવી શકતી. ત્રીજા મહિને આ વૈષ્ણવે પોલીસોને બોલાવી, પેલી બાઈનો સામાન ઘરબહાર ફેંકાવી દીધો. ટી.બી.વાળા રોગગ્રસ્ત અસહાય પુત્રને લાતો મારી, ઘરમાંથી બહાર ઘસેડી મૂક્યો. પેલી બાઈને પણ ધક્કા મારી ઘરમાંથી ફેંકી દીધી. એની ઘરવખરી પડાવી લીધી. બાઈની આંતરડી કકળી ઊઠી.

આ બંને પહેરેલાં કપડે આંખોમાં દડદડ આંસુ સાથે ઘરમાંથી બહાર નીકળ્યાં. છોકરાને ધક્કો મરાતાં લોહીની ઊલટી થઈ. એકનો એક દીકરો ભગવાનને ઘેર પહોંચી ગયો. બાઈએ પેલા ભાઈને શાપ આપ્યો કે તમે વૈષ્ણવ છો, શ્રીઠાકોરજીની સેવા કરો છો; પણ યાદ રાખજો કે તમે નરકમાં જશો. ભગવાન તમને નહીં સ્વીકારે.

પેલો કહે છે, 'મેં ઘણું પુણ્ય કર્યું છે, તે મારી મદદે નહિ આવે ?' પેલી બાઈને એટલું બધું દુઃખ થયું કે એનાથી રહેવાયું નહિ અને તેણે પણ કૂવો પૂર્યો.

એ વૈષ્ણવે પેલું ઘર વેચ્યું. દશેક હજાર રૂપિયા આવ્યા. એ રૂપિયા લઈ તે શ્રીનાથજીનો રાજભોગ કરાવવા ગયા. આપણા જીવનમાં ધાર્મિક વૃત્તિની ટ્રેઝેડી કેવી આવે છે, તેનો આ નાદાર નમૂનો છે. ખોટા અર્થમાં ધાર્મિકતાનો આપણે કેવો ડોળ

કરીએ છીએ, તે અહીં દેખાય છે. આવા દશ હજાર રૂપિયાનો કોઈ રાજભોગ કરાવે, તો શ્રીનાથજીબાવા તેનાથી પ્રસન્ન થાય ખરા ? હું નથી માનતી કે શ્રીનાથજીબાવાને આવા પૈસા કદી આનંદ આપે.

પેલા ભાઈ રાજભોગ કરાવવા નીકળ્યા. એમને પણ એકનો એક દીકરો હતો. તેમની ગાડી ઉદયપુરથી આગળ વધી, ત્યાં તેને ભયંકર અકસ્માત થયો. મોટર ઊછળીને ખાડામાં પડી. એમનો દીકરો ત્યાં ને ત્યાં ખલાસ થઈ ગયો. બે-ચાર માણસોએ એમને લૂંટી લીધા. ઝપાઝપીમાં શેઠ ઘવાયા. હૉસ્પિટલમાં દાખલ થયા. તેમના ધંધાને જબરજસ્ત ફટકો પડ્યો, પેઢી તૂટી. આખરે તે ભિખારી થઈ ગયો.

ખરી વસ્તુ એ છે કે જ્યાં સુધી ધાર્મિકતાની ભાવના આપણા અંતરમાં પરિવર્તન લાવનારી ન હોય, ત્યાં સુધી ગમે તેટલાં ધાર્મિક આચરણો કરીએ તે દંભ અને ડૉળ છે. શ્રીમહાપ્રભુજીને આવો ડૉળ-દંભ ઇષ્ટ નથી. તેમણે ધર્મની ભાવસ્થિતિને જીવનની જાગૃતિમાં જોઈ છે. કોઈનો રોટલો અને ઓટલો છીનવી લેનારની સેવા ઠાકોરજી કદી સ્વીકારતા નથી. હું તો એમ કહું કે આપણાથી મંદિરોમાં ન જવાય તો વાંધો નથી, ઘરમાં કલાક સુધી ઠાકોરજીની સેવા ન થાય તો ન કરશો; પરંતુ કમ-સે-કમ કોઈનો રોટલો અને ઓટલો ન છીનવશો. એ છીનવીને ધાર્મિકતાનો અંચળો ઓઢીશું, તો ભગવાન તેને કદી સ્વીકારશે નહિ.

બ્રહ્માજીએ ભોજનભંગ કર્યો, માટે ભગવાન તેમની સાથે બોલ્યા નહિ. બ્રહ્માજીએ ભગવાનની જે સ્તુતિ કરી, તેનો પ્રારંભ આ પ્રમાણે કર્યો –

નૌમીડ્ય તેઽભ્રવપુષે તડિદમ્બરાય
ગુઞ્જાવતંસપરિપિચ્છલસન્મુખાય ।
વન્યસ્ત્રજે કવલવેત્રવિષાણવેણુ-
લક્ષ્મશ્રિયે મૃદુપદે પશુપાઙ્ગજાય ॥૧૪/૧॥

હે શ્રીશ્યામસુંદર ! આજે હું આપની સ્તુતિ કરવા આવ્યો છું; કારણ કે આપના જેવો સ્તવનીય, પ્રસંશાને પાત્ર દુનિયામાં બીજો કોઈ મેં જોયો નથી.

ભગવાન મનમાં ને મનમાં હસે છે અને કહે છે, બ્રહ્મા! હું તો બંસીધારી, પીતાંબરધારી, નંદબાવાનો દીકરો - એની તું પ્રસંશા કરે છે ? તારે તો કોઈ પરબ્રહ્મ, પરમાત્મા, અખંડ સચ્ચિદાનંદ એવા ભગવાનની પ્રસંશા કરવી જોઈએ.

બ્રહ્માજી કહે છે, પ્રભુ! જે સ્વરૂપથી આજે આપ મારા પર કૃપાવૃષ્ટિ કરનારા થયા છો, તે જ સ્વરૂપ મારા માટે તો સ્તવનીય છે, બીજું નહિ. ભલે તમે વ્યાપક હો, ભલે તમે અનંત શક્તિથી ભરેલા હો, પરંતુ મારા માટે તો ગોધનની પૂંઠે પૂંઠે દોડતા હે ગોવિંદ ! તમે જ સ્તવનીય છો.

બ્રહ્માજીની સ્તુતિમાં એક શ્લોક બહુ સુંદર છે –

તત્તેઽનુકમ્પાં સુસમીક્ષમાણો
ભુંજાન એવાત્મકૃતં વિપાકમ્ ।
હૃદ્વાગ્વપુભિર્વિદ ન્નમસ્તે
જીવેત યો મુક્તિપદે સ દાયભાક્ ।।૧૪/૮।।

આ શ્લોકમાં બે અર્થ છે : પ્રથમ પંક્તિમાં **'સુસમીક્ષમાણ:'** એવું પદ મળે છે, તેમાં 'સુ' ઉપસર્ગ છે. એક બીજો પાઠભેદ છે. તેમાં *'સુ' ઉપસગની જગ્યાએ 'પ્ર' ઉપસગ છે.* એટલે પદ બને છે **'પ્રસમીક્ષમાણ:'**. બ્રહ્માજી કહે છે, હે પ્રભુ! જીવનમાં જેટલું સારું બને છે, તેમાં હું તમારી દયા-અનુકંપા જોઉં છું. જીવનમાં જેટલું ખરાબ બને છે, એનું કારણ મારાં કર્મોનો વિપાક છે. આ દૃષ્ટિ આપણે સૌએ કેળવવા જેવી છે. આપણી દૃષ્ટિ થોડીક ઊંધી હોય છે. ખરાબ બન્યું તો તે શ્રીઠાકોરજીએ કર્યું અને સારું બન્યું તે મેં કર્યું. કોઈ માંદો પડે, ત્યારે બોલે છે કે જેવી શ્રીઠાકોરજીની મરજી. તે સાજો થયો એટલે કહેશે મારા પ્રયત્નનું પરિણામ છે. બ્રહ્માજીએ સાચી દૃષ્ટિ આપી કે જેટલું સારું બને, તેને પ્રભુની કૃપા માનો અને જેટલો દંડ ભોગવવો પડે, તેને આપણાં કર્મોનું ફળ માનો.

તેનો બીજો અર્થ પણ કર્યો કે હે શ્યામસુંદર! મારા ઉપર કૃપા વરસાવનારા ઘણા લોકો મળે છે; પરંતુ મારા અંતરની એક જ અભિલાષા છે કે તમે ક્યારે કૃપા કરશો ? મારી પળેપળ સદા આપની કૃપા મેળવવા ઝંખે છે. હે શ્યામજી ! તે માટે અનેક જન્મોનાં વ્યવધાન હું સહન કરી લઈશ.

બે વ્યક્તિઓ નારદજી પાસે આવ્યા. તેમણે નારદજીને પૂછ્યું : ભગવાન ક્યારે મળશે ? એકને નારદજીએ જવાબ આપ્યો, ત્રણ જન્મો પછી. બીજાને જવાબ આપ્યો કે આ લીમડાનાં જેટલાં પાંદડાં છે તે બધાં ખલાસ થયા પછી તને ભગવાન મળશે. એટલા જન્મો વીત્યા પછી તને ભગવાન મળશે. પેલો બીજો અધીરા સ્વભાવનો હતો,

તે સાધના છોડીને ચાલ્યો ગયો. જે જન્મ-જન્મની ધીરજ સહન કરી શકે તેવો હતો, તેણે કહ્યું : મને ફરીથી કહો કે ભલે ત્રણ જન્મ બાદ, પણ મને ભગવાન મળશે તો ખરા ને ? નારદજીએ કહ્યું શ્રદ્ધા રાખ. ભગવાન તને જરૂર મળશે. તેણે કહ્યું, ભલે. હું કરોડો જન્મ સુધી ભગવાનની વાટ જોઈશ.

બ્રહ્માજી પણ કહે છે, મહારાજ ! તમારાં દર્શનની અભિલાષામાં હું ઘણા જન્મ વિતાવી દઈશ. એ પ્રતીક્ષામાં મારા ચિત્તને હું આનંદ આપીશ.

એક શાયરે બહુ સુંદર કહ્યું છે, '*જો મજા ઈન્તજારીમેં હૈ, વો કહાઁ બસને યારીમેં હૈ!*' ભગવાનની પ્રતીક્ષા કરતાં, તેની યાદમાં જન્મોના જન્મો ગુજારી દઉં, તોય મને આનંદ આવશે. આવી રીતે જેના અંતરમાં પ્રભુની કૃપા મેળવવાની ઇચ્છા હોય, તે હમેશાં પ્રભુને ગમે એવી કૃતિ કરે છે. જે જેની કૃપા મેળવવાની ઇચ્છા કરે, તે તેને ગમે એવી કૃતિ કરે છે.

પરણીને આવેલી નવી સ્ત્રીનો વિચાર કરો. એક બહેન પરણીને સાસરે આવી. તેણે પતિ અને સાસુ-સસરાને પ્રસન્ન રાખવાની ઇચ્છા કરી. એ બધાંને જે પ્રિય હોય તેમ તે કરવા લાગી. આમ થોડાં વર્ષો વીત્યાં. પછી એવો વખત આવ્યો કે તેનાં સાસુ-સસરા અને પતિ એમ કહેવા લાગ્યાં કે આ ઘરમાં તું કહે એમ જ થશે. પ્રિયને ગમે એવી કૃતિ કરીએ, તો તરત જ કૃપા મળે.

તાજબીબીનો આવો જ એક પ્રસંગ છે. તાજબીબીએ શ્રીગુસાંઈજીને પ્રશ્ન પૂછ્યો, મારો પતિ મને હમેશાં વશમાં રહે એ માટે હું શું કરું ?

શ્રીગુસાંઈજીએ ઘણો સુંદર ઉત્તર આપ્યો, '*પતિ કહે સો કીજિયે, આપુહિ બસ હોય.*' કૃપા એની વરસે છે, જેને ગમતી કૃતિ કરવા આપણે તત્પર બનીએ છીએ. આ દુનિયાનો કાયદો છે. એ કાયદો ભગવાનને પણ લાગુ પડે છે. જો ભગવાનને ગમે એવાં કાર્યો કરીએ, તો જીવનમાં ભગવાનની કૃપા મળ્યા વિના રહે જ નહિ.

બ્રહ્માજી બહુ જબરા છે. તેમને જેટલી દલીલો કરતાં આવડે છે; એટલી દલીલો બહુ ઓછાંને આવડે છે. બ્રહ્માજીએ હાથ જોડીને પ્રભુને કહ્યું, હે નાથ! મેં ભૂલ કરી છે, એમાં ના નથી. મારે ભોગવવું જોઈએ એ પણ મંજૂર છે. પરંતુ એટલું બધું ભોગવવું ન જોઈએ કે જેટલું આપ ભોગવાવવા ઇચ્છો છો.

ભગવાન કહે છે, બ્રહ્મા! ભૂલ કરે તેને ડંડો પડે. તું ડંડો ખાવા તૈયાર થા.

બ્રહ્માજી કહે છે : ના, શ્યામસુંદર ! પહેલાં મને જવાબ આપો. માતાના ઉદરમાં બેઠેલું બાળક માને કદાચ લાત મારે, તો મા એ બાળકને ટપલો મારે ખરી ? જો પેટમાં રહેલા બાળકને મા ટપલો મારતી નથી, તો કરોડો બ્રહ્માંડ આપના ઉદરમાં છે, તેમાં મારા જેવા અનંત બ્રહ્માઓ રહેલા છે, તો શું આપ મને મારશો ?

ઉત્ક્ષેપણં ગભગતસ્ય પાદયો:
કિં કલ્પતે માતુર ેક્ષજાગસે ।
કિમસ્તિનાસ્તિવ્યપદેશભૂષિતં
તવાસ્તિ કુક્ષે: કિયદપ્યનન્ત: ॥૧૪/૧૨॥

હે નાથ! આપને હું વિનંતી કરું છું કે મારો રજોગુણ દૂર કરી, મને સુંદર બનાવો અથવા તો મને ક્ષમા આપો. મહારાજ, મોટા મોટા દેવો પણ આપની આ સૃષ્ટિને ઓળખી ન શકે, એવી આપની અલૌકિક લીલા છે. એ અલૌકિક લીલાનું સુંદર દર્શન મને કરાવો.

બ્રહ્માજીને એક ઇચ્છા છે. ભગવાન મને પણ તેમની લીલાસૃષ્ટિનો જીવ બનાવી દે. પરંતુ જેનો જ્યાં અધિકાર હોય ત્યાં જ રહી શકાય, બધે જવાય નહિ. બ્રહ્માજી વિચાર કરે છે, ભગવાન મને કાયમ માટે આ વ્રજભૂમિમાં બેસાડી દે, તો મારો બેડો પાર થાય. તેઓ કહે છે કે નાથ! આપ એવું કરવા ન માગતા હો, તો કોઈ ભક્તની ઇન્દ્રિયો ઉપર અમને દેવતાઓને આપના રસનો આસ્વાદ જાગવા દો.

એષાં તુ ભાગ્યમહિમાચ્યુત તાવદાસ્તા-
મેકાદશૈવ હિ વયં બત ભૂરિભાગા: ।
એતદ્ધૃષીકચષકૈરસકૃત્ પિબામ:
શવાદયોઽઙ્ઘ્ર્યદુજમ વમૃતાસવં તે ॥૧૪/૩૩॥

એવું મનાય છે કે આપણી ઇન્દ્રિયોનો એક એક અધિષ્ઠાતા દેવ છે. જેવી રીતે જીભનો દેવ વરુણ, કર્ણની દિશા નામની દેવતા, આંખના દેવ સૂર્ય અને ચંદ્ર. આવી રીતે પ્રત્યેક ઇન્દ્રિયના એક એક દેવ છે. દેવો ભક્તની ઇન્દ્રિયો ઉપર બેસે, ત્યારે આશીર્વાદ આપે છે. તેઓ જ્ઞાનીની ઇન્દ્રિયો ઉપર બેસે, ત્યારે શાપ આપે છે; કારણ કે જ્ઞાનીને જીભ મળી હોય, તો જીભ સીવી દેવાની. આંખો મળી હોય, તો આંખો બંધ કરી દેવાની. જ્ઞાની કહે છે, દરેક ઇન્દ્રિયનો નિરોધ કરો. તેનો ઉપયોગ ન કરો.

ભક્ત કહે છે ના, ભગવાને મને આ ઇન્દ્રિયો વાપરવા માટે આપી છે. જો પિતાજીએ તમને પાંચ હજાર રૂપિયા આપ્યા હોય, તે શું બૅન્ક-બૅલેન્સ વધારવા આપ્યા છે ? તે આ રૂપિયા એટલા માટે આપે છે.કે આમાંથી બીજા પેદા કરો અને છે તેને વાપરો. જે કંજૂસ હોય તેને વાપરતાં ન આવડે. એવી રીતે જ્ઞાનીઓને શરીર અને ઇન્દ્રિયોને વાપરતાં આવડતાં નથી.

ભક્ત કહે છે : પ્રભુ! તેં અમને માણસ એટલા માટે બનાવ્યા છે કે અમારું શરીર અને ઇન્દ્રિયો તમારા માટે વાપરીએ. અમે તમારામાં તેમના દ્વારા ઓતપ્રોત બનીએ. શરીર અને ઇન્દ્રિયો વાપરતાં ભક્તોને આવડે છે. તેથી ઉદ્ધવજીએ ગોપીજનોને આશીર્વાદ આપ્યા છે.

ઉદ્ધવજીએ ગોપીજનોને શરીર ધારણ કરનારાં **'તનુભૂત:'** કહ્યાં. આ એક શબ્દનું ખૂબ સુંદર રહસ્ય શ્રીમહાપ્રભુજીએ તે પ્રસંગનાં શ્રીસુબોધિનીજીમાં સમજાવ્યું છે. જેને શરીર, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ વાપરતાં નથી આવડતું; તે તો કેવળ શરીરનો બોજ લઈને જીવે છે. જેણે આનો ઉત્તમ ઉપયોગ કર્યો છે તે 'તનુભૂત:' છે. વેણુગીતના પ્રસંગમાં ગોપીજનોએ કહ્યું : મહારાજ, જેમણે પોતાની ઇન્દ્રિયો દ્વારા તમારો રસ પીધો છે, તેમની ઇન્દ્રિયો સાર્થક છે. ભગવદ્રસનો અનુભવ કરવા જ ઈશ્વરે આપણને ઇન્દ્રિયો આપી છે.

શ્રીમહાપ્રભુજીનો દાવો છે કે ઈશ્વર આંખોનો વિષય બની શકે છે, કાનનો વિષય બની શકે છે. તે તમામ ઇન્દ્રિયોનો વિષય બની શકે છે. ઈશ્વરને આપણે આપણી ઇન્દ્રિયો દ્વારા ગોચર કરી શકીએ છીએ. ભલે તે **'અધોક્ષજ'** હોય; પરંતુ ભક્તમાં એવું સામર્થ્ય છે કે તે એ જ બ્રહ્મનાં પ્રગટ દર્શન અને રસનો અનુભવ કરી શકે છે. દુનિયાનું તમામ સાહિત્ય શોધી વળશો, તો પણ આ જ ઇન્દ્રિયો અને શરીર દ્વારા ઈશ્વરનો પ્રગટ અનુભવ કરવાની વાત બીજે ક્યાંય મળશે નહિ. મર્યા વિના, જીવતે જીવ ઈશ્વરનો અનુભવ કરવો. વૈષ્ણવોને એથી મર્યા પછીની મુક્તિમાં રસ નથી. તેમને જીવતે જીવ ભગવદ્પ્રાપ્તિમાં રસ છે.

બ્રહ્માજી કહે છે, મહારાજ! અમને કોઈ ભક્તોની ઇન્દ્રિય ઉપર સ્થિર કરો, જેથી તમારો રસ અમે પામી શકીએ.

અનુજાનીહિ માં કૃષ્ણ સર્વં ત્વં વેત્સિ સર્વદૃક્ ।
ત્વમેવ જગતાં નાથો જગદેતત્તવાર્પિતમ્ ॥૧૪/૩૯॥

બ્રહ્માજીએ આખરે કહ્યું : મહારાજ, તમે બધું જાણો છો. આપની દૃષ્ટિ સર્વમાં પ્રત્યક્ષ થઈ રહી છે. હવે હું આપને વિશેષ શું કહું ? મારા અંતરની વાત આપ જાણો છો. હું બોલી બોલીને મોઢું શું કરવા બગાડું ? હે નાથ! હું આપનાં ચરણારવિંદમાં પડ્યો છું. જેમ કરવું હોય તેમ કરો.

ભગવાન કશું જ બોલ્યા વિના તેને બતાવી રહ્યા છે કે તું ચૂપચાપ અહીંથી ચાલ્યો જા. આજે મારે તારી સાથે કંઈ વાત કરવી નથી. બ્રહ્મા, તું તારા અભિમાનને સમજ. તું નાક કાપીને પછી મારા પગમાં પડ્યો. તારામાં મારી સ્તુતિ કરવાની શક્તિ આવી, એટલું જ બસ છે. બ્રહ્માજી ગયા. બ્રહ્માજીએ સંતાડેલાં વાછરડાં અને વ્રજવાસીઓ વ્રજમાં પાછાં આપ્યાં.

પરીક્ષિત રાજા પ્રશ્ન કરે છે, ગુરુજી! આ વ્રજવાસીઓને પોતાના દીકરાઓમાં જેટલો પ્રેમ નથી, તેનાથી કરોડો ઘણો પ્રેમ એમને શ્રીશ્યામસુંદરમાં કેમ છે ?

શ્રી શુકદેવજી બહુ સુંદર જવાબ આપે છે –

તસ્માત્ પ્રિયતમ: સ્વાત્મા સર્વેષામપિ દેહિનામ્ ।
તદર્થમેવ સકલં જગદેતચ્ચરાચરમ્ ॥૧૪/૫૪॥

રાજન્! જગતમાં સંબંધીઓ પણ આત્માની પ્રસન્નતા માટે જ હોય છે. વિશ્વમાં જેટલા સંબંધો છે એ તમામ સંબંધો પોતાના આત્માની પ્રસન્નતા માટે છે. જે સંબંધમાં આત્મા પ્રસન્ન થતો નથી, તે દિલોજાન સંબંધ હોય, તો પણ તૂટી જાય છે. જે સ્ત્રી ઘરમાં આવીને પતિના માથે છાણાં થાપતી હોય, તેની સાથે પતિ તરત જ કૉર્ટમાં છૂટાછેડા માગશે. જે દીકરો બાપ સાથે લડતો હોય, એને બાપ તરત જ જુદો કરશે. સંબંધોનું બહુ મહત્ત્વ નથી, પણ સંબંધો દ્વારા મળતા આનંદનું મહત્ત્વ છે. એ આનંદ કદાચ માણસને લોહીના સંબંધમાં મળે, કદાચ મૈત્રીના સંબંધમાં મળે. જેના દ્વારા આત્માની પ્રસન્નતા થાય, એ જ પ્રવૃત્તિ માણસને ગમે છે. હે રાજન્ ! શ્રીકૃષ્ણ તો આત્માના પણ આત્મા છે, સર્વના પ્રિય છે. તે બધાંને ગમે તેમાં શી નવાઈ ? એને ગમવા માટે તો જગતના તમામ સંબંધો છે.

એવં વિહારૈ: કૌમારૈ: કૌમારં જહતુર્વ્રજે ।
નિલાયનૈ: સેતુબન્ધૈર્મર્કટોત્પ્લવનાદિભિ: ॥૧૪/૬૧॥

આ પ્રમાણે ભગવાનની કુમારલીલા પરિપૂર્ણ થઈ.

કુમારલીલા એટલે પાંચ વર્ષની વયની લીલા. કુમારલીલામાં જે અવસ્થાનો અનુભવ કર્યો હતો, તે ઘેર જઈને ગોપીઓની સાથે થયો; કારણ કે એક વર્ષ સુધી પેલાં વ્રજવાસી બાળકો બ્રહ્માજીના ત્યાં હતાં. ભગવાને ત્રણ લીલાઓ કરી : નિલાયન એટલે સંતાકૂકડીની લીલા, સેતુબંધ-લીલા અને મર્કટલીલા.

આમાંની ઘણી લીલાઓ આજે પણ શ્રીઠાકોરજી આપણી સાથે કરે છે. ભગવાન સંતાય છે અને આપણને કહે છે કે તમે મને શોધી કાઢો. આપણે હજારો જન્મોથી ભગવાનને શોધીએ છીએ; છતાં એ નટખટ નંદકિશોર કોણ જાણે ક્યાં સંતાયો છે કે હજી સુધી જડતો જ નથી !

ભગવાન કહે છે, હું તમારી અતિ નિકટ આવી જઉં તોય હું તમને ન જડું અને તમારાથી ઘણે દૂર ચાલ્યો જાઉં, તો પણ ન જડું !

ઈશ્વર સાંખ્યકારિકામાં વસ્તુનું દર્શન ક્યારે નથી થતું તે બતાવે છે : કોઈ વસ્તુ અતિ નજીક હોય તો ન દેખાય. કોઈ વસ્તુ અતિ દૂર હોય તો પણ ન દેખાય. ઇન્દ્રિય વિકળ હોય તો ન દેખાય. અજવાળું ન હોય તો પણ ન દેખાય. ભગવાન જાણે આમાંથી કયું કારણ હશે, પરંતુ શ્યામસુંદર આપણને હજી જડતા નથી. પરંતુ આશા બળવાન છે. જેવી રીતે ગોપીજનોને ગોવિંદ જડ્યા, તેમ આપણને પણ આજે નહિ તો કરોડો જન્મો પછી તો જરૂર મળશે.

અહીં ત્રણ અધ્યાયની આ પ્રક્ષિપ્તલીલા પરિપૂર્ણ થઈ.

◆

પ્રકરણ ૨૭

ગૌચારણ અને ધેનુકાસુર-વધ

આપણા મોહનજી પાંચ વર્ષ પૂરાં કરી હવે છઠ્ઠા વર્ષમાં પ્રવેશે છે. છ થી નવ વર્ષની અવસ્થાને પૌગણ્ડ અવસ્થા કહેવામાં આવે છે. હવેના સાત અધ્યાયોના પ્રકરણને શ્રીમહાપ્રભુજીએ તામસ-પ્રમેય પ્રકરણ કહ્યું છે. પંદરમા અધ્યાયથી એકવીસમા અધ્યાય સુધીનું આ પ્રકરણ છે.

તતશ્ચ પૌગણ્ડવય: શ્રિતૌ વ્રજે બભૂવતુસ્તૌ પશુપાલસમ્મતૌ ।
ગાશ્ચારયન્તૌ સખિભિ: સમં પદૈર્વૃન્દાવનં પુણ્યમતીવ ચક્રતુ: ॥૧૫/૧॥

છઠ્ઠા વર્ષની અવસ્થાથી આપણા શ્રીબાલમુકુંદ ગોપાલ બન્યા છે. શ્રીશ્યામજીના ત્યાં નવ લાખ ગાયો છે. વિચારો, આટલી બધી ગાયો વ્રજમાં કેવી રીતે સમાતી હશે? આજની મોટી મોટી ડેરીઓ પાસે પણ આટલી બધી ગાયો તો નહિ હોય! વળી, દરેક વ્રજવાસીની અગિયાર અગિયાર ગાયો. બધા વ્રજવાસીઓની ગાયોનો સરવાળો નવ લાખથી પણ વધુ થાય. શ્રીઠાકોરજી કહે છે, મારા વ્રજવાસીઓની ગાયો તો હું ચરાવું છું, પણ જે જીવ મારા શરણે આવે, તે સૌની ગાયો હું ચરાવીશ.

આપણે ભગવાનને હાથ જોડીને કહીશું, મહારાજ! અમે શહેરમાં રહીએ છીએ, ગાયો રાખી શકીએ તેમ નથી. શ્રીઠાકોરજી કહે છે, મારા દરેક વૈષ્ણવ પાસે અગિયાર ગાયો છે. આપણી પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન – એમ મળી કુલ અગિયાર ગાયો છે. સંસ્કૃતમાં **'ગો'** શબ્દનો અર્થ જેમ **ગાય** છે, તેમ બીજો અર્થ **ઇન્દ્રિય** પણ છે. શ્રીઠાકોરજી આપણી ઇન્દ્રિયોને ચરાવે છે, તેથી તે ઇન્દ્રિયો કદી સુકાય નહિ. કદી દુ:ખનો ભોગ ભોગવે જ નહિ. ઇન્દ્રિયોના જુદા જુદા વિષયોમાં આપણે જો શ્રીશ્યામસુંદરને અનુભવતા થઈ જઈએ, તો શ્રીશ્યામસુંદરે આપણી ગાયો ચરાવી, એમ કહેવાય.

શ્રીઠાકોરજી વ્રજવાસીઓ પાસેથી ગોરસ લૂંટે છે. ભાદરવા સુદ અગિયારસને દાન-એકાદશી કહીએ છીએ. તે દિવસે ગોવિંદજી ગોરસ લૂંટે છે. આપણી ઇન્દ્રિયોમાંથી ટપકતો રસ એ ગોરસ છે. આંખોમાંથી રૂપ ઝરે, કાનને સાંભળવું ગમે, જીભને બોલવું અને ચાખવું ગમે, હાથને અડકવું ગમે, પગને ચાલવું ગમે. આમ, આપણી પ્રત્યેક ઇન્દ્રિયનો વિષય વિશ્વાત્મા એવા ભગવાનને બનાવી દઈએ, તો આપણે કદી

દુઃખમાં ન પડીએ. આપણી અગિયાર ગાયોમાં દશ ગાયો હજી આપણા કબજામાં છે; પણ મનરૂપી અગિયારમી ગાય એની ઇચ્છા પ્રમાણે ભટકે છે. માણસ શરીરને રોકી શકતો નથી. મનને એકાગ્ર બનાવવા માટે જે જે ઇન્દ્રિયને જ્યાં જ્યાં પરોવીએ, ત્યાં ત્યાં મનને પણ લઈ જવું જરૂરી છે.

ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનમાં ગાયોને ચરાવવા લઈ જાય છે.

તન્માધવો વેણુમુદીરયન્ વૃતો ગોપૈર્ગુણદ્ભિઃ સ્વયશો બલાન્વિતઃ ।
પશૂન્ પુરસ્કૃત્ય પશવ્યમાવિશદ્ વિહર્તુકામઃ કુસુમાકરં વનમ્ ॥૧૫/૨॥

ભૌતિક વિષયોનો ભોગ ભોગવે તે ઇન્દ્રિયો પશુ જેવી છે. પશુઓ જેવી એ ઇન્દ્રિયોને સુંદર બનાવવા શ્રીશ્યામસુંદર કુસુમવનમાં ગોચારણ કરે છે. ગોચારણનો દિવસ કાર્તિક સુદ આઠમનો છે. નંદબાવા આશીર્વાદ આપતાં કહે છે, લાલા! તું ગોવાળિયો છે. ગાયો ચરાવીને ગાયોને પુષ્ટ કરજે. શ્યામજીની ચારે બાજુ ગાયો છે.

'આગે ગાય, પીછે ગાય, ઈત ગાય, ઉત ગાય;
ગોવિંદકો બસ ગાયનમેં હિ બસવો ભાવે.'

ગોવિંદજી ગાયોની મધ્યમાં ઊભા છે. માને કહે છે, મા! હું ગોચારણ કરવા જઈશ, ત્યારે મારા પગમાં જોડા નહિ પહેરું. માતા સમજાવે છે, લાલા! તને વનમાં કાંટા-કાંકરા વાગશે. શ્યામજી દલિલ કરે છે, મૈયા! આપણા ગુરુજી ખુલ્લા ચરણે જતા હોય, તો આપણાથી જોડો પહેરીને જવાય ? મારે શિષ્યધર્મ બજાવવો છે. માતા કહે છે, બેટા! હજી તને કોઈ નિશાળમાં ભણવા મૂક્યો નથી, તો પછી તારા ગુરુ કોણ? ભગવાન કહે છે, આ નવ લાખ ગાયો મારી ગુરુ છે. તેમણે મને જીવન જીવતાં શીખવ્યું છે. તે બધી ગાયોના પગમાં તું જોડા પહેરાવી દે, પછી હું જોડા પહેરીશ. શ્રી શ્યામસુંદરની કેટલી મોટી તપશ્ચર્યા છે. તપ વિના જ્ઞાન નથી. જ્ઞાન વિના પ્રેમ નથી. ભગવાને પણ તપ કરીને જ્ઞાન મેળવ્યું છે.

પ્રાચીન પરંપરા જુઓ. જ્ઞાન મેળવવા માટે તપની ભૂમિકા રહેતી હતી. તપનો અર્થ એ નથી કે સૂર્યની ગરમીમાં તપતાં બેસી રહેવું. ઇન્દ્રિયો અને શરીરને જરૂરી કષ્ટ આપી, તેમના દ્વારા જીવનનું ઘડતર કરવું એ તપ છે. ત્યારે વિદ્યાર્થી ગુરુકુળમાં જતા. ત્યાં કેવળ ભણવાનું નહોતું, સાથે પરિશ્રમ પણ કરવાનો હતો. આજની વિદ્યા શ્રમ વિનાની થઈ ગઈ છે, એટલે કોઈને પચતી નથી. વિદ્યાની સાથે વિદ્યાર્થીએ શ્રમ કરવો જોઈએ. આજનો વિદ્યાર્થી માત્ર પોપટિયું જ્ઞાન લઈને આવે છે. ભગવાન શ્રમનું

મહત્ત્વ જાણે છે, માટે આખા વૃંદાવનમાં ઉઘાડા પગે ફરે છે. ભગવાન કહે છે, મા! એક વખત મારા પગને કાંટો વાગવા દે. ત્યારે મને સમજાશે કે ગોવાળિયા બનવામાં કેટલું કષ્ટ છે !

મોહનજીએ વૃંદાવનમાં પ્રવેશ કર્યો. આ વૃંદાવન છ ધર્મોથી આવિષ્ટ છે : ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. શ્રીશુકદેવજી આ વૃંદાવનનું વર્ણન કરે છે.

તન્મંજુઘોષાલિમૃગદ્વિજાકુલં મહન્મન: પ્રખ્યપય: સરસ્વતા ।
વાતેન જુષ્ટં શતપત્રગંધિના નિરીક્ષ્ય રન્તું ભગવાન્ મનો દધે ॥૧૫/૩॥

ત્યાં ત્રણ પ્રકારનો વાયુ વાતો હતો. એની સાથે ત્યાં ભમરા, હરણો એટલે પશુઓ, પક્ષીઓનો કલરવ થતો હતો. સુંદર સુગંધિત વાયુ અને પશુ-પક્ષીઓના કલરવથી વૃંદાવનની શોભા અધિક બની હતી. જ્યારે ગોવિંદજી ત્યાં પધાર્યા, ત્યારે આખી પ્રકૃતિ હસી ઊઠી, નાચી ઊઠી અને બોલી ઊઠી, વૃંદાવનવિહારીલાલકી જય. પ્રકૃતિએ ગોવિંદજીનું સ્વાગત કર્યું. વૃક્ષનાં પાંદડાં ભેગાં થઈ જાણે ગોવિંદજીને હાથ જોડી રહ્યાં છે. ઉપર રહેલી ડાળીઓ નીચે લચીને માથું નમાવે છે. જાણે વૃક્ષની લતાઓ ભગવાનને દંડવત્ ન કરતી હોય!

નિયમ એવો છે કે ભગવાન અને ગુરુને ખાલી હાથે વંદન ન કરાય. આજના લોકોએ એનો અર્થ એવો કર્યો, ભગવાન કે ગુરુજીની સામે પાઈ-પૈસો ફેંકવો. મંદિરમાં દર્શન કરનારા શ્રીઠાકોરજીની સામે જ્યાં ઊભા હોય, ત્યાંથી પૈસાનો સિક્કો ફેંકે છે. આ લોકોને મન ભગવાન ભિખારીથીયે નીચો હશે ? શું આપણા પૈસા માટે તે મંદિરમાં ભગવાન બનીને બેઠા છે ? ભગવાનનેય દુઃખ થતું હશે કે મારે મંદિરમાં બેસીને ભિખારી થવાનો વારો આવ્યો. ખાલી હાથે ન જવાય, એનો અર્થ આવો નથી.

ગુરુ કે ગોવિંદ પાસે જઈએ, ત્યારે હાથમાં કર્મનું બળ લઈને જઈએ; જેથી આપણને શરમ ન આવે. હે પ્રભુ! તમે મને દુનિયામાં મોકલ્યો, તો હું તમારું કામ કરીને તમારી પાસે આવ્યો છું. શિષ્ય એ જ સાચો છે કે જે ગુરુજીએ શિખવાડેલા માર્ગે જ્ઞાનનો ઉપયોગ કરે. ભગવાન અને ગુરુજી પાસે સત્કર્મ લઈને જવું એ જ આનું રહસ્ય છે. આજે પલ્લવિત અને પુષ્પિત બનેલાં વૃક્ષો ભગવાનનાં દર્શન કરી રહ્યાં છે. પધારેલા ભગવાનને પુષ્પો અર્પણ કરી રહ્યાં છે. કોઈ પોતાનાં ફળ અર્પણ કરી રહ્યાં છે. ફૂલ બીજાને સુગંધ આપે છે, ફળ બીજાને રસ ચખાડી પોષણ આપે છે. બીજાઓને માટે પલ્લવિત અને પુષ્પિત બનવું એ વૃક્ષનું કર્તવ્ય છે.

સ તત્ર તત્રારુણપલ્લવશ્રિયા ફલપ્રસૂનોરુભરેણ પાદયોઃ ।
સ્પૃશચ્છિખાન્ વીક્ષ્ય વનસ્પતીન્ મુદા સ્મયન્નિવાહાગ્રજમાદિપૂરુષઃ ॥૧૫/૪॥

વૃક્ષોએ માણસને જીવન શીખવ્યું. ભગવાને હસીને દાઉજીને કહ્યું : દાદા, કેટલોક તમોગુણ એવો છે કે જે શાસ્ત્રોના સાધનથી જતો નથી, પણ કૃપાથી જાય છે. આ વૃક્ષો તેમનો તમોગુણ દૂર કરવા શરણે આવ્યાં છે. આજે આપણે એમનો તમોગુણ દૂર કરવો છે. વૃક્ષો પાસે ધબકતું જીવન છે. પુષ્પિત અને પલ્લવિત થવાની શક્તિ છે, પરંતુ હૃદયના ભાવોને પ્રગટ કરવાની વાચા નથી. તેમનામાં ચાલવાની ગતિ નથી. જોકે તેમનામાં જીવન તો છે જ.

વૃક્ષો ભગવાનને કહે છે : મહારાજ, અમે આપનાં ચરણારવિંદમાં અર્પિત થયાં, ભલે અમને ચાલતાં કે બોલતાં ન આવડે; પરંતુ અમારાં જીવન પરોપકારાર્થે છે તે રહેવા દેજો. પરોપકારાર્થે જીવન આપીને વૃક્ષોએ તેમનો તમોગુણ ધોયો છે. જ્યારે આપણે બોલવાનું અને ચાલવાનું શીખીને પણ આપણો તમોગુણ વધાર્યો છે. આપણી ગતિ ઘણી વાર બીજાને સુખને બદલે દુઃખ આપનારી હોય છે. આપણી વાચા બીજાઓને આનંદને બદલે ક્લેશ આપે છે. વૃક્ષોએ માનવને જીવન શીખવ્યું.

ભગવાન કહે છે, દાદા ! આવી વૃક્ષાવલિઓ પર ભ્રમરો ગુંજારવ કરે છે.

અહો અમી દેવવરામરાર્ચિતં પાદામ્બુજં તે સુમનઃ ફલાર્હણમ્ ।
નમન્ત્યુપાદાય શિખાભિરાત્મનસ્તમોઽપહત્યૈ તરુજન્મ યત્કૃતમ્ ॥૧૫/૫॥

આ વૃક્ષાવલિઓ ઉપર બેઠેલી કોયલો કુહૂ કુહૂ કરીને બોલે છે, દાઉજી મહારાજકી જય. આજે આ વૃંદાવનની સઘન કુંજોમાં મયૂર નૃત્ય કરે છે. 'ટેહૂક...ટેહૂક'નો ટહૂકાર કરી અખંડ જપ કરે છે. આ વૃંદાવનની શોભામાં આજે મને સજ્જનોની પ્રકૃતિનાં દર્શન થયાં. પ્રકૃતિ-નિસર્ગ એટલે સ્વભાવ.

સજ્જનો અને દુર્જનોના સ્વભાવમાં આસમાન-જમીનનું અંતર છે. સજ્જનો સ્વભાવથી સર્વનો સત્કાર કરે છે. દુર્જનો સ્વભાવથી સર્વનો તિરસ્કાર કરે છે. કુદરતી પ્રકૃતિ સૌનો સત્કાર કરે છે, માનવની પ્રકૃતિ તિરસ્કાર કરે છે. વૃંદાવનનો કણકણ, એની વૃક્ષાવલિ, લતાપતાઓ, મયૂરો, કોયલો અને ભ્રમરો આપણને ન ઓળખવા છતાં આપણો સત્કાર કરે છે. જે આપણો સત્કાર કરે, તેમનો આપણે પણ સત્કાર કરવો રહ્યો. આ વૃંદાવનની શોભાને વધારવા તો આપણે વૃંદાવનમાં આવ્યા છીએ.

હવે આપણા પ્રભુ વૃંદાવનવિહારી બની યમુના-પુલિન પર અને વનની સઘન નિકુંજોમાં અનેક આનંદમયી લીલાઓ કરે છે. શ્રીશુકદેવજી એકંદરે દશ શ્લોકમાં શ્રી વૃંદાવનવિહારીલાલની લીલાઓનું વર્ણન કરે છે. આ વૃંદાવનમાં શ્રીમહાપ્રભુજીના મતે ***ધર્મ, અર્થ, કામ અને મોક્ષ*** - એમ ચાર પુરુષાર્થોની લીલા સાથે શૃંગાર, હાસ્ય, ભક્તિ સુધીના દશ રસોની પણ લીલા થાય છે. વૃંદાવનમાં ભગવાનની ધર્મલીલા અને રસલીલા એ બંનેનો સમન્વય થયો છે.

એવં વૃંદાવનં શ્રીમત્ કૃષ્ણ: પ્રીતમના: પશૂન્ ।
રેમે સંચારયન્નદ્રે: સરિદ્રોધસ્સુ સાનુગ: ॥૧૫/૯॥

વૃંદાવનમાં પશુપાલન થાય એ ધર્મલીલા છે. પશુપાલન કરતાં કોઈ કોઈ વાર ગોવિંદજી મધુરું ગીત ગાય, નૃત્ય કરે, આવેલ પક્ષીઓનો સત્કાર કરે. એમાં અર્થ, કામ અને મોક્ષ સુધીની લીલાઓ છે. શ્યામજી વૃંદાવનમાં ખાલી વિચરણ કરતા નથી. અનંત જીવોને મોક્ષનું દાન કરે છે.

વ્રજવાસીઓ કહે છે, મહારાજ ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેમને જોઈતાં હોય, તેમને આપો. અમે તો વૃંદાવનમાં ફક્ત તમારો રસ લેવા આવ્યા છીએ; કારણ કે તમે રસરૂપ, મધુર બ્રહ્મ છો. અમે શૃંગાર-હાસ્યથી લઈ ભક્તિ સુધીના દશે રસોથી રસાન્વિત બનવા આવ્યા છીએ.

ચકોરક્રૌંચચક્રાહ્વભારદ્વાજાંશ્ચ બર્હિણ: ।
અનુરૌતિ સ્મ સત્ત્વાનાં ભીતવદ્ વ્યાઘ્રસિંહયો: ॥૧૫/૧૩॥

અહીં ભગવાન છ પ્રકારનાં પશુપક્ષીઓના અવાજ કરે છે. એ અવાજમાં છ પ્રકારની લીલા કહી છે. ચકોર પક્ષી ચકોરી વિના રહી ન શકે. એનાથી શ્રી શુકદેવજીએ સૂચન કર્યું છે કે વૃંદાવનમાં ગાયો ચરાવતાં ભગવાન ક્વચિત્ માધુર્યલીલાનું દર્શન કરાવે છે. ક્રૌંચ એ વીરપક્ષી. એક એક પક્ષી તે તે રસના પ્રતીક સમાન છે. ક્રૌંચ પક્ષીના અવાજો દ્વારા ભગવાન વીરરસને પ્રગટ કરે છે. સખાઓ ક્રૌંચ પક્ષીના અવાજ સાથે નૃત્ય રમે છે, કુસ્તી કરે છે. ચક્રવાકમાં કરુણ રસ રહેલો છે. છેલ્લા બે શ્લોકમાં ભક્તિરસનું નિરૂપણ છે. કોઈ કોઈ વાર ગોવિંદજી દાઉજીની ચરણસેવા – દાસ્યભક્તિ સિદ્ધ કરે છે. કોઈ કોઈ વાર વ્રજવાસીઓ પાસે જુદા જુદા અર્થનું ઉદ્‌ઘાટન કરાવી મનન કરે છે. ક્વચિત્ અંશરૂપથી લીલા કરતા ભગવાન વૃંદાવનવિહારીલાલ બન્યા છે.

આમ, આ વખતે વૃંદાવનમાં ધેનુકાસુર આવ્યો. આ ધેનુકાસુરને ઓળખી લેવા જેવો છે. જ્યારે ધેનુકાસુર આવે, ત્યારે તે વ્રજવાસીઓને તાલવનનાં ફળ ખાવા દેતો નથી. શ્રીદામા, સુબલ, વરુતપ, તોક એ બધાંને તાલવનનાં ફળ ખાવાં છે. તે ફળ ખાવાની ચિંતામાં એક પ્રકારનો નશો ચડે છે.

આ તાલવન એટલે ભક્તિ. જ્યાં ભગવાનનો તાલ જીવના તાલ સાથે મળેલો હોય તે તાલવન બને. શ્યામરસની ભક્તિથી પ્રેમરસના આસવપાનથી ભક્તો મસ્ત થવા માગે છે; પરંતુ વચમાં ગધેડાના રૂપે આવેલો પેલો ધેનુકાસુર હમેશાં નડે છે. જીવ કૃષ્ણપ્રેમમાં ખોવાઈ જાય છે; પરંતુ મન, શરીર, ઇન્દ્રિયો એમાં ડૂબતાં નથી. કૃષ્ણની પાસે જતાં તે બધાં ચારે બાજુ ભટક્યા કરે છે. કૃષ્ણની કથામાં જઈને બેસીએ અને કરીએ જીવનની વ્યથા. પછી પ્રેમ-ભક્તિનો નશો ક્યાંથી ચઢે ?

નંદદાસજી કહે છે, મદિરાનો આવેશ ઊતરી જાય; પરંતુ જેના પર ભગવાને કૃપા કરી છે, તેને ચઢેલો ભક્તિપ્રેમનો આવેશ કદી ઊતરતો નથી.

'ભૂત ચુએ મદિરા પીએ, સબકા હુ સુધ ખોય;
પ્રેમસુધારસ જો પીએ, સાથ રહે ન સુધ કોય.'

જ્યારે ભગવદ્પ્રેમમાં પોતાની જાત ભૂલી જવાય, આખી દુનિયાને ભૂલી જવાય, ત્યારે સમજવું કે સાચો પ્રેમ ઉત્પન્ન થયો છે. પરંતુ આપણને એ પ્રેમ થતો નથી. આપણા તાલવનમાં પેલો ગધેડો આવીને બેઠો છે. તે પ્રેમરસમાં ડૂબી જતાં આપણને રોકી રહ્યો છે. તાલવનમાં ધેનુકાસુર એકલો નથી આવ્યો. લાવ-લશ્કર લઈને આવ્યો છે. શ્યામજી મોટાભાઈને કહે છે, આ ગધેડો મારવાનું કામ તમારું અને ફળ ખાવાનું કામ મારું.

દાઉજી મહારાજ ધેનુકાસુરને મારવા સખામંડળી સાથે પધાર્યા. ધેનુકાસુરનો પાછલો પગ પકડી તેને ગોળ ગોળ ફેરવ્યો અને પછી ભૂમિ ઉપર પટકતાં જ તેનું અચ્યુતમ્ કેશવમ્ થયું. તેની આંખો ફાટી ગઈ. તેનો વધ થયો. વ્રજવાસીઓને તાલવનનાં ફળ મળ્યાં.

ગધેડાનો સ્વભાવ અને દેહાધ્યાસીનો સ્વભાવ સરખો હોય છે, માટે ગધેડો એ અધર્મનું અને બળદ ધર્મનું પ્રતીક છે. ભાગવતમાં આ બંને પ્રતીકોને બહુ સુંદર રીતે સમજાવ્યાં છે. પ્રથમ સ્કંધમાં બળદની વાત આવે છે. દશમ સ્કંધમાં ગધેડાની વાત આવે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે બળદ શા માટે ધર્મનું અને ગધેડો શા માટે

અધર્મનું પ્રતીક છે ? બળદના પગમાં ફાટ છે. ગધેડાનો પગ આખો છે. પ્રમાણ વગરની પ્રવૃત્તિ કરે તેને ધેનુકાસુર જાણો. પ્રમાણવાળી પ્રવૃત્તિ કરે તે વૃષભ-પાર્ષદ.

સ્વચ્છંદી પ્રવૃત્તિઓ આપણા જીવનને ધેનુકાસુર બનાવે છે. ઇન્દ્રિયો, શરીર અને મન ઘણી વાર ખોટા અરમાન જગાડે છે. જો લગામ ન હોય તો તેઓ જરૂર આપણને એક વાર ધેનુકાસુર બનાવી દે છે. કેટલાક વિચારકો એવું કહે છે, કોઈની ઇચ્છા થાય કે મારે તો બસ કથામાં નાચવું જ છે, અને એને તમે નાચવાની છૂટ આપો, તો કથા બાજુએ રહે અને તમાશો થઈ જાય. આજનો સ્વચ્છંદી વર્ગ આ ધેનુકાસુર જેવો છે. જે ગમે તે ખાઓ, જે ગમે તે પીઓ અને જેમ ઇચ્છા થાય તેમ કરો. સમાજના કુસંસ્કારો અને બીજું જે ખોટું હોય તે પણ આવો વર્ગ કરવા ચાહે છે. એમનું જીવન લગામ વગરના ઘોડા જેવું છે.

માણસને ઘણુંબધું કરવું હોય, પરંતુ એનો વિવેક અને એની બુદ્ધિ ખોટું કરતાં રોકે છે. અમર્યાદ સ્વચ્છંદ પ્રવૃત્તિ કરનાર ધેનુકાસુર છે. પ્રમાણપૂર્વકની, વિવેક અને બુદ્ધિવાળી પ્રવૃત્તિ કરે તે ધર્મ છે. બીજા અર્થમાં જોઈએ તો બુદ્ધિ વગર, વિવેક વગર, કેટલાક માણસો મન ફાવે તેમ ધાર્મિક ક્રિયાઓ કરે છે, તે પણ ધેનુકાસુરનું જ પ્રતિબિંબ છે. વિવેક-વિચાર વિનાની પ્રવૃત્તિ માણસને સુખ નથી આપતી. વ્યવહારને વિચારનો આધાર જોઈએ. તેવી રીતે વિચારને વ્યવહારનો આધાર જોઈએ.

ધેનુકાસુર અને દેહાધ્યાસી માણસ વચ્ચે ઘણું સામ્ય છે. સંસ્કૃતમાં ગધેડાને 'વૈશાખનંદન' કહેવામાં આવે છે. વૈશાખ મહિનામાં ખેતરમાં ખાસ ઘાસ ન હોય. ગધેડો એ ચરી જાય, હસતો જાય અને ભૂંકતો જાય કે હું ખાઈ ગયો. ચોમાસામાં લીલું ઘાસ વધે. એ લીલું ઘાસ ખાતાં ગધેડો રડવા બેસે કે મારાથી કંઈ ખવાયું નહિ. શીરો થોડો ખવાય, ખીચડી વધારે ખવાય. એવી રીતે દુનિયાની લૌકિક સિદ્ધિઓ મળતાં જે ફુલાઈ જાય, તે ધેનુકાસુર. અલૌકિક વસ્તુ માણસને થોડી મળે, પણ જીવનને જીવંત બનાવનારી મળે છે. ધેનુકાસુરને અલૌકિક વસ્તુની ઉપલબ્ધિમાં રસ નથી. તેને લૌકિક વિષયની ઉપલબ્ધિમાં રસ છે. દેહાધ્યાસી માણસ શરીરને પ્રધાન રાખી આત્માને ગૌણ ગણે છે, તે મૂર્ખ છે. સારી વસ્તુ મળતાં તે રડે અને ખોટી વસ્તુ મળતાં હસે. આનું નામ જ ધેનુકાસુર.

ગધેડાનો સ્વભાવ છે કે જે ખવડાવે તેને પાટું મારે. એવી રીતે દેહાધ્યાસી માણસનો સ્વભાવ છે કે જેણે જીવન આપ્યું, એની ઉપર છાંટા ઉડાડે. આવો માણસ

સારું કરનારને પણ ખોટો કહીને વગોવે છે. તેથી આપણે આવા માણસને માટે કહીએ છીએ કે તે સાવ ગધેડા જેવો છે. એને મદદ કરવા જેવી નહોતી.

ઈશ્વરે જીવવા માટે સૂર્ય-પ્રકાશ આપ્યો, પાણી-પાથરણું આપ્યું. પ્રાણ-શરીર આપ્યું. આટલો મોટો ઉપકારક બીજો કોણ હોય ? મા-બાપથી પણ તે ઈશ્વર મોટો, જેણે આપણા ઉપર આટલો ઉપકાર કર્યો; તેના માટે આ શરીરનું શું કરવું ? ઉપકાર કરવાનું તો બાજુએ રહ્યું, પણ ભગવાનનો અપકાર કરીએ છીએ. પાણીનો વ્યય કર્યો. પ્રકાશ અને આંખોનો પણ દુરુપયોગ કર્યો. આખા શરીરનો દુરુપયોગ કર્યો. ભગવાને આપેલા જીવનને આપણે બગાડ્યું, માટે આપણે ધેનુકાસુર છીએ.

ગધેડાના કાન ઊંચા ને ઊભા હોય. જે ધેનુકાસુર જેવો હોય તે સાંભળે બધું, પણ કાનમાંથી કાઢી નાખે. કદી સાંભળેલું જીવનમાં ઉતારવા ઇચ્છા જ ન કરે. એને તમે ગમે તેટલો ઉપદેશ આપો તોય તમારું બોલેલું વ્યર્થ જાય.

દેહાધ્યાસી માણસ શરીરને જ આત્મા માને છે. શરીરના સુખમાં જ તે જીવનનું તમામ ધ્યાન આપે છે. ઉપનિષદમાં એક પ્રસંગ છે. એક વખત બ્રહ્માજી પાસે ઇન્દ્ર અને વિરોચન આવ્યા. બંને વચ્ચે ચર્ચાનો મુદ્દો એ હતો કે પરમાત્મા કેવો હોય ?

બ્રહ્માજી કહે છે : આ કૂવો છે, તેમાં તમે પ્રતિબિંબ જુઓ. વિરોચને તેનું પ્રતિબિંબ જોયું. ઇન્દ્રે પણ પોતાનું પ્રતિબિંબ જોયું. બ્રહ્માજીએ કહ્યું, તે પ્રતિબિંબ બ્રહ્મ છે. વિરોચન સમજી ગયો કે આ શરીર જ બ્રહ્મ છે. તે ત્યાંથી ચાલ્યો ગયો. ઇન્દ્રના મનમાં શંકા જાગી. જો આ શરીર બ્રહ્મ હોય તો કોઈક વાર હાથ કપાતાં બ્રહ્મ પણ ઠૂંઠા કહેવાય ! કોઈક વાર આંખે ફૂટે, તો તે કાણા કહેવાય ! કોઈક વાર મન બગડે તો બ્રહ્મને ગાંડા કહેવાય ! જે બ્રહ્મમાં વિકાર આવે તે બ્રહ્મ કહેવાય ખરો ? બ્રહ્માજી કહે છે, ના. તું ફરીથી તપ કર. બ્રહ્મ તો એ છે કે જે શરીરમાં રહેવા છતાં શરીર નથી. જે ઇન્દ્રિયોને ચલાવે છે, છતાં ઇન્દ્રિય નથી. જે મનને નચાવે છે છતાં મન નથી. આ બધાંને પ્રેરણા આપનારું જે સૂક્ષ્મ તત્ત્વ છે, તે બ્રહ્મ-પરમાત્મા છે.

આપણે તો આપણા શ્રીઠાકોરજીની સેવા કરીએ છીએ તેના કરતાં વધારે આપણા શરીર-બ્રહ્મની સેવા કરીએ છીએ. એનું જ નામ દેહાધ્યાસ. ભગવાનને વસ્ત્રો જોઈએ તેના કરતાં આ શરીરને વધારે વસ્ત્રો જોઈએ. ભગવાનને ભોજન જોઈએ, તેના કરતાં આ શરીરને વધારે ભોજન જોઈએ. ભગવાન ગોખલામાં બિરાજે, પણ આપણે મોટા મોટા રૂમ જોઈએ. આપણું આખું જીવન ખાવા-પીવા અને મોજ-મજા કરવામાં

વહી ગયું. કેવળ શરીરના સુખનો વિચાર એનું નામ જ ધેનુકાસુર. ભગવાને દાઉજી મહારાજ પાસે ધેનુકાસુરનો ઉદ્ધાર કરાવ્યો. જ્યારે દેહદૃષ્ટિ મરે છે, ત્યારે દેવદૃષ્ટિ જાગૃત થાય છે. શરીર સાથેનો સંબંધ છૂટે છે, ત્યારે આત્મા સાથેનો સંબંધ જાગે છે. સાંજ પડતાં ધેનુકાસુરને મરાવી વેણુવાદન કરતા ભગવાન ફરી વૃંદાવનમાં પ્રવેશ કરે છે. વ્રજવાસીઓની આંખમાંનો ગધેડો મરેલો હોવાથી તેઓ ગોવિંદજીના રસરૂપનું દર્શન કરે છે.

તં ગોરજશ્છુરિતકુન્તલબદ્ધબર્હ-
વન્યપ્રસૂનરુચિરેક્ષણચારુહામ ।
વેણું ક્વણન્તમનુગૈરનુગીતકીર્તિ
ગોપ્યો દિદક્ષિતદશોઽભ્યગમન્ સમેતાઃ ॥૧૫/૪૨॥

જેની આંખ પ્રકાશિત બની છે, એની આંખો જ શ્યામસુંદરના રસને ઓળખી શકે છે. સંધ્યા-આરતીનો સમય છે. મોહનજી વેણુ વગાડતા, ધેનુ ચરાવતા, આખા શ્રીઅંગમાં વ્રજનાં રેણુ લગાડતા આવ્યા છે. અનંત વ્રજાંગનાઓ પોતપોતાના દ્વારે ઊભાં રહી શ્યામસુંદરના સુમધુર સ્વરૂપનું પાન કરે છે.

એક વાર એક ગોપી શ્યામસુંદરનાં દર્શન કરવા સવારથી સાંજ સુધી ઘરની બારી પાસેથી ખસી ન હતી. એની સાસુ સમજાવે છે, બાઈ! તું આખો દિવસ બારીએ ઊભી ઊભી શું જોયા કરે છે ? પેલી આંખમાં આંસુ ભરીને કહે છે, મારા મોહનજીની પ્રતીક્ષા કરું છું. તે હમણાં આવશે અને મને તેમના ઘૂંઘરાળા કેશવાળા શ્રીમુખનાં દર્શન આપશે. મારી આંખોને તૃપ્ત કરશે.

મા પૂછે છે, બાઈ! એ કાળા રૂપમાં એવું શું ભર્યું છે કે તારી આંખો એને જોવા તરસે છે ? સખી કહે છે, મા ! શ્યામસુંદર કેટલો સુંદર લાગે છે, તે તમારી ઘરડી આંખે જોવાને બદલે મારી યુવાન આંખે જુઓ તો તમને સમજાશે.

નંદનંદનના રોમરોમમાં સૌંદર્ય ભર્યું છે. એક વાર જેણે શ્યામસુંદરનું રૂપ જોઈ લીધું છે, પછી એ આંખોમાં બીજું કોઈ રૂપ વસતું નથી. માટે ગોપીઓ કહે છે,

નંદરાણી તારો લાલો, મને લાગે પ્યારો પ્યારો.

રંગ સાવ જ દીસે કાળો, તોયે લાગે મને રૂપાળો,
નંદરાણી તારો લાલો, મને લાગે પ્યારો પ્યારો.

વાંકાને ઝટ સીધો કરતો, વાંકડિયા લટવાળો,
નંદરાણી તારો લાલો, મને લાગે પ્યારો પ્યારો.
'શ્યામકિંકરી'નું મન ચોરી, નાચે જો લટકાળો,
નંદરાણી તારો લાલો...મને લાગે પ્યારો પ્યારો.'

ગોપીઓ યશોદાજીને સમજાવે છે કે માડી, એક વાર તમે અમારા હૈયાની આંખે જુઓ. જેમણે તમારા શ્યામસુંદરનું રૂપ પીધું છે, એમને દુનિયાનું બીજું કોઈ રૂપ ગમતું નથી. આ ત્યારે જ થાય કે જ્યારે અંદર બેઠેલો ગધેડો મરે. ધેનુકાસુર મરે તો જ આંખો ગોવિંદના રૂપને ઓળખી શકે. આપણી આંખમાં વિકાર છે, એટલે આપણને આખી દુનિયાની આંખમાં વિકાર દેખાય છે. જેની આંખમાં શ્યામરસ છે, તે આંખો કણકણમાં શ્યામને શોધે છે.

રામાયણનો એક પ્રસંગ છે. શ્રીરામજી પાસે એક વખત ત્રણ માણસો તેમનો ઝઘડો લઈને આવ્યા. એક હતા તુલસીજી. બીજા હતા હનુમાનજી અને ત્રીજાં હતાં સીતાજી. ત્રણે જણાંનો એક જ વાતે ઝઘડો. અશોકવાટિકામાં જ્યારે જનકદુલારી બિરાજેલાં, ત્યારે એ વાટિકાનાં ફૂલ શ્યામ હતાં, શ્વેત હતાં કે લાલ હતાં ? શ્રીજનકદુલારી આજ્ઞા કરે છે કે ફૂલો શ્યામ હતાં. શ્રીઅંજનિનંદન બતાવે છે કે તે ફૂલો લાલ હતાં. તુલસીજી કહે છે, મારી કલમમાં મને તે ફૂલ શ્વેત દેખાયાં છે. શ્રીરઘુનંદને જવાબ આપ્યો કે તમે ત્રણેય સાચાં છો. શ્રીહનુમાનજીની આંખમાં ક્રોધ હતો. ક્રોધથી ફૂલ લાલ દેખાયાં. તુલસીદાસજીની આંખમાં સત્ત્વગુણ વસેલો છે, માટે તેમને બધું શ્વેત લાગે છે. જનદુલારીનાં નેત્રોમાં મેઘશ્યામ શ્રીરામચંદ્રજી સમાયેલા છે. તેમનાં નેત્રોની દૃષ્ટિ જયાં જ્યાં પડે છે, ત્યાં ત્યાં મધુરો શ્યામરંગ ખીલી જાય છે.

વિકારીને બધું વિકારવાળું લાગે છે અને પ્રભુના આકારીને બધું પ્રભુના આકારવાળું લાગે. જે પોતે ખરાબ હશે તે બીજાને પણ ખરાબ દૃષ્ટિથી જ જોશે. તેની આંખોમાંથી કદી વહેમ જશે નહિ. જે માણસ પોતે શુદ્ધ હશે, તે બીજાને પણ શુદ્ધ જોવાનો.

આજે ગોપીજનોની આંખોમાંથી ધેનુકાસુર મરી જતાં તેમની દેહદૃષ્ટિ દૂર થઈ, તેમનામાં દેવદૃષ્ટિ આવી છે. માટે તેઓ શ્યામરસને પીવા સમર્થ બન્યાં છે.

પીત્વા મુકુન્દમુખસારઘમક્ષિભૃઙ્ગૈ-
સ્તાપં જહુર્વિરહજં વ્રજયોષિતોઽહ્નિ ।

તત્સત્કૃતિં સમધિગમ્ય વિવેશ ગોષ્ઠ
સવ્રીડહાસવિનયં યદપાઙ્ગ મોક્ષમ્ ।૧૫/૪૩।

હવે પ્રભુને શયનનો સમય થયો છે. યશોદાજીની ગોદમાં ગોવિંદજી બિરાજે છે. આજે લાલાજીના મુખારવિંદ પર હાસ્ય માતું નથી. તેઓ વારેવારે તાલીઓના તાલ દઈ ખડખડાટ હસી પડે છે. મા પૂછે છે, 'લાલા! આજે આટલું બધું હાસ્ય કેમ આવે છે ?' શ્યામજી કહે છે, 'મૈયા! હમણાં નહિ કહું. તું સૂઈ જઈશ ત્યારે કહીશ.'

મૈયા શયન કરાવવા પધાર્યાં. બંને કુંવરને પડખામાં લઈ મા સૂઈ રહ્યાં છે. શ્યામજી હસી હસીને કહે છે, 'મા, મા! આજે એક વાત બની. મોટાભાઈએ ગધેડો માર્યો.' શ્યામજી ઊભા થઈ ચપટીઓ વગાડતા નાચવા લાગ્યા. દાઉજી મહારાજનું મોં ખિડાઈ ગયું. તેમણે કહ્યું, 'લાલા! તારા કહેવાથી મેં ગધેડો માર્યો હતો.'

અહીં ભગવાન સમજાવવા માગે છે કે મા, દાઉજી મહારાજ એ પ્રમાણ-સ્વરૂપ છે. પ્રમાણમાં અનંત પ્રકારનાં સાધનોનું દર્શન કરાવવામાં આવે છે. જીવ પોતાની શક્તિ અને સાધનથી દેહાધ્યાસ દૂર કરી શકે છે, દુઃખની નિવૃત્તિ કરી શકે છે; પરંતુ સુખની પ્રાપ્તિ માટે તેને કૃપાની દૃષ્ટિની જરૂર રહે છે. આ દાઉજી મહારાજ પ્રમાણ-માર્ગનું સ્વરૂપ છે, હું પ્રમેય-માર્ગનું સ્વરૂપ છું.

આપણે ગમે તેટલાં સાધનો કરતાં હોઈએ; પરંતુ સાધનોની સાથે સાથે કૃપા તો જોઈએ જ. આ વાત શ્રીમહાપ્રભુજી સમજેલા, તેવી રીતે આધુનિક વિદ્વાનોમાં મહર્ષિ શ્રીઅરવિંદ ઘોષ પણ સમજેલા. તેમણે પોતાના તમામ સાધકોને સમજાવ્યું છે કે તું સાધના કર, પણ પરમાત્માના ચરણમાં તારી જાતને સોંપી દેજે. તો જ તને કૃપા મળશે, તને જે 'ગ્રેસ' મળશે, તેનાથી તારા જીવનની 'રેસ' આગળ વધશે.

લાલાજીની આવી મજાક સાંભળી, દાઉજીએ તેમની કિટ્ટા કરી. હવે તારી સાથે બોલવા-ચાલવાનું બંધ ! મોહનજી એક કાંકરે બે પક્ષી મારે છે. તેમને કાલિય નાગને નાથવો છે. મોટાભાઈ તેમાં વચ્ચે નડતર બને નહિ, એટલા માટે આજે ઝઘડો કરી તેમને દૂર કર્યા છે.

■

પ્રકરણ ૨૭

કાલિય નાગનું મર્દન

યમુનાજીનો પ્રવાહ કાલિય નાગના ઝેરથી દૂષિત બન્યો છે. તે ઝેરની અસરથી બંને કિનારા પણ દૂષિત છે.

વિલોક્ય દૂષિતાં કૃષ્ણાં કૃષ્ણઃ કૃષ્ણાહિના વિભુઃ ।
તસ્યા વિશુદ્ધિમન્વિચ્છન્ સર્પં તમુદવાસયત્ ॥૧૬/૧॥

યમુનાજળમાં રહેલા કાલિય નાગને સો માથાં છે. પ્રત્યેક માથાથી તે વિષનું વમન કરે છે. તેણે યમુનાજીના કિનારાને દૂષિત બનાવ્યો છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કાલિય નાગ એટલે ઇન્દ્રિયાધ્યાસ. ઇન્દ્રિયો ભલે અગિયાર હોય, પરંતુ તેની વૃત્તિઓ અનંત છે. એ વૃત્તિઓમાં વિષનું વમન કરવાનું સામર્થ્ય છે. જ્યારે દુષ્ટ ઇન્દ્રિયોવાળો ભક્તિના ક્ષેત્રમાં પ્રવેશે છે, ત્યારે તે ભક્તિને પણ ઝેરીલી બનાવી દે છે. આવા ઘણા કાલિય નાગો ઠેર ઠેર તીર્થક્ષેત્રોમાં છે. ભક્તિ અને જ્ઞાનના ક્ષેત્રમાં એમને દૂષિત બનાવનારા ઘણા કાલિય નાગો છે.

આવા એક કાલિય નાગની તમને સત્ય ઘટના કહું. એક વ્યક્તિ વૃંદાવનમાં હતી. તે બોલતો-ચાલતો કાલિય નાગ હતો. એક વાર તે જેને ડસી જાય, તે ફરી બેઠો ન થાય. તેણે ત્યાં શ્રીયમુનાજીના કિનારે પોતાનો મઠ બાંધ્યો. થોડા દિવસો પછી એક બીજો માણસ ત્યાં આવીને તેનો મઠ બાંધવાની પેરવી કરે છે. આ કાલિય નાગને ચિંતા થઈ કે જો તેનો મઠ બનશે, તો મારા મઠમાં કોઈ આવશે નહિ. તેથી તેણે ઝેર રેડવાની શરૂઆત કરી. જે આવે તેને કહે,પેલો ખરાબ છે, ત્યાં જવા જેવું નથી.

આપણે જ્યાં જ્યાં આવા કાલિય નાગોને જોઈએ છીએ, ત્યાં ત્યાં આપણને રડવું આવે છે કે ખરેખર ભક્તિરૂપી શ્રીયમુનાજી દૂષિત બની ગયાં છે. ભક્તિના ક્ષેત્રમાં આવો ઇજારો ધરાવનારા કેટલાય લોકો છે. તેમણે પોતાના વાડા બનાવી દીધા છે, પોતાનાં મંડળો બનાવ્યાં છે. એ લોકો એવો જ પ્રચાર કરે છે કે અમે સાચા અને બીજા બધા ખોટા.

આપણે આપણા ઝેરને લઈને ભક્તિમાં પ્રવેશ કરીએ, ત્યારે ભક્તિનું ક્ષેત્ર આવી રીતે દૂષિત બને છે. આવા કાલિય નાગો સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં દરેક જગ્યાએ મળશે. ઘણા લોકો એવા હોય છે કે જ્યાં જાય, ત્યાં તેમનું અસ્તિત્વ અને

તેમનું સ્પંદન લેતા જાય છે. કહેવાતા મોટા સમાજસુધારકો અને દેશનેતાઓ પણ એક વાર જો આપણને કરડી જાય, તો મને નથી લાગતું કે પછી આપણું જીવન ટકી શકે. આવા કાલિય નાગો તેમની ઇન્દ્રિયોમાં રહેલું ઝેર તમામ ઠેકાણે ઠાલવે છે.

એક નામમાત્રનો વૈષ્ણવ હતો. લલાટમાં મોટું તિલક કરે. તેના હાથમાં કાયમ ગૌમુખી રહે. એક વખત તેણે પંદર-વીસ ભોળા લોકોને ભેગાં કર્યાં. તેણે આ લોકોને સમજાવી દીધું કે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે **'નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશીજનૈ:'** જેટલા તાદૃશી દેખાય એ બધાંને નિવેદન કરો. એક જણે દલીલ કરી કે શ્રીમહાપ્રભુજીએ તાદૃશીજનને આપવાનું કહ્યું નથી, પણ સ્મરણ કરવાનું કહ્યું છે. પેલાએ એક જ વાત કહ્યો રાખી કે હું તાદૃશી છું. તમારું તન, મન, ધન મને સોંપી દો. પોતાની ઇન્દ્રિયોમાં રહેલા વિષયભાવો તેણે બીજાઓમાં જમાવ્યા. પરિણામે બીજાઓનું જીવન પણ પતનના ખાડામાં ગયું. તેણે પોતાની પાછળ એક બહુ મોટો વર્ગ ઊભો કર્યો. શ્રીમહાપ્રભુજી અને ભગવાન શ્રીકૃષ્ણ આજ્ઞા કરે છે કે આવા લોકોથી ચેતતા રહેજો. તેઓ તમને દૂષિત બનાવી દેશે.

કાલિય નાગ યમુનાજીના ધરામાં પડ્યો છે, એના કિનારે એક કદંબનું મોટું ઝાડ છે. શ્યામસુંદરલાલ એ વૃક્ષ ઉપર ચઢી ગયા.

તં ચણ્ડવેગવિષવીર્યમવેક્ષ્ય તેન
દુષ્ટાં નદીં ચ ખલસંયમનાવતાર: ।
કૃષ્ણ: કદમ્બમધિરુહ્ય તતોઽતિતુઙ્ગ-
માસ્ફોટ્ય ગાઢરશનો ન્યપતદ્ વિષોદે ॥૧૬/૬॥

આપણને વિચાર થાય કે કાલિય નાગના ઝેરથી સેંકડો માઇલનો વિસ્તાર બળીને ભસ્મ થયો હતો, ત્યારે એ વેરાન ભૂમિમાં આવું એક લીલુંછમ વૃક્ષ ક્યાંથી? ચારે બાજુ જ્યાં કાલિય નાગનું ઝેર રેડાતું હતું, ત્યાં આ વૃક્ષ જીવતું શી રીતે રહ્યું? તેનું કારણ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું. આ વૃક્ષ ઉપર રોજ ગરુડજી આવે છે. ગરુડજી તેમની સાથે અમૃતનો કુંભ લાવે છે. તેનો સ્પર્શ આ વૃક્ષને થાય છે.

આનો બીજો અર્થ લઈએ તો એવો થાય કે જીવનમાં ભલે કાલિય નાગ જેવી વ્યક્તિઓ મળે, પરંતુ કૃષ્ણજીનું અવલંબન લેતાં આપણને ક્યારેય ઝેર ચઢશે નહિ. જેણે પોતાનામાં ઈર્ષ્યા, વેરઝેર કરવાં હોય તે ભલે કરે અને ચારે બાજુ ભલે ઝેર રેડે; પરંતુ આપણે આપણું જીવન ભગવાનને સોંપી દઈએ તો કોઈ આપણો વાળ

પણ વાંકો કરી શકશે નહિ. એ માણસ આગમાંથી બચી જાય છે, ઝેરમાં પણ જીવી જાય છે, ખાડામાં પડવા છતાં ઊગરી જાય છે. એક કવિએ બહુ સુંદર કહ્યું :

ગરલ પીલાનેવાલે તેરા સરલ અભિયાન ન હોગા,
મૈં અમૃતકી નવ ધારા હૂઁ, ઈસકા તુઝે અભિમાન ન હોગા.

સાચા સંતો અમૃતની ધાર જેવા છે. તેમની સામે ઝેર આવે તો ઝેર પણ અમૃત બની જાય છે. તેમની સામે આગ આવે તો આગ શીતળ થઈ જાય છે. તેમની સામે કીચડના કીડા આવે તો તે પણ કમળ બની જાય છે. ભગવાન આ પ્રસંગમાં એમ કહે છે કે તમારું વ્યક્તિત્વ એવું બનાવો કે તમારા સંગથી બગડેલો પણ સુધરી જાય. આજે આપણે ડરીએ છીએ કે એનો સંગ કરીશું, તો અમે બગડી નહીં જઈએ ? સાચો સંત કદી બગડેલાથી ડરતો નથી. એને ખાતરી છે કે હું બગડેલાને સુધારીશ. જ્યાં સુધી અંતરમાં અમૃતની નવધાર ન જાગે, ત્યાં સુધી આપણા અંતરનો અને ગુણોનો વિકાસ કરવો જોઈએ.

કબીર સાહેબનો એક પ્રસંગ યાદ આવે છે. કબીરજી મોટા સંત હતા. લોકોએ તેમની ઘણી પ્રશંસા કરી. એક વાર તેમણે વિચાર કર્યો કે મારી આટલી બધી પ્રશંસા થાય છે, તેને બદલે થોડી નિંદા થાય તો સારું. એ ગામમાં એક વેશ્યા રહેતી હતી. તે બાઈના મનમાં રોજ વિચાર આવે કે આખી દુનિયા મારી પાસે આવે છે, પણ પેલો ઝૂંપડીમાં રહેનારો કબીર જ મારી પાસે આવતો નથી. કબીરજીએ વિચાર કર્યો કે બાઈની ઇચ્છા પૂરી થશે અને મારી નિંદા પણ થશે. કબીર સાહેબ તે બાઈનો હાથ પકડી આખો દિવસ ગામમાં ફર્યા. લોકોએ તેમની ઉપર પથ્થરોનો વરસાદ વરસાવ્યો. લોકોએ ઘણી નિંદા કરી. પેલી બાઈના મનમાં પણ અભિમાન વધ્યું કે આજે કબીરને પણ મેં મારા વશમાં લીધા.

કબીરજી વિચારે છે કે કોણ કોના વશમાં થાય છે તે જોવાનું છે. સાંજ પડી. પોતાના ઘેર તે બાઈને લઈ આવ્યા. બાઈના પગમાં સાષ્ટાંગ દંડવત્ કરીને કબીર સાહેબે કહ્યું : 'મા, મેં તમને દુભવ્યાં હોય તો મને ક્ષમા કરજો.' પેલી બાઈ રડી પડી. તેને થયું, આજ સુધી મને મા કહેનાર કોઈ નીકળ્યું નહોતું. તે બાઈનું આખું મન બદલાઈ ગયું. કબીરજીએ દુનિયાને શીખવ્યું કે તમે એટલા સુધરો કે તમારા સંગમાં બગડેલાં પણ સુધરી જાય. બગડેલા માણસોથી ડરવાને બદલે આપણે આપણી જાતને ઉન્નત બનાવીએ.

કેટલાક લોકો એવું કહેતા હોય છે કે અમે તો અમુક માણસનું મોં પણ જોતા નથી. અમે તેમનો સંગ કરતા નથી. આવું કહેનારા ખરેખર કાયર અને ડરપોક છે. વ્રજમાં એવા કેટલાક સંતો રહેતા હતા કે જેઓ સ્ત્રીઓનું મોઢું જ જુએ નહિ. મીરાએ તેમને કહેવડાવ્યું કે તમે બધા પુરુષો નથી, તમે બધા તો ચૂડીઓ પહેરેલાં બૈરાં છો. સાચી વાત એ છે કે વ્રજમાં એક જ પુરુષ છે અને તે છે શ્રીકૃષ્ણ. તમે અમારાથી શીદને ડરો છો ? પોતાની સામે બગાડનારી અનંત વસ્તુઓ આવે, છતાં તેને સુધારી નાખવામાં આવે એ જ તો સાચું પૌરુષત્વ છે.

ગોવિંદજી કદંબના વૃક્ષ ઉપર ચઢ્યા. ઉપર ચઢીને વિચાર કર્યો કે જળમાં ઊંડે સુધી જવાય તેમ ભૂસકો મારું. ગોવિંદજી જળમાં ચારસો હાથ ઊંડા ઊતર્યા છે. એમના ભૂસકાથી ચારે બાજુ પાણી રેલાયું છે. ભગવાન કહે છે, જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં હું હમેશાં કૂદી પડ્યો છું, એટલે તો હજારો વર્ષોથી હું કૃષ્ણ તરીકે પૂજાતો રહ્યો છું. ભગવાને કદી એવું કહ્યું નથી કે મને ડર લાગે છે, હું ભાગી જાઉં. ભગવાને કહ્યું કે સાચો માણસ એ છે કે જે સંઘર્ષોમાં કૂદી પડે અને તેમાંથી જીતીને બહાર આવે. સંઘર્ષ અને યુદ્ધથી ડરે તે કાયર કહેવાય. ભગવાને અર્જુનને જે વાત સમજાવી, તે પોતે નાનપણથી આચરતા આવ્યા છે. કૃષ્ણજીના જીવનમાં આપણને ક્યાંય કાયરતા દેખાતી નથી. તેઓ ક્યાંય હાર્યા નથી. હજારો ગોપીજનોના મંડળ સાથે રાસલીલા કરવા છતાં તેઓ **'યોગેશ્વરેશ્વર'** રહ્યા છે. આવી પદવી ભગવાન શ્રીકૃષ્ણ સિવાય બીજા કોને મળે ? જેમની આગળ બ્રહ્માજીને પણ નાક ઘસવું પડ્યું.

ગોવિંદજી યમુનાજીના ધરામાં પધાર્યા. કાલિય નાગ એમના પર ઝપટ્યો.

તં પ્રેક્ષણીયસુકુમારઘનાવદાતં
શ્રીવત્સપીતવસનં સ્મિતસુન્દરાસ્યમ્ ।
ક્રીડન્તમપ્રતિભયં કમલોદરાઙ્ઘ્રિં
સંદશ્ય મર્મસુ રુષા ભુજયા ચછાદ ॥૧૬/૯॥

પ્રભુજી યમુનાજીમાં તરતા હતા. કાલિય નાગે ઝપટ મારીને તેમને પકડી લીધા. પ્રભુ વિચાર કરે છે કે જ્યારે મેં કૃષ્ણાવતાર નહોતો લીધો, તે પહેલાં શેષ-નારાયણની ગોદમાં હું ઘણું સૂતો છું. લાવો ને, આજે પણ આ પોચી પોચી ગાદીમાં થોડી વાર સૂઈ જઉં. પછી એને રમાડવો હોય તો રમાડીશ અને નાથવો હોય તો નાથીશ. કાલિય નાગે શ્યામસુંદરને ચૂડ ભેરવી. નાગચૂડ ઘણી ભયંકર હોય છે. એક વાર એ ચૂડમાં

ફસાનાર કપાઈને જ બહાર નીકળે. શ્યામસુંદર નાગચૂડમાં આનંદથી પોઢ્યા છે. બીજી બાજુ બપોર થવા આવ્યા. પછી તો ધીમે ધીમે સાંજ પણ ઢળવા આવી છે. યશોદાજી વિચાર કરે છે, હજી મારો શ્યામ પાછો કેમ ન આવ્યો ? ત્રણ પ્રકારના ઉત્પાતો થવા લાગ્યા છે : સ્વર્ગમાં, અંતરિક્ષમાં અને ભૂમિમાં. એના પડઘા માતાજીના મનમાં પડ્યા. નંદબાવાની પાસે જઈને તેમણે કહ્યું : વ્રજરાજ, હજુ આપણો શ્યામસુંદર પાછો આવ્યો નથી.

કેટલીક વાર દૂર દૂર બનતી ઘટનાઓનો પડઘો આપણે જ્યાં બેઠાં હોઈએ ત્યાં પડે.' એને ટેલિપથી કહેવાય. યશોદાજીને શ્યામસુંદર મુશ્કેલીમાં છે એવો પડઘો પડે છે. યશોદાજીનું શરીર ધ્રૂજે છે. તેમણે નંદરાયજીનો હાથ પકડીને કહ્યું : વ્રજરાજ ચાલો. મારો શ્યામસુંદર કોઈક આફતમાં સપડાયો છે. બંને નંદનંદનને શોધવા નીકળ્યાં. નંદબાવા અને યશોદામા સાથે વ્રજમંડળ કાલિય નાગના ધરા પાસે આવ્યું. ધરા ઉપર કારમું દૃશ્ય જોઈ વ્રજવાસીઓ ચિત્કાર કરે છે, ગાયો રડે છે. ગોવિંદજી કાલિય નાગની ચૂડમાં ફસાયા છે. વૃંદાવનનાં વૃક્ષો, ડાળીઓ અને પાંદડાં પણ રડે છે. યશોદાજી કહે છે, વ્રજરાજ! મને એવું લાગે છે કે મારો શ્યામસુંદર આપણને રડતાં મૂકી જતો તો નથી રહ્યો ને ?

જ્યાં ખૂબ ઊંડું પાણી હોય એને ધરો કહેવાય. ધરાની આજુબાજુ ઊંચી ભેખડો હતી. ત્યાંથી નીચેનું દૃશ્ય જોતાં યશોદાજીને તમ્મર આવી ગયાં. શ્રીબાલકૃષ્ણ નાગની ચૂડમાં ફસાયા છે. તેઓ બેસુધ જેવા જણાયા. યશોદાજી ભેખડની પાળ ઉપર તેમનું મસ્તક પછાડે છે. તેઓ આંસુ સારતાં કહે છે, હે કૃષ્ણ ! તું અમને હસાવવા આવ્યો અને રડાવીને ગયો ? યશોદાજી અને નંદબાવાના રુદનમાં આખું વ્રજ ડૂબી ગયું.

ગોપીજનોને લાગે છે અમારું હૃદય શૂન્ય થઈ ગયું. શું ગોવિંદજીએ તેમની અવતારલીલા પૂરી તો નથી કરી ને ? ભક્તોને શંકા જાગી કે અમે તો કાળનો કોળિયો બનીએ, પણ શું ભગવાન પણ કાળનો કોળિયો બને ? સર્પ એ કાળનું પ્રતીક છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં કાળને બતાવવા સર્પનું અથવા મગરનું કે સિંહનું પણ પ્રતીક આપે છે. આજે ભક્તોને એટલા માટે દુઃખ થયું છે કે મહારાજ, તમે કાળને વશ કરનારા છો, શું આજે તમે પણ કાલાધીન બની ગયા છો ?

જમાના પ્રમાણે ચાલવું એનું નામ કાળને વશ થવું. જે બાજુ બધાં જતાં હોય એ પ્રમાણે આપણે ચાલીએ એ કાળનું પ્રતીક. જે બાજુ બધાં જતાં હોય, તેના કરતાં

વધારે સારી ઉન્નત દિશા લે તે કાલાતીત બની શકે. મહાપુરુષો કદી પણ જમાના સાથે ચાલ્યા નથી. તેમણે જમાનાને પોતાની સાથે ચલાવ્યો છે. તેમણે ચાલતા જમાનાને રોકવાની હમેશાં ચેષ્ટા કરી છે. સાહિત્ય અને ઇતિહાસમાં આની સાક્ષી આપતા અનેક પ્રસંગો છે.

તીર્થંકર મહાવીરને યાદ કરીએ. જે બાજુ જમાનો જતો હતો, તે બાજુથી તેમણે પોતાના પગ ફેરવી લીધા. તે જમાનો રાગ, ભોગ, દ્વેષનો હતો. તેમણે ત્યાંથી પોતાનું જીવન હટાવી તપમાં લગાવી દીધું. ત્યાગ, ક્ષમા, દયા, અહિંસા આ બધી વૃત્તિઓનો તેમણે જીવનમાં ધોધ વહેવડાવ્યો. બુદ્ધને જુઓ. ભગવાન શ્રીકૃષ્ણને જુઓ. શ્રી શંકરાચાર્યથી લઈને શ્રીમહાપ્રભુજીને જુઓ. એઓ કદી જમાના સાથે ચાલ્યા નથી. તેમણે એક નવા યુગનું ઘડતર કર્યું છે.

વ્રજભક્તો રડે છે, મહારાજ! તમે આજે કાળના મોંમાં ફસાઈ ગયા ? જો ભગવાન કાળનો કોળિયો બની જાય, તો એને કાળના પંજામાંથી છોડાવશે કોણ ? માટે તેઓ રડે છે. ભગવાન વિચાર કરે છે કે હવે આ વ્રજમંડળને હું દર્શન નહિ આપું, તો તેઓ જીવી નહિ શકે. શ્રીબાલકૃષ્ણ નાગચૂડ તોડી ઝટ બહાર પધાર્યા.

આજ્ઞાય મર્ત્યપદવીમનુવર્તમાન:
સ્થિત્વા મુહૂર્તમુદતિષ્ઠદૂરઙ્ગબન્ધાત્ ॥૧૬/૨૩॥

કૃષ્ણજીએ કાલિય નાગની ચૂડમાંથી બહાર આવી, જગતને બતાવ્યું કે તમે કૃષ્ણનાં બનશો તો કાળ કદી પણ તમારો કોળિયો નહિ કરે. નાગના અંગેઅંગમાંથી ઝેર ઝરતું હતું. શ્રીકૃષ્ણ તેના મસ્તક ઉપર ચઢી ગયા. આપણા શ્રીબાલકૃષ્ણ નટવર નંદગોપાલ બન્યા. જે માથું ભગવાનનાં ચરણોમાં ઝૂકતું નથી, તે માથા પર ગોવિંદજી પોતાનાં ચરણ ધરે છે –

યદ્ યચ્છિરો ન નમતેઽઙ્ગ શતૈકશીર્ષ્ણ-
સ્તત્તન્મમર્દ ખરદણ્ડધરોઽઙ્ઘ્રિપાતૈ: ।
ક્ષીણાયુષો ભ્રમત ઉલ્બણમાસ્યતોઽસૃઙ્-
નસ્તો વમન્ પરમકશ્મલમાપ નાગ: ॥૧૬/૨૮॥

અહીં ભગવાન સમજાવે છે કે તમારી જે ઇન્દ્રિયો સંસારરસમાં આસક્ત બનીને બળવો જગાડે, તે ઇન્દ્રિયો પ્રયત્નપૂર્વક મને સોંપી દેજો. પછી તમને વિષયરસનો અનુભવ નહિ થાય, ભક્તિરસનો અનુભવ થશે. આંખોને રૂપ જોવું ગમે છે, તો તેને

પ્રભુનું રૂપ બતાવો. કાનને સાંભળવું છે, તો કૃષ્ણકથા સંભળાવો. આ પ્રમાણે ભગવાને કાલિય નાગને નાથ્યો છે, કાલિય નાગને માર્યો નથી. આ સમજવા જેવી બાબત છે. *કાલિય નાગ એટલે ઇન્દ્રિયો. તેનામાં રહેલું ઝેર એટલે ઇન્દ્રિયોની વૃત્તિઓ.* ભગવાન વિચાર કરે છે કે જો હું ઇન્દ્રિયોને મારી નાખીશ, તો માણસનું જીવન જ ખલાસ થઈ જશે. ઇન્દ્રિયોને મારવી નથી, તેમાં રહેલા વિષય-રસને દૂર કરવો છે.

મને એક ડૉક્ટરની વાત યાદ આવે છે. આ ડૉક્ટરે એલાન કર્યું કે મારી પાસે એવી દવા છે કે તે દવાથી રોગ થાય જ નહિ. એક માણસને માથું દુઃખ્યું. તે ડૉક્ટર પાસે આવ્યો. ડૉક્ટરે કહ્યું, તમારું માથું કાપી નાખું, એટલે માથું દુઃખશે નહિ. આંખો દુઃખે તો આંખો ફોડી નાખવાની. જે જે ભાગમાં પીડા થાય, તે ભાગ જ કાપી નાખવાનો. શું આ સાચો ઉપચાર છે ? સાચો ઉપચાર એ છે કે જે કારણથી પીડા થાય છે, તે કારણને દૂર કરો.

આવી જ રીતે ભગવાન સમજાવે છે કે ઇન્દ્રિયો તો નિર્દોષ છે. આંખોનો કોઈ દોષ નથી. શરીરનો કોઈ દોષ નથી. આપને કહીશું અમારું મન દુષ્ટ છે. મન જ્યાં લઈ જાય ત્યાં ઇન્દ્રિયો જાય છે. મારી પાસે ગૌમુખી છે. ગૌમુખી તરફ આંખ છે. આંખ સાથે મન જોડાયેલું છે અને મન સાથે આત્મા જોડાયેલો છે. આવી રીતે ચાર વસ્તુ ભેગી થતાં ગૌમુખીનાં દર્શન થાય છે. માટે લોકોએ મનને દોષ આપ્યો કે મન ખરાબ છે. એટલે ઇન્દ્રિયો ખોટું કરે છે, તો મનને મારી નાખો; પરંતુ વિચારકો કહે છે કે મનનો પણ કોઈ દોષ નથી. મન તો કેવળ દર્પણ જેવું છે. દર્પણમાં શૈતાનનું પ્રતિબિંબ પડે, તો શૈતાન જેવું લાગે, દેવનું પ્રતિબિંબ પડે તો દેવ જેવું લાગે.

જેમને દોષ આપીએ છીએ, તે કોઈક જુદી જ વસ્તુનું પ્રતિબિંબ છે. આ વસ્તુ છે અવિદ્યાનું આવરણ. માણસના અંતઃકરણમાં જ્યાં સુધી પંચપર્વા અવિદ્યાનું આવરણ હશે, ત્યાં સુધી મનમાં એનું પ્રતિબિંબ પડશે. એ પડેલું પ્રતિબિંબ ઇન્દ્રિયોને ખોટે રસ્તે લઈ જશે. માટે વિચારકો કહે છે કે ઇન્દ્રિયોને કાપવાની જરૂર નથી કે મનને મારવાની જરૂર નથી, પણ મનમાં પડતા પ્રતિબિંબને સુધારવાની જરૂર છે.

જો મન પોતે સ્વભાવથી ખરાબ હોય, તો તે મનમાં સારા વિચારો કેવી રીતે આવે ? અને સ્વભાવથી સારું હોય, તો તેમાં ખરાબ વિચારો કેવી રીતે આવે ? મન તો એક સાધન છે. પરંતુ માણસ એને મુખ્ય સમજીને ચાલતો રહ્યો છે. વસ્તુતઃ મનમાં પડતાં ખોટાં પ્રતિબિંબો દૂર કરવાની જરૂર છે. તો આપોઆપ દર્પણ શુદ્ધ થશે.

આથી અહીં ભગવાને કાલિય નાગને નાથીને સમજાવ્યું કે ઇન્દ્રિયો અને મનને રહેવા દો. એમાં રહેલી દુષ્ટ વૃત્તિઓને દૂર કરો. અવિદ્યાના આવરણને દૂર કરો. કાલિય નાગ નથાતાં નાગણો આવી. તેમણે ભગવાનની સ્તુતિ કરી. એકંદર એકવીસ શ્લોકોમાં નાગણોએ ભગવાનની સ્તુતિ કરી છે. આ સ્તુતિ બહુ સુંદર છે.

ન્યાય્યો હિ દણ્ડ: કૃતકિલ્બિષે-
ઽસ્મિંસ્તવાવતાર: ખલનિગ્રહાય ।
રિપો: સુતાનામપિ તુલ્યદષ્ટે-
ર્ધત્સે દમં ફલમેવાનુશંસન્ ॥૧૬/૩૩॥

નાગણો સ્તુતિ કરે છે, મહારાજ! અમારા પતિને તમે દંડ આપ્યો, તેને નાથ્યો, તે ન્યાયપૂર્ણ છે. એક બાઈને એનો પતિ ખૂબ મારતો હતો. પેલી બાઈ વિચાર કરે કે આને દંડો મારનારો કોઈક નીકળે તો સારું. તેવી જ રીતે આ દુષ્ટ નાગ નાગણોને પણ ખૂબ ડંખતો હતો. નાગણોને આજે એથી આનંદ છે.

હે ગોવિંદજી ! બીજું એ પણ સારું થયું કે અમારા પતિને તમે દંડ આપ્યો છે. એનો દંશ તોડી નાખ્યો નથી. અમારો સ્વામી સ્વભાવથી દુષ્ટ છે. માણસમાં બે રીતે દુષ્ટતા આવે છે : સંસર્ગથી અને સ્વભાવથી. કેટલાક માણસો જન્મથી જ દુષ્ટ હોય છે. કેટલાક માણસો વાતાવરણને લઈને દુષ્ટ બને છે. **સંસર્ગ-દુષ્ટ** સુધારી શકાય. **સ્વભાવ-દુષ્ટને** માટે દંડ જરૂરી છે. તે ઉપદેશથી સુધરતા નથી.

આપણે અનેક કથાઓનું શ્રવણ કરીએ, ગીતા-ભાગવત વાંચીએ, રોજ ઘેર સેવા કરીએ; પરંતુ જો આપણે સ્વભાવે દુષ્ટ હોઈશું, તો કદી સુધરીશું નહિ. એવી સ્થિતિમાં જીવનમાં ઠોકરો વાગે, તો જ માણસ સુધરે. જે કામ ઉપદેશથી થતું નથી, તે કામ જીવનમાં મળેલી ઠોકરો કરે છે. નાગણો કહે છે, અમારો પતિ કોઈ કાળે સુધરવાનો નથી. આપે આપનાં ચરણારવિંદની એને લાત મારી એ ઘણું સારું થયું, કારણ કે દુષ્ટોનો નિગ્રહ કરવા માટે જ આપનો જગતમાં અવતાર છે.

નાગણો કહે છે, હે શ્યામસુંદર! અમે તો વિચાર કરીએ છીએ કે ક્યાં આપનાં ચરણકમળ અને ક્યાં આ દુષ્ટનું માથું ? દોષ બધો બુદ્ધિમાં અને મસ્તકમાં ભરેલો છે. આપે એના મસ્તકનો દોષ દૂર કરવા તેને જે ચરણરજનું દાન કર્યું, તે ખરેખર તેના મહાન પુણ્યનો ઉદય છે.

તપ: સુતપ્તં કિમનેન પૂર્વં
નિરસ્તમાનેન ચ માનદેન ।
ધર્મોઽથ વા સર્વજનાનુકમ્પયા
યતો ભવાંસ્તુષ્યતિ સર્વજીવ: ॥૧૬/૩૫॥

આપનાં ચરણકમળની રજ એની બુદ્ધિ ઉપર પડી. જે ચરણારવિંદમાં રહેવા લક્ષ્મીજી સતત અભિલાષા રાખે છે, જે ચરણકમળમાં રહેવા તુલસીજી તત્પર છે, એ અલૌકિક ચરણકમળ આજે દુષ્ટના માથે ધરાયાં. જે એવું વિચારે છે કે મારું મસ્તક પ્રભુનાં ચરણકમળમાં પડ્યું છે, તેની બુદ્ધિ ધીરે ધીરે સુધરે. આનું સ્મરણ રાખવા માટે વૈષ્ણવો પોતાના કપાળે તિલક કરે છે. આ તિલક દેખાવ કે દંભનું પ્રતીક નથી. મારા મસ્તક પર ભગવાનનું ચરણારવિંદ બિરાજે છે, તે ભાવથી તિલક થાય છે.

નાગણો કહે છે, મહારાજ! અમારે સ્વર્ગનું રાજ્ય નથી જોઈતું, નથી પાતાળનું રાજ્ય જોઈતું. અમારે સાર્વભૌમ રાજ્ય પણ નથી જોઈતું. અમારા પર એટલી જ કૃપા કરજો કે અમને જન્મોજન્મ આપનાં ચરણકમળ મળે.

નાગણોએ આ પ્રકારે ભગવાનની ખૂબ સુંદર સ્તુતિ કરી; છતાં નાગણોને હજી મનમાં ભય છે કે ભગવાન ક્યાંક અમારા સ્વામીને મારી નાખશે તો ? તેથી તેઓ હાથ જોડીને કહે છે, મહારાજ! અમારો પતિ અમને પાછો આપો.

ભગવાન હસે છે, દેવીઓ ! તમે મારી આટલી બધી પ્રશંસા કરી, તે શું પતિને પાછો મેળવવા માટે ? નાગણો કહે છે, ના. હવે અમારે સંસારના ભોગ ભોગવવા માટે પતિ નથી જોઈતો. અમારો પતિ આપનાં ચરણના સ્પર્શથી વૈષ્ણવ બન્યો છે, તેથી અમે તેની સાથે બેસીને સત્સંગ કરીએ; માટે વિનંતી કરીએ છીએ કે અમારો પતિ અમને પાછો આપો. તે સુધર્યો છે, તો અમને પણ સુધારશે. અમારી આખી નાતજાતમાં બીજો કોઈ સુધર્યો નથી, માટે સત્સંગ કરાવવા પતિને પાછો સોંપો.

કાલિય નાગ સુધર્યો અને તેણે પોતાની ભૂલ કબૂલ કરી. તેણે કહ્યું :

વયં ખલા: સહોત્પત્ત્યા તામસા દીર્ઘમન્યવ: ।
સ્વભાવો દુસ્ત્યજો નાથ લોકાનાં યદસદ્ગ્રહ: ॥૧૬/૫૬॥

હે શ્યામસુંદર! અમે સ્વભાવથી દુષ્ટ—બગડેલા છીએ. આજે અમારા જેવા દુષ્ટોનો ઉદ્ધાર કરી, આપે જગતમાં આપની ઉદારતાનું દર્શન કરાવ્યું છે.

પ્રભુજી કહે છે, હે કાલિય નાગ ! તું આ યમુનાજીનો કિનારો છોડી દે અને રમણકદ્વીપમાં પાછો જા. કાલિય નાગ કહે છે, મહારાજ! ગરુડને મારી સાથે જન્મજાત દુશ્મનાવટ છે. ત્યાં તે મને ખાઈ જશે તો ? ભગવાન કહે છે, તને મારું અભય છે. તે તને નહિ ખાય.

કાલિય નાગ તેના પરિવાર સાથે રમણક દ્વીપમાં ગયો. ત્યાં ભગવાનની આરાધના કરે છે. શ્રીશુકદેવજી કહે છે, રાજા ! ગરુડજી અને કાલિય નાગને બહુ વર્ષો પહેલાંનો ઝઘડો હતો. ગરુડજી આવીને યમુનાજીનાં માછલાં ખાતા હતા. માટે એક વાર સૌભરિ ઋષિએ ગરુડજીને શાપ આપ્યો કે હે ગરુડ! તું અહીં આવીને જો માછલાં ખાઈશ, તો અહીં તારું મૃત્યુ થશે. આથી કાલિય નાગ જાણતો હતો કે મૃત્યુના ભયથી ગરુડજી યમુનાજીના જળમાં પ્રવેશવાના નથી. એ તકનો લાભ લઈ કાલિય નાગ યમુનાજીના ધરામાં ઘૂસી ગયો.

આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ **'ભાગવતાર્થ નિબંધ'**માં એક બહુ સુંદર પ્રશ્ન ઉઠાવ્યો છે કે સૌભરિ મુનિએ ગરુડજીને શાપ આપ્યો તે સારું કર્યું કે ખોટું કર્યું ? ગરુડજી માછલાં ખાતા હતા, તેથી સૌભરિ મુનિએ શાપ આપ્યો હતો.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સૌભરિ મુનિએ શાપ આપ્યો તે ખોટું કર્યું. સૌભરિ મુનિની ઇચ્છા એવી હતી કે શ્રીયમુનાજીમાં જેટલા જલચર જીવો છે તેમને કોઈ હેરાન ન કરે. તેથી ગરુડજીને શાપ આપ્યો, એટલે ગરુડજી તો ત્યાં ન આવ્યા; પરંતુ બીજી બાજુ તકનો લાભ લઈ કાલિય નાગ ત્યાં ઘૂસી ગયો. અત્યાર સુધી ગરુડજી દશ-પંદર માછલાં ખાતા હતા, પરંતુ કાલિય નાગે આવીને શ્રીયમુનાજીનો આખો કિનારો ઉજ્જડ કરી નાખ્યો. કરવા ગયા સારું; પણ થઈ ગયું ખોટું.

તુલસીદાસજીએ બહુ સુંદર વાત કરી છે.

'બને તો રઘુબીરસે, બિગડે તો ભરપૂર,
જો ઔરનસોં બને, વા બનવેમેં ધૂર.'

મનુષ્ય કેટલીક વાર કલ્યાણનો ઝંડો લઈને ફરતો હોય છે કે હું જગતનું કલ્યાણ કરું છું. લોકો એમનાં વખાણ પણ કરતાં હોય છે કે આ સમાજસુધારક છે. ઘણી વાર એવું લાગે કે સમાજને સુધારનારા પોતાની જાતને સુધારતા હોય તો કેટલું સારું! એકનું ભલું કરવા જતાં સ્વાભાવિક રીતે બીજાનું અકલ્યાણ થવાનું. સાધારણ

લોકોને સાથ આપતાં મૂડીવાદીઓનું બગડશે અને મૂડીવાદીને સાથ આપતાં સાધારણ લોકોનું બગડશે. બાર સાંધતાં તેર તૂટે.

શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર લક્ષ્યબિંદુ આપ્યું છે કે તું જગતનું કલ્યાણ કરે, દુનિયાનું ભલું થાય એવી દૃષ્ટિ રાખ; પણ એવું અભિમાન ન રાખીશ કે હું આ લોકોનું ભલું કરવા આવ્યો છું. જગતની સેવા કરતાં એવો વિચાર રાખ કે હું મારી જાતને સુધારી રહ્યો છું. હું સમાજનો ઉદ્ધાર કરવા નથી આવ્યો, હું મારી જાતનો ઉદ્ધાર કરવા આવ્યો છું. જો આવો દૃષ્ટિકોણ આવે તો કરેલું દરેક સારું કામ માણસને સુધારે છે. આજે થતાં નવ્વાણું ટકા સારાં કામોમાં આવો દૃષ્ટિકોણ નથી હોતો, એટલા માટે માનવતાનું કામ કરવા જતાં આપણા જીવનમાં પરિવર્તન આવતું નથી. નહિ તો સમાજને સુધારનાર પોતે કેમ બગડેલો હોય ?

એક સત્ય ઘટના છે. એક લાયન્સ ક્લબના સભ્યની આ વાત છે. એમના ઘેર મારે ઊતરવાનું થયું. તેમની સંસ્થા એક બહુ સુંદર પ્રોજેક્ટ લઈને બેઠી હતી. તે હતો સર્જીકલ કેમ્પ કરવાનો પ્રોજેક્ટ. બહુ જ ઓછા ખર્ચમાં તેમણે ઘણો મોટો સર્જીકલ કેમ્પ કર્યો. તેઓ પાછા એમ પણ કહેતા જાય કે અમે જ સાચું ધાર્મિક કામ કરીએ છીએ, તમે આવું કરો છો ? તે સાંભળીને મને મનમાં થોડું હસવું આવી ગયું. તેમનું કામ જરૂર સારું હતું. એ પ્રોજેક્ટ પૂરો થયા પછી પણ મારો મુકામ તેમના ત્યાં જ હતો. ઘરમાં પિતા-પુત્રને ઝઘડો થયો. પિતા-પુત્ર બંને લાયન હતા. પિતાએ પુત્રને એવો માર્યો કે તેનું પણ ઑપરેશન કરવું પડે. ત્યારે મેં તેમને કહ્યું કે તમે સારું કામ કરતા હતા, તો તમે પોતે કેમ ન સુધર્યા ? જગતનું કલ્યાણ કરનારા તમે તમારા કુટુંબનું કલ્યાણ કેમ ન કરો ? તેમના ઘરમાં મેં ઘણી બદીઓ જોઈ. આખું જીવન કુછંદથી ભરેલું હતું. સમાજની સેવા કરતાં કરતાં તેમના જીવનમાંથી આ ભૌતિકવાદ કેમ જતો નથી?

આપણે સાચા સમાજ-સુધારક ત્યારે કહેવાઈએ કે જ્યારે આપણે પહેલાં આપણી જાતને સુધારીએ. બીજાને મદદ કરતાં પહેલાં આપણી જાતને મદદ કરીએ. એક માણસ પોતે સુધરે, તો દુનિયાને સુધારી શકે છે. સદ્પ્રવૃત્તિ કરતાં આપણે સુધરેલા નહિ હોઈએ, તો તેનું સાચું અને સારું પરિણામ નહિ આવે.

સૌભરિ મુનિ સત્પ્રવૃત્તિ કરવા ગયા, પરંતુ બીજી બાજુ અસત્ પ્રવૃત્તિ થઈ. માટે શ્રીમહાપ્રભુજી કહે છે, તું જગતનું કામ કર, પણ પ્રભુને સમર્પિત બની, એમનું

નામ લઈ કામ કરતો જા.

કાલિય નાગનો ઉદ્ધાર થયો. વ્રજવાસીઓએ આખી રાત યમુનાજીને કિનારે વિતાવી. અડધી રાતે દાવાનલ સળગ્યો. આખું વૃંદાવન સળગ્યું. વ્રજવાસીઓ કહે છે, આ તો ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થયું. કાલિય નાગ મર્યો નથી, ત્યાં આ દાવાનલ અમને ખાઈ જાય છે. ભગવાને કહ્યું, ચિંતા કરશો નહીં. મારી માતાએ મને આગ પીતાં શીખવ્યું છે. હું આગ પી જઈશ. સળગેલા દાવાનળને શ્યામસુંદર ખોબો ભરીને પી ગયા. તેઓ મનમાં ને મનમાં વિચાર કરે છે કે મહાદેવજીને ઝેર પીતાં આવડે છે, તો મને આગ પીતાં આવડે છે. જે ઝેર અને આગ પીએ, તે દુનિયામાં મોટો બને છે. ફૂલના ગાદીતકિયે બેઠેલો મોટો બનતો નથી.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ભગવાને દાવાનલનું પાન કરી, પ્રાણાધ્યાસને છોડાવ્યો છે. જ્યારે માણસને બહુ પીડા થાય છે, ત્યારે તેના પ્રાણ વ્યાકુળ બની જાય છે. પ્રાણમાં પારાવાર અગ્નિ પ્રગટ થાય છે. જેનામાં દુનિયાના તમામ અગ્નિ પીવાની શક્તિ હોય, સર્વ કંઈ સહન કરવાની શક્તિ હોય, એ જ પ્રાણાધ્યાસને દૂર કરી શકે છે.

ભગવાને દાવાનલ પીધો અને આપણને પણ સમજાવ્યું કે કોઈ તને આગ પીવડાવવા આવતું હોય તો તું પી જજે. આપણે આગમાં બળવાનું નથી, પરંતુ આગને પી જવાની છે.

આ પ્રમાણે ભગવાને વ્રજવાસીઓના ત્રણ અધ્યાસ દૂર કર્યા.

◆

પ્રકરણ ૨૯

પંચપર્વા અવિદ્યાની નિવૃત્તિ

એક વાર વ્રજમાં ગ્રીષ્મ ઋતુ આવી. શ્યામજી અને દાઉજીએ વિચાર કર્યો કે આપણે ખેલ ખેલીએ. અઢી હજાર મિત્રો દાઉજીના અને અઢી હજાર મિત્રો શ્યામજીના. દાઉજી મહારાજ જ્યાં ખેલ કરવા બિરાજ્યા એનું નામ સંકર્ષણ-કુંડ. શ્યામજી જ્યાં ખેલ કરવા બિરાજ્યા એ કૃષ્ણકુંડ. આજે પણ વ્રજ-પરિક્રમામાં સંકર્ષણ-કુંડ અને કૃષ્ણકુંડ પાસપાસે છે. એવું નક્કી થયું કે તાલફળ પાડવાં. એકી સંખ્યા પડે તો દાઉજીના ખભે ચડવાનું અને બેકી સંખ્યા પડે તો તેના ખભા ઉપર દાઉજી ચઢે. એમાં શ્યામજીનું મંડળ હાર્યું અને એમણે ઘોડો બનવાનું આવ્યું. દાઉજી ખભા ઉપર ચઢનારા બન્યા. તે વખતે શ્યામજીના મંડળમાં એક પ્રલંબાસુર ઘૂસી ગયો. દાઉજી મહારાજ પ્રલંબાસુરના ખભા ઉપર ચઢી ગયા.

શ્રીમહાપ્રભુજી કહે છે, આ પ્રલંબાસુરને ઓળખી લો. તે બહુ લાંબો છે. કરોડો જન્મોની વાસના એટલે પ્રલંબાસુર. આ પ્રલંબાસુર તેની પીઠ ઉપર બેસાડી ક્યાં દૂર દૂર ફેંકી આવે તેની ખબર પડતી નથી. અનંત જન્મોની વાસનાઓ આપણી પાસે સાંસારિક પ્રવૃત્તિઓ કરાવે છે. ખાવા-પીવા, ઓઢવા-પહેરવા એવી સાંસારિક પ્રવૃત્તિઓ આપણે કરીએ છીએ.

દાઉજી મહારાજે એક મુક્કો મારીને પ્રલંબાસુરનો વધ કર્યો.

દૃષ્ટ્વા પ્રલમ્બં નિહતં બલેન બલશાલિના ।
ગોપા: સુવિસ્મિતા આસન્ સાધુ સાધ્વિતિ વાદિન: ॥૧૮/૩૦॥

દાઉજીએ પ્રલંબાસુરનો વધ કરી, વ્રજભક્તોનો અંત:કરણાધ્યાસ દૂર કર્યો. હવે પાંચમો અધ્યાસ બાકી રહ્યો. તે છે સ્વરૂપનું અજ્ઞાન. ૧૯મા અધ્યાયમાં ભગવાને સ્વરૂપનું અજ્ઞાન દૂર કર્યું છે. મુંજાટવિમાં મોહનજીની ગાયો મૂંઝાઈ ગઈ, બળવા લાગી. શ્રી શુકદેવજી કહે છે રાજા, મોહનજીની ગાયોની મંડળીમાં કોણ કોણ હતા ? –

અજા ગાવો મહિષ્યશ્ચ નિર્વિશન્ત્યો વનાદ્ વનમ્ ।
ઈષીકાટવીં નિર્વિવિશુ: ક્રન્દન્ત્યો દાવતર્ષિતા: ॥૧૯/૨॥

ગોવિંદજીની ગૌમંડળીમાં 'અજા' એટલે બકરી હતી. 'ગાવ:' એટલે ગાયો અને 'મહિષી' એટલે ભેંસો હતી. બંગાળી મહાત્માઓએ શ્રીભાગવતજીની ટીકા લખતાં

વિચાર કર્યો કે શું અમારા પ્રભુ બકરીઓ ચરાવનારા હતા ? શું અમારા પ્રભુ ભેંસો ચરાવનારા હતા ? માટે બંગાળી મહાત્માઓએ 'અજા' અને 'મહિષી' શબ્દના અર્થ બદલી કાઢ્યા. અજા એટલે બટકી ગાયો અને મહિષી એટલે જાડી કાંકરેજી ગાયો. જર્સી ગાયો દેખાવમાં બહુ નાની હોય છે. કાઠિયાવાડી ગાયો કદમાં ઘણી મોટી હોય છે. ચંપારણ્યમાં બકરા જેવી સાવ નાની ગાયો જોવા મળે. બંગાળી મહાત્માઓએ કહ્યું : અમારા શ્યામસુંદર નાની, મધ્યમ અને મોટી ગાયો ચરાવતા હતા.

આ બધી ગાયો આજે દાવાનળમાં સળગવા લાગી.

દરેક માણસને અગિયાર ઇન્દ્રિયોરૂપી અગિયાર ગાયો છે. તે કોઈ વાર ચિંતાની આગમાં, કોઈ વાર વાસનાની આગમાં તો કોઈ વાર ઈર્ષ્યાની આગમાં અટવાઈ જાય છે. શ્યામજી ત્યાં પધાર્યા, તેમણે કહ્યું, મિત્રો ! –

નિમીલયત મા ભૈષ્ટ લોચનાનીત્યભાષત ॥૧૯/૧૧॥

તમારી આંખો બંધ કરો. હું ફરીથી દાવાનળનું પાન કરી જઈશ. જેટલી આગ લાગી છે, તેટલી હું પી જઈશ. સખાઓએ કાણા માણસની માફક આંખો બંધ કરી. પ્રભુજીએ કહ્યું : આવી રીતે આંખો મીંચશો, તો આગ દૂર નહિ કરું. આંખો બરાબર બંધ કરો. વ્રજવાસીઓએ આંખો બરાબર બંધ કરી અને લાલાજી આગ પી ગયા.

શ્રીકૃષ્ણે આંખો બંધ કરવાનું કેમ કહ્યું ? ભગવાન સમજાવે છે કે આપણી ઇન્દ્રિયો બાહ્યા વિષયોના સંસર્ગમાં આવે છે ત્યારે તેમાં આગ સળગે છે. ***શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ*** – એ પાંચ બાહ્યા વિષયો છે. આ પાંચ વિષયોના સંસર્ગથી આપણી ઇન્દ્રિયોમાં આગ સળગે છે. એટલે પ્રભુ કહે છે, તમારા આ અગિયાર દરવાજાના બંધ કરી દેજો, જેથી તેની જ્વાળાઓ આવે નહિ. તમે તમારા દેહરૂપી માધવભવનમાં મને બેસાડો, જેથી તમારું કામ પૂર્ણ થાય.

આપણા જીવનમાં વિષયો જ વિષનું કામ કરે છે અને અગ્નિનું પણ કામ કરે છે. બ્રહ્માજીએ ઇન્દ્રિયોને વિષયગામી ઘડી છે. આ વિષયગામી ઇન્દ્રિયોને ભગવાન તરફ લઈ જવા પ્રયત્ન કરીએ, તો પણ વારંવાર વિષય તરફ ઢોળાય છે. પાણીનો સ્વભાવ નીચે ઢળવાનો છે. તેવી રીતે ઇન્દ્રિયોનો સ્વભાવ સંસાર તરફ જવાનો છે. તે સંસાર તરફ ન જાય, એટલા માટે સંયમરૂપી બંધથી ઇન્દ્રિયોને રોકો. પછી નહેરો રૂપી પાણીને વહેવડાવવાનાં જુદા જુદા ક્ષેત્રો પસંદ કરો.

આ માટે એક દૃષ્ટિ યોગમાર્ગે આપી અને બીજી દૃષ્ટિ ભક્તિમાર્ગે આપી. યોગમાર્ગ સંયમનો બંધ બાંધતાં શીખવે છે અને ભક્તિમાર્ગ બાંધેલા બંધમાંથી નહેરો દ્વારા પાણી ખેતરમાં વાળતાં શીખવે.

આ પ્રમાણે વ્રજવાસીઓના દેહાધ્યાય, ઇન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને અવિદ્યાથી સ્વરૂપ-વિસ્મૃતિની નિવૃત્તિ થઈ. ત્યારે –

ગોપીનાં પરમાનન્દ આસીદ્ ગોવિન્દદર્શને ।
ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિનાભવત્ ॥૧૯/૧૬॥

ગોપીજનોના અંતઃકરણમાં પરમાનંદની જાગૃતિ થઈ છે. શ્રીઠાકોરજી કહે છે કે તમારે પણ પરમાનંદ જાગૃત કરવો હોય, તો તમારી આંખોની બાહ્ય પ્રવૃત્તિને બંધ કરો. સંયમ દ્વારા ઇન્દ્રિયોને સંસાર તરફ જતી અટકાવો. તે ઇન્દ્રિયોને મારી તરફ વાળો, તો તમને પરમાનંદનો અનુભવ થશે.

શ્યામજી કહે છે, જેની ઇન્દ્રિયો સુધરી ગઈ, એના જ કાન મારી વેણુ સાંભળે છે. એના જ હાથનું હું ભોજન કરું છું. એનાં વસ્ત્રોનું હરણ કરવા માટે હું ભૂતળમાં આવું છું.

ભગવાને પાંચ પ્રકારની લીલા દ્વારા પંચપર્વા અવિદ્યા દૂર કરી. ***ધેનુકાસુર એટલે દેહાધ્યાસ. કાલિય નાગ એટલે ઇન્દ્રિયાધ્યાસ, પ્રથમ દાવાગ્નિ એટલે પ્રાણાધ્યાસ, પ્રલંબાસુર એટલે અંતઃકરણાધ્યાસ અને દ્વિતીય દાવાગ્નિ એટલે સ્વરૂપનું અજ્ઞાન.*** અવિદ્યાની નિવૃત્તિ થતાં અંતઃકરણમાં વિદ્યાનો ઉદય થાય છે.

આ પ્રમાણે ઓગણીસમા અધ્યાયની કથા અહીં પરિપૂર્ણ થઈ.

◆

પ્રકરણ ૩૦

વેણુગીત

અવિદ્યાની નિવૃત્તિ થતાં અંતઃકરણમાં વિદ્યાનો ઉદય થયો. શ્રી શુકમુનિ ૨૦મા અધ્યાયમાં વિદ્યાનું દર્શન કરાવતાં શરદનું અને વર્ષાનું વર્ણન કરે છે. આ અધ્યાયમાં કેવળ વર્ષાનું અને વર્ષાની સાથે તત્ત્વનું દર્શન કરાવ્યું છે. શ્રી શુકદેવજીએ ધાર્યું હોત તો બીજી ઘણી લીલાઓનો સમાવેશ આ અધ્યાયમાં થયો હોત. જેમ કે શ્રાવણ મહિનાના હિંડોળા. તેનું વર્ણન અહીં કરી શકાયું હોત. શ્રી શુકદેવજીએ તે નથી કર્યું; કારણ કે હજુ પરીક્ષિતનો પૂર્ણ અધિકાર સિદ્ધ થયો નથી.

તતઃ પ્રાવર્તત પ્રાવૃટ્ સર્વસત્ત્વસમુદ્ભવા ।
વિદ્યોતમાનપરિધિર્વિસ્ફૂર્જિતનભસ્તલા ॥૨૦/૩॥

વૃંદાવનમાં વર્ષાઋતુનો પ્રારંભ થયો. વર્ષાઋતુનું આકાશ વાદળોથી છવાયેલું હોય છે. શ્રી શુકદેવજી વર્ષાની પ્રકૃતિ જોતાં તેમાંથી જીવનનાં તત્ત્વોને શોધે છે.

અજ્ઞાનીની દૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિમાં આટલો ફેર છે. અજ્ઞાનીની દૃષ્ટિ સારામાં ખોટું શોધવા પ્રયત્ન કરે છે અને જ્ઞાનીની દૃષ્ટિ ખોટામાં પણ સારું શોધવાનો પ્રયત્ન કરે છે. સારું જોવું, સારું વિચારવું, સારું કરવું, બધામાં સારાઈ રાખવી એ જ્ઞાનીની દૃષ્ટિ છે. ખોટું જોવું, ખોટું બોલવું, ખોટું કરવું અને ખોટું વિચારવું, સર્વમાં મિથ્યા દૃષ્ટિનો અનુભવ કરવો એ અજ્ઞાનીની દૃષ્ટિ છે.

મેઘથી ગાજતાં ગગનો જોઈને શ્રી શુકદેવજી કહે છે : **'બ્રહ્મએવ સગુણં બભૌ'** – જાણે માયાના આવરણમાં લપેટાયેલો બ્રહ્મ ન હોય ! એવી જ રીતે વાદળોના આવરણમાં ગગનમંડળ લપેટાઈ ગયું છે. માયાથી લપેટાયેલ સગુણ બ્રહ્મ જેવું આ ગગનમંડળ લાગે છે.

વર્ષાઋતુમાં સૂર્ય ઢંકાઈ જાય છે. આઠ મહિના સુધી સૂર્ય ધરતી પાસેથી કર લે છે. ચાર મહિના સુધી લીધેલો કર અનેક ગણો કરીને પાછો આપે છે. સૂર્ય રાજા તો સારો છે; પણ દુનિયાના રાજાઓ નઠારા છે. કર લે છે, પણ કૃતિ કરતા નથી. જે કર લઈને કૃતિ ન કરે, તેની દૃષ્ટિમાં બગાડ છે તેમ માનવું. જેની દૃષ્ટિમાં બગાડ આવે છે, તેનું આખું જીવન બરબાદ થાય છે. સૂર્ય પૃથ્વીને ભીંજવે છે.

વર્ષાઋતુની હેલીથી તૃપ્ત બનેલી ધરતીને શ્રી શુકમુનિએ જોઈ –

પ્રીણનં જીવનં હ્યસ્ય મુમુચુઃ કરુણા ઈવ ॥૨૦/૬॥

શ્રી શુકદેવજી કહે છે, રાજન્ ! વર્ષાનો સ્વભાવ અને સાધુનો સ્વભાવ સરખો છે. વર્ષાઋતુ સંતપ્તા બનેલી ધરતીને તૃપ્ત કરે છે. સાધુપુરુષો દુઃખથી તપેલાને આરામ આપે છે. સાધુપુરુષનું ચરિત્ર મીઠી શીતળ છાયા જેવું લાગે છે. જેવી રીતે વર્ષાઋતુમાં ધરતી અંકુરિત બને છે, એવી રીતે સાધુઓની કૃપાથી આપણી ઉજ્જડ બનેલી હૃદયની ભૂમિમાં ભક્તિના અંકુરો ફૂટે છે.

તપઃકૃશા દેવમીઢા આસીદ્ વર્ષીયસી મહી ।
યથૈવ કામ્યતપસસ્તનુઃ સમ્પ્રાપ્ય તત્ફલમ્ ॥૨૦/૭॥

વર્ષાઋતુમાં ધરતી સર્વ કામનાઓને તૃપ્ત કરનારી લાગે છે. જેમ તપ કરનાર યોગી કામનાઓનું વર્ષણ થતાં તૃપ્ત થાય છે, તેમ વર્ષાઋતુ ધરતીને તૃપ્ત કરે છે.

આ વર્ણનમાં શ્રી શુકદેવજીએ દેડકાંનું વર્ણન કરતાં બ્રાહ્મણોને થોડી ટકોર કરી છે. વર્ષાઋતુમાં દેડકાંનો ડ્રાંઉ ડ્રાંઉ અવાજ આવતો હોય છે. શ્રી શુકદેવજીએ દેડકાંના અવાજની સરખામણી બ્રાહ્મણોના વેદધ્વનિ સાથે કરી છે –

યથા પાપેન પાખણ્ડા ન હિ વેદાઃ કલૌ યુગે ॥૨૦/૮॥

દેડકાં જ્યારે દરમાંથી બહાર આવે છે; ત્યારે ડ્રાંઉ ડ્રાંઉ બોલે છે. એવી રીતે જ્યારે કોઈ યજમાનો આવે છે, ત્યારે જ બ્રાહ્મણો વેદ-મંત્રોચ્ચાર કરવા લાગે છે. જેમ દેડકાંનો અવાજ આપણા કાનને ગમતો નથી, એવી રીતે અનુભવ વગરના બ્રાહ્મણોની આ વેદધ્વનિ કાનને રુચતી નથી. કેટલાક એવા પણ બ્રાહ્મણો હોય છે કે જે લગ્ન કરાવવા બેસે, પણ તેમને વેદના મંત્રો આવડે નહિ.

એક ગામડું હતું. તેમાં એક પંડિતજી રહેતા. તદ્દન અજ્ઞાની પંડિત. તેમણે કદી વેદશાસ્ત્રોનો અભ્યાસ કરેલો નહિ. બાપ-જન્મારામાં પણ સંસ્કૃત શીખેલા નહિ. એમના પિતા પણ એવા જ હતા. તેમણે દીકરાને સમજાવી દીધું કે દરેક શબ્દની પાછળ 'અમ્' લગાડવાથી સંસ્કૃત ભાષા થઈ જશે. આ ભાઈની સગાઈ એક મોટા વેદજ્ઞ બ્રાહ્મણની કન્યા સાથે થઈ. જમાઈરાજ જમવા ગયા. તેમણે વિચાર કર્યો કે મારી પંડિતાઈ મારા સસરાજીને બતાવું. અજ્ઞાની માણસ ન બોલે તેમાં નવ ગુણ છે. જ્ઞાની માણસના એક શબ્દમાં તેનું આખું વ્યક્તિત્વ ઊપસી આવે છે. જમાઈરાજે સસરાજી પાસે પોતાનું પોત પ્રકાશ્યું. તેમણે કહ્યું, બાપમ્ ભાતમ્ પુનમ્. તેના પિતા

પણ સાથે ગયેલા. બાપાજીએ જવાબ આપ્યો, ચૂપં બેટં ફૂંકં ખાવમ્. આવી વાણી જ્યારે વેદધ્વનિમાં વપરાતી હોય, ત્યારે તે દેડકાંના અવાજ જેવી જ લાગે ને ?

વર્ષા જાય છે, પછી શરદ આવે છે.

એવં નિવસતોસ્તસ્મિન્ રામકેશવયોર્વ્રજે ।
શરત્ સમભવદ્ વ્યભ્રા સ્વચ્છામ્બ્વપરુષાનિલા ॥૨૦/૩૨॥

સુંદર શરદઋતુ આવી. વાદળો શ્વેત બની ગયાં. એ વાદળો પણ હવે આકાશમાંથી દૂર થઈ ગયાં છે. તેથી સ્વચ્છ આકાશ અને સ્વચ્છ નીરવાળી આ શરદઋતુ છે. શરદઋતુમાં શ્યામજીએ મુરલીવાદન કર્યું છે. શરદઋતુનું આકાશ સ્વચ્છ અને નીર પણ સ્વચ્છ. એવી રીતે જેની બુદ્ધિ સ્વચ્છ, જેનું મન સ્વચ્છ એ જ શ્યામસુંદરની મધુરી વેણુ સાંભળી શકે છે.

ઈત્થં શરત્સ્વચ્છજલં પદ્માકરસુગન્ધિના ।
ન્યવિશદ્ વાયુના વાતં સગોગોપાલકોઽચ્યુતઃ ॥૨૧/૧॥

ગાયોને અને ગોપાળોને લઈને અચ્યુત શ્યામસુંદર વૃંદાવનમાં પ્રવેશ કરે છે. વૃંદાવન-પ્રવેશની વાત શ્રી શુકદેવજીએ અધ્યાહાર રાખી; કારણ કે ગોવિંદજી અહીં વૃંદાવનમાં ફળલીલા અને જલલીલા એમ ઉભયલીલા કરવાના છે.

ગોવિંદજીએ અધર પર વેણુ ધરી. પ્રભુની મુરલીનું સ્વરૂપ સમજવા જેવું છે. ***વશ્ચ ઈશ્ચ અણુશ્ચ ઈતિ વેણુઃ' 'વ' એટલે બ્રહ્માનંદ, 'ઈ' એટલે વિષયાનંદ.*** આ બંને આનંદ જેની પાસે તુચ્છ છે, એવા ભજનાનંદનું દાન કરનારી આ વેણુ છે. તેમાં સાત છિદ્રો છે. ભગવાનના મુખની અમૃત કરતાંયે મધુર સુધા આ સાત છિદ્રોમાંથી વહે છે. ગોવિંદજીએ અધર પર આજે વેણુ ધરી છે.

તદ્ વ્રજસ્ત્રિય આશ્રુત્ય વેણુગીતં સ્મરોદયમ્ ।
કાશ્ચિત્ પરોક્ષં કૃષ્ણસ્ય સ્વસખીભ્યોઽન્વવર્ણયન્ ॥૨૧/૩॥

શ્રી શુકદેવજી કહે છે, વેણુગીત શ્રુત્વા નહિ, પણ આશ્રુત્ય છે. **'આ'** ઉપસર્ગ લગાડવાની શી જરૂર ? શ્રુત્વા કહેવામાં શો વાંધો હતો ? સાંભળવાનું કામ કાન કરે છે અને સાંભળ્યા પછી ડોલવાનું કામ આખું શરીર કરે છે. જે સંગીત સાંભળીને મન ડોલતું નથી તથા તન ડોલતું નથી, રોમરોમમાં રસ જાગતો નથી; એ માણસ સંગીતનો સ્વાદ માણી શકતો નથી. સંગીતમાં આખી દુનિયાને ડોલાવી નાખવાની

શક્તિ છે. સાવ જડ ઉપર સંગીતની આ શક્તિ કામ કરતી નથી. આજે ગોવિંદજીનું વેણુગીત સાંભળી ગોપાંગનાઓનાં રોમ રોમ ડોલી ઊઠ્યાં છે.

મુગલ બાદશાહ અકબરનો એક પ્રસંગ યાદ આવે છે. એક વાર અકબર બાદશાહે બીરબલને પૂછ્યું : સંગીત સાંભળવા આટલાં બધાં લોકો આવે છે, તેમાં સાચા શ્રોતાઓ કોણ ? બીરબલે કહ્યું : હું થોડા દિવસમાં શોધી આપીશ. તાનસેનજીએ ગાવાની શરૂઆત કરી. બધાંએ માથાં ધુણાવવા માંડ્યાં. બીરબલજીએ બાદશાહના નામે એલાન કર્યું કે આવતી કાલે તાનસેનજી આલાપ લેશે, તે વખતે જે માણસ તેનું માથું ડોલાવશે; તેનું માથું કાપી નાખવામાં આવશે.

દરેકને મરણનો ડર લાગે છે. બીજા દિવસે તાનસેનજીએ ગાવાની શરૂઆત કરી. લોકો ડોલવા જાય છે, ત્યાં યાદ આવે છે કે ડોકું કપાઈ જશે. તેઓ સ્થિર થઈ જાય છે, પણ એક બંદો એવો નીકળ્યો કે તે મરણના ભયથી પણ ડોલ્યા વિના રહી ન શક્યો. તે ડોલવા લાગ્યો. બીરબલે કહ્યું : આ એક સંગીતનો સાચો રસિયો છે.

ગોપીજનોના કાન સાંભળે છે, પણ તેની અનુભૂતિ રોમ રોમમાં થાય છે, એમ સૂચવવા આશ્રુત્ય કહ્યું. દૂર દૂરથી આવતો આ ધ્વનિ ગોપીઓના કાન સુધી પહોંચી ગયો છે. એવું ગીત ગાનારી આ ગોપિકાઓ શ્રુતિરૂપા ગોપીઓ છે. તેઓ વેણુગીત સાંભળે પણ છે, અને જેમના મુખથી મોરલી બજી રહી છે તે મુખડાને નીરખે પણ છે. આજે ગોપીજનોને બે દિવ્ય શક્તિઓ પ્રાપ્તા છે : ટેલિફોન અને ટેલિવિઝનની. આજે ટેલિફોન અને ટેલિવિઝન વિજ્ઞાન-સાધ્ય છે, એ દિવસોમાં તે મંત્રસાધ્ય હતાં. ગોપાંગનાની આંખો અનંત પડોને વીંધી જ્યાં શ્રી શ્યામસુંદર દૂર દૂર વનમાં બિરાજે છે, ત્યાં પહોંચી જાય છે. એમના કર્ણ માઇલો દૂર રહેલા શ્રીશ્યામજીનાં વેણુનાદને સાંભળી શકે છે. જ્યારે ગોપિકાઓના રોમ રોમમાં વેણુનો રસ પ્રસરી ગયો, ત્યારે તેમને એ વેણુગીતનું વર્ણન કરવાની ઇચ્છા થઈ. જેનો અનુભવ શરીરનો કણ કણ કરે છે, એનું વર્ણન કરવાની જીભમાં શક્તિ નથી. વ્રજાંગનાઓ તો બેસુધ જેવાં બની ગયાં છે. શ્રી શુકમુનિ કહે છે, રાજા ! શ્રીશ્યામસુંદરનું વર્ણન હું તને સંભળાવું –

બર્હાપીડં નટવરવપુ: કર્ણયો: કર્ણિકારં
બિભ્રદ્ વાસ: કનકકપિશં વૈજયન્તીં ચ માલામ્ ।
રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈ-
વૃંદારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિ: ।।૨૧/૫।।

શ્રી શુકદેવજીએ બહુ સુંદર ધ્યાનચિત્ર આપ્યું. મોહનજીના મસ્તક પર મોરનું પીંછું લહેરાઈ રહ્યું છે. ઊડતું ઊડતું તે જાણે કહી રહ્યું છે, દેવીઓ! જેટલા રંગ મારા પીંછામાં છે, એથી કરોડો ઘણા રંગ શ્રીશ્યામસુંદરની લીલામાં છે, સ્વરૂપમાં છે અને ગુણમાં છે. મધુરા મોહનજી નટવર નંદકિશોર બન્યા છે. તે નટ જેવા લાગે છે, વર જેવા લાગે છે. વિપ્રયોગ શૃંગાર અને સંયોગ શૃંગાર એમ ઉભય શૃંગારનું દર્શન આજે શ્યામજીના સ્વરૂપમાં થાય છે. કનેરનું પીળું ફૂલ કોઈક વાર આ કાનમાં ખોસે છે, તો કોઈક વાર આ કાનમાં ખોસે છે. શ્યામજીએ પીળું પીતાંબર અને ચરણ સુધી પહોંચતી વૈજયન્તી માલા ધારણ કરી છે. પીતાંબર અને વૈજયન્તી માલા સ્વરૂપનું આચ્છાદન કરનારાં છે. એ વસ્તુ ભગવાનના સ્વરૂપને પણ ઢાંકી દે અને જીવના સ્વરૂપને પણ ઢાંકી દે. વૈજયન્તી માલા એ કીર્તિનું સ્વરૂપ અને સોના જેવું પીળું પીતાંબર એ પૈસાનું સ્વરૂપ. *પૈસો અને પ્રતિષ્ઠા મૂળ વસ્તુને ઢાંકી* દે છે, વસ્તુની ઉજ્જ્વળતાને આચ્છાદિત કરી દે છે.

ભગવાને વિચાર કર્યો, ભલે મારા ભક્તો આવે. કોઈને પૈસો આપીશ, કોઈને પ્રતિષ્ઠા આપીશ. જે મારો અંતરંગ હશે તે પૈસો અને પ્રતિષ્ઠા છોડી કેવળ મને ભજશે. ભગવાન ઘણી મોટી પરીક્ષા કરે છે. માટે ભગવાને પીતાંબર અને વૈજયન્તી માલા ધારણ કર્યાં છે. ભગવાને પોતાના અધર ઉપર મધુરી વેણુ ધરી છે. અહીં બે અર્થ કર્યા છે. વેણુનાં સાત છિદ્રોને અધરસુધાથી પૂરતા મોહનજી વૃંદાવનમાં પ્રવેશે છે. બીજો અર્થ એ કર્યો કે જ્યારે જ્યારે શ્યામસુંદર વેણુ વગાડે છે, ત્યારે ત્યારે વૃંદાવનના ખાડા ભરાઈ જાય છે. બંગાળી મહાત્માઓએ આ બીજો અર્થ કર્યો છે.

યશોદામા મોહનજીને રોજ મનાવે છે, લાલા ! તું પગમાં પાદુકાઓ નથી પહેરતો, એટલે તને કાંટા-કાંકરા અને ગોખરું વાગતાં નથી ? તને વૃંદાવનના ખાડા કનડતા નથી ? ગોવિંદજી કહે છે, મૈયા! જ્યારે હું મોરલી વગાડું છું, ત્યારે ફુગ્ગાની માફક વૃંદાવનના એ ખાડા પુરાઈ જાય છે.

મોહનજીની વેણુમાં એવી અદ્ભુત શક્તિ છે કે આપણા ભાવમાં જ્યાં ખાડા પડે, તે પણ પુરાઈ જાય. પછી એ ભક્તનું જીવન છિદ્ર વિનાનું સુંદર બને છે.

આગળ આગળ ધેનુ છે અને પાછળ પાછળ ગોવાળિયા છે. ગોવાળિયા શ્રીકૃષ્ણનો જયજયકાર કરે છે **'વૃંદાવનવિહારીલાલકી જય.'** જ્યાં ગોવિંદજીની કીર્તિ ગવાય છે, ત્યાં વ્રજમાં બેઠેલી ગોપીઓ જાગૃત થઈ જાય છે.

શ્રી શુકદેવજીને આ શ્લોક બહુ ગમે છે. શ્રી શુકમુનિના જીવનમાં પરિવર્તન લાવનારો આ શ્લોક છે. શ્રી શુકદેવજી પ્રારંભમાં નિર્ગુણ, નિરંજન, નિરાકારના ઉપાસક હતા. જન્મ્યા એવા જ ઘર છોડીને ભાગી ગયા હતા. પિતા વ્યાસજીને ચિંતા થઈ કે મારો વહાલો શુકદેવ શ્રીમદ્ ભાગવતને નહીં ઘૂંટે તો કોણ ઘૂંટશે ? પિતાજીએ પાછળ દોડી, તેમને બૂમો પાડીને ખૂબ બોલાવ્યા. શુકદેવજીએ હાથ જોડીને કહ્યું: મારે તમારી બેડીમાં બંધાવું નથી.

વ્યાસજી સમજી ગયા કે શુક સ્નેહથી નહિ આવે, પણ ભક્તિથી જ આવશે. વ્યાસજીએ બે-ચાર શ્લોકો તેમના વિદ્યાર્થીઓને શીખવ્યા અને કહ્યું કે મારો શુક જે ગુફામાં ધ્યાનસ્થ બેઠો છે, ત્યાં જઈને આ શ્લોકો વારંવાર ગાઓ. શ્રી શુકદેવજી ધ્યાનમગ્ન હતા, ત્યાં તેમના કાનમાં આ શ્લોકોના શબ્દો પડ્યા. તેઓ નિરાકારના ચિંતનમાં હતા, ત્યાં સાકાર સ્વરૂપનું વર્ણન સાંભળ્યું – **'બર્હાપીડં નટવરવપુ:'** એ શબ્દોમાં એવો જાદુ હતો કે શુકદેવજીના મનમાંથી નિરાકાર ચાલ્યા ગયા અને નરાકાર પધાર્યા. બંધ આંખોએ મોરમુકુટ બંસીધારી શ્યામસુંદરનાં દર્શન કર્યાં. ત્યાં છેલ્લા શબ્દો સંભળાયા, **'પ્રાવિશદ્ ગીતકીર્તિ:'** જયજયકારનો અવાજ સંભળાયો.

આ સાંભળીને જ્ઞાનીભક્ત રડી ઊઠ્યા. મારા હૃદયને ખેંચનાર આ કોણ હશે? આ કયો સ્વર હશે, જે મારા રોમરોમને ભીંજવે છે. શુકમુનિ સમાધિમાંથી જાગૃત થયા. દોડીને બહાર આવ્યા. તેમણે વિદ્યાર્થીઓને પૂછ્યું : મિત્રો, જેનું તમે વર્ણન કરો છો, એ મને ક્યાં મળશે ? વિદ્યાર્થીઓ કહે છે : એની પૂરી વાત હજી તમે સાંભળી નથી. વિદ્યાર્થીઓએ બીજો શ્લોક સંભળાવ્યો –

અહો બકીયમ્ સ્તનકાલકૂટમ્...

જેનું રૂપ તમે સાંભળ્યું, એના ગુણ પણ જાણી લો. વસ્તુની મુલવણી કેવળ રૂપ કે કેવળ ગુણથી થતી નથી. રૂપ અને ગુણના સામંજસ્યથી થાય છે. પૂતનાના ઝેરનું પણ જેણે અમૃત બનાવી નાખ્યું, એના ગુણ કેવા હશે ?

શ્રી શુકદેવજી હવે પૂરેપૂરા પાગલ બની ગયા. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું : તમે આવા જે જે શ્લોકો ભણીને આવ્યા હો, તે મને શીખવો ને ! વિદ્યાર્થીઓએ કહ્યું : આ તો માત્ર નમૂના તમને બતાવ્યા છે. આવા તો અઢાર હજાર શ્લોકો છે. તે શીખવા હોય તો અમારા ગુરુજી પાસે ચાલો. શુકમુનિ વ્યાસજી પાસે આવ્યા. શુકમુનિ વ્યાસજીનાં ચરણારવિંદમાં ઝૂકી ગયા. એમનું આખું જીવન એક શ્લોકે બદલી નાખ્યું.

ભક્તોને નિરાકાર ગમતો નથી, પણ નરાકાર ગમે છે. કોઈ એમ કહે કે હવાની સાથે તમારું મન લગાડો, તો એ શક્ય છે ? શૂન્યનું આવાહન થઈ શકે ખરું ? માણસનું મન સાકાર વસ્તુને ભોગવવા તત્પર હોય છે. માણસ કદી હવા સાથે મન લગાડી શકતો નથી. નરાકારની સેવામાં જે આનંદ છે, તે નિરાકારના ધ્યાનમાં નથી.

શ્રુતિરૂપા ગોપીજનોનું મંડળ પ્રતિદિન કોઈ એક ગોપીના ઘેર ભેગું થાય છે અને સૌ સાથે મળીને વેણુગીત ગાય છે. આપણો બપોરનો સમય દુનિયાની નિંદા-કૂથલીમાં પસાર થાય છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ત્રણ વસ્તુઓ જીવનને બરબાદ કરે છે : **'મિથ્યાવાદસ્મૃર્તેગતિ: ।'** મિથ્યાવાદ, મિથ્યા વિચાર અને મિથ્યા ક્રિયા - એ ત્રણ વસ્તુથી બચવું હોય, તો ભગવાનના ગુણાનુવાદ એ મોટામાં મોટું સાધન છે. ગોપીજનો જાય છે તો પણ ભગવદીયના ઘેર. જઈને વાતો કરે છે તો શ્યામસુંદરની અને વિચાર કરે છે તો પણ શ્યામસુંદરના જ.

શ્રીમહાપ્રભુજી પણ દરરોજ બપોરે વેણુગીત અને યુગલગીતની વર્ષા વૈષ્ણવો ઉપર વરસાવતા. એક દિવસ મારા મનમાં વિચાર આવ્યો કે રોજ શ્રીમહાપ્રભુજી આ વેણુગીત અને યુગલગીત ઉપર શું પ્રવચન કરતા હશે ? આપે અગિયાર વર્ષની વયે પ્રવચન શરૂ કર્યું અને બાવન વર્ષની ઉંમર સુધી પ્રવચન કર્યું. દરરોજ વેણુગીત અને યુગલગીત કહે. આમાં વેણુગીતના તેર શ્લોકો. આટલા શ્લોકો ઉપર રોજ રોજ શું પ્રવચન કરતા હશે ?

મોટાઓ પાસેથી એનો એવો ખુલાસો મળ્યો કે શ્રીભાગવતજીમાં તો શરદ ઋતુના એક જ દિવસના વેણુગીતની લીલાનું ગાન છે. મોહનજીની મોરલી તો પ્રતિદિન નૂતન સ્વરો પ્રગટાવે છે, અને નૂતન વેણુગીત વાગે છે. શ્રીમહાપ્રભુજીની વાણી, રોજેરોજ સંભળાતાં નવાંનવાં વેણુગીતોનું વર્ણન કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ થઈ ગયા નથી, અત્યારે પણ વર્તમાન છે. આજે પણ સમર્થ ભક્તો એમની વેણુને સાંભળી શકે છે. શ્રીમહાપ્રભુજીને દરરોજ વેણુગીતનું જે પ્રત્યક્ષ દર્શન થતું હતું, એનું વર્ણન તેઓ વૈષ્ણવોની સામે કરતા હતા.

દુનિયાનાં ઊર્મિ કાવ્યોમાં જોટો ન મળે, એવું આ વેણુગીત છે. યુગલગીત અને વેણુગીત બંને અભૂતપૂર્વ છે. ગોપીઓએ વેણુગીત ગાવાની શરૂઆત કરી –

અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામ: સખ્ય: પશૂનનુવિવેશયતોર્વયસ્યૈ: ।
વક્ત્રં વ્રજેશસુતયોરનુવેણુ જુષ્ટં યૈર્વા નિપીતમનુરક્તકટાક્ષમોક્ષમ્ ॥૨૧/૭॥

આ શ્રુતિરૂપા ગોપીઓ છે. સાક્ષાત્ વેદની શ્રુતિઓ અવતાર ધારણ કરીને વ્રજમાં પધાર્યાં છે. તેઓ એકબીજાંને સંબોધન કરે છે, **'સખ્ય:'**. આવું સંબોધન એટલા માટે કર્યું કે આપણે સખીઓ છીએ. **'સમાન શીલ-વ્યસનેષુ સખ્યમ્'** તમારો અને અમારો સ્વભાવ એક છે. તમારી અને અમારી ઇચ્છા એક જ છે. તમારું અને અમારું ગંતવ્ય પણ એક છે. એક જ લક્ષ્યબિંદુવાળી આ શ્રુતિઓ છે, માટે સંબોધન કર્યું 'સખ્ય:'. દેવીઓ, ભગવાને ઇન્દ્રિય આપી હોય, તો તેનું કોઈ ફળ તો હોવું જોઈએ ને ? આંખ, કાન, નાક, હાથ કેમ આપ્યા ? દુનિયામાં મળેલી તમામ વસ્તુઓનો કોઈ ને કોઈ ઉપયોગ છે. તે વાત જુદી છે કે આપણે તેનો સાચો અને સારો ઉપયોગ ન કરતાં, ખોટો કરીએ. મળેલાં તમામ સાધનો કોઈક સિદ્ધિ માટે તત્પર હોય છે. પગ ચાલવા માટે, આંખ જોવા માટે છે. સાચા અને સારા વિષયમાં તે તે ઇન્દ્રિયનો ઉપયોગ કરવાથી જીવન સાર્થક બને છે.

અહીં **'અક્ષ'** શબ્દથી શ્રીમહાપ્રભુજી અગિયાર ઇન્દ્રિયો સૂચવે છે. અગિયારે અગિયાર ઇન્દ્રિયોનું એક જ ફળ છે કે ભગવાનનો સાક્ષાત્કાર કરો, ઈશ્વરીય આનંદનો અનુભવ કરવો. આંખથી તેને જોવો, જીભથી તેનું રટણ કરવું, કાનથી તેને સાંભળવો અને હૃદયથી તેનો અનુભવ કરવો. પરમાનંદની અનુભૂતિ માટે જ ભગવાને માનવને ઇન્દ્રિયો આપી છે; પરંતુ આપણી આ ઇન્દ્રિયો આપણને સુખનો અનુભવ કરાવે છે કે દુ:ખનો અનુભવ કરાવે છે ? આજે તો આપણી ઇન્દ્રિયો આપણા મનમાં સુખની ભ્રમણા સર્જીને આપણને દુ:ખના દરિયામાં ડુબાડી દે છે. જેના દ્વારા પરમ ફળનો અનુભવ કરવાનો છે, તેના દ્વારા આપણે લૌકિક ફળનો અનુભવ કરીએ છીએ.

દેવીઓ ! વેણુ વગાડતાં, સાથે દાઉજી મહારાજને લઈને પધારતા શ્યામજીના મધુરા સ્વરૂપનો અનુભવ કરવો, એ જ પરમ ફળ છે. આનાથી મોટું બીજું કોઈ ફળ નથી. કોઈ પૂછે કે હે ગોપીઓ! તમને આની ક્યાંથી ખબર ? તેઓ કહે છે **'વિદામ:'** - અમે શ્રુતિઓ છીએ, માટે અમને ખબર છે.

બીજી ગોપીએ કહ્યું, બહેન! આજે આપણા મોહનજીએ કેવું રૂપ ધર્યું છે ?

ચૂતપ્રવાલબર્હસ્તબકોત્પલાબ્જમાલાનુપૃક્તપરિધાનવિચિત્રવેષૌ ।
મધ્યે વિરેજતુરલં પશુપાલગોષ્ઠ્યાં રઙ્ગે યથા નટવરૌ ક્વ ચ ગાયમાનૌ।૨૧/૮।

નંદનંદને કનેરનાં ફૂલોની સાથે કાનમાં આંબાની મંજરીઓ ખોસી છે. કમળની માળા ધારણ કરી છે અને મસ્તકે મયૂરપિચ્છ ધારણ કર્યું છે. આમ, ત્રણ વસ્તુ

શીખવી છે. રૂપ, રસ અને ગંધ. આમ્રમંજરીમાં રસ છે. કમળની માળામાં ગંધ છે અને મોરના પીંછામાં રૂપ છે. આ ત્રણ વસ્તુઓ ધારણ કરીને ભગવાન સમજાવે છે કે ભક્તો ! **આલંબન** વિભાવ, **ઉદ્દીપન** વિભાવ અને **સંચારી** વિભાવ એ ત્રણે પ્રકારે હું જ તમારી પાસે આવું છું.

આ શબ્દો પારિભાષિક છે. સાહિત્યશાસ્ત્ર પ્રમાણે રસ પ્રગટ થવા માટે ત્રણ વસ્તુઓ જરૂરી છે : આલંબન એટલે જેની અંદર રસ ઉત્પન્ન થવાનો છે તે પદાર્થ. કોઈને જોઈને આપણે રડ્યાં અને રડવાથી કંઈક ભાવ આપણા અંતઃકરણમાં જાગ્યો. જે રડ્યો તે **આલંબન વિભાવ**. જેને જોઈને રડ્યાં તે **ઉદ્દીપન વિભાવ**; કારણ કે તેણે આપણને રડવા પ્રેર્યાં. રડવાની સાથે સાથે આપણામાં જે બીજા વિચારો આવ્યા તે **વ્યભિચારી ભાવ**. તેને સંચારીભાવ પણ કહેવામાં આવે છે. આલંબન અંતઃકરણ છે, આજુબાજુનું વાતાવરણ એ ઉદ્દીપન છે. એના દ્વારા અંતઃકરણનાં મુખ્ય રસની સાથે થતો બીજો અનુભવ એ સંચારી ભાવ છે.

ભક્તિરસ જાગવાનાં બે કારણ છે : **ભગવાન અને ભક્ત**. બંનેના હૃદયમાં પૂર્ણ પ્રેમ હોય, ત્યારે ભક્તિરસ છલકે છે. આ ભક્તિ જગાડનાર ભગવાનના સંતો છે, ભગવાનની કથા છે, ભગવાનની લીલા છે. તે ઉદ્દીપન કરે છે. ભક્તિરસ જાગતાં, અંતઃકરણમાં જુદા જુદા મનોરથોનો ભાવ જાગે એ સંચારી ભાવ છે. તેના પછી હાવભાવ જાગે છે. કોઈ વાર નાચવાનું કે કૂદવાનું મન થાય, કોઈ વાર જોવાનું મન થાય. એનું નામ હાવભાવ.

અહીં ભગવાન સમજાવે છે કે સખીઓ, મને જુઓ અને તમારામાં રહેલા ભક્તિરસને જાગૃત કરો. રૂપ, રસ અને ગંધ - એ ત્રણેનું દર્શન કરતાં તમારા હૃદયમાં કૃષ્ણરસ છલકવો જોઈએ. અહીં એમ સમજાવ્યું કે શ્રીઠાકોરજીનું દર્શન એવી રીતે કરો કે જેનાથી ભક્તિ વધે.

મંદિરમાં ઘણાં લોકો દર્શન કરવા જાય છે. બહેનો ચૂલા ઉપર દાળ મૂકીને મંદિરે આવે. આરતીના આંટા ગણે અને 'જય મહારાજ, જય મહારાજ' કરતી, દોડતી પાછી જાય. ઘરવાળા પૂછે કે ક્યાં ગયાં હતાં ? તેઓ કહે, દર્શન કરવા. દીકરો પૂછે, શું જોઈ આવ્યાં ? બા કહેશે, બીજું શું, આરતીના આંટા ! દર્શન કરતાં રસ જાગૃત થવો જોઈએ. શ્રવણ કરતાં ભાવ પુષ્ટ થવો જોઈએ. ત્યારે જ આપણે તેની અસરનો અનુભવ કરી શકીએ.

ગોપીજનો સમજાવે છે, સખીઓ! ગોવિંદજીના રૂપ, રસ અને ગંધથી ભરેલા સ્વરૂપનાં દર્શન કરતાં, અમારાં રોમ રોમ જાગૃત થયાં છે. હે સખી, આવા શ્યામસુંદર ગોવાળિયાઓની મંડળીમાં નાચે છે.

બીજી સખી કહે છે, બાઈ! જે નીરસ માણસો છે તે આ રસને શું સમજવાનાં છે ? તેના કરતાં ગોવિંદજી આપણી મંડળીમાં નાચતા હોય તો ? એ બતાવવા માટે આ શ્લોકમાં 'પશુપાલ' શબ્દ વાપર્યો છે. કોઈ સંગીતકાર ગધેડાની મંડળીમાં જઈને બહુ સુંદર ગાય, તો ગાનાર પણ ગધેડો કહેવાય.

ગોપીજનોની આંખો નંદનંદનના અધર ઉપર ધરેલી વેણુ ઉપર ચોંટી ગઈ. શ્યામસુંદરની મુરલી જોતાં જ તેમના હૃદયમાં પ્રેમનો ભાવ જાગૃત થયો –

ગોપ્યઃ કિમાચરદયં કુશલં સ્મ વેણુ-
ર્દામોદરાધરસુધામપિ ગોપિકાનામ્ ।
ભુઙ્ક્તે સ્વયં યદવશિષ્ટરસં હ્રદિન્યો
હૃષ્યત્ત્વચોઽશ્રુ મુમુચુસ્તરવો યથાઽઽર્યાઃ ॥૨૧/૯॥

વેણુ ગોપીજનોના હૃદયમાં શોક્યનો ભાવ પેદા કરે છે. આ ભાવ દયારામભાઈએ એક પદમાં સુંદર રીતે વર્ણવ્યો છે :

'ઓ વાંસલડી વેરણ થઈ વ્રજમાં વાગી.
તું જંગલકાષ્ઠ તણો કટકો, અલિ ! તે પર આવડો શો લટકો ?'

એક બહુ સુંદર પ્રસંગ છે. ગોવિંદજીના અધર પર રમતી વેણુને જોઈને શ્રી કિશોરીજીના મનમાં રોજ વિચાર આવે છે કે આ વેણુ ચોરાઈ જાય તો બહુ સારું. શ્રીશ્યામસુંદર તેને એક ઘડી પણ અળગી મૂકતા નથી. સખીઓની સભા ભરાઈ અને અંદરોઅંદર વિચારણા ચાલી. શ્રીકિશોરીજી પૂછવા લાગ્યાં, આ વાંસડાના ટુકડાએ એવું કયું તપ કર્યું હશે કે જેથી ગોવિંદજી ઘડીભર પણ તેને રેઢી મૂકતા નથી ? સખીઓએ કહ્યું : કિશોરીજી, એ વેણુએ કયું તપ કર્યું એની તમને કે અમને ક્યાંથી ખબર પડે ? આપણે એક કામ કરીએ. લાલાજીની મોરલી જ લઈ આવીએ.

લલિતાજીએ કહ્યું : સખી, લાલાજીનું બીજું બધું ચોરવું સહેલું છે, પણ એમની મોરલી ચોરવી અઘરી છે. શ્રીકિશોરીજીનો દૂરનો ભાઈ શ્રીદામા લાલાજીનો ખાસ મિત્ર છે. તેને લાડુ બહુ ભાવે છે. આપણે શ્રીદામાને સમજાવી દઈએ કે તને ખૂબ

લાડુ ખવડાવીશું, તું પેલી મોરલી ઉઠાવી લાવ. સંસ્કૃતમાં વેણુ શબ્દ પુલ્લિંગમાં છે, સ્ત્રીલિંગમાં નથી.

એક વાર લાલાજી પોઢ્યા હતા, ત્યારે શ્રીદામાજી લાલાજીની ભેટમાંથી બંસી સરકાવીને છુપાવીને શ્રીકિશોરીજી પાસે લઈ આવ્યા. શ્રીકિશોરીજીએ મોરલીને પૂછ્યું : *'મુરલિયા, તૂને કૌન તપ કીનો ?'* નિત્યલીલામાં બધું ચેતનમય છે, કશું જડ નથી. મોરલી પણ મહારાણી છે. શ્રીકિશોરીજી પૂછે છે – 'હે મુરલિયા, તેં એવાં તો કયાં તપ કર્યાં છે કે જેથી ત્રિલોકના નાથ શ્રીહરિ તારે અધીન બની ગયા છે ?'

મોરલી મહારાણી તેનો જવાબ આપે છે, દેવીઓ ! હું વર્ષો સુધી જળમાં ભીંજાઈ. આકાશના તાપથી તપી, સાત ઠેકાણે વીંધાઈ. આખરે મારા શ્યામસુંદરને હું ગમી. મને આ દિવ્ય ફળ કંઈ આજે ને આજે મળ્યું નથી.

મોરલી મહારાણીએ બીજું કારણ આપ્યું : મારો એક સ્વભાવ છે. મારા મોહનજીને જે ગમે એ જ બોલું છું. મેં બીજું બોલવાનું જ છોડી દીધું છે. લાલાજી કહે, હા તો હા અને ના તો ના. મારી જીભે બીજો શબ્દ જ આવતો નથી. એ સ્વર શ્યામજીના સ્વરમાં ભરેલો છે. શ્યામજીના સ્વરથી જરાય બાજુએ જતો સ્વર બેસૂરો થઈ જાય છે. આપણાં બધાંના સ્વર બેસૂરા છે. તેમાં પ્રભુની પ્રેરણા નથી, જીવબુદ્ધિની પ્રેરણા છે.

મુરલી મહારાણી કહે છે, હું તો સાક્ષાત્ સરસ્વતીનો અવતાર છું. સરસ્વતી દેવી વિચાર કરે છે કે મારા પિતાજીની દૃષ્ટિ પડવાથી હું કલંકિત બની છું. હવે મને શુદ્ધ કોણ બનાવશે ? એ સરસ્વતી દેવી વેણુનું સ્વરૂપ ધારણ કરી, વ્રજમંડળમાં પધાર્યાં છે. પુરાણાંતરોમાં એની કેટલીયે કથાઓ છે.

એક કથા એવી છે કે દેવોને ભગવાને આજ્ઞા કરી, તમે ભૂતળમાં અવતાર લો. શ્રીમહાદેવજી ધ્યાનસ્થ હતા. જ્યારે તેઓ જાગ્યા, ત્યારે તેમને ખબર પડી કે બધા દેવોએ પૃથ્વી ઉપર અવતાર લીધો છે, એકલો હું જ બાકી રહ્યો છું. તેઓ દોડતા દોડતા પ્રભુ પાસે ગયા. પ્રભુએ હસીને કહ્યું : તમારે હવે વાંસ બનીને નીચે જવું પડશે.

ગમે તે કારણ હોય, પણ વાંસળી મોહનજીને બહુ ગમે છે. બંસી મહારાણી કહે છે, દેવી સાંભળો. જેનું હૃદય કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરેથી પોલું બને છે, ત્યાં જ મોહનજીનો રસ પ્રગટ થાય છે, આપણામાં થતો નથી. પોલા વાંસડામાં જ મોહનજીનો સ્વર ગુંજે છે.

હે સખીઓ! દામોદર ભગવાનના અધરમાં રહેલો રસ, જે કેવળ ભક્તો માટે છે, તે આ મોરલીરાણી પી ગયાં. અહીં પ્રભુ માટે 'દામોદર' શબ્દ વાપર્યો છે. 'દામોદર'શબ્દથી એમ સૂચવ્યું કે શ્યામજી ભક્તોને વશ બની ગયા છે. સખી ! મોહને આપણને વશ કર્યાં અને આ મોરલીએ મોહનજીને વશ કર્યા.

બીજી સખી કહે છે : આ મોરલીબાઈનો લટકો કેવો મોટો છે તે તો જો ! એક કવિએ તેનું સુંદર વર્ણન કર્યું છે : મોરલી મહારાણી ગાદી-તકિયા પર બિરાજ્યાં છે. ત્યાં દાસીઓ પંખો કરે છે અને ચમ્મર ઢોળે છે. તેમના મસ્તક પર છત્ર છે. શ્રી ઠાકોરજીની હથેળી એ ગાદી છે અને પ્રભુના અધર એ તકિયો છે. તેને અઢેલીને મુરલી બિરાજે છે. પ્રભુજીનાં નેત્રોની પાંપણોરૂપી બે દાસીઓ મોરલી મહારાણીને પંખો કરે છે. ભગવાન મોરલી વગાડે છે, ત્યારે તેમની પાંપણો ઊંચીનીચી થાય છે. કાનનાં કુંડળોરૂપી બે દાસીઓ ચમ્મર ઢોળે છે. જ્યારે લાલાજી મોરલી બજાવે છે, ત્યારે નાકનું ગજબેસર મોતી આમતેમ ડોલે છે. તે જાણે બંસી મહારાણી ઉપરનું છત્ર છે. આવો મોટો અધિકાર જેને મળ્યો, તે બીજાં પર વર્ચસ્વ કેમ ન ભોગવે ?

એક સખી કહે છે : સખીઓ, મોરલીમાં જે અધરસુધા છે, એ અધરસુધા ગોવિંદજી આપણા તરફ મોકલે છે. પરંતુ મોરલી બહુ જ પક્ષપાતી છે. પહેલાં તે થોડું થોડું પી લે છે અને પછી જે બચે તે આપણા તરફ રવાના કરે છે. વાંસનું જંગલ મોરલી મહારાણીનું પિયર છે. વાંસ જે જળમાં પડે છે, તે તેનું સાસરું છે. શ્યામજી જ્યારે વેણુ વગાડે છે, ત્યારે જળમાં કમળ ખીલી જાય છે. વૃક્ષોમાંથી મકરંદ રસ ઝરવા લાગે છે. વૃક્ષાવલિઓ આનંદથી હર્ષાશ્રુ સારે છે. તેઓ કહે છે, જુઓ, આપણા વંશનો આ વાંસડો લાલાજીની વેણુ બની ગયો.

કેટલાક ટીકાકારોએ એવો અર્થ કર્યો કે જંગલના આ જીવોમાં પણ આ જોઈને ઈર્ષા આવી છે કે અમે રહી ગયા અને પેલી વાંસળી ફાવી ગઈ; કારણ કે આંસુ બે રીતે આવે : હર્ષનાં અશ્રુ અને દુઃખનાં અશ્રુ.

આમ, વેણુ વગાડતા વગાડતા શ્રીશ્યામસુંદર વૃંદાવનમાં પધાર્યા.

વૃંદાવનં સખિ ભુવો વિતનોતિ કીર્તિં
યદ્ દેવકીસુતપદામ્બુજલબ્ધલક્ષ્મિ ।
ગોવિન્દવેણુમનુ મત્તમયૂરનૃત્યં
પ્રેક્ષ્યાદ્રિસાન્વપરતાન્યસમસ્તસત્ત્વમ્ ॥૨૧/૧૦॥

ગા
થઈ જાવ
ધરતી ભ
ચિહ્નો ક

શ્રી
પ્રિયતમ
સાત્ત્વિક
પ્રિય છે
થાય તો
ઉત્તેજ
ઉત્તેજ
નથી,
ત્યાં ત્યાં
ધરતી
સંખ્યા
મયૂરો
છે. એ
મેઘોને

વેણુ
ઓનાં ઝૂ

ધન્યા:
આકર્ણ્ય

વીર્ય,
મૂઢ મ
પ્રકાર
કરે છે.
નંદનન્.

ગોવિંદજી વૃંદાવનમાં જ્યાં જ્યાં ચરણ ધરે છે, ત્યાં તેમનાં ચરણચિહ્નો અંકિત થઈ જાય છે. આમ તો આ શરદઋતુ છે. શરદઋતુમાં ધરતી ભેજવાળી ન હોય. ધરતી ભીની હોય તો જ ચરણચિહ્નો અંકિત થઈ જાય. તો શરદઋતુમાં એ ચરણચિહ્નો કેવી રીતે અંકિત થયાં ?

શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં બહુ સુંદર અર્થ કર્યો. જ્યાં જ્યાં આપણા પ્રિયતમ પ્રભુ પગલું ધરે છે, ત્યાં ત્યાં પૃથ્વી માતાને પસીનો આવી જાય છે. અષ્ટ સાત્ત્વિક ભાવમાં સ્વેદ–પરસેવો પણ એક ભાવ છે. પૃથ્વી માતાને પ્રભુ એટલા બધા પ્રિય છે કે પ્રિયત્વને જીરવતાં તે પસીનાથી રેબઝેબ થઈ જાય છે. બહુ ગભરામણ થાય તોય પસીનો થાય. બહુ પ્રેમ ઊભરાઈ જાય તોય પસીનો થાય. આપણી ઇન્દ્રિયો ઉત્તેજીત બની જાય, તો પણ પસીનો થાય. ભગવાનના ચરણસ્પર્શથી ધરતી માતા ઉત્તેજીત બની ગયાં છે. શરદઋતુમાં આકાશમાં વાદળો નથી, ભૂમિ પર વરસાદ નથી, છતાં ધરતી ભીની ભીની બની ગઈ છે. તેથી જ્યાં જ્યાં પ્રભુ પગલું પાડે છે, ત્યાં ત્યાં ચરણકમળનાં સોળેસોળ ચિહ્નો છપાઈ જાય છે. એ ચરણચિહ્નોથી વૃંદાવનની ધરતી સંપત્તિવાન બની છે. મોહનજીની આજુબાજુ રહેલા મોરલા હજારોની સંખ્યામાં નૃત્ય કરે છે. કેવું અદ્ભુત સુંદર દશ્ય હશે ! શ્રીગિરિરાજજીની તળેટીમાં મયૂરો અને શિખર પર વાઘ, સિંહ જેવાં પ્રાણીઓ - સૌ સાંભળવા દોડી આવ્યાં છે. એ મોરલીનો સ્વર કેવો સુંદર હશે, જેણે આખી દુનિયાને મોહવશ કરી દીધી! મેઘોને લાગે છે કે કોઈ શ્યામમેઘ આવ્યો છે.

વેણુ વગાડતા વગાડતા આપણા પ્રભુ વિશાળ મેદાનમાં પધાર્યા. ત્યાં હરણીઓનાં ઝૂંડેઝૂંડ આવ્યાં.

ધન્યા: સ્મ મૂઢમતયોઽપિ હરિણ્ય એતા યા નંદનંદનમુપાતવિચિત્રવેષમ્ ।
આકર્ણ્ય વેણુરણિતં સહકૃષ્ણસારા: પૂજાં દધુર્વિરચિતાં પ્રણયાવલોકૈ:।૨૧/૧૧।

અહીંથી લઈને છ શ્લોકો સુધી શ્રીમહાપ્રભુજીએ છ ધર્મોનું વર્ણન કર્યું છે : ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. સખીઓ હરિણીઓને અભિનંદન આપે છે કે મૂઢ મતિ એવી આ હરણીઓને પણ ધન્ય છે. તેમને પૂજા કરવાનો કોઈ શાસ્ત્રોક્ત પ્રકાર આવડતો ન હોવા છતાં તેઓ ભગવાનની પૂજા કરે છે. તેઓ એકોપચાર પૂજા કરે છે. જેને બીજા કોઈ અંગની પૂજા કરતાં ન આવડે, તે તેમની આંખોથી શ્રી નંદનંદનની પૂજા કરે છે. તેનો બેડો પાર થાય છે. આપણને પ્રશ્ન થશે કે આ હરણીઓએ

તેમની આંખોથી પૂજા કરી, તે કેવી રીતે કરી હશે ? આપણી જેટલી વાતો વાણી નથી કરી શકતી, એટલી વાતો આંખો કરે છે. દુનિયાના માણસોને શબ્દો ઉકેલતાં આવડે છે પણ આંખોની ભાષા ઉકેલતાં નથી આવડતું એ સારું છે. જો આંખોની ભાષા આપણે ઉકેલતાં થઈએ, તો તેમાં પણ ભાષાનો ઝઘડો શરૂ થઈ જાય. આંખોની ભાષા એ જ ઉકેલી શકે, જે સામેનાના અંતરમાં ઊતરેલો છે.

હરણીઓ આજે નંદનંદનને જોઈને, આંખોમાં પ્રેમ ભરીને ઊભી છે. તેઓ નિ:સાધન હોઈ, તેમણે પોતાનું આખું હૃદય એમનાં નયનકમળમાં ઠાલવી દીધું છે.

એક વિચારકે બહુ સુંદર કહ્યું કે 'માનવ, તારી આંખો એ તારા મનનું પ્રતિબિંબ છે, તારા હૃદયનું દર્શન અને જ્ઞાનની પ્રતિમા છે.' ફેસરીડિંગ કરનારા માણસો મોઢા કરતાં પણ આંખો જોઈને વધારે કહી શકે છે. તેમની વાત મોટાભાગે સાચી પડતી હોય છે. ક્રોધી માણસોની આંખો, ચિંતાતુર માણસોની આંખો, લોભાતુર માણસોની આંખો, કામાતુર માણસોની આંખો જુદી જ પડે છે. માણસનું આખું વ્યક્તિત્વ એની આંખોમાં આવીને બેસી જાય છે.

અંતરનો ભાવ ઊમટીને હરણીઓની આંખોમાં આવીને ઊભો છે. ટગરટગર આંખે તેઓ ગોવિંદજીનું દર્શન કરે છે. હરણીઓના પ્રેમપૂર્વકનાં અવલોકન સામે શ્યામજીએ હરણીઓ તરફ દયાપૂર્વક દૃષ્ટિ કરી. ગોવિંદજીએ હરણીઓની આંખો દ્વારા થયેલા પ્રેમનું દાન પોતાનાં નેત્રોથી સ્વીકાર્યું. હે સખીઓ! આનાથી મોટું શ્યામસુંદરનું બીજું કયું ઐશ્વર્ય હોય ?

બીજી સખીએ કહ્યું : જુઓ તો ખરાં, આકાશમંડળમાં દેવાંગનાઓ આવ્યાં છે. વહાલાજીની વેણુ સાંભળતાં દેવાંગનાઓના વાળ છૂટી જાય છે અને વસ્ત્રો ઢીલાં થઈ જાય છે. આનું રહસ્ય શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે તેમનાં બંને બંધનો છૂટે છે : એક આ-લોકનાં અને બીજાં પરલોકનાં. આ દેવાંગનાઓ તમામ બંધનોમાંથી મુક્ત થઈ અમૃતરસમાં વહેતાં મુગ્ધ થઈ ગયાં છે.

ગાવશ્ચ કૃષ્ણમુખનિર્ગતવેણુગીત
પીયૂષમુત્તભિતકર્ણપુટૈ: પિબન્ત્ય: ।
શાવા: સ્નુતસ્તનપય: કવલા: સ્મ તસ્થુ-
ર્ગોવિન્દમાત્મનિ દૃશાશ્રુકલા: સ્પૃશન્ત્ય: ।।૨૧/૧૩।।

ગાયો વાછરડાંને લઈને ઊભી છે. વાછરડાં માતાનું દૂધ ચૂસી રહ્યાં છે. મોહનજીની મોરલી વાગતાં જેનું મોઢું જ્યાં હતું, ત્યાં જ ચોંટી ગયું. નથી કોળિયો અંદર જતો કે નથી બહાર આવતો. તેઓ ચિત્રની જેમ સ્થિર બની ગયાં. જાણે કાનરૂપી પડિયાથી ગાયો મોહનજીની મુરલીનો રસ પી રહી છે. તે રસપાનથી અંતરમાં આનંદવિભોર થઈ ગઈ છે. આ દશા ગાયોની છે, આ દશા વૃંદાવનની અને દેવાંગનાઓની પણ છે. ઈશ્વરે આપણને માનવ બનાવ્યાં છે, તો આપણી શી દશા થાય ? જે માનવને ધબકતું હૃદય આપ્યું છે, બુદ્ધિ આપી છે, હર્ષ વ્યક્ત કરવા માટે રોમાંચ આપ્યાં છે; એ માનવ મોરલી-શ્રવણથી કેટલો મુગ્ધ થતો હશે ?

પ્રાયો બતામ્બ વિહગા મુનયો વનેઽસ્મિન્
કૃષ્ણેક્ષિતં તદુદિતં કલવેણુગીતમ્ ।
આરુહ્ય યે દ્રુમભુજાન્ રુચિરપ્રવાલાન્
શૃણ્વન્ત્યમીલિતદશો વિગતાન્યવાચઃ ॥૨૧/૧૪॥

આટલી વાતો ચાલતી હતી, ત્યાં યશોદામા પધાર્યાં. માટે શ્રી શુકદેવજીએ આ શ્લોકમાં **'અમ્બ'** શબ્દનો પ્રયોગ કર્યો છે. અત્યાર સુધીના બધા શ્લોકો શ્રુતિરૂપા ગોપીઓએ કહ્યા છે. આ એક જ શ્લોક ઋષિરૂપા ગોપી બોલ્યાં છે.

હે મા! કોઈ વાર તમે તમારા શ્યામસુંદરની વેણુ સાંભળી છે ? માતાજી કહે છે, બાઈ! એ વળી મને સંભળાવતો હશે ? જ્યારે જગતનું મોહન કરવાનું હોય છે, ત્યારે મોહન મોરલી વગાડે છે. સખીઓ કહે છે, મા! આ વૃક્ષો ઉપર બેઠેલાં બધાં પંખીઓ અમારે મન પૂર્વજન્મના ઋષિમુનિઓ છે. તેઓ આંખો બંધ કરી, કાન એકાગ્ર રાખી, જીભથી ખાવાનું છોડી, એકધ્યાનથી વેણુ સાંભળે છે. મૂક પશુ-પક્ષીઓની આ દશા છે, ત્યારે એ વેણુ સાંભળતાં અમે પણ જીવન નથી જીવી શકતાં. શ્યામજીની વેણુએ માત્ર ચેતન ઉપર જ નહીં; જડ ઉપર પણ કરામત કરી છે.

ગોવિંદજી વેણુ વગાડતા યમુનાકિનારે ગયા, ત્યાં યમુનાજીનાં નીર થંભી ગયાં.

નદ્યસ્તદા તદુપધાર્ય મુકુન્દગીત-
માવર્તલક્ષિતમનોભવભગ્નવેગાઃ ।
આલિંગનસ્થગિતમૂર્મિભુજૈર્મુરારે-
ર્ગૃહ્ણન્તિ પાદયુગલં કમલોપહારાઃ ॥૨૧/૧૫॥

નદીઓને બે કિનારા સતાવે છે. તે વિચારે છે, અમને બે કિનારા ન આપ્યા હોત તો કેટલું સારું ? તો અમે ઝટપટ આપનાં ચરણારવિંદમાં દોડી આવ્યાં હોત. ગોપિકાઓ કહે છે, દેવીઓ! તમારી જેમ અમને પણ બે કિનારા રોકે છે. એક પિયરનો કિનારો અને બીજો સાસરીનો કિનારો. અમારે ગોવિંદજીના માર્ગે જવું તો છે; પરંતુ માથા ઉપર સંસારની જવાબદારીઓનો બોજો પડ્યો છે. ગોપીઓ આજે નદીને જોતી જાય છે અને તેમની હાલત ઉપર રડતી જાય છે. સંસારમાં રહેવા છતાં પણ જો મન ગોવિંદજીને સોંપ્યું હશે, તો વાંધો આવશે નહિ.

જેમ કમળ કાદવમાં ખરડાતું નથી, તેમ સ્થિતપ્રજ્ઞની પ્રજ્ઞા સંસારમાં ચોંટતી નથી, એવું ગીતાજીમાં ભગવાને કહ્યું છે. ભગવાને ક્યારેય એવું નથી કહ્યું કે તમે તમારી કૌટુંબિક ફરજો છોડીને ભગવાનની પાછળ દોડો. સાંસારિક જવાબદારીઓ અદા કરતાં કરતાં પણ આપણે આપણી બુદ્ધિમાં, પ્રત્યેક ક્રિયામાં ભગવાનને પધરાવીને બધાં કાર્યો કરી શકીએ છીએ. જો આ રીતે રહેવામાં આવે, તો ગમે ત્યાં હોઈશું તો પણ ભગવાન આપણાથી દૂર નહિ રહે. ઘણી બહેનો એવી જોવા મળે છે કે પતિને મોડું થતું હોય, દીકરાને નિશાળે જવાનું હોય, છતાં તેમની દરકાર કર્યા વિના મંદિરે જવા ઊપડી જાય. આવી રીતે કોઈ પણ ઠેકાણે જવાનું આપણને ધર્મ કે ધર્માચાર્યો કહેતા નથી.

બીજી સખીએ કહ્યું : બેન, જો, નભના મેઘોએ ગોવિંદજી ઉપર છત્ર ધર્યું છે-

દૃષ્ટ્વાઽઽતપે વ્રજપશૂન્ સહરામગોપૈઃ
સંચારયન્તમનુ વેણુમુદીરયન્તમ્ ।
પ્રેમપ્રવૃદ્ધ ઉદિતઃ કુસુમાવલીભિઃ
સખ્યુર્વ્યધાત્ સ્વવપુષામ્બુદ આતપત્રમ્ ॥૨૧/૧૬॥

મેઘ ઝરમર ફોરાં વરસાવે છે અને ધરતીને ભીંજવે છે. આવા શીતળ-મધુર વાતાવરણમાં વેણુ વગાડતા મોહનજી ગિરિરાજબાવાની કંદરામાં પધાર્યા. તેમનાં ચરણારવિંદનું કુમકુમ શ્રીગિરિરાજજીની શિલા ઉપર લાગ્યું હતું. ત્યાં વસતી ભીલડીઓ તે કુમકુમનો લેપ પોતાનાં અંગો ઉપર કરે છે. આ ભીલ સ્ત્રીઓ-પુલિંદીઓ પણ આજે પૂર્ણ દેખાય છે.

શ્યામસુંદર જ્યારે જ્યારે વેણુ વગાડે છે, ત્યારે જડ ચેતન બને છે અને ચેતન જડ બને છે. મનવાળાનું મન ઊડી જાય છે અને મન વગરનાને મન મળે છે.

અસ્પન્દનં ગતિમતાં પુલકસ્ત્રુણાં
નિર્યોગપાશકૃતલક્ષણયોર્વિચિત્રમ્ ॥૨૧/૧૯॥

આવી મધુરી વેણુ સાંભળતાં સાંભળતાં વ્રજભક્તો તન્મય થઈ ગયાં છે. આ વેણુના શ્રવણની વ્રજાંગનાઓને તેમના સ્વરૂપનું ઉદ્‌બોધન થયું. શ્રીમહાપ્રભુજીએ વેણુગીત ઉપર એક કારિકા લખી. વૃંદાવનમાં પ્રવેશ અને વેણુવાદન એ વ્રજભક્તોનાં સ્વરૂપને જગાડનારું છે. અત્યાર સુધી આ ગોપીજનો ઘરમાં, કુટુંબમાં, સગાં-વહાલાંમાં ખોવાઈ ગયાં હતાં. વેણુ વગાડીને શ્રીમોરલીમનોહરે તેમને જગાડ્યાં. દેવીઓ તમે કોણ છો ? કોનાં છો ? તમે ઘરનાં નહિ, પતિનાં નહિ, કુટુંબનાં નહિ, તમે જગતનાં નહિ; પણ માત્ર મારાં છો.

ભગવાને વેણુગીત દ્વારા ગોપીજનોમાં મમત્વનું સ્થાપન ને સ્વરૂપનું ઉદ્‌બોધન કર્યું. હે જીવ! તું જરાક તો વિચાર કર, તું કોણ છે ? શું તું શરીર કે ઇન્દ્રિય છે? તું મન છે કે બુદ્ધિ છે ? ના. તું મારો અંશ છે. વ્રજભક્તોને ભગવાને ક્ષણ વારમાં બતાવ્યું કે તમે કોણ છો, તમારે શું કરવાનું છે અને શું કરવાથી તમને પરમાનંદની પ્રાપ્તિ થશે. આપણે ‘હું કોણ છું ?’ એટલું સમજી લઈએ, તો પણ બસ છે.

શ્રીહરિરાયજીએ શ્રીનાથજીબાવા પાસે કબુલાત કરી કે મહારાજ, હું માત્ર તમારો છું, હું બીજા કોઈનો નથી. તું માત્ર મારો જ છે. **‘તદીયતા’** અને **‘મદીયતા’**નું ભાન જ્યારે જીવને જાગે છે, ત્યારે તેને પોતાના સ્વરૂપનું અનુસંધાન આવે છે. જ્ઞાન-માર્ગમાં થતું સ્વરૂપનું અનુસંધાન અને ભક્તિમાર્ગમાં થતું સ્વરૂપનું અનુસંધાન બે જુદી જુદી બાબતો છે. જ્ઞાનીને એવો ભાવ જાગે છે કે હું ચૈતન્ય-સ્વરૂપ છું, પરમાનંદ-સ્વરૂપ છું. જ્ઞાનમાર્ગમાં તદીયતા અને મદીયતાનું ભાન થતું નથી. ભક્તિમાર્ગમાં સ્વરૂપનું ભાન થતાં તદીયતા અને મદીયતાનું ભાન થાય છે.

આજે ગોપીજનોને પોતાનું સ્વરૂપ સમજાયું, ત્યારથી ભગવાનમાં તેમની આસક્તિ ઑર વધી ગઈ છે. પ્રમેય આ પ્રકરણનો છેલ્લો અધ્યાય છે. ગોપીજનોમાં પોતાના માટે પરમ આસક્તિ જગાડવા ભગવાને વેણુ વગાડી છે. વેણુગીત દ્વારા ભગવાને શ્રુતિરૂપા ગોપીઓનો ઉદ્ધાર કર્યો.

હવે, ભગવાન ઋષિરૂપા ગોપીઓના ઉદ્ધારની લીલા કરે છે.

◆

પ્રકરણ ૩૧

કાત્યાયની વ્રત અને ચીરહરણલીલા

હેમન્તે પ્રથમે માસિ નન્દવ્રજકુમારિકા: ।
ચેરુર્હવિષ્યં ભુંજાના: કાત્યાયન્યર્ચનવ્રતમ્ ॥૨૨/૧॥

ગોપમાસના બે મહિના કડકડતી ઠંડીના. કુમારિકાઓમાં કોઈ પાંચ વર્ષની છે, તો કોઈ સાત વર્ષની છે. કોઈ ચાર વર્ષની પણ છે. એવી આ નાની નાની બાલિકાઓ છે. બંગાળથી આવેલી ગોપકન્યાઓ છે. તેમણે જન્મથી વ્રત લીધું છે કે પરણીએ તો શ્યામસુંદરને, નહીં તો આજીવન કુંવારાં રહીશું. તેમને ભય છે કે નંદબાવા અને યશોદામા બીજા કોઈની સાથે અમારું લગ્ન કરાવી દેશે તો ? તેથી તેઓ કાત્યાયની દેવીના શરણે ગયાં.

‘કાત્યાયની’ શબ્દના **ચાર અર્થ** શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા છે : શરીરભાવ છોડાવનારી ભગવાનની જે તમોગુણી શક્તિ છે, એનું નામ કાત્યાયની. જ્યાં સુધી શરીરભાવ ન છૂટે, ત્યાં સુધી શ્યામરસ ટકવાનો નથી. બીજા શબ્દોમાં કહીએ, તો શરીરને ***તનુનવત્વ આપનારી શક્તિ*** તે કાત્યાયની.

શ્રીમહાપ્રભુજીએ **બીજો અર્થ** કર્યો : કાત્યાયનીના રૂપમાં ***સાક્ષાત્ મોહનજી*** જ સાડી-ચોળી-ચણિયો ધરીને બેઠા છે. એમના આશીર્વાદ વિના એમની પ્રાપ્તિ બીજું કોણ કરાવી શકે?

કાત્યાયનીનો **ત્રીજો અર્થ** કર્યો : ***યોગમાયા.*** જે ભગવાનની બહેન થઈને પૃથ્વી ઉપર આવી હતી. નાની નાની કુમારિકાઓ વિચાર કરે છે કે અમારે શ્યામજીને પરણવું છે; પરંતુ કહેવાય કેવી રીતે કે એમને મોહનજી મળે. તેમણે વિચાર કર્યો કે મોહનજીની બહેનનાં આપણે બહેનપણી બનીશું, તો તેઓ આપણી વાત એમના ભાઈ સુધી પહોંચાડશે; માટે કાત્યાયની એ યોગમાયાનું સ્વરૂપ છે.

શ્રીમહાપ્રભુજીએ **ચોથો અર્થ** કર્યો : ***શ્રીયમુનાજી,*** સાક્ષાત્ કૃપાશક્તિનું સ્વરૂપ, પ્રભુનો સંયોગ કરાવનારી દિવ્ય શક્તિ. જ્યારે શ્રીકિશોરીજી અને શ્રીઠાકોરજી વચ્ચે ઝઘડો થયો, ત્યારે શ્રીયમુનાજીએ તેમનો સંયોગ કરાવ્યો હતો અને ઝઘડો મિટાવ્યો હતો. તે વખતે શ્રીઠાકોરજીએ પ્રસન્ન થઈને તેના શિરપાવરૂપે તેમને પોતાનાં મોર-મુકુટ-કાછનીના શૃંગારનું દાન કર્યું. માટે આપણે શ્રીયમુનાજીને સાડી-ચોળીને બદલે

આ શૃંગારમાં જોઈએ છીએ. *શ્રીયમુનાજી તનુનવત્વ આપનારાં* છે અને શ્રી ઠાકોરજી સાથે સંયોગ કરાવનારાં પણ છે.

'તનુનત્વ' શબ્દ વિચારવા જેવો છે. મર્યા પછી નવું દિવ્ય શરીર મળે, તે નવશરીર. જીવતાં જીવતાં અદ્‌ભુત અલૌકિક શરીરની પ્રાપ્તિ થાય, તે તનુનવત્વ. યોગની ભાષામાં જેને **કાયાકલ્પ** કહેવામાં આવે છે, તેને ભક્તિમાર્ગની ભાષામાં તનુનવત્વ કહેવામાં આવે છે.

આવું તનુનવત્વ મીરાંબાઈને મળેલ છે. મીરાંબાઈનો ભૌતિક દેહ પાછળ રહ્યો નથી, તે શ્રીદ્વારકાધીશમાં સમાઈ ગયાં છે. શ્રીગુસાંઈજીને આવું તનુનવત્વ મળ્યું હતું. શ્રીગુસાંઈજી ગિરિરાજજીની કંદરામાં સદેહે પધારી ગયા, પાછા બહાર પધાર્યા નહિ. શ્રીમહાપ્રભુજીએ આસુર-વ્યામોહ લીલા કરી, ત્યારે એક તેજનો પુંજ આકાશમાં ગયો, તે સાથે જ શ્રીમહાપ્રભુજી સદેહે નિત્યલીલામાં પધારી ગયા. શ્રીચૈતન્ય મહાપ્રભુને પણ આવું તનુનવત્વ સાંપડ્યું હતું. તેઓ શ્રીજગન્નાથજીમાં સમાઈ ગયા.

સારસ્વતકલ્પની વ્રજલીલાનો વિચાર કરો. કોઈ ગ્રંથમાં એવું કહેવામાં આવ્યું છે કે નંદરાયજી અને યશોદાજીનું અવસાન થયું ? વસુદેવ અને દેવકીના પ્રાણ ગયાની વાત આવે છે, પરંતુ નંદ-યશોદાના પ્રાણ ગયા, એવું ક્યાંય નથી આવતું. ગોપીજનોના મૃત્યુની વાત ક્યાંય વાંચવામાં આવી છે ? કારણ કે તેમને તનુનવત્વ છે. તનુનવત્વ હોવાથી તે વ્યક્તિ દેખાય પણ ખરી અને અદશ્ય પણ થઈ જાય. તેનામાં એવી અદ્‌ભુત શક્તિ રહેલી છે.

કાત્યાયની દેવીનું વ્રત કરતાં પહેલે મહિને ગોપબાલિકાઓ એક મંત્ર બોલે છે-

કાત્યાયનિ મહામાયે મહાયોગિન્યધીશ્વરી ।
નન્દગોપસુતં દેવિ પતિં મે કુરુ તે નમઃ ॥
ઈતિ મંત્રં જપન્ત્યસ્તાઃ પૂજાં ચક્રુઃ કુમારિકાઃ ॥૨૨/૪॥

છાપેલા પુસ્તકમાં **'મહામાયે'** શબ્દ છે. શ્રીમહાપ્રભુજીએ જે પાઠ સ્વીકાર્યો છે, તેમાં **'મહાભાગે'** શબ્દ છે. શ્રીમહાપ્રભુજીએ આ આખો શ્લોક યોગમાયાના અર્થમાં ઘટાવ્યો છે. ગોપાંગનાઓ કહે છે, હે કાત્યાયની! અમે તમારું યજન-ભજન કરીએ છીએ; કારણ કે તમે 'મહાભાગ' છો. તમને ભગવાનનાં બહેન બનવાનું મોટું ભાગ્ય મળ્યું છે. માટે હે દેવી! તમારા ભાઈ સાથે અમારાં લગ્ન કરાવી આપો.

કાત્યાયની દેવી હસે છે, દેવીઓ! હું તો બહેન છું; પરંતુ તેથી હું જે કહીશ, તે બધું મારો ભાઈ માની જશે ? હું વધુમાં વધુ એટલું કરું કે તમને મારા ભાઈ પાસે લઈ જઉં. તમને એની પસંદગીના બજારમાં ઊભાં કરું. પછી એ તમને જોઈને કાળી, ગોરી, લાંબી, ટૂંકી એવા વાંધા પાડે; તો તેમાં મારો કોઈ દોષ નથી.

જવાબમાં ગોપીઓ કહે છે, હે દેવી ! તમે મહાયોગિની છો. તમારા ભાઈને યોગ્ય સંસ્કાર, રૂપ-ગુણ અમારામાં ન હોય, તો તમે તમારી યોગશક્તિથી અમારાં રૂપ-ગુણ, સંસ્કાર બદલી શકો છો. તમારા ભાઈને યોગ્ય અમને બનાવી શકો છો.

શ્રીયમુનાજીમાં ખરેખર આ સામર્થ્ય છે. જે જીવ ભગવાનને યોગ્ય નથી, તેને ભગવાનને યોગ્ય બનાવે છે.

કાત્યાયની દેવી કહે છે, દેવીઓ! માની લઉં કે તમે બહુ ગુણિયલ અને સુંદર છો; પણ એથી શી ખાતરી કે મારો ભાઈ તમને પસંદ કરશે ? કારણ કે *રાજાને ગમી તે રાણી, તે છાણાં વીણતી આણી.*

ગોપિકાઓ જવાબ આપે છે : હે દેવી, તમે અધીશ્વરી છો. અમે જાણીએ છીએ કે તમારા ભાઈ ઉપર તમારી ઘણી સત્તા ચાલે છે. તમે કહેશો કે આ ભાભી મને ગમે છે, તો તમારા ભાઈ ના નહિ પાડે.

કાત્યાયની દેવી પૂછે છે, સખીઓ! આ જન્મમાં જે કૃષ્ણ બન્યો છે, તે કોઈ જન્મમાં નૃસિંહ હતો, વામન હતો, મત્સ્ય હતો. બોલો, આ બધાંમાંથી તમને તેનું કયું રૂપ ગમે છે ?

ગોપીઓ કહે છે, અમને નંદનો પુત્ર ગમે છે. અમારે નૃસિંહ, વામન, વરાહ, મત્સ્યની જરૂર નથી. અમારા પતિ તરીકે નંદબાવાનો પુત્ર જ અમારે જોઈએ છે.

કાત્યાયની દેવી હસે છે, દેવીઓ! પછી હું તમારી નણંદ થવાની. તમે મારાં ભાભી થવાનાં. બોલો, ભાભી બનીને નણંદને શું આપશો ? વરકન્યા પરણીને આવે ત્યારે નાની બહેન ઘરના મુખ્ય દરવાજે દ્વાર રોકીને ઊભી રહે છે. ભાઈની પાસે દાપુ માગે છે. તે ભાઈને કહે છે, મને દાપુ આપો; પછી તમને ઘરમાં જવા દઈશ. આ બધી વ્રજાંગનાઓ કહે છે : હે દેવી, અમારી પાસે તમને આપવા માટે નમસ્કાર સિવાય બીજું કાંઈ નથી. બે હાથ અને ત્રીજું માથું અમે આપને આપીએ છીએ. હે યોગિની! તમે અમને જે અલૌકિક દાન કરવાનાં છો, એના બદલામાં આપવાલાયક

કંઈ પણ માનવી પાસે છે ખરું ? આપણને ઈશ્વર મળે, તો તેનો બદલો કોઈ બીજી વસ્તુથી ચૂકવી શકાય ? બે હાથ અને ત્રીજા માથા સિવાય આપણે બીજું કાંઈ આપી શકતાં નથી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જીવ ભગવાનને નમન જ કરવા શક્તિમાન છે. તેનો એટલો જ અધિકાર છે. તેથી વધુ બીજું કંઈ તે કરી શકતો નથી.

ગોપીજનો એવું કહેવા માગે છે કે હે સખી! જીવનમાં એવા કેટલાક ઉપકારો છે કે જેનો બદલો માણસ મરીને પણ નથી આપી શકતો. કરોડો જન્મો ધારણ કરીને પણ નથી ચૂકવી શકતો.

ગોપકુમારિકાઓએ ઉપરના મંત્રનો જપ બે મહિના સુધી કર્યો. જપની પૂર્ણાહુતિનો પ્રસંગ આવ્યો. છેલ્લે દિવસે ગોવિંદજી કદંબના ઝાડ પર ચઢી ગયા. ગોપકુમારિકાઓએ સ્નાન કરવા વસ્ત્રો કાઢીને ઝાડ પર લટકાવેલાં. એ બધાં વસ્ત્રો લઈને ગોવિંદજી છૂમંતર થઈ ગયા. નદીમાંથી બહાર આવતાં સખીઓને નવાઈ લાગી કે આપણાં વસ્ત્રો ક્યાં ગયાં ? ત્યાં તો લાલાજીએ ઉપરથી કહ્યું :

અત્રાગત્ય સ્વવાસાંસિ પ્રતીચ્છન્તુ શુચિસ્મિતા: ॥૨૨/૧૬॥
તતો જલાશયાત્ સર્વા દારિકા: શીતવેપિતા: ।૨૨/૧૭॥

અત્યાર સુધી તમે મારા પરોક્ષ રૂપ પાછળ ફરતાં હતાં. આજે તમે પ્રત્યક્ષ રૂપે સામે આવ્યાં છો, માટે તમે અહીં આવીને તમારાં વસ્ત્રો લઈ જાઓ.

કદાચ ગોપીજનો પૂછે કે મહારાજ, અમારાં કપડાં કેમ ચોર્યાં ? ભગવાન કહેવા માગે છે કે આજ સુધી તમે અબળા હતાં, તમને સબળા બનાવવા માટે મેં તમારાં વસ્ત્રો ચોર્યાં છે. હવે હું તમને જે વસ્ત્રો આપીશ, તે ધારણ કરતાં તમારામાં અભૂતપૂર્વ તેજ આવશે. તમને જે કપડાં ગમે, તે મારી પાસેથી લઈ જાઓ. તમારા હૃદયમાં જે ભાવ હોય, એવાં કપડાં લઈ જાઓ.

'સ્વંસ્વમ્' બે વાર કહીને સૂચવ્યું કે શરણાગતિ અને સમર્પણના બે ભાવવાળાં વસ્ત્રો લઈ જાઓ. **બીજો અર્થ** કર્યો કે પૂર્વજન્મમાં તમે ઋષિઓ હતાં, એ ભાવ અને અત્યારે સ્ત્રીરૂપમાં જાગેલો ભાવ—એ બંને ભાવ મારી પાસે આવીને પરિપૂર્ણ કરો.

આપણને વિચાર થાય કે ભગવાન શ્યામસુંદરે આવી સાદીસીધી ગભરુ બાલિકાઓનાં વસ્ત્રો શા માટે ચોરી લીધાં ? આમાં બહુ મોટું રહસ્ય છુપાયેલું છે. આ લીલાનો અર્થ વિદ્વાનોએ બહુ સુંદર સમજાવ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ તેનું અર્થઘટન કર્યું કે શરીરની અંદર રહેલો જે લૌકિક ભાવ હતો, તે ભગવાને લઈ લીધો અને નવાં વસ્ત્રો આપીને અલૌકિક તત્ત્વનું દાન કર્યું છે. અર્થાત્ તનુનવત્વનું દાન કર્યું. તેને **'અચ્યુતભાવ'** પણ કહેવામાં આવે છે. અત્યાર સુધી શરીરની સીમા ભૌતિક ભોગ ભોગવવા પૂરતી મર્યાદિત હતી. ભગવાને તેમને એવું શરીર આપ્યું કે તેના દ્વારા તેઓ અસીમ અલૌકિક ભોગ ભોગવી શક્યાં. આપણી ઇન્દ્રિયોની એક સીમા છે. ભગવાને આ ગોપીજનોને એવાં વસ્ત્રો આપ્યાં છે કે જેની કોઈ સીમા નથી. તે અચ્યુતભાવથી ભરેલાં છે. અચ્યુત એવા ભગવાનનો અનુભવ સીમિત એવા ભૌતિક શરીરથી કેવી રીતે થાય ?

મહાત્માઓએ **બીજો અર્થ** કર્યો કે ઠાકોરજીને રોકવા માટે વચમાં બે શક્તિ આવે છે : એક **વિક્ષેપ શક્તિ** અને બીજી **આવરણ શક્તિ**. વિક્ષેપ અને આવરણ એ માયાની બે શક્તિઓ છે. આ શક્તિઓ જ્યાં સુધી હોય છે, ત્યાં સુધી પ્રભુનો અનુભવ થતો નથી. ભગવાને ચીરહરણ કરી, વસ્ત્રમાં રહેલું આવરણ દૂર કર્યું. આપણે મંદિરમાં દર્શન કરવા જઈએ છીએ, ત્યારે ટેરો હોય છે. બહુ વાર ટેરો ન ખૂલે, તો આપણને અકળામણ થાય છે. જ્યાં સુધી ટેરો છે, ત્યાં સુધી શ્રીઠાકોરજીનાં દર્શન થતાં નથી. એવી રીતે જીવ અને ઈશની વચ્ચે એક ટેરો છે. આ ટેરો ભગવાને લઈ લીધો, એટલે **'તૂ મેરો મૈં તેરો'** એવા ભાવ જાગે છે. ભગવાને વચમાંથી આવરણ દૂર કર્યું છે. તે સાથે બુદ્ધિમાં પડેલ અજ્ઞાન અને અનંત જન્મોની વાસના પણ વસ્ત્રહરણ કરીને દૂર કર્યાં છે. તેમને દિવ્ય અલૌકિક ભાવનું દાન કર્યું છે.

ગોપાંગનાઓ શ્યામસુંદરને વિનંતી કરે છે, અમારાં કપડાં પાછાં આપો –

શ્યામસુંદર તે દાસ્ય: કરવામ તવોદિતમ્ ।
દેહિ વાસાંસિ ધર્મજ્ઞ નો ચેદ્ રાજ્ઞે બ્રુવામહે ॥૨૨/૧૫॥

ત્રણ પ્રકારની ગોપીઓ છે : સાત્ત્વિક, રાજસ અને તામસ. સાત્ત્વિક બોલી, 'શ્યામસુંદર તે દાસ્ય:' – મહારાજ, અમે તમારી દાસીઓ છીએ, અમારાં કપડાં પાછાં આપો. રજોગુણી બોલી, 'દેહિ વાસાંસિ ધર્મજ્ઞ' – હે ધર્મને જાણનારા, તમે આવો અધર્મ કરો છો, તે તમને શોભે છે ? અમારાં કપડાં પાછાં આપો. આ તો બોલીને રહી ગઈ. પરંતુ તમોગુણી ગોપી તો લડવા જ તૈયાર થઈ, 'દેહિ વાસાંસિ નો ચેદ્ રાજ્ઞે બ્રુવામહે' – છાનામાના કપડાં આપો છો કે નહિ ? નહિ તો જઈને અમે નંદરાયજીને તમારી ફરિયાદ કરીશું.

ભગવાન કહે છે, નથી આપતો, જાઓ. ગોપીઓએ કહ્યું, અમે તમારા બાવાને ફરિયાદ કરીશું. નંદલાલ કહે છે : મેં તને ક્યાં રોકી છે ? જા, કહી આવ. પેલી ગોપી વસ્ત્રો પહેર્યા વિના કહેવા પણ જાય કેવી રીતે ? તમોગુણી ગોપીને તો પ્રભુજી કશો જવાબ આપતા નથી.

ભગવાન રજોગુણીને કહે છે, બાઈ ! તું જ્યારે ઘરબાર છોડીને આવીશ, ત્યારે હું તને કહીશ કે દેવી, તારો પતિ રોગી, અંધ, મૂર્ખ જેવો હોય તેવો, પણ તે પતિની તું સેવા કર. મારી ધર્મજ્ઞ પદવી હું ત્યાં તને બતાવીશ. આજે હું માત્ર સત્ત્વગુણીને જવાબ આપીશ.

ભવત્યો યદિ મે દાસ્યો મયાક્તં વા કરિષ્યથ ।
અત્રાગત્ય સ્વવાસાંસિ પ્રતીચ્છન્તુ શુચિસ્મિતાઃ ॥૨૨/૧૬॥

અરી સખીઓ, તમે જો મારી દાસીઓ હો, તો હું કહું તેમ કરો. આમ કહીને ભગવાન આજે પોતાના ઈશ્વરત્વનું દર્શન કરાવવા માગે છે. ગોપીઓને સમજાવવા માગે છે કે દેવીઓ! ઈશ્વર તો માનવજીવનમાં ચારે બાજુ ઓતપ્રોત થયેલો છે. તેનાથી કોઈ પડદો નથી. તેનાથી તમે જેટલું આવરણ રાખશો, એટલાં કરોડો માઇલ દૂર રહેશો. મારાથી જુદું કંઈ નથી, છૂપું કંઈ નથી. મારાથી અંદર કંઈ નથી, મારાથી બહાર કંઈ નથી. ભગવાને કહ્યું : સખીઓ, બહાર આવી સૂર્ય નારાયણને બે હાથ અને ત્રીજું માથું જોડો. એનું કારણ એ છે કે મસ્તકમાં જ્ઞાનશક્તિ અને હાથમાં ક્રિયાશક્તિ છે. એ બંને શક્તિને એક બનાવી આજે હું તમને જે અલૌકિક દાન આપું છું તેને ધારણ કરો. બંનેને એક બનાવ્યા વગર તમે સાચી વસ્તુ સમજશો નહિ.

ગોપિકાઓ જળમાંથી બહાર આવી, હાથ જોડી ઊભી રહી. ભગવાને તેમનાં વસ્ત્રો આપ્યાં. રાસની રાત્રિઓનું નમૂનારૂપ દર્શન કરાવ્યું.

ન મય્યાવેશિતધિયાં કામઃ કામાય કલ્પતે ।
ભર્જિતા ક્વથિતા ધાના પ્રાયો બીજાય નેષ્યતે ॥૨૨/૨૬॥

જેમણે મારામાં ભાવ રાખ્યો છે, તે ભાવ તેમને કદી પણ કલંકિત નહીં કરે. દુનિયામાં મૂકેલો ભાવ માનવીને કલંકિત કરે છે, કૃષ્ણમાં મૂકેલો ભાવ માનવીને નિષ્કલંક બનાવે છે. ચાહે એ ભાવ કામનો હોય, લોભનો હોય કે રાગનો હોય.

ભગવાને ગોપિકાઓનાં ચીર હર્યાં, પણ હજી આપણાં ચીર હરાયાં નથી.

આપણે અનેક પોટલાંમાં બંધાયાં છીએ. આપણી આ બધી ગ્રંથિઓ કોણ જાણે કેટલા જન્મે છૂટશે ?

હવે ભગવાનની બીજી લીલા શ્રી શુકદેવજી રાજા પરીક્ષિતને આ અધ્યાયના ૨૮ થી ૩૮ શ્લોકોમાં કહી રહ્યા છે.

ભગવાને ગોપબાળકોને વૃક્ષોના માધ્યમથી ઉપદેશ આપ્યો. જેવી રીતે વૃક્ષો પરોપકાર કરે છે, એવી રીતે માનવે પણ તેના જીવનમાં પરોપકારી બનવું જોઈએ. અહીં ભગવાને વ્રજવાસીઓનું લૌકિક સુધાર્યું છે.

હવે પછી યજ્ઞપત્નીઓના પ્રસંગમાં ભગવાન વ્રજવાસીઓનું વૈદિક સુધારે છે. ભગવાને બતાવ્યું છે કે યજ્ઞનો ભોક્તા પણ હું છું અને યજ્ઞનો કર્તા પણ હું છું.

■

પ્રકરણ ૩૨

યજ્ઞપત્નીઓનો પ્રસંગ

વિપ્ર-પત્નીઓ શ્યામજીમાં આસક્ત છે, પણ એમના પતિઓ જડ છે. તેઓ માત્ર 'સ્વાહા, સ્વાહા' જપ કર્યા કરે છે. ભગવાને ગોપબાળકોને કહ્યું : તેમની પાસે જઈને ભાતની માગણી કરજો અને કહેજો કે રામ અને શ્યામને ભૂખ લાગી છે. ગોપબાળકો દોડતા દોડતા વિપ્ર-પત્નીઓ પાસે ગયા. ત્યાં તેમને પહેલાં ભૂદેવો મળ્યા. બાળકોએ તેમને કહ્યું : હે ભૂદેવો! અમારા લાલાજીને ભૂખ લાગી છે. 'ઓદનમ્' એટલે ભાત આપો. બ્રાહ્મણોને વિચાર થયો કે હા પાડીએ તોયે દુ:ખ અને ના પાડીએ તોયે દુ:ખ. ના પાડીએ તો મેથીપાક ખાવો પડે. ગોવિંદજી કોઈને છોડે એવા નથી. બ્રાહ્મણો હા કે ના કશું બોલ્યા નહીં.

ક્ષુદ્રાશા ભૂરિકર્માણો બાલિશા વૃદ્ધમાનિન: ||૨૩/૯||

આ બ્રાહ્મણો ક્ષુદ્ર, કર્મજડ હતા. ભગવાન એમને સમજાવવા માગતા હતા કે ભૂદેવો! તમે કર્મની જડતા છોડશો, તો જ તમને ધર્મનું સાચું તત્ત્વ સમજાશે. હું ફલાત્મક ફલરૂપ તમને મળું, પછી કર્મની જડતા જરૂરી ખરી ? સિદ્ધિ મળ્યા પછી સાધનનું મહત્ત્વ કેટલું ? કોઈ માણસ રૂમમાં આવ્યા પછી સીડીને છાતીએ વળગાડીને ફરે, તો તે મૂર્ખ જ કહેવાય. જપ કરતાં કરતાં ભગવાન પ્રગટ થઈ જાય, છતાં આપણે ભગવાનને કહીએ કે મારે તમારી જરૂર નથી, મારા જપ હજી પૂરા થયા નથી. સિદ્ધિ મળ્યા પછી સાધન ગૌણ બની જાય છે. કર્મનું ફળ મળ્યા પછી કેવળ જડતાથી કરવામાં આવતાં કર્મોમાં કોઈ આનંદ મળતો નથી.

ગોપબાળકો ભગવાન પાસે પાછાં આવ્યાં. ભગવાને કહ્યું, મિત્રો ! એમ કરો કે પેલી બ્રાહ્મણીઓ પાસે જઈને કહો કે શ્યામજીને ભૂખ લાગી છે, ભાત આપો. ગોવાળિયા દોડતા દોડતા બ્રાહ્મણીઓ પાસે આવ્યા.

નમો વો વિપ્રપત્નીભ્યો નિબોધત વચાંસિ ન: ।
ઈતોડવિદૂરે ચરતા કૃષ્ણેનેહેષિતા વયમ્ ||૨૩/૧૬||

બ્રાહ્મણીઓ ભક્ત હતી, માટે વ્રજવાસીઓએ તેમને નમસ્કાર કર્યા. તેમણે 'સ્વાહા, સ્વાહા' કરનારા બ્રાહ્મણોને વંદન કર્યા નહિ. વ્રજવાસીઓએ કહ્યું : દેવીઓ, અમારા લાલાજીને ભૂખ લાગી છે. બ્રાહ્મણીઓએ કહ્યું, તો ઉઠાવો આ ભોજનનાં

પોટલાં. આ બધું અન્ન પ્રભુ માટે તો છે. ભગવાન વૈશ્વાનર અગ્નિ બની પ્રાણીમાત્રના ઉદરમાં બિરાજમાન છે. ભગવાને ગીતામાં કહ્યું : 'અગ્નિમાં હું વૈશ્વાનર છું.' જો સાક્ષાત્ ભગવાન આરોગવાના હોય, તો અગ્નિમાં તે હોમી દેવાથી શો ફાયદો ?

ભગવાને જાગૃત ધર્મ શીખવ્યો છે. બ્રાહ્મણીઓએ ચારેય પ્રકારનાં અન્ન લીધાં. ચોસ્ય, લેહ્ય, પેય અને ખાદ્ય. તેઓ ચારે પ્રકારનું ભોજન લઈને ભગવાનની દિશામાં દોડ્યા. તેમણે એવું નથી કર્યું કે પહેલાં છ કેળાં પોતાના દીકરા માટે રાખી, બાકીનાં છ કેળાં ઠાકોરજીને ધર્યાં. જેટલું હતું તેટલું બધું લઈ દોડ્યા. પોતે ખાય અને પછી ગોવિંદજીને ખવડાવે, એ તો 'સામિભુક્ત' બને. તે ભોજન અર્ધભુક્ત બની જાય.

ત્યારે શ્રીશ્યામસુંદર અશોકવાટિકાના દ્વાર પર ઊભા ઊભા, શ્રીહસ્તમાં કમળ ઉછાળતા હતા. બ્રાહ્મણીઓએ ચતુર્વિધ ભોજન પ્રભુનાં ચરણારવિંદમાં ધરી દીધાં. ભગવાને આશીર્વાદ આપતાં કહ્યું, સખી, ભૂખ્યાને ભોજન આપવું, એનાથી મોટો ધર્મ મેં વિશ્વમાં જોયો નથી. તૃપ્તાને ખવડાવવા કરતાં ભૂખ્યાને ભોજન કરાવવું એ મોટો ધર્મ છે. તમે યજ્ઞ-સંસ્કૃતિનું સાચું તત્ત્વ સમજ્યાં છો. જેના દ્વારા જીવન પવિત્ર બને, જેના દ્વારા બીજાના જીવનની સુરક્ષા થતી હોય, જેના દ્વારા આપણો આત્મા ઉન્નત બનતો હોય, એવું કાર્ય કરવું એ જ યજ્ઞ-સંસ્કૃતિ છે.

યજ્ઞ-સંસ્કૃતિએ શીખવ્યું કે આપણે જે કંઈ કરીએ, તેનો ઉદ્દેશ માત્ર પરમાત્મા હોય. આપણા જીવનની તમામ આહૂતિ એને લક્ષ્યમાં રાખીને થતી હોય, તો તે જીવન યજ્ઞરૂપ બને છે. બાકી માત્ર અગ્નિ સળગાવવાથી જીવન યજ્ઞરૂપ બનતું નથી. આ વાત ભગવાને ભાગવતજીમાં શીખવી.

ભગવાને બધાં જ વ્રજવાસી બાળકોને સુંદર ભોજન કરાવ્યું. પછી પ્રભુજીએ બ્રાહ્મણીઓને કહ્યું : દેવીઓ ! તમે ઘેર પાછાં જાઓ. બ્રાહ્મણીઓ બોલી, મહારાજ! અમારા કર્મજડ પતિઓ દંડા લઈને અમારી પાછળ પડ્યા છે. અમે એમનો અનાદર કરીને આવ્યાં છીએ. ભગવાન કહે છે, તમે એની ફિકર ન કરશો. તમે મને તૃપ્ત કર્યો છે એટલે આપોઆપ એમની બુદ્ધિ સુધરી જશે. ભગવાને સ્ત્રી-સમાજને એમ સમજાવ્યું કે તમારા પતિદેવ નાસ્તિક હોય, તો ભગવાનને થોડું થોડું આરોગાવતાં જાઓ અથવા તો ભગવાનનું પ્રસાદી અન્ન થોડું થોડું એમના ભોજનમાં મૂકતાં જાઓ. તે ખાવાથી તેઓ આપોઆપ આસ્તિક બની જશે. જીવનનાં વેરઝેર ભુલાઈ જશે. ખવડાવવા પાછળની તમારી ભાવનાનો જ હમેશાં વિચાર કરજો.

આંગણે આવેલા ભિખારીને 'બિચારો' કહી, હડધૂત કરતાં રોટલો આપ્યો. આમ કરીને આપણે તેને વધારે ભિખારી બનાવ્યો, સાથે સાથે આપણે આપણી જાતને મોટી બતાવી. અન્ન, વસ્ત્ર કે સંપત્તિનું દાન આપીને આપણે તેને પાંગળો નથી બનાવવો. આપણે આપણી ભાવનાને પોષવાની છે. અન્નદાન કરતી વખતે મનમાં એવો વિચાર કરવો જોઈએ કે સાક્ષાત્ ભગવાન પધાર્યા છે, તેમને હું જમાડી રહ્યો છું. આવો ભાવ આવે, તો જમનાર પામર નથી અને જમાડનાર મોટાં નથી.

આજે માનવતાનાં ઘણાં કામો થાય છે. 'આ ગરીબ લોકો છે' એમ સમજીને એમને લાચાર બનાવવાં હોય, તો આ માનવતાનાં કામો બંધ કરાવી દેવા જેવાં છે. થોડા વખત પહેલાં પંચમહાલના આદિવાસી વિસ્તારમાં મારે જવાનું થયેલું. ત્યાં ઘણાં લોકોએ ભાખરીદાન કર્યું, તેથી ત્યાંના લોકોને વગર મહેનતના ભાખરીના ટુકડા ખાવાની ટેવ પડી. જ્યારે જ્યારે ભાખરીદાન વહેંચાતું, ત્યારે તેઓ ત્યાં દોડી આવે. એવા એક કાયમના ટેવાયેલા ભાઈ ખાવા આવ્યા. તેમણે એક પછી એક પચીસ જેટલા રોટલા પોતાના કપડામાં સંતાડી દીધા. હું ઊભી ઊભી જોયા કરું. મને વિચાર થયો કે આ માણસને આપણે કેટલો બગાડી નાખ્યો છે ! તે શ્રમનું મહત્ત્વ ભૂલ્યો, પોતાનું ગૌરવ ભૂલ્યો અને કૂતરાની માફક મફતમાં મળેલા રોટલાને છાનોમાનો સંતાડી દે છે. તે દિવસથી મને વિચાર આવ્યો કે માણસને પામર બનાવી દેનારી આવી પ્રવૃત્તિ કરવી નહિ. ખરેખર આપણે મદદ કરતી વખતે એવો ભાવ રાખવો કે મારી સામે પરમાત્મા પધાર્યા છે, તે પરમાત્માની હું સેવા કરું છું.

ભગવાન બ્રાહ્મણીઓને કહે છે, દેવીઓ ! તમે નિર્ભય બનીને પાછાં જાઓ. તમે સાચા દિલથી બધાંને ખવડાવ્યું છે. તમારા પતિઓ તમારો સત્કાર કરશે.

ડરતી ડરતી બ્રાહ્મણીઓ પાછી ગઈ. બ્રાહ્મણોએ તેમનું સ્વાગત કર્યું.

અહો પશ્યત નારીણામપિ કૃષ્ણે જગદ્ગુરૌ ।
દુરન્તભાવં યોઽવિધ્યન્મૃત્યુપાશાન્ ગુહાભિધાન્ ॥૨૩/૪૧॥

બ્રાહ્મણો કહે છે, જગદ્ગુરુ શ્યામસુંદરમાં આ બ્રાહ્મણીઓની કેટલી નિષ્ઠા છે! બ્રાહ્મણોની કર્મનિષ્ઠા છૂટી, તેમનામાં ધર્મનિષ્ઠા જાગૃત થઈ. તેમણે ભગવાન શ્રીકૃષ્ણનો જયજયકાર કર્યો.

હવે ૨૪ મા અધ્યાયમાં શ્રી શુકદેવજી મહારાજ ગોવર્ધનલીલાનો પ્રસંગ કહેશે.

◆

પ્રકરણ ૩૩

ગોવર્ધનલીલા

ગોવર્ધનલીલાના પ્રસંગનો સમય આજથી પાંચ હજાર વર્ષ પહેલાંનો છે. તે સમયમાં શ્રીગિરિરાજજીની તળેટીને અડકીને જ શ્રીયમુનાજી વહેતાં હતાં. આજે તો શ્રીયમુનાજી બહુ દૂર ગયાં છે. આસો માસ છે, ઇન્દ્રયજ્ઞની તૈયારીઓ કરવા દોડાદોડી થઈ રહી છે. ગોવિંદજી સાત વર્ષના છે. તેમને વિચાર આવ્યો કે આટલી બધી દોડાદોડી શાની થાય છે ?

ભગવાનપિ તત્રૈવ બલદેવેન સંયુત: ।
અપશ્યન્નિવસન્ ગોપાનિન્દ્રયાગકૃતોદ્યમાન ॥૨૪/૧॥

પ્રભુજી વિચાર કરે છે : જ્યાં મારાં કથા-કીર્તન-શ્રવણ નામના ધર્મો પ્રવર્તિત છે, ત્યાં પણ એ ભક્તને બીજે કોઈ ઠેકાણે જવાની ઇચ્છા થતી નથી. જ્યારે અહીં તો હું સાક્ષાત્ હોવા છતાં મારા વ્રજમાં ઇન્દ્ર ક્યાંથી આવ્યો ? એક વાર હાથીની સવારી કર્યા પછી તે માણસ ગધેડાની સવારી કરવા જાય, તો સૌને વિચાર થાય. સમર્થ પ્રભુનો આશ્રય લીધા પછી અંધશ્રદ્ધા રાખી અથવા ગાંડપણ કરી નાનાંનાનાં દેવી-દેવતાઓની પૂજા કરવા જાય, ત્યારે ભગવાનને એ ધર્મમાં કંઈક વાંધો દેખાય છે. ઈશ્વર તો એક જ છે, એ કંઈ ૧૦-૧૫ નથી. બીજી બધી ઈશ્વરની વિભૂતિઓ છે.

ભગવાન કહે છે, 'હે મનુષ્ય ! તું મારી વિભૂતિઓ સાથે દ્વેષ ન કરીશ; પરંતુ જુદાં જુદાં સકામ કર્મો દ્વારા એ વિભૂતિઓ સાથે તારું મન પણ ન જોડીશ. કારણ કે તારા મનની સકામ વૃત્તિ તને પામર બનાવશે. હું કૃષ્ણ–ઈશ્વર હોવા છતાં મારા વ્રજવાસીઓના મનમાંથી હજી પણ સકામ ભાવના ગઈ નથી.

ભગવાને વિચાર કર્યો, આ બાબતોમાં હું કોને પૂછું ? પહેલાં તેઓ યશોદામા પાસે ગયા. તેમણે માને પૂછ્યું : આજે આટલી બધી રસોઈ કોના માટે બની રહી છે ? મા કહે છે : મને ખબર નથી, તું તારા પિતાને પૂછ. નંદનંદન નંદબાવા પાસે ગયા. તેમની ગોદમાં બિરાજ્યા.

તેમણે કહ્યું : પિતાજી, કહો તો ખરા, આ બધું શું થાય છે ? નંદબાવાને એટલું બધું કામ છે કે તેઓ જવાબ આપતા નથી. તેમણે નંદબાવાની દાઢી ખેંચી. પિતાજી કહો તો ખરા, આ બધું કોને માટે છે ? શ્યામજીના મનમાં આશ્ચર્ય થાય છે.

આ ગોવર્ધનલીલા આપણને ઘણું શીખવે છે. ગોવર્ધનલીલામાં **પહેલો સિદ્ધાંત** શીખવ્યો કે 'હે મનુષ્ય ! તું અનન્યતાથી મારું સેવન અને ભજન કર. તારા યોગક્ષેમની ચિંતા તું કરીશ નહિ. તે મારા માટે રહેવા દેજે.'

ગોવર્ધનલીલામાં ભગવાને **બીજો સિદ્ધાંત** એ શીખવ્યો કે 'હે મનુષ્ય ! તું બધું છોડીને મારા શરણે આવી જા.' ભગવાને શરણાગતિ શીખવી. ગીતાજીનાં ઘણાં સૂત્રો ગોવર્ધનલીલામાં ચરિતાર્થ થયાં છે. ગીતાજીનું ભાષ્ય જ શ્રીમદ્ ભાગવત છે. અર્જુનને વારંવાર શ્રીકૃષ્ણ કહેતા હતા કે તું વિશ્વાસ રાખ. ગીતાજીમાં યજ્ઞ-સંસ્કૃતિનું વર્ણન છે. આ ગોવર્ધનલીલા એ પણ જબરજસ્ત યજ્ઞ છે. ભગવાને વ્રજવાસીઓને શીખવ્યું કે પરંપરાથી ચાલ્યો આવતો ધર્મ કદાચ અંધશ્રદ્ધાવાળો હોય, તો તેને તોડીને ફેંકી દો, એમાં કોઈ વાંધો નહિ. તમે જાગૃત થાઓ. તમારી બુદ્ધિને કસો. જેમાં તમે સમજીને ઊંડા ઊતરો, એ જ કરો. અત્યાર સુધી ઇન્દ્રયજ્ઞ ચાલતો હતો તો ભલે ચાલ્યો, પરંતુ જેની પાસે બુદ્ધિ છે તે શું કામ ચલાવે ?

શ્રીજગદ્ગુરુએ ગોવર્ધનલીલામાં ક્રાંતિનું બહુ મોટું દર્શન કરાવ્યું છે, આશ્રયનું દર્શન કરાવ્યું છે, શરણાગતિનું દર્શન કરાવ્યું છે અને યજ્ઞનું પણ દર્શન કરાવ્યું છે. તે ઉપરાંત, હું જ યજ્ઞભોક્તા અને હું જ યજ્ઞકર્મા છું, એનું પણ દર્શન કરાવેલ છે. ભગવાને કહ્યું કે તમારી સામે જે જીવતાં-જાગતાં દેખાય છે, તેમને ભગવાન માનીને ચાલો. તેમને ભોજન કરાવી તૃપ્ત કરશો, તો ભગવાન પણ તૃપ્ત થશે.

નંદબાવા સમજાવે છે, લાલા –

પર્જન્યો ભગવાનિન્દ્રો મેઘાસ્તસ્યાત્મમૂર્તય: ।
તેઽભિવર્ષન્તિ ભૂતાનાં પ્રીણનં જીવનં પય: ॥૨૪/૮॥

વાદળરૂપે ઇન્દ્ર વરસે છે. તેના વરસવાથી ધરતી તૃપ્ત થાય છે. લીલું લીલું ઘાસ ઊગે છે. ગાયો તે ખાય છે. તેને કારણે ગાયો તને અને મને દૂધ આપે છે.

પ્રભુજી હસીને કહે છે, બાવા ! હું તો એક જ વાત માનું છું કે –

કર્મણા જાયતે જન્તુ: કર્મણૈવ વિલીયતે ।
સુખં દુ:ખં ભયં ક્ષેમં કર્મણૈવાભિપદ્યતે ॥૨૪/૧૩॥

માણસ જેવું કર્મ કરે છે, એવું ફળ પામે છે. બદલો ભલા-બૂરાનો અહીંનો અહીં મળે છે. માણસ કોઈનું સારું કરે છે તો તેનું સારું થાય છે. આપણે કોઈનું બૂરું કરીશું,

તો આપણું બૂરું થશે. ગયા જન્મમાં તેં કોઈને ખાવાનું આપ્યું હશે, તો આ જન્મમાં તારા માટે રસોઈ તૈયાર રાખશે. આ જન્મમાં તું ભૂખ્યો છે, તો સમજી લેજે કે ગયા જન્મમાં તેં લોકોને ભૂખે માર્યા છે. આવતો જન્મ સુધારવો હોય, તો બીજાંને ખવડાવવા માંડ.

પ્રભુજી સમજાવે છે, બાવા ! ખાલી ખાલી અગ્નિમાં હોમવાને બદલે કોઈના પેટમાં હોમીએ તો શું ખોટું ? આપણા નસીબમાં હશે, તો ગમે ત્યાંથી મળશે. નસીબમાં નહિ હોય તો યજ્ઞ પણ શું કરશે ?

એક ભાઈને ડાયાબિટિસ થયો. પછી હાર્ટઍટેક આવ્યો. તેમની પાસે કરોડોની સંપત્તિ છે. ઘીના ગાડવા અને ખાંડની બોરીઓ ભરેલી છે. ડૉક્ટરોએ કહી દીધું કે તમારાથી ઘી અને ખાંડ ખવાય નહિ. ભાજી અને રોટલો ખાઓ. ગયા જન્મમાં કોઈને ખવડાવ્યું હોય, તો આ જન્મમાં ખાય ને ? માટે ભગવાન કહે છે, તારી આ ભરેલી કોઠીઓ ભૂખ્યા માટે મૂકી દે, જેથી આવતા જન્મે તને ડાયાબિટિસ અને હાર્ટઍટેક ન થાય. તું પેટ ભરીને જમી શકીશ. જેના નસીબમાં જે લખેલું છે, તે કોઈ ઝૂંટવી શકતું નથી.

મને સ્વામી વિવેકાનંદનું એક ઉદાહરણ યાદ આવે છે. એક વાર સ્વામીજી યાત્રા કરતા હતા. સાથે એક ગૃહસ્થ માણસ હતા. તેમની પાસે આખું ટિફિન ભરેલું હતું. એક ઠેકાણે ગાડી ત્રણ કલાક રોકાઈ. ગૃહસ્થ માણસ સ્વામીજીની મશ્કરી કરે છે, બાવાજી ! ભગવાં પહેરીને નીકળ્યા છો, બપોરે શું ખાશો ? સ્વામીજી કહે, ભગવાને દરેકનું ભોજન તૈયાર રાખેલું છે. એને ચિંતા, મારે શી ચિંતા ! હું તો એનું નામ જપીશ. એને જીવન સોંપીને નીકળ્યો છું. બાળકની ચિંતા પિતાને છે, બાળકને નથી. પેલો ગૃહસ્થ હસે છે, મહારાજ ! તમારા જેવા ઘણા સાધુઓ આમ નીકળે છે.

સ્વામીજી શાંત રહ્યા. કશો જવાબ ન આપ્યો. બપોર પછી ગાડી રોકાઈ. બંને જણ પ્લેટફૉર્મ પર ઊતર્યા. એક પાટલી ઉપર સ્વામીજી બેઠા અને બીજી પાટલી ઉપર ગૃહસ્થ બેઠા. ગૃહસ્થ મસ્તીથી સ્વામીજી સામે જોતો જાય અને ટિફિન ખોલતો જાય. ટિફિન ખોલીને પાણી લેવા ગયા. ત્યાં એક કૂતરો દોડતો આવ્યો અને ટિફિનનાં ખાનાંમાં મોં નાખીને તેણે ચાલતી પકડી. બીજી બાજુ સ્ટેશન માસ્તરની પત્ની ભગવાનનું નામ લઈને બેઠેલા તેજસ્વી સાધુને જોઈને તેમના માટે ભોજન લઈ આવી. તે દિવસે તેના દીકરાનો જન્મદિવસ હતો. મિષ્ટાન્ન બનાવેલું. તે આખી થાળી ભરીને

સ્વામીજી માટે લાવી. ગૃહસ્થ છતે ટિફિને મોંઢું ફાડીને બેઠેલ અને સ્વામીજી માટે અનાયાસ થાળી આવી. સ્વામીજીએ હસતાં હસતાં કહ્યું : દરેક દાણા ઉપર ખાનારનું નામ લખ્યું જ છે. હું તમારા જેવો સંકુચિત નહીં થઈ શકું. આવો આપણે બંને સાથે મળીને ખાઈએ. હું તમારી જેમ એકલપેટો નથી; કારણ કે હું આવતા જન્મનું ભાથું તૈયાર કરું છું. સ્વામીજીએ પેલાને જોડે બેસાડીને જમાડ્યો.

નંદનંદન કહે છે, બાવા ! હું તો આટલી જ સંસ્કૃતિ અને સંસ્કાર સમજ્યો છું. જેટલું તમારી પાસે છે તે વહેંચીને ખાઓ અને બીજાને ખવડાવીને ખાઓ. કદાચ ભૂખ્યા રહેવું પડે તો રહો. ભારતીય સંસ્કૃતિ તો એમ કહે છે કે એક ટાણું ભલે ભૂખ્યા રહી જાઓ, પણ તમારા આંગણે આવેલા કોઈ અતિથિને ભૂખ્યો ન રાખશો. ખાઓ અને ખવડાવો એ તો મધ્યમ સંસ્કૃતિ છે; પરંતુ બીજાને ખવડાવ્યા પછી બચ્યું હોય, તો તમે ખાઓ એ ઉત્તમ સંસ્કૃતિ છે.

ગોવિંદજીએ કહ્યું : આ ઇન્દ્રયજ્ઞની વાત છોડો, ગોવર્ધન યજ્ઞની તૈયારી કરો. જ્યારથી કૃષ્ણજીએ દૃષ્ટિ બદલી છે, ત્યારથી વ્રજવાસીઓના આનંદનો પાર નથી.

મોહનજી કહે છે, મિત્રો તમારા માટે હું મોટી દુકાન ખોલીને બેસું છું, માટે દિવાળીના પાંચ દિવસ પહેલાં આપણા ત્યાં હટડીનાં દર્શન થાય છે. હટડી એટલે હાટ–દુકાન. ઠાકોરજીએ દુકાન ખોલી. સુંદર સુંદર વસ્તુઓ મૂકી. ઠાકોરજીની દુકાનમાં શું મળે ? ભાવ મળે, ભક્તિ મળે, જ્ઞાન મળે, વૈરાગ્ય મળે. આ દુકાનમાં શું આપીને શું લઈ જાઓ ? આ દુકાનમાં ભાવ નામનું મૂલ્ય આપો, તો જોઈએ તે વસ્તુ મળે.

બરાબર અમાસની રાત આવી. શ્યામજી કહે છે, બાવા ! આવતી કાલે ગિરિરાજબાવાનો યજ્ઞ છે. ગિરિરાજજીને ભોગ લગાવ્યા પછી સૌ બ્રાહ્મણો, ગાયો, વ્રજવાસીઓને જમવાનું આમંત્રણ આપો. ગાયોને નંદબાવા આમંત્રણ આપે છે. દિવાળીના દિવસે મંદિરમાં સાંજે કાન જગાવવાનાં દર્શન થાય છે - *'કાન જગાવન ચલે રી કન્હાઈ.'* એટલે કે ગાયોને કાનમાં આમંત્રણ આપવું. ભગવાન કહે છે, જેને જમાડવાં હોય તેમને સત્કારપૂર્વક સન્માન આપજો અને આદરપૂર્વક જમાડજો. તો જ જમાડનાર અને જમનાર બંનેને આનંદ થશે. સૌને ભગવાનનો પ્રસાદ જમાડજો.

બીજા દિવસે કારતક સુદ એકમનો દિવસ આવ્યો. વ્રજવાસીઓએ ધજા-પતાકાથી વ્રજને શણગાર્યું છે. શ્રીગોવર્ધનની પૂજા કરવા આખું વ્રજવાસી મંડળ

ઊપડ્યું છે. ભગવાન એમ સમજાવે છે કે જેને જમાડવો હોય એની પહેલી પૂજા કરાવો. ગિરિરાજજીને ભોગ ધરતાં પહેલાં પૂજા કરો. ગોવર્ધનપૂજા કરવા ગોવિંદજી નીકળ્યા છે. તેમણે શ્વેત જરીનાં વસ્ત્રો, શ્વેત જરીની કુલેહ અને મોટો મોરપિચ્છનો જોડ ધારણ કર્યો છે. આજે તેમણે ગોકર્ણ પણ ધારણ કર્યા છે. સૌ શ્રીકૃષ્ણનો જય જયકાર કરે છે. ગિરિરાજબાવાની તળેટીમાં ગાગરો ભરીભરીને દૂધ પહોંચ્યું છે. *'માનસીગંગા જલ નવાયકે, પાછે દૂધ ધોરીકો ન્હાવે.'*

શ્રીશ્યામસુંદર સોનાની મોટી ઝારીમાં માનસીગંગાનું જળ લઈ શ્રીગિરિરાજને સ્નાન' કરાવે છે. ત્યાર બાદ દૂધના મોટા કળશો ભરીને સ્નાન કરાવે છે. શ્રીશ્યામસુંદર સમજાવે છે કે જેમાં પ્રેમ ભર્યો હોય, જીવનનો સત્ત્વગુણ ભર્યો હોય, એ ભક્તિ રૂપી દૂધથી સ્નાન કરાવો. દૂધમાં પોષણ કરવાની શક્તિ છે. એવી રીતે ભાવમાં જીવનનું પોષણ કરવાની શક્તિ છે. દૂધ સફેદ છે, તેવી રીતે જેના ભાવ સફેદ હોય, તેના ભાવથી શ્રીગિરિરાજધરણ સ્નાન કરે છે.

શ્યામજી કહે છે : બાવા, અત્યાર સુધી પેલો ઇન્દ્ર મફતનો ખાઈ ગયો. હવે તમને એવા દેવનાં દર્શન કરાવીશ, જે હજારો હસ્ત ધારણ કરીને તમારી સામે ભોજન કરે.

વ્રજવાસીઓના આનંદનો પર નથી. એમણે ગિરિરાજબાવાની ઝલક કરી. પછી શ્યામજીએ આજ્ઞા કરી : જેટલી સામગ્રીઓ લાવ્યા છો, તે બધી અહીં તળેટીમાં સજાવી દો. મોટો અન્નનો કોટ બને. કોટ એટલે કિલ્લો. પ્રભુજીએ આજ્ઞા કરી કે કાલની ચિંતા કરશો નહીં, બધું જ આજે ધરી દો. કાલની ચિંતા કરે એ કાળનો કોળિયો બને. આજે બધું ભગવાનને સોંપે તે કૃષ્ણનાં ચરણારવિંદમાં જાય. સામગ્રીઓ દ્વારા ગિરિરાજજીનું શિખર ઢંકાઈ ગયું. તે વખતે શ્રીગિરિરાજજીનું શિખર એટલું ઊંચુ હતું કે ઉપર ચઢો, તો ત્યાંથી મથુરા નગરી દેખાય. આજે તો ગિરિરાજજી બહુ નાના અને નીચા થઈ ગયા છે.

સખડીના ઢગમાં ચાર બાજુ ચાર અને વચમાં એક શિખર પધરાવ્યું. કેસરનાં છાંટણાં છાંટ્યાં. તુલસીની માળા ધરાવી. સુંદર સામગ્રીઓ સાજી. પરંતુ હજી શ્રીગિરિરાજબાવા આરોગવા પધાર્યા નથી. શ્યામજી કહે છે : બાવા, આ પર્વતના દેવ શ્રીગિરિરાજજીને વિનંતી કરો કે 'મહારાજ, આરોગવા પધારો.' લાલાજી કહે છે, બાવા ! એમ કહો કે મારા કૃષ્ણની કાનિથી આરોગવા પધારો. એ મારો દોસ્ત

છે. મારી સિફારસથી જરૂર આવશે. એમ કહેતાંની સાથે જ પર્વતમાંથી હજારો હસ્તધારી સાક્ષાત્ શ્રીગિરિરાજજી પ્રગટ થયા.

શૈલોઽસ્મીતિ બ્રુવન્ ભૂરિ બલિમાદદ્ બૃહદ્વપુઃ ॥૨૪/૩૫॥

શ્રીગિરિરાજબાવા પ્રગટ થયા છે, પરંતુ હજી આરોગતા નથી. શ્રીશ્યામસુંદર કહે છે : બાવા, ભોગ ધરતાં ધરતાં કોઈક એક ભાગ બાકી રહી ગયો લાગે છે.

પદસાહિત્યમાં તેનો પ્રસંગ છે. બદરોલા નામની એક બહુ જ વૃદ્ધા ગોપી હતી. તેની પાસે દહીં-ભાતની હાંડી રહી ગયેલી. પ્રભુજી કહે છે, મારા નિમિત્તે તમે જે સિદ્ધ કર્યું હોય તે મને નહિ આપો ત્યાં સુધી તમારું કર્મ અધૂરું છે. શ્રીગિરિરાજ બાવાએ લાંબો શ્રીહસ્ત કરી, બદરોલા પાસેથી દહીં-ભાતની હાંડી લઈ લીધી. પ્રભુને માટે કરેલો સંકલ્પ પ્રભુ જ પૂરો કરે છે. જીવનું સામર્થ્ય નથી કે તે તેના તમામ સંકલ્પો પૂરા કરી શકે. પ્રભુએ બદરોલા ઉપર ખૂબ કૃપા કરી.

શ્યામજી કહે છે, બાવા, મારો દેવ તમારાથી શરમાય છે. એક વ્રજવાસીએ પૂછ્યું, તારો દેવ આ બધું ખાઈ જશે, તો પછી અમારા માટે શું રહેશે ? ભગવાને હસતાં હસતાં કહ્યું કે મારો દેવ ખાય ત્યારે ખૂટતું નથી, પણ વધે છે. એનો સ્વભાવ છે કે તે જેનું જેનું આરોગે છે, એનું દશગણું કરીને આપે છે. જે દિવસે ઠાકોરજી પ્રેમથી આરોગ્યા હોય, તે દિવસે દશ માણસની રસોઈમાં પચાસ માણસ જમી શકે. આ અનુભવગમ્ય છે.

શ્યામજી કહે છે : બાવા, ગિરિરાજજીને એકાંતમાં ભોગ આરોગવા દો. ત્યાં સુધી આપણે પ્રદક્ષિણા કરીએ. શ્રીગિરિરાજજીની પાંચકોસી, સાતકોસી અને નવકોસી પરિક્રમા થાય છે.

મૈં તો ગોવર્ધનકો જાઉં મેરી બીર, નાહીં માને મેરો મનુવા.
સાત કોસકી દે પરકમ્મા, માનસીગંગા ન્હાઉં મેરી બીર,
નાહીં માને મેરો મનુવા.

આપણે પણ શ્રીનંદનંદન સાથે ગિરિરાજબાવાની પરિક્રમા કરીએ. ગિરિરાજ બાવાની તળેટીમાં દંડવતી શિલા છે. પરિક્રમાના પ્રારંભે ત્યાં આપણે ગિરિરાજ બાવાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. સામે શ્રીસુંદરશિલાનાં બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. ગુરુ અને ભગવાનની પ્રેરણા અને આજ્ઞા વિના કરવામાં આવતું

તમામ કાર્ય અધૂરું રહે છે. શ્વેત વસ્ત્રો ધારણ કરી, શ્રીવલ્લભ ત્યાં બિરાજે છે. આપણે તેમને દંડવત્ કરી, આજ્ઞા માગીએ. તેઓ આપણને પ્રેમથી નવ કોસની પરિક્રમા કરવા આજ્ઞા આપે છે.

હવે આપણે પરિક્રમા માટે પ્રસ્થાન કરીએ છીએ. આપણી યાત્રા ગોવર્ધન પહોંચી. ત્યાં દાનઘાટીનાં દર્શન કર્યાં. મોરમુકુટ-કાછની ધારણ કરી, શ્રીનંદલાલ દાન લેવા ઊભા છે. તેઓ સખામંડળીને કહી રહ્યા છે, મિત્રો ! આ નાગરીઓ આવી તો છે, પણ તેઓ દાન આપ્યા વિના પાછાં ન જાય, એનું ધ્યાન રાખજો. *'ગોવર્ધનકે સિખર પે, મોહનજી ટેરે, નાગરી દાન દે.'* શ્રીઠાકોરજીને આજે આપણે દાનમાં શું આપીશું ? તમે કહેશો, અમે મોટા ઘરનાં છીએ. શ્રીઠાકોરજી જે માગશે તે આપીશું! શ્રીઠાકોરજી કહે છે, મારી પાસે લેવાનું જેટલું સામર્થ્ય છે, તેટલું આપવાનું સામર્થ્ય તારામાં છે ? ભગવાન આપણી પાસે દ્રવ્યનું દાન માગતા નથી, ભગવાન દિલનું દાન માગે છે. યાત્રા કરતાં આપણું દિલ પ્રભુને આપી દીધું તો તે યાત્રા સાચી. નહીં તો તે યાત્રા વિષયોની માત્રા વધારનારી થાય છે. હે શ્યામસુંદર ! આજે તમારાં ચરણારવિંદમાં અમારા જીવનનું દાન આપ્યું. એ જીવન તમને સોંપ્યું. તેઓ આંખો નચાવીને કહી રહ્યા છે કે મારું દાન લાવો. ત્યાંથી આપણે આગળ જઈએ.

આપણી યાત્રા હવે રાધાકૃષ્ણ કુંડ પહોંચી છે. ત્યાં એક બાજુ રાધાકુંડ અને બીજી બાજુ કૃષ્ણકુંડ છે. બંનેનું જળ એકબીજામાં જાય. એક વાર રાધાજી અને શ્યામજીની વચ્ચે આ સ્થળમાં મીઠો ઝઘડો થયો. રાધાજી કહે છે, ગોવિંદજી ! તમે વાછરડાને માર્યો છે, તેથી તમને પાપ લાગ્યું છે. પાપ ધોવા પરિક્રમા કરી આવો.

શ્યામજી કહે છે, સખી ! સાચું કહો. હું પરિક્રમા કરવા જઉં કે બધાંને મારી પરિક્રમા કરાવું ? શ્યામજીએ મુરલીથી ખાડો ખોદી, તેમાં તમામ તીર્થોના દેવતાઓને બોલાવ્યા. પ્રભુજી કહે છે, દેવી ! હવે તમને પણ દોષ લાગ્યો છે. તમે પણ પરિક્રમા કરી આવો. રાધાજીએ તેમના નખથી બાજુમાં બીજો કુંડ ખોદ્યો, પરંતુ મોહનજી એવી મોરલી વગાડે છે કે ત્યાં કોઈ જતું જ નથી. અંતે લલિતકિશોરીજી હાર્યાં. તેમણે ચરણારવિંદમાં નમીને કહ્યું : *મહારાજ, તુમ જીતે, હીં હારી.* ત્યારે કૃષ્ણકુંડનું પાણી વહેતું વહેતું રાધાકુંડમાં ગયું.

રાધા એ જ કૃષ્ણ છે, કૃષ્ણ એ જ રાધા છે. રાધા શ્યામનો આત્મા છે અને શ્યામ રાધાનો આત્મા છે. આવું અદ્વૈતનું એક દર્શન અહીં રાધાકૃષ્ણ કુંડ ઉપર થાય

છે. અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. બાજુમાં શ્રીગોકુલનાથજી અને શ્રીગુસાંઈજી પણ બિરાજે છે. ત્યાં સેવાદર્શન કરી, હવે આપણે આગળ વધીએ.

હવે આપણી યાત્રા રાધાકૃષ્ણ કુંડ પરથી માનસીગંગા પર જઈ રહી છે. રસ્તામાં કુસુમ સરોવર આવે છે. ઉદ્ધવજી કુસુમ સરોવર ઉપર બિરાજ્યા છે. ઉદ્ધવજી સાથે બેસી બે ઘડી ભ્રમરગીતનું ચિંતન કરીએ –

મધુપ કિતવબન્ધો મા સ્પૃશાઙ્ઘ્રિં સપત્ન્યા:
કુચવિલુલિતમાલાકુઙ્કુમશ્મશ્રુભિર્ન: ।
વહતુ મધુપતિસ્તન્માનિનીનાં પ્રસાદં
યદુસદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદૃક્ ॥૪૭/૧૨॥

એમ કહેવાય છે કે સાચા હૃદયથી અહીં, કુસુમ સરોવર ઉપર, શ્રીભાગવતજીનું એક માસ પર્યન્ત માસપારાયણ કરવામાં આવે, તો સાક્ષાત્ ઉદ્ધવજીનાં દર્શન થાય છે. ત્યાં બાજુમાં નારદીય દેવીનું મંદિર છે. અહીંથી આપણે માનસીગંગા પહોંચ્યા.

માનસીગંગામાં દીવા તરાવ્યા. ચકલેશ્વર મહાદેવ પાસે શ્રીમહાપ્રભુજીની બેઠક છે, ત્યાં દર્શન કર્યાં. સામે ચકલેશ્વર મહાદેવ બિરાજે છે. શિવજી તો **'વૈષ્ણવાનાં યથા શંભુ:'** છે. આપણને શિવજી કહે છે, 'અરે વૈષ્ણવો ! હું પણ વૈષ્ણવ છું. મને જય શ્રીકૃષ્ણ કહ્યા વિના જશો, તો તમારી યાત્રા અધૂરી રહેશે.'

અહીં માનસીગંગા ઉપર જ શ્રીચૈતન્ય મહાપ્રભુ અને શ્રીવલ્લભ મહાપ્રભુની મુલાકાત થઈ હતી. અહીં બંને મહાનુભાવોએ સત્સંગ વિષે ચર્ચા કરી હતી. ચૈતન્યદેવે કહ્યું કે ગાયના શિંગડા ઉપર સરસવનો દાણો રહે એટલી વાર પણ કોઈ ભગવાનનું નામ લે તો તેનો બેડો પાર. શ્રીમહાપ્રભુજી તેમની સાથે સંમત ન થયા. આપશ્રીએ કહ્યું : આ તો કલિયુગ છે. ગાયના શિંગડા ઉપર સરસવનો દાણો રહે, એટલી વાર પણ જો કોઈ ભગવાનનું નામ ભૂલી જાય, તો કાળ તેને ખાઈ જાય.

સત્સંગનો મહિમા તુલસીદાસજીએ પણ બતાવ્યો છે –

'એક ઘડી આધી ઘડી આધીમેં પુનિ આધ,
તુલસી સંગત સંતકી કટે કોટિ અપરાધ.'

શ્રીભાગવતજી પણ કહે છે, હે રાજા ! સદા સત્સંગનું સેવન કરો. શ્રીહરિરાય મહાપ્રભુ આજ્ઞા કરે છે કે સત્સંગનો રસ્તો ભૂલે તે દુ:સંગના ખાડામાં પડે.

ફરી ગોવર્ધન થઈ, દાનઘાટી વટાવી, આપણી યાત્રા ચંદ્રસરોવર પહોંચી છે. ચંદ્ર સરોવર એ આદિરાસનું સ્થળ છે. બહુ મધુર સ્થાન છે. ત્યાં મૃદંગ વગેરેના અતિ મધુર શબ્દો ગાજે છે. ત્યાં રાસના નૂપુરના ઝંકાર સંભળાય છે. ત્યાં પણ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી આદિની બેઠકો બિરાજે છે.

પાસે શ્રીગુસાંઈજીની વિપ્રયોગ-બેઠક છે. ત્યાં છ મહિના સુધી શ્રીગુસાંઈજીએ વિજ્ઞપ્તિઓ લખી હતી. પાસે જ સૂરદાસજીની સમાધિ છે. આ જ સ્થળેથી જગતની વિદાય લેતાં સૂરદાસજીએ સંભળાવેલું ***'દૃઢ ઈન ચરનન કેરો ભરોસો.'*** સૂરદાસજી કહી રહ્યા છે કે આ ચરણોનો મને દૃઢ ભરોસો છે. શ્રી સૂરદાસજીએ આખી દુનિયાને સમજાવ્યું કે શ્રીવલ્લભનાં ચરણની શરણાગતિ એ જ શ્રેષ્ઠ ફળ છે. હૃદયમાં આ ભાવનો પ્રકાશ લઈ, હવે આપણે તળેટીના પાછલા ભાગમાં આન્યોર તરફ જઈએ.

અહીં આન્યોરમાં સદ્દુ પાંડેજીના ઘરમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી છે. અહીં જ શ્રીજીબાવાનું પ્રાગટ્ય થયું છે. *'ગિરિ-કંદરામાંથી પ્રગટ થયા પ્રભુ, આપ ગોવર્ધનનાથજી.'* સદ્દુ પાંડેની દીકરી નરો શ્રીવલ્લભને વિનંતી કરે છે કે મહારાજ, અહીં પર્વતમાંથી મોટા દેવ પ્રગટ થયા છે. આપની વાટ જુએ છે, આપ પધારો. શ્રીવલ્લભ શ્રીજીનાં દર્શન કરવા ગયા, તો સામે શ્રીવલ્લભનાં દર્શન કરવા શ્રીજી આવ્યા. હજી તો પર્વત ઉપર શ્રીમહાપ્રભુજી એક જ ડગલું ચઢ્યા છે, ત્યાં તો શ્રીજી બાવાએ આવીને શ્રીવલ્લભને આલિંગન આપ્યું, **'મધુરાધિપતેરખિલં મધુરં'** અખિલ માધુર્યનો અનુભવ આજે શ્રીવલ્લભે કર્યો.

યાત્રા કરતાં જે જે દર્શન થાય, તેનો ભાવ હૃદયમાં ન જાગે તો તે યાત્રા ન કહેવાય, એ તો માત્ર ચક્કર કાપવા જેવું થાય. હવે આપણી યાત્રા ગોવિંદકુંડ ઉપર પહોંચી છે. ત્યાં શ્રીમહાપ્રભુજીની બહુ નાની બેઠક છે. ગોવિંદકુંડમાં સ્નાન કરી, બેઠકે ભોગ ધરી, ઝારી-ચરણસ્પર્શ કરી આગળ વધતાં, તળેટીના બીજા છેડે ''પૂછ'રીકા લોઠાજી'' બિરાજે છે. આ શ્રીગિરિરાજજીની પૂંછડી નથી. ગોપીજનો પરિક્રમા કરતાં અહીં આવ્યાં હતાં. લોઠાજી એ ભગવાનના ખાસ મિત્ર હતા. તેઓ અંદરઅંદર એકબીજાંને કહે છે, 'તૂ પૂછ રિ, તૂ પૂછ રિ.' 'રિ' એટલે 'અલી'. અલી, તું પૂછ. એનું નામ પડ્યું **''પૂછ'રીકા લોઠા.''** આપણે લોઠાજીને જય શ્રીકૃષ્ણ કરીએ.

હવે આપણી યાત્રા પૂરી થવાની તૈયારીમાં છે. આપણે આગળ વધતાં વધતાં સુરભિ કુંડ ઉપર પહોંચ્યાં. ઇન્દ્ર-માનભંગ શિલા આવી. હરજી કુંડ આવ્યો. હવે

મુખારવિંદનાં દર્શન થવા લાગ્યાં. જેમના પગમાં છાલાં પડ્યાં હતાં, પગ થાકી ગયા હતા, એ બધાં પણ હવે દોડી રહ્યાં છે. શ્રીગિરિરાજબાવાના મુખારવિંદને આપણે સાષ્ટાંગ દંડવત્ કર્યાં.

શ્રીગિરિરાજબાવાના ચરણમાં ઝૂકીને આપણે તેમની પાસે શું માગીશું ? આપશ્રીની પાસે એ જ માગીએ કે મને આટલો આશીર્વાદ આપો કે હું વ્રજને છોડી, બીજે ક્યાંય ન જઉં. જો બીજે જઉં તો વ્રજ મને છોડીને ન જાય. જન્મોજન્મ હું મારા શ્રીશ્યામસુંદરની સેવા કરું, વૈષ્ણવોની સેવા કરું.

વ્રજ તજ અનત ન જઈહૌં.
ઈતનો માગૌં ગોપીજનવલ્લભ
માનુષજન્મ ઔર હરિસેવા,
વ્રજ બસવો મોહિ દીજૈ સુલભ.

વૈષ્ણવો કદી માગતા નથી કે મને મુક્તિ મળે. '*હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમજનમ અવતાર રે...*' માનવતન અને સેવાયોગ એ જ વૈષ્ણવની મહેચ્છા હોય છે. હું સુખી બનું, એવું વિચારનાર વૈષ્ણવ નથી. હું બીજાને સુખ આપું, એવું વિચારે તે વૈષ્ણવ છે. હે મહારાજ ! જન્મોજન્મ મને વૈષ્ણવકુળમાં જન્મ આપજો. વૈષ્ણવકુળમાં જન્મીને હું વૈષ્ણવ બનું, તમારી સેવા કરું, તમારું સ્મરણ કરું. અહર્નિશ તમને યાદ કરું.

આપણી યાત્રાની સાથે નંદબાવા અને વ્રજવાસીઓની યાત્રા પણ પૂરી થઈ. મનમાં શ્રદ્ધા હોય, તો અહીં બેઠાં બેઠાં કરેલી પરિક્રમાનું ફળ જરૂર મળે. આવી પરિક્રમા ત્રણ વખત કરીએ, તો શ્રીગિરિરાજજીનાં દર્શન થાય. માટે આપણે ત્રણ વખત શ્રીગિરિરાજબાવાની જય બોલીએ.

હવે શ્યામજી ભોગ સાથે શ્રીગિરિરાજબાવાનાં દર્શન વ્રજવાસીઓને કરાવે છે. વ્રજવાસીઓ જુઓ, મારો ભગવાન જેનું ખાય છે એનું તુચ્છકારતો નથી. આ વિશ્વાસ બેસાડવા માટે જ અન્નકૂટનાં દર્શન ભોગ સાથે થાય છે. ભગવાન એમ કહેવા માગે છે કે હું હજાર હાથથી બધું ખાઈ ગયો, છતાં એક દાણો પણ ખૂટતો નથી.

ગોપીજનોનાં ચારે યૂથનાં સ્વામિનીઓ આરતી લઈને પધાર્યાં. શ્રીગિરિરાજબાવાની ચાર આરતીઓ ઊતરી છે.

શ્રીગોવર્ધનનાથે ખૂબ ભોગ આરોગ્યો અને વ્રજવાસીઓને ખવડાવ્યો છે. તે પ્રસાદ ખાધા પછી પચ્યો કે નહિ તેની ખાત્રી કરાવવા ઇન્દ્ર આવવાનો છે. જે ઇન્દ્રથી હારે તેને પ્રસાદ પચ્યો નથી. જે ઇન્દ્રથી જીતે તેનો પ્રસાદ પચ્યો છે.

ઇન્દ્રસ્તદાઽઽત્મન: પૂજાં વિજ્ઞાય વિહતાં નૃપ ।
ગોપેભ્ય: કૃષ્ણનાથેભ્યો નન્દાદિભ્યશ્ચુકોપ સ: ।।૨૫/૧।।

ઇન્દ્રે વ્રજના રાજા નંદરાયજી અને તેમના ગોપો ઉપર કોપ કર્યો. તે પોતાની પૂજા ઇચ્છતો હતો. ભગવાને તેની પૂજાનો પ્રતિકાર કર્યો, તે ઇન્દ્રને ગમ્યું નહિ. નીચ વૃત્તિનો માણસ પોતાની જાતની પૂજા કરાવવાની ઝંખના કરે છે. મહાન વૃત્તિનો માણસ બીજાની પૂજા કરવાની ઝંખના કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ માને છે કે સમષ્ટિની પૂજા કરો, વ્યક્તિની નહીં. કોઈ માણસને એટલો બધો ઉપર ન ચડાવો કે તે બિચારો એની જાતે નીચે પડે. આને વ્યક્તિ-પૂજા કહેવામાં આવે છે.

ભગવાન સમજાવે છે કે તું માનવના ગુણોને જો, એના રૂપને નહિ. ગુણની પૂજા કરવાથી ગુણ આવશે. રૂપની પૂજા કરવાથી કોઈક વખત સંપર્કદોષ જાગશે.

ભગવાન માટે ગુણાસક્તિ અને રૂપાસક્તિ બંને જોઈએ. જગતના જીવો માટે કેવળ ગુણાસક્તિ જોઈએ. રૂપાસક્તિને કારણે તો માણસને દુ:ખ થાય છે, રડવું આવે છે. તે અનંત દુ:ખોના દરિયામાં ડૂબી જાય છે; કારણ કે રૂપ હોય છે ત્યારે આનંદ થાય છે, રૂપ જાય છે ત્યારે દુ:ખ થાય છે. ગુણને આવવા કે જવાનો કોઈ સવાલ નથી. ગુણોનું સ્મરણ જ્યારે પણ કરવામાં આવે, ત્યારે તે લાભ કરનારું બને છે.

વળી, ઇન્દ્રમાં એક બીજી ખામી હતી. લોકો એની પૂજા કરે એટલાથી એને સંતોષ ન હતો. તે સામે ચાલીને પોતાની પૂજા કરાવતો હતો. એક રાજા પાસે થોડાક હજૂરિયા હતા. સવાર થતાં જ તેઓ 'ખમ્મા અન્નદાતા' એમ બોલવા લાગે. બીજા કોઈ લોકો એ રાજાને પૂજે કે નહિ, પણ આ લોકો રોજ તેની પૂજા કરે. પરિણામે તે રાજાને લાગ્યું કે મારાથી મોટો આ દુનિયામાં બીજો કોઈ નથી.

આવા ઇન્દ્રનું નાક પ્રભુજી કાપવાના છે. ઇન્દ્રની બુદ્ધિ દુષ્ટ બનતાં તે ભગવાનને ગાળો દે છે.

વાચાલં બાલિશં સ્તબ્ધમજ્ઞં પણ્ડિતમાનિનમ્ ।
કૃષ્ણં મર્ત્યમુપાશ્રિત્ય ગોપા મે ચક્રુરપ્રિયમ્ ।।૨૫/૫।।

તેણે પોતાના ચાકરોને હુકમ કર્યો કે તપાસ કરો, મારી પૂજા કોણે બંધ કરી? સાગરિતોએ કહ્યું : મહારાજ, વ્રજમંડળમાં એક સાત વર્ષનો છોકરો છે, તેણે તમારી પૂજા બંધ કરાવી છે. ઇન્દ્ર કહે છે કે એ છોકરો **વાચાલં** - બડબડ કરનારો, **બાલિશં** - મૂર્ખો, **અજ્ઞં** - સાવ બુદ્ધિ વિનાનો; છતાં **પણ્ડિતમાનિનમ્** - પોતાની જાતને મોટો પંડિત ગણાવનારો છે. આવા છોકરડાની વાત માની, ગોપોએ મારી પૂજા બંધ કરી?

શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકનો બહુ સુંદર અર્થ કર્યો છે. શ્રીભાગવતજીમાં ભગવાન માટે ગાળો હોય ખરી ? કોઈ સભ્ય માણસ બીજાની અસભ્ય ભાષાનું અનુકરણ કરે ? આપણે રસ્તા વચ્ચે ગાળ સાંભળીને આવીએ; પછી કોઈને કહીએ કે ગાળાગાળી થતી હતી; પણ કેવી ગાળો દેવાતી હતી, તે બોલીશું ? સભ્ય માણસ અસભ્યના શબ્દોનું ઉચ્ચારણ કરે નહિ. છતાં ઇન્દ્રે જેવી ગાળો દીધી, એવી ગાળો વ્યાસજીએ ભાગવતજીમાં લખી કેમ અને શ્રી શુકદેવજીએ પરીક્ષિતને કહી કેમ ?

જો ખરેખર આ ગ્રંથમાં આવી ગાળો લખાય, તો સંસ્કારદાતા ગ્રંથ અસંસ્કારદાતા બની જાય. ગાળનો અનુવાદ કદી હોય નહિ. માટે અહીં જેટલા શબ્દો આપ્યા છે, તે બધાનો અર્થ શ્રીમહાપ્રભુજીએ 'શ્રીસુબોધિનીજી'માં બદલી નાખ્યો છે. **'વાચાલ'** શબ્દનો અર્થ કર્યો, જેમની વાચા **'અલમ્'** એટલે કદી ખૂટતી નથી, કદી અટકતી નથી, તેવા વાણીના પતિ. **'બાલિશ'** શબ્દનો અર્થ કર્યો, (સંસ્કૃતમાં 'વ' અને 'બ' અભિન્ન શબ્દો છે, માટે બાલિશં એ **વાલીશં** પણ કહેવાય.) જેમણે રામાવતારમાં **વાલિનું કલ્યાણ કર્યું તે** શ્યામસુંદર, નહીં કે મૂર્ખ શ્યામસુંદર. ત્રીજો શબ્દ છે **'અજ્ઞં'** - જેના સ્વરૂપને જાણી શકાતું નથી, તે અજ્ઞ. આમ, બધી ગાળો સ્તુતિના અર્થમાં આવી ગઈ.

અભિમાનમાં ચકચૂર બનેલો ઇન્દ્ર સંવર્તક નામના મેઘોને મોકલે છે. સંવર્તક એટલે પ્રલયનાં વાદળો. તે મોટા હાથીઓની, મોટી મોટી સૂંઢ જેવી ધારાઓથી વરસનારાં હોય છે –

ઇત્થં મઘવતાઽઽજ્ઞપ્તા મેઘા નિર્મુક્તબન્ધનાઃ ।
નન્દગોકુલમાસારૈઃ પીડયામાસુરોજસા ॥૨૫/૮॥

કેટલીક વાર સમાજમાં ઇન્દ્ર જેવા ઘણા લોકો આપણને મળે છે, જેમણે સત્તા અને સંપત્તિ દ્વારા તેમનો ઇજારો સ્થાપિત કર્યો હોય છે. આવા માણસોને તેમની ઇજારાશાહી કોઈ તોડે તે ગમતું નથી. આવી ઇજારાશાહી સત્તાના ક્ષેત્રમાં હશે, ધર્મના

ક્ષેત્રમાં હશે, શિક્ષણના ક્ષેત્રમાં પણ હશે. આમ, ઘણાં ક્ષેત્રોમાં લોકોએ તેમની ઇજારાશાહી સ્થાપિત કરી દીધી છે.

ઇજારાશાહીનું મૂળ કારણ પોતાનું અભિમાન પોષવાનું, સંપત્તિ વધારવાનું, બધે પોતાનો વટ પાડવાનું છે. આવા માણસોને દુનિયા ચલાવી લે, પણ શ્યામસુંદર કદાપિ ચલાવી લે તેવા નથી. તેમની તો એવી દૃષ્ટિ છે કે દરેક માણસને આગળ આવવાની તક મળવી જોઈએ. શ્રીપ્રભુ કહે છે, ભલાભોળા, નિ:સહાય માણસોનો ઉદ્ધાર કરવા અને ઇજારાશાહી ખતમ કરવા હું પૃથ્વી ઉપર આવ્યો છું.

ધર્મના ક્ષેત્રમાં જુઓ. કેટલાક લોકો પોતાનાં ચેલા-ચેલીઓ મૂંડીને એક નાનો ડાયરો બનાવી નાખે છે. એ ડાયરાના લોકોને તેઓ સમજાવે છે કે તમે મને છોડીને બહાર જશો, તો તમારું અકલ્યાણ થશે. આ વાડાબંધી ઈશ્વરને મેળવવા માટે નથી, ઇજારાશાહી ભોગવનાર માણસને સાચવવા માટે છે. આપણા પુષ્ટિમાર્ગમાં જ કેટલા બધા વાડા છે ? આ પહેલા ઘરનાં, આ બીજા ઘરનાં, આ ત્રીજા ઘરનાં, આ ચોથા ઘરનાં, આ પાંચમા ઘરનાં વૈષ્ણવ. ઘણી વાર મને થાય છે કે વૈષ્ણવે વાડો બનાવવાની જરૂર શી ? કોઈ પણ ઘર હોય, આખરે તો તે શ્રીમહાપ્રભુજીનું જ ઘર છે. આ વૈષ્ણવોએ ઊભી કરેલી વાડાબંધી નથી, પણ અમે લોકોએ કરેલી વ્યવસ્થા છે. અમારી સ્વાર્થવૃત્તિ પોષવા માટે અમે વૈષ્ણવોને એક સીમિત વૃત્તિ આપીએ છીએ.

આ સીમા વિસ્તરે છે : હું વૈષ્ણવ, તું જૈન; હું હિન્દુ, તું મુસલમાન. આમ કહેતાં આપણે એક વાત ભૂલી જઈએ છીએ કે હું વૈષ્ણવ છું, તે પહેલાં હું માણસ છું. આખી દુનિયા સાથે હું સંકળાયેલો છું. કેટલાક મુઠ્ઠીભર લોકોએ જ સમાજમાં આવી બદીઓ પેસાડી દીધી છે. અજ્ઞાની લોકો એ માર્ગે ચાલે છે; પણ જ્યારે સમાજમાં જુવાળ આવ્યો છે, ત્યારે સમજુ માણસોએ તેમની આંખ ઊંચી કરી છે.

ભગવાન પણ વિચાર કરે છે કે જો હું ઇન્દ્રની ઇજારાશાહી નહિ તોડું, તો દુનિયામાં કેટલાક કુબેરો અને ઇન્દ્રો એમનું વર્ચસ્વ જમાવશે. ભોળા વ્રજવાસીઓને કોણ મદદ કરશે ? આજે પણ મુઠ્ઠીભર ઇન્દ્રોના હાથમાં જ દુનિયાની મોટી મોટી વસ્તુઓ છે. મુઠ્ઠીભર ધનકુબેરોના હાથમાં વિશ્વનું મોટું સંચાલન છે. ભગવાન શ્યામસુંદરે કદી પણ આવા લોકોને ચલાવી લીધા નથી.

ઇન્દ્રે મુશળધાર વૃષ્ટિ વર્ષાવી. તેનું હતું એટલું બળ વાપર્યું. આવા માણસો બળથી કે કળથી બીજાને દબાવતા હોય છે. બળ બે રીતે પ્રકારનાં છે : (૧) સત્તાનું

બળ અને (૨) સંપત્તિનું બળ. ઇન્દ્રની પાસે સત્તા અને સંપત્તિ બંને હતાં. એનાથી તે સમાજને દબાવી દેવા માગતો હતો. શ્રીકૃષ્ણે એલાન કર્યું, મિત્રો –

તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં સત્પરિગ્રહમ્ ।
ગોપાયે સ્વાત્મયોગેન સોઽયં સે વ્રત આહિત: ॥૨૫/૧૮॥

તમે ડરશો નહિ. ઇન્દ્રની સત્તા અને સંપત્તિને એક બાજુએ રહેવા દો. બીજી બાજુ તમે મારા બળનો અનુભવ કરો. ભગવાને દુનિયાને શીખવ્યું કે જે હરિના શરણે ગયો હોય, તેને કોઈ દબાવી કે કચડી શકતું નથી. જે મને પોતાનો સ્વામી માને છે, તેને મારા આત્માનું દાન કરીને હું રક્ષું છું; હું તેનો ઉદ્ધાર કરું છું. આટલું મોટું આશ્વાસન સમાજને આપનાર ભગવાન શ્રીકૃષ્ણ સિવાય બીજું કોણ છે ? માત્ર સાત વર્ષનો બાળક સમગ્ર વ્રજવાસીઓને આ આશ્વાસન આપે છે. આ દિવ્ય બાળક પાસે લૌકિક દૃષ્ટિએ કહેવાય એવી કોઈ સત્તા કે સંપત્તિ નથી, પણ તેની પાસે દિલ અને બુદ્ધિનું જબરજસ્ત બળ છે. તેણે વ્રજવાસીઓને કહ્યું : ઇન્દ્ર ભલે રડાવે, હું તમને હસાવનારો બેઠો છું. આનું નામ જ પ્રભુની પુષ્ટિ. ભગવાન કહે છે તમે ડરશો નહિ, તમારી પાછળ હું છું. તમારા મસ્તક ઉપર શ્રીગિરિરાજજી પડતા હશે, તો હું ઉઠાવી લઈશ. તમારા પક્ષે શરણાગતિ હશે, તો રક્ષણ કરવાનું કામ હું કરીશ.

ગોવિંદજીએ સૌને હુકમ કર્યો, ચાલો ગિરિરાજબાવાની તળેટીમાં. જેણે તમારો આ બધો ભોગ આરોગ્યો છે, તે તમારી રક્ષા કરશે. વ્રજવાસીઓ કહે છે, લાલા! કેડ સુધી પાણી ભરાયાં છે. થોડું પાણી વધશે એટલે બધાં ડૂબી જઈશું. આ ગિરિરાજ આપણી રક્ષા કેવી રીતે કરશે ? ગોવિંદજીએ કહ્યું : આપણે સૌ ગિરિરાજજીને વિનંતી કરીએ કે બાવા, ચોમાસામાં દેખાતા બિલાડીના ટોપ જેવા આપ હલકા બની જાઓ. અમારા જેવા દુ:ખી માણસોની રક્ષા કરવા આપ ફૂલ જેવા હલકા બનો. જો આપ ખરા હૃદયથી, પ્રેમથી અમારો અન્નકૂટ આરોગ્યા હો તો અમારી રક્ષા કરો.

ઠાકોરજી કહે છે, દુનિયાને ખવડાવો એના કરતાં મને ખવડાવશો તો કામે લાગશે. હું જેનું ખાઉં તેનું ખોદતો નથી.

શ્રીકૃષ્ણે પોતાનો કર શ્રીગિરિરાજજીની તળેટીમાં સહેજ અડકાડ્યો, ત્યાં તો શ્રીગિરિરાજબાવા આખા ને આખા ઊંચા થઈ ગયા. સાત વર્ષનો સાઁવરો વ્રજવાસીઓનાં દુ:ખ દૂર કરવા પોતાના હાથ પર આખા ગિરરાજજીને ઉઠાવી ઊભો છે. શ્રીગિરિરાજજીને ઊંચકતાં શ્રીકૃષ્ણ સાક્ષાત્ ગોકુલનાથ બની ગયા. ગોકુલમાં

બિરાજતું શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ એ ગિરિરાજ ધારણ કરનારું સ્વરૂપ છે. તેઓ બે હસ્તે મોરલી વગાડે છે. એક હસ્તમાં શંખ છે અને એક હસ્તથી શ્રીગિરિરાજ ધારણ કર્યો છે.

વ્રજવાસીઓ અચંબામાં પડ્યા. અમારો સાત વર્ષનો શ્યામસુંદર આટલા મોટા ગિરિરાજને ધારણ કરે ? ક્યાંક તેના હાથમાંથી પર્વત પડી જશે તો ?

ન ત્રાસ ઇહ વઃ કાર્યો મદ્ધસ્તાદ્રિનિપાતને ।
વાતવર્ષભયેનાલં તત્ત્રાણં વિહિતં હિ વઃ ॥૨૫/૨૧॥

શ્યામજી સમજાવે છે, મારા હાથમાંથી આ પર્વત પડી જશે, એવો જરા પણ અવિશ્વાસ કરશો નહિ. છતાં વ્રજવાસીઓએ તેમની લાકડી ઊંચી કરીને ટેકો આપવામાં શ્રીઠાકોરજીને મદદ કરી.

માતા અગાઉ સ્ત્રી હતી. તેના બાળકે તેને સ્ત્રીમાંથી માતા બનાવી. બાળકની અપેક્ષાએ તે સ્ત્રી માતા બને છે, તેમ જગતમાં જીવ નામનું તત્ત્વ છે. તેને લઈને પરમાત્મા ઈશ્વર સ્વરૂપે પ્રગટ થાય છે. ભગવાન કહે છે : મારામાંથી પ્રગટ થયેલાં જીવ અને જગત મને ટેકો આપે છે. તેઓ મને ઈશ્વર બનાવે છે.

લાલાજીએ વ્રજવાસીઓને કહ્યું : તમે ટેકો આપતા હો, તો થોડી વાર હું ટેકો ખેંચી લઉં. પ્રભુએ પોતાનો કરકમલ જરાક ખેંચ્યો, ત્યાં ગિરિરાજજી દબાવા લાગ્યા. વ્રજવાસીઓએ કહ્યું : મહારાજ, અમારો તો સડેલો ટેકો, તમારો પૂરો ટેકો.

ઈશ્વર સમજાવવા માગે છે, હે માનવ ! જ્યાં સુધી હું કૃપા નહિ કરું, ત્યાં સુધી તારામાં પાકી શ્રદ્ધા આવશે નહિ. તું મને માને તો છે, પણ જ્યારે જ્યારે આપત્તિ આવે છે, ત્યારે તારો ટેકો થોડો ખસી જાય છે.

એક વૈષ્ણવ હતા. નાની અવસ્થાથી મંદિરે જાય. તેમના ઘરમાં પણ ઠાકોરજી બિરાજે છે. ઠાકોરજી માટે તેમને ખૂબ ભાવ. તેમના એકના એક દીકરાને કેન્સર થયું. શરૂઆતમાં તે મંદિરનું જળ લઈ આવ્યા, માળાજી લઈ આવ્યા; પરંતુ ભગવાને જેનું આયુષ્ય જ ટૂંકું કર્યું હોય, તેને કોણ જિવાડે ? તેમના પડોશમાં એક સ્ત્રી રહેતી હતી. તેણે આ વૈષ્ણવનાં પત્નીને કહ્યું : બેન, નજીકમાં એક મોટા પીરની સમાધિ છે. તું આ બધા ઉપચારો બંધ કર. તું કહેતી હોય તો હું ત્યાંથી મંત્રેલું જળ લઈ આવું. તારા દીકરાને એ પીવડાવીશ, તો સાજો થઈ જશે. બે દિવસ આ બાઈની શ્રદ્ધા ડગી

નહિ. ત્રીજે દિવસે તેણે કહ્યું : મારાં સાસુ અને પતિને ખબર ન પડે તે રીતે લઈ આવ. ફરીરે જળ આપ્યું. વૈષ્ણવ બાઈએ દીકરાને પાયું. શ્રીઠાકોરજી અપ્રસન્ન થયા. તારો ટેકો સડેલો છે. તારામાં માનવબુદ્ધિ હોવાથી, તારા ઉપર વિપત્તિ આવતાં તારી શ્રદ્ધા ડગી જાય છે.

જ્યાં સુધી પ્રભુ પ્રેરણા ન કરે, ત્યાં સુધી આપણા અંતરમાં પાકી શ્રદ્ધા રહેતી નથી. જ્યારે જ્યારે આપણે મૂંઝાઈએ છીએ, ત્યારે પ્રભુનો રાખેલો આશ્રય છોડી દેવાનું મન થાય છે. સાચો વૈષ્ણવ એ છે કે જે મરવાનું પસંદ કરે, ડૂબી જવાનું પસંદ કરે, પણ અંતરમાં રહેલી શ્રદ્ધાનો દોર કદી છોડતો નથી. એ તો એમ જ કહે છે કે પ્રભુ, તારે મને સુખમાં કે દુઃખમાં, જેમ રાખવો હોય એમ રાખજે; પરંતુ મારી શ્રદ્ધા તારામાં અવિચલ રહે તેમ કરજે. મને ખાત્રી છે કે તમે કોઈનું બૂરું કરતા નથી, તો મારું શું કામ બૂરું કરો ?

એક માણસની બદલી થતાં એક ગામથી બીજે ગામ જાય, ત્યારે તેને વિદાય આપવામાં આવે છે. વિદાય વખતે થોડું રડવું પણ આવે, પરંતુ મનમાં સંતોષ લઈએ છીએ કે હવે તેની સ્થિતિ વધારે સારી થઈ છે. એવી રીતે સંતો સમજાવે છે કે જ્યારે સ્વજનને ચિરવિદાય આપવાનો સમય આવે, ત્યારે હૃદયમાં એવું વિચારજો કે ભગવાને તેની આ દુનિયામાંથી બદલી કરી છે. તેને પ્રમોશન મળ્યું છે. પ્રભુ કૃપા કરે તો જ આવી પૂર્ણ શ્રદ્ધા હૃદયમાં જાગે.

શ્યામજી વ્રજવાસીઓને સમજાવે છે કે તમને અહીં ખાવા-પીવા, ઊંઘવા-સૂવા નહિ મળે. નક્કી કરો કે તમારે મારા શરણે રહેવું છે કે ઇન્દ્રના શરણે ? વ્રજવાસીઓ કહે છે કે મહારાજ, દુનિયાના ભોગ ઘણા દિવસ ભોગવ્યા. આજ સુધી અમે કેટલાય ઇન્દ્રોના કબજામાં રહી ચૂક્યા. હવે તો અમારાં સર્વ સુખોને છોડીને આપનાં ચરણમાં આવ્યા છીએ –

ક્ષુત્તૃડ્વ્યથાં સુખાપેક્ષાં હિત્વા તૈર્વ્રજવાસિભિ: ।
વીક્ષ્યમાણો દધાવદ્રિં સપ્તાહં નાચલત્ પદાત્ ॥૨૫/૨૩॥

સમાજમાં આવા ઇન્દ્રો ટકી કેમ જાય છે ? એનું કારણ એટલું જ કે આવા લોકો પાસેથી ઘણા લોકોને ખાવા-પીવા, મોજમજા કરવાની સગવડો મળે છે. તેથી તેને ટેકો આપનારા લોકો તેની પ્રશંસા કરે છે. માની લો કે એક કરોડપતિ માણસ છે. તેણે એક માણસને પાંચસો રૂપિયામાં ખરીદી લીધો. એની વૃત્તિ, એનો ધર્મ, એની

ભાવના ખરીદાઈ ગયાં. પાંચસો રૂપિયામાં પેલા માણસને બહુ સુખ મળે છે, તેથી તે પેલો કરોડપતિ કહે તે બધાં ખરાબ કામો કરવા તૈયારી બતાવે છે. જ્યારે આપણે આપણાં સુખોને તિલાંજલિ આપીને એક વાર અન્યાય સામે માથું ઊંચકતા થઈશું, તો જ સમાજમાંથી અન્યાયની બદી દૂર થશે. પણ આપણે વિચારીએ છીએ કે કોણ ઊંચકે ? માથું ઊંચકતાં અનેક દુઃખો વેઠવાં પડે. કદાચ વેપારધંધો બંધ થાય ! આપણી દુઃખ ભોગવવાની તૈયારી નથી. પરિણામે આવા ઇન્દ્રો, આવા સત્તાધારીઓ અને સંપત્તિવાનો જગતમાં ઇજારો ધરાવે છે. ખરી વાત એ છે કે તેમાં કેવળ એમનો દોષ નથી, દોષ આપણો પણ છે. આપણામાં રહેલી નબળાઈ એમને મોટા બનાવે છે.

બરાબર સાત દિવસ સુધી શ્રીશ્યામસુંદરે ગિરિરાજબાવાને ધારણ કર્યા. કોઈને પ્રશ્ન થશે કે સાત દિવસ કેમ ? ટીકાકારોએ ખુલાસો કર્યો, સાત પ્રકારની શરણાગતિ બતાવવા શ્રીગોવર્ધનનાથ સાત દિવસ સુધી ગિરિરાજજી ધારણ કરે છે. તેમાં છ ધર્મરૂપ શરણાગતિ છે અને એક ધર્મીરૂપ શરણાગતિ છે :

અનુકૂલસ્ય સંકલ્પ: પ્રતિકૂલસ્ય વિસર્જનં
રક્ષિસ્યતિ ઈતિ વિશ્વાસ: ભર્તુત્વેવરણં યથા ।
આત્મનિક્ષેપકાર્પણ્યે ષડ્વિધા શરણાગતિ: ॥

શરણાગતિ એ ચિત્તની એક અવસ્થા છે. તે અવસ્થામાં છ ધર્મો આવે છે. શરણાગતિનું **પહેલું પગથિયું છે 'અનુકૂલસ્ય સંકલ્પ:'** - મારા ભગવાનને જે ગમે તે કરું. **બીજું પગથિયું**, મારા પ્રભુને જે ન ગમે, તે હું બધી રીતે છોડું. **ત્રીજું પગથિયું**, ભગવાન મારું રક્ષણ કરશે તેવો વિશ્વાસ. **ચોથું પગથિયું**, હું એવા ગુણોને ધારણ કરું, જેથી ભગવાન મારો સ્વીકાર કરે.

નોકરી અને છોકરી લેવા જઈએ તો યે ડિગ્રી જોઈએ છે, તો ભગવાનને મેળવવા કોઈ ડિગ્રી ન જોઈએ ? ભગવાનને મેળવવા જઈએ, ત્યારે તે માટેનો આપણો કેટલો અધિકાર છે તે બતાવવું પડે. ઈશ્વરને મેળવવા માણસે ગુણો ધારણ કરવા જરૂરી છે. જે માણસ તેના ગુણોના વિકાસથી આત્માનો વિકાસ કરે તેના ઉપર પરમાત્મા પ્રસન્ન થાય છે. શરણાગતિનું **પાંચમું પગથિયું છે આત્મનિક્ષેપ**. આત્મનિક્ષેપ એટલે પોતાની જાત ભગવાનને સોંપી દેવી. તેનો અર્થ એ છે કે ભગવાન જો કરે સો ભલી કરે. આવું આપણા મનને શીખવી દે છે. ઠાકોરજી તમાચો મારે તોયે સારું અને લાડવો ખવડાવે તોયે સારું. છઠ્ઠું પગથિયું છે કૃપણતા. કૃપણતા એટલે હીનતા નહીં,

પણ દીનતા. શ્યામસુંદર આપણને મોટો અધિકાર સિદ્ધ કરાવે, ત્યારે પણ આપણા મનમાં એવો વિચાર રહે છે કે મહારાજ ! હું તો આપના ચરણારવિંદનો દાસ છું. આ **શરણાગતિના છ ભાવ** છે. તેનો સ્વીકાર કરવાથી ભગવાનની કૃપારૂપી વૃષ્ટિ થાય તો ધર્મીની શરણાગતિ પ્રાપ્ત થાય.

આથી શ્રીશ્યામસુંદરે સાત દિવસ સુધી શ્રીગિરિરાજબાવાને ધારણ કર્યા. ઇન્દ્ર પાસે જળનો જેટલો ખજાનો હતો, તે બધો ખાલી કરાવી નાખ્યો. ભગવાન કહે છે, તું બરાબર ખોખરો થયો છે; એટલે હવે ઠેકાણે આવીશ. જ્યાં સુધી ભરેલો હતો, ત્યાં સુધી તું મૂછો આંબળતો હતો. હવે તારી પાસે કંઈ બાકી રહ્યું છે ?

ઇન્દ્રને ખાત્રી થઈ કે આ તો કોઈ મારો બાપ પેદા થયો છે. અત્યાર સુધી હું મોટો હતો, હવે મારાથી કોઈ મોટો આવ્યો છે. વરસાદ અટકી ગયો, તડકો નીકળ્યો. તેથી ઇન્દ્ર નાક ઘસતો ભગવાનની પાસે આવ્યો. શ્રીશ્યામસુંદરે ગિરિરાજબાવાને નીચે પધરાવ્યા. વ્રજવાસીઓના આનંદનો પાર નથી. સખાઓ અને સખીઓ અંદર અંદર હસે છે. સખાઓ કહે છે, સખીઓ ! એક વાત કહીએ. તમારાં કિશોરીજીમાં જેટલું સામર્થ્ય નથી, એટલું અમારા શ્યામસુંદરમાં છે. ઠીક છે કે અમારા કનૈયાલાલે તમારાં કિશોરીજીનો સ્વીકાર કરી લીધો, પરંતુ અમને જવાબ આપો કે અમારા શ્યામજીની બરોબરી તમારાં કિશોરજી કરે ખરાં ?

સખીઓ પણ ગાંજી જાય એવી નહોતી. તેઓ નાક કેમ કપાવા દે ? તેમણે હસીને જવાબ આપ્યો, એટલું કહો કે શ્રીશ્યામસુંદરલાલે ગિરિરાજજી ધારણ કર્યા, તે ડાબા હાથે કર્યા કે જમણા હાથે ? સખાઓએ કહ્યું : ડાબા હાથે. સખીઓએ ફરીથી કહ્યું, હવે એ કહો કે શ્યામસુંદરનો ડાબો કરકમલ અને ડાબું શ્રીઅંગ તેમનું છે કે અમારાં કિશોરીજીનું છે ? ખરી વાત એ છે કે જ્યાં સુધી શક્તિ-સ્વરૂપા, આનંદ-સ્વરૂપા શ્રી રાધાજી પ્રસન્ન ન થાય, ત્યાં સુધી તમારા કુંવર કનૈયા પણ કોઈ પર રીઝી શકતા નથી. સખાઓ અને સખીઓએ જયજયકાર કર્યો.

શક્તિ વગર શક્તિમાન કંઈ કરી શકતો નથી. જે જે વસ્તુને મહત્ત્વની ગણવામાં આવી, તે તે વસ્તુનું નામ સ્ત્રીલિંગમાં જોવા મળે છે. જેમ કે જ્ઞાન કરતાં ભક્તિ મોટી, માટે ભક્તિ સ્ત્રીલિંગમાં શબ્દ છે. સ્ત્રીરૂપ દેખાવમાં કોમળ અને સીધુંસાદું લાગે, પરંતુ તેનામાં જેટલી શક્તિ છે, એટલી બીજામાં નથી. અહીં પણ સખીઓએ એમ સમજાવ્યું કે અમારાં લાડીલીજીની શક્તિથી શ્રીશ્યામસુંદર કાર્ય કરી રહ્યા છે.

વ્રજવાસીઓના મનમાં શંકા જાગી, 'બાવા ! સાચું બોલો, આવો ચમત્કારિક છોકરો તમારો પોતાનો છે કે ક્યાંકથી લઈ આવ્યા છો? આવું સામર્થ્ય કોઈ વ્રજવાસીમાં નથી. તમારા કુંવર કનૈયામાં આવું સામર્થ્ય આવ્યું ક્યાંથી ?'

એવં વિધાનિ કર્માણિ ગોપાઃ કૃષ્ણસ્ય વીક્ષ્ય તે ।
અતદ્વીર્યવિદઃ પ્રોચુઃ સમભ્યેત્ય સુવિસ્મિતાઃ ॥૨૬/૧॥

બાવા ! આ સાત વર્ષના બાળકે લીલા કરીને લટકે ગિરિરાજ તોળ્યો ! અમને લાગે છે આ તમારો દીકરો ન હોય. આજ સુધી અમને ખાત્રી ન હતી, આજે ખાત્રી થઈ, પહેલું કારણ એ કે તમે ગોરા, જશોદામા ગોરાં અને તમારો આ કુંવર કનૈયો કાળો થયો કેવી રીતે ? તે નાનો હતો, ત્યારથી કેટલાક દિવ્ય અનુભવો કરાવે છે. માટે અમને ખાત્રી થાય છે કે આ મનુષ્યનો બાળક નથી, પણ સાક્ષાત્ દિવ્ય ભગવાન છે. બાવા તમારી ૮૯ વર્ષની ઉંમર હતી, યશોદાજીની ૮૪ વર્ષની ઉંમર હતી. તે ઉંમરે દીકરો કેવી રીતે થાય ? અમને ખાત્રી છે તમે કોઈકનું બાળક લઈ આવ્યા છો.

નંદજીની આંખમાં આંસુ આવ્યાં. હું સોગંદ ખાઈને કહું છું કે શ્યામસુંદર મારો, મારો અને મારો જ બાળક છે –

શ્રૂયતાં મે વચો ગોપા વ્યેતુ શઙ્કા ચ વોઽર્ભકે ।
એનં કુમારમુદ્દિશ્ય ગર્ગો મે યદુવાચ હ ॥૨૬/૧૫॥

ભૈયાઓ ! તમારાથી એક જ વાત મેં છૂપી રાખી છે. મારા લાલાનું નામકરણ થયું, ત્યારે યદુઓના આચાર્ય ગર્ગજી આવેલા. ગર્ગજીએ મને જે વાત કહી હતી તે તમે સાંભળી લો. કાનકુંવર મારો, યશોદાનો, તમારા સૌનો છે. પરંતુ ગર્ગજીએ મને એમ કહેલું કે તમારા દીકરામાં નારાયણનો આવેશ આવે છે, માટે તેને સાચવશો.

આ સાંભળીને ભગવાન હસે છે : બાવા ! હું પોતે જ નારાયણ છું.

દેવે વર્ષતિ યજ્ઞવિપ્લવવરુષા વજ્રાશ્મપર્ષાનિલૈઃ
સીદત્પાલપશુસ્ત્રિ આત્મશરણં દૃષ્ટ્વાનુકમ્પ્યુત્સ્મયન્ ।
ઉત્પાટ્યૈકકરેણ શૈલમબલો લીલોચ્છિલીન્ધ્રં યથા
બિભ્રદ્ ગોષ્ઠમપાન્મહેન્દ્રમદભિત્ પ્રીયાન્ન ઇન્દ્રો ગવામ્ ॥૨૬/૨૫॥

શ્રીશુકદેવજી વિનંતી કરે છે, મહારાજ ! જેમણે આવી રીતે ગિરિરાજબાવા ધારણ કર્યા; એ ગોકુલનો નાથ, ગાયોનો સ્વામી અમારી રક્ષા કરે છે.

હવે ઇન્દ્ર સુરભિ ગાયને આગળ કરી, શ્યામજીની સ્તુતિ કરવા આવ્યો. તે સમજી ગયો કે મારી ભૂલ થઈ છે; છતાં આખરે તો ઇન્દ્ર ને ! આથી લોકોની સામે માફી માગવાની તેની જિગર ન ચાલી. તે ભગવાનને કહે છે, મહારાજ ! આપ બાજુમાં આવો, મારે આપના પગમાં પડવું છે. દુનિયાના દેખતાં માફી માગી હોત, તો ઇન્દ્રે બીજી વાર ભૂલ કરી ન હોત. પરંતુ એકાંતમાં માફી માગીએ અને ફરી ભૂલ કરીએ તો કોણ જાણે ? માણસનું સ્વાભિમાન એવું છે કે તે ભૂલ કબૂલ કરવા માગે છે, પણ દુનિયાની સામે નહિ. માણસ એવું નથી ચાહતો કે લોકોની સામે ઠપકો મળતાં લોકો એના સાચા વ્યક્તિત્વને ઓળખી જાય. તેથી ઇન્દ્ર પણ એકાંતમાં ભગવાનની માફી માગવા આવ્યા છે –

વિવિક્ત ઉપસઙ્ગમ્ય વ્રીડિત: કૃતહેલન: ।
પસ્પર્શ પાદયોરેનં કિરીટેનાર્કવર્ચસા ॥૨૭/૨॥

એકાંતમાં ઇન્દ્રે માફી માગી, તેનું શું પરિણામ આવ્યું તે જાણવા જેવું છે. ઉત્તરાર્ધમાં એ પ્રસંગ આવશે કે જ્યારે શ્યામસુંદર સ્વર્ગમાંથી પારિજાતનું વૃક્ષ લઈ આવશે; ત્યારે આ જ ઇન્દ્ર પાછો તેમની સામે મૂછો આંબળતો લડવા જશે. જો તેણે જાહેરમાં માફી માગી હોત, તો બીજી વાર આવી ભૂલ ન કરત. માણસને ખરેખર સુધારવો હોય, તો તેને ચાર માણસોની વચ્ચે જ ઠપકો આપવો જોઈએ.

ઇન્દ્ર ભગવાનની સ્તુતિ કરે છે. તેણે એકંદર દશ શ્લોકોમાં સ્તુતિ કરી –

વિશુદ્ધસત્ત્વં તવ ધામ શાન્તં તપોમયં ધ્વસ્તરજસ્તમસ્કમ્ ।
માયામયોઽયં ગુણસમ્પ્રવાહો ન વિદ્યતે તેઽગ્રહણાનુબન્ધ: ॥૨૭/૪॥

ઇન્દ્ર કબુલાત આપે છે, હે શ્યામસુંદર ! અત્યાર સુધી હું એમ સમજતો હતો કે આખી દુનિયામાં મારો અધિકાર ચાલે છે, પરંતુ આજે હું સમજી ગયો કે તમારા વ્રજમંડળ ઉપર મારો અધિકાર નથી. આપના પરમધામ વૃંદાવન ઉપર કોઈ દેવી-દેવતાનો અધિકાર નથી. જેના હૃદયમાં વિશુદ્ધ સત્ત્વ વધે, તેને દુનિયાનાં કોઈ કુબેરો કે ઇન્દ્રો પોતાના અધિકારમાં લઈ શકતા નથી. તે કદી પામર બનીને આ લોકોના પગમાં પડતો નથી. નથી એને સત્તા ઝુકાવી શકતી કે નથી એને સંપત્તિ ઝુકાવી શકતી. તેને ઝુકાવી શકે છે કેવળ પ્રભુનો પ્રેમ. તેઓ જે સાચું અને સારું હોય તે જ કરે. જીવનને ઉન્નત બનાવવું હોય, તો જે સાચું અને સારું હોય તે જ કરવું. કોઈની શેહમાં આવીને આપણે ખોટા નિર્ણયો કરી બેસીએ, તો તેમાં ભગવાનનો દોષ નથી,

આપણી બુદ્ધિનો દોષ છે. આજે મોટા ભાગનાં કામ સારાં થતાં નથી, તેનું કારણ ચાલુ થયેલી ખોટી પરંપરા છે. એક વર્ષે ગુજરાતમાં મોટો દુકાળ પડ્યો. સરકાર તરફથી રાહતકાર્યો શરૂ થયાં. એક મોટા અમલદારે હાથ નીચેના નોકરો ઉપર દબાણ કર્યું કે તમારે અમને આટલું આપવું પડશે. તેમણે કૉન્ટ્રાક્ટર ઉપર દબાણ કર્યું કે તારે અમને આટલું આપવું જ પડશે. ખરેખર તો એ ગરીબોને મદદ કરવાનાં રાહતનાં કામો હતાં, પરંતુ તેમાંથી કેટલાક લોકો હજારો રૂપિયા કમાઈ ગયા. પરિણામે, એ રસ્તો એવો બન્યો કે તેને ફરીથી તૈયાર કરવો પડ્યો.

આજે ઇન્દ્ર કહે છે, મહારાજ! હું સમજી ગયો કે જેના હૃદયમાં રજોગુણ અને તમોગુણ હોય, તેની ઉપર કુબેરો અને ધનપતિઓની અસર ચાલે છે; પરંતુ જેના હૃદયમાં સત્ત્વગુણ છે અને જે સંત છે તેને કોઈ દબાવી શકતું નથી. આ વૃંદાવન ભૂમિની ધરતી તપોભૂમિ છે. મેં ભૂલ કરી હોય તો મને દંડ આપો. હું ક્ષમા નથી માગતો, હું દંડ માગું છું; પરંતુ કૃપા કરીને મારી ઉપેક્ષા કરશો નહિ. દંડ સહન થાય; પરંતુ સ્વજનોની ઉપેક્ષા સહન કરવી બહુ અઘરી હોય છે. દુનિયામાં મોટામાં મોટો માર ઉપેક્ષા છે. આમ, ઇન્દ્ર પોતાનો અપરાધ કબૂલ કરે છે –

પિતા ગુરુસ્ત્વં જગતામધીશો
દુરત્યયઃ કાલ ઉપાત્તદણ્ડઃ ।
હિતાય સ્વેચ્છાતનુભિઃ સમીહસે
માનં વિધુન્વઞ્જગદીશમાનિનામ્ ॥૨૭/૬॥

મહારાજ! આપ પિતા છે. પિતાનો અધિકાર છે કે કોઈ વાર અનુગ્રહ કરે, કોઈ વાર નિગ્રહ કરે. આપ મારા પિતા હોઈ મને મારો રાહ બતાવો. હું ઐશ્વર્યથી આંધળો બનેલો છું. મેં આપનો અપરાધ કરેલો છે.

નમસ્તુભ્યં ભગવતે પુરુષાય મહાત્મને ।
વાસુદેવાય કૃષ્ણાય સાત્વતાં પતયે નમઃ ॥૨૭/૧૦॥

આપ ભગવાન છો, પરમ પુરુષ છો. સંતોના સ્વામી છો. હે ગોવિંદજી ! આપ અમારા જેવા દુષ્ટ પુરુષોનું દમન કરનારા છો, મને ક્ષમા કરો.

શ્યામજી હસે છે, ઇન્દ્ર! હજી તારું પોતાનું વિશ્લેષણ કરતાં તને બરાબર આવડ્યું નહિ.

હે ઇ
છે. આંધળ
ફૂટવી જો
તારી એ

આપ
પાસે પૈસા
અભિમાના
માણસ આ

જય
ભેગી કર
બિલકુલ
પૂછ્યું :

પેલા
એના જેવા
અહીંથી મા
લોકો વળગ
અનુભવ થ

બીજા
ખાલી છે
વેચી નાખ્ય
થઈ ગઈ
'મહારા
સંપત્તિ

ભ
આવડત

મામૈશ્વર્યશ્રીમદાન્ધો દણ્ડપાણિં ન પશ્યતિ ।
તં ભ્રંશયામિ સમ્પદ્ભ્યો યસ્ય ચેચ્છામ્યનુગ્રહમ્ ॥૨૭/૧૬॥

હે ઇન્દ્ર ! તું કેવળ ઐશ્વર્યથી જ નહીં, પણ ઐશ્વર્ય અને સંપત્તિ બંનેથી આંધળો છે. આંધળા બનવા માટે બંને આંખો ફૂટવી જોઈએ. કાણો બનવા માટે એક જ આંખ ફૂટવી જોઈએ. ઐશ્વર્ય અને ઐશ્વર્ય અપાવનાર સંપત્તિ, એ બંનેથી તું આંધળો છે; તારી એ બંને આંખો ફૂટી ગઈ છે.

આપણને વિચાર થશે કે આ બેથી માણસ કેવી રીતે આંધળો બને ? માણસ પાસે પૈસો હોય, પણ તેને પૈસાનો ઉપયોગ કરતાં ન આવડતો હોય, તોય તે અભિમાની બને. તેને પ્રદર્શન કરતાં આવડતું હોય, પણ ખીસાં ખાલી હોય તોય માણસ અભિમાની બને છે.

જયપુરની પાસે એક ગામ છે. ત્યાં એક કરોડપતિ શેઠ રહેતા. તેમણે રકમ ભેગી કરવા ખાતર કરેલી. સોનાની પાટો બનાવી જમીનમાં દાટેલી. તેમનાં કપડાં બિલકુલ ગંદાં અને ફાટેલાં. તેમનું ઘર પણ ઝૂંપડી જેવું, છાપરું તૂટેલું. કોઈકે તેમને પૂછ્યું : તમે આવા ઝૂંપડામાં મેલાં-કપડાં ફાટેલાં પહેરીને કેમ જીવો છો ?

પેલાએ કહ્યું : હું આવી રીતે ન રહું તો બધા લોકો મારી પાસે માગવા આવે. એના જેવો અનુભવ, આપણે પણ જ્યારે વ્રજમાં જઈએ ત્યારે ત્યાં થતો હોય છે. અહીંથી મોટર લઈને વ્રજમાં જઈએ, તો ગોળ ઉપર કીડીઓ ચોંટી જાય તેમ ત્યાંના લોકો વળગી પડે. તેમને થોડું આપો તો સંતોષ ન થાય. ત્યાં ડગલે ને પગલે આવો અનુભવ થાય.

બીજા કેટલાક લોકો એવા છે કે જેને દેખાવ કરવો ગમે છે, પરંતુ તેમની તિજોરી ખાલી છે. એવું પણ કુટુંબ હતું. દીકરીનાં લગ્ન લેવાયાં. ઘર ગિરવી મૂક્યું અને દાગીના વેચી નાખ્યા. બહુ ધામધૂમથી દીકરીનાં લગ્ન કર્યાં. આખા ગામમાં તેમની વાહવાહ થઈ ગઈ. લગ્ન થયા પછી ઘરધણી અને તેમનાં પત્ની ભગવાન પાસે રડે છે કે 'મહારાજ! હવે અમે શું કરીએ ?' આમ, જેમની પાસે ઐશ્વર્ય છે, તેમની પાસે સંપત્તિ નથી. ક્યાંક સંપત્તિ છે, તો એની પાસે ઐશ્વર્ય નથી.

ભગવાન કહે છે, ઇન્દ્ર ! તારી પાસે સ્વર્ગનું રાજ્ય છે અને રાજ્ય ભોગવવાની આવડત બંને છે, તેથી તું અભિમાની બન્યો છે. પણ તારી પાછળ હું ડંડો લઈને ઊભો

છું, તે તું જોતો નથી. તારી જેમ દુનિયાના કેટલાય ઇન્દ્રો જોતા નથી કે તેમની પાછળ પણ ભગવાન ડંડો લઈને ઊભા છે. ભોગવતાં ભોગવી લો, પણ પછી તમારે ડંડો ખાવા તૈયાર રહેવું પડશે. એ બધાંનો બદલો એક દિવસ તમારે આપવો પડશે.

ઇન્દ્ર હાથ જોડીને કહે છે, ભગવાન ! હું મારો અપરાધ સમજી ગયો.

ગમ્યતાં શક્ર ભદ્રં વઃ ક્રિયતાં મેઽનુશાસનમ્ ।
સ્થીયતાં સ્વાધિકારેષુ યુક્તૈર્વઃ સ્તમ્ભવર્જિતૈઃ ॥૨૭/૧૭॥

ભગવાને આજ્ઞા કરી : ઇન્દ્ર પાછો જા. તારું કલ્યાણ થાઓ. મેં તને જે સુખ આપ્યું છે, તેમાં તું મારું અનુશાસન સ્વીકારજે. તારા અધિકારમાં રહેજે. અર્થાત્ આપણને મળેલી સંપત્તિમાં ટ્રસ્ટીશિપની ભાવના રાખવી. આ મારું નથી, પરમાત્માનું છે. પરમાત્માએ મને જે રીતે વાપરવા આપ્યું છે, તે રીતે મારે વાપરવાનું છું. હું તેનો માલિક નથી, હું કેવળ તેનો ટ્રસ્ટી છું.

આ વાત તો ગાંધીજી પણ સમજાવતા હતા કે ભલે કૉર્ટમાં તારી માલિકી ઠરતી હોય, ભલે દસ્તાવેજ તારા નામના હોય; પણ ભગવાનના દરબારમાં કશું તારું નથી, બધું ભગવાનનું છે. આપણામાં જો આ ભાવના આવી જાય, તો કદી આપણામાં વેરઝેર, ઈર્ષ્યા, ક્લેશ જાગે નહિ. ભગવાન કહે છે, તું ભોગવે એમાં મને વાંધો નથી. તે ભોગવતાં તું બગડી જાય, એનો મને વાંધો છે.

સુરભિ ગાય લઈ ઇન્દ્ર ભગવાનની પાસે આવ્યા. તેઓ સહકુટુંબ-સપરિવાર આવ્યા છે. તેઓ ભગવાનની સ્તુતિ કરે છે –

કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન્ વિશ્વાત્મન્ વિશ્વસમ્ભવ ।
ભવતા લોકનાથેન સનાથા વયમચ્યુત ॥૨૭/૧૯॥

સુરભિજીને લઈને ઇન્દ્ર કેમ આવ્યા ? ઇન્દ્રને ડર હતો કે ભગવાન મને બહુ મોટો દંડ ન કરે. ભગવાનને ગાય બહુ ગમે છે. તું ગાયને આગળ કરીને જઈશ, તો ગોવિંદજી તને નહિ મારે. માટે તે સુરભિને લઈને આવ્યો.

સુરભિજીએ સ્તુતિ કરતાં કહ્યું : હે શ્યામસુંદર ! આપ મહાયોગી છો, વિશ્વના આત્મા છો. દુનિયાનું કલ્યાણ કરવા પધાર્યા છો. આપ સ્વર્ગના દેવોનું પણ કલ્યાણ કરો છો. આજે હું આપને 'ગોવિંદ' પદવી આપું છું.

તેમની પાછળ
ો તમારે ડંડો
ાપવો પડશે.
ાયો.

૭॥

ને જે સુખ
ે જે. અર્થાત્
થી, પર-
ે વાપરવાનું

ારો માલિકી
રમાં કશું તારું
ો આપણામાં
ો વાંધો નથી.

મ સપરિવાર

ાને બહુ મોટો
તો ગોવિંદજી

ો, વિશ્વના
ડા કલ્યાણ

સુરભિ આકાશમાં અધ્ધર ઊભાં છે. આંચળમાંથી દૂધની ધારાઓ સ્રવે છે. તેમણે પોતાના દૂધથી ભગવાનનો અભિષેક કરીને 'ગોવિંદ' પદવી આપી –

તત્રાગતાસ્તુમ્બુરુનારદાદયો
ગન્ધર્વવિદ્યાધરસિદ્ધચારણાઃ ।
જગુર્યશો લોકમલાપહં હરેઃ
સુરાઙ્ગનાઃ સંનનૃતુર્મુદાન્વિતાઃ ॥૨૭/૨૪॥

નારદજી આવ્યા, સંતો આવ્યા. ભગવાનને ગોવિંદ પદવી મળી રહી છે, ત્યારે તેઓ સૌ ઝાંઝ, પખાવજ સાથે કીર્તન કરવા લાગ્યા.

ગોવર્ધનલીલામાં ભગવાને સમજાવ્યું કે મને સમર્પણ કરેલી વસ્તુઓ શુદ્ધ હોઈ, તેનો પ્રસાદ બનતાં તમારામાં સત્ત્વશુદ્ધિ કરે છે. ભગવાને ઇન્દ્રનું અભિમાન ઉતાર્યું. સુરભિજીને આનંદ આપ્યો.

હવે ભગવાન વરુણજીનું અભિમાન ઉતારવા તત્પર થશે.

■

પ્રકરણ ૩૪

બ્રહ્માનંદ અને ભજનાનંદ

એકાદશ્યાં નિરાહારઃ સમભ્યર્ચ્ય જનાર્દનમ્ ।
સ્નાતું નન્દસ્તુ કાલિંદ્યા દ્વાદશ્યાં જલમાવિશત્ ॥૨૮/૧॥

નંદબાવાએ નિર્જલા એકાદશી કરી. દ્વાદશીની સવારે તેઓશ્રી યમુનાજીમાં સ્નાન કરવા ગયા. તેમણે શ્રીયમુનાજીનું અર્ચન-પૂજન કર્યા પછી દ્વાદશીનાં પારણાં કર્યાં. એકાદશીની રાત અડધી વહી હતી. કદાચ કૂકડો વહેલો બોલ્યા હશે. તેઓ અડધી રાતે જાગી ગયા અને ઊઠીને સ્નાન કરવા ગયા. ત્યાં યમુનાજીના જળમાં ડૂબી ગયા. ઘણા લોકો એકાદશીના દિવસે વરુણલોકમાં ડૂબી જાય છે. જ્યાં ચાવવા અને ખાવાનું કામ થતું હોય તે વરુણલોક. ઘણા લોકો એકાદશીના દિવસે ખા-ખા કરે છે અને બોલતા જાય કે આજે ઉપવાસ કર્યો છે. રાતે જાગરણ કરવા ગયા. ભજન-કીર્તન કર્યાં, અડધી રાત થઈ કે પાછો પેલો વરુણલોક આવ્યો. નંદબાવા અડધી રાતે વરુણલોકમાં ડૂબી ગયા. તેમણે શ્યામજીને બૂમ પાડી, કનૈયા મને બચાવ. નંદનંદન દોડતા ગયા. નંદનંદન વરુણલોકમાં પધાર્યા. વરુણે હાથ જોડ્યા, મહારાજ ! –

અજાનતા મામકેન મૂઢેનાકાર્યવેદિના ।
આનીતોઽયં તવ પિતા તદ્ભવાન્ ક્ષન્તુમર્હતિ ॥૨૮/૭॥

મેં ભૂલથી આપના પિતાને પકડી લીધા છે. હું આપના કાર્યને ઓળખી શક્યો નથી, મને ક્ષમા કરો.

ભગવાને અહીં એમ સમજાવ્યું કે જે જીભ એકાદશીના દિવસે વરુણલોકમાં ડૂબતી હોય, તેને બચાવવા એકાદશીના દિવસે બને તેટલા જપ કરો. મનને પ્રભુમાં પરોવાયેલું રાખીશું, તો ભૂખ નહિ લાગે. મન નવરું હશે તો ભૂખ લાગશે.

નંદબાવા સમજાવે છે કે જેવી રીતે શ્યામસુંદરે મને ઉગાર્યો, તેવી રીતે તમે પણ તેના નામ-સ્મરણથી ઊગરશો. એકાદશીએ હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં શ્રીઅષ્ટાક્ષરનું રટણ કરતાં રહેવું.

પ્રભુ નંદબાવાને લઈને ગોકુળમાં પાછા પધાર્યા. વ્રજવાસીઓએ વિનંતી કરી, મહારાજ ! અમને ખાત્રી થઈ છે કે તમે પરબ્રહ્મ પરમાત્મા છો. આપે પિતાજીને વરુણલોક બતાવ્યો, તો અમને તમારો લોક બતાવો.

શ્યામજી કહે છે, મિત્રો ! ધામમાં બિરાજેલો ધામી હું તમને મળ્યો, હવે તમારે ધામને જોવાની જરૂર શી છે?

વ્રજવાસીઓને બ્રહ્માનંદનો અનુભવ કરવાની ઇચ્છા છે. ભગવાન કહે છે, બ્રહ્માનંદ કરતાં ભજનાનંદ બહુ મોટો છે. એ ભજનાનંદનું દાન આપવા હું આવ્યો છું, ત્યારે તમે બ્રહ્માનંદમાં ડૂબશો ?

ભગવાનના અક્ષર સ્વરૂપનો અનુભવ તે બ્રહ્માનંદ; ભગવાનના પુરુષોત્તમ સ્વરૂપનો અનુભવ તે ભજનાનંદ. જ્યોતિ સ્વરૂપનાં દર્શન તે બ્રહ્માનંદ; સાકાર સ્વરૂપનાં દર્શન તે ભજનાનંદ.

ભગવાને વ્રજવાસીઓને બ્રહ્માનંદનો અનુભવ કરાવ્યો –

સત્યં જ્ઞાનમનન્તં યદ્ બ્રહ્મજ્યોતિ: સનાતનમ્।
યદ્ધિ પશ્યન્તિ મુનયો ગુણાપાયે સમાહિતા: ॥૨૮/૧૫॥

વ્રજવાસીઓએ આંખો બંધ કરી કે તરત જ તેમને સમાધિ લાગી. ભક્તિમાં યોગનો અનુભવ ભગવાને એક ક્ષણમાં કરાવ્યો. ત્યાં જ્યોતિ સ્વરૂપનાં દર્શન થયાં. વ્રજવાસીઓને લાગ્યું કે આ અક્ષર સ્વરૂપમાં અમે ડૂબી ગયા છીએ. એમનું અસ્તિત્વ ઓગળતું લાગ્યું. તેઓ ગભરાઈ ગયા. એકદમ આંખો ખોલી દીધી.

ભગવાને પૂછ્યું : મિત્રો કેવું લાગ્યું ? મિત્રો કહે છે, મહારાજ! જ્યોતિ જોઈને અમે તો ગભરાઈ ગયા. ભગવાને કહ્યું : જ્ઞાનીઓ માટે બ્રહ્માનંદ છે અને ભક્તો માટે ભજનાનંદ છે. બ્રહ્માનંદમાં મારા જ્યોતિ સ્વરૂપમાં મારા ભક્તો ખોવાઈ જાય છે. ભજનાનંદમાં મારા જેવા બની, મારા આનંદનો રસ લે છે.

એક વાર એક માણસ તરસ્યો થયો. તે નદીકિનારે ગયો. ત્યાં બે બાવાજી બેઠેલા : એક બ્રહ્માનંદી હતો, બીજો ભજનાનંદી હતો. બ્રહ્માનંદીએ કહ્યું, તરસ લાગી છે. એક મશ્કરા સેવકે તેની બોચી પકડીને નદીના પાણીમાં મોં ડુબાડ્યું. પેલો ગભરાઈ ગયો. તેણે કહ્યું, પાણીમાં ડૂબી જઈશ, તો હું જીવીશ કેવી રીતે ?

ભજનાનંદીએ કહ્યું, એને અહીં મારી પાસે મોકલ. તેમણે નદીમાંથી જળ લઈ પેલા માણસને ખોબે ખોબે પાયું. તે જળ પીતાં તેને તૃપ્તિ થઈ. જળમાં ડૂબી જવાથી તરસ છીપતી નથી. ખોબેખોબે પીવાથી તરસ છીપે છે. જળમાં ડૂબી જવું એનું નામ બ્રહ્માનંદ અને ખોબે ખોબે જળ પીવું એનું નામ ભજનાનંદ.

તે તુ બ્રહ્મહ્રદં નીતા મગ્ના: કૃષ્ણેન ચોદ્ધૃતા: ।
દદૃશુર્બ્રહ્મણો લોકં યત્રાક્રૂરોઽધ્યગાત્ પુરા ॥૨૮/૧૬॥

યોગી અધ્યાત્મ-દર્શન કરે છે, ભક્ત પ્રત્યક્ષ દર્શન કરે છે. ભક્તની કામના છે કે તમે મને આંખો આપી, કાન આપ્યા, નાક આપ્યું, મોં આપ્યું, ઇન્દ્રિયો આપી; તો તમારી એવી અનુભૂતિ આપો કે અમે પ્રત્યક્ષમાં તમારા રસનો અનુભવ કરી શકીએ. આ પ્રત્યક્ષ રસનો અનુભવ કરવાનું જેનું સામર્થ્ય નથી, તે ભલે અધ્યાત્મ-રસનો અનુભવ કરે.

વ્રજવાસીઓ કહે છે, હે શ્યામસુન્દર ! અમારું સામર્થ્ય મોટું છે. અમને મોટા સામર્થ્યનો અનુભવ કરાવો.

અહીં અઠ્ઠાવીસ અધ્યાય સુધીની લીલા પરિપૂર્ણ કરી.

હવે, ઓગણત્રીસમા અધ્યાયથી **રાસલીલા**ની શરૂઆત થશે.

■

પ્રકરણ : ૩૫

લઘુ રાસલીલા

રાસ-પંચાધ્યાયીમાં બ્રહ્માનંદ કરતાં ભજનાનંદ શ્રેષ્ઠ છે, એનું દર્શન કરાવ્યું છે. રાસનું દર્શન એ જ કરી શકે છે, જેનામાં ભાવુકતા અને રસિકતા હોય. શ્રી શુકદેવજીએ મંગલાચરણમાં જ પરીક્ષિતને કહી દીધું કે 'હે પરીક્ષિત ! જે રસિક અને ભાવુક હોય, તે જ આ રસને સમજી શકશે.' ભાવ હોય પણ રસાસ્વાદનની શક્તિ ન હોય; અથવા રસાસ્વાદનની શક્તિ હોય પણ ભાવ ન હોય, તો રાસનું દર્શન થઈ શકે નહિ. રાસના દર્શનમાં બંને જોઈએ. રસાસ્વાદન કરવા માટે અર્થના અનુસંધાન સાથે ભગવદ્-સ્વરૂપમાં આસક્તિ જોઈએ. અનુસંધાન અને આસક્તિ બે ભેગાં મળે, તો રસ જાગે. જીવમાં શબ્દબોધ કરવાની શક્તિ હોય, પણ આસક્તિ જ ન હોય; અથવા આસક્તિ હોય પણ શબ્દબોધ જ ન થતો હોય, તો ચાલતું નથી. માટે ભાવુક અને રસિક એવા શ્રોતાઓ માટે જ આ રાસનો રસ છે.

રાસ એટલે રસોનો સમૂહ. અંતઃકરણમાં રસોનો સમૂહ પ્રગટ થવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો રસ-સ્વરૂપ સાક્ષાત્ ભગવાનનો રસ જેમાં પ્રગટ થાય છે તે રાસ. કેરીનો કે શેરડીનો રસ ફીકો હોય છે, શ્યામનો રસ સૌથી વધારે મીઠો હોય છે. આવો રસ જે દ્વારા અનુભવાય તે રાસ. બીજા બધા રસોનો અનુભવ શરીર કે ઇન્દ્રિયો કરે છે, ભગવદ્રસનો અનુભવ આત્મા કરે છે. મીઠાઈ ખાઈએ એટલે જીભને સારું લાગે. જોવામાં રસ પડે તો આંખોને સારું લાગે. મધુર સંગીત કાનને સારું લગાડે છે; પરંતુ તેનાથી આત્માને રસ પડ્યો એમ ન કહેવાય. બીજા બધા આંખ, કાન, નાક, શરીરના વિષયો હોય છે; પરંતુ રાસ તો આત્માનો વિષય છે.

શ્રીમદ્ ભાગવતજીમાં એકંદરે **છ પંચાધ્યાયી** છે : (૧) *પુરંજન-પંચાધ્યાયી* ચોથા સ્કંધમાં છે. (૨) *ગૃહ-પંચાધ્યાયી* પણ ચોથા સ્કંધમાં છે. (૩) *ભૂગોલ-પંચાધ્યાયી* પાંચમા સ્કંધમાં છે. (૪) *કર્મ-પંચાધ્યાયી* સાતમા સ્કંધમાં છે. (૫) *રાસ-પંચાધ્યાયી* દશમા સ્કંધમાં છે અને (૬) *જ્ઞાન-પંચાધ્યાયી* અગિયારમા સ્કંધમાં છે. **પાંચ-પાંચ અધ્યાયોના સમૂહને પંચાધ્યાયી કહેવાય**. આ બધી પંચાધ્યાયીઓમાં સૌથી વધુ સુંદર રાસ-પંચાધ્યાયી છે.

રાસ-પંચાધ્યાયીના પાંચ અધ્યાય કેમ ? તેને માટે ટીકાકારોએ જુદા જુદા દૃષ્ટિકોણ બતાવ્યા. એક ટીકાકારે કહ્યું : પાંચ પ્રાણોનો નિરોધ જેના દ્વારા થાય, એવી

લીલા કહેવા માટે પાંચ અધ્યાય. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પંચપ્રાણો છે. બીજા ટીકાકારે કહ્યું કે આ લીલા દ્વારા પાંચ રીતે આત્માનો અનુભવ કરી શકાય છે. આનંદનો અનુભવ કરવાના પાંચ માર્ગો શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા: આત્માથી, મનથી, વાણીથી, પ્રાણથી અને ઇન્દ્રિયોથી. આ પાંચેય આનંદની ઉપલબ્ધિનાં સાધનો છે. આ પાંચેપાંચ સાધનોથી પરમાત્માના રસનો અનુભવ કરવા માટે રાસ-પંચાધ્યાયી છે.

શ્રીધરજીએ અર્થ કર્યો, જેવી રીતે ભગવાને ઇન્દ્રનું નાક કાપ્યું, વરુણનું નાક કાપ્યું; એવી રીતે કામદેવનું નાક કાપવા માટે કરેલી લીલા તે રાસ-પંચાધ્યાયી.

શ્રીમહાપ્રભુજીએ જુદો અર્થ કર્યો. ભૌતિક કામને નિષ્કામ બનાવનારી, દિવ્ય બનાવનારી ભગવાનની જે લીલા, તે રાસ-પંચાધ્યાયી. ભગવાને આ લીલામાં કામને પણ આધિદૈવિક બનાવ્યો છે. જેમ મનનું ઊર્ધ્વીકરણ થાય, તેમ આ લીલામાં કામનું ઊર્ધ્વીકરણ થયું છે.

શરદ ઋતુ છે. રાત પડી છે. ગોવિંદજી કદંબના વૃક્ષની છાયામાં યમુનાજીના કિનારે ઊભા છે.

ભગવાનપિ તા રાત્રી: શરદોત્ફુલ્લમલ્લિકા: ।
વીક્ષ્ય રન્તું મનશ્ચક્રે યોગમાયામુપાશ્રિત: ॥૨૯/૧॥

આજે નંદનંદનની દૃષ્ટિ ત્રણ વસ્તુઓ ઉપર પડી છે : એક નજર રાત પર પડી. વિચાર કર્યો કે આ તો ભૌતિક રાત્રિ છે. હમણાં ખીલેલી દેખાય છે, પણ થોડાક કલાક પછી આથમી જશે. મારે તો છ મહિનાની રાત બનાવીને રાસ ખેલવો છે. આ રાત આથમી જાય, તો રાસ કેવી રીતે રમાય ? ભગવાને આધિભૌતિક રાત ઉપર આધિદૈવિક રાતનું આવરણ બિછાવી દીધું. પ્રભુજીની બીજી નજર રાતે ખીલેલાં મલ્લિકાનાં પુષ્પો ઉપર પડી. મલ્લિકા એટલે મોગરો. ખરેખર તો શરદ ઋતુમાં મોગરો ન થાય. મોગરો ઉનાળાનું ફૂલ છે; પરંતુ ભગવાનની દૃષ્ટિ પડતાં છએ ઋતુનાં પુષ્પો ખીલી ગયાં. આ ખીલેલાં પુષ્પો ગોવિંદજીના ખીલેલા હૃદયને સમજાવે છે. જેવી રીતે પુષ્પો ખીલ્યાં છે, તેવી રીતે ગોવિંદજીનું હૃદય પણ ખીલ્યું છે. સાથે સાથે ગોવિંદજી આજે વ્રજભક્તોનાં હૃદયમાં રહેલી ભાવની કલિકાઓને પણ ખીલવશે. ભગવાને ત્રીજી દૃષ્ટિ ભક્તોનાં અંત:કરણને જોવા ગોપીજનો ઉપર નાખી. આજે ગોવિંદજી એકલા નથી ઊભા, સાથે યોગમાયાને લઈને ઊભા છે.

જેમ કાત્યાયનીના વિષયમાં ટીકાકારોએ વિચાર કર્યો હતો, તેમ અહીં યોગમાયાના વિષયમાં ટીકાકારોએ વિચાર કર્યો છે.

એક અર્થ આપ્યો, **'યોગાય માયા ઈતિ યોગમાયા'** - ભગવાનનો સંબંધ કરાવે તેનું નામ યોગમાયા. આજે શ્યામજી પોતાની સાથે આ શક્તિને લઈને એટલા માટે આવ્યા છે કે આ લીલા માટે જરૂરી સૃષ્ટિની રચના થઈ શકે.

યોગમાયાનો **બીજો અર્થ** કર્યો, સંબંધ કરાવનારી શ્યામજીની બંસી. કોઈકને બોલાવવા માટે આજે ટેલિફોન કરીએ છીએ. એ દિવસે ભગવાને ગોપીઓ સાથે સંપર્ક અને સંબંધ વેણુથી કર્યો. મોહનજીએ વેણુનાદ દ્વારા ગોપીજનોને જલદી આવી પહોંચવા કહ્યું. ભગવાન સાથે ભક્તોનો યોગ કરાવનારી આ શક્તિ વેણુ છે.

યોગમાયાનો **ત્રીજો અર્થ** કર્યો શ્રીયમુનાજી. શ્રીયમુનાજી શ્રીઠાકોરજીનો સંયોગ કરાવનારી શક્તિ છે. શ્યામજી એકલા ઊભા નથી, સ્વામિની-સ્વરૂપા શ્રીયમુનાજી નીરમાંથી પ્રગટ થયાં છે. કરમાં કમળની માળા લઈ, શ્રીરાસવિહારીલાલને ધરાવવા પધાર્યાં છે. શ્રીયમુનાજી તૈયારી કરે, પછી જ રાસની શરૂઆત થાય.

યોગમાયાનો **ચોથો અર્થ** કર્યો શ્રીરાધાજી. શ્રીરાધાજી આજ્ઞા ન કરે, ત્યાં સુધી રાસમાં પ્રવેશ મળતો નથી. માટે રાસપૂર્વે ગોપીજનો શ્રીરાધાજીને વિનંતી કરે છે-

ચલહુ રાધિકે સુજાન, તેરે હિત ગુણનિધાન;
રાસ રચ્યો કુંવર કાન્હ, તટ કલિન્દ-નંદિની.

આ સમયે ગોવિંદજીએ મન કર્યું, ખીલેલા મોગરા જેવું. ગોવિંદજીએ રાસ રમવાની ઇચ્છા કરી. આપણે મન કરીએ, ત્યારે ભગવાન પાસે જવું કઠિન છે; પણ ભગવાન મન કરે, ત્યારે તેમની પાસે જવું જરાય કઠિન નથી. આપણી અનંત ઇચ્છાઓ હોય છે, પણ જ્યાં સુધી આપણી ઇચ્છામાં ભગવાનની ઇચ્છા ભળતી નથી, ત્યાં સુધી આપણી ઇચ્છાને વેગ મળતો નથી. ભગવાન મન કરે ત્યારે બધું સિદ્ધ કરી આપે છે; આપણને જરાયે મહેનત પડતી નથી.

પ્રભુજીએ વિચાર કર્યો, રાત્રી અલૌકિક થઈ છે. વ્રજભક્તો અલૌકિક છે; તો અલૌકિક રાત્રીમાં ઊગેલો ચંદ્રમા પણ અલૌકિક જોઈએ.

તદોડુરાજ: કકુભ: કરૈર્મુખં પ્રાચ્યા વિલિમ્પન્નરુણેન શન્તમૈ: ।
સ ચર્ષણીનામુદગાચ્છુચો મૃજન્ પ્રિય: પ્રિયાયા ઇવ દીર્ઘદર્શન: ॥૨૯/૨॥

નક્ષત્રોનો સ્વામી ચંદ્રમા અલૌકિક સ્વરૂપે પ્રગટ થયો. આધિદૈવિક રાત્રીને સુંદર બનાવવા ભગવાને પોતાના મનરૂપી ચંદ્રમાને ખીલવ્યું. લૌકિક ચંદ્રમા કલંકિત છે, અલૌકિક ચંદ્રમા નિષ્કલંક છે. લૌકિક ચંદ્રમા વધે-ઘટે છે; જ્યારે અલૌકિક ચંદ્રમા કદી વધ-ઘટ થતો નથી. આપણને પ્રશ્ન થાય કે આકાશમાં રોજ ઊગતા ચંદ્રમાં શી અધુરપ હતી કે બીજો ચંદ્ર બનાવવો પડ્યો ?

એનું કારણ શ્રીહરિરાયજીએ રાસની ટીકામાં બહુ સુંદર બતાવ્યું છે. જ્યારે ભગવાનની ઇચ્છા થાય છે, ત્યારે તેમના અંતરમાંથી રાસસ્થલીની સર્વ પ્રવૃત્તિઓ બહાર પ્રગટ થાય છે. જ્યારે ભગવાનની અન્યથા ઇચ્છા થાય છે, ત્યારે તે સર્વનો અંત:કરણમાં અનુભવ થાય છે. વૃંદાવન, યમુનાજીનો કિનારો, ચંદ્રમા, રાત્રી - જેટલું બહાર છે તેટલું અંદર પણ છે. તેમનું સામર્થ્ય બે પ્રકારનું છે : બહાર અનુભવ કરવાનું અને અંદર અનુભવ કરવાનું. જ્યારે આ ભક્ત આંખો મીંચીને બેઠો હોય, ત્યારે તેને એમ જ લાગે કે હું સિનેમા જોઈ રહ્યો છું. એક પછી એક એ દશ્યો એની આંખો સામે આવતાં હોય, તે અંતરસંયોગ અને જે ખુલ્લી આંખે દેખાય, તે બાહ્યસંયોગ.

ભક્તિમાર્ગમાં બંને પ્રકારની સ્થિતિનો સ્વીકાર છે. ભક્તને આ લીલાઓનું અખંડ સ્મરણ જ નહિ, દર્શન પણ થતું હોય છે. સ્મરણ દ્વારા વસ્તુને ભ્રાંતિથી યાદ કરવી પડે છે; જ્યારે આ તો પ્રત્યક્ષ દેખાતું હોય છે. બહારનો ચંદ્ર રહેવાનો, તે અંદર ક્યાંથી આવે ? માટે ભગવાને અલૌકિક ચંદ્રમા પ્રગટ કર્યો. ચર્ષણીઓને આનંદ આપતો આ ચંદ્ર છે. ચર્ષણી એટલે ભક્તનો ઉદ્ધાર કરતી ભગવાનની શક્તિ. ભગવાનની દિવ્ય કૃપાશક્તિ શોધી રહી છે કે હું કોના ઉપર અનુગ્રહ કરું ? તેને અત્યાર સુધી કોઈ પાત્ર મળ્યું નથી. ઘણી વાર ગુરુ હોય, તોયે ગુરુનું જ્ઞાન લેનારો શિષ્ય હોતો નથી. ઘણી વાર આપનારા હોય છે, પણ લેનારા નથી હોતા. ઘણી વાર લેનારા હોય છે, તો આપનારા નથી હોતા. હવે હજારો વ્રજભક્તો પ્રગટ થયાં છે. તેમને આ કૃપાશક્તિ કૃપાનું દાન કરવાની છે.

રાસવિહારીલાલે રાસ રમવા અધર પર મુરલી ધરી. મુરલીમાંથી મધુરું કલગાન પ્રગટ થયું. એ શબ્દ દૂર દૂર ગોપીજનોના કાન સુધી પહોંચી ગયો. બાવરી બનેલી ગોપીઓ આ શબ્દમાં તન્મય થઈ ગઈ.

નિશમ્ય ગીતં તદનઙ્ગવર્ધનં વ્રજસ્ત્રિય: કૃષ્ણગૃહીતમાનસા: ।
આજગ્મુરન્યોન્યમલક્ષિતોદ્યમા: સ યત્ર કાન્તો જવલોલકુણ્ડલા: ॥૨૯/૪॥

રોમરોમમાં વસી જાય એવી રીતે ગોપીજનોએ મોહનજીની મુરલીનું ગીત સાંભળ્યું. આ ગીતમાં આહ્‌વાન હતું. તેમાં પ્રેમનો સ્વર હતો, આનંદનો સમુદ્ર ઊછળતો હતો. એ ગીતે ગોપીજનોમાં રહેલો શરીરભાવ તોડ્યો અને તેમનામાં ભગવદ્‌ભાવ જાગૃત કર્યો. એ ગીત ગોપીજનોનાં રોમરોમમાં એવું ગૂંજી ગયું કે તેઓ તેમનાં શરીરનું ભાન ભૂલી ગયાં. તેમના પગમાં દોડવાની તત્પરતા આવી. શરીરની પરવા કરે તો અરીસામાં જોવાનું મન થાય કે હું કેવી લાગું છું. શરીરની પરવા કરે તો ભોજન કરવા પણ રોકાય. અહીં તો દરેક ગોપીને એટલો જ વિચાર છે કે હું જરાક મોડું કરીશ, તો શ્યામજી ક્યાંક દૂર ચાલ્યા જશે. તેઓ દેહ અને ગેહનું ભાન ભૂલી ગયાં છે. જે ભક્ત પોતાના અંગભાવની પરવા કરે, તે સરખી રીતે પ્રભુનાં સેવા-સ્મરણ ન કરી શકે. ઘણા લોકો બહુ નાજુક હોય છે. જરીક અમથી સેવા કરે અને કહે મારા પગ બહુ દુ:ખે છે, મારી કમર દુ:ખે છે, માથું દુ:ખે છે. અંગભાવની પરવા કરીએ, તો કોઈ કામ થાય નહિ. જ્યાં સુધી આપણે તન્મય બનતાં નથી, ત્યાં સુધી આપણને દેહ અને ગેહ સતાવે છે.

ટીકાકારોએ **'અનંગવર્ધન'**નો બીજો અર્થ કર્યો : વહાલાની વેણુ સાંભળતાં લૌકિક કામ મરી ગયો અને દિવ્ય - અલૌકિક કામ જાગૃત થયો. ગોપીઓ કોઈનો સાથ-સંગાથ શોધ્યા વિના દોડી. કુમારિકાઓનું - અનન્યપૂર્વા ગોપીઓનું જૂથ પહેલું દોડ્યું. હવે પરણેલાં અન્યપૂર્વા ગોપીઓને ભગવાન બોલાવે છે –

દુહન્ત્યોઽભિયયુ: કાશ્ચિદ્ દોહં હિત્વા સમુત્સુકા: ।
પયોઽધિશ્રિત્ય સંયાવમનુદ્વાસ્યાપરા યયુ: ॥૨૯/૫॥

રાત પડવા આવી હતી. ઘરનું કામકાજ બાકી હતું. એક ગોપી ગાયોને દોહતી હતી, ત્યાં તો ગોવિંદજીની મુરલી વાગી. લાલાજી કહે છે : બાઈ દોહવું હોય તો દોહ ને છોડવું હોય છોડ, પણ જલદીથી આવ. પેલી બાઈ તાંબડીને ઠોકર મારીને દોડી. બીજી ગોપી ખીર બનાવતી હતી. ત્રીજી દૂધ ઉકાળતી હતી. શ્રી શુકદેવજી કહે છે, રાજા ! આ બધી ઘેલી ગોપિકાઓનાં ઘર દર્શન કરવા જેવાં છે. કોઈ ગોપી હાથમાં થાળી લઈ સ્વજનોને પીરસતી હતી. મોહનજીએ મુરલી વગાડી. મુરલીમાં કહ્યું : બાઈ, તું મરીશ તોય તારું આ કામ છૂટવાનું નથી. પેલી વાનગી ભરેલી થાળી ભૂમિ પર પટકીને વેણુની દિશામાં દોડી. કોઈ ગોપી ઘરનું કામ કરતી હતી, એના પતિની ચરણસેવા કરતી હતી. ત્યાં મોહનજીની મુરલી વાગી. તે તરત જ લાલાજી તરફ

દોડી. કોઈ ઘરનાં વાસણ માંજતી હતી. કોઈ ઘર લીંપતી હતી. કોઈ સ્નાન કરતી હતી. કોઈ આંખમાં કાજળ આંજતી હતી. સૌ એની એ સ્થિતિમાં દોડ્યાં.

અહીં બહુ સુંદર સમજાવ્યું. જે દિવસે હરિ કૃપા કરે છે તે દિવસે માણસ મનથી આ જગતની જંજાળોને છોડી દે છે. આ વાત સાધનદશાનાં ગોપીજનોની નથી, પરંતુ સિદ્ધદશાનાં ગોપીજનોની છે. સાધનદશામાં છોડનારને ભગવદ્પ્રાપ્તિ થતી નથી. આજે ઘણા લોકો આ ગોપીજનોનું અનુકરણ કરે છે. શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા છે કે જ્યાં સુધી ગોપીજનો જેવો ભાવ આવ્યો નથી, ત્યાં સુધી જો તમે બધું છોડીને ભગવાનની પાસે જશો, તો ભગવાન તમારો સ્વીકાર નહિ કરે. ઊલટાનું જગત તમારી નિંદા કરશે. ઘર પણ જશે અને ગોવિંદ પણ જશે. આ વાત પરિપક્વ દશાનાં ગોપીજનોની છે. જ્યારે વ્યક્તિના હૃદયમાં અનાયાસ એટલો બધો ભાવ સિદ્ધ થાય કે તે આપોઆપ જગત માટે નકામો બને, એવાં સિદ્ધ કક્ષાનાં લોકોની આ વાત છે.

જે ગોપાંગનાઓ વિશુદ્ધ ભાવવાળી હતી, તે ગોવિંદજી સુધી પહોંચી શકી છે; પણ જે કામભાવવાળી હતી, તે તેમના પતિદેવો પાસે રોકાઈ ગઈ. ભગવાન કહે છે, જે મારા તરફ સકામ ભાવે આવે, તેના રસ્તામાં કેટલાક કાંટા પડેલા હોય છે. હું નિષ્કામ ભાવવાળાને મદદ કરું છું, સકામ ભાવવાળાને નહીં. પતિદેવોએ જેમને રોકી રાખ્યાં, તેમને તીવ્ર વિરહ થયો. તે તીવ્ર વિરહમાં કરોડો કુંભિપાક નર્કનો અનુભવ થયો. તેમની પાપની બેડી તૂટી ગઈ. તેમનું ધ્યાન પ્રભુમાં લાગ્યું. ક્ષણ વારમાં શ્યામસુંદરનાં દર્શન થયાં. તેમાં પુણ્યની બેડી પણ તૂટી. પુણ્ય અને પાપની બેડી તૂટતાં ઘરમાં રહેલી ગોપીઓના આત્મા પરમાત્મા સાથે મળી ગયા.

दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभाः ।
ध्यानप्राप्ताच्युताश्लेषनिर्वृत्या क्षीणमङ्गलाः ॥२९/१०॥

તેઓ સદેહે ભગવાનને મળી શક્યાં નહિ; કારણ કે તેમને દેહમાં સકામ ભાવ છે. આત્મા ભગવાનને ઝંખતો હતો, તે ભગવાન પાસે ગયો; પરંતુ દેહને આવરણ આવ્યું. જે ગોપીજનો નિષ્કામ ભાવવાળાં હતા, એકમાત્ર કૃષ્ણ-રંગમાં રંગાયેલાં હતાં, તેઓ શ્યામસુંદર સુધી પહોંચી ગયાં.

પરીક્ષિત રાજાના મનમાં શંકા જાગી, 'હે મુનિ! નિષ્કામ ભાવવાળા તો નંદનંદનને મળે, પણ સકામ ભાવવાળા આત્માયે શું ભગવાનમાં પહોંચે ?'

શ્રી
દ્વેષ ગમે
થાય છે.
માટે,
ભગવાન

જેવ
વ્રજમંડળ
દોડતી

ફુલ-
પાંચ-અધ્યા
ઈશ્વર બે રી
આગળ જો
શરીરથી.
રસ આત્મા
જે પરિપક્વ
રૂપલીલા
ગોપીજનોને
થાય કે હું
પાકું કરવ
વૃંદાવનની

કોઈ
નખરાળી
છે. ભગવા

શ્રીમહ
નાયિકા દા
કારણ,
ત્રીજું કારણ
છે, મારું વા

શ્રી શુકમુનિ કહે છે, 'હા રાજા! મેં તને પહેલાં કહ્યું કે કામ, ક્રોધ, મોહ, લોભ, દ્વેષ ગમે તે ભાવથી એક વાર જે ગોવિંદજીમાં તન્મય બને છે, તેનો હમેશાં ઉદ્ધાર થાય છે. આ ગોપીઓએ કામ પણ કૃષ્ણ માટે જગાડ્યો હતો. એમને લોભ પણ કૃષ્ણ માટે, ભાવ પણ કૃષ્ણમાં જ; તેથી શરીરનું બંધન છૂટતાં આત્મા નિર્ગુણ બનીને ભગવાનને મળી ગયો.'

જેવી રીતે સાગરને મળવા માટે અનેક સરિતાઓ દોડતી દોડતી આવે, તેમ વ્રજમંડળમાં કૃપાસાગરને મળવા અનેક પ્રેમ-સરિતાઓ જેવી ગોપીઓ દોડતી દોડતી આવી છે. આવેલાં ગોપાંગનાઓની પરીક્ષા ભગવાને દશ શ્લોકોમાં કરી.

ફલ-પ્રકરણનો આ વિભાગ છે. ફલ-પ્રકરણના એકંદરે સાત અધ્યાય. તેમાં પાંચ-અધ્યાય રાસ-પંચાધ્યાયીના રૂપલીલાના અને બે અધ્યાય નામલીલાના છે. ઈશ્વર બે રીતે રમે : રૂપથી અને નામથી. રૂપનું રમણ પાંચ રીતે થાય. તે આપણે આગળ જોઈ ગયાં છીએ : આત્માથી, મનથી, વાણી અથવા પ્રાણથી, ઇન્દ્રિયોથી અને શરીરથી. આપણે શરીરની કક્ષા ઉપરથી આત્માની કક્ષા ઉપર જઈએ છીએ. રાસનો રસ આત્માના સ્તર પરથી શરીરના સ્તર પર ઢળ્યો. અંદરથી બહાર એ જ આવે, જે પરિપક્વ હોય અને બહારથી અંદર એ જાય જે ધીરે ધીરે પરિપક્વ બનતું હોય. રૂપલીલા પછી બે અધ્યાયની નામલીલા છે. આ રૂપલીલામાં ભગવાને પાંચ રીતે ગોપીજનોને રમાડ્યાં છે. પહેલી આત્મલીલા થઈ. જ્યાં સુધી આત્માથી નિશ્ચય ન થાય કે હું શ્યામસુંદરની છું, ત્યાં સુધી આત્મલીલાનો આનંદ ન મળે. માટે ભગવાન પાકું કરવા માગે છે કે આ ઘડો કાચો છે કે પાકો. ભગવાને વેણુનાદથી ગોપીજનોને વૃંદાવનની ભૂમિ સુધી તો પધરાવ્યાં છે.

કોઈ પણ પ્રસંગમાં ત્યારે જ આનંદ આવે છે, જ્યારે બેમાંથી એક વ્યક્તિ નખરાળી હોય. ગોપીઓ દક્ષિણ સ્વભાવવાળી છે, તો શ્યામસુંદર વામ સ્વભાવવાળા છે. ભગવાન કહે છે, મેં તમને બોલાવ્યાં અને તમે આવ્યાં. હવે હું થોડો વાંકો થાઉં.

શ્રીમહાપ્રભુજીએ આનાં અનેક કારણો આપ્યાં છે. **પહેલું કારણ** એ છે કે જેમાં નાયિકા દક્ષિણ સ્વભાવવાળી હોય, તેમાં નાયક વામ સ્વભાવવાળો જોઈએ. **બીજું કારણ**, ભક્તિમાર્ગનો સિદ્ધાંત ભગવાન ગોપીજનોના મુખેથી સુદૃઢ કરવા માગે છે. **ત્રીજું કારણ**, સર્વાત્મભાવની પ્રતીતિ પ્રભુ ભક્તોના મોઢે કહેવરાવે છે. ભગવાન કહે છે, મારું વાક્ય સિદ્ધાંતરૂપ હશે, જ્યારે ભક્તોના મુખેથી કહેવાયેલું વાક્ય દૃષ્ટાંતરૂપ

હશે. ઉપદેશક કહે ત્યારે તે સિદ્ધાંત હોય છે, પણ તે સાંભળ્યા પછી, જીવનમાં આચરે ત્યારે દૃષ્ટાંત બને છે. ભગવાન કહે છે, હું તો તમને સિદ્ધાંત કહી દઉં, પણ કોઈ અનુભવી ભક્તના મુખેથી સાંભળો તો તમને વધુ વિશ્વાસ આવશે; તેથી ભગવાને સર્વાત્મભાવ શું છે એ ગોપીજનોના મોઢે કહેવરાવ્યો.

ચોથું કારણ એ છે કે ભગવાને આ દશ શ્લોકમાં પૂરો પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત કહ્યો છે. પુષ્ટિમાર્ગનું નિરૂપણ કરવા ભગવાન દશ પ્રશ્નો પૂછે છે. આ પ્રશ્નો અઘરા છે. અઘરા પ્રશ્નો પૂછીને ગોપીજનોની ચતુરાઈની ખાત્રી કરવા માગે છે કે તેઓ મારા રસને પાત્ર છે કે નહિ ? જોકે ગોપીજનોની પરીક્ષા અગાઉ થઈ ચૂકેલી છે; એટલે ફરી પરીક્ષા લેવાનું કોઈ કારણ નથી, પણ ગોપીજનો દ્વારા ભગવાન બીજા જીવોને સમજાવવા આ લીલા કરી રહ્યા છે. પાકા ઘડાને ઘડવાની જરૂર નહિ. કાચા ઘડાને પાકો કેવી રીતે બનાવાય, એ વ્રજભક્તોના વાક્યથી ભગવાન સમજાવવા માગે છે.

તા દૃષ્ટ્વાન્તિકમાયાતા ભગવાન્ વ્રજયોષિત: ।
અવદદ્ વદતાં શ્રેષ્ઠો વાચ: પેશૈર્વિમોહયન્ ॥૨૯/૧૭॥

કૃષ્ણજી ખૂબ કોમળ ભાષામાં, છતાં કઠોરમાં કઠોર ભાવ લાવીને કહે છે. આ સવાલ-જવાબ ગોપીગીત કરતાં પણ વધારે સમજવા જેવા છે. આપણે એમ માનીએ છીએ કે રાસ-પંચાધ્યાયીમાં સાંભળવા જેવું એકલું ગોપીગીત છે. વસ્તુત: રાસ-પંચાધ્યાયીનો પ્રત્યેક શ્લોક મનન માગી લે છે. વૃંદાવનમાં દશ પ્રકારનાં ગોપીઓ આવ્યાં હતાં. નવ ગુણવાળાં અને એક નિર્ગુણ; માટે અહીં દશ શ્લોક છે –

સ્વાગતં વો મહાભાગા: પ્રિયં કિં કરવાણિ વ: ।
વ્રજસ્યાનામયં કચ્ચિદ્ બ્રૂતાગમનકારણમ્ ॥૨૯/૧૮॥

ભગવાને પહેલું વાક્ય કહ્યું, **'સ્વાગતમ્'** - પધારો. આપ તો ભાગ્યશાળી છો. મને આપના આગમનનું કારણ કહો. હું આપનું શું ભલું કરું ? આ એવું થયું કે જાણે કોઈને જમણવારનું આમંત્રણ આપીએ. તે જમવા આવે અને આપણે પૂછીએ કે કેમ આવ્યા છો ? ભગવાને આ ગોપીજનોને અભૂતપૂર્વ ભોગનો અનુભવ કરાવવા માટે બોલાવ્યાં છે અને પૂછી રહ્યા છે કે આપના આવવાનું કારણ કહો. વામનાયકની વક્રતા આ વાણીમાં દેખાય છે. 'સ્વાગત' શબ્દમાં પણ એવી જ વક્રતા છે. સ્વાગત પોતાનાનું થાય કે પારકાનું ? રોજ આપણે ઘેર જઈએ, ત્યારે આપણું સ્વાગત કરવા કોઈ ઊભું હોય ખરું ? કોઈક દિવસ ઘરવાળા તમારું સ્વાગત કરે તો શું માનવું ?

એક બહેન કથામાં આવે. એક દિવસ કથામાંથી પાછાં જતાં મોડું થઈ ગયું. તેમના પતિ ક્યારનાય ઊંચાનીચા થાય છે. જેવાં તે ઘેર પહોંચ્યાં કે તેમના પતિએ કહ્યું : 'પધારો, દેવી પધારો !' આવા શબ્દો સાંભળીને ફુલાવાનું હોય કે માથું નીચું કરવાનું હોય ? બહેન સમજી ગયાં કે આજે તેઓ અકળાયા છે.

ભગવાનની રોજની 'તું'કાર ભરેલી વાણીને બદલે આજે આવકારવાળી વાણી પ્રગટ થઈ. પ્રેમમાં કદી વાણીનો આવકાર ન હોય, હૈયાનો જ આવકાર હોય. જ્યારે વાણી દ્વારા આવકાર આપવો પડે, ત્યારે સમજી લેવું કે પ્રેમમાં કંઈક કમી છે. 'પ્રિય' દ્વાર ઉપર આવે, ત્યારે મોં બોલતું નથી, આંખો બોલે છે. તેમનો સત્કાર કેવળ નયનો દ્વારા થાય છે. ગોપીજનો પૂછે છે, આજે આવી વાણી કેમ ?

'સ્વાગતમ્'નો બીજો અર્થ લેવામાં આવે તો **સુ + આગતમ્**. સખીઓ, તમે ભાગ્યશાળી છો, માટે જ સારી રીતે આવ્યાં છો. અહીં 'સ્વાગત'ના બે અર્થ થયા: એક, વિનંતીનો - પધારો. બીજો, તમે સારી રીતે આવ્યાં છો. આમ કહેવાનું કારણ એ છે કે રાસ-પંચાધ્યાયીના પ્રારંભમાં ભગવાને કહ્યું : મેં તમને જોયાં છે.

શ્યામસુંદરે દોડી આવતાં વ્રજભક્તો ઉપર દૃષ્ટિ નાખી હોવાથી રસ્તામાં તેમને કાંટા-કાંકરા-ગોખરું નડ્યાં નથી, એનું આશ્વાસન પામે છે. સ્વાગતમ્, હે દેવીઓ! આપ સારી રીતે આવ્યાં છો.

ભાગ્યવાન પોતાનાં કર્મોથી આગળ વધે છે,મહાભાગ્યવાન પોતાનાં કર્મ અને ભગવદ્કૃપાથી આગળ વધે છે. કેવળ કર્મ કરનાર સીમિત છે, કૃપાયુક્ત કર્મ કરનાર અસીમ બને છે. ભગવાન પોતાની કૃપાનું દર્શન કરાવવા કહે છે, **'મહાભાગા: ।'**

અત્યાર સુધી ભગવાને બ્રહ્માનંદનું દાન કર્યું હતું. હવે આ ગોપીજનોને ભગવાન ભજનાનંદનું દાન કરવાના છે, માટે તેઓ મહાભાગ્યશાળી છે. શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર કહ્યું કે**'અક્ષર'** અને **'પુરુષોત્તમ'**માં ભેદ કેટલો ? **'ગણિતાનંદકં બૃહત્ પૂર્ણાનંદો હરિ: ।'** કેવળ જ્યોતિ-સ્વરૂપનો અનુભવ એ અક્ષરબ્રહ્મનો અનુભવ છે. સગુણ-સાકાર સ્વરૂપનો બાહ્ય અને અંદર - ઉભય રીતે અનુભવ થાય, એ પરમાનંદ પુરુષોત્તમનો અનુભવ છે.

'સિદ્ધાંત મુક્તાવલિ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ અક્ષર અને પુરુષોત્તમનો તફાવત બતાવ્યો છે. વૈષ્ણવ જ્યારે તનુવિત્તજા અને માનસી સેવા કરે છે; ત્યારે એક

ભૂમિકા એવી આવે છે કે માનસી સેવા કરતાં કરતાં સંસારનું દુઃખ ભુલાઈ જાય છે. જીવ સેવામાં એવો તલ્લીન બને કે તે વખતે તેને શરીર કે ઘરનું અનુસંધાન ન રહે.

તમે માળા પરોવતાં હો, એ પરોવતાં એમાં એવાં તલ્લીન થઈ જાઓ કે આજુબાજુની દુનિયાનું ભાન રહે નહિ. તમે કથા શ્રવણ કરતાં એમાં એવાં તલ્લીન બની જાઓ કે આખી દુનિયા તમોને યાદ ન આવે. આવી સેવાથી સંસારનાં દુઃખો ભુલાય છે. સાથે સાથે તે સેવકને કણકણમાં વ્યાપી રહેલા અક્ષરબ્રહ્મનાં દર્શન થાય છે. ઉપનિષદોનો અનુભવ કણકણમાં ગોવિંદજીને જોવા અને આત્મામાં જ્યોતિનો અનુભવ કરવો એ ભક્તિમાર્ગનું ગૌણ ફળ છે. જ્ઞાનીઓનું આ મુખ્ય ફળ છે, જે ભક્તિમાર્ગમાં ગૌણફળ છે. અહીં તો મુખ્ય ફળ છે પ્રભુની સાથે હસવું, રમવું, બોલવું, ખાવું, પીવું. જે કૃષ્ણ આખી દુનિયાનો સ્વામી છે, તેને પોતાની મુઠ્ઠીમાં બાંધી દેવો એ ભક્તિમાર્ગનું ફળ છે; જે પરમાત્માને પરવશ બનાવી દે, મહાનને લઘુ બનાવી દે. ભક્તમાં રહેલી આવી શક્તિ એ ભક્તિમાર્ગનું ફળ છે. માટે ભગવાન ગોપીજનોને કહે છે કે તમે મહાભાગ્યવાન છો. આવા ફળનું દાન આપવા માટે મેં તમને બોલાવ્યાં છે. ભગવાન હસતાં હસતાં ત્રણ વસ્તુઓ પૂછે છે : દેવીઓ ! તમારે કોઈ અનિષ્ટ વસ્તુની નિવૃત્તિ કરવી છે ? કોઈ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરવી છે ? અથવા કોઈ દૂર દેશની વસ્તુ તમારે મેળવવી છે ?

ભગવાને ટકોર કરી, 'હે ગોપિકાઓ ! જો તમે સકામભાવથી આવ્યાં હો, તો પાછાં જાઓ અને નિષ્કામભાવથી આવ્યાં હો તો રહો.'

માણસ ઈશ્વરને કેમ યાદ કરે છે ? કાં તો દુઃખ દૂર કરવા માટે, સુખ મેળવવા માટે અથવા પોતાની શક્તિથી ન મળી શકે તેવી વસ્તુ મેળવવા માટે. ભગવાન પૂછે છે, તમે આવી દૃષ્ટિથી તો નથી આવ્યાં ને ? આપણું વજન આવું ! કોઈ કહે ઘર આપો, ઘરસંસાર આપો. કોઈ પુત્ર માગે, પતિ માગે. ભગવાન જાણે આપણો નોકર ન હોય ! આપણે પાછું એ પણ માગીએ કે આપણને જોઈએ તે જ ભગવાન આપે.

આવું માગીએ ત્યારે ભગવાન પૂછે કે તેં મારી પાસે માગ્યું કે હુકમ કર્યો ? માટે ભગવાન હસતાં હસતાં કહે છે, દેવીઓ ! તમારે આવા કોઈક ઇષ્ટની પ્રાપ્તિ કરવી હોય તો મારાં અનંત વિભૂતિરૂપો પૈકી કોઈકની પાસે જાઓ ને ! એ માટે પૂર્ણ પુરુષોત્તમ પાસે આવવાની જરૂર નહિ. કોઈ માણસ સો રૂપિયાની નોટ ધૂળ ભેગી કરવામાં ખર્ચી નાખે, તો તે મૂર્ખ જ કહેવાય. ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટની નિવૃત્તિ

જાય છે.
ન ન રહે.
ે આજ-
ી : બની
ો મુલાય
ાય છે.
જ ોતિનો
ળ છે, જે
ોલવું,
ારી દેવો
ુ બનાવી
ાજનોને
ાલાવ્યાં
ઇ અનિષ્ટ
દૂર દેશની

ાં હો, તો

ોળવવા
ાન પૂછે
આપો,
ન હોય
ા ે.

ત્યા ? માટે
ાસે કરવી
માટે પૂર્ણ
ધૂળ ભેગી
ના નિવૃત્તિ

કરાવનાર મારી કેટલીયે વિભૂતિઓ છે. તમારે એ વિભૂતિઓને ન ભજવી હોય, તો મારા વ્યૂહો પણ છે : વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્ન. તેમાં જેની પાસે જે માગશો તે મળશે. પ્રદ્યુમ્ન-વ્યૂહ વંશવૃદ્ધિ કરશે. અનિરુદ્ધ-વ્યૂહ ધર્મનું સ્થાપન કરશે. સંકર્ષણ-વ્યૂહ સંહાર કરશે. વાસુદેવ-વ્યૂહ મોક્ષ આપશે. ઇષ્ટની પ્રાપ્તિ માટે વ્યૂહથી પર એવા પૂર્ણપુરુષોત્તમ પાસે આવવાની શી જરૂર છે ? માટે ભગવાન હસીને કહે છે : **'પ્રિયં કિં કરવાણિ વ: ।'**

ભગવાન બીજો પ્રશ્ન પૂછે છે, **'વ્રજસ્ય અનામયં'** - વ્રજમાં કોઈ માંદું તો નથી ને ? પેલા અઘાસુર, બકાસુર જેવા તો નથી આવ્યા ને ? ગોપીજનો કોઈ જવાબ આપી શકતાં નથી. તેમનું મસ્તક નીચું નમ્યું છે. તેમનું હૃદય રડે છે. તેમને દુ:ખ છે કે શ્યામસુંદરે આપણને પણ આવાં સામાન્ય માણસ માની લીધાં ? શું અમને સકામ ભક્ત માની લીધાં ?

> રજન્યેષા ઘોરરૂપા ઘોરસત્ત્વનિષેવિતા ।
> પ્રતિયાત વ્રજં નેહ સ્થેયં સ્ત્રીભિ: સુમધ્યમા: ॥૨૯/૧૯॥

કદાચ ગોપીજનો એમ કહે કે મહારાજ, શરદની આ રાત્રી છે. શરદની રાતે આખી દુનિયા ફરવા નીકળે, તો અમે કેમ ન નીકળીએ ?

> ***સખી, ચાલો જઈએ શરદ રજનીમાં વિહરવા,***
> ***નદીના તીરે ને વન ઉપવને આજ ફરવા;***
> ***ઘડી બેઠેલી તું જગતભરની અંતકડીઓ,***
> ***અને ખેલીશું એ ઘડીક લઈ રાસ વસુઓ.***

સખી, ચાલ ને આપણે શરદની રજનીમાં ફરવા જઈએ. ત્યાં અંતકડી રમીશું, રાસ ખેલીશું, બે ઘડી ભીની ભીની માટીમાં પોઢીશું. આનંદ આવશે. હે દેવીઓ! તમે પણ એમ કહેતાં હો કે અમે આ શરદની રજનીમાં ફરવા આવ્યાં છીએ, તો તમને કહું કે હું વ્રજનો રાજા છું. આ રાત છે. રાતે પુરુષો ફરે તેનો વાંધો નહિ, પણ તમારા જેવી યુવતીઓ રાતે ભટકે તે સારું નહિ. આ રાત પણ ઘોરરૂપા છે. આ ગામનો બગીચો નથી, આ તો જંગલ છે. અહીં સર્પો અને હિંસક પશુઓ છે; માટે તમને કહું છું કે **'વ્રજં પ્રતિયાત'** - વ્રજમાં પાછાં જાઓ.

કદાચ ગોપીઓ કહે કે સાપને આવવું હોય તો આવે, હિંસક પશુઓ પણ ભલે આવે. અમને તેની ચિંતા નથી. તમે અમારી રક્ષા કરનારા છો. અમને ડર શાનો?

પ્રભુજી કહે છે : તમે **'સુમધ્યમા'** છો - નાની ઉંમરનાં છો અને હું પણ નાની ઉંમરનો છું. આપણે અહીં સાથે રહીએ, તો દુનિયા આપણી નિંદા કરશે; માટે તમને હાથ જોડીને કહું છું કે તમે પાછાં ફરો.

આ શ્લોકનો એક **બીજો ભાવ** પણ છે : **'પ્રતિયાત વ્રજં ન ઈહ સ્થેયં'** - વ્રજમાં પાછાં જશો નહિ. સખીઓ, આ રાતમાં મેં તમને રાસ રમવા બોલાવેલાં છે. દિવસે સૂર્ય પ્રકાશે છે, રાતે ચંદ્ર ચમકે છે. સૂર્યનો ધર્મ તાપ આપવાનો છે અને ચંદ્રનો ધર્મ શીતળતા આપવાનો છે. અત્યાર સુધી તમે તાપમાં તપ્યાં છે. તેમાંથી તમને શીતળતા આપવા મેં તમને બોલાવ્યાં છે. **'રજન્યેષાઘોરરૂપા'**ની સંધિ છોડો, તો શબ્દ મળશે **'રજનિ એષા અઘોરરૂપા.'** હે દેવીઓ ! આ બિહામણી નહીં, સુંદર ચાંદની રાત છે. પૂનમની રાત છે. અમાસની રાતે ડર લાગે. જ્યાં વૃંદાવનવિહારી બિરાજતા હોય, ત્યાં હિંસક અને કોમળ સ્વભાવનાં પશુઓ ભેગાં રહેતાં હોય. તેમનામાં રહેલું વેરઝેર ભુલાઈ જાય, સાપ અને મોર એક સાથે રહે; માટે તમે અહીં ડરશો નહિ. તમે વ્રજમાં પાછાં ન ફરશો, અહીં જ રહો; કારણ કે તમે રાસ રમવા માટે અધિકાર ધરાવનારાં છો.

ગોપીઓ એટલી ભોળી છે કે ભગવાનનો આ ભાવ સમજતી નથી. તેઓ મનમાં ને મનમાં વલોપાત કરવા લાગ્યાં. શ્યામજી અમને ધક્કો મારીને કાઢી તો નહિ મૂકે ને ? લાલજીએ વાંકી આંખે આગળ કહ્યું :

માતરઃ પિતરઃ પુત્રા ભ્રાતરઃ પતયશ્ચ વઃ ।
વિચિન્વન્તિ હપશ્યન્તો મા કૃઢ્વં બન્ધુસાધ્વસમ્ ॥૨૯/૨૦॥

ભગવાન કહે છે : તમારી માતાઓ તમને શોધવા આવશે. ગોપિકાઓ કહે છે, અમારી માતાઓ બહુ ભોળી છે, એમને અગડંબગડં સમજાવીને અમે આવ્યાં છીએ. તેઓ અમને શોધવા નહિ આવે. ભગવાન કહે છે : તમારાં મા જેવા તમારા બાપ તો ભોળા નથી ને ? તેઓ જરૂર તમને શોધવા આવશે. ગોપિકાઓ કહે છે, અમારા પિતાને અમારા ઉપર વિશ્વાસ છે, પ્રેમ છે; માટે તેઓ અમને શોધવા નહિ આવે. તમારા દીકરા ભૂખ્યા થયા હશે, તે તમને સાદ પાડતા આવશે; માટે હું કહું છું કે તમે પાછાં જાઓ. તમારા ભાઈઓ રાતે ફરવા નીકળ્યા હશે. તે તમને પકડી પાડશે અને સૌથી વધુ તો તમારાં લગ્ન થયાં હશે, તો તમારા પતિઓ તમને શોધવા નીકળશે. પરણ્યા પછી તમારી ચિંતા જેટલી તમારા પતિને હોય છે, એટલી તમારાં

મા-બાપને પણ નથી હોતી. તમારા પતિ જાણે છે કે મારી ઘરવાળી ક્યાંક ચાલી જશે, તો મારું ગાડું ગબડી પડશે. આ બધા તમારા સાચા બંધુઓ છે. પ્રેમથી તમને બાંધીને બેઠેલા છે. મારા જેવા ઉદાસીન અને કોઈકના દીકરા પાસે આવવાને બદલે તમે ઘેર પાછાં જાઓ. તમારા એ સંબંધીઓ તમને શોધતા હશે.

ભગવાન એમ સૂચવવા માગે છે કે હે સખીઓ ! હજી તમારામાં લૌકિક સંબંધોની ગંધ રહી ગઈ હોય તો પાછાં જાઓ. અલૌકિક સંબંધોની જાગૃતિ થઈ હોય તો રહો. તમારાં મા-બાપ, ભાઈ-બહેન, પતિ-પુત્ર બધું જ હું છું, એવો ભાવ મારામાં હોય તો તમે રહો. સંસાર તમને છોડશે નહિ; પરંતુ એક વાર સંસારને છોડશો તો તમે મુક્ત થઈ જશો. તમારો સાચો સંબંધી હું છું, એટલું ભાન હોય તો રહો.

સાચું સગપણ શામળિયાનું, બાકી સર્વે કાચું રે.
જગની પ્રીત-રીત છે એવી, ઓસરતાં નહિ વાર રે;
ભરતી-ઓટ ચઢે તે માટે, મનમાં લાવે ભાર રે. *સાચું૦*
*'**શ્યામકિંકરી**' સમજી લેજે, નહીંતર જીવતર ઝેરી રે;*
શામળિયાજી સાચા બંધુ, બીજા સર્વે વેરી રે. ***સાચું૦***

શ્યામજી આજે ગોપીજનોના અંતરના ભાવ તપાસી રહ્યા છે. સખીઓ, આવું કંઈક તમારા મનમાં જાગ્યું છે. જો તમારા મનમાં મારા માટે આવો ભાવ ન જાગ્યો હોય, તો તમે પાછાં જાઓ.

આ શ્લોકનો બીજો અર્થ એવો કર્યો કે મા-બાપ, ભાઈ-બહેન વગેરેને શોધવાં હોય તો ભલે શોધે. હું તમને એવા અટપટા રસ્તે લઈ આવ્યો છું કે આ રસ્તો તે લોકોને નહિ જડે; કારણ કે તેમનો પંથ જ નિરાળો છે. આ રસ્તે તો કરોડોમાં કોઈ એક જ ચાલે છે. દુનિયા મથે તો પણ તમારા માર્ગે પગ મૂકી શકશે નહિ, માટે તમે જરાયે ડરશો નહિ, નિરાંતે અહીં રહો. તમને શોધવા અહીં કોઈ નહિ આવે.

ગોપીજનો ભગવાનની વાણીમાં રહેલો ગૂઢ ભાવ સમજતાં નથી. તેમની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં છે. ઉભરાયેલાં આંસુને રોકવા કોઈક આઘુંપાછું જુએ છે. તેમને આમતેમ જોતાં જોઈ, ગોવિંદજી હસે છે, સખીઓ ! શું તમે આ ચાંદની રાતે વનની શોભા જોવા તો નથી આવ્યાં ને ?

દૃષ્ટં વનં કુસુમિતં રાકેશકર-રંજિતમ્ ।
યમુનાનિલલીલૈજત્તરુપલ્લવશોભિતમ્ ॥૨૯/૨૧॥

તમે વૃંદાવનનું વન કેવું છે તે જોઈ લીધું ને ? અહીં ફૂલ ખીલ્યાં છે. ઉપર જુઓ, ચંદ્ર ખીલ્યો છે. યમુનાજીના કિનારા પર શીતળ, મંદ સુગંધવાળી ભીની ભીની વાયુની લહરીઓ વાય છે. જો આ બધું તમે જોઈ લીધું હોય, તો હવે પાછાં જાઓ.

તેનો બીજો અર્થ એ છે કે 'હે સખીઓ ! આ વાતાવરણ કેટલું નિર્મળ, કેટલુ રંજક અને આહ્‌લાદક છે ! રાસને માટે યોગ્ય ભૂમિ તૈયાર કરી છે. તમે જરાયે ગભરાશો નહિ. આ તો વૃંદવન છે, મારું નિજધામ છે. તમને આનંદ આપવા માટે તો મેં બોલાવ્યાં છે. દેવીઓ, હજુ તો આ વૃક્ષોને ફૂલો જ આવ્યાં છે. મારે તો તમને ફળનો અનુભવ કરાવવો છે. આકાશમાં ચંદ્રમા પૂર્ણ છે, તેની જેમ મારે તમને પણ પૂર્ણ બનાવવાં છે. યમુનાજીની શીતળતા જેવી શીતળતાનું દાન કરવા માટે મેં તમને બોલાવ્યાં છે, માટે કહું છું કે પાછાં જશો નહિ, અહીંયાં જ રહેજો.

તદ્ યાત માચિરં ગોષ્ઠં શુશ્રૂષધ્વં પતીન્ સતીઃ ।
ક્રન્દન્તિ વત્સા બાલાશ્ચ તાન્ પાયયત દુહ્યત ॥૨૯/૨૨॥

ભગવાન કહે છે : તમે જલદીથી પાછાં જાઓ, બહુ રોકાશો નહિ. ગોપીઓના હોઠ પર સવાલ આવીને ઊભો રહ્યો : અમે ક્યાં જઈએ, કેમ જઈએ ? ગોવિંદજી, તમે અમને આટલી બધી સજા કેમ આપો છો ? ગોવિંદજી કહે છે, તમે બધી સ્ત્રીઓ છો. ઘરમાં તમારા પતિઓ છે. આ પતિઓની સેવા કરવા તમે પાછાં જાઓ. ભગવાન હસીને કહે છે, જેનામાં સતીબુદ્ધિ હોય તે પાછી જાઓ અને જેનામાં રસબુદ્ધિ હોય તે અહીં રહો. ખરી વાત એ છે કે જે સતી હોય, તે અડધી રાતે ઘર છોડીને આવે જ નહિ. ભગવાને આમ તેમની મશ્કરી કરી.

બીજો અર્થ એ બતાવ્યો, દેવીઓ ! ગયા જન્મમાં તમારા પતિઓ સ્ત્રી હતા અને તમે બધાં પુરુષો હતાં. પતિનું ધ્યાન કરતાં કરતાં પત્નીઓ મરી, તે આ જન્મમાં પતિ બની અને પત્નીઓ હતી તે પતિ બન્યાં. આવું આવાગમન ચાલ્યા જ કરે છે. જેની જેમાં જેટલી આસક્તિ, એવો એને બીજો જન્મ મળે. પુરુષ હશે તે સ્ત્રી બનશે અને સ્ત્રી હશે તે પુરુષ બનશે. જો તમારે ફરીથી આવર્તન કરવું હોય, તો પાછાં જાઓ અને આ ચક્કરમાંથી નીકળવું હોય તો અહીં રહો.

અહીં 'પતીન્' શબ્દ બહુવચનમાં છે. આ જગતમાં લૌકિક પુરુષને પરણનાર કોઈ સ્ત્રી સતી ન કહેવાય. જરા ભડકાવે એવી વાત છે; પણ 'ભ્રમરગીત'નાં 'સુબોધિનીજી'માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'આ શરીરથી એકની સાથે લગ્ન

થાય છે. લગ્ન થયા પછી જ્યારે સ્ત્રી મરી ગઈ, તેનું શરીર બદલાઈ ગયું. તેનો બીજો જન્મ થયો. બીજું શરીર મળ્યું અને બીજા માણસ સાથે તેનાં લગ્ન થયાં. માણસનું સ્થૂળ શરીર આ રીતે બદલાય છે, પણ સૂક્ષ્મ લિંગશરીર બદલાતું નથી. એકનું એક લિંગશરીર દરેક જન્મમાં જુદા જુદા માણસ સાથે પરણતું રહે છે. હવે કહો, તમારું સતીત્વ ખરું ? સ્થૂળ શરીરના પતિ એક હોય, પણ લિંગશરીરના પતિ અનેક હોય. આ તો ભૌતિક જીવાત્માની વાત છે. તમે મને - પરમાત્માને પતિ માનો, તો પ્રત્યેક જન્મમાં પતિ તરીકે તમને એક જ પરમાત્મા મળશે. પરમાત્મા બદલાવાનો નથી. માટે જો તમારામાં લૌકિક સતીબુદ્ધિ હોય, તો તમે પાછાં જાઓ. કદાચ નારીને બહુ મોટી ઉંમરે પતિનું આકર્ષણ ન રહે, પણ પુત્ર અને પરિવારનું તો રહે જ. દેવીઓ, તમારા પુત્રો અને પરિવાર બોલાવતાં હોય, તો તમે પાછાં જાઓ.

એક બહેન ઘર છોડીને ગોકુળ ગયાં. ગોકુળમાં છોકરાઓને જોઈને તેઓ વિચાર કરે કે મારો દીકરો પણ આટલો મોટો થયો હશે ! ગોકુળમાં જઈ રાતદિવસ દીકરાને યાદ કરે, તેના કરતાં ઘર શું ખોટું ? તમારી આવી લૌકિક આસક્તિ ન હોય તો અહીં રહો. આ દરેક શ્લોક એવો છે કે તેમાંથી બબ્બે ભાવ નીકળે છે.

કોઈક ગોપીની આંખ સ્નિગ્ધ બને, તે ટગર ટગર પ્રેમથી પ્રભુજીને જુએ છે. તેની આંખોમાં ભાવ ઊભરાઈ આવ્યો, મહારાજ! અમે કોઈને માટે આવ્યાં નથી; માત્ર તમારા માટે આવ્યાં છીએ. અમે ભક્તિનું ફળ ચાખવા આવ્યાં છીએ. ભગવાન તેનો જવાબ આપે છે –

અથવા મદભિસ્નેહાદ્ ભવત્યો યન્ત્રિતાશયાઃ ।
આગતા હ્યુપપન્નં વઃ પ્રીયન્તે મયિ જન્તવઃ ।।૨૯/૨૩।।

જેવી રીતે લોહચુંબકના આકર્ષણથી લોખંડ ખેંચાઈ આવે છે, એવી રીતે તમે મારી ભક્તિથી ખેંચાઈને આવ્યાં છો તે સારી વાત છે. જ્યારે જ્યારે મારી ભક્તિનો ઉદય થાય છે, ત્યારે ત્યારે તે માણસમાં આકર્ષણ જાગે છે. પણ તેનો અર્થ એ નથી કે તમે અહીં જ રહી જાઓ. તમે આવી ગયાં, મને જોઈ લીધો. હવે ઘરે પાછાં જઈ, મારા જોયેલા રૂપનું ભજન કરો. અહીં બેસી રહેવાની શી જરૂર છે ? તમે એકલાં મને પ્રેમ કરનારાં નથી, પ્રાણીમાત્ર મને પ્રેમ કરે છે.

આ શબ્દો ગોપીજનોનાં હૃદયને દઝાડનારા છે. સાધારણ માણસના પ્રેમ અને અસાધારણ માણસના પ્રેમમાં ફરક પડે છે. એક માણસ કેવળ વાતોથી પ્રેમ કરતો

હોય અને બીજો માણસ પોતાનું તમામ આપી દઈને ચાહતો હોય. ગોપીજનોને થયું, 'ગોવિંદજી ! તમે અમારા સ્નેહની મુલવણી દુનિયાના સામાન્ય સ્નેહ સાથે કરી ? અમે તો આપના સુખ માટે અમારા સર્વસ્વનું દાન કરતાં આવ્યાં છીએ; નહીં કે અમે સુખ લેવા આવ્યાં છીએ. જીવો આપનામાં પ્રીતિ રાખતા હશે, પણ અમે એ જોવા આવ્યાં છીએ કે તમારી પ્રીતિ જીવોમાં કેટલી છે ? અમે સામાન્ય દુન્યવી જંતુઓ નથી, પણ અમે તો તમારા પ્રેમના તંતુઓ છીએ. અમે તમને પ્રેમ કરીએ છીએ; પરંતુ તેનું તમો પ્રતિદાન કરો ત્યારે થાય.'

ગોપિકાઓ કહે છે, અમે તમારા કહ્યા પ્રમાણે ઘેર જઈએ, કુટુંબને પાળીએ, તમારા ચિત્ર કે મૂર્તિની થોડીક સેવા કરીએ, તમારું થોડું ગુણગાન કરીએ. એટલું કરવાથી જો તમારી પ્રીતિ થતી હોય, તો અમને વાંધો નથી. પછી એમ ન કહેશો કે તમે સંસારી બન્યાં; એટલે હું તમારાથી દૂર રહું છું. તમારો સ્વભાવ એવો છે કે જીવમાં જ્યારે સંસાર આવે છે, ત્યારે તમે તેને હાથતાળી દઈને છટકી જાઓ. જ્યાં અંધારું હોય ત્યાં અજવાળું ન હોય; જ્યાં અજવાળું હોય ત્યાં અંધારું ન હોય. જ્યાં શ્યામજી હોય ત્યાં સંસાર ન હોય; જ્યાં સંસાર હોય ત્યાં શ્યામજી ન હોય.

શ્યામજીએ કહ્યું : પતિની સેવા કરવી એ જ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. સગાં-વહાલાંનું કલ્યાણ કરવું એ તમારી પહેલી ફરજ છે. તમારાં સંતાનોનું પોષણ કરવું તે તમારું કર્તવ્ય છે. ગોપીજનોએ કહ્યું : મહારાજ, અમારા આત્માના પતિ તો તમે છો, પેલા તો દેહના પતિ છે. તમારા ભક્તોની અમે સેવા કરીએ, એ જ અમારાં સગાં-વહાલાંનું પોષણ છે. અમને સંસારી માણસો પાસે કેમ મોકલો છો? શ્યામજી કહે છે, તમારા પતિ જેવા હોય તેવા તેમને સ્વીકારવા રહ્યા.

દુઃશીલો દુર્ભગો વૃદ્ધો જડો રોગ્યધનોઽપિ વા ।
પતિઃ સ્ત્રીભિર્ન હાતવ્યો લોકેપ્સુભિરપાતકી ॥૨૯/૨૫॥

દેવીઓ, તમારા પતિ ઘરડા હોય, ચારિત્ર્યવાન ન હોય, દુરાચારી હોય, રોગી હોય કે નિર્બળ હોય; પણ તમારે તેમની સેવા કરવી જોઈએ. તેમની સેવા કરવાથી સંસારમાં તમારી પ્રતિષ્ઠા થશે અને સંભોગમાં તમને સ્વર્ગનું ફળ મળશે.

ગોપાંગનાઓ કહે છે, મહારાજ આવી કેટલીયે સ્ત્રીઓ એ સંસારમાં હતી. અમને કહો કે તેમનું જીવન સાથે રહ્યું ? અમે એવું માનીએ છીએ કે મર્યા પછી તમે જ અમારી સાથે રહો. જગતના પતિમાં છ વિકારો છે, માટે તેમના છ ધર્મો બતાવ્યા.

તેનાથી ઊલટું પરમાત્મામાં છ દિવ્ય ધર્મો છે. અમે તમને ભજીશું તો ક્યારેય અમને વૈધવ્યદોષ આવશે નહિ. અમે દુનિયાના પતિને ભજીશું તો કોણ જાણે અમારું શું થશે ? માટે હે નંદનંદન ! અમે તો તમને જ પતિ તરીકે ભજીએ છીએ.

અસ્વર્ગ્યમયશસ્યં ચ ફલ્ગુ કૃચ્છ્રં ભયાવહમ્ ।
જુગુપ્સિતં ચ સર્વત્ર ઔપપત્યં કુલસ્ત્રિયા: ॥૨૯/૨૬॥

હે દેવીઓ ! દુનિયા એમ કહેશે કે આ બધી સ્ત્રીઓ તેમના પતિને છોડી પારકા પુરુષ સાથે ભટકવા નીકળી છે. તેથી તમારી અપકીર્તિ થશે. સ્વર્ગનું ફળ મળશે નહિ. તમને માત્ર અલ્પ ફળ મળશે.

અહીં બહુ સુંદર બાબત બતાવી છે. જગત સાથેનો સંબંધ ઉપસંબંધ છે અને ભગવાનનો સંબંધ નિત્ય-સંબંધ છે. જગત સાથે જે સંબંધ જોડે છે તે અનિત્ય છે. તેનાથી કોઈ આનંદની અનુભૂતિ થતી નથી. તેનાથી શાશ્વત કીર્તિ મળતી નથી. સંસારનું સુખ પણ અલ્પ છે. તે મનભેદ કે મરણથી નાશ પામનાર છે. સંસારનો ભોગ બે વસ્તુઓને લીધે નકામો છે : (૧) ભોગવવા જતાં ઘણાં વિઘ્નો આવે. (૨) કદાચ મળે તો થોડોક વખત ટકે. તે થોડુંક મેળવવા પુષ્કળ પ્રયત્ન કરવો પડે છે.

એક વખત એક છોકરો ઘોડે ચઢવાની તૈયારી કરતો હતો. છોકરાને લાગ્યું કે મારા હાથમાં સ્વર્ગ છે. જ્યારે તે વાજતેગાજતે કન્યાના માંડવે ગયો, ત્યારે હસી-હસીને બેવડો વળે છે; પરંતુ જ્યારે તે પરણીને આવ્યો, ત્યારે તેને ખાત્રી થઈ કે હું હવે વરરાજા નથી પણ વરઘોડિયું છે. ગયો ત્યારે બે પગવાળો હતો અને આવ્યો ત્યારે ચાર પગવાળો. બે પગવાળો માણસ અને ચાર પગવાળો પશુ. ઘોડામાંથી ઘોડું. તેના માથે ચિંતાનો બોજો વધ્યો. તેને એક દીકરી થઈ. હવે નવી જવાબદારી આવી. તે ચાર પગવાળામાંથી છ પગવાળો બન્યો. બીજી દીકરી આવી એટલે આઠ પગવાળો થયો, તે પાકો કરોળિયો થઈ ગયો. પોતે બનાવેલા જાળામાં તે પોતે જ ફસાઈ ગયો. તે વિચાર કરે છે કે હું મરું તો પણ આ જાળામાંથી નીકળાય તેમ નથી. આ બધાંનો બોજો ઊંચકતાં ઊંચકતાં મર્યે જ છૂટકો, બીજો કોઈ રસ્તો નથી.

ગોપીઓ કહે છે, મહારાજ ! જગતમાં તો આવું જ છે. જગતનું સુખ અલ્પ છે, બહુ મહેનતથી મળે છે; છતાં તેના પર ભયની તલવાર લટકે છે. **સંસારમાં મુખ્ય** બે દુ:ખ છે : **મનભેદનું અને મરણનું**. આપ અમારા સાચા પતિ છો. આપને છોડીને

સંસારના પતિને ભજવા જઈશું, તો અમને સર્વત્ર દુઃખ જ મળવાનું છે; માટે અમે કહીએ છીએ કે અમને અહીંથી જવા દેશો નહિ.

ભગવાન કહે છે : ઈશ્વર કોઈ અન્ય છે, સુંદર પુરુષ છે, આકર્ષણ કરનારો છે; એવું વિચારી તમારું સુખ મેળવવા આવ્યાં હો તો પાછાં જાઓ. મને પરમેશ્વર સમજીને આવ્યાં હો તો રહો. અહીં ભગવાને જારભાવનું ખંડન કર્યું છે.

શ્રવણાદ્ દર્શનાદ્ ધ્યાનાન્મયિ ભાવોઽનુકીર્તનાત્ ।
ન તથા સન્નિકર્ષેણ પ્રતિયાત તતો ગૃહાન્ ॥૨૯/૨૭॥

શ્યામજી કહે છે, સખીઓ ! માની લો કે હું ઈશ્વર છું, તો ઈશ્વરની પાસે એનું માથું ખાવા બેસવાની જરૂર શી ? તમે મારી કથાનું શ્રવણ કરો, મનન કરો અને સ્મરણમાં એનું દર્શન કરો, તેમાં તન્મય બનો. શ્રવણ, દર્શન અને ધ્યાનમાં જેટલું મળે છે, એટલું પાસે રહેવાથી મળતું નથી; કારણ કે જેટલાં પાસે જઈએ, એટલા ગુણદોષ વધારે દેખાય છે. ગુણ જોઈએ એટલે હરખાઈ જઈએ ને દોષ જોઈએ એટલે રડી જઈએ. શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં કહ્યું કે કોઈ માણસની એટલા નજીક ન જશો, જેથી તમારી આંખમાં દોષ દેખાય. કોઈથી એટલા બધા દૂર પણ ન જશો કે જેથી મનના સંબંધો તૂટી જાય. ગોવિંદજી કહે છે, તમે ઘેર જાઓ. ભગવાન અહીં હૃદયની વાત જાણવા માગે છે. હે ગોપિકાઓ ! જો તમોને વિહિત ભક્તિમાં શ્રદ્ધા હોય તો ઘરે જાઓ અને રાગાનુરાગા ભક્તિમાં શ્રદ્ધા હોય તો અહીં રહો.

નવ પ્રકારની વિહિત (શાસ્ત્રોક્ત) ભક્તિ છે : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ-સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. રાગાનુરાગા ભક્તિમાં વિધિવિધાનનું સ્મરણ રહેતું નથી. એમાં ત્રણ જ વસ્તુનું અનુસંધાન રહે છે : પ્રિયતમ પ્રભુનું સ્વરૂપ, એમની લીલા અને તેમના હાવભાવ.

ભગવાન કહે છે, દેવીઓ ! આવું સ્વરૂપાનુસંધાન હોય તો અહીં રહો, ગુણાનુસંધાન હોય તો પાછાં જાઓ. પ્રેમ બે રીતે થાય છે : ગુણના અનુસંધાનથી અને સ્વરૂપના અનુસંધાનથી. સ્વરૂપ એટલે રૂપ નહિ. તું કેવળ મારો છે એવી દૃષ્ટિ એ સ્વરૂપ. ગુણ એટલે તું ગમે તેવો હોય, પણ તારામાં સાચું બોલવાનો ગુણ છે, તેને હું પ્રેમ કરું છું; તે ભાવ. માતાનો પુત્રપ્રેમ એ સ્વરૂપાનુસંધાનવાળી પ્રીતિ છે. દીકરો કાળો, તોફાની, ચંચળ હોય તોય માને લાગે છે કે મારો દીકરો છે. એ દીકરામાં માતાની મહીસ્તા છે. એક વાર મન જેનો સ્વીકાર કરી લે છે તે રૂપ પણ એવું નથી,

ગુણ પણ જોતું નથી. મનનો કરેલો સ્વીકાર એ જ સ્વરૂપાનુસંધાન છે. કોઈક કારણસર વસ્તુને જોઈને મન સ્વીકાર કરે તે ગુણાનુસંધાન છે. છોકરી પરણતાં પહેલાં કહેતી હોય કે તું ભણેલો છું, માટે તને પસંદ કરું છું; તું શ્રીમંત છે માટે તને પસંદ કરું છું. પસંદગીમાં જ્યારે આવાં પરિબળો આવે છે, ત્યારે વાસ્તવિક પ્રેમ વિકાસ પામી શકતો નથી.

ગોપિકાઓ કહે છે, મહારાજ ! અમને ખબર નથી કે તે કયો કાળ હતો, તે કઈ ઋતુ હતી; જ્યારે અમારું ચિત્ત તમારામાં મળી ગયું. અમે ભાનમાં આવ્યાં ત્યારે ખબર પડી કે **અમે 'અમે' જ નહોતાં, અમે 'તમે' હતાં.**

શ્રીગુસાંઈજી જણાવે છે કે જે દિવસે ગોવિંદજીનો જન્મ થયો, તે દિવસે આવી સ્થિતિ હતી. લાલાજીનો જન્મ નહોતો થયો, ત્યારે પણ આ ગોપીઓના અંતરમાં પ્રેરણા થઈ હતી કે શ્યામજી વ્રજમાં પધારવાના છે. આ ગોપીજનોને મોહનજીના જન્મ પહેલાં રોજ સ્વપ્નમાં તેમનાં દર્શન થાય છે. તેમની પ્રીતિ જન્મ-જન્માંતરોની નથી, કોઈ કર્મ કે ઋણાનુબંધથી બંધાયેલી નથી. તે આત્માની આત્મા સાથેની પ્રીતિ છે. માટે ગોપીજનો કહે છે, **અમારું આપની સાથે સ્વરૂપાનુસંધાન હોવાથી, આપ અમને ઘેર મોકલશો તો ઘરમાં અમારું મન નહિ લાગે. અમારું મન તો જ્યાં આપ બિરાજો છો ત્યાં જ રહેશે. માટે ભગવાને કહ્યું : તમારામાં આવી સ્વરૂપાનુસંધાનવાળી ભક્તિ હોય તો રહો.**

શ્રી શુકમુનિ કહે છે, ભગવાનની ગૂઢ વાણી સમજવામાં થોડો ગોટાળો થયો.

ઇતિ વિપ્રિયમાકર્ણ્ય ગોપ્યો ગોવિન્દભાષિતમ્ ।
વિષણ્ણા ભગ્નસઙ્કલ્પાશ્ચિન્તામાપુર્દુરત્યયામ્ ।।૨૯/૨૮।।

શ્યામજી ચિત્તને ન ગમે એવું બોલે છે. ગોપીજનોના કાન શ્યામજી પાસેથી એવું સાંભળવા ઝંખતા હતા કે સખીઓ, તમે આવો. એ કાનને શ્યામજી વારંવાર સંભળાવે છે, 'પ્રતિયાત' - પાછાં જાઓ. ગોપીજનોનું હૃદય રડી ઊઠ્યું, તેમની **આશાઓ તૂટી ગઈ. જન્મજન્માંતરથી ભેગી કરેલી વૃત્તિઓના ટુકડા થઈ ગયા.**

એમને કરોડો જન્મોથી ઇચ્છા હતી કે અમે શ્યામસુંદરના સ્વરૂપનો, રૂપનો અને તેમનામાં બિરાજેલા આનંદનો અનુભવ કરીએ. એ જ ગોવિંદજી આજે સમય આવ્યો ત્યારે કહે છે, 'પ્રતિયાત.'

ગોપીજનોને જબરદસ્ત ચિંતા થઈ કે હવે શું કરવું ? પાછાં જવાય તેમ નથી. અહીં રહેવાતું પણ નથી; કારણ કે પ્રભુ જ્યાં વાંકા થયા છે ત્યાં કોને કહેવું ? પારકાની ફરિયાદ સ્વજનને કરાય, પણ સ્વજનની ફરિયાદ કોને કરાય ? તેમને એક વિચાર આવ્યો કે હવે જીવવું જ નથી. ત્યાં તરત બીજો વિચાર આવ્યો કે જે શરીર પ્રભુએ તેમના સુખ માટે આપ્યું છે, તેનો નાશ કરવાનો આપણો અધિકાર કેટલો ? આજે ભલે પાછાં જઈશું, પણ એ જ દુઃખી થઈને બોલાવવા આવશે.

કૃત્વા મુખાન્યવ શુચઃ શ્વસનેન શુષ્યદ્-
બિમ્બાધરાણિ ચરણેન ભુવં લિખન્ત્યઃ ।
અસ્ત્રૈરુપાત્તમષિભિઃ કુચકુઙ્કુમાનિ
તસ્થુર્મૃજન્ત્ય ઉરુદુઃખભરાઃ સ્મ તૂષ્ણીમ્ ॥૨૯/૨૯॥

તેમણે મોં નીચે ઢાળી દીધું. કઈ આંખો લઈને તેઓ ગોવિંદજી સામે જુએ? નીચું થયેલું મોં શોકથી સુકાઈ રહ્યું છે, હૃદય વ્યાકુળ બન્યું છે. તેઓ પગના નખથી ધરતીને ખોતરે છે. આંખનાં આંસુ કહી રહ્યાં છે કે હે પૃથ્વીમાતા ! જ્યારે પ્રભુએ અમારો તિરસ્કાર કર્યો છે, ત્યારે અમે કોની ગોદમાં જઈએ ? અમને તારામાં સમાવી લે. સીતાજીની જેમ આ ગોપીજનો પણ ધરતીમાતાના પેટમાં ડૂબી જવાની ઇચ્છા કરે છે. તેમનાં નેત્રોમાંથી અવિરત આંસુ વહે છે. આજે એમનાં લોચન મેઘ બન્યાં છે. વગર શ્રાવણ-ભાવરવાએ જાણે વરસાદ વરસી રહ્યો છે. દિલમાં એટલું દર્દ છે કે જાણે હમણાં તે ફાટી પડશે. દિલ તો ફાટ્યું નહિ, પણ આંખો ફાટીને વરસવા લાગી; છતાં ગોવિંદજી હજી માનતા નથી. તેઓ બોલવાનું બંધ કરતા નથી. ગોપીઓને રડવું આવે છે અને ગોવિંદજીને હસવું આવે છે. સખીઓ આટલું બધું કેમ રડો છો ? તમારાં મા-બાપ, ભાઈ-બહેન શોધતાં હશે, તમે ઘેર પાછાં જાઓ. હું તમારાં આંસુ લૂછવાનો નથી. તમારા પેલા સંબંધીઓ તમને જરૂર આશ્વાસન આપશે, તમારાં આંસુ લૂછશે, માટે ઘેર પાછાં જાઓ.

હવે ગોપીજનોએ આંસુભરી આંખે સહેજ નજર ઊંચી કરી. તેમની એ નજર પ્રભુના મુખ પર પડી. તેમને ખ્યાલ આવ્યો કે આપણે નકામું રડ્યાં. સખી, શ્યામજીના શબ્દો હૈયાના નહિ, હોઠના છે. તેઓ ગંભીરતાથી કહેતા નથી કે પાછાં જાઓ. તેઓ આપણી મશ્કરી કરવા બોલે છે. માણસ હસીહસીને ગંભીર વાત કરે, ત્યારે ખાત્રી થાય કે આ વાતમાં કંઈ ગંભીરતા નથી.

પ્રેષ્ઠં પ્રિયેતરમિવ પ્રતિભાષમાણં
કૃષ્ણં તદર્થવિનિવર્તિતસર્વકામા: ।
નેત્રે વિમૃજ્ય રુદિતોપહતે સ્મ કિઞ્ચિત્
સંરમ્ભગદ્ગદગિરોઽબ્રુવતાનુરક્તા: ॥૨૯/૩૦॥

તેમને ખાત્રી થઈ કે અમારા પ્રાણપ્રેષ્ઠ આ વચનો બોલતા નથી, તેમનામાં રહેલો કોઈ ઇતર બોલે છે. ભગવાનનાં **બે રૂપ** છે : **(૧) દૈવોદ્ધાર (૨) સર્વોદ્ધાર.**

ગોપીજનો કહે છે, દેવીઓ ! આ સર્વોદ્ધાર રૂપ બોલી રહ્યું છે, દૈવોદ્ધાર બોલી રહ્યું નથી. આપણા પ્રિયતમ નથી બોલતા, પણ દુનિયા પર રાજ્ય કરનાર પ્રભુ બોલે છે. તેથી આપણે રડવાની જરૂર નથી. ગોપીજનોએ સમજાવ્યું કે કેવળ હોઠની વાણીની કિંમત નથી, હૈયાના ભાવોની કિંમત છે. પુષ્ટિજીવ કદી વાણીની મર્યાદાનો સ્વીકાર કરતો નથી. પુષ્ટિજીવ હૃદયના ભાવોની મર્યાદાનો સ્વીકાર કરે છે.

તેઓ સમજી ચૂક્યાં કે ગોવિંદજી અમને પાછાં મોકલવા માટે બોલતા નથી, પણ તેઓ અમારી પરીક્ષા કરે છે. આથી તેમણે આંખો મીંચી થોડોક ક્રોધ કર્યો. આંખોથી એમ સૂચવ્યું કે અમારી સામે તમે આવું કરો છો ? ભગવાનની વાણી ખોટી છે, એવું બોલવાનું તેમનામાં સામર્થ્ય આવ્યું; કારણ કે તેમની વાણીમાં અનુરાગ આવીને બેઠો છે. તેમણે થોડો ખોંખારો ખાધો. થોડાં ટટાર થયાં, સાડીનો છેડો કમરે ખોસ્યો અને પ્રભુ સામે જોયું. તેમણે ભગવાનનાં વચનોનો જવાબ આપવાની શરૂઆત કરી.

ભગવાનના દશ શ્લોકના જવાબમાં ગોપીઓએ અગિયાર શ્લોક કહ્યા. દશ શ્લોકમાં જવાબ છે અને એક શ્લોકમાં પ્રાર્થના છે. મોટા મોટા વકીલો કરતાંય ગોપીજનોની દલીલો બહુ મોટી છે. અમારે તમારાં ચરણારવિંદ છોડીને ઘેર પાછાં કેમ ન જવું, એની અનેક દલીલો ગોપીજનો દશ શ્લોકમાં કરે છે. મહારાજ, અમારી વાત તમે બરાબર સાંભળો અને પછી અમને કહો કે અમારે જવું કે ન જવું.

મૈવં વિભોઽર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં
સંત્યજ્ય સર્વવિષયાંસ્તવ પાદમૂલમ્ ।
ભક્તા ભજસ્વ દુરવગ્રહ મા ત્યજાસ્માન્
દેવો યશાઽઽદિપુરુષો ભજતે મુમુક્ષૂન્ ॥૨૯/૩૧॥

હે વિભુ! આવું બોલવું આપને શોભતું નથી. સામાન્ય માણસ જેવી કઠોર વાણી તમને શોભતી નથી; કારણ કે તમે કોમળ હૃદયના છો. એક વાર અમને આપે અભય વચન આપ્યા પછી કહો છો કે પાછાં જાઓ ! પરમાત્માની વાણી એક વાર બોલ્યા પછી ફોક થનારી હોય નહિ.

પ્રભુ એમ સૂચવે છે કે તમારા હૃદયમાં વાસનાઓ ભરી હોય, તેથી હું કહું છું કે તમે પાછાં જાઓ. ગોપીઓ કહે છે, ગોવિંદજી ! તમે અંતર્યામી છો. અમારા હૃદયમાં તમને કોઈ વિષયની છાયા દેખાય છે કે તમારા પ્રેમની છાયા દેખાય છે ? અમે તો અમારા અંતરને ન સમજી શકીએ, પણ તમારી પાસે તો અમારા અંતરને સમજવાની શક્તિ છે ને ? જોઈ લો. અમે વાસના સાથે તમામ વિષયોનો ત્યાગ કર્યો છે. તે કેવળ ઇન્દ્રિયોથી કર્યો નથી, મનથી પણ કર્યો છે.

કેટલાક લોકો ઇન્દ્રિયોથી ત્યાગ કરે તે મિથ્યાચાર કહેવાય. વાસના સહિત વસ્તુનો ત્યાગ કરે તે સાચો ત્યાગ. વૈષ્ણવોનો એક મોટો સંઘ એક વખત ચંપારણ્ય ગયો. ચંપારણ્ય જતાં એક બહેને નક્કી કર્યું કે જેટલા દિવસ યાત્રા કરીશ, એટલા દિવસ ચા નહીં પીઉં. ચંપારણ્યમાં સખત ગરમી પડે. આખો દિવસ દોડાદોડી થાય. ચા પીધા વિના બે દિવસ જેમતેમ ગયા, પણ માથું તૂટવાની શરૂઆત થઈ. વારેવારે ચા પીવાની તડપ લાગે છે.

વનની બહાર ચાની હોટલ હતી. તે બાઈએ વિચાર કર્યો કે બહુ માથુ દુઃખે છે, તો થોડી ચા પી લઉં એમાં શો વાંધો ? પછી આઠ દિવસ નહીં પીઉં. તે છાનીમાની ગઈ. ત્યાં એક બહેનપણી મળી. આને ચા પીતી જોઈને બહેનપણીએ પૂછ્યું : તેં તો નક્કી કર્યું હતું કે ચા નહીં પીઉં ! તેણે ચાનો કપ લઈને પાસે ઊભેલાં એક માજીને આપી દીધો. બીજે દિવસે સવારે ચાર વાગે ઊઠીને અંધારામાં ચા પીવા ગઈ. ત્યાં ઝટપટ ચા પીવા જતાં થોડી તેનાં કપડાં પર ઢોળાઈ. ચા ઢળે તો તે ડાઘ થાય. ઢોળાયેલી ચા જોઈને તેની બહેનપણીએ પૂછ્યું, તારી સાડી ઉપર આ શાના ડાઘા પડ્યા છે ? આમ, ત્યાગ કર્યા પછી મન વિષયોનું ચિંતન કરે, તો તે ત્યાગ નથી.

ગોપીજનો કહે છે, ગોવિંદજી ! અમારું રોમરોમ તપાસી જુઓ, તેમાં આવો કોઈ મિથ્યાચાર છે ? અમે તમામ વિષયોનો ત્યાગ કર્યો છે. અમારા દિલમાં એક જ ઝંખના છે કે ક્યારે અમારો સ્વીકાર શ્યામસુંદર કરે અને અમને રાસનો અનુભવ કરાવે. તમારા સિવાય અમારા હૃદયમાં હવે કોઈ આશા કે અભિલાષા રાખી નથી.

એક કવિ હતો. તે રોજ શ્રીઠાકોરજીનાં દર્શન કરે. શ્રીઠાકોરજીની સામે જોઈને માગે. એક દિવસ ભગવાને તેને પૂછ્યું : ભક્ત, રોજરોજ મારી છબી પાસે હાથ જોડી માથું નમાવે છે, તો બોલ, તારે શું જોઈએ ? આજે હું તારા મનની તમામ કામનાઓ પૂરી કરવા બેઠો છું. તું માગીશ તે આપીશ. પેલાએ પૂછ્યું : હું જે માગીશ તે આપશો ? પરમાત્માએ વચન આપ્યું. પેલાએ માગ્યું કે '*હર સુબહ મૈં તુઝસે તુઝકો માઝગતા હૂઝ, તેરે સિવા મેરા કોઈ મુદ્દઆ નહિ.*' પ્રત્યેક સવારે તારાં દર્શન કરતાં હું એમ ઝંખું છું કે તું મારો ક્યારે બનીશ ? તારા સિવાય મારા જીવનની બીજી કોઈ ઇચ્છા નથી. હું તને જ માગું છું.

ભગવાને કહ્યું, તેં તો કમાલ કરી. કોઈએ નથી માગ્યું એવું તેં માગ્યું. વત્સ ! મારી જાત હું તને સોંપી દઉં, તો હું દુ:ખમાં આવી જાઉં. પેલો કહે છે, મહારાજ! હું તમને દુ:ખી નહિ કરું. ભગવાન કહે છે હું સ્વતંત્ર છું. પેલો હસીને કહે છે, પ્રભુ! સ્વચ્છંદી ઘોડાને પણ લગામની જરૂર છે, તો શું આપને લગામ ન જોઈએ ? તમને પણ ક્યાંક બંધાવાનું મન થતું હશે ! આખી દુનિયામાં ભટકનારો માણસ હૃદયથી ઇચ્છે છે કે તેને કોઈ પ્રેમથી બાંધે. હું ઘેર જાઉં ત્યારે મને પણ કોઈ પૂછનારું હોય કે કેમ મોડા આવ્યા ? હું જમવા બેસું ત્યારે મને આગ્રહ કરીને જમાડનારું કોઈ હોય. માણસની બંધાવાની જેવી મહેચ્છા છે એવી પરમાત્માની પણ બંધાવાની મહેચ્છા છે. પેલો ભક્ત કહે છે, તમારી ઇચ્છા પૂરી કરવા હું કહું છું, તમે મારા બની જાઓ.

ધૃતરાષ્ટ્રે પણ માગ્યું હતું કે હે કમલલોચન ! જેવી રીતે પતિવ્રતા નારી પ્રવાસે ગયેલા પતિની ઝંખના કરે છે, એવી રીતે કરોડો જન્મોથી હું તમારી પ્રતીક્ષા કરું છું. આ પ્રતીક્ષા એક જન્મની નથી, અનેક જન્મોની છે.

પ્રભુજી હસે છે, દેવીઓ ! બોલો, હું તમારું શું ભલું કરું ? તમે મારી પાસે કોઈક ઇચ્છા લઈને આવ્યાં હશો ને ? ગોપીજનો કહે છે, મહારાજ ! અમે તમારું ભજન કરીએ છીએ, એમ તમે અમારું ભજન કરો. તમે ગીતાજીમાં કહ્યું છે કે જે મને ભજે છે, તેને હું ભજું છું.

ભક્તનું ભજન કેવું અને ભગવાનનું ભજન કેવું, એ બંનેના ભજનનો પ્રકાર સમજવા જેવો છે. ભક્ત સાધન દ્વારા ભગવાનનું ભજન કરે છે. ભગવાન ફળનું દાન કરીને ભક્તનું ભજન કરે છે. ભક્તની અભિલાષા પ્રમાણે ફળનું દાન કરવું એ ભગવાનની ફરજ. ગોપીજનો કહે છે, નાથ ! અમે એ રીતે ફલનું દાન લેવા આવ્યાં

છીએ અને તે લઈને જ જઈશું. શ્રીઠાકોરજી પૂછે છે, જો મારે તમને ફળ ન આપવું હોય, તો શું તમારી મારી પર શિરજોરી છે ?

ગોપીજનો કહે છે, મહારાજ! તમે પણ અમારા જીવોની જેમ હઠાગ્રહી બની જશો ? તમે ગીતાજીમાં એમ કહ્યું કે જે મને પ્રેમ કરે છે, તેને હું પ્રેમ કરું છું. મને દાન કરે એનું કામ કરું છું. બીજી બાજુ તમે ફળનું દાન આપવાની ના પાડો છો, એ તમારો હઠાગ્રહ છે. અમે તમારા પગ પકડીને કહીએ છીએ કે અમોને છોડશો નહિ. જેમ મુમુક્ષુને ભગવાન આદિનારાયણ ફળનું દાન કરે છે, તેમ હે પુરુષોત્તમ! આપ અમને રાસનું દાન કરો. મુમુક્ષુ જ્ઞાનમાર્ગીય છે, તેને ફળ મળે છે; તો અમે ભક્તિમાર્ગી છીએ, અમને પણ ફળ આપો. જે માર્ગમાં ફળ નહિ મળે, તે માર્ગ તરફ ભવિષ્યમાં કોઈની ગતિ નહિ થાય !

આપણે કમાવા જઈએ અને પગાર જ ન મળે, તો કોઈ નોકરી કરે ખરું ? ફળ લેવું નથી, છતાં ફળથી જ સાધનની સિદ્ધિ છે, એ પણ ચોક્કસ છે. ફળની ઇચ્છાથી કોઈ કર્મ કરવાનું નથી, પરંતુ કર્મ કરીએ અને તેનું ફળ ન મળે; ત્યારે નક્કી થાય કે આપણું સાધન અધૂરું છે.

ગોપીજનો કહે છે, જ્ઞાનીઓ મુમુક્ષુ જીવો છે અને અમે રસિક જીવો છીએ. આપ અમારી ભાવના પરિપૂર્ણ કરો.

યત્પત્યપત્યસુહૃદામનુવૃત્તિરઙ્ગ
સ્ત્રીણાં સ્વધર્મ ઈતિ ધર્મવિદા ત્વયોક્તમ્ ।
અસ્ત્વેવમેતદુપદેશપદે ત્વયીશે
પ્રેષ્ઠો ભવાંસ્તનુભૃતાં કિલ બંધુરાત્મા ॥૨૯/૩૨॥

આ શ્લોક બહુ સુંદર છે. તેમાં સર્વાત્મભાવનું દર્શન થાય છે. હે પ્રભુ ! આપ કહો છો કે પતિ-પુત્ર-સ્વજનોની સેવા કરવી એ સ્ત્રીનો ધર્મ છે. અમે તેની ના પાડીએ, તો દુનિયા અમને સ્વચ્છંદી કહેશે; પરંતુ અમારું એમ પૂછવું છે કે આ બધાંની સેવા કરવાની સાચી વૃત્તિ ક્યારે આવે ? જ્યારે તમે દિલમાં પ્રેરણા કરો ત્યારે. જો હૃદયમાં ભગવાન ન વસ્યા હોય, તો માણસ-માણસનો સંબંધ કપટવાળો બની જશે. માટે અમે કહીએ છીએ કે અમારા પતિ-પુત્ર વગેરેમાં અમારું મન લાગે, એ માટે પણ અમને તમારી સેવા કરવા દો; જેથી અમારા દિલનું કપટ જાય અને શુદ્ધ હૃદયથી તેમની સેવા કરીએ.

ભગવાનની સેવા જગતનાં કાર્યો કરવા માટે સાચી વૃત્તિ આપે છે. ***ધર્મ બે પ્રકારનો છે : અનુષ્ઠીયમાન અને પ્રતીયમાન.*** જેનું આચરણ થાય તે **અનુષ્ઠીયમાન** અને જે આચરણ કરવાનું શીખવતો હોય તે **પ્રતીયમાન**. ગુરુનો ઉપદેશ એ પ્રતીયમાન ધર્મ અને ઉપદેશ પ્રમાણે ચાલવું તે અનુષ્ઠીયમાન ધર્મ છે.

ગોપીજનો કહે છે, મહારાજ! તમે પ્રવચન કરીને થાકી ગયા છો; પરંતુ એ બધું અમારા મગજમાં ઘૂસવું તો જોઈએ ! તમે પતિની સેવા કરવાનું કહો છો, પણ એ પતિ જ અમારા મનમાં બેસતો નથી, તેનું શું ? માટે અમે કહીએ છીએ કે અમારું મન એનામાં લાગે એ માટે તમારી સેવા કરવા દો. ગુરુની સેવા કરવાથી ગુરુએ આપેલો ઉપદેશ જીવનમાં ઊતરે છે.

ગીતાજી કહે છે : ગુરુનો ઉપદેશ જીવનમાં લાવવા માટે ગુરુને નમન કરો, એમની સેવા કરો. તમારું મસ્તક ગુરુના ચરણે ધરી દો, તેથી ગુરુજીનું જ્ઞાન ફળશે. આથી ગોપીઓ કહે છે, અમારું દિલ પતિ-પુત્રમાં લાગે તે માટે તમારી સેવા કરવાની છે. તમે કૃપા કરશો તો એમાં દિલ લાગશે.

શ્યામજી કહે છે, 'સખીઓ ! એ બધાંની સેવા છોડીને તમને મારી પાસે આવવાનું આકર્ષણ કેમ થયું ?' ગોપીજનો તેનો જવાબ આપે છે : આપ અમારા પ્રેષ્ઠ છો, જન્મોજન્મના પ્રિયતમ છો. અમને તમારા ભાવથી બાંધનારા બાંધવ છો. માનવમાત્રનું કલ્યાણ જેટલું તમે કરો છો, એટલું બીજું કોઈ આ દુનિયામાં કરતું નથી. તમારા ઉપકારનો બદલો અમે ક્યાં વાળીશું ? આપ તો અમારા આત્માના પણ આત્મા છે. અમારું મન અમારા આત્મામાં ચોંટી ગયું, એમાં અમે ખોટું શું કર્યું ? પતિ-પુત્રની સેવા એ તો દેહધર્મ છે.

આત્માને ઓળખી આત્મા તરફ ગમન કરવું તે આત્મધર્મ છે. જ્યાં સુધી આત્મધર્મની જાગૃતિ થઈ નથી, ત્યાં સુધી જીવને દેહધર્મની જરૂર છે. જે દિવસ આત્માનો પોકાર ઊઠે છે, તે દિવસે શરીરનાં કોઈ આકર્ષણો આત્માને રોકી શકતાં નથી. તેથી અમે આપની પાસે આવ્યાં છીએ.

કુર્વન્તિ હિ ત્વયિ રતિં કુશલા: સ્વ આત્મન્
નિત્યપ્રિયે પતિસુતાદિભિરાર્તિદૈ: કિમ્ ।
તન્ન: પ્રસીદ પરમેશ્વર મા સ્મ છિન્દ્યા
આશાં ભૃતાં ત્વયિ ચિરાદરવિન્દનેત્ર ॥૨૯/૩૩॥

હે ગોવિંદજી! અમે જે માર્ગ લીધો છે, તે કોઈ નવો માર્ગ નથી. આ માર્ગ ઉપર ચાલીને જેમણે આનંદ અનુભવ કર્યો છે, તેની પાછળ પાછળ અમે તો ગયાં છીએ. અગાઉ આ ભક્તિમાર્ગ ઉપર અનેક જણ ચાલી નીકળ્યાં છે. હે પ્રભુ ! અમે તો આ મહાપુરુષોની વાણી સાંભળવા ઇચ્છીએ છીએ. એમની વાણીમાં અમે સાંભળ્યું છે કે સંસારના જેટલા સંબંધો છે, તે બધા પીડા આપનારા છે. કૃષ્ણની સાથે બાંધેલા સંબંધો આનંદ આપનારા છે.

આપણને જીવનમાં સુખની જેટલી અનુભૂતિ થાય છે, તેના કરતાં હજારોગણી પીડાની અનુભૂતિ થાય છે. આપણું મોઢું હસતું હોય છે, પણ મનને પૂછો કે તે કેટલી વાર ઘવાયું છે ? જેને ભગવાને પુષ્પ જેવું કોમળ કાળજું આપ્યું છે, તેને તો ખસ કહેતાં પણ ઘવાય છે. ગોપીઓ કહે છે, ‘અમે વિનંતી કરીએ છીએ કે અમારા ઉપર પ્રસન્ન થાઓ. આપ વરદાન આપનારા છો. અમે આપને પ્રાર્થીએ છીએ કે અમને પાછાં જવાનું કહેશો નહિ. અમને આશા છે કે તમે આજે નહિ તો કાલે જરૂર મળશો. જો અમારી આ આશા તૂટી જશે, તો અમારા પ્રાણ ઊડી જશે.’

ગોપીજનોને કૃષ્ણમિલનની આશા છે, રાસના આનંદની આશા છે. આશા વિના માણસનું જીવન ટકતું નથી. કવિ કાલિદાસ પણ કહે છે કે આશા જ માણસને જિવાડનારી છે. આશા એક જન્મની હોતી નથી, અનેક જન્મોની હોય છે. હે નાથ! તમે એક વાર કહી દો કે ‘તમારે પાછાં જવાની જરૂર નથી’, તો અમે જીવી જઈશું.

શ્યામજી હસીને કહે છે, દેવીઓ ! તમે બહુ હઠીલી છો. સ્ત્રીહઠ, રાજહઠ અને બાળહઠ એક વાર ભેજામાં ભરાય એટલે નીકળે નહિ. દેવીઓ, અત્યારે તમને એમ લાગે છે કે હું તમારા માટે બહુ સારો છું. તમને ખાત્રી છે કે કાલે હું તમને દુઃખ આપનારો નહીં નીવડું ? તમારો સ્વભાવ ભાવનાવાદી છે, તેથી તમારે ડગલે ને પગલે આઘાતો સહન કરવા પડે છે. માટે તમે મારાથી દૂર ચાલ્યાં જાઓ.

હવે આ ગોપીઓ છંછેડાઈ ગઈ છે. તેઓ ક્રોધ કરીને કહે છે, ગોવિંદજી –

ચિત્તં સુખેન ભવતાપહૃતં ગૃહેષુ
યન્નિર્વિશત્યુત કરાવપિ ગૃહ્યકૃત્યે ।
પાદૌ પદં ન ચલતસ્તવ પાદમૂલાદ્
યામ: કથં વ્રજમથો કરવામ કિં વા ॥૨૯/૩૪॥

જેની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બરાબર હોય, તે દુનિયાને કામનો છે. આમાંથી એક પણ ઓછી શક્તિ હોય, ત્યારે એ દુનિયાને ભારરૂપ બને છે. માણસ હટ્ટોકટ્ટો હોય પણ તેનું મગજ ખસી ગયું હોય; તો તે ગમે તેટલો પ્રિય લાગતો હોવા છતાં લોકો કહેશે કે તેને ગાંડાની હૉસ્પિટલમાં મૂકી આવો.

જ્ઞાનશક્તિ વિનાનો માણસ સંસારને ભારરૂપ બને છે. એનાથી ઊલટું જ્ઞાનશક્તિ પૂરતી હોય, પણ ક્રિયાશક્તિ ન હોય તો પણ તે સંસારને ભારરૂપ લાગે છે. પતિ ખૂબ કમાતો હતો, પણ અકસ્માતમાં તેના હાથપગ કપાઈ ગયા. તે જીવતો છે, પણ રાતદિવસ તેને વ્હીલચૅરમાં બેસાડીને ફરવું પડે છે. ધીમે ધીમે ઘરનાં માણસોને લાગ્યું કે આ બોજરૂપ છે, હવે તે મરે તો સારું.

મીરાંબાઈ ગાય છે :

હેરિ મૈં તો પ્રેમ દીવાની, મેરા દર્દ ન જાને કોઈ,
દર્દકી મારી, બન બન ઢૂઝઢૂઝ, બૈદ મિલા નહીં કોઈ.
મીરાકી પીર તબહી મિટેગી, બૈદ સાઝવરિયા હોય.

હે શ્યામજી! અમારા મનને એક રોગ લાગુ પડ્યો છે, તે છે તમને યાદ કરવાનો. આખો દિવસ તમારું જ સ્મરણ થયા કરે છે. આ રોગમાં અમારું મન સંસારમાંથી ક્યારે ખસી ગયું તેની અમને ખબર રહી નથી. ગાંડા માણસની ઉપમા જેવી જ પ્રેમયોગીની દશા હોય છે. કોઈક વાર તમને યાદ કરીને હસી પડાય છે. ક્યારેક તમારા વિરહમાં રડવાનું મન થાય છે. કોઈક વાર તમારી યાદે નાચવાનું થાય છે, તો ક્યારેક જમીન પર આળોટવાનું મન થાય છે. પાગલ અને પ્રેમયોગીની દશા એકસરખી છે; કારણ કે આપે અમારું ચિત્ત ચોર્યું છે. આપનું સ્વરૂપ આનંદમય છે. તેનો સ્વાદ અમારા ચિત્તે ચાખી લીધો છે, એટલે અમે તમારાં બની ગયાં છીએ. એક વાર ભાવતી વસ્તુ ખાવાથી તેનો ચટાકો પડી જાય છે; એવો અમને તમારો ચટાકો પડી ગયો છે. હવે શ્યામરસ સિવાય બીજો રસ ભાવતો જ નથી. અમારી જીભ ઉપર બીજો કોઈ સ્વાદ આવતો જ નથી.

શ્યામજી કહે છે, દેવીઓ ! તમારું મગજ ભલે ખસી ગયું હોય, પણ તમારા હાથ તો સલામત છે ને ? યંત્રની જેમ હાથથી કામ કરજો. ગોપીજનો કહે છે, જેનું ચિત્ત ખસી ગયું હોય, તેના હાથ પણ મડદાં જેવા થઈ જાય છે. હવે અમારા હાથ જગતનું કામ કરી શકે તેમ નથી. શ્યામજી કહે છે, એનો પણ વાંધો નહિ. તમારા

પગ તો મજબૂત છે ને ! ઘેર જઈને નિરાંતે સૂઈ જજો. ઘરમાં એટલું તો કહેવાશે ને કે અમારી પત્ની પાછી આવી !

ગોપીજનો કહે છે, મહારાજ ! હવે અમારા પગ પણ ચાલતા નથી. જ્યારે માણસનું મન ઉદ્વેગમાં હોય, ત્યારે આખા શરીરની શક્તિ શિથિલ બને છે. અમારા ચરણની પ્રેરણા તમે છો. તમે અમારાથી દૂર હો, તો પગ ક્યાંથી ચાલવાના ? તેઓ રડતાં રડતાં કહે છે, મહારાજ! તમે અમને વ્રજમાં પાછાં મોકલી દેશો, તો ત્યાં જઈને અમે શું કરીશું ? તમે અમારું મન અને શરીર-શક્તિ ચોરી લીધાં. શરીરનું તેજ પણ લઈ લીધું. અમે હવે કેવી રીતે જીવીશું ? અમારું હૃદય કેવી રીતે ટકશે? આપનાં ચરણકમળ વિના અમે નહીં જીવી શકીએ, તે સાચી વાત છે. હવે અમને પાછાં જવાનું કહો એ અન્યાય છે. હે શ્યામસુંદર ! અમારા ઉપર જરાક દયા કરો. હે મહારાજ, તમારે અમારો સ્વીકાર ન કરવો હોય તો ન કરશો, પણ પાછાં જવાનું ન કહેશો. શ્યામજી પૂછે છે, અહીં રહીને તમે શું કરશો ? ગોપીજનો કહે છે –

સિંચાઙ્ગ નસ્ત્વદધરામૃતપૂરકેણ
હાસાવલોકકલગીતજહૃચ્છયાગ્નિમ્ ।
નો ચેદ્ વયં વિરહજાગ્ન્યુપયુક્ત દેહા
ધ્યાનેન યામ પદયો: પદવીં સખે તે ॥૨૯/૩૫॥

અમને પ્રગટ ભજનાનંદનો અનુભવ કરાવો. કૃષ્ણરસ કેવો છે, તેનો સ્વાદ ચખાડો. જો આજે આપ તિરસ્કાર કરશો, તો અમે કહી દઈએ છીએ કે અમે અહીંથી જીવતાં પાછાં નહિ જઈએ. અમે મરીને પણ ધ્યાન દ્વારા તમારી પદવીને પામીશું. તમારે ફળ નહિ આપવું હોય તોય અમે તે મેળવવાનું નક્કી કર્યું છે. તમે અમારો સ્વીકાર કરો કે ન કરો, પણ અમે તમારો સ્વીકાર કર્યો છે.

શ્યામજી કહે છે, દેવીઓ ! તમારામાં આટલો મોટો નિશ્ચયભાવ જાગ્યો તેનું મને આશ્ચર્ય થાય છે. હું લોકોને પકડી પકડીને મારા રસ્તે ચલાવું તોય છટકી જાય છે; જ્યારે તમને ધક્કો મારીને કાઢું છું, તોય તમે મારી પાસેથી ખસતાં નથી. આ કેવો વિપરીત ભાવ છે ! ગોપીજનો જવાબ આપે છે –

યર્હ્યમ્બુજાક્ષ તવ પાદતલં રમાયા
દત્તક્ષણં ક્વચિદરણ્યજનપ્રિયસ્ય ।

અસ્પ્રાક્ષ્મ તત્પ્રભૃતિ નાન્યસમક્ષમઙ્ગ
સ્થાતું ત્વયાભિરમિતા બત પારયામ: ॥૨૯/૩૬॥

હે પ્રિયતમ ! જેણે એક વાર હાથીની સવારી કરી હોય, તેને કદી ગધેડાની સવારી ગમે ? એક વાર જેણે અમૃતરસ ચાખ્યો, તેને કારેલું ચાવવાનું ગમે ? જે ચરણકમળમાં આપે લક્ષ્મીદેવીને રાખેલાં, એ ચરણકમળનો અમે સ્વીકાર કર્યો છે. આ સ્વીકાર અનંત જન્મોનો છે. આજે જે રાસનો અનુભવ આપ અમને કરાવવાના છો, તેની ભૂમિકા રોજ અમે સ્વપ્નમાં જોઈએ છીએ. જેનો અમને સ્વપ્નાનુભવ છે, તેનો આજે પ્રત્યક્ષાનુભવ કરવો છે. સ્વપ્નાનુભવમાં અમને નિશ્ચય થયો છે કે તમારા સિવાય બીજો કોઈ નથી, તમે પ્રગટ પુરુષોત્તમ છો.

જેના રોમરોમમાં એક વખત પરમાનંદ છવાઈ ગયો, તે કદી પાછો વિષયાનંદમાં જતો નથી. જેને ભજનાનંદ મળે, તેને વિષયાનંદ ન ગમે. જે વિષયાનંદમાં ડૂબેલો છે, તેને ભજનાનંદ ગમતો નથી. માટે અમે આપને કહીએ છીએ કે અમને આપનાં ચરણારવિંદમાં રાખો. અમારી એવી માગણી નથી કે તમારા હૃદયમાં અમે વસીએ. અમારી એટલી જ માગણી છે કે અમને તમારાં ચરણમાં જ રાખો.

ભગવાન પૂછે છે : તમે આવી માગણી કેમ કરો છો ?

શ્રીર્યત્પદામ્બુજરજશ્ચકમે તુલસ્યા
લબ્ધ્વાપિ વક્ષસિ પદં કિલ ભૃત્યજુષ્ટમ્ ।
યસ્યા: સ્વવીક્ષણકૃતેઽન્યસુરપ્રયાસ:
તદ્વદ્ વયં ચ તવ પાદરજ: પ્રપન્ના: ॥૨૯/૩૭॥

હે શ્યામસુંદર ! આપે લક્ષ્મીજીને આપના હૃદયમાં સ્થાન આપ્યું છે. તુલસીજીને ચરણારવિંદમાં સ્થાન આપ્યું છે. જ્યારથી લક્ષ્મીદેવી આપના હૃદયમાં બેઠાં, ત્યારથી તેમને ગુમાન આવ્યું કે હું મોટી, બીજાં બધાં નાનાં. ભગવાનનાં દર્શન કરવા જેટજેટલા દેવો આવે, તે સૌની પહેલી દૃષ્ટિ ભગવાનની છાતી પર બેઠેલાં લક્ષ્મીજી પર પડે. તેઓ નારાયણનું મુખ જોવાનું છોડી, લક્ષ્મીજીના સેવક બનવા લાગ્યા. પછી શું થાય? પતિ-પત્નીમાં ઝઘડો જ થાય ને ? લક્ષ્મીજી કહે છે, મહારાજ! દુનિયા ભલે તમારી, પણ વધારે સેવકો મારા.

ભગવાને બનાવેલી દુનિયામાં નારાયણના સેવકો ઓછા, લક્ષ્મીજીના વધારે. લક્ષ્મીજીના ભક્તો એટલા બધા વધી ગયા કે એક દિવસ એ ભક્તોએ નક્કી કર્યું કે

લક્ષ્મીજીને નારાયણની છાતી ઉપરથી ઉઠાવી, અમારી તિજોરીમાં પૂરી દઈએ, જેથી અમારે લક્ષ્મીને શોધવા બહાર જવું ન પડે. લક્ષ્મીદેવી લોકોનો આવો પ્રયાસ જોઈને ગભરાઈ ગયાં. આ લોકો મારા ઘરમાંથી મને જ કાઢે છે ? તેમણે પ્રભુને ફરિયાદ કરી. ભગવાન કહે છે, મને એની ખબર જ હતી; પણ તમને એ લોકો બહુ ગમતા હતા. તમારે તેમની પાસે જવું હોય તો ખુશીથી જાઓ, હું રોકતો નથી. ત્યાં લોકો તમારી પૂજા કરશે અને તમારો જયજયકાર કરશે.

લક્ષ્મીદેવી સમજી ગયાં કે મારા અભિમાનને લઈને નારાયણ મને ટકોર કરે છે.'લક્ષ્મીદેવી કહે છે, નાથ ! હવે મારે તમારા હૃદયમાં રહેવું નથી, મને પણ તમારાં ચરણમાં સંતાડી દો. એવી રીતે મને સંતાડો કે પેલા દુષ્ટોની દૃષ્ટિ જ ન પડે. ત્યારથી હૃદયકમળમાં બિરાજેલાં લક્ષ્મીદેવી નારાયણદેવના ચરણકમળમાં રહ્યાં. અને તે પણ દીન અને દાસ્યભાવથી.

ગોપિકાઓ કહે છે, હે નંદનંદન ! જેવી રીતે તમે લક્ષ્મીજીને તમારાં ચરણોમાં રાખ્યાં, એવી રીતે આપ અમને પણ આપનાં ચરણોમાં રાખી અમારી રક્ષા કરો.

તન્નઃ પ્રસીદ વૃજિનાર્દન તેઽઙ્‌ઘ્રિમૂલં
પ્રાપ્તા વિસૃજ્ય વસતીસ્ત્વદુપાસનાશાઃ ।
ત્વત્સુન્દરસ્મિતનિરીક્ષણતીવ્રકામ-
તપ્તાત્મનાં પુરુષભૂષણ દેહિ દાસ્યમ્ ॥૨૯/૩૮॥

ગોપીજનોએ ભક્તિમાર્ગમાં સર્વાત્મભાવ સાથે દાસ્યભાવ માગ્યો. આપણને એવો વિચાર આવે કે દાસ્યભાવ માગવાની વસ્તુ છે કે અનુભવ કરવાની ? મારે કોઈને કહેવું પડે ખરું કે મને તમારો દાસ બનાવો. મારે દાસ બનવું હોય, તો એમનાં ચરણમાં નમવું જ જોઈએ. અહીં ગોપિકાઓ કહે છે **'પુરુષભૂષણ દેહિ દાસ્યમ્.'**

આ શ્લોક ઉપર શ્રીગુસાંઈજીએ બહુ સુંદર નિવેદન કર્યું છે : આપણે કોઈના દાસ બનવા માગતા હોઈએ, પરંતુ સામેની વ્યક્તિ આપણો સ્વીકાર કરવા ન માગતી હોય તો ? તે આપણો સ્વામી બનવા ન ઇચ્છતો હોય તો ? આપણે કોની સેવા કરીએ? દાસ્યભાવને સિદ્ધ કરવા માટે સ્વામીના સાથની જરૂર હોય છે. બ્રહ્માજીને ભગવાનનું જૂઠણ ખાવું હતું. તેઓ માછલું થઈને યમુનાજીમાં વસ્યા. ગોવિંદજીએ તે દિવસે સખાઓને કહ્યું : મિત્રો, પછેડીથી હાથ લૂછી કાઢો. સ્વીકાર વિના સ્નેહનું કોઈ મૂલ્યાંકન નથી. એવી રીતે દાનનું મૂલ્યાંકન પણ સ્વીકાર વિના નથી. આપણે કોઈના

ઉપર બહુ લાગણી રાખીએ, પણ તે કહેતો હોય કે મારે તમારી લાગણીની જરૂર જ નથી. પ્રત્યેક લાગણી સામા પક્ષે સ્વીકારની ઝંખના કરતી હોય છે. એવી રીતે દાસ્યભાવમાં પણ સ્વામીનો સ્વીકાર હોવો જોઈએ. માટે ગોપીજનો કહે છે, અમને દાસ્ય આપો. અમને આપનાં ચરણારવિંદમાં સ્થાપિત કરો. આપના દાસ્યમાં ચારે પ્રકારની મુક્તિ સમાયેલી છે, તેથી અમને મુક્તિની ઝંખના નથી. આપના દાસ્યભાવમાં સ્વર્ગ કરતાં પણ વધારે સુખ રહેલું છે, એથી અમને તેની પણ ઝંખના નથી.

વીક્ષ્યાલકાવૃતમુખં તવ કુણ્ડલશ્રી-
ગણ્ડસ્થલાધરસુધં હસિતાવલોકમ્ ।
દત્તાભયં ચ ભુજદણ્ડયુગં વિલોક્ય
વક્ષ: શ્રિયૈકરમણં ચ ભવામ દાસ્ય: ॥૨૯/૩૯॥

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીના સ્વરૂપમાં ચાર પ્રકારની મુક્તિ બતાવી છે. શ્રીઠાકોરજીના કેશ કાળા છે. કાળા કેશ સારૂપ્ય મુક્તિનું દર્શન કરાવે છે. ગોવિંદજી પણ કાળા અને તેમના કેશ પણ કાળા. ગોપીજનો કહે છે, મહારાજ! અમને સારૂપ્ય મુક્તિ તો તમારા કેશમાં મળી છે. ગોવિંદજીનાં બે કુંડળો સાંખ્ય અને યોગનું સ્વરૂપ છે. તે સાન્નિધ્ય મુક્તિ છે. કુંડળથી વધારે પાસે કોઈ રહી શકતું નથી. ગોપીજનો કહે છે, તમારાં આ કુંડળોમાં અમને સાન્નિધ્ય મુક્તિ મળી ગઈ છે. ભગવાનના ગાલ ઉપર બેસીને મુરલી અધરામૃતનું પાન કરે છે. તે સાલોક્ય મુક્તિ છે. ભક્તોને આવું સાલોક્ય મળતું હોય, તો તેમને બીજા સાલોકની શી જરૂર છે? આપના એક હાસ્યથી અમારા પ્રાણ આપનામાં જોડાઈ જાય છે; તેનાથી વધારે સાયુજ્ય બીજું કયું હોય ? અમે અમને ભૂલી, તમારામાં ઓતપ્રોત બનીએ છીએ.

પ્રભુજી હસે છે, દેવીઓ ! તમારે મુક્તિ નથી જોઈતી તો ભલે, તમારે સ્વર્ગનું સુખ જોઈએ છે ? તે જોઈતું હોય તો ઇન્દ્ર પાસે જાઓ.

ગોપિકાઓ મોઢું મચકોડે છે. હે શ્યામસુંદર, આપના ઘૂંટણથી નીચે સુધી પહોંચતા આજાનબાહુ છે. તમારા એ લાંબા હાથ જોતાં અમને શ્રદ્ધા છે કે જ્યારે અમને દુ:ખ આવશે, ત્યારે તમે આ લાંબા હાથથી અમને ઉગારી લેશો. ઇન્દ્રનો અમને અનુભવ છે. તેને તેનું સુખ સાચવતાં આવડતું નથી, એવાના રાજ્યમાં જઈને અમે શું કરીએ ? હે નંદનંદન ! તમને તમારું સુખ સાચવતાં આવડે છે, તો અમે આપની પાસે કેમ ન રહીએ ? ભગવાન કહે છે, દેવીઓ ! બીજી બધી વાત જવા દો. તમારે

લાડી, વાડી, ગાડી જોઈએ તો મારી દિલથી સેવા કરશો તો એ ત્રણેય આપીશ. ગોપીજનો કહે છે, આપના વક્ષઃસ્થળમાં રમતી અને આપનાં ચરણકમળમાં વસેલી લક્ષ્મીને અમે જોઈ લીધી છે. હવે અમારે જડ લક્ષ્મીની ઇચ્છા નથી. અમારું આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સુખ આપનાં ચરણકમળોમાં છે. તે કેવળ દાસ્યભક્તિમાં છે. માટે હે ગોવિંદજી ! અમને દાસ્યભક્તિનું દાન કરો.

ગોપીજનોને હવે તેમની વાણીનું સમાપન કરવાનું છે.

કા સ્ત્ર્યઙ્ગ તે કલપદાયતમૂર્ચ્છિતેન
સમ્મોહિતાઽઽર્યચરિતાન્ન ચલેત્ત્રિલોક્યામ્ ।
ત્રૈલોક્યસૌભગમિદં ચ નિરીક્ષ્ય રૂપં
યદ્ ગોદ્વિજદ્રુમમૃગાઃ પુલકાન્યબિભ્રન્ ॥૨૯/૪૦॥

ગોપીજનો કહે છે, મહારાજ ! એક વાર જેના હૈયા ઉપર તમારી મોરલીના તાર ખોડાઈ ગયા, તે હવે દુનિયાના માર્ગ પર ચાલવા માટે નકામા બની ગયા છે. માયામાં જેમ પાંચ પ્રકારે મોહિત કરવાની શક્તિ છે, તેમ તમારા વેણુનાદમાં પણ પાંચ રીતે મોહિત કરવાની શક્તિ છે. ગીત સાંભળતાં દેહાનુસંધાન જાય છે. વેણુનો સ્વર સાંભળતાં ઇન્દ્રિયોનો અધ્યાસ જાય છે. તેમાંથી ટપકતું અમૃત ઝીલતાં પ્રાણ ઉત્તેજિત બને છે. ગીતના એક એક પદના શ્રવણથી અમારું અંતઃકરણ ચોરાઈ જાય છે. તેમાં રહેલા અવ્યક્ત ભાવને પામતાં, અમારા રોમરોમમાં કૃષ્ણરસ છલકાય છે. આપનું વેણુગીત શ્રવણ કરીને અમે દુનિયાને માટે નકામાં બન્યાં છીએ. વેણુગીતનું શ્રવણ કરતાં ગાયોની વિચિત્ર દશા થાય છે. વૃક્ષોની દશા પણ વિચિત્ર થઈ, તો અમારા જેવી જીવતી-જાગતી નારીઓની દશા કેવી થાય ? અમે પ્રમાણમાર્ગ છોડી પ્રમેયમાર્ગ પર જનારાં થયાં છીએ.

આખી દુનિયા જે માર્ગે ચાલે છે તે પ્રમાણમાર્ગ; શાસ્ત્રની પ્રેરણાથી ચાલે તે પ્રમાણમાર્ગ. સ્નેહની પ્રેરણાથી ચાલે તે પ્રમેયમાર્ગ. કૃતિથી ચાલે તે પ્રમાણમાર્ગ અને કૃપાથી ચાલે તે પ્રમેયમાર્ગ. હવે અમારા પગ શાસ્ત્રની મર્યાદા તોડીને સ્નેહના ક્ષેત્રમાં પ્રવેશી ચૂક્યા છે, માટે અમે હાથ જોડીને પ્રાર્થીએ છીએ કે અમારો સ્વીકાર કરો.

ગોપીજનોએ આટઆટલું કહ્યું; છતાં ભગવાન હજી ટસના મસ થતા નથી. ગોપીજનોએ છેલ્લો શબ્દ કહી દીધો –

વ્યક્તં ભવાન્ વ્રજભયાર્તિહરોડભિજાતો
દેવો યથાડડદિપુરુષ: સુરલોકગોપ્તા ।
તન્નો નિધેહિ કરપઙ્કજમાર્તબન્ધો
તપ્તસ્તનેષુ ચ શિરસ્સુ ચ કિઙ્કરીણામ્ ॥૨૯/૪૧॥

હે નંદનંદન ! માની લો કે અમારો અધિકાર નથી. અમે આપને પ્રાપ્ત કરવાને યોગ્ય નથી, પરંતુ તમે એટલો તો વિચાર કરો કે તમે ભૂતળ ઉપર કેમ પધાર્યા છો? તમે પરમાત્મા છો, તમારે પૃથ્વી ઉપર અવતાર લેવાની, નાટક કરવાની જરૂર શી ? ગોપીજનો કહે છે, તમારા અવતારને યાદ કરી અમારો સ્વીકાર કરો.

ભગવાન કહે છે, હું લોકોનો ભય દૂર કરવા આવ્યો છું. ગોપીજનો કહે છે, એ લોકોમાં શું અમારો સમાવેશ નથી ? આખી દુનિયા તમારી હોય, તો અમે તમારાં નહિ ? તમે તો વ્રજવાસી ઠાકુર છો. વ્રજનો ભય અને શોક મટાડવા આવ્યા છો, નહીં કે વ્રજવાસીઓને દુ:ખ આપવા આવ્યા છો. અમને આપનાથી જેટલાં દૂર રાખશો, એટલો અમને ડર લાગશે.

ઠાકોરજીએ અંતે હારીને, હસતાં હસતાં કહ્યું : મારે આટલું જ સાંભળવું હતું. સાચું કહું ? મારે તમને ક્યાંય મોકલવાં નહોતાં. આ તો બે ઘડી મેં મજા કરી.

ગોપીજનોએ કહ્યું : મહારાજ, એવી મજાક ન કરો કે જેમાં પ્રાણ ચાલ્યો જાય.

ભગવાન હવે પ્રસન્નતાથી કહે છે, બોલો સખીઓ ! હવે શી ઇચ્છા છે ? સખીઓ કહે છે, અમારા હૃદય અને મસ્તક ઉપર આપના શ્રીહસ્ત મૂકીને અભયદાન આપો કે તમે હવે કદી અમને જવાનું કહેશો નહિ.

શ્રીશ્યામસુંદર રોમરોમ પ્રફુલ્લિત બન્યા. ગોપીજનોએ બે અંગ ઉપર હાથ મુકાવ્યા, તેનું કારણ શું ? કદાચ કાળજું બગડ્યું હોય કે કદાચ મસ્તક બગડ્યું હોય. બુદ્ધિ બગડી હોય તોય સુધરશે અને હૃદય બગડ્યું હશે તોય સુધરશે. જેમ બ્લૉટિંગ પેપર શાહી ચૂસી લે, તેમ તમારો હસ્ત અમારા દોષોને ચૂસી લેનારો છે.

ઈતિ વિક્લવિતં તાસાં શ્રુત્વા યોગેશ્વરેશ્વર: ।
પ્રહસ્ય સદયં ગોપીરાત્મારામોડપ્યરીરમત્ ॥૨૯/૪૨॥

કદંબના વૃક્ષ નીચે ઊભેલા શ્રીવૃંદાવનવિહારીલાલ ગોપીજનોની નિકટ આવતા ગયા. દરેક ગોપીજનના મસ્તકે અને હૃદયે હાથ મૂકતા ગયા. તેઓ એટલા નજીક

આવ્યા કે શરીરનું ભેદન કરીને આત્મામાં સમાઈ ગયા. હવે ગોવિંદજીએ તેમની આનંદલીલા શરૂ કરી છે. પ્રત્યેક વ્રજાંગનાને લાગે છે કે શ્યામસુંદર મારી પાસે છે.

તાભિઃ સમેતાભિરુદારચેષ્ટિતઃ
પ્રિયેક્ષણોત્ફુલ્લમુખીભિરચ્યુતઃ ।
ઉદારહાસદ્વિજકુન્દદીધિતી-
વ્યરોચતૈણાઙ્ક ઇવોડુભિર્વૃતઃ ॥૪૩॥

ઉદાર હાસ્ય અને ચેષ્ટા દ્વારા જાણે કોઈ ગજરાજ હાથિણીઓ વચ્ચે શોભતો હોય, એવી રીતે ગોપીજનોનાં ઝૂંડોની વચ્ચે ગોવિંદજી શ્રીયમુના-કિનારે દોડવા લાગ્યા. અનંત ગોપીઓની વચ્ચે કૃષ્ણજી અનંત સ્વરૂપોથી પ્રગટ થયા છે, માટે શ્રીશુકદેવજીએ તેમને યોગેશ્વરેશ્વર કહ્યા છે. એક યોગી એકમાંથી બે રૂપ લે, કૃષ્ણજીએ તો અનંત રૂપો ધારણ કર્યાં છે.

નદ્યાઃ પુલિનમાવિશ્ય ગોપીભિર્હિમવાલુકમ્ ।
રેમે તત્તરલાનન્દકુમુદામોદવાયુના ॥૨૯/૪૫॥

શ્યામજીએ રાસ રમવાની શરૂઆત કરી. આ લઘુરાસ છે. લઘુરાસમાં કેવળ ભગવદ્-સ્વરૂપ સાથે ગોપીજનોનું રમણ છે. મહારાસમાં ગીત, તાલ, વાદ્ય, નૃત્ય એ બધા સાથે રમણ છે. લઘુરાસમાં ગોપીજનોએ કેવળ ભગવદ્-સ્વરૂપનો આનંદ ચાખ્યો છે. મહારાસમાં સાહિત્ય અને સંગીતની સાથે આનંદનો અનુભવ કર્યો છે. શ્યામજી ગોપીઓમાં એટલા બધા સમાઈ ગયા કે ખબર નથી પડતી કે આ શ્યામ છે કે ગોપી છે.

ક્ષ્વેલ્યાવલોકહસિતૈર્વ્રજસુન્દરીણા-
મુત્તમ્ભયન્ રતિપતિં રમયાંચકાર ॥૨૯/૪૬॥

આઠ પ્રકારની બાહ્ય ચેષ્ટા કરતાં ભગવાને અંતરમાં બિરાજેલો પોતાનો ભગવદ્રસ જાગૃત કરી, તેને સ્થિર કર્યો. પછી લઘુરાસ રમવાની શરૂઆત કરી. પોતાના એક એક અંગમાં રહેલો કૃષ્ણરસ ભગવાને ગોપીઓના કણકણમાં પધરાવ્યો છે. ગોપીઓનાં શરીરમાં એક તસુ ભાગની એવી જગ્યા નથી, જ્યાં આ કૃષ્ણરસ ન હોય. આપણા એકાદ અંગમાં શ્યામરસ પ્રવેશે, તો બીજાં અંગો તે વિના કોરાં રહે. અહીં તો વ્રજભક્તોનું રોમરોમ કૃષ્ણરસમાં ડૂબી ગયું છે.

એવં ભગવત: કૃષ્ણાલ્લબ્ધમાના મહાત્મન: ।
આત્માનં મેનિરે સ્ત્રીણાં માનિન્યોઽભ્યધિકં ભુવિ ॥૨૯/૪૭॥

પૂર્ણાનંદે રોમરોમમાં પ્રવેશ કર્યો, તેથી ગોપીજનોમાં અત્યાર સુધી જે જીવબુદ્ધિ હતી, તેને બદલે ભગવદ્બુદ્ધિ જાગી. ગોપીજનો તેમની જાતને પૂર્ણ માનવા લાગ્યાં. તેઓ એ વાત ભૂલી ગયાં કે મારામાં પૂર્ણબ્રહ્મનો પ્રવેશ થવાથી હું પૂર્ણ છું, નહીં કે મારી જીવશક્તિથી હું પૂર્ણ છું. જો એમણે એવું માન્યું હોત કે પૂર્ણ ભગવાને મારામાં પ્રવેશ કર્યો છે, તેથી હું પૂર્ણ છું, તો તેમને અભિમાન ન થાત. તેમણે પોતાની જાતને પૂર્ણ માની. આપણને એવો પ્રશ્ન થાય કે ભગવાને તેમને એટલું બધું કેમ આપ્યું કે જેથી તેમની બુદ્ધિ બગડી ગઈ ? એનો જવાબ શ્રીશુકદેવજી આપે છે કે તેઓ ઉદાર હાથે આપે છે. જ્યારે પ્રભુ આપે છે ત્યારે ભરપેટ આપે છે.

શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર ઉદાહરણ આપ્યું છે. ભરેલા તળાવમાં ઘડો ડુબાડીએ, તો તે ભરાયેલો જ બહાર આવે. છીછરું જળ હોય તો જ ઘડો અધૂરો રહે. ભગવાન છીછરા જળ જેવા નથી, ભરાયેલા તળાવ જેવા છે. તેમનામાં જે ડૂબ્યો તે પૂરો ભરાઈને જ બહાર નીકળે. પૂર્ણતાનો સ્વભાવ જ આવો છે. ગોપીજનોને એવો ભાવ જાગ્યો કે આ દુનિયામાં જેટલી સ્ત્રીઓ છે, તેમના કરતાં અમે વિશિષ્ટ છીએ. ભગવાનને આ વાત ખૂંચી. જીવમાં મદભાવ આવે, તેનો ભગવાનને વાંધો છે; માનભાવનો વાંધો નથી. ગોપીજનોને એવું માન થયું કે અત્યાર સુધી અમે ગોવિંદજીના પગમાં પડ્યાં. હવે ગોવિંદજી અમારા પગમાં પડે, તો અમે તેમની સાથે રાસ રમીએ. આ મધુરભાવ છે. મધુરભાવમાં માન થવું એ દોષ નથી, પરંતુ બીજી સ્ત્રીઓ કરતાં પોતાની જાતને શ્રેષ્ઠ માનવી તે દોષ છે.

તાસાં તત્ સૌભગમદં વીક્ષ્ય માનં ચ કેશવ: ।
પ્રશમાય પ્રસાદાય તત્રૈવાન્તરધીયત ॥૨૯/૪૮॥

ભગવાને ગોપીજનોમાં બે વસ્તુ જોઈ : સૌભાગ્ય મદ અને માન. બંગાળી મહાત્માઓએ કહ્યું કે શ્રીરાધાજી સમાન આ દુનિયામાં બીજું કોઈ નથી. જ્યારે ભગવાને શ્રીરાધાજી જેવો સમાન અધિકાર બીજાં ગોપીજનોને આપ્યો, ત્યારે તેમનામાં થોડું માન જાગ્યું, મદ જાગ્યો. ગોપીજનોમાં મદ જાગ્યો અને કિશોરીજીમાં માન જાગ્યું. મોહનજીએ વિચાર કર્યો : એક સાથે બે કામ કરું. ગોપીજનોની વચ્ચેથી સંતાઈ શ્રીરાધાનાં ચરણમાં પડીશ, તો તેમનું મનદુ:ખ જશે. પેલી ગોપીઓમાં મદ

આવ્યો છે, તે રડતી રડતી ઠેકાણે આવશે. તેમને સમજાશે કે શ્રીરાધાજીની કૃપાથી જ રાસમાં તેમને અધિકાર મળ્યો છે.

બીજો અર્થ કર્યો કે ભગવાનને મદભાવનું પ્રશમન કરવું હતું અને માનભાવનો પ્રસાદ કરવો હતો. ભગવાને વિચાર કર્યો કે બહુ મીઠું ખાવાથી અપચો થાય, માટે હું થોડી વાર સંતાઈ જાઉં તો તેમને રડતાં રડતાં ખબર પડશે કે વિરહ કેવો હોય છે! વિપ્રયોગ વિના સંયોગનો આનંદ આવતો નથી. જ્યાં સુધી પેટમાં બરાબર ભૂખ ન લાગી હોય, ત્યાં સુધી ભોજનનો આનંદ આવતો નથી. ગોપીજનોમાં મિલનની વધારે ભૂખ જગાડવા માટે ભગવાને સંતાઈ જવાનું નક્કી કર્યું.

એકની એક વસ્તુ વધુ પ્રમાણમાં મળે, તો તેમાં આનંદ રહેતો નથી. એક ભાઈ નોકરી કરતા હતા. રોજ સવારે નોકરીએ જાય. રાત્રે આઠ વાગે ઘેર આવે. એમનાં પત્ની બારણે રાહ જોતાં ઊભાં હોય. ગરમ ગરમ રસોઈ કરીને રોજ જમાડે. તેમ કરતાં ભાઈને નોકરીમાંથી રિટાયર્ડ થવાનો સમય આવ્યો. હવે તેમને ઑફિસે જવાનું નથી, આખો દિવસ ઘરમાં જ રહે છે. પત્નીને ઑફિસેથી આવતા પતિને મળવાની જે ઇન્તેજારી થતી હતી, તે હવે રહી નથી.

એક દિવસ પત્નીએ કહ્યું : તમે આખો દિવસ ઘરમાં રહો છો, તે થોડાક બહાર જઈ આવો ને ! પેલી પત્નીને અણગમો થયો કે આ તો આખો દિવસ મારી છાતી સામે ભટકાતા રહે છે. મને વધારે ઊઠબેસ કરાવે છે. પેલી બાઈએ છેવટે પિયર જવાનો નિશ્ચય કર્યો. માણસનો સ્વભાવ છે કે જ્યારે બહુ મળે, ત્યારે તેનો કંટાળો આવે છે. ભગવાને વિચાર કર્યો કે આ ગોપીઓ પાસે વધુ રહેવાથી મારી આવી સ્થિતિ ન થાય, તે માટે પ્રભુજીએ અંતર્ધાન થવાનું નક્કી કર્યું.

◆

પ્રકરણ ૩૬

અંતર્ધાન થયેલ શ્રીકૃષ્ણની ખોજ

મદનું પ્રશમન કરવા અને માનનો પ્રસાદ કરવા શ્રીરાસવિહારીલાલ અંતર્ધાન થઈ ગયા. તેઓ છુપાઈને ક્યાં ગયા હશે ? જેના વિના જગતમાં એકેય કણ ખાલી નથી, એવા ભગવાનને પણ લાચારી છે કે તેઓ સંતાય ક્યાં ? એક વાર એક ભક્તે ભગવાનને કહ્યું, મહારાજ ! તમારા કરતાં મારામાં વધુ શક્તિ છે. ભગવાન કહે છે, આવું કહેનારો બીજો કોઈ મને મળ્યો નથી. બોલ, તારામાં કઈ શક્તિ વધારે છે ? ભક્ત કહે છે, હું કોઈની આંખમાં ધૂળ નાખીને સંતાઈ શકું છું, તમે સંતાઈ શકતા નથી; કારણ કે કણકણમાં તમે વસેલા છો. ભગવાન કહે છે, હું કણકણમાં રહેલો છું એ વાત સાચી; પણ મેં એક પડદો તૈયાર કર્યો છે. એ પડદામાં હું રહું છું ત્યારે લોકો મને જોઈ શકતા નથી. એ બુરખો કોઈક વાર હું પહેરી લઉં છું, તો કોઈક વાર જીવના માથે પહેરાવી દઉં છું. ભગવાન સર્વત્ર છે, પરંતુ પેલા બુરખાને લીધે સંતાઈને ક્યાં ગયા હશે ?

શ્રી શુકદેવજી કહે છે, એની ચિંતા કરશો નહિ. ભગવાન ત્યાં જ સંતાઈ ગયા છે, બીજે ક્યાંય ગયા નથી. ત્યાં એટલે ગોપીજનોના હૃદયમાં. શ્યામજી વિચાર કરે છે કે સંતાવાની બે જગ્યા બહુ સારી. એક હૃદયની કોટડી અને બીજી આંખની કોટડી. આંખની કોટડીમાં સંતાવાથી આખો દિવસ દેખાઈ જવાય. એના કરતાં હૃદયની કોટડીમાં રહું તો પાસે હોવા છતાં ન દેખાઉં. જે વસ્તુ બહુ પાસે હોય તે ન દેખાય. આપણી આંખો આપણી પોતાની આંખોને જોઈ શકતી નથી. એને આંખોની કીકી દેખાતી નથી. અતિ સમીપ અને અતિ દૂર રહેલાનું દર્શન થતું નથી; માટે ભગવાન ગોપીજનોનાં અંત:કરણમાં સમાઈ જાય છે. એ રસાત્મક સંયોગ-સ્વરૂપ એમના હૃદયમાં સંતાઈ જાય છે.

શ્યામજી વિચાર કરે છે, જરા જોઉં તો ખરો કે મારા વિયોગમાં આ ગોપીઓ કેવી તરફડે છે ? કેટલાક ક્રૂર માણસોને બીજાની વેદના જોવાની મજા આવતી હોય છે. આજે શ્યામસુંદરને ભક્તના હૃદયની તડપન જોવી છે. પ્રભુજી વિચારે કરે છે, હું તો આનંદનો સાગર. મને કદી તડપતાં આવડતું નથી. જે મને નથી આવડતું તે બીજામાં જોઉં ને! ભગવાનને બધું આવડે, પરંતુ તડપતાં, રડતાં ન આવડે. જોકે તેમને નાટક કરતાં તો આવડે.

મહાભારતમાં એક પ્રસંગ આવે છે. દુર્યોધન અને તેના બધા ભાઈઓ મર્યા. શ્રીકૃષ્ણ સાથે પાંડવો કાકા ધૃતરાષ્ટ્ર પાસે ખરખરો કરવા નીકળ્યા. જ્યારે શ્રીકૃષ્ણ પાંડવોની છાવણીમાંથી રડતા રડતા નીકળ્યા, ત્યારે એવું રડતા હતા કે એ સાંભળી આખી દુનિયાને રડવું આવે. થોડીથોડી વારે અર્જુન સામે જોઈને મલકાઈને આંખ મીંચકાવે. આમ, તેમને નાટકમાં રડતાં આવડે, પણ દિલથી રડતાં નથી આવડતું.

યદુનાથજી કહે છે : હું રડવાને જન્મ્યો જ નથી. રામાવતારમાં હું ઘણું રડ્યો છું. રામજી જન્મ્યા તોય રડતા અને જીવન ગુજાર્યું તે પણ રડતાં. તુલસીજી કહે છે,

ભયે પ્રકટ કૃપાલા, દીનદયાલા, કૌસલ્યા હિતકારી.
કીજૈ સિસુલીલા અતિ પ્રિયસીલા, યહ સુખ પરમ અનૂપા;
સુનિ બચન સુજાના, રોદન ઠાના, હોઈ બાલક સુરભૂપા.'

જ્યારે આપણા સરકાર તો પ્રગટ થયા, ત્યારે પણ હસતા હસતા જ ! ગોવિંદજી કહે છે, મને રડાવવામાં મજા આવે છે, રડવામાં મજા નથી આવતી. આથી ગોવિંદજી ગોપીઓની વચ્ચે જ સંતાઈ ગયા. ભગવાન વિચાર કરે છે, મારા વિયોગમાં આ બધી ગોપીઓ મને ભૂલી જાય છે કે મને શોધે છે ?

બીજો અર્થ કર્યો, ભગવાન ત્યાં વૃંદાવનની લતાપતાઓની ઓટમાં જ સંતાઈ ગયા. ગોપીઓ શું કરે છે, તે તેઓ સંતાઈને જોવા માગતા હતા.

ત્રીજો અર્થ કર્યો, ભગવાન અંતર્ધાન થઈને સીધા લક્ષ્મીજી પાસે પધાર્યા. બિચારાં લક્ષ્મીજી ઘણા દિવસોથી પ્રભુની વાટ જોતાં હતાં. પ્રભુએ વિચાર કર્યો, આ ગોપીઓને થોડી વાર રડવા દો, એટલો સમય હું લક્ષ્મીને આનંદ આપી આવું.

ચોથો અર્થ કર્યો, બ્રહ્મા વગેરે દેવો ભગવાનનાં દર્શન માટે ક્યારનાય વ્યાકુળ હતા. તે દેવોને દર્શન આપવા માટે ભગવાન અહીંથી અંતર્ધાન થઈને પધાર્યા.

ભગવાન ગોપીજનોનાં હૃદયમાં છુપાયા છે, એ વાત શુકમુનિ સમજાવે છે –

અન્તર્હિતે ભગવતિ સહસૈવ વ્રજાઙ્ગના: ।
અતપ્યંસ્તમચક્ષાણા: કરિણ્ય ઇવ યૂથપમ્ ॥૩૦/૧॥

અંતર્હિત શબ્દના બે અર્થ કર્યા : (૧) છુપાઈ જવું (૨) ભલું કરવા માટે છુપાઈ જવું. ભગવાન વિચાર કરે છે કે માનને તોડવા બીજા લોકો વાણીનો ઉપયોગ કરે છે. હું સમર્થ પુરુષ છું. વાણીનો ઉપયોગ શા માટે કરું ? હું સીધો તેમનાં હૃદયમાં

પ્રવેશી ન જઉં ? ભગવાનને વાણી વાપરવાની જરૂર જ નહિ. તેઓ સીધા હૃદયમાં પધારી, હૃદયનું ઑપરેશન કરી શકે છે. તેથી ભગવાને અંત:કરણમાં પ્રવેશ કરી, ગોપીજનોનું માન દૂર કરવા આ લીલા કરી; કારણ કે માન અને મદ એ હૃદયના દોષ છે. અંત:કરણના દોષો દૂર કરવામાં વાણીનો ઝાઝો પ્રભાવ પડતો નથી. હું તમને કહું કે તમારે સાચું બોલવું જોઈએ, તો તમે મારી વાત માનો પણ ખરાં અને ન પણ માનો. એનો આધાર તમારા મનની સ્થિતિ ઉપર છે. માટે ભગવાને વિચાર કર્યો કે ગોપીજનોનાં અંત:કરણમાં રહેલાં માન અને મદ દૂર કરવા હું તેમાં પ્રવેશ કરું. શ્રીમદનમોહનલાલ જ્યાં સુધી હૃદયમાં પ્રવેશ કરતા નથી, ત્યાં સુધી હૃદયના રોગો મટતા નથી. ધર્મ કે ધર્મી-સ્વરૂપે પ્રભુનો આવેશ હૃદયમાં થતો નથી, ત્યાં સુધી અંત:કરણ શુદ્ધ થતું નથી.

તમને પ્રશ્ન થશે કે શું ભગવાન હૃદયમાં નથી, જેથી બહારથી તેમને પ્રવેશ કરવો પડે ? તેઓ અંતર્યામી સ્વરૂપે દરેકનાં અંતરમાં બિરાજે છે, પછી એમ શા માટે કહો છો કે ભગવાનને અંદર પ્રવેશ કરવો પડે ?

શ્રીમહાપ્રભુજીએ આના જવાબમાં બહુ સુંદર ઉદાહરણ આપ્યું છે. એક લાકડું લો. તેમાં અગ્નિ છુપાયેલો છે. લાકડામાં બળવાની શક્તિ છે, પરંતુ તે લાકડાને બહારથી અગ્નિની ચિનગારી ન મળે, ત્યાં સુધી તે આપોઆપ સળગી શકતું નથી. છુપાયેલા અગ્નિને પ્રગટ અગ્નિના સ્પર્શની જરૂર છે. એવી રીતે અંતરમાં અંતર્યામી છુપાયેલા છે; છતાં તેમને પ્રગટ ઈશ્વરના આવેશની જરૂર છે. અંત:કરણને પણ એક ચિનગારીની જરૂર છે. તે ચિનગારી કાં તો ભગવાનના ધર્મરૂપે હોય, અથવા ધર્મી-સ્વરૂપના આવિર્ભાવથી મળે છે.

ધર્મ અને ધર્મીનો આવિર્ભાવ એ પણ સમજવા જેવી વસ્તુ છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય - એ છ ધર્મ કહેવાય. આ છ પૈકી કોઈ પણ એક ભગવદ્ધર્મ આપણા અંત:કરણમાં આવે, તો પણ અંતરમાં ચિનગારી પ્રગટે. જ્ઞાનરૂપે જ્યારે ગોવિંદજી હૃદયમાં પધારે છે, ત્યારે માણસને વગર ભણ્યે, વગર વિચારે સૂઝ પડવા માંડે છે. જ્યારે ભગવાનનો વૈરાગ્ય ધર્મ હૃદયમાં પ્રગટે છે, ત્યારે એણે સંન્યાસીનાં કપડાં પહેરવાની જરૂર રહેતી નથી. અનાયાસે તેના મનમાં વિરક્તિ આવે છે.

ધર્મી-સ્વરૂપનો આવિર્ભાવ એટલે કેવળ એકાદ ધર્મ નહિ, પરંતુ સંપૂર્ણ રીતે ભગવાનના સાક્ષાત્ સ્વરૂપનો જ આવિર્ભાવ. આથી, ભગવાન ગોપીજનોનાં હૃદયમાં

અંતર્યામી-સ્વરૂપે બિરાજેલા હોવા છતાં, તેમનાં માન અને મદને દૂર કરવા સાક્ષાત્ વિશુદ્ધ ધર્મી-સ્વરૂપે તેમનાં અંતઃકરણમાં પધાર્યા છે. તદુપરાંત, ભગવાને અંતઃકરણમાં બિરાજી, ગોપીજનોને વિયોગરસનો અનુભવ કરાવવો છે. જ્યાં સુધી ભગવાન હૃદયમાં ન બિરાજે, ત્યાં સુધી વિયોગ આનંદપૂર્ણ બનતો નથી. સામાન્ય રીતે વિયોગમાં આનંદ ન હોય. વિયોગમાં રડવાનો આનંદ ત્યારે જ આવે છે કે જ્યારે ભગવાન હૃદયમાં પ્રવેશ કરે છે.

જોતજોતાંમાં કંઈક ચમત્કાર થયો. હજી તો ગોપિકાઓએ હૃદયમાં ઝાંખીને જોયું પણ નથી કે અમારો પ્રિયતમ હૃદયમાં બેઠો છે. જેવી રીતે હાથિણીઓ તેમના પતિ ગજરાજને શોધે, એવી રીતે ગોપીજનો ગોવિંદજીને શોધે છે. હાથીઓમાં સ્પર્શ મુખ્ય હોય છે. એવી રીતે આ ગોપીજનોને અંતરના આનંદથી સંતોષ નથી. તેમને પરમાત્માનો પ્રગટ સ્પર્શ જોઈએ છે. તેમને ભાન થયું કે અમારો શ્યામ અમને મળતો નથી. શ્યામજી અમને છોડીને ગયા છે, ત્યાં તેમના અંતરમાં વેદના શરૂ થઈ –

ગત્યાનુરાગસ્મિતવિભ્રમેક્ષિતૈ-
ર્મનોરમાલાપવિહારવિભ્રમૈઃ ।
આક્ષિપ્તચિત્તાઃ પ્રમદા રમાપતે-
સ્તાસ્તા વિચેષ્ટા જગૃહુસ્તદાત્મિકાઃ ॥૩૦/૨॥

શ્યામરસના વિરહમાં ગોપીજનો ડૂબી જતાં, તેમને દેહ અને ગેહનું અનુસંધાન ભુલાઈ ગયું; તેથી તેઓ એમ માનવા લાગ્યાં કે હું જ કૃષ્ણ છું. તેમને શ્રીશ્યામસુંદરની વિવિધ લીલાઓનાં અંતઃકરણમાં દર્શન થતાં હતાં. હૃદય-પ્રદેશમાં તેમની દૃષ્ટિ આવતી, ત્યારે તેઓ આજુબાજુ શ્રીકૃષ્ણજીને શોધતાં હતાં.

અહીં બે લીલા થઈ : *અનુકરણ લીલા અને અન્વેષણ લીલા.* એકદમ વિયોગમાં ખોવાઈ જાય, ત્યારે અનુકરણ અને થોડું બાહ્ય અનુસંધાન આવે, એટલે અન્વેષણ. અન્વેષણ અને અનુકરણ વચ્ચેની સ્થિતિ હોય ત્યારે ગાય. જેમ એક લાકડા પર પાણી પડે, તો નથી લાકડું બુઝાતું કે નથી સળગતું, અંદરથી ધુમાડો નીકળે છે. એમ જ્યારે પૂરો બાહ્ય સ્પર્શ નથી અને અંદરનું અનુસંધાન પણ નથી, ત્યારે પેલા ધુમાડા જેવી સ્થિતિ થાય છે. આ ધુમાડો ગાનરૂપે તેમના મુખમાંથી પ્રગટ થાય છે.

શ્રીપુરુષોત્તમજીએ બહુ સુંદર રીતે સમજાવ્યું કે આ ધુમાડો સાદા લાકડાના ધુમાડા જેવો નથી. તે અગરબત્તીના ધુમાડા જેવો છે. તેની સુગંધ નાકને ગમે એવી

છે. ગોપીજનોનાં હૃદયમાંથી આવો સુગંધિત ધુમાડો નીકળી રહ્યો છે, જેમાં આખું ગોપીગીત ગવાશે. તે સાંભળનારને પણ સુવાસિત કરે, આનંદિત બનાવે એવું છે. ગોપાંગનાઓ શ્યામજીને શોધે છે; કારણ કે તેમને બાહ્ય અનુસંધાન આવ્યું છે –

દૃષ્ટો વ: કચ્ચિદશ્વત્થ પ્લક્ષ ન્યગ્રોધ નો મન: ।
નન્દસૂનુર્ગતો હૃત્વા પ્રેમહાસાવલોકનૈ: ॥૩૦/૫॥

ઉન્માદ, પ્રલાપ, વ્યાધિ વગેરે દશાઓની સ્થિતિ ગોપીજનોને પ્રાપ્ત થઈ છે. અંતરમાં બેઠેલી પીડાએ ઉન્માદ અને પ્રલાપની સ્થિતિ આણી છે. પ્રલાપ આવે ત્યારે ન પૂછવું જોઈએ એમને પણ પૂછે છે. ઉન્માદ આવે ત્યારે તેઓ પાગલ બનીને ભટકે છે. આંખમાં આંસુ ભરીને ગોપીજનો વ્રજમંડળનાં મોટાં મોટાં વૃક્ષો પાસે પધાર્યાં છે. જઈને પૂછે છે : હે પીપળ, હે વડ ! તમે અમારા શ્યામસુંદરને જતાં જોયા ?

તેમણે ત્રણ વૃક્ષોને પૂછ્યું : **અશ્વત્થ** એટલે પીપળો. **પ્લક્ષ** એટલે પીપળ, **ન્યગ્રોધ** એટલે વડ. આ ત્રણે વૃક્ષોના એક એક અધિપતિ દેવ છે. પીપળાના અધિપતિ વિષ્ણુ, પીપળના બ્રહ્મા અને વડના શિવ. ગોપીજનો વિચાર કરે છે કે મોટા મોટા દેવોને જેટલી ખબર હોય, એટલી બીજા કોઈને ન હોય.

શ્રીમહાપ્રભુજી કહે છે **'વૃક્ષા: વૈ વૈષ્ણવા: ।'** આ બધાં વૃક્ષો વૈષ્ણવ છે, તેથી ગોપીજનોએ તેમને પૂછ્યું. કેટલાંક ઝાડ નકારની સંજ્ઞામાં ડોલ્યાં તે **અજાનવૃક્ષ** કહેવાયાં. કેટલાંક હકારની સંજ્ઞામાં ડોલ્યાં તે **જાનવૃક્ષ** કહેવાયાં. વ્રજની પરિક્રમા કરીએ, ત્યારે શ્રીગિરિરાજજીની તળેટીમાં ગોવર્ધન તરફ જતાં રસ્તામાં આ જાન-અજાન વૃક્ષો આવે છે. ગોપીજનો કહે છે, સખીઓ ! આ વૃક્ષોનાં ભાગ્યમાં નંદનંદનનું દર્શન નથી. ભલે તે શિવ, બ્રહ્મા કે વિષ્ણુ હોય. આપણા પ્રિયતમનું દર્શન આપણને નથી થતું, તો આમને ક્યાંથી થશે ?

એક ગોપીજને કહ્યું : આ વૃક્ષોને પૂછવાનું છોડી દો. આ વૃક્ષોમાં ફૂલ આવતાં નથી. જે વૃક્ષોને ફૂલ આવતાં હોય તેમને પૂછો.

કચ્ચિત્ કુરબકાશોકનાગપુન્નાગચમ્પકા: ।
રામાનુજો માનિનીનામિતો દર્પહરસ્મિત: ॥૩૦/૬॥

તેમણે પાંચ વૃક્ષોને પૂછ્યું : કરબક, અશોક, નાગ, પુન્નાગ અને ચંપક. આ પાંચે વૃક્ષો પર સુગંધી ફૂલો ખીલેલાં છે. કદાચ એ ફૂલો લેવા માટે ગોવિંદજી ત્યાં

ગયા હોય. ગોપીજનોએ તેમને પૂછ્યું : કહો, તમે નંદનંદનને જોયા ? વૃક્ષો ડોકું હલાવી ના પાડે છે. ગોપિકાઓ મોઢું મચકોડે છે, સખી ! એમનાં નામ જ એવાં છે કે ભગવાન તેમની પાસે જાય નહિ. **કુરબક** - **કુ** એટલે ખરાબ અને **રવ** એટલે અવાજ. જેમાંથી ખરાબ અવાજ નીકળ્યો તે કુરબક. **અશોકવૃક્ષ** શોકને દૂર કરે, પણ આનંદ ન આપે. બીભત્સ રસ અને ભયાનક રસ શૃંગાર રસના વિરોધી છે. **'નાગ'** શબ્દ સાંભળતાં જ બીભત્સ રસ જાગે છે. માટે શૃંગાર-રસાત્મક ભગવાન અહીં ન હોય. તેથી વધારે કડક શબ્દ છે પુન્નાગ. **'પુન્નાગ'** એટલે હાથી. એક સખી પૂછે છે, આ **ચંપાએ** શો દોષ કર્યો છે ? ત્રીજીએ કહ્યું, તેનામાં ત્રણ દોષ છે : ચંપામાં રૂપ છે, રંગ છે, સુગંધ પણ છે; પરંતુ તેનામાં એક દુર્ગુણ છે. ભ્રમર જેવા શ્યામસુંદર કદી એનો રસ ચૂસવા કદી પધારતા નથી.

એક ગોપીજને કહ્યું : આ બધાંને પૂછવાથી શ્યામજી નહીં મળે. ચાલો, પેલાં તુલસીજીને પૂછીએ. બીજી સખી કહે છે, ગોવિંદજીએ તુલસીજીને પટરાણી બનાવ્યાં છે. તે તો આપણી શોક્યમા થાય, એટલે તે જવાબ નહિ આપે. ધોંધીજી નામના ભક્ત કવિએ આ ભાવનું સુંદર પદ લખ્યું છે –

ચલ સખી, સૌતનકે ઘર જઇયે,
ઔર કછુ તો કહાઝ સાઝઈ પઇયે, પ્રિતમ દર્શન પઇયે.

બીજી સખીઓ કહે છે, ચાલો તો ખરાં. ગોવિંદજીને તુલસી બહુ ગમે છે, તો એ તેમની આડમાં તો નથી છુપાયા ! તુલસીજી કલ્યાણી છે. બીજા જેવાં ઈર્ષ્યાળુ નથી. જો તેમની પાસે ગોવિંદજી હશે, તો જરૂર આપણને ગોવિંદજી પાસે લઈ જશે.

કચ્ચિત્તુલસિ કલ્યાણિ ગોવિન્દચરણપ્રિયે ।
સહ ત્વાલિકુલૈર્બિભ્રદ્ દૃષ્ટસ્તેઽતિપ્રિયોઽચ્યુતઃ ॥૩૦/૭॥

હે તુલસી ! તું મંગલકારિણી છે. ગોવિંદજીને જતાવનારી છે, માટે કલ્યાણી છે. ગોવિંદજીનાં ચરણારવિંદમાં રહેવાથી તારામાં કલ્યાણભાવ જાગ્યો છે. તું તારી જાતને ગોવિંદજીની દાસી સમજી, દાસ્યભાવથી સેવા કરનારી છે. માટે હે તુલસી! અમને ગોવિંદજીનું સરનામું આપ. ત્યાં તો તુલસીમાતા પણ મસ્તક હલાવી કહેવા લાગ્યાં, સખીઓ ! મને પણ ખબર નથી. આજે તો હું પણ એમને શોધી લઈશ.

ગોપીજનો વ્રજના કણકણમાં ભગવાનને શોધી રહ્યાં છે. વૃક્ષની લતાપતામાં શોધે છે. કદી નહીં ને આજે આ તુલસીમાં પણ શોક્યભાવ જાગૃત થયો છે. ચાલો,

પેલી માલતી, મલ્લિકા, જૂઈને પૂછીએ; કારણ કે શ્યામજીને સુગંધી પુષ્પો બહુ ગમે છે. એ પુષ્પોની માળા ગૂંથવા કદાચ ત્યાં ગયા હોય !

માલત્યદર્શિ વ: કચ્ચિન્મલ્લિકે જાતિ યૂથિકે ।
પ્રીતિં વો જનયન્ યાત: કરસ્પર્શેન માધવ: ॥૩૦/૮॥

આજે શ્યામજીની ભાળ કોઈ બતાવતું નથી. ગોપિકાઓ વિચાર કરે છે કે મહારાજ! આપ કયા ખૂણામાં બિરાજ્યા છો કે તમે આટઆટલું શોધવા છતાં અમને મળતા નથી. બીજી સખી કહે છે, ‘શ્યામજીને વૃક્ષો બહુ પ્રિય છે. તેમને ગોપબાળકોને ઉપદેશ આપવાની જરૂર પડી, ત્યારે વૃક્ષો બતાવીને ઉપદેશ આપ્યો હતો. માટે ફળ આપનારાં રસાળ વૃક્ષોને પૂછી જોઈએ –

ચૂતપ્રિયાલપનસાસનકોવિદાર-
જમ્બ્વર્કબિલ્વબકુલામ્રકદમ્બનીપા: ।
યેऽન્યે પરાર્થભવકા યમુનોપકૂલા:
શંસન્તુ કૃષ્ણપદવીં રહિતાત્મનાં ન: ॥૩૦/૯॥

હે પરોપકારી વૃક્ષો ! દુનિયાનું કલ્યાણ કરવું એ તમારી દૃષ્ટિ છે. આજે અમે આત્મા વિનાનાં બની ગયાં છીએ. અમારા એ આત્મા ક્યાં ગયા હશે તે અમને બતાવો. વૃક્ષોને જાણે આંસુ આવે છે. સખીઓ, જેમનું ઠેકાણું તમને ખબર નથી, તેમને જડ યોનિમાં પડેલાં અમે ક્યાંથી ઓળખીએ ?

બીજી ગોપી કહે છે, સખી! આ પૃથ્વી અંકુરિત બની ગઈ છે. જરૂર તેની છાતી ઉપર ગોવિંદજીએ પગ ધર્યા લાગે છે. બીજી કહે છે, બાઈ ! પૃથ્વીનો આ રોમાંચ આ જન્મનો નથી. ભગવાન વરાહ બની તેને બે દાઢ વચ્ચે ઊંચકીને લઈ આવેલા, એને યાદ કરતાં આજે પણ પૃથ્વી રોમાંચિત છે. અથવા શ્યામજીએ વામન બનીને એક ડગલામાં પૃથ્વી માપી લીધેલી, એ વામન અવતારનો સ્પર્શ આજે પણ તેને યાદ આવે છે –

અપ્યઙ્ઘ્રિસમ્ભવ ઉરુક્રમવિક્રમાદ્ વા
આહો વરાહવપુષ: પરિરમ્ભણેન ॥૩૦/૧૦॥

ગોપીજનોને એમ કહેવું છે કે આ પૃથ્વી આટઆટલાં વર્ષો પહેલાંનો સ્પર્શ ભૂલી શકી નથી, તો આપણો થોડા સમય પહેલાંનો સ્પર્શ આપણે કેવી રીતે ભૂલી શકીએ?

ભગવાનનો સ્પર્શ એવો છે કે એક વાર જેને લાગે, તેનો રંગ તેના જીવનમાંથી કદી ઊતરતો નથી.

એટલામાં ત્યાં મોટી મોટી આંખોવાળી હરણીઓ આવી. ગોપિકાઓ કહે છે, આને પૂછીએ. જો આ પૃથ્વી ઉપર બે વ્યક્તિઓનાં પગલાં દેખાય છે. એ પગલાં જોતાં લાગે છે કે પ્રભુજી એકલા ગયા નથી. પ્રભુની સાથે કોઈક છે ! એ જાણીને તેમનું હૃદય વધારે ભડક્યું છે. એ પગલાંમાંથી કસ્તૂરી, ચંદન, કેસરની સુગંધ આવે છે. બબ્બેના શ્રીઅંગની એ સુગંધ છે. ગોવિંદજી આપણામાંથી કોઈ એક વધુ સૌભાગ્યશાળીને સાથે લઈને ગયા છે. આ ડાળીઓ તેમને પ્રણામ કરવા લચેલી છે. તે હજી નીચે નમાવેલું માથું ઊંચું કરતી નથી, માટે આપણે તેમને પૂછીએ –

બાહું પ્રિયાંસ ઉપધાય ગૃહીતપદ્મો
રામાનુજસ્તુલસિકાલિકુલૈર્મદાન્ધૈઃ ।
અન્વીયમાન ઇહ વસ્તરવઃ પ્રણામં
કિં વાભિનન્દતિ ચરન્ પ્રણયાવલોકૈઃ ॥૩૦/૧૨॥

હે વૃક્ષાવલિઓ ! હજી તમે તમારું માથું ઊંચું કેમ નથી કર્યું ? એક સખીના ખભે હાથ મૂકી, હસ્તમાં કમળ ઉછાળતા ઉછાળતા, અહીંથી પધારેલા ગોવિંદજીના સ્પર્શને તમે પણ શું હજી યાદ કરો છો ?

આ પ્રમાણે ગોપિકાઓ શ્યામજી શોધી રહી છે. અમારો શ્યામ અમને મળતો નથી, કોઈ શ્યામ બતાવો ને !

શ્યામ વિનાનું જીવન સૂનું, ચંદ્ર વિનાની રાતડી જેવું;
શૂન્ય અરણ્યે રડતી મૃગલી, એમ રડે છે આંખો અમારી.

આજે ગોવિંદજીને શોધતાં ગોપીઓ પાણીપાણી થઈ ગઈ છે. તેમના રોમ રોમમાંથી 'કૃષ્ણ' શબ્દ પ્રગટ થાય છે. કેવળ ગોપીઓની રોમાવલિમાંથી કૃષ્ણ શબ્દ નથી નીકળતો, એનો પડઘો વૃંદાવનનાં વૃક્ષોમાંથી પણ પડે છે. આજે તો વૃંદાવનની લતાઓ પણ રડી રડીને પૂછે છે, કૃષ્ણ ક્યાં છે ? આ સ્વર તો યમુનાજીની એકએક લહેરમાંથી પણ ઊઠે છે –

ઇત્યુન્મત્તવચો ગોપ્યઃ કૃષ્ણાન્વેષણકાતરાઃ ।
લીલા ભગવતસ્તાસ્તા હ્યનુચક્રુસ્તદાત્મિકાઃ ॥૩૦/૧૪॥

આ પ્રમાણે ઉન્મત્ત બનેલ વ્રજાંગનાઓ કૃષ્ણની શોધમાં અત્યંત દુ:ખી અને દીન બની ગયાં. શોધતાં શોધતાં તેઓ બધું ભૂલી ગયાં. એ પણ ભાન ભુલાયું છે કે હું જીવું છું કે જાગું છું, દોડું છું કે ચાલું છું. ગોપાંગનાઓ કૃષ્ણને શોધતાં શોધતાં અંતરમાં સરી પડ્યાં, તેથી દેહનું અનુસંધાન ભુલાઈ ગયું.

તેઓ ગોવિંદજીની લીલાઓનું અનુકરણ કરવા લાગ્યાં. તેઓ ભૂલી ગયાં કે અમે ગોપી છીએ. એમને એવું યાદ રહ્યું કે હું શ્યામ છું. આજે હૃદયમાં તેમને એક-એક લીલાનાં દર્શન થાય છે. અનુકરણ કરતાં કોઈ પૂતના બની, તો કોઈ ગોવિંદ બની.

કસ્યાશ્ચિત્ પૂતનાયન્ત્યા: કૃષ્ણાયન્ત્યપિબત્ સ્તનમ્ ।
તોકાયિત્વા રુદત્યન્યા પદાહઞ્છકટાયતીમ્ ॥૩૦/૧૫॥

પૂતના બનેલી ગોપીની છાતી પર કૃષ્ણ બનેલી ગોપી ચઢી ગઈ. તેને મારવા લાગી; પરંતુ એ ગોપીમાં ભગવાનનું વીર્ય નહોતું એટલે તે મરી નહિ. એક ગોપી ગાડું બની અને બીજી તેના ગળે લટકી ગઈ. નીચેથી લાત મારીને કહે છે, પડ-પડ.

વળી, એક દૈત્ય બની અને બીજી તેને લટકી ગઈ. કોઈ ગોપી રીંગણલીલા કરવા લાગી. એક સાઁવરી ગોપી ભગવાનની જેમ વાંકી વાંકી ચાલીને કહે છે, 'બાઈ ! હું કેવો લાગું છું ?' તે ગોપી છે એ પણ પોતે ભૂલી ગઈ. એક ગોપીને ગોવર્ધનલીલા યાદ આવી. તેણે પોતાની સાડી ઊંચી કરી. ટચલી આંગળી ઉપર સાડી રાખીને તે કહેવા લાગી, 'અહીં આવો. હું તમારી રક્ષા કરું.' બીજાં બધાં તેની ઓઢણી નીચે જઈ જયજયકાર કરે છે. કોઈ ગોપીએ દાવાગ્નિ લીધો. પછી હસીને કહેવા લાગી, 'સખી ! જો હું આ દાવાગ્નિ પી જાઉં છું.' આ પ્રમાણે અનુકરણ કરતાં છેલ્લે દામોદર લીલા કરી. એક કૃષ્ણ બની અને બીજી યશોદામા બની. યશોદામા બનેલી ગોપીએ કૃષ્ણ બનેલી ગોપીને બાંધી દીધી.

વિચારકોએ પ્રશ્ન કર્યો, દામોદરલીલા છેલ્લી કેમ ?એનું કારણ બતાવ્યું કે ભાન ભૂલેલી ગોપીઓને ભ્રમ થાય છે કે હવે અમે ભગવાનને પકડી લીધા. હવે તેઓ ક્યાં જશે ? દામોદરલીલા કરતાં કરતાં તેમને ભાન આવ્યું કે બાઈ ! આ તો આપણે આપણને જ પકડ્યાં છે. આ કંઈ કૃષ્ણ નથી.

ફરી સખીઓ શોધ કરવા લાગી. શોધતાં શોધતાં સખીઓને શ્રીયમુનાજીના કિનારે શ્યામજી અને કોઈ એક ગોપીનાં પગલાં દેખાયાં –

પદાનિ વ્યક્તમેતાનિ નન્દસૂનોર્મહાત્મનઃ ।
લક્ષ્યન્તે હિ ધ્વજામ્ભોજવજ્રાઙ્કુશયવાદિભિઃ ॥૩૦/૨૫॥

હે સખી ! જો, આ શ્યામજીનાં પગલાંમાં સોળ ચિહ્નો છે. આ પગમાં પડવા માટે મોટા મોટા ઋષિમુનિઓ ઝંખે છે. આજે એ જ પગલું આપણને દેખાય છે. બીજી સખી કહે છે, એ વાત તો બરાબર; પરંતુ એવું જ આ બીજું પગલું આપણા મનમાં દાહ ઉત્પન્ન કરે છે.

ત્રીજી સખીએ કહ્યું : બળાપો કરીને શું કરશો? આપણાં ભાગ્ય ઓછાં, તેથી આપણે રખડ્યાં ! પેલીનાં ભાગ્ય મોટાં, તે ભગવાન સાથે ગઈ –

અનયાઽઽરાધિતો નૂનં ભગવાન્ હરિરીશ્વરઃ ।
યન્નો વિહાય ગોવિન્દઃ પ્રીતો યામનયદ્ રહઃ ॥૩૦/૨૮॥

હે સખીઓ ! આપણે બધાંએ તો સાધન કર્યું. આરાધન તો કેવળ આ ગોપીએ કર્યું. ક્રિયાત્મક તે સાધન અને પ્રેમાત્મક તે આરાધન. જપ કરવા ખાતર કરો, તે સાધન; અનાયાસે તમારી જીભ બોલતી રહે, તે આરાધન. જેમાં ફરજનું અનુસંધાન હોય, તે સાધન; જેમાં લાગણીનું અનુસંધાન હોય, તે આરાધન. ભક્તો સાધન નથી કરતા; ભક્તો આરાધન કરે છે.

મને યાદ છે કે એક વાર ફરતાં ફરતાં ૨૦ વર્ષની એક પરમ ભક્ત યુવતીનાં દર્શન થયાં. તે દિવ્ય તેજસ્વી હતી. મને મનમાં એમ થયું કે હું એની સાથે વાત કરું. આ વૃંદાવનમાં તેનો વાસ. યમુનાજીનો કિનારો હતો. પાસે જઈને મેં પૂછ્યું : આપ કોઈ ઊંચી કોટીનું સાધન કરનારાં છો ? એની આંખમાં આંસુ આવી ગયાં. તેણે બહુ સુંદર જવાબ આપ્યો : બહેનજી ! સાધન શું છે તે હું જાણતી નથી, હું તો એટલું જ જાણું છું કે હું મારા પ્રિયતમની આરાધના કરું છું.

મેં તેમને પૂછ્યું : તમને ખાત્રી છે કે તમારી આરાધના પૂરી થશે ? તેમણે કહ્યું, હું એ પણ જાણતી નથી કે મારી આરાધના કયા જન્મે પૂરી થશે. બસ, એટલું જાણું છું કે જેટલા જન્મ મળશે, એ દરેક જન્મમાં હું તેની આરાધના કરતી રહીશ. મેં તેમને પૂછ્યું, તમારી આરાધનાનું ફળ નહિ મળે તો ? તે હસી પડી. તેણે કહ્યું: ન મળે તો કાંઈ નહિ, હું ક્યાં ફળ માટે આરાધના કરું છું ? મારા હૃદયમાં આરાધનાનો ભાવ જાગ્યો, એ જ મારું ફળ છે. કમ-સે-કમ હું મારા મનથી મોહનને પોકારી તો

શકું છું ! શ્યામજીને ન આવવું હોય તો ન આવે, હું તેમને બોલાવતી રહીશ. આવા ભક્તો આજે પણ ભૂતળમાં બિરાજે છે.

ગોપીજનો કહે છે, બાઈ ! આપણામાં જરૂર કંઈક કચાશ રહી છે. આપણે સિદ્ધિ માટે આરાધના કરી, તેણે શ્યામના સ્નેહ માટે આરાધના કરી. આપણે આપણા સુખ માટે શ્યામજીને ભજ્યા, તેણે શ્યામજીના સુખને માટે શ્યામજીને ભજ્યા છે. આપણામાં અને તેનામાં આટલો ફેર છે. જેમાં હું સુખી બનું તે મર્યાદા, જેમાં પ્રભુનું સુખ થાય તે પુષ્ટિ. જે ભક્ત ભગવાન પાસે માગતો રહે તે મર્યાદા; જે ભક્ત ભગવાનને આપતો રહે તે પુષ્ટિ.

એક વાર ભગવાને એક ભક્તને પૂછ્યું : બોલ, તારે શું જોઈએ ? ભક્ત હસી પડ્યો, નંદનંદન ! હું ભિખારી નથી. તારી પાસે માગનારા ઘણા આવ્યા હશે; પણ તને આપનારો કોઈ નહીં આવ્યો હોય. ગોવિંદજી! હું ઝોળી ભરીને તમને આપવા આવ્યો છું. બોલો, તમારે શું જોઈએ ? ભક્ત કહે છે, મહારાજ! હું ખાલી નથી, ભરેલો છું. તમને કોઈએ પ્રેમ આપ્યો હશે, આનંદ નહિ આપ્યો હોય. હું એ આનંદ લઈને આવ્યો છું. પુષ્ટિભક્તની આ દૃષ્ટિ છે. ગોપીજનો ***'આરાધન'*** શબ્દમાં પુષ્ટિ-ભક્તિનો આ દૃષ્ટિકોણ બતાવે છે.

ગોપીજનો કહે છે, ભગવાનની સાથે ગયેલી સખીમાં મદ નથી, માન નથી. તેણે એની જાત ગોવિંદજીનાં ચરણારવિંદમાં ધરી દીધી છે; એટલે ગોવિંદજી આપણને છોડીને તેને લઈ ગયા છે. હવે એની ઈર્ષ્યા કરવામાં કોઈ ફાયદો નથી. જેવું જેનું આરાધન એવું એનું ફળ. થોડું કરો તો થોડું મળે અને વધારે કરો તો વધારે મળે. તેણે ભગવાનનું વધારે ભજન કર્યું, માટે ભગવાને તેણે વધારે આનંદ આપ્યો. આપણા ભજનમાં કચાશ રહી છે.

એક વિચારકે બહુ સુંદર કહ્યું. અહીં **'આરાધન'** શબ્દમાં શુકદેવજીએ યુક્તિપૂર્વક મોઘમમાં **'રાધા'** શબ્દનું સૂચન કર્યું છે. આખા ભાગવતજીમાં ક્યાંય રાધાજી કે ગોપીજનોનાં નામ નહિ મળે !

બીજા એક વિચારકે કહ્યું : ભાગવતજીમાં 'રાધા' નામ નથી, એટલે 'રાધા' તત્ત્વ પાછળથી તો નહિ ઉમેરાયું હોય ? આવો વિચાર બગડેલી બુદ્ધિનો છે. સુધરેલી બુદ્ધિ શાસ્ત્રમાંથી સત્ય શોધે છે. ભાગવતજીમાં રાધા શબ્દ કેમ નથી, એનો બહુ સુંદર જવાબ છે. એક કારણ એ છે કે શુકમુનિ લીલાસક્ત છે. તેઓ નિત્યલીલામાં હર

ક્ષણ 'રાધે રાધે' બોલે છે. શ્રીસ્વામિનીજી આજ્ઞા કરે છે, *'ભૈયા ! રાધે રાધે ન કહો, કૃષ્ણ કૃષ્ણ કહો.'* શ્રીસ્વામિનીજીની આવી આજ્ઞા છે, માટે અહીં ભાગવતમાં શુકમુનિ 'કૃષ્ણ કૃષ્ણ' બોલે છે.

ત્રીજું કારણ એ કહ્યું કે દશમ સ્કંધની કથા શુકમુનિ નથી કરતા, એમના હૃદયમાં બિરાજીને સાક્ષાત્ શ્યામસુંદર કરે છે. શાસ્ત્ર કહે છે કે બધાંનું નામ લેવાય, પણ પોતાની પત્નીનું નામ ન લેવાય. ભગવાન વિચાર કરે છે કે મારો બનાવેલો નિયમ હું તોડું ? હું રાધાનું નામ લઉં ? માટે ભાગવતજીમાં 'રાધા' શબ્દ નથી આવતો.

એક કારણ એવું છે કે રાધા શબ્દ બોલતાં પ્રેમયોગી શુકદેવજીને ભાવસમાધિ લાગે. સમાધિ લાગી જાય, તો આ કથા કોણ કરે ? માટે રાધા શબ્દ નથી આવતો. મોઘમમાં બે-ત્રણ ઠેકાણે તેનું સૂચન છે. દ્વિતીય સ્કંધમાં શુકમુનિની સ્તુતિ છે, ત્યાં 'રાધસ્' શબ્દનો પ્રયોગ છે. બીજું સૂચન અહીં આ શ્લોકમાં છે.

ગોપીજનો કહે છે : આપણી આ સખીએ શ્રીહરિ - ઈશ્વરનું આરાધન કર્યું. સર્વના મનનું હરણ ગોવિંદજી કરે. આ બાઈએ ગોવિંદજીનું મન હરી લીધું. આપણી વચ્ચેથી તેમને ઉઠાવી ગઈ; માટે અહીં **'હરિ'** શબ્દનો પ્રયોગ કર્યો. ભગવાન ઈશ્વર છે; **કર્તું, અકર્તું, અન્યથાકર્તુમ્ સમર્થ** છે. એ ઈશ્વરની પણ આ ઈશ્વર બની છે. એમને નચાવતી આપણી વચ્ચેથી લઈ ગઈ. આમ તો શ્યામજી બધાંના કહેવાય, પણ આજે તે એકલી જીતી ગઈ અને કહેવડાવતી ગઈ કે શ્યામજી મારા છે. હવે એ બંનેની શોધ કરો અને મળે તો એ બંનેના પગમાં પડીને વિનંતી કરો કે અમારો મદ ગયો, અમારું માન પણ ગયું.

ગોપીજનો શોધતાં શોધતાં બકુલવાટિકામાં ગયાં. ત્યાં તેમણે જોયું કે ભૂમિ ઉપર ફૂલો પડ્યાં છે. સખી, ભગવાન એને લઈ ગયા તો ભલે; પરંતુ અહીં આ ફૂલનો ઢગલો શા માટે મૂકી ગયા ? આપણને બાળવા માટે મૂકતા ગયા છે કે જુઓ દેવીઓ, એના માથામાં મેં ફૂલ ગૂંથ્યાં છે.

અત્ર પ્રસૂનાવચય: પ્રિયાર્થે પ્રેયસા કૃત: ।
પ્રપદાક્રમણે એતે પશ્યતાસકલે પદે ॥૩૦/૩૩॥

સખીઓ કહે છે : જુઓ, ગોવિંદજીએ જાતે ફૂલ ચૂંટ્યાં છે. ઊંચા ઝાડ પરથી ફૂલ લેવા માટે પગના આગલા પંજા ઉપર ઊંચા થવું પડે છે; માટે ગોવિંદજીનાં આગલા ભાગનાં જ પગલાં દેખાય છે. ભગવાને તેના કેશમાં ફૂલ ગૂંથી, તેને આનંદનું દાન

કર્યું. ચાલો, આપણે આપણી તે સખીને શોધી કાઢીએ અને વિનંતી કરીએ કે હે સખી ! તું બહુ મોટી. હવે અમને પણ શ્યામજી પાસે લઈ જા.

ત્યાં ગોપીજનોએ પાસેથી નિકુંજમાંથી કોઈના રડવાનો અવાજ સાંભળ્યો -

હા નાથ ! રમણ પ્રેષ્ઠ ! ક્વાસિ ક્વાસિ મહાભુજ ।
દાસ્યાસ્તે કૃપણાયા મે સખે દર્શય સન્નિધિમ્ ॥૩૦/૪૦॥

'હા નાથ, શ્યામસુંદર ! હે રમણપ્રેષ્ઠ ગોવિંદ !' આખું વૃંદાવન રડી ઊઠે, એવો આ ઘેરો અવાજ ત્યાંથી આવતો હતો. પથ્થરને પણ પીગળાવી નાખે એવો એ સ્વર હતો. સખીઓ અંદરોઅંદર વિચાર કરે છે કે ભગવાનની સાથે પેલી એકલી જઈને રડતી લાગે છે. ચાલો, એને પૂછીએ.

સખીઓને અત્યાર સુધી તેના ઉપર ક્રોધ હતો, પણ હવે થયું, *'આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા.'* ભગવાને આપણા જેવી એની પણ દશા કરી લાગે છે. જે ભક્તિમાં રંગાય છે, એની ગોવિંદજી શું આવી જ દશા કરતા હશે ? માટે સૂરદાસજી કહે છે, મહારાજ ! તમારે મારી આવી દશા કરવી હોય, તો મારે તમારી ભક્તિ નથી કરવી. કર્મ અને જ્ઞાનમાં કમ-સે-કમ પથ્થર જેવા જ બની જવાય છે; પરંતુ ભક્તિમાં તો દુઃખના સાગરમાં ડૂબીને નથી જિવાતું કે નથી મરાતું.

બધાં ગોપીજનો બાજુના નિકુંજમાં ગયાં. પેલી ગોપી વૃક્ષો સાથે એનું માથું પટકી પટકીને રડી રહી છે. સખીઓએ તેને આશ્વાસન આપ્યું, હે દેવી! તું કેમ રડે છે? પેલી ગોપી કહે છે, સખીઓ ! સાચું કહું ? મારા ગોવિંદને કોઈ દોષ દેશો નહિ. હું મારા કર્મ અને ભાગ્યને જ આજે રડી રહી છું. અત્યાર સુધી આ ગોપીજનો શ્યામજીને દોષ દેતાં હતાં. એકલી રહેલી ગોપીએ બતાવ્યું કે દોષ ગોવિંદનો નહિ, દોષ આપણો છે. તેણે દરેકની આંખો ઉઘાડી. તેણે કહ્યું : સખીઓ, શ્યામજી તો અતિ કૃપાળુ છે, અતિ દયાળુ છે. આપણે જ અતિ કઠોર હૈયાનાં છીએ કે એ કરુણાસાગરને ઓળખતાં ન આવડ્યું. સખીઓ, મને લઈને એ ગયા. મારામાં મદ અને માન જાગ્યાં. મને એમ થયું કે મને એકલીને લઈ ગયા ! મને એમ પણ વિચાર આવ્યો કે હવે હું એકલી જ તેમની છું, મને છોડીને બીજે ક્યાં જશે ?

મેં ગોવિંદજીને કહ્યું, 'મહારાજ ! હું ચાલી શકું તેમ નથી.' સાચું કહું તો મારામાં ચાલવાની શક્તિ તો હતી, પણ મેં થોડાં નખરાં કર્યાં. મેં કહ્યું : શ્યામસુંદર! મને

ઊંચકી લો. હું મોઢું મચકોડીને ઊભી રહી. તેમણે મને કહ્યું : મારા ખભા પર પગ મૂકીને ચાલ. હું એમ સમજી કે તેમના વિશાળ ખભા ઉપર મારે ચઢવાનું છે. મને શી ખબર કે મારા જ પગ મારે મારા ખભા ઉપર ચઢાવવાના છે ?

લાલાજીએ તો મારી મશ્કરી કરી. જ્યાં હું મારો પગ શ્યામજીના ખભે મૂકવા ગઈ, ત્યાં તો તે છટકીને અંતર્ધાન થઈ ગયા !

એવમુક્તઃ પ્રિયામાહ સ્કન્ધ આરુહ્યતામિતિ ।
તતશ્ચાન્તર્દધે કૃષ્ણઃ સા વધૂરન્વતપ્યત ॥૩૦/૩૯॥

હું એકલી પડી ગઈ. આજે મને ભાન થયું કે આવા સુકોમળ શ્યામ મળ્યા. મદ અને માન કરીને આપણે તેમનો અપરાધ કર્યો. સખીઓ, હવે શ્યામસુંદર મળે ત્યારે એમનાં ચરણમાં આપણું માથું મૂકી આપણે રડીશું. એમનાં ચરણકમળ પકડીને આપણે કહીશું, 'મહારાજ! અમે તો જન્મોજન્મનાં અપરાધી છીએ, જ્યારે તમે કરુણાસાગર છે. તમારી કરુણતામાં અમને ડુબાડી દો –

ઓ કરુણાના સાગર! તારી કરુણાનો કોઈ પાર નહીં,
હું દોષોનો ભંડાર, મારા દોષોનો કોઈ પાર નહીં.
મારા અંતરમાં સળગે છે, ભડભડ દાવાનળ-જ્વાળા,
રે વિષધર ઝેરી ભુજંગી, તરવરતા સાવજ કાળા.
હું ભક્ષક થઈ ભરખાયો, તું રક્ષક થઈ હરખાયો,
ઓ કરુણાના સાગર ! તારી કરુણાનો કોઈ પાર નહિ.
તેં જીવન આપ્યું મુજને, જીવવા તારી જગતિમાં,
મેં ખોયું સઘળું એળે, ઝૂમતાં મારી મસ્તીમાં.
હવે થૈ ગયો હું ભિખારી, તારા શરણે આવ્યો પાપી,
તેં સાગર તરવા ઘેરો, મને નાવડી મોટી આપી.
હું મારી તુંબડી લઈને, દોડ્યો નિજ હિંમત માપી.
હવે ડૂબી રહ્યો મધદરિયે, તું આવ પકડવા સ્વામી.

આજે ગોપીઓને પણ તેમના દોષોનું અનુસંધાન થાય છે. જ્યારે આપણને આપણા દોષો દેખાય, ત્યારે સમજી જવું કે ભગવાને આપણા ઉપર કૃપા કરી છે. 'કૃપા ભઈ તબ જાનિયે, જબ બિચારે અપનો દોસ.' જે દિવસે જીવ પોતાનો દોષ

જોતો થાય, તે દિવસે ભગવાનની મહાન કૃપાનાં દર્શન થાય છે. પોતાના દોષોને ભાંડતી, શ્યામજીને શોધતી, વ્રજાંગનાઓ કણકણમાં પૂછે છે –

અન્વિચ્છન્ત્યો ભગવતો માર્ગ ગોપ્યોઽવિદૂરત:
દદૃશુ: પ્રિયવિશ્લેષમોહિતાં દુ:ખિતાં સખીમ્ ॥૩૦/૪૧॥

ગોપીજનોને સમજાઈ ગયું કે શ્યામ અમારા દોષોને દૂર કરવા સંતાઈ ગયા છે. હવે આપણે ભેગાં મળી, ગોવિંદજીને ઉચ્ચ સ્વરથી બોલાવીએ –

તન્મનસ્કાસ્તદાલાપાસ્તદ્વિચેષ્ટાસ્તદાત્મિકા: ।
તદ્ગુણાનેવ ગાયન્ત્યો નાત્માગારાણિ સસ્મરુ: ॥૩૦/૪૪॥

વ્રજાંગનાઓનું મંડળ ભેગું મળી, યમુનાજીના પુલિન ઉપર ગયું. આજે તેમના મનમાં મોહન સિવાય બીજું કંઈ જ નથી. તેમના અધરો ખૂલે છે, તેમાંથી વાણી નીકળે છે, તો એક જ શબ્દ બોલાય છે, **'શ્રીકૃષ્ણ: શરણં મમ.'** તેમની ચેષ્ટા એક જ થાય છે. ગુણ ગાવાની ઇચ્છા થાય છે, તો તે પણ ગોવિંદના. તેઓ એકબીજાંના બાહુમાં બાહુ પરોવી, એકબીજાંના ખભા પર મસ્તક મૂકી રુદન કરતાં કરતાં શ્રી ગોવિંદજીને યાદ કરે છે. આજે રુદન કરતાં તેમને તેમના સ્વભાવની ખબર પડી છે. કરેલા અપરાધનું ભાન થયું છે. સ્વભાવ અને અપરાધને લીધે હૃદયમાં જે રસ જાગ્યો, તે **ગોપીગીત**ના રૂપમાં પ્રગટ થયો. તેમનાં હૃદયનો રસ શબ્દાકારે બહાર પ્રગટ થઈ રહ્યો છે. ગોપીગીત તેમના હૃદયના જ ઉદ્ગારો છે. તે એટલું સુંદર ગીત છે કે તે સાંભળતાં આપણે પણ તેમાં તન્મય બની જઈએ; પણ એ ગોપીગીતને સાંભળવા અને બોલવા હૈયું ગોપીજનોનું જોઈએ.

આજે તેમના હૃદયમાં એક જ અપરાધ તેમને ડંખે છે : સખીઓ ! જે ભગવાને આપણને પૂર્ણ બનાવ્યાં, એમને પૂર્ણ માનવાને બદલે આપણે આપણી જાતને પૂર્ણ માની બેઠાં છીએ. જેમને આપણે આનંદનું દાન કરવા આવેલાં, એમને એ દાન કરવાને બદલે આપણા સુખનો અનુભવ કરવા આપણે તૈયાર થયાં.

ગોપીજનોએ એકંદરે ૧૯ શ્લોકોમાં ગોપીગીત ગાયું. ગોપીજનોને રસના સ્વભાવથી જ્ઞાન થયું. ભક્તિનો સ્વભાવ જ એવો કે આપોઆપ ગુણગાન ગવાય છે.

શ્રીગુસાંઈજીએ કહ્યું કે રસનો સ્વભાવ એવો છે કે તેમાં કોઈ કોઈ વાર મદ કે માન જાગી જાય. તેમાંથી જ્યારે ગોપીજનોને દોષોનું ભાન થયું, ત્યારે ગાન થયું.

નંદદાસજીએ માનનાં ઘણાં પદો લખ્યાં છે : એક વાર શ્યામજીએ શ્રીરાધાને મનાવી લાવવા એક સખીને તેમની પાસે મોકલી. શ્રીરાધાજી ગુસ્સે થઈને કહે છે–

દૌરી દૌરી આવત, મોકું મનાવન,
જારિ જારિ જા સખી, અપને ભવન.

તું મને મનાવવા દોડતી આવી છે ? તારા ઘેર પાછી જા. તે બિચારી ડરી ગઈ; કારણ કે આવો કોપ તેણે કોઈ દિવસ જોયો નહોતો. તે કહે છે, હું તો શ્યામસુંદરની મોકલી આવી છું. શ્રીરાધાજી વધુ ગુસ્સો કરીને પૂછે છે, **'ઉનકે પાવ કછૂ મેંહદી રચી હૈ ?'** તું મને મનાવવા આવી છે, તે શું તારા એ શ્યામજી પગે મેંદી લગાડીને બેઠા છે ? તેઓ કેમ આવ્યા નહિ ? સખી, સાંભળી લે. તારો શ્યામસુંદર જો બહુ મોટા ઘરનો હોય, તો હું એનાથીયે મોટા ઘરની દીકરી છું. કહી દેજે તારા લાલાજીને કે હું નહિ આવું.

આ રસનો સ્વભાવ જ એવો છે કે તેમાં કોઈક દિવસ અપરાધ કરવાનું મન થઈ જાય છે; કારણ કે ભક્તિમાં ભગવાન પોતાના કરતાં ભક્તોને શ્રેષ્ઠ માને છે. આ અપરાધને લઈને ગોપીજનોએ દોષ કર્યો. પેલી ગોપીના સંગથી તેમને પોતાના દોષનું દર્શન થયું, માટે તેઓ હવે ગોપીગીત ગાય છે.

આપણને પ્રશ્ન થશે કે આટલી બધી ગોપીઓએ માત્ર ૧૯ શ્લોક જ ગાયા ? દરેકના હૃદયમાં કંઈ ને કંઈ ભાવ તો જાગ્યો જ હશે ને ?

શ્રીમહાપ્રભુજીએ એનો બહુ સુંદર ખુલાસો કર્યો. લાલાજીની સખીઓ હજારો, પણ એમના કુલ ઓગણીસ પ્રકાર છે. ઓગણીસ પ્રકારના મંડળવાળી ગોપીઓએ ૧૯ શ્લોકો ગાયા. તેમાં **મુખ્ય બે પ્રકાર** છે : એક **અન્યપૂર્વા** અને બીજી **અનન્યપૂર્વા.** અન્યપૂર્વા એટલે શ્રુતિરૂપા ગોપીઓ, અનન્યપૂર્વા એટલે ઋષિરૂપા ગોપીઓ. અન્યપૂર્વા એટલે પરણેલી, પૂર્વે કોઈની થઈ ચૂકેલી. અનન્યપૂર્વા એટલે કુમારિકાઓ, જેમનાં પૂર્વે કોઈની સાથે લગ્ન થયાં નથી તે. અન્યપૂર્વા ગોપીઓના ૧૦ શ્લોક અને અનન્યપૂર્વા ગોપીઓના ૯ શ્લોક.

અન્યપૂર્વામાં ૯ ગુણવાળી ગોપીઓ અને એક નિર્ગુણ ગોપી. ગુણ ત્રણ છે : સાત્ત્વિક, રાજસ અને તામસ. તેમના સમન્વયથી કુલ નવ ગુણ બને. સાત્ત્વિક-સાત્ત્વિક, સાત્ત્વિક-રાજસ અને સાત્ત્વિક-તામસ. રાજસ-રાજસ, રાજસ-તામસ

અને રાજસ-સાત્ત્વિક. તામસ-તામસ, તામસ-રાજસ, તામસ-સાત્ત્વિક. આમ, અન્યપૂર્વામાં નવ ગુણવાળી અને એક નિર્ગુણ મળી કુલ દશ પ્રકારની સખીઓ છે.

અનન્યપૂર્વા ગોપીઓ કુમારિકાઓ છે. તેમાં ગુણના આઠ પ્રકાર અને નિર્ગુણનો એક પ્રકાર છે. શ્રીમહાપ્રભુજી કહે છે, કુમારિકાઓમાં તામસ-તામસ પ્રકાર નથી; કારણ કે તે હજી બહુ નાની છે. તેમને હજી લડવાનું આવડતું નથી. તેઓ મુગ્ધા છે, માટે કુમારિકાઓના મંડળમાં તામસ પ્રકાર નથી; એટલે કુમારિકાઓના નવ પ્રકાર થયા.

આમ, ગોપીજનોનાં કુલ ૧૯ મંડળ થયાં. આ ગોપીજનો કનકમંજરી નામના છંદમાં ગોપીગીત ગાય છે. કનકમંજરી એટલે ધતૂરો. જેમ ધતૂરાનો નશો ચઢે, તેમ આ ગોપીજનોને આજે કૃષ્ણરસનો નશો ચઢ્યો છે. એ નશામાં તેઓ હવે કરુણ-મધુર ગોપીગીત ગાય છે.

◆

પ્રકરણ ૩૭

ગોપીગીત

ગોપીજનો શ્રીયમુનાજીના કિનારે ગોવિંદજીને શોધતાં બિરાજ્યાં છે. તેમની આંખો બંધ છે. હૃદયમાં બિરાજેલા શ્યામસુંદર વારેવારે દેખાતા હોય અને છટકી જતા હોય એવું તેમને લાગે છે. આવી વિપ્રયોગાત્મક અવસ્થામાં ગોપીગીત ગવાય છે. પ્રથમ, સાત્ત્વિક-રાજસના કંઠમાંથી શબ્દ નીકળ્યા –

જયતિ તેઽધિકં જન્મના વ્રજ: શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ ।
દયિત દશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ॥૩૧/૧॥

શાસ્ત્રનો નિયમ છે કે કાર્યના પ્રારંભે મંગલાચરણ કરવામાં આવે. તેમાં નમન હોય. ગોપીજનોએ આવું કોઈ મંગલાચરણ કર્યું નથી; કારણ કે હજી તેમના મનમાંથી ખટકો ગયો નથી કે શ્યામજી અમને દર્શન આપતા નથી. તેથી તેમણે ***'જયતિ'*** શબ્દથી શરૂઆત કરી. તેમણે નંદનંદનનો જયજયકાર કર્યો. શ્યામજી હૃદયમાં બિરાજેલા છે. તેઓ હસીને પૂછે છે, દેવી ! કોનો જયજયકાર થાય છે ? તમારો થાય છે કે મારો થાય છે ?

ગોપી કહે છે, અમારો નહિ, તમારો. ***'તુમ જીતે હીં હારિ પ્યારે, ગોવર્ધન-ગિરિધારી.'*** આજે તમે જીત્યા ને અમે હાર્યાં; એટલે તમારો જયજયકાર થાય છે. શ્યામજી પૂછે છે, 'દેવીઓ ! કેવી રીતે મારો જયજયકાર થાય છે ?' ગોપી કહે છે, જે દિવસથી આ વ્રજમાં તમે જન્મ્યા છો, ત્યારથી જ તમારો જયજયકાર થાય છે. જ્યાં સુધી તમે જન્મ નહોતો લીધો, ત્યાં સુધી તમને માખણ ખાવાની મજા આવતી હતી ? પહેલાં કોઈને આવી રીતે તડપાવવાની તમને મજા આવતી હતી? આજે તમે અમને તડપાવી રહ્યા છો. પહેલાં કોઈ વાર તમને ગાયો ચરાવવાની મજા આવેલી ? રાસ રમવાની મજા આવેલી ? તમે યશોદાજીના લાલ બન્યા, તો આ બધી લીલા થઈ. માટે આપના જન્મથી જ જગતમાં આપનો જયજયકાર થાય છે.

શ્યામજી પૂછે છે, સખીઓ ! મારા જન્મથી જ જગતમાં મારો જયજયકાર થતો હોત, તો આખી દુનિયા મારી ગુલામ બને. વ્રજમાં તો તમે બધાં મને માનશો, પરંતુ હું મથુરા જઈશ, તો ત્યાં કંસ મને થોડો માનવાનો છે ? ગોપીઓ કહે છે, મહારાજ! વ્રજનો અહીં જયજયકાર થયો છે. આપની સાથે વ્રજભૂમિનો પણ

જયજય
સુંદર !
પુરુષોર

એ

'વ્ર

અમ
અનુભવ
રાજા, પણ
ઘણ્ણો પણ

પ્રભ
કહે છે,
છે. અહીં
આ વ્રજ
વાસીઓ

હે
વાસીઓ
વ્રજમાં
ઘંટી ચા
જ દૂર ?
દૂર કરવ

'દૃશ્
કે તમારા
કેડી બતાવ
ભટકવું પ

ભગ
શા માટે ?
જેનાં હોય
ભક્તોને

જયજયકાર થઈ રહ્યો છે. લોકો કહે છે, શ્યામસુંદર વ્રજવાસી ઠાકોર છે. હે શ્યામસુંદર ! તમે વૈકુંઠમાં નારાયણ થઈને બિરાજો છો. આ વ્રજમાં તમે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમની લીલા પ્રગટ કરી છે.

એટલા માટે દયારામભાઈ ગાય છે કે –

‘વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ રે આવું, ત્યાં તો શ્યામસુંદર ક્યાંથી લાવું ?’

અમારે તમારા વૈકુંઠમાં આવવું નથી. અહીં અમને જેટલી આત્મીયતાનો અનુભવ થાય છે, એટલી આત્મીયતા તમારા વૈકુંઠમાં દેખાતી નથી. વૈકુંઠમાં તમે રાજા, પણ વ્રજમાં તો તમે અમારા. અહીં અમે તમને કાન આમળીને પૂછી શકીએ, ધબ્બો પણ મારી શકીએ. વૈકુંઠમાં તો અમે પ્રજા અને તમે રાજા.

પ્રભુજી પૂછે છે, સખીઓ ! વ્રજનો ઉત્કર્ષ થવાનું કારણ તો મને કહો. ગોપીઓ કહે છે, મહારાજ! વૈકુંઠમાં લક્ષ્મી તમારી રાણી છે, પણ વ્રજમાં તે પાણી ભરનારી છે. અહીં કરોડો લક્ષ્મીઓ વસે છે, ત્યાં તમારી વૈકુંઠની લક્ષ્મીને કોણ પૂછે ? એ લક્ષ્મી આ વ્રજમાં આશ્રય કરીને, નિત્ય-નિરંતર દાસી બનીને અહીં રહી છે. વ્રજવાસીઓનો આનાથી મોટો બીજો કયો જયજયકાર હોય !

હે નંદનંદન ! વ્રજનો જયજયકાર તો થાય છે; પણ આજે આપે અમારા વ્રજવાસીઓનાં ભાગ્ય ઉજાળી દીધાં છે. આપને શોધવા વિશ્વની મોટી મોટી વિભૂતિઓ વ્રજમાં આવે અને અમે વ્રજવાસીઓ જ તમને શોધીએ ? આ તો *‘ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો’* એવી વાત થઈ. અમે તમારાં, છતાં તમે અમારાથી જ દૂર ? પેલા તમારા કોઈ નહિ, છતાં તમારી પાસે ! આ અન્યાય છે. એ અન્યાયને દૂર કરવા અમે વિનંતી કરીએ છીએ. હે પ્રિયતમ ! આપ પ્રગટ થાઓ.

‘દૃશ્યતાં’નો બીજો અર્થ કર્યો, મહારાજ ! એક વાર પ્રગટ થઈને જોઈ તો લો કે તમારાં વ્રજ-વાસીઓ તમારી યાદમાં કેવાં મરી રહ્યાં છે ? આખી દુનિયાને તમે કેડી બતાવો અને તમારાં જ પ્રેમી વ્રજભક્તોને રસ્તો ભુલાવી દો ! અમારે જગતમાં ભટકવું પડે અને દુનિયાને પૂછવું પડે ?

ભગવાન પૂછે છે, દેવીઓ ! મારે તમને દર્શન આપવાં જ જોઈએ એવો નિયમ શા માટે ? ગોપીજનો કહે છે, એટલા માટે કે અમે **‘તાવકા:’** - આપનાં છીએ. જે જેનાં હોય તેને તે દર્શન આપે. રામજીના ભક્તોને રામ દર્શન આપે. હનુમાનજીના ભક્તોને હનુમાનજી દર્શન આપે. માતાજીના ભક્તોને માતાજી દર્શન આપે, તો

શ્યામના ભક્તોને શ્યામ દર્શન ન આપે ? દુનિયાનો આ કાયદો છે. અમે **'તદીયતા'** દાખવી છે, હવે આપ અમારો સ્વીકાર કરી, આપની **'મદીયતા'**નું દર્શન કરાવો.

ગોપીજનો કહે છે : મહારાજ, પ્રત્યેક ભાવને સ્વીકારની અભિલાષા હોય છે. અમે સમગ્ર રીતે તમારાં બની ચૂક્યાં છીએ. એક વાર દર્શન આપીને **'મામકા:'** એવી પ્રતીતિ તો અમને કરાવો. માટે અમે કહીએ છીએ કે તમે પ્રગટ થાઓ.

ભગવાન પૂછે છે, તમે મારાં છો એની શી ખાતરી ?આવું તો ઘણા લોકો મોઢેથી બોલતા હોય છે. ગોપીજનો કહે છે, હે શ્યામસુંદર ! અમારા આત્માએ તમને જેટલા પ્રિય માન્યા છે, એટલા પ્રિય આ દુનિયામાં બીજા કોઈએ માન્યા નથી. આપ **'દયિત'** - એટલે પ્રિયમાં પ્રિય છો. જે જેને પ્રિય લાગે તે તેનો બને. પ્રભુજી હસીને કહે છે, સખીઓ ! તમે મને પ્રિય બનાવ્યો છે એની શી ખાતરી ? આ સાંભળીને ગોપીજનો થોડાં છંછેડાયાં : મહારાજ, દરેક વસ્તુની સાબિતી હોય ખરી ? મહારાજ ! આ **ભક્તિનો માર્ગ તો પ્રમેયમાર્ગ છે, પ્રમાણમાર્ગ નથી**. કેટલીક વસ્તુઓનો અનુભવ કેવળ અંતરથી કરાતો હોય છે. એને માટે વાણીનો વિશ્વાસ જોઈતો નથી. તમે જ અનુભવ કરી લો કે અમે તમને **'દયિત'** માનીએ છીએ કે નહિ ? છતાં તમારે પ્રમાણ જોઈતું હોય, તો અમે આપીએ. અમે દુનિયાને શોધતાં નથી, તમને જ કેમ શોધીએ છીએ ? અમે ઘરે પાછાં ગયાં નથી, કુટુંબ-કબીલાને મળ્યાં નથી; અમે તમારી પાસે દુનિયાની કોઈ વસ્તુ માગતાં નથી. અમે એટલું જ કહીએ છીએ કે અમને માત્ર આપની મીઠી નજર જોઈએ છે. શું અમારો આ ભાવ એવું નથી બતાવતો કે અમે કેવળ તમને જ દયિત માનીએ છીએ ?

ભગવાન કહે છે, ના. હજુ પણ તેમાં થોડી કચાશ છે. સાચો પ્રેમ એ છે કે જેમાં એક વાર પ્રિયતમનાં દર્શન ન થાય, તો માણસ ત્યાં ને ત્યાં પછડાઈને મરી જાય. દુનિયામાં કપટ વિનાનો પ્રેમ હોતો જ નથી. કપટ વિનાનો પ્રેમ હોય, તો જગતમાં વિરહ ન હોય. સખીઓ ! મારા વિના જીવો છો અને હજી મને શોધો છો, એ જ બતાવે છે કે તમે મારા માટે ઉપર-ઉપરનો ભાવ રાખો છો.

સાત્ત્વિક-રાજસ ગોપી આંખમાં આંસુ સાથે સમજાવે છે : હે શ્યામસુંદર ! અમે અમારા પ્રાણ તમારામાં પૂર્યા છે. પ્રાણમાં આશાનો એક બંધ પ્રગટ થયો છે કે આજે નહીં તો કાલે પ્રભુ મળશે. જો અમારી આ આશા નાશ પામશે, તો અહીં બધી વ્રજવાસી ગોપીઓની લાશો ઢળી પડશે. તમારે ખાતરી કરવી હોય તો કરી જુઓ.

'**તદીયતા**'
ર્શન કરાવો.
ષ' હોય છે.
ઃ' એવી

તોડો મોઢેથી
ને જેટલા
'**દયિત**'
ર્તાને કહે છે,
ગોપીજનો
રાજ ! આ
અનુભવ
ધા. તમે જ
મારે પ્રમાણ
કેમ શોધીએ
તમારી પાસે
ાત્ર આપની
કવળ તમને

મે છે કે જેમાં
મરી જાય.
તો જગતમાં
શો, એ જ

ુંદર ! અમે
છે કે આજે
અહીં બધી
કરી જુઓ.

મહારાજ! અમને પાકી ખાતરી થઈ છે કે તમે વાંસળી વગાડી અમને બોલાવ્યાં, તે અમારો જીવતેજીવ વધ કરવા જ બોલાવ્યાં છે –

શરદુદાશયે સાધુજાતસત્સરસિજોદરશ્રીમુષા દશા ।
સુરતનાથ તેઽશુલ્કદાસિકા વરદ નિઘ્નતો નેહ કિં વધઃ ॥૩૧/૨॥

ગોપીજનોએ બહુ સુંદર સંબોધન કર્યું છે, '**સુરતનાથ**.' જેને જેવી અભિલાષા હોય, એવું સંબોધન કરે. ધર્મમાર્ગીઓ ધર્માનુરૂપ સંબોધન કરે છે. અર્થમાર્ગીઓ અર્થાનુરૂપ સંબોધન કરે છે. કામમાર્ગીઓ કામાનુરૂપ સંબોધન કરે છે અને મોક્ષમાર્ગીઓ મોક્ષાનુરૂપ સંબોધન કરે છે. 'સુરતનાથ' એ ગોપીજનોના હૃદયમાં રહેલ કામભાવને વ્યક્ત કરતું સંબોધન છે. ગોપીજનો કહે છે, મહારાજ! દુનિયામાં ક્રીડા તો ઘણા કરે છે; પરંતુ સાચી અને સારી ક્રીડા કરતાં કોઈને આવડતું નથી. દુનિયાને સાચો આનંદ ભોગવતાં આવડતો નથી; કારણ કે દુનિયાના માણસો તેમનામાં રહેલી અલ્પ શક્તિ દ્વારા તે ભોગવે છે. આપ તો અનલ્પ છો. આપના આનંદ માટે અમે આપની મૂલ્ય વિનાની દાસીઓ છીએ. એક તો આપે અમારી ચોરી કરી અને હવે અમને કટાર લઈને મારી રહ્યા છો.

ભગવાન હસીને કહે છે, દેવીઓ ! મારી પાસે મારવાનું તો કોઈ સાધન નથી. ગોપીઓ કહે છે, તમારી પાસે ભલે તલવાર કે કટાર નથી, પણ તમારી આંખો છે ને ? આ નયનોથી આપે અમને વરદાન આપ્યું હતું. આ નયનોથી આપે અમારો સ્વીકાર કર્યો હતો. આ નયનોથી આપે દુનિયાભરના લોકોનાં મનની ચોરી કરી. આજે એ દૃષ્ટિથી તમે અમને મારી રહ્યા છો.

પ્રભુજી હસે છે, દેવીઓ ! હું તો સભ્ય ઘરનો દીકરો છું. હું કોઈની ચોરી કરતો નથી. તને મને વારંવાર '**ચોર**' કહો છો તે સારું લાગે છે ? ગોપિકાઓ કહે છે, દાયણ પાસે કદી કોઈ મા પેટ છૂપું રાખી શકે ? તમે એક-બે વાર નહિ, અનેક વાર ચોર છો. તમે એક વસ્તુની ચોરી કરનારા નથી, તમે **ચોરોના સરદાર** છો. આથી અમે તમને વંદન કરીએ છીએ. નાના હતા ત્યારે માખણચોરી કરી; અમારાં વસ્ત્રોની ચોરી કરી; પૂતનાના પ્રાણની ચોરી કરી. ભગવાન કહે છે, સખીઓ ! લોકોએ મારું નામ હલકું કર્યું છે. મેં નક્કી કર્યું છે કે હવે હું કોઈની ચોરી નહિ કરું. ગોપીજનો કહે છે, તમે શાહુકાર ચોર છો. ન જવાય ત્યાં જાઓ છો અને ન તોડાય તેવા કિલ્લા તોડો છો. ન હરણ કરાય તેવી સંપત્તિ ચોરો છો. પ્રભુજી કહે છે, તમે મારા ઉપર આવો

આરોપ મૂક્યો છે, તો સિદ્ધ કરી આપો. ગોપીજનો કહે છે, હે શ્યામસુંદર! શરદ ઋતુમાં કોઈ ચોર ચોરી કરતા નથી; કારણ કે શરદ ઋતુમાં અજવાળી રાત હોય છે. ચોરોને પકડાઈ જવાનો ડર લાગે છે; પણ તમે ચોરોના સરદાર હોવાથી કોઈથી ડરતા નથી. તેથી જ તમે ચોરી કરવા શરદ ઋતુ પસંદ કરી. ગોવિંદજી ! જે બહુ અભિમાન રાખતા હોય તેની ચોરી કરો, તે સમજાય; પણ તમે તો જે સાધુપુરુષ છે, તેમની ચોરી કરો છો.

શરદ ઋતુનું એક તળાવ હતું. તેનું જળ સ્વચ્છ હતું. તે સરોવરમાં બહુ સુંદર રીતે એક કમળ ઊગેલું છે. નંદનંદન ! તમે જ્યાંથી ચોરી ન કરી શકાય, એવી દુર્ગમ જગ્યામાંથી પણ ચોરી કરી લીધી. જેવી રીતે કમળમાં આકર્ષણ છે, એવી રીતે આપના કમળલોચનમાં પણ આકર્ષણ છે. કમળનો મકરંદ લેવા ભ્રમરો ગુંજારવ કરે છે, એવી રીતે ભક્તોનાં મનરૂપી ભ્રમર શ્યામરૂપી કમળમાં દોડતો રહે છે. આવી દૃષ્ટિ દ્વારા આપ અમને મારો તે સારું કહેવાય ? તમે જુઓ છો કોમળતાથી અને કામ કરો છો કઠોરતાથી ! એ બંનેનો મેળ ક્યાં બેસે? સ્નિગ્ધ દૃષ્ટિથી જુઓ છો; એટલે અમારું મન ચોરાઈ જાય છે. તમે સંતાઈ જાઓ છો, ત્યારે અમને લાગે છે કે અમારી ઉપર તલવાર ઝીંકી રહ્યા છો. માટે વિનંતી કરીએ છીએ કે અમને સુરતનું દાન ન કરવું હોય તો કાંઈ નહિ, પણ અમને જિવાડો તો ખરા !

પ્રભુજી હસે છે, દેવીઓ ! હું ક્યાં તમને જીવવાનું કહું છું ? મારે તમારી સાથે કોઈ લેવાદેવા નથી. હું મારા આનંદમાં રહું છું.

સાત્ત્વિક-સાત્ત્વિક ગોપી કહે છે, મહારાજ! આજે અમે મરી જઈશું, તો અમારા મરણનું દુ:ખ જેટલું તમને થશે એટલું બીજા કોઈને નહીં થાય. અમે અમારા માટે નહીં, તમારા માટે જીવવા માગીએ છીએ. હે શ્યામસુંદર ! તમે ઉપર ઉપરથી કઠોર દેખાઓ છો, પણ અંદરથી અમારા માટે પીગળેલા છો. માટે કહીએ છીએ કે અમને દર્શન આપો. ગોપીજનો કહે છે, મહારાજ! પ્રેમમાં મરવાનું જ હોય છે. અમે માથું હાથમાં લઈને જ તમારી પાસે આવ્યાં છીએ. પ્રેમ એ વાડી કે નગરમાં વેચાતી વસ્તુ નથી, માથું આપીને લેવાની વસ્તુ છે. મરવામાં અમને વાંધો નથી. લોકો એમ કહે છે કે ભક્તિમાર્ગમાં છેવટે મરવાનું ? અમારા મરણનું કલંક તમારા ઉપર લાગશે. અમે તમને કલંકિત કરીને મરવા માગતાં નથી. અમે જીવતેજીવ આપનું કંઈ કામ કર્યું નથી, હવે મરતાં મરતાં શું તમને કલંકિત બનાવીને મરીશું ?

વિષજલાપ્યયાદ્ વ્યાલરાક્ષસાદ્ વર્ષમારુતાદ્ વૈદ્યુતાનલાત્ ।
વૃષમયાત્મજાદ્ વિશ્વતોભયાદૃષભ તે વયં રક્ષિતા મુહુઃ ॥૩૧/૩॥

જે દિવસે શ્રીયમુનાજીના જળમાં કાલિય નાગે ઝેર વરસાવેલ, તે દિવસે અમને એ ઝેરમાં મરવા દેવાં હતાં ને ? કમ-સે-કમ દુનિયા એવું તો ન કહેત કે આ ગોપી કૃષ્ણના પ્રેમમાં મરી ! દુનિયા એમ કહેત કે ઝેરી પાણી પીને મરી. હે શ્યામસુંદર! જ્યારે મૂશળધાર વરસાદ વરસતો હતો, ત્યારે તમે અમારા માટે ગિરિરાજ શીદને ઊંચો કર્યો ? તમે ગિરિરાજજી અમારા ઉપર નાખી દીધા હોત, તો અમે તેમની નીચે ચગદાઈને ક્યારનાંય ખલાસ થઈ ગયાં હોત. તમારો કોઈ વાંક કાઢત નહીં. તે દિવસે તમે અમને જિવાડ્યાં અને આજે અમને મારો છો, તે સારું નથી.

હે નંદનંદન ! વ્યોમાસુર આવ્યો. બીજા પણ મોટા મોટા રાક્ષસો આવ્યા. તેમના ભયમાંથી તમે અમને બચાવી લીધાં. આજે તમે અમને તમારાથી જ ડરાવીને મારશો ? આજે અમે આપના પ્રેમમાં મરી રહ્યાં છીએ. કદાચ અમારી પાસે આરાધના ઓછી હોય, તોયે આપની કૃપાનું દાન કરીને અમને જિવાડો. અમારે તમારા માટે જીવવું છે. અમારે જીવવું છે તે ભક્તિમાર્ગને શુદ્ધ અને સુંદર કરવા માટે. અમારે એટલા માટે જીવવું છે કે અમે જગતને બતાવીએ કે ભક્તિમાર્ગ નિષ્ફળ જતો નથી. **અમારામાં સામર્થ્ય ન હોય તોયે કૃપાનું દાન કરીને અમને જિવાડો.** તે બતાવવા માટે **'ઋષભ' - સમર્થ - શબ્દનું સંબોધન કર્યું.**

સાચો બળવાળો એ છે જે ભિખારીને પણ પૈસાદાર બનાવે. નિઃશસ્ત્રને શસ્ત્રવાળો બનાવે અને દુર્બળને સબળ બનાવે. માટે હે નંદનંદન ! આપ મને જિવાડો.

નિર્ગુણ પ્રેમલક્ષણાવાળી ગોપી કહે છે, મહારાજ ! –

ન ખલુ ગોપિકાનન્દનો ભવાનખિલદેહિનામન્તરાત્મદૃક્ ।
વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્ સાત્વતાં કુલે ॥૩૧/૪॥

હે ગોવિંદજી ! આપ આપના અવતારનું અનુસંધાન કરો. આપ જગતમાં કેમ આવ્યા છો ? આપ કેવળ યશોદાજીના લાલ નથી, આપ તો પ્રાણીમાત્રના હૃદયને જોનારા છો. જો આપ બધાંના હૃદયને જુઓ છો, તો શું અમારા હૃદયને નથી જોતા? માટે અમે વિનંતી કરીએ છીએ કે અમારું હૃદય જોઈને અમારો ઉદ્ધાર કરો. હે ગોવિંદજી ! જગતનું કલ્યાણ કરવા માટે બ્રહ્માજીએ આપની સ્તુતિ કરી હતી. એમની

વિનંતીથી આપ જગતમાં પધાર્યા છો; માટે આપની અવતાર-લીલાને યાદ કરીને અમને દર્શન આપો.

આ શ્લોક ઉપર લેખકાર શ્રીવલ્લભજીએ બહુ સુંદર અર્થ લખ્યો છે. ગોપીઓ મ્હેણું મારે છે કે મહારાજ! અમે આપને ઓળખી ગયાં. આજે આપ અવતાર-કાર્ય કરતા નથી, પરંતુ આદિનારાયણનું કાર્ય કરી રહ્યા છો. જો નંદનંદન હો, તો ગોપીજનોનો ઉદ્ધાર કરો. નારાયણ હો, તો જેવું કર્મ અમે કરીએ, તેવો અમારો ઉદ્ધાર કરો. નંદનંદન કૃપાથી ઉદ્ધાર કરે, નારાયણ કર્મના બળ પ્રમાણે ઉદ્ધાર કરે. આજે આપ નંદનંદનને બદલે નારાયણ-સ્વરૂપનું દર્શન કરાવો છો. જો આપ ગોપીજનોને આનંદ આપનારા નંદબાવાના પુત્ર હો, તો અમને પણ આનંદ આપો. આજે તો આપ અમારી કૃતિને જોઈ રહ્યા છો. પ્રાણીમાત્રના અંતઃકરણમાં આપની પ્રેરણાથી જ જ્ઞાન મળે છે. જો અમારું હૃદય બગડેલું હોય, તો આપ સુધારો. તેમ કરીને અમને આપનાં બનાવો. બ્રહ્માજીની સ્તુતિથી પ્રગટ થયા છો, તો અમારો પણ ઉદ્ધાર કરો.

આ શ્લોકનો અર્થ એક બીજા ટીકાકારે બહુ જુદી રીતે કર્યો. તેમના મતે અહીં નિર્ગુણા ગોપી બોલતી નથી, પણ તમોગુણી ગોપી બોલી રહી છે. સંસ્કૃતમાં શ્રીમદ્ ભાગવતની ઘણી ટીકાઓ છે. તેમાંયે ગોપીગીત ઉપર ખૂબ જ ટીકાઓ મળે છે.

આ ગોપી ગોવિંદજી સાથે ઝઘડી ગઈ. તેણે કહ્યું : મહારાજ, આપ યશોદામાના લાલ નથી. કોણ જાણે ક્યાંથી આ વ્રજમાં ઘૂસી આવ્યા છો ! યશોદાના લાલ હોય, તો તે અમારું ભલું કરે. ભગવાન કહે છે, દેવીઓ ! તમારી વાત તદ્દન સાચી છે. હું કોઈનો દીકરો નથી, કોઈનો ભાઈ નથી, કોઈનો પુત્ર નથી. હું તો પ્રાણીમાત્રનો અંતર્યામી છું. ગોપી કહે છે, ના. એ વાત પણ સાચી નથી. કોણ કહે છે, તમે અંતર્યામી છો ? અંતર્યામી હો, તો અમારા અંતરની વાત તમે જાણતા હો. તમે અમારા હૃદયમાં બિરાજી અમારું હૃદય વાંચો છો ?

ભગવાન કહે છે, જવા દો. હું તો બ્રહ્માજીની ઇચ્છાથી ભક્તોનું કલ્યાણ કરવા દુનિયામાં આવ્યો છું. કોઈનો અનુગ્રહથી ઉદ્ધાર કરું છું, તો કોઈનો નિગ્રહથી ઉદ્ધાર કરું છું. ગોપીઓ કહે છે, તમારી એ વાત પણ ખોટી છે. બ્રહ્માજીની પ્રેરણાથી આપ ભૂતલમાં આવ્યા નથી; કારણ કે બ્રહ્માજીએ તો ભક્તનાં દુઃખ દૂર કરવા પ્રાર્થના કરી હતી. તેમણે શું એવું કહ્યું હતું કે ભક્તો પર મણમણનો વધારાનો બોજો નાખજો? તમે અમારાં દુઃખો કાપવાનું કામ કરો છો કે દુઃખો આપવાનું કામ કરો છો ? આજે

અમને જેટલું દુઃખ પડી રહ્યું છે, એટલું તો જન્મ-જન્મમાં પણ નહીં પડ્યું હોય. માટે અમને લાગે છે કે આપ બ્રહ્માજીની પ્રાર્થનાથી પધાર્યા નથી.

પ્રભુ પૂછે છે, તો દેવીઓ ! હું આવ્યો કેવી રીતે ? ગોપીઓ કહે છે : તમે ક્યાંક આકાશમંડળમાંથી ટપકી પડ્યા છો. આપત્તિકાળમાં મદદ કરે તે મિત્ર કહેવાય. આપત્તિકાળમાં જે વધારે રડાવે તે શું મિત્ર કહેવાય ? આજે અમારા ઉપર આપત્તિ આવી છે, દુઃખના ડુંગર તૂટી પડ્યા છે, ત્યારે આપ દર્શન આપીને સનાથ કરો. તો જ તમે અમારા મિત્ર છો, એવું દુનિયામાં સિદ્ધ થશે.

ભગવાન કહે છે, સખીઓ ! તમે મને મિત્ર કહ્યો, તો બોલો, તમારે શું જોઈએ છે ? ગોપી બહુ જબરી – આંગળી આપે તો ટૂંચો પકડી લે તેવી છે. તે કહે છે :

વિરચિતાભયં વૃષ્ણિધુર્ય તે ચરણમીયુષાં સંસૃતેર્ભયાત્ ।
કરસરોરુહં કાન્ત કામદં શિરસિ ધેહિ નઃ શ્રીકરગ્રહમ્ ॥૩૧/૫॥

હે કાન્ત ! આપનો વરદ કરકમલ અમારા મસ્તકે મૂકો. **'ક'** એટલે સુખ અને **'અંત'** એટલે સીમા. જ્યાં સુખની સીમા આવતી હોય તે કાન્ત. 'અંત' શબ્દનો બીજો અર્થ છે નિશ્ચય. જેમાં સુખનો નિશ્ચય થતો હોય, તે કાન્ત.

ગોપીજનો કહે છે, હે શ્યામસુંદર ! અમે અમારાં તમામ સુખોનો નિર્ણય આપના સ્વરૂપમાં કર્યો છે; માટે આપ અમારા કાન્ત છો. અમારી એક જ માગણી છે કે આપનો કરકમલ અમારા મસ્તકે ધરો. આપનો કર કમલ જેવો છે. કમળને સરોવરમાંથી બહાર કાઢી લઈએ, તો સુકાઈ જાય; પરંતુ આપનો કરકમલ એવો છે કે જેના મસ્તકે ધરાય છે, તે સદાય ભીંજાયેલ રહે છે. જેવી રીતે માથે કમળ મૂકતાં માથાનો તાપ દૂર થાય, તેવી રીતે આપનો કરકમલ અમારા મસ્તકે ધરી, અમારા મસ્તકનો તાપ દૂર કરો. અમને નિર્ભય બનાવો. અમારા મનમાં જે કંઈ મનોરથો જાગે છે, તે આપ પરિપૂર્ણ કરો.

પ્રભુજી હસે છે, દેવીઓ ! હું બ્રહ્મચારી છું. હજી પરણ્યો નથી. તમારા માથા ઉપર મારો હાથ મૂકું તો મારો હાથ દાઝે. ગોપી કહે છે : સમુદ્રમાંથી કન્યા પ્રગટ થઈ, ત્યારે તેને પરણવા આપ ગયા હતા, બીજું કોઈ ગયું ન હતું. તેથી આપ બ્રહ્મચારી નથી. આપનો જે હસ્ત લક્ષ્મીજીના મસ્તકે મૂક્યો હતો, તે અમારા મસ્તકે મૂકો. ભગવાન કહે છે, દેવીઓ ! લક્ષ્મીજી સાથે તો મારું લગ્ન થયું હતું, તમારી સાથે મારો કોઈ સંબંધ નથી. હું તમારા માથે કેવી રીતે હાથ મૂકું ?

ગોપી કહે છે : શરણે આવેલાનું રક્ષણ કરવું એ તમારો ધર્મ છે. આપ આપના ઈશ્વર-ધર્મને પ્રગટ કરો. આપનાં ચરણકમલ સંસારમાંથી તારનારાં છે. અમે સંસારમાં પડેલાં છીએ, માટે આપના ચરણકમલમાં ઝૂકવું પડે. *જો ઝૂકતા હૈ વહી ઝુકા સકતા હૈ.* અમે તમારાં ચરણારવિંદમાં ઝૂકીને માથું મૂક્યું છે, તો તમે ઝૂકીને તમારો કરકમલ અમારા મસ્તકે મૂકો.

ભગવાન હસે છે : હું સંતાયેલો છું, છતાં તમારા માથા ઉપર હાથ મૂકું ! બોલો, હવે બીજું કંઈ જોઈએ ? ત્યાં તો **સાત્ત્વિક-રાજસ** ગોપી બોલી –

વ્રજજનાર્તિહન્ વીર યોષિતાં નિજજનસ્મયધ્વંસનસ્મિત ।
ભજ સખે ભવત્કિંકરીઃ સ્મ નો જલરુહાનનં ચારુ દર્શય ॥૩૧/૬॥

હે શ્યામસુંદર ! કોઈ જાદુગરના હાથ જેવો તમારો હાથ અમારે જોઈતો નથી. અમારે તો પ્રત્યક્ષ તમારું મુખ જોવું છે. અમારે હૃદયનું દુઃખ દૂર કરવું છે. હે નંદનંદન! આપના અસાધારણ અવતાર-કાર્યને યાદ કરો. આપનો પ્રાદુર્ભાવ વ્રજ અને વ્રજજનોની આર્તિ દૂર કરવા માટે છે. વ્રજવાસીઓને પૈસાની, પ્રતિષ્ઠાની, ચીજ-વસ્તુની આર્તિ નથી. તેમને તો પ્રિયતમ પ્રભુના મિલનની આર્તિ છે. આપ વિશેષ કરીને સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા ભૂતળમાં આવ્યા છો. અત્યાર સુધીના બધા મહાપુરુષોએ સ્ત્રીને હાડ-માંસની નકામી પૂતળી કહી છે.

તુલસીદાસજીએ પણ કહ્યું કે **'સ્ત્રી તાડનકી અધિકારી.'** અત્યાર સુધીમાં અમે શૂરવીર ઘણા જોયા છે, પણ દાનવીર બહુ જોયા નથી. એવું કહેનારા ઘણા નીકળ્યા કે જ્યાં કામ હોય ત્યાં તેને કાપો; પરંતુ એ કામને ઊર્ધ્વ બનાવનાર દુનિયામાં કોઈ નીકળ્યો નથી. આપ કૃષ્ણ જ એવા છો કે જેમણે કદી કહ્યું નથી કે કામ ખોટો છે. તમે તો એમ જ કહ્યું છે કે કામને સુંદર બનાવો. આપ આવા દાનવીર છો, તેથી શૂરવીર કરતાંય મોટા છો. શત્રુને મારી નાખવો, તેના કરતાં તેને ગુલામ બનાવી દેવો તે વધારે શ્રેષ્ઠ છે. માટે અમે આપને કહીએ છીએ કે આપ અમને દર્શન આપી, અમારામાં રહેલા સંતાપને દૂર કરો.

ભગવાન કહે છે, દેવીઓ ! તમારામાં અભિમાન હોય, ત્યાં સુધી હું રહેતો નથી. અભિમાનને અને મોહનજીને સો કોસનું અંતર છે. ગોપીજનો કહે છે, નાથ! અમારું અભિમાન તોડવા માટે તમારી પાસે સુંદર સાધન છે. તે માટે સંતાવાની જરૂર નથી. આપ થોડું હસો, એટલે તરત અમારું અભિમાન ઊતરી જશે.

આમાં શ્રીમહાપ્રભુજીએ **ચાર પક્ષ** બતાવ્યા : *(૧) શાસ્ત્રીય પક્ષ, (૨) લૌકિક પક્ષ, (૩) અલૌકિક પક્ષ અને (૪) રસમાર્ગીય પક્ષ.* **શાસ્ત્રીય પક્ષ** એ છે કે ભગવાન જ્યારે હસે છે, ત્યારે ઉન્માદ પેદા કરનારી માયા પ્રગટ થાય છે. અત્યારે ગોવિંદજી એટલું બધું હસ્યા કે જેથી ગોપીજનોના મનમાં માયા જાગી. ગોપીજનો કહે છે, આપનું આવું મુક્ત હાસ્ય છે, તેમાંથી થોડુંક હાસ્ય આપ સંકોચી લો.

લૌકિક પક્ષ તરીકે અર્થ કર્યો, કોઈ મોટો માણસ નાના માણસ સામે મન મૂકીને હસે છે; ત્યારે નાના માણસને એવું લાગે છે કે અમે બંને સરખા છીએ. તેને એવું નથી લાગતું કે આ મોટો અને હું નાનો. થોડા દિવસ પછી મોટો માણસ વિચાર કરે છે કે આ તો મારા માથે બેસવા આવ્યો. તે દિવસથી તે મુક્ત હાસ્ય છોડી ગંભીરતાથી હસે છે. શ્યામજી ! તમે આમ ગંભીરતાથી હસો, એટલે અમને ખબર પડશે કે તમે મોટા છો અને અમે નાનાં છીએ.

ત્રીજો **રસમાર્ગીય પક્ષ** બતાવ્યો. રસમાર્ગમાં અભિમાન ત્યાં સુધી જ ટકે છે કે જ્યાં સુધી પ્રભુનાં દર્શન થતાં નથી. હે નંદનંદન! એક વાર અમને તમારું મુખ બતાવી દો; પછી જુઓ કે અમે તમારી સામે પાણીપાણી થઈએ છીએ કે નહીં ? માટે અમે કહીએ છીએ કે આપના મુખકમળનું દર્શન કરાવો.

ભગવાન કહે છે, દેવીઓ ! તમારું અભિમાન જશે એની કોઈ ખાતરી ખરી? ગોપિકાઓ કહે છે, એક વાર પ્રગટ થાઓ તો ખબર પડે કે અભિમાન જાય છે કે નહીં ? તમારે ખાતરી કરવી હોય તો કરી લો. ખાતરી ન થાય, તો પાછા સંતાઈ જજો. અમે આપને વિનંતી કરીએ છીએ કે અમે આપની જન્મોજન્મની દાસી છીએ. અમારા ઉપર તમે કૃપા નહીં કરો, તો બીજું કોણ કરશે ?

પ્રભુજી હસે છે : દેવીઓ ! હું પ્રગટ થઈ જાઉં, મારું મુખ તમને બતાવી દઉં; પછી તો તમે મારો કેડો છોડશો ને ? બીજી ગોપી કહે છે, ના –

પ્રણતદેહિનાં પાપકર્શનં તૃણચરાનુગં શ્રીનિકેતનમ્ ।
ફણિફણાર્પિતં તે પદામ્બુજં કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્ ॥૩૧/૭॥

હે શ્યામજી ! અમારા માથા ઉપર હાથ મૂકો. તમારા સુંદર મુખારવિંદનાં દર્શન કરાવો. અમારા વક્ષઃસ્થળ ઉપર આપના સુકોમળ ચરણારવિંદ ધરો. જે આપનાં ચરણારવિંદમાં ઉત્તમ રીતે નમે છે, તેનાં કરોડો જન્મોનાં પાપ નાશ પામે છે.

અમારા હૃદયનો કામરસ આપનાં ચરણારવિંદના સ્પર્શથી દૂર કરવા માટે અમે આ વિનંતી કરીએ છીએ.

ભગવાન કહે છે, દેવીઓ ! તમે સૌ મૂર્ખ છો, સંસારી છો. તમારા વક્ષ:સ્થળ ઉપર મારાથી ચરણ કેમ મુકાય ? તમે અધિકારી બનો, પછી સ્પર્શ કરાવીશ.

ગોપિકાઓ કટાક્ષ કરે છે : ગાયોની પાછળ દોડવામાં તમને વાંધો નહીં આવ્યો અને અમારી પાછળ આવવામાં તમને વાંધો આવ્યો ? અમને જવાબ આપો, શું ગાયો અમૃત ખાય છે ? ગાયો ઘાસ ખાય છે, છતાં આપ તેમની પાછળ જાઓ છો, એવી રીતે અમારા હૃદયમાં ભલે કામરસ રહ્યો, છતાં આપ ચરણારવિંદ મૂકો.

ભગવાન કહે છે, દેવીઓ ! મારા ચરણકમળમાં એવો ખજાનો છે, એની તમને શી રીતે ખબર પડી ? ગોપીઓ કહે છે, મહારાજ! અમને ખબર છે. તમારા હૃદયમાં રહેતી લક્ષ્મી ચરણારવિંદમાં ગઈ છે. તે ધારે તો અમારા અંત:કરણના કરોડો મેલ ધોઈ શકે તેમ છે. પ્રભુજી કહે છે, પગ મૂકવામાં મને વાંધો નથી, પણ તમારા હૃદયમાં બેઠેલા કામરસથી હું દાઝી જઉં તો ?

ગોપી હસે છે, મહારાજ! કાલિય નાગના માથા ઉપર પગ મૂકતાં જે ન બળ્યો, તે પગ શું અમારી છાતી ઉપર મૂકતાં બળશે ? તે દિવસે ફોલ્લા ન પડ્યા, તે આજે પડશે ? માટે કહીએ છીએ કે આપનું ચરણકમળ પધરાવો. પધરાવો એટલું જ નહીં, એ ચરણકમળ અમારી છાતી પર એવું કોતરી દો કે તેની કાયમ છાપ પડેલી રહે.

ભગવાન કહે છે, દેવીઓ ! પોચી ધરતીમાં છાપ પડે, કઠણ ધરતીમાં ન પડે. તમારી ધરતી પોચી હશે, તો છાપ પડશે. ગોપીઓ કહે છે, મહારાજ પોચી ધરતી બનાવવા પાણી જોઈએ, તમે અમને પાણી આપો.

મધુરયા ગિરા વલ્ગુવાક્યયા બુધમનોજ્ઞયા પુષ્કરેક્ષણ ।
વિધિકરીરિમા વીર મહ્યતીરધરસીધુનાઽઽપ્યાયયસ્વ નઃ ॥૩૧/૮॥

હે શ્યામસુંદર ! આપની સચ્ચિદાનંદાત્મક વાણીમાં જીવોને પાણી પાણી કરવાનું સામર્થ્ય છે. આપના કમળલોચનમાં પાણીપાણી કરવાનું સામર્થ્ય છે. આપના અધરામૃતમાં ડુબાડી દેવાનું સામર્થ્ય છે. અમારી હવે અવસ્થા આવવાની શરૂઆત થઈ છે. માટે હે નંદનંદન ! એક વાર અમને દર્શન આપો, અમારી સાથે બોલો અને આપના અધરામૃત રસમાં અમને ડુબાડી દો.

ભગવાનની વાણીમાં ત્રણ ગુણ : **આનંદગુણ, સદ્‌ગુણ અને જ્ઞાનગુણ**. આપની વાણીમાં સત્, ચિત્ત અને આનંદ રહેલા છે. આપની આંખો પણ કમળ જેવી. એ કમળલોચનથી અમને જુઓ. કોઈ દુર્ભાગીની મૂર્છા કમળના પંખાથી દૂર ન થાય, તો તેના કાનમાં મંત્ર બોલવામાં આવે છે, તેમ આપ અમારા કાનમાં મંત્ર બોલો. અમારા ઉપર આપના અધરામૃતનું સિંચન કરો અને અમને જિવાડો. પછી જુઓ કે આપના ચરણ-કમળની છાપ અમારા હૃદય પર પડે છે કે નહીં ?

ભગવાન કહે છે, સખીઓ ! આ બધું તો ત્યારે થાય કે જ્યારે સાચાં પ્રેમીઓ હોય. તમે તો બધાં દેખાવનાં છો.

તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ ।
શ્રવણમઙ્ગલં શ્રીમદાતતં ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જના: ॥૩૧/૯॥

આ શ્લોકમાં કથામૃતનું મહત્ત્વ બતાવ્યું છે. અંદર બિરાજેલા શ્યામસુંદર ગોપીજનોના પ્રેમની મુલવણી કરે છે. સખીઓ, તમારો સાચો પ્રેમ હોય, તો મારા વિયોગમાં તમારા પ્રાણ ચાલ્યા જવા જોઈએ. તમે મોઢેથી કહો છો, મહારાજ ! બહુ ભાવ છે, બહુ ભાવ છે; પણ હૈયામાં એવો ભાવ લાગતો નથી.

આવો એક પ્રસંગ બનેલો, જેમાં એક સ્ત્રીના પ્રાણ ચાલ્યા ગયેલા. તે પ્રસંગ હતો કવિ જયદેવનાં પત્નીનો. **'ગીતગોવિંદ'**ની અષ્ટપદીઓ લખનાર સંસ્કૃતના એ પ્રસિદ્ધ કવિ છે. તેમની અષ્ટપદીઓ પુષ્ટિમાર્ગનાં મંદિરોમાં પણ ગવાય છે. આ જયદેવજીનાં પત્ની પતિવ્રતા હતાં. એક વાર રાણી સાથે ચર્ચા ચાલી. રાણીવાસની સ્ત્રીઓ પોતપોતાના પ્રેમની બડાશ મારતી હતી. અમે તો રાજાજી આવે તો જ જમીએ, નહીં તો ભૂખ્યાં રહીએ. તે સાંભળીને જયદેવજીનાં પત્નીએ કહ્યું : રાણીજી! જો રાજાજી તમારી આંખ પાસેથી કાયમ માટે ચાલ્યા જાય, તો તમે જીવો કે મરો?

આ સવાલનો જવાબ રાણીઓ માટે અઘરો હતો. જયદેવજીનાં પત્નીએ કહ્યું: જે દિવસે મને ખબર પડે કે મારા પતિ પૃથ્વી ઉપર નથી, તે દિવસે મારા પ્રાણ ઊડી જાય. આ સાંભળીને રાણીઓને થયું કે આ બાઈની પરીક્ષા લેવી જોઈએ. તેમણે જયદેવજીનાં વસ્ત્રો કોઈક પશુના લોહીમાં ભીંજવીને મંગાવ્યાં. કોઈકની ફોડેલી આંખ મંગાવી. તે બધું બતાવીને કહ્યું : બાઈ, તમારા પતિ તો મરી ગયા. આટલું વાક્ય સાંભળતાં તો પતિવ્રતા નારી ચક્કર ખાઈને પડી. તેના મોંમાંથી ફીણ નીકળી ગયાં. રાણીઓ ગભરાઈ ગઈ કે આ તો મરી જશે.

ભગવાન કહે છે, સખીઓ ! હું તમારાથી દૂર ગયો, છતાં તમે જીવો છો. એ ઉપરથી નક્કી થાય છે કે તમારો પ્રેમ સાચો નથી. ગોપીજનો કહે છે, મહારાજ! આપના વિયોગમાં અમને જિવાડનારી આપની અમૃતોપમ કથાઓ છે. જે ધર્મો આપનામાં છે, એ ધર્મો આપની કથામાં પણ છે. વિપ્રયોગમાં એ કથા જ અમારું જીવન બચાવે છે. જેવી રીતે આપનું રોમરોમ અમૃતમય, તેવી રીતે આપની કથા પણ અમૃતમય. ભગવાન મોક્ષ આપે, આનંદ આપે; ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આપે. **'અમૃત'** શબ્દથી એમ કહ્યું કે ભગવાનની કથા ભક્તોને મોક્ષ અને આનંદ આપનારી છે. અમૃત પીવાથી મરણ દૂર થાય છે અને મોક્ષ મળે છે. અમૃતમય બનવાથી રોમરોમમાં પરમાનંદનો અનુભવ થાય.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે છ ગુણોનું દર્શન કરાવવા આ શ્લોકમાં એકંદર કથાનાં છ વિશેષણો આપ્યાં છે. હે ગોવિંદજી! આપના વિયોગમાં આપની કથા દ્વારા અમારામાં આપના છ ધર્મોનો સંયોગ થાય છે; માટે અમે જીવીએ છીએ. એ કથા તપેલાને જીવન આપનારી છે. આ તાપ અગ્નિ કે સૂર્યનો નહીં, પણ સંસારનો છે.

સૂર્યનો તાપ એરકંડિશનર ચાલુ કરવાથી દૂર થાય; પરંતુ જેને સંસારનો તાપ લાગ્યો છે, તે ગમે તેવા શક્તિશાળી એરકંડિશન્ડ રૂમમાં બેસે, તોય બળતો જ રહે. તાપ, પાપ અને શાપને બાહ્ય કોઈ ઉપચારો મિટાવી શકતા નથી. સંસારના તાપને દૂર કરનાર બે સાધન : (૧) ભગવાનનું **જ્ઞાન** અને (૨) ભગવાને આપેલો **વૈરાગ્ય.** જે વસ્તુનું નિવારણ વિચારો દ્વારા કરી શકાય તે જ્ઞાન અને જે વસ્તુના ત્યાગપૂર્વક કરી શકાય તે વૈરાગ્ય. આપણે ઘણી વાર આપણા પોતાની જાત અંગેના વિચારોથી તપતાં હોઈએ છીએ. કોઈ આપણને કહે કે આઘો ખસ; તો આખો દિવસ આપણને વિચાર આવશે કે તેણે મને એવું કેમ કહ્યું ? આ બળતરા વિચારોમાંથી જાગી છે, તે વિચારોથી જ દૂર થાય. ઘણી વાર આપણે નાનકડી બાબતને મન પર લાવી દેતાં હોઈએ છીએ અને અંદર ને અંદર મનને બાળીએ છીએ. આપણાં નવ્વાણું ટકા દુ:ખો વિચારોમાંથી પેદા થાય છે; માટે કહેવત પડી કે માનો તો સુખ અને માનો તો દુ:ખ. આપણે દુ:ખ માટે એકબીજા પર આક્ષેપ કરીએ છીએ. ખરેખર આપણને બીજું કોઈ દુ:ખ આપતું નથી, આપણે આપણી જાતે જ દુ:ખ વહોરી લઈએ છીએ.

એકાદશ સ્કંધમાં **ભિક્ષુગીતા** આવે છે. કોઈ કહે છે, સુખ-દુ:ખનું કારણ ગૃહો છે. કોઈ કહે છે, સુખ-દુ:ખનું કારણ અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગો છે. કોઈ કહે છે,

સુખ-દુ:ખનું કારણ વ્યક્તિ કે વસ્તુ છે. પરંતુ ભિક્ષુ કહે છે, આ વાત સાચી નથી. મારા સુખ અને દુ:ખનું કારણ હું જ છું. અજ્ઞાનથી પેદા થયેલું દુ:ખ જ્ઞાનથી દૂર થાય.

પરંતુ કેટલીક વસ્તુઓ એવી છે કે જેને છોડવા માટે જ્ઞાન પણ સમર્થ નથી. એ વસ્તુનો ત્યાગ કર્યા વિના તેમાં રહેલી આપણી રુચિ કે મમતા છૂટતી નથી. એક માણસને બીડી પીવાની આદત પડી. તે જાણે છે કે આ ખોટું છે; છતાં તલપ લાગે ત્યારે તે રહી શકતો નથી. આવા સમયે જ્ઞાન કામ કરતું નથી; આવા વખતે તો તે વસ્તુનો ત્યાગ જ કામ કરે છે. જીવનને સુંદર બનાવવા માટે કેટલીક વાર ગીતાનું સ્વરૂપ ધારણ કરવું પડે. કેટલીક વાર વ્યવહારનું સ્વરૂપ ધારણ કરવું પડે છે. આમ, ભગવાનની કથા તપેલાને શાંત કરનારી જ્ઞાન અને વૈરાગ્ય ગુણવાળી છે.

આ કથા સાધારણ માણસના મુખથી નીકળતી નથી, કવિના મુખથી નીકળે છે. અહીં કવિ એટલે કલ્પના કરનારો કવિ સમજવાનો નથી. સંસ્કૃતમાં કલ્પના કરનાર કોઈને કદીયે કવિ કહેવાયો નથી. બ્રહ્માજીને પણ આદિ કવિ કહ્યા છે. જેની વાણીમાં અનુભૂતિજન્ય ભગવાનનું વર્ણન કરવાની શક્તિ હોય તે કવિ. જેની વાણીમાં ચિદાનંદ ચમત્કૃતિને જાગૃત કરવાની શક્તિ હોય તે કવિ. કેવળ કલ્પનાથી કવિ બની શકાતું નથી. અનુભવની વાણી જેના મુખમાંથી નીકળે તે કવિ.

સખીઓ કહે છે, નાથ ! તમારી આ કથા તમારી અનુભૂતિ પામેલા ભક્તોના મુખારવિંદમાંથી નીકળે છે; માટે તેમાં પણ આપના ધર્મ ભરેલા છે. જો **પહેલું વિશેષણ વૈરાગ્ય** માનીએ તો **બીજું છે જ્ઞાન**.

હવે કથાનું **ત્રીજું વિશેષણ** આપે છે. કવિના મુખથી નીકળતી લૌકિક વાણી અને **અલૌકિક વાણી**માં ઘણો ફેર છે. કવિ ખાલી પ્રભાતનું વર્ણન કરે અથવા કોઈના દેહ-સૌંદર્યનું વર્ણન કરે; એનાથી આપણાં પાપ ધોવાતાં નથી. આ કથા તો એવી છે કે જેનું શ્રવણ કરવામાત્રથી જન્મોજન્મનાં પાપ અને તાપ દૂર થાય છે. કોઈ પૂછશે કે જન્મ-જન્માંતરમાં પાપોને દૂર કરવા માટે વ્રત-નિયમો પણ છે. તો ભગવાનની કથા અને વ્રત-નિયમોમાં ફેર કેટલો ? કેટલાંક કઠોર વ્રતો સાંભળવાં ગમતાં નથી; પરંતુ ગોવિંદજીની કથા અતિ મધુર છે. કેટલાંક વ્રત એવાં છે કે જેમાં ગોમૂત્ર પી જવાનું હોય, છાણમાં શરીરને રગદોળવાનું હોય, તો આ વાત સાંભળવી પણ ગમતી નથી; જ્યારે શ્યામજીની કથા સાંભળવામાં મંગલરૂપ છે. તે પાપ ધૂએ છે. તેમાં વીર્યગુણ બતાવ્યો: 'શ્રવણ મંગલમ્'માં યશ બતાવ્યો છે.

ઘરમાં દીકરો જન્મ્યો હોય, તો એ વાત પણ સાંભળવી ગમે. તો આ બંનેમાં ફેર કેટલો ? દીકરો જન્મ્યો હોય તો પૈસાનો ખર્ચ કરવો પડે. ભગવાનની કથા સાંભળવામાં કાનનો ખર્ચ કરવો પડે છે. વક્તા મોં વાપરે, શ્રોતા કાન વાપરે. કાનનો ખર્ચ કરવાથી કશું ઘટતું નથી, પણ જ્ઞાન વધતું જાય છે. ભગવાનની કથાઓ એવી છે કે ભગવાન માટે જેટલું કરો, એનાથી ચારઘણું વધારે પાછું આવે. પ્રભુજી માટે સાચા દિલથી વાપર્યું હોય, તો જરૂર અનેકગણું પાછું મળે. જ્યારે દીકરાને માટે વાપરીએ તો તે ખૂટવાનું. અહીં ભગવાનનો **'શ્રી' નામનો ગુણ** કહ્યો.

'આતતમ્' શબ્દથી કથામાં રહેલો **ઐશ્વર્ય ગુણ** કહ્યો. આવા કથામૃતનું દાન કરનારા વ્યાસજી, શુકદેવજી જેવા મોટા મોટા સંતો ખૂબ આપનારા છે. બીજાં બધાં દાન કરતાં કથાનું દાન મોટામાં મોટું દાન છે.

ગોપિકાઓ પ્રભુજીને કહે છે, નાથ ! તમારા કરતાં તમારી કથાઓ મોટી. તમે ભલે નખરાં કરો, તમારી કથા કદી નખરાં કરતી નથી. તે સીધેસીધી હૃદયમાં ઊતરે છે, મેલ ધૂએ છે અને દરેકનું કલ્યાણ કરે છે. તમારો અવતારકાલ એ સીમિત સમય છે; પરંતુ હજારો વર્ષો પછી પણ કથા મહારાણી એવાં ને એવાં રહે છે. અમે પથ્થર જેવાં હોઈએ તોય તમારી કથા તારી દે છે. આજે પણ કથા છે, કૃષ્ણ નથી.

તુલસીજીએ પણ બહુ સુંદર વાત કહી : ***'રામ એક તાપસ તિય તારી, નામ કોટિ ખલ કુમતિ સુધારી.'*** હે રઘુનંદન ! તમે તો એક જ અહલ્યાનો ઉદ્ધાર કર્યો છે, પરંતુ તમારી કથા કરોડો પથ્થરને તારનારી છે.

ભગવાન કહે છે : સખીઓ, જો મારા કરતાં મારી કથાઓ ઉત્તમ હોય, તો તે જ સાંભળ્યા કરો ને ! તમારે મારી શી જરૂર છે ? જવાબમાં ગોપીઓ કહે છે: મહારાજ, તમારી વાત સાચી છે. તમારા કરતાં તમારી કથાઓ શ્રેષ્ઠ ખરી, પણ શું કરીએ ? અમારું મન તમારામાં મોહ્યું છે. આપ ઘનીભૂત રસાત્મા છો, જ્યારે આપની કથા દ્રવીભૂત રસાત્મા છે. કથા કેવળ અંતરથી અનુભવાય છે; જ્યારે ભગવાન પ્રત્યેક ઇન્દ્રિયથી અનુભવાય છે. કથામાં રૂપ નથી, ગંધ નથી, ગતિ નથી. તે બિચારી પ્રત્યેક ઇન્દ્રિયને રસાનુભવ કરાવી શકતી નથી. તે તો કેવળ મનને આનંદ આપનારી છે. અમારે આપનું ઘનીભૂત સ્વરૂપ અનુભવવું છે.

આમ તો ઘનીભૂત અને દ્રવીભૂત સ્વરૂપ એક જ છે. ફરક બરફના ચોસલા અને પાણી જેટલો છે. કોઈકને પાણી પીવું ગમે, કોઈકને ચોસલાં ચૂસવાં ગમે. બરફ-વાળા

ઠંડા દૂધ કરતાં આઈસ્ક્રીમ વધારે સારો લાગે છે. એવી રીતે આપનું પ્રત્યક્ષ સ્વરૂપ વધારે મધુર છે. કથામૃત પીગળેલા ઠંડા દૂધ જેવું છે. આપની કથા સાંભળીને આ જીવનને ટકાવ્યું છે, પણ રોમરોમમાં તમારા માધુર્યનો અનુભવ કરવાની આશા રાખીએ છીએ. ભગવાન કહે છે, દેવીઓ ! તમારો આવો આગ્રહ કેમ છે ? દ્રવીભૂત રીતે મને હૃદયમાં અનુભવો, તો શો વાંધો છે ? ગોપીજનો કહે છે, એક વાર સ્વાદ ચાખ્યા પછી વારેવારે ખાવાનું મન થાય છે –

પ્રહસિતં પ્રિય પ્રેમવીક્ષણં વિહરણં ચ તે ધ્યાનમઙ્ગલમ્ ।
રહસિ સંવિદો યા હૃદિસ્પૃશઃ કુહક નો મનઃ ક્ષોભયન્તિ હિ ॥૩૧/૧૦॥

અમે આપની રૂપલીલાની માધુરી પી ચૂક્યાં છીએ. આજે અમે આંખો બંધ કરીને બેઠાં છીએ, ત્યારે પણ આપના મુખ ઉપરનું મુક્તા જેવું હાસ્ય અમારા હૃદયમાં ક્ષોભ પેદા કરે છે. આવું હાસ્ય તમારી કથામાંથી કેવી રીતે મળે ?

લાલાજીનો સ્વભાવ જ એવો કે હમેશાં છેડછાડ કરતા જાય અને અંગૂઠો બતાવીને હસતા જાય. એક વાર એક ગોપી જળ ભરીને યમુનાઘાટેથી આવતી હતી. નટખટ નંદકિશોર કાંકરી લઈને દોડ્યા. ગોપીની ગોળી ઉપર તડિંગ દઈને કાંકરી મારી. બિચારીની ગોળી ફૂટી ગઈ, પાણી ઢોળાઈ ગયું. પાછા ગંભીર મોં કરીને આવે છે અને પૂછે છે, 'ગોપી ! તારી ગોળી કોણે ફોડી ?' ગોપી કહે છે, કોઈએ કાંકરો ફેંક્યો. શ્યામજી કહે છે, 'લાવ, તારી ગોળી સરખી કરી આપું.' શ્યામજીએ બીજા બેચાર મુક્કા મારી આખી ગોળી ફોડી નાખી. ગોપી રડવા જેવી થઈ ગઈ. તે કહે, ઘરમાં કુટિલ સાસુ છે. મને ગાળો દેશે. અમે આજે પાણી કેવી રીતે પાશું ? શ્યામજી એક બીજી કાણી ગોળી લઈ આવ્યા. તેમાં જળ ભરી તેના માથે મૂકી આપી. ગોપીને ખબર નથી કે તે ગોળી કાણી છે. તે તો શ્યામસુંદરની રૂપમાધુરીમાં ડૂબતી ડૂબતી જઈ રહી છે. પાછળથી તેનાં બધાં કપડાં ભીંજાય છે. ગોળી અડધી થઈ ગઈ. જ્યાં તે ઘરના દ્વારે પહોંચી, ત્યાં શ્યામજીએ પાછળથી બીજો કાંકરો ફેંક્યો. પેલી આજુબાજુ જુએ છે કે આજે મારી પાછળ કોણ પડ્યું છે ? શ્યામજી ગંભીર મોં કરી સામે આવીને કહેવા લાગ્યા, 'બાઈ ! ફરીથી ગોળી ફૂટી ગઈ ? નક્કી તારા હાથમાં કંઈક તકલીફ લાગે છે. ચાલ, યમુના-કિનારે તને બીજી ગોળી આપું.'

ગોવિંદજી બીજી કાણી ગોળી લાવ્યા. જળ ભરી તેના માથે મૂકી. માથે મૂકતાં જ ગોળીને હાથ મારી નીચે ફેંકી. તેની ગોળી ત્રીજી વાર તૂટી. ગોપીને ખાતરી થઈ

કે આ નટખટ નંદકિશોરનું જ તોફાન છે. તેણે નંદકિશોરનો હાથ પકડી લીધો. ગોવિંદજી ઝાટકો મારીને હાથ છોડાવી, અંગૂઠો બતાવતા જાય ભાગ્યા ! આવા તો કેટલાય બનાવો વ્રજમાં બનતા. ગોપીઓ કહે છે, લાલાજી ! અમને તમારી આ બધી શરારતો યાદ આવે છે. વિપ્રયોગની સ્થિતિમાં સંયોગનું રૂપ, સંયોગની લીલાઓ અને સંયોગના ગુણો હમેશાં યાદ આવતાં હોય છે.

ગોપી કહે છે, મહારાજ! જ્યારે જ્યારે આપ અમારી સામે હસતા આવીને ઊભા રહ્યા, ત્યારે અમને એમ લાગતું કે અમારું પ્રિયત્વ સાકાર બનીને આવ્યું છે. તમને જોયા, ત્યારથી દુનિયાનાં બધા સંબંધો ભુલાયા છે. ભગવાન હસે છે, દેવી ! મારી આટલી જ વસ્તુ યાદ આવે છે ?

ગોપી કહે છે, ના. તમારું હસવું, તમારો પ્રેમભરેલો સંબંધ અને તમારું પ્રેમપૂર્વક જોવું - તે પણ અમારા મનમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે.

શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકના ઘણા અર્થ કર્યા છે. એક અર્થ એવો કર્યો કે હે શ્યામસુંદર ! આપ અમારી સામે જોતા હતા, ત્યાં તો બીજી સુંદર ગોપી તમારું નામ લેતી લેતી દોડતી આવી. તમે વાતો કરતા રહ્યા મારી સાથે અને વાંકા વળીને જોતા રહ્યા પેલીને. જ્યારે જ્યારે આવી કુટિલ દૃષ્ટિ યાદ આવે છે, ત્યારે ત્યારે અમારા મનમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે. બીજો અર્થ કર્યો કે કોઈ કોઈ વાર દૃષ્ટિ નીચી રાખીને અમારી સામે જુઓ છો. આજે જ્યારે એ દૃષ્ટિનાં દર્શન થતાં નથી, ત્યારે અમારા ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે.

આપનું મધુર વિહરણ, જે અમારા ધ્યાનને મંગલ કરનારું હતું, તે કેમેય કરીને અમારા મનમાંથી ખસતું નથી. ભગવાન કોઈ વાર માખણચોરી કરવા કે ગોરસ ઢોળવા આવે; ત્યારે પકડાઈ જાય એટલે ગોપીના પગમાં માથું મૂકી દે. પાછા કહે, બાઈ ! મારી માને કહીશ નહીં, તે મને દંડૂકો મારશે. સખી, હું તારા દાસના દાસનો પણ દાસ છું. મને તારો ખાસ માન. આવો વિવિધ હાવભાવવાળો આપનો વિહાર અમારા ધ્યાનને આનંદમય બનાવતો હતો, ત્યાં આજે ક્ષોભ ઉત્પન્ન થયો છે.

એક ગોપીનો બહુ સુંદર પ્રસંગ છે. ગોપિકાના ઘેર ગોવિંદજી માખણની ચોરી કરવા ગયા. પેલી ગોપી શીંકું પકડીને ઊભી રહી. તે વિચાર કરે છે, આજે તો જરૂર આવશે. લાલાજી મુખમાં દૂધનો કોગળો ભરીને આવ્યા. સખાઓના મોંમાં પણ દૂધ ભરેલું છે. ગોપી શીંકું પકડીને ઊભી છે. તેના પર ચારેબાજુથી દૂધની પિચકારીઓ

છૂટી. તે આંખ ખોલીને જુએ, એટલામાં તો માખણની ગોળી ગાયબ! આ દૃશ્ય જોતાં ક્રોધ ચઢવો જોઈએ, તેને બદલે તે ગોપી લાલાજીના ધ્યાનમાં ખોવાઈ ગઈ. તે બધું ભૂલી ગઈ. શ્યામસુંદરે તેના ઉપર મુખારવિંદમાંથી પ્રસાદી દૂધ નાખેલું એ જ યાદ રહ્યું. તે રોજ વિચાર કરે છે કે શ્યામસુંદર ફરી આવો લાભ ક્યારે આપશે ?

લાલાજી તો પાછા આવ્યા નહીં. એક દિવસ તેણે તેની જાતે જ દૂધની તાંબડી તેના માથે ઠલવી દીધી. કેમેય કરીને આ દૃશ્ય તે ભૂલી શકતી નથી. દરેક ગોપીના અંતઃકરણમાં ગોવિંદજીએ એવાં ચિત્રો અંકિત કર્યાં છે, જે ચિત્રો કેમેય કરીને ભૂંસાતાં નથી. તે ચિત્રોને મન ભૂંસી શકે નહીં, કર્મ ભૂંસી શકે નહીં; સ્વભાવ પણ ભૂંસી શકે નહીં. એવાં ચિત્રો આ બધી ગોપીઓનાં ચિત્તમાં અંકિત થઈ ગયાં છે.

આપણા ચિત્તમાં પણ એવી ઘણી વસ્તુઓ અંકિત હોય છે, જે લાખ લાખ પ્રયત્ન કરવા છતાં આપણા ચિત્તમાંથી ભૂંસાતી નથી. સંસારનાં ચિત્રો કરતાં ચિત્તમાં જો ભગવાનનાં ચિત્રો આલેખાયાં હોય, તો બેડો પાર !

ગોપિકાઓ કહે છે, આપની લીલાઓ છબીની માફક અમારા ચિત્તમાં અંકિત થઈ ચૂકી છે. તેમને ભગવાનની રૂપલીલા પછી હવે નામલીલા યાદ આવે છે. જ્ઞાન ભરેલી વાતને સંસ્કૃતમાં **'સંવિદ્'** કહે છે. હે પ્રભુ ! આપે અમને એકાંતમાં કહેલી એ વાતો આજે યાદ આવે છે. તમે અમને એકાંતમાં કહેતા, દેવીઓ ! તમારી આગળ તો હું તમારા ચરણની રજ જેવો. હું તો તમારો જન્મ-જન્મનો દાસ છું. મનને લોભાવનારી આપની એ વાતો આજે યાદ આવે છે, ત્યારે અમને ક્ષોભ થાય છે. તમારી એ વાતો સાંભળતાં અમારા રોમરોમમાં તે વ્યાપી જાય છે. આપ અમને આનંદનું દાન આપવા માટે લીલામાં જરૂરી હોય, તે બધી વસ્તુઓનું જ્ઞાન આપતા. જુદાં જુદાં પુષ્પોનાં રૂપરંગ સમજાવતા. આ બધું આજે ક્ષોભ ઉત્પન્ન કરે છે; માટે કહીએ છીએ કે તમે કપટી છો. જો કપટી ન હો, તો એક વાર આનંદનું દાન દઈ પછી ઝેર પીવડાવવા આવો ખરા ? અમને એક વખત સુખના સાગરમાં ડુબાડી, હવે દુઃખના દરિયામાં ફેંકવા તત્પર થયા છો. આ બોલનારી ગોપી **તમોગુણી** હોઈ તેણે ભગવાનને કપટી કહ્યા છે. આ સાંભળીને ભગવાન હસે છે, બાઈ ! તારી જીભ પર જેટલી ગાળો આવે એટલી આપી દે. આજે તારી ગાળો સાંભળવા જ બેઠો છું.

બીજી **રાજસ-રાજસ** ગોપી છે. તે આ તમોગુણી ગોપીને સમજાવે છે, સખી! શ્યામસુંદર તો આપણા પ્રિય છે, એમને ગાળો દેવાથી શો લાભ ?

ચલસિ યદ્ વ્રજાચ્ચારયન્ પશૂન્ નલિનસુન્દરં નાથ તે પદમ્ ।
શિલતૃણાઙ્કુરૈઃ સીદતીતિ નઃ કલિલતાં મનઃ કાન્ત ગચ્છતિ ॥૩૧/૧૧॥

આ ગોપીએ સૌમ્ય સંબોધન કર્યું, નાથ ! કારણ કે જેવો જેનો સ્વભાવ તેવું તેનું સંબોધન, એવો એનો વ્યવહાર અને એવી જ એની વાતો. આપ પશુઓને ચરાવતા, એક ભૂમિમાંથી બીજી ભૂમિમાં જાઓ છો; ત્યારે આપના ચરણારવિંદને કાંટા-કાંકરા વાગે છે. તમે અમને છોડી દીધાં, એનું અમને દુઃખ નથી. અમારાં ભાગ્ય એવાં હશે ! પરંતુ અમને દુઃખ છે કે અમને દંડ આપવા આપ કેટલો પરિશ્રમ લઈ રહ્યા છો ? આ પુષ્ટિભાવ છે.

પુષ્ટિમાં ભક્તને પોતાના દુઃખનો વિચાર આવતો નથી. પ્રભુને કેટલો પરિશ્રમ પડે, તેનો વિચાર આવે છે. આપનાં ચરણારવિંદ કમળ જેવાં કોમળ છે. કમળ ક્યાં રહે તો શોભે ? ભગવાન કહે છે, બે ઠેકાણે કમળ શોભે. એક સરોવરમાં શોભે અથવા જળ-ભરેલા ઘડામાં શોભે. બાકી કમળને પાણીમાંથી બહાર કાઢીએ, એટલે ચિમળાઈ જાય. ગોપિકાઓ કહે છે, તળાવ જેવું લક્ષ્મીજીનું હૃદય છે અને નાનકડા કુંભ જેવું અમારું હૃદય છે. આપના ચરણકમળ કાં તો લક્ષ્મીજીની છાતી પર શોભે અથવા અમારા હૃદય પર શોભે. તમે વૃંદાવનની ભૂમિમાં દોડો છો, એ અમને ગમતું નથી. આપનાં ચરણોને ચાલવું નથી, પણ તમે જબરજસ્તીથી તેમને દોડાવો છો. પશુઓને ચરાવતા ચરાવતા, આપનાં ચરણારવિંદને લઈ જાઓ છો. જો પશુઓની પાછળ તમે આટલો પરિશ્રમ લેતા હો, તો તમારા રસિક ભક્તોની પાછળ શું પરિશ્રમ ન લો ? આ ગાયો પાછળ દોડવાથી તમને શું મળશે ? અમારી પાછળ દોડશો તો કંઈક તમને મળશે અને કંઈક અમને મળશે. માટે અમે વિનંતી કરીએ છીએ કે આપ આ વ્રજભૂમિમાં દોડવાનું છોડી દો. આપ શ્રી ગિરિરાજબાવાની કંદરાઓમાં પધારો છો, ત્યારે તે કઠોર શિલાઓ આપનાં ચરણને લાગે છે. શ્રી યમુનાજીના કિનારે નાના કાંટા વાગે છે. વન-ઉપવનમાં ગોખરું વાગે છે. અમારા માટે તમે આટલો બધો પરિશ્રમ ન કરો. હવે આપનું ભટકવું બસ થયું. આપ અમારી પાસે પધારો. રાત ઢળવાની તૈયારી છે. હવે ક્યાં સુધી આપ વિચરણ કરશો ? ગોપિકાઓને અત્યારે રાતે પણ દિવસ દેખાઈ રહ્યો છે –

દિનપરિક્ષયે નીલકુન્તલૈર્વનરુહાનનં બિભ્રદાવૃત્તમ્ ।
ઘનરજસ્વલં દર્શયન્ મુહુર્મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ ॥૩૧/૧૨॥

જ્યારે સાંજ પડવા આવે છે, ત્યારે ગાયોનાં ચરણારવિંદથી ઊડેલી રજને શ્રીઅંગ ઉપર લગાડતા આપ પાછા પધારો છો. પાછા પધારતાં આગળ આગળ ગાયો, પાછળ પાછળ ગોવિંદજી અને છેલ્લે સખામંડળી. જ્યારે વૃંદાવનવિહારીલાલ ગોષ્ઠમાં પ્રવેશ કરે, ત્યારે વ્રજવાસીઓ તેમનો જયજયકાર કરે છે. શ્યામજી થાકેલા હોય, છતાં તેમના મુખારવિંદથી વ્રજભક્તોને આનંદ આપે. ચારે બાજુ ગોપીજનોનાં ઝૂંડનાં ઝૂંડ ઊભાં હોય. ઘડીકમાં ગોવિંદજી આ બાજુ જુએ, તો ઘડીકમાં બીજી બાજુ જુએ. વારંવાર તેમના તરફ દૃષ્ટિ નાખે.

આ દૃષ્ટિનું દાન પામતાં ગોપીજનો કહે છે, અમારા મનમાં આપ ભાવ જાગૃત કરો છો. આપના મિલનની ઝંખના જાગૃત કરો છો. બીજી ગોપી કહે છે, નાથ ! વારેઘડીએ તમે તો આમ જ કહેતા હતા, પણ મારી સામે તમે તો ફરી ફરીને જોતા હતા. હું તમને એટલી બધી ગમતી હતી કે તમે આગળ જઈ, ખેસ સરખો કરવાના બહાને પાછળ જોતા. મને જોતા જાઓ અને વળી આગળ જાઓ. થોડાક આગળ જાઓ, ફરી જોવાનું મન થાય એટલે કાંટો વાગવાનું બહાનું કરીને પાછળ જુઓ. વારંવાર તમે આ પ્રમાણે મને જુઓ છો. તમારા આ વર્તનથી એમ લાગે છે કે તમને બીજી સખીઓ જેટલી ગમતી નથી, એટલી હું ગમું છું. જ્યારે અમારા પ્રત્યે આટલો બધો ભાવ હોય, ત્યારે અમને આમ તરછોડીને તમે જાઓ તે સારું લાગે છે ? અમે વિનંતી કરીએ છીએ કે અમને દર્શન આપો.

હવે અન્યપૂર્વાઓનું મંડળ કહે છે, તમારું બોલવાનું બંધ થયું હોય, તો હવે અમે બોલીએ. તમે કેવળ દોષોને દૂર કરવાની જ માગણી કરી. અમે દોષોને દૂર કરવા સાથે આનંદનું દાન પણ માગીએ છીએ –

પ્રણતકામદં પદ્મજાર્ચિતં ધરણિમણ્ડનં ધ્યેયમાપદિ ।
ચરણપઙ્કજં શન્તમં ચ તે રમણ નઃ સ્તનેષ્વર્પયાધિહન્ ॥૩૧/૧૩॥

અનન્યપૂર્વાઓએ માગ્યું કે આપનાં ચરણકમળ દ્વારા અમારા પાપની નિવૃત્તિ કરો. અહીં અન્યપૂર્વાઓ ભગવાનના ચરણનું અધિક માહાત્મ્ય બતાવે છે. આપનાં ચરણારવિંદમાં સારી રીતે શરણાગત થનારની સર્વ કામનાઓ પરિપૂર્ણ થાય છે. જે ભગવાનનાં ચરણમાં ઝૂકે છે, તે ભગવાનને પણ ઝુકાવી શકે છે.

શ્રીરઘુનાથજીનો એક પ્રસંગ યાદ આવે છે. તે પ્રસંગ રામાયણમાં નથી, એક કવિની કલ્પના છે. શ્રીરામજી જનક મહારાજના દરબારમાં પધાર્યા છે. લગ્નનો

પ્રસંગ છે. ધનુષ્યભંગ થઈ ચૂક્યો છે. જનકનંદિનીના કરકમલમાં પુષ્પની માળા છે. તેઓ પુષ્પમાળા હાથમાં લઈ, શ્રીરઘુકુલદિવાકર પાસે જઈને ઊભાં રહ્યાં. શ્રીરામજી ઊંચા છે, શ્રીસીતાજી નીચાં છે. કાં તો સીતાજીને કોઈ ઊંચકે તો તે રામજીને માળા પહેરાવી શકે અથવા રામજી નીચું માથું કરે તો માળા પહેરાવી શકે. શ્રીરાઘવેન્દ્ર સરકાર વિચારે છે કે જો હું ઝૂકી જાઉં, તો લોકો કહેશે અત્યારથી રામજી ઝૂકી ગયા. જાનકીજી આજુબાજુ જુએ છે કે મને કોણ મદદ કરે ? કોઈ મદદ ન મળી, ત્યારે તેઓ હસ્તમાં માળા લઈને ઊભાં રહ્યાં. શ્રીરામજીનું પ્રતિબિંબ એમનાં કર-કંકણમાં પડી રહ્યું છે. કંકણમાં જેટલા હીરા જડેલા છે એ સર્વમાં શ્રીરઘુનાથજી દેખાય છે. તેઓ વિચાર કરે છે કંઈ નહીં, હું આમાં જોઈને મારું મન મનાવી લઈશ.

આ જોઈને લક્ષ્મણજીને થોડો ખેદ થયો. લાવો, આજે ભાભીને મદદ કરીએ. લક્ષ્મણજી ઊભા થયા. તેઓ ઊભા થઈને સીધા શ્રીરઘુનાથજીનાં ચરણારવિંદમાં પડીને બોલ્યા, 'જય હો રઘુનંદન!' લક્ષ્મણજી ઝૂક્યા એટલે શ્રીરામજીને પણ ઝૂકવું પડ્યું. શ્રીરઘુનાથજી લક્ષ્મણજીને ઉઠાડવા ગયા, તે તકનો લાભ લઈ સીતાજીએ તેમને વરમાળા પહેરાવી દીધી. વરમાળા પહેરાવતી વખતે સીતાજીએ પણ હઠ લીધી કે હું બધાંના પગમાં પડું, પણ શ્રીરામના પગમાં નહીં પડું. એટલે શ્રીસીતાજી પાસે શ્રીરામજી ઝૂક્યા નહીં. કોઈનું દિલ ઝુકાવવા માટે માણસે દિલથી ઝૂકવું પડે. આપણે ઇચ્છીએ કે હું મોટો રહું અને સામો મારા ચરણમાં પડે, તો કદાચ એનું માથું ઝૂકશે, પણ દિલ નહીં ઝૂકે.

ગોપાંગનાઓને પણ ગોવિંદજીનાં ચરણકમળ યાદ આવે છે. હે શ્યામસુંદર ! આપનાં આ ચરણકમળની સેવા બ્રહ્માએ કરી છે. ભગવાન જ્યારે વામન બનેલા, ત્યારે તેમનું ચરણ બ્રહ્માંડને ભેદીને બ્રહ્મલોકમાં ગયું. ત્યારે સકળ તીર્થોના જળથી બ્રહ્માજીએ એ ચરણને ધોયું છે. આવું પવિત્ર આનંદનું દાન દેનારું ચરણ અમારા વક્ષ:સ્થળ ઉપર મૂકો.

બીજો અર્થ કર્યો, આ ચરણ લક્ષ્મીજીથી ટેવાયેલું છે..લક્ષ્મીજીને ભગવાનના વક્ષમાં રહેવું ન ગમ્યું, કારણ લોકો હમેશાં એમના પર જ દૃષ્ટિ રાખતા; આથી લક્ષ્મીદેવીને ભય લાગ્યો કે આ લોકો ભગવાનથી મને છૂટાછેડા અપાવી દેશે. એટલે લક્ષ્મીજી હૃદયમાંથી નીકળી ભગવાનનાં ચરણકમળમાં પેસી ગયાં.

ત્રીજો અર્થ કર્યો, પદ્મજ એટલે નખ. ભગવાનનાં ચરણકમળના નખમાં કરોડો

બ્રહ્માંડને પ્રકાશિત કરવાની શક્તિ છે. એવું આપનું ચરણારવિંદ અમારા વક્ષ:સ્થળ ઉપર ધારણ કરો. આમાં પણ ભગવાનના છ ધર્મો બતાવ્યા. ભગવાનનું રૂપ કદાચ યાદ ન આવે, પણ આપત્તિમાં તેમનું ચરણકમળ યાદ આવે, તોયે તરી જવાય. માટે શિવજીએ વિચાર કર્યો કે માથા ઉપર ભગવાનનું ચરણકમળ પધરાવવા શું કરવું ?તે પગલું તો પકડી શકાતું નથી; માટે ચરણમાંથી નીકળતાં ગંગાજીને -કલ્યાણકારી વૃત્તિને - મસ્તકે ધારણ કરીને પોતે શિવ બન્યા.

કમળ તપેલાઓને શાંત કરે છે અને રૂપનું દર્શન તથા સુગંધનો અનુભવ કરાવે છે. એવી રીતે હે ગોવિંદજી! આપનું આ ચરણકમળ અમારા જન્મોજન્મનાં તાપોને દૂર કરે. અમારા ચિત્તનાં **'આધિ'** - દુ:ખો - ને દૂર કરનાર આપનું ચરણારવિંદ ધરો. જન્મોજન્મની મિલનની અમારી આર્તિને પૂર્ણ કરવા માટે આપનું ચરણારવિંદ ધરો. **'રમણ'** શબ્દથી પ્રભુ આનંદનું દાન દેનારા છે, એમ સૂચવ્યું. **'આર્તિહન્'** શબ્દથી પ્રભુ ભવોભવનાં પાપો દૂર કરે છે, એમ કહ્યું. અગાઉની અનન્યપૂર્વા ગોપીએ ભગવાનનાં ચરણારવિંદનું માહાત્મ્ય બતાવ્યું, તેના કરતાં અન્યપૂર્વા ગોપીએ બતાવેલું માહાત્મ્ય વધારે છે. તેઓ મુગ્ધાઓ છે. તેમને જેટલું ભાન નથી, તેથી વધારે ભાન આ બોલનાર શ્રુતિરૂપાઓને છે. અગાઉ કુમારિકાઓ-ઋષિરૂપાઓ હતી.

સુરતવર્ધનં શોકનાશનં સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્ ।
ઈતરરાગવિસ્મારણં નૃણાં વિતર વીર નસ્તેડધરામૃતમ્ ॥૩૧/૧૪॥

અગાઉના શ્લોકમાં અનન્યપૂર્વા ગોપીઓએ ત્રણ વસ્તુઓ માગી હતી : ***(૧) મધુરી વાણી, (૨) આંખો દ્વારા દર્શન અને (૩) અધરામૃતનું પાન.*** અહીં અન્યપૂર્વા કેવળ અધરામૃતનું પાન માગે છે. આપ વેણુ દ્વારા આપના અધરામૃતનું અમને દાન કરો છો, ત્યારે તે દાન આપનામાં અમારી રતિને સારી રીતે વધારનારું હોય છે. વેણુમાંથી નીકળતી સુધાનું પાન કરતાં જન્મ-જન્મના શોકોની નિવૃત્તિ થાય છે. તે સુધા ધ્વનિત બનેલી આપની મુરલીમાંથી નીકળેલી છે. અમે એટલી બધી એ સુધા પી ગયાં કે અમને ખબર નથી કે અમે ક્યાં છીએ ? આજે બધા અદ્વૈત ભાવોમાં હું સિદ્ધ બની ચૂકી છું. એક વાર અમે તે ચાખ્યું છે, માટે માગણી કરીએ છીએ કે વારંવાર અમને તેનું દાન કરો.

આમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - એ ચારેય પુરુષાર્થોનું વર્ણન છે. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ - એ ચારે રીતે ભગવાનનું અધરામૃત ઉપયોગી છે, એનું

વર્ણન કર્યું છે. અમૃતના ત્રણ પ્રકાર : **વિષયામૃત, સ્વર્ગામૃત અને ભજનામૃત.** વિષયામૃત જગતમાં મળે છે. ધરામાં જે નથી મળતું તેનું નામ અધરામૃત; જેમાં ભૌતિક રસનો જરાય સ્પર્શ નથી, લૌકિકતાનો લવમાત્ર સ્પર્શ નથી, તેનું નામ અધરામૃત. ગોપીજનો આવા અધરામૃતની માગણી કરે છે.

અનન્યપૂર્વા ગોપી **તામસ-સાત્ત્વિક** ભાવવાળી હતી. તમોગુણી દુનિયાની નિંદા કરે. ગોપીગીતમાં ત્રણ શ્લોક એવા છે કે જેમાં ત્રણ પ્રકારની નિંદા છે. (૧) ભગવાનની નિંદા કરશે, (૨) બ્રહ્માની નિંદા કરશે, (૩) પોતાની જાતની નિંદા કરશે. પંદરમા શ્લોકનું ગાન કરતી ગોપી બ્રહ્માની નિંદા કરનારી છે.

અટતિ યદ્ભવાનહ્નિ કાનનં ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ્ ।
કુટિલકુન્તલં શ્રીમુખં ચ તે જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દૃશામ્ ॥૩૧/૧૫॥

આપ જ્યારે વનમાં વિચરણ કરવા પધારો છો, ત્યારે એક-એક ક્ષણ અમને એકએક યુગ જેવી લાગે છે. સમયનું માપ બે પ્રકારનું છે : એક ઘડિયાળની ગતિએ ચાલતો સમય અને બીજો મનોવૈજ્ઞાનિક સમય. આપણને બહુ ગમતી વ્યક્તિ રાત્રે નવ વાગ્યે મળવા આવે. પાંચ-દશ મિનિટમાં જવા માટે ઊઠે છે. આપણે તેને આગ્રહથી બેસાડીએ છીએ. વાતોમાં તે રાતના બે વાગ્યા સુધી બેઠો. આપણે કહીએ છીએ કે હજી સવાર થયું નથી. આખી રાત તેની સાથે વાતોમાં વીતી, તોય કંટાળો ના આવ્યો. બપોરના સમયે આપણે આરામ કરતાં હોઈએ. એક પાડોશી આવ્યા. આપણે માથુ ખંજવાળીએ છીએ કે આ અત્યારે ક્યાંથી આવ્યા ? ક્યારે પાછા જશે? તે એક-બે કલાક બેસવાનું નક્કી કરીને આવ્યા હતા. આપણે તેમને કહીએ છીએ કે મારે ઘણું કામ છે. આવો માણસ આપણી પાસે બે મિનિટ બેસે, તોયે બે યુગ વીતી ગયા હોય તેવું લાગે. આનું નામ મનોવૈજ્ઞાનિક સમય.

ગોપીજનો કહે છે, મહારાજ! આપ અમારાથી એક ક્ષણ દૂર જાઓ છો, ત્યારે તે યુગ જેવી લાગે છે અને કલાકોના કલાકો અમારી પાસે બિરાજો છો, ત્યારે તે એક ક્ષણ જેવું લાગે છે. આપ અમને છોડી, દિવસે વન-ઉપવનમાં વિચરણ કરો છો, ત્યારે અમારા ચિત્તને બહુ ખેદ થાય છે. એક ચપટી વગાડીએ તેટલો સમય કરોડો યુગો જેવો લાગે છે.

શ્રીનંદદાસજીએ **'વિરહમંજરી'** કાવ્યમાં ચાર વિયોગ બતાવ્યા છે : *દેશાંતર વિયોગ, દેહાંતર વિયોગ, પલકાંતર વિયોગ અને વનાંતર વિયોગ.* અહીં ગોપીજનો

વનાંતર વિયોગની વાત કરે છે. એક પલક દૂર રહો, તો પણ અમને અસહ્ય વિયોગ થાય છે; તો આખી બપોર તમે વનમાં ફરો, ત્યારે અમારી શી સ્થિતિ થતી હશે? આજે અમને છોડીને ગયા છો, ત્યારે શું તમને જરાય દયા નથી આવતી ? અમે નક્કી કર્યું છે કે ચાર મુખવાળા બુઢ્ઢા બ્રહ્માજી મળે, તો તેમને બરોબર ઠપકો આપવો. હે ચતુરાનન ! આખી દુનિયાને પાંપણો આપી તો ભલે આપી; પણ અમને શા માટે આપી ? વારેવારે પાંપણો ઊંચીનીચી થતાં અમને ભગવાનનો વિયોગ થાય છે.

બ્રહ્માજી કહે છે, સખીઓ ! અલૌકિક દેવોને અલૌકિક દર્શન કરવા માટે પલકો હોતી નથી, પણ તમે લૌકિક છો; માટે તમને આપી છે. ગોપીજનો કહે છે, તમે મૂર્ખ છો. અમે જો અલૌકિક હોઈએ, તો અમારી આંખોમાં લૌકિક વિષયો આવે ક્યાંથી ?દેવો કરતાં પણ અમારું દર્શન દિવ્ય છે; માટે અમે તમને કહીએ છીએ કે કોઈ ભક્તને પલક આપશો નહીં. ગોપીજનો વિચાર કરે છે, પ્રભુજીના વિરહમાં અમારું જે થવાનું હોય તે થાય, પણ એમનો વિયોગ તો ન જ સહન થાય. હવે સૌથી લડકણી ગોપી આગળ આવે છે. તે **તામસ-તામસ** સ્વભાવવાળી છે.

પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાનતિવિલઙ્ઘ્ય તેઽન્ત્યચ્યુતાગતાઃ ।
ગતિવિદસ્તવોદ્ગીતમોહિતાઃ કિતવ યોષિતઃ કસ્ત્યજેન્નિશિ ॥૩૧/૧૬॥

તેણે ભગવાનને **'કિતવ'** - કપટી કહ્યા. તે કહે છે, હે શ્યામસુંદર ! મને આજે તમારી સાથે ખૂબ લડવાનું મન થાય છે. પ્રભુજી કહે છે, મારું માથું અને તમારી જૂતી. લડી લો; પણ મારો કોઈ વાંક-ગુનો તો બતાવો. ગોપી કહે છે, અમે મા-બાપ, ભાઈ-બહેન, આખી દુનિયાને છોડી તમારા શરણે આવ્યાં, ત્યારે તમે અમને ઠોકરે ચઢાવી રડાવો છો એ તમને શોભે છે ? અમે સમાજ અને ઘરની મર્યાદાઓ તોડી, છતાં તમે તમારા ભક્તોની લાજ ન રાખો, તો કોણ રાખે ? માણસ પણ માણસની લાજ રાખે છે, તો તમે ભગવાન થઈને ભક્તની લાજ ન રાખી ? અમે દુનિયામાં શું મોં બતાવીશું ? તમે અમારા મુખ ઉપર કાળું કાજળ ચોપડી દીધું !

ભગવાન કહે છે : મેં તમને મારી પાસે દોડી આવવા ક્યાં કહ્યું હતું ? ગોપીઓ કહે છે, મહારાજ! અમે ગતિને જાણનારાં છીએ. ક્યાં જવું જોઈએ અને ક્યાં નહીં; એનો દૃષ્ટિકોણ અમારી પાસે છે; તેથી તમારી પાસે ગતિ કરી. તમે પણ ગતિવિદ્ છો, ગતિને જાણો છો. માટે કોને કેવી ગતિ આપવી, એનો નિર્ણય તમે કરો છો. ચાવીવાળા રમકડાને ચાવી ન આપીએ, ત્યાં સુધી તે ચાલતું નથી. તમે અમને ચાવી

ચઢાવી, પછી અમે દોડતાં આવીએ, તેમાં અમારો શો વાંક ? હે પ્રભુ ! આપે અમને અડધી રાતે તરછોડી દીધાં છે, અમને બોલાવીને રાત્રે રખડાવ્યાં છે. ન કહી શકાય કે ન સહી શકાય તેવી અમારી સ્થિતિ છે. આપ કપટી છો. અમે ભોળી સ્ત્રીઓ છીએ.

બીજો અર્થ એવો કર્યો કે અમે કપટી ગોવાળિયાઓની સ્ત્રીઓ છીએ. અમને ખાતરી છે કે આપ અમારો સ્વીકાર કરશો; ત્યારે આપ પણ કપટી બન્યા છો !

ત્રીજો અર્થ કર્યો, અમે વસ્તુતઃ આપની સ્ત્રીઓ છીએ. આપની યોગમાયાને કારણે ગોવાળિયાઓને ભ્રાંતિ થઈ છે કે અમે તેમની સ્ત્રીઓ છીએ. એમના માટે કપટી સ્ત્રીઓ, અને આપના માટે અમે સાચી સ્ત્રીઓ છીએ. અમને તરછોડી આપ અંતર્ધાન થઈ જાઓ તે આપને શોભે છે ?

રહસિ સંવિદં હચ્છયોદયં પ્રહસિતાનનં પ્રેમવીક્ષણમ્ ।
બૃહદુરઃ શ્રિયો વીક્ષ્ય ધામ તે મુહુરતિસ્પૃહા મુહ્યતે મનઃ ॥૩૧/૧૭॥

મનના ભાવને જગાડનારી વાણી એકાંતમાં બોલીએ છીએ; આપનું સુંદર નિરીક્ષણ, પ્રેમાવલોકન, આ બધાને જ્યારે યાદ કરીએ છીએ; ત્યારે મનમાં વ્યાકુળતા વધી જાય છે. હે નંદનંદન ! અમે વિનંતી કરીએ છીએ કે આપ આપના અવતારકાર્યને યાદ કરીને પણ પ્રગટ થાઓ.

વ્રજવનૌકસાં વ્યક્તિરઙ્ગ તે વૃજિનહંત્ર્યલં વિશ્વમઙ્ગલમ્ ।
ત્યજ મનાક્ ચ નસ્ત્વત્સ્પૃહાત્મનાં સ્વજનહૃદ્રુજાં યન્નિષૂદનમ્ ॥૩૧/૧૮॥

ગોપીજનોએ બહુ સુંદર સંબોધન કર્યું, **હે અંગ** ! સંસ્કૃતમાં ભાવના ખૂબ જ ઊભરાને અભિવ્યક્ત કરવા માટે 'અંગ' સંબોધન થાય છે. અહીં 'શરીર' અર્થ નથી; પણ અતિ લાડનો ભાવ છે. આપની અભિવ્યક્તિ વ્રજવાસીઓને આનંદનું દાન કરનારી છે અને તેમનામાં રહેલા પાપને તોડનારી છે. પાપનો નાશ કરનાર અને પ્રેમનો પ્રસાર કરનારી આપની મૂર્તિ દુનિયામાં દુઃખનું દાન દેનારી બનશે, તો લોકો કહેશે કે ભગવાન આવ્યા તોય શું અને ન આવ્યા તોય શું ? માટે અમારા હૃદયનો ખટકો દૂર કરવા તમને વિનંતી કરીએ છીએ કે આપની થોડીક કૃપા અમને આપો.

છેલ્લે ગોપાંગનાઓનું મંડળ બોલી ઊઠ્યું –

યત્તે સુજાતચરણામ્બુરુહં સ્તનેષુ ભીતાઃ શનૈઃ પ્રિય દધીમહિ કર્કશેષુ ।
તેનાટવીમટસિ તદ્વ્યથતે ન કિંસ્વિત્કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં નઃ।૩૧/૧૯।

આપનું ચરણકમળ **'સુજાત'** એટલે સારી રીતે પ્રગટ થયેલું – તાપ હરનારું, શીતળતાનું દાન કરનારું અને આનંદદાયક છે. આ ચરણકમળને અમે બીતાં બીતાં અમારા વક્ષ:સ્થળ ઉપર મૂકવાની ઇચ્છા કરીએ છીએ. અમને ડર છે કે આપનું ચરણ કોમળ છે અને અમારું હૈયું કઠોર છે. ક્યાંક આપના કોમળ ચરણારવિંદને પરિશ્રમ ન પડે ! આ જ ચરણને લઈને આપ વૃંદાવનમાં વિચરણ કરો છો, ચરણારવિંદમાં કાંટા-કાંકરા વગાડો છો; એનો વિચાર કરતાં અમે વ્યાકુળ બની જઈએ છીએ. હવે અમારાથી જિરવાતું નથી. જે પ્રિય હોય એને દુ:ખ થાય, એ સહન ન જ થાય. આપ અહીં પરિભ્રમણ કરો છો, એટલે અમને લાગે છે કે આપને કાંટા-કાંકરા નથી લાગ્યા; છતાં કલ્પના કરીએ છીએ કે વાગ્યા વિના રહે જ નહીં. અત્યારે તો અમારું મન આશંકામાં ડૂબેલું છે. જો ખાતરી થાય કે ગોવિંદજીને અમારે લીધે શ્રમ થયો છે, તો અમે યમુનાજીમાં ડૂબીને મરી જઈએ. અમારે ખાતર આપ પરિશ્રમ લો તે અમને જરાયે મંજૂર નથી; કારણ કે અમે અમારું આયુષ્ય તમને સોંપ્યું છે. અમારું જીવન, અમારું ધન, અમારું મન આ બધું આપના સુખ માટે છે. અમારું આજનું રુદન પણ આપના સુખ માટે છે. અમારું થવું હોય તે થાય. આપની ઇચ્છા હોય તો અમને દુ:ખના મોટા ડુંગરો નીચે પીસી નાખો, પણ આ તન-મનમાં કદીય એવી ભાવના નહીં જાગે કે શ્યામસુંદર અમારા માટે પરિશ્રમ કરે. કેટલો મોટો પુષ્ટિભાવ છે ? આવો જ્વલંત ત્યાગભાવ આ ગોપિકાઓ સિવાય બીજા કોના મનમાં જાગી શકે ?

હે શ્યામસુંદર ! અમારો એકેએક શ્વાસ તમારા માટે છે. અમારા શરીરનો કણકણ તમારા માટે છે. અમારું કુટુંબ, ધન બધું તમારા માટે છે. અમારા જીવનની એકેએક ક્ષણ તમારા માટે છે. જે દિવસે અમને ખાતરી થાય કે આ શરીરથી, મનથી અને ધનથી અમે તમને પરિશ્રમ આપીએ છીએ, તે દિવસે મૃત્યુ સિવાય અમારે માટે બીજો કોઈ આરો નથી.

આટલું કહેતાં કહેતાં ગોપીજનોનાં રોમરોમ ધ્રૂજી ઊઠ્યાં. આંખમાંથી દડદડ અશ્રુ પડવા લાગ્યાં અને તેઓ વ્યાકુળ બની ગયાં. હવે નથી તેમનાથી અનુકરણ કરાતું કે નથી અન્વેષણ કરાતું. વિયોગની વિચિત્ર દશા અનુભવી રહ્યાં છે. તેમને લાગે છે કે હવે ગોવિંદજી એક ઘડી પણ વિલંબ કરશે, તો તેમના પ્રાણ ઊડી જશે.

ઇતિ ગોપ્ય: પ્રગાયન્ત્ય: પ્રલપન્ત્યશ્ચ ચિત્રધા ।
રુરુદુ: સુસ્વરં રાજન્ કૃષ્ણદર્શનલાલસા: ॥૩૨/૧॥

આંખોમાં આંસુ છે. મનમાં એક જ ભાવ છે, ક્યારે પ્રભુનાં દર્શન થાય ? તેઓ સુસ્વરે રુદન કરે છે. વિચાર આવે કે **'સુસ્વર'**નું રુદન કેવું હોય ? આપણે રડીએ છીએ તે ? ના, જેમાં હૈયું અને આંખ બંને રડતાં હોય, તેને સુસ્વર રુદન કહે છે. હૈયામાં જરાયે ભાવ ન હોય અને મગરનાં આંસુ સારીએ, તે સુસ્વર રુદન નથી.

એક વાર પટેલોના એક નાના ગામમાં જવાનું થયું. ત્યાં એક મૃત્યુનો પ્રસંગ બન્યો. સ્ત્રીઓ કાળાં કપડાં પહેરી ટોળે મળેલી. તેમાં એક ગંગામા હતાં. ગંગામાએ દૂરથી પોક મૂકી. આંખો ચોળતાં ચોળતાં, રડતાં રડતાં આવ્યાં. માથા પર લાંબો ઘૂમટો તાણેલો. ખોલે તો પોલ પકડાઈ જાય ! એવું આક્રન્દ કર્યું કે સાંભળનારા પણ છક્ થઈ ગયા. જેનો જુવાનજોધ દીકરો મર્યો છે, એની મા પણ આટલું રડતી નથી! ગંગામા ઘૂમટામાં છીંકણી સૂંઘતાં જાય ને રડવાનું નાટક કરતાં જાય. ઘેર આવીને રડવાનો થાક ઉતારવા ગરમાગરમ શીરો ખાધો. ક્યાં પેલું રડવાનું અને ક્યાં આ જમવાનું ? જેનું હૈયું ખરેખર ફાટતું હોય, તેના હાથમાં કોળિયો રહી શકે ખરો ?

આંખો ન રડે એનો વાંધો નહીં, પણ હૃદયનું રડવું એ જ સાચું રડવું છે. એક કવિએ બહુ સુંદર કહ્યું, 'અમે તો આંખોનાં આંસુમાં એટલા બધા ધોવાઈ ગયા કે હવે અમને બીજા જળની જરૂર નથી.' અત્યાર સુધી ગોપીજનો પાસે ગુણગાનનું સાધન હતું, તેય છૂટી ગયું. હવે એટલું બધું દૈન્ય જાગ્યું છે કે એક જ વિચાર છે : અમારા કોઈ સાધનથી તમે મળી શકો તેમ નથી, તો કેવી રીતે મળશો ?

શ્રીમહાપ્રભુજીએ આ પ્રસંગમાં એક સુંદર વાત કહી. હરિ સાધનથી મળતા નથી. જ્યારે માણસ નિ:સાધન બની જાય છે, ભગવાનનાં ચરણારવિંદમાં પડી જાય છે, તે દીન બને ત્યારે દયાનાથ પ્રગટ થાય છે. ગોપીજનો પાસે પણ અંતે રડવા સિવાય બીજો કોઈ ઉપાય ન રહ્યો. તેમના હાથપગની ગતિ હણાઈ ગઈ હતી. આંખો પણ રડીરડીને થાકી ગઈ. માત્ર રહી ગઈ છે અંત:કરણમાં કાંટાની એક તિરાડ.

શ્રી શુકદેવજી કહે છે, રાજા ! હવે ગોપી-મંડળની વચ્ચે ભગવાન પ્રગટ થયા-

તાસામાવિરભૂચ્છૌરિ: સ્મયમાનમુખામ્બુજ: ।
પીતામ્બરધર: સ્રગ્વી સાક્ષાન્મન્મથમન્મથ: ॥૩૨/૨॥

ગોપીજનોના મંડળ-મધ્યે હસતા હસતા ગોવિંદજી પ્રગટ થઈ ગયા. ગોવિંદજી બહારથી પધાર્યા નથી. હૃદયમાં છુપાયેલા ગોવિંદજી પ્રત્યક્ષ પ્રગટ થઈ ગયા.

આ પંક્તિ ઉપર શ્રીગુસાંઈજીએ એક સ્વતંત્ર લેખ લખ્યો છે.

હાસ્યયુક્ત મુખારવિંદથી ભગવાન પ્રગટ થયા. એ બતાવવા પ્રગટ થયા કે હવે હું તમારી ઉપર નારાજ નથી. કોઈનું હસતું મોઢું જોઈએ, તો ખાતરી થાય કે તેઓ લડશે નહીં. માટે ભગવાન હસતા હસતા પ્રગટ થયા.

બીજો અર્થ કર્યો કે અત્યાર સુધી **'સ્મય'** અને **'માન'** એ ગોપીજનોના મુખ ઉપર હતાં. હવે તે ભગવાનના મુખ ઉપર આવ્યાં. 'સ્મય' એટલે અભિમાન અને 'માન' એટલે મદ. ભગવાનનું મુખારવિંદ ભક્તિસ્વરૂપ છે. ભક્તોનાં માન અને મદ લઈ, ગોવિંદજીએ તેમને પોતાના મુખારવિંદમાં મૂક્યાં; એટલે ભક્તોમાંથી માન અને મદ નીકળી ગયાં. તેમનાં અંતઃકરણ વિશુદ્ધ બન્યાં.

મોહનજીએ મોટી વનમાળા અને પીતાંબર ધારણ કર્યાં છે. શરૂઆતમાં પીતાંબર અને વનમાળાનું વર્ણન નહોતું. અત્યારે ભગવાન પીતાંબર અને વનમાળા ધરીને પધાર્યા છે, એટલે એક ટીકાકારે અર્થ કર્યો કે તેઓ લક્ષ્મીજીની મુલાકાત લઈ આવ્યા છે. એક હાથમાં પીતાંબરનો છેડો પકડ્યો છે અને પોતાના હોઠ ઉપર દબાવ્યો છે; કારણ કે તેમને ઘણું હાસ્ય આવતું હતું તે રોકેલું હતું. માટે શબ્દ વાપર્યો **'પીતાંબરધરઃ'**. અનંત ગોપાંગનાઓના વૃંદમાં રાસવિહારી ઊભા છે –

તં વિલોક્યાગતં પ્રેષ્ઠં પ્રીત્યુત્ફુલ્લદૃશોઽબલાઃ ।
ઉત્તસ્થુર્યુગપત્ સર્વાસ્તન્વઃ પ્રાણમિવાગતમ્ ॥૩૨/૩॥

કોઈ મડદામાં મુખ્ય પ્રાણે પ્રવેશ કર્યો હોય, તેમ આજે ભગવાનના પધારતાં ગોપીજનોની તમામ ઇન્દ્રિયો ઉત્તેજિત થઈ ગઈ. પ્રત્યેક ઇન્દ્રિય ભગવદ્રસને પામવા તત્પર બની ગઈ. ગોપીઓ અધીરી બની ગઈ છે. તેઓ વિચાર કરે છે કે આ નટખટ નંદકિશોર ફરી છટકી ન જાય. બાઈ, હવે આને એવો પકડો કે તે આપણને છોડીને ક્યાંય છટકી ન જાય !

■

પ્રકરણ ૩૮

ગોપીઓને પ્રભુ દ્વારા સાંત્વન

ગોપીજનોના મંડળમાં બિરાજેલા ગોવિંદજીનો હસ્ત પકડીને એક ગોપીએ કહ્યું, 'હવે તમને નહીં જવા દઈએ.' બીજીએ ભગવાનના ખભા પર હાથ મૂકી દીધો, 'મહારાજ! હવે તમને નહીં જવા દઉં.' કોઈ ગોપિકાએ શ્યામસુંદરનાં ચરણારવિંદ લઈ વક્ષ:સ્થળ ઉપર મૂક્યાં. એક ગોપી દૂર ઊભી ઊભી ભગવાનને અપલક નેત્રે જોતી જાય ને કહેતી જાય કે તમે અમને બહુ રડાવ્યાં છે.

> તં કાચિન્નેત્રરન્ધ્રેણ હૃદિકૃત્ય નિમીલ્ય ચ ।
> પુલકાઙ્ગ્યુપગુહ્યસ્તે યોગીવાનન્દસમ્પ્લુતા ॥૩૨/૮॥

કોઈ પોતાની આંખોથી જાણે શ્યામસુંદરનું પાન કરતી હતી. મુખ્ય પ્રાણ પ્રગટ થયો હોય, એવી રીતે ભગવાનને ઘેરીને સહુ બિરાજ્યાં છે. શ્યામજી વિચાર કરે છે કે હવે હું પકડાઈ ગયો. ગોપીઓની મધ્યમાં મારે રાસ રમવાનો છે, પણ હું ક્યાં બેસું ? આજુબાજુ બેસવાનું સ્થાન શોધે છે. ગોપીજનો કહે છે, પ્રભુ ! અમારાં આ ઉત્તરીય વસ્ત્રો એ આપનું આસન –

> **તદ્દર્શનાહ્લાદવિધૂતહૃદ્રુજો મનોરથાન્તં શ્રુતયો યથા યયુઃ ।**
> **સ્વૈરુત્તરીયૈઃ કુચકુઙ્કુમાઙ્કિતૈરચીક્લૃપન્નાસનમાત્મબન્ધવે ॥૩૨/૧૩॥**

આત્માના બંધ એવા મોહનજીને બિરાજવા માટે ગોપિકાઓએ પોતાનાં ઉત્તરીય વસ્ત્રોનો ઢગલો કર્યો. કોઈને પ્રશ્ન થશે કે ઉત્તરીય વસ્ત્રો કેમ આપ્યાં ?

ગોપીજનો કહે છે, અમે પારકી વસ્તુ લાવી તેના પર તમને બિરાજાવીએ; તેના કરતાં જેના દ્વારા અમારી લાજ ઢંકાય છે, એ જ તમને આપીએ. વસ્ત્રથી માણસની લાજ નથી ઢંકાતી, પણ ભગવાનની કૃપાથી માણસની લાજ ઢંકાય છે. માણસ ગમે તેટલાં વસ્ત્રો પહેરે, પણ જ્યાં સુધી હૃદયમાં વાસનાઓ જાગે છે, ત્યાં સુધી એની લાજ ઢંકાતી નથી. ગોપીજનોએ વસ્ત્રોનો ઢગલો કર્યો, એનાથી સૂચવ્યું કે ભગવદાસન અમારા હૃદય-કાચ કરતાં પણ નિર્મળ છે –

> તત્રોપવિષ્ટો ભગવાન્ સ ઈશ્વરો યોગેશ્વરાન્તર્હૃદિ કલ્પિતાસનઃ
> ચકાસ ગોપીપરિષદ્ગતોઽર્ચિતસ્ત્રૈલોક્યલક્ષ્મ્યેકપદં વપુર્દધત્ ॥૩૨/૧૪॥

ગોપી-પરિષદ ભરાઈ છે. ભગવાન તેના અધ્યક્ષ છે. યોગીઓના અંતઃકરણમાં તો કલ્પેલું આસન છે. આજે ભગવાન સાક્ષાત્ આસન ઉપર બિરાજ્યા છે.

શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર વિચાર આપ્યો. ઉત્તરીય વસ્ત્રો ઉતારી દીધા પછી ગોપીજનોએ દેહ ઉપર શું ઓઢ્યું હશે ? આપે આજ્ઞા કરી કે તેમના શ્રીઅંગ ઉપર બીજાં દિવ્ય અલૌકિક વસ્ત્રો પ્રગટ થઈ ગયાં. આ વસ્ત્રો જળમાં ભીંજાય નહીં તેવાં છે; કારણ કે ભગવાન રાસ પછી જલક્રીડા કરવાના છે. જલક્રીડામાં પણ ન ભીંજાય, એવાં દિવ્ય વસ્ત્રો ભગવાને વ્રજભક્તોને આપ્યાં. સંસારમાં રહેવા છતાં શરીર, મન અને બુદ્ધિને સંસારનો સ્પર્શ ન થાય; તેનું નામ વૉટરપ્રૂફ વસ્ત્રો. ગોપીજનોનાં શરીર, મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોને ભગવાને પોતાના રંગમાં રંગી દીધાં છે. પછી તે સંસારના પાણીમાં ડૂબકી મારે તોય ભીંજાતાં નથી.

પરિષદ ભરાય ત્યારે તેમાં થોડા પ્રસ્તાવો મુકાય, થોડા ઠરાવો થાય. ગોપીજનો ભગવાન સામે ત્રણ પ્રસ્તાવ મૂકે છે –

ભજતોઽનુભજન્ત્યેક એક એતદ્વિપર્યયમ્ ।
નોભયાંશ્ચ ભજન્ત્યેક એતન્નો બ્રૂહિ સાધુ ભોઃ ॥૩૨/૧૬॥

હે નંદનંદન ! આ દુનિયામાં ત્રણ જાતના લોકો છે. આ ત્રણમાંથી અમારે તમારું બીજું ક્યાં ગોઠવવું ? કેટલાક લોકો ભજન કરે, તેનું ભજન કરે. બીજા કેટલાક લોકો એવા છે કે જેઓ ન ભજન કરે, તેનું ભજન કરે અને કેટલાક લોકો એવા છે કે તેનું ભજન કરો કે ન કરો, તોયે તેઓ ભજન ન કરે. અમારા મનમાં આ બાબતમાં થોડો સંશય છે તેનો ખુલાસો કરો. ભજન કરનારનું ભજન કરે એવા ઘણા લોકો હોય છે. કેટલાક ધર્મ-બુદ્ધિથી ભજન કરે, કેટલાક શ્રેય-બુદ્ધિથી કરે, કેટલાક ઉપકાર-બુદ્ધિથી કરે. આ ત્રણમાંથી અમારે તમને કયા પ્રકારના સમજવા ?

ભગવાન કહે છે, દેવીઓ ! આ ત્રણમાં ક્યાંય મારો નંબર નથી.

મિથો ભજન્તિ યે સખ્યઃ સ્વાર્થૈકાન્તોદ્યમા હિ તે ।
ન તત્ર સૌહૃદં ધર્મઃ સ્વાર્થાર્થં તદ્ધિ નાન્યથા ॥૩૨/૧૭॥

ભજન કરનારનું ભજન કરનાર એટલે જેવો તું તેવો હું. તું મને પાંચ રૂપિયા આપે, તો હું પણ તને પાંચ રૂપિયા આપું. આમાં ધર્મ-ભજન નથી. આપણામાંનાં મોટા ભાગનાંનું ભજન આવું હોય છે. હે ગિરિરાજબાવા ! તમે મને દીકરો આપો,

તો હું તમને સવા મણ દૂધથી સ્નાન કરાવું. આ આવું ભજન છે. હે શ્રીજીબાવા ! મારો વેપાર-ધંધો ડૂબી રહ્યો છે. તમે મને એક લાખ રૂપિયાનો ફાયદો કરાવી આપો, તો હું તમને પાંચ હજાર રૂપિયાની ભેટ ધરું. શ્રીઠાકોરજી કહે છે, તને લાખ રૂપિયા આપીને મારે તારા પાંચ હજાર નથી જોઈતા. તેના કરતાં મારા લાખ હું ન ભોગવું? આ સ્વાર્થી ભજન છે. લોકો હનુમાનજીને તેલ ચઢાવવા જાય છે : હે હનુમાનજી ! હું તમને વાટકી તેલ ચઢાવું, તેના બદલામાં મારી તેલની મિલ સારી રીતે ચલાવો. હનુમાનજી કહે છે, આના કરતાં ઑઇલ મિલમાં બેસીને હું જ સ્નાન ન કરું !

ભગવાન કહે છે, સખીઓ ! ભજન કરનારનું ભજન કરે, તેમાં મિત્રતા પણ નથી; ધર્મ પણ નથી. આવી રીતે કોઈ જપ કે પાઠ કરતું હોય, કોઈ ઠાકોરજીનાં પલનાં કરાવતું હોય કે રાજભોગ કરાવતું હોય, તો સમજી લેવું કે આમાં કોઈ ધર્મ નથી, તેનું કોઈ ફળ નથી. સખીઓ ! તમે બીજો પ્રકાર કહ્યો –

ભજન્ત્યભજતો યે વૈ કરુણાઃ પિતરો યથા ।
ધર્મો નિરપવાદોઽત્ર સૌહૃદં ચ સુમધ્યમાઃ ॥૩૨/૧૮॥

ન ભજન કરનારનું ભજન કરનારા બે પ્રકારના લોકો છે : એક અતિથિ-બુદ્ધિવાળા, જે આવેલા અતિથિનો સત્કાર કરે છે. બીજા સ્નેહ-બુદ્ધિવાળા. ધર્મ-બુદ્ધિવાળા લોકો; સ્નેહ-બુદ્ધિવાળા લોકો ફરજ બજાવી જાણે છે, પણ તેનો બદલો માગતા નથી. માતા એટલા માટે દીકરાને પ્યાર નથી કરતી કે દીકરો મોટો થઈને સેવા કરે. માતા એટલા માટે દીકરાને સ્નેહ કરે છે કે તે તેનો સ્વભાવ છે. માતામાં રહેલો સ્નેહ જ તેને સેવા કરવા પ્રેરે છે.

જ્યાં સુધી આપણા ચિત્તમાં અપેક્ષાવૃત્તિ હોય છે, ત્યાં સુધી દુઃખ રહે છે. હું તારું આટલું કરું અને તું મારું જરા પણ ન કરે? આવો વિચાર આવે છે, ત્યાં દુઃખની શરૂઆત થાય છે. અપેક્ષાબુદ્ધિ જ માણસને દુઃખ આપે છે. આપણે કોઈને સો રૂપિયા આપીએ, એટલે અપેક્ષા રાખીએ કે તે કોઈ દિવસ આપણું કામ કરે. તે આપણું કામ ન કરે, એટલે આપણું મોઢું વાંકું થાય.

ભગવાન કહે છે, દેવીઓ ! હું માતાની માફક પણ ભજન કરતો નથી. જો હું માતા અને અભ્યાગતની જેમ ભજન કરવા લાગું, તો પછી દુનિયામાં કર્મનો ભોગ જ ન રહે. તમે મારા માટે કંઈ ન કરો અને હું તમારું ભજન કરું; તે ન બને. ભગવાન કહે છે, દેવીઓ ! ત્રીજો પક્ષ પણ હું નથી સ્વીકારતો –

ભજતોઽપિ ન વૈ કેચિદ્ ભજન્ત્યભજત: કુત: ।
આત્મારામા હ્યાપ્તકામા અકૃતજ્ઞા ગુરુદ્રુહ: ॥૩૨/૧૯॥

સખીઓ ! ત્રીજા પ્રકારના લોકોને તમે ભજો કે ન ભજો; છતાં તેઓ તમારું ભજન નહીં કરે. તેમાં ચાર પક્ષ છે : બે સારા અને બે ખોટા. આત્મારામ અને આપ્તકામ - તેને તમે ગમે તેટલી ભેટ કરો, તેમનું તમે ગમે તેટલું સારું બોલો, તોયે તે માણસો તમારા લપેટામાં આવશે નહીં. આત્મારામ અને આપ્તકામ દુનિયાના લોભમાં પડતા નથી.

એક સંત હતા. આ સંતની સમાજ ઉપર બહુ મોટી અસર. એક ભાઈએ ચૂંટણીમાં ઊભા રહેવાનો વિચાર કર્યો. સંત આશીર્વાદ આપે તો આપણે જીતી જઈએ; એવા વિચારથી તેઓ સંત પાસે ગયા. બાપજી ન હા બોલ્યા કે ન ના બોલ્યા. તેમણે આ નેતાના માથે માત્ર હાથ મૂક્યો. તેણે કહ્યું : બાપજી, મોઢેથી કહો ને હું જીતીશ. સંતે કહ્યું : ઉપરવાળાની ઇચ્છા હશે તેમ થશે. પેલાએ કહ્યું : આપ, આપના બધા સેવકોને કહો કે મને જ મત આપે. સંતે જવાબ ન આપ્યો.

પેલો કહે છે, મહારાજ! મને જિતાડી આપશો, તો તમારો આશ્રમ નવો બંધાવી આપીશ. સંત હસે છે, ભાઈ ! તું મને ખરીદવા આવ્યો છે ? આવું બોલીશ, તો તને લાત મારીને અહીંથી રવાના કરી દઈશ. કૃષ્ણ મારા ભગવાન છે. પેલો માણસ કહે છે, બાવાજી ! તમે મારું અપમાન કરો છો. તમને ખબર છે, હું કોણ છું ? આ ગામનો હું મોટો દાદો છું. મારું કહેવું નહીં માનો, તો કાલે તમારું ઝૂંપડું ઉખાડી દઈશ. સંત કહે છે, અહીંથી જતો રહે. તું મારું કંઈ બગાડી શકે તેમ નથી. ભગવાનના ભક્તનો કોઈ દ્વેષ કરે તોયે તેને પડી નથી અને તેને દાન આપે તોયે તેને પડી નથી.

હવે ભગવાન બીજા બે પ્રકારના લોકો બતાવે છે. તેઓ છે **'અકૃતજ્ઞ'** અને **'ગુરુદ્રુહ:'**. ઘણા લોકો એવા છે કે તમે તેનું સારું કરીકરીને થાકી જાઓ, તોયે છેવટે તે તમને દોષ દેશે. શ્રીઠાકોરજી કહે છે, દેવીઓ ! હું આટલો બધો ખરાબ પણ નથી.

ગોપીઓ પૂછે છે, તો તમે છો શું ? આ પણ નથી અને તે પણ નથી, તો અમારે તમને કેવા સમજવા ?

નાહં તુ સખ્યો ભજતોઽપિ જન્તૂન્ ભજામ્યમીષામનુવૃત્તિવૃત્તયે ।
યથાધનો લબ્ધધને વિનષ્ટે તચ્ચિન્તયાન્યન્નિભૃતો ન વેદ ॥૩૨/૨૦॥

દેવીઓ ! મારે સ્વસુખ ખાતર કોઈનું ભજન કરવાનું નથી. હું કોઈનું પ્રત્યક્ષ

ભજન કરતો નથી. હા, પરોક્ષ ભજન કરું છું. તમારી વચ્ચે જ હું સંતાઈ ગયો હતો. તમે મારા ઉપર વિશ્વાસ કરો, પળપળ મેં તમને યાદ કર્યાં છે. તમારી પાસેથી એટલા માટે સંતાઈ ગયો કે જેથી તમને મારા મિલનની વધારે ઝંખના જાગે. હું સંતાઈ ગયો, તેને તમે મારું ભજન સમજી લો. કોઈ માણસો આપ-લે કરીને ભજન કરે, હું સંતાઈને તમારું ભજન કરું. હે ગોપાંગનાઓ ! આજે હું કાન પકડીને કબૂલ કરું છું કે –

ન પારયેઽહં નિરવદ્યસંયુજાં
સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપિ વઃ ।
યા માભજન્ દુર્જરગેહશૃઙ્ખલાઃ
સંવૃશ્ચ્ય તદ્ વઃ પ્રતિયાતુ સાધુના ॥૩૨/૨૨॥

હું અનંત જન્મો ધારણ કરીને આવું, તોયે હે સખીઓ ! તમારા પ્રેમનો બદલો વાળી શકું તેમ નથી. હવે મને કહો કે હું તમારું ભજન કેવી રીતે કરું ? મારામાં એટલું સામર્થ્ય નથી કે તમારા ભાવને માટે હું કંઈ પણ કરી શકું.

શ્રીરામજીએ એક વાર હનુમાનજીને કહ્યું હતું કે તેં જેટલા ઉપકાર મારા પર કર્યા છે, તે અનંત ઉપકારોનો બદલો હું આપી શકું તેમ નથી. એક ઉપકાર હોત, તો તેનો બદલો મારા શરીરનું દાન કરીને આપત; પરંતુ તારા અનંત ઉપકારો ચૂકવવા માટે મારે કરોડો જન્મ લેવા પડે.

ખરી વાત એ છે કે ભાવનો કદી બદલો હોતો નથી. જે એમ કહે છે કે હું તમારા ભાવનો બદલો ચૂકવું, તેનામાં ખરેખર ભાવ જ હોતો નથી. દુનિયામાં કેટલીક વસ્તુઓનો બદલો ચૂકવી શકાતો નથી. પ્રેમનો બદલો પ્રેમથી પણ આપી શકાતો નથી. ભગવાન કહે છે, હું દેવોનું આયુષ્ય લઈને આવું, તો પણ તમારો બદલો ચૂકવી શકું તેમ નથી.

ગોપિકાઓ કહે છે, નાથ ! અમારે કોઈ જ બદલાની અપેક્ષા નથી. આ ગંભીર વાતો હવે જવા દો. આપે અમને બહુ રડાવ્યાં છે. હવે યમુના-કિનારે પધારી રાસનાં દર્શન કરાવો.

હવે તેત્રીસમા અધ્યાયમાં ભગવાન ગોપિકાઓને રાસનું દાન કરે છે.

■

ગોપા

યમુનાજીના

સોળ-

એવી કમલા

ખભા પર

પકડીને

ગોપીજનો

શ્રી

મંડળમાં

છબીની જે

અનાય

થઈ રહ્યો છે.

વગાડે છે. કો

થઈ. આ રા

એકબીજાના

શ્યા

એકબાજુ પૂ

પ્રકરણ ૩૯

મહારાસલીલા

ઈત્થં ભગવતો ગોપ્ય: શ્રુત્વા વાચ: સુપેશલા: ।
જહુર્વિરહજં તાપં તદઙ્ગોપચિતાશિષ: ॥૩૩/૧॥

ગોપીજનોના તન-મનનો તાપ દૂર થયો. તેમને લઈને ભગવાન શ્રી શ્યામ-સુંદર યમુનાજીના કિનારે પધાર્યા.

યોગેશ્વરેણ કૃષ્ણેન તાસાં મધ્યે દ્વયોર્દ્વયો: ।
પ્રવિષ્ટેન ગૃહીતાનાં કણ્ઠે સ્વનિકટં સ્ત્રિય: ॥૩૩/૩॥

સોળ-સોળ ગોપી અને આઠ-આઠ શ્યામ. જેવી રીતે કમળનાં ફૂલ ખીલ્યાં હોય, એવી કમલાકાર રચનામાં આ મંડળો ઊભાં છે. ભગવાનનો એક હાથ એક ગોપીના ખભા પર છે, બીજો હાથ બીજી ગોપીના ખભા પર છે. ગોપીજનો એકબીજાના હાથ પકડીને ઊભાં છે; એટલે ભગવાનના ઉદર પાસે તેમનો હાથ રહે છે. અંદર ગોપીજનોનું મંડળ છે અને બહાર શ્યામસુંદરનું મંડળ છે. રાસની રચના થઈ.

શ્રી શુકદેવજી કહે છે, રાજા ! આ રાસોત્સવ એ પરમોત્સવ છે. આકાશ-મંડળમાં દેવાંગનાઓ દેવોને લઈને વિમાનમાં ચઢીને આવ્યાં. ચિત્રમાં ચીતરેલી છબીની જેમ તે સૌ સ્થિર થઈ ગયાં છે –

તતો દુન્દુભયો નેદુર્નિપેતુ: પુષ્પવૃષ્ટય: ।
જગુર્ગન્ધર્વપતય: સસ્ત્રીકાસ્તદ્યશોઽમલમ્ ॥૩૩/૫॥

અનાયાસે દેવોનાં દુંદુભિ વાગવા લાગ્યાં. પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. જયજયકાર થઈ રહ્યો છે. શ્યામજી આજ્ઞા કરે છે, અરી સખીઓ ! રાસનો પ્રારંભ કરો. કોઈ મૃદંગ વગાડે છે. કોઈ ઝાંઝ વગાડે છે. એકબીજાના હાથ પકડીને રાસ રમવાની શરૂઆત થઈ. આ રાસમાં નૃત્ય છે, વાદ્ય છે, ગીત છે. જુદાજુદા બંધ છે. ગોપીઓ અને કૃષ્ણને એકબીજાનો સ્પર્શ છે. તેના દ્વારા અભૂતપૂર્વ રસની નિષ્પત્તિ છે –

વલયાનાં નૂપુરાણાં કિઙ્કિણીનાં ચ યોષિતામ્ ।
સપ્રિયાણામભૂચ્છબ્દસ્તુમુલો રાસમણ્ડલે ॥૩૩/૬॥

શ્યામજી રાસ રમતા હતા, ત્યારે નૂપુરોનો ઘોષ ગગનવ્યાપી બન્યો હતો. એકબાજુ નૂપુરનો ઝણકાર હતો, કંકણનો રણકાર હતો અને કિંકિણીઓનો કલરવ

હતો. એવો અવાજ નીકળતો હતો કે જે સાંભળે તેને નાચવાનું મન થઈ જાય : *'ધીક્ તાન્ ધીધીક્ તાન્ ઘન ગગન પ્રચંડ ગાજે.'*

ગોવિંદજીએ નૃત્ય કરવાની શરૂઆત કરી –

> પાદન્યાસૈર્ભુજવિધુતિભિ: સસ્મિતૈર્ભ્રૂવિલાસૈ-
> ર્ભજ્યન્મધ્યૈશ્ચલકુચપટૈ: કુણ્ડલૈર્ગન્ડલોલૈ: ।
> સ્વિદ્યન્મુખ્ય: કબરરશનાગ્રન્થય: કૃષ્ણવધ્વો
> ગાયન્ત્યસ્તં તડિત ઈવ તા મેઘચક્રે વિરેજુ: ॥૩૩/૮॥

ચરણારવિંદના ઠેકા લેવાવા લાગ્યા. શ્રીમહાપ્રભુજી કહે છે, આ ચરણન્યાસ બે રીતે થાય છે : એક ચારીરૂપે અને બીજો કરણરૂપે. નૃત્યમાં એક પગ ઉપર ફરે તે ચારી; બંને પગના થાપા પડે તે કરણ કહેવાય. **'ભરત નાટ્યમ્'**માં બંને પગની થાપ બરોબર પડે છે. કેટલાંક નૃત્યોમાં એક અંગૂઠા ઉપર આખું નૃત્ય થતું હોય છે. શ્યામજી તો નટેશ્વર છે. દુનિયાનાં તમામ નૃત્યો એમનામાંથી પ્રગટ થયાં છે. દુનિયામાં જોવા મળતા નૃત્યના તમામ પ્રકારો આ રાસમાં જાગૃત થયા છે.

આપણાં ભારતીય નૃત્યોમાં મણિપુરી નૃત્યનો એક પ્રકાર છે. શ્યામજીનો રાસ જોવા પાર્વતીજીએ મહાદેવજી પાસે ઇચ્છા વ્યક્ત કરી. મહાદેવજીએ કહ્યું, દેવી ! ભગવાનની ઇચ્છા હોય, તો જ એ જોવા મળે. તેમણે ભગવાનને બહુ વિનંતી કરી. ભગવાને કહ્યું : અત્યારે અંધારું છે, અંધારામાં નૃત્ય કેમ થાય ? ત્યારે શેષનાગે વિનંતી કરી, મારા માથા ઉપર મણિ છે તે આપ ધારણ કરો. એના પ્રકાશમાં ભગવાને નૃત્યની જુદી જુદી ભંગિમાઓ, લાસ્ય અને હાવભાવ બતાવ્યાં. આમ, મણિના પ્રકાશમાં થયેલ એ નૃત્ય **'મણિપુરી'** નૃત્ય કહેવાયું. 'ભરતનાટ્યમ્'માં પણ ઘણાં બધાં પદો કૃષ્ણ-વિષયક મળે છે. કેટલાંક શિવજીનાં પદો પણ છે.

અહીં રાસમંડળમાં ગોપીઓ અને કૃષ્ણ એકબીજાના હાથ પકડી તાલીઓના તાલ આપે છે. એકબીજાના કંઠની માળાઓ પરસ્પર ગૂંચવાઈ છે. નૃત્ય કરતાં કરતાં ચરણ પણ પરસ્પરની આંટીમાં અટવાયાં છે અને આમ રાસ રમાઈ રહ્યો છે. પછી ગોપિકાઓએ ગોળ-ગોળ નૃત્ય કરતાં કંઠમાંથી ગીત ગાવાની શરૂઆત કરી –

> ઉચ્ચૈર્જગુર્નૃત્યમાના રક્તકણ્ઠ્યો રતિપ્રિયા: ।
> કૃષ્ણાભિમર્શમુદિતા યદ્ગીતેનેદમાવૃતમ્ ॥૩૩/૯॥

અતિ સુકોમળ અવાજવાળી ગોપીઓએ રાસમંડળમાં નૃત્ય કરતાં, ગાવાની શરૂઆત કરી. એક સાથે નાચવું અને ગાવું એ બહુ અઘરું છે. ગાઈએ તો નચાય નહીં અને નાચતાં શ્વાસ વધે એટલે ગવાય નહીં. તેમને અલૌકિક શક્તિઓનું દાન થયું છે; માટે તેઓ નૃત્ય કરતાં કરતાં ગાય છે. તેમનો કંઠ એટલો બધો કોમળ છે કે જે સાંભળે છે, તે મુગ્ધ બની જાય છે.

કાચિત્ સમં મુકુન્દેન સ્વરજાતીરમિશ્રિતા: ।
ઉન્નિન્યે પૂજિતા તેન પ્રીયતા સાધુ સાધ્વિતિ ।
તદેવ ધ્રુવમુન્નિન્યે તસ્યૈ માનં ચ બહ્વદાત્ ॥૩૩/૧૦॥

ગોવિંદજી અમિશ્ર શબ્દોવાળું ગાન ગાય છે. ગોવિંદજીના કંઠમાંથી શુદ્ધ સ્વરો નીકળે છે. શુદ્ધ સ્વરથી ગાવું તેને પ્રાચીન સંગીતશાસ્ત્રમાં 'જાતીગાન' કહે છે. આજે તો આ જાતીગાન કોઈને આવડતું નથી. જાતીગાનની અસર એવી હોય કે મલ્હાર રાગ ગાય, તો વરસાદ વરસે. દીપક રાગ ગાય, તો દીવા આપમેળે સળગે. જે રાગ ગાય તેની અસર પ્રગટ થાય. જાતીગાનમાં નાભિમાંથી નીકળતા કેટલાક શુદ્ધ સ્વરો બોલતાં આવડવા જોઈએ. આજે એમાંના ઘણા સ્વરો મોટા મોટા ગવૈયાઓના ગળામાંથી પણ નીકળતા નથી; કારણ કે એમના સ્વરો મિશ્ર બની ચૂક્યા છે.

અહીં ગોવિંદજીના કંઠમાંથી એકબીજામાં ન ભળે, તેવા શુદ્ધ સ્વરો નીકળ્યા. જેવી રીતે ગુરુજીનું અનુકરણ શિષ્ય કરે, તેવી રીતે ગોપીઓ ભગવાનની પાછળ પાછળ ગાય છે. જેટલા ઊંચા સ્વરો ભગવાન કાઢે, એટલા ઊંચા સ્વરો ગોપીઓ પણ કાઢે છે. આ સાંભળીને મોહનજીને બહુ આનંદ આવે છે. તેઓ ગોપીઓની પ્રશંસા કરે છે. ગોપીઓનો ઉત્સાહ વધે છે. એક ગોપી વિચાર કરે છે કે હું એટલું ઊંચું ખેંચું કે બીજીનું સંભળાય જ નહીં. આમ, સૌ ઊંચા સ્વરે ગાન કરે છે.

ગાતાં ગાતાં ઘણો લાંબો સમય ગયો. રાસના શ્રમથી સૌ પરિશ્રમિત થયાં. પ્રભુજી વિચાર કરે છે, આ ગોપીઓ ગમે તેમ પણ જીવો છે, થાકી જશે. પ્રભુજીએ પોતાનો હસ્ત ગોપીઓના માથા ઉપર ધર્યો. ગોપીઓમાં ફરીથી બળ આવ્યું. ગોપિકાઓને ભગવાને પોતાના છએ ધર્મોનું દાન કર્યું –

ગોપ્યો લબ્ધ્વાચ્યુતં કાન્તં શ્રિય એકાન્તવલ્લભમ્ ।
ગૃહીતકણ્ઠ્યસ્તદ્દોર્ભ્યાં ગાયન્ત્યસ્તં વિજહ્રિરે ॥૩૩/૧૫॥

એક-બે દિવસ નહીં, પણ છ-છ મહિના સુધી સળંગ રાસ થયો.

રેમે રમેશો વ્રજસુન્દરીભિર્યથાર્ભકઃ સ્વપ્રતિબિમ્બવિભ્રમઃ ॥૩૩/૧૭॥

ગોપિકાઓનાં શરીર લૌકિક હતાં, પરંતુ ભગવાને તેમના શરીરમાં અલૌકિક સ્વરૂપનું દાન કર્યું; તેથી તેઓ રાસને પાત્ર બન્યાં. બાળક જે રમકડાથી રમવું હોય તે રમકડાને પોતાના જેવું બનાવે છે અને રમે છે. તેમ ભગવાને ગોપીજનોમાં પોતાનું સ્વરૂપ અને શક્તિ સ્થાપિત કર્યાં અને તેમને રાસનું દાન કર્યું.

વિચારકોએ બીજો અર્થ એવો કર્યો કે જેવી રીતે ભગવાને બાળલીલા કરીને નંદબાવા અને યશોદામૈયાનું આકર્ષણ કર્યું, એવી રીતે માધુર્યલીલા કરીને ગોપીજનોના મનનું આકર્ષણ કર્યું. આ તો '**દો-દો ગોપી બીચ-બીચ કાના**'ની વાત હતી. હવે એવું રાસમંડળ રચાય છે, જેમાં એક-એક ગોપી અને એક-એક કૃષ્ણ છે.

કૃત્વા તાવન્તમાત્માનં યાવતીર્ગોપયોષિતઃ ।
રેમે સ ભગવાંસ્તાભિરાત્મારામોઽપિ લીલયા ॥૩૩/૨૦॥

પેલો રાસ શ્રુતિરૂપાઓ સાથેનો હતો. હવેનો એક-એક ગોપી અને એક-એક કૃષ્ણવાળો રાસ ઋષિરૂપાઓ સાથેનો છે. રાસ રમતાં રમતાં ગોવિંદજી પરિશ્રાંત બન્યા. શ્રીઅંગમાંથી પસીનો નીકળ્યો. એની એક નદી વહી. આ નદી યમુનાજીમાં ભળી. શ્રીયમુનાજીમાં પણ રાસનું દાન કરવાનું સામર્થ્ય આવ્યું. ભગવાનના **સ્મરશ્રમ-જલકણ** શ્રીયમુનાજીમાં ભળી ગયા. આજે પણ એ દિવ્ય બિંદુઓ શ્રીયમુનાજીમાં છે. શ્રીયમુનાજીમાં આઠ પ્રકારનાં અલૌકિક ઐશ્વર્ય છે. તેમાંનું એક છે ભગવાનના અલૌકિક રાસનું દાન આપવાનું સામર્થ્ય.

જેમ ગજરાજ હાથિણીઓ સાથે ખેલ કરવા જાય, તેમ શ્યામજી ગોપીજનોના મંડળને લઈને યમુનાજીમાં ઊતર્યા. ખોબે ખોબે એકબીજાને સ્નાન કરાવે છે. પ્રભુનું નામ લેતાં ગોપીજનો જલક્રીડા કરી રહ્યાં છે. નૃત્ય થયું, ગીત થયું, વાદ્યો વાગ્યાં, સ્નાન થયું. હવે શ્યામજી વૃંદાવનની નિકુંજોમાં વિચરણ કરી, પુષ્પોનું ચયન કરે છે–

તતશ્ચ કૃષ્ણોપવને જલસ્થલપ્રસૂનગન્ધાનિલજુષ્ટદિક્તટે ।
ચચાર ભૃઙ્ગપ્રમદાગણાવૃતો યથા મદચ્યુદ્ દ્વિરદઃ કરેણુભિઃ ॥૩૩/૨૫॥

આ પ્રકારે સ્થલ-જલ આદિ લીલાઓ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણે ગોપાંગનાઓના અંગઅંગમાં કૃષ્ણરસ પ્રગટ કર્યો. અભૂતપૂર્વ અચ્યુત રસનો પ્રાદુર્ભાવ થયો. આ

રસનો આ

બધાં દિવ્ય

નિષ્કામ બુદ્ધ

આથી,

આપણા જેવ

રાજા

કરવા આવ્ય

જો ભગવાન

શ્રી ગુ

સમજ્યો

એ વાત

પણ પ્રભુ

! બુદ્ધિશા

અનંત વ

જેના

કામરસ

ઊર્ધ્વીકરણ

બને તે ધન

કોનું હૃદય

અનુષ્ઠાન

આ ગોપીઓ

છે. તેને અ

પછી

જે તેનું અન

રહ્યા, તો

રસનો આસ્વાદ આત્મા માણે છે; માટે તે રાસલીલા છે. મન, બુદ્ધિ, શરીર, વાણી બધાં દિવ્ય આત્માનો રસાનુભવ કરી રહ્યાં છે, માટે તે રાસલીલા છે. આ રાસલીલા નિષ્કામ બુદ્ધિ વિના સમજાય નહીં. સકામ બુદ્ધિવાળા તેનો સ્વાદ લઈ શકે નહીં.

આથી, રાજા પરીક્ષિતના મનમાં સંશય જાગ્યો. આ સંશય પરીક્ષિતનો નથી, આપણા જેવા બુદ્ધિના બગડેલા લોકોનો છે –

સંસ્થાપનાય ધર્મસ્ય પ્રશમાયેતરસ્ય ચ ।
અવતીર્ણો હિ ભગવાનંશેન જગદીશ્વર: ॥૩૩/૨૭॥

રાજા પરીક્ષિત કહે છે, ગુરુજી ! ભગવાન ધર્મનું સ્થાપન અને અધર્મનું નિવર્તન કરવા આવ્યા છે; તો તે પારકી સ્ત્રીઓને લઈને રાસ કરે? તેમને આવું શોભે ખરું? જો ભગવાન જ આવું કરશે, તો દુનિયામાં ધર્મનું પાલન કોણ કરશે ?

શ્રી શુકદેવજી જવાબ આપે છે, હે પરીક્ષિત ! તું હજી રાસલીલાનું રહસ્ય સમજ્યો નહીં. ભગવાનનો અવતાર ધર્મનું રક્ષણ માટે થયો એ વાત સાચી. સાથે એ વાત પણ સાચી કે જે જીવના અંત:કરણમાં અલૌકિક ભાવ હતો, એને સિદ્ધ કરવા પણ પ્રભુ પધાર્યા. મોટા માણસો પધારે છે, ત્યારે એક સાથે ઘણાં કામો કરે છે. અરે ! બુદ્ધિશાળી માણસો પણ એક સાથે ઘણાં કામો કરે છે; તો ભગવાન એક સાથે અનંત વસ્તુઓ સિદ્ધ કરે છે. ધર્મ એક રીતે સિદ્ધ થતો નથી.

જેના દ્વારા અંત:કરણ ઉન્નત બને તેને ધર્મ કહેવાય. ગોપીજનોના હૃદયમાં કામરસ રહેલો હતો, તે જગતમાં વહેંચાયેલો હતો. ભગવાને આ કામભાવનું ઊર્ધ્વીકરણ કર્યું. શું તે ધર્મનું કામ નથી? માણસનું મન, જિગર અને જીવન ઉન્નત બને તે ધર્મ. તેને માટે કોઈ પણ સાધન હોઈ શકે. કયા ભાવથી અને કયા સાધનથી કોનું હૃદય ઉન્નત બને, તે આપણે જાણી શકતાં નથી. ધર્મ કદી જડ નથી. જે ધર્મના અનુષ્ઠાન દ્વારા શ્યામજીમાં પ્રીતિ જાગૃત ન થાય, તે ધર્મ ધર્મ નથી, અધર્મ છે. તું આ ગોપીઓને જો. તેમની સંસારાસક્તિ છૂટી ગઈ. તેમનામાં અલૌકિક જાગૃતિ આવી છે. તેને આપણે અધર્મ કહીશું ?

પરીક્ષિતના મનમાં હજી શંકા છે. તે કહે છે, ગુરુજી ! આ રસ્તો એવો છે કે જે તેનું અનુકરણ કરવા જાય, તે ખાડામાં પડે છે. કોઈ એમ કહેશે કે ઠાકોરજી રાસ રમ્યા, તો અમને શો વાંધો છે ? જગતમાં કેટલાક લોકો આવું અનુકરણ કરે છે.

એક વાર એક વ્યક્તિ એવી જોઈ કે જે પોતાને ભગવાન કહેવડાવે. હાથમાં દાંડિયા લઈને ફરે. લોકોને કહેતા ફરે, 'હું કૃષ્ણ છું, આવો તમને રાસ રમાડું.' આવા ભગવાન મળે, તો તેમને લાકડીએ લાકડીએ ઠોકીને સીધા કરવા પડે.

શ્રી શુકદેવજી કહે છે, રાજન્ ! મોટા માણસો જે કરે તે બધાંનું અનુકરણ ન કરાય. મોટાંનું અનુકરણ કરવા જઈએ, તો શું આપણે જીવતાં રહીએ ? લખપતિ માણસ બસો રૂપિયાના જોડા ખરીદી લાવશે, ગરીબ માણસથી કંઈ તે લવાશે ? મહાદેવજીએ ઝેર પીધેલું, આપણાથી ઝેર પીવાશે ? શ્યામજીએ પૂતનાને મારેલી, આપણાથી મરાશે ? જો આ બધું આપણાથી થતું નથી, તો રાસલીલાનું અનુકરણ ક્યાંથી થાય ?

નૈતત્ સમાચરેજ્જાતુ મનસાપિ હનીશ્વર: ।
વિનશ્યત્યાચરન્ મૌઢ્યાદ્ યથારુદ્રોઽબ્ધિજં વિષમ્ ॥૩૩/૩૧॥

હે પરીક્ષિત ! ભગવાનની લીલામાં શંકા કરવાને બદલે એ લીલાનું ચિત્તમાં અખંડ સ્મરણ કર –

અનુગ્રહાય ભૂતાનાં માનુષં દેહમાસ્થિત: ।
ભજતે તાદૃશી: ક્રીડા યા: શ્રુત્વા તત્પરો ભવેત્ ॥૩૩/૩૭॥

ભક્તોને ભજનાનંદનું દાન કરવા માટે ભગવાનનો અવતાર છે. એ અવતારને સિદ્ધ કરવા ભગવાને આ રાસનું દર્શન કરાવ્યું છે. ભક્તોમાં દિવ્ય અલૌકિક રસ જાગૃત કર્યો છે. અચ્યુત-ભાવનું સ્થાપન કર્યું છે. પરીક્ષિત ! મેં તને આ રાસલીલા સંભળાવી. હવે તેનું ફળ પણ તને સંભળાવું –

વિક્રીડિતં વ્રજવધૂભિરિદં ચ વિષ્ણો:
શ્રદ્ધાન્વિતોઽનુશૃણુયાદથ વર્ણયેદ્ ય: ।
ભક્તિં પરાં ભગવતિ પ્રતિલભ્ય કામં
હૃદ્રોગમાશ્વપહિનોત્યચિરેણ ધીર: ॥૩૩/૪૦॥

રાસ-પંચાધ્યાયીનું ફળ કેટલું સુંદર છે ? ભગવાનની ગોપીજનો સાથેની આ રાસલીલાનું જે શ્રવણ કરે છે, તેના હૃદયના લૌકિક રસ મરી જાય છે. રાસલીલાનું શ્રવણ, પઠન અને મનન જે કરે છે, તેમના તન અને મનમાં સંયમ પ્રગટ થાય છે. આજે પણ ઘણા મહાત્માઓ એકાંતમાં આ રાસ-પંચાધ્યાયીનો અખંડ પાઠ કરે છે.

કોઈક વાર તેમના મનનું ધૈર્ય ચાલ્યું જાય, તો આ રાસ-પંચાધ્યાયીનો પાઠ કરતાં તે ધૈર્ય પાછું આવે છે.

મને એક પ્રસંગ યાદ આવે છે. વૃંદાવનમાં એક મહાત્મા હતા. પૂર્વાશ્રમમાં ઘણા શ્રીમંત હતા. તેમને કૃષ્ણની એવી લગની લાગી કે ઘરબાર છોડીને સંન્યાસી થઈ ગયા. યમુના-કિનારે આખો દિવસ ફરે. આ મહાત્માને તેમના પૂર્વાશ્રમનું સુખ યાદ આવ્યા કરે. એક દિવસ તેમને વિચાર થયો કે હે પ્રભુ ! તમને મેળવવા હું વૃંદાવનમાં આવ્યો, છતાં મારી વૃત્તિ સંસારમાં કેમ ભટકે છે ?

એક દિવસ તેમને એક સંતનો મેળાપ થયો. આ સંતે કહ્યું : તમે રોજ રાસ-પંચાધ્યાયીનો પાઠ કરો. તેથી તમારું મન સ્થિર થશે. તેઓ સવારથી રાત સુધી રાસ-પંચાધ્યાયી વાંચ્યા કરે. તેને લઈને પૂર્વાશ્રમનું જે સ્મરણ થતું હતું, તે દૂર થયું. ધીરે ધીરે તેમનું મન કૃષ્ણરસમાં સ્થિર થયું. એક દિવસ એવું બન્યું કે એમનો પુત્ર શોધતો શોધતો ત્યાં આવ્યો. પિતાજીને દૂરથી જોયા. તે જઈને બાપુજીના પગમાં પડ્યો. તેણે કહ્યું, પિતાજી! આપ અમને છોડીને કેમ ગયા ? ઘેર પાછા ચાલો. પેલા સાધુને લાગ્યું કે અત્યાર સુધી ઊભી કરેલી દીવાલ તૂટી પડી. તે સાધુ ગભરાતા ગભરાતા પેલા સંત પાસે દોડ્યા. સંતે કહ્યું : મન દગો દે એવો ભય લાગે, ત્યારે રાસ-પંચાધ્યાયીના પાઠ કરજો. ફરીથી તેમણે રાસ-પંચાધ્યાયીનો પાઠ કર્યો.

તેમણે દીકરાને કહ્યું, બેટા ! હું તો તને પણ શિખામણ આપું છું કે તું પણ સંન્યાસી બની જા. પિતાને સમજાવવા આવેલો પુત્ર પણ માથું મુંડાવી સંન્યાસી બની ગયો. તેને શોધવા બીજો ભાઈ આવ્યો. એ બીજો ભાઈ પણ સંન્યાસી બની ગયો. ઘેર રહેલી મા વિચાર કરે છે કે જે જાય છે તે પાછા કેમ આવતા નથી ? મા શોધવા નીકળી. તેણે પતિ અને બંને પુત્રોને કૃષ્ણરસમાં ડૂબેલા જોયા. તે આ બધાંને સંન્યાસી બનેલા જોઈ પોક મૂકીને રડવા બેઠી. તેનું હૃદય દુષ્ટ હતું, તેથી તે સંન્યાસિની બની નહીં. તેણે સંન્યાસી બનેલા પતિને ગાળો આપી.

આ રાસ-પંચાધ્યાયીમાં આવી શક્તિ છે.

આ પ્રમાણે **રાસ-પંચાધ્યાયી અહીં પૂરી થઈ.**

પ્રકરણ ૪૦

વિદ્યાધર અને શંખચૂડનો ઉદ્ધાર

શ્રી શુકદેવજી ભગવાનની પાંચ અધ્યાયની રૂપલીલા પછી, હવે બે અધ્યાયની નામલીલાનું વર્ણન કરે છે. ગોવાળિયાઓ કૌતુકથી અંબિકા વનની યાત્રાએ ગયા. ત્યાં નંદબાવાને એક સર્પ દંશવા લાગ્યો. નંદજીએ શ્યામજીને બૂમ પાડી. શ્યામજી નંદબાવા પાસે આવીને સમજાવે છે, બાવા ! આ સર્પ તમને દંશે છે, મારા ચરણસ્પર્શથી એનો ઉદ્ધાર થશે. પ્રભુજીએ એ સર્પને પોતાનો ચરણ અડકાડ્યો. તરત જ તે સર્પ સર્પયોનિમાંથી છૂટી, સુદર્શન નામનો વિદ્યાધર બની ગયો.

નામલીલામાં ભગવાનનાં અનંત નામોમાં ભાવનો અભાવ હોય, તો કદી નામ ફળતું નથી. સ્વરૂપ અને નામ બંનેમાં અનન્યતા હોય, તો જ નામ ફળે; નહીં તો એવું થાય કે *'ગયા ભયે ગયાદાસ અને ગંગા ભયે ગંગાદાસ.'* આવી વૃત્તિવાળાને નામલીલા કદી ફળતી નથી. તેમાં અનન્યતા જોઈએ.

વિદ્યાધર સુદર્શન ભગવાનને વિનંતી કરે છે, નાથ ! મારું નામ સુદર્શન છે; પણ મેં કુદર્શનનું કામ કર્યું છે. બીજાના દોષ જોવા ગયો, તેનું આ પરિણામ છે. અંગીરસ ગોત્રમાં ઉત્પન્ન થયેલા મુનિ અષ્ટાવક્રે મને શાપ આપ્યો હતો. જે માણસ કુદર્શન કરે, તેને સર્પની યોનિ મળે. દુનિયાનો સ્વભાવ પોતાનો સ્વભાવ ઢાંકવાનો અને બીજાના દોષ વધારીને બતાવવાનો છે. ભગવાને એ સુદર્શનનો ઉદ્ધાર કર્યો.

દાઉજી મહારાજ એકાંતમાં ગોપીજનો સાથે વાતો કરતા હતા; ત્યારે ત્યાં શંખચૂડ નામનો રાક્ષસ આવ્યો. તે ગોપીજનોનું હરણ કરી લઈ જવા લાગ્યો. તે વખતે શંખચૂડનો વધ કર્યો. તેના માથે રહેલો મણિ લાવીને દાઉજીને આપ્યો.

કેટલીક વાર આપણા મનમાં પૂર્વજન્મના કે પૂર્વવસ્તુના પૂર્વગ્રહ પેસી ગયા હોય છે, ત્યારે નામલીલા ફળતી નથી. ગમે તેટલું સારું હોય, છતાં તેને સારું માનવાની વૃત્તિ થતી નથી, તેમાં આવો પૂર્વગ્રહ કામ કરતો હોય છે.

આ રીતે નામલીલામાં રહેલાં બે બાધક તત્ત્વો દૂર કરી, હવે પાંત્રીસમા અધ્યાયમાં શ્રીશુકદેવજી યુગલગીતનું વર્ણન આરંભે છે.

◆

પ્રકરણ ૪૧

યુગલગીત

ગોપ્ય: કૃષ્ણે વનં યાતે તમનુદ્રુતચેતસ: ।
કૃષ્ણલીલા: પ્રગાયન્ત્યો નિન્યુર્દુ:ખેન વાસરાન્ ।।૩૫/૧।।

યુગલગીતના ૨૬ શ્લોકો છે. બબ્બે શ્લોકનાં કુલ ૧૩ જોડકાં છે. બાર મહિનાનાં બાર અને અધિક માસનું એક મળીને કુલ તેર થયાં. બબ્બે શ્લોકનાં જોડકાં હોવાનું કારણ એ છે કે એક શ્લોકમાં શબ્દનું વર્ણન છે અને બીજા શ્લોકમાં જેમાંથી શબ્દ નીકળે છે, તે ભગવાનનું વર્ણન છે. વેણુગીતમાં કેવળ વેણુની અસરનું વર્ણન હતું. **યુગલગીતમાં વેણુ વગાડનાર અને વેણુ એ બંનેનું વર્ણન છે.**

બીજો અર્થ લઈએ તો યુગલગીત એ તેર ઘડીની લીલા છે. એક ઘડી એટલે ચોવીસ મિનિટ. પાંચ કલાક અને બાર મિનિટની આ લીલા છે. શ્રીઠાકોરજી રાજભોગ આરોગી, ગાયો ચરાવતા, વેણુ વગાડતા શ્રીગિરિરાજબાવાની તળેટીમાં પધારે અને ગાયો ચરાવીને સંધ્યા આરતીના સમયે ગોકુલ પાછા પધારે, એ સમય પાંચ કલાક અને બાર મિનિટનો છે.

આ તો એક જ દિવસનું યુગલગીત છે. શ્રીમહાપ્રભુજી વૈષ્ણવોને યુગલગીત સમજાવતા; ત્યારે રોજેરોજનું યુગલગીત ગાતા હતા. ***'બેનુગીત પુનિ યુગલગીતકી રસ-બરખા બરખાઈ.'*** *વેણુગીત એ આસક્તિ દશાનું ગીત; અને યુગલગીત એ ફલદશાનું ગીત છે.*

બીજા શબ્દોમાં કહીએ તો છોકરીની સગાઈ થયા પછી તે સાસરાવાળાઓનું આસક્તિથી જે પરોક્ષ વર્ણન કરે તે વેણુગીત. પરણ્યા પછી સાસરે જઈને અનુભવ મેળવ્યા પછી તેનું વર્ણન કરે તે યુગલગીત. એકમાં પ્રત્યક્ષ અનુભૂતિ છે, બીજામાં આસક્તિ દ્વારા પ્રાપ્ત થયેલી પરોક્ષ અનુભૂતિ છે. બાકી બંનેમાં વેણુનું વર્ણન છે.

મધ્યાહ્નકાળે ગોપાંગનાઓનું ચિત્ત દ્રવીભૂત થઈ, શ્રીનંદનંદન જ્યાં વેણુ વગાડે છે, ત્યાં પહોંચી જાય છે.

વામબાહુકૃતવામકપોલો વલ્ગિતભ્રુરધરાર્પિતવેણુમ્ ।
કોમલાઙ્ગુલિભિરાશ્રિતમાર્ગં ગોપ્ય ઈરયતિ યત્ર મુકુન્દ: ।।૩૫/૨।।

વ્યોમયાનવનિતા: સહ સિદ્ધૈર્વિસ્મિતાસ્તદુપધાર્ય સલજ્જા: ।
કામમાર્ગણસમર્પિતચિત્તા: કશ્મલં યયુરપસ્મૃતનીવ્ય: ॥૩૫/૩॥

એક ગોપી કહે છે, સખી ! આજે ગોવિંદજી કેવી રીતે વેણુ વગાડી રહ્યા છે! એમનો લટકો તો જો.

શ્રીમહાપ્રભુજી કહે છે, મારા પ્રભુ પાંચ રીતે વેણુ વગાડે છે. ડાબો ગાલ ડાબા ખભા ઉપર ધરીને વગાડે, ત્યારે સ્ત્રીઓનું આકર્ષણ કરે છે. જમણો ગાલ જમણા ખભા ઉપર મૂકીને વગાડે, ત્યારે પુરુષોનું આકર્ષણ કરે છે. ઉપર જોઈને વગાડે, ત્યારે દેવાંગનાઓનું આકર્ષણ કરે છે. નીચે જોઈને વગાડે, ત્યારે રસાતલનું આકર્ષણ કરે છે. વચ્ચે ઊભા રહીને વગાડે, તો આખી દુનિયાનું આકર્ષણ કરે છે.

હે સખી! આજે શ્રીનંદનંદને તેમનો ડાબો ગાલ ડાબા ખભા ઉપર મૂક્યો છે. તેમની જમણી બાજુની ભ્રમર નાચી રહી છે. કોમળ અંગુલિઓ વેણુના એક એક છિદ્ર ઉપર મૂકતાં શ્યામસુંદર વેણુ વગાડે છે.

ભગવાન વિચારે છે કે હું બહુ મોટેથી વેણુમાંથી સ્વર કાઢીશ, તો તે સાંભળીને આ ગોપીઓ મૂર્છિત થઈ જશે. માટે ધીમે ધીમે વગાડું. પ્રભુએ જ્યારે ઉપર તરફ દૃષ્ટિ કરી, તો તે સ્વર આકાશમંડળમાં પહોંચ્યો. ત્યારે દેવાંગનાઓ તેમના પતિઓ સાથે જઈ રહી હતી, તે મૂર્છિત બની.

હન્ત ચિત્રમબલા: શૃણુતેદં હારહાસ ઉરસિ સ્થિરવિદ્યુત્ ।
નન્દસૂનુરયમાર્તજનાનાં નર્મદો યર્હિ કૂજિતવેણુ: ॥૩૫/૪॥

ગોપિકાઓ અંદરઅંદર એકબીજાને સંબોધન કરીને કહે છે, સખી ! શ્યામજી જ્યારે અધર ઉપર વેણુ ધરે છે; ત્યારે ગાયોને બોલાવે છે. ગોવિંદજીની કેટલીક ગાયોનાં નામ નદીઓ ઉપરથી છે. કેટલીક ગાયોનાં નામ એમના રંગ ઉપરથી છે. કેટલીક ગાયોનાં નામ પુષ્પો ઉપરથી છે.

જ્યારે પ્રભુ વેણુ વગાડે, ત્યારે વેણુમાંથી સ્વર નીકળ્યો, 'હો અરિ ગંગે ! અરિ ગોદાવરી ! અરિ સરસ્વતી!' એટલે નદીઓને એમ લાગે કે અમને બોલાવે છે. એક ઘરમાં બે જમનાબેન હોય, તો બંને દોડતી આવે. ભગવાન જ્યારે વેણુમાં ગંગા-યમુના-ગોદાવરી એવાં નામ ઉચ્ચારે છે; ત્યારે એક બાજુ એ નામવાળી ગાયો દોડતી

આવે અને બીજી બાજુ તે તે નદીઓનાં જળ ઉછાળા મારે છે. ઉછાળા મારતી નદીઓના જળમાં પ્રભુના મિલન માટેનો દાહ પેદા થાય છે. તેમના ચિત્તમાં દર્દ થાય છે. એ નદીઓને તેમના બે કિનારા પ્રભુ પાસે જતાં રોકે છે : (૧) **પિયરનો કિનારો** (૨) **સાસરિયાનો કિનારો**.

વળી, શ્યામજી વેણુમાં બોલે, 'હો હો અરિ મલ્લિકે ! અરિ માલતી ! અરિ જૂઈ ! અરિ જાઈ !' ત્યારે તેનું શ્રવણ કરીને વનની બધી લતાઓ ખીલી જાય છે.

પ્રણતભારવિટપા મધુધારાઃ પ્રેમહૃષ્ટતનવઃ સસૃજુઃ સ્મ ॥૩૫/૯॥

કોઈ વાર શ્યામજી વેણુ વગાડતાં વૃંદાવનની ગાઢ નિકુંજોમાં ફરતા હોય; ત્યારે સારસ, હંસ વગેરે વિહંગો સ્તબ્ધ થઈને એનું પાન કરે છે –

હરિમુપાસત તે યતચિત્તા હન્ત મીલિતદૃશો ધૃતમૌનાઃ ॥૩૫/૧૧॥

યોગીઓ જુદી જુદી રીતે પરમાત્માની ઉપાસના કરે છે. એવી રીતે વ્રજનાં આ બધાં પક્ષીઓ ભક્તયોગીઓ છે. હંસ એટલે પાણી અને દૂધ છૂટાં પાડી શકે એવો વિવેકી ભક્ત. સારસ એટલે આસક્તિ-પ્રધાન ભક્ત. સારસની જોડી કદી ખંડિત થતી નથી. જે ભક્ત ભગવાનનો વિયોગ સહન ન કરી શકે, તે સારસ. વિહંગ બે પાંખોથી આકાશમાં ઊડે. કર્મ અને જ્ઞાનની બે પાંખો હોય એવો ભક્ત તે વિહંગ. બીજો અર્થ લઈને તો જ્ઞાન અને વૈરાગ્યરૂપી પાંખો જેમની પાસે છે તે વિહંગ.

સહબલઃ સ્રગવતંસવિલાસઃ સાનુષુ ક્ષિતિભૃતો વ્રજદેવ્યઃ ॥૩૫/૧૨॥

હે સખીઓ ! લાલાજી જ્યારે વેણુ વગાડે છે; ત્યારે આકાશમંડળમાં વાદળો છવાઈ જાય છે. વર્ષાની ઝીણી ઝીણી બૂંદ પડતાં વૃંદાવનની ધરતી ભીંજાઈ જાય છે. જાણે શ્યામજીએ જગતના કણકણમાં વેણુને ગુંજાવી દીધી છે. તેમની વેણુમાંથી કયો રાગ નીકળે છે તે પારખવામાં મોટા મોટા દેવોને પણ મૂંઝવણ થાય છે.

કવય આનતકન્ધરચિત્તાઃ કશ્મલં યયુરનિશ્ચિતતત્ત્વાઃ ॥૩૫/૧૫॥

બ્રહ્માજી વિચાર કરે છે કે આ કેદારો કે હમીર, બાગેશ્વરી છે કે આશાવળી - તેમને આ રાગની સૂઝ પડતી નથી. આ શ્યામસુંદર સંધ્યાકાળે મણિની માળા ધરે છે. ગાયોને બોલાવે છે, ત્યારે હરિણીઓ દોડતી આવીને ગોવિંદજીને વીંટળાઈ વળે

છે. સંધ્યાકાળે મોટા મોટા દેવોથી પૂજાતા પ્રભુ વૃંદાવનમાં આવે છે; ત્યારે તેમનો જયજયકાર થાય છે. તે વખતે તેઓ આપણી સામે મધુરી દૃષ્ટિથી જુએ છે –

વત્સલો વ્રજગવાં યદગધ્રો વન્દ્યમાનચરણ: પથિ વૃદ્ધૈ: ।
કૃત્સ્નગોધનમુપોહ દિનાન્તે ગીતવેણુરનુગેડિતકીર્તિ: ॥૩૫/૨૨॥

સખીઓ ! તે વખતે લાગે છે કે આપણને ખૂબ આશીર્વાદ મળ્યા છે. લાલાજીની આંખમાં મધુર રસ છે. એ નેત્રો મદિરાથી છલકાતાં હોય એવાં લાગે છે. એ લોચનથી તેઓ જ્યારે મારી સામે જુએ છે; ત્યારે મારા કરોડો જન્મોના મદને કાપી નાખે છે. તે કોઈને એટલું બધું માન પણ નથી આપતા કે જેથી તેનું માન વધી જાય. કોઈનું એટલું બધું અપમાન પણ નથી કરતા કે જેથી તે મરી જાય. જેનો જેટલો સત્કાર કરવો હોય તેટલો કરે છે.

આ પ્રમાણે વર્ણન કરતાં શ્રી શુકદેવજીએ છેલ્લે કહ્યું :

એવં વ્રજસ્ત્રિયો રાજન્ કૃષ્ણલીલા નુ ગાયતી:
રેમિરેઽહ:સુ તચ્ચિત્તાસ્તન્મનસ્કા મહોદયા: ॥૩૫/૨૬॥

આ પ્રમાણે વ્રજભક્તોનો મધ્યાહ્નકાળ કૃષ્ણલીલા ગાવામાં વીતે છે. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ભગવાન આપણી પાસે પ્રત્યક્ષ બિરાજે, ત્યારે સેવા અને પરોક્ષ બિરાજે ત્યારે સ્મરણ. સેવા અને સ્મરણ જીવનનો ઉદ્ધાર કરનારાં છે.

અહીં આ ફલ-પ્રકરણની પૂર્ણાહુતિ થાય છે.

◆

પ્રકરણ ૪૨

અક્રૂરજીનું વ્રજગમન

તામસ પ્રકરણ પછી હવે રાજસ પ્રકરણનો પ્રારંભ થાય છે. શ્રી શુકદેવજીએ ૩૬મા અધ્યાયનો પ્રારંભ '**અથ**' શબ્દથી કર્યો છે –

> અથ તર્હ્યાગતો ગોષ્ઠમરિષ્ટો વૃષભાસુરઃ ।
> મહીં મહાકકુત્કાયઃ કમ્પયન્ ખુરવિક્ષતામ્ ॥૩૬/૧॥

રજોગુણની સાથે માણસમાં ત્રણ વસ્તુ આવે છે : **કામ, ક્રોધ અને લોભ.** ગીતાજીમાં આ ત્રણેને નરકનાં દ્વાર કહ્યાં છે. એ ત્રણે જાણે સાકાર બનીને આવ્યાં હોય, એમ વ્રજમંડળમાં વૃષભાસુર આવ્યો. તેનું નામ છે અરિષ્ટ; રૂપ છે વૃષભનું. અરિ એટલે દુશ્મન. દુશ્મનને ગમે તેવું કરે તે અરિષ્ટ. જીવને ન ગમે એવું કરે તે અરિષ્ટ. ભગવાનને ગમે એવું ભક્ત કરે અને માયાને ગમે તેવું અભક્ત કરે.

અરિષ્ટાસુર મોટી ખૂંધ લઈને ફૂંફાડા મારતો આવે છે. જગતમાં આવા જે જે અરિષ્ટાસુરો છે, તે સૌ મોટી ખૂંધવાળા છે. અરિષ્ટાસુરની આંખો બીજાને ડરાવનારી હોય છે. જે પોતાની જાતને શ્રેષ્ઠ માનતો હોય, તેને એક ખૂંધ નીકળી છે તેમ કહી શકાય. રજોગુણી માણસ કામ, ક્રોધ અને લોભના પાપ લઈને આવે છે; છતાં પોતાને શ્રેષ્ઠ માને છે. તેને બે શિંગડાં અને એક પૂંછડું છે. 'હું આટલો જ્ઞાની છું' એવું અભિમાન જો મનમાં જાગે, તો જાણી લેવું કે પૂંછડું છે.

એક પંડિતજી હતા. જ્યારે તેમની કથાની પત્રિકા છપાવે, ત્યારે તેમના નામ સાથે પચાસ વિશેષણો વાપરે. એ પત્રિકા વાંચતાં મને વિચાર થાય કે આ તેમનું પૂંછડું છે. ઘણાંને આવી આદત હોય છે, પોતાના નામ સામે પૂંછડું લગાડે !

અરિષ્ટાસુરને **બે શિંગડાં** હોય છે. એકનું નામ **અહંતા,** બીજાનું નામ **મમતા.** પ્રભુજી વિચાર કરે છે કે મારા લાડીલા પ્યારા ભક્તો આ અરિષ્ટાસુરની ચુંગાલમાં આવી જશે, તે મને ગમશે નહીં. આવા માણસો એવું વિચારતા હોય છે કે હું જ ભગવાન છું. મારે બીજા ભગવાનની શી જરૂર ? આવો અરિષ્ટાસુર વ્રજને કંપાયમાન કરતો આવ્યો. જ્યારે તે દોડતો દોડતો આવતો હતો, ત્યારે ગોવિંદજીએ તેના પાછલા બે પગ પકડીને ઊંધો પાડ્યો. ઊંધો પાડીને તેનાં બે શિંગડાં પકડી, સ્ત્રીઓ કપડાં નિચોવતી હોય તેમ તે આમળ્યાં. તેનું અચ્યુતમ્ કેશવમ્ થઈ ગયું.

અરિષ્ટાસુરનો બીજો અર્થ છે આળસુ, કામી માણસ. તેને ખાવા-પીવા અને ઊંઘવા સિવાય બીજું કાંઈ ન ગમે. ભગવાને તેને નિચોવીને સુધાર્યો છે. પ્રભુજી કહે છે, ભક્તો! તમારી ઇન્દ્રિયો આળસમાં ડૂબેલી હોય, ભોગની વૃત્તિમાં પડેલી હોય, તેને મારાં કાર્યોમાં નિચોવી નાખો.

તમાપતન્તં સ નિગૃહ્ય શૃઙ્ગયો:
પદા સમાક્રમ્ય નિપાત્ય ભૂતલે ।
નિષ્પીડયામાસ યથાઽઽર્દ્રમમ્બરં
કૃત્વા વિષાણેન જઘાન સોઽપતત્ ॥૩૬/૧૩॥

જે ઇન્દ્રિયો આળસુ હોય, તેમને જબરજસ્તીથી ભગવાનના કામમાં જોડી દો. નવરું મન અને નવરું જીવન પ્રેતને આવવાનું સ્થાન છે. મન કહે છે, માણસ ! તું જો નવરો પડીશ, તો હું તને ખાઈ જઈશ.

હવે, નારદજી વિચાર કરે છે કે અગિયાર વર્ષ અને બાવન દિવસ પૂરા થવાની તૈયારી છે. કંસને જઈને ખબર આપું કે તું ભૂલમાં પડ્યો છે. વસુદેવ અને દેવકી જેવાં તને છેતરનારાં બીજાં કોઈ મળ્યાં નથી !

નારદજી કંસના મહેલમાં આવ્યા. શ્રી શુકદેવજીએ શબ્દ વાપર્યો, **'નારદો દેવદર્શન:'** - દેવોને દેખાય એવા નારદજી છે. કંસ કાલનેમિનો અવતાર છે, તો કંસને કેવી રીતે દેખાય ? તેથી 'દેવદર્શન' શબ્દનો **બીજો અર્થ** કર્યો, દેવનું કાર્ય કરનારા. દેવોને ગમે તેવું દર્શન જગતને આપનારા. દેવોનું દર્શન જેમના દ્વારા પ્રાપ્ત થાય, એવા નારદજી છે. કૃષ્ણજીનું દર્શન કંસને પ્રાપ્ત થાય, માટે નારદમુનિ પધાર્યા છે. નારદજી ભગવાનનું આધિભૌતિક મન છે.

લોકોએ નારદજીની જુદી જ કલ્પના કરી : હવામાં ચોટલી ફરફરે, વીણા વગાડે અને એકબીજાને લડાવે. નારદજીનું આ ચિત્રણ ખોટું છે. નારદજી તો પરમ ભક્ત છે; ભક્તિમાર્ગના આચાર્ય છે. તેમણે **'ભક્તિસૂત્ર'** નામનો ગ્રંથ આપ્યો છે. તેમણે બીજો **'નારદ પાંચરાત્ર'** નામનો ગ્રંથ પણ લખ્યો છે. એ વાંચતાં નારદજી માટે અંત:કરણમાં માન જાગે છે. શ્રીમહાપ્રભુજીએ **'નારદ'** શબ્દની બહુ સુંદર વ્યાખ્યા કરી : **'નારમ્ દદાતિ ઈતિ નારદ: ।'** જે મનુષ્ય-ભાવનું દાન કરે તે નારદ. માનવને માનવ બનતાં શીખવે તેનું નામ નારદ.

'નારદ' શબ્દની બીજી વ્યાખ્યા થઈ, **'નારમ્ દયતિ ખંડયતિ ઈતિ નારદ: ।'** જે ભૌતિક ભાવોનું ખંડન કરે, તે નારદ. અસુરમાંથી મનુષ્ય અને મનુષ્યમાંથી દેવ બનાવવાની દૃષ્ટિ નારદજીએ આપી છે. સાચા સંતો પોતે દેવ બને છે અને બીજાઓને દેવ બનવાની દૃષ્ટિ આપે છે; માટે નારદજીને પદવી મળી **'દેવદર્શન: ।'**

નારદજી કંસને શિખામણ આપે છે, રાજા! એક ખાસ વાત કહેવા આવ્યો છું. તારો બનેવી વસુદેવ બહુ જુઠ્ઠો છે. પોતાના આઠમા દીકરાને નંદના ત્યાં મૂકી આવ્યો અને યશોદાની દીકરીને લાવીને આઠમા સંતાન તરીકે તને આપી. એ તો તારા હાથમાંથી છટકીને આકાશમાં ઊડી. બસ, મારે તને આટલી જ વાત કહેવી હતી.

આ સાંભળીને કંસે તલવાર કાઢી, નારદ ! આજે ને આજે હું વસુદેવનું ડોકું ઉડાવી દઉં ! નારદજીએ કહ્યું, કંસ ! તું વસુદેવને મારીશ, તો નંદબાવાનો લાલ ચેતી જશે, અને તારો જે ખરો દુશ્મન છે, તે તારા હાથમાં નહીં આવે.

કંસના મનમાં ચટપટી જાગી : હવે કૃષ્ણને કેવી રીતે મળવું ? જ્યારથી આકાશવાણી થઈ છે, ત્યારથી કંસને ઊંઘ આવતી નથી, ભૂખ લાગતી નથી, ચેન પડતું નથી. તે દિવસનો તે રટણ કરે છે કે ક્યારે મારો વેરી આવે અને ક્યારે તેને મારું. કંસ બુદ્ધિશાળી હતો. કૃષ્ણને લેવા કોને મોકલવા, તે પ્રશ્ન તેની સામે આવ્યો. કંસની દૃષ્ટિમાં અક્રૂરજી બેઠા.

કૃષ્ણ બહુ જબરો છે, સાધારણ માણસથી આવશે નહીં. અક્રૂરજી બુદ્ધિશાળી છે, યાદવોના મંત્રી છે, ભક્ત છે. કંસ વિચારે છે કે ભક્તના હાથે જ ભગવાનનું ખંડન કરાવું. આ રાજનીતિની રમત છે. કોઈની પાસે કામ કઢાવવાનું હોય, ત્યારે માણસ મીઠો બની જાય છે. કંસે અક્રૂરજીને બોલાવડાવ્યા. પ્રેમથી તેમનો હાથ પકડ્યો. એકાંતમાં બેસાડી, પ્રેમભાવ બતાવીને કહ્યું, 'અક્રૂર, મારું એક કામ કરશો ?'

ભો ભો દાનપતે મહ્યં ક્રિયતાં મૈત્રમાદત: ।
નાન્યસ્ત્વત્તો હિતતમો વિદ્યતે ભોજવૃષ્ણિષુ ॥૩૬/૨૮॥

હે દાનપતિ અક્રૂર ! આજે તમે મારું હિતકર અને પ્રિયકર એક કાર્ય કરો. ખરેખર અક્રૂરજી દાનપતિ છે. જે દ્રવ્યનું દાન આપે તે દાનપતિ નહીં, દિલનું દાન આપે તે દાનપતિ. અક્રૂરજી તો પોતાના દિલનું દાન આપી ચૂક્યા છે. હવે દિલદાર

શ્રીકૃષ્ણનું દાન આપવાના છે. અલૌકિક વસ્તુનું દાન કરે તે દાનપતિ કહેવાય. શ્રી મહાપ્રભુજી માટે આપણે કહ્યું : '**અદેયદાનદક્ષ:**' - જગતના લોકો લક્ષ્મીનું દાન કરે છે. શ્રીમહાપ્રભુજી ભગવાનનું દાન કરે છે.

કંસ કહે છે, હે અક્રૂર ! તમે નંદબાવાના વ્રજમાં જાઓ. તેમનાં બે છોકરાં મારી આંખમાં કણાની જેમ ખૂંચે છે, તેમને લઈ આવો. અક્રૂરજી વિચારમાં પડ્યા. તેઓ ચતુર હતા. કંસના મનનો ભેદ જાણવા પૂછે છે, 'તેમનું શું કરવાનું છે ?'

કંસ સમજ્યો કે અક્રૂર મારા પક્ષમાં છે. કંસે કહ્યું, અક્રૂરજી ! જરાસંધ મારો સસરો છે. દ્વિવિધ મારો મિત્ર છે. શિશુપાલ અને નર્કાસુર પણ મારા મિત્રો છે. અમે બધા સામ્રાજ્યવાદી રાજાઓએ નક્કી કર્યું છે કે જેટજેટલા ગણરાજ્યવાદી અને સ્વતંત્રતાવાદી લોકો છે, તેમને પકડીને પૂરી દેવા. કોઈને સ્વતંત્રતા ન આપવી. મેં સાંભળ્યું છે કે અગિયાર વર્ષનો કૃષ્ણ સ્વતંત્રતાનો જબરજસ્ત હિમાયતી છે.

અક્રૂરજી મનોમન વિચારે છે, રાજા ધારેલું તો આખરે ધણીનું થાય છે; પણ જો તું કહેતો હોય, તો હું કૃષ્ણજીને લઈ આવું. પછી કોણ જીતશે અને કોણ હારશે એ તો ભગવાન જાણે !

અક્રૂરજી વ્રજમાં જવાની તૈયારી કરે છે. કંસમામાને હજી ચેન નથી. તેમણે કેશી નામના દૈત્યને બોલાવ્યો. કેશી ઘોડાનું રૂપ લઈને વ્રજમાં આવ્યો.

■

કેશી તુ

કેશી
વાસનાઓ
કરે છે.
બત્રીસી

ભગવ
ગળામાં
તેવી રીતે
નિવૃત્તિનો

બી
પણ વિનં
વ્રજવાસી
મથુરા કેમ
પણ બંગા

યમ
હતી. ના
યોગની
હોય,
બંધ કરી
બંધ શા
તાર ઉપ
પેલી વ્ર

નાર
તું કોનું

પ્રકરણ ૪૩

કેશી-વ્યોમાસુરોદ્ધાર

કેશી તુ કંસપ્રહિત: ખુરૈર્મહીં મહાહયો નિર્જરયન્ મનોજવ: ॥૩૭/૧/૧॥

કેશી ઘોડાનું રૂપ લઈને વ્રજમાં ગયો. ઇન્દ્રિયોમાં રહેલી જન્મ-જન્માંતરની વાસનાઓ એટલે કેશી દૈત્ય. આ વાસનાઓ આપણને ખબર ન પડે તે રીતે કામ કરે છે. શ્યામજીએ પોતાના કરકમલ લંબાવી, તેના મોંમાં હાથ નાખ્યો અને તેની બત્રીસી તોડી નાખી. તેના ગળે હાથ પહોંચ્યો અને તે મરાયો.

ભગવાન સમજાવે છે, ઇન્દ્રિયોમાં રહેલી વાસનાને મારવી હોય તો તમે મને ગળામાં રાખો. જેવી રીતે છતમાં લટકતા દીવાનો પ્રકાશ આખા રૂમમાં પ્રકાશે છે, તેવી રીતે કંઠમાં રહેલું કૃષ્ણનું નામ તમામ ઇન્દ્રિયોને વિશુદ્ધ બનાવે છે. વાસનાની નિવૃત્તિનો સીધો-સાદો રસ્તો અખંડ ભગવદ્ નામકીર્તન છે.

બીજી બાજુ નારદજી વિચાર કરે છે, કંસને તો ચાવી ચઢાવી ! હવે કૃષ્ણજીને પણ વિનંતી કરવી જોઈએ. નારદજી વ્રજમાં આવ્યા. વ્રજમાં આવીને જોયું કે અહીંના વ્રજવાસીઓ શ્રીકૃષ્ણ ઉપર આટલો બધો પ્યાર રાખે છે, તો એ પ્યારને છોડીને મથુરા કેમ જશે ? નારદજીને બહુ ચિંતા થઈ છે. આ પ્રસંગ શ્રીભાગવતજીમાં નથી, પણ બંગાળી મહાત્માઓના ગ્રંથમાં છે.

યમુના-કિનારે એક વ્રજાંગના પલાંઠી મારી, આંખો બંધ કરી ધ્યાનમાં બેઠી હતી. નારદજીને આશ્ચર્ય થયું. જે વ્રજમાં પ્રગટ પુરુષોત્તમ હોય, ત્યાં આ પરોક્ષ યોગની શી જરૂર ? નારદજીએ બે ઘડી જોયા કર્યું. ખીલેલા ફૂલને આંખોથી જોવાનું હોય, બંધ આંખે માણવાનું ન હોય. આંખ સામે કુરૂપતા આવે, ત્યારે માણસ આંખ બંધ કરી સુરૂપતાનો વિચાર કરે; પરંતુ આંખો સામે સુરૂપતા હોય, તો કોઈ આંખો બંધ શા માટે કરે ? નારદજી પણ તેની સાથે પલાંઠી મારીને બેઠા. વિચિત્ર વીણાના તાર ઉપર જોરજોરથી ગોવિંદજીનું નામ રમતું કર્યું. **'કૃષ્ણ ગોવિંદ ગોપાલ'**ના નામથી પેલી વ્રજાંગના જાગી ગઈ. તેણે આંખો ખોલી.

નારદજી હસીને પૂછે છે : દેવી ! જ્યાં શ્રીવ્રજરાજ સ્વયં બિરાજતા હોય, ત્યાં તું કોનું ધ્યાન ધરે છે ? ગોપીની આંખમાં આંસુ આવ્યાં. તે કહે છે, નારદજી !

ભક્તિમાર્ગમાં પણ કઈક પીડા છે. આખી દુનિયા શ્યામસુંદરને ચિત્તમાં લાવવા ધ્યાન ધરે છે, પણ હું તો નઠોર નંદકિશોરને ચિત્તમાંથી કાઢવા માટે ધ્યાન કરું છું. વિચારું છું કે આંખો બંધ કરું તો તે જાય છે ? મારા મનમાંથી, મારી ઇન્દ્રિયો અને આંખોમાંથી તે દૂર થાય છે ? કારણ કે મને એની ઘણી પજવણી છે.

નારદજીને આશ્ચર્ય થયું. તે કહે છે, અરે ગોપી ! યોગીઓ કરોડો જન્મો સુધી ધ્યાન ધરે, તોય એ નંદકિશોર પકડાતા નથી અને તું તેને છોડવા મથે છે, તોયે તે છૂટતો નથી ! તને ધન્ય છે, તને મળેલી સિદ્ધિ અભૂતપૂર્વ છે. ગોપીની આંખો છલકાઈ ગઈ. નારદજી! તમે આને અભૂતપૂર્વ કહો છો ? હું તો આને શાપ માનું છું.

નારદજી પૂછે છે, તને શું થાય છે ? પેલી કહે છે, મારી વેદના સાંભળો. એવું પાગલપન આવ્યું છે કે ખાવા બેસું તો પણ કૃષ્ણ દેખાય, રાંધવા બેસું તો એ જ દેખાય. ઘર બહાર પગ મૂકું તોયે તે દેખાય. હું હવે એનાથી કંટાળી ગઈ છું. મારો ઘરસંસાર ચાલતો નથી. કામ થતું નથી. થોડા દિવસ પહેલાં એક કડવો અનુભવ થયો. રાંધતાં રાંધતાં આંખ બંધ કરી, તો નંદનંદન દેખાયો. મેં રસોઈમાં ખાંડને બદલે મીઠું નાખી દીધું. ત્યારથી મેં નક્કી કર્યું કે હવે તેને મારા મનમાંથી કાઢું તો જ હું ગોપી સાચી. નારદજીએ આ ગોપીના ચરણારવિંદમાં સાષ્ટાંગ દંડવત્ કર્યાં. ગોપી ! તારો કૃષ્ણમાં કેટલો બધો નિરોધ ! બીજા તો મન મારે તોયે મોહનમાં ન જાય ને તું વારે તોયે મોહનમાંથી ન નીકળે !

આ વાત સાંભળી નારદજીના પેટમાં વધારે ફાળ પડી. જ્યાં આવા ભક્તો બિરાજતા હોય, ત્યાં એમને છોડીને શ્રીકૃષ્ણ મથુરા આવશે ? માટે નારદજીને શ્રી કૃષ્ણની સ્તુતિ કરવાની જરૂર પડી. તેઓ વ્રજમાં શ્રીશ્યામસુંદરલાલને એકાંતમાં મળ્યા. પૂછ્યું : શ્યામજી ! વ્રજમંડળ ક્યારે છોડો છો ?

ભગવાન કહે છે, કેમ ? મારો ઇરાદો તો આ વ્રજમંડળ છોડવાનો બિલકુલ નથી. નારદજી હસે છે, મહારાજ ! મથુરામાં ચાણૂર અને મુષ્ટિક ખાઈ-પીને તગડા થયા છે. મરવા માટે આપના બાહુઓની વાટ જુએ છે. સોળ હજાર ને આઠ રાજ-કન્યાઓ કુંવારી બેઠી છે. આપ જો વ્રજમંડળમાંથી બહાર નહીં પધારો, તો મથુરાધીશ અને દ્વારિકાધીશ નહીં બનો. પછી એ લીલા કેમ થશે ?

નારદજીની વિનંતીથી ગોવિંદજીએ મથુરા જવાનું નક્કી કર્યું.

હજી તો વ્રજમાં વ્યોમાસુર આવવાનો બાકી છે. તે ગોપરૂપ ધારણ કરીને આવ્યો. તે ચાલાકીથી ગુપચુપ પ્રભુજીના સખાઓને ઊંચકી જતો હતો. એક પછી એક સૌને એક ગુફામાં પૂરી આવતો હતો. વ્યોમ એટલે આકાશ. આકાશમાં સૌમ્યતા છે. ચારે બાજુ જેવું વાતાવરણ હોય, તેવી તેના પર અસર થાય. આ વ્યોમાસુર એટલે ચારે બાજુ થતી જબરદસ્ત ઉથલપાથલ. તેણે ગોપબાળકોના ચિત્તમાં ગોટાળો ઊભો કર્યો. ગોવિંદજીએ વ્યોમાસુરનું નિરાકરણ કરી, ગોપ-બાળકોને નિશ્ચિત બુદ્ધિ આપી.

ભગવાનને મથુરા જવાનો સમય પાસે આવ્યો. આ બાજુ કંસની વિનંતીથી અક્રૂરજી પણ રથ જોડી મથુરાથી વ્રજમાં આવ્યા. તેઓ શ્રીકૃષ્ણને મથુરા પધરાવી જવા માટે જ આવ્યા હતા.

ભગવાન વ્રજમાં અગિયાર વર્ષ અને બાવન દિવસ બિરાજ્યા. ગણત્રી કરતાં એવું દેખાય છે કે ભગવાન મથુરા જવા માટે આસો સુદ પૂનમના દિવસે નીકળ્યા હશે. જે દિવસોમાં ભગવાન રાસ રમ્યા હતા, એ જ દિવસોમાં ભગવાનને વ્રજમંડળ છોડવાની ફરજ પડી.

■

હરકે પૂત

ડવા ધ્યાન
છુ. વિચારું
ખોમાંથી

જ-મો સુધી
તોયે તે
છલકાઈ
નું છું.
ળો. એવું
જ દેખાય.
ઘરસંસાર
યા. રાંધતાં
માટું નાખી
પી સાચી.
રો કૃષ્ણમાં
વારે તોયે

ભક્તો
જીને શ્રી
એકાંતમાં

લકુલ નથી.
તગડા થયા
જ-કન્યાઓ
રાધીશ અને

પ્રકરણ ૪૪

શ્રીકૃષ્ણનું મથુરાગમન

અક્રૂરોઽપિ ચ તાં રાત્રિં મધુપુર્યાં મહામતિઃ ।
ઉષિત્વા રથમાસ્થાય પ્રયયૌ નન્દગોકુલમ્ ॥૩૮/૧॥

અક્રૂરજીને શ્રી શુકદેવજી 'મહામતિ' કહે છે. મહામતિ ભક્તની હોય છે. જે બુદ્ધિમાં જગતના વિષયો ગોઠવાય તે મતિ. જે બુદ્ધિમાં જગત સાથે જગદીશનો પ્રકાર હોય તે મહામતિ. આપણી મતિ કાળી છે; અક્રૂરજીની ગતિ કોરી છે. આપણી મતિ સ્થૂળ છે; અક્રૂરજીની મતિ સૂક્ષ્મ છે. જેની મતિ સૂક્ષ્મ હોય, તે જ મોહનજીને પધરાવી શકે છે. અક્રૂરજી રથમાં બેસી મનમાં ને મનમાં વિચાર કરતા મથુરાથી નીકળ્યા છે. ધીરેધીરે રથ ચાલી રહ્યો છે. તેમનું હૃદય ગદ્‌ગદ્ બન્યું છે. તેઓ વિચારે છે કે મેં એવું શું કલ્યાણકાર્ય કર્યું હશે કે મને પ્રિયતમ ભગવાનનાં દર્શન થશે !

રથ અડધે રસ્તે પહોંચ્યો, ત્યાં શકુન થવા લાગ્યા. તેમને ખાતરી થઈ કે જે કામ માટે હું જાઉં છું, તે કામ પૂરું કરીને આવીશ.

આજે મારી આંખો સુકોમળ શ્યામનાં દર્શન કરી કૃતાર્થ થશે. અક્રૂરજી મનમાં ને મનમાં ભાવભાવના કરે છે. અક્રૂરજીએ દુનિયાને શીખવ્યું કે ઠાકોરજીનાં દર્શન કેવી રીતે થાય ? લોકો મંદિરમાં દોડાદોડી બહુ કરે છે, પણ તેમને દર્શન કરવાની રીત આવડતી નથી. ઘેરથી દર્શન માટે શરીર સાથે મનને પણ તૈયાર કરીને નીકળો. કેટલાંક દર્શન કરવા નીકળે, ત્યારે દુનિયાભરનાં ટોળટપ્પાં મારતાં જાય. મંદિરના ઓટલે બેસે, ત્યાંય ભાગે મંદિરના ઓટલા. ત્યાં ચાર જણીઓ ભેગી મળી ગામગપાટા મારે. દર્શનમાંય દોડાદોડી અને ધક્કામુક્કી. ભગવાનને નીરખવાનું બાજુ પર, પણ કોણે શું પહેર્યું તેની પંચાત !

જેવા તમારા અંતઃકરણમાં ભાવ હશે, એવાં ભગવાનનાં દર્શન થશે. માટે દર્શન કરતાં આજુબાજુ ધ્યાન ન આપવું. જે દિવસની જે લીલા હોય, એનું અનુસંધાન રાખવું. માની લો કે આજે ચૈત્ર મહિનાનો દિવસ છે. તો તે દિવસની જે લીલા, જે વસ્ત્ર, જે શૃંગાર શ્રીઠાકોરજી અંગીકાર કરે; તેનું મનમાં અનુસંધાન રાખવું.

અક્રૂરજી આંખો બંધ કરીને વિચારમાં ડૂબેલા છે. એમની આંખોમાં પ્રેમનાં આંસુ છે : મારો શ્યામસુંદર મને મળશે, હું એનાં ચરણારવિંદમાં પડીશ, ત્યારે

ગોવિંદજી મને ઓળખી કાઢીને કહેશે, 'કાકા તમે આવ્યા ?' તેઓ મારા ગળે બાઝી પડશે. હું કંસનો મોકલેલો જાઉં છું, તેથી મને દંડ તો નહીં આપે ને ! ના, ના. મારું દિલ ખરાબ નથી, એટલે મને દંડ તો નહીં જ આપે.

સવારના નીકળેલા અક્રૂરજી સંધ્યાસમયે વ્રજમંડળમાં પહોંચ્યા. શ્રીયમુનાજીના કિનારે પ્રભુનાં ચરણારવિંદની પંક્તિઓ અંકિત છે. અક્રૂરજીની વંદનભક્તિ છે, માટે ભગવાને તેમને પહેલાં પોતાના ચરણચિહ્નનાં દર્શન કરાવ્યાં.

પદાનિ તસ્યાખિલલોકપાલકિરીટજુષ્ટામલપાદરેણો: ।
દદર્શ ગોષ્ઠે ક્ષિતિકૌતુકાનિ વિલક્ષિતાન્યબ્જયવાઙ્કુશાદ્યૈ: ॥૩૮/૨૫॥

ભગવાને અક્રૂરજીને પ્રેરણા કરી, 'કાકા ! તમે મામાજીના મલિન રાજ્યમાંથી આવો છો, માટે એક વાર તમારા મલિન દેહને મારી ચરણરજમાં ધોઈ નાખો.' અક્રૂરજી એ વ્રજરજમાં આળોટતા જાય અને હસતા જાય. અક્રૂરજી આળોટીને વિશુદ્ધ બન્યા. સંધ્યાટાણું થયું છે. તેમના રોમરોમમાં આનંદ છલકાય છે.

તેઓ વ્રજવાસીઓને પૂછે છે, ભૈયા ! નંદનંદન ક્યાં મળશે ? વ્રજવાસીઓ સામે પૂછે છે, મહારાજ! આપ કોઈ નગરવાસી લાગો છો. શ્યામ અત્યારે ગોષ્ઠમાં મળશે. ગોવિંદજી ગૌશાળામાં ગાયો દોહવા ઊભા છે. માતાએ નાની દોહની આપી છે. સાંજ પડી છે, ભૂખ લાગી છે. દૂધ દોહનીમાં દોહવાને બદલે નંદનંદન મોંમાં દોહી રહ્યા છે. અક્રૂરજી આવાં દર્શન કરતાં, શ્રીશ્યામસુંદરનાં ઓવારણાં લે છે. દોડતા જઈને શ્રીશ્યામસુંદરનાં ચરણોમાં પડે છે. લાલાજીએ નીચા વળી કાકાને ઊભા કર્યા. તેમના ગળે બાઝી પડ્યા. જે સાંભળવાની અક્રૂરજીની ઇચ્છા હતી તે શબ્દો પ્રભુએ સંભળાવ્યા. પછી અક્રૂરજીનો હાથ પકડી, ગોવિંદજી તેમને નંદાલયમાં લઈ આવ્યા.

અક્રૂરજી પૂછે છે, મને ઓળખી કાઢ્યો ? ભગવાન કહે છે, તમને હું નહીં ઓળખું તો બીજું કોણ ઓળખશે ? ભક્તને ભગવાન ન ઓળખે, તો બીજું કોણ ઓળખે ? લાલાજી યશોદાજીને કહે છે, મૈયા ! તું જો તો ખરી, આ કોણ આવ્યું છે?

યશોદાજી જલદી જલદી નંદાલયના દ્વાર ઉપર આવ્યાં. અક્રૂરજીને મસ્તકથી પગ સુધી જોઈ યશોદામાએ પૂછ્યું, 'આપ કોણ છો ? કેમ આવ્યા છો ?'

અક્રૂરજી ડરી ગયા. અત્યારથી મારી ઊલટતપાસ શરૂ થઈ. યશોદામાને અજાણ્યા માણસનું આવવું કદી ગમ્યું નથી.

શ્યામજી કહે છે, મા આ મારા કાકા છે. યશોદાજી માથું ખંજવાળે છે. તારો કાકો ક્યાંથી આવ્યો ? મા કહે છે, લાલા ! આપણે તો વ્રજવાસી છીએ, અને આ તો મથુરાવાસી છે.

ગોવિંદજીએ ફેરવી તોળ્યું, 'મૈયા ! દાઉજીના કાકા છે, એટલે મારા પણ કાકા જ થાય ને ?' સૌ જાણે છે કે દાઉજી વસુદેવજીના પુત્ર છે. આ સાંભળી યશોદાજીને નિરાંત થઈ. ચાલો, મારા કૃષ્ણ ઉપર તો અધિકાર જમાવતો આવ્યો નથી !

વળી, યશોદાજીને થયું કે તે કેમ આવ્યો હશે ? પૂતના, તૃણાવર્ત, અઘાસુર, બકાસુરની જેમ આ પણ ક્યાંક મારા પુત્રને છીનવવા તો નથી આવ્યો ને ? એટલે કમર ઉપર હાથ મૂકી, જરાક ક્રૂર દૃષ્ટિથી માએ પૂછી નાખ્યું : 'કેમ આવ્યા છો ? શું કામ છે ?' અક્રૂરજીના તો મોતિયા જ મરી ગયા. 'યશોદા ! તમારા કલેજાના ટુકડાને લેવા આવ્યો છું' એવું કહેવાની તો એમનામાં હિંમત જ રહી નથી.

શ્યામજી કહે છે, 'મા ! કાકા ભૂખ્યા છે, થાકેલા છે અને તું તેમની ઊલટતપાસ કરે છે ? એમની આગતા-સ્વાગતા તો કર.' યશોદાજીને ખબર નથી કે શ્યામસુંદરનું આજનું ભોજન વ્રજમંડળમાં અંતિમ ભોજન છે.

યશોદામાએ સુંદર રસોઈ બનાવવા માંડી. નંદનંદન કહે છે, મૈયા ! તને જે જે સુંદર વાનગી બનાવતાં આવડે તે બધી બનાવી મને જમાડ. મનમાં કહે છે, કાલે આ કૃષ્ણ તારા હાથનું જમવા નથી રહેવાનો. મા રોજ દિવસે વલોણું કરે, આજે સાંજે વલોણું કર્યું. તાજું તાજું માખણ કાઢ્યું. સોનાના કટોરામાં મૂક્યું અને તેમાં મિસરી ભરી. માને એટલો બધો પ્યાર આવ્યો કે તેણે કહ્યું, લાલા ! આજે મારી ગોદમાં બેસાડી હું તને જમાડીશ. ગોવિંદજી પણ મનમાં વિચારે છે કે મા, આજે જેટલું ખવડાવવું હોય તેટલું ખવડાવી દે. તારી ગોદ કાલે મને નથી મળવાની. ગોવિંદજી માની ગોદમાં બેઠા છે. મા કોળિયા ભરાવે છે. આ દૃશ્ય જોઈને અક્રૂરજીનું હૈયું પણ ફાટી રહ્યું છે. આ મા-દીકરાની જોડીને હું તોડવા આવ્યો છું ? એક વખત અક્રૂરને થઈ ગયું કે હું પાછો જાઉં; પણ સાથે ફરજનું ભાન થયું.

શ્યામજી ભોજન કરતાં કરતાં માનું મોઢું જોતા જાય છે અને કહેતા જાય છે, મૈયા ! આજ તેં મને એવું ખવડાવ્યું છે કે હું તેને કદી ભૂલી શકીશ નહીં. તેઓ લાલાજીને જમાડતાં જાય અને અક્રૂરજીને પૂછતાં જાય છે, ક્યારે પાછા જવાના છો? અક્રૂરજી માથું નીચું કરે છે. મા પૂછે છે, કાલ સવારે જશો કે સાંજે જશો ? અક્રૂરજી

કહે છે, કાલે સવારે. મા ફરી પૂછે છે, આવવાનું કારણ તો કહો. અક્રૂરજીએ મોઘમ થોડી વાત કરી, ‘મૈયા ! કંસ મહારાજે એક મોટો યજ્ઞ ગોઠવ્યો છે.’ કંસનું નામ સાંભળતાં જ યશોદામા થોડાં ટટ્ટાર થયાં. તેમણે કહ્યું, મને ખાતરી હતી કે તમે કંસનું કામ કરવા આવ્યા છો. અક્રૂરજી કહે છે, કંસરાજાના દરબારમાં મોટું મલ્લયુદ્ધ થવાનું છે. યશોદાજી કહે છે, ‘એમાં અમારે શું ?’

આમ વાત ચાલે છે ત્યાં નંદજી આવ્યા. અક્રૂરજીને જોઈને નંદબાવાએ તેમનો સત્કાર કર્યો. તેમણે જશોદાજીને કહ્યું : દેવી, આ તો દિલોજાન દોસ્ત છે. યશોદાજીએ કહ્યું : એ તો કંસનો સંદેશો લઈને આવ્યા છે. અક્રૂરજી નંદરાયજીને કહે છે, બાવા! રાજા કંસની આજ્ઞા છે કે ધનુર્યજ્ઞ અને મલ્લયુદ્ધના પ્રસંગમાં આપે સપરિવાર ત્યાં પધારવાનું છે. યશોદાજીએ કહ્યું, અક્રૂર ! તમારે નંદબાવાને લઈ જવા હોય તો લઈ જજો. મોટા વ્રજવાસીઓને લઈ જજો, પણ મારા સૂર્ય અને ચંદ્રને નહીં મોકલું. આ સાંભળીને અક્રૂરજીને વિચાર થયો, હવે શું કરવું ?

તેમણે એકાંતમાં ગોવિંદજીને કહ્યું : મહારાજ, આપે મથુરામંડળ પધારવાનું છે; પરંતુ તમારી માતા પાસેથી રજા લેવાની મારામાં શક્તિ નથી. શ્યામજી વિચાર કરે છે, મારી મા પાસેથી હું જ વિદાય લઈશ.

તેઓ ભોજન આરોગી પાન-બીડી લઈ માની ગોદમાં જઈને બેઠા. તેમણે માતાને કહ્યું : મૈયા, તમે એક દિવસ કહ્યું હતું ને કે લાલા, તું જે માગીશ તે આપીશ. આજે હું જે માગું તે મને આપીશ ? યશોદાજી કહે છે, હા લાલ. તું જે માગીશ તે આપીશ. લાલાજીએ કહ્યું, મૈયા ! આ વાક્ય ત્રણ વખત બોલ. યશોદાજીએ ત્રણ વખત કહ્યું : લાલા, તું જે માગીશ તે આપીશ. લાલાજીએ કહ્યું : મા, કાલે સવારે અક્રૂરકાકાની સાથે મને મથુરા મોકલો.

માતાના હૃદયમાં ધ્રાસ્કો પડ્યો. લાલા, તેં આ શું માગ્યું ? બીજું કંઈ માગ્યું હોત, તો હું પ્રેમથી આપત. લાલાજી સમજાવે છે, મા ! ત્યાં ચાણૂર અને મુષ્ટિક નામના મોટા મોટા મલ્લ છે. તેમની સાથે હું લડીશ. એક ફેંટ મારીને તેમને ઉડાવી દઈશ. યશોદાજી કહે છે, બેટા ! તું અગિયાર વર્ષનો અને પેલા તગડા ! શ્યામજી હસીને કહે છે, મા ! તારાં માખણ-મિસરી ખાધાં છે. એ મલ્લ મારું શું બગાડશે? મા, તું જોઈશ કે તારો શ્યામસુંદર આખી દુનિયાને ભારે પડે એવો છે. તું મને ભણવા પણ મોકલતી નથી. હું મથુરામાં ભણીગણીને મોટો થઈશ.

યશોદાજીને લાગે છે કે હવે શ્યામ રોકાશે નહીં. નંદબાવા યશોદાજીને સમજાવે છે, કંસનો હુકમ છે. નંદનંદનને નહીં લઈ જઈએ તોયે દુઃખ. તું ચિંતા ન કરીશ. હું પાછો લઈ આવીશ. યશોદાજી વચન માગે છે, વ્રજરાજ ! મારું મન કહે છે કે આપણો શ્યામ પાછો નહીં આવે. એક વાર મને વચન આપો કે મારા આંખના તારાને તમે પાછો લાવશો. નંદજી કહે છે, એમાં વચન શું આપવાનું ? મારા દીકરાને કોઈ જબરજસ્તીથી થોડું પકડી રાખવાનું છે ? હું તેને પાછો લાવીશ.

શ્યામજીએ જવાની તૈયારી કરી. રાત વહી ગઈ. ગોકુળ માટે ગોઝારો દિવસ આવ્યો; રડવાનો અને તડપવાનો દિવસ આવ્યો. આજે ગોકુળમાં કોઈને આનંદ નથી. વ્રજાંગનાઓને ખબર પડી, એટલે તેઓ પણ દોડતાં દોડતાં આવ્યાં. યશોદાજીની આંખમાંથી શ્રાવણ-ભાદરવાનાં નીર વહે છે. વારેવારે ગોવિંદજીને ગોદમાં બેસાડીને પૂછે છે, લાલા ! મને ભૂલીશ તો નહીં ને ?

આજે ગોવિંદજીની વિદાયમાં યમુનાજી રડે છે. વૃંદાવનની લતા-પતા રડે છે. ગોકુળની ગાયો રડે છે. વ્રજવાસીઓ રડે છે. ગોવિંદજી જવાને તૈયાર થયા. આંખમાં આંસુ ભરી યશોદાજીનાં ચરણારવિંદમાં ઝૂકે છે. એક વાર માની ગોદમાં છુપાઈને લાલાજીને રુદન કર્યું. તેઓ મનમાં ને મનમાં વિચારે છે, મૈયા ! જેવો પ્રેમ મને આ ગોકુળમાં મળ્યો, તેવો આખી દુનિયામાં બીજું કોણ આપશે ? મા, પ્રેમની આ ભૂમિમાંથી કઠોર કર્મની વેદીમાં હું જઈ રહ્યો છું. ગોવિંદજીએ પોતાની ભેટમાં ખોસેલી બંસી માતાજીના કરમાં મૂકી, ત્યારે આખું વ્રજમંડળ રડી પડ્યું. માએ પૂછ્યું : લાલ, આ વાંસળીને તારી સાથે નહીં લઈ જાય ? મોહનજી મનમાં કહે છે : મા, હવે બંસી નહીં, હવે તો શંખ વગાડવાનો છે. હવે મારે યુદ્ધભૂમિમાં જવાનું છે. ગોવિંદજીએ યશોદાજીનાં ચરણારવિંદમાં સાષ્ટાંગ દંડવત્ કર્યા; એ જોઈને ગોપીજનો રડતાં રડતાં વિધાતાને દોષ દે છે.

અહો વિધાતસ્તવ ન ક્વચિદ્ દયા
સંયોજ્ય મૈત્ર્યા પ્રણયેન દેહિન: ॥૩૯/૧૯॥

અરે વિધાતા ! તું પણ અમારી સાથે વાંકો થયો ? બીજી ગોપી કહે છે, સખી! વિધાતાને દોષ શું કામ આપે છે ? વિધાતા વાંકો નથી થયો, આ શ્યામસુંદર વાંકો થયો છે. તેને વીનવી વીનવીને આપણે થાક્યાં, તોયે જવાની જ હઠ લઈને બેઠો છે. ત્રીજી કહે છે, ના સખી ! શ્યામ વાંકો નથી થયો, પણ આપણા જીવનનાં કર્મો વાંકાં

થયાં છે. આનંદના દિવસો હવે દુ:ખમાં પરિણમ્યા છે. ચોથી ગોપી કહે છે, બાઈ ! હું તો ચરણકમળમાં પડીને સૂઈ જઈશ અને કહીશ કે લાલાજી, મારી છાતી ઉપર ખંજર ભોંકો અને પછી જાઓ. એમનેમ હું નહીં જવા દઉં. પાંચમી ગોપી કહે છે, સખી ! એ તો તારી છાતી પર પગ મૂકીને જવાનો, જવાનો ને જવાનો. આજે કૃષ્ણની ગતિને કોઈ રોકી શકે તેમ નથી.

ગોવિંદજીને વિદાય આપવા માટે આખું વ્રજવાસી-મંડળ ભેગું થયું છે. જતા કૃષ્ણને જોઈ સૌની આંખનાં આંસુ ન રોકાયાં. તે ભૂમિ ઉપર ઢળી પડ્યાં –

એવં બ્રુવાણા વિરહાતુરા ભૃશં
વ્રજસ્ત્રિય: કૃષ્ણવિષક્તમાનસા: ।
વિસૃજ્ય લજ્જાં રુરુદુ: સ્મ સુસ્વરં
ગોવિન્દ દામોદર માધવેતિ ॥૩૯/૩૧॥

જતા ગોવિંદજીને ત્રણ શબ્દો સંભળાયા : ગોવિન્દ, દામોદર, માધવ. હે શ્યામસુંદર ! અમારે ખાતર નહીં, પણ નંદબાવાની આ ગાયો ખાતર તો રોકાઈ જાઓ. એમ સૂચવવા **'ગોવિંદ'** શબ્દ કહ્યો. ગોપાંગનાઓ રડતાં રડતાં કહે છે, શ્યામસુંદર! જે માએ તમને ઊખલ સાથે બાંધ્યા હતા, એ મા માટે તો રોકાઈ જાઓ. માટે **'દામોદર'** શબ્દ કહ્યો. આજે તમે સર્વની મમતા છોડીને ચાલ્યા જશો ? હે ગોવિંદ! મા ખાતર ન રોકાઓ, તો રાધા ખાતર તો રોકાઓ, એમ કહેવા **'માધવ'** શબ્દ કહ્યો. જે રાધાની સંગે તમે વૃંદાવનમાં વિહાર કર્યો છે, જેમના સંગમાં તમે યમુના-કિનારાને આનંદથી ડોલાવ્યો છે; એવી રાધાનું રડતું મોં અમારાથી જોવાતું નથી.

શ્યામજીનું મસ્તક નીચું છે. આજે ગોવિંદજીને કોઈ રોકી શકે તેમ નથી.

ગોવિંદજી રથમાં ચઢી ગયા. રથ ચાલ્યો અને વ્રજને આંસુઓમાં ડુબાડતો ગયો. વ્રજનો આનંદ લૂંટતો ગયો –

રથેન વાયુવેગેન કાલિન્દીમઘનાશિનીમ્ ॥૩૯/૩૮॥

વાયુવેગી રથ દ્વારા અક્રૂરજી શ્યામજીને યમુના-કિનારે લઈ ગયા. ગોવિંદજી પણ કહે છે, કાકા ! ઝડપથી રથ હાંકો. આ ગોપીજનોનું રુદન મારાથી જોવાતું નથી. માતા યશોદાજીનું તડપતું જિગર મારાથી નહીં જોવાય !

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, ભગવાનનું વિપ્રયોગ સ્વરૂપ વ્રજવાસીઓના અંત:કરણમાં બિરાજ્યું અને અવતાર-લીલાનું સંયોગ-સ્વરૂપ મથુરા પધાર્યું.

ભગવાન શ્રીયમુનાજીના અક્રૂરઘાટ ઉપર પધાર્યા. શ્રીયમુનાજીના જળમાં અક્રૂરજીને કૃષ્ણજીનાં દર્શન થયાં. તેમની પાછળ સહસ્ર ફણાવાળા શેષજીનાં દર્શન થયાં. અક્રૂરજીએ ભગવાનની સ્તુતિ કરી : ગોવિંદજી ! હવે હું તમને ઓળખી ગયો. તમે કંસ જેવા દુષ્ટોનો સંહાર કરવા જ પધાર્યા છો. કોઈ જ્ઞાનથી, કોઈ તપથી, સર્વ રસ્તે સૌ તમને જ મળે છે. અક્રૂરજીની આ સ્તુતિનો એક શ્લોક બહુ સુંદર છે -

સોઽહંતવાઙ્‌ઘ્ર્યુપગતોઽસ્મ્યસતાંદુરાપં
તચ્ચાપ્યહં ભવદનુગ્રહ ઈશ મન્યે ।
પુંસો ભવેદ્ યર્હિ સંસરણાપવર્ગ-
સ્ત્વય્યબ્જનાભ સદુપાસનયા મતિઃ સ્યાત્ ॥૪૦/૨૮॥

અક્રૂરજી સમજાવે છે, આપણો આ છેલ્લો ફેરો છે, તેની ખબર ક્યારે પડે? જ્યારે ભગવાનની સેવામાં અને સ્મરણમાં કોઈના કહ્યા વિના અનાયાસે મન લાગે તો સમજી લેવું કે આ આપણો છેલ્લો જન્મ છે. વારેવારે પ્રયત્ન કરવા છતાં મન સેવા-સ્મરણમાં ન લાગે તો સમજી લેવું કે હજી થોડા જન્મો લેવાના બાકી છે. વાસનાનો ક્ષય થાય, કર્મોની નિવૃત્તિ થાય, ત્યારે જ જીવ ભગવદ્-કાર્યોમાં સહજ રુચિથી પ્રેરાય છે. જેમ જેમ જીવનું અંત:કરણ શુદ્ધ થાય, તેમ તેમ તેને ભગવદ્-કાર્ય ગમે છે. હે નંદનંદન ! આજે અનાયાસે મારી આપના ચરણકમળમાં રુચિ થઈ છે; એટલે મને ખાતરી થઈ ગઈ છે કે હવે મારે બીજો જન્મ લેવાનો નથી.

સંધ્યાટાણે શ્રીકૃષ્ણજીનો રથ મથુરામાં પહોંચ્યો. અક્રૂરજી વિનંતી કરે છે, પ્રભુ! મારા ઘેર પધારો.

ભગવાન કહે છે, કાકા તમે ભણ્યા ખરા, પણ ગણ્યા નહીં. અત્યારે હું તમારે ત્યાં આવું, તો મારા મામાજીને ખબર પડી જાય. એને મારીને પછી આવીશ.

હવે આપણા ગોકુલનાથ મથુરાનાથ બન્યા. તેમની લીલા જ બદલાઈ ગઈ.

■

પ્રકરણ ૪૫

કુબ્જાની કુરૂપતા ટાળી

ભગવાન શ્રીકૃષ્ણે તે રાત્રે મથુરા શહેરની બહાર, કંસના બગીચામાં ઉતારો કર્યો. શ્યામજી બાવાને કહે છે, બાવા! હું મથુરા જોઈ આવું. તેમણે એક દિવસમાં આખા મથુરા શહેરને જીતી લીધું. બળથી જીતવા કરતાં પ્રેમથી જીતવું વધારે સારું છે. બળની જીત માણસના મનમાં ભય ઉત્પન્ન કરે છે; પ્રેમની જીત માણસના અંતઃકરણમાં ભાવ ઉત્પન્ન કરે છે. ભયના ભજન અને ભાવના ભજનમાં ઘણું અંતર છે.

બીજે દિવસે પ્રાતઃકાળે શ્રીનંદનંદન મથુરામંડળ જોવા ગયા. સાથે બે-પાંચ મિત્રો હતા. મથુરાજીમાં પ્રવેશતાં જ તેમનો જયજયકાર થયો. જયજયકાર સાંભળી લોકોને કુતૂહલ થયું કે કોણ આવ્યું ? થોડા લોકો ઘરમાંથી બહાર નીકળ્યા. તેઓ અંદર-અંદર વાતો કરે છે કે આ પેલો વ્રજવાસી લાગે છે, જેણે પૂતનાને મારી અને બીજા અનેકને માર્યા. લોકો બોલતાં સંભળાયાં : દોડો દોડો, પેલો કૃષ્ણ આવ્યો છે. કૃષ્ણને જોવા મથુરાના રસ્તા ઊભરાઈ ગયા. લાલાજી જ્યાં જ્યાં જાય છે, ત્યાં જયજયકાર થાય છે. ભગવાને એક દૃષ્ટિમાં મથુરાને જીતી લીધું.

મથુરાવાસીઓને ખાતરી થઈ કે જેણે દુષ્ટોનો સંહાર કર્યો, તે કંસનો પણ જરૂર સંહાર કરશે. એક જ દિવસમાં કૃષ્ણજીની 'નવનિર્માણ' સમિતિ રચાઈ. ગુજરાતમાં નવનિર્માણ સમિતિએ રાજ્ય ઉથલાવી નાખ્યું હતું. લાલાજીની આ નવનિર્માણ સમિતિએ બે જ દિવસમાં કંસનું રાજ્ય ઉથલાવ્યું. યુવાન નાગરિકો એક પછી એક કૃષ્ણજીની મંડળીમાં જોડાવા લાગ્યા. મથુરાની સ્ત્રીઓ ગવાક્ષમાંથી પુષ્પની વૃષ્ટિ કરે છે. કોઈ ચોખા નાખે છે. લોકો શ્રીકૃષ્ણનો જયજયકાર કરે છે.

આનન્દમૂર્તિમુપગુહદશાઽઽત્મલબ્ધં
હૃષ્યત્ત્વચો જહુરનન્તમરિન્દમાધિમ્ ॥૪૧/૨૮॥

આનંદમૂર્તિનાં દર્શન કરી, સૌ આનંદમાં નિમગ્ન થઈ ગયાં.

ગોવિંદજીની શોભાયાત્રા બરોબર મથુરાના મધ્ય ભાગમાં પહોંચી. તેમનો વરઘોડો એટલો લાંબો હતો કે નજર નાખો ત્યાં સુધી માણસો જ માણસો દેખાય. મથુરામંડળના વેપારીઓ સમજુ છે. તેમને ખાતરી થઈ કે આવતી કાલનો રાજા આ કૃષ્ણ છે. તેમણે વિચાર કર્યો, કૃષ્ણને જે જોઈએ તે આપીએ. સૌ વેપારીઓ જુદી

જુદી વસ્તુઓથી શ્યામજીનો સત્કાર કરે છે. શ્રીકૃષ્ણજીનું વ્યક્તિત્વ કેટલું મહાન હશે કે અગિયાર વર્ષની ઉંમરમાં તેમણે મથુરા નગરના લોકોને આંજી નાખ્યા !

કંસમામાનો એક ધોબી, જોડા ચમચમ કરતો, મૂછો આમળતો સામેથી આવી રહ્યો હતો. ઘણી વાર માલિક કરતાં નોકરનો રૂઆબ વધારે હોય છે. નગરના યુવાનોએ કહ્યું, 'હે શ્યામસુંદર ! આ ધોબી કંસનું નામ દઈ અમને હમેશાં ડરાવે છે.' લાલાજીએ તેને ઊભો રાખીને પૂછ્યું, 'કોનાં કપડાં લઈ જાય છે ?' પેલો આંખો કાઢીને કહે છે, 'મહારાજ કંસનાં.' ભગવાન કહે છે, 'અમને કામ આવે તેવાં હોય તે આપી દે.' પેલો કડકાઈથી કહે છે, 'તારા કોઈ વડીલોએ આવાં કપડાં કદી જોયાં છે ?' ભગવાન કહે છે, 'મૂર્ખ ! તને ખબર નથી કે આ બધું મારા બાપનું જ છે. મને કપડાં આપી દે.' ધોબીએ કપડાં આપવાની ના પાડી.

લાલાજીએ એક ફેંટ મારી, ત્યાં પેલાનું અચ્યુતમ્ કેશવમ્... ભગવાને ધોબીનો વધ કર્યો. આ ધોબી રામાવતારનો પેલો ધોબી હતો, જેણે સીતાજી માટે શંકા વ્યક્ત કરી હતી. તે ફરી વેર લેવા આવ્યો હતો.

શ્યામજીનું મંડળ આગળ વધ્યું. રસ્તામાં કંસનો દરજી મળ્યો. પ્રભુએ દરજીને કહ્યું, 'ભાઈ ! આ કપડાં અમારે માટે મોટાં છે, અમને ફિટ થાય, તેવાં કરી આપ.' દરજીએ પ્રભુની સેવા કરી, એના બદલામાં પ્રભુએ તેને સારૂપ્ય મુક્તિ આપી.

આગળ જતાં માળીની દુકાન આવી. માળીએ પુષ્પમાળા આપી, એના બદલામાં માળીએ ભગવાન પાસે ત્રણ વસ્તુ માગી –

સોઽપિ વવ્રેઽચલાં ભક્તિં તસ્મિન્નેવાખિલાત્મનિ।
તદ્ભક્તેષુ ચ સૌહાર્દં ભૂતેષુ ચ દયાં પરામ્ ॥૪૧/૫૧॥

તેણે ભગવાનમાં ભક્તિ, ભક્તોમાં અનુરક્તિ અને પ્રાણીમાત્રમાં દયા માગી. ભગવાને તેને ત્રણેય વરદાન આપ્યાં.

પછી ભગવાનનું મંડળ આગળ વધ્યું. મધ્યમાર્ગમાં જતાં ત્રણ અંગથી ઊંચી-નીચી થતી કુબ્જા મળી. શ્યામજીએ હસીને એને કહ્યું, 'હે સુંદરી ! તું નખશીખ રૂપાળી છે. આમ ક્યાં જઈ રહી છે ?'

અથ વ્રજન્ રાજપથેન માધવઃ સ્ત્રિયં ગૃહીતાઙ્ગવિલેપભાજનામ્ ।
વિલોક્ય કુબ્જાં યુવતીં વરાનનાં પપ્રચ્છ યાન્તીં પ્રહસન્ રસપ્રદઃ ॥૪૨/૧॥

કુબ્જાએ વિચાર કર્યો કે 'આજ સુધી મને કોઈએ સુંદરી કહી નથી. સૌએ મને કૂબડી જ કહી છે. મને સુંદરી કહેનાર આ કોણ હશે ?' પાછળ ફરીને જોયું તો સૌન્દર્યનિધાન શ્રીશ્યામસુંદરનાં દર્શન થયાં. કુબ્જા જોતી જ રહી. આટલા રૂપાળા માણસના મોંમાંથી મારા માટે 'સુંદરી !' શબ્દ નીકળ્યો ? તે પાણીપાણી થઈ ગઈ. તે પાછી ભગવાનની સામે આવી, 'આપે મને બોલાવી ?'

ભગવાનના સખા આવું જોઈને હસે છે. શ્યામજી પૂછે છે, 'આ કટોરામાં ચંદન કોને માટે લઈ જાય છે ?' તેણે કહ્યું, 'આ ગામનો રાજા કંસ છે, તેમને માટે લઈ જઉં છું.' કૃષ્ણજીએ પૂછ્યું, 'તું મને આ ચંદન આપીશ ?' પેલી કહે છે, 'મહારાજ આપું તો ખરી; પણ એક શરત. તમે મને સુંદરી કહી છે, તો ખરેખર સુંદરી બનાવો.'

માણસ ત્રણ અંગે વાંકો હોય તો કુરૂપ બને. કામ, ક્રોધ અને લોભ જેનામાં બહુ ભરેલા હોય તે સુંદર હોવા છતાં કુરૂપ બની જાય છે. ભગવાન ચામડાનું સૌંદર્ય માગતા નથી, ચિત્તનું સૌંદર્ય માગે છે. ચામડાથી માણસ ગમે તેવો રૂપાળો હોય, પણ ચિત્તથી ખરાબ હોય; તો તે ખરાબ જ છે. ભગવાન મનમાં કહે છે, આ તો મારા ગળે પડતી આવી ! પછી પ્રગટ કહે છે, 'તું મને ચંદન આપીશ, તો હું તને સુંદરતા આપીશ.' કુબ્જાએ પ્રભુને ચંદન સમર્પ્યું.

ચિત્તચોર નંદનંદને તેને ઊભી રાખી, તેના પગ ઉપર નિજ શ્રીચરણ ધર્યું. પછી દાઢી પર શ્રીહસ્ત ધરી, એક ઝાટકો માર્યો; ત્યાં તે સીધી થઈ ગઈ. જેને એક વાર શ્રીગોકુલનાથનો સ્પર્શ થાય, તેનાં કામ-ક્રોધ-લોભ એકઝાટકે દૂર થઈ જાય. કુબ્જાએ પ્રભુને ચંદન આપ્યું. ચંદન એટલે ચંદનના લાકડાને ઘસીને કરેલી પ્રભુના શ્રીઅંગની સેવા. ચંદન પોતે ઘસાય છે અને બીજાને સુગંધ અને શીતળતા આપે છે. એવી રીતે માણસ પોતાનું ચામડું ઘસી, શ્યામજીની સેવા કરે તો ભગવાન તેને સુંદર બનાવે છે. ભક્તે ચંદનની માફક ઘસાવું જોઈએ અને ધૂપસળીની માફક બળવું જોઈએ.

કુબ્જાએ સુંદરી બનીને કહ્યું, 'નંદનંદન ! હું તમને ઓળખી ગઈ. આજ સુધી હું અપરિણીત છું. મેં તમને જ પતિ તરીકે શોધી કાઢ્યા છે. પ્રભુજીએ કહ્યું, 'આજે નહીં. મારું કાર્ય કરીને આવું, પછી તારા મનોરથ પૂરા કરીશ.'

લાલાજીની આખી ટોળી ધનુર્મંડપ તરફ ગઈ.

◆

પ્રકરણ ૪૬

મલ્લ-વધ અને કંસોદ્ધાર

ધનુર્મંડપના દ્વારે સિપાઈઓ ઊભા હતા. તેમને મારીને ભગવાન ધનુર્મંડપમાં પ્રવેશ્યા. ધનુર્મંડપમાં શિવજીનું ધનુષ્ય રાખેલું હતું. શ્રીકૃષ્ણે તેને ઊંચુ કર્યું, ત્યાં કડડડ અવાજ થયો. સખાઓએ અને મંડપમાં હાજર રહેલાઓએ તેમનો જય-જયકાર કર્યો. કંસ બેઠો થઈ ગયો. **'શ્રીમથુરાધીશકી જય'** સાંભળતાં જ તેનું લોહી તપી ગયું. એક મથુરાધીશ હું જીવતોજાગતો બેઠો છું, ત્યાં આ બીજું કોણ આવ્યું?

સિપાઈઓએ કહ્યું, 'મહારાજ ! પેલા વ્રજવાસી છોકરડાએ ભારે ઉત્પાત મચાવી મૂક્યો છે.' આ સાંભળીને કંસને ત્રીજો હાર્ટઍટેક આવવાની તૈયારી છે. મૃત્યુનાં ચિહ્નો દેખાવા માંડ્યાં. કેમેય કરીને હૈયામાં ચેન પડતું નથી. હાર્ટઍટેક આવતાં પહેલાં ઘણો પરસેવો થાય છે. કંસ પરસેવે રેબઝેબ થઈ ગયો. કાનમાં આંગળીઓ નાખીએ અને ઘૂ-ઘૂ એવો અવાજ ન સંભળાય, તો માની લેવું કે છ મહિનામાં અચ્યુતમ્ કેશવમ્ થશે. આ મૃત્યુનો સંકેત છે. અરીસામાં જોતાં આપણાં બબ્બે રૂપ દેખાય, તો સમજવું કે હવે જવાનો સમય આવી ગયો છે. સ્વપ્નમાં યમદૂતોનાં દર્શન થાય, આપણે આપણી જાતને લાલ વસ્ત્ર પહેરેલ જોઈએ; આ બધાં મૃત્યુસૂચક ચિહ્નો છે. કંસ રાજાને ચેન પડતું નથી.

બીજે દિવસે મલ્લયુદ્ધનો કાર્યક્રમ હતો. નંદબાવા આગળ ગયા. કંસ ક્યારનોય ઊંચોનીચો થાય છે કે પેલો છોકરો હજી કેમ નથી આવ્યો ? ભગવાન કહે છે, 'મામાજી! બધાંને બોલાવી લ્યો, પછી હું છેલ્લે દર્શન આપીશ.' મંડપમાં વાજિંત્રો વાગવા લાગ્યાં. કંસનું પદાર્પણ થયું. લોકોએ જયજયકાર કર્યો, 'મથુરાધીશકી જય'. બીજી બાજુ કૃષ્ણજી માટે પણ લોકોએ જયજયકાર કર્યો 'શ્રી મથુરાનાથકી જય.' કંસ સિંહાસન પર બેઠો, પણ તેના મનને ચેન નથી.

મંડપના દ્વારે એક મોટો કુવલયાપીડ નામનો હાથી, દારૂ પીવડાવીને ઊભો રાખ્યો હતો. ભગવાને મંડપમાં પ્રવેશતાં પહેલાં તેનો વધ કર્યો. અંબષ્ઠને પણ માર્યો. પછી સાક્ષાત્ ત્રિભુવનના સ્વામીએ રંગમંડપમાં પ્રવેશ કર્યો.

શ્રી શુકમુનિ કહે છે : રાજા, આજે મારા શ્યામજીની છબી કેવી લાગે છે, તેનાં તું ખૂબ ધ્યાનપૂર્વક દર્શન કર –

મલ્લાનામશનિર્નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્
ગોપાનાં સ્વજનોઽસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ ।
મૃત્યુર્ભોજપતેર્વિરાડવિદુષાં તત્ત્વં પરં યોગિનાં
વૃષ્ણીનાં પરદેવતેતિ વિદિતો રઙ્ગં ગતઃ સાગ્રજઃ ॥૪૩/૧૭॥

મલ્લોને લાગે છે કે જાણે કોઈ જીવતુંજાગતું વજ્ર આવી રહ્યું છે. મનુષ્યોને લાગે છે કે પુરુષોત્તમપ્રભુ પધાર્યા. સ્ત્રીઓને લાગે છે, આ તો સાક્ષાત્ કામદેવ છે. એકંદરે ભગવાનના સ્વરૂપમાં રહેલા નવ પ્રકારના રસોનો અનુભવ, અહીં નવ વિશેષણોથી કરાવ્યો છે. એક જ સમયમાં ભગવાને પોતાનું અનંત પ્રકારનું વ્યક્તિત્વ દુનિયાને બતાવ્યું છે. આ જ તો એમનું પુરુષોત્તમત્વ છે ! એકના એક પ્રભુ રંગમંડપમાં દરેકને જુદી જુદી રીતે દેખાયા. કંસને લાગ્યું, આ તો મારું જીવતું-જાગતું સાક્ષાત્ મૃત્યુ છે. કંસના મનમાં ચટપટી જાગી છે, ક્યારે તે પાસે આવે ને તેને પૂરો કરું.

ભગવાનના પ્રેમીજનોએ ગોવિંદજીના પધારતાં, ઊભા થઈને જયજયકાર કર્યો, **'કૃષ્ણ કનૈયાલાલકી જય'**. મામો વાંકી આંખે જુએ છે કે આ લોકો મારી જય ન બોલાવતાં આ ગોવાળિયાની જય બોલાવે છે ! ભગવાન હસે છે, મામાજી! જેટલું બળવું હોય, તેટલું બળી લો. હું તો તમારું જીવતું મૃત્યુ છું.

ચાણૂર અને મુષ્ટિક સાથે મલ્લયુદ્ધની શરૂઆત થઈ. ગોવિંદજીએ ચાણૂર સાથે મલ્લયુદ્ધ શરૂ કર્યું અને દાઉજી મહારાજે મુષ્ટિક સાથે મલ્લયુદ્ધ કર્યું. બંને સ્વરૂપોએ બંને મલ્લોને પછાડ્યા. ચાણૂર અને મુષ્ટિકનો વધ થયો. શલ અને તોશલ નામના બીજા મલ્લોનો પણ વધ થયો. બાકીના મલ્લો ઊભી પૂંછડીએ ભાગી ગયા.

કંસને ખાતરી થઈ કે આ કૃષ્ણ જેવાતેવાથી ગાંજ્યો જાય તેવો નથી. તે ઊભો થઈ તલવાર ખેંચી, ભગવાનને મારવા તત્પર થયો. ત્યાં ગોવિંદજીએ સીધી સિંહાસન પર છલાંગ મારી. તેઓ મનમાં ને મનમાં કહે છે, મામાજી! આ *'મંકી જમ્પ'* ની પ્રેક્ટીસ અગિયાર વર્ષ સુધી કરી છે. તમે તલવાર કાઢો તે પહેલાં ગેરીલા યુદ્ધ કરતાં હું શીખી ગયો છું. તમારા જેવા સરમુખત્યારને કેવી રીતે કબજે કરવો, એની બધી રીતો મને આવડે છે. આજે મારી ચુંગાલમાંથી તમને કોઈ નહીં બચાવી શકે.

શ્યામજી જેવા કૂદ્યા, તેવો જ કંસ ઊભો થઈ ગયો. તેના માથા પરનો મુકુટ ખડિંગ કરતોક નીચે પડ્યો. અપશુકન થયા. ગોવિંદજીએ દોડીને મામાજીનો ચોટલો

પકડી લીધો. કચકચાવીને તેમણે મામા સામે જોઈને કહ્યું : મામા, તમે આવી જ રીતે મારી માનો ચોટલો પકડ્યો હતો ને ? આજે તમારો ચોટલો પીસવા તમારો ભાણિયો આવ્યો છે. કૃષ્ણજીને જોતાં જ કંસ ગભરાઈ ગયો. તે પસીનાથી રેબઝેબ થઈ ગયો. ભગવાને ચોટલો પકડી, કંસને રગદોળી જમીન પર ફેંક્યો અને પોતે તેની છાતી પર ચઢી ગયા –

તસ્યોપરિષ્ટાત્ સ્વયમબ્જનાભઃ
પપાત વિશ્વાશ્રય આત્મતંત્રઃ ॥૪૪/૩૭॥

કંસની છાતી પર ભગવાને અનંત બ્રહ્માંડનું વજન મૂક્યું. તે વજનથી કંસની આંખો ફાટી ગઈ. કંસનો વધ થયો. ભગવાને કંસને તલવારથી કે કોઈ સાધનથી નથી માર્યો. કંસ તેની પોતાની કૃતિથી જ મર્યો છે, તે ભયથી મર્યો છે –

મળે આત્મશ્રદ્ધા તો મૃત્યુ મરે છે;
ચળે આત્મશ્રદ્ધા તો મૃત્યુ ચરે છે.

માણસમાં શ્રદ્ધા હોય તો મૃત્યુ મરે; માણસમાં અશ્રદ્ધા જાગે તો જીવતો પણ મરે. કંસને કૃષ્ણજીએ માર્યો નથી, કંસ પોતાની મેળે જ મર્યો છે. મૃત્યુ આવ્યું, એની ચિંતામાં તે અગિયાર વર્ષથી ઢીલો તો થઈ જ ગયો હતો. અત્યારે ગોવિંદજીનો સ્પર્શ થતાં જ તેનું અચ્યુતમ્ કેશવમ્ થઈ ગયું.

શ્યામજી કેવા કૃપાળુ છે ? કંસના શરીરમાંથી જ્યોતિ નીકળી, તે શંખ-ચક્ર-ગદા-પદ્મધારી બની, સારૂપ્ય સ્વરૂપ પામી ગઈ –

દદર્શ ચક્રાયુધમગ્રતો યઃ તદેવ રૂપં દુરવાપમાપ ॥૪૪/૩૯॥

મામાજીને મારીને મોહનજીએ તેમને સારૂપ્ય મુક્તિ આપી. આનાથી મોટી કૃપા કઈ હોય ? વેરીને પણ ગતિ આપી, એ જ તો ભગવાનની મહાનતા છે.

ભગવાને વસુદેવ-દેવકીને કારાગૃહમાંથી મુક્ત કર્યાં. તેઓ હાથ જોડીને કહે છે, ‘બાવા ! અમે તમારા દુષ્ટ પુત્રો છીએ. અમારા માટે તમે બહુ કષ્ટ ભોગવ્યું છે.’

પુત્રોનાં દર્શન કરતાં દેવકીજીના આનંદનો પાર નથી. અગિયાર વર્ષ પહેલાં જેને છોડવો પડ્યો હતો, તે લાલ આજે ગોદીમાં આવીને બેઠો છે.

મંત્રીમંડળમાં વિચાર થયો, હવે મથુરાના રાજા કોને બનાવવા ? નિયમ એવો છે કે નવા બનનાર રાજાને રાજતિલક થાય, ત્યાર પછી જ મરેલા રાજાના શબને અગ્નિદાહ માટે લઈ જવાય. એકી અવાજે સૌએ કહ્યું : 'શ્રીકૃષ્ણને રાજા બનાવો.' શ્યામજીએ કહ્યું : હું સેવા કરવામાં માનું છું, મેવા ખાવામાં નથી માનતો. મારે સ્નેહ જોઈએ છે, સત્તા જોઈતી નથી. કૃષ્ણજી જાણતા હતા કે કંસના પિતા અને તેમના નાનાજી રાજા ઉગ્રસેન ઘરડા થયા છે; પણ તેમનો સત્તાનો શોખ હજી મર્યો નથી. એટલે તો તેમને કંસ સાથે વિરોધ થયો હતો. જો હું સત્તા સ્વીકારીશ, તો નાનાજી મારી સાથે પણ સખણા રહેશે નહીં. ભગવાને હાથ જોડીને કહ્યું : ઘરડા નાનાજી હજી બેઠા છે, મારાથી રાજ્ય ન કરાય. પૂછી જુઓ તેમને. નાનાજીએ ઉપર ઉપરથી કહ્યું, 'તું રાજા થા.'

ભગવાને કહ્યું : નાનાજી, એ વાત બરાબર નથી. હું તમારો સેવક અને તમો મારા સ્વામી. નાનાજીએ કહ્યું, 'ભલે એમ રાખો.' ઉગ્રસેનને રાજા થવું હતું. ભગવાને તેમને રાજા કર્યા. પ્રભુ કહે છે, 'નાનાજી, નિયમથી તમે રાજા છો, પણ દુનિયામાં હું ઇચ્છીશ એ જ થશે. હું જગતને સત્તાથી નહીં, પણ સ્નેહથી કબજે કરીશ.'

નંદબાવા કનૈયાને કહે છે, 'ચલો ભૈયા ! વ્રજમાં પાછા જઈએ.' વસુદેવજી માગણી કરે છે, 'નંદબાવા ! અમારે ખાતર કૃષ્ણને હવે પાછા ન લઈ જાઓ. માત્ર અમારા ખાતર નહીં, મથુરા ખાતર પણ નહીં; પરંતુ આખા વિશ્વનો ઉદ્ધાર કરવા હું તમારી પાસે કૃષ્ણને માગું છું.' હવે નંદબાવા સામે પ્રશ્ન આવીને ઊભો રહ્યો કે શ્યામને સોંપી દેવા કે લઈ જવા ? નંદજી સામે આ બે વિચારધારા આવી, તેથી નંદજી મૂંઝાયા. આખરે નંદજીની બુદ્ધિએ નિર્ણય કર્યો, કૃષ્ણ મથુરામાં રહેશે; તો દુનિયાનું કલ્યાણ થશે. તે મથુરામાં રહેશે તો સુખને ભોગવશે. મારા શ્યામસુંદરને ધૂળિયા ગામમાં લઈ જઈને શું કરશું ? પુત્રના સુખ અને દુનિયાના કલ્યાણ ખાતર એક પિતાએ પોતાના પુત્રને છોડવાનું નક્કી કર્યું. ધન્ય છે એ પિતાને !

આંખોમાં આંસુ ભરી, નંદજીએ શ્યામજીનો હાથ પકડી વસુદેવજીના હાથમાં સોંપ્યો, 'વસુદેવ! મારો આ જિગરનો ટુકડો હું તમને સોંપુ છું. જગતના કલ્યાણ માટે આપું છું.' માટે શ્રી શુકદેવજીએ નંદબાવાને 'મહામતિ' અને 'મહામના' કહ્યા. જે

અદેય વસ્તુનું દાન કરે તે મહામના. નંદજીની આ ઉદારતાથી આખું મથુરામંડળ સ્તબ્ધ થઈ ગયું. નંદજીના બલિદાન ઉપર સૌ પ્રસંશાનાં પુષ્પો વરસાવે છે.

શ્યામજી નંદબાવાનાં ચરણોમાં પડે છે, 'બાવા ! મને આશીર્વાદ આપો. ભલે દુનિયા મને વસુદેવના પુત્ર તરીકે ઓળખે, પણ કૃષ્ણ જે કંઈ છે તે તમારી કૃપાથી જ છે. બાવા, તમે મને યમુના-કિનારે રમાડ્યો, એટલે તો મારામાં બળ છે. હું આખી દુનિયાને ભૂલીશ, પણ તમને યાદ કરીને જ બધાં કામ કરીશ. મારી મૈયાને કહેજો કે તારો કૃષ્ણ ભલે વ્રજમાં નહીં આવે, પણ તારી ગોદમાં બેઠેલો કૃષ્ણ કદી પણ તારી ગોદને ભૂલશે નહીં.'

નંદબાવા વ્રજમાં પાછા ગયા. યશોદાજી પૂછે છે, 'કહો, મારા બે લાલ ક્યાં રહ્યા ?' નંદજીએ કહ્યું : 'યશોદા, હવે તારા એ બે લાલા પાછા નહીં આવે.'

યશોદાજી પછાડ ખાઈને ભૂમિ ઉપર પડ્યાં. આખું વ્રજ સમજી ચૂક્યું છે કે શ્યામજીની વાતો જ હવે વ્રજમાં રહેવાની છે. શ્યામજી પ્રેમની ભૂમિકામાંથી નીકળી હવે કર્મયોગી બન્યા છે. દ્વારકા પધારશે, ત્યારે જ્ઞાનયોગી બનશે.

◆

પ્રકરણ ૪૭

ભ્રમરગીત

શ્યામસુંદર હવે મથુરામાં બિરાજે છે, પણ વારેવારે તેમને ગોકુળ યાદ આવે છે. મીઠાઈનો ટુકડો મોંમાં મૂકે છે અને તેમને યશોદાજીનાં માખણ-મિસરી યાદ આવે છે. એક દિવસ તેમણે વિચાર કર્યો, મારાથી અહીં નહીં રહેવાય. વસુદેવજીને કહ્યું: બાવા, મને ભણવા મોકલી આપો. શ્યામસુંદર ઉજ્જૈનમાં સાંદીપનિ મુનિના ત્યાં ભણવા ગયા. ચોસઠ દિવસમાં જ સર્વ શાસ્ત્રો ભણીને પાછા આવ્યા. કર્મની વેદી ઉપર ઊભા રહેવું છે, પણ મનની વેદનાને કેમ દૂર કરી શકાય ? માણસ કરવા ખાતર બધું કરતો હોય છે, પણ ઘણી વાર એ પોતાના મનને સમજાવી શકતો નથી. ભગવાન જેવા ભગવાન મનને નથી સમજાવી શકતા, ત્યાં આપણે તો કોણ? એક કોળિયો હાથમાં લે છે અને તેમને યશોદાજીનું મુખ યાદ આવે છે. વ્રજવાસીઓનો સાથ યાદ આવે છે. વારેવારે થાય છે કે હું મથુરા છોડીને વ્રજમંડળમાં ચાલ્યો જાઉં.

૪૬ મા અને ૪૭ મા અધ્યાયમાં ઉદ્ધવજીના પ્રસંગ ઉપર શ્રીમહાપ્રભુજીએ 'શ્રીસુબોધિનીજી'માં સુંદર ભાવો બતાવ્યા છે. તેમાં વિપ્રયોગ-લીલાનું નિરૂપણ છે, એમ સમજાવ્યું છે. મથુરામાં શ્યામસુંદરજીના મિત્ર છે ઉદ્ધવ. તેઓ તેમને પૂછે છે, આપનું મુખ ઉદાસ કેમ છે ? સૂરદાસજીના શ્યામ આંખોમાં આંસુ ભરીને કહે છે, ***'ઉધો ! મોહિ વ્રજ બિસરત નાહીં.'*** હું મથુરામાં રહું છું, પણ મારા વહાલા વ્રજને વીસરી શકતો નથી. મારા વહાલા વ્રજવાસીઓ મને સતત યાદ આવ્યા કરે છે. હે ઉદ્ધવ ! તું મારો સંદેશો લઈ, વ્રજવાસીઓ પાસે જા. મારી મૈયાને, બાવાને અને વ્રજવાસીઓને સાંત્વના આપ –

ગચ્છોદ્ધવ વ્રજં સૌમ્ય પિત્રોર્નૌ પ્રીતિમાવહ ।
ગોપીનાં મદ્વિયોગાધિં મત્સન્દેશૈર્વિમોચય ॥૪૬/૩॥

ઉદ્ધવજી મથુરાથી વ્રજમાં પધાર્યા. સંધ્યાનો સમય છે. વ્રજના ઘરેઘરમાંથી અવાજ ગૂંજે છે : **'શ્રીકૃષ્ણ: શરણં મમ'**. ઉદ્ધવજી જ્ઞાનનુ પોટલું બાંધીને આવ્યા છે અને ભક્તિનું ભાથું બાંધીને જશે. ઉદ્ધવજીને વ્રજમાં મોકલવાનું કારણ એક જ છે કે જ્ઞાનયોગી ઉદ્ધવને પ્રેમયોગી બનાવવો છે. બીજું કારણ એ છે કે વિયોગમાં વ્રજભક્તોની સ્થિતિ અંતિમ દશા જેવી થઈ ગઈ હતી, તેમના પ્રાણને ટકાવવા ભગવાને ઉદ્ધવ સાથે સંદેશો મોકલ્યો છે.

નંદબાવાએ ઉદ્ધવજીનો સત્કાર કર્યો. ઉદ્ધવજી પાણીપાણી થઈ ગયા. આટલો બધો પ્યાર તો મેં મથુરામાં કોઈના હૃદયમાં જોયો નથી. નંદબાવા કહે છે : ઉદ્ધવ, કોઈ વાર અમારો કૃષ્ણ અહીં આવશે ? ઉદ્ધવજી કહે છે, હા બાવા! આવશે; પણ ક્યારે આવશે તે મને ખબર નથી. બાવા, તમારો કૃષ્ણ વ્રજમાં નથી આવતો, તો તમે મથુરા કેમ આવતા નથી ? નંદજીની આંખમાં આંસુ આવે છે –

સ્મરતાં કૃષ્ણવીર્યાણિ લીલાપાઙ્ગનિરીક્ષિતમ્ ।
હસિતં-ભાષિતં ચાઙ્ગ સર્વા નઃ શિથિલાઃ ક્રિયાઃ ॥૪૬/૨૧॥

અમે શું મોં લઈ નંદનંદનને મળીએ ? અમે તો કેવળ તેને દુઃખ જ આપ્યું છે. એને આ ધૂળિયા ગામમાં મોટો કર્યો. યશોદાજી રડતાં રડતાં કહે છે, ભૈયા ! કૃષ્ણને મળવા મથુરા જવાનું મન તો થાય છે; પણ મેં તેને લાકડી મારી હતી, એ યાદ આવતાં મારા પગ રોકાઈ જાય છે. તેણે અમારા ઉપર કેટલો બધો ઉપકાર કર્યો છે ! પણ અમે તેને તિરસ્કાર અને માર સિવાય બીજું શું આપ્યું છે ? અમે શું મોં લઈને કૃષ્ણ પાસે જઈએ ? ઉદ્ધવ ! જેટલો પ્રેમ કૃષ્ણનો હતો, એના એક બિંદુ જેટલો પ્રેમ અમારી પાસે નથી. અમે એને કેવળ શ્રમ આપ્યો છે. અમારા ખાતર તેણે પૂતનાને મારી. અમારે ખાતર જળમાં પડ્યો. અમારે ખાતર તે અગ્નિ પી ગયો. અમારી ખાતર ગિરિરાજ ઊંચક્યો. આટઆટલા ઉપકાર શ્યામસુંદરે કર્યા છે. તેવા શ્યામ માટે અમે શું કરીએ ? આ વિચાર આવતાં પગ ઊપડતા નથી. અમારું આ કલંકિત મોઢું કૃષ્ણને બતાવવા લાયક નથી.

ઉદ્ધવજી બંનેને સાંત્વન આપે છે : આપ મનમાં ઓછું ન લાવશો. શ્યામસુંદર તમને બંનેને જેટલાં યાદ કરે છે એટલાં બીજા કોઈને કરતા નથી. તે જમવા બેસે છે, તો સરખી રીતે ભોજન પણ કરતા નથી. દુનિયાનું તમામ કામ કરે છે, પણ એમની જીભ ઉપર કેવળ 'મૈયા મૈયા' અને 'બાવા બાવા' શબ્દો જ રમે છે.

આ સાંભળીને યશોદાજી વધારે ઢીલાં થઈ ગયાં. તેમણે પૂછ્યું : ભૈયા, મારા શ્યામે કંઈ કહેવડાવ્યું છે ? સૂરદાસજીના શ્યામે યશોદાજી ઉપર બહુ મોટો કાગળ મોકલ્યો છે. સૂરના શ્યામ યશોદાજીને લખે છે : ***'આવેંગે દિન ચાર-પાઁચમેં, હમ ઔર હલધર ભૈયા.'*** મૈયા ! થોડા દિવસમાં અમે આવીશું; પણ બાવા અમને ભૂલી ગયા લાગે છે. તે પાછા મથુરા આવ્યા નથી. પ્રાત:કાલનું કલેવું અને સાંજનું વાળુ અમને બહુ યાદ આવે છે. અહીં ભોજન ભાવતું નથી. મૈયા, મારાં જેટલાં રમકડાં છે, તે

સાચવીને રાખજે. કોઈને આપીશ નહીં. મારી બંસી પણ સાચવીને રાખજે.

યશોદાજી વિચાર કરે છે, 'કનૈયા ! હવે તું રમકડાંથી રમીશ ? હવે તો તારે દુનિયાનાં માણસોથી રમવાનું છે!' સૂરદાસજીનાં યશોદાજીએ દેવકીજી ઉપર બહુ સુંદર સંદેશો મોકલ્યો છે, ***'હૌં તો ધાઈ તિહારી લાલકી.'*** - હું તારા લાલની મા નથી, ધાઈ છું. તને ખબર હશે કે મારા શ્યામને સવારે માખણ-મિસરી ભાવે છે. રાતના સમયે ઘૈયાં ભાવે છે. દેવકી, કૃષ્ણનું ધ્યાન રાખજે. મથુરામાં તે સુકાઈ ન જાય. દેવકી, હું તારી ચાકર બની તારા પગ ધોઈશ. મને તારા ઘરમાં નોકરડીનું સ્થાન આપજે; પણ મને કૃષ્ણની સેવાનાં કાર્યો સોંપજે. સૂરદાસજીની યશોદામૈયાનો વિલાપ આપણાથી જોઈ શકાતો નથી. શ્રી શુકદેવજી મહારાજે આ વિષયમાં બહુ લખ્યું નથી; પણ શ્રી સૂરદાસજીએ તો યશોદાજીનું હૃદય ખોલી નાખ્યું છે.

એવં નિશા સા બ્રુવતોર્વ્યતીતા
નન્દસ્ય કૃષ્ણાનુચરસ્ય રાજન્ ।
ગોપ્ય: સમુત્થાય નિરૂપ્ય દીપાન્
વાસ્તૂન્ સમભ્યર્ચ્ય દધીન્યમન્થન્ ॥૪૬/૪૪॥

સવાર પડ્યું. ઘમ્મર વલોણાનો ઘૂ-ઘૂ અવાજ વ્રજમંડળમાં ફેલાયો. તમામ વ્રજભક્તોનાં ઘરમાં આ અવાજ નીકળે છે. સાથે સાથે મધુર ધૂન ગવાય છે, ***'શ્રીકૃષ્ણ-ગોવિંદ-ગોપાલા, ભજ મુરલીમનોહર નંદલાલા.'***

ગોપીજનોના શ્રીકંઠનો અવાજ ગગનમાં ગાજી ઊઠ્યો. ગોપીજનોએ જગતને બતાવી આપ્યું કે અમે નિર્લજ્જ થઈ ગોવિંદજીના વિયોગમાં, કેવળ ગોવિંદજીના ગીતમાં ડૂબેલાં છીએ. હવે અમારું જીવન અને અમારો આધાર કેવળ એમનું નામ છે. ગોપીજનોએ ઉચ્ચ સ્વરે ગોવિંદજીનું ગાન કર્યું. એથી તેમનું લૌકિક બંધન તૂટ્યું. આ ગાન સ્વર્ગ સુધી પહોંચ્યું. તેથી સ્વર્ગનું સુખ પણ તુચ્છ બન્યું. ગોપીઓને ખબર પડી કે મથુરામંડળથી કોઈક આવ્યું છે.

ગોપીઓ પરસ્પર વાતો કરે છે : એક તો આવીને આપણા પ્રાણ લઈ ગયો. હવે આ પિંડ લેવા આવ્યો લાગે છે. ચલો સખી, એની સાથે વાતો કરીએ.

ઉદ્ધવજી સવારે જ્યારે યમુના-કિનારે સ્નાન કરવા ગયા, ત્યારે તેમના કાનમાં શબ્દો ગૂંજવા લાગ્યા, *'શ્રીકૃષ્ણ-ગોવિંદ-ગોપાલા, ભજ મુરલીમનોહર નંદલાલા.'*

ઉદ્ધવજી યમુનાજીમાં ડૂબકી લગાવે છે. વેદના મંત્રને યાદ કરવા ઘણો પ્રયત્ન કરે છે, પણ તે યાદ આવતા નથી. ઉદ્ધવજી કહે છે, આજે હું ગાયત્રી રટી શકતો નથી અને સંધ્યાનું કર્મ પણ ભૂલ્યો. તેઓ જળમાં ડૂબકી મારી, મોં બહાર કાઢે અને શબ્દ યાદ આવે, *'શ્રીકૃષ્ણ-ગોવિંદ-ગોપાલા…'* ઉદ્ધવજી સ્નાન કરીને પ્રભુનું નામ લેતા પાછા આવી રહ્યા છે. ત્યાં તો ગોકુળ ગામની ગોપીઓ ઉદ્ધવજીને ઘેરી વળી –

તં વીક્ષ્ય કૃષ્ણાનુચરં વ્રજસ્ત્રિય:
પ્રલમ્બબાહું નવકંજલોચનમ્ ।
પીતામ્બરં પુષ્કરમાલિનં લસ-
ન્મુખારવિંદં મણિમૃષ્ટકુણ્ડલમ્ ॥૪૭/૧॥

ગોપીઓએ ઉદ્ધવજીને વિનંતી કરી, 'મહારાજ! પધારો. તમે અમારા શ્યામસુંદરના દૂત લાગો છો. તમારી સાથે થોડી વાત કરીએ.'

જાનીમસ્ત્વાં યદુપતે: પાર્ષદં સમુપાગતામ્ ।
ભર્ત્રેહ પ્રેષિત: પિત્રોર્ભવાન્ પ્રિયચિકીર્ષયા ॥૪૭/૪॥

ગોપીજનોના મોંમાં કડવાશ ભરાઈ આવી છે. ભગવાન ચાલ્યા ગયાની ખટક ભગવાનના ભક્ત ઉપર વરસી પડી : તમે યદુપતિના દૂત લાગો છો !

ઉદ્ધવજી ભક્તોનાં દર્શન કરી તૃપ્ત થયા છે. જ્ઞાનનું પોટલું બરફની જેમ માથા ઉપરથી ઑગળી રહ્યું છે. વ્રજ-ભક્તોએ ભગવાનને બદલે ઉદ્ધવજીને થોડીક કડવી વાતો સમજાવી દીધી. તેમણે પૂછ્યું : કેમ આવવું થયું છે ? લાગે છે કે ગોવિંદજી અમને ભૂલી ગયા લાગે છે. તમે એમનાં મા-બાપ માટે આવ્યા હશો, પણ અમારે માટે નહીં આવ્યા હો.

ઉદ્ધવજી સમજાવે છે, સખીઓ ! શ્રીશ્યામસુંદરે તમારા માટે જ એક ખાસ સંદેશો મોકલ્યો છે, તે લઈને હું આવ્યો છું. ઉદ્ધવજીને આવું કહેવું છે, પણ ગોપીઓ તેમને તક જ આપતી નથી.

ત્યાં તો એક ભમરો ગુનૂગુનૂગુન ગુંજારવ કરવા લાગ્યો. વિયોગમાં ઉન્મત્ત બનેલી ગોપીઓએ ભમરાના સ્વરૂપમાં શ્યામસુંદરનાં દર્શન કર્યાં અને **'ભ્રમરગીત'** ગાવાની શરૂઆત કરી. દશ શ્લોકનું ભ્રમરગીત બહુ સુંદર છે. શ્રીમહાપ્રભુજીએ તેના પર લખેલી ટીકા પણ અભૂતપૂર્વ છે.

મધુપ કિતવબન્ધો મા સ્પૃશાઙ્ઘ્રિં સપત્ન્યા:
કુચવિલુલિતમાલાકુઙ્કુમશ્મશ્રુભિર્ન:
વહતુ મધુપતિસ્તન્માનિનીનાં પ્રસાદં
યદુસદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદક્ ॥૪૭/૧૨॥

ભ્રમરના રૂપના શ્રીમહાપ્રભુજીએ **ત્રણ અર્થ** કર્યા : (૧) ભ્રમર એટલે **ભગવાન** (૨) ભ્રમર એટલે **કાળ** (૩) ભ્રમર એટલે **ઉદ્ધવજી**. દશેદશ શ્લોકોનો સમન્વય આ ત્રણ અર્થમાં કર્યો છે. ગોપીજનો કહે છે, હે મધુકર ! અમારા પગને અડકીશ નહીં; કારણ કે તું અમારી સપત્નીની માળા ઉપર ગુન-ગુન કરતો ગયેલો છે. એમાં રહેલા પરાગ અને કેસર-કુમકુમ તારા શરીર પર લગાડીને તું આવ્યો છે. એનો સ્પર્શ અમારા પગને થાય, તોયે અમે બળીને ખાખ થઈ જઈશે. જો તારે ગુન-ગુન કરવું હોય, તો મથુરામંડળમાં જઈને કર.

બીજો અર્થ ઉદ્ધવજીના અર્થમાં છે. યાદવો પણ **'મધુ'** એટલે મદિરાનું પાન કરનારા છે. ગોપીઓએ ઉદ્ધવજીને સાફ શબ્દોમાં કહી દીધું કે તમે નશાખોર છો. નશામાં ભાન ભૂલીને આવ્યા છો. વળી કપટી એવા કૃષ્ણના તમે મિત્રો છો, માટે અમે કહીએ છીએ કે અમારાં ચરણને સ્પર્શ ન કરશો.

ઉદ્ધવજી હાથ જોડીને કહે છે, દેવીઓ ! એક વાર મને ચરણમાં માથું મૂકવાનો લાભ લેવા દો. ગોપીઓ કહે છે, ના. તમે માથું મૂકો, તો તમારી મોટી મૂછો અને દાઢી અમને વાગે. અમને માથાનો વાંધો નથી, દાઢી અને મૂછનો વાંધો છે. ઉદ્ધવજી પૂછે છે, સખીઓ ! મારાં દાઢી-મૂછે તમારું શું બગાડ્યું છે ?

ગોપીઓ કહે છે, ઉદ્ધવ ! તમે જ્યારે મથુરામંડળથી આવ્યા, ત્યારે તમારા ગળામાં આ માળા કોણે પહેરાવેલી ? તેની ઉપર કેસર-કંકુ વગેરે ચોંટેલાં છે. વળી, એ માળા થોડી મસળાયેલી છે. ઉદ્ધવજી કહે છે, હું અહીં આવવા નીકળ્યો, ત્યારે શ્રીશ્યામસુંદરે મને આ પ્રસાદીમાળા આપી છે. ગોપીજનો કહે છે, અમને એનો જ વાંધો છે. એ માળા કોના ગળાની છે તે તમે જાણો છો ? મથુરામંડળની સ્ત્રીઓએ તેમની પ્રસાદીમાળા આવેગમાં આવી ભગવાનના ગળામાં પોતાની પ્રસાદીમાળા પહેરાવેલી છે. તેમના વક્ષ:સ્થળ ઉપર ચોપડેલ કંકુ-ચંદન આ માળા ઉપર ચોંટી ગયાં છે. એ માળા ભગવાને તમને આપી. તમે એ માળાને સૂંઘી, તેથી તેનાં કંકુ-ચંદન-કેસર તમારાં દાઢી-મૂછને લાગ્યાં છે. એનાથી તમે અમારા ચરણનો સ્પર્શ કરો, ત્યારે

અમને અમારી સપત્નીઓની ગંધ આવે છે. માટે કહીએ છીએ કે અમારાં ચરણથી દૂર રહો.

ઉદ્ધવજી પૂછે છે, હું મારું મોઢું લૂછીને તમારા ચરણનો સ્પર્શ કરું તો ? ગોપીજનો કહે છે, અમે વિચાર કરીએ છીએ કે અમારા પ્રિયતમ પ્રભુએ આ કંકુ-કેસરરંગી મૂછોવાળાને કેમ મોકલ્યો ? એના પરથી અમને ખાતરી થાય છે કે તમે અમને લેવા આવ્યા છો. અહીંથી અમને ભગવાનની દાસીરૂપે લઈ જશો ? પેલી મથુરાની સ્ત્રીઓ તો રાણી થઈને બેઠી છે. એમને પંખો કરનારી કોઈ દાસીઓ તો જોઈએ ને ? એવી દાસીઓ તરીકે લઈ જવા તમે આવ્યા છો ?

ગોવિંદજીએ એવું સૂચન કર્યું કે સખીઓ ! તમે દાસી બનીને સેવા કરશો, તો તમને પણ મારી આવી પ્રસાદીમાળાનું દાન કરીશ. ગોપીઓ કહે છે : મથુરાની સ્ત્રીઓ ભલે એ માળા ભોગવે, અમારે તે જોઈતી નથી.

શ્રીમહાપ્રભુજીએ ત્રીજો અર્થ 'કાળ'ના પક્ષમાં કર્યો. મધુપ એટલે વસંત માસ. વસંત ઋતુ ગ્રીષ્મ ઋતુની મિત્ર છે. હે મધુમાસ..! તું અમારા ચરણકમળને અડકીશ નહીં. હવે જ્યારે ગોવિંદજી જ રહ્યા નથી, તો વસંત માસમાં રંગનો જે આનંદ છે, તે અમે કોની સાથે માણીશું ? કુચના રૂપમાં મેઘો છે, મેઘોમાંથી નીકળતી ધારા તે વર્ષા છે. હે મેઘમંડળ ! તમારાં બુંદોથી તમે પૃથ્વીનો સ્પર્શ કરી, ભલે તેને રીઝવો છો, પણ અમને ભીંજવશો નહીં. જે વર્ષાઋતુમાં અમે શ્યામજી સાથે હીંડોળા ઝૂલ્યાં તે શ્યામજી હવે અહીં નથી. ઉદ્ધવજી કહે છે, દેવીઓ ! હું હાથ જોડીને કહું છું, હવે ક્લેશ શા માટે કરો છો ? તમે માની જાઓ.

સકૃદધરસુધાં સ્વાં મોહિનીં પાયયિત્વા
સુમનસ ઈવ સદ્યસ્તત્યજેઽસ્માન્ ભવાદૃક્ ।
પરિચરતિ કથં તત્પાદપદ્મં તુ પદ્મા
હ્યપિ બત હૃતચેતા ઉત્તમશ્લોકજલ્પૈ: ॥૪૭/૧૩॥

એક વાર આપે આપની મધુસુધાનું પાન કરાવ્યું અને હવે અમને જીવનમાંથી દૂર કરો, ત્યારે એમ લાગે છે કે આપ અમને કડવો ઘૂંટડો પાઈ રહ્યા છો.

ઉદ્ધવજી કહે છે, સખીઓ ! તમે તો ભગવાન સાથે ઝઘડો કરવા તૈયાર થયાં છો. ભગવાનનાં ચરણારવિંદમાં રહેલાં લક્ષ્મીજીએ ભગવાન સાથે કોઈ દિવસ ઝઘડો

કર્યો નથી. એનું કારણ જાણો છો ? ગોપીજનોએ કહ્યું, એનું કારણ એટલું જ કે લક્ષ્મીજીના માથાને નારદ જેવા સંતોએ ફેરવી નાખ્યું છે. લક્ષ્મી ભલે ભગવાનની દાસી બનીને રહી હોય, પણ અમારું માથું તો અત્યારે ગુસ્સાથી ભરેલું છે. ઉદ્ધવજી કહે છે, દેવીઓ ! શ્યામજી સાથે સુલેહ કરી લો. ઝઘડો થયો છે તો સંધિ કરી લો. ગોપીઓ કહે છે, એમની સાથે સંધિકરવા જેવું રહ્યું જ નથી; કારણ કે તેઓ તો અનંત જન્મોના કપટી છે.

મૃગયુરિવ કપીન્દ્રં વિવ્યધે લુબ્ધધર્મા
સ્ત્રિયમકૃત વિરૂપાં સ્ત્રીજિત: કામયાનામ્ ।
બલિમપિ બલિમત્ત્વાવેષ્ટયદ્ ધ્વાઙ્ક્ષવદ્ ય-
સ્તદલમસિતસખ્યૈર્દુસ્ત્યજસ્તત્કથાર્થ: ॥૪૭/૧૭॥

ભૈયા ! તમે કહો તો એના તમામ જન્મોની પોલ અમે ખોલી દઈએ. એક જન્મમાં તે રામ બનેલો. બિચારી શૂર્પણખા પરણવા આવી. કોઈ પરણવા આવે, તો એનાં નાક-કાન કપાય ? શૂર્પણખાને એણે કહ્યું : મારો નાનો ભાઈ કુંવારો છે. લક્ષ્મણજી કહે છે, મારા મોટાભાઈ સારા મૂરતિયા છે. બિચારીને આમતેમ ઠેલંઠેલા કરાવી. પછી લક્ષ્મણને આજ્ઞા કરી, એનાં નાક-કાન કાપી નાખ. લક્ષ્મણજીએ નાક-કાન કાપી નાખ્યાં. આવાની સાથે કોણ પરણે ? વાલિ કંઈ અપરાધી નહોતો. તેણે દુષ્ટતા કરી, પીઠ પાછળ વાલિને ઘા કરીને માર્યો. એ વામન બન્યો અને બલિ રાજા સાથે કપટ કર્યું. માટે હે ઉદ્ધવ ! અમે નક્કી કર્યું છે કે તેની વાત પણ અમારે સાંભળવી નથી. ગોપીજનોએ કાનમાં આંગળાં નાખ્યાં.

યદનુચરિતલીલાકર્ણપીયૂષવિપ્રુટ્-
સકૃદદનવિધૂતદ્વન્દ્વધર્મા વિનષ્ટા: ।
સપદિ ગૃહકુટુમ્બં દીનમુત્સૃજ્ય દીના
બહવ ઈહ વિહઙ્ગા ભિક્ષુચર્યાં ચરન્તિ ॥૪૭/૧૮॥

ગોપીજનો કહે છે, એક વખત એની લીલા સાંભળીને અમે ભિખારી બની ગયાં. હવે વારંવાર સાંભળીને અમે ક્યાં જઈશું ? માટે અમારે એની કોઈ વાત સાંભળવી નથી. ઉદ્ધવજી સમજાવે છે, સખીઓ ! મારો શ્યામસુંદર એવો કપટી નથી. હું તમને ખાતરી આપું છું. ગોપીજનો કહે છે, ભાઈ ! લાલાજી કપટી નથી, એ તો અમે પણ જાણીએ છીએ; પણ સ્નેહનો સ્વભાવ જ એવો છે કે જે માણસને બાળી મૂકે છે.

સૂરદાસજીએ કહ્યું :

પ્રીતિ કરિ કાહૂ સુખ ન લહ્યૌ,
પ્રીતિ પતંગ કરી દીપક-સોં, આપૈ હી પ્રાન દહ્યૌ.
અલિસુત પ્રીતિ કરી જલસુત-સોં, સંપુટ માઝ ગહ્યૌ;
સારંગ પ્રીતિ કરી જુ નાદ-સોં, સન્મુખ બાન સહ્યૌ.
હમ જો પ્રીતિ કરી માધવ-સોં, ચલત ન કછૂ કહ્યૌ;
'સૂરદાસ' પ્રભુ બિનુ દુ:ખ પાવત, નૈનનિ નીર બહ્યૌ.

માટે અમે નક્કી કરીએ છીએ કે આ પીડામાં અમારે પડવું નથી. બીજી ગોપીએ કહ્યું, ઉદ્ધવ ! અમે નક્કી કર્યું છે કે જેટલા કાળા એટલા બધા અમારા માટે નકામા. *'શ્યામ રંગ સમીપે ન જાવું, આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું'*. આથી અમે કાળું કાજળ આંજતાં નથી, કાળી ટીલડી કરતાં નથી, કાળી કંચુકી પહેરતાં નથી. કાળો ચોટલો દેખાઈ જાય, માટે દર્પણમાં મોઢું પણ જોતાં નથી. અમે નક્કી કર્યું છે કે જેટલા કાળા તેટલા કપટી. તમારે બીજું જે કંઈ કહેવું હોય તે કહો, પણ તે કાળિયાનું નામ દેવાનું છોડી દો : **'સ્મરરુજ ઉપમન્ત્રિન્ ભણ્યતામન્યવાર્તા ।'**

જે સત્ત્વગુણી ગોપી હતી, તે હાથ જોડીને કહે છે, ભાઈ !

અપિ બત મધુપુર્યામાર્યપુત્રોઽધુનાઽઽસ્તે
સ્મરતિ સ પિતૃગેહાન્ સૌમ્ય બન્ધૂંશ્ચ ગોપાન્ ।
ક્વચિદપિ સ કથા ન: કિઙ્કરીણાં ગૃણીતે
ભુજમગુરુસુગન્ધં મૂર્ધ્ન્યધાસ્યત્ કદા નુ ॥૪૭/૨૧॥

મધુપુરીમાં મોહનજી કોઈ વાર અમને યાદ કરે છે ? પ્રિયજનો માટે એટલો પણ સંતોષ હોય છે કે જે અમારા પ્રિયજન છે, તે અમને યાદ કરે છે. તેમને એવી ઝંખના નથી હોતી કે પ્રિયજન તેમને રોજ આવીને મળે. કોઈ આવીને એમ કહે કે ફલાણા ફલાણા તમને બહુ યાદ કરે છે, તો એ દિવસ તેમના માટે નંદમહોત્સવ થઈ જાય. ઉદ્ધવજી! અમને કહો તો ખરા કે શ્યામજી અમને યાદ કરે છે ? ઉદ્ધવજી કહે છે, સખીઓ ! તમને શું જવાબ આપું ? ગોવિંદજી એક ક્ષણ પણ તમને ભૂલતા નથી. તેમણે તમારા માટે ખાસ સંદેશો મોકલ્યો છે –

શ્રીભાગવતજીમાં બે પત્રો છે : (૧) કૃષ્ણજીનો ગોપીઓ ઉપર લખેલ પત્ર, અને (૨) શ્રીરુક્મિણીજીનો લખેલો શ્રીદ્વારકાધીશ પરનો પત્ર. બંને પત્રો બહુ સુંદર છે.

શ્રીરુક્મિણીજીએ સાત શ્લોકનો કાગળ લખ્યો છે. ભગવાને ગોપીઓને દશ શ્લોકનો કાગળ લખ્યો છે. તેમાં ચાર પુરુષાર્થ અને છ ધર્મનું નિરૂપણ છે. આપણે પણ શ્રીઠાકોરજીનો એ કાગળ વાંચીએ –

ભવતીનાં વિયોગો મે ન હિ સર્વાત્મના ક્વચિત્
યથા ભૂતાનિ ભૂતેષુ ખં વાય્વગ્નિર્જલં મહી ।
તથાહં ચ મન:પ્રાણભૂતેન્દ્રિયગુણાશ્રય: ।।૪૭/૨૯।।

ગોપીજનોએ પત્ર વાંચવાની શરૂઆત કરી. કાગળની શરૂઆત સંબોધન વિના થઈ છે. સંબોધન વિના લખાતો કાગળ કડવો લાગે છે. એક શબ્દ વાંચતાં જ એમનાં રોમરોમ બળી ઊઠ્યાં. ભગવાને પત્રની શરૂઆતમાં જ લખ્યું કે ‘તમારો વિયોગ મને કોઈ દિવસ સાલતો નથી.’ આવો કાગળ જ્યારે પ્રિયજન પાસેથી આવે, ત્યારે વાંચનારની શી સ્થિતિ થાય? ફાડીને ફેંકી દેવાનું જ મન થાય ને ? એના કરતાં તો કાગળ ન લખ્યો હોય તો સારું. કમ-સે-કમ ભ્રમ તો મનમાં રહે !

ભગવાન લખે છે, ‘હે સખીઓ ! તમારો વિયોગ મને સાલતો જ નથી.’ અહીં એક પંક્તિ શ્રી શુકદેવજી કહેવાનું ભૂલી ગયા. જ્યારે શ્રીમહાપ્રભુજી બદ્રિકાશ્રમમાં વ્યાસજીને મળ્યા, ત્યારે તેમણે વ્યાસજીને કહ્યું કે તમે એક પંક્તિ ભૂલી ગયા છો. શ્રીમહાપ્રભુજીએ તે પંક્તિ કહી : **‘આત્મત્વાત્ ભક્તવત્સત્વાત્ સત્યવાત્વાત્ સ્વભાવત:’** આ પંક્તિ શ્રીભાગવતજીના છાપેલા ગ્રંથોમાં નથી. શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં તે ઉમેરેલી છે. ભગવાન સમજાવે છે, દેવીઓ ! તમારો વિયોગ મને નથી સાલતો; કારણ કે હું તમારો આત્મા છું. આત્માને આત્માનો કદી વિયોગ હોય ? તમને લાગે છે કે હું તમારાથી દૂર છું, પણ ખરેખર તો હું તમારામાં જ છું. હું તમારો જ છું. હું તમારી વચ્ચે જ વસું છું; પણ સ્નેહના સ્વભાવને લઈને તમને વિપ્રયોગ લાગે છે. હે સખીઓ ! હું ભક્તોને વશ છું. જ્યારે જ્યારે ભક્ત ધારે છે, ત્યારે ત્યારે મને હૃદયમાંથી બહાર પ્રગટ કરી શકે છે. તમારા વિયોગમાં મારો સંયોગ કરવાનું સામર્થ્ય છે. હું કદી જૂઠું બોલ્યો નથી. મારો સ્વભાવ જ એવો છે કે જે ભક્તોનું અંતર બહુ પીડિત હોય છે, એની પીડા હું જોઈ શકતો નથી. હે ગોપાંગનાઓ ! તમારા અંતરમાં મારા મિલનની ઝંખના હશે, તો હું અવશ્ય પ્રત્યક્ષ થવાનો.

એકંદર છ મહિના સુધી ઉદ્ધવજી વ્રજભૂમિમાં રહ્યા છે. તેમણે વ્રજ ચોર્યાસી કોસની પરિક્રમા કરી. ઉદ્ધવજીના માથા પર જ્ઞાનનો જે ભાર હતો, તે ઓગળી ગયો.

જે ઉદ્ધવજી એમ કહેતા હતા કે સખીઓ, નિર્ગુણ-નિરંજન-નિરાકારનું ધ્યાન ધરો, એ ઉદ્ધવજી પોતે જ સગુણ-સાકારના પ્રેમી બની ગયા છે. જે ઉદ્ધવજી કહેતા હતા કે દેવીઓ, યોગ કરો. ત્યારે ગોપીઓએ એનો જવાબ આપ્યો કે –.

જોગ ઠગોરી બ્રજ ન બિકૈહે;
મૂરિકે પાતનિકે બદલૈં, કો મુક્તાફલ દેહે.
યહ બ્યોપાર તુમ્હારો ઊધો, ઐસૈં હી ધર્યો રેહે;
જિન પૈ તૈં લૈ આયે ઊધો, તિનહિંકે ફટ સમૈહે.

– અરે ભૈયા ! અહીં તો પ્રેમયોગ એ જ યોગ છે; કારણ કે તેમાં ફલરૂપ પ્રભુનો સંયોગ છે. આંખો બંધ કરી ગમે તેટલો યોગ કરો, તોય ગોવિંદજી મળતા નથી. એ ઉદ્ધવજી છ મહિના પછી વિદાય થવા તત્પર થયા, ત્યારે પૂરા પ્રેમયોગી બની ગયા હતા. વિદાય વખતે તેઓ ગોપીજનોનાં ચરણારવિંદમાં દંડવત્ કરીને માગે છે –

આસામહો ચરણરેણુજુષામહં સ્યાં
વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા
ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ॥૪૭/૬૧॥

હે સખીઓ ! મને આશીર્વાદ આપી વરદાન આપો કે જન્મોજન્મ મને વ્રજમાં જ વાસ મળે. હું ગુલ્મ થાઉં, લતા થાઉં કે ઔષધિ થાઉં અને તમારાં ચરણકમલની રજમાં નહાતો રહું. ઉદ્ધવજીનાં બે રૂપ : ઉદ્ધવજીનું એક જ્ઞાની-સ્વરૂપ બદ્રિકાશ્રમ ગયું અને બીજું પ્રેમી-સ્વરૂપ આજે પણ કુસુમ સરોવર ઉપર બિરાજે છે. જ્ઞાની ઉદ્ધવનો દૃષ્ટિકોણ જુદો છે, પ્રેમી ઉદ્ધવનો દૃષ્ટિકોણ પણ જુદો છે.

આવેશમાં આવી ઉદ્ધવજીએ ગોપીજનોના પગ પકડી લીધા –

વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ॥૪૭/૬૩॥

હે ગોપિકાઓ ! તમારાં ચરણમાં વંદન કરવાનું પણ મારામાં સામર્થ્ય નથી. તમારી ચરણરજ હું માથે ચડાવું છું. બોલો, શ્યામજીને કંઈ સંદેશો કહેવડાવવો છે?

આંસુભરી આંખે શ્રીભાગવતજીનાં ગોપીજનોએ એક જ શ્લોકમાં સંદેશો કહેવડાવ્યો છે. 'ભ્રમરગીત'નો આ પ્રસંગ વાંચતાં મારી આંખો પણ ભીંજાય છે.

અહો ! ગોપિકાઓએ કેટલો સુંદર સંદેશો કહેવડાવ્યો છે !

મનસો વૃત્તયો નઃ સ્યુઃ કૃષ્ણપાદામ્બુજાશ્રયાઃ ।
વાચોઽભિધાયિનીર્નામ્નાં કાયસ્તત્પ્રહ્વણાદિષુ ॥૪૭/૬૬॥

હે શ્યામસુંદર ! અમારે તમને કંઈ કહેવું નથી. અમારી કોઈ ફરિયાદ પણ નથી. ઉદ્ધવ, અમારા શ્યામસુંદર પ્રિયતમને એટલું કહેજો કે તમે અહીં નહીં આવો તો ચાલશે; તમારું દર્શન નહીં થાય, તો રડીરડીને જીવવાની અમારામાં શક્તિ આવી ગઈ છે. તમે અમારો સ્વીકાર નહીં કરો તોય ચાલશે.

હે શ્યામસુંદર ! તમે દુનિયાને સુખ આપો અને વ્રજવાસીઓને વિયોગના અગ્નિમાં બાળો તોય ચાલશે. અમે તો આગને પી જતાં શીખ્યાં છીએ. અમે દુઃખના દરિયામાં ડૂબી જતાંય શીખી ગયાં છીએ. અમારી કોઈ શિકાયત નથી. અમે હાથ જોડીને એટલું જ માગીએ છીએ કે અમારું મન કદી તમને ભૂલે નહીં. અમારા ચિત્તમાં કદી આપનું વિઃસ્મરણ ન થાય. અમારી કાયા આપની સેવા કરે. અમારું મન આપનું રટણ કરે. અમારી જીભ આપનું નામ બોલતી રહે, **'શ્રીકૃષ્ણઃ શરણં મમ.'**

પ્રેમની આ કેટલી ઊંચી ભૂમિકા છે ? પ્રેમમાં એક સ્થિતિ એવી આવે છે કે આંખ સામે રહેલા અવલંબનનો આધાર પણ ચિત્ત છોડી દે છે. તેને વ્યક્તિ કે વસ્તુ પણ સામે જોઈતી નથી; કારણ કે તેનું ચિત્ત જ તેમાં અખંડ આકારરૂપ બની જાય છે. ગોપીઓ કહે છે, અમારે હવે સામે શ્યામસુંદરની પણ જરૂર નથી ! આ કેવો મહાન પ્રેમ છે કે જેમાં પ્રતિદાનની આશા કે ઇચ્છા સુધ્ધાં નથી. અખંડ વિયોગના લયમાં શ્યામસુંદરની છબી ચિત્તમાં ચિતરાઈ ગઈ છે.

શ્રીહરિરાય પ્રભુચરણ આજ્ઞા કરે છે : વિયોગિની ગોપીઓને જ્યારે દેહનું અનુસંધાન ભુલાય છે, ત્યારે તેમના અંતઃકરણમાં તેમને ભગવાનની અનેકાનેક લીલાઓનો અનુભવ થાય છે. બાહ્ય અનુસંધાન આવે છે, ત્યારે વિકળતા આવે છે.

ગોપીજનો કહે છે, ઉદ્ધવ ! હવે આ વિયોગનું દુઃખ અમને કોઠે પડી ગયું છે. કદાચ પ્રભુ સુખ આપે તોયે પેલું વિયોગનું દુઃખ ભોગવવાની ઇચ્છા છે. અમારા મનને રડવાની ટેવ પડી છે.

શ્રીમહાપ્રભુજીએ **'નિરોધલક્ષણ'**માં માગ્યું કે શ્રીઠાકોરજીના સંયોગ કરતાં શ્રીઠાકોરજીનો વિયોગ વધારે સારો છે. વિયોગમાં વારંવાર એ વસ્તુમાં મન પરોવાયેલું

રહે છે. ગોપીજનોએ દુ:ખ માગ્યું; નંદબાવા અને યશોદાજીએ પણ દુ:ખ માગ્યું હતું. આ બંને જેવું દુ:ખ મને ક્યારે આપશો?

વિયોગ તો ભગવાનના અનુભવની છેલ્લી ભૂમિકા છે, જેમાં ભગવાનના-બાહ્ય સ્વરૂપના અવલંબનની પણ જરૂર રહેતી નથી; કારણ કે એમાં પરતંત્ર બની જવાય છે. મારી પાસે ઠાકોરજીનું એક સ્વરૂપ જોઈએ, મારી પાસે કંઈક આધાર જોઈએ; એવી અપેક્ષા રહે ત્યારે સમય અને સ્થળની મર્યાદા આવી જાય છે. પુષ્ટિભક્તિ સ્વતંત્ર ભક્તિ છે. તે પ્રમેયરૂપા ભક્તિ છે. તેમાં ભગવાનના બાહ્ય સ્વરૂપની પણ જરૂર નથી. ગોપીજનોએ તેમનાં અંત:કરણમાં જ ભગવાનનું એવું એક સ્વરૂપ ધારણ કર્યું છે કે જ્યારે મન થાય, ત્યારે તે સ્વરૂપ સાથે આનંદ કરે છે. *આને ભગવાનનું વિપ્રયોગાત્મક સ્વરૂપ કહેવામાં આવે છે.*

ઉદ્ધવજી સંદેશો લઈને મથુરા આવ્યા. ભગવાન ઉદ્ધવજીનો હાથ પકડીને પૂછે છે, ઉદ્ધવ ! ગોપીઓને જ્ઞાન આપવા ગયેલા તે ત્યાં આટલા બધા દિવસ રહ્યા ? ઉદ્ધવજી રડીને કહે છે, મહારાજ ! જ્ઞાન આપવા ગયેલો, પણ ચેલો થઈને આવ્યો. હે શ્યામસુંદર ! આપનું વ્રજમંડળ આવી પ્રેમભક્તિથી ભરેલું હશે, એનો મને સ્વપ્નેય ખ્યાલ નહીં. આવા વ્રજને છોડી આપ અહીં બિરાજો છો ?

કૃષ્ણાય પ્રણિપત્યાહ ભક્ત્યુદ્રેકં વ્રજૌકસામ્ ।
વસુદેવાય રામાય રાજ્ઞે ચોપાયનાન્યદાત્ ॥૪૭/૬૯॥

◆

પ્રકરણ ૪૮

કુબ્જાના કોડ પૂર્યા

ભગવાનને કૂબડી કુબ્જા યાદ આવી. એનો મનોરથ પૂરો કરવા આપેલું વચન યાદ આવ્યું. એક બાજુ ગોપીજનોની ઉચ્ચ પ્રેમની ભૂમિકા, બીજી બાજુ કુબ્જાની ભોગ ભોગવવાની વૃત્તિ. એ બંનેની વિષમતા શ્રી શુકદેવજી બતાવે છે. મોહ અને પ્રેમમાં કેટલો ભેદ છે, એ વાત એક સાથે બે પ્રસંગ મૂકી શ્રી શુકદેવજીએ સમજાવી.

ભગવાન કૂબડીના ત્યાં પધાર્યા. કૂબડી કહે છે, હે કૃષ્ણ ! તમારે મારી સાથે ન પરણવું હોય તો વાંધો નહીં, પણ મારા ત્યાં ૧૦-૧૫ દિવસ આનંદથી રહો. ત્યારે શ્રી શુકદેવજીએ કહ્યું : કુબ્જા દુર્ભાગી છે.

શ્રીભાગવતજીમાં શ્રી શુકદેવજીએ બે જણને દુર્ભાગી કહ્યાં છે, એક કુબ્જાને અને બીજા યાદવને. અભાગી તે છે, જેને વસ્તુ મળતી નથી અને દુર્ભાગી એ છે કે જેને વસ્તુ મળી હોય, તોય ભોગવતાં આવડતી નથી.

કુબ્જાના ત્યાંથી પ્રભુ અક્રૂરજીના ત્યાં પધાર્યા. કાકાએ કૃષ્ણજીની સ્તુતિ કરીને માગ્યું, મહારાજ! મને ભક્તિ આપો. ભગવાન કહે છે, કાકા ! ભક્તિ માટે તમારે હજી વાર છે. હજી તો તમારે સ્યમન્તક મણિ ચોરવાનો છે.

ભગવાને અક્રૂરકાકાને હસ્તિનાપુર મોકલ્યા – કુંતાફોઈને મળવા માટે.

દશમ સ્કંધનો પૂર્વાર્ધ અહીં પૂરો થયો.

પ્રકરણ ૪૯

કાલયવનોદ્ધાર : રુક્મિણીજીનો પત્ર

હવે દશમ સ્કંધના ઉત્તરાર્ધનો પ્રારંભ થાય છે. આપણને પ્રશ્ન થશે કે શ્રી ભાગવતજીના દશમ સ્કંધના બે ભાગ કેમ ? એક પૂર્વાર્ધ અને બીજો ઉત્તરાર્ધ. કોઈ સ્કંધના બે ભાગ કર્યા નથી, કેવળ દશમ સ્કંધના જ બે ભાગ છે. આપણે એમ કહીશું કે એમાં અધ્યાયો વધારે હતા, માટે બે ભાગમાં વહેંચ્યા. તો બારને બદલે તેર સ્કંધ કરવા હતા. તેના બદલે બે ભાગ કેમ કર્યા ?

આનાં કારણો જુદા જુદા વિચારકોએ બતાવ્યાં છે. શ્રીઆચાર્યચરણે કારણ આપ્યું કે પૂર્વાર્ધની લીલા ભગવાનના અલૌકિક સામર્થ્યનું દર્શન કરાવનારી લીલા છે. ઉત્તરાર્ધની લીલા ભગવાનના લૌકિક સામર્થ્યનું દર્શન કરાવનારી છે. અલૌકિક સામર્થ્યથી પૂતના મરે. છ દિવસના કોઈનાય છોકરાએ રાક્ષસીને મારી હોય, એવું જાણીએ છીએ ? તે અલૌકિક લીલા છે. સાત વર્ષના શ્યામસુંદર કે અગિયાર વર્ષના શ્યામસુંદર આટલી બધી ગોપીઓ વચ્ચે, આટલાં બધાં રૂપ લઈ રાસ રમે, એ શું લૌકિક સામર્થ્ય છે ? માટે દશમ સ્કંધના બે વિભાગ પાડ્યા.

શ્રી શુકદેવજી સમજાવવા માગે છે કે મારા શ્યામસુંદરને પુરુષોત્તમ તરીકે જોવાના છે. ચાહે તું એમને લૌકિક સામર્થ્યથી જો, ચાહે અલૌકિક સામર્થ્યથી જો. શ્રીકૃષ્ણ ભગવાન છે, તે પૂર્વાર્ધમાં દેખાય છે. પૂર્વાર્ધના કૃષ્ણ **'પરાત્પર પરબ્રહ્મ'** - પરમાત્મારૂપે દેખાય છે. ઉત્તરાર્ધના કૃષ્ણ **'નરોત્તમ'** કૃષ્ણ દેખાય છે. હે રાજન્! કદાચ તમે ગોવિંદજીને ભગવાન માનવા તૈયાર ન થાઓ, તો દુનિયામાં તેમને શ્રેષ્ઠ તો ગણશો ને ? માટે દશમ સ્કંધના બે વિભાગ કર્યા. એકમાં ભગવાનના ઘરની લીલા અને બીજામાં ભગવાનની ઑફિસની લીલા.

દરેક માણસનાં બે વ્યક્તિત્વ હોય. પૂર્વાર્ધના કૃષ્ણ ઘરના કૃષ્ણ લાગે છે, જેમની સાથે હસી શકાય, રમી શકાય અને મન ફાવે તો બે થપ્પડ પણ મારી શકાય. બે કડવા શબ્દો કહેવા હોય તો પણ કહી શકાય; કારણ કે તે ગોકુળ જેવા ધૂળિયા ગામડાનો ગોવિંદ લાગે છે. એની સાથે કશો ડર નથી લાગતો.

એક વાર શ્રીદામા સાથે શ્યામજીએ ઝઘડો કર્યો. લાલાજી કહે છે, મારી ગાય આગળ જાય. ત્યારે શ્રીદામાએ શ્યામજીને કહી દીધું કે તમે મોટા હો તો તમારા

ઘરના, મારી આગળ મોટા નહીં ! વ્રજના કૃષ્ણને આવું કહી શકાય. ઉત્તરાર્ધના કૃષ્ણની આગળ આવું બોલાય નહીં. ઉત્તરાર્ધમાં તેમનું રાજા તરીકેનું વ્યક્તિત્વ છે. રાજા સાથે વિવેકથી, બુદ્ધિપૂર્વક વાતો કરવી પડે. ગોકુળના કૃષ્ણ સાથે વ્રજ–હિન્દી ભાષામાં વાત કરવી પડે. માટે ઉત્તરાર્ધના કૃષ્ણ એટલે ઑફિસના કૃષ્ણ. ત્યાં બધી રીતભાત સાચવવી પડે.

બીજી રીતે કહીએ તો શ્રીનાથજીબાવાની લીલા એટલે પૂર્વાર્ધ અને રણછોડરાયજીની લીલા એટલે ઉત્તરાર્ધ. ઉત્તરાર્ધની લીલા રાજાધિરાજની લીલા છે. આ બે દૃષ્ટિકોણ બતાવવા માટે શ્રી શુકમુનિએ દશમ સ્કંધના બે વિભાગ પાડ્યા.

ઉત્તરાર્ધ આવે, ત્યારે બે વસ્તુ આવે : **કાલયવન** આવે અને **જરાસંઘ** આવે. જીવનનો ઉત્તરાર્ધ આવે છે, ત્યારે શરીરના સાંધા પકડાઈ જાય છે. જીવન-વનમાં પેસીએ એટલે બંને આવે. પચાસમો અધ્યાય આવે એટલે જરાસંધ આવે અને કાલયવન પણ આવે. માટે ભગવાન કહે છે, જીવનમાં ૫૦ મો અધ્યાય શરૂ થાય, એટલે ચેતી જજો. કાલયવન આવવાનો.

અસ્તિ: પ્રાપ્તિશ્ચ કંસસ્ય મહિષ્યૌ ભરતર્ષભ ।
મૃતે ભર્તરિ દુ:ખાર્તે ઈયતુ: સ્મ પિતૃર્ગૃહાન્ ।।૫૦/૧।।

જરાસંધની બે દીકરીઓ : **અસ્તિ અને પ્રાપ્તિ**. જ્યારે માણસના જીવનમાં અસ્તિ અને પ્રાપ્તિ આવે છે, ત્યારે ગોટાળો થાય છે. એક માણસ દુકાનમાં બેઠો હતો. સાંજ પડ્યે તિજોરીમાં વકરો મૂકવા જાય છે. થોકડીઓની થોકડીઓ જોઈ તે હરખાય છે. તિજોરી બંધ કરે છે. પાછો દુકાનમાં આવીને બેસી જાય છે. અસ્તિ અહંતા લાવે છે, અને પ્રાપ્તિ મમતા લાવે છે. ભગવાનના ભક્તોને અસ્તિ અને પ્રાપ્તિની કોઈ કિંમત નથી. ગીતાજીમાં ભગવાને કહ્યું કે મારા ભક્તોનું યોગક્ષેમ હું જ વહન કરું છું. ભગવાન કહે છે, તું ચિંતા કરીશ નહીં, હું બધું સંભાળી લઈશ.

અસ્તિ અને પ્રાપ્તિ રડતી રડતી પિતાજી પાસે ગઈ. પિતાજી અમે વિધવા બન્યાં છીએ. અસ્તિ અને પ્રાપ્તિ બંને કંસને પરણેલી હતી. કંસ મરતાં તે વિધવા થઈ.

જેના જીવનમાં કૃષ્ણ પ્રવેશે છે, તેની અસ્તિ અને પ્રાપ્તિ વિધવા બને છે. દીકરીઓનાં દુ:ખ જોઈને ગુસ્સે થયેલો જરાસંધ એની મોટી સેના લઈને મથુરા પર ચઢી આવ્યો. તેની પાસે ત્રણ અક્ષૌહિણી સેના હતી. વધારામાં બહારથી બીજી વીસ

અક્ષૌહિણી સેના લાવ્યો. આમ, કુલ તેવીસ અક્ષૌહિણી સેના લઈને મથુરા પર ચઢી આવ્યો. મહાભારતના યુદ્ધમાં અઢાર અક્ષૌહિણી સેના જ હતી. ગોવિંદજી વિચાર કરે છે, મામાજીના સસરા આવ્યા છે. એમને તરત જ મારી નાખવા નથી; થોડા રમાડવા છે. દિવ્ય રથોનું અવતરણ થયું. જે રથ ઉપર ગરુડધ્વજ છે, તે ગોવિંદજીનો. બીજા રથ ઉપર તાલધ્વજ છે, તે દાઉજીનો. જેની પાસે ભગવાનનો આપેલો દિવ્ય રથ હોય તે જ જરાસંધ સામે લડી શકે. ભગવાનને જરાસંધ ગાળો દે છે.

તાવાહ માગધો વીક્ષ્ય હે કૃષ્ણ પુરુષાધમ ।।૫૦/૧૭।।

હે કૃષ્ણ ! હે પુરુષાધમ ! હું તારી સાથે લડવા ઇચ્છતો નથી.

આપણને ફરી પ્રશ્ન થશે કે શ્રીભાગવતજીમાં ભગવાન માટે ગાળો હોય ? કૃષ્ણ કહ્યું, ત્યાં સુધી તો વાંધો ન હતો; પણ '**પુરુષાધમ**' શબ્દ આપણને કઠે તેવો છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, આવી ગાળ હું સાંભળી શકું નહીં. શ્રીમહાપ્રભુજીએ તેનો અર્થ બદલી નાખ્યો.

અહીં ભગવાનનાં ત્રણ રૂપ બતાવ્યાં : *અક્ષર-રૂપ, ક્ષર-રૂપ અને પુરુષોત્તમ-*રૂપ. કૃષ્ણ એ પુરુષોત્તમ-રૂપ. પુરુષ એ અક્ષર-રૂપ. અધમ એ ક્ષર-રૂપ. આવી રીતે ભગવાનનાં ત્રણ રૂપ કહ્યાં. જ્યારે આપણે શ્રીમહાપ્રભુજીની વાણી વાંચીએ છીએ, ત્યારે એની દિવ્યતાનો અનુભવ થાય છે.

જરાસંધે કૃષ્ણ સાથે એક-બે વાર નહીં, પણ સત્તર વાર યુદ્ધ કર્યું. અઢારમી વાર જ્યારે તે બરાબર તૈયાર થઈને આવ્યો; ત્યારે તેને ભગવાને માર્યો. જે કૃષ્ણનાં ચરણારવિંદમાં જાય, તેનો કાળ કોળિયો કરતો નથી.

નારદજીની પ્રેરણાથી કાલયવન આવ્યો. પ્રભુજીએ વિચાર કર્યો કે મથુરા છોડીને મારે દ્વારકા વસાવવું છે. ભગવાને દ્વારકા નગરીનું નિર્માણ કર્યું. વિશ્વકર્માજીએ તેનું સ્થાપત્ય તૈયાર કર્યું. ભગવાને નિશ્ચય કર્યો હતો કે મારી દ્વારકામાં કોઈ ગરીબ અને ભૂખ્યો ન રહેવો જોઈએ. કેટલાક લોકોનો એવો વિચાર હોય છે કે હું ગરીબ થાઉં અને તને ગરીબ કરું. કેટલાકની વિચારધારા એવી હોય છે કે હું સુખી થાઉં અને તને સુખી કરું. સાચી વિચારધારા એ છે કે સૌ સુખી થાય.

શ્રીદ્વારકાધીશે નક્કી કર્યું કે દ્વારકાના રાજા બન્યા પછી હું લગ્ન કરીશ. દ્વારકાનું નિર્માણ થયા પછી પ્રભુએ વિચાર કર્યો કે અહીં થોડું કામ પત્યા પછી જાઉં.

શ્રીકૃષ્ણ કાલયવનને રમાડવા મુચુકુંદ રાજાની ગુફામાં પધાર્યા. એવું મનાય છે કે આજે પણ જૂનાગઢમાં મુચુકુંદ રાજાની ગુફા છે. બીજો મત એવો છે કે મથુરાની પાસે મુચુકુંદ રાજાની ગુફા છે. મને એવું લાગે છે કે ભગવાન છેક મથુરાથી દોડતા જૂનાગઢ ન આવે, તે પછી દ્વારકા પધારે. મુચુકુંદ રાજાની ગુફામાં કાલયવન ગયો. પ્રભુએ પોતાનું પીતાંબર મુચુકુંદને ઓઢાડી દીધું. કાલયવને લાત મારી તેમને જગાડ્યા. રાજાની આંખો ઊઘડી. રાજાનાં નેત્રોમાંથી અગ્નિ નીકળ્યો, તેમાં કાલયવન બળીને ભસ્મ થઈ ગયો. ભક્તોમાં તે સામર્થ્ય છે કે પોતાની આંખના તેજથી કાલયવનને બાળી નાખે છે.

મુચુકુંદ ભગવાનને કહે છે, મહારાજ ! તમારો પરિચય ? ભગવાન કહે છે, મારો શો પરિચય આપું ? મારું એક રૂપ અને એક જન્મ હોય તો કહી શકું !

જન્મકર્માભિધાનાનિ સન્તિ મેઽઙ્ગ સહસ્રશ: ।
ન શક્યન્તેઽનુસંખ્યાતુમનન્તત્વાન્મયાપિ હિ ॥૫૧/૩૭॥

મારાં હજારો નામ, હજારો રૂપ અને હજારો ધામ છે. હે રાજન્, હું તને મારો શો પરિચય આપું ?બ્રહ્મનો પરિચય હોય ? એ રૂપ કે નામથી ઓળખાય એવો નાનો નથી. તેને ઓળખવા માટે અંતરાત્મા જાગૃત જોઈએ. ઈશ્વરનો પરિચય શબ્દોમાં મેળવવો અઘરો છે, તે તો અનુભવથી મળે છે; છતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, તારે પરિચય મેળવવો જ છે, તો સાંભળી લે. લોકો મને 'વાસુદેવ' કહે છે. વાસુદેવનો અર્થ વસુદેવનો પુત્ર નથી. વાસુદેવ એટલે દુનિયાને મોક્ષ આપવા માટે દુનિયામાં આવેલો ભગવાનનો અવતાર.

અવતીર્ણો યદુકુલે ગૃહ આનકદુન્દુભે: ।
વદન્તિ વાસુદેવેતિ વસુદેવસુતં હિ મામ્ ॥૫૧/૪૧॥

જો તું મને લૌકિક રીતે સમજતો હોય, તો હું વસુદેવનો પુત્ર છું. અલૌકિક રીતે સમજતો હોય, તો હું મોક્ષનું દાન કરનાર વાસુદેવ છે.

મુચુકુંદ રાજાએ સ્તુતિ કરી : 'મહારાજ, આપ મને દર્શન દેવા પધાર્યા છો, એ તો આપની પુષ્ટિ છે.'

ન કામયેઽન્યં તવ પાદસેવનાદકિંચનપ્રાર્થ્યતમાદ્ વરં વિભો ।
આરાધ્ય કસ્ત્વાં હ્યપવર્ગદં હરે વૃણીત આર્યો વરમાત્મબંધનમ્ ॥૫૧/૫૬॥

રાજા કહે છે, આપનાં ચરણકમળની ભક્તિ મારે જોઈએ, બીજું કંઈ મારે ન જોઈએ. ભગવાન કહે છે : ''રાજન્, તમે રજોગુણી છો. આ જન્મમાં તમારો ઉદ્ધાર નહીં થાય. રાજન્, તમે ગંધમાદન પર્વત ઉપર જઈ, ત્યાં તપશ્ચર્યા કરો. બીજા જન્મમાં તમે બ્રાહ્મણ બનશો અને મને પામશો.'' ભગવાન જેવા ભગવાન મળ્યા, તોયે ભગવાન કહે છે, મુચુકુંદ, તારે બીજો જન્મ લેવો પડશે. એનું કારણ એ છે કે મુચુકુંદનો અંગીકાર મર્યાદા-લીલામાં કર્યો છે. મર્યાદા-લીલામાં જે જીવનો અંગીકાર છે, તેને ભગવાન કર્મ દ્વારા ફળ આપે છે. પુષ્ટિ-લીલામાં જેનો અંગીકાર છે, એને ભગવાન કૃપા દ્વારા ફળ આપે છે. અજામિલનો અંગીકાર પુષ્ટિ-લીલામાં હતો. તે એટલો બધો પાપી હોવા છતાં પ્રભુએ તેનો સ્વીકાર કર્યો.

કર્મની ભૂમિ બહુ કઠોર છે. જે જે કર્મ કર્યાં હોય, તે ભોગવ્યા વિના છૂટકો નથી. **કર્મ ત્રણ જાતનાં છે : *ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ.*** અત્યારે આપણે જે કર્મ કરીએ છીએ તે ક્રિયમાણ કર્મ છે. ક્રિયમાણ કર્મ આગળ જતાં બૅન્ક-બૅલેન્સ જેવાં સંચિત કર્મ બને છે. બીજા જન્મે સંચિત કર્મમાંથી થોડું ભાથું લઈ માણસ જન્મે છે. તે પ્રારબ્ધ કર્મ કહેવાય છે. જેવી રીતે બૅન્કમાંથી ચૅક વટાવીને લાવીએ એટલો વાપરીએ, તેવી રીતે પ્રારબ્ધ કર્મ છે. ક્રિયમાણ કર્મ અને સંચિત કર્મનો નાશ માણસ જ્ઞાન દ્વારા કરી શકે છે; પણ **'બ્રહ્મસૂત્ર'**માં ભગવાન બાદરાયણ સમજાવે છે કે તમે ગમે તેટલા સારા હો, છતાં આ જન્મમાં પ્રારબ્ધ કર્મો ભોગવ્યા વિના છૂટકો જ નથી.

આ વિષય ઉપર શ્રીગુસાંઈજીએ બહુ સુંદર સમજાવ્યું કે જો ભગવાન કૃપા કરે, તો આ પ્રારબ્ધ કર્મોમાં પણ થોડી બાંધછોડ થઈ શકે. સૂડીનો ઘા સોયથી સરી શકે.

એક માણસને દીકરો નહોતો. ઘણા ઉપાયો કર્યા. આખરે બ્રાહ્મણોએ કહી દીધું: 'સાત જન્મ સુધી તારા નસીબમાં દીકરો નથી.' કારણ કે એનાં પ્રારબ્ધ કર્મ એવાં હતાં. એક તુંબીવાળા વૈષ્ણવનો આ માણસને સંગ થયો. વૈષ્ણવે કહ્યું : 'મારા ઠાકોરજી બહુ દયાળુ છે. જા, તને ચાર પુત્રો મળશે.' વૈષ્ણવની વાણી ફળી. તેને ચાર પુત્રો થયા. કૃપા થાય તો પ્રારબ્ધ કર્મો પણ ઓગળી જાય છે.

એવી જ રીતે શ્રીગુસાંઈનો પ્રસંગ છે. શ્રીગુસાંઈજીનો એક સેવક કમાવા ગયો. કમાઈને આવતો હતો, ત્યારે રસ્તામાં ચોર મળ્યા. ચોરોને કહ્યું : 'ભાઈ, મને એક વાર મારા ગુરુજીનાં દર્શન કરી લેવા દે.' તે જળમાં ગયો. ત્યાં તેને શ્રીગુસાંઈજીએ દર્શન આપીને આજ્ઞા કરી : 'વૈષ્ણવ, તમે ગયા જન્મમાં અગિયાર-અગિયાર ખૂન

કરેલાં છે. એનો બદલો ચૂકવવા તમારે અગિયાર જન્મ લેવા પડે. અત્યારે અગિયાર ચોરો એક સાથે, એક જ જન્મમાં તને મારવા આવ્યા છે; છતાં પ્રભુની કૃપા હશે તો તું બચી જઈશ.' વૈષ્ણવ જળમાંથી બહાર આવ્યા.

ચોરોએ પૂછ્યું : 'જળમાં કોની સાથે વાત કરતો હતો ?' વૈષ્ણવે કહ્યું : 'મારા ગુરુજી સાથે વાત કરતો હતો.' ચોરોને નવાઈ લાગી. પાણીમાં તારા ગુરુજી દેખાયા? વૈષ્ણવે કહ્યું : 'મારા ગુરુજી તો ગોકુળમાં છે, પણ ભક્તનું હૃદય તીવ્રતાથી તેમને ઝંખે, તો અહીં પણ દર્શન આપે.' ચોરોએ પૂછ્યું : 'તારા ગુરુજીએ શી વાત કરી?' વૈષ્ણવે બધી સાચી વાત કહી દીધી. ચોરોની બુદ્ધિ ફરી ગઈ. જેના ગુરુ આટલા સમર્થ હોય, એના શિષ્ય પણ કેટલા સારા હોય ! ચોરોએ કહ્યું : 'જા ભાઈ, અમારે તારો માલ પણ જોઈતો નથી અને મોત પણ જોઈતું નથી.' અગિયારે ચોર વૈષ્ણવની સાથે ગોકુળ ગયા અને વૈષ્ણવ થયા. આમ, પ્રારબ્ધ કર્મો પણ કૃપાથી બદલાય છે.

'બ્રહ્મસૂત્ર'ના ચોથા અધ્યાયમાં કર્મવાદ ઉપર બહુ સુંદર વિવેચન છે. અહીં ભગવાને મુચુકુંદ રાજાને તેનાં પ્રારબ્ધ કર્મોમાંથી છોડાવ્યા નહીં. ભગવાને આજ્ઞા કરી, 'રાજા, તેં ઘણાં પશુઓનો શિકાર કર્યો છે, માટે તેનો ક્ષય ભોગ દ્વારા થશે.'

ગરુડગંગાથી નીકળીને બદ્રિકાશ્રમ પહોંચીએ એની વચ્ચેનો ભાગ ગંધમાદન પર્વત કહેવાય છે. મોટરમાં જતાં તે રસ્તો આવતો નથી. પગપાળા જતાં વચ્ચે એ સ્થાન આવે. આજના લોકોને હિમાલયની ખરી મજાની જાણ જ નથી, કારણ કે તેઓ મોટરથી જ બધે પહોંચે છે. ગંધમાદન પર્વતમાં એવાં ફૂલો ખીલે છે, જેની સુગંધથી માણસ બેહોશ થઈ જાય.

ભગવાને કાલયવનનો ઉદ્ધાર કર્યો. સાથે સાથે મુચુકુંદનો પણ ઉદ્ધાર કર્યો. બીજી બાજુ, જરાસંધ પાછો ચડીને આવ્યો. શ્યામસુંદરલાલ પ્રવર્ષણ પર્વત ઉપર ચડ્યા. પ્રવર્ષણ પર્વતના રસ્તે ગુજરાતની ભૂમિમાં પધાર્યા. સમુદ્રના કિનારે કિનારે દ્વારિકા પહોંચ્યા. આજે તો ભૂગોળ બદલાઈ ગઈ છે. તે વખતની ભૂગોળ જુદી હતી. ધોળકાથી સૌરાષ્ટ્ર સુધીનો બધો ભાગ સમુદ્રનો હોય એવું લાગે છે. આજે ત્યાં ખારી જમીન છે. બહુ વર્ષો પહેલાં એ પ્રદેશમાં પર્વતની હારમાળા પણ હોવાનું મનાય છે. ત્યાંથી ભગવાન પગપાળા ચાલતા આજની દ્વારિકા સુધી પહોંચ્યા છે. જોકે વિદ્વાનો તો એવો પણ વિચાર કરે છે કે ભગવાનની દ્વારિકા એ આજે છે તે જ હતી કે બીજી કોઈ હતી ? આપણે તો આજે જે દેખાય છે તેને જ માનીએ.

ભગવાને દ્વારિકામાં પદાર્પણ કર્યું. શ્રીમથુરાધીશ શ્રીદ્વારિકાધીશ બન્યા. જેના બારણે બારણે સુખ લટકતું હોય, તેવી નગરીના અધિપતિ, તે દ્વારિકાધીશ. આપણે દૂર દ્વારિકા સુધી જવાની જરૂર જ નથી. ભગવાને આપણા શરીરરૂપી નવ દ્વારવાળી નગરી આપી છે, એ જ આપણી દ્વારિકા છે. એકેએક ઇન્દ્રિય દ્વારા અલૌકિક સુખનો અનુભવ કરી શકે, એવી દ્વારિકા નગરીમાં આપણા ભગવાન પણ બિરાજે છે.

હવે લાલાજીના લગ્નની નોબતો વાગી રહી છે. પહેલાં લગ્ન મોટાભાઈનાં થાય. મોટાભાઈની કન્યા મોટાભાઈ કરતાં પણ ઘણી મોટી. ભગવાન દ્વાપરયુગમાં બિરાજે છે; કન્યા ત્રેતાયુગની છે. રેવતીજીના પિતાજી બ્રહ્માજીને પૂછવા ગયેલા : 'મારી દીકરી માટે કયો મૂરતિયો શોધું ?' ત્યાં કંઈક ગીત-સંગીત ચાલતું હતું. તેમાં જવાબ આપતાં એક સેકંડની વાર થઈ. બ્રહ્મલોકની એક સેકંડ એટલે આપણાં ઘણાં વર્ષો. અહીં પૃથ્વી ઉપર પણ એક ખંડમાંથી બીજા ખંડમાં જઈએ, ત્યારે સમયમાં ફેર પડે છે.

બૅંગ્લોરમાં પ્રતાપરાય નામના એક વિદ્વાન હતા. તેમને જ્યોતિષ અને ખગોળનું ઘણું જ્ઞાન હતું. તેમની પ્રયોગશાળા હું જોવા ગઈ. ધંધે વેપારી. તેમણે વજન માપવાના કાંટા બનાવેલા. તેમણે કહ્યું : 'જુઓ, હિંદુસ્તાનમાં આ વસ્તુનું આટલું વજન હોય, તો તેનું ચંદ્રલોકમાં કેટલું હોય, શુક્રલોકમાં કેટલું હોય અને મંગળ લોકમાં કેટલું હોય ?' આ બધું એમણે ગણતરીથી નક્કી કર્યું હતું. આપણને આ બધું આજે સમજાતું નથી; કારણ કે આપણી પાસે તેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ નથી. અહીંના સમયમાં અને પરલોકના સમયમાં ઘણો ફરક હોય. બ્રહ્માજીએ કહ્યું : 'એક આખો યુગ વીતી ગયો છે. તમે જે મૂરતિયા જોઈ આવ્યા છો, તે બધા તો પરલોક સિધાવી ગયા છે. હવે તમારી દીકરીને ભગવાનના મોટાભાઈ બલભદ્ર સાથે પરણાવો.' આમ, રેવતીજીનાં લગ્ન દાઉજી મહારાજ સાથે થયાં.

હવે નાનાભાઈ શ્રીકૃષ્ણજીને પરણવાનો વારો આવ્યો છે. દેવકીજી રોજરોજ કહે છે : 'લાલા, તારા માટે ઘણી કન્યાઓ આવે છે. બેટા, તું ક્યારે લગ્ન કરીશ?' શ્યામજી કહે છે : 'મા, મારા મગજમાં પત્નીની જે કલ્પના છે, એવી કન્યા મળશે ત્યારે હું પરણીશ.'

દેવકી મા ઘરડાં છે. તેઓ એટલું જાણે છે કે સારા ઘરની કોઈ રૂપાળી કન્યા હોય, તો પરણાવી દઉં. લગ્નમાં આટલી જ દૃષ્ટિ હોય છે કે કન્યા રૂપ ઇચ્છે, માતા ધન ઇચ્છે, પિતા જ્ઞાન ઇચ્છે, કુટુંબીઓ ખાનદાની ઇચ્છે અને બાકીનાં ભોજન ઇચ્છે.

શ્યામજીના વિચારો આખી દુનિયાથી જુદા છે. ભગવાને કેવી કન્યા પસંદ કરવી જોઈએ એનો વિચાર આપ્યો –

તાં બુદ્ધિલક્ષણૌદાર્યરૂપશીલગુણશ્રયામ્ ।
કૃષ્ણશ્ચ સદશીં ભાર્યાં સમુદ્વોઢું મનો દધે ।।૫૨/૨૪।।

ભગવાન કહે છે : મા, સાંભળ. પહેલાં તો એ બુદ્ધિવાળી હોવી જોઈએ. કન્યા બુદ્ધિમતી એટલે ભણેલી અને ગણેલી હોવી જોઈએ. ભગવાને માત્ર ડિગ્રીવાળી કન્યા ઇચ્છી નથી. ભણેલી હોય અને ગણેલી ન હોય તો ન ચાલે. કદાચ બહુ બુદ્ધિશાળી હોય અને તેથી પતિ અને સાસુને માથે છાણાં થાપનારી નીકળે તો ? માટે 'લક્ષણ' શબ્દ મૂક્યો, 'મા ! તે કન્યાનાં સુલક્ષણોથી યુક્ત હોવી જોઈએ. તે પુરુષ સમોવડી બની, મારી સાથે ખભેખભા મિલાવીને ચાલે એવી નહીં જોઈએ. તેનામાં સ્ત્રીત્વ હોવું જોઈએ. ભલે તે દુનિયાનાં તમામ ક્ષેત્રોમાં કામ કરે, વ્યવસાય કરે, સિદ્ધિઓ મેળવે. કદાચ ભાઈઓ કરતાં પણ પોતાનો નંબર આગળ રાખે; છતાં સ્ત્રીમાં તેનું સ્ત્રીત્વ હોવું જોઈએ. સ્ત્રીત્વના ત્રણ ગુણ છે : શ્રદ્ધા, સ્નેહ અને સમર્પણ. આ ત્રણ તત્ત્વો સ્ત્રીને સ્ત્રી બનાવે છે. જેનું હૃદય કોમળ નથી, સ્નેહથી ભરેલું નથી; જે પોતાના આત્માનું વિલોપન કરી શકતી નથી તે કદી સ્ત્રી નથી. માટે ભગવાન કહે છે : 'મા, એ સ્ત્રીનાં લક્ષણવાળી હોવી જોઈએ.'

લક્ષણનો એક બીજો અર્થ કર્યો : તે સામુદ્રિક ચિહ્નોથી યુક્ત હોવી જોઈએ. પ્રાચીન જમાનામાં કન્યાની પસંદગી કરતી વખતે તેનાં સામુદ્રિક ચિહ્નો જોવાતાં હતાં. જે કન્યાની પીઠમાં વાળની લાંબી લકીર હોય, તે વિષકન્યા કહેવાય. થોડા જ વખતમાં તેને વૈધવ્ય પ્રાપ્ત થાય. સ્ત્રીના ડાબા અંગમાં તલ કે લાખું હોય, તો તે ભાગ્યશાળી કહેવાય. હાથમાં તલ હોય, તો બધાંને ખવડાવનારી બને છે. આમ, શરીરનાં લક્ષણોનું એક શાસ્ત્ર છે. કન્યા એવાં લક્ષણોથી યુક્ત જોઈએ.

'મા, બુદ્ધિ અને લક્ષણો પૂરતાં નથી. તેનામાં ઉદારતા હોય.' ઉદારતાનો અર્થ એવો નથી કે ઘરમાં જેટલું હોય, એટલું બધું વાપરી નાખે. સો રૂપિયા આપવાના હોય, ત્યાં પાંચસો રૂપિયા આપી દે. ઉદારતા એટલે મનની ઉદારતા. કુટુંબમાં કોઈ કડવું કહેનારું હોય, કોઈ લડનારું હોય, કોઈ દોષ કાઢનાર હોય; એ બધાંને પોતાનામાં સમાવી, પોતાનાં બનાવી લે તે ઉદારતા. વહુ એવી જોઈએ, જે ઘરનાં સૌને સાચવી શકે. ચિત્તની વિશાળતા એ જ સાચી ઉદારતા છે.

ભગવાને આ ત્રણ ગુણો બતાવ્યા. પછી ચોથા નંબરે રૂપને મૂક્યું છે. રૂપને પહેલો નંબર આપ્યો નથી. આ બધા ગુણો વિનાના રૂપની કોઈ કિંમત નથી. ગુણ વિનાનું રૂપ કેસૂડાના ફૂલ જેવું છે. તેમાં કોઈ સુગંધ ન હોય, માત્ર દેખાવ હોય. ભગવાન કહે છે : 'હું રૂપાળો છું, એટલે મારી પત્ની પણ થોડી રૂપાળી તો જોઈએ.' રૂપની સાથે ભગવાને શીલને મૂક્યું. કન્યા બહુ ભણેલી હોય, પણ તેનું ચારિત્ર્ય સુંદર ન હોય, તો તે કન્યા ઘરને સાચવી શકતી નથી. રૂપની સાથે ચારિત્ર્ય હોવું જોઈએ.

ભગવાને આજના છોકરાઓને શીખવ્યું કે કન્યાની પસંદગી આવી રીતે કરજો.

નારદજી દ્વારકા પધાર્યા. તેમણે શ્રીશ્યામસુંદરને કહ્યું : 'મહારાજ, તમે જેવા ગુણ ઇચ્છો છો, એવી એક કન્યા તમારા માટે હું શોધી આવ્યો છું.' તે સાંભળીને શ્યામજી જરા ટટાર થયા. તેમણે પૂછ્યું : 'કહો, એ કોની કન્યા છે ?' નારદજી કહે છે, 'ભગવાન, વિદર્ભની રાજધાની કુંડિનપુરના રાજા ભીષ્મકની પુત્રી રુક્મિણી છે. રૂપ, શીલ, ગુણ, સ્વભાવ, વિદ્વત્તામાં આપનાથી તસુભાર પણ કમ નથી.

ગોવિંદજીએ વિચાર કર્યો, જો તે એવી હોય તો એની સાથે પરણું. ભગવાને નારદજીને કહ્યું : 'તો એ સંબંધ જોડી આપો.' નારદજીએ કહ્યું : 'મહારાજ, એમાં એક મુશ્કેલી છે. તમારાં ફોઈબાના દીકરા સાથે એની સગાઈ થઈ છે, વાગ્દાન થયું છે. એને ત્યાંથી ઉપાડી લાવો, તો તે તમારી થાય.' પ્રભુજી કહે છે : 'નારદ, કન્યાને ઊંચકી લાવતાં પહેલાં તેની ઇચ્છા તો જાણવી જોઈએ ને ? નહીં તો તે મને શાપ આપે.' નારદજી કહે છે : એની ચિંતા ના કરશો. એનું મન તૈયાર કરવાનું કામ મારું.'

નારદજી કુંડિનપુર પહોંચ્યા. રાજકુંવરી પાસે જઈ, નારદજી તેને કાનમાં સમજાવે છે : 'દેવી, તમે જાણો છો કે જેની સાથે તમારી સગાઈ થઈ છે એ શિશુપાલ અતિ ક્રૂર છે ?' નારદજીએ રુક્મિણીને શિશુપાલના સ્વરૂપનો ખ્યાલ આપ્યો : 'હે રાજકન્યા, તું હીરા જેવી છે. તારો બાપ તને શિયાળને કોટે બાંધવા નીકળ્યો છે. હીરો તો કોઈ વીરના કંઠમાં શોભે. તારા માટે જો કોઈ યોગ્ય જોડી હોય, તો કેવળ શ્રીદ્વારિકાધીશની !' નારદજીએ શ્રીદ્વારિકાનાથનું નખશિખ વર્ણન કર્યું. તેમના ગુણો કહ્યા, તેમની વિદ્વત્તા બતાવી, તેમની શૂરવીરતાનું વર્ણન કર્યું.

રુક્મિણીના હૃદયમાં આ વર્ણન ઊતરી ગયું. રુક્મિણીએ આંખો બંધ કરી. તેમને લાગ્યું કે હું શ્રીકૃષ્ણ માટે જ છું. ભૂતળમાં આવી છું, તો મારો જન્મ શ્રી દ્વારિકાધીશ માટે જ છે. મારા જન્મોજન્મના સાથી સાથે જ પ્રગટ થયા છે. જ્યારે જ્યારે મારા

યો મહરકે પૂત

છે. રૂપને
થી. ગુણ
. ભગવાન
.' રૂપની
સુંદર ન
ું જોઈએ.

રાતે કરજો.

. તમે જેવા
સાંભળીને
રદજી કહે
રુક્મિણી છે.
નથી.

ભગવાને
ાજ, એમાં
દાન થયું
, કન્યાને
પ આપે.'
મારું.'

તને કાનમાં
મે શિશુપાલ
આપ્યો : 'હે
નાકળ્યો છે.
ય, તો કેવળ
તેમના ગુણો

કરી. તેમને
દ્વારિકાધીશ
જ્યારે મારા

સ્વામી પ્રભુ પ્રકટ થાય છે, ત્યારે ત્યારે હું તેમની લક્ષ્મી, તેમની સાથે જ પૃથ્વી પર પ્રકટ થાઉં છું.

રુક્મિણીજી કહે છે, 'દાદા, મારા પિતાએ ગોટાળો કર્યો. હવે હું શું કરું ?' નારદજી શાંત થઈને થોડુંક સમજાવે છે : 'હે રાજકન્યા, જ્યાં સુધી તારી રુચિ શ્રી દ્વારિકાનાથ નહીં જાણે, ત્યાં સુધી એ તને લેવા નહીં આવે. ભગવાન શ્રીકૃષ્ણ અક્લિષ્ટકર્મા છે. મારી-મચડીને કોઈને પોતાને કબજે કરતા નથી. એક વાર તારી રુચિ તું તેમને બતાવ.' રુક્મિણીજી શરમાઈને નીચું જોઈ ગયાં. મારી રુચિ હું કેવી રીતે બતાવું ? હું એક કન્યા છું; તેમાં વળી રાજકન્યા છું, પડદામાં રહેનારી છું. નારદજી કહે છે : 'દેવી, તું ભણેલી છે. તને કાગળ લખતાં તો આવડે છે ને ? એક કાગળ લખી નાખ.' રુક્મિણીજી શરમથી કહે છે : 'દાદા, જેમને કદી મળી નથી, જેમને કદી જોયા નથી, તેમને કાગળ લખું તો તેઓ એમ નહીં કહે કે આ કન્યા કેવી નિર્લજ્જ છે !' નારદજી કહે છે : 'દેવી, તેઓ તને જાણે છે. તેમની સૂચનાથી જ હું તારી પાસે આવ્યો છું.'

નારદજી કહીને ગયા. રુક્મિણીમાતા ઊંચાં-નીચાં થાય છે. હૈયું કબૂલ કરી ચૂક્યું છે કે મારા જન્મ-જન્મના સાથી શ્યામજી સિવાય આ રુક્મિણી કોઈને વરશે નહીં. રુક્મિણી માતાએ સુંદર મરોડદાર અક્ષરોમાં શ્રીકૃષ્ણજીને પત્ર લખ્યો. બહુ સુંદર પત્ર છે. તેની ભાષા, તેની શૈલી, તેમાં અભિવ્યક્ત થતા ભાવો રુક્મિણીજીમાં રહેલી ઉદાત્તતાનાં દર્શન કરાવે છે. એક ક્ષત્રિય-કન્યા કાગળ લખે છે એનું દર્શન થાય છે. એ પત્ર તેમણે સુદેવ નામના બ્રાહ્મણને આપ્યો. તેમણે કહ્યું : 'ભૂદેવ, તમે મને નાનપણથી રમાડી છે. હું દ્વારિકાનાથને વરવા ઇચ્છું છું. આ મારો અંગત પત્ર એમને પહોંચાડજો. એમના હાથમાં જ આપજો.'

પત્ર લઈને સુદેવ બ્રાહ્મણ દ્વારિકા આવ્યા. ભગવાને તેમનું સ્વાગત કર્યું. પ્રેમથી ભોજન કરાવ્યું. ભોજન કરાવ્યા પછી એકાંતમાં પ્રભુજી તેમને પૂછે છે : 'આપ ક્યાંથી પધાર્યા છો ?' સુદેવ કહે છે : 'મહારાજ, હું કુંડિનપુરથી આવું છું.' આ સાંભળી ભગવાને તેમને અંદરના ખંડમાં લઈ જઈને, ઊંચા સિંહાસને બેસાડ્યા. પોતે નીચે બેઠા. ઘણો આદર આપ્યો. 'હે ભૂદેવ, જે સંતોષી બ્રાહ્મણો છે, તેમનાં ચરણમાં મારું માથું મૂકું છું, જે લોભિયા બ્રાહ્મણ છે તેમને ધૂળથી પણ નીચે ફેંકું છું. તમે સંતોષી છો, સારા છો. માટે તમને વંદન કરું છું.' પણ હૃદયના ભીતરની વાત કહેતા નથી

કે રુક્મિણી પાસેથી આવો છો, એટલે આટલો આદર આપું છું ! ભગવાન પૂછે છે: 'કહો, મારા માટે કોઈનો સંદેશો લાવ્યા છો ?'

સુદેવ આમતેમ જુએ છે અને કહે છે : 'મારે એક ખાનગી વાત કહેવાની છે.' પ્રભુ કહે છે : 'તમે જરાય ફિકર કર્યા વિના કહો.' સુદેવે પત્ર કાઢી ભગવાનને આપ્યો. મરોડદાર સુંદર અક્ષરો જોઈ દ્વારિકાનાથ મુગ્ધ થઈ ગયા. સાત શ્લોકનો બહુ સુંદર કાગળ. તે દિવસે તે અંગત પત્ર હતો. આજે તે ખુલ્લો થઈ ગયો છે. આપણે તે વાંચીએ તોયે વાંધો નહીં. જમાનો વીતી ગયો છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ પત્રમાં સાત શ્લોક દ્વારા રુક્મિણી એમ કહેવા માગે છે કે નાથ, આપના છ ધર્મ અને સાતમા ધર્મી સ્વરૂપને હું ઓળખી ચૂકી છું, માટે હું તમને વરવા ઇચ્છું છું. બીજું કારણ એ કહ્યું : લગ્ન પછી સપ્તપદી બોલી ચૂકી છું. મન તમારી પાસે છે. તનને લઈ જવાની હવે તમારી ફરજ છે. નહીં લઈ જાઓ તો તમારી વસ્તુ લૂંટાઈ જશે. એમાં પછી મારો દોષ નથી.

શ્રુત્વા ગુણાન્ ભુવનસુન્દર શૃણ્વતાં તે
નિર્વિશ્ય કર્ણવિવરૈર્હરતોઽઙ્ગતાપમ્ ।
રૂપં દૃશાં દૃશિમતામખિલાર્થલાભં ।
ત્વય્યચ્યુતાવિશતિ ચિત્તમપત્રપં મે ॥૫૨/૩૭॥

આ પત્રમાં ક્યાંય ગોખેલા ટાયલાવેડા નહીં દેખાય. ઘણા લોકો કાગળમાં બીજાં પુસ્તકોમાંથી ઉતારેલાં વાક્યો લખે છે; જ્યારે આ શિષ્ટ પત્રમાં રહેલી સંસ્કારિતાની સુગંધ આવે છે. રાજકન્યા વિચાર કરે છે : શ્રીકૃષ્ણજીને શું સંબોધન કરું ? હજી તેમને આ જન્મમાં જોયા નથી, એટલે 'પ્રિય' લખાય નહીં. લગ્ન થયાં નથી, માટે 'નાથ' પણ લખાય નહીં. તેમને સુંદર સંબોધન જડ્યું **'ભુવનસુંદર !'**

'હે ગોવિંદજી, મેં આ-લોકનું સૌંદર્ય જોયું છે, પણ ત્રિલોકનું સૌંદર્ય નથી જોયું. લોકોના મોઢે સાંભળ્યું છે કે કેવળ ત્રિલોક નહીં, ચૌદે લોકમાં આપના જેવું અખંડ સૌંદર્ય ક્યાંય નથી. બીજા લોકોનું રૂપ કાળમાં કરમાય એવું હોય છે, આપનું રૂપ કાલાતીત છે. બીજા બધા કાળ, કર્મ અને સ્વભાવને વશ છે, આપ સ્વતંત્ર છો.'

આટલું બધું સમજાવવા એક શબ્દ વાપર્યો - 'ભુવનસુંદર.' જે સુંદર છે તે બીજાને સુંદર બનાવી શકે છે. એક વાર જે આપના શરણે આવે છે, તેને આપ કદી ખંડિત

ન થાય એવા ભાવનું દાન કરો છો. માટે આપ અચ્યુત છો. કદાચ અમે કોઈ ઠેકાણે ઠોકર ખાઈ જઈશું, પણ આપ કદી કોઈ ઠેકાણે ઠોકર ખાતા નથી.

ભગવાન આટલું વાંચતાં વિચાર કરે છે : દેવી, મારું રૂપ જોઈને તમે મોહ્યાં છો ? રુક્મિણીજી એનો જવાબ આપે છે : ના, તમારા ગુણો સાંભળીને તમને વર-વાનો મેં નિશ્ચય કર્યો છે. જેવું તમારું રૂપ છે, એવા જ તમારા ગુણો પણ છે. રૂપ અને ગુણ એક સાથે જગતમાં ક્યાંય જોવા મળતા નથી. આપનું નામ સાંભળતાં-સાંભળતાં મારું મન નિર્લજ્જ બન્યું છે. આજે મનની વાત કહેવા હું પ્રેરાઈ છું.

કા ત્વા મુકુન્દ મહતી કુલશીલરૂપ-
વિદ્યાવયોદ્રવિણધામભિરાત્મતુલ્યમ્ ।
ધીરા પતિં કુલવતી ન વૃણીત કન્યા
કાલે નૃસિંહ નરલોકમનોઽભિરામમ્ ॥૫૨/૩૮॥

હે મુકુંદ, હું સંસારનો ભોગ ભોગવવા તમને વરવા નથી ઇચ્છતી. આપની પાસે મોક્ષની ઝંખના રાખું છું; એમ **'મુકુંદ'** શબ્દથી સૂચવ્યું. 'લગ્ન કરવાં એ જગતનો આનંદ નથી, જીવનનો ઉદ્ધાર છે. મેં તો ગૃહસ્થાશ્રમની વાસ્તવિકતા ઓળખી છે, માટે હું તમને વરવા ઇચ્છું છું. આપ મારો અંગીકાર કરો.'

કદાચ ભગવાન કહે : રાજકન્યા, હું તમને ગમી ગયો, પણ તમે મને ગમવાં જોઈએ ને! પસંદગી બંને બાજુથી થવી જોઈએ. જ્યાં સુધી મને તમારો પરિચય ન મળે, ત્યાં સુધી હું કેવી રીતે તમને પસંદ કરું ? તેના જવાબમાં રુક્મિણીજી પોતાનો પરિચય આપે છે : મહારાજ, આપ મોટા કુળના હશો, તો હું પણ નાના કુળની નથી. હું કુંડિનપુરના રાજાની કન્યા છું.

બીજો અર્થ એ બતાવ્યો કે ભગવાન સચ્ચિદાનંદાત્મક છે, તો ભગવાનની શક્તિ પણ સચ્ચિદાનંદાત્મક છે. રુક્મિણીજી ભગવાનની અભિન્ન શક્તિ છે. માટે કહે છે: જેવું આપનું કુળ, એવું જ મારું કુળ. નથી આપની ઉત્પત્તિ, તો નથી મારી ઉત્પત્તિ. તમે જન્મનું નાટક કરો છો, તો હું પણ જન્મનું નાટક કરું છું.

હવે શીલનો પરિચય આપે છે. શીલ એટલે સ્વભાવ. બંનેનો સ્વભાવ મળવો જોઈએ. તમારો અને મારો સ્વભાવ સરખો છે. તમે મોહન અને હું માયા. મોહન જેમ બીજાને મોહિની લગાડે તેમ માયા પણ બીજાને મોહિની લગાડે.

હવે રૂપની સરખામણી કરી : તમારું અને મારું રૂપ પણ સરખું. રુક્મિણીજીને તેમના રૂપનો કંઈક ગર્વ છે : દ્વારિકાધીશ, તમારું સૌંદર્ય શ્યામ છે, મારું શુભ્ર છે. તમારી સાથે ઊભી રહું તો હું એવી શોભું, જાણે અમાસની રાતમાં ખીલેલો ચંદ્ર!

ગોવિંદજી, આપ ભણી-ગણીને તૈયાર થયા છો, તો મારા પિતાજીને ત્યાં હું પણ ભણી-ગણીને તૈયાર થઈ છું. જેના હૃદયમાં અવિદ્યા હોય, તે ભગવાનને પરણી શકે નહીં. રુક્મિણીજી એટલે વિદ્યાવાળી ભગવાનની શક્તિ. જ્યાં સુધી અંત:કરણમાં વિદ્યાનો ઉદય ન થાય, ત્યાં સુધી જીવ ભગવાનને પરણતો નથી.

ભગવાન્, મારા પિતા મોટા ઘરના છે. તમે માગશો એટલું દહેજ આપશે. હું મોટા ઘરની છું, માટે લાવ-લશ્કર લઈને પરણવા આવશો, તો યે મારું ધામ નાનું નહીં પડે. હે દ્વારિકાનાથ, હું પણ તમારા જેવી જ છું.

આનો જવાબ ભગવાન આગળ-ઉપર આપશે. ત્યાં સમજાવશે : રાજકન્યા, ઈશ્વર એક જ હોય છે, બે ઈશ્વર હોતા નથી. મારી તુલના તમે કરી શકતાં નથી.

રુક્મિણીજી કહે છે : હે શ્યામસુંદર, મને જો શિશુપાલ લઈ જશે, તો સિંહનો ભાગ શિયાળ લઈ જશે. મહારાજ, જો મેં કંઈ પુણ્યકાર્યો કર્યાં હોય, તળાવ-કૂવા ખોદાવ્યા હોય, તો તમારી સાથે મારાં લગ્ન થાઓ. આટલા અંશે રુક્મિણીજીમાં મર્યાદા આવી. રુક્મિણીજીમાં હજી પોતાના સાધનની દૃષ્ટિ છે, કૃપાની દૃષ્ટિ નથી. માટે તેમનો દ્વારિકા-લીલામાં અંગીકાર થયો છે. મર્યાદા-પુષ્ટિ-પુરુષોત્તમની લીલા એટલે દ્વારિકા-લીલા. શુદ્ધ પુષ્ટિ-પુરુષોત્તમની લીલા એટલે ગોકુળ-લીલા.

શ્યામજી મનમાં હસે છે : રાજકન્યા, તમને મારે ઉઠાવવાં ક્યાંથી ? કોઈ ઠામ-ઠેકાણું ખરું ? રુક્મિણીજીએ પત્રમાં એનો જવાબ પણ લખ્યો છે : હે દ્વારિકાધીશ! હું ગૌરીપૂજા કરવા જઈશ. ત્યાં આવી મને રાજાઓના દેખતાં ઊંચકી જજો, છાના-માના નહીં; જેથી દુનિયા પણ જાણી શકે કે દ્વારિકાધીશ ચૂડીઓ પહેરીને નહોતા આવ્યા, તલવાર લઈને આવ્યા હતા. ક્ષત્રિયાણીને શૂરવીર પતિ જ ગમે છે.

શ્યામજીએ પત્ર વાંચી વિચાર કર્યો : શો જવાબ આપું ? જે કંઈ રુક્મિણીજીને કહેવાનું હતું તે જ દ્વારિકાધીશને કહેવાનું છે. જવાબમાં ભગવાને રુક્મિણીજીનો પત્ર પાછો મોકલ્યો. સુદેવ પાછા જવા તૈયાર થયા. તે બીજા દિવસે કુંડિનપુર પહોંચ્યા.

■

પ્રકરણ ૫૦

રુક્મિણીજીનું અપહરણ

કુંડિનપુર શહેરને ધજા-પતાકાઓથી શણગારવામાં આવેલ છે. ઢોલનગારાં વાગે છે. આજે શિશુપાલની જાન આવવાની છે. રાજાના જમાઈરાજને સત્કારવા માટે કુંડિનપુરનાં નગરવાસીઓ તત્પર થયાં છે. ત્યાં સમાચાર આવ્યા કે શ્રી દ્વારિકાધીશ ચતુરંગિણી સેના લઈને આવી રહ્યા છે. લોકોએ શિશુપાલને મળવાનું છોડી શ્રીદ્વારિકાધીશનાં દર્શન કર્યાં. બિચારો શિશુપાલ કોણ જાણે કેવી ગ્રહશાંતિ કરીને આવેલો કે તેને અશાંતિ થઈ ગઈ ! જે બાળકોની સેનાને પહોંચે, એવો કામી જીવાત્મા તે શિશુપાલ. પ્રજોત્પત્તિ સિવાય તેને જીવનમાં બીજું કંઈ ન આવડે.

ભીષ્મક રાજાના મનમાં વિચાર આવ્યો કે જો શ્રીદ્વારિકાધીશ મને જમાઈરૂપે મળ્યા હોત તો ? ભગવાન પણ ભાવિ સસરાને બરાબર પગમાં પડે છે; કારણ કે સસરા એટલે બીજા પિતા. ભીષ્મક રાજા શ્રીદ્વારિકાનાથને ચરણારવિંદથી લઈને મુખારવિંદ સુધી નીરખે છે. તેમના અંતરમાં ભાવ જાગે છે કે આ મને જમાઈ તરીકે મળ્યા હોત, તો સારું થાત. ભલે એ મારી દીકરીને લઈ જાય, મને વાંધો નથી.

શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર અર્થઘટન કર્યું. રુક્મિણી માતાને પાંચ ભાઈઓ છે, તે પંચપર્વા અવિદ્યારૂપ છે. આ પંચપર્વા અવિદ્યા ઝંખે છે કે માયા જગતને પરણે. ભીષ્મક રાજા શિવજીનો અંશ છે, વૈષ્ણવ છે. તે ઝંખે છે કે માયા ભગવાનને વરે.

શિશુપાલને ખબર પડી કે મારાં ફોઈબાનો દીકરો આવ્યો છે; તે જાણતાં જ તેના પેટમાં ફાળ પડી. શિશુપાલે જરાસંધને કહ્યું : પેલો દ્વારિકાધીશ આવ્યો છે. જરાસંધ કહે કે એને કંકોત્રી ગઈ હોય, તો તેય લગ્નનો લહાવો લેવા તો આવે જ ને ? શું કામ ન આવે ? શિશુપાલ રડમસ થઈ ગયો. જરાસંધ સમજાવે છે કે આવો ઢીલો શું કામ થાય છે ?

શિશુપાલ કહે છે : એ કૃષ્ણ મારી વાગ્દત્તા કન્યાને ઊંચકી જશે તો ? જરાસંધ તલવાર ઉપર હાથ મૂકીને કહે છે : શિશુપાલ, એક ગોવાળિયાની શી હિંમત ? રાજા બનીને ભલે બેઠો, પણ આખરે તો ગોવાળિયો જ ને ? હું તલવાર વીંઝીશ, ત્યાં તે પીઠ ફેરવીને ભાગશે. શિશુપાલ કહે છે, જરાસંધ ! તું બોલે છે એટલું જ, તનેય કૃષ્ણે લોખંડના ચણા ચવડાવ્યા છે. ભાઈ, એટલું સાચવજે કે કૃષ્ણ કન્યાને ઊંચકી

ન જાય, બસ. જરાસંઘ હસે છે, શિશુપાલ! તારામાં શક્તિ હશે, તો કન્યા રહેશે અને તું નમાલો હોઈશ તો જશે. એમાં કોઈ શું કરે ? કન્યાને સાચવવાની શક્તિ શૂરવીરમાં હોવી જોઈએ. શિશુપાલને કેમેય ચેન પડતું નથી.

આજે રાજકન્યા અંબિકાલયમાં જવાની છે. ત્યાં ગૌરીમાતાના આશીર્વાદ લેવાના છે. શિશુપાલ અને તેના સાગરિતો ખુલ્લા રથમાં બેસી, ઉઘાડી તલવારે રુક્મિણી માતાનું દર્શન કરતા કરતા સાથે ગયા છે. શ્રીદ્વારિકાનાથ તો અલગારી છે. એમને કોઈની પડી નથી. તે દુનિયાથી ડરે એવા સાધારણ નથી.

રથમાંથી રાજકન્યા નીચે ઊતરી. તેને ભગવાન શ્રી દ્વારિકાધીશનાં દર્શન કરવાની ચટપટી લાગી છે, પણ ઊંચું જોવાય કેમ ? આજુબાજુ પિતાજી, ભાઈઓ વગેરે વડીલો છે. કન્યા વિચાર કરે છે કે ઊંચુ જોવું તો જોવું કેમ ? લોકો કહેશે કે અત્યારથી ડાફોરિયાં મારતી થઈ ગઈ. ત્યાં તો પવન રુક્મિણીજીની મદદમાં આવ્યો. લાંબા લાંબા કેશ નીચે સુધી લટકતા હતા. એ કેશ વારંવાર આવી મુખચંદ્ર ઉપર આવતા હતા. તે કેશ ખસેડવા ઝાટકો મારીને મોઢું ઊંચું કર્યું. સામે દ્વારિકાધીશ દેખાયા. દ્વારિકાનાથે હસીને આશ્વાસન આપ્યું, રુક્મિણી ! હું આવી પહોંચ્યો છું. રુક્મિણી માતાના રોમરોમમાં આનંદ છલકાઈ ગયો. રુક્મિણીનું દર્શન કરતાં મગતરા જેવા રાજાઓ પોતાના રથમાં જ બેસુધ થઈને ઢળી પડ્યા.

તાં દેવમાયામિવ વીરમોહિનીં
સુમધ્યમાં કુણ્ડલમણ્ડિતાનનામ્ ।
શ્યામાં નિતમ્બાર્પિતરત્નમેખલાં
વ્યંજત્સ્તનીં કુન્તલશઙ્કિતેક્ષણામ્ ॥૫૩/૫૧॥

ભોગી રાજાઓ રુક્મિણીનું અનન્ય સૌંદર્ય ક્યાંથી ભોગવી શકે ? જેનામાં સામે જોવાની પણ શક્તિ નથી, તેનામાં ભોગવવાની શક્તિ ક્યાંથી આવે ? રુક્મિણીનું તેજ એવું છે કે જે જુએ છે તેની આંખો ઝંખવાઈ જાય છે; કારણ કે તે બધા મોહને વરેલા છે. જેવી રીતે પતંગિયું દીવાનો પ્રકાશ લેવા માટે તો જાય છે, પણ બળીને ખાખ થઈ જાય છે, તેવી રીતે રુક્મિણીમાતાની રૂપજ્યોતમાં જેટલા જેટલા ભોગી રાજાઓ આવ્યા, એ બધા બળીને ખાખ થઈ ગયા. એક માત્ર દ્વારિકાધીશ જ એવા હતા કે જેમના ઉપર કોઈનો પ્રભાવ ચાલતો નથી. ઊલટું, તે બધા ઉપર પ્રભાવ નાખે છે.

ધમધમ કરતો ગોવિંદજીનો રથ આવ્યો. રુક્મિણીજી પૂજા કરીને પાછાં ફરતાં, છેલ્લે પગથિયે આવી પહોંચ્યાં. ગોવિંદજીએ તેમને ઊંચકી લઈ રથમાં પધરાવ્યાં, ત્યાં તો શ્રીદ્વારિકાધીશનો રથ પવનવેગે દોડ્યો.

તં માનિન: સ્વાભિભવં યશ:ક્ષયં
પરે જરાસન્ધવશા ન સેહિરે ।
અહો ધિગસ્માન્ યશ આત્તધન્વનાં
ગોપૈર્હતં કેસરિણાં મૃગૈરિવ ॥૫૩/૫૭॥

શિશુપાલ અને જરાસંધ લમણે હાથ દઈને બેઠા. જરાસંધ કહે છે, શિશુપાલ! ગજબ થઈ ગયો. આ શિયાળવો આપણો શિકાર હરી ગયો. આપણને આપણા બળ ઉપર ધિક્કાર છે. શિશુપાલ રડવા જેવો થઈ ગયો. તેની આંખમાં બે આંસુ પણ આવી ગયાં. તે કહે છે, જરાસંધ ! હું નહોતો કહેતો કે એ મારું નાક કાપીને જશે !

જરાસંધ કહે છે, શિશુપાલ ! હવે દુ:ખ કરવાથી શો ફાયદો ? **જીવતો નર ભદ્રા પામે**. એક ગઈ તો બીજી આવશે. આપણને રાજાઓને કન્યાની ક્યાં નવાઈ છે ? શિશુપાલ રડમસ થઈને કહે છે : બીજી તો આવશે, પણ રુક્મિણી તો નહીં જ મળે ને ? હું દુનિયાને શું મોં બતાવીશ ? લોકો કહેશે કે પરણવા ગયેલો ને ખાલી હાથે પાછો આવ્યો ! જરાસંધ, ગમે તે કર. રુક્મિણીને પાછી લાવ. જરાસંધ કહે છે, જે ગઈ તે પાછી ક્યાંથી આવે ? એ તો દ્વારિકાને અર્ધે રસ્તે પણ પહોંચી ગઈ હશે!

રુક્મિણીજીના સૌથી મોટાભાઈ રુક્મીથી રહેવાયું નહીં. તે રથ લઈને પાછળ દોડ્યો. તેણે પ્રતિજ્ઞા કરી કે રુક્મિણીને લીધા વિના કુંડિનપુરમાં પાછો નહીં આવું. ભગવાન કહે છે, સાળાજી, આજે તમારી પણ બરાબર મરામત કરીશ. એકમાત્ર તમે જ મને રુક્મિણી આપવાનો વિરોધ કરતા હતા ને ?

ભગવાને રુક્મી સાથે યુદ્ધ કરી, તેને પકડીને બાંધી દીધો. ગમે તેમ તોયે રુક્મિણી રુક્મીની બહેન છે. તેઓ પ્રભુના પગમાં પડીને કહે છે, નાથ ! આને બચાવજો. આખરે તો ગમે તેવો તોય મારો ભાઈ છે. ભગવાન કહે છે, હું જાણું છું. મારે તો માત્ર તેનાં દાઢી-મૂછ મૂંડાવવાં છે. જ્યારે હું કુંડિનપુર આવ્યો, ત્યારે તારો આ જ ભાઈ મારી સામે જોઈને મૂછો આમળતો હતો. મારી સામે કરડી આંખે જોતો હતો. ભગવાને રુક્મીની મૂછો મૂંડાવી, દાઢી મૂંડાવી. માથે ટકોમૂંડો કર્યો પછી તેને મુશ્કેટાટ બાંધ્યો.

દાઉજીએ કહ્યું, કનૈયા ! ગમે તેમ તોયે તે તારી પત્નીનો ભાઈ છે. આટલું બધું બિચારાને મરાય ? ભગવાને કહ્યું : દાદા, એને પરચો બતાવ્યા વિના ચાલે તેમ નથી. પછી એ સાળાજી આખી જિંદગીમાં કોઈ દિવસ મારા માથે છાણાં થાપવા નહીં આવે. આજે એને બરાબર ઠેકાણે કરવો છે.

શ્રીદ્વારિકાધીશ રુક્મિણીજીને લઈને માધવપુર પધાર્યા. તેમણે રુક્મિણીજીને માધવપુરમાં રાખ્યાં.

માધવપુરનો માંડવો ને જાદવકુળની જાન,
પરણે રાણી રુક્મિણી, વર દુલ્હે ભગવાન.

માધવપુરમાં મોટો મંડપ બંધાયો છે. ભગવાનની જાન આવી છે. શ્રી દ્વારિકાધીશ દેવકીજીને કહે છે, મા ! હું કન્યા લઈને આવ્યો છું. હવે તારે મને જે રીતે પરણાવવો હોય, તે રીતે પરણવા હું તૈયાર છું. દેવકીજી કહે છે, લાલા, મારે તને ધામધૂમથી, નિશાન-ડંકાની ચોટ પર પરણાવવો છે. ભગવાન કહે છે, નિશાન-ડંકા વાગી ચૂક્યા છે. શિશુપાલનું નાક કાપ્યું, ત્યારથી ડંકો વાગી ગયો છે.

ભીષ્મક રાજાને જે ગમતું હતું તે જ થયું. લગ્નનો દિવસ આવી પહોંચ્યો. આજે પણ માધવપુરમાં ચૈત્ર મહિનામાં ભગવાનનાં લગ્ન લેવાય છે. ચૈત્ર સુદ નોમથી અગિયારસ સુધી લગ્નનો ઉત્સવ ઊજવાય છે. શ્રીત્રિકમરાયજીનાં ઘણાં મોટાં ફૂલેકાં ત્યાં આજે પણ નીકળે છે.

ભગવાનના લગ્નમંડપમાં મોટા મોટા બ્રાહ્મણો આવીને બેઠા છે. સ્ત્રીજનોએ મંગલગીતો ગાવાની શરૂઆત કરી છે. ચારે બાજુ આનંદમંગલ છવાયો છે. બહુ મોટું સાજન-મહાજન ભેગું થયું છે.

નાણાવટી રે, સાજન બેઠું માંડવે...
જેવા છાણમાંના કીડા, એવા રુક્મિણીના વીરા, નાણાવટી રે...
જેવા વીંટીમાંના હીરા, એવા કૃષ્ણજીના વીરા, નાણાવટી રે...

લગ્નનું શુભમુહૂર્ત, શુભવેળા અને શુભકાળ આવ્યાં. બ્રાહ્મણોએ અંતરપટ મૂક્યા. કન્યાને પધરાવવાની તૈયારી થઈ. મંગલાષ્ટક ગાવાની શરૂઆત કરી. શ્રી રુક્મિણીજીના ભગવાન સાથે હસ્તમેળાપ થયા. ચાર મંગલફેરા ફરાયા. આમ, શ્રી રુક્મિણીજીનાં ભગવાન સાથે લગ્ન થયાં.

જેમણે ભગવાન સાથે લગ્ન કર્યાં છે, તેમને કદી છૂટાછેડાનો દિવસ આવવાનો નથી. ભગવાન સાથેનાં લગ્નની ગાંઠ પાકી હોય છે. આજે માત્ર રુક્મિણીજીનાં જ લગ્ન નથી થયાં, આપણાં સૌનાં લગ્ન પણ થયાં છે. બ્રહ્મસંબંધથી આપણને સાચા સ્વામી મળ્યા છે. દુન્યવી સ્વામી કહેવાતા સ્વામી છે. શ્યામસુંદર સાચા સ્વામી છે.

જેનાં લગ્ન પ્રભુ સાથે થાય, તેના ત્યાં કામદેવ તો પુત્ર બની જાય. અત્યાર સુધી દુનિયા કામદેવના કબજામાં હતી, હવે જગતમાં શ્રીશ્યામસુંદરનું સામ્રાજ્ય થયું છે. કામદેવ તેમનો પુત્ર બન્યો છે. તે પ્રદ્યુમ્નલાલ બનીને આવ્યો છે. જે શ્યામને વરે તે કામને કબજે કરે. દુનિયાને પરણે, તેમાં કામનો વિસ્તાર છે; શ્યામને પરણે તેમાં કામ ઉપર કાબૂ છે.

હજુ તો ભગવાનનાં કેટકેટલાં લગ્ન થવાનાં છે !

શ્રી શુકમુનિ સત્રાજિતનો પ્રસંગ કહે છે. સત્રાજિત પાસે સ્યમંતક નામનો મણિ છે. **સત્રાજિત** શબ્દનો અર્થ શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં બતાવ્યો : તેનો સ્વભાવ બેવડો છે. કરવા બેસે ત્યારે ઊંધું ઘાલીને કરી નાખે અને પછી ખૂબ ડરે. તેણે દ્વારિકાનાથનો વિરોધ કરતાં તો કર્યો, પણ પછી ડરી ગયો. શ્રીદ્વારિકાનાથ ઉપર સ્યમંતક મણિ ચોર્યાનું આળ ચડાવ્યું.

લોકો એમ માને છે કે ભાદરવા સુદ ચોથનો ચંદ્રમા જે જુએ, તેના ઉપર આળ ચડે. એને ડગળા ચોથ કહેવામાં આવે છે; પરંતુ જે આ સ્યમંતક મણિનું આખ્યાન વાંચે, તેમના ઉપર આવેલું આળ ચાલ્યું જાય. એટલી આ આખ્યાનમાં શક્તિ છે.

ભગવાન કહે છે, ભાઈઓ ! આ દુનિયાએ કોઈની નિંદા કરવાની બાકી રાખી નથી. તે સમયમાં અંદર-અંદર સૌ એકબીજાના કાન કરડવા લાગ્યા; પણ જાહેરમાં કોઈની કહેવાની હિંમત નથી. એકે કહ્યું, દ્વારિકાનાથે મણિ ચોર્યો. બીજાએ કહ્યું, એ તો જનમનો જ ચોર છે. ત્રીજાએ કહ્યું, ગોવાળિયો ચોરી ન કરે, તો બીજું શું કરે?

દ્વારિકાનાથ કહે છે, ભાઈઓ ! બરાબર વિચારજો. આ દુનિયાના લોકો જો મને છોડતા નથી, તો તમને ક્યાંથી છોડશે ? જે સમાજથી ડરે છે, એ સમાજની સેવા નહીં કરી શકે. સમાજસેવા કરવા જતાં માણસને કઠોર અગ્નિ-પરીક્ષામાંથી પસાર થવું પડે છે. જે માણસ નાની નાની વાતો મન ઉપર લઈને નિરાશ બની જાય, તે જીવનમાં કદી આગળ ન આવી શકતા નથી.

પ્રકરણ ૫૧

સ્યમંતક મણિની પ્રાપ્તિ : અન્ય લગ્નો

સત્રાજિતે શ્રીદ્વારિકાનાથ ઉપર સ્યમંતક મણિ ચોર્યાનું આળ ચડાવ્યું. તેની નિવૃત્તિ માટે તેમણે ઉદ્યમ આદર્યો. ગોવિંદજી જાંબુવતીની ગુફામાં ગયા. ત્યાં ૨૮ દિવસ યુદ્ધ કર્યું. વિજય મેળવીને સ્યમંતક મણિ સાથે **જાંબુવતીજી**ને લઈ આવ્યા.

દેવકીમા પૂછે છે, 'લાલા ! આ કોણ છે ?' ભગવાન કહે છે, તમારી આ બીજી વહુ છે. ભગવાને મણિ લાવીને સત્રાજિતને આપ્યો. સત્રાજિતનું નાક કપાયું. દ્વારિકાનાથને ગાળો દેનારા હવે સત્રાજિતને ગાળો દેવા લાગ્યા. સત્રાજિતે વિચાર કર્યો, રત્નના બદલામાં દ્વારિકાનાથને મારું કન્યારત્ન આપું. ગોવિંદજીનાં લગ્ન સત્રાજિતની પુત્રી **સત્યભામાજી** સાથે થયાં.

રુક્મિણીજી, જાંબુવતીજી અને સત્યભામાજી સાથે ભગવાને લગ્ન કર્યાં. આ ત્રણેય પ્રકૃતિની આકૃતિઓ છે. રુક્મિણીનો સ્વભાવ સાત્ત્વિક, જાંબુવતીજીનો સ્વભાવ રાજસી અને સત્યભામાજીનો સ્વભાવ તામસી. સત્યભામાનું તો નામ જ એવું છે કે જે સત્ય હોય તે મોંઢે કહી દે.

સત્યભામાજી પરણીને દ્વારિકા પધાર્યાં. અક્રૂરજી અને કૃતવર્માના પેટમાં આગ રેડાઈ. ભગવાન કહે છે, જુઓ ! અક્રૂર જેવો સંત પણ સંગદોષથી બગડ્યો. લોભ અને સંગ માણસની સારાઈને મારી નાખે છે. વંદનભક્તિ કરનાર અક્રૂરજીને મણિનો લોભ લાગ્યો. ભગવાન કહે છે : ભક્તિ કરતાં કરતાં ક્યાંક દ્રવ્યની લાલચ તમારા માર્ગમાં ન આવે તે જોજો. સંતોને અને ભક્તોને પાડનારી બે વસ્તુઓ છે : સંતો અને ભક્તો પુત્રેષણા છોડી શકે છે, પણ **વિત્તેષણા** અને **લોકેષણા** છોડી શકતા નથી. મોટા મોટા સંતોમાં પણ જ્યારે પૈસા લેવાની અને કીર્તિ કમાવાની વૃત્તિ આવે છે, ત્યારે તેમનું અધ:પતન થાય છે.

અક્રૂરજી વંદનભક્તિ કરતાં પૈસામાં ડૂબ્યા. તેમણે જઈને શતધન્વા નામના યાદવને ચડાવ્યો : 'ભાઈ, સત્યભામા આમ તો તને વરવાની હતી, પણ સત્રાજિતે તેને દ્વારિકાનાથ સાથે પરણાવી દીધી. શતધન્વાએ ગુસ્સે થઈ, સત્રાજિતનો વધ કર્યો.

દ્વારિકાનાથ સસરાજીના મારનારને શોધે છે. તેમને ખબર પડી કે આ બધું કારસ્તાન અક્રૂરનું છે. અક્રૂર કાશી જઈને દાનપુણ્ય કરતા હતા. ઘણાં લોકોને આવી

આદત હોય છે કે એક વાર શોષણ કરીને પૈસા કમાય અને પછી ધર્મદાન કરે; પરંતુ શોષણના ધન દ્વારા કરેલો ધર્મ જગતમાં કદી ટકતો નથી અને પ્રભુને ગમતો પણ નથી. પ્રભુને ખરા પસીનાનો પૈસો જ ગમે છે.

અક્રૂર ભગવાન પાસે આવ્યા. તેમણે પોતાનો અપરાધ કબૂલ કરતાં વિનંતી કરી, 'મહારાજ ! મારી લાજ રાખજો.' ગોવિંદજીએ અક્રૂરની લાજ રાખી.

હવે પછીના અધ્યાયમાં શુકદેવજી ભગવાનનાં બીજાં પાંચ લગ્નોનું વર્ણન કરે છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, આ પંચપર્વા અવિદ્યા ભગવાનને પરણેલી છે. પ્રભુનાં લગ્ન **કાલિંદીજી** સાથે થયાં. કાલિંદીજી એટલે નિત્ય અને અનિત્ય વસ્તુને સમજનારાં. બીજાં લગ્ન અવન્તી-નરેશની બહેન **મિત્રવિંદાજી** સાથે થયાં. તેઓ તપસ્વરૂપા, તેમને બે ભાઈઓ. વિંદ અને અનુવિંદ. એક અંદરનું તપ અને બીજું બહારનું તપ. ત્રીજાં લગ્ન કોશલનરેશની કુંવરી **સત્યાજી** સાથે થયાં. તે યોગસ્વરૂપા. તેમના પિતાએ પ્રતિજ્ઞા લીધેલી કે જે સાત આખલાઓને નાથે, તેની સાથે મારી કન્યા પરણાવું. ભગવાને સાતેસાત આખલાઓરૂપી ગ્રંથિઓ છેદી. જ્યાં સુધી યોગમાં સાત ગ્રંથિઓ ભેદાતી નથી, ત્યાં સુધી આત્માને મુક્તિ મળતી નથી. પછી ભગવાનનાં લગ્ન મદ્રનરેશની કન્યા **લક્ષ્મણાજી** સાથે થયાં. લક્ષ્મણાજી એટલે ભક્તિનું સ્વરૂપ. છેલ્લાં લગ્ન કેકયરાજની કન્યા **ભદ્રાજી** સાથે થયાં. ભદ્રા કર્મસ્વરૂપા-કલ્યાણસ્વરૂપા છે. આવી રીતે પંચપર્વા અવિદ્યા સાથે ભગવાનનાં લગ્ન થયાં. આમ, દ્વારિકાધીશના મહેલમાં આઠ રાણીઓ પધાર્યાં.

હવે ભગવાન સોળ હજાર કન્યાઓ સાથે લગ્ન કરવાના છે. નર્કાસુર નામનો અસુર રાજકન્યાઓને પકડી, તેના કિલ્લામાં પૂરી દે છે. મુર નામનો રાક્ષસ પાંચ મોઢાવાળો છે, તે આ કન્યાઓનું રક્ષણ કરતો બેઠો છે.

શ્રીમહાપ્રભુજીએ તેનો અર્થ કર્યો સોળ હજાર કન્યા એટલે મનની સોળ હજાર વૃત્તિઓ. સોળ હજાર વૃત્તિઓ ભૌતિક ભાવનાના કબજામાં પડી છે. પંચપર્વા અવિદ્યા તેની રક્ષા કરે છે. પાંચ માથાવાળો મુર રાક્ષસ એ અવિદ્યાનું સ્વરૂપ છે.

ભગવાન સત્યભામાને સાથે લઈને ત્યાં પધાર્યા. નર્કાસુર અને મુર રાક્ષસનો વધ કર્યો. પૃથ્વીમાતા ભગવાનને શરણે ગયાં; કારણ કે નર્કાસુર એ પૃથ્વીનો પુત્ર છે. તેનું બીજું નામ ભૌમ છે. ભગવાન કહે છે, દેવી ! ભૌમને મેં માર્યો, પણ એના પુત્ર વાગ્દત્તને નહીં મારું. એને હું મોક્ષ આપું છું.

આમ, એ સોળ હજાર કન્યાઓને છોડાવી, તેમની સાથે લગ્ન કરવા માટે કૃષ્ણજીએ સોળ હજાર રૂપ ધારણ કર્યાં અને સૌને પરણ્યા.

આ પ્રસંગમાં ભગવાને કહ્યું : જેને દુનિયા તરછોડે, તેનો હું હાથ પકડું છું; કારણ કે એ જમાનો એવો હતો કે એક દિવસ પણ કોઈને ત્યાં કુંવારી કન્યા રહે, તો કોઈ તેને પરણે નહીં. જો આટલી બધી કન્યાઓ ત્યક્તા બને, તો સમાજમાં ઘોર નરક ઊભું થાય. તે કન્યાઓનો દુરુપયોગ થાય, તેમાંથી ભોગના વાડા સરજાય અને જીવનું પતન થાય. માટે ભગવાને જગતને બચાવવા એ ૧૬,૦૦૦ કન્યાઓ સાથે લગ્ન કર્યું.

શ્રી શુકદેવજી કહે છે, રાજા ! દ્વારિકાનાથે ૧૬,૦૦૮ રાણીઓ કરી, પણ કોઈ એકબીજાં સાથે ઝઘડો નહોતાં કરતાં. ભગવાનનો સંસાર બહુ મધુર છે.

ભગવાને રુક્મિણીમાતાના કાગળના શબ્દો યાદ રાખેલા કે હું પણ તમારા સમાન છું. પ્રભુજી હવે વિચાર કરે છે, રુક્મિણીમાં મોટા ઘરની દીકરી હોવાનું થોડું અભિમાન છે, તે ઉતારવું પડશે. એક દિવસ ભગવાને હસતાં હસતાં કહ્યું : દેવી, તમારી સાથે મારાં લગ્ન થયાં એ બહુ સારું થયું નથી. રુક્મિણીજી ચમકી ગયાં, 'કેમ મહારાજ ?' ભગવાને કહ્યું, 'ક્યાં તમે અને ક્યાં હું ? તમે મોટા બાપનાં દીકરી અને હું રહ્યો ગોવાળિયો. તમે જાણો છો કે હું રાજા નથી, હું તો મંત્રી છું. તમે કહેતાં હતાં કે હું તો શૂરવીરને જ પરણું; પણ મારા જેવો દુનિયામાં કોઈ બાયલો નથી. જરાસંધ ચઢી આવ્યો એટલે હું મથુરા છોડી દ્વારિકામાં ભરાઈ બેઠો. હજી તમારી પાસે ભૂલ સુધારવાનો અવકાશ છે. પેલો મૂછાળો શિશુપાલ તમારી વાટ જોતો બેઠો છે. ઇચ્છા હોય તો એને તમારી સાથે પરણાવી દઉં.'

આટલું સાંભળતાં જ રુક્મિણીમાતા બેસુધ થઈ ગયાં. ભગવાને તેમને ભાનમાં લાવીને કહ્યું, 'દેવી ! આ તો તમારી મશ્કરી કરતો હતો.' રુક્મિણીએ બહુ સુંદર જવાબ આપ્યો, 'દ્વારિકાધીશ ! તમે તદ્દન સાચું કહ્યું છે. હું તમારી બરાબરી કરવા ગઈ એ મારો દોષ છે. દુનિયામાં ઈશ્વર એક જ હોય છે. તેની બરાબરી થઈ શકે નહીં. આપે મારી બુદ્ધિ સુધારી. આપની બધી વાત સાચી, પણ મને એક વાત ન ગમી કે તમે ચૂડીઓ પહેરીને બેઠા છો; કારણ કે તમારું શૌર્ય જ્યારે પ્રગટ થાય છે, ત્યારે તેની સામે દુનિયામાં કોઈનું શૌર્ય ચાલતું નથી. બીજી એક વાત ખોટી કરી. મને મારી નાખશો તોયે હું તમારાં ચરણારવિંદનો આશ્રય છોડી બીજે ક્યાંય નહીં જાઉં. હું આત્માના સ્વામીને વરી છું.'

રુક્મિણીજીએ જગતને સમજાવ્યું કે સાચો સંબંધ તો કેવળ શ્યામસુંદરનો જ છે. શ્રીકૃષ્ણનાં પ્રત્યેક રાણીને દશ-દશ પુત્રો થયા. એની ગણતરી કરતાં પણ આપણે ગભરાઈ જઈએ. શ્રીમહાપ્રભુજીએ તેનો અર્થ કર્યો, પ્રકૃતિ ભગવાનને વરી છે. પ્રકૃતિના દશ ગુણો છે. પ્રત્યેક વૃત્તિમાં દશ-દશ પુત્રો જન્મ્યા છે; અર્થાત્ જીવ તમામ વૃત્તિઓ સાથે ભગવાનને વર્યો છે. રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્ન અને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધ થયા છે.

શુકમુનિ કહે છે, રાજા ! હવે અનિરુદ્ધલાલનાં ઉષા સાથે લગ્ન થાય છે. ઉષાનો પિતા બાણાસુર તપ કરીને મહાદેવજી પાસેથી હજાર હાથ લઈ આવ્યો. હજાર હાથ એટલે હજાર હાથની તાકાત. શિવજીએ કહ્યું : જે દિવસે તારા રથની ધજા પડશે, તે દિવસે તને યુદ્ધમાં લલકારનારો મળશે. શ્રીમહાપ્રભુજીએ તેનું અર્થઘટન કર્યું કે સંસાર રથ છે. સંસારમાં પુત્ર કે પુત્રી કુટુંબને ન છાજે એવું કલંક લગાડે, ત્યારે તેની ધજા નીચી પડે છે.

પિતાને પૂછ્યા વગર ઉષાએ સખી ચિત્રલેખા દ્વારા અનિરુદ્ધલાલનું હરણ કરાવી, સ્વચ્છંદ આચરણ કર્યું. બાણાસુરની ધજા તૂટી. તેણે અનિરુદ્ધજીને પકડી જેલમાં પૂર્યા. જેલમાં ચાર મહિના વીત્યા. નારદજીને વિચાર થયો કે ભગવાન ઊંઘે છે કે શું ? નારદજી દ્વારિકા પહોંચ્યા. જઈને ભગવાનને કહ્યું, મારે તમારા બધા દીકરા જોવા છે. બધા આવ્યા; પણ એક અનિરુદ્ધજી ન આવ્યા.

નારદજીએ પૂછ્યું : પ્રભુ! અનિરુદ્ધલાલજી ક્યાં છે ? તેમણે તેમના અપહરણની બધી વાત કરી. ભગવાને બાણાસુર પર ચઢાઈ કરી. બાણાસુરને હરાવ્યો. ભગવાને તેનો ઉદ્ધાર કર્યો.

અહીં એકવીસ અધ્યાયના સાત્ત્વિક ભક્તોનું પ્રકરણ પૂરું થયું.

■

પ્રકરણ ૫૧

નૃગાખ્યાન અને શિશુપાલ-વધ

સાત્ત્વિક ભક્તોના પ્રકરણમાં નૃગ રાજાનું આખ્યાન આવે છે. નૃગ રાજા કાચિંડો થઈને પડેલા. ભગવાનના સ્પર્શથી ઉદ્ધાર પામ્યા. પરીક્ષિત કહે છે, હે શુકમુનિ ! રાજાને આવું કેમ થયું ?

શુકમુનિ કહે છે, રાજા ! નૃગ રાજાએ અસંખ્ય ગાયો દાનમાં આપી હતી, જેની ગણતરી થઈ ન શકે. આ સાંભળીને ટીકાકારોને ચિંતા થઈ. નૃગ રાજા આટલી બધી ગાયો લાવ્યા ક્યાંથી ? એક ટીકાકારે બહુ સુંદર અર્થ કર્યો. માણસ સમજીને દાન આપે, તો એનું સો-ગણું ફળ મળે છે. એ જ દાન શુભ ક્ષેત્રમાં આપે તો હજાર-ગણું ફળ મળે છે. એ દાન વળી શુભ મુહૂર્તમાં આપે, તો લાખ-ગણું ફળ મળે છે. શુભ ક્ષેત્રમાં, શુભ મુહૂર્તમાં, સાચી અને સારી વ્યક્તિને દાન આપવાથી, કરોડ-ગણું ફળ મળે છે. માણસ આવાં દશ દાન આપે, તો દશ કરોડ દાનનું ફળ મળે. આમ, નૃગ રાજાએ ગાયોનાં દાન આપ્યાં હોવાથી તે દાન અસંખ્ય બન્યાં.

આમાંથી દાનનો મહિમા પણ સમજાય છે. માણસે દાન આપવું જોઈએ, પરંતુ એવી રીતે આપવું જોઈએ કે તેનો યોગ્ય ઉપયોગ થાય. દાન સમજીને, સુપાત્રને જ આપવું. ઘણી વાર આપણે દાન આપીને બીજાંને બગાડીએ છીએ.

નૃગ રાજા કહે છે, મહારાજ ! નૃગ રાજા એક વખત દાન આપવા ગયો, ત્યારે ભારે ગોટાળો થઈ ગયો. એક બ્રાહ્મણને આપેલી ગાય બીજા બ્રાહ્મણ પાસે ચાલી ગઈ. બ્રાહ્મણોએ એને શાપ આપ્યો. એને કુંભિપાક નરક મળ્યું.

આ આખ્યાનમાં ભગવાન સમજાવે છે કે બ્રાહ્મણને અને દેવને આપેલા દ્રવ્યને કદી અડકશો નહીં; નહીં તો સાત હજાર વર્ષનું કુંભિપાક નરક ભોગવવું પડશે. પુરાણો કહે છે કે કુંભિપાક નરકમાં તેલની કઢાઈમાં ભજીયાની માફક જીવાત્મા તળાતો હોય છે. એક વાર માણસ ખોટું કરે તો પછી આખું જીવન શેકાયા કરે છે.

એક વખત દાઉજી મહારાજ ચૈત્ર-વૈશાખ મહિનામાં દ્વારિકાથી વ્રજમાં પધાર્યા. ત્યાં તેમણે હળથી શ્રીયમુનાજીનું આકર્ષણ કર્યું. તે વખતે વ્રજભૂમિમાં પૌંડ્રક આવ્યો. તેણે દાવો કર્યો કે હું ચાર હાથવાળો ભગવાન છું, તમે નથી. તેણે ભગવાનનું અનુકરણ

કર્યું. ભગવાન હસ્યા, પૌંડ્રક ! તેં દુનિયાનું અનુકરણ કર્યું નથી, પણ મારું અનુકરણ કર્યું છે; માટે હું તને મારીને સારૂપ્ય મુક્તિ આપીશ.

જે જેનું સ્મરણ કરે છે, તેને તેનું રૂપ મળે છે. ચાહે તે વેરથી કરે, દંભથી કરે કે પ્રેમથી કરે. ભગવાને પૌંડ્રકનો વધ કર્યો અને સારૂપ્ય મુક્તિ આપી. માટે કહ્યું કે અનુકરણ કરવું તો સારા કાર્યનું કરવું. તેનાથી કોઈક દિવસ આપણું સારું થશે. કોઈ માણસ જપમાળા લઈ જપ કરતો હોય, તો તેનું અનુકરણ કરવાથી આપણે પણ સાચા જપ કરતાં થઈ જઈએ.

દાઉજી મહારાજે દ્વિવિદ નામના વાંદરાનો વધ કર્યો. દ્વિવિદ એટલે બે પ્રકારનું જ્ઞાન. **સંશયાત્મક જ્ઞાન**ને દ્વિવિદ જ્ઞાન કહેવામાં આવે છે; કારણ કે એક જ વિષય માટે આ કરવું કે ન કરવું એવો સંશય થાય છે. દાઉજી મહારાજે દ્વિવિદનો વધ કરી, પ્રમાણ બુદ્ધિથી નિશ્ચયાત્મક જ્ઞાન ઉત્પન્ન કર્યું.

ત્યાર બાદ લક્ષ્મણાજીનો પ્રસંગ આવ્યો. દુર્યોધનનો દીકરો શામ્બ લક્ષ્મણાજીને ઉઠાવી ગયો. શામ્બે વિચાર કર્યો કે મારા બાપાએ પણ આવાં લગ્ન કર્યાં હતાં, તો હું શું કામ ન કરું ? દાઉજી શ્યામજીને સમજાવે છે, ભૈયા ! આપણે યુદ્ધ કરવું નથી. હું દુર્યોધનને સમજાવવા જાઉં છું.

ભગવાન કહે છે, મોટા ભાઈ ! લાતોના દેવ કદી વાતોથી માને ખરા ? છતાં તમે જાઓ. દાઉજી ગયા. તે દુર્યોધનના ગુરુ હતા; છતાં દુર્યોધને તેમનું અપમાન કર્યું. દાઉજી મહારાજે હસ્તિનાપુરનું આકર્ષણ કર્યું. પછી દુર્યોધન ઠેકાણે આવ્યો.

શ્રી શુકદેવજી કહે છે, રાજા ! હવે ચાલ, હું નારદજી સાથે તને પણ ભગવાનનો ગૃહસ્થાશ્રમ જોવા લઈ જઉં. આપણા હિન્દુ ધર્મમાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમની રચના ભગવાનને મેળવવા માટે જ છે, ભોગ માટે નથી. તે ભગવાનના યોગ માટે છે. ભગવાન કહે છે : દરેક મનુષ્ય પોતપોતાના વર્ણ અને આશ્રમધર્મમાં સુસ્થિર રહે, તો હું તેને મળું છું.

ભગવાનનો ગૃહસ્થાશ્રમ ઘણો આદર્શરૂપ છે. કોઈક રાણીના મહેલમાં શ્રી દ્વારિકાનાથ ધ્યાન કરવા બિરાજ્યા છે, તો કોઈક ઠેકાણે બાળકો સાથે ખેલે છે. નારદજીએ વિચાર કર્યો, મહારાજ! તમારી દિવસભરની દિનચર્યા મારે જોવી છે.

ભગવાને કહ્યું : હું ભલે ઈશ્વર હોઉં, પણ આજે દુનિયાનો ગુરુ બનીને આવ્યો છું. નારદ ! કોઈ કર્મો મને લિપ્ત કરતાં નથી; મારે કોઈ જ કર્મો કરવાનાં બાકી નથી; છતાં હું દુનિયાને કર્મ શીખવવા કર્મ કરું છું. કારણ કે હું જગદ્‌ગુરુ છું. હું દુન્યિાને જીવન જીવવાનો દૃષ્ટિકોણ આપું છું.

નારદજીએ જોયું કે શ્રીદ્વારિકાનાથ બહુ વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં, સાડાત્રણ-પોણાચાર વાગ્યે ઊઠી જાય છે. તેઓ કેવા સંયમી અને ત્યાગી છે કે ભોગની અંદર પણ ગોવિંદને યોગ કરતાં આવડે છે. કરોડોની સંપત્તિ વચ્ચે રહેવા છતાં તેમના મગજ ઉપર સંપત્તિનો રંગ ચઢ્યો નથી. તેઓ કઠોર પરિશ્રમી છે. પ્રાત:કાળે વહેલા જાગી, નિત્યકર્મથી પરવારી, ગૌશાળામાં ગાયોની સેવા કરવા જાય છે. વ્રજભૂમિની ગાયોની સેવા હજી ભૂલ્યા નથી. છાણ ઊંચકે છે, સફાઈ કરે છે, હાથમાં ઝાડુ લેતાં જરાય શરમ લાગતી નથી. તેઓ એકેએક કાર્ય પોતાની જાતે કરે છે.

ભગવાન કહે છે : કોઈ પૈસાથી મોટો નથી, કોઈ જન્મથી કે સત્તાથી મોટો નથી. દરેક ધર્મથી મોટા બને છે. જે ઘરનું કામ કરી શકે, કપડાં ધોઈ શકે, પાણી ભરી શકે અને વખત આવ્યે રાંધી પણ શકે તે મોટો.

નારદજી અચંબામાં પડ્યા. પ્રભુ જ્યારે સુધર્મ સભામાં બિરાજે છે, ત્યારે તેમની જ્વલંત બુદ્ધિનો જગતને ખ્યાલ આવે છે. દ્વારિકાનાથનો ન્યાય આજે પણ દુનિયામાં અજોડ છે. ભગવાને ક્યારેય જડ કાયદાઓને માન્ય કર્યા નથી, જીવંત કાયદાઓને જ માન્ય કર્યા છે. શ્રીદ્વારિકાધીશનું બધું કાર્ય જુદું છે. તેમના દરબારમાં નાનાં પશુ-પક્ષીઓને પણ ન્યાય મળે છે.

એક વાર નારદજીએ ભગવાનને કહ્યું : મહારાજ, રાજસૂય યજ્ઞમાં પધારો. બીજી બાજુ જરાસંધના કબજે થયેલા રાજાઓના દૂતોએ આવીને વિનંતી કરી, પ્રભુજી ! જરાસંધ નરમેધ યજ્ઞ કરી રહ્યો છે. તેમાં હજારો રાજાઓના પુત્રોને મારીને લોહીના કુંડ ભરવાનો છે અને તેનો હોમ કરી, અભિચાર પ્રયોગ સિદ્ધ કરવાનો છે.

આ સાંભળી ભગવાને અક્રૂરજીને અને ઉદ્ધવજીને પૂછ્યું કે હું શું કરું ? ઉદ્ધવજીએ કહ્યું : મહારાજ, પહેલાં રાજસૂય યજ્ઞમાં પધારો. ત્યાંથી ભીમ અને અર્જુનને સાથે લઈ જરાસંધ પાસે જાઓ; કારણ કે બળથી લડવામાં સાર નથી, કળથી લડવામાં સાર છે. ભગવાનને ખોટી શૂરવીરતા ખપતી નથી કે જેમાં દેશ હોમાઈ જાય.

પ્રભુજી કહે છે : જે કર્મ કળથી થતું હોય, તેમાં લોકોનું લોહી રેડવાની જરૂર શી ? ભગવાન રાજસૂય યજ્ઞમાં પધાર્યા. ત્યાંથી અર્જુન અને ભીમને સાથે લઈ, જરાસંધ પાસે ગયા. જરાસંધમાં દુર્ગુણો ઘણા હતા, તો કેટલાક ગુણ પણ હતા. તે દાની હતો, એકવચની હતો. એક વાર હા કહ્યા પછી ફરતો નહીં. ભગવાને જરાસંધ પાસે દ્વન્દ્વ યુદ્ધ માગ્યું. જરાસંધે કહ્યું, 'કૃષ્ણ ! હું તમારી સાથે નહીં લડું. આ જાડિયા ભીમ સાથે લડીશ.'

ભીમ અને જરાસંધનું યુદ્ધ ૨૭ દિવસ ચાલ્યું. આખરે જરાસંધનો પરાભવ થયો. ૨૦ હજાર રાજાઓ મુક્ત થયા. અહીં ભગવાનની પુષ્ટિલીલા અને રાજનીતિનાં દર્શન થાય છે. પ્રભુજીએ રાજાઓને બહુ સુંદર ઉપદેશ આપ્યો કે તમારી આ વલે જરાસંધને લીધે થઈ નથી, તમારાં કર્મોને લીધે જ થઈ છે. મોટા બાપના દીકરા હોવાથી તમે ખાધું-પીધું ને મોજ કરી. તમારું કર્તવ્ય ભૂલ્યા; માટે તમારી આ સ્થિતિ થઈ છે. માણસ જ્યારે વૈભવી વાતાવરણમાં પડે છે, ત્યારે કર્તવ્યોનો લોપ થાય છે અને જગતમાં બરબાદી આવે છે.

ભીમ અને અર્જુનને લઈ ભગવાન પાછા ફર્યા. રાજસૂય યજ્ઞ ચાલ્યો. તેમાં એવો નિયમ કે ચોથે દિવસે ત્યાં હાજર હોય, એમાં દરેક બાબતમાં જે શ્રેષ્ઠ હોય તેની અગ્રપૂજા થાય. આ રાજસૂય યજ્ઞમાં ભગવાને એક સેવા માગીને લીધી. જેટલા લોકો આવશે, તેમના હું પગ ધોઈશ; કારણ કે જે દુનિયાને પૂજે છે એને દુનિયા પૂજે છે. મોટો એ નથી કે જે પોતાની જાતને મોટો માને છે. મોટો એ છે કે જે જગતમાં પોતાની જાતને નાનો બનાવે છે. એકી અવાજે સૌએ કહ્યું કે શ્રીદ્વારિકાધીશની અગ્રપૂજા કરો.

આ સાંભળી શિશુપાલના પેટમાં તેલ રેડાયું. શિશુપાલને યાદ આવ્યું કે આ જ કૃષ્ણ મારી થનારી પત્નીનું અપહરણ કરી ગયો હતો. ક્રોધમાં આવીને શિશુપાલે ભગવાનને સો ગાળો દીધી, ત્યાં સુધી ભગવાન શાંત રહ્યા. જ્યારે તે એકસોએકમી ગાળ દેવા ગયો, ત્યારે ભગવાને તેને સુદર્શન ચક્રથી છેદી નાખ્યો. શિશુપાલનો આ છેલ્લો જન્મ હતો. શિશુપાલની આત્મજ્યોતિ ભગવાનમાં પ્રવિષ્ટ થઈ.

ત્યાર બાદ પાંડવોનો રાજસૂય યજ્ઞ પ્રભુએ પૂરો કરાવ્યો. પછી એક દુઃખદ ઘટના બની. પાંડવોએ એવું રાજભવન બનાવ્યું, જ્યાં જળ હોય ત્યાં સ્થળ દેખાય. એ ભવનમાં તેમણે દુર્યોધનને બોલાવ્યો. દુર્યોધન જમીન સમજી પગ મૂકવા ગયો,

ત્યારે જળમાં લપસી પડ્યો. ભીમ અને દ્રૌપદીએ તેની હાંસી કરી. કહેવત છે કે રોગનું મૂળ ખાંસી અને ઝઘડાનું મૂળ હાંસી.

આ પ્રસંગમાંથી જ મહાભારતનું બીજ રોપાયું. માટે ભગવાન કહે છે, દુર્જનોને પ્રહેલાં વંદન કરી એમને ટાળજો. દુર્જનો સાથે કદી દુષ્ટતા કરવા જશો નહીં; કારણ કે એમના જેવી દુષ્ટતા તમે કરી શકવાના નથી.

આમ, ભગવાન શ્રીકૃષ્ણ ભૂતળ ઉપર એકસો પચીસ વર્ષ બિરાજ્યા. તેમણે અનેક સુંદર લીલાઓ કરી, પોતાનાં ચરિત્રો દ્વારા જગતને ઘણું શીખવ્યું. તેથી ભગવાન શ્રીકૃષ્ણ માટે કહેવાયું, **'કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્.'**

હજારો વર્ષોથી શ્રીકૃષ્ણ લોકહૃદયમાં વસી ગયા છે. એમનાં ચરિત્રોનો પાર નથી. એમની લીલાઓનો પાર નથી. એમના ગુણોનો પાર નથી. એમનાં ગુણગાનનો પણ પાર નથી. એમનાં ગુણગાન આ જીભથી આપણે તો શું ગાઈએ ?

■

અહીં શ્રીમદ્ભાગવતમહાપુરાણનો દશમસ્કંધ પૂર્ણ થયો.